Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

श्री सिद्ध परमात्मने नमः।
श्री सद्गुरुदेवाय नमः।
श्री निजशुद्धात्माने नमः।

# કલશામૃત ભાગ-૩

શ્રી કલશટીકા– કર્તાકર્મ અધિકાર
તેમજ પુણ્ય–પાપ અધિકાર ઉપરનાં
પરમોપકારી આધ્યાત્મિક સત્પુરુષ
**પ. પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીના**
સ્વાનુભવ મુદ્રિત પ્રવચનો.

: પ્રકાશન :
**શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,**
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ,
રાજકોટ – ૩૬૦ ૦૦૧.
ટેલી નં. ૨૨૩૧૦૭૩

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

| કહાન સંવત | વીરસંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૨૨ | ૨૫૨૯ | ૨૦૫૯ | ૨૦૦૩ |

**પ્રકાશન**

શાસન પ્રભાવી **પ. પૂ. શ્રી કાનજીસ્વામી**ની
૧૧૪મી જન્મ જયંતિના ઉપલક્ષમાં.

**પ્રથમ આવૃત્તિ - ૧૦૦૦**
**પડતર કિંમત - રૂા.૧૩૦/-**
**વેચાણ કિંમત - રૂા. ૬૦/-**

**પ્રાપ્તિ સ્થાન**

**શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ,
રાજકોટ – ૩૬૦ ૦૦૧.
ટેલી નં. ૨૨૩૧૦૭૩

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This shastra has been kindly donated by Shree Digambar Jain Swadhyay Mandir Trust - Rajkot. India who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) We have taken great care to ensure this electronic version of Kalshamrut - 3 is a faithful copy of the paper version. However if you find any errors please inform us on Rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 23Oct2003 | First electronic version. |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પ્રકાશકીય નિવેદન

**"અહો ઉપકાર જિનવરનો કુંદનો ધ્વનિ દિવ્યનો;**
**જિન કુંદ ધ્વનિ આપ્યા અહો; તે ગુરુ કહાનનો."**

વર્તમાન ચોવીસીના, મોક્ષમાર્ગના આદ્ય પ્રણેતા ભગવાન ઋષભદેવથી મહાવીર સ્વામી પર્યંત સમસ્ત તીર્થંકરોની અચલ તીર્થધરા પર જૈનદર્શનની અણમોલ સંપતિને પ્રદત્ત કરનાર દ્વિતીય શ્રુતસ્કંધને લીપીબદ્ધ કરી અલભ્ય જૈન વાગ્ધારાને જયવંત કરનાર ચારણ ઋદ્ધિધારી આચાર્યવર શ્રી કુંદકુંદદેવ થયા. આ જૈન સંસ્કૃતિની અનાહત પ્રવાહની પરિપાટીમાં આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવ થયા. તેમના દ્વારા અવિચ્છિન્ન વહેતી જૈનધારાની શૃંખલામાં પં. શ્રી રાજમલ્લજી પાંડે સાહેબ થયા. ઉત્તરોતર ચાલી આવતી અસ્ખલિત ધારામાં આપણા મુક્તિદૂત પૂ. સદ્ગુરુદેવ શ્રી કાનજી સ્વામી થયા. આ સર્વે સંતોની સ્વાનુભવરૂપ યાત્રાના અંતર્ગત ઉપલબ્ધ પરમાગમોનું પ્રબુદ્ધ દર્શન મળ્યું. આ બહુમૂલ્ય આત્મદર્શનની ચરમ સૌખ્યધારા અક્ષુણ વહેતી ભવ્ય જીવોના અંતરાચલમાં સ્થિત થતાંની સાથે જ અનાદિથી ચાલી આવતી વિકૃતિઓનું વિસર્જન થયું.

શ્રી અમૃતચંદ્રદેવે સ્વયં રચેલા કાવ્યરૂપ કળશોમાં અધ્યાત્મના ગૂઢ રહસ્યોને સમાવિષ્ટ કર્યા છે. તે ગાંભીર્યઅર્થને ટીકાકારે પં. શ્રી રાજમલ્લજી પાંડેએ પોતાની નિજ સ્વાનુભવમયી સૂક્ષ્મ પ્રજ્ઞાના બળથી... સરળ ભાષામાં પ્રકાશિત કર્યા છે.

તેઓશ્રીએ શુધ્ધાત્માની અતિશયતાને તો મુખરિત કરી જ છે પરંતુ તેની સાથે શુધ્ધાત્માને અનુભવવાની સમ્યક્ કલા પણ બતાવી છે. ટીકામાં વાક્યે... વાક્યે... શુધ્ધાત્માને પ્રત્યક્ષ આસ્વાદો... પ્રત્યક્ષ આસ્વાદોનો નાદ પ્રમુખપણે ધ્વનિત થાય છે. અનેક રહસ્યોને વિશદ્તાથી ઉદ્ઘાટિત કરનારી તેમની ટીકામાં - શુદ્ધ જીવ વસ્તુને આત્મસાત્ કરાવનારી પ્રેરણાત્મક શૈલીના તો સહજ દર્શન થાયછે, તદ્ઉપરાંત પ્રયોગાત્મક વિધિને સર્વાંગે હૃદયંગમ કરાવનારી સચોટ, સરલ અને મધુર ટીકાના પણ સ્પષ્ટ દર્શન થાય છે.

બાલાવબોધ ટીકાના રચયિતા દ્રવ્યદૃષ્ટિવંત, સમ્યક્પ્રજ્ઞાવંત શ્રી રાજમલ્લજી સાહેબનું ચિત્રપટ શ્રી રાજકોટ દિ. જિન મંદિરના સ્વાધ્યાય હોલમાં અંકિત થયેલ છે તે જ ફોટો આ કલશામૃતમાં લીધેલ છે.

પૂ. ગુરુદેવ શ્રી એટલે નિજ ધ્યેયના ધ્યાની, આત્મજ્ઞાની, અધ્યાત્મના યોગી, અતીન્દ્રિય આનંદ રસના ભોગી એવા આદર્શ વિશ્વ વિભૂતિ થયા. તેમના દ્વારા જે શુધ્ધાત્મતત્ત્વનું વાસ્તવિક વિશ્લેષણ થયું છે તે પૂર્વેના સેંકડો સૈકાઓમાં પણ નહોતું થયું તેવું અદ્ભૂત સ્પષ્ટીકરણ મળ્યું છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

શ્રી કળશટીકાના કર્તાકર્મ અધિકારનું સંક્ષેપમાં અવલોકન કરીએ તો.. આચાર્યદેવનો, સંતોનો અભિપ્રાય અત્યંત સ્પષ્ટ છે કે- ચેતન, અચેતન સમસ્ત દ્રવ્યના સ્વયં થતાં પરિણામનો કર્તા, હર્તા, ધર્તા અન્ય પદાર્થ નથી.

વિશ્વના જડ, ચેતન સમસ્ત પદાર્થ સ્વયંથી પરિણમનશીલ છે. આ પ્રકારે વસ્તુ વ્યવસ્થા હોવા છતાં અજ્ઞાની જીવો ! કોઈ તો ઈશ્વરને કર્તા માને છે, કોઈ તો જડકર્મને કર્તા માને છે અને કોઈ તો ત્રિકાળી કુટસ્થ આત્માને કર્તા માને છે. આ રીતે કર્તૃત્વના અહંકારથી ગ્રાસિત જીવોને... કર્તૃત્વના ભારથી નિર્ભાર થવાની વિધિ દર્શાવી છે.

કર્તાકર્મ સ્વરૂપની સીમા રેખા અંકિત કરતા સંતો કહે છે કે- કોઈપણ જીવ, ક્યારેય પણ પરદ્રવ્યની સત્તામાં પ્રવેશી શકતો નથી. સામે બાજુથી... કોઈપણ પરદ્રવ્ય જીવદ્રવ્યની સત્તામાં પ્રવેશવા અસમર્થ છે. કેમકે દરેક દ્રવ્યને માટે પોતાની અચલિત વસ્તુ સ્વભાવની મર્યાદાનું ઉલ્લંઘન કરવું અશક્ય છે.

ઉપરોકત વસ્તુ સ્વભાવની સ્વતંત્રતાનો યથાર્થ નિર્ણય થયા પછી, કળશ નં. ૬૯ થી ૯૯ સુધી આચાર્યદેવે કદમ... કદમ પર નયાતિક્રાન્ત થવાની અપૂર્વ વિધિ બતાવી છે. સ્વાનુભવમાં બાધક એવા અનેક નયપક્ષોનો ઉલ્લેખ કરી... એ નયપક્ષોથી અતિક્રાન્ત થવા માટે મધ્યસ્થ જ્ઞાન સ્વભાવનું રસાયણ આપ્યું છે.

હું નિશ્ચયથી શુદ્ધ છું, અબદ્ધ છું, મુક્ત છું... તેવા વિકલ્પો તે તો અશુધ્ધોપયોગ છે, તે વિષમતા છે, તે મોહ છે, તે ક્ષોભ છે. જીવ, જ્યારે આવા અંતર્જલ્પ વિકલ્પોની શ્રેણીને પાર કરે છે ત્યારે સાક્ષાત જ્ઞાનસ્વરૂપ થાય છે. નિર્વિકલ્પ સ્વાનુભવરૂપ જે અભેદજ્ઞાનની ધ્યાનાગ્નિ પ્રગટી છે તેમાં સમસ્ત નય પક્ષના વિકલ્પો સ્વાહાપણાને પ્રાપ્ત થયા છે.

ચૈતન્ય જ્યોતિ જાજ્વલ્યમાન થતી પ્રગટી છે ત્યાં હવે અજ્ઞાનરૂપ કર્તાકર્મ વિભાવ ઉભો રહેતો નથી. શુદ્ધજ્ઞાન પ્રકાશ પ્રગટ થયો છે તે તો ચારે બાજુથી વિભાવરૂપ અંધકારને તોડતો અને વીતરાગભાવમાં વર્ધમાન થતો પ્રગતિમાન થઈ રહ્યો છે. આ રીતે અમૃત સરોવરમાંથી અમૃતને આસ્વાદતો મોક્ષનો અધિપતિ થાય છે.

## - પુણ્ય-પાપ અધિકાર -

શ્રી કળશટીકામાં સૌથી સુગમ અને સરલ અધિકાર જો કોઈ હોય તો તે છે પુણ્ય પાપ અધિકાર. જેટલો સરલ છે તેટલો કઠિન છે. કઠિન લાગવાનું કારણ એ છે કે તેને પુણ્ય પાપ તત્ત્વ સંબંધેનું અજ્ઞાન છે. પુણ્ય ને પાપ બન્ને સમાન કોટિના હોવા છતાં પણ મોહથી આચ્છાદિત જીવોને તેમાં પૃથ્થકત્વનું દર્શન થાય છે.

અશુધ્ધબુધ્ધિ જીવ, પુણ્ય અને પાપની વચ્ચે જ ભેદવિજ્ઞાન કરવા લાગ્યો કે- પુણ્ય ઉપાદેય છે અને પાપ હેય છે. પુણ્ય પાપની વચ્ચે ઉપાદેય હેયનું પાર્થકય પ્રતીત થવું તે જ મિથ્યાત્વ છે.

જેને પુણ્ય ગ્રહણ કરવા યોગ્ય અને પાપ ત્યાજ્ય લાગે છે તેને પુણ્ય પાપમાં અવિશેષતા દર્શાવતા આચાર્ય શ્રીકુંદકુંદદેવ પ્રવચનસારની ૭૭ ગાથામાં કહે છે કે-

**ण हि मण्णदि जो एवं णत्थि विसेसो त्ति पुण्णपावाणं।**
**हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो।।७७।।**

નિશ્ચયથી પુણ્ય અને પાપ બન્ને પાપ જ છે. બન્નેમાં કોઈ જ વિશેષતા ન હોવા છતાં, જે પુણ્યને હિતકારી અને પાપને અહિતકારી માની બન્નેમાં વિશેષતા માને છે... એવા મોહથી મૂર્છિત પ્રાણીઓ અપાર સંસારમાં ઘોર પરિભ્રમણને પ્રાપ્ત કરે છે.

શ્રી જયસેનાચાર્ય તાત્પર્યવૃત્તિ ટીકામાં પુણ્ય પાપ અધિકારને પૂર્ણ કરતાં લખે છે કે – " **इति निश्चयनयापेक्षया पापं कृतमिति वा पापाधिकार:** "... પુણ્ય પણ નિશ્ચયની અપેક્ષાએ પાપ જ છે, કેમકે પવિત્ર સ્વરૂપથી પતિત થવું તે જ પાપ છે. પુણ્ય પાપ અધિકાર પૂર્ણ થાય છે તેમ ન લખતાં હવે અહીં પાપ અધિકાર પૂર્ણ થાય છે. આ વાતનું સમર્થન આપતાં યોગીન્દુદેવ યોગસારમાં લખે છે કે-

" પાપરૂપને પાપ તો જાણે જગ સહુ કોઈ;
પુણ્ય તત્ત્વ પણ પાપ છે, કહે અનુભવી બુધ કોઈ. "

શ્રી નાટક સમયસારમાં કવિવર બનારસીદાસ પુણ્યતત્ત્વની પરમાર્થતા બતાવતાં લખે છે કે- સાધક થયો તેને સવિકલ્પદશામાં પંચમહાવ્રતાદિના વિકલ્પો આવે છે તે '**જગપંથ**' છે. નિશ્ચય રત્નત્રયની સાથે વ્યવહાર રત્નત્રયનો જે રાગ છે તે '**જગપંથ**' અર્થાત્ સંસાર છે.

શ્રીપંચાધ્યાયકર્તા-પુણ્ય તત્ત્વની કડક ભાષામાં મીમાંસા કરતા લખે છે કે – શુભોપયોગ દુષ્ટ પુરુષની પેઠે દુષ્ટ છે. જેમ દુષ્ટ પુરુષમાં કોઈપણ પ્રકારે ભલાપણું નથી તેમ શુભભાવમાં કોઈપણ પ્રકારે ભલાપણું નથી. તેથી સર્વ પ્રકારે શુભભાવ ત્યાજ્ય છે.

પુણ્ય પાપ અધિકાર અને કર્તાકર્મ અધિકારનો સારાંશ જોતાં બન્ને વ્યાખ્યા સમાન જ દેખાશે.

(૧) **પુણ્ય પાપ અધિકારમાં** – દયા-દાન-વ્રતાદિના રાગ ને સ્થૂળ શુભભાવ કહ્યો છે.

(૨) **કર્તાકર્મ અધિકારમાં** – શુધ્ધાત્માના ચિંતવનનો વિકલ્પ તેને સ્થૂળ શુભભાવ કહ્યો છે. આ રીતે શુભભાવના પણ ત્રણ પ્રકાર છે.

(એ) ક્રિયાનયનો શુભભાવ.

(બી) દયા-દાન-વ્રતાદિનો શુભભાવ.

(સી) ગુણ-ગુણીના ભેદરૂપનો શુભભાવ.

કોઈપણ પ્રકારનો શુભભાવ હો! પરંતુ તે બંધનું જ કારણ છે.

પુણ્યપાપ અધિકારનો ઉદેશ્ય માત્ર એટલો જ છે કે- પુણ્યતત્ત્વને ધર્મ ન માનવું. પુણ્યને સંવર, નિર્જરાનું કારણ ન માનવું. શુભભાવ કરતાં... કરતાં મોક્ષતત્ત્વની પ્રાપ્તિ થશે તેવી મિથ્યા માન્યતાને તિલાંજલી આપવી. જે પુણ્યતત્ત્વને મોક્ષમાર્ગનું અને મોક્ષનું નિશ્ચય કારણ માને છે તેને સંવરતત્ત્વની, નિર્જરાતત્ત્વની તેમજ મોક્ષતત્ત્વ સંબંધે ભ્રાંતિ તો છે જ; પરંતુ તેને પુણ્ય તત્ત્વ સંબંધે પણ અણસમજણ છે. ટૂંકમાં કહીએ તો તેને સાતેય તત્ત્વો સંબંધી વિપરીતતા છે.

શ્રી પરમાત્મ પ્રકાશમાં ૫૫ ગાથામાં યોગીન્દુદેવ કહે છે કે –

**जो णवि मण्णइ जीउ समु पुण्णु वि पाउ वि दोइ।**
**सो चिरु दुक्खु सहंतु जिय मोहिं हिंडइ लोइ।।५५।।**

“ જે જીવ પુણ્ય અને પાપ એ બન્નેને સમાન માનતો નથી તે જીવ મોહથી મોહિત થયો થકો ઘણાં કાળ સુધી દુઃખને સહતો થકો સંસારમાં ભટકે છે. ”

આ રીતે પુણ્ય અને પાપ અનાદિથી બંધુ તરીકે સાથે રહે છે. બંન્નેમાં કોઈ જ વિશેષાન્તર નહીં હોવા છતાં; તેમાં અંતર દેખાવું, દ્વિવિધતા ન હોવા છતાં; તેમાં દ્વૈતતા દેખાવી, બન્નેના ફળમાં સામ્યતા હોવા છતાં; તેમાં તફાવત દેખાવો, બન્નેનાં હેતુ સમાન હોવા છતાં... તેમાં જુદાઈ દેખાવી... બન્નેમાં સ્વભાવથી અભેદતા હોવા છતાં... તેમાં જેને ભેદ દેખાય છે તેવા જીવો શુભભાવમાં રંજાયમાન થયા વિના રહેતા નથી. શુભભાવનો મોક્ષમાર્ગમાં નિષેધ હોવા છતાં, તે બંધનું કારણ હોવા છતાં, તે આકુળતાને ઉત્પન્ન કરનારો હોવા છતાં, પુણ્યના પ્રલોભનથી જીવો કેમ પાછા વળતા નથી ?

“ **कारण अनुविधायी कार्याणि** ”... આ સિધ્ધાંત અનુસાર કારણ જેવું જ કાર્ય હોય છે, આ વિધાનની સમીક્ષા કરતા પુણ્ય-પાપની એકરૂપતાનું ચિત્રણ સ્પષ્ટ થાય છે.

**સ્વભાવ-** પુણ્ય અને પાપમાં કોઈ ભેદ નથી કેમકે તે પુદ્‌ગલની રચના છે. તેથી જડ અને અચેતન છે.

**આશ્રય-** પુણ્ય અને પાપ બન્ને ભાવો કર્માશ્રિત હોવાથી પરાશ્રિત છે, તેમાંથી કોઈ ભાવ સ્વાશ્રિત નથી.

**ફળ -** પુણ્ય અને પાપ બન્ને ભાવોથી સંસાર ફળે છે.

**હેતુ -** પુણ્ય અને પાપ બન્ને બંધનું જ કારણ છે.

**સ્વાદ-** પુણ્ય અને પાપ બન્ને કલુષિત પરિણામ હોવાથી તેમાં માત્ર આકુળતાનું જ વેદન થાય છે.

આમ બન્નેના સ્વભાવ, આશ્રય, ફળ, હેતુ, સ્વાદ વગેરેને દ્રવ્યદૃષ્ટિની કસોટી ઉપર કસતાં બન્ને એક સમાન જ પ્રતીત થાય છે. પુણ્યના પરિણામ આત્માનો સ્વભાવ તો નથી પરંતુ ખરેખર આત્માનો વિભાવ પણ નથી. આત્માનો વિભાવ અર્થાત્ વિશેષભાવ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો આત્મિકજ્ઞાન ને આનંદ છે.

જિનવાણીમાં શુભભાવને મોક્ષમાર્ગ માનવાનો નિષેધ કર્યો છે પરંતુ ભૂમિકા અનુસાર શુભભાવ આવે છે તેનો નિષેધ નથી કર્યો. મોક્ષમાર્ગ પ્રકાશકમાં પં. ટોડરમલજી સાહેબ લખે છે કે- પુણ્ય પાપના પરિણામ ગુણસ્થાન અનુસાર થાય છે. જો મંદકષાય હોય તો પુણ્યના પરિણામ તો સહજ હોય છે.

સાધક ધર્માત્માને અશુભ વંચનાર્થે દેવપૂજા, સ્વાધ્યાય, મહાવ્રતાદિનો શુભભાવ આવે છે... પરંતુ સાધક એ શુભરાગને જડ-અચેતન જાણે છે. ધર્માત્મા પાપાચરણરૂપ પ્રવૃત્તિને તો બુદ્ધિપૂર્વક છોડે છે, જયારે શુભભાવ તો નિર્વિકલ્પ દશામાં સ્વયં છૂટી જાય છે. તેથી જ્ઞાનીનો શુભોપયોગ વ્યવહાર નામ પામે છે પરંતુ અજ્ઞાનીના વ્રત, સંયમ, શીલરૂપનો શુભભાવ વ્યવહાર નામ પણ પામતા નથી. કેમ કે નિશ્ચય વિના વ્યવહાર હોતો જ નથી. અંતમાં એટલું જ કહેવું છે કે –

**" જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહીં સમજવું તેહ,**
**ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ. "**

**પુસ્તક પ્રકાશનની કાર્યવાહી અને આભાર:-**

શ્રી કળશટીકા ઉપરના પૂ. ગુરુદેવશ્રી ના ૧૯૭૭ ની સાલના પ્રવચનોને કેસેટ ઉપરથી અક્ષરસ: ઉતારવામાં જેમનો અમુલ્ય સહકાર મળ્યો છે તેવા **ભાનુબેન પટેલ ( રાજકોટ )** તેમજ **ડો. દેવેન્દ્રભાઈ દોશી ( સુરેન્દ્રનગર )** નો છે.

અક્ષરસ: લખાયેલા પ્રવચનોનું સંકલન કરવાનું કાર્ય **બ્રા. બ્ર. શોભનાબેન જે. શાહ ( રાજકોટ )** દ્વારા પૂર્ણ થયેલ છે. આ સુંદર કાર્યને તેઓશ્રીએ પોતાનું **' અહો ભાગ્ય '** સમજીને આ સંકલનને સુંદર વાક્ય રચનામાં ગુંથી અને પૂ. ગુરુદેવશ્રીની પ્રવચનધારાને અસ્ખલિત પ્રવાહ આપી. સ્વાધ્યાય ભોગ્ય બનાવેલ છે.

સંકલિત પ્રવચનોનું સંપાદન કાર્ય **પં. શ્રી અભયકુમાર જૈનદર્શનાચાર્ય ( છિંદવાડા )** દ્વારા પૂર્ણ થયેલ છે. તેમણે પોતાનો અમુલ્ય સમય કાઢી અને સૂક્ષ્મ દૃષ્ટિકોણથી સંકલિત પ્રવચનોને તપાસી યોગ્ય માર્ગદર્શન આપેલ છે.

સંકલિત પ્રવચનોનું ભાષાની દૃષ્ટિએ શુદ્ધિકરણ કરવાનું કાર્ય **શ્રી દેવશીભાઈ ચાવડા ( રાજકોટ )** તેમજ પ્રુફરીડિંગનું કાર્ય **શ્રી ચેતનભાઈ મહેતા ( રાજકોટ )** દ્વારા પૂર્ણ થયેલ છે. પુસ્તક પ્રકાશનની પ્રક્રિયામાં ઉપરોકત સર્વે મુમુક્ષુજનો તરફથી જે નિસ્પૃહ સહકાર મળ્યો છે તે સર્વે પ્રત્યે સંસ્થા ખૂબ ખૂબ આભારની લાગણી વ્યક્ત કરે છે.

**શ્રી કલશામૃત ભાગ-૩ ના પ્રકાશન અર્થે આવેલ દાનરાશિ:-**

કલશામૃત ભાગ-૩ ના પ્રકાશન અર્થે **શ્રી શારદાબેન નવરંગભાઈ મોદી પરિવાર** તરફથી **સ્વ. ડો. નવરંગભાઈ મોદી**ના સ્મરણાર્થે **રૂા. ૫૧, ૦૦૦** પ્રાપ્ત થયેલ છે. અન્ય

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દાતાઓ તરફથી પણ દાન રાશિ પ્રાપ્ત થઈ છે. આ સર્વે મુમુક્ષુઓ પ્રત્યે સંસ્થા અંતઃકરણથી આભાર વ્યક્ત કરે છે.

**મુદ્રકઃ-**

કલશામૃત ભાગ-૩ નું સુંદર ટાઈપ સેટિંગ કરનાર **શ્રી નિલેશભાઈ વારિયા** તેમજ **શ્રી દેવાંગભાઈ વારિયા**નો સંસ્થા આભાર માને છે. આ પુસ્તકનું સુંદર પ્રિન્ટીંગ તેમજ બાઈન્ડીંગ કરવા બદલ **શ્રી ચંદ્રકાંતભાઈ મહેતા**નો સંસ્થા આભાર માને છે. મલ્ટી કલર પેઈજ સુંદર કરવા બદલ **ડોટએડના સંચાલકશ્રી**નો પણ આભાર માને છે.

અંતમાં કર્તાકર્મનું યથાર્થ સ્વરૂપ સમજી, આત્માના અકર્તા સ્વભાવને સ્વીકારી... સાક્ષાત અકર્તા થાઓ. વિભાવરૂપ પુણ્ય-પાપનું લક્ષ છોડી... પવિત્ર પુરાણ પુરુષ નિજ પરમાત્મ દ્રવ્ય તેનાં લક્ષે પવિત્ર આત્મિક આનંદને આસ્વાદો તેવી મંગલ ભાવના પૂર્વક અસ્તુ.

**શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ,
રાજકોટ - ૩૬૦૦૦૧
ટેલિફોન નં. ૨૨૩૧૦૭૩

પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન આવે છે પણ દ્રવ્ય આવતું નથી... અને દ્રવ્યમાં પર્યાય આવતી નથી, અને તે જ્ઞાન પણ દ્રવ્ય છે તો થાય છે એમ નથી. પર્યાય પોતાના સ્વરૂપમાં રહીને દ્રવ્યનું જ્ઞાન કરે છે.

( પરમાગમસાર-૬૧૪ )

***

જેના પ્રકાશમાં લોકાલોક જાણવામાં આવે છે એવું કહેવું તે પણ અસદ્ભૂત વ્યવહાર છે. આહાહા ! પોતાની પર્યાય પોતાથી ( પોતાને ) જાણે છે. આવા અખંડ પ્રતાપથી જ્ઞાનની પર્યાય ( શોભાયમાન ) છે. દ્રવ્ય, ગુણ તો અખંડ પ્રતાપથી ધ્રુવરૂપ છે પરંતુ અહીંયા જે પરિણમન થયું ( તેમાં ) જ્ઞાનની પર્યાય પોતાના અખંડ પ્રતાપથી સ્વતંત્રપણે પ્રગટ છે, તે તેની સ્વતંત્રપણાની શોભા છે.

( પ્રવચન નવનીત ભાગ-૪ પેજ નં. ૯૬ )

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# જિનજીની વાણી

( રાગ–આશાભર્યા અમે આવિયા )

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે.
વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર–સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે......સીમંધર.
ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.
ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે......સીમંધર.
સ્યાદ્વાદ કેરી સુવાસે ભરેલો
જિનજીનો ૐ કારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.
વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐ કારનાદ રે,
જિનજીની વાણી ભલી રે......સીમંધર.
હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.
જિનેશ્વરદેવની વાણીના વાયરા
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે......સીમંધર.

# : અનુક્રમણિકા :



| કલશ નં. | પ્રવચન નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| ૬૦ | ૭૪ | ૨૩/૮/ ’૭૭ | ૨ |
| | ૭૫ | ૨૪/૮/ ’૭૭ | ૫ |
| | ૭૬ | ૨૫/૮/ ’૭૭ | ૧૭ |
| ૬૧ | ૭૭ | ૨૬/૮/ ’૭૭ | ૨૮ |
| | ૭૮ | ૨૭/૮/ ’૭૭ | ૪૧ |
| ૬૨ | ૭૮ | ૨૭/૮/ ’૭૭ | ૫૨ |
| ૬૩ થી ૬૫ | ૭૯ | ૨૮/૮/ ’૭૭ | ૫૯ |
| ૬૬ | ૭૯ | ૨૮/૮/ ’૭૭ | ૬૦ |
| ૬૭ | ૭૯ | ૨૮/૮/ ’૭૭ | ૬૨ |
| | ૮૦ | ૨૯/૮/ ’૭૭ | ૭૧ |
| ૬૮ | ૮૦ | ૨૯/૮/ ’૭૭ | ૭૯ |
| ૬૯ | ૮૧ | ૩૦/૮/ ’૭૭ | ૮૮ |
| | ૮૨ | ૩૧/૮/ ’૭૭ | ૧૦૦ |
| ૭૦ | ૮૨ | ૩૧/૮/ ’૭૭ | ૧૦૯ |
| | ૮૩ | ૧/૯/ ’૭૭ | ૧૧૦ |
| ૭૩ | ૮૩ | ૧/૯/ ’૭૭ | ૧૧૭ |
| ૭૮ | ૮૪ | ૨/૯/ ’૭૭ | ૧૧૯ |
| ૭૯ | ૮૪ | ૨/૯/ ’૭૭ | ૧૨૬ |
| ૮૦ | ૮૪ | ૨/૯/ ’૭૭ | ૧૨૯ |
| | ૮૫ | ૩/૯/ ’૭૭ | ૧૩૦ |
| ૮૧ | ૮૫ | ૩/૯/ ’૭૭ | ૧૩૨ |
| ૮૨ | ૮૫ | ૩/૯/ ’૭૭ | ૧૩૫ |
| ૮૩ | ૮૫ | ૩/૯/ ’૭૭ | ૧૩૮ |
| ૮૪ | ૮૫ | ૩/૯/ ’૭૭ | ૧૪૧ |
| | ૮૬ | ૪/૯/ ’૭૭ | ૧૪૧ |
| ૮૫ | ૮૬ | ૪/૯/ ’૭૭ | ૧૪૭ |
| ૮૬ | ૮૬ | ૪/૯/ ’૭૭ | ૧૪૮ |
| ૮૭ | ૮૬ | ૪/૯/ ’૭૭ | ૧૫૨ |

| કલશ નં. | પ્રવચન નં. | તારીખ | પેઇજ નં. |
|---|---|---|---|
| ૮૮ | ૮૭ | ૬/૯/ '૭૭ | ૧૫૪ |
| ૮૯ | ૮૭ | ૬/૯/ '૭૭ | ૧૫૭ |
| ૯૦ | ૮૭ | ૬/૯/ '૭૭ | ૧૬૩ |
| | ૮૮ | ૭/૯/ '૭૭ | ૧૬૫ |
| ૯૧ | ૮૮ | ૭/૯/ '૭૭ | ૧૭૫ |
| | ૮૯ | ૮/૯/ '૭૭ | ૧૭૮ |
| ૯૨ | ૮૯ | ૮/૯/ '૭૭ | ૧૭૯ |
| ૯૩ | ૯૦ | ૯/૯/ '૭૭ | ૧૯૧ |
| | ૯૧ | ૧૦/૯/ '૭૭ | ૨૦૧ |
| ૯૪ | ૯૧ | ૧૦/૯/ '૭૭ | ૨૦૪ |
| ૯૫ | ૯૨ | ૧૧/૯/ '૭૭ | ૨૧૪ |
| ૯૬ | ૯૨ | ૧૧/૯/ '૭૭ | ૨૨૦ |
| | ૯૩ | ૧૨/૯/ '૭૭ | ૨૨૩ |
| ૯૭ | ૯૩ | ૧૨/૯/ '૭૭ | ૨૨૬ |
| ૯૮ | ૯૪ | ૧૩/૯/ '૭૭ | ૨૩૪ |
| ૯૯ | ૯૪ | ૧૩/૯/ '૭૭ | ૨૪૬ |
| | ૯૫ | ૧૫/૯/ '૭૭ | ૨૪૭ |
| ૧૦૦ | ૯૫ | ૧૫/૯/ '૭૭ | ૨૫૫ |
| | ૯૬ | ૧૬/૯/ '૭૭ | ૨૫૮ |
| | ૯૭ | ૧૭/૯/ '૭૭ | ૨૬૯ |
| ૧૦૧ | ૯૭ | ૧૭/૯/ '૭૭ | ૨૭૩ |
| | ૯૮ | ૧૮/૯/ '૭૭ | ૨૮૩ |
| ૧૦૨ | ૯૮ | ૧૮/૯/ '૭૭ | ૨૮૬ |
| | ૯૯ | ૧૯/૯/ '૭૭ | ૨૯૫ |
| ૧૦૩ | ૯૯ | ૧૯/૯/ '૭૭ | ૨૯૮ |
| ૧૦૪ | ૯૯ | ૧૯/૯/ '૭૭ | ૩૦૪ |
| | ૧૦૦ | ૨૦/૯/ '૭૭ | ૩૦૯ |
| ૧૦૫ | ૧૦૦ | ૨૦/૯/ '૭૭ | ૩૧૩ |
| | ૧૦૧ | ૨૧/૯/ '૭૭ | ૩૨૦ |

| કલશ નં. | પ્રવચન નં. | તારીખ | પેઇજ નં. |
|---|---|---|---|
| ૧૦૬ | ૧૦૧ | ૨૧/૯/ '૭૭ | ૩૨૨ |
| | ૧૦૨ | ૨૨/૯/ '૭૭ | ૩૩૨ |
| ૧૦૭ | ૧૦૨ | ૨૨/૯/ '૭૭ | ૩૩૭ |
| ૧૦૮ | ૧૦૨ | ૨૨/૯/ '૭૭ | ૩૪૧ |
| | ૧૦૩ | ૨૩/૯/ '૭૭ | ૩૪૫ |
| ૧૦૯ | ૧૦૩ | ૨૩/૯/ '૭૭ | ૩૫૪ |
| | ૧૦૪ | ૨૪/૯/ '૭૭ | ૩૫૫ |
| | ૧૦૫ | ૨૫/૯/ '૭૭ | ૩૬૬ |
| ૧૧૦ | ૧૦૫ | ૨૫/૯/ '૭૭ | ૩૬૯ |
| | ૧૦૬ | ૨૬/૯/ '૭૭ | ૩૮૧ |
| | ૧૦૭ | ૨૮/૯/ '૭૭ | ૩૯૩ |
| ૧૧૧ | ૧૦૮ | ૨૯/૯/ '૭૭ | ૪૦૫ |
| ૧૧૨ | ૧૦૮ | ૨૯/૯/ '૭૭ | ૪૧૪ |
| | ૧૦૯ | ૩૦/૯/ '૭૭ | ૪૧૫ |
| નાટક સમયસારના પદ | | | ૪૨૪ |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## શ્રી સમયસાર કલશ

# કર્તાકર્મ અધિકાર

(મંદાક્રાન્તા)

ज्ञानादेव ज्वलनपयसोरौष्ण्यशैत्यव्यवस्था
ज्ञानादेवोल्लसति लवणस्वादभेदव्युदासः।
ज्ञानादेव स्वरसविकसन्नित्यचैतन्यधातोः
क्रोधादेश्च प्रभवति भिदा भिन्दती कर्तृभावम्।। १५-६०।।

**ખંડાન્વય સહિત અર્થઃ-** "ज्ञानात् एव स्वरसविकसन्नित्यचैतन्यधातोः क्रोधादेः च भिदा प्रभवति" (ज्ञानात् एव) શુદ્ધ સ્વરૂપમાત્ર વસ્તુનો અનુભવ કરતાં જ (स्वरस) ચેતનાસ્વરૂપથી (विकसत्) પ્રકાશમાન છે, (नित्य) અવિનશ્વર છે, -એવું જે (चैतन्यधातोः) શુદ્ધ જીવસ્વરૂપ તેનું અને (क्रोधादेः च) સમસ્ત અશુદ્ધ ચેતનારૂપ રાગાદિ પરિણામનું (भिदा) ભિન્નપણું (प्रभवति) થાય છે. ભાવાર્થ આમ છે કે (પ્રશ્નઃ) સામ્પ્રત (હાલમાં) જીવદ્રવ્ય રાગાદિ અશુદ્ધ ચેતનારૂપે પરિણમ્યું છે ત્યાં તો એમ પ્રતિભાસે છે કે જ્ઞાન ક્રોધરૂપ પરિણમ્યું છે તેથી જ્ઞાન ભિન્ન, ક્રોધ ભિન્ન-એવું અનુભવવું ઘણું જ કઠણ છે. ઉત્તર આમ છે કે સાચે જ કઠણ છે, પરંતુ વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે. કેવું છે ભિન્નપણું? "कर्तृभावं भिन्दती" (कर्तृभावं) 'કર્મનો કર્તા જીવ' એવી ભ્રાન્તિ, તેને (भिन्दती) મૂળથી દૂર કરે છે. દૃષ્ટાન્ત કહે છે- "एव ज्वलनपयसोः औष्ण्यशैत्यव्यवस्था ज्ञानात् उल्लसति" (एव) જેમ (ज्वलन) અગ્નિ અને (पयसोः) પાણીના (औष्ण्य) ઉષ્ણપણા અને (शैत्य) શીતપણાનો (व्यवस्था) ભેદ (ज्ञानात्) નિજસ્વરૂપગ્રાહી જ્ઞાનથી (उल्लसति) પ્રગટ થાય છે તેમ. ભાવાર્થ આમ છે કે-જેમ અગ્નિસંયોગથી પાણી ઊનું કરવામાં આવે છે, કહેવામાં પણ 'ઊનું પાણી' એમ કહેવાય છે, તોપણ સ્વભાવ વિચારતાં ઉષ્ણપણું અગ્નિનું છે, પાણી તો સ્વભાવથી શીતળ છે-આવું ભેદજ્ઞાન, વિચારતાં ઊપજે છે. બીજું દૃષ્ટાન્ત "एव लवणस्वादभेदव्युदासः ज्ञानात् उल्लसति" (एव) જેમ (लवण) ખારો રસ, તેના (स्वादभेद) વ્યંજનથી ભિન્નપણા વડે 'ખારો લવણનો સ્વભાવ' એવું જાણપણું તેનાથી (व्युदासः) 'વ્યંજન ખારું' એમ કહેવાતું-જણાતું તે છૂટયું; (આવું) (ज्ञानात्) નિજ સ્વરૂપના જાણપણા દ્વારા (उल्लसति)

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રગટ થાય છે. ભાવાર્થ આમ છે કે જેમ લવણના સંયોગથી વ્યંજનનો સંભાર કરવામાં આવે છે ત્યાં ' ખારું વ્યંજન ' એમ કહેવાય છે, જણાય પણ છે; સ્વરૂપ વિચારતાં ખારું લવણ છે, વ્યંજન જેવું છે તેવું જ છે. ૧૫-૬૦.**

**પ્રવચન નં. ૭૪ તા. ૨૩-૮-'૭૭**

## કલશ - ૬૦ : ઉપર પ્રવચન

" ज्ञानात् एव स्वरसविकसन्नित्य चैतन्यधातोः क्रोधादे च भिदा प्रभवति " " શુદ્ધ સ્વરૂપમાત્ર વસ્તુનો અનુભવ કરતાં જ ચેતનાસ્વરૂપથી પ્રકાશમાન છે. "

ભગવાન શુદ્ધ સ્વરૂપમાત્ર વસ્તુનો અનુભવ કરતાં અશુદ્ધતાનું પરિણામનું લક્ષને આશ્રય છૂટી જાય છે. બીજી રીતે કહીએ તો પર્યાય બુદ્ધિ છોડીને દ્રવ્ય વસ્તુની બુદ્ધિ અંદરમાં કર. ઝીણી વાત છે બાપુ ! આ તો વાસ્તવિક તત્ત્વ, યથાર્થ તત્ત્વ છે તેને લોકોએ કલ્પનાથી કંઈને કંઈ સમજી રાખ્યું છે.

" **ज्ञानात् एव શુદ્ધ સ્વરૂપમાત્ર.** " શબ્દ પડયો છે પાઠમાં... જોયું ! શુદ્ધ સ્વરૂપમાત્ર વસ્તુનો અનુભવ કરતાં જ તે પોતાના સ્વરસ, ચૈતન્યરસ, આનંદરસ તેનાથી પ્રકાશમાન છે. આહા... હા ! ભગવાન આત્મા ચૈતન્ય ધાતુ નિત્ય આનંદરસથી ભર્યો પડયો છે. હવે રાગની કર્તૃત્વબુદ્ધિ છોડીને ' ज्ञानात् ', જ્ઞાનમાં તેને જાણવાથી... ચૈતન્ય સ્વરસ જેવો રસ પર્યાયમાં આવે છે. પર્યાયમાં આનંદનો રસ અર્થાત્ આનંદનો સ્વાદ આવે છે. તેનું નામ ચૈતન્યનો અનુભવ છે. રાગ ને પુણ્ય- પાપનો અનુભવ તે તો દુઃખરૂપ અને કલેશ છે. નિર્જરા અધિકારમાં ક્રિયાકાંડને કલેશ કહ્યો છે. ક્રિયાકાંડરૂપી કલેશ કરો તો કરો પરંતુ ' ज्ञानात् ' થી મુક્તિ થશે, કલેશથી મુક્તિ નહીં થાય. સમજમાં આવ્યું ?!

પ્રભુ કહે છે – આ માર્ગ તો અનેકાન્તનો છે. વ્યવહારથી થશે અને નિશ્ચયથી થશે તેનું નામ અનેકાન્ત છે? એમ નથી. ભગવાન! તને ( આ માર્ગની ) ખબર નથી. ' જ્ઞાનાત્ ' શબ્દ પડયો છે. પોતાના અનુભવથી ચૈતન્ય સ્વરૂપ પ્રકાશમાન છે, એકાંતે આવી ચીજ છે. તે રાગથી પ્રકાશમાન થાય છે તેમ નથી અને તેનું નામ અનેકાન્ત નથી.

નિયમસારની બીજી ગાથામાં એમ કહ્યું કે – પોતાના નિશ્ચય સ્વરૂપની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા તે નિરપેક્ષ છે, તેને વ્યવહારની અપેક્ષા નથી. સમજમાં આવ્યું !?

' શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાત્ ' એમ આવ્યું ને ? એ તો પોતાના ચૈતન્ય સ્વભાવથી અર્થાત્ જ્ઞાનથી પ્રકાશમાન છે. રાગથી જે પ્રસિદ્ધિ હતી તે અજ્ઞાન હતું. જ્યાં સુધી રાગ ઉપર દૃષ્ટિ હતી તો તેને રાગનું અસ્તિત્વ ભાસતું હતું. રાગ ઉપર દૃષ્ટિ હતી એટલે કે પુણ્ય-પાપ, દયા-દાન વિકલ્પ ઉપર દૃષ્ટિ હોવાથી તેને રાગનું અસ્તિત્વ જ ભાસતું હતું. પરંતુ અંદર ભગવાનનું મોટું અસ્તિત્વ પડયું છે. ' ज्ञानात् ' ભગવાન આનંદકંદથી ભર્યો પડયો છે... તે એનાથી પ્રકાશમાન છે ભાઈ ! સૂક્ષ્મ લાગે પણ અનંતકાળથી આવી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વસ્તુ જાણી નથી.

અનંતકાળમાં દ્રવ્યલિંગી દિગમ્બર સાધુ પણ અનંતવાર થયો. દ્રવ્યલિંગ ધારણ કરીને અઠ્ઠાવીસ મૂળગુણ પાળ્યા, પણ તે રાગ અને દુઃખ હતું. છ ઢાળામાં આવે છે ને!

"મુનિવ્રત ધાર અનંત બાર, ગ્રીવક ઉપજાયૌ,
પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ."

દ્રવ્યલિંગ ધારણ કર્યાં, મહાવ્રત પાળ્યા, અઠ્ઠાવીસ મૂળગુણ પાળ્યા.. પરંતુ તેનાથી સુખ પ્રાપ્ત ન થયું, એ તો દુઃખરૂપ છે તેમ કહે છે. "લેશ સુખ ના પાયો." પંચમહાવ્રતમાં સુખ નથી તે તો દુઃખરૂપ છે. આહા... હા! એ રાગનો કર્તા હું તેમ માને તે મિથ્યાદૃષ્ટિ છે અહીંયા એમ કહે છે. મહાવ્રતના પરિણામ છે તે શુભરાગ છે, તેનો કર્તા થતાં (દૃષ્ટિમાં) પૂરા જ્ઞાયકને વિકારી બનાવી દીધો. જે વિકારનો કર્તા થાય છે તેણે તો શ્રદ્ધામાં આત્માને વિકારી બનાવી દીધો પરંતુ આત્મા પૂરી શક્તિથી શુદ્ધ ચૈતન્યરૂપ છે. વસ્તુ તો વસ્તુ છે.

**"અવિનશ્વર છે, - એવું જે શુદ્ધ જીવ સ્વરૂપ તેનું અને સમસ્ત અશુદ્ધ ચેતનારૂપ રાગાદિ પરિણામનું ભિન્નપણું થાય છે."**

અહીં એકલું કર્મથી ભિન્ન તેમ નથી લેવું. એ વિષય તો આગળ સ્પષ્ટ કરી દીધો. અશુદ્ધ ચેતનારૂપ રાગાદિ પરિણામ અર્થાત્ શુભ અને અશુભરાગ તે બન્ને અશુદ્ધ ચેતના છે - તે કર્મ ચેતના છે. પુણ્યના ભાવ જે દયા-દાન-વ્રત-ભક્તિ તે કર્મ ચેતનાના ભાવ છે. તે જ્ઞાનચેતનાનો ભાવ નથી. આવો માર્ગ...! લોકોને આકરું પડે એટલે ખોટું લેવું એવું અહીં છે નહીં.

ભાષા જુઓ! 'અશુદ્ધ ચેતનારૂપ.' શું કહે છે? કર્મના લક્ષે થયેલાં અશુદ્ધ ચેતનારૂપ રાગાદિ પરિણામ તે દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજારૂપ છે. અશુદ્ધ ચેતનારૂપ પરિણામ તે (પોતે જ) રાગાદિરૂપ છે. આ શ્લોકમાં રાજમલજીએ અલૌકિક ભાવ લીધા છે. તે છેલ્લે બે લીટીમાં આવશે "**ज्ञानात्**" નિજ સ્વરૂપગ્રાહી જ્ઞાનથી પ્રગટ થાય છે." આમાં શું કહેવું છે? કે - જ્ઞાન સ્વરૂપ આત્મા રાગથી ભિન્ન થયો તો પોતાનું જ્ઞાન થયું... તો હવે તે જ્ઞાનમાં પાણી (પર્યાયે) ઉષ્ણ છે તેનું જ્ઞાન અર્થાત્ ઉષ્ણતાનું સાચું જ્ઞાન નિજ સ્વરૂપગ્રાહી જ્ઞાનથી થાય છે. પાણી પર્યાયે ઉષ્ણ છે પરંતુ તેના સ્વભાવથી ઠંડું છે તેવું જ્ઞાન નિજસ્વરૂપગ્રાહી જ્ઞાનીને જ તેનું સાચું જ્ઞાન હોય છે.

**શ્રોતાઃ-** નિજસ્વરૂપગ્રાહીનો અર્થ, તેનું જ્ઞાન...!

**ઉત્તરઃ-** હાં! તેને વ્યવહારનું જ્ઞાન થાય છે. "નિજ સ્વરૂપગ્રાહી જ્ઞાન દ્વારા" તેમાં ગ્રાહ્યનો અર્થ કર્યો છે કે - પાણી ઠંડું છે ઉષ્ણ છે તેનું જ્ઞાન કોને થાય છે? કે જેને પોતાનું જ્ઞાન થયું તેને વ્યવહારે આવું જ્ઞાન થાય છે. પાણી (સ્વભાવે) ઠંડું છે. વર્તમાન (પર્યાયે)

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ઉષ્ણ છે તેનું સાચું જ્ઞાન કોને થાય છે? જેને નિજ સ્વરૂપગ્રાહી જ્ઞાન થયું છે તેને વ્યવહારનું આવું જ્ઞાન હોય છે. લૌકિકમાં જે પાણીને ઠંડુ ને ગરમ માને છે તે વાત નથી. સમજમાં આવ્યું ?!

જેમ રાગથી ભિન્ન થઈને પોતા તરફનું જ્ઞાયકનું જ્ઞાન કર્યું તો તે સ્વરૂપગ્રાહી જ્ઞાન થયું. તે જ્ઞાને જાણ્યું કે પાણી સ્વભાવથી ઠંડું છે અને પર્યાયમાં ઉષ્ણ અગ્નિના સંયોગથી થયું છે. તેમ જેને નિજસ્વરૂપનું જ્ઞાન થયું હોય તેના જ્ઞાનમાં આવો વ્યવહાર હોય છે, (અજ્ઞાનમાં) આવો વ્યવહાર હોતો નથી. 'ज्ञानात्' શબ્દ છે તેમાંથી રાજમલજીએ આ નિજ સ્વરૂપગ્રાહી અર્થ કાઢયો છે. આવી વાત છે.

પાઠમાં '**क्रोधादेः**' શબ્દ છે તેનો અર્થ કર્યો કે - સમસ્ત અશુદ્ધ ચેતનારૂપ રાગાદિ પરિણામ. ક્રોધાદિ કેમ કહ્યું ? અશુદ્ધ ચેતનારૂપ રાગાદિ પરિણામ તે ક્રોધ છે. કેમ કે જેને અશુદ્ધ ચેતના પરિણામ ઉપર પ્રેમ છે તેને પોતાના આત્મા પ્રત્યે દ્વેષ છે. સમજમાં આવ્યું ? આનંદઘનજી કહે છે -

'દ્વેષ અરોચક ભાવ.' જેને પુણ્ય-પાપના પરિણામમાં પ્રેમ છે તેને આત્મા પ્રત્યે દ્વેષ-અરોચક ભાવ છે. તેને આત્માની રુચિ નથી. શુભરાગ જે વ્રત-તપ-ભક્તિ આદિનો જેને પ્રેમ છે તેને સ્વભાવ પ્રત્યે દ્વેષ ને અરુચિ છે. જેને સ્વભાવ પ્રત્યે રુચિ અને સ્વભાવનો આશ્રય છે તેને રાગની રુચિ નથી. એક મ્યાનમાં બે તલવાર રહી શકતી નથી.

જેને રાગાદિથી પ્રેમ છે તેને આત્માથી પ્રેમ થઈ જાય તેમ બનતું નથી. એક મ્યાનમાં બે તલવાર રહી શકતી નથી.

આહા... હા! રાગાદિનો પ્રેમ એટલે વ્યવહાર રત્નત્રયનો પ્રેમ અને ભગવાન આત્માની રુચિ તેમ હોઈ શકતું નથી. આ ક્રોધ છે તે શુદ્ધ જીવ સ્વરૂપથી ભિન્ન છે. જેને અશુદ્ધ રાગનો પ્રેમ છે તેને સ્વભાવ પ્રત્યે ક્રોધ છે. ઝીણી વાત છે!

**પ્રશ્નઃ**- સ્વભાવનો પ્રેમ નથી તો શાનો પ્રેમ છે?

**ઉત્તરઃ**- આહા.. હા! જેનો પ્રેમ પરમાં ઘુસી ગયો છે. જેને સ્ત્રીનો પ્રેમ, પૈસાનો પ્રેમ, પુણ્યનો પ્રેમ, રાગનો પ્રેમ છે તેને આત્મા પ્રત્યે ક્રોધ છે. તેને આત્મા પ્રત્યે દ્વેષ છે. આહા.. હા! જે રાગનો રાગી છે તે ભગવાન આત્માનો દ્વેષી છે. ભારે વાત ભાઈ..! લોકોને આકરું પડે પણ શું થાય ?! પ્રભુનો માર્ગ તો આ છે.

**"ભાવાર્થ આમ છે કે- સામ્પ્રત જીવદ્રવ્ય રાગાદિ અશુદ્ધ ચેતનારૂપે પરિણમ્યું છે ત્યાં તો એમ પ્રતિભાસે છે કે - જ્ઞાન ક્રોધરૂપ પરિણમ્યું છે."**

ભાષા જુઓ! પર્યાયમાં રાગાદિરૂપ પરિણમે છે. પર્યાયમાં રાગાદિ નથી તેમ નથી. પર્યાયમાં રાગાદિરૂપ પરિણમે છે તે કર્મને લઈને નહીં. સામ્પ્રત એટલે વર્તમાનમાં જીવદ્રવ્ય રાગાદિ પુણ્ય-પાપરૂપ, અશુદ્ધ ચેતનારૂપ પરિણમે છે. પર્યાયમાં અશુદ્ધ પરિણમન

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. કોઈ કહે પર્યાયમાં વિશુદ્ધતા છે તો તેને આનંદ આવવો જોઈએ ! ? પ્રભુ તો આનંદકંદ છે. જ્યાં દુઃખનું વેદન છે ત્યાં આનંદનું વેદન નથી. પુણ્ય ને પાપનું જે અશુદ્ધ વેદન છે તે તો દુઃખનું વેદન છે. પર્યાયમાં તે દુઃખપણે પરિણમ્યો છે. વસ્તુ તો વસ્તુ છે. સમજમાં આવ્યું ? અહા ! આવું ઝીણું પડે પરંતુ માર્ગ આવો છે.

**“ જીવદ્રવ્ય અશુદ્ધ ચેતનારૂપે પરિણમ્યું છે ત્યાં તો એમ પ્રતિભાસે છે કે - જ્ઞાન ક્રોધરૂપ પરિણમ્યું છે. ”**

અમને તો એમ દેખાય છે કે જ્ઞાન ક્રોધરૂપે પરિણમ્યું છે. આત્મા વિકારરૂપ પરિણમ્યો છે તેમ દેખાય છે. પરંતુ આત્માનું સ્વરૂપ કાંઈ વિકારરૂપ થયું નથી. પર્યાયમાં વિકાર છે તો આત્મામાં વિકાર થઈ ગયો એમ અજ્ઞાનીને ભાસે છે. દ્રવ્ય જે વસ્તુ છે તે તો ત્રિકાળ શુદ્ધ છે. નિગોદની પર્યાયમાં પણ ત્રિકાળી દ્રવ્ય શુદ્ધ જ છે.

શ્રી પરમાત્મ પ્રકાશના બંધ અધિકારમાં આવે છે કે – સર્વ કાળે, સર્વ ક્ષેત્રે, સર્વ જીવ સંપૂર્ણ સુખથી અને આનંદથી ભર્યા છે એવા સર્વ જીવો છે... એવી ભાવના કરવી. આહાહા... સર્વક્ષેત્રમાં, સર્વકાળમાં, સર્વ જીવો સંપૂર્ણ સ્વભાવથી શક્તિઓથી ભર્યા પડયા છે. સમજમાં આવ્યું ?

અહીંયા કહે છે કે – ભગવાન આત્માને ભૂલીને પર્યાયમાં ક્રોધરૂપે પરિણમ્યો છે. “ અપનેકો આપ ભૂલકે હેરાન હો ગયા. ” કોઈ કર્મે તેને હેરાન કર્યો છે, ઈશ્વરે હેરાન કર્યો છે તેમ છે નહીં.

**“ તેથી જ્ઞાન ભિન્ન, ક્રોધ ભિન્ન - એવું અનુભવવું ઘણું જ કઠિન છે. ”**

કેમ કઠિન છે ? આત્મા શુદ્ધ ચૈતન્યઘન હોવા છતાં પણ તેની વર્તમાન હાલત નામ દશામાં વિકારરૂપી પરિણામ છે. તે કારણે વિકારથી આત્મા ભિન્ન છે, તેને ભિન્ન અનુભવવો તે કઠિન છે. **“ ઉત્તર આમ છે કે સાચે જ કઠણ છે, પરંતુ વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે. ”**

વસ્તુ છે તેમાં વિકાર નથી પરંતુ પર્યાયમાં વિકાર છે. અવસ્થામાં દોષ છે માટે તો દોષ કાઢવાનો ઉપદેશ આપે છે. દોષ ન હોય તો દોષ કાઢો, તેવો ( ઉપદેશ ) ક્યાંથી આવ્યો ? વીતરાગનો ઉપદેશ એવો આવે છે કે–દોષ કાઢો તેનો અર્થ શું થયો ? અર્થાત્ તેની પર્યાયમાં અનાદિથી દોષ છે. તે દોષને કાઢવો કઠિન છે.

## પ્રવચન નં. ૭૫ તા. ૨૪-૮- ’૭૭

“ ज्ञानात् एव स्वरसविकसन्नित्यचैतन्यधातोः कोधादेः च भिदां प्रभवति ” શુદ્ધ સ્વરૂપમાત્ર વસ્તુનો અનુભવ કરતાં જ ચેતનાસ્વરૂપથી પ્રકાશમાન છે, ”

ભાષા આવી છે – “ શુદ્ધ સ્વરૂપમાત્ર. ” પુણ્ય–પાપના વિકલ્પથી ભિન્ન એવી ચૈતન્ય શુદ્ધ વસ્તુ તેનો આશ્રય લઈને, તેનો અનુભવ કરતાં, પર્યાયમાં ચૈતન્ય પ્રકાશમાન

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

થાય છે... આહાહા..! તેનું નામ ભેદજ્ઞાન ને સમ્યગ્દર્શન છે.

લાખો-કરોડો શબ્દોનું જ્ઞાન હો.. કે પછી શુક્લલેશ્યાની ક્રિયા જેવી કે દયા-દાન, વ્રતની હો! પરંતુ તેનાથી અંદરમાં ભગવાન ચૈતન્યધ્રુવ ભિન્ન છે. આવો શુદ્ધ ચૈતન્ય ધ્રુવ સ્વરૂપ ભગવાન છે તેનો અનુભવ તે પર્યાય છે. શુદ્ધ ચૈતન્ય ધ્રુવ દ્રવ્ય છે તેના આશ્રયથી અનુભવ થાય તે પર્યાય છે. આહાહા! અનુભવ કરવો તે મુદ્દાની રકમ છે.

આનંદઘનજી કહેતા હતા,... અહો! સ્વરૂપનો વિરહ રહ્યો. વિરહ કેવી રીતે રહ્યો? "ગાજતે માનતે લાડતે વેજા." સ્વરૂપના વિરહના ઘા પડતાં અંદરમાં એવું દુઃખ થાય છે. શુદ્ધ સ્વરૂપ ભગવાનનો વિરહ રહ્યો, અને તેના વિરહની વ્યથા-પીડાના ઘા પડે છે.

અહીં કહે છે- "શુદ્ધ સ્વરૂપમાત્ર", "માત્ર" કહેતાં તેમાં રાગ નહીં અને પર્યાયે નહીં. જેને પરમાર્થ આત્મા કહીએ તે શુદ્ધ સ્વરૂપમાત્ર ત્રિકાળી. પર્યાય એ પરમાર્થ આત્મા નહીં; એ તો વ્યવહાર આત્મા છે. સમજમાં આવ્યું?

**"શુદ્ધ સ્વરૂપમાત્ર વસ્તુનો અનુભવ કરતાં જ"**, આનંદસ્વરૂપ તરફનો અનુભવ થતાં... ચૈતન્યસ્વરૂપ અનુભવથી પ્રકાશમાન છે. બીજી કોઈ રીતે આત્મા પ્રકાશમાન થતો નથી. આત્માનો પર્યાયમાં અનુભવ થતાં... પર્યાયમાં ચૈતન્ય પ્રકાશમાન થાય છે.

શ્રોતાઃ- આત્મામાં પ્રકાશ શક્તિ છે ને!

ઉત્તરઃ- એ જે પ્રકાશ શક્તિ છે તે તો બપોરના ચાલે છે. અહીં તો ચૈતન્યનો પ્રકાશ લેવો છે. અહીં વેદનની અપેક્ષા નથી. બપોરે વેદનની અપેક્ષાએ વાત ચાલે છે. અહીં તો ચૈતન્ય સ્વરૂપનો અનુભવ કરતાં પ્રકાશ થાય છે. ચૈતન્ય શું છે? અનુભવ થતાં તેનો પ્રકાશ અંદરમાં થાય છે. સમજમાં આવ્યું?

**"(नित्य) અવિનશ્વર છે, - એવું જે શુદ્ધ જીવસ્વરૂપ તેનું અને (क्रोधादे: च) સમસ્ત અશુદ્ધ ચેતનારૂપ રાગાદિ પરિણામનું ભિન્નપણું થાય છે."** હવે રાગાદિ અને શુદ્ધ જીવસ્વરૂપનો ભેદ બતાવે છે. (नित्य) શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ધ્રુવ અને (क्रोधादि) એટલે સ્વરૂપથી વિપરીત એવા પુણ્ય ને પાપના ભાવ તેને ક્રોધાદિ ગણવામાં આવ્યા છે. પછી તે દયા-દાન, વ્રત-ભક્તિ-પૂજા આદિના ભાવ હોય તેને અહીંયા ક્રોધાદિ ગણવામાં આવ્યા છે. તે ભાવો સ્વભાવથી વિરુદ્ધ છે. એ ભાવનો જેને પ્રેમ છે તેને ભગવાન પ્રત્યે ક્રોધ છે. મુદ્દાની રકમની વાત છે.

કહે છે કે - આ પોતાનો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ધ્રુવ છે તેનો પ્રેમ છોડીને, અંતરની ધૂન-લગન છોડીને, પુણ્ય પરિણામની જેને લગન લાગી છે તેને ચૈતન્ય પ્રત્યે અણગમો-ક્રોધ છે. આહાહા...! આવી વાતું છે! સમજમાં આવ્યું?

(क्रोधादे च:) તેની વ્યાખ્યા કરી - જેટલા અશુદ્ધ ચેતનારૂપ રાગાદિ પરિણામ

તેનાથી ભિન્નપણું અનુભવથી થાય છે. આહા.. હા ! પહેલાં તેનું જ્ઞાન તો કરે કે- સ્વરૂપ આ છે. સમજમાં આવ્યું ?

ચોરાશી લાખ યોનિમાં રઝળતાં-રઝળતાં, અનંત ભવ કરતાં-કરતાં... તે દુઃખથી પિડાય રહ્યો છે. જેને આવા દુઃખથી ભિન્ન આત્માનો અનુભવ-સમ્યગ્દર્શન કરવું હોય તો તેણે શું કરવું ? શુદ્ધ સ્વરૂપ જે ભગવાન આત્માછે, તેની પર્યાયમાં જે અશુદ્ધ પરિણામ છે- પુણ્ય-પાપ બન્નેને અશુદ્ધ પરિણામ કહે છે, અશુદ્ધ પરિણામથી ભિન્નપણું થાય છે.

**ભાવાર્થ આમ છે કે - સામ્પ્રત ( હાલમાં ) જીવદ્રવ્ય રાગાદિ અશુદ્ધ ચેતનારૂપે પરિણમ્યું છે. "** સામ્પ્રત એટલે વર્તમાનમાં જીવદ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ છે તો પણ પર્યાયમાં રાગાદિ અશુદ્ધ ચેતનારૂપ પરિણમે છે. સમજમાં આવ્યું ?

ભગવાન ચિદાનંદ પ્રભુ ! અતીન્દ્રિય આનંદકંદ, જ્ઞાયકરસ એ તો ત્રિકાળ શુદ્ધ છે. પણ તેની પર્યાયમાં, હાલતમાં, અવસ્થામાં, દશામાં મલિનતારૂપ પરિણમન છે. આત્મા શુદ્ધ છે તો પર્યાય પણ અનાદિથી શુદ્ધ છે તેમ નથી... સમજમાં આવ્યું ? દ્રવ્ય શુદ્ધ હોવા છતાં પણ વર્તમાન પર્યાયમાં અશુદ્ધપણાનું પરિણમન થયું છે. દુઃખરૂપ દશાનું પરિણમન થયું છે એમ કહે છે.

છે તો પ્રભુ આનંદમય, પછી તે રાજા હો કે પછી શેઠિયા હો કે દેવ હો ! પરંતુ એ પર્યાયમાં મલિનપણારૂપે પરિણમ્યા છે... તેથી એ ( બધા ) દુઃખી છે.

**" ત્યાંતો એમ પ્રતિભાસે છે કે જ્ઞાન ક્રોધરૂપ પરિણમ્યું છે તેથી જ્ઞાન ભિન્ન, ક્રોધ ભિન્ન - એવું અનુભવવું ઘણું જ કઠણ છે. "** આહાહા ! કઠિન કેમ કહ્યું ? કેમ કે તે પુણ્ય-પાપરૂપ પરિણમ્યો છે... અને એ પરિણમન તેની પર્યાયમાં છે, તેનાથી ભિન્ન કરવું મહાકઠિન છે. આ શરીર, મન, વાણી એ તો ભિન્ન છે જ, તેને ભિન્ન કરવા નથી. આ તો પોતાની પર્યાયમાં અશુદ્ધ-પુણ્ય-પાપના ભાવપણે પરિણમન થયું છે. એ અશુદ્ધ પરિણમન પરના કારણે થયું નથી. પોતાની ભૂલથી અર્થાત્ પોતાના સ્વભાવનો અનાદર કરીને, પોતાની પર્યાયમાં વિકારી પરિણામની અવસ્થા થઈ રહી છે.

અહીં કહે છે કે – અશુદ્ધપણાનું પરિણમન અર્થાત્ પુણ્ય-પાપનું પરિણમન પર્યાયમાં છે, તે કારણે તેનાથી ભિન્ન આત્માને અનુભવવો ઘણો જ કઠિન છે. આ શરીર, મન, વાણી તો તેમાં ( પર્યાયમાં ) નથી, તેથી તેનાથી જુદો કરવો કાંઈ કઠિન નથી, ખરેખર તો તે જુદા જ છે. પરંતુ દયા-દાન-વ્રત-ભક્તિ, કામ-ક્રોધના પરિણામ તો છે, એ અશુદ્ધતા પર્યાયમાં તો છે... તેનાથી ભિન્ન કરવું કઠણ છે. સમજમાં આવ્યું ? કરવાનું હોય તો આ ( ભેદજ્ઞાન ) કરવાનું છે, બાકી બધી વાતો ફોગટ છે.

**" ત્યાં તો એમ પ્રતિભાસે છે કે "** – શું કહે છે ? જ્ઞાનમાં એવો ભાસ થાય છે કે – જ્ઞાન ક્રોધરૂપ પરિણમ્યું છે. જ્ઞાનસ્વરૂપી ભગવાન વિકારરૂપ પરિણમ્યો છે... તેવો તેને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાસ થાય છે. આહા.. હા! વીતરાગનો માર્ગ અલૌકિક છે ભાઈ! આ વાત પરમાત્મા કહે છે... અને જે પરમાત્મા કહે છે તે સંતો કહે છે. સંતો પણ વસ્તુનું સ્વરૂપ જ કહે છે.

ભગવાન! તમે તો શુદ્ધ સ્વરૂપ આનંદકંદ છોને! એવું હોવા છતાં પણ તારી વર્તમાન દશામાં મલિનપણાની દશા પર્યાયમાં પરિણત છે. એ પરિણમન કર્મથી થયેલું નથી, અને તારી ચીજ અંદર જે શુદ્ધ ચૈતન્ય છે તેનાથી પણ થયેલું નથી, તારી પર્યાયમાં વિકારનું પરિણમન છે તેનાથી ભિન્ન કરવાનું છે. અવસ્થા એટલે હાલતમાં પુણ્ય-પાપના ભાવ છે, એ રૂપે પર્યાય પરિણમી છે. પર્યાય પરિણમી છે, આત્મા-દ્રવ્ય નહીં હોં!

તે પંડિત એમ કહે છે કે-પ્રવચનસારમાં એમ આવે છે કે-શુભ પરિણામે પરિણમે ત્યારે દ્રવ્ય શુભ થાય છે. તે વાત તો પર્યાયની છે. જ્યારે આત્મા શુભરૂપે પરિણમે છે તો ત્યારે પર્યાય શુભરૂપ ( ભાવ ) થી તન્મય છે. શુભભાવ પરમાં છે અને પોતાની પર્યાયમાં તે નથી તેમ નથી અને અશુદ્ધપણે પર્યાયમાં થાય છે ત્યારે પર્યાયમાં અશુદ્ધપણું તાદાત્મ્ય તન્મય છે હોં! તે અશુધ્ધપણું દ્રવ્યથી તન્મય નથી.

શ્રોતાઃ- તે તો આપ કહો છો ને!

ઉત્તરઃ- નહીં, તેમાં ( પ્રવચનસારમાં ) આમ છે.

અહીંયા કહે છે - સામ્પ્રત જીવદ્રવ્ય રાગાદિ અશુદ્ધ ચેતનારૂપે પરિણમ્યું છે તેનો અર્થ પર્યાયમાં પરિણમ્યું છે. આહાહા...! મોટી ગરબડ. હજુ તો સત્‌ને ઝીલવામાં વાંધા તેને અસત્‌ જ્ઞાનમાં ( સત્‌ ) નિર્ણય કેમ થઈ શકે?

જ્ઞાન એટલે આત્મા વિકારરૂપ પરિણમ્યું છે તેવો પ્રતિભાસ થાય છે. પ્રતિભાસ થાય છે તેથી જ્ઞાન વિકારરૂપ થઈ ગયું છે? એ તો પર્યાયમાં વિકારરૂપ થયું છે અને અજ્ઞાનીને એમ ભાસે છે કે - વસ્તુ વિકારરૂપ થઈ ગઈ છે. શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ પ્રભુ! અતીન્દ્રિય આનંદનો રસકંદ તે તો અનાદિ અનંત શુદ્ધ અને નિર્મળ જ છે. પછી તે એકેન્દ્રિયમાં હો, નિગોદમાં હો, નવમી ગ્રૈવેયકમાં હો કે દ્રવ્યલિંગ સાધુ થઈને પાંચ મહાવ્રત પાળતા હો! ત્યારે જે અશુદ્ધરૂપ પરિણમન છે તેનાથી ભગવાન તો અંદર ભિન્ન શુદ્ધ ચૈતન્ય જ છે. સમજમાં આવ્યું?

અજ્ઞાનીને વિકારી પરિણમનને લીધે એમ પ્રતિભાસે છે કે - જાણે આત્મા-જ્ઞાનવિકારી થઈ ગયું હોય! કેમ કે- પર્યાયની દૃષ્ટિ વિકાર તરફની છે. પર્યાયના અસ્તિત્વમાં વિકાર છે તેથી તે એમ માને છે કે દ્રવ્ય પણ જાણે વિકારરૂપ થઈ ગયું હોય! દ્રવ્ય તો દ્રવ્ય જ છે. શુદ્ધ ચૈતન્ય આનંદકંદ એ તો ત્રિકાળ જ્ઞાયકભાવપણે જ રહ્યો છે.

પ્રશ્નઃ- જે દ્રવ્ય છે તે જ પર્યાય છે ને?

ઉત્તરઃ- બન્ને ભિન્ન છે. ક્ષેત્રથી અલગ છે, ભાવથી અલગ છે, શક્તિથી અલગ છે, ફળથી અલગ છે. પર્યાયમાં સંસાર છે, પર્યાયમાં મોક્ષમાર્ગ અને પર્યાયમાં સિદ્ધ દશા છે,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

દ્રવ્ય તો ત્રિકાળ એકરૂપ જ છે.

પ્રશ્નઃ- આ ભેદજ્ઞાન છે?

ઉત્તરઃ- હા, આ ભેદજ્ઞાન છે. અરે! બાકી તો બીજું કરી-કરીને મરી ગયો. વ્રતને-તપને-ભક્તિને-પૂજાને તે બધું કલેશ છે. રાગ છે, દુઃખ છે.

**શ્રોતાઃ**- આપ કલેશ કહો છો પરંતુ અમને તો આનંદ આવે છે?

**ઉત્તરઃ**- ધૂળમાંય આનંદ આવતો નથી... તે માને ભલે! કહ્યું હતુંને! બાળક છે તે વિષ્ટાને ચોપડીને આનંદ માને છે.

તેમ અહીંયા ભગવાન કહે છે કે - પર્યાયમાં વિકાર છે તો જાણે આત્મા જ વિકારરૂપ થઈ ગયો હોય તેમ માને છે. વિકાર છે પર્યાયમાં અને વસ્તુને વિકારી માને છે, તેને વસ્તુની ખબર નથી. જ્ઞાન ભિન્ન અને ક્રોધ ભિન્ન છે. ભગવાન ભિન્ન અને વિકાર ભિન્ન છે. આહાહા..! આ કરવાનું છે. રાગ અને આત્મા ભિન્ન છે. હવે રાગ ઉપરથી લક્ષ છોડીને જ્ઞાયક ઉપર લક્ષ લગાડતાં જ રાગ અને આત્મા ભિન્ન થઈ જાય છે. પર્યાયમાં ભિન્ન થયો તેનું નામ સમ્યગ્દર્શન છે. સમજમાં આવ્યું?

બીજે તો અત્યારે એવું ચાલે છે કે-શુભજોગ તે મોક્ષમાર્ગ છે. અરે!

ભાઈ! આ શું થઈ ગયું છે! અહીંયા તો શુભજોગ તે અશુદ્ધ પરિણતિ છે તેમ કહ્યું, તેનાથી આત્માને ભિન્ન કરવો તે કઠિન છે. કેમ કે પર્યાયમાં અશુદ્ધપણાનું પરિણમન છે. તેની દૃષ્ટિ પર્યાય ઉપર અર્થાત્ રાગ ઉપર છે. એ પર્યાયની પાછળ આખો ભગવાન આત્મા જે સત્‌ચિદાનંદ પ્રભુ છે, જિન સ્વરૂપે વીતરાગ મૂર્તિ છે તે બિરાજે છે. શ્રીમદ્‌જીમાં આવે છે કે -

"જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ,
યહી વચન સે સમજ લે, જિન પ્રવચન કા મર્મ."

વીતરાગ વાણીનો મર્મ એ છે કે - પ્રભુ! તું જિન સ્વરૂપ છો ને! તું તો મારી નાતની જાતનો છોને! તું મારી નાતની ચીજ છે. (રાગ અને આત્મા) એક જાત નહીં. રાગ તો જડ અને કજાત છે. તું તો મારી નાતનો છો ને પ્રભુ! પરમાત્મા એમ કહે છે. સમજમાં આવ્યું?

કહે છે કે- એવું પ્રતિભાસે છે કે - આત્મા જ જાણે વિકારરૂપ પરિણમ્યો હોય! પરંતુ ક્રોધ ભિન્ન અને જ્ઞાન ભિન્ન તેમ ભાસતું નથી. ક્રોધ શબ્દે અહીંયા વિકાર લેવું. પછી તે દયા-દાનના વિકલ્પ હો! તે રૂપે પરિણમે છે ત્યારે આત્મા ભિન્ન છે અને અશુદ્ધતા ભિન્ન છે એમ અનુભવવું ઘણું જ કઠણ છે. ઘણું કઠણ છે તેમ ન લખતાં ઘણું જ કઠણ છે તેમ લખ્યું છે. સમજમાં આવ્યું?

**"ઉત્તર આમ છે કે સાચે જ કઠણ છે, પરંતુ વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં**

**ભિન્નપણારૂપ સ્વાદ આવે છે.”**

આહા.. હા! શુદ્ધ ચૈતન્યસ્વરૂપકા વિચાર કરને પર; રાગકા વિચાર છોડને પર ભિન્નપણારૂપ સ્વાદ આવે છે. આ શુભરાગનો વિચાર ને વિકલ્પ છોડીને, શુદ્ધ ચૈતન્યનો વિચાર કરવાથી અર્થાત્ તે તરફનું શુદ્ધજ્ઞાન કરવાથી ભિન્નપણારૂપ સ્વાદ આવે છે. આહાહા...! રાગથી અને અશુદ્ધપણાથી ભિન્ન, ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ બિરાજે છે.

અહીંયા જે (આત્માથી ભિન્ન છે) પર છે શરીર, મન, વાણી, સ્ત્રી, કુટુંબ, લક્ષ્મી તેને તો ભિન્ન કરવાના નથી કેમ કે તે તો ભિન્ન જ છે - તે તો જુદા જ છે. કેમ કે આત્મામાં એક એવી શક્તિ છે કે તે પરદ્રવ્યોના ગ્રહણ-ત્યાગથી શૂન્ય છે. કર્મ, વાણી, સ્ત્રી, કુટુંબ - પરિવાર, લક્ષ્મી તેના ગ્રહણ ને ત્યાગ તેનાથી તો શૂન્ય છે. ફક્ત તેની પર્યાયમાં અશુદ્ધતારૂપ પરિણતિ છે તેની અસ્તિ છે જ્યારે પરદ્રવ્યોની નાસ્તિ છે. તેની વર્તમાન પર્યાયમાં ત્રિકાળી દ્રવ્યને છોડીને, અશુદ્ધતાનું પરિણમન છે. એ અશુદ્ધ પરિણમનથી ભગવાન આત્માને ભિન્ન અનુભવવો કઠિન છે. કઠિન હોવા છતાં શુદ્ધ સ્વરૂપનો વિચાર કરવાથી, એ અશુદ્ધતાથી ભિન્ન આનંદનો સ્વાદ આવે છે. આહા! આવો માર્ગ વીતરાગ સિવાય ક્યાંય છે નહીં.

ઓહો હો! પરમાત્માની અકષાય કરુણા, વળી તેમના દ્વારા (સહજ) વાણી નીકળી.. અને એ વાણીમાં આ ભાવ આવ્યા છે. ભગવાન! આ આત્મદ્રવ્ય છે તે તો પવિત્ર છે ને..! પ્રભુ! તારી પર્યાયમાં, અવસ્થામાં, અંશમાં અર્થાત્ વર્તમાન અંશમાં એક સમય પૂરતી અશુદ્ધતા છે... પરંતુ અંશી જે દ્રવ્ય છે તેમાં અશુદ્ધતા નથી. ત્રણે કાળમાં ક્યારેય પણ જીવની સંસારદશા એક સમયની છે, બીજા સમયે બીજી, ત્રીજા સમયે ત્રીજી તેમ એક-એક સમયની મુદત છે. ભગવાન આત્માની મુદત ત્રિકાળ છે. સમજમાં આવ્યું?

રાગથી ભેદજ્ઞાન કરવું કઠણ તો છે... પણ, ભગવાન તારા ઘરની ચીજ છે... એમ કહે છે. પ્રભુ! તું શુદ્ધ વસ્તુ છે... એવું શુદ્ધ ચૈતન્યનું જ્ઞાન કરવાથી, વિચાર કરવાથી તને રાગથી ભિન્ન શુદ્ધ ચૈતન્યના આનંદનો સ્વાદ આવે છે... તો રાગથી ભિન્ન પડી જાય છે. સમજમાં આવ્યું?

અહીં ક્રિયા કરવાથી- એમ નથી કીધું. કેમ કે શુભાશુભ ક્રિયા તો અશુધ્ધ પરિણમન છે તેનાથી તો ભિન્ન કરવું છે.

“વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે.” રાગથી, અશુદ્ધ પર્યાયથી ભિન્ન શુદ્ધ ચૈતન્ય વસ્તુનું જ્ઞાન કરતાં, શુદ્ધ ચૈતન્યનો અતીન્દ્રિય સ્વાદ પર્યાયમાં આવે છે તેને રાગનો સ્વાદ ભિન્ન છે તેમ ભાસે છે. આવી કઠણ વાત છે.

રાગને અને આત્માને ભિન્ન કરવાનું કોઈ સાધન છે કે નહીં? તે વાત કરે છે. આ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ સાધન છે. કેમ કે આત્મામાં સાધન નામની એક શક્તિ પડી છે. ૪૭ શક્તિમાં કરણશક્તિ આવે છે. કર્તા, કાર્ય, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ તેવી છ શક્તિઓ ધ્રુવપણે ભગવાન આત્મામાં પડી છે. તેમાં કરણ નામની શક્તિ આત્મામાં ધ્રુવપણે બિરાજમાન છે. ( શક્તિવાન ) તરફનું જ્ઞાન અને વિચાર કરવાથી કરણશક્તિ સાધનરૂપ થઈને પરિણમન થાય છે. એ આનંદના સ્વાદમાં સમ્યગ્દર્શન થાય છે. ' પંચાસ્તિકાયમાં ' લીધું છે ભિન્ન સાધન-સાધ્ય ભાવ એટલે રાગ એ ભિન્ન સાધન છે અને નિશ્ચય સાધ્ય ભિન્ન છે. ભગવાન એ તો નિમિત્ત સાધન જે રાગ છે તેને નિશ્ચય સાધનનો આરોપ આપીને ( ભિન્ન ) સાધનનું જ્ઞાન કરાવ્યું છે. મારગ આવો છે બાપુ !

**" કેવું છે ભિન્નપણું ? " कर्तृभावं भिन्दती " ' કર્મનો કર્તા જીવ ' એવી ભ્રાન્તિ, તેને મૂળથી દૂર કરે છે. "**

કર્મનો કર્તા કહો કે રાગનો કર્તા કહો, તેવી ભ્રાન્તિ મૂળથી દૂર થઈ જાય છે. શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક ભાવ ધ્રુવરૂપ છે. તેનું અંતર્મુખ થઈને જ્ઞાન કરવું અર્થાત્ આત્માના અતીન્દ્રિય આનંદનો પર્યાયમાં સ્વાદ આવ્યો તો રાગનાં કર્તૃત્વનો નાશ થઈ ગયો. રાગ મારું કાર્ય છે, રાગ મારું કર્તવ્ય છે તેવી મિથ્યા ભ્રાંતિનો નાશ થઈ ગયો. શુભભાવ મારું કર્તવ્ય છે અને તે મારું કાર્ય છે તેવી ભ્રાંતિનો નાશ થઈ ગયો. આવો માર્ગ છે... ભાઈ ! કઠણ લાગે પણ કઠણ છે નહીં.

કઠણ કેમ કહ્યું ? કે – અનાદિથી તેની પર્યાયમાં અશુદ્ધતા થઈ છે. જો પરમાં થઈ હોય ( અશુદ્ધતા ) તો તેને તે જુદી પાડી શકતો નથી. પરંતુ તેની વર્તમાન પર્યાયમાં મલિનતા છે. એ દશા શુભ-અશુભરૂપે થઈ છે... એવી પર્યાયની અસ્તિ છે. જેમ ત્રિકાળી શુદ્ધ પવિત્ર આનંદઘન દ્રવ્યની અસ્તિ છે તેમ પર્યાયમાં અશુદ્ધતાની અસ્તિ છે. આહાહા ! અસ્તિ એટલે હૈયાતિ. પૂર્ણ હૈયાતિનો વિચાર કરવાથી અશુદ્ધતારૂપ હૈયાતિ ચાલી જાય છે.

આહા.. હા ! એક સમયની અશુદ્ધ હૈયાતિનું લક્ષ છોડીને, જે ત્રિકાળ હૈયાતિરૂપ એટલે મોજુદગી... ચીજ જે છે તે ધ્રુવપણે, આનંદઘન ઘનરૂપે જે ભગવાન બિરાજે છે તે હૈયાતિરૂપ વસ્તુનું જ્ઞાન કરવાથી, હું અશુદ્ધતાનો કર્તા છું તેવી ભ્રાંતિનો નાશ થઈ જાય છે. તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન છે. સમજમાં આવ્યું ?

છ ઢાળામાં આવે છે-સમ્યગ્દર્શન તે મોક્ષ મહેલની પહેલી સીઢી છે. એ અપૂર્વ ચીજ છે. ભગવાન ! તારો પોતાનો સ્વભાવ ચૈતન્યધ્રુવ, અકૃત્રિમ અણકરાયેલ અને પરિણમન અર્થાત્ પર્યાય વિનાની ચીજ છે. એ ચીજનો વિચાર કરતાં ( નિર્મળ ) પર્યાય પ્રગટી. શુદ્ધ ધ્રુવનો વિચાર કરવાથી જ્ઞાનની પર્યાય તે તરફ ઝૂકવાથી... રાગથી ભિન્ન પોતાના આનંદનો સ્વાદ આવે છે... તેને આત્મ પ્રકાશ અને આત્મજ્ઞાન કહે છે.

**" કર્મનો કર્તા જીવ " એવી ભ્રાન્તિ, તેને મૂળથી દૂર કરે છે.** આહા... હા !

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

'મૂળથી' તેમ લખ્યું છે. "**कर्तृभावं भिन्दती**" ગાયો ઘાસ ખાય છે તે ઉપરથી ખાય છે, ઘાસના મૂળિયા અંદર રાખે છે. ગાયનો સ્વભાવ આવો છે. અને ગધેડાનો સ્વભાવ એવો છે કે - ઘાસને મૂળથી ઊખાડીને ખાય છે. સમ્યગ્દર્શનને ગધેડાની ઉપમા નથી આપવી પરંતુ તેને અહિંયા જ્ઞાનીની સાથે મેળવણી કરાવવી છે. - તેમ જ્ઞાની ધર્માત્મા રાગને મૂળમાંથી ઉખેડે છે. પાઠમાં છે "**મૂળથી દૂર કરે છે.**"

**દૃષ્ટાંત કહે છે - "एव ज्वलनपयसोः औष्ण्य शैत्यव्यवस्था ज्ञानात् उल्लसति" જેમ અગ્નિ અને પાણીના ઉષ્ણપણા અને શીતપણાનો ભેદ નિજસ્વરૂપગ્રાહી જ્ઞાનથી પ્રગટ થાય છે તેમ."**

આ વાત ટીકાકારે ગજબની કરી છે. જેમ અગ્નિનું ઉષ્ણપણું અને પાણીના શીતપણાનો ભેદ છે તે '**ज्ञानात्**' નિજ સ્વરૂપગ્રાહી જ્ઞાનથી પ્રગટ થાય છે.

શું કહે છે? પાણી ઠંડું છે અને ઉષ્ણતા અગ્નિની છે એવું જેને નિજ સ્વરૂપનું જ્ઞાન થયું છે. શબ્દ છે પાઠમાં "નિજ સ્વરૂપગ્રાહી." અજ્ઞાનીને વ્યવહારનું જ્ઞાન પણ સાચું થતું નથી... એમ કહે છે. આ કળશમાં બે દૃષ્ટાંત આપશે... એક પાણી અને ઉષ્ણતાનું અને બીજું શાક અને લવણનું.

આ તો વીતરાગી પરમાનંદની વાત છે પ્રભુ! વીતરાગના દરબારમાં તો ઇન્દ્રો સાંભળે છે, વાઘ ને નાગ સાંભળે છે તે વાણી કેવી હશે ભાઈ! પરમાત્મા એમ કહે છે કે અશુદ્ધ પરિણામથી ભિન્ન થઈને... , શુદ્ધ ચૈતન્યનો વિચાર કરતાં... તે રાગથી ભિન્ન થયો અને જ્ઞાનથી અભિન્ન થયો તો તેને આત્માના આનંદનો સ્વાદ આવ્યો. આ સ્વાદની સ્થિતિમાં રાગની કર્તાપણાની ભ્રાંતિ ન થઈ.

દૃષ્ટાંત - જેમ અગ્નિ ઉષ્ણ છે અને પાણી શીતળ છે તેનો ભેદ નિજ સ્વરૂપગ્રાહી જ્ઞાન દ્વારા પ્રગટ થાય છે. અગ્નિ ઉષ્ણ છે અને પાણી ઠંડું છે તેનું જ્ઞાન પણ જેને નિજ સ્વરૂપનું જ્ઞાન છે તેને આવો ભેદ ખ્યાલમાં આવે છે. અજ્ઞાની કહે કે - અગ્નિ ઉષ્ણ છે અને પાણી ઠંડું છે તો તેનું જ્ઞાન યથાર્થ નથી. આહાહા..! વાતને ઠેઠ ક્યાં લઈ જાય છે તે સમજમાં આવ્યું?

'**ज्ञानात्**' એવો શબ્દ પાઠમાં પડયો છે. આ **ज्ञानात्** નો અર્થ એકલું ક્ષયોપશમજ્ઞાન તેમ નથી. નિજ સ્વરૂપગ્રાહી જ્ઞાન કે જે જ્ઞાન રાગથી ભિન્ન થઈને, પોતાના જ્ઞાયક સ્વભાવનું આત્મજ્ઞાન એટલે સ્વનું ભાન કર્યું છે તેને અગ્નિ ઉષ્ણ છે અને પાણી ઠંડું છે તેવું વ્યવહારજ્ઞાન સાચું થાય છે.

**પ્રશ્નઃ-** પાણી સ્વભાવથી તો ઠંડું છે.

**ઉત્તરઃ-** પાણી ઠંડું છે એવું જ્ઞાન નિજસ્વરૂપગ્રાહી જ્ઞાનીને જ યથાર્થ હોય છે. અજ્ઞાનીને આવું વ્યવહારજ્ઞાન પણ સાચું હોતું નથી. સમજમાં આવ્યું?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાજમલજીએ ટીકામાં લખ્યું છે ' **ज्ञानात्** ' ... એવો પાઠ છે. જ્ઞાન સ્વરૂપી ભગવાન આત્માને નિજ સ્વરૂપગ્રાહી જ્ઞાનથી જાણતાં, રાગથી ભિન્ન થયો. પોતાનો શુદ્ધ ચૈતન્ય... ચૈતન્ય સ્વભાવને જાણવાવાળું જ્ઞાન છે તેને ઉષ્ણતા અગ્નિની છે અને શીતળતા પાણીની છે તેવું વ્યવહારજ્ઞાન આત્મજ્ઞાનીને હોય છે. એમ ન કહ્યું કે- ક્ષયોપશમરૂપ જ્ઞાનના અંશમાં પાણી ઠંડું છે અને અગ્નિ ઉષ્ણ છે તેનું જ્ઞાન થાય છે. આ બધા જ્ઞાન અજ્ઞાન છે.

શું કહે છે ? જ્ઞાનનો સ્વપર પ્રકાશક સ્વભાવ છે. જેને સ્વપ્રકાશક જ્ઞાન થયું છે તેને પર પ્રકાશક જ્ઞાન યથાર્થ થાય છે. આ તો અલૌકિક માર્ગ છે. અત્યારે તો સાંભળવા મળવો પણ મુશ્કેલ થઈ ગયો છે અને સાંભળવા મળે તો સત્ય વાતનો વિરોધ કરે છે. જગતમાં શુભભાવથી ધર્મ થાય છે... તેવું ચાલે છે. અરે ! ભગવાન ! પર્યાયની અશુદ્ધતા તે શુદ્ધતાનું કારણ ક્યાંથી થાય ?

અહીં કહે છે કે- " નિજ સ્વરૂપગ્રાહી જ્ઞાન " એટલે નિજ સ્વરૂપને જાણવાવાળું જ્ઞાન. નિજ જ્ઞાનના દ્વારા ઉષ્ણતા અને ઠંડાની જુદાઈનું જ્ઞાન પ્રગટ થાય છે. ટીકાકારનો આશય તો આગળ લઈ જવાનો છે.

કહે છે કે – નિજ સ્વરૂપગ્રાહી જ્ઞાન સ્વભાવ છે તે જ્ઞાનીનું શુદ્ધ જ્ઞાન છે... માટે તેને પરનું જ્ઞાન સાચું થાય છે. સમજમાં આવ્યું ? સમયસાર અગિયારમી ગાથામાં કહ્યું છે ને કે- ભૂતાર્થ ભગવાન ! ત્રિકાળી આનંદ સ્વરૂપ પ્રભુ... તેના આશ્રયથી જે જ્ઞાન થયું છે તે તો નિશ્ચયના આશ્રયથી થયું છે. પછી બારમી ગાથામાં કહ્યું – **व्यवहार देशिदा** તકરારવાળી ભાષા છે તેમ તેઓ કહે છે. ત્યાં વ્યવહારનો ઉપદેશ કરવો તેમ વાત છે જ નહીં. બારમી ગાથાની ટીકામાં અમૃતચંદ્રાચાર્ય કહે છે કે- જે સમયે તેને આત્મજ્ઞાન થયું તે સમયે જે રાગાદિભાવ બાકી રહ્યા તેનું જ્ઞાન કરવું તેનું નામ વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. જ્ઞાન કરવું પ્રયોજનવાન છે. ( કોને ? ) જેને નિશ્ચયનું જ્ઞાન હોય તેને વ્યવહારનું જ્ઞાન-જાણવું પ્રયોજનવાન છે. સમજમાં આવ્યું ?

અહીંયા કહે છે કે-જેને સ્વરૂપગ્રાહીજ્ઞાન છે એટલે જ્ઞાનનું જ્ઞાન થયું છે, જ્ઞાન સ્વરૂપી ભગવાન તેનું જ્ઞાન અંતર્મુખી થઈને થયું છે... તે સ્વરૂપગ્રાહી જ્ઞાનમાં જળ ઠંડું છે અને અગ્નિ ગરમ છે તેવું પરપ્રકાશક જ્ઞાન તેને થાય છે. સમજમાં આવ્યું ?

અહીંયા એમ કહેવું છે કે- પ્રથમ ભ્રાંતિનો નાશ થાય છે પછી રાગનો જ્ઞાતા થાય છે. સમ્યગ્દ્રષ્ટિને રાગ બાકી છે. સમ્યગ્દ્રષ્ટિને રાગ છૂટી ગયો અને તે વીતરાગ થઈ ગયો એમ નથી. સમ્યગ્દ્રષ્ટિને રાગની એકતા છૂટી ગઈ છે એ આત્માની એકતા થઈ છે, તેને હજુ સ્થિરતા બાકી છે. ( સાધકને અસ્થિરતાનો ) રાગ આવે છે. કહે છે કે – નિજ સ્વરૂપગ્રાહી જ્ઞાન દ્વારા રાગનું જ્ઞાન થાય છે. આહાહા ! એ જ્ઞાન રાગને જાણે છે તેમ વ્યવહારથી કહેવામાં આવે છે. બહુ ઝીણી વાતું છે. સમજમાં આવ્યું ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુદ્ધ ચૈતન્યઘન આત્માનું જેણે નિજ સ્વરૂપગ્રાહી જ્ઞાન કર્યું તેને અગ્નિની ઉષ્ણતા અને જળની શીતળતાનું જ્ઞાન થાય છે. એમ નિજ સ્વરૂપનું જ્ઞાન થયું તેને આ રાગાદિ ભાવ છે એવું વ્યવહારજ્ઞાન થાય છે. આવી ભારે વાતું ભાઈ ! પ્રભુ... તારી બલિહારી છે નાથ !

તું કોણ છો ? તને તારી કિંમત નથી. બીજી ચીજની મહત્તામાં તેં તારી મહત્તા ખોઈ નાખી છે. આ પુણ્યને-પાપ બંધન અને બંધનના ફળમાં તારી બધી મહત્તા તેં ખોઈ નાખી છે. જેને પોતાની મહત્તાનું ભાન થયું પછી તેને બહારની ચીજનું જ્ઞાન હોય છે. તેને વ્યવહારજ્ઞાન હોય છે. સમજમાં આવ્યું ?

આહાહા..! લક્ષ્મી પર છે, સ્ત્રી પર છે તેનો આત્મા પર છે અને રાગ પણ પર છે. નિજ સ્વરૂપગ્રાહી જ્ઞાનીને પરનું જ્ઞાન યથાર્થ હોય છે. સમજમાં આવ્યું ? આવો માર્ગ છે લોકોને આકરો પડે... બાપુ ! એ તો આગળ કહ્યુંને – અતિ કઠણ છે. પરંતુ જ્યારે પોતાનું શુદ્ધ સ્વરૂપ, પૂર્ણાનંદ સ્વરૂપ તેની અસ્તિ અને તેનું જ્ઞાન, રાગથી ભિન્ન કરતાં આનંદનો સ્વાદ આવે છે. તે આત્માનો પોતાનો સ્વભાવ છે. આવી વાત છે. માર્ગ તો આવો છે ભાઈ !

**ભાવાર્થ આમ છે કે- જેમ અગ્નિ સંયોગથી પાણી ઊનું કરવામાં આવે છે, કહેવામાં પણ 'ઊનું પાણી' એમ કહેવાય છે, તો પણ સ્વભાવ વિચારતાં ઉષ્ણપણું અગ્નિનું છે, પાણી તો સ્વભાવથી શીતળ છે-**

અહીંયા ઉષ્ણતા તે પાણીનો સ્વભાવ નથી તે બતાવવું છે. પાણીની પર્યાયમાં ઉષ્ણપણું પોતાથી થયું છે, અગ્નિથી પાણી ગરમ થયું નથી. આ વાતમાં પણ હજુ તકરાર કરે છે. એ વાત (ખરી) છે કે ઉષ્ણપણું અગ્નિથી થયું છે એ વાત સિદ્ધ કરવી છે. પાણીના સ્વભાવમાં ઉષ્ણતા છે જ નહીં. ઉષ્ણતા અગ્નિના નિમિત્તથી થઈ છે તેથી ઉષ્ણતા અગ્નિની છે એમ કહેવામાં આવે છે. સમજમાં આવ્યું ?

જેમ પોતાનામાં (પર્યાયમાં) વિકાર થયો એ સ્વભાવની દૃષ્ટિ ન કરતાં અને કર્મના સંબંધથી વિકાર થયો છે એમ કહેવામાં આવે છે. વિકાર તો પોતાની પુરુષાર્થની નબળાઈથી અને નિમિત્તના આશ્રયે થયો, તો નિમિત્તથી થયો તેમ કહેવામાં આવે છે. સમજમાં આવ્યું ?

**"કહેવામાં પણ 'ઊનું પાણી' એમ કહેવાય છે," તો પણ સ્વભાવ વિચારતાં ઉષ્ણપણું અગ્નિનું છે."** જુઓ ! ઉષ્ણપણું અગ્નિનું છે તે કઈ અપેક્ષાએ ? પાઠમાં એમ લીધું છે ને કે – "સ્વભાવ વિચારતાં' ઉષ્ણતા છે તે અગ્નિની છે, તે પાણીનો સ્વભાવ નથી. તેમ ભગવાન આત્માનો સ્વભાવ વિચારતાં રાગ છે તે કર્મનો છે, રાગ આત્માનો નથી.

**પ્રશ્નઃ-** પાણી ગરમ છે કે અગ્નિ ગરમ છે ?

**ઉત્તરઃ-** ભાઈ ! સૂક્ષ્મ વાત છે. આ કાંઈ કથા-વાર્તા નથી. આ તો તત્ત્વની વાત છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મૂળ માખણની વાત છે. આનંદઘનજીમાં આવે છે... કે-

"ગગન મંડળ મેં ગૌઆ, વિહાણી, વસુધા દૂધ જમાયા,
માખણ થા સો વિરલા રે પાયા, છાશે જગત ભરમાયા."
અબધૂ સો જોગી (યોગી) ગુરુ મેરા...
... જિન પદ કરે રે નિવેડા." અબધૂ...

ભગવાનની ઓમ ધ્વનિ આકાશમાં નીકળે છે. 'ગૌવા' શબ્દે વાણી-ભાષા. 'ગૌઆ' શબ્દે વાણી પણ થાય છે... સમજમાં આવ્યું? 'ગૌઆ' શબ્દે અહીયાં ભાષા થાય છે. 'ગગન મંડળ મેં ભગવાનની ગૌઆ, - ભાષા નીકળી "વસુધા દૂધ જમાયા." તે વાણી દુનિયાને કાને પડી.

"માખણ થા સો વિરલા રે પાયા છાશે જગત ભરમાયા," અજ્ઞાની તો પુણ્યના પરિણામ મારા એવા ભ્રમમાં પેસી ગયો અને જ્ઞાનીએ માખણ મેળવ્યું. રાગથી ભિન્ન મારી ચીજ છે તેવો તેને સ્વાદ આવ્યો. આવો ઉપદેશ કેવો હશે? સભામાં ઘણાં માણસ હોય તો ય શું અને એક હોય તો પણ તે ભગવાન છે ને! આહાહા! તેની સમજવાની લાયકાત છે ને!

એકવાર દૃષ્ટાંત કહ્યું 'તું ને! પાણીની તરસ લાગી હોય અને ઘરમાં ૮૦ વર્ષનો વૃદ્ધ હોય તો તેને કહે - પાણી લાવો. ઘરમાં બે હજાર અશ્વ હોય અને તેને બોલે કે - 'પાણી લાવો', તરસ લાગે છે...! તો તે લાવે? આઠ વર્ષની બાળકી હોય તેને બોલાય કે- બેટા! પાણી લાવો બાપુ! પાણી ઉપર છે ને? નહીં, નહીં, નીચે પાણિયારું છે ત્યાં પાણી છે. કહેનાર જાણે છે કે- હું કહું છું તે વાત તે સમજશે. પરંતુ બળદને કહીશ તો નહીં સમજે. ઘરમાંથી બિલાડી નીકળે તો બિલાડીને નહીં કહે. કૂતરો હોય પાસે તો કૂતરાને નહીં કહે- પાણી લાવ. બાળકને કહેશે... બેટા! પાણી લાવ.

એમ અહીં પરમાત્મા કહે છે કે- એમ રાગને, શરીરને - જડને નથી કહેતા. તમે ચૈતન્યમૂર્તિ ભગવાન છો ને! અમે તેને કહીએ છીએ. આહાહા! તમે સમજવાની લાયકાતવાળું પ્રાણી છો તેથી અમે કહીએ છીએ. સમજમાં આવ્યું? આવી વાતું છે!

જુઓ! અહીંયા તો સ્વભાવ લેવો છે. નહીંતર પાણી ગરમ થયું છે તે પોતાથી થયું છે, અગ્નિથી થયું નથી. પરંતુ અહીંયા સ્વભાવ લેવો છે તેથી સ્વભાવની અપેક્ષાએ ઉષ્ણતા છે તે અગ્નિની છે... તેમ કહેવામાં આવેલ છે. છેલ્લે આ (દૃષ્ટાંતનો સિદ્ધાંત) તેને આત્મામાં ઉતારશે.

તેમ આત્માની પર્યાયમાં વિકાર છે તે પોતાથી છે તે પહેલાં કહ્યું હતું. દયા-દાન, વ્રત-ભક્તિ આદિના પરિણામ તે પોતાની પર્યાયમાં પર્યાયથી છે, તે કર્મથી વિકાર નથી. હવે જ્યારે સ્વભાવથી વિચાર કરવામાં આવે છે ત્યારે, સ્વભાવની અપેક્ષાએ વિકાર છે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

તે કર્મનો છે, તે ત્રિકાળી આનંદકંદ પ્રભુના પરિણામ નથી તેમ કહીને વિકારને પરિણામમાંથી કાઢવો છે- છોડી દેવો છે. સમજમાં આવ્યું? ભાષા તો સાદી છે ભાઈ! સંસ્કૃત ને વ્યાકરણ ને એવી કઠિન ભાષા નથી. ભગવાન! તારું કામ (કાર્ય) જ સમજવાનું છે. આ સમજવા માટે તો કહ્યું છે. સંતોએ કહ્યું છે તો તે કેમ ન સમજે?

આહાહા! આગળ જીવ અધિકારના કળશોમાં આવી ગયું કે- દેહ અને આત્માને ભિન્ન કહ્યું તો કોણ નહીં સમજે? સિદ્ધને નથી કહેતા. દીર્ઘ સંસારી હો તો વાત જુદી છે તેમ જયચંદજીએ કહ્યું. સમયસારમાં પણ આવે છે કે- 'દીર્ઘ સંસારી.' દીર્ઘનો અર્થ શું છે? જ્યારે અહીંયા તો સમજવાવાળો ભગવાન આત્મા સામે છે ને! તો તેને તેનું જ્ઞાન થવું સહજ છે, કેમ કે આત્મા જ્ઞાન સ્વરૂપ છે. આત્મા રાગરૂપ છે તે વાત મારી નહીં.

જેમ અહીંયા પાણીનું ઉષ્ણપણું અગ્નિનું કહ્યું, તેમ વિકારને કર્મનો કહીને ભિન્ન પાડી દીધો. સમજમાં આવ્યું? કર્તાની ભ્રાંતિ નાશ થઈ તો રાગની પર્યાયનો કર્તા કર્મ છે તેવું પણ ન રહ્યું. આહાહા! આવી વાત છે. કોઈ બૈરા પ્રવચનમાં ન આવ્યા હોય અને તેનો પુરુષ ઘરે જઈને આ વાત કરે... તો તેને એમ થાય કે- કાંઈક ઝીણું કહેતા હતા. તમે આ શું સમજવા ગયા 'તા? ભગવાન! તારા ઘરની વાત છે બાપુ! અહીંયા તો ભવના અભાવની વાત કહે છે. આ વાત તો એવી જ છે. ભવનો અભાવ ન થાય તો આ ચીજ કેવી! નરક, નિગોદ અને સ્વર્ગના ભવ તો અનંતવાર કર્યા છે.

આઠમા સ્વર્ગનો દેવ જેનું આયુષ્ય ઘણું મોટું છે. પછી તે મરીને પશુની કુંખે અવતરે. ૧૮ સાગરની સ્થિતિ છે. એક સાગરમાં દશ, ક્રોડા-ક્રોડી સાગરોપમ, એક પલ્યોપમના અસંખ્યાતમાં ભાગમાં અસંખ્ય અબજ વર્ષ એવા આયુષ્યવાળો સ્વર્ગનો દેવ. શુભભાવના કારણે સ્વર્ગમાં આવે છે, (પછી તિર્યંચમાં જાય). પશુની સંખ્યા ઘણી છે. એકેન્દ્રિય તિર્યંચની સંખ્યા ઘણી છે. આહાહા! અઢાર સાગરનું આયુષ્ય છોડીને- મરીને ગધેડાની કૂંખમાં, હરણની કૂંખમાં, ગાયની કૂંખે બચ્ચું થાય. ક્યાં અઢાર સાગર! ક્યાં એ આયુષ્ય અને ક્યાં એ ભવ! અહીંયા તો ભવનો છેદ કરવાની વાત છે. આહાહા! સમ્યગ્દર્શન વિના કદી ભવનો છેદ થતો નથી. સમજમાં આવ્યું?

**પ્રશ્નઃ**- વાતો... વાતો કરવાથી થઈ જશે?

**ઉત્તરઃ**- વાતોથી (ભવનો છેદ) નહીં થાય, અંદર ભેદજ્ઞાન કરવાથી થશે... એમ કહે છે.

**પ્રશ્નઃ**- સાંભળવાથી...?

**ઉત્તરઃ**- સાંભળવાથી પણ નહીં થાય. સાંભળવાથી જે જ્ઞાન થયું તે પરલક્ષી જ્ઞાન છે તેનાથી પણ નહીં થાય. સ્વલક્ષી જ્ઞાનથી ભેદજ્ઞાન થશે. આવી વાત છે. સમજમાં આવ્યું?

અગ્નિ અને પાણીનું દૃષ્ટાંત સ્વભાવથી આપ્યું કે- અગ્નિ ઉષ્ણ છે અને પાણી ઠંડુ છે આવું ભેદજ્ઞાન વિચારતાં જ્ઞાન ઊપજે છે. હવે બીજું શાકનું દૃષ્ટાંત આપે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**"एव लवणस्वादभेदव्युदासः ज्ञानात् उल्लसति" જેમ ખારો રસ, તેના વ્યંજનથી ભિન્નપણા વડે,"** દૂધીનું જે શાક છે તેમાં જે ખારાપણું છે તે દૂધીનું નથી; તે તો મીઠાનું છે. ખારાપણું લવણનું છે.... શાકનું નહીં.

એક વખત શ્રીમદ્ રાજચંદ્રજી રાણપુર ગયા હતા. ત્યાં બીજા મુમુક્ષુઓ એકઠાં થયાં હતાં. જમવા બેઠાં, દૂધીનું શાક વાટકામાં આવ્યું.. તો શ્રીમદ્જીએ કહ્યું – ભાઈ ! આમાં નીમક-મીઠું વધારે છે. તો લોકોને (આશ્ચર્ય થયું) – શાક ચાખ્યા વિના, જોઈને કહ્યું.

દૂધીના ટૂકડાં પાણીમાં બાફે ત્યારે તેમાં લવણ – મીઠું વધારે પડી ગયેલું તેથી દૂધીના રેશા તૂટી ગયેલા. તેથી વગર ખાધે શાકને જોઈને કહ્યું કે – આમાં લવણ વિશેષ છે... કેમ કે દૂધીના રેશા તૂટી ગયા છે. સમજમાં આવ્યું ?

દૂધીના જે કટકા છે તે આખા સરખા હોય અને જો પાણીમાં બાફે ત્યારે નિમક વધારે પડી જાય તો તેના રેશા તૂટી જાય છે. ખ્યાલમાં આવી જાય કે – આમાં મીઠું વધારે પડી ગયું છે. લોકોને તો આશ્ચર્ય થયું કે – ચાખ્યા વિના કેમ ખબર પડી ? જુઓ ! ચાખો, શાકમાં વધારે નિમક છે.

## પ્રવચન નં. ૭૬ તા. ૨૫-૮- '૭૭

કળશટીકાનો કર્તાકર્મ અધિકારનો ૬૦ નંબરનો શ્લોક ચાલે છે. દૃષ્ટાંત પહેલાં સિદ્ધાંત સિદ્ધ કર્યો છે. જે રાગાદિ વિકલ્પો છે તેનાથી ભગવાન આત્માને ભિન્ન કરવો તે પહેલો બોલ લીધો છે. બે દૃષ્ટાંત લીધા છે.

જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય, આત્માનુભૂતિ પ્રગટ કરવી હોય, તો તે કેવી રીતે થાય છે તે વાત કરે છે. રાગ જે વિકલ્પ છે તે પછી દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો હો ! પરંતુ તે રાગથી ભિન્ન જ્ઞાયક સ્વભાવનો વિચાર કરવો. પાઠમાં આવ્યું હતું કે- "વસ્તુનો શુદ્ધ સ્વરૂપ વિચારતાં."

આહાહા ! વસ્તુ એટલે ભગવાન આત્મા તે ત્રિકાળી શુદ્ધ છે. તેના વિચાર નામ જ્ઞાન કરવાથી, અનાદિથી જે પર્યાય રાગ-દ્વેષમાં રોકાઈ ગઈ છે એ મિથ્યાદૃષ્ટિપણું છે. તેને છોડીને... શુદ્ધ સ્વરૂપનો વિચાર કરતાં એટલે શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન કરતાં આત્માની અનુભૂતિ પ્રગટ થાય છે. પાઠમાં પહેલાં સિદ્ધાંત લીધો અને પછી દૃષ્ટાંત લીધો છે... સમજમાં આવ્યું ?

ક્યાં સુધી દૃષ્ટિને ફેરવવી ! સ્ત્રી, કુટુંબ હો કે પછી દેવ-ગુરુ-શાસ્ત્ર હો ! તે તરફથી પણ લક્ષ છોડવાનું છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો જે શુભરાગ આવે છે તે રાગનું પણ લક્ષ છોડવાનું છે.

'અહીંયા તો શુદ્ધ સ્વરૂપ વિચારતાં' તે પાઠનો અર્થ ગઈકાલે ઘણો ચાલ્યો. વાત

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

સૂક્ષ્મ છે. આ શુદ્ધ સ્વરૂપ જે દ્રવ્ય પોતાનું છે તે શુદ્ધ અખંડ આનંદ છે. જે ત્રિકાળી દ્રવ્ય છે તે ચૈતન્ય વસ્તુ છે. એ અભેદ વસ્તુમાં ભેદ કરવો કે- આત્મા ગુણી છે અને આ ગુણ છે તે ભેદ પરદ્રવ્ય છે. પરદ્રવ્યથી પણ લક્ષ હઠાવવું છે. આવી વાત છે. સમજાણું કાંઈ ?

પાઠમાં આવ્યું ને ! " શુદ્ધ સ્વરૂપનો વિચાર કરવાથી. " પોતાનું દ્રવ્ય જે વસ્તુ છે તે શુદ્ધ-ધ્રુવ-ચેતન છે. તેમાં એટલે એક દ્રવ્યમાં એવો વિકલ્પ ઊઠાવવો કે- હું આ દ્રવ્ય છું અને હું ગુણથી ભેદરૂપ છું તે પણ વિકલ્પ-પરદ્રવ્ય છે.

આજે ચાર બોલ યાદ આવી ગયા છે. અસંખ્ય પ્રદેશી એકરૂપ ક્ષેત્ર તે સ્વક્ષેત્ર છે... અને તેમાં ભેદ-વિકલ્પ વિચારવો કે- આ પ્રદેશ આ છે અને આ પ્રદેશ આ છે તે પરક્ષેત્ર છે. તે એ પરક્ષેત્ર ઉપરથી પણ દૃષ્ટિ હઠાવવી છે.

બીજું ત્રિકાળી ચીજ છે તે સ્વકાળ છે. અહીં જે શુદ્ધ સ્વરૂપ કહ્યું ને તે ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ છે તે સ્વકાળ છે અને તેમાં અવસ્થા- પર્યાય હો ! તે પરકાળ છે. પછી તે પર્યાય નિર્મળ હોય તો તે પણ પરકાળ છે.

આહાહા ! ત્રિકાળી એક સમયમાં ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ તેનો વિચાર કરવામાં- જ્ઞાન કરવામાં, વર્તમાન સમયની પર્યાય પણ પરકાળમાં જાય છે. પરદ્રવ્યની પર્યાય પરકાળમાં જાય છે. તે તો પરકાળ છે જ પરંતુ પોતાનું ત્રિકાળી ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ વિચારતાં, એક સમયની પર્યાય પણ પરકાળમાં જાય છે. તે ત્રિકાળી જ્ઞાયકભાવ સ્વકાળમાં જાય છે. આ વાત કળશટીકા ૨૫૨ કળશમાં આવે છે. " શુદ્ધ સ્વરૂપ વિચારતાં " એ વાત ઉપરથી ૨૫૨ કળશ ઉપર આવ્યા.

કળશ- ૨૫૨. તેનું લક્ષણ છે- સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવ. પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવ તેનું લક્ષણ શું ?

**ઉત્તરઃ-** તેનું લક્ષણ સ્વદ્રવ્ય છે. આ ચોપડા તો તમારા જુદી જાતના છે ને ? " સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ ", અભેદ શુદ્ધ સ્વરૂપ નિર્વિકલ્પ વસ્તુ તે સ્વદ્રવ્ય છે.

" સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ, " અસંખ્યાત પ્રદેશમાં ભેદ પણ નહીં. એકરૂપ ત્રિકાળ સ્વક્ષેત્ર.

સ્વકાળ એટલે વસ્તુમાત્રની મૂળ અવસ્થા;
સ્વભાવ એટલે વસ્તુની મૂળની સહજશક્તિ.

હવે આગળ કહે છે- " પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદકલ્પના " , દેવ-ગુરુ-શાસ્ત્ર તો પરદ્રવ્ય છે પરંતુ તેની ભક્તિનો ભાવ પણ પરદ્રવ્ય છે. એક નિર્વિકલ્પ દ્રવ્યમાં ભેદ કલ્પના સવિકલ્પ ભેદ કલ્પના તે પરદ્રવ્ય છે.

પોતાના દ્રવ્ય સ્વરૂપમાં ભેદ કલ્પના વિચારવી તે પરદ્રવ્ય છે.

રાજમલજીએ ટીકામાં ઘણું જ સૂક્ષ્મ લીધું છે. સમ્યગ્દર્શન - અનુભૂતિ કેવી રીતે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય છે તે કહે છે. પોતાનું સ્વદ્રવ્ય શુદ્ધ નિર્વિકલ્પ ચીજ.. જેને અહીંયા "શુદ્ધ સ્વરૂપ વિચારતાં" એમ કહ્યું. ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ તે તો શુદ્ધ સ્વરૂપ છે જ. તેમાં ભેદ કરવો કે- આ ત્રિકાળી છે, ગુણનો ભેદ કરી વિકલ્પ કરવો તે પણ પરદ્રવ્ય છે.

પરદ્રવ્ય અર્થાત્ સવિકલ્પ ભેદ કલ્પના તે પરદ્રવ્ય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ પરિવાર આદિ તે તો પરદ્રવ્ય છે જ. જે ભક્તિનો રાગભાવ છે તે તો પરદ્રવ્ય છે જ, પરંતુ એકરૂપ ચીજમાં- દ્રવ્ય સ્વભાવમાં ભેદ વિચારવો તે પરદ્રવ્ય છે. જ્ઞાયક એકરૂપ છે તેમાં આ દ્રવ્ય છે અને આ ગુણ છે એવો ભેદ વિકલ્પ કરવો તેનું નામ પરદ્રવ્ય છે. સમજમાં આવ્યું ?

અહીંયા તો ( આ કળશમાં ) આપણે "શુદ્ધ સ્વરૂપનો વિચાર કરતાં" તેમ આવ્યું. તેમાં આટલું સૂક્ષ્મ ભરેલું છે. આ દ્રવ્યને જાણવાના ખુલાસા છે.

આહાહા ! પરદ્રવ્યનું ક્ષેત્ર તો ભિન્ન છે જ. પરંતુ અહીંયા પરક્ષેત્ર કોને કહે છે ? "વસ્તુના આધારભૂત પ્રદેશ નિર્વિકલ્પ વસ્તુમાત્રરૂપે કહ્યો હતો તે જ પ્રદેશ સવિકલ્પ ભેદ કલ્પનાથી પરપ્રદેશ બુદ્ધિગોચરરૂપે કહેવાય છે." આ અસંખ્ય પ્રદેશ છે એવો વિકલ્પ ઊઠાવવો તે પણ પરક્ષેત્ર છે. સમજમાં આવ્યું ?

આહાહા ! એકલા પોતાના સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અસ્તિ અને પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની નાસ્તિ તે વાત તો સ્થૂળ થઈ. હવે અહીંયા જે પોતાનું દ્રવ્ય અખંડ અભેદ શુદ્ધ સ્વરૂપ છે તે સ્વદ્રવ્ય છે. હવે તેમાં આ આત્મા અને આ ગુણ, આ પર્યાય એવો ભેદ ઉઠાવવો તે પરદ્રવ્ય છે.

અસંખ્ય પ્રદેશી એકરૂપ સ્વક્ષેત્ર છે જે એકરૂપ સ્વક્ષેત્ર છે જે એકરૂપ નિર્વિકલ્પ છે. તેમાં વિચાર કરવો કે- આ અસંખ્ય પ્રદેશ છે, તેનો આ પ્રદેશ છે... તેનો આ પ્રદેશ છે, તેમાં ને તેમાં આવો ભેદ ઊઠાવવો તે પરક્ષેત્ર છે. તમારે ત્યાં આવું કદીય સાંભળ્યું ય નથી. તેઓ કબુલ કરે છે. હજુ તો એમ માને છે કે- દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિથી સમકિત મળી જશે ! જ્યારે અહીંયા તો કહે છે- જે એકરૂપ દ્રવ્ય છે તેમાં ભેદરૂપ કલ્પના કરવી, એવું વિચારવું તેનાથી પણ સમકિત પ્રાપ્ત થતું નથી.

**પ્રશ્નઃ-** તેવા વિકલ્પથી શું પ્રાપ્ત થશે ?

**ઉત્તરઃ-** આવો વિકલ્પ ઊઠે છે અને તેનાથી લાભ માને છે તો મિથ્યાભાવ થાય છે. પ્રભુનો માર્ગ આવો છે.

સમયસાર ૧૧ ગાથામાં આવ્યું ને કે- ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. તો ભૂતાર્થ એટલે ત્રિકાળી એકરૂપ શુદ્ધ સ્વરૂપ. જેમાં દ્રવ્યનો ભેદ નહીં, ક્ષેત્રનો ભેદ નહીં અને ત્રિકાળી વસ્તુમાં ( કાળનો ભેદ નહીં ).

હવે પરકાળની વ્યાખ્યા. "સ્વકાળ એટલે દ્રવ્યની મૂળની નિર્વિકલ્પ અવસ્થા તે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વકાળ અને તે જ અવસ્થાન્તર- ભેદરૂપ કલ્પનાથી પરકાળ કહેવાય છે. ” શું કહે છે? અવસ્થા શબ્દે અહીંયા પર્યાય ન લેવી. દ્રવ્યની મૂળની અભેદ અવસ્થા એટલે ત્રિકાળરૂપ જે કાળ છે તેનું નામ અહીં સ્વકાળ કહેવામાં આવે છે. બહારમાં તો એક સમયની પર્યાયને સ્વકાળ કહે છે... અને પરની પર્યાયને પરકાળ કહે છે. અહીંયા તો અંદરમાં હવે ભેદ પાડે છે... ( તે પરકાળ છે ).

જે ત્રિકાળી ચીજ છે તે સ્વકાળ છે. ‘ અવસ્થા ’ શબ્દે અહીંયા પર્યાય ન લેવી... પરંતુ અવ.. સ્થ એમ લેવું. દ્રવ્યની મૂળની નિર્વિકલ્પ અવસ્થા ત્રિકાળી તે સ્વકાળ, અને તે જ અવસ્થાન્તર ભેદરૂપ અર્થાત્ તેમાં પર્યાયનું લક્ષ કરવું તે પરકાળ છે. ત્રિકાળી દ્રવ્યનું લક્ષ છોડીને અવસ્થાન્તર... અવસ્થાનું ( પર્યાયનું ) લક્ષ કરવું તે પરકાળ છે. સમજાય છે? ભાષા તો સાદી છે બાપુ! ભાષા કાંઈ એવી કઠિન નથી.

આહાહા! ભગવાન તું અંદર કેવો છે તેની વાત ચાલે છે. અને સમ્યગ્દર્શનનો વિષય શું છે તે વાત ચાલે છે. અનુભૂતિ એટલે સમ્યગ્દર્શન તેનો વિષય શું છે? તો કહે છે- જે એકરૂપ દ્રવ્ય છે તે સમ્યગ્દર્શનનો વિષય છે. આ દ્રવ્ય છે, આ અભેદ છે તેવો વિકલ્પ તે પરદ્રવ્ય છે. વિકલ્પ છે તે વ્યવહારનયનો વિષય અભૂતાર્થ છે.

અસંખ્ય પ્રદેશી ભગવાન છે તે એકરૂપ નિર્વિકલ્પ છે તેને સ્વક્ષેત્ર કહે છે. હવે આવા સ્વક્ષેત્રમાં ભેદથી વિચાર કરવો કે- આ પ્રદેશ છે ને... આ પ્રદેશ છે એવો જે ભેદ કરવો તે પરક્ષેત્ર છે. આ પરક્ષેત્ર પણ સમ્યગ્દર્શનનો વિષય નથી.

હવે ત્રીજી વાતઃ ત્રિકાળી જ્ઞાયકભાવ છે તે એક સમયમાં ધ્રુવ છે એ સ્વકાળ છે અને આ અવસ્થા તે ત્રિકાળ વસ્તુમાં અવસ્થાન્તર એટલે પર્યાય ઉપર લક્ષ જવું તે પરકાળ છે. આહાહાહા! પછી છેલ્લે તો તે ચારે ભેદને લક્ષમાં છોડી એકરૂપ લેવાનું છે. સમજમાં આવ્યું?

અવસ્થાન્તર એટલે ભેદરૂપ કલ્પના. એક સમયની પર્યાય છે તેવી કલ્પના ઊઠાવવી તે પરકાળ છે. જ્યારે ત્રિકાળ વસ્તુને અહીં સ્વકાળ કહેવામાં આવે છે.

હવે પરભાવ. “ દ્રવ્યની સહજ શક્તિના પર્યાયરૂપ અનેક અંશ દ્વારા ભેદ કલ્પના, તેને પરભાવ કહેવાય છે. ” જે સહજ શક્તિનો પિંડ છે તે સ્વભાવ છે. અનંત શક્તિનો સહજ પિંડ તે સ્વભાવ છે, અને પર્યાયરૂપ અનેક અંશ દ્વારા ભેદ કલ્પના તે પરભાવ છે. અનંત શક્તિમાંથી એક શક્તિનો ભેદરૂપ વિચાર કરવો તે પરભાવ છે. પરભાવના કેટલા પ્રકાર? પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને આ પરભાવ. દયા-દાન, વ્રત-ભક્તિના ભાવ તો પરભાવ છે જ પરંતુ અહીંયા તો અનંત શક્તિરૂપ એકરૂપ પિંડ વસ્તુ તેમાં એક શક્તિને ભિન્ન પાડીને વિચાર કરવો તે પરભાવ છે આહાહા! આવો વારસો ભગવાન મૂકીને ગયા છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં પરભાવની વ્યાખ્યા ચાલે છે. દ્રવ્યની સહજ શક્તિ જે ત્રિકાળી એકરૂપ છે તેમાં ભેદરૂપ અનેક અંશ દ્વારા, ભેદકલ્પના કરવી કે- આ જ્ઞાનશક્તિ છે ને આ દર્શન શક્તિ છે, તેવી ભેદ કલ્પના તે પરભાવ છે.

હવે કહે છે કે- આ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જે ચાર છે, ( તેવા ભેદ પણ નહીં ) તો... દ્રવ્ય પણ તે જ છે, ક્ષેત્ર પણ તે જ છે, કાળ તે છે અને ભાવ પણ તે જ છે. તે જ અખંડ દ્રવ્ય છે, તે જ અખંડ ક્ષેત્ર છે, તે જ અખંડ ત્રિકાળ છે અને તે જ અખંડ શક્તિનો પિંડ સ્વભાવ છે. આ ચાર ભેદથી પહેલાં સમજાવ્યું.. પછી તે ચાર પણ એક જ વસ્તુ છે. તેને સ્વદ્રવ્ય કહો, સ્વક્ષેત્ર કહો, સ્વકાળ કહો, સ્વભાવ કહો તે એકરૂપ ચીજ છે. આહાહા ! તેની દૃષ્ટિ કરવી અને શુદ્ધસ્વરૂપનો વિચાર કરવો, તેનું ધ્યાન કરવું તેનું નામ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે.

સહજ શક્તિરૂપ સ્વાભાવિક ભાવ, અનંતશક્તિ ( મયી ) અભેદ વસ્તુ. તેમાં એક- એક શક્તિનો, પર્યાયરૂપ અનેક અંશનો ભેદરૂપ વિચાર કરવો તેને પરભાવ કહે છે. " **पशु नश्यति** " એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ, જીવ સ્વરૂપને સાધી શકતો નથી. " જે ભેદને પોતાનો માને છે તે એકાન્ત મિથ્યાદૃષ્ટિ છે.

૨૫૨ માં પશુ કેમ કહ્યો ? સંસ્કૃતમાં એમ આવે છે કે " **पश्यति बध्यति इति पशु:** તે મિથ્યાત્વથી બંધાય છે માટે પશુ કહેવામાં આવે છે. કેમ કે મિથ્યાત્વનું ફળ તો નિગોદ છે. નિગોદ છે તે તિર્યંચગતિ છે, પશુ છે. નિગોદ છે તે તિર્યંચનો જ ભેદ છે ને ? તેથી અહીં કે છે કે- જે ભેદના વિચાર કરવામાં ત્યાં રોકાય ગયો તે મિથ્યાદૃષ્ટિ પશુ છે.

જે જીવ ચાર ભેદનું પણ લક્ષ છોડીને એટલે પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ, પરભાવ તેનું લક્ષ છોડીને સ્વદ્રવ્ય સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવ તે એક જ વસ્તુ છે. હવે તેને દ્રવ્યથી કહો તો સ્વદ્રવ્ય, ક્ષેત્રથી કહો તો અસંખ્ય પ્રદેશી સ્વક્ષેત્ર, કાળથી કહો તો ત્રિકાળી અને ભાવથી કહો તો અનંત શક્તિનું એકરૂપ.

અહીં આપણે જે પાઠ ચાલે છે તેમાં જે દૃષ્ટાંત દીધું છે તેની પહેલાં સિદ્ધાંત કહ્યો છે. સિદ્ધાંત શું ? " વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે. " સમજમાં આવ્યું ? થોડું મુશ્કેલ પડે પણ.. માર્ગ તો આ છે. આહાહા ! પરલક્ષી જ્ઞાનમાં પણ આવો નિર્ધાર ન હોય તો તેને સ્વલક્ષી જ્ઞાન પણ થતું નથી. આવી વાત છે.

ત્રણલોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ એકરૂપ અભેદ બિરાજે છે, તેને દ્રવ્ય કહો તો પણ તે, ક્ષેત્ર કહો તો પણ તે, કાળ કહો તો પણ તે, ભાવ ત્રિકાળરૂપ પણ તે છે. તેનો આશ્રય કરવો, તેનો વિચાર કરવાથી, તેનું જ્ઞાન કરવાથી આત્માનો સ્વાદ આવે છે. ત્યારે અનુભૂતિ થાય છે. તેનો ભાવાર્થ આ છે.

અહીંયા તો લોકો હજુ બહારથી ધર્મ મનાવે છે. ગુરુ મળી જાય અથવા ગુરુની

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કૃપા થઈ જાય તો...., અને આ વર્ષીતપ કરવાથી સમ્યગ્દર્શન મળી જાય તેમ માને છે. વર્ષીતપ એટલે શ્વેતામ્બરમાં એક દિવસ ખાવાનું અને એક દિવસ ઉપવાસ તેને વર્ષીતપ કહે છે.

ઋષભદેવ ભગવાનને બાર મહિના આહાર ન મળ્યો હતો તેનું શ્વેતામ્બર લોકો અનુકરણ કરે છે. બાર મહિના એટલે એક વર્ષ એક દિવસ ખાવું, બીજે દિવસે ઉપવાસ ત્રીજે દિવસે ખાવું, ફરી ઉપવાસ તેમ બાર માસ કરે તે વર્ષીતપ. આમાં કદાચ રાગની મંદતા હોય તો પુણ્ય-બંધનું કારણ છે. અને તેમાં ધર્મ માને તો મિથ્યાત્વનું પાપ છે.

આહાહા! અહીંયા તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ચાર અથવા પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવ તેની ઉપર દૃષ્ટિ રાખે તો પણ મિથ્યાદૃષ્ટિ છે.. એમ કહે છે. આ (જિનેન્દ્ર) ભગવાન તો પરદ્રવ્યમાં ક્યાંય (દૂર) રહી ગયા. દેવ-ગુરુ-શાસ્ત્ર તે પરદ્રવ્ય તે ક્યાંય રહી ગયા.

સંવત ૨૦૩૨ની સાલમાં બોટાદમાં પ્રશ્ન કર્યો હતો. મહારાજ! જે દેવ-ગુરુ-શાસ્ત્ર શુદ્ધ છે તેને પર કહો છો? તેઓ અગાસ બહુ જતા હતા. આહાહા!

દેવ, એટલે સર્વજ્ઞ પરમેશ્વરદેવ, ગુરુ એટલે નિર્ગ્રંથ વીતરાગી સંતો, શાસ્ત્ર એટલે સર્વજ્ઞ ભગવાને કહેલાં તે શાસ્ત્ર (આ દેવ-ગુરુ-શાસ્ત્ર તે પર છે?) ભાઈ! એ તો લાખ વાર પર છે. અનંતવાર પર છે.

અહીંયા તો એકરૂપ વસ્તુમાં ભેદરૂપ કલ્પના કરવી તે પરદ્રવ્ય છે. આવી અપૂર્વ વાત છે. ભગવાન! તેં અનંતકાળમાં પૂર્ણાનંદના નાથની દૃષ્ટિની વાત લક્ષમાં લીધી નથી.

પરમાત્મ સ્વરૂપ, પૂર્ણાનંદ અભેદ એકરૂપ નિર્વિકલ્પ વસ્તુ તેમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ચાર ભેદ પાડયા. પરનું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ તો ભિન્ન છે. વિશ્વમાં અનંત દ્રવ્ય છે તેમ સિદ્ધ કર્યું. વિશ્વમાં સર્વ વ્યાપક એક જ દ્રવ્ય છે તેમ નથી. તો જે પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવ છે તેની સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં નાસ્તિ છે. પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની પરમાં અસ્તિ છે. આ રીતે અન્ય દ્રવ્ય ભિન્ન છે તેમ સિદ્ધ થયું. વિશ્વમાં સર્વ વ્યાપક એક જ આત્મા-દ્રવ્ય છે તે વાત તદ્દન જૂઠ છે. વેદાંતની બિલકુલ પાખંડ દૃષ્ટિ છે.

શ્રી પ્રવચનસાર અલિંગગ્રહણમાં આવ્યું છે કે બોલ નં-૧૫ – "લિંગ વડે એટલે કે અમેહનાકાર વડે જેનું ગ્રહણ એટલે કે લોકમાં વ્યાપવાપણું નથી તે અલિંગગ્રહણ છે." મેહનાકારનો ૧૪મો બોલ છે. ૧૪- "લિંગ એટલે કે મેહનાકારનું (પુરુષાદિની ઇન્દ્રિયના આકારનું) ગ્રહણ જેને નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ એક જ આત્મા માને છે તેને પાખંડીનું સાધન કહે છે.

આ પુરુષની ઇન્દ્રિય અને સ્ત્રીનું શરીર તેનાથી આત્મા ભિન્ન છે. તે તો જડની પર્યાય છે. પુરુષાકાર જે લિંગ છે તેનાથી ભગવાન ભિન્ન છે. મેહનાકાર એટલે મૈથુન

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

નામ ઇન્દ્રિય તેનાથી ભગવાન ભિન્ન છે. પ્રવચનસાર છે તે ભગવાનની દિવ્ય ધ્વનિનો સાર છે. તેમાં ૧૭૨ ગાથાનો આ ૧૪મો બોલ છે. જેને લિંગનું ગ્રહણ નથી તે અલિંગગ્રહણ છે. આત્મ વસ્તુ છે તેને ઇન્દ્રિયના વીર્યનું અને મા નું ઋતુસ્ત્રાવ તે બન્નેને અનુસરીને આત્મા થતો નથી. કારણ કે તે તો જડની પર્યાય છે. આત્મા જડથી થાય ?

અલિંગ એટલે આકાર વડે જેનું ગ્રહણ એટલે કે લોકમાં વ્યાપવાપણું નથી તે અલિંગગ્રહણ છે. " આ રીતે આત્મા પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો- લોક વ્યાપ્તિવાળો નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. "

આત્મા સર્વ વ્યાપક એક જ છે તેવું પાખંડીઓએ સાધનરૂપ ઉભું કર્યું છે. શાસ્ત્રમાં તો બધી વાત આવે છે. ૧૫મા બોલમાં છે- અમેહનાકાર, જેનું લોક વ્યાપક એવું વ્યાપવાપણું નથી. આ રીતે આત્મા પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો, લોક વ્યાપી નથી.. તેનું નામ અલિંગગ્રહણ કહેવામાં આવે છે.

અરે..! શાસ્ત્રનો અભ્યાસે ન મળે ? શું કહે છે ! અને શું છે શાસ્ત્રમાં તે તો જાણે અનુભવ પછી, પરંતુ શાસ્ત્રનો અભ્યાસ તો પ્રથમ કરવો જોઈએને ? ? શું કહે છે ? શું સત્ય છે ? તે વાંચે તો ખ્યાલ આવે.

નિશાળમાં અમારા માસ્તર હતા, તેમના ઘેર બૈરા ન હતા.. પછી હાથે રાંધે ( રસોઈ કરે ). તો એ વખતે જે હોંશિયાર છોકરાવ હોય તે બે-ત્રણને ઘરે બોલાવે, છોકરાવ કામ કરે, તેમની રોટલી બનાવે. પછી તેઓ છોકરાવને સમજાવે. તેમને એટલું કહે- ભાઈ ! ઘરેથી વાંચીને તમારે આવવું. હું જે પાઠ અહીંયા સમજાવીશ તે વાંચીને આવવું. કેમ કે જો તમે વાંચીને આવશો તો તમને ખ્યાલ આવશે કે- તમે શું સમજેલા અને અમે તેનો શું અર્થ કરીએ છીએ.. તેનો ભેદ સમજમાં આવશે.

પાઠ વાંચીને આવે તો તેને ખ્યાલ આવે કે- મેં આવો અર્થ કર્યો હતો અને માસ્તર તો બીજો અર્થ કરે છે તેનો ભેદ ( ખ્યાલમાં ) – સમજમાં આવી જશે.

તેમ પહેલાં વાંચન તો કરે ! ભલે તેની દૃષ્ટિમાં વાત ન બેસે ! પરંતુ બાદમાં સમજમાં આવે ત્યારે કહે ઓહો ! અમે તો આવો અર્થ સમજતા હતા.. અને તમે તો બીજો અર્થ કરો છો.

આજથી પોણોસો ( ૭૫ ) વર્ષ પહેલાંની વાત છે. અમારા નરોત્તમ માસ્તર બ્રાહ્મણ હતા. કણબીવાડમાં મેડી ઉપર રહેતા હતા. ત્યાં અમે બે-ત્રણ છોકરા જતાં હતાં. તેઓ કહે- વાંચીને આવ્યા છો ? અમે કહીએ- હા, તેઓ કહે- બોલો પાઠમાં શું આવે છે ? અરે ! તેનો અર્થ આપણે કર્યો હતો તે નથી, તેનો અર્થ તો બીજો છે. આ રીતે બરાબર સમજાવતા.

તેમ અહીંયા કહે છે- તમે પહેલા શાસ્ત્ર વાંચો અને તમારી દૃષ્ટિએ જે અર્થ કર્યો,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પછી ગુરુગમે તેનો કેવો અર્થ થાય છે તે સમજવામાં આવે છે. પણ જે શાસ્ત્ર વાંચતા ન હોય તેને કઈ વાત ઉલ્ટીને કઈ વાત સવળી તેના અર્થની ખબર પણ પડે નહીં.

અહીંયા પાઠ છે- "વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં ભિન્નપણાનો સ્વાદ આવે છે." સિદ્ધાંત તો આ સિદ્ધ કરવો છે પછી દૃષ્ટાંત આપ્યું. પાણી સ્વભાવે શીતળ છે અને અગ્નિ ઉષ્ણ છે તેવું જ્ઞાન કોને થાય છે? તો કહે છે- નિજ સ્વરૂપગ્રાહી જ્ઞાનીને તેનું જ્ઞાન થાય છે.

જેને નિજ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ અભેદનું જ્ઞાન થયું તેને પાણી ઠંડુ છે અને અગ્નિના સંયોગથી ઉષ્ણ છે તેવું વ્યવહારે સાચું જ્ઞાન થાય છે. જેને અભેદ ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા તેનું જ્ઞાન થયું હોય, અહીં એ કહ્યુંને- "નિજ સ્વરૂપગ્રાહી જ્ઞાન" થયું હોય તેને પાણી ઠંડુ છે અને ઉષ્ણતા અગ્નિની છે એવું ભેદજ્ઞાન, વ્યવહારજ્ઞાન તેને સાચું થાય છે.

કાલ અહીં સુધી ચાલ્યું હતું. શાકનું દૃષ્ટાંત આપે છે. "**एव लवण स्वादभेदव्युदासः ज्ञानात् उल्लसति**" "**જેમ ખારો રસ, તેના વ્યંજનથી ભિન્નપણા વડે,**" '**ખારો લવણનો સ્વભાવ' એવું જાણપણું તેનાથી વ્યંજન ખારું.**"

વ્યંજન એટલે શાક. દૂધીનું, તુરિયાનું શાક તેને વ્યંજન કહેવામાં આવે છે. તેમાં જે ખારાપણું છે તે મીઠાનું એટલે લવણનું છે. આ ખારાશ છે તે મીઠાનું સ્વરૂપ છે અને શાકનું સ્વરૂપ છે તે ખારું નથી. દૂધી, તુરિયા, ભીંડો તે શાકનો સ્વાદ ભિન્ન છે અને ખારાશ- લવણનો સ્વાદ ભિન્ન છે. શાક ખારું નથી, લવણ ખારું છે. તે બન્નેનો સ્વાદ ભિન્ન ભિન્ન છે.

ગઈકાલે શ્રીમદ્જીની વાત કરી હતી. રાણપર પાસે હડમતાળા ગામ છે ત્યાં બધા મુમુક્ષુ એકઠાં થયેલાં. સંવત ૧૯૫૭ પહેલાંની વાત છે. ત્યાં શ્રીમદ્જી પણ હતા. જ્યાં વાટકામાં શાક આવ્યું, તો શ્રીમદ્જીએ જોઈને કહ્યું કે- શાકમાં ક્ષાર વિશેષ છે. હજુ તો દેખ્યાથી ખ્યાલ આવી ગયો, ખાવાથી નહીં. કેમ કે દૂધીના ટૂકડાં પાણીમાં બાફેલ. તેમાં (નીમક) લવણ વધારે પડી ગયેલું તેથી દૂધીના રેસા તૂટી ગયેલા. રેસા તૂટેલા જોઈને તેમણે કહ્યું કે- લવણ વિશેષ છે. જુઓ.. ભાઈ! શાકમાં ક્ષાર વિશેષ છે. અરે! પણ ચાખ્યા વિના? આ ખારાપણાનો અને શાકનો સ્વાદ ભિન્ન છે.

આવું ભિન્નતાનું જ્ઞાન કોને થાય છે તે કહે છે. "**નિજ સ્વરૂપના જાણપણા દ્વારા પ્રગટ થાય છે.**" ત્યાં આગળ કહ્યું હતું કે- નિજ સ્વરૂપગ્રાહી અને અહીંયા 'નિજ સ્વરૂપના જાણપણા દ્વારા' તેમ લીધું, બન્ને વાત તો એક જ છે.

"**નિજ સ્વરૂપના જાણપણા દ્વારા પ્રગટ થાય છે.**" આ ખારાપણું છે તે લવણનું છે, શાકનું ખારાપણું નથી. તેમ ચુરમુ થાય છે. ચૂરમામાં જે ગળપણ છે તે ગોળનું છે તે લોટનું નથી. લોટ ગળ્યો નથી. ચૂરમામાં જે ગળપણ છે તે ગોળનું છે. જેને નિજ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

સ્વરૂપગ્રાહી જ્ઞાન હોય તેને ભિન્નપણાના સ્વાદનું યથાર્થ જ્ઞાન થાય છે. વાત ઊંચી અને સત્ય છે.

" **ज्ञानात्** " **નિજ સ્વરૂપનું,** શબ્દ પડયો છે ને ! ' **ज्ञानात्** ' જ્ઞાન કોને કહીએ ! જેને નિજ સ્વરૂપનું જ્ઞાન હોય તેને જ્ઞાનાત્ કહીએ. શાસ્ત્રજ્ઞાન તે પરનું જ્ઞાન હોવાથી જ્ઞાન નથી. પરનું જ્ઞાન તે જ્ઞાન નથી. આ જ્ઞાનસ્વરૂપ ભગવાનનું જ્ઞાન અર્થાત્ જ્ઞાનનું જ્ઞાન, તે જ્ઞાન છે. જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા તેનું જ્ઞાન તે જ્ઞાન છે. સ્વઆશ્રય કરીને, સ્વસન્મુખ થઈને જે જ્ઞાનની પરિણતિ જ્ઞાનગુણમાંથી આવી તેને અહીંયા જ્ઞાનાત્ કહેવામાં આવે છે. તે જ્ઞાનનો પર્યાયમાં ભેદ થયો તેનું નામ જ્ઞાન કહેવામાં આવે છે.

ચિદાનંદ સ્વરૂપ પ્રભુ ભગવાન આત્મા તે તો વસ્તુ છે. વસ્તુ તો વસ્તુ છે. જે જ્ઞાનનો ધ્રુવપિંડ છે.. તેનો આશ્રય કરવાથી, પરનો આશ્રય અને પરનું લક્ષ છોડવાથી જે જ્ઞાન પ્રગટે તેને ' જ્ઞાનાત્ ' કહેવામાં આવે છે. ત્રિકાળી ભગવાન જ્ઞાનસ્વરૂપનો આશ્રય કરવાથી અથવા તેની સન્મુખ થવાથી, નિમિત્ત–રાગ–પર્યાય–ભેદ તેનાથી વિમુખ થતાં, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ચારેય લઈ લ્યો, તે બધાનું લક્ષ છોડી ને... પોતાની અખંડ ચીજ ઉપર દૃષ્ટિ કરવાથી જે જ્ઞાન થાય તેને અહીંયા " **ज्ञानात्** " કહે છે. સમજમાં આવ્યું ? બાપા ! માર્ગ બીજો છે. લોકોએ ધર્મ બહારમાં માની અને તેની એક એક સમયની મનુષ્યપણાની જિંદગી ચાલી જાય છે.

જે કૌસ્તુભમણિ હોય છે તે બહુ ઉંચી ચીજ હોય છે. શ્રીકૃષ્ણનો કૌસંબીવનમાં જ્યારે દેહ છૂટી ગયો ત્યારે તેઓ કૌસ્તુભમણિ નાના ભાઈને આપે છે.

દ્વારિકા નગરીના સોનાના ગઢને રતનના કાંગરા એ જ્યારે સળગે છે ત્યારે જે દેવો સહાય કરતા તે પણ બધા ચાલ્યા ગયા. જેમ લાકડાં બળે તેમ સોનાના ગઢ સળગે છે બળભદ્ર મોટા ભાઈ અને શ્રીકૃષ્ણ નાના ભાઈ છે. શ્રીકૃષ્ણ પૂછે છે.. ભાઈ ! આપણે ક્યાં જઈશું ? બાર યોજન પહોળી અને નવયોજન લાંબી દ્વારિકા સળગી ત્યારે માતા–પિતા અંદર છે. માતા–પિતાને રથમાં બેસાડયા અને બન્ને ભાઈઓ રથ ચલાવે છે, ત્યાં દેવોનો હુકમ થયો– તમે બન્ને ભાઈઓ જીવતા નીકળી જાઓ; માતા–પિતાને છોડી દ્યો ! બન્ને ભાઈ ગઢની બહાર નીકળ્યા અને માતા–પિતાની માથે ગઢના દ્વાર પડયા અને બન્ને મરી ગયા.

શ્રીકૃષ્ણ બળદેવને કહે છે– ભાઈ ! આપણે હવે ક્યાં જઈશું ? આહાહા ! ગામ, કુટુંબ, લાખો માણસો, સ્ત્રીઓ ઢોર બધા બળી ગયા ને આપણે રહી ગયા. ત્યારે બળદેવ કહે છે– ભાઈ ! આપણે પાંડવ પાસે જઈએ. શ્રીકૃષ્ણ કહે છે ભાઈ ! આપણે પાંડવને દેશનિકાલ કર્યા છે ને ?

બળદેવ કહે છે– પાંડવો ખાનદાન છે, તે આપણને મદદ કરશે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહાહા! બન્ને ભાઈઓ ચાલતાં- ચાલતાં કૌસંબી વનમાં આવ્યા. "તૃષા એવી લાગી તરસથી તરફડે ત્રિખંડી." આવું સજ્જાયમાં આવતું." ત્રણ ખંડનો વાસુદેવ તરસથી તરફડે છે. ભાઈ! મને તૃષા લાગી છે, હવે એક પગ પણ આગળ ચાલી શકું તેમ નથી. બળદેવ કહે છે- ભાઈ! તમે અહીં રહો હું પાણી લઈ આવું છું. પાણી ભરવા માટે સાથે પાણીનો લોટો કે કાંઈ નથી. ત્યાં ઝાડના પાંદડા વનમાં ઘણાં હતાં, બળદેવ બુદ્ધિવાળા હતા તેથી પાંદડાનો લોટો બનાવી પાણી લેવા ગયા.

શ્રીકૃષ્ણ વાસુદેવ હતા, તેથી તેના પગમાં પદ્મ હતું. તેઓ પગ ઉપર પગ રાખીને સૂતા છે. પગમાં જે પદ્મ હતું તે હરણની આંખ જેવું લાગતું ' તું. તે વનમાં ફરતાં- ફરતાં જરત કુમાર આવે છે. તેમને સામે હરણ લાગે છે તેથી બાણ મારે છે. બાણ મારીને જ્યાં નજીક આવે છે ત્યાં શ્રીકૃષ્ણ કહે છે- કોણ છે મને નિરપરાધીને મારવાવાળો.. એવો અવાજ જરત કુમારને કાને આવ્યો. જરત કુમાર- અરે.. રે! પ્રભુ તમે અહીંયા! ભગવાને કહ્યું હતું તેથી હું બાર વર્ષથી જંગલમાં રહું છું.. પરંતુ પ્રભુ! તમે આ જંગલમાં ક્યાંથી? જરત કુમારને આંસુની ધાર વહે છે.

શ્રીકૃષ્ણ હજુ જીવે છે, દેહ છૂટવાની- મરવાની તૈયારી છે. ત્યારે કહે છે- ભાઈ! તું અહીંથી પાંડવ પાસે ચાલ્યો જા. મારે તો અહીં કૌસ્તુભમણિનું કહેવું છે. કૌસ્તુભમણિ વાસુદેવ પાસે જ હોય, બીજા પાસે ન હોય. અબજો રૂપિયાની કિંમત હોય છે. એ કૌસ્તુભમણિ જરત કુમારને આપ્યો અને કહ્યું- જા ભાઈ! આ કૌસ્તુભમણિ પાંડવોને બતાવજે, આ મણિથી તારી ઓળખાણ થશે અને તેઓ તારી રક્ષા કરશે.

તેમ અહીંયા મનુષ્યદેહ કૌસ્તુભમણિ જેવો છે. એક એક સમય કરીને (આખું જીવન) આત્માનો ધર્મ કરવાને માટે કૌસ્તુભમણિ છે. જેમ કૌસ્તુભમણિ લઈને પાંડવ પાસે જાય છે તેમ મનુષ્યપણામાં પોતાનો આનંદકંદ પ્રભુ! તેની પાસે જાવું છે તો મનુષ્યપણાને કૌસ્તુભમણિ કહેવામાં આવે છે.

અહીંયા કહે છે કે- "નિજ સ્વરૂપના જાણપણા દ્વારા પ્રગટ થાય છે." શું પ્રગટ થાય છે? શાક અને ખારાપણા તે બેની ભિન્નતા. જેને આત્મજ્ઞાન થયું છે તેને બે દ્રવ્યોની ભિન્નતાનો ભાસ થાય છે. જેને રાગની સાથે એક્તાબુદ્ધિ છે તે તો મિથ્યાત્વ છે. તેને લવણ ખારું છે અને શાક ભિન્ન છે તેવો યથાર્થ ભેદ ભાસિત થતો નથી.

જુઓ! પરમાત્માનો પંથ તો દેખો! ઓહો.. હો! રાજમલજીએ ટીકામાં 'જ્ઞાનાત્'નો આવો અર્થ કર્યો છે. કમાલ કરી છે.

પાઠમાં છે - "નિજ સ્વરૂપનું જાણપણું" નિજ સ્વરૂપ શબ્દે અભેદ ત્રિકાળી લેવું. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના ચાર ભેદ પણ કાઢી નાખ્યા. અભેદ નિજ સ્વરૂપ ભગવાન આત્મા તેનું જેને જ્ઞાન છે તેને લવણની ખારાશ અને શાકની ભિન્ન યથાર્થ જાણકારી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય છે. શાકના ગૃદ્ધિને ભિન્નતાનું ભાન નથી થતું. સમજમાં આવ્યું ?

શાકની જેમ ખીચડીમાં નિમક નાખે છે. બીજા દેશમાં તો ચોખા- ( ભાત ) માં પણ નિમક નાખે છે. આપણે અહીંયા ચોખામાં નિમક નાખતા નથી, આપણે ખીચડીમાં નિમક નાખે છે.

તો એક વખત એવું બન્યું કે- ખીચડી બહુ ખારી થઈ ગયેલી. ખીચડી થાળીમાં આવી અને ખીચડી ખારી, ઘરે દીકરીના સસરા હતા, સતાપ્રિય હતા. શેઠે ઘરના બૈરાઓને પૂછયું- કોણે આમાં મીઠું નાખ્યું છે ? બે-ચાર બાઈઓ કહે- અત્યારે બોલશો નહીં. એક બાઈએ એકવાર મીઠું નાખ્યું હતું, બીજી બાઈ આવી અને તેણે પણ મીઠું નાખ્યું. એ ખારાપણું છે તે ખીચડીનું નથી, નિમકનું છે. આ લવણ અને ખીચડીના ભેદનું જ્ઞાન જેને નિજ સ્વરૂપનું જ્ઞાન થાય છે તેને જ પરપ્રકાશકજ્ઞાન યથાર્થ થાય છે.. એમ કહે છે.

**“ ભાવાર્થ આમ છે કે જેમ લવણના સંયોગથી વ્યંજનનો સંભાર કરવામાં આવે છે ત્યાં ખારું વ્યંજન એમ કહેવાય છે, જણાય પણ છે, સ્વરૂપ વિચારતાં ખારું લવણ છે, વ્યંજન જેવું છે તેવું જ છે.**

બોલવામાં તો એમ આવે છે કે- શાક ખારું, ખીચડી ખારી, રોટલી ખારી, અને બાજરાનો રોટલો બનાવે તેમાં મીઠું નાખે, તો ઈ મીઠું છે તે ખારું છે અને બાજરાનો લોટ તે ભિન્ન ચીજ છે. આહાહા ! કહે છે કે- લવણના સંયોગથી વ્યંજન એટલે શાક ખારું કહેવાય, શાક ખારું નથી.

શાક બનાવે તેમાં અંદર સંભાર નાખે છે. શાકમાં તેલ નાખી અને તે સંભાર નાખે છે. તો ખારું વ્યંજન એમ કહેવામાં તો આવે છે, તેમ જાણ્યું પણ જાય છે, પરંતુ સાચું સ્વરૂપ વિચારતાં ખારું તો લવણ છે, વ્યંજન તો જેવું છે તેવું છે. આહાહા ! શાક ખારું થયું જ નથી.

તેમ ભગવાન આત્મા પુણ્ય- પાપના ભેદભાવરૂપ આત્મા થયો જ નથી. જેમ શાક ખારું થયું જ નથી, તેમ ભગવાન આત્મા દયા-દાન, વ્રત-ભક્તિ આદિના વિકલ્પ અથવા દ્રવ્ય, ક્ષેત્ર, કાળના ભેદરૂપ અભેદ આત્મા થયો જ નથી. અજ્ઞાનીને આત્મા ભેદરૂપે ને રાગરૂપે ભાસે છે- તે દૃષ્ટિ મિથ્યાત્વ છે. ધર્મીને તો આત્મા અભેદ ભાસે છે.

આત્માનું સ્વરૂપ વિચારતાં અર્થાત્ જ્ઞાન કરતાં, અખંડાનંદ નાથ પ્રભુનું જ્ઞાન કરતાં તેને આનંદનો સ્વાદ આવે છે. અનાદિથી જે રાગનો સ્વાદ હતો તે છૂટીને તેને આનંદનો સ્વાદ આવે છે.. તેનું નામ અનુભૂતિ ને તેનું નામ સમ્યગ્દર્શન છે. સમજમાં આવ્યું ? આ કોઈ ગુરુની કૃપાથી, ભગવાનની કૃપાથી આ ચીજ મળી જાય તેવી ચીજ નથી. ગુરુની કૃપા કૃપામાં હોય તે અંદર હોય, પ્રગટે ત્યારે માન આપે.

નિજ સ્વરૂપગ્રાહી તેનો અર્થ રાજમલજીએ કર્યો કે- જેને નિજ સ્વરૂપનું જ્ઞાન

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી તેને શાસ્ત્રનું જ્ઞાન પણ યથાર્થ નથી. તે શાસ્ત્રના અર્થ પણ વિપરીત કરશે. સમજમાં આવ્યું? વ્યવહારથી નિશ્ચય થાય છે, નિમિત્તથી ઉપાદાનમાં થાય છે તેવું કહે, અમારા શેઠ કહે છે- સાચી વાત છે.

આહાહા! નિજ સ્વરૂપનો અર્થ અભેદનું જ્ઞાન. આહાહા! અભેદનું જ્ઞાન થતાં તેને પરનું યથાર્થ જ્ઞાન થાય છે. બાકી અજ્ઞાનીને પરનું પણ યથાર્થ જ્ઞાન હોતું નથી. શાસ્ત્રના અર્થ પણ ઉલટા કરતા હતા. જ્ઞાનના સ્વરૂપનો ખ્યાલ નથી તો શાસ્ત્રના અર્થ ઉલટા કરી દે! વ્યવહારથી થાય છે, નિમિત્તથી થાય છે, ક્રમબદ્ધ નથી વગેરે. નિજ સ્વરૂપના જ્ઞાનના અભાવમાં વિપરીતતા છે. સમજમાં આવ્યું?

* * *

(અનુષ્ટુપ)

**अज्ञानं ज्ञानमप्येवं कुर्वन्नात्मानमञ्जसा।**
**स्यात्कर्तात्मात्मभावस्य परभावस्य न क्वचित्।। १६-६१।।**

**ખંડાન્વય સહિત અર્થઃ-** "एवं आत्मा आत्मभावस्य कर्ता स्यात्" (एवं) સર્વથા પ્રકારે (आत्मा) આત્મા અર્થાત્ જીવદ્રવ્ય (आत्मभावस्य कर्ता स्यात्) પોતાના પરિણામનો કર્તા હોય છે, "परभावस्य कर्ता न क्वचित् स्यात्" (परभावस्य) કર્મરૂપ અચેતન પુદ્‌ગલદ્રવ્યનો (कर्ता क्वचित् न स्यात्) ક્યારેય ત્રણે કાળે કર્તા હોતો નથી. કેવો છે આત્મા? "ज्ञानम् अपि आत्मानम् कुर्वन्" (ज्ञानम्) શુદ્ધ ચેતનામાત્ર પ્રગટરૂપ સિદ્ધ-અવસ્થા (अपि) તે-રૂપ પણ (आत्मानम् कुर्वन्) પોતે તદ્રૂપે પરિણમે છે. વળી કેવો છે? "अज्ञानम् अपि आत्मानम् कुर्वन्" (अज्ञानम्) અશુદ્ધ ચેતનારૂપ વિભાવપરિણામ (अपि) તે-રૂપ પણ (आत्मानम् कुर्वन्) પોતે તદ્રૂપે પરિણમે છે. ભાવાર્થ આમ છે કે-જીવદ્રવ્ય અશુદ્ધ ચેતનારૂપ પરિણમે છે, શુદ્ધ ચેતનારૂપ પરિણમે છે, તેથી જે કાળે જે ચેતનારૂપ પરિણમે છે તે કાળે તે જ ચેતના સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપ છે, તેથી તે કાળે તે જ ચેતનાનું કર્તા છે; તોપણ પુદ્‌ગલપિંડરૂપ જે જ્ઞાનાવરણાદિ કર્મ છે તેની સાથે તો વ્યાપ્ય-વ્યાપકરૂપ નથી, તેથી તેનું કર્તા નથી. "अञ्जसा" સમસ્તપણે આવો અર્થ છે. ૧૬-૬૧.

**પ્રવચન નં. ૭૭ તા. ૨૬-૮-'૭૭**

## કલશ - ૬૧ : ઉપર પ્રવચન

"एवं आत्मा आत्मभावस्य कर्ता स्यात्, एवं સર્વથા પ્રકારે", કર્મના બંધનને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

આત્મા સર્વથા પ્રકારે કરતો નથી. એટલે કે શરીરની હલન-ચલન ક્રિયાને આત્મા સર્વથા પ્રકારે કરતો નથી. કોઈ એમ કહે કે- નિશ્ચયથી કરતો નથી પણ વ્યવહારે તો કરે છે ને ? એ માટે અહીં 'एव' શબ્દ વાપર્યો છે. 'एव' શબ્દનો અર્થ નિશ્ચયથી થાય છે.

"एव સર્વથા **પ્રકારે આત્મા જીવદ્રવ્ય** ( आत्म भावस्य "कर्तास्यात् ) " **પોતાના પરિણામનો કર્તા હોય છે,** " परभावस्य कर्ता न कचित् स्यात " પરદ્રવ્યના પરિણામનો કદાચિત્ વ્યવહારથી પણ કર્તા નથી. આહાહા ! આત્મા બાયડી, છોકરા, ધંધાનું કાંઈ કરતો નથી.. એમ કહે છે. છોકરાવને ધંધામાં - રસ્તે ચઢાવી દીધા.. પછી નિવૃત્તિ મળે. તો કહે છે- તે અજ્ઞાન અને ભ્રમ છે.

**શ્રોતાઃ-** નિમિત્તના બહાને કર્તા થઈ જાય છે.

**ઉત્તરઃ-** નિમિત્તનો અર્થ શું ? અજ્ઞાની નિમિત્તકર્તા થાય છે. જે સમયે પરની પર્યાય થઈ તેમાં અજ્ઞાની રાગ અને યોગનો કર્તા છે. પરની પર્યાય થઈ તેમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આટલી શરત છે. આ વાત સમયસાર ૧૦૦ નંબરની ગાથામાં આવે છે.

પરદ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની તે થવાની.. તે થવાની... તેમાં પરદ્રવ્ય કાંઈ ફેરફાર કરી ન શકે. આત્મા પણ પરદ્રવ્યમાં ફેરફાર ન કરી શકે, પરંતુ અજ્ઞાની માત્ર રાગ અને યોગનો કર્તા થાય છે. પરની પર્યાય થવા કાળે અજ્ઞાની જીવને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહાહા ! અને જ્ઞાનીધર્મી જીવને પરમાં જે સમયે જે પર્યાય થાય છે તેમાં તે નિમિત્તમાત્ર કહેવામાં આવે છે. ( જ્ઞાની ) નિમિત્તમાત્ર હોં ! તે નિમિત્તકર્તા બનતો નથી. તેને નિમિત્તમાત્ર કહેવામાં આવે છે.

**પ્રશ્નઃ-** નિમિત્ત તો છે ને ?

**ઉત્તરઃ-** તેનો અર્થ શું ? તેં કાંઈ પરમાં કર્તા નથી.. પરંતુ તે પરમાં નિમિત્ત છે એમ કહ્યું. નિમિત્ત કહેવું તે જુદી વાત અને નિમિત્તકર્તા કહેવું તે જુદી વાત છે. બન્નેમાં મોટો ફેર છે.

આ શરીર જે ચાલે છે તેની ક્રિયા જ્ઞાનમાં જ્ઞેય થાય છે. જેમ થાય છે તેમ જાણ્યું બસ. જે ક્રિયા થઈ તેમાં તે સમયે ઉપાદાનકર્તા અને નિમિત્તકર્તા તો હોય જ તે, પરંતુ થયેલી ક્રિયામાં હું નિમિત્તકર્તા છું તે અજ્ઞાન છે. અજ્ઞાની પોતાના રાગનો અને યોગનો કર્તા થાય છે. પરની પર્યાય પરથી થઈ છે તે કાળે અજ્ઞાનીને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. જ્યારે જ્ઞાનીને નિમિત્ત ( માત્ર ) કહેવામાં આવે છે નિમિત્તકર્તા નહીં. સમજમાં આવ્યું ?

" एव " શબ્દે સર્વથા પ્રકારે પરનો કર્તા નથી તેમ લીધું છે. કથંચિત્ પરનો કર્તા થાય છે અને કથંચિત્ પરનો કર્તા નથી થતો તેમ નથી.

**પ્રશ્નઃ-** જૈન ધર્મમાં કથંચિત્ તો કહ્યું છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ઉત્તરઃ**- તારી પર્યાયનો અજ્ઞાનપણે કથંચિત્ કર્તા છો અને જ્ઞાનપણે તું રાગનો કર્તા નથી.. આ રીતે કથંચિત્ લાગુ પડે છે. અજ્ઞાનભાવે તું રાગ-દ્વેષનો કથંચિત્ કર્તા છો પરંતુ પરનો કર્તા તો તું છો જ નહીં.

કથંચિત્ કર્તા અર્થાત્ જ્યાં સુધી અજ્ઞાની છે ત્યાં સુધી અજ્ઞાનભાવે રાગ-દ્વેષનો કર્તા છે અને જ્યારે જ્ઞાન થયું કે- હું તો રાગ થી ભિન્ન આત્મા છું, આ રાગનો કર્તા પણ હું નહીં.. ત્યારે તે રાગનો અકર્તા-જ્ઞાતા રહે છે. રાગનો કથંચિત્ કર્તા થતો નથી.

બપોરે પ્રવચનમાં શક્તિ ચાલે છે.. તેમાં પરિણમ્ય પરિણામકત્વ શક્તિ છે. રાગ તો જ્ઞેય છે, તેને જ્ઞેય ન બનાવતાં તે રાગનો કર્તા થાય છે. આવી ઝીણી વાતું છે.

**"परभावस्य कर्ता न क्वचित् स्यात्" જીવદ્રવ્ય પોતાના પરિણામનો કર્તા હોય છે."** પરભાવનો કર્તા ન કિંચિત્. અહીંયા 'પરભાવ' શબ્દે શરીર, કર્મ તેને પરભાવ કહે છે. 'પરભાવ' શબ્દે અહીંયા વિકારી પરિણામની વાત નથી. જીવ અજ્ઞાનભાવે વિકાર પરિણામનો કર્તા છે. સમજમાં આવ્યું?

અહીં પરભાવ અર્થાત્ જડશરીર, કર્મબંધન, વાણી, વગેરે પરદ્રવ્યની ક્રિયાને અહીંયા પરભાવ કહેવામાં આવે છે. **"परभावस्य कर्तान क्वचित् स्यात्" કર્મરૂપ અચેતન પુદ્‌ગલ દ્રવ્યનો ક્યારેય ત્રણે કાળે કર્તા હોતો નથી."** અહીંયા નજીકમાં નજીક કર્મ પરિણમે છે. જેટલા પ્રમાણમાં રાગ-દ્વેષ કરે તેટલા પ્રમાણમાં કર્મ પરિણમે છે.. તેનો પણ આત્મા કર્તા નથી. તો પછી શરીરની ક્રિયા ને વાણીની ક્રિયા ને કુટુંબની ક્રિયા ને ધંધાની ક્રિયા આદિને આત્મા કરી શકે તે ત્રણ કાળમાં બનતું નથી. આ તમે બધા વેપારી છો ને? તો કહે છે કે- વેપારની ક્રિયા ત્રણકાળમાં કરતો નથી.

**પ્રશ્નઃ**- અજ્ઞાની જોર કરે છે અને તમે ત્રણ કાળમાં કરતો નથી તેમ કહો છો?

**ઉત્તરઃ**- ..એ તો આગળ આવી ગયું ને કે- આત્મા તો જ્ઞાન સ્વરૂપ છે પણ બળજોરીથી રાગનો કર્તા થાય છે, તો પણ પરનો કર્તા તો છે જ નહીં. સમજમાં આવ્યું? ભગવાન આત્મા! જ્ઞાન સ્વરૂપી ચૈતન્ય બિંબ તે રાગનો કર્તા નથી તો પછી પરનો કર્તા છે તે વાત છે જ નહીં. આત્માનો સ્વભાવ રાગને કરવાનો નથી, પરંતુ બળજોરીથી એટલે ઉલ્ટી દૃષ્ટિથી તે દયા-દાન, વ્રત-ભક્તિના શુભ પરિણામનો કર્તા થાય છે. બાકી રાગને કરવું તેવું આત્માના સ્વભાવમાં છે નહીં. અને તે પરનો કર્તા તો બળજોરીથી પણ થઈ શકતો નથી. સમજમાં આવ્યું.

**શ્રોતાઃ**- એટલે અહીં પરનો સર્વથા અકર્તા લેવું.

**ઉત્તરઃ**- અહીં સર્વથા પ્રકારે (પરનો કર્તા નથી.) પોતાના પરિણામનો તો કર્તા થાય છે. '**परभावस्य**' પુદ્‌ગલ દ્રવ્યનો કર્તા **न क्वचित्. क्वचित्** એટલે ત્રણે કાળ થતો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. આહાહા! યુવાન અવસ્થા હો ત્યારે આત્મા યુવાન શરીરને ચલાવી શકે છે તેમ ત્રણ કાળમાં નથી.

અહીંયા તો એટલી વાત લેવી છે. "**परभावस्य कर्ता न क्वचित् स्यात्।**" '**क्वचित्**' ની વ્યાખ્યા કરી કે- ત્રણેકાળે (પરની ક્રિયાનો) કર્તા નથી. શરીરની આ ક્રિયા, વાણીની આ ક્રિયા, ધંધામાં પૈસા લેવા દેવાની-તોલવાની ક્રિયા તેને ત્રણ કાળમાં ક્યારેય આત્મા કરી શકતો નથી. સમજમાં આવ્યું?

"**કેવો છે આત્મા? "ज्ञानम् अपि आत्मानम् कुर्वन" (ज्ञानम्) શુદ્ધ ચેતનામાત્ર પ્રગટરૂપ સિદ્ધ-અવસ્થા તે રૂપે પણ પોતે તદ્રુપે પરિણમે છે.**" શુદ્ધચેતનામાત્ર પ્રગટરૂપ સિદ્ધરૂપ અવસ્થાને કરે છે. સિદ્ધરૂપે આત્મા પરિણમે છે. શુદ્ધ ચેતનામાત્ર એટલે સિદ્ધરૂપ અવસ્થા એમ કહે છે. શક્તિએ તો શુદ્ધ આત્મા સિદ્ધ છે જ, પરંતુ અહીં પ્રગટરૂપ સિદ્ધ અવસ્થા તે રૂપે આત્મા તદ્રુપ પરિણમે છે. સિદ્ધની અવસ્થાનો આત્મા કર્તા છે એટલે કે તદ્રુપે પરિણમીને કર્તા થાય છે. પરંતુ પરનો કર્તા થવો, કર્મનો નાશ કરવો, તેનો કર્તા આત્મા નથી. કર્તાપણાનું અભિમાન ટળી જાય એવી વાત છે.

"**વળી કેવો છે? (अज्ञानम्) અશુદ્ધ ચેતનારૂપ વિભાવ પરિણામ તે-રૂપ પણ પોતે તદ્રુપે પરિણમે છે.**" પુણ્ય-પાપના વિકારરૂપે પરિણમે કે સિદ્ધ અવસ્થાપણે પરિણમો પરંતુ પરની અવસ્થાનો કર્તા સર્વથા પ્રકારે અથવા પરમાર્થે તે ત્રણ કાળમાં નથી. ભારે આકરી વાત!

**શ્રોતાઃ-** બધે વિરુદ્ધ જ ચાલે છે.

**ઉત્તરઃ-** બધે એવું જ ચાલે છે. આ તમે બધા દરબાર. તે ભાઈ પોતે કહેતા હતા કે- અમે આમ કરીએ, અમે ગરાસદાર છીએ, અમારી જમીન છે. (વગેરે કહે). અહીં કહે છે- એ બધી અજ્ઞાનીની ભ્રમણા છે.

જુઓને! આ મનસુખભાઈ ૯૮ વર્ષની ઊંમરે ગુજરી ગયા. પોરબંદરના અગ્રેસર હતા એ નેમીરાજ ખુશાલ પહેલાં ગુજરી ગયા અને હવે આ (મનસુખભાઈ) ગુજરી ગયા. કરોડપતિ હતા અને ચાર ભાઈઓ હતા અને પચ્ચીસ -પચ્ચીસ લાખ વહેંચ્યા હતા. પોરબંદર નાતના પ્રમુખ- અગ્રેસર હતા. ટૂંકી માંદગીમાં દેહ છૂટી ગયો. એ તો દેહની સ્થિતિ જે સમયે જે થવાની તે થવાની. દેહની સ્થિતિ છૂટવાની હોય તો લાખ ડૉક્ટર આવે, દોડા કરે તો મરી જાય. છોકરાનું ધ્યાન રાખવું, ઠેકાણે પાડું. છોકરા મોટા થાય એટલે વ્યવસાયમાં તેને મારા અનુભવથી શીખવાડું કે આમ બનાવવું એ આમ કરવું. કરી શકે છે? બહાર કરી શકીએ છીએ? પણ અહીં ના પાડે છે. પરનું કરી શકતો નથી એટલી વાત અહીંયા લીધી છે.

કોઈ ભાઈનો રાત્રે પ્રશ્ન હતો- છ અવ્યક્તના બોલનો. ત્યાં ૪૯ ગાથામાં તો એમ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહ્યું છે કે- છ દ્રવ્ય સ્વરૂપ લોક છે તેનાથી ભિન્ન સપ્તમ્ દ્રવ્ય સ્વરૂપ આ જ્ઞેય છે બાહ્ય છે તે વ્યક્ત છે તેનાથી ભિન્ન ભગવાન આત્મા અવ્યક્ત છે અર્થાત્ સપ્તમ દ્રવ્ય છે. એક બાજુ છ દ્રવ્ય સ્વરૂપ લોક જ્ઞેય અને એક બાજુ જ્ઞાયક ભગવાન આત્મા જ્ઞાતા, તે આત્માને અવ્યક્ત કહેવામાં આવે છે. અવ્યક્ત એટલે તે પર્યાયમાં આવતો નથી માટે અવ્યક્ત પરંતુ તે વસ્તુ તરીકે વ્યક્ત છે. પરંતુ દ્રવ્ય છે તે પર્યાયમાં આવતું નથી એ કારણે તેને અવ્યક્ત કહેવામાં આવે છે. છ દ્રવ્ય સ્વરૂપ લોક વ્યક્ત છે અને જ્ઞેય છે, તેનાથી ભિન્ન ભગવાન અવ્યક્ત છે. પરનો તો કર્તા નહીં પરંતુ પોતાની પર્યાયનો પણ કર્તા નથી.

૪૯ ગાથા છે તે જીવનો અધિકાર છે. ત્યાં કર્તાકર્મનો અધિકાર નથી. ખરેખર જીવ તો અમે એને કહીએ તેમ કહે છે. જે પર્યાય વ્યક્ત છે અથવા લોકાલોક વ્યક્ત છે તે જ્ઞેય છે, તેનાથી ભિન્ન ભગવાન આત્મા તેને અમે અવ્યક્ત કહીએ છીએ. આહાહા! જ્ઞાન પર્યાયમાં અર્થાત્ વ્યક્તમાં જે દ્રવ્ય આવ્યું તે દ્રવ્ય વ્યક્ત પર્યાયને સ્પર્શતું નથી. સમજમાં આવ્યું?

આ જીવાજીવ અધિકાર છે. જીવ તેને કહીએ કે- જે ત્રિકાળી જ્ઞાયકભાવ છે. જે પરનો તો કર્તા નહીં, પણ જેમાં પર્યાયે નહીં. કેમ કે પર્યાય તો દ્રવ્યને વિષય બનાવે છે. વિષય બને છે તે ચીજમાં પર્યાય નથી. ઝીણી વાત છે.

ગઈકાલે રાત્રિના કોઈનો પ્રશ્ન હતો અવ્યક્ત સંબંધી. છ દ્રવ્ય સ્વરૂપ લોક છે તે જ્ઞેય વ્યક્ત છે તે એકબાજુ અને તેનાથી ભિન્ન ભગવાન આત્મા સપ્તમ્ દ્રવ્ય ભિન્ન થઈ જાય છે. સમ્યગ્જ્ઞાન દિપીકામાં એમ લીધું છે કે- આત્મા સપ્તમ્ દ્રવ્ય થઈ જાય છે. તેમણે આ અવ્યક્ત બોલમાંથી કાઢયું છે.

શું કહ્યું? છ દ્રવ્ય છે તે વ્યક્ત છે, તેનાથી ભિન્ન ત્રિકાળી આત્મા અવ્યક્ત છે. વિષય ઘણો સૂક્ષ્મ છે. ગાથા ઝીણી છે.

છ દ્રવ્ય સ્વરૂપ લોક તેમાં સિદ્ધ પણ આવ્યા અને અનંત પંચપરમેષ્ઠી પણ આવ્યા અને અનંત નિગોદના જીવ પણ આવ્યા. અસંખ્ય સમ્યગ્દ્રષ્ટિ તે પણ આવ્યા. અને તિર્યંચ જે પંચમ ગુણસ્થાનવર્તી અસંખ્ય શ્રાવક છે તે પણ આવ્યા. માટે છ દ્રવ્ય સ્વરૂપ લોક તે જ્ઞેય અને વ્યક્ત છે અને ભગવાન તેનાથી ભિન્ન અવ્યક્ત છે. સમજમાં આવ્યું?

સ્ત્રી, કુટુંબ, પરિવાર એ તો જ્ઞેય છે પરંતુ અહીંયા તો પંચ પરમેષ્ઠીઓ, અનંત સિદ્ધો, અનંત કેળવીઓ, લાખો કેવળીઓ બિરાજે છે, તે બધા અહીંયા છ દ્રવ્ય સ્વરૂપ લોકમાં આવી ગયા. આ છ દ્રવ્ય સ્વરૂપ લોકને જ્ઞેય- વ્યક્ત બનાવી તેનાથી ભિન્ન પોતાનું સ્વરૂપ અવ્યક્ત છે. પંચપરમેષ્ઠી જ્ઞેય છે અને વ્યક્ત છે તેનાથી ભગવાન આત્મા ભિન્ન છે- અવ્યક્ત છે. માથું ફરી જાય એવું છે.

આનંદઘનજીના પદમાં એક શબ્દ આવે છે...

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

"અનુભવ તું હૈ... તૂં... હમારો.
આયો ઉપાય કરી ચતુરાઈ... પરકો સંગ નિવારો
અનુભવ તું હૈ... તૂં હમારો."

છ દ્રવ્ય જ્ઞેય તેનાથી ભિન્ન આત્માનો- અવ્યક્તનો અનુભવ કરવો તે ધર્મ છે. જે અવ્યક્ત ચીજ કહી તેનો પર્યાયમાં અનુભવ કરવો તે ધર્મ છે. પર્યાયમાં દૃષ્ટિનો વિષય તો અવ્યક્ત છે પરંતુ તેનો પર્યાયમાં અનુભવ કરવો તેનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન ને ધર્મ છે. સમજમાં આવ્યું?

અવ્યક્તનો એક બોલ થયો હવે બીજો બોલ. આ તો અમારો દરરોજનો સ્વાધ્યાય છે. સવાર-સાંજ કાયમ સ્વાધ્યાય-૧૬ ગાથા, અવ્યક્તના છ બોલ, અલિંગગ્રહણના ૨૦ બોલ, શ્રીમદ્જીના (સ્વદ્રવ્યના રમક થાઓ તે) દશ બોલ તેનો સ્વાધ્યાય દરરોજ હોય છે.

બીજા બોલમાં એમ કહ્યું કે- દયા-દાન, વ્રત-ભક્તિનો ભાવ તે કષાયરૂપ ભાવકનો ભાવ છે... તે પોતાનો ભાવ નથી એ પુણ્ય-પાપરૂપ કષાય ભાવ જે ભાવકનો ભાવ છે તેનાથી ભગવાન આત્મા અવ્યક્ત ભિન્ન છે. તે સમ્યગ્દર્શનનો વિષય છે. ઝીણી વાત છે ભાઈ! અરે! તત્ત્વની-વસ્તુની દૃષ્ટિ ન કરે તો તે જન્મ મરણથી કેવી રીતે છૂટશે.

જુઓને! અત્યારે તો કેવું બને છે! હાર્ટફેઈલ થઈ જાય અને એક ક્ષણમાં ખલાસ થઈ જાય. એની સ્થિતિ પૂરી થવાનો કાળ હતો તો તે સમયે તેમ જ થાય છે. તેમાંથી તેણે પોતાનું કામ તો કર્યું નહીં.

અહીં કહે છે કે- વિષય-કષાયના જે ભાવ, દયા-દાન, વ્રત, કામ-ક્રોધના ભાવ આદિ શુભાશુભભાવ, મિથ્યાત્વ આદિ બાહ્યભાવ તે વ્યક્ત છે તેનાથી ભગવાન અવ્યક્ત ભિન્ન છે.

ત્રીજો બોલ- ચૈતન્ય સામાન્યમાં ચૈતન્યની સમસ્ત વ્યક્તિઓ અંતરલીન છે માટે તે અવ્યક્ત છે. તેનો અર્થ કરીશ હોં! એમ ને એમ નહીં છોડૂં. ચૈતન્ય સામાન્ય જે ત્રિકાળી છે તે ચૈતન્ય સામાન્યમાં ભૂત અન ભવિષ્યની પર્યાયો અંતર્લીન છે. વર્તમાન પર્યાય પ્રગટ છે તે દ્રવ્યનું જ્ઞાન કરે છે.

આ ત્રીજા બોલમાં શું કહે છે? વસ્તુ ચૈતન્ય સામાન્ય એકરૂપ ધ્રુવ સદૃશ તેમાં ભૂત અને ભવિષ્યની પર્યાય જેટલી છે તે બધી અંતર્મગ્ન છે. અંદરમાં-ધ્રુવમાં શક્તિરૂપે પડી છે... તે કારણે તેને અવ્યક્ત કહેવામાં આવે છે. ભાઈ! આ તો ઝીણી વાત છે. ચૈતન્ય સામાન્ય એકરૂપ ત્રિકાળ છે, - તેની ભૂત, ભવિષ્યની અનંતી પર્યાય સામાન્ય ચૈતન્યમાં અંતરમગ્ન છે. તે અંતરલીન થયેલી છે; તે બાહ્ય (પ્રગટ) નથી. એક વર્તમાનની જાણવાવાળી પર્યાય વ્યક્ત ભિન્ન રહી. ભૂત અને ભવિષ્યની પર્યાયો ચૈતન્ય સામાન્યમાં અંતરમગ્ન છે તે કારણે આત્માને અવ્યક્ત કહેવામાં આવે છે. ભવિષ્યની થવાવાળી

અનંતી પર્યાય અને જે પર્યાય ભૂતકાળમાં થઈ ગઈ તે અંદરમાં છે ને! તે કાંઈ બહાર નથી. ભૂતકાળની અનંતી અશુદ્ધ પર્યાયો તે અંતરમાં (પારિણામિક ભાવે) મગ્ન છે. અંતર્મગ્ન કહેતાં તે પર્યાયની અશુદ્ધતા અંતરમાં નથી પરંતુ તે પર્યાયની યોગ્યતા અંતરમાં છે.

શું કહ્યું? અશુદ્ધ પર્યાયો જે અનંતી થઈને! તે અશુદ્ધ પર્યાયો અંતરમગ્ન છે તેનો શું અર્થ? પર્યાયની અશુદ્ધતા અંતરમાં નથી પરંતુ અશુદ્ધ પર્યાયની યોગ્યતા હતી તે અંતરમગ્ન થઈ ગઈ. તેવી રીતે ભવિષ્યમાં થવાવાળી અશુદ્ધ કે શુદ્ધ પર્યાયો તે અંતરમગ્ન છે. વ્યક્ત એટલે ભૂતમાં થઈ ગયેલી અને અવ્યક્ત એટલે ભવિષ્યમાં થનારી પર્યાયો અંદરમાં લીન હોવાને કારણે અવ્યક્ત કહેવામાં આવે છે. માણસને સમજવું કઠણ પડે.

ચોથો બોલ- ક્ષણિક વ્યક્તિમાત્ર નથી માટે અવ્યક્ત છે. વર્તમાન પર્યાય છે તે વ્યક્ત અને ક્ષણિક છે, એ ક્ષણિક જેટલો આત્મા નથી માટે તેને અવ્યક્ત કહેવામાં આવે છે.

ફરીથી.. એક સમયની પર્યાય જે વ્યક્ત છે-પ્રગટ છે. દ્રવ્ય તે વર્તમાન ક્ષણિક વ્યક્તિમાત્ર ચીજ નહીં હોવાથી તેને અવ્યક્ત કહેવામાં આવે છે. વર્તમાન પર્યાય ક્ષણિક વ્યક્ત છે, પદાર્થ એટલો જ માત્ર નથી.

પંચમ આરાના સાધુએ પંચમ આરાના પ્રાણીઓ માટે તો આ વાત કહી છે. કોઈ કહે કે આ વાત તો ચોથા આરાની છે; તો એમ નથી.

અહીં કહે છે કે- ક્ષણિક વ્યક્તિ એટલે અનંતાગુણની અનંતી પર્યાયો એક ક્ષણમાં પ્રગટ થાય છે. તે વ્યક્તિ છે માટે ક્ષણિક છે અને તેનાથી ભિન્ન ભગવાન આત્મા છે સમ્યગ્દર્શનનો વિષય છે, તેને અવ્યક્ત કહેવામાં આવે છે.

હવે પાંચમો બોલ. ભગવાન આત્મા એટલે અવ્યક્ત દ્રવ્ય અને વ્યક્ત પર્યાય તે બન્નેનું એક સાથે મિશ્રિત જ્ઞાન હોવા છતાં તે વ્યક્તને સ્પર્શતો નથી. શું કહે છે? વ્યક્ત પર્યાય અને અવ્યક્ત દ્રવ્ય બન્નેનું એકસાથે મિશ્રિત જ્ઞાન હોવા છતાં તે દ્રવ્ય પ્રગટ પર્યાયને સ્પર્શતું નથી તેને અવ્યક્ત કહેવામાં આવે છે.

ફરીને...! ભગવાન આત્મા ત્રિકાળી દ્રવ્ય અવ્યક્ત અને પર્યાય વ્યક્ત તે બન્નેનું એક સાથે જ્ઞાન હોવા છતાં તે વ્યક્ત અવ્યક્તને સ્પર્શતું નથી. દ્રવ્ય પર્યાયને અડતું નથી. આહાહા...! વ્યક્તમાં નિર્મળ પર્યાય હો..! તો તેનું અને ત્રિકાળીનું જ્ઞાન એક સાથે હોવા છતાં વ્યક્તને અવ્યક્ત સ્પર્શતું નથી. પ્રગટ પર્યાયને દ્રવ્ય અડતું નથી.

**પ્રશ્નઃ-** સમ્યક્જ્ઞાનની વાત છે?

**ઉત્તરઃ-** જાણવાની વાત જુદી છે. દ્રવ્યને અને પર્યાયને, જ્ઞાન બન્નેને જાણે છતાં એ જે વ્યક્ત પર્યાય છે તેને અવ્યક્ત સ્પર્શતું નથી. એ વ્યક્ત પર્યાયનું જ્ઞાન છે પણ તેને દ્રવ્ય સ્પર્શતું નથી. આવા અવ્યક્ત દ્રવ્યને સમ્યગ્દર્શનનો વિષય કહેવામાં આવે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગઈકાલે રાત્રિમાં પ્રશ્ન આવેલો; ત્યારે કહ્યું ' તું ! કાલે વાત કરીશ પરંતુ આ તો અત્યારે આવી ગઈ.

**પ્રશ્નઃ-** અવ્યક્ત છે તે સમ્યગ્દર્શનનો વિષય છે ?

**ઉત્તરઃ-** ત્રિકાળી વસ્તુ છે તે ( સમ્યગ્દર્શનનો ) વિષય છે. પર્યાય વિષય નથી. કેમ કે પર્યાય તો વિષય કરવાવાળી છે.

**પ્રશ્નઃ-** સમ્યગ્દર્શનનો વિષય અવ્યક્ત છે તો શું જોઈને શ્રદ્ધા કરવી ?

**ઉત્તરઃ-** ( પર્યાયે ) જોઈને શ્રદ્ધા કરી, પર્યાયે એમ જોયું કે- આ જે દ્રવ્ય છે તે શ્રદ્ધામાં આવ્યું, જ્ઞાનમાં આવ્યું પરંતુ તે દ્રવ્ય પર્યાયમાં આવ્યું નહીં. એ... પર્યાયને દ્રવ્ય અડયું પણ નથી. આવો માર્ગ છે. અરેરે ! આવું પરમ સત્ય બહાર આવ્યું છે. અરેરે.. અનાદિથી ખોવાયેલ વસ્તુનું શરણ ન લીધું. અશરણ ચારગતિમાં પરિભ્રમણ કરતો તે એક ક્ષણમાં ભવ ચોરાશીના ભવરૂપ સમુદ્ર એટલે ભવાબ્ધિમાં ડૂબી ગયો.

એક સમયની પર્યાય વ્યક્ત, ત્રિકાળી દ્રવ્ય અવ્યક્ત બન્નેનું એક સમયમાં મિશ્રિત જ્ઞાન હોવા છતાં પણ દ્રવ્ય પર્યાયને અડતું નથી. જ્ઞાન છે તે દ્રવ્યને જાણે અને પર્યાયને પણ જાણે, છતાં તે જ્ઞાન દ્રવ્યને અડતું નથી. દ્રવ્ય દ્રવ્યરૂપ છે અને પર્યાય પર્યાયરૂપ છે.

અવ્યક્તના પહેલા બોલમાં સપ્તમ દ્રવ્યની વાત કહી હતી. સંવત ૧૯૪૮ની સાલમાં ધર્મદાસ ક્ષુલ્લક થયા. તેમણે સ્વાત્માનુભવમનન અને સમ્યગ્જ્ઞાન દીપિકા બનાવી છે. એ સમ્યગ્જ્ઞાન દીપિકા પ્રકાશિત થઈ તો લોકો કહે સોનગઢવાળાએ આમ કહ્યું છે. અરે.. ભગવાન ! સાંભળતો ખરો ! એ વાણી તો ક્ષુલ્લકની છે.

ધર્મદાસ ક્ષુલ્લકે સમ્યગ્જ્ઞાન દીપિકામાં લખ્યું છે કે- જેના માથે પતિ છે તેવી સ્ત્રીએ કદાચિત્ કોઈ સાથે સંગ કર્યો હોય તો પણ તે બહાર પ્રસિદ્ધિમાં આવતો નથી. તેમણે આટલી વાત કહી છે. તેથી તે સ્ત્રીનો દોષ નથી તેવી વાત નથી. તેમ જેના માથે આનંદકંદ ભગવાન આત્માનું શિર છત્ર છે તેની પર્યાયમાં કદાચિત્ રાગાદિ થઈ જાય તો તે પ્રસિદ્ધિમાં આવતું નથી.

લોકમાં પિતાજીનું શિર છત્ર હોય છે તેમ પર્યાયમાં પિતા- દ્રવ્યનું શિર છત્ર છે. જેની દૃષ્ટિમાં શિરછત્રરૂપ દ્રવ્ય છે તેની પર્યાયમાં અશુભ આદિ ભાવ થઈ જાય છે તો પણ તે બહાર પ્રસિદ્ધિમાં આવતા નથી. તેમને આ કહેવું છે. તેથી તેમને એમ નથી કહેવું કે- દોષ છે જ નહીં. દોષ તો દોષ છે. આ વાતને એ લોકોએ ( વિપરીત ) લગાવી દીધી કે- જુઓ ! " વ્યભિચાર કરવા છતાં પણ દોષ નથી. " ભગવાન ! ક્ષુલ્લકનો આશય આમ કહેવાનો નથી. આ કથન તો ક્ષુલ્લકનું છે અને તેની જગ્યાએ સોનગઢનું નામ લગાવી દીધું. એમની વાતમાં કાંઈ માલ નથી.

સમ્યગ્જ્ઞાન દીપિકામાં એમ લીધું છે કે- છ દ્રવ્યથી ભિન્ન થઈ જાય તો આત્મા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સપ્તમ્ દ્રવ્ય થઈ જાય. આ વાત તેમણે ક્યાંથી લીધી છે? તેમણે અવ્યક્તના પહેલા બોલમાંથી કાઢયું છે. છ દ્રવ્ય છે તે વ્યક્ત છે- જ્ઞેય છે અને તેનાથી ભિન્ન ભગવાન આત્મા અવ્યક્ત છે તેથી તેને સપ્તમ્ દ્રવ્ય કહેવામાં આવે છે. આહા.. હા! આમાં તો ઊંઘ ઊડી જાય એવું છે.

આહાહા! આત્મા કાંઈ છ દ્રવ્યથી ભિન્ન (સપ્તમ્ દ્રવ્ય) નથી. પરંતુ એક બાજુ રામ અને એક બાજુ ગામ અર્થાત્ એક બાજુ આત્મારામ અને એક બાજુ છ દ્રવ્ય. છ દ્રવ્યો છે તે જ્ઞેય અને આત્મા જ્ઞાયક તે કારણથી છ દ્રવ્યથી ભિન્ન સપ્તમ્ દ્રવ્ય કહેવામાં આવ્યું. સમજમાં આવ્યું?

પાંચ બોલ થયા. હવે છઠ્ઠો બોલ જરા ઝીણો છે. પોતાના બાહ્ય અભ્યંતર અનુભવમાં આવવાવાળા પરિણામ, તે પરિણામ પ્રત્યે ઉદાસીન છે. પરિણામ (દૃષ્ટિ) પરિણામથી ઉદાસીન છે.. અર્થાત્ તે એક સમયના પરિણામમાં ટકતો નથી.

સ્વયં પોતાથી જ બાહ્ય અભ્યંતર સ્પષ્ટ અનુભવમાં આવતો હોવા છતાં તે પર્યાય પ્રત્યે ઉદાસીન છે. પર્યાયનું વેદન છે છતાં પર્યાયથી ઉદાસીન છે. તે પર્યાય ઉપર ટકતો નથી તે દ્રવ્ય ઉપર ચાલ્યો જાય છે... માટે અવ્યક્ત છે.

બાહ્ય અભ્યંતર સ્પષ્ટ અનુભવમાં આવી રહ્યો છે. આનંદનું વેદન સ્પષ્ટ આવે છે.. તો પણ જે વ્યક્ત પર્યાય છે તે પ્રત્યે ઉદાસીનરૂપ પ્રકાશમાન છે. તે પર્યાયમાં રહેતો નથી, તે દ્રવ્ય ઉપર ચાલ્યો જાય છે. સમજમાં આવ્યું? આ બોલ સૂક્ષ્મ છે ભાઈ! એક સમયની જે પર્યાય છે તેનાથી ઉદાસ છે. ઉદાસીનરૂપથી પ્રકાશમાન છે માટે અવ્યક્ત છે. પર્યાયથી ઉદાસ છે તે કારણથી ભગવાન આત્માને અવ્યક્ત કહેવામાં આવે છે. આ થોડું સૂક્ષ્મ છે. રાત્રિમાં આ પ્રશ્નનો ઉત્તર થોડો થયો હતો.

**પ્રશ્નઃ-** અવ્યક્તનું વેદન કરીને પર્યાયથી ઉદાસ છે?

**ઉત્તરઃ-** તે પર્યાયથી ઉદાસ છે. તે પર્યાયમાં કાંઈ ટકતો નથી તે તો સમયે સમયે અંદરમાં જાય છે.

બાહ્ય અભ્યંતર સ્વયં વેદનમાં આવવા છતાં, પોતાના પરિણામ વેદનમાં આવવા છતાં તે એક સમયની પર્યાયથી ઉદાસ છે, તે ત્યાં ટકતો નથી. આ તો અગમ નિગમની વાતો છે. આ સંતોની વાતું એમાંય કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્ય તેમની ગજબની વાતું છે.. કવિ વૃંદાવનજીએ તેમના ગાયનમાં લખ્યું છે કે- "**હુયે, ન હૈં, ન હોયેંગે, મુનિંદ કુન્દકુન્દસે.**"

આહાહા! ગજબ વાત છે. કુંદકુંદાચાર્ય સાક્ષાત્ ભગવાન પાસે ગયા હતા. પવિત્રતા કેટલી! ભરતક્ષેત્રનો માનવી તેણે સદેહે સાક્ષાત ભગવાન પાસેની યાત્રા કરી. પરમાત્મા ત્રિલોકીનાથ વિદેહમાં બિરાજે છે.. ત્યાં આઠ દિવસ રહ્યા અને ત્યાંથી આવી અને આ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શાસ્ત્ર બનાવ્યા. આવી વાણી અને આવા સિદ્ધાંત ક્યાંય છે નહીં. આ (સિદ્ધાંતને) સમજવા માટે ઘણી તૈયારી જોઈએ. ઘણો જ પ્રયત્ન જોઈએ ભાઈ!

અહીં કહે છે કે- અંદર જ્ઞાયક ભગવાન પડયો છે એક બાજુ ગામ છ દ્રવ્ય અને એક બાજુ રામ નામ આત્મા પોતાની જ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્યોનું જ્ઞાન થાય છે પણ (આત્મા) છ દ્રવ્યોથી ભિન્ન છે. અનંત સિદ્ધોનું પર્યાયમાં જ્ઞાન થાય છે પરંતુ અનંત સિદ્ધોથી ભગવાન ભિન્ન છે. અથવા પંચપરમેષ્ઠીથી ભિન્ન છે અને પોતે પંચપરમેષ્ઠી સ્વરૂપ જ છે.

શાસ્ત્રમાં આવે છે કે- આત્મા અરિહંત સ્વરૂપ, સિદ્ધ સ્વરૂપ, શુદ્ધ સ્વરૂપે જ છે. તત્ત્વાનુશાસનમાં (નાગસેન આચાર્યે) એમ લીધું છે. શિષ્યે પ્રશ્ન કર્યો કે- પ્રભુ! તમે કહો છો કે અરિહંતનું ધ્યાન કરો...! તો અરિહંત તો પર છે, અને તમે તો અરિહંત છો નહીં... તો તમારું ધ્યાન ખોટું થયુંને?

**ઉત્તરઃ-** નહીં, નહીં. પોતાનો આત્મા જે અરિહંત સ્વરૂપ છે તેનું ધ્યાન કરે છે. પોતાનું ધ્યાન નિષ્ફળ જતું નથી. અરિહંત સ્વરૂપ આત્માનું ધ્યાન કરતાં પરિણામમાં આનંદ આવે છે. સમજમાં આવ્યું?

તમે કહો છો કે- અરિહંતનું ધ્યાન કરો! પરંતુ વર્તમાનમાં પર્યાયમાં અરિહંત તો થયો નથી.. તો અરિહંતનું ધ્યાન જૂઠું થઈ જાય છે. અરે.. પ્રભુ! સાંભળ તો ખરો! તારી ચીજ જ અરિહંત સ્વરૂપ છે. વિકારના અભાવ સ્વભાવ સ્વરૂપે જ તારી ચીજ છે. આ આત્મા અરિહંત સ્વરૂપ જ છે, તેનું ધ્યાન કરવાથી તો આનંદ આવે છે. તેથી (નિજ) સ્વરૂપનું ધ્યાન કર્યું તે કાંઈ નિષ્ફળ ન ગયું.. પરંતુ સફળ થયું. આવી વાતો છે!

સ્તુતિમાં લીધું છે- યોગીન્દ્રદેવ અને સ્વામી કાર્તિકેયમાં પણ છે. આત્મા પંચપરમેષ્ઠી સ્વરૂપ જ છે. અરિહંત સ્વરૂપ છે, સિદ્ધ સ્વરૂપ છે, આચાર્ય સ્વરૂપ છે. પાંચેય પદ વીતરાગ સ્વરૂપ છે ને! તેથી આત્મા અંદરમાં વીતરાગ સ્વરૂપ જ છે. વાત ઝીણી પડે પરંતુ માર્ગ આવો છે ભાઈ!

જે વાતથી અનંત જન્મ-મરણના અંત આવે ને જેનાં ફળરૂપ અનંત આનંદ આવે અર્થાત્ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય,. તે સ્વચતુષ્ટય વ્યક્ત પ્રગટ થયા.

આ કળશમાં પણ આવ્યુંને કે- "શુદ્ધ ચેતનામાત્ર- પ્રગટરૂપ સિદ્ધ- અવસ્થા. શક્તિરૂપે તો સિદ્ધ છે જ, પરંતુ એ શક્તિનું ધ્યાન કરવાથી સિદ્ધ અવસ્થા પ્રગટ થઈ જાય છે. અરે! આવી વાત છે.. શું થાય!

અવ્યક્તના પાંચ બોલ થયા, હવે છઠ્ઠો બોલ. આ છએ બોલમાં આત્માને અવ્યક્ત અર્થાત્ પર્યાયમાં આવતો નથી માટે અવ્યક્ત કહ્યો.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પાંચમા બોલમાં એમ કહ્યું કે- વ્યક્ત અને અવ્યક્તનું જ્ઞાન હોવા છતાં પણ દ્રવ્ય વ્યક્તને સ્પર્શતું નથી માટે અવ્યક્ત કહેવામાં આવ્યું છે.

સમયસાર ૧૭-૧૮ ગાથામાં લીધું છે કે- જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વપર પ્રકાશક હોવાથી અજ્ઞાનીને પણ... જ્ઞાનની પર્યાયમાં સ્વજ્ઞેયનું જ્ઞાન આવે છે, પણ તેનું લક્ષ સ્વ ઉપર નથી. અજ્ઞાનીનું લક્ષ પર્યાય અને રાગ ઉપર હોવાથી પર્યાયમાં સ્વ જ્ઞેય જાણવામાં આવતું હોવા છતાં પણ તેને જાણવામાં ન આવ્યું.

શું કહ્યું ? અજ્ઞાનીની વર્તમાન જ્ઞાનની પર્યાય છે તે પર્યાયમાં પણ સ્વનું જ જ્ઞાન થાય છે. કેમ કે જ્ઞાનની પર્યાયનો સ્વપર પ્રકાશક સ્વભાવ છે. તે પરને પ્રકાશે છે તે એકબાજુ રાખો. છતાં તે પર્યાયમાં ( સ્વપર સંબંધી ) સ્વજ્ઞાન જાણવામાં આવે છે. અજ્ઞાનીને તેની જ્ઞાન પર્યાયમાં સ્વજ્ઞેય જાણવામાં આવવા છતાં, અજ્ઞાનીની દૃષ્ટિ તેના પર નહીં હોવાથી તેને સ્વજ્ઞેયનું જ્ઞાન થયું નહીં. થોડું ઝીણું પડે પણ.. રાત્રિના પ્રશ્ન કરવો. રાત્રિના ચર્ચા રાખી છે તેમાં થોડા પ્રશ્ન કરવા.

આહાહા ! આ તો અગમ નિગમની વાતો છે ભાઈ ! આત્મારામ એકલો આત્મબાગમાં રમે છે. જે ચીજને રાગ અને નિમિત્તનો સ્પર્શ નથી તેવો આત્મા છે. રાગથી માંડીને બધી ચીજ જ્ઞાનના જ્ઞેયરૂપે છે.

જ્ઞાન કેટલું મોટું છે ? રાગનું જ્ઞાન, પંચ પરમેષ્ઠીનું જ્ઞાન, અનંત નિગોદના જીવોનું જ્ઞાન. તે બધાનું જ્ઞાનની પર્યાય જ્ઞાન કરે છે. જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયોનું જ્ઞાન હોવા છતાં તે જ્ઞેયરૂપ થતી નથી. જ્ઞેયને કારણે જ્ઞેયનું જ્ઞાન થતું નથી. જ્ઞાનથી જ્ઞાનનું જ્ઞાન થાય છે. આવી વાત છે ભાઈ ! અનંત સંસારનો છેદ થઈને જે કારણથી અનંત આનંદની પ્રાપ્તિ થાય તે સમ્યગ્દર્શન કોઈ અલૌકિક ચીજ છે.

આવી વાત તો છે નહીં અને ઉપરથી વ્રત કરો, તપ કરો, અપવાસ કરો. બાપુ ! ભાઈ.. તને નુકશાન છે. આ બધું તને ઠીક લાગે છે પણ જન્મ-મરણના માથે વજના ભાર ભર્યા છે. જન્મ-મરણના માથે ડર પડયા છે. તારી વિરુદ્ધ દૃષ્ટિને કારણે તારે માથે ભવાબ્ધિ પડી છે.

જ્ઞાન સ્વરૂપી ભગવાન પર્યાયમાં છ દ્રવ્યને જાણે, પરમેશ્વરને જાણે, પંચ પરમેષ્ઠીને જાણે, પરને પર્યાયમાં જાણે છતાંય તે માત્ર પર્યાય જેટલો આત્મા નથી. સમજમાં આવ્યું ?

સમયસારની પહેલી ગાથામાં આવ્યું ને કે- " વંદિત્તુ સવ્વ સિદ્ધે. " તેનો અર્થ શું કર્યો ? હું સિદ્ધોને વંદન કરું છું તેવો અર્થ ન કાઢતાં તેમણે એવો અર્થ કાઢયો કે- મારી પર્યાયમાં અને શ્રોતાઓની પર્યાયમાં અનંતા સિદ્ધોની સ્થાપના કરું છું.

**" વંદિત્તુ સવ્વ સિદ્ધે "** તે પહેલી ગાથાનો શબ્દ છે. તેમાંથી અમૃતચંદ્ર આચાર્યે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ કાઢયું કે- મારી પર્યાયમાં અનંતા સિદ્ધોની સ્થાપના કરું છું અને હે.. શ્રોતાજનો! તમારી જ્ઞાનની પર્યાયમાં અનંતા સિદ્ધોની સ્થાપના કરું છું. સમજમાં આવ્યું?

જેમ માણસ દેશ-પરદેશ જાય અને વાર-કવાર હોય તો અગાઉથી પસ્તાનું મૂકી આવે. એવું કાંઈ હોય તો પહેલેથી પસ્તાનું મૂકી આવે અને પછી જાવું હોય ત્યારે જાય. એમ અહીં કહે છે કે- એકવાર અનંતા સિદ્ધોનું પસ્તાનું તારી પર્યાયમાં લાવ 'વંદિત્તુ' નો આવો અર્થ કર્યો. પોતાની જ્ઞાન પર્યાયમાં સિદ્ધની સ્થાપના તેનું નામ વંદન છે. તેનું નામ સિદ્ધોનો આદર કર્યો તેમ કહેવાય છે. જેની પર્યાયમાં અનંતા સિદ્ધની સ્થાપના થઈ તેની દૃષ્ટિ ગુંલાટ ખાય અને દ્રવ્ય ઉપર જાય છે. આહા! એક-એક શબ્દ ગંભીર છે. જગતના ભાગ્ય કે સમયસાર રહી ગયું. કેવળીના વિરહ પડયા. મનઃ પર્યયજ્ઞાની અને અવધિજ્ઞાનીના વિરહ પડયા પરંતુ સમયસાર, નિયમસાર, પ્રવચનસાર જેવા પુસ્તકો રહી ગયા. આહાહા! કેવળજ્ઞાનીના વિરહને ભૂલાવે એવી ચીજ છે.

આચાર્યદેવ એક-એક શબ્દનો અર્થ ગજબ કરે છે ને! "વંદિત્તુ સવ્વ સિદ્ધે" તેનો અર્થ વંદન કરું છું તેમ ન લીધો. તેનો અર્થ એવો કર્યો કે- મારી પર્યાયમાં અનંતા સિદ્ધોની સ્થાપના કરું છું... આદર કરું છું. હવે તારું લક્ષ બદલી જવું જોઈએ.

આચાર્યદેવ કહે છે- શ્રોતાઓને હું સમયસાર કહીશ, પરંતુ તેની પહેલાં તારી પર્યાયમાં અનંતા સિદ્ધોની સ્થાપના કરું છું. તારી પર્યાયમાં અનંતા સિદ્ધોની સ્થાપના કરી, તારું લક્ષ કરી અને પછી સાંભળ તો તું પણ સિદ્ધ થઈ જઈશ. સમજમાં આવ્યું?

આ ધૂળ- પાંચ-પચ્ચીસ લાખ મળી જાય ત્યાં તો ખુશી ખુશી થઈ જાય. કહે- લાપસીના આંધણ કરો. આ પચાસ હજાર એક કલાકમાં સટ્ટામાં કમાણા તેથી લાપસી મૂકો. ધૂળમાંય કમાણી છે નહીં.. (ભ્રમણા છે).

અહીં કહે છે- લાપસી મૂકો. અમારી પર્યાયમાં અનંતા સિદ્ધોની સ્થાપના કરી છે, હવે અમે થોડા કાળમાં સિદ્ધ થવાના છીએ. શ્રોતાઓને પણ એમ જ કહે છે. અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં બરોબર સ્થાપજે. તમારી સિદ્ધગતિ પણ અલ્પકાળમાં થઈ જશે.

હવે ચાલતો કળશ છે તેમાં કહે છે- આત્મા સિદ્ધની અવસ્થારૂપ તદ્રુપ પરિણમે છે. તે સિદ્ધની અવસ્થાનો કર્તા છે પરંતુ જડ કર્મનો નાશ કરવો અને પર દ્રવ્યનો કર્તા થવું તેમ છે નહીં.

**"अज्ञानम् अपि आत्मानम् कुर्वन्" અશુદ્ધ ચેતનારૂપ વિભાવ પરિણામ તે - રૂપ પણ પોતે તદ્રુપે પરિણમે છે."**

અજ્ઞાની - આત્મા વિકારપણે તદ્રુપ પરિણમે છે. તદ્રુપ હોં! તદ્રુપપણે પરિણમે છે. તે ભાઈએ પ્રશ્ન કર્યો હતોને! જે કાળે શુભ અશુભ રૂપે પરિણમે છે તે કાળે આત્મા તન્મય છે. પ્રવચનસારમાંથી પ્રશ્ન કર્યો હતો. અરે... પ્રભુ... ભાઈ! તદ્રુપ થાય છે તે તો પર્યાયની વાત છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં પણ એ જ કહ્યું ને જુઓ! અશુદ્ધ ચેતનારૂપ વિભાવ પરિણામ તે રૂપ પણ પોતે તદ્રુપ પરિણમે છે. તે પર્યાયમાં તદ્રુપ પરિણમે છે.. ત્યારે દ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ છે. અરે! ભગવાન! તને શું થયું?

પિતાજી ગુજરી જાય, લક્ષ્મી જાય અને પાછળથી દીકરાઓ ઝગડા કરે. આ પાંચ લાખનું મકાન મારું છે. કેમ કે હું મોટો છું. પિતાજી મને મકાન આપી ગયા છે. હું તો પહેલેથી જ અહીં મોટા મકાનમાં રહું છું. પિતાજી ચાલ્યા ગયા અને તકરાર શરૂ થઈ તેમ કેવળજ્ઞાની ચાલ્યા ગયા, કેવળજ્ઞાનીના વિરહ પડયા અને પાછળથી તકરાર શરૂ થઈ. તે કહે- શુભભાવથી ધર્મ થાય છે. આ કહે- શુભભાવથી ધર્મ થતો નથી.

અહીંયા કહે છે કે- આત્મા તદ્રુપ પરિણમે છે. શુદ્ધપણે પરિણમવું કે અશુદ્ધપણે પરિણમવું તે તદ્રૂપ પરિણમે છે. પર્યાયમાં તદ્રૂપ પરિણમે છે ત્યારે દ્રવ્ય તદ્રૂપ નથી. આહાહા! દ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધરૂપે છે. એકેન્દ્રિય હોય તો પણ તેનું દ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ જ છે. સિદ્ધ પર્યાયરૂપે હો તો પણ દ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ જ છે. સિદ્ધની પૂર્ણ પર્યાય પ્રગટી તેથી દ્રવ્યમાં કમી થઈ ગઈ તેમ નથી.

શું કહ્યું? વ્યક્ત પર્યાય પૂર્ણ નિર્મળ થઈ ગઈ તો હવે અંદર શુદ્ધતામાં કમી- ઓછપ થઈ ગઈ તેમ નથી. અને નિગોદમાં અક્ષરમાં અનંતમાં ભાગે પર્યાયનો ઉઘાડ રહ્યો તો અંદરમાં શુદ્ધતા વધી ગઈ તેમ નથી. શુદ્ધતા તો જેવી છે તેવી છે.

શું કહ્યું? ફરીથી ફરમાવો. નિગોદના જીવનો અક્ષરના અનંતમાં ભાગે વિકાસ છે. પર્યાયમાં આટલી અલ્પજ્ઞતા છે માટે ત્યાં દ્રવ્ય ઘણું શુદ્ધ છે તેમ નથી. દ્રવ્ય તો ત્રિકાળ એકરૂપ શુદ્ધ જ છે. પૂર્ણ સિદ્ધ શુદ્ધતારૂપી પર્યાય થઈ તો અંદરમાં શુદ્ધતાની કમી થઈ ગઈ તેમ નથી. ત્રિકાળી આનંદનો નાથ જ્ઞાયકભાવ તો ત્રિકાળ એકરૂપ બિરાજમાન છે. તારી દૃષ્ટિમાં આવવા છતાં નિધાન તને દેખાતું નથી.

પિતાજી મૂડી મૂકી જાય તો પાછળથી ધૂળના નિધાન એકદમ ખોલે. એક ગૃહસ્થ માણસ હતો તે ચાવી ભેઠે રાખે. તે મરી ગયો તો મોટો દીકરો એકદમ અંદર જઈ અને ચાવી લઈ લીધી... બીજા છોકરા ન જાણે તેમ. બહારમાં આવું બને છે.

અહીંયા કહે છે કે- પ્રભુ! કાં તો તું સિદ્ધરૂપે પરિણમન કર અને કાં અશુદ્ધરૂપે પરિણમન કર પરંતુ પરનું પરિણમન તો તું ત્રણ કાળમાં કરી શકતો નથી.

**શ્રોતાઃ**- ચાવીનું દૃષ્ટાંત અધૂરું રહી ગયું.

**ઉત્તરઃ**- જેમ ચાવી લઈને ખજાનો ખોલે તેમ આ ભગવાનની કૂંચી જ્ઞાન છે ચૈતન્યનું જ્ઞાન કરીને આખો ખજાનો ખોલી દેવાનો છે. ભગવાન આ વારસો મૂકી ગયા છે સમજમાં આવ્યું?

આ પૈસા આદિ બધુંય અહીંયા પડયું રહેશે અને તે ક્યાંય ચાલ્યો જશે. કોઈ પશુમાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાય, ત્યાં દ્રવ્ય જુદું, ક્ષેત્ર ભિન્ન, કાળ ભિન્ન અને ભાવ ભિન્ન છે. અહીંયા શેઠિયા કહેવાય અને તે ક્યાં જાય! તદ્રૂપ પોતાનું પરિણમન કરે છે પણ આ શરીરની વાણીની ક્રિયાને ત્રણ કાળમાં પરિણમાવી શકતો નથી.

## પ્રવચન નં. ૭૮ તા. ૨૭-૮- '૭૭

કળશટીકા- કર્તાકર્મ અધિકાર નો ૬૧ કળશ ચાલે છે.

**ભાવાર્થ આમ છે કે- " જીવદ્રવ્ય અશુદ્ધ ચેતનારૂપ પરિણમે છે, શુદ્ધ ચેતનારૂપ પરિણમે છે. "**

શું કહે છે? જીવ-આત્મા તે શુદ્ધ પર્યાય-સિદ્ધપણે અથવા મોક્ષમાર્ગપણે પરિણમો અથવા તે અશુદ્ધપણે પરિણમો પરંતુ તે પરનો કર્તા તો છે જ નહીં. આ કર્તા કર્મ અધિકાર છે ને!

પોતાના પરિણામ શુદ્ધ ચૈતન્ય તે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રપણે હો કે સિદ્ધપણે હો! અહીંયા તો સિદ્ધપણાની પર્યાય લીધી છે. પોતાની પર્યાયમાં સિદ્ધ પર્યાયપણે પરિણમો તે પોતાની પર્યાયનો કર્તા અને સિદ્ધ પર્યાય કર્મ.. એવું કર્તા કર્મ એ પણ ઉપચારથી છે. આહા! આત્મા કર્તા અને શુદ્ધ પરિણામ કાર્ય એ ઉપચાર અર્થાત્ વ્યવહાર છે. પરમાર્થે તો શુદ્ધ પરિણતિ તે જ કર્તા અને તે જ કર્મ છે. પોતાનો આત્મા પોતાના સ્વભાવના આશ્રયે શુદ્ધ ચેતનારૂપ પરિણમન ( કરે તેમ કહેવું તે પણ ઉપચાર છે ).

લોકો કહે છે કે- ક્રમબદ્ધની બહુ તકરારી વાત છે. તે ભાઈ વાત લાવ્યા કે- તેઓ ક્રમબદ્ધને કબુલ કરે છે. તેમણે એમ કહ્યું કે- ક્રમબદ્ધની વાત તો સત્ય છે. ક્રમબદ્ધનો નિર્ણય થાય તો વીતરાગતા પ્રગટ થાય.

શ્રીપંચાસ્તિકાય ૧૭૨ ગાથામાં કહ્યું છે કે ચારે અનુયોગનો સાર વીતરાગતા છે. વીતરાગતા પ્રાપ્ત થવી તેનો અર્થ એ થયો કે- સ્વદ્રવ્યનો આશ્રય કરે તો વીતરાગતા પ્રાપ્ત થાય. સ્વદ્રવ્યનો આશ્રય કરવો તે ક્રમબદ્ધનો નિર્ણય છે.

આજથી ત્રીસ વર્ષ પહેલાં પ્રવચન હોલમાં વિદ્વત પરિષદ ભરાણી હતી, ત્યારે લાલ બહાદૂરે કબુલ કર્યું હતું કે- ક્રમબદ્ધ છે. તે વખતે જગમોહનલાલજી ના પાડતા હતા. ત્યારે હજુ તેની શરૂઆત હતી. ત્યારે લાલ બહાદૂરે તેમને કહેલું કે- ક્રમબદ્ધ છે તે બરોબર છે.

તે લોકો એમ માનતા કે- જો આપણે ક્રમબદ્ધનો નિર્ણય કરીએ તો સોનગઢની વાત સાચી થઈ જાય અને અમારી વાત ખોટી થઈ જાય. અરે.. ભગવાન! સત્ય વાત શું છે તે વાત અહીંયા છે. આ કોઈની વાત છે ને તે કોઈની વાત નથી એ કાંઈ વાત છે?

અહીં તો કહે છે- જે આત્મા શુદ્ધ પરિણમન કરે છે તેનો કર્તા આત્મા અને શુદ્ધ પરિણમન કાર્ય તેમ તો છે પરંતુ કર્મનો અભાવ તે શુદ્ધ પરિણતિનો કર્તા એમ છે નહીં.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો પછી કર્મનો અભાવ થયો - કર્મનો નાશ થયો માટે અહીંયા શુદ્ધ પરિણતિ થઈ તેમ નથી. શુદ્ધ પરિણતિનો આત્મા કર્તા અને જે ધર્મના શુદ્ધ પરિણામ થયા તે કાર્ય છે.. તેમ કહેવું તે પણ ઉપચાર છે. કેમ કે દ્રવ્ય અને પર્યાય વચ્ચે કર્તા કર્મ કહેવું તે ઉપચારનું કથન છે. સમજમાં આવ્યું ?

આહાહા ! આત્મા શરીર, વાણી જ્ઞેયનો તો કર્તા નથી, તે આપણે પરિણમ્ય પરિણામકત્વ શક્તિમાં આવી ગયું છે. તેનો અર્થ- આત્મા પરજ્ઞેયોને જાણવાના સ્વભાવવાળો છે. જ્ઞેયાકારોને ગ્રહણ કરવાના સ્વભાવરૂપ છે. પછી તે પરદ્રવ્યમાં અરિહંત હો કે પંચ પરમેષ્ઠી હો કે અનંત નિગોદના જીવ હો તેનું પોતાના પ્રમાણજ્ઞાનમાં ગ્રહણ કરવાનો જેનો સ્વભાવ છે અર્થાત્ જાણવાનો સ્વભાવ છે. પરદ્રવ્યને કરવાનો સ્વભાવ નથી. પરદ્રવ્યથી પોતાનામાં જ્ઞાન થાય છે તેનો કર્તા પરદ્રવ્ય તેમ પણ નહીં. પોતાનો સ્વભાવ પરજ્ઞેયોને જાણવાનો છે તે પ્રમાણ છે.

પરિણમ્ય પરિણામકત્વ શક્તિ. પરિણમ્યનો અર્થ પ્રમાણ અને પરિણામકત્વનો અર્થ પ્રમેય થવું. પોતાનો સ્વભાવ પરજ્ઞેયોને ગ્રહણ કરવાનો- જાણવાનો છે અને પોતાનો સ્વભાવ પરને જ્ઞાનમાં ગ્રહણ કરવાનો છે. જ્ઞાની પરમાત્મા અથવા શ્રુતજ્ઞાનીને શ્રુતજ્ઞાનમાં- મતિજ્ઞાનમાં પોતાનો આત્મા પ્રમેય થઈને પોતાના પ્રમાણજ્ઞાનમાં જાણવા લાયક છે. પરને પ્રમેય તરીકે ગ્રહણ કરાવવા લાયક છે.. અને પરને ગ્રહણ કરવા લાયક છે. સમજમાં આવ્યું ?

અહીં કહે છે- અશુદ્ધ- શુદ્ધ પરિણતિ તે પણ પોતાનું કાર્ય છે.. એ પોતાનો આત્મા કર્તા છે તેમ કહેવું તે પણ ઉપચાર- વ્યવહાર થઈ ગયો. આત્મા પરનો કર્તા તો છે જ નહીં. પરથી પોતાનામાં કેવળ જ્ઞાનની શુદ્ધ પરિણતિ પ્રગટ થાય છે તે વાત તો છે જ નહીં.

આહાહા ! ક્રમબદ્ધના નિર્ણયનો સાર તો વીતરાગતા છે. ક્રમબદ્ધ કહેવામાં પણ વીતરાગતા કહેવી છે. તો એ વીતરાગતા ક્યારે થાય ? સ્વદ્રવ્યના આશ્રયથી થાય છે. જિનની આજ્ઞા તો એ છે કે- ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. સમયસાર ૧૧ ગાથામાં કહ્યું- " भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो। " જે સત્યાર્થ પૂર્ણાનંદ પ્રભુ છે તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે.. તેનો આ અર્થ છે. ભગવાનની આજ્ઞા જે ક્રમબદ્ધનો નિર્ણય કરાવવાની છે તેમાં વીતરાગતા બતાવવી છે. અને આ વીતરાગતા સ્વદ્રવ્યના આશ્રયથી પ્રગટ થાય છે. વીતરાગતા પરદ્રવ્યના આશ્રયથી પ્રગટ થતી નથી. પરદ્રવ્યના આશ્રયે તો પરાશ્રિત વ્યવહાર પ્રગટ થાય છે. નિશ્ચય સ્વાશ્રિત અને વ્યવહાર પરાશ્રિત છે.

તે વ્યવહારમાં પંચપરમેષ્ઠી હો કે અનંતાનિગોદના જીવ હો તે પરદ્રવ્ય છે. નિગોદના જીવ બતાવ્યા અને તે નિગોદના જીવોની દયા પાળવા લાયક છે એવા કારણથી બતાવ્યું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. આહાહા ! આ અનંત નિગોદ જે છે તેને તારા જ્ઞાનમાં ગ્રહણ કરવાનો તારો સ્વભાવ છે.. તેમ બતાવવું છે. પરની દયા પાળવા માટે બતાવ્યા છે તેમ નથી. સમજમાં આવ્યું ?

પોતાના પ્રમાણ જ્ઞાનમાં પર અનંતા જ્ઞેયો, પંચ પરમેષ્ઠી આદિ પદાર્થ તેનું જ્ઞાન કરવાનો સ્વભાવ છે. ગ્રહણ નામ જ્ઞાન કરવાનો અને પોતાનો સ્વભાવ પરના જ્ઞાનમાં ગ્રહણ કરાવવાનો સ્વભાવ છે. અર્થાત્ પ્રમાણરૂપ પણ આત્મા છે અને પ્રમેયરૂપ પણ આત્મા છે. આપણે ૪૭ શક્તિ ચાલી ગઈ. ત્યાં તો શુદ્ધ પરિણતિનો કર્તા પણ આત્મા નથી તે સિદ્ધ કરવું છે. સમજમાં આવ્યું ?

અહીંયા તો એ સિદ્ધ કર્યું છે કે- આત્મા શુદ્ધ પરિણતિરૂપે પરિણમો કે અશુદ્ધપણે પરિણમો, પરંતુ તે પોતાની પરિણતિનો કર્તા છે પરંતુ તે પરનો તો કર્તા છે જ નહીં. બસ આટલું સિદ્ધ કરવું છે.

જ્યારે અશુદ્ધ પરિણતિરૂપે પરિણમે છે ત્યારે સામે કર્મમાં એટલા પ્રમાણમાં બંધન થાય છે. જેટલા પ્રમાણમાં તે રાગ-દ્વેષરૂપે પરિણમે તેટલા પ્રમાણમાં બંધ થાય છે, છતાં તે બંધની પર્યાયનો કર્તા આત્મા નથી. તો પછી શરીર ને વાણી ને દેહની પરની ક્રિયા કરી શકે આત્મા તેમ છે નહીં. હા, આત્માનો પરને ગ્રહણ કરવાનો જ્ઞાન કરવાનો સ્વભાવ છે. પરના કર્તાપણાનો અથવા પરથી પોતાનામાં કાંઈ થાય તેવો કોઈ સ્વભાવ છે જ નહીં. સમજમાં આવ્યું ?

**ભાવાર્થઃ- " જીવ દ્રવ્ય અશુદ્ધ ચેતનારૂપ પરિણમે છે. "** વિકારરૂપે પરિણમો તો પણ વિકાર તેનો કર્તા અને વિકાર તેનું કર્મ તે પણ પર્યાયમાં છે. દ્રવ્ય અશુદ્ધતાનું કર્તા અને અશુદ્ધતા દ્રવ્યનું કાર્ય એમ પણ નથી.

શું કહ્યું ? અશુદ્ધ પરિણતિ જે છે તેનું દ્રવ્ય કર્તા અને તે દ્રવ્યનું કર્મ એવું પણ છે નહીં. કેમ કે દ્રવ્યમાં એવી કોઈ શક્તિ નથી કે તે વિકારપણે પરિણમે. દ્રવ્યમાં અનંત શક્તિઓ છે અને તે બધી શુદ્ધ છે. શુદ્ધપણે પરિણમવું તે તેની શક્તિનું કાર્ય છે. સૂક્ષ્મ વાત છે ભાઈ !

આ અશુદ્ધતા છે તે તારું પરિણમન હો ! તો પણ તે પર્યાયનું ષટ્કારકરૂપ પરિણમન છે. આ વાત તો આજથી વીસ વર્ષ પહેલાં વર્ણીજીની સાથે થઈ ગઈ હતી. પંચાસ્તિકાય ૬૨ ગાથામાં છે. અશુદ્ધ પરિણમનનો સમય એક છે. એક સમયમાં તેના ષટ્કારકથી પર્યાયમાં પર્યાયનું પરિણમન છે. તે દ્રવ્ય-ગુણથી નહીં અને પરથી પણ નહીં. સમજમાં આવ્યું ?

તે વાત કરે છે - તે અશુદ્ધ પરિણમનરૂપ પરિણમો કે પછી શુદ્ધ ચેતનારૂપે પરિણમો. બહુ ગંભીર વાત છે. આ આત્મા વ્યવહારથી પરિણમે છે, બાકી પરમાર્થે તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્ય પરિણમતું નથી.. પરંતુ પર્યાય પરિણમે છે. તત્ત્વની વાત ઘણી ગંભીર અને ઝીણી છે ભાઈ !

જે અશુદ્ધ પરિણતિરૂપ જેવી પર્યાય છે તે કર્તા, પર્યાય કર્મ, પર્યાય કરણ નામ સાધન, પર્યાય સંપ્રદાન, પર્યાય અપાદાન, પર્યાય અધિકરણ આ રીતે એક સમયની પર્યાયમાં ષટ્કારકરૂપ પરિણમન છે. તે પરિણમનને પરની તો અપેક્ષા છે જ નહીં પરંતુ દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી.

ક્રમબદ્ધમાં ઘણાં ઝગડા છે ને! તે કહે છે કે- કર્મથી વિકાર થાય છે. અહીં ના પાડીએ છીએ કે- ( કર્મથી વિકાર થતો નથી. ) વિકારની અશુદ્ધ પરિણતિ પોતાથી થાય છે, પરથી નહીં. તે પરિણતિ પોતાના દ્રવ્યથી થાય છે તેમ પણ વ્યવહારથી કહેવામાં આવે છે. અશુદ્ધ પરિણતિ તે તેના ષટ્કારકથી પરિણમે છે.. આ વસ્તુનો સ્વતંત્ર સ્વભાવ છે.

જીવદ્રવ્ય-શુદ્ધ ચેતનારૂપ પરિણમે છે અર્થાત્ મોક્ષમાર્ગરૂપ પરિણમે છે તેનું નામ જ્ઞાન ચેતના છે. અશુદ્ધપણે પરિણમવું તે કર્મ અને કર્મફળ ચેતના છે. શુદ્ધ ચેતનારૂપ પરિણમવું તે જ્ઞાન ચેતના છે.

'જ્ઞાન' શબ્દે ભગવાન આત્મા શક્તિએ શુદ્ધ દ્રવ્ય છે પરંતુ તેના લક્ષે જે શુદ્ધ પરિણમન થયું તે શક્તિએ શુદ્ધ છે માટે પરિણમન શુદ્ધ છે તેમ માનવું તે પણ હજુ વ્યવહાર થયો. બાકી શુદ્ધ પરિણતિની પર્યાય તેના ષટ્કારકથી થાય છે. શુદ્ધ પરિણતિ કર્તા, શુદ્ધ પરિણતિ કાર્ય, શુદ્ધ પરિણતિ કરણ, શુદ્ધ પરિણતિ અપાદાન, શુદ્ધ પરિણતિ સંપ્રદાન અને શુદ્ધ પરિણતિ આધાર - અધિકરણ છે. એક સમયની પર્યાયમાં ષટ્કારકરૂપ શુદ્ધ પરિણમન પોતાથી છે, આત્મા તેનાથી ભિન્ન છે.

**પ્રશ્નઃ-** અહીં ( કળશમાં ) તો આત્માને કર્તા કહ્યો છે ને ?

**ઉત્તરઃ-** તે હમણાં જ કહ્યું ને.. કે- વ્યવહારથી કર્તા કહ્યો છે. પરથી ભિન્ન પાડવા માટે લખ્યું છે.

**પ્રશ્નઃ-** તે વાત માનવી કે હમણાં કહો છો તે માનવું ?

**ઉત્તરઃ-** એ બન્ને વાત યથાર્થ છે.

આ વાત માનવાનું ફળ શું ? અશુદ્ધ પરિણતિ પોતાથી થાય છે, પરથી નહીં. શુદ્ધ પરિણતિ પોતાથી થાય છે તેમ માનવાનું ફળ શું ? તાત્પર્ય શું ?

અશુદ્ધ પરિણતિ પોતાથી થાય છે એવું વાક્ય આવ્યું તો વીતરાગતા એમ કહે છે કે- ચાર અનુયોગનો સાર તો વીતરાગતા છે. તો અશુદ્ધ પરિણતિ તારાથી થઈ છે તે માનવાનું તાત્પર્ય શું ? તાત્પર્ય એ કે- અશુદ્ધ પરિણતિની દૃષ્ટિ છોડી દે! અને શુદ્ધ ચૈતન્ય સ્વરૂપની દૃષ્ટિ કર. અશુદ્ધ પરિણતિનું પરિણમન તારાથી છે તેમ જાણવાનું તાત્પર્ય આ છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પંચાસ્તિકાય ૧૭૨ ગાથામાં કહ્યું છે કે– સર્વ શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. પછી તે કરણાનુયોગ હો કે પછી ચરણાનુયોગ હો કે પછી કથાનુયોગ હો કે દ્રવ્યાનુયોગ હો ! તેનો સાર તાત્પર્ય–રહસ્ય વીતરાગતા છે. વીતરાગતા કેવી રીતે થાય છે ? શું તે પરના લક્ષથી થાય છે ? પરાશ્રયે તો વ્યવહાર પ્રગટ થાય છે અને વીતરાગતા સ્વઆશ્રયથી થાય છે. તો પણ અહીંયા દ્રવ્યનો આશ્રય લ્યે છે તેમ નથી લેવું પરંતુ શુદ્ધતા વખતે ફક્ત સ્વ ઉપર લક્ષ જાય છે.. તે કારણે દ્રવ્યને આશ્રય કહ્યું છે.

આ પ્રશ્ન ન્યાલચંદભાઈ સોગાનીએ ઘણો ચલાવ્યો હતો. ‘ દ્રવ્યદૃષ્ટિપ્રકાશ ’માં પાછળમાં આ પ્રશ્ન ચલાવ્યો હતો. જો પર્યાયને ધ્રુવનો આશ્રય હોય તો પર્યાય પરાધીન થઈ જાય. લાલચંદભાઈ ! ખબર છે ને ! ‘ દ્રવ્યદૃષ્ટિપ્રકાશ ’ પુસ્તક લાલચંદભાઈએ અને શશીભાઈએ જ છપાવ્યું છે. એમાં અંદરખાને ( ખાનગી ) આ ચર્ચા થઈ હતી.

પર્યાય દ્રવ્યનો આશ્રય લ્યે છે એટલે કે– પર્યાય તો સ્વતંત્ર છે, પરંતુ તેનું લક્ષ આમ ( દ્રવ્ય ઉપર ) જાય છે.. બસ એટલું જ છે. ( અજ્ઞાનની ) પર્યાયનું લક્ષ પર ઉપર છે તે પર્યાય તો ત્યાં રહી, તે પર્યાય અંદરમાં લક્ષ કરી શકતી નથી. જે પર્યાયમાં પરલક્ષ છે તે અશુદ્ધતા છે, તે તો ત્યાં રહી. તેનું તાત્પર્ય એ કે– તે અશુદ્ધ પરિણમન કરવામાં સ્વતંત્ર છે. હવે ત્યાર પછીની પર્યાય દ્રવ્યનો આશ્રય લઈ અને વીતરાગતા ઉત્પન્ન કરે છે. આ તેનું તાત્પર્ય છે.

**પ્રશ્નઃ**- આપે તો ફરમાવ્યું હતું કે– દ્રવ્ય પર્યાયને અડતું પણ નથી ?

**ઉત્તરઃ**- એ કહ્યું હતું... અને હજુ પણ કહીએ છીએ. ૪૯ ગાથાના છ અવ્યક્તના બોલ ચાલ્યા હતા. ત્યાં પાંચમા બોલમાં એમ કહ્યું કે– વ્યક્ત નામ પર્યાય અને અવ્યક્ત નામ દ્રવ્ય બેનું એક સાથે એક સમયમાં મિશ્રિત જ્ઞાન હોવા છતાં પણ વ્યક્તને અવ્યક્ત સ્પર્શતું નથી. સમજમાં આવ્યું ?

રાત્રિના તમારો પ્રશ્ન હતોને કે અલિંગગ્રહણ ઉપર કાંઈક કહો. આ વીસમો બોલ છે તેમાં એમ આવ્યું કે– પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી. અવ્યક્તના પાંચમાં બોલમાં એમ આવ્યું કે– દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી.

ભગવાન ! તત્ત્વ સૂક્ષ્મ છે. ભાષા સાદી છે ભાવ ભલે ગંભીર છે. ભાષા કાંઈ સંસ્કૃતને એવી કઠણ નથી.

શું કહે છે ? વ્યક્ત અર્થાત્ પર્યાય અને અવ્યક્ત અર્થાત્ દ્રવ્ય બેને એક સમયમાં જાણવા છતાં પણ વ્યક્તને અવ્યક્ત સ્પર્શતું નથી. પાંચમા બોલમાં આમ આવ્યું છે.

અલિંગગ્રહણના ૧૮, ૧૯, ૨૦ બોલ સૂક્ષ્મ છે. ૧૮માં બોલમાં એમ આવ્યું છે કે– “ ગુણ વિશેષને નહીં ગ્રહણ કરવાવાળું અર્થાવબોધરૂપ ગુણ. ” ગુણ વિશેષનો આશ્રય નહીં કરવાવાળા દ્રવ્ય સ્વભાવ છે. શું કહ્યું ? ગુણ વિશેષને એટલે ભેદને નહીં સ્પર્શ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરવાવાળું દ્રવ્ય છે.

'અર્થાવબોધ' તેવો શબ્દ પડયો છે. અર્થ એટલે પદાર્થનું. અવબોધ એટલે જ્ઞાન. અવબોધ શબ્દે એકલું જ્ઞાન ન લેવું... પરંતુ "અર્થાવબોધ ગુણ વિશેષ" એમ લેવું. પાઠમાં એટલું લીધું- 'અર્થાવબોધ' એટલે દ્રવ્યમાં જેટલા ગુણ છે તે ગુણ વિશેષને સ્પર્શતું નથી.. તેવું દ્રવ્ય છે. ગુણને એટલે ભેદને સ્પર્શતું નથી. તેને અલિંગગ્રહણ કહેવામાં આવે છે. આ ધીમે ધીમે કહીએ છીએ જેથી વિચાર કરવામાં તેને અવસર રહે.

અર્થાવબોધગુણ વિશેષ જેને સ્પર્શતું નથી તેવો દ્રવ્યસ્વભાવ છે. તેનો અર્થ એ થયો કે-ગુણ-ગુણીનો ભેદ પણ નથી. ગુણી દ્રવ્ય અને ગુણ શક્તિ તેવી ભેદની દૃષ્ટિ પણ નથી ગુણ ગુણીને અને ગુણી ગુણને ગ્રહણ કરે છે તેમ નથી. ગુણી તો દ્રવ્ય સ્વભાવ છે તે ભેદને-ગુણને ગ્રહણ કરતો નથી.

૧૯ બોલમાં 'અર્થાવબોધરૂપ' પર્યાય વિશેષ તેને નહીં સ્પર્શવાવાળું દ્રવ્ય છે. શું કહ્યું ? સૂક્ષ્મવાત છે ભાઈ ! પ્રવચનસાર તે ભગવાનની દિવ્ય ધ્વનિનો સાર છે. પ્ર=દિવ્ય વચન=ધ્વનિ. દિવ્ય ધ્વનિ કહો કે પ્રવચન કહો. તેનો સાર એટલે દિવ્યધ્વનિનો સાર... તે પ્રવચનસારમાં છે. ત્રિલોકીનાથ પરમાત્માની ઓમ ધ્વનિનો સાર છે.

પ્રવચનસારમાં એક જ્ઞેય અધિકાર છે. ૯૩ થી ૨૦૦ ગાથા જ્ઞેય અધિકાર છે. તે જ્ઞેયનો સ્વભાવ શું છે તે અહીંયા કહે છે. વાસ્તવિક જ્ઞેયનો આવો સ્વભાવ છે. જ્ઞેય અધિકાર છે તે સમકિતનો અધિકાર છે. પહેલો જ્ઞાનનો અધિકાર અને બીજો જ્ઞેયનો અધિકાર એટલે સમકિતનો અધિકાર. ત્રીજો ચરણાનુયોગ ચારિત્રનો અધિકાર એટલે ક્રિયાનો અધિકાર જ્ઞેય અધિકારમાં જ્ઞેય કેવું છે તે કહ્યું છે.

જ્ઞેય અધિકારની ૧૦૨ ગાથામાં એમ લીધું છે કે- જ્ઞેય આવું છે. પર્યાય જે પોતાના કાળે - જન્મક્ષણે તે સમયે ઉત્પન્ન થાય છે તેવો જ્ઞેયનો સ્વભાવ છે. શું કહ્યું ? જ્ઞેયમાં છએ દ્રવ્યો તે જ્ઞેયનો એવો સ્વભાવ છે કે- જે સમયે જે પર્યાય ઉત્પન્ન થવાવાળી છે તેનો તે જન્મક્ષણ છે. તે પર્યાયની ઉત્પત્તિનો કાળનો કાળ છે. (સ્વકાળ છે)

જ્ઞેય અધિકાર ૯૯ ગાથામાં એમ કહ્યું કે- પોતાના સમયમાં પર્યાય થાય છે તે જ્ઞેયનો સ્વભાવ છે. આ સૂક્ષ્મ આવ્યું. કાલે પ્રશ્ન કર્યો હતો ને ? કાલે અવ્યક્તના છ બોલ ચાલ્યા હતા. આજે થોડું અલિંગગ્રહણનું લીધું.

શું કહ્યું ? (૧) છએ દ્રવ્યોનાં સ્વભાવમાં પોતાની પર્યાય સ્વકાળે થાય છે.. તે જ્ઞેયનો સ્વભાવ છે. (૨) જ્ઞેયનો સ્વભાવ એવો છે કે- પોત-પોતાના પર્યાય થાય છે, આગળ-પાછળ થતી નથી તે જ્ઞેયનો સ્વભાવ છે. (૩) ઉત્પાદ ઉત્પાદથી છે. ઉત્પાદ વ્યયથી નહીં ને ધ્રુવથી નહીં. ધ્રુવ ઉત્પાદથી નહીં તેવો જ્ઞેયનો સ્વભાવ છે. પ્રવચનસારનો બીજો અધિકાર તેને જયસેન આચાર્યદેવે સમકિતનો અધિકાર કહયો છે. આહાહા !

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આમાં ક્રમબદ્ધ આવી ગયું. પર્યાય પોતપોતાના અવસરે થાય છે તે તેની ઉત્પત્તિની જન્મક્ષણ છે. ઉત્પાદ ઉત્પાદથી તે સમયે તે થવાનો હતો તે થયો તે ધ્રુવથી નથી.

જેમ ત્રિકાળી ત્રિકાળરૂપે છે તેમ વર્તમાન પર્યાયનો કાળ એક સમયનો છે. જે સમયે એનો કાળ છે તે સમયે તે ઉત્પન્ન થશે જ. સૂક્ષ્મ વાત છે પરંતુ વસ્તુ આવી ગંભીર છે. અલિંગગ્રહણમાં દ્રવ્ય-ગુણ બે ની વાત કરી. અહીંયા જ્ઞેય અધિકારમાં એ કીધું કે- પર્યાય પોત-પોતાના અવસરે થાય છે. તે તેની જન્મક્ષણ છે. સ્વામી કાર્તિકેયમાં તો એમ લીધું છે કે- છએ દ્રવ્યની કાળ લબ્ધિ છે. પોત પોતાના કાળે પર્યાય ઉત્પન્ન થાય છે તે તેની કાળલબ્ધિ છે.

( જ્ઞેય અધિકારમાં ) પર્યાયનું ક્રમબદ્ધ સિદ્ધ થઈ ગયું પણ.. તેનું તાત્પર્ય શું ?

અહીં અલિંગગ્રહણમાં કહ્યું કે- અર્થાવબોધરૂપ પર્યાય વિશેષને નહીં ગ્રહણ કરવાવાળું એવું દ્રવ્ય છે. દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. દ્રવ્ય પર્યાયને અડતું નથી.

હવે ત્રીજો બોલ આકરો છે. પર્યાય દ્રવ્યને અડતી નથી. આ વાત વીસમાં બોલમાં આવે છે. ' ' પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું ધ્રુવ દ્રવ્ય તેને પર્યાય સ્પર્શતી નથી. ' ' એ જે સામાન્ય છે તે પર્યાયને સ્પર્શતું નથી અને પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી.

પ્રવચનસાર ૧૦૭ ગાથામાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેને સત્ કહ્યાં છે. ઉત્પાદ- વ્યય ને ધ્રુવ ત્રણેય સત્ છે. જ્ઞેય અધિકારમાં તે ત્રણેયને સ્વતંત્ર સિદ્ધ કર્યા છે.. અને તે શ્રદ્ધાનો એટલે સમકિતનો અધિકાર તેમ સિદ્ધ કર્યું છે. ખરેખર તો સમકિતના કાળમાં દ્રવ્ય સ્વભાવનો આશ્રય તે સમકિત છે. પરંતુ અહીંયા જ્ઞાનપ્રધાન અધિકાર હોવાથી સમકિત કહ્યું છે.

સર્વ વિશુદ્ધ અધિકારમાં તો પાછળ એમ લીધું છે કે- જ્ઞેયને જ્ઞાયકની શ્રદ્ધા તે સમકિત છે. દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ તો એકલા જ્ઞાયકની શ્રદ્ધા તે સમકિત, પરંતુ જ્ઞાનપ્રધાન સમ્યગ્દર્શનની જે વ્યાખ્યા છે ત્યાં જ્ઞેય ને જ્ઞાયકની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું છે.

પ્રવચનસાર સર્વવિશુદ્ધ અધિકાર તેની ૨૪૨ ગાથા છે જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વની જેમ છે તેમ યથાર્થ પ્રતીતિ તેવું લક્ષણ છે તે સમ્યગ્દર્શન પર્યાય છે.

સમયસાર ૧૧મી ગાથામાં એમ કહ્યું કે- એકલા સ્વદ્રવ્યનું- ભૂતાર્થનો આશ્રય તે સમ્યગ્દર્શન- તે દૃષ્ટિ પ્રધાન કથન છે. અને જ્ઞાનપ્રધાન સમ્યગ્દર્શનના કથનમાં જેટલું જ્ઞેય છે તે જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વ તે પોતાનો આત્મા, તે બે ની તથા પ્રકારે પ્રતીતિ તે સમ્યગ્દર્શનની પર્યાય તેમ લીધું છે. આહા ! આવો માર્ગ છે.

પ્રવચનસારમાં જ્ઞાનપ્રધાન કથન છે અને સમયસારમાં દૃષ્ટિ પ્રધાન કથન છે. તેથી સમયસારમાં ૪૭ શક્તિઓ લીધી છે. કેમ કે દૃષ્ટિપ્રધાન કથનમાં શક્તિ અને શક્તિવાન

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લીધું છે, તેમાં પર્યાય નહીં અને જ્ઞાનપ્રધાનમાં જ્ઞેય અને જ્ઞાયક બેની પ્રતીતિ તે સમ્યગ્દર્શનન છે. અને તત્ત્વાર્થ શ્રદ્ધાન્ સમ્યગ્દર્શન તે પણ જ્ઞાનપ્રધાન સમ્યગ્દર્શન છે. કેમ કે તત્ત્વાર્થમાં બે આવ્યા.. ( દ્રવ્ય ને પર્યાય ). તેમાં સંવર-નિર્જરા બધું જ આવી ગયું અને આ દૃષ્ટિપ્રધાન કથનમાં એકલો ધ્યેયભૂત ભૂતાર્થ ભગવાન આત્મા જે ત્રિકાળ છે તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે.. ( તેમ આવ્યું. )

અહીંયા કહે છે કે- શુદ્ધ પરિણમન હો કે અશુદ્ધ પરિણમન હો ત્યાં એટલું સિદ્ધ કરવું છે કે- તે પોતાનું કાર્ય છે, પરનું કાર્ય આત્મા કરી શકતો નથી. જેટલા પ્રમાણમાં અજ્ઞાન અને રાગ-દ્વેષ કરે તેટલા પ્રમાણમાં જ્ઞાનાવરણીય મોહનીય આદિ કર્મ બંધન થાય છે, છતાં તે કર્મબંધનની પર્યાયનો કર્તા રાગ-દ્વેષની પર્યાય નહીં. અશુદ્ધ પરિણમન દ્રવ્યકર્મબંધની પર્યાયનો કર્તા નહીં.

આહાહા ! શુદ્ધ પરિણતિ કર્મ અને આત્મા તેનો કર્તા એટલું સિદ્ધ કરીને કહે છે કે- શુદ્ધ પરિણતિમાં જે કર્મનો અભાવ થાય છે તેની અપેક્ષા શુદ્ધ પરિણતિને નથી એમ કહે છે. જેમ વિકારી પર્યાય પોતાના ષટ્કારકથી સ્વતંત્ર પરિણમે છે તેમ મોક્ષમાર્ગની પર્યાય પણ પોતાના ષટ્કારકથી સ્વતંત્ર પરિણમે છે. કહેવત છે કે- કર્મે માર્ગ આપ્યો. અહીં કહે છે- દર્શનમોહનો અભાવ થયો તેથી અહીં સમ્યગ્દર્શન થયું એવી અપેક્ષા ત્યાં છે જ નહીં.

**શ્રોતાઃ-** તત્ત્વાર્થસૂત્રમાં તો એમ કહ્યું છે ?

**ઉત્તરઃ-** ત્યાં તો જ્ઞાનપ્રધાન કથન છે- એ રીતે કહેલ છે. ત્યાં પણ દર્શનમોહનો અભાવ થયો માટે સમ્યગ્દર્શન થયું એમ કહેલ નથી. તત્ત્વાર્થસૂત્રમાં તો એમ કહ્યું કે- ચાર ઘાતિ કર્મના નાશથી કેવળજ્ઞાન થાય છે.. , તો એમ છે ?

**શ્રોતાઃ-** તેનું અધ્યયન અહીંયા થવું જોઈએ !

**ઉત્તરઃ-** તેનું અધ્યયન થઈ ગયું છે. ત્યાં કઈ અપેક્ષાએ કહ્યું છે ! ચારકર્મની જે કર્મરૂપ અવસ્થા તેનો નાશ થઈને અકર્મરૂપ અવસ્થા થાય છે. તેનો નાશ થઈને શું કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે ? અહીંયા તો મિથ્યાત્વનો નાશ થઈને સમ્યક્ત્વ થાય છે એટલી અપેક્ષા લ્યે તો પણ વ્યવહાર છે. કર્મનો નાશ થઈને સમ્યગ્દર્શન થયું તેમ વાત નથી. મિથ્યાત્વનો નાશ થઈને સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું એ પણ વ્યયની અપેક્ષાએ કથન છે. મિથ્યાત્વનો નાશ થયો માટે સમ્યગ્દર્શનની પર્યાય થઈ છે તેમ છે જ નહીં. એ વ્યયને ઉત્પાદની અપેક્ષા છે નહીં. કઈ નયથી કહ્યું છે, કેવો અર્થ છે તે પ્રમાણે નય લગાવવી જોઈએ. કર્તાકર્મ સિદ્ધ કરવું છે તો એ નયનું કથન છે.

**“ જીવદ્રવ્ય અશુદ્ધ ચેતનારૂપ પરિણમે છે, શુદ્ધ ચેતનારૂપ પરિણમે છે, તેથી જે કાળે જે ચેતનારૂપ પરિણમે છે તે કાળે તે જ ચેતના સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપ છે. ”**

ભાષા આ રીતે છે. અશુદ્ધપણે પરિણમે તો પરિણમન વ્યાપ્ય અને આત્મા વ્યાપક

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલું પરથી ભિન્ન પાડવા સિદ્ધ કરવું છે. શુદ્ધપણે અર્થાત્ સમ્યગ્દર્શનપણે પરિણમે તે પર્યાય વ્યાપ્ય અને આત્મા વ્યાપક છે. અશુદ્ધપણે પરિણમે તો પર્યાય વ્યાપ્ય અને આત્મા વ્યાપક તેમાં પણ આત્મા શબ્દે પર્યાય લેવી. દ્રવ્ય વ્યાપક થઈને અશુદ્ધતારૂપે પરિણમે છે તે વ્યવહારનયનું કથન છે.

**પ્રશ્નઃ**- દ્રવ્ય વ્યાપક છે તે બરાબર છે?

**ઉત્તરઃ**- દ્રવ્ય વ્યાપક નથી એમ કહે છે. દ્રવ્ય તો શુદ્ધ છે. તેની શક્તિ તો શુદ્ધ છે તે અશુદ્ધપણે વ્યાપક થઈ શકે છે? ઝીણી વાત છે ભાઈ! સમજમાં આવ્યું?

જે અશુદ્ધ પરિણમન છે તેના કર્તારૂપ ષટ્કારકો છે તે કારકો પર્યાયમાં છે.. તે કારકો દ્રવ્યમાં નહીં. દ્રવ્યના કારકો, ધ્રુવના કારકો તો ધ્રુવ છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાનરૂપ જે શક્તિઓ છે તે તો ધ્રુવ છે.. તેમાં આ ( ષટ્કારકરૂપ ) પરિણમન નહીં. જ્યારે અહીંયા તો પરિણામની વાત લેવી છે.

આહાહા! જે ધ્રુવ સદેશ છે તે પરિણામમાં આવતું નથી. પરિણમનમાં તો પર્યાય પરિણમે છે. પર્યાયનું કર્તા પર્યાયના ષટ્કારક છે. વિકારી હો કે અવિકારી હો પર્યાય પોતાના ષટ્કારકથી સ્વતંત્ર પરિણમે છે. આમ ને આમ ચલાવ્યું, ક્યારેય આત્માની દરકાર કરી નહીં.

ભગવાન તો વારસો ઘણો મૂકી ગયા છે. આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો મોક્ષનો માર્ગ છે. પ્રભુ! અત્યારે અહીંયા આવી વાત ક્યાં છે! વીતરાગતાનો તો અત્યારે વિરહ છે.. પણ વીતરાગતાના નિમિત્તરૂપ શાસ્ત્રો એ કેવળજ્ઞાનની સિદ્ધિ કરી દીધી છે. જેને સમજવું હોય તેના માટેની વાત છે.

પોતાની ચેતનાની સાથે વ્યાપ્ય વ્યાપક છે, તેમ અહીંયા વિકારની સાથે પણ વ્યાપ્ય– વ્યાપક કહ્યું; ત્યાં પરથી ભિન્ન પાડવું છે એટલી અપેક્ષા છે. સમયસાર ૭૫–૭૬ ગાથામાં કર્તા કર્મના સંબંધમાં એમ કહ્યું કે– વિકાર વ્યાપ્ય અને કર્મ વ્યાપક છે. કેમ કે ત્યાં સ્વભાવની સિદ્ધિ કરવી છે. જ્યારે અહીંયા તો તેની પરિણતિને સિદ્ધ કરવી છે.

૭૫–૭૬ ગાથામાં તો એમ લીધું કે– ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય શક્તિ અને શુદ્ધદ્રવ્ય વ્યાપક અને શુદ્ધ પર્યાય તેનું વ્યાપ્ય છે. વિકાર છે ને? વિકાર વ્યાપ્ય છે અને કર્મ વ્યાપક છે. એ કેવું કથન અને આ કળશમાં કેવું કથન! કયું કથન કઈ નયથી છે તે સમજવું જોઈએ. શાસ્ત્રનો પાઠ છે કે નહીં? ખીલે બાંધવાના છે એટલે કે જે નયનું જે કથન છે ત્યાં તે સમજવું તે ખીલા છે.

**શ્રોતાઃ**- અમારે તો શ્રદ્ધા કરવી છે તેથી સમ્યગ્દર્શનની વાત કરોને?

**ઉત્તરઃ**- આ સમ્યગ્દર્શનની તો વાત ચાલે છે ને! ભગવાન! અશુદ્ધ પરિણતિ પણ તારાથી છે એમ કહેવામાં સ્વતંત્ર પરિણતિ સિદ્ધ થાય છે. એમ કહેવાનું તાત્પર્ય તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વીતરાગતા લાવવી છે ને ? અશુદ્ધ પરિણતિ પરનું લક્ષ છોડી અને શુદ્ધ ચૈતન્ય દ્રવ્યનો આશ્રય કરવાથી વીતરાગતા ઉત્પન્ન થાય છે તે સર્વથા પ્રકારનું તાત્પર્ય છે. સ્વનો આશ્રય કરવો તે તાત્પર્ય છે.

**પ્રશ્નઃ-** અમને વીતરાગતા નથી જોઈતી અમને તો સમ્યગ્દર્શન જોઈએ ?

**ઉત્તરઃ-** સમ્યગ્દર્શન કહો કે વીતરાગતા કહો બધું એક જ છે. સરાગ સમ્યગ્દર્શન તે સમ્યગ્દર્શન છે જ નહીં. અત્યારે એ મોટી-ચર્ચા છે ને ! સરાગ સમ્યક્ત્વ છે તે તો રાગના દોષની વાત બતાવી છે. સમકિત તો વીતરાગી જ હોય છે. જે અનંતાનુબંધીના અભાવથી મિથ્યાત્વના અભાવથી પ્રગટ થાય છે તે તો વીતરાગ પર્યાય છે. સમ્યગ્દર્શન તો વીતરાગ જ છે. સમજમાં આવ્યું ?

શ્રીરાજમલ્લજીનાં પંચાધ્યાયમાં તો ઘણો ઘણો ખુલાશો છે. શિષ્યે પ્રશ્ન કર્યો છે કે- સરાગ સમકિત છે ? **ઉત્તર-** સરાગ સમકિત છે જ નહીં.. બિલકુલ નથી. સમ્યગ્દર્શન તે વીતરાગી પર્યાય છે. કેમ ?

"જિન સોહી આત્મા, અન્ય સોહી કર્મ,
યહી વચનસે સમઝલે જિન પ્રવચનકા મર્મ."

જિન આત્મા વીતરાગ સ્વરૂપ છે.. તેનો આશ્રય કરવાથી વીતરાગતા થાય છે. વીતરાગતા કહો કે સમ્યગ્દર્શન કહો એક જ વાત છે. જઘન્ય આશ્રય છે તો દર્શન-જ્ઞાન થાય છે, વિશેષ આશ્રયે તો ચારિત્ર ઉત્પન્ન થાય છે, અને તેનાથી વિશેષ આશ્રય હોય તો કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે.

**શ્રોતાઃ-** ફરીવાર કહો.

**ઉત્તરઃ-** એમ કહ્યું કે- ભગવાન પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ, શુદ્ધ ધ્રુવ પ્રભુ, પરમાત્મ સ્વરૂપ, જિન સ્વરૂપ તેનો થોડો આશ્રય કરવાથી- જઘન્ય આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. સ્વરૂપાચરણ આદિ વિશેષ આશ્રય કરવાથી ચારિત્ર થાય છે. અને તેનાથી વધારે- ઉગ્ર આશ્રય કરવાથી કેવળજ્ઞાન થાય છે. વાત તો આવી છે. સમજમાં આવ્યું.

**"જે કાળે ચેતનારૂપ પરિણમે છે તે કાળે તે જ ચેતના સાથે વ્યાપ્ય- વ્યાપકરૂપ છે."** ભાષા જુઓ ! અહીંયા વિકારી પરિણામ મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ તેને વ્યાપ્ય અવસ્થા કહી અને આત્માને વ્યાપક અવસ્થાયી કહ્યું. અહીં એટલું સિદ્ધ કરવું છે. જ્યારે અંતર દૃષ્ટિ સિદ્ધ કરવી હોય ત્યારે અંદરનો સ્વભાવ આવે છે. સ્વભાવમાં અનંત શક્તિ છે તેમાંથી એવી કોઈ શક્તિ નથી કે તે વિકારને કરે. બપોરનાં પ્રવચનમાં આપણે શક્તિ ચાલે છે.

અનંત શક્તિમાંથી ૪૭ શક્તિ લીધી છે. તો કોઈ શક્તિ એવી નથી કે તે વિકારને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરે. શક્તિ તો શુદ્ધ ચિદાનંદ આત્મા છે તો અશુદ્ધતાને કરે એવી કોઈ શક્તિ નથી. હા, પરનાં લક્ષે અશુદ્ધતા ઉત્પન્ન થાય છે પરંતુ શક્તિ અને શક્તિવાનના આશ્રયથી અશુદ્ધતા થતી નથી. સમજમાં આવ્યું ?

તમારે ( લૌકિકમાં ) લગ્નની કંકોત્રી લખો તેમાં લખો છોને... " થોડું લખ્યું ઝાઝું કરીને જાણજો. " એમ લખે. તેમ અહીંયા થોડું લખ્યું ઘણું કરીને જાણજો તેમ સંતો કહે છે.

આહાહા ! અહીંયા વ્યાપ્ય-વ્યાપક એમ કહ્યું. શુદ્ધ ચેતના પણ વ્યાપ્ય અને અશુદ્ધ ચેતના પણ વ્યાપ્ય અને તે બન્નેના વ્યાપક આત્મા છે. ૭૫-૭૬-૭૭ કલશમાં એમ કહ્યું છે.. કે- તેર ગુણસ્થાનનો આત્મા કર્તા નથી તો કોણ કર્તા છે ? આ ગુણસ્થાનના જે વિકારી ભાવ છે ને તેનો કર્તા કર્મ છે.. પરંતુ આત્મા નહીં. ત્યાં થોડી સૂક્ષ્મ વાત છે.

શું કહ્યું ? નવા કર્મને જે બાંધે છે તેને ત્યાં વ્યાપ્ય કહ્યું અને વિકારી પર્યાયને વ્યાપક કહ્યું. આ તેર ગુણસ્થાન આત્મામાં છે જ નહીં, આત્મા તો ગુણસ્થાનથી રહિત છે. જે તેર ગુણસ્થાન છે તે નવા કર્મનું કર્તા છે. ખરેખર તો નવા કર્મના પરમાણું ભિન્ન છે અને આ તેર ગુણસ્થાનની પર્યાય ભિન્ન છે. નવા કર્મના આવરણનું નિમિત્ત જે તેર ગુણસ્થાનની વિકારી પર્યાય તેને વ્યાપક નામ કર્તા કહી અને નવા કર્મબંધની પર્યાયને તે વ્યાપ્ય કર્મ કહ્યું છે. નહીંતર તો કર્મ ભિન્ન છે અને આ તેર ગુણસ્થાનના ભાવ ભિન્ન છે. સમજમાં આવ્યું ? થોડું સૂક્ષ્મ છે.

**શ્રોતાઃ**- ઘણું સૂક્ષ્મ છે.

**ઉત્તરઃ**- ભગવાન ! તેને આ જાતનો અભ્યાસ નહીંને ! પરમ સત્ય તત્ત્વજ્ઞાનનો અભ્યાસ હોવો જોઈએ. આ તો તત્ત્વજ્ઞાનની વાત છે. આ તો કોલેજ છે. તમે તો થોડું જાણીને આવ્યા તેને શું લાગુ પડે ! કોલેજના પ્રોફેસર પહેલી ચોપડીનું બોલે ? સમજમાં આવ્યું ?

અહીંયા તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર છે તે પ્રોફેસર છે. ભગવાનની વાણી કહેવામાં વચ્ચે સંતો આડતીયા છે. થોડો અભ્યાસ તો હોવો જોઈએ. અરે ! દુનિયામાં એલ. એલ. બી. અને એમ. એ. માટે વકિલાતનું ભણ્યા હશે. આપણા આ બેઠા તે એલ. એલ. બી. વકિલ છે. વકિલાત પાસ કરવા કેટલા વરસ લાગે છે ? ( **શ્રોતાઃ**- બાવીસ વરસ લાગે છે. ) ૨૨ વર્ષ તો વકિલાત ભણવામાં જાય એ આ તત્ત્વ સમજવામાં બે વર્ષ ન જાય ? પાપની વકિલાત અને પાપના અભ્યાસ માટે ૨૨ વર્ષ લાગે.

**શ્રોતાઃ**- ન્યાયની કોર્ટમાં મદદ કરવા જાય.

**ઉત્તરઃ**- વકિલ કોર્ટમાં મદદ કરવા જાય છે.. તે પૈસાના લોભે જાય છે. આ રામજીભાઈ છે તે મોટા વકિલ હતા. તેઓ પાંચ કલાક જતા અને ૨૦૦ રૂા. લેતા હતા. એક કલાકની સલાહ દેવાના તે ૧૦૦ રૂા. લેતા ત્રીસ વર્ષ થયા વકિલાત છોડી દીધી છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


વઢવાણના મંગળભાઈ તે વકિલ ભાઈ કહેતા કે- રામજીભાઈ ! રામજીભાઈ એ વખતે એક જ વકિલ હતા.. એવી તો રામજીભાઈની છાપ.

**"તો પણ પુદ્‌ગલપિંડરૂપ જે જ્ઞાનાવરણાદિ કર્મ છે તેની સાથે તો વ્યાપ્ય-વ્યાપકરૂપ નથી, તેથી તેનું કર્તા નથી."** પોતાની પર્યાય શુદ્ધ કે અશુદ્ધ તેની સાથે વ્યાપ્ય-વ્યાપક છે. વ્યાપ્ય નામ અવસ્થા અને વ્યાપક નામ દ્રવ્ય. એ જે વ્યાપ્ય વ્યાપક છે. પુદ્‌ગલકર્મ આત્મા બાંધે છે એમ બિલકુલ નથી. તે સમયે કર્મવર્ગણાની પર્યાય કર્મમાં તેની થવાની લાયકાતથી તેની જન્મક્ષણે કર્મમાં ઉત્પન્ન થાય છે. એ પરમાણુમાં પણ કર્મ ઉત્પન્ન થવાની જન્મક્ષણ છે. અહીંયા વિકાર કર્યો માટે (કાર્માણ વર્ગણાને) કર્મપણે પરિણમવું પડયું તેમ નથી. માટે કર્મ વિકારનો કર્તા નથી. **"अन्जसा" સમસ્તપણે આવો અર્થ છે."** પરમાર્થથી કહીએ છીએ, યથાર્થથી કહીએ છીએ, સમસ્તરૂપથી કહીએ છીએ કે- પરનો તો કર્તા છે જ નહીં.

* * *

(અનુષ્ટુપ)

आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम्।
परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम्।।१७-६२।।

**ખંડાન્વય સહિત અર્થઃ-** "आत्मा ज्ञानं करोति" (आत्मा) **આત્મા અર્થાત્ ચેતનદ્રવ્ય** (ज्ञानं) **ચેતનામાત્ર પરિણામ** (करोति) **કરે છે. કેવો હોવાથી?** "स्वयं ज्ञानं" **કારણ કે આત્મા પોતે ચેતનાપરિણામમાત્રસ્વરૂપ છે.** "ज्ञानात् अन्यत् करोति किम्" (ज्ञानात् अन्यत्) **ચેતનપરિણામથી ભિન્ન જે અચેતન પુદ્‌ગલપરિણામરૂપ કર્મ તેને** (किम् करोति) **કરે છે શું? અર્થાત્ નથી કરતો, સર્વથા નથી કરતો.** "आत्मा परभावस्य कर्ता अयं व्यवहारिणां मोह:" (आत्मा) **ચેતનદ્રવ્ય** (परभावस्य कर्ता) **જ્ઞાનાવરણાદિ કર્મને કરે છે** (अयं) **એવું જાણપણું, એવું કહેવું** (व्यवहारिणां मोह:) **મિથ્યાદૃષ્ટિ જીવોનું અજ્ઞાન છે. ભાવાર્થ આમ છે કે-કહેવામાં એમ આવે છે કે જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા જીવ છે, તે કહેવું પણ જુઠું છે. ૧૭-૬૨.**

## કલશ - ૬૨ : ઉપર પ્રવચન

અહીં 'પરભાવ' શબ્દે વિકાર ન લેવું પરંતુ પરદ્રવ્ય લેવું. એ અપેક્ષાએ અહીંયા કથન છે. "आत्मा ज्ञानं" **આત્મા અર્થાત્ ચેતનદ્રવ્ય ચેતનામાત્ર પરિણામ કરે છે."**

ચેતનામાત્ર પરિણામમાં કર્મચેતના કહો કે જ્ઞાનચેતના કહો તે બધા ચેતનાના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિણામ છે. કર્મચેતના કહેતાં રાગાદિ કરમ ચેતના અરાગી સમ્યગ્દર્શન આદિ તે જ્ઞાનચેતના છે. અહીં ચેતનામાત્ર પરિણામને કરે છે તેમ લેવું છે. ચેતના એટલે એકલું જ્ઞાન પરિણામ એમ ન લેવું. ચેતના એટલે રાગના પરિણામ અને સમ્યગ્દર્શન જ્ઞાનના પરિણામ બન્નેને ચેતનામાત્ર પરિણામ કહેલ છે. તે ચેતનામાત્ર પરિણામનો કર્તા છે.

**"કેવો હોવાથી? "स्वयं ज्ञानं" કારણ કે- આત્મા પોતે ચેતના પરિણામ માત્ર સ્વરૂપ છે. "ज्ञानात् अन्यत् करोति किम्" ચેતન પરિણામથી ભિન્ન જે અચેતન પુદ્‌ગલ પરિણામરૂપ કર્મ તેને કરે છે શું?" અર્થાત્ નથી કરતો, સર્વથા નથી કરતો."**

આ તમારી લાદી ને કરો છો? આ અમારા ભાઈ બેઠા છે તેને ૭૦ લાખનું મોટું દવાખાનું હતું. તે દવા બનાવતા. હવે તે વેંચી નાખ્યું.

**પ્રશ્નઃ-** ઘડીક કહે કર્તા નહીં અને ઘડીક કહે દવા બનાવે તો અમારે શું માનવું?

**ઉત્તરઃ-** એ માનતો હતોને કે- હું દવા બનાવું છું. ત્યાં અમે ગયા હતા, ભોજન કર્યું હતું. દવા જોઈ આમ ફરે ને ગોળી બને. મોટું દેશી દવા બનાવવાનું દવાખાનું. અહીંયા તો કહે છે પ્રભુ! કોણ બનાવે દવા? એ ગોળી હલે છે તે ક્રિયાનો કર્તા શું આત્મા છે? તે આત્માનું કર્તવ્ય છે?

અહીંયા કહે છે કે- આ રોટલીના ટૂકડાં શું આત્મા કરી શકે છે? નહીં. આત્મા અશુદ્ધ વિકારપણે પરિણમો પરંતુ તે રોટલીના ટૂકડા કરી દૈ તેવું છે નહીં.

આત્મા દાળ-ભાત બનાવી દૈ તેમ કરી શકે કે નહીં? સ્ત્રીઓના હાથે બહુ સરસ હલવો થાય કે નહીં? પાપડ-વડી ને સેવ બનાવે. લાકડાંના પાટિયા ઉપર સેવ બનાવવા બેઠી હોય તો શું જાણે આમ અભિમાનનો પાર નહીં. ખાટલો હોય મોટો તેમાં પાટિયું રાખીને પછી ઘઉંની સેવ બનાવે. હાથની ક્રિયા પણ આત્મા કરી શકતો નથી. બહુ હોંશિયાર બાઈ હોયને તે પાપડને વડી બહુ સારી બનાવી શકે એમ પાગલ બોલે. સાંભળ તો ખરો! ડાહી બાઈ ક્યાંથી આવી?

**શ્રોતાઃ-** આખી દુનિયા પાગલ છે?

**ઉત્તરઃ-** આખી દુનિયા પાગલ છે. પાગલોના ગામ ભર્યા છે. અહીંયા આ કહે છે જુઓ!

**"અચેતન પુદ્‌ગલ પરિણામરૂપ કર્મ તેને કરે છે શું? સર્વથા નથી કરતો."**

વીતરાગનો માર્ગ તો કથંચિત્ છે ને? એ તો નિત્ય અનિત્યની અપેક્ષાએ. કથંચિત્ નિત્ય છે અને કથંચિત્ અનિત્ય છે. પરને માટે તે બિલકુલ કર્તા નથી. સર્વથા કર્તા નથી.

**"आत्मा परभावस्य कर्ता अयं व्यवहारिणां मोहः" ચેતનદ્રવ્ય જ્ઞાનાવરણાદિ કર્મને કરે છે એવું જાણપણું- એવું કહેવું મિથ્યાદૃષ્ટિ જીવોનું અજ્ઞાન છે."**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શ્રોતાઃ-** વ્યવહારનો અર્થ જ મિથ્યાદૃષ્ટિ કર્યો.

**ઉત્તરઃ-** મિથ્યાદૃષ્ટિ કર્યો. વ્યવહારનો અર્થ જ મિથ્યાદૃષ્ટિ કર્યો. પરદ્રવ્યનો કર્તા થાય છે તેમ માનવું મિથ્યાત્વ. હું મારા બાળકને કેળવણી આપી શકું છું.. મોટો કરી શકું છું. માતાપિતા બાળકને મોટો તો કરેને ? બીજું કોણ કરે ? તે બધી ભ્રમણા છે. પરદ્રવ્યની ક્રિયા બીજું પરદ્રવ્ય કરે તેમ ત્રણકાળમાં થતું નથી.

**શ્રોતાઃ-** જૂઠ્ઠી વસ્તુ જગતને સાચી લાગી ગઈ.

**ઉત્તરઃ-** જૂઠનું ભૂત ઘૂસી ગયું. જ્યાં હોય ત્યાં મેં કર્યું... મેં કર્યું.. મેં કર્યું.. માને. આ દરબાર છે તે બાજરો, જુવાર, ઘઉં, તલ વગેરે અનાજ ખેતરમાં બરોબર વાવેને ? તેને પાણી બરોબર પાયને ? તેથી પાક સારો થયો એમ માને છે, છોકરો હોંશિયાર હોય તો-છોકરો બહુ જ સારો થયો છે. ધૂળમાંય થયો નથી સારો... સાંભળ તો ખરો ! એ દરબાર, આ તો વસ્તુની સ્થિતિ જ આવી છે.

**" ભાવાર્થ આમ છે કે- કહેવામાં એમ આવે છે કે- જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા જીવ છે, તે કહેવું પણ જૂઠું છે. "**

આહાહા ! આત્માએ કર્મ બાંધ્યાને આત્માએ કર્મ ભોગવ્યા તે કહેવા માત્ર છે.

**શ્રોતાઃ-** આત્માએ કર્મનો નાશ કર્યો છે.

**ઉત્તરઃ-** તે બધો વ્યવહાર છે. નિમિત્તમાત્રનું કથન છે. આ વાત ફૂલચંદજી પંડિતે જૈન તત્ત્વ મિમાંસામાં ઘણું લીધું છે. તત્ત્વાર્થસૂત્રમાં એમ આવ્યું છે કે- ચાર કર્મનો નાશ થવાથી કેવળજ્ઞાન થયું. તો તેમણે જૈનતત્ત્વ મિમાંસામાં લખ્યું છે કે- ચાર કર્મનો નાશ થાય છે તો શું એમાંથી આત્માના કેવળજ્ઞાનની પર્યાય થાય છે ? કર્મની પર્યાય નાશ થાય છે તો તે પર્યાય અકર્મરૂપ થાય છે. કર્મની પર્યાયનો નાશ કોણ કરે અને વ્યય કોણ કરે ? કર્મનો નાશ થવાથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે ? પંડિતજીએ જૈનતત્ત્વ મિમાંસામાં ઘણો ખુલાસો કર્યો છે. હવે અમારે હુકમચંદજી વિશેષ પાકયા છે.

જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા જીવ છે તે બધું જૂઠ છે. આત્મા કર્તા નથી તો કર્મનો કર્તા કોણ છે ?

* * *

( વસંતતિલકા )

जीवः करोति यदि पुद्गलकर्म नैव
कस्तर्हि तत्कुरुत इत्यभिशङ्कयैव।
एतर्हि तीव्ररयमोहनिवर्हणाय
सङ्कीर्त्यते शृणुत पुद्गलकर्मकर्तृ।। १८-६३।।

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખંડાન્વય સહિત અર્થઃ- " पुद्गलकर्मकर्तृ संकीर्त्यते " ( पुद्गलकर्म ) દ્રવ્યપિંડરૂપ આઠ કર્મનો ( कर्तृ ) કર્તા ( सङ्कीर्त्यते ) જેમ છે તેમ કહે છે; " शृणुत " સાવધાન થઈને તમે સાંભળો. પ્રયોજન કહે છે-" एतर्हि तीव्ररयमोहनिवर्हणाय " ( एतर्हि ) આ વેળા ( तीव्ररय ) દુર્નિવાર ઉદય છે જેનો એવું જે ( मोह ) વિપરીત જ્ઞાન તેને ( निवर्हणाय ) મૂળથી દૂર કરવા માટે. વિપરીતપણું શાથી જણાય છે? " इति अभिशङ्कया एव " ( इति ) જેવી કરે છે ( अभिशङ्कया ) આશંકા તે વડે ( एव ) જ. તે આશંકા કેવી છે? " यदि जीवः एव पुद्गलकर्म न करोति तर्हि कः तत् कुरुते " ( यदि ) જો ( जीवः एव ) ચેતનદ્રવ્ય ( पुद्गलकर्म ) પિંડરૂપ આઠ કર્મને ( न करोति ) કરતું નથી ( तर्हि ) તો ( कः तत् कुरुते ) તેને કોણ કરે છે? ભાવાર્થ આમ છે કે-જીવના કરવાથી જ્ઞાનાવરણાદિ કર્મ થાય છે એવી ભ્રાન્તિ ઊપજે છે, તેના પ્રતિ ઉત્તર આમ છે કે પુદ્ગલદ્રવ્ય પરિણામી છે, સ્વયં સહજ જ કર્મરૂપ પરિણમે છે. ૧૮-૬૩.

* * *

( ઉપજાતિ )

स्थितेत्यविघ्ना खलु पुद्गलस्य
स्वभावभूता परिणामशक्तिः।
तस्यां स्थितायां स करोति भावं
यमात्मनस्तस्य स एव कर्ता।।१९-६४।।

ખંડાન્વય સહિત અર્થઃ- " इति खलु पुद्गलस्य परिणामशक्तिः स्थिता " ( इति ) આ રીતે ( खलु ) નિશ્ચયથી ( पुद्गलस्य ) મૂર્ત દ્રવ્યનો ( परिणामशक्तिः ) પરિણમનસ્વરૂપ સ્વભાવ ( स्थिता ) અનાદિનિધન વિદ્યમાન છે. કેવો છે? " स्वभावभूता " સહજરૂપ છે. વળી કેવો છે? " अविघ्ना " નિર્વિઘ્નરૂપ છે. " तस्यां स्थितायां सः आत्मनः यम् भावं करोति सः तस्य कर्ता भवेत् "( तस्यां स्थितायां ) તે પરિણામશક્તિ હોતાં ( सः ) પુદ્ગલદ્રવ્ય ( आत्मनः ) પોતાના અચેતનદ્રવ્યસંબંધી ( यम् भावं करोति ) જે પરિણામને કરે છે, ( सः ) પુદ્ગલદ્રવ્ય ( तस्य कर्ता भवेत् ) તે પરિણામનું કર્તા થાય છે. ભાવાર્થ આમ છે કે-જ્ઞાનાવરણાદિ કર્મરૂપે પુદ્ગલદ્રવ્ય પરિણમે છે અને તે ભાવનો કર્તા પુદ્ગલદ્રવ્ય થાય છે. ૧૯-૬૪.

* * *

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(ઉપજાતિ)

स्थितेति जीवस्य निरन्तराया
स्वभावभूता परिणामशक्तिः।
तस्यां स्थितायां स करोति भावं
यं स्वस्य तस्यैव भवेत् स कर्ता।। २०-६५।।

ખંડાન્વય સહિત અર્થઃ- " जीवस्य परिणामशक्तिः स्थिता इति " (जीवस्य) જીવવસ્તુની અર્થાત્ ચેતનદ્રવ્યની (परिणामशक्तिः) પરિણામશક્તિ અર્થાત્ પરિણમનરૂપ સામર્થ્ય (स्थिता) અનાદિથી વિદ્યમાન છે-(इति) એવું દ્રવ્યનું સહજ છે. " स्वभावभूता " જે શક્તિ (स्वभावभूता) સહજરૂપ છે. વળી કેવી છે? " निरन्तराया " પ્રવાહરૂપ છે, એક સમયમાત્ર ખંડ નથી. " तस्यां स्थितायां " તે પરિણામશક્તિ હોતાં " सः स्वस्य यं भावं करोति " (सः) જીવવસ્તુ (स्वस्य) પોતાસંબંધી (यं भावं) જે કોઈ શુદ્ધચેતનારૂપ અશુદ્ધચેતનારૂપ પરિણામને (करोति) કરે છે " तस्य एव सः कर्ता भवेत् " (तस्य) તે પરિણામની (एव) નિશ્ચયથી (सः) જીવવસ્તુ (कर्ता) કરણશીલ (भवेत्) થાય છે. ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્યની અનાદિનિધન પરિણમનશક્તિ છે. ૨૦-૬૫.

* * *

(આર્યા)

ज्ञानमय एव भावः कुतो भवेद् ज्ञानिनो न पुनरन्यः।
अज्ञानमयः सर्वः कुतोऽयमज्ञानिनो नान्यः।। २१-६६।।

ખંડાન્વય સહિત અર્થઃ- અહીં કોઈ પ્રશ્ન કરે છેઃ " ज्ञानिनः ज्ञानमयः एव भावः कुतः भवेत् पुनः न अन्यः " (ज्ञानिनः) સમ્યગ્દ્રષ્ટિને (ज्ञानमयः एव भावः) ભેદવિજ્ઞાનસ્વરૂપ પરિણામ (कुतः भवेत्) કયા કારણથી હોય છે, (न पुनः अन्यः) અજ્ઞાનરૂપ નથી હોતો? ભાવાર્થ આમ છે કે સમ્યગ્દ્રષ્ટિ જીવ કર્મના ઉદયને ભોગવતાં વિચિત્ર રાગાદિરૂપ પરિણમે છે ત્યાં જ્ઞાનભાવનો કર્તા છે, અને (તેને) જ્ઞાનભાવ છે, અજ્ઞાનભાવ નથી;-તે કેવી રીતે છે એમ કોઈ પૂછે છે. " अयम् सर्वः अज्ञानिनः अज्ञानमयः कुतः न अन्यः " (अयम्) પરિણામ-(सर्वः) બધુંય પરિણમન (अज्ञानिनः) મિથ્યાદ્રષ્ટિને (अज्ञानमयः) અશુદ્ધ ચેતનારૂપ-બંધનું કારણ-હોય છે. (कुतः) કોઈ પ્રશ્ન કરે છે-આમ છે તે કઈ રીતે છે, (न अन्यः) જ્ઞાનજાતિનું કેમ નથી હોતું? ભાવાર્થ આમ છે કે મિથ્યાદ્રષ્ટિના જે કોઈ પરિણામ હોય છે તે બંધનું કારણ છે. ૨૧-૬૬.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( અનુષ્ટુપ )

ज्ञानिनो ज्ञाननिर्वृत्ताः सर्वे भावा भवन्ति हि।
सर्वेऽप्यज्ञाननिर्वृत्ता भवन्त्यज्ञानिनस्तु ते।।२२-६७।।

**ખંડાન્વય સહિત અર્થઃ-** " हि ज्ञानिनः सर्वे भावाः ज्ञाननिर्वृत्ताः भवन्ति " ( हि ) નિશ્ચયથી ( ज्ञानिनः ) સમ્યગ્દ્રષ્ટિને ( सर्वे भावाः ) જેટલા પરિણામ છે તે બધા ( ज्ञाननिर्वृत्ताः भवन्ति ) જ્ઞાનસ્વરૂપ હોય છે. ભાવાર્થ આમ છે કે સમ્યગ્દ્રષ્ટિનું દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે તેથી સમ્યગ્દ્રષ્ટિને જે કોઈ પરિણામ હોય છે તે જ્ઞાનમય શુદ્ધત્વજાતિરૂપ હોય છે, કર્મનો અબંધક હોય છે. " तु ते सर्वे अपि अज्ञानिनः अज्ञाननिर्वृत्ताः भवन्ति " ( तु ) આમ પણ છે કે ( ते ) જેટલા પરિણામ ( सर्वे अपि ) શુભોપયોગરૂપ અથવા અશુભોપયોગરૂપ છે તે બધા ( अज्ञानिनः ) મિથ્યાદ્રષ્ટિને ( अज्ञाननिर्वृत्ताः ) અશુદ્ધત્વથી નીપજ્યા છે, ( भवन्ति ) વિદ્યમાન છે. ભાવાર્થ આમ છે કે- સમ્યગ્દ્રષ્ટિ જીવની અને મિથ્યાદ્રષ્ટિ જીવની ક્રિયા તો એકસરખી છે, ક્રિયાસંબંધી વિષય-કષાય પણ એકસરખા છે, પરન્તુ દ્રવ્યનો પરિણમનભેદ છે. વિવરણ-સમ્યગ્દ્રષ્ટિનું દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે તેથી જે કોઈ પરિણામ બુદ્ધિપૂર્વક અનુભવરૂપ છે અથવા વિચારરૂપ છે અથવા વ્રતક્રિયારૂપ છે અથવા ભોગાભિલાષરૂપ છે અથવા ચારિત્રમોહના ઉદયે ક્રોધ, માન, માયા, લોભરૂપ છે તે સઘળાય પરિણામ જ્ઞાનજાતિમાં ઘટે છે, કેમ કે જે કોઈ પરિણામ છે તે સંવર-નિર્જરાનું કારણ છે;-એવો જ કોઈ દ્રવ્યપરિણમનનો વિશેષ છે. મિથ્યાદ્રષ્ટિનું દ્રવ્ય અશુદ્ધરૂપ પરિણમ્યું છે, તેથી જે કોઈ મિથ્યાદ્રષ્ટિના પરિણામ તે અનુભવરૂપ તો હોતા જ નથી; તેથી સૂત્ર-સિદ્ધાન્તના પાઠરૂપ છે અથવા વ્રત-તપશ્ચરણરૂપ છે અથવા દાન, પૂજા, દયા, શીલરૂપ છે અથવા ભોગાભિલાષરૂપ છે અથવા ક્રોધ, માન, માયા, લોભરૂપ છે, -આવા સઘળા પરિણામ અજ્ઞાનજાતિના છે, કેમ કે બંધનું કારણ છે, સંવર-નિર્જરાનું કારણ નથી;-દ્રવ્યનો એવો જ પરિણમનવિશેષ છે. ૨૨-૬૭.

* * *

( અનુષ્ટુપ )

अज्ञानमयभावानामज्ञानी व्याप्य भूमिकाः।
द्रव्यकर्मनिमित्तानां भावानामेति हेतुताम्।। २३-६८।।

**ખંડાન્વય સહિત અર્થઃ-** એમ કહ્યું છે કે સમ્યગ્દ્રષ્ટિ જીવની અને મિથ્યાદ્રષ્ટિ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવની બાહ્ય ક્રિયા તો એકસરખી છે પરંતુ દ્રવ્યનો પરિણમનવિશેષ છે, તે વિશેષના અનુસાર દર્શાવે છે, સર્વથા તો પ્રત્યક્ષ જ્ઞાનગોચર છે. " अज्ञानी द्रव्यकर्मनिमित्तानां भावानाम् हेतुताम् एति " ( अज्ञानी ) મિથ્યાદૃષ્ટિ જીવ, ( द्रव्यकर्म ) જે ધારાપ્રવાહરૂપ નિરન્તર બંધાય છે-પુદ્‌ગલદ્રવ્યના પર્યાયરૂપ કાર્મણવર્ગણા જ્ઞાનાવરણાદિ કર્મપિંડરૂપ બંધાય છે, જીવના પ્રદેશો સાથે એકક્ષેત્રાવગાહી છે, પરસ્પર બન્ધ્ય-બન્ધકભાવ પણ છે, -તેમનાં ( निमित्तानां ) બાહ્ય કારણરૂપ છે ( भावानाम् ) મિથ્યાદૃષ્ટિના મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ જે અશુદ્ધ પરિણામ, [ ભાવાર્થ આમ છે કે-જેમ કળશરૂપે મૃત્તિકા પરિણમે છે, જેમ કુંભારના પરિણામ તેનું બાહ્ય નિમિત્ત કારણ છે, વ્યાપ્ય-વ્યાપ્યકરૂપ નથી તેમ જ્ઞાનાવરણાદિક કર્મપિંડરૂપ પુદ્‌ગલદ્રવ્ય સ્વયં વ્યાપ્ય-વ્યાપ્યકરૂપ છે, તોપણ જીવના અશુદ્ધ ચેતનારૂપ મોહ-રાગ-દ્વેષાદિ પરિણામ બાહ્ય નિમિત્તકારણ છે, વ્યાપ્ય-વ્યાપકરૂપ તો નથી. ] તે પરિણામોના ( हेतुताम् ) કારણપણે ( एति ) પોતે પરિણમે છે. ભાવાર્થ આમ છે કે-કોઈ જાણશે કે ' જીવદ્રવ્ય તો શુદ્ધ છે, ઉપચારમાત્ર કર્મબંધનું કારણ થાય છે, ' પરંતુ એમ તો નથી. પોતે સ્વયં મોહ-રાગ-દ્વેષ-અશુદ્ધચેતનાપરિણામરૂપ પરિણમે છે તેથી કર્મનું કારણ છે. મિથ્યાદૃષ્ટિ જીવ અશુદ્ધરૂપ જે રીતે પરિણમે છે તે કહે છે- " अज्ञानमयभावानाम् भूमिकाः प्राप्य " ( अज्ञानमय ) મિથ્યાત્વજાતિરૂપ છે ( भावानाम् ) કર્મના ઉદયની અવસ્થા તેમની, ( भूमिकाः ) જેને પામતાં અશુદ્ધ પરિણામ થાય છે એવી સંગતિને ( प्राप्य ) પામી મિથ્યાદૃષ્ટિ જીવ અશુદ્ધ પરિણામરૂપે પરિણમે છે. ભાવાર્થ આમ છે કે-દ્રવ્યકર્મ અનેક પ્રકારનું છે, તેનો ઉદય અનેક પ્રકારનો છે. એક કર્મ એવું છે જેના ઉદયે શરીર થાય છે, એક કર્મ એવું છે જેના ઉદયે મન-વચન-કાય થાય છે, એક કર્મ એવું છે જેના ઉદયે સુખ-દુઃખ થાય છે. આમ અનેક પ્રકારનાં કર્મોનો ઉદય હોતાં મિથ્યાદૃષ્ટિ જીવ કર્મના ઉદયને પોતારૂપ અનુભવે છે, તેનાથી રાગ-દ્વેષ-મોહપરિણામ થાય છે, તેમનાથી નૂતન કર્મબંધ થાય છે. તેથી મિથ્યાદૃષ્ટિ જીવ અશુદ્ધ ચેતન પરિણામનો કર્તા છે. જેથી મિથ્યાદૃષ્ટિ જીવને શુદ્ધ સ્વરૂપનો અનુભવ નથી તેથી કર્મના ઉદય-કાર્યને પોતારૂપ અનુભવે છે. જેમ મિથ્યાદૃષ્ટિને કર્મનો ઉદય છે તેમ જ સમ્યગ્દૃષ્ટિને પણ છે; પરન્તુ સમ્યગ્દૃષ્ટિ જીવને શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે તેથી કર્મના ઉદયને કર્મજાતિરૂપ અનુભવે છે, પોતાને શુદ્ધસ્વરૂપ અનુભવે છે; તેથી કર્મના ઉદયમાં રંજિત થતો નથી, તેથી મોહ-રાગ-દ્વેષરૂપ પરિણમતો નથી, તેથી કર્મબંધ થતો નથી. તેથી સમ્યગ્દૃષ્ટિ અશુદ્ધ પરિણામનો કર્તા નથી.-આવો વિશેષ છે. ૨૩-૬૮.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રવચન નં. ૭૯** **તા. ૨૮-૮- '૭૭**

## કલશ - ૬૩ : ઉપર પ્રવચન

આજે રક્ષાબંધનનો દિવસ છે.

અહીંયા આપણે ૬૩, ૬૪ ને ૬૫ ઉપરથી અર્થ કરીએ છીએ. ૬૩ કળશમાં એવો પ્રશ્ન છે કે– પુદ્‌ગલકર્મને આત્મા નથી કરતો તો કરે છે કોણ ? આવી આશંકા શિષ્યે કરી છે. આત્મા રાગને કરે પરંતુ કર્મબંધનની પર્યાયને કેમ ન કરે... એવો પ્રશ્ન છે.

આહાહા ! ( ચારે બાજુ અગ્નિ અને ) વચ્ચે ૭૦૦ મુનિઓ, તેમની એ રીતે રહેવાની કાળની સ્થિતિ હતી. ( ઉપસર્ગ દૂર થવાનો કાળ આવ્યો તો ) નિમિત વિષ્ણુકુમાર મળી ગયા. તેમણે મંત્રી પાસે વેશપલટો કરી અને વચન લીધું પછી તેમણે રક્ષા કરી.. તે તો વ્યવહાર છે.

વેશપલટો કરી ૭૦૦ મુનિની રક્ષા કરવી તે તેમની મુનિની ભૂમિકાને યોગ્ય ન હતું પરંતુ એવો પ્રસંગ બની ગયો તે કારણે તેમને આવો ( પ્રશસ્ત ) ભાવ આવ્યો તો તેમની પ્રશંસા કરી. નહીંતર તો મુનિ દશામાં આવું કરવું– વેશ પલટવો વગેરે ભૂમિકાને યોગ્ય નથી. સમજમાં આવ્યું ?

મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવ્યું છે કે– વિષ્ણુકુમારે આવું કર્યું તેથી તેની પ્રશંસા કરી છે પરંતુ ખરેખર તો તે મુનિને લાયક નથી. ખરેખર તો પોતાના જીવની રક્ષા કરવાની આ ચીજ છે. પુણ્ય ને પાપના ભાવથી પોતાના આત્માને બચાવવો ( તે પોતાની રક્ષા છે ). શુદ્ધ ચૈતન્યઘન, આનંદકંદ તેને દૃષ્ટિમાં લઈને અર્થાત્ પોતાનો જે પ્રકારે જેટલો સ્વભાવ છે તેટલી તેની શ્રદ્ધા કરવી તે પોતાના જીવની રક્ષા છે. ખરેખર પરની રક્ષા તો કરી શકાતી જ નથી. પરની રક્ષા કરવાનો ભાવ થાય પરંતુ પરની રક્ષા કરી શકાતી નથી.

## કલશ - ૬૪ : ઉપર પ્રવચન

૬૪ કળશમાં જવાબ આપ્યો કે– પુદ્‌ગલ પોતાની પરિણામ શક્તિથી પરિણમે છે. ૧૧૬ થી ૧૨૦ ગાથામાં ખુલાસો ઘણો છે. આ તો તેનો કળશ છે. પુદ્‌ગલ દ્રવ્ય સ્વયં પોતાના પરિણામથી પરિણમે છે. ( જો વસ્તુમાં ) પરિણમન શક્તિ જ ન હોય તો બીજો તેને પરિણમાવી શકે નહીં. અને જે સ્વયં પરિણમે છે તેને બીજો કોઈ પરિણમાવે તેવી તેને જરૂર ( અપેક્ષા ) નથી. આ પુદ્‌ગલની વાત કરી.

## કલશ - ૬૫ : ઉપર પ્રવચન

૬૫ કળશમાં જીવની વાત કરી. ( જીવ ) વિકારરૂપ પરિણમન કરે છે તે પોતાની પરિણમન શક્તિથી કરે છે કે બીજો કરાવે છે ? પોતાનામાં પરિણમન શક્તિ ન હોય તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બીજો કરાવે, પરંતુ એવું તો ત્રણકાળમાં થતું નથી. માટે વિકાર પણ પોતાના પરિણમનથી કર્તા છે તો તેને પરની અપેક્ષા છે નહીં.

એ વાત ૧૧૬ થી ૧૨૦ ગાથામાં ઘણી સ્પષ્ટ કરી છે. પોતાનામાં રાગ અને વિકાર થવાની શક્તિની પરિણમનની યોગ્યતા ન હોય તો તેને કર્મ પરિણમન કરાવે તેવું ત્રણ કાળમાં નથી. અને રાગ અને વિકાર કરવાની પોતાનામાં પરિણમન શક્તિ છે. તેને પરની કોઈ અપેક્ષા છે નહીં. આ રીતે બે કળશમાં આવ્યું છે. આ તો ઉપરથી લીધું.

## કલશ - ૬૬ : ઉપર પ્રવચન

અહીં આ વાત સમજવાની છે. પરમાણુંનું પોતાથી પરિણમન થઈને તે કર્મરૂપે થાય છે. હવે જે રાગનો ભાવ છે તે કર્મરૂપે પરિણમે છે તેમ છે નહીં. પરંતુ જે રાગ અને વિકાર થાય છે તે પોતાની યોગ્યતાથી થાય છે તેનો કર્તા છે. એ રાગને કર્મના ઉદયની અપેક્ષા નથી. એ રાગને બીજો કોઈ કરાવે તેવી શક્તિ ( પરમાં ) છે નહીં.

**“ અહીં કોઈ પ્રશ્ન કરે છેઃ “ ज्ञानिनः ज्ञानमयः एव भावः कुतः भवेत् पुनः न अन्यः ” સમ્યગ્દ્રષ્ટિને ( ज्ञानमयः एवभावः ) ભેદવિજ્ઞાન સ્વરૂપ પરિણામ ક્યા કારણથી હોય છે. ”**

આત્મા આનંદ સ્વરૂપ, જ્ઞાયક સ્વભાવવાળો છે તેની સન્મુખ થઈને- આશ્રય લઈને સમ્યગ્દર્શન થયું, સમ્યક્ નામ- સત્ય દર્શન. આત્મા પરમ સ્વરૂપ સત્ય છે તેવું જ દર્શન થયું તેને સમ્યગ્દર્શન કહે છે. અહીં દર્શન થયું તેનો અર્થ દેખવું તેમ ન લેવું, દર્શન એટલે શ્રદ્ધા લેવું.

જેવી ચીજ ( વસ્તુ ) છે તે એક સમયમાં પૂર્ણાનંદ જિનસ્વરૂપી, પરમ સ્વભાવભાવ, પરમ પારિણામિકભાવ, પરમ જ્ઞાયકભાવ તેની જેને દૃષ્ટિ થઈ તે સમ્યગ્દૃષ્ટિ છે. તેને હવે રાગ રહિત જ્ઞાન પરિણમન થાય છે. એ હમણાં કહેશે. સાધક છે, રાગ થાય છે અને તમે એમ કહો છો કે જ્ઞાનીને જ્ઞાનમય ભાવો થાય છે.. તેને રાગ નહીં. સમજાણું કાંઈ ?

**“ સમ્યગ્દ્રષ્ટિને ભેદવિજ્ઞાન સ્વરૂપ પરિણામ ક્યા કારણથી હોય છે, અજ્ઞાનરૂપ નથી હોતા ? ”**

આહાહા ! જેને આત્મા જ્ઞાયક સ્વભાવની ધ્રુવતાની પ્રતીતિ થઈ તેને ધ્રુવતાને લીધે જ્ઞાનમય પરિણમન છે. ‘ ધ ’ નાં ૧૩ બોલ ગુજરાતી ( આત્મધર્મમાં ) આવી ગયા હતા, હવે હિન્દીમાં આવ્યા છે.

હમણાં ફાગણ મહિને ભાવનગર ગયા હતા ત્યારે ઘણો તાવ આવ્યો હતો તેથી પ્રવચન બંધ હતા. ત્યારે આ તેર બોલ બનાવ્યા ’ તા. ” ધ્રુવ ધામના ધ્યેયની ધધકતી ધૂણી. ”

આહાહા ! ધ્રુવને ધ્યાનમાં ધ્યેય બનાવીને... તેમ આવ્યું છેને...

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધ્રુવધામના- ધ્યેયના- ધ્યાનની ધખતી ધૂણી ધગશને
ધીરજથી ધખાવવી તે ધર્મનો ધારક ધર્મી ધન્ય છે.

પોતાનો ચિદાનંદ સત્ પ્રભુ તેને એટલે ધ્યેયને. ધીરજથી ધ્યાનમાં ધ્રુવને ધ્યેય બનાવ. "ધધકતી ધૂણી ધીરજથી ધખાવ."

"ધ્રુવધામના ધ્યેયની", સમ્યગ્દૃષ્ટિ કેવા હોય છે તેની વાત ચાલે છે. ધ્રુવધામ એટલે ભગવાન ધ્રુવ છે... અને ધામ એટલે સ્થળ, ધ્રુવસ્થળ. (ધ્રુવ છે) તે એક સમયની પર્યાય વિનાનું દ્રવ્ય છે. કેમ કે પર્યાય તો દ્રવ્યને વિષય કરે છે... અને વિષય છે તે ધ્રુવધામ છે. સમજમાં આવ્યું?

પરમ અધ્યાત્મ તરંગિણી છે તેમાં ઘણી વખત સંસ્કૃતમાં આવ્યું છે કે- "**ध्यान विषयी क्रियमाण**" જે ધ્યાનનો વિષય બને તે ચીજ ધ્રુવ છે. અહીં "ધ્રુવધામના ધ્યેયના ધ્યાનની ધધકતી ધૂણી", પોતાના જ્ઞાયક સ્વભાવની એકાગ્રતાથી "ધધકતી ધૂણીને ધીરજથી.. ધૈર્યથી ધખાવવી." અંદરમાં એકાગ્રતાથી ધીરજથી ધ્યાન ધખાવવું. તે રૂપ "ધર્મનો ધારક ધર્મી ધન્ય છે." આવા ધર્મના ધરનારા ધર્મી ધન્ય છે. એક ૧૧ બોલના એક બાર બોલનું 'ધ' નું (સૂત્ર છે.)

**"ભાવાર્થ આમ છે કે- સમ્યગ્દૃષ્ટિ જીવ કર્મના ઉદયને ભોગવતાં વિચિત્ર રાગાદિરૂપ પરિણમે છે ત્યાં જ્ઞાનભાવનો કર્તા છે અને (તેને) જ્ઞાનભાવ છે અજ્ઞાનભાવ નથી."**

સમ્યગ્દૃષ્ટિને રાગ તો છે અને તે રાગને ભોગવે છે એમ કહેવામાં આવે છે છતાં તે જ્ઞાનભાવનો કર્તા છે. તે રાગનો જ્ઞાતા થઈને રાગને જાણે છે. આવો માર્ગ છે ભાઈ!

આહાહા! ધર્મી જીવને રાગ આવે છે છતાં તે રાગનો કર્તા ને ભોક્તા નથી. આ દૃષ્ટિ પ્રધાન કથન છે. જ્યાં જ્ઞાનપ્રધાન કથન હોય ત્યાં જેટલું રાગનું પરિણમન છે તેટલો કર્તા છે. "પરિણમે સો કર્તા, ભોગવે સો ભોક્તા" એટલું કથન છે. ("**यः परिणमति स कर्ता भवेत्**" ૫૧ કળશમાં લીધું છે.) અને તે ભોગવે તો એટલો ભોક્તા પણ છે. જ્ઞાનીને બિલકુલ દુઃખ છે જ નહીં તેવું જ્ઞાનની અપેક્ષાએ નથી.

દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયની અપેક્ષાએ જ્ઞાનીને દુઃખ અને રાગ-દ્વેષ છે જ નહીં. પરંતુ જ્ઞાનની અપેક્ષા લ્યો તો જ્ઞાનીને જેટલો રાગ છે તેટલું દુઃખ છે. મુનિને છટ્ઠે ગુણસ્થાને (બુદ્ધિપૂર્વક) રાગનું વેદન છે.

શ્રી અમૃતચંદ્રાચાર્યે ત્રીજા શ્લોકમાં કહ્યું કે- "**कल्माषितायाः**" મારી પરિણતિ હજુ કલ્માષિત છે. મુનિ કહે છે.

હું દ્રવ્ય સ્વભાવથી તો શુદ્ધ ચૈતન્યમય છું. મારી પરિણતિ અનાદિથી કલુષિત છે. મુનિ થયો છતાં મેલી પરિણતિ તો અનાદિથી ચાલી આવે છે એ કાંઈ નવી નથી થઈ.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મુનિ કહે છે- મારી પર્યાયમાં પંચમહાવ્રત આદિનો કલુષિત ભાવ રાગ આવે છે.

આહાહા ! ( કલ્માષિતાયાઃ ) " भर्वतु समयसारव्यारव्ययैवानुभूतेः " હું ટીકા કરું છું એ ટીકાને કારણે કલુષિતતાનો નાશ થાઓ - તેનો અર્થઃ ટીકા કરવાના કાળે એટલે ટીકા કરવાનો વિકલ્પ ઊઠયો છે તે કાળે, મારી દૃષ્ટિમાં જ્ઞાયકનું જોર થતાં જ્ઞાયકમાં વિશેષ એકાગ્રતા થવાથી તે કારણે કલુષિતતાનો નાશ થશે. ' ટીકાએવ ' સંસ્કૃતમાં આવો પાઠ છે.

અહીં પ્રશ્ન છે કે- રાગ છે તેનો જ્ઞાની ભોક્તા નથી ? જ્ઞાની જ્ઞાનભાવે જ્ઞાનભાવનો કર્તા છે અને અજ્ઞાનભાવનો કર્તા નથી તે કેવી રીતે ?

**" अयम् सर्वः अज्ञानिनः अज्ञानमयः कुतः न अन्यः " પરિણામ બધુંય પરિણમન મિથ્યાદૃષ્ટિને અશુદ્ધ ચેતનારૂપ- બંધનું કારણ- હોય છે. "**

પ્રભુ ! તમે તો અજ્ઞાનીના રાગના બધા જ પરિણામને બંધનું કારણ કહો છો અને જ્ઞાનીને બંધના પરિણામ છે જ નહીં એમ કહો છો. આટલો મોટો ફેર ? આનું કારણ શું છે ?

દસમા ગુણસ્થાને છ કર્મ બંધાય છે.. અને છઠ્ઠે આઠ કર્મ બંધાય છે.. જો આયુષ્ય કર્મ બાકી હોય તો નહીંતર સાત કર્મનો બંધ થાય છે, અને તમે તો કહો છો કે જ્ઞાનીને રાગ છે જ નહીં, બંધ છે જ નહીં, અને અજ્ઞાનીને પૂર્ણ બંધ દશા છે તેને અબંધ દશા છે જ નહીં... આ શું કહો છો ?

**" કોઈ પ્રશ્ન કરે છે- આમ છે તે કઈ રીતે છે, જ્ઞાન જાતિનું કેમ નથી હોતું ? "** અજ્ઞાનીને જ્ઞાન જાતિના પરિણામ કેમ નથી હોતા ? અને જ્ઞાનીને અજ્ઞાન જાતિના પરિણામ કેમ નથી હોતા ? આવો પ્રશ્ન છે. પ્રશ્ન સમજમાં આવ્યો ?

ચૈતન્યમૂર્તિ આનંદકંદ આત્માનું જ્યાં ભાન થયું.. તો કહે છે કે- એ જ્ઞાનીને અજ્ઞાનભાવ- રાગભાવ કેમ થતો નથી. અને અજ્ઞાની પાંચમહાવ્રત પાળે, અગિયાર અંગનું જ્ઞાન કરે નવપૂર્વની લબ્ધિ હોય તો પણ તેનું જ્ઞાનજાતિનું જ્ઞાન નહીં ? તેનો જ્ઞાનભાવ જ્ઞાન જાતિનો નહીં ? ( આવો પ્રશ્ન છે ) સમજમાં આવ્યું ?

**" ભાવાર્થ આમ છે કે- મિથ્યાદૃષ્ટિના જે કોઈ પરિણામ હોય છે તે બંધનું કારણ છે. " આ પ્રશ્નનો ઉત્તર ૬૭માં આપે છે.**

## કલશ - ૬૭ : ઉપર પ્રવચન

**" નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિને જેટલા પરિણામ છે તે બધા જ્ઞાન-સ્વરૂપ હોય છે.** શ્રી સમયસાર નાટકમાં આનો અર્થ એવો લીધો છે કે- જ્ઞાનીને ભોગ નિર્જરાનો હેતુ છે. તે કથનનો આશય શું છે ? તે લોકો આ વાતની ટીકા કરે છે કે- ભોગ તો પાપ છે અને તેને નિર્જરાનો હેતુ કહે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્જ્ઞાન દીપિકા તો ધર્મદાસ ક્ષુલ્લકે બનાવી છે, તેને પણ લોકોએ સોનગઢના નામે ચઢાવી દીધી. એ બ્રહ્મચારી ક્ષુલ્લકનું કથન છે તેને પણ શું કહેવું છે તેનો આશય સમજવો જોઈએને? લલિતપુર, ફલટનમાં મોટી સભા ભરાણી. તે કહે- ક્ષુલ્લકજી તો વ્યભિચારની વાત કરે છે. અરે ભગવાન! સાંભળ તો ખરો નાથ! અહીં તો કહે છે કે- જે પુણ્યના પરિણામ થાય છે તે પણ પાપ છે- દુઃખરૂપ છે. ભોગના પરિણામ છે તે સુખરૂપ અને હિતકર છે તેમ કહ્યું છે? આહાહા! પરસ્ત્રી અને પરપુરુષનો ભોગ તે તો પાપ છે જ પરંતુ સ્વ સ્ત્રીનો ભોગ પાપ છે. આ વાતને ત્યાં તેમણે વિપરીત કરી નાખી. કઈ અપેક્ષાથી ત્યાં કથન કર્યું છે તે સમજવું જોઈએ.

સમ્યગ્જ્ઞાન દીપિકામાં એમ કહ્યું છે કે- કોઈ સ્ત્રીને માથે પતિ હોય અને કોઈ ભૂલ થઈ જાય તો તેની ભૂલ બહારમાં પ્રસિદ્ધિમાં નથી આવતી. બહારમાં લોકો જાણે એટલી પ્રસિદ્ધિ થતી નથી.

તેમ જ્ઞાનીને માથે જ્ઞાયકભાવ પતિ હોય; "ધીંગ ધણી માથે કિયો રે કોણ ગર્જે નરખેત." આ કડી આનંદઘનજીના પદમાં આવે છે.

"ધીંગ ધણી માથે કિયો રે કોણ ગર્જે નરખેત,
વિમળ જિન દીઠા લોયણ આજ."

મારા વિમલ એવા નાથને આજ મેં જોયો. એમ કહે છે જેણે અંદરમાં. વિમલનાથ જોયા તેનો હવે કોણ નાશ કરી શકે? તેનો વિરોધ કોણ કરી શકે?

અહીં કહે છે કે- વિમળ નામ ભગવાન ચૈતન્ય સ્વરૂપનું જ્યાં જ્ઞાન થયું અને રાગાદિ પણ થાય છે... તો સાધકને એ રાગાદિ ભોગને નિર્જરાનું કારણ કેમ કહ્યું? રાગ છે તે તો બંધન છે પરંતુ જ્ઞાનીને દ્રષ્ટિના જોરને કારણે એટલે દ્રષ્ટિ જ્ઞાયક ઉપર પડી છે એ જોરના કારણે, એ નિર્જરી જાય છે તેમ કહેવામાં આવે છે. હવે આ વાતને ત્યાં લગાવી દીધી. અરે ભગવાન! બાપુ!

યોગસારમાં આવે છે કે- પાપને તો સૌ કોઈ પાપ કહે પરંતુ અનુભવીજન પુણ્યને પણ પાપ કહે છે. સમયસાર પુણ્ય-પાપ અધિકારમાં જયસેન આચાર્યની ટીકામાં છેલ્લે લખ્યું છે કે- અહીંયા અધિકાર તો પાપનો ચાલે છે અને તેમાં વ્યવહાર રત્નત્રયની વાત ક્યાં નાખી? આવો શિષ્યે પ્રશ્ન કર્યો છે. શિષ્યને કહે- સાંભળ તો ખરો ભગવાન! એક અપેક્ષાએ પુણ્યને પવિત્રતાનું કારણ કહ્યું છે- અશુભનો નાશ થાય છે એ અપેક્ષાથી કહ્યું છે... બાકી સ્વરૂપથી પતિત થાય છે તો રાગ થાય છે. સ્વરૂપથી પતિત થવું તેને પાપ કહ્યું છે. પુણ્ય-પાપ અધિકારમાં સંસ્કૃતમાં આવો પાઠ છે.

અહીંયા કહે છે કે- જ્ઞાનીના અર્થાત્ સમ્યગ્દ્રષ્ટિના સર્વભાવ જ્ઞાનમય છે. સર્વભાવમાં શું લેવું? ભોગનો ભાવ હો! વિષયનો ભાવ હો! ત્યારે જ્ઞાની જ્ઞાનભાવમાં રહે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

( જ્ઞાનમાં ) જ્ઞાનની રચના થાય છે.

આપણે વીર્યશક્તિ આવી ગઈ છે. વીર્યશક્તિનું કાર્ય શું છે ? ભગવાન કહે છે કે- સ્વરૂપની રચના કરવી તે વીર્યશક્તિનું કાર્ય છે. જ્યારે આત્મા જ્ઞાનમય, વીર્યમય, પૂર્ણાનંદમયી આત્મા દૃષ્ટિમાં આવ્યો તો તે વીર્ય તો નિર્મળતાની જ રચના કરે છે. વીર્ય મલિનતાની રચના નથી કરતું. સમજમાં આવ્યું ?

આપણે જીવત્વ શક્તિ, ચિતીશક્તિ જ્ઞાન, સુખ, વીર્ય શક્તિ આવી ગઈને ! છઠ્ઠી વીર્ય શક્તિ છે આ તો પરમાત્માની અંદરની વાતું છે... તેને બહારની સાથે મેળવણી કરે તો મળે નહીં.

આહાહા ! જ્ઞાનીને રાગભાવ આવે છે પણ તે દુઃખ લાગે છે. જેમ કાળો નાગ સામે આવતો દેખાય તેમ ધર્મીને રાગ આવે છે પણ તેને કાળા નાગ જેવો ઝેર જેવો દેખાય છે. સમજમાં આવ્યું ?

ભરત ચક્રવર્તી છ ખંડનો ધણી છે. તેને ૯૬ હજાર રાણી છે. તેને ભોગવવાનો વિકલ્પ આવે છે અને એ વિકલ્પ છૂટી જાય છે. આ વિકલ્પ તે હું નહીં. ( પર પદાર્થ ) મારી ભોગવવાની ચીજ એ નહીં. મારા કર્તાની રચનાની એ ચીજ નહીં. મારી કર્તાની રચના તો જે નિર્મળતાને રચે તેને વીર્ય કહે છે. કડક શબ્દોમાં કહીએ તો - જે પુણ્યને પાપની રચનામાં રોકાય તે નપુંસક છે. પુણ્ય-પાપ અધિકારની સંસ્કૃત ટીકામાં તો બે જગ્યાએ ' કલીબ ' કહ્યું છે.

**શ્રોતાઃ-** આપ શું કહી ગયા તે સમજમાં ન આવ્યું ?

**ઉત્તરઃ-** આત્મ સ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ એક વીર્ય શક્તિ છે. વીર્ય નામ બળ. શરીરનું વીર્ય તે તો જડ-માટી-ધૂળ છે. આત્મામાં બળ નામની શક્તિ છે... તે અનંત-અપાર અને અપરિમિત છે. વીર્યશક્તિમાં અનંત શક્તિનું રૂપ છે. અનંતશક્તિમાં આ વીર્ય શક્તિનું રૂપ છે.

એ વીર્ય શક્તિનું કાર્ય શું છે ? તે કહે છે. સ્વરૂપની રચના કરે તે વીર્ય શક્તિનું કાર્ય છે. છઠ્ઠી શક્તિના પાઠમાં છે જુઓ ! " **स्वरूप निर्बर्तनसामर्थ्यरुपा वीर्यशक्तिः** " ટૂંકાણમાં કેટલુ કહ્યું છે. પ્રભુ ! તારું બળ તો એવું છે કે તે બળ તો શુદ્ધતાની રચના કરે. સમ્યગ્દર્શન- જ્ઞાન- ચારિત્ર- વીતરાગતા- આનંદની રચના કરે તેને વીર્ય કહીએ. જે વીર્ય પુણ્ય- પાપની રચના કરે તેને નપુસંક વીર્ય કહીએ. જેમ નપુસંકને પુત્ર નથી હોતો તેમ શુભ ભાવથી ધર્મની પ્રજા થતી નથી. નપુસંક એટલે હીજડા. જેમ નપુસંકને વીર્ય નથી તેથી પુત્ર નથી હોતો તેમ શુભ ભાવથી ધર્મ નથી થતો.

અહીં તો હીજડા કહે છે... સાંભળતો ખરો ! પુરુષ તો તેને કહીએ કે- જે વીર્ય શુદ્ધતાની રચના કરે. આત્મ સ્વરૂપની રચના કરે.. તેને પુરુષ કહીએ. વિકારની રચના

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરે તે કલીબ છે – નપુસંક છે – હીજડા છે – પાવૈયા છે.

**પ્રશ્નઃ-** આ તો સાતમા ગુણસ્થાનની વાત કહો છે?

**ઉત્તરઃ-** આ ચોથા ગુણસ્થાનની વાત છે. એને એમ કે આ વાત તો ઉપલા ગુણસ્થાનવાળાની છે. આ વીર્ય શક્તિ સમકિત થયું તેમાં આવી ગઈ. સમ્યગ્દર્શનમાં વીર્યશક્તિવાન આત્મા એવો દૃષ્ટિમાં – પ્રતીતમાં આવ્યો કે નહીં? એ વીર્યશક્તિનું કાર્ય શું? ચોથે ગુણસ્થાને વીર્યનું કાર્ય શું? સ્વરૂપની રચના કરવી... તે વીર્યનું કાર્ય છે. શુદ્ધ સ્વરૂપ આનંદકંદ પ્રભુ છે. એ વીર્યશક્તિ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર અને આનંદની પરિણતિની રચના કરે તેને વીર્ય કહેવામાં આવે છે. સમજમાં આવ્યું?

મુનિને પણ પંચમહાવ્રતના વિકલ્પ ઉત્પન્ન થાય છે તે સંસાર છે. નાટક સમયસાર મોક્ષ અધિકારમાં તેને જગપંથ કહ્યું છે. ૪૦મો બોલ છે. પંચમહાવ્રતના વિકલ્પ જગપંથ છે. શુભરાગ તે સંસાર છે– જગપંથ છે. ભગવાન આત્માના સ્વરૂપની રચના કરે તે સમ્યગ્દર્શન મોક્ષનો માર્ગ છે.

હમણાં એ ચર્ચા ચાલી ને! મખનલાલજીએ કહ્યુંને કે – શુભ જોગ તે મોક્ષમાર્ગ છે. શુભજોગ તે મોક્ષનો માર્ગ છે તેમ લખાણ આવ્યું છે ને! મખનલાલજીએ કહ્યું કે– શુભજોગને હેય માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. કૈલાસચંદજીએ જવાબ આપ્યો કે – કુંદકુંદાચાર્ય શુભજોગને હેય માનતા હતા.. તો પછી તે મિથ્યાદૃષ્ટિ થયા? પ્રવચનસારની ગાથામાં શુભભાવને હેય કહ્યો છે.

અરે.. ભગવાન બાપુ! શાંત થા ને ભાઈ! તારી ચીજ શું છે ભાઈ! આહાહા! તારું ભગવંત સ્વરૂપ છે નાથ! એ આત્માની દૃષ્ટિ થઈ તો કહે છે કે– તેનું વીર્ય શુદ્ધ પરિણતિની રચના કરે છે. આ ચોથે ગુણસ્થાનથી હોં! ભરત ચક્રવર્તીને ૯૬ હજાર સ્ત્રી છે. તેને પુણ્ય ભાવ હો કે પછી પાપ ભાવ હો! પરંતુ આવો વિકલ્પ આવે છે. એ વિકલ્પ પછી તરત જ નિર્વિકલ્પ ધ્યાનમાં આવી જાય છે. ભરતેશ વૈભવમાં આવો પાઠ છે.

ભરતેશ વૈભવમાં એવું આવ્યું છે કે– વિકલ્પ તો આવ્યો અને તેનું જ્ઞાન કરીને તેનો જ્ઞાતા રહ્યો... પછી તરત જ બીજી ક્ષણે ધ્યાન લગાવ્યું તો નિર્વિકલ્પ થઈ ગયો. આહાહા! સમ્યગ્દર્શનમાં આટલું સામર્થ્ય છે. આ વાત લોકોને કઠણ પડે છે.

સમયસાર નાટકમાં એમ કહ્યું છે કે– (પંચમહાવ્રતનો રાગ) જ્ઞાનીને ભોગ-નિર્જરાનો હેતુ છે. તેની ટીકા કરે છે કે– જુઓ! જ્ઞાનીને રાગ ભોગ નિર્જરાનું કારણ છે. પછી ત્યાં લલિતપુર ફલટનમાં બોલ્યા હતા કે– બનારસીદાસ અને ટોડરમલ અધ્યાત્મની ભાંગ પી ને નાચ્યા હતા. અરેરે..! ભગવાન ભાઈ! તને અત્યારે આ કેમ સૂઝ પડી! ટોડરમલ અને બનારસીદાસ અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા છે? આ કળશટીકામાંથી બનારસીદાસે સમયસાર નાટક બનાવ્યું છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

બનારસીદાસને જ્યારે છેલ્લે મૃત્યુનો કાળ આવ્યો ત્યારે વાણી બંધ થઈ ગઈ હતી.. અને જીવ નીકળતાં વાર લાગી. લોકો નજીકમાં બેઠા હતા તે કહે- પંડિતજીનો જીવ કુટુંબમાં રોકાઈ ગયો છે- અટકી ગયો છે.. જીવ નીકળતો નથી. પછી બનારસીદાસે સ્લેટ મંગાવી અને લખ્યું કે-

ज्ञान कुतक्का हाथ मारि अरि मोहना।
प्रगटयौ रुप स्वरुप, अनंत सु सोहना।।
जा परजैको अंत, सत्य कर मानना।
चले बनारसीदास, फेर नहिं आवना।।

જ્ઞાનરૂપી બરછી-ભાલા અમારા હાથમાં છે. મોહને મારી નાખી મારી ચીજને જાગૃત કરી છે. એ લોકો કહે- પંડિતજીનો જીવ ક્યાંય અટકી ગયો છે. બનારસીદાસ કહે- ચલે બનારસીદાસ ફરી આ શરીર નહીં મળે, બીજી જાતનું મળશે. આવા સંયોગ પણ ફરી નહીં મળે.

એક વખત શ્રીમદ્જીને સંઘરણી રોગ થયો હતો ત્યારે તેમણે પત્રમાં લખ્યું હતું કે- વર્તમાન અમને જે આ શરીર મળ્યું છે તેવું શરીર હવે ભવિષ્યમાં નહીં મળે. કેમકે- આત્મ આરાધન કરીને જઈએ છીએ તેથી ભિન્ન ચીજ ( શરીર ) મળશે.. આ શરીર નહીં મળે. તેમણે ત્યાં સુધી કહ્યું કે- " અશેષ કર્મનો ભોગ છે ભોગવવો અવશેષ રે. " તેઓ ગૃહસ્થાશ્રમમાં હતા. સ્ત્રી હતી, પુત્ર હતો હજુ અંદર રાગ થોડો બાકી હતો.. હવે તેથી " દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે. " એકાદ દેહ બાકી રહેલો છે તે દેહ ધારણ કરીને અમારા સ્વરૂપમાં ચાલ્યા જશું. અમારો મોક્ષ થશે તેમ ન કહ્યું; પરંતુ સ્વરૂપમાં ચાલ્યા જઈશું એમ કહ્યું. સમજમાં આવ્યું ?

અહીંયા કહે છે કે- ' સર્વેભાવો ' તેની ઉપર વજન છે જ્ઞાનીને સર્વ ભાવ- પછી તે પુણ્યના હો કે ભોગના ભાવ હોં ! " જેટલા પરિણામ છે " એમ લીધું ને ! સર્વ ભાવની વ્યાખ્યા કરી. " **हि ज्ञानिनः सर्वे भावाः ज्ञाननिवृत्ताः भवन्ति** " એ તો જ્ઞાન સ્વરૂપ જ હોય છે. જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિને કારણે રાગનું પણ જ્ઞાન થાય છે. આ જ્ઞાન ' **निवृताः** ' ભાવ છે. તે રાગથી નિપજેલ ભાવ નથી. સમજમાં આવ્યું ?

ભાઈ ! સમ્યગ્દર્શન શું ચીજ છે ? તેની મહિમા કેટલી છે ! આહાહા ! સમ્યગ્દર્શન છે તે પર્યાય છે. એ પર્યાયમાં ત્રણલોકનો નાથ આત્મા છે તેમાં જેટલી પૂર્ણ શક્તિ છે તેટલી શક્તિની પ્રતીત શ્રદ્ધામાં આવી જાય છે. આ આત્મ વસ્તુ છે તે શ્રદ્ધામાં નથી આવતી. સમ્યગ્દર્શનની પર્યાયમાં વસ્તુ નથી આવતી.. પરંતુ વસ્તુની જેટલી તાકાત અને સામર્થ્ય છે તેટલું શ્રદ્ધા જ્ઞાન આવી જાય છે. સમજમાં આવ્યું ?

ગઈકાલે કહ્યું હતું ને કે- પર્યાય દ્રવ્યને અડતી નથી... અને દ્રવ્ય પર્યાયને અડતું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. આવી વાત છે. અહીં કહે છે- જ્ઞાનીના સર્વ ભાવો જ્ઞાનમય હોય છે. કેમ કે તેની દૃષ્ટિ આનંદરૂપ છે. જ્ઞાનીને રાગ આવે છે પરંતુ તેમાંથી તેમની સુખબુદ્ધિ ઊડી ગઈ હોવાથી તે દુઃખરૂપ અને ઝેરરૂપ લાગે છે. હવે તેને ઇન્દ્રનું ઇન્દ્રાસન હોય કે ક્રોડો ઇન્દ્રાણી હોય તેને પરપદાર્થમાંથી સુખબુદ્ધિ ઊડી ગઈ છે.

સૌધર્મ દેવલોકનો ઇન્દ્ર શકેન્દ્ર અને તેની પત્નિ બન્ને એક ભવતારી છે. એક ભવ પછી મોક્ષ જવાવાળા છે. તેને બત્રીસ લાખ વિમાન છે. કરોડો અપ્સરાઓ છે એક અપ્સરા મૃત્યુ પામે અને બીજી આવે. બે સાગરની જિંદગીમાં તો કરોડો અપ્સરાઓ બદલી જાય. એ શચી ઇન્દ્રાણી અને શકેન્દ્ર તે બન્નેને આ છેલ્લો દેહ છે. ત્યાર પછી મનુષ્યદેહ ધારણ કરી અને મોક્ષમાં જશે.

અહીં કહે છે- જ્ઞાનીના બધા ભાવ "**ज्ञाननिवृता:**" જ્ઞાનથી નિપજેલ છે, તે રાગથી નિપજેલ નથી. ઝીણી વાત છે ભગવાન! માર્ગ ઝીણો બહુ છે.

**"ભાવાર્થ આમ છે કે સમ્યગ્દૃષ્ટિનું દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે તેથી સમ્યગ્દૃષ્ટિને જે કોઈ પરિણામ હોય છે તે જ્ઞાનમય શુદ્ધત્વજાતિરૂપ હોય છે."**

અહીંયા તો એમ કહેવું છે કે- સમ્યગ્દૃષ્ટિને અશુદ્ધ પરિણમન છે જ નહીં. અહીંયા તો દૃષ્ટિના જોરની વાત છે. સમ્યગ્દૃષ્ટિનું દ્રવ્ય પર્યાયમાં શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે, પર્યાયની વાત છે હોં! તેથી સમ્યગ્દૃષ્ટિને જે કોઈ પરિણામ થાય છે તે જ્ઞાનમય શુદ્ધત્વ જાતિરૂપ થાય છે. તેના પરિણામ જ્ઞાનમય... જ્ઞાનમય... આત્મામય છે. જુઓ! સમ્યગ્દૃષ્ટિની બલિહારી.

કોના પરિણામ જ્ઞાનમય છે? જેની દૃષ્ટિમાં આખો આત્મા પ્રતીતમાં આવ્યો તેની વાત છે. પ્રતીતમાં આત્મા આવ્યો તો પણ તે આત્મા પર્યાયમાં આવતો નથી. સમજમાં આવ્યું? સમ્યગ્દૃષ્ટિની પ્રતીતમાં એટલું જોર છે તેથી તેનું પરિણમન જ્ઞાનમય અને શુદ્ધત્વજાતિરૂપનું હોય છે. સર્વશુદ્ધ આત્માનું પરિણમન શુદ્ધ જ્ઞાનરૂપ જ હોય છે. અશુદ્ધતા પણ છે, છતાં (અહીંયા તેની ગણતરી નથી.) ત્રીજા કળશમાં મુનિને પણ "**कलमाषितायाम्**" એ ચારિત્રની અપેક્ષાએ અને જ્ઞાનની અપેક્ષાએ કથન કર્યું છે. જ્યારે અહીંયા દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયની અપેક્ષાએ વાત છે તેથી અશુદ્ધ પરિણામ છે જ નહીં. હવે આમાંથી કોઈ એકાન્ત લ્યે કે- અશુદ્ધતા છે જ નહીં- તો એમ નથી. સમજમાં આવ્યું?

**પ્રશ્નઃ-** શાસ્ત્ર લખ્યું છે તેથી પોતાના માટે સુવિધા રાખી છે?

**ઉત્તરઃ-** નહીં, નહીં, નહીં, નહીં. પ્રશ્ન ઠીક છે. એમણે તો વસ્તુનું સ્વરૂપ જેવું છે તે બતાવ્યું છે. આ રાગ તે તો ઝેર.. ઝેર.. ઝેર.. છે. દુઃખ.. દુઃખ.. દુઃખ જ છે. પછી તે સમ્યગ્દૃષ્ટિ ઇન્દ્રને ઇન્દ્રાણીના વિષય હો તો પણ તેમાંથી તેની સુખબુદ્ધિ નષ્ટ થઈ ગઈ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. સાધકને આસક્તિનો રાગ આવે છે પણ તેમાંથી સુખબુદ્ધિ- સુખની રુચિ ઊડી ગઈ છે.

**પ્રશ્નઃ-** બન્ને વાત કેવી રીતે બને ? સુખબુદ્ધિ ઊડી પણ ગઈ છે અને રાગ પણ આવે છે ?

**ઉત્તરઃ-** રાગ આવે છે એ તો કમજોરી છે. કમજોરી છે તો તેટલો રાગ આવે છે. સાધક છે તેથી વચ્ચે બાધકપણું આવે છે. તેનું સાધ્ય પૂર્ણ થઈ ગયું છે ? તે સાધક છે કે નહીં ? સાધક તેને કહીએ કે તે હજુ પૂર્ણ થયો નથી. સાધક છે તેથી બાધકતા આવે છે. આહાહા ! જુઓ તો ખરા સંતોની બલિહારી.

**શ્રોતાઃ-** અમારું ભાગ્ય છે કે- સ્પષ્ટીકરણ કરવાવાળા મળ્યા છે.

**ઉત્તરઃ-** આટલું સ્પષ્ટ તત્ત્વ પડયું છે તો ય વાંચતા નથી, વિચારતા નથી અને પોતાની વાત છોડતા નથી.

**શ્રોતાઃ-** તેમને ફુરસદ નથી.

**ઉત્તરઃ-** ભાઈ ! એમ કહે છે કે- તેમને ફુરસદ નથી. બીજા કામમાં તો ઘણી ફુરસદ મળે છે. વેપાર ધંધામાં માયા- કપટ- કુટિલતા કરવી, પરને રાજી રાખવા, સ્ત્રી- કુટુંબને રાજી રાખવા એ રાજી રહે એટલે આખો દિવસ કામ કરે છે... પરંતુ પોતાનો આત્મા રાજી છે કે નહીં તેની તેને ખબર નથી. આહાહા ! પ્રભુ ! પરને રાજી રાખવામાં તારો કાળ જાય છે. બૈરા કેમ ખુશી રહે ! છોકરા-છોકરી કેમ ખુશી રહે ! પ્રભુ ! તારો કાળ તો પરને રાજી રાખવામાં જાય છે ને નાથ ! ઉપદેશકમાં પણ શું ! ! લોકોને ઠીક લાગે તેવા ઉપદેશ આપે. સાંભળનાર ખુશી થાય તો પોતે પણ ખુશી થાય છે. તે પણ પરને રાજી કરવા જાય છે.

અહીંયા તો કહે છે- ધર્મી જીવનું પરિણમન જ્ઞાનમય છે. 'જ્ઞાન' શબ્દે આત્મા. આત્મા એટલે કે- જે શુદ્ધ ચૈતન્યમય છે તે જ્ઞાનમયી આત્માનું પરિણમન શુદ્ધત્વ જાતિરૂપ થાય છે. આત્માની શુદ્ધ જાતિરૂપ પરિણમન થાય છે.

**"કર્મનો અબંધક હોય છે."** કેમકે- આત્મા અબદ્ધ સ્પૃષ્ટ છે. સમયસાર ૧૪-૧૫ ગાથામાં આવ્યું છે. અબદ્ધ એટલે રાગના બંધનથી રહિત છે... તે નાસ્તિથી વાત કરી.. અબદ્ધ અસ્તિથી કહીએ તો તે મુક્ત સ્વરૂપ છે. ભગવાન મુક્ત સ્વરૂપ જ છે અનાદિથી હોં ! અહા ! દ્રવ્યમુક્ત સ્વરૂપ જ છે. પર્યાયમાં રાગનો સંબંધ છે તો તે પર્યાય દ્રવ્યમાં છે નહીં. ચૈતન્યદ્રવ્ય અબદ્ધ છે તે પંદરમી ગાથામાં લીધું છેને !

जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं।
अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि।।१४।।

જેણે આત્માને અબદ્ધ-સ્પૃષ્ટ દેખ્યા, જાણ્યા, માન્યા, અનુભવ્યા તેણે જિનશાસન દેખ્યા. ભાષા તો જુઓ ! ભગવાન આત્મા અબદ્ધ સ્પૃષ્ટ છે તેને પરમાણું અડયા નથી. 'અનન્ય' આ જે અનેરી અનેરી ગતિ છે તે આત્મામાં નથી. તે તો સદેશ સામાન્ય ત્રિકાળ ભાવ છે. નિશ્ચયથી તે અનિયત નથી અર્થાત્ પર્યાયમાં જે હીનાધિકતા છે તે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વસ્તુમાં નથી.. આત્મા તો એકરૂપ છે. ‘અસંયુક્તમ’ પુણ્ય– પાપના મલિનભાવ છે તેનાથી આત્મા સંયુક્ત નથી એટલે રહિત છે. આવા આત્માને જે કોઈ ‘**पश्यंति**’ દેખે છે એટલે કે સમ્યગ્દર્શનથી સમ્યગ્જ્ઞાનથી દેખે છે, શુદ્ધઉપયોગથી દેખે છે તે જૈનશાસન છે. વીતરાગભાવ તે જૈનશાસન છે. જેણે આત્માને અબદ્ધ સ્પૃષ્ટ દેખ્યો તેને વીતરાગભાવ પ્રગટ થયો. કેમ કે જીવ અબદ્ધ–સ્વરૂપ છે તો તેના પરિણામ પણ અબદ્ધ સ્વરૂપ જ આવે છે. ન્યાય સમજાય છે!

ન્યાય એટલે નિ ધાતુ તે ન્યાય છે. જેવું સ્વરૂપ છે તે બાજુ જ્ઞાનને લઈ જવું તેનું નામ ન્યાય છે. ભગવાનનો માર્ગ ન્યાય છે. સમજમાં આવ્યું?

જેણે આત્માને અબદ્ધ સ્પૃષ્ટરૂપ દેખ્યો તે જિનશાસન છે. ગાથામાં બે બોલ લીધા છે – **अपदेश संत मज्झं।**” શાસ્ત્રમાં પણ તે જ કહ્યું છે. દ્રવ્યશાસ્ત્ર, દ્રવ્યશ્રુત જે વાણી છે તેમાં પણ અબદ્ધ– સ્પૃષ્ટ કહ્યું છે. અને એ અબદ્ધ સ્પૃષ્ટને જેણે જાણ્યો તેને ભાવમાં અબદ્ધ– સ્પૃષ્ટ આવ્યો. અબદ્ધ સ્પૃષ્ટ આવ્યો તે શુદ્ધ ઉપયોગ થયો. જે શુદ્ધઉપયોગ થયો તે જિનશાસન છે. વ્યવહાર રત્નત્રયનો રાગ વચ્ચે આવે તે જૈનશાસન નથી. તે તો રાગ શાસન છે. રાગને વ્યવહાર કહેવામાં આવે છે અને એ વ્યવહાર તે નિશ્ચયની સામે જૂઠો – અસત્યાર્થ છે.

છ ઢાળામાં આવે છે કે– નિશ્ચય સત્યાર્થ અને નિયતનો હેતુ જે વ્યવહાર છે તે તો અસત્યાર્થ છે. નિશ્ચય તે સત્યાર્થ છે અને સત્યાર્થની અપેક્ષાએ વ્યવહાર અસત્યાર્થ છે.

“જો સત્યારથ–રૂપ સો નિશ્ચય, કારણ સો વ્યવહારો.”
“અબ વ્યવહાર મોક્ષમગ સુનિએ, હેતુ નિયતકો હોઈ.”

આહાહા! એ પણ આત્મા છે ને પ્રભુ! આવી ચીજની પહેલાં દૃષ્ટિ તો કર! એ વિના ધર્મની શરૂઆત થતી નથી. છ ઢાળામાં આવે છે કે– “મોક્ષ મહલની પહેલી સીઢી” – પહેલું સોપાન સમ્યગ્દર્શન છે.

અહીં કહે છે– સમ્યગ્દૃષ્ટિને શુદ્ધત્વ જાતિરૂપના પરિણામ થાય છે. હવે આ એકાન્ત પકડી લ્યે અને પછી કહે કે– અંદર અશુદ્ધતા છે જ નહીં; તો એમ નથી. આ તો દૃષ્ટિની અપેક્ષાઓ કથન છે. દૃષ્ટિનો વિષય ને દૃષ્ટિ નિર્વિકલ્પ છે; તેનો વિષય નિર્વિકલ્પ છે તો તેના પરિણામ નિર્વિકલ્પ અને અબંધ છે, એ રીતે લીધું છે. હવે કોઈ એકાંત પકડે કે– રાગ બિલકુલ છે જ નહીં અને બંધન છે જ નહીં, તો તેમ નથી. સાધકને દસમા ગુણસ્થાન સુધી બંધન છે. આયુષ્ય અને મોહ તે બે કર્મ સિવાયના છ કર્મનો બંધ થાય છે. સમજમાં આવ્યું?

અહીંયા તો ના પાડીને કે– સાધકને બંધ નથી ?; સમ્યગ્દૃષ્ટિ કર્મનો અબંધક છે. તે બંધભાવનો સ્વામી નથી. બંધભાવ છે તે તેને દુઃખરૂપ લાગે છે એ કારણે તેની સાથે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વસ્વામીપણું નથી.

૪૭ શક્તિમાં સ્વસ્વામી સંબંધ નામની ૪૭મી છેલ્લી શક્તિ છે. સામેના પક્ષવાળા કહે ૪૮ શક્તિ છે, તેમની ભૂલ થઈ ગઈ. પછી ફૂલચંદજીએ ખાનિયા તત્ત્વચર્ચામાં સુધારીને લખ્યું છે- શક્તિ ૪૭ છે. તેમાં આ છેલ્લી શક્તિ લીધી છે.

સ્વસ્વામી સંબંધમાં સ્વ કોણ ? પોતાનું દ્રવ્યશુદ્ધ, ગુણશુદ્ધ અને પર્યાય શુદ્ધ તે સ્વ છે.. અને તેનો સ્વામી છે. ધર્મી છે તે રાગનો સ્વામી નથી અને રાગ તેનું સ્વ નથી. સ્વસ્વામી શક્તિ બહુ ગજબની છે. દિગમ્બર સંતોએ થોડા શબ્દોમાં ઘણી ગંભીરતા ભરી દીધી છે.

શ્રીકુંદકુંદઆચાર્ય અને અમૃતચંદ્રાચાર્ય મોક્ષગામી જીવો છે. વૈમાનિકનો એકાદ ભવ કરીને મોક્ષમાં જશે. પંચમઆરામાં હતા, એટલો રાગ હતો તેથી આયુષ્ય બંધાય ગયું વૈમાનિકનું. તે સ્વર્ગમાં પણ વૈમાનિકમાં જાય છે.

પ્રવચનસારમાં પાઠ છે કે- કોઈ સમ્યગ્દૃષ્ટિ ભવનપતિમાં પણ જાય છે. કોઈને અંદરમાં જરા ફેર પડી ગયો હોય તો જાય, આયુષ્ય બંધાય ગયું હોય તો પણ જાય. નહીંતર તો સમ્યગ્દૃષ્ટિ વૈમાનિકમાં જ જાય છે. ગાથા છે ને ભાઈ !

પ્રવચનસાર છઠ્ઠી ગાથા છે... **संपज्जदि जिव्वाणं देवासुरमयुयरायविहवेहिं।** કોઈ જીવ અસુરના વૈભવમાં પણ જાય છે. કોઈ એવો વિકલ્પ આવી ગયો અને આયુષ્ય બંધાયું હોય તો અસુરમાં જાય છે. છઠ્ઠી ગાથામાં લીધું છે. " **संपज्जदि जिव्वाणं** " તે પછીથી નિર્વાણને પ્રાપ્ત થશે.

કોઈ ધર્માત્મા સંતો પણ અસુરમાં જાય છે. નહીંતર તો સમ્યગ્દૃષ્ટિ અસુરમાં જતા નથી. પરંતુ કોઈ અપવાદથી જાય છે તેવો શબ્દ લીધો છે. દૃષ્ટિ ફરી ગઈ હોય અને તે કાળે અશુભનો ભાવ આવી ગયો હોય તો અસૂરમાં જાય, રાજાના અને દેવના ભવ કરી પછી ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જશે. પ્રવચનસારનાં પાઠમાં છે કે- અસુરમાં જાય. એ વાતની અહીંયા ( આ શ્લોકમાં ) ના પાડે છે. સાધકને શુદ્ધતા છે અશુદ્ધતા છે જ નહીં.

**શ્રોતાઃ-** પેલી વાત જ્ઞાનપ્રધાનથી છે.

**ઉત્તરઃ-** જ્ઞાનપ્રધાન કથન છે. જરી કોઈ ભૂલ થઈ ગઈ એવો જીવ લીધો છે ત્યાં. જે અસુરમાં જાય છે તે મિથ્યાદૃષ્ટિ છે એવા કોઈ પરિણામ આવી ગયા તો બંધ પડી ગયો. પછી ત્યાંથી નીકળી મનુષ્ય થઈને તેનું નિર્વાણ થઈ જશે. લાલચંદભાઈ ! આ તો સંતની વાત છે.

અહીંયા કહે છે કે તે કર્મનો અબંધક હોય છે. કોણ ? જ્ઞાની. જ્ઞાનીને કર્મ બંધ છે જ નહીં. આમ તો દસમા ગુણસ્થાન સુધી કર્મબંધ છે. અહીં કહે છે- કર્મબંધ નથી. ... તે કઈ અપેક્ષાએ ? દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયમાં બંધ પરિણામ છે જ નહીં. અબંધ સ્વરૂપી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન આત્માના પરિણામ પણ અબંધ છે. અબંધ સ્વરૂપી પ્રભુ તેનાં શ્રદ્ધા- જ્ઞાન-ચારિત્રરૂપ પરિણામ તે બધા અબંધ પરિણામ છે. અબંધ પરિણામમાં બંધન થતું નથી.. એમ અહીં સિદ્ધ કરવું છે. કોઈ એકાંત માની લ્યે કે બંધ છે જ નહીં તો એમ નથી.

પ્રવચનસાર છઠ્ઠી ગાથામાં આવી ગયું કે- " **संपज्जदि जिव्वाणं** " પછી નિર્વાણને પામશે પરંતુ અહીંથી અસુરમાં પૂર્વના કર્મથી દેવનો વૈભવ પામશે. " **तुं ते सर्वे अपि अज्ञानिनः अज्ञान निवृताः भवन्ति** " **આમ પણ છે કે જેટલા પરિણામ શુભોપયોગરૂપ અથવા અશુભોપયોગરૂપ છે તે બધા મિથ્યાદૃષ્ટિને અશુદ્ધત્વથી નિપજ્યા છે.**

આહાહા ! જુઓ ! પછી તે પંચમહાવ્રતધારી દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિ હોય, અઠ્ઠાવીસ મૂળગુણ પાળતો હોય, નગ્નપણું હોય, હજારો રાણીઓનો ત્યાગ કર્યો હોય તો પણ તેની દૃષ્ટિમાં મિથ્યાત્વ પડ્યું છે. રાગથી ધર્મ થશે, પુણ્યથી ધર્મ થશે, શુભજોગ ધર્મનું કારણ છે એવા કષાયના કણમાં તેણે ધર્મ માની લીધો. આ કાર્યની ક્રિયા મારાથી થાય છે એવું માનનાર મિથ્યાદૃષ્ટિ છે. એ મિથ્યાદૃષ્ટિ જીવ જેટલા પરિણામ કરે શુભ કે અશુભ તે બધા " **अज्ञान निवृताः** " છે.

જુઓ ! " સર્વે અપિ " તેમાં બન્ને પરિણામ લીધા શુભ અને અશુભ. આ બન્ને પરિણામ મિથ્યાદૃષ્ટિને અશુદ્ધતાથી નિપજ્યા છે. સમ્યગ્દૃષ્ટિને શુદ્ધતાના જ નિવૃત પરિણામ છે. જ્યારે મિથ્યાદૃષ્ટિને શુભભાવના અને અશુદ્ધતાના પરિણામ વિદ્યમાન છે.

" **સમ્યગ્દૃષ્ટિ જીવની અને મિથ્યાદૃષ્ટિ જીવની ક્રિયા તો એક સરખી જ છે.** " ક્રિયા એક સરખી છે અને " **ક્રિયા સંબંધી વિષય-કષાય પણ એક સરખા જ છે.** " ક્રિયા સંબંધી વિષય કષાયના પરિણામ બન્નેને છે, " **પરંતુ દ્રવ્યનો પરિણમન ભેદ છે.** " ધર્મીના દ્રવ્યના પરિણામ શુદ્ધ છે. અજ્ઞાનીના દ્રવ્યના પરિણામ અશુદ્ધ છે. દૃષ્ટિનાં કારણે બન્નેના પરિણામમાં આટલો ફેર પડી ગયો છે.

જુઓ ! સમ્યગ્દૃષ્ટિની ક્રિયા અશુભ ભાવની- ૯૬ હજાર સ્ત્રીના ભોગની હો ! અને મિથ્યાદૃષ્ટિને સર્વ સ્ત્રીનો ત્યાગ હો અને બ્રહ્મચર્ય હો ! છતાં અજ્ઞાનીને તો અજ્ઞાનભાવ ઉત્પન્ન થાય છે. આ રીતે મિથ્યાત્વની હલકાઈ અને સમ્યગ્દર્શનની મહત્તાની વાત વર્ણવી.

## પ્રવચન નં. ૮૦ તા. ૨૯-૮-' ૭૭

કળશટીકાનો શ્લોક- ૬૭ ચાલે છે.

" **ભાવાર્થ આમ છે કે- સમ્યગ્દૃષ્ટિ જીવની અને મિથ્યાદૃષ્ટિ જીવની ક્રિયા તો એક સરખી છે** ",

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મા જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ- ધ્રુવ તેનો જેને પત્તો લાગી ગયો, સમ્યક્ પર્યાયમાં તેને ધ્યેય બનાવી અને શુદ્ધ ચૈતન્યનો અનુભવ થયો અને તેમાં પ્રતીતિ થઈ તેનું નામ સમ્યગ્દર્શન છે.

એ સમ્યગ્દૃષ્ટિને એક સમયની પર્યાય સિવાયનો સત્ય સ્વરૂપ જે ત્રિકાળ પરમાત્મા છે. એક ચૈતન્યમૂર્તિ, નિત્યાનંદ પ્રભુ! ધ્રુવ સ્વભાવ જેનાં અનુભવમાં આવ્યો; એ અનુભવ છે તે પર્યાય છે. સમ્યગ્દર્શન પણ પર્યાય છે.. પરંતુ તેનું ધ્યેય ધ્રુવ છે. દૃષ્ટિનો વિષય જે દ્રવ્ય છે.. એ ત્રિકાળી દ્રવ્યને જ્યાં અંતરમાં જ્ઞેય બનાવી, પર્યાયમાં જ્ઞાન થયું અને તેમાં નિર્વિકલ્પ આનંદની સાથે જે પ્રતીતિ થઈ, અતીન્દ્રિય આનંદના સ્વાદની સાથે પ્રતીતિ થઈ તેનું નામ સમ્યગ્દર્શન છે.

**પ્રશ્ન:-** જ્ઞાન પહેલું લીધું તેનું કારણ ?

**ઉત્તર:-** જ્ઞાન પહેલું લીધું તેનું કારણ એ કે- જ્ઞાનમાં જણાયા વિના તેની પ્રતીતિ કેવી ? સમજમાં આવ્યું ? સમયસાર ૧૭-૧૮ ગાથામાં પહેલાં જ્ઞાન લીધું છે. જે ચીજ છે તે પોતાની જ્ઞાનની પર્યાયમાં આવ્યા વિના પ્રતીત કોની ? આત્મા છે તેમ જાણ્યા વિના પ્રતીત કેવી ? સૂક્ષ્મ વાત છે. અનંતકાળમાં કદી તેણે કર્યું નથી.

આત્મા જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયરૂપ જાણવામાં આવે છે ત્યારે પ્રતીત થઈ. ૧૭-૧૮ ગાથામાં એમ આવે છે કે-જાણ્યા વિનાની પ્રતીત કોની ? એ જ્ઞાનનાં જ્ઞેયરૂપ ( હોવા છતાં ) પોતાની પર્યાયમાં જ્ઞેયરૂપ થયો નથી.. તો પ્રતીત કોની ? અનાદિથી જે પર્યાયમાં પુણ્ય-પાપ અને એક સમયની પર્યાય છે તે તેનો વિષય ધ્યેયરૂપ હતો, તે તો મિથ્યાબુદ્ધિ હતી.

ભાઈ ! જ્ઞાનની એક સમયની પર્યાયમાં અનંતગુણની પર્યાયો ઉછળે છે. શક્તિનાં વર્ણન પહેલાં આ શરૂઆતમાં આવ્યું હતું.

**"વિવરણ- સમ્યગ્દૃષ્ટિનું દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે."** આહાહા ! ધર્મીનું પરિણમન તો શુદ્ધત્વરૂપ છે. અહીં દૃષ્ટિ ને દૃષ્ટિના વિષયની અપેક્ષાએ એ કથન છે. પરંતુ આમાં કોઈ એકાન્ત લઈ જાય કે- તેને અશુદ્ધતા છે જ નહીં, તો એમ નથી. સાધકને દૃષ્ટિ ને દૃષ્ટિના વિષયમાં અશુદ્ધતા નથી. તેના પરિણામમાં અશુદ્ધતા નથી. દૃષ્ટિની પ્રધાનતાથી તેને બધા શુદ્ધત્વના પરિણામ છે. દૃષ્ટિનો વિષય શુદ્ધ છે તો શુદ્ધતાનું પરિણમન શુદ્ધ થયું.. તેમ કહેવામાં આવે છે.

આહાહા ! દ્રવ્યની શક્તિમાં અશુદ્ધતા હોય તેવી કોઈ શક્તિનો સ્વભાવ નથી... તે કારણે દ્રવ્ય અને એની શક્તિનો પિંડ પ્રભુ તેની અંતરદૃષ્ટિ થઈ તેનું પરિણમન શુદ્ધ છે. બધી શક્તિઓ શુદ્ધ છે તેનો પર્યાયમાં વ્યક્ત અંશ પ્રગટ થયો તે શુદ્ધત્ત્વ પરિણમન છે.

"સમ્યગ્દૃષ્ટિનું દ્રવ્ય શુદ્ધત્વરૂપથી પરિણમ્યું છે તે કારણે" આ તો સિદ્ધાંત છે બાપુ ! આ તો અધ્યાત્મ છે. આ કોઈ કથા વાર્તા નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

**શ્રોતાઃ-** આપ ફરમાવો છો એ ભાગવત કથા છે.

**ઉત્તરઃ-** ભાગવત કથા છે. નિયમસારમાં લીધું છે, છેલ્લી ગાથામાં કે- આ ભાગવત શાસ્ત્ર છે. લોકોના ભાગવત્ જુદા અને આ ભાગવત જુદા છે. ભગવાન ભાગવત્ સ્વરૂપ તે ભગવતી શક્તિનું અહીંયા કથન છે. આહાહા! ભાગવત્ કથા ભગવંતની કથા.

"સમ્યગ્દૃષ્ટિનું આ કારણે"; શું કહ્યું? તેનું દ્રવ્ય શુદ્ધરૂપ છે. દ્રવ્યદૃષ્ટિમાં શુદ્ધરૂપે પરિણમન થાય છે. **"તેથી જે કોઈ પરિણામ બુદ્ધિપૂર્વક અનુભવરૂપ છે"**, જ્ઞાનપૂર્વક અનુભવ હો! હવે કોઈ એમ લગાવી દ્યે કે- અહીંયા જુઓ! જ્ઞાનીનો ભોગ-વિલાસ પણ જ્ઞાન જાતિના છે. અરે! ભાઈ... કઈ અપેક્ષાથી કહેવાય છે તે સમજ બાપુ! એ વૃત્તિ પુરુષાર્થની કમજોરીથી આવે છે પણ.. તે હેયબુદ્ધિએ આવે છે અર્થાત્ તેમાં હેયબુદ્ધિ છે. સમજમાં આવ્યું?

કમળાનો રોગ થાય છે ને! કમળો નથી સમજતા. પીલિયામાં એક એવી દવા આવે છે કે તેની ગંધ કૂતરાની વિષ્ટા જેવી. તે કમળા ઉપર પીવે ત્યારે કૂતરાની વિષ્ટાની ગંધ આવે.. છતાં પીવે ખરા. સમજમાં આવ્યું? ૮૭ની સાલમાં થોડો કમળો થયો હતો તો એ લાકડાંની કાષ્ટની દવા આપે, પણ એ કૂતરાની વિષ્ટાની ગંધ જેવી ગંધ હોય છે તેને પ્રેમથી પીવે છે? પીવી પડે છે. તેમ ધર્મીને રાગનો વિકલ્પ, ભોગનો વિકલ્પ આવે છે પણ તેને પોતાનાથી પૃથક્ રાખીને તેને જ્ઞાન જાતિમાં મેળવે છે. વિકાર જાતિને જ્ઞાનજાતિ કરીને જ્ઞાનજાતિમાં મેળવે છે. આહાહા! આવી વસ્તુ છે.

કારણ કહ્યું હતું કે- શુદ્ધત્વ પરિણમન છે. **"સઘળાય પરિણામ જ્ઞાનજાતિમાં ઘટે છે, કેમ કે જે કોઈ પરિણામ છે તે સંવર- નિર્જરાનું કારણ છે"**; આહાહા! સમયસાર નાટકમાં જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ કહ્યો છે. ભોગની નિર્જરા કહી પરંતુ ભોગના પરિણામ તો રાગ જ છે. જ્ઞાનજાતિમાં તેનું જ્ઞાન કરે છે. જ્ઞાતાદૃષ્ટા સ્વભાવ જાતિની એ ચીજ પ્રગટ થઈ છે.. તેમાં તેનું જ્ઞાન કરે છે.. પરંતુ તે પોતાનો છે એવું માનતા નથી. તે ઠીક છે તેવું માનતા નથી. હેયબુદ્ધિએ આવે છે.. તેનો જ્ઞાતા છે.. તેનું તે જ્ઞાન કરે છે.. આ ધર્મ છે, આ સમ્યગ્દૃષ્ટિનો ભાવ છે.

અશુભ રાગ અને વ્રતક્રિયાના શુભ ભાવ તે બન્નેને અહીંયા સંવર- નિર્જરાનું કારણ કહ્યું છે. કેમ કે- અંદરમાં દૃષ્ટિ ઉપર જોર છે. ચિદાનંદ ધ્રુવધામ એકરૂપ સદૃશ સામાન્ય જે આત્મા તેની ઉપર દૃષ્ટિના જોરને કારણે ભેદ અને વિકલ્પ ઉપરથી રુચિ ઊઠી ગઈ છે- એ કારણે એ પરિણામને સંવર નિર્જરાનું કારણ કહેલ છે.

શું કહ્યું? ભોગ વિલાસ એ સંવર- નિર્જરાનું કારણ? હેયબુદ્ધિએ છે, ઉપાદેય બુદ્ધિએ નહીં. દૃષ્ટિનું જોર ધ્રુવ ઉપર છે.. હવે રાગ ઉપર છે નહીં એ કારણે ભોગના પરિણામને અને વ્રત-ક્રિયાના શુભભાવરૂપ પરિણામને સંવર- નિર્જરાનું કારણ કહ્યું છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ પરિણામ તો બંધનું જ કારણ છે પરંતુ અહીંયા જ્ઞાતા- દૃષ્ટા થઈને અબંધ સ્વભાવી ભગવાનની દૃષ્ટિ ને જ્ઞાન હોવાથી તેના પરિણામમાં અબંધના પરિણામ જ થાય છે. તે બંધના પરિણામનું જ્ઞાન કરે છે પરંતુ જ્ઞાન અબંધ પરિણામરૂપ છે.. તેનાથી સંવર નિર્જરા થાય છે. સમજમાં આવ્યું ?

સમ્યગ્જ્ઞાન દીપિકામાં શબ્દ લખ્યો છે કે- જેના માથે પતિ હોય અને કોઈ દોષ લાગી જાય તો બહારમાં તે પ્રસિદ્ધિમાં નથી આવતો. એમ સમ્યગ્દૃષ્ટિને માથે ધણી આત્મા છે. આનંદઘનજી કહે છે – " **ધીંગ ધણી માથે કિયો રે.. કોણ ગર્જે નરખેત.** " જેણે પર્યાયમાં માથે ધણી ધાર્યો... આહા ! તેને દ્રવ્યની પ્રજા પર્યાયમાં ઉત્પન્ન થઈ. " **ધીંગ ધણી ધ્રુવ ધાર્યો કોણ ગર્જે નરખેત.** "

" **કેમ કે જે કોઈ પરિણામ છે તે સંવર- નિર્જરાનું કારણ છે; - એવા જ કોઈ દ્રવ્ય પરિણામનો વિષય છે.** " આહાહા ! ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ અને તેની અનંત શક્તિઓ શુદ્ધ છે. એ શુદ્ધની એક્તારૂપ દ્રવ્ય એ દ્રવ્ય ઉપર જ્યાં દૃષ્ટિ છે, તે દ્રવ્યના પરિણામ વિશિષ્ટ પ્રકારે શુદ્ધ થાય છે. આ દ્રવ્ય પરિણામનું વિશેષ છે. ભોગના પરિણામ એ સંવર- નિર્જરાના કારણ તે દ્રવ્ય પરિણામનું વિશેષ છે. સમજમાં આવ્યું ? અરે.. ભાઈ ! જ્યાં વ્યવહાર રત્નત્રયને પણ પાપ કહે છે ત્યાં ભોગના પરિણામથી લાભ માને એવું ત્યાં છે ક્યાં ?

**શ્રોતાઃ**- લોકો એ તો કહે છે ને કે- પાપમાં ધરમ માને છે અને પુણ્યને પાપ કહે છે.

**ઉત્તરઃ**- એ તો અહીંયા કહીએ છીએ.. કે- એમ છે નહીં. પાપ તો પાપ જ છે. અહીંયા દ્રવ્યના વિશેષ પરિણામને સંવર- નિર્જરાનું કારણ કહેવામાં આવે છે. એક દામોદર શેઠ હતા તે બહુ વાદ વિવાદ કરે. તેને સંવત ૮૪ની સાલમાં આજથી પચાસ વર્ષ પહેલા કહ્યું હતું સમયસાર નાટકમાં આવે છે કે-

" सद्‌गुरु कहे सहज का धन्धा, वाद विवाद करे सो अन्धा
खोजी जीवे वादी मरे साँची कहावत है।

ત્યારે બનારસી વિલાસ દેખ્યું ન હતું. બનારસી વિલાસ ૯૧ની સાલમાં જોયું.

બનારસીદાસમાંથી ઉપાદાન- નિમિત્ત અને પરમાર્થવચનિકા એ બે તેમાંથી અને રહસ્યપૂર્ણચિઠ્ઠી ટોડરમલજીની એ ત્રણેય મોક્ષમાર્ગ પ્રકાશકમાં પાછળ નાખ્યાં છે.

અમે ૮૩ની સાલમાં કહ્યું હતું શેઠ ! " ખોજી જીવે વાદી મરે.. " એ કહેવત છે. ' ખોજી જીવે ' એટલે શોધક જીવન જીવી શકે છે. ' વાદી મરે ' – વાદ કરવા જાય તો મરે. કેમ કે શાસ્ત્રમાં વ્યવહારનાં કથન તો ઘણાં આવે છે. સમયસાર અગિયાર ગાથામાં કહ્યું કે- વ્યવહારને હસ્તાવલંબ જાણીને તેનું ઘણું કથન કર્યું છે. પણ, તેનું ફળ સંસાર છે. ભાવાર્થમાં જયચંદજી પંડિતે આવો અર્થ કર્યો છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

**શ્રોતાઃ-** ચર્ચા તો કરવી જોઈએને ?

**ઉત્તરઃ-** તત્ત્વચર્ચા દરરોજ રાત્રિના થાય છે. તેની ક્યાં મનાઈ છે. વાદ વિવાદ નહીં. એને તો તમારી વાત ખોટી અને અમારી વાત સાચી એ માટે ચર્ચા કરવાની છે.

લીંબડીમાં જીવાપ્રતાપ શ્વેતામ્બરનો કરોડપતિ માણસ છે. તેનો ભત્રીજો ચંદ્રશેખર તેણે દીક્ષા લીધી. ઘણાં વર્ષો પહેલાં લીંબડી મારી પાસે આવ્યા; તે કહે- આપણે ચર્ચા કરીએ ! એ એમ સમજતા હતા કે- મને આવડે છે. શ્વેતામ્બર હતા તેથી તેની દૃષ્ટિ તો વિપરીત હતી.. તેથી તેની સાથે ચર્ચા કરીએ તો પણ આ તત્ત્વ બેસે નહીં. તેથી અમે કહ્યું કે- અમારે ચર્ચા નથી કરવી. અરે.. ! તમારું નામ આટલું પ્રસિદ્ધ અને તમે ના પાડો છો ? તમારું બહારમાં શું થશે ? પછી અમે બધા બેઠા હતા.. સાથે તેના શેઠિયા વગેરે હતા. ( તેમણે પ્રશ્ન કર્યો ) આ ચશ્મા વિના દેખાય છે ? એમ બોલ્યા. અમે કહ્યું- થઈ ગઈ ચર્ચા. અરે ભગવાન ! ચશ્મા પર છે અને આ જાણવાની પર્યાય પોતાની છે. ન જાણે તો પણ પોતાથી છે અને જાણે તો પણ પોતાથી છે. ચશ્માથી જાણે છે એમ તો નથી પરંતુ આંખથી જાણે છે એમ પણ નથી. ઇન્દ્રિયનું જ્ઞાન તે આત્માનું જ્ઞાનેય નથી. સમજમાં આવ્યું ?

અલિંગગ્રહણમાં પહેલા બે બોલમાં આવે છે કે-

૧ ) ઇન્દ્રિયથી જાણવું તે આત્માનો સ્વભાવ નહીં.

૨ ) ઇન્દ્રિયથી જણાવું તેવો સ્વભાવ નથી.

૩ ) આત્મા ઇન્દ્રિય પ્રત્યક્ષનો વિષય નથી.

૪ ) ભગવાન આત્મા બીજાના અનુમાન દ્વારા જાણવામાં આવે તેવો નથી.

જેને પ્રત્યક્ષ થયો નથી અને એકલા અનુમાનથી જાણવામાં આવે એ વાત છે નહીં. કેમ કે અનુમાન છે તે વ્યવહાર થઈ ગયો. અને આત્મા પણ એકલા અનુમાન જ્ઞાનથી પરને જાણે એવો આત્મા છે નહીં. તે તો પોતાના જ્ઞાન સ્વભાવથી જાણવામાં આવે છે... રાગથી, વિકલ્પથી, વ્યવહારથી જાણવામાં આવતો નથી. આત્મા જ્ઞાનની પર્યાયથી જાણવામાં આવે છે તેવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. આ પ્રકારે છ બોલ છે. આવો માર્ગ છે ભાઈ !

અહીંયા કહે છે- આ કોઈ દ્રવ્ય પરિણામનું વિશેષ છે. ભોગ- વિલાસના વિકલ્પ, વ્રત- ક્રિયાના વિકલ્પ તેને અમે સંવર – નિર્જરાનું કારણ કહીએ છીએ. તેને અમે દ્રવ્ય પરિણામના વિશેષનું કારણ અમે કહીએ છીએ. આ મુદ્દાની વાત છે.

**“ વ્રતક્રિયારૂપ છે અથવા ભોગાભિલાષરૂપ છે અથવા ચારિત્ર મોહના ઉદયે ક્રોધ, માન, માયા, લોભરૂપ છે તે સઘળાય પરિણામ જ્ઞાનજાતિમાં ઘટે છે. ”**

**પ્રશ્નઃ-** જ્ઞાનરૂપ છે ?

**ઉત્તરઃ-** નહીં, નહીં, નહીં. ઘટે છે એટલે મેળ ખાય છે. બરોબર મેળ ખાય છે. ઘટે છે એટલે યથાર્થ મિલાન થાય છે.. એમ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**"કેમ કે જે કોઈ પરિણામ છે તે સંવર- નિર્જરાનું કારણ છે, એવો જ કોઈ દ્રવ્ય પરિણમનનો વિશેષ છે. મિથ્યાદૃષ્ટિનું દ્રવ્ય અશુદ્ધરૂપ પરિણમ્યું છે."**

મિથ્યાદૃષ્ટિની બધી શક્તિઓ અશુદ્ધરૂપ પરિણમે છે. કેમ કે તેની દૃષ્ટિ પર્યાય ને રાગાદિ ઉપર છે. ત્રિકાળી જ્ઞાયક અનંત શક્તિનો પિંડ પ્રભુ છે તેની દૃષ્ટિનો તો મિથ્યાદૃષ્ટિને અભાવ છે. તેની દૃષ્ટિ એક સમયની પર્યાય- અંશ ઉપર અને રાગ ઉપર હોવાથી મિથ્યાદૃષ્ટિનું દ્રવ્ય અશુદ્ધતારૂપ પરિણમ્યું છે. તે બધા અશુદ્ધતારૂપે પરિણમ્યા છે. પછી તે વ્રત ક્રિયા કરે તો પણ તેનું પરિણમન અશુદ્ધ છે.

**"તેથી જે કોઈ મિથ્યાદૃષ્ટિના પરિણામ તે અનુભવરૂપ તો હોતા જ નથી"**; આગળ એમ કહ્યું હતું કે- સમ્યગ્દૃષ્ટિને બુદ્ધિપૂર્વક અનુભવમાં આવે છે.. એમ કહ્યું હતું. જ્યારે અહીંયા કહે છે કે- એવો અનુભવ તો તેને થતો નથી. અને મિથ્યાદૃષ્ટિને (શુદ્ધત્વનો) અનુભવ છે નહીં.

**"તેથી સૂત્ર-સિદ્ધાંતના પાઠરૂપ છે."** શાસ્ત્ર વાંચે, ભણે, બોલે, સમજાવે તે તો બધા વિકલ્પ છે. "સૂત્ર સિદ્ધાંતના પાઠરૂપ" ભાષા શું કહે છે? અન્યમતિનું તો પઠન- પાઠન નહીં; પરંતુ જૈન સિદ્ધાંતનું પઠન- પાઠન છે તે પણ મિથ્યાદૃષ્ટિને મિથ્યાજાતિમાં જાય છે.

**પ્રશ્નઃ-** જૈનો અપવાસ કરે એ બધા શેમાં જાય?

**ઉત્તરઃ-** અહીં અપવાસની વાત નથી. એ તો પછી લેશે. આ તો સર્વજ્ઞ પરમેશ્વરના સિદ્ધાંત અને તેનું પઠન- પાઠન તે પણ રાગ છે. તે પણ મિથ્યાદૃષ્ટિનું અશુદ્ધ પરિણમન છે.

પોતાનો ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ શુદ્ધ દ્રવ્ય તેની દૃષ્ટિ- આશ્રય તો છે નહીં, તેની દૃષ્ટિ તો રાગ ઉપર ને પર્યાય ઉપર છે તો બધા વ્રતાદિના વિકલ્પ તે સૂત્ર સિદ્ધાંતનું પઠન વ્રત- તપશ્ચરણ છે. આ પંચમહાવ્રત આદિના વ્રત કરે છે, તપશ્ચરણ, અપવાસ મહિના- મહિનાના કરે તે બધું બંધનું કારણ છે.. અને તે મિથ્યાજાતિનું છે.

**પ્રશ્નઃ-** આ સમ્યગ્દૃષ્ટિની વાત છે?

**ઉત્તરઃ-** મિથ્યાદૃષ્ટિની વાત છે. જ્ઞાનીને તો દ્રવ્ય વિશેષના કારણે તેને નિર્જરાનું કારણ કહ્યું. દ્રવ્યની શુદ્ધતાની વિશેષતાને કારણે; તે ભાવ જે શુભ અશુભ છે તેને જ્ઞાનજાતિમાં નાખ્યા છે. તેથી તેના શુભાશુભ ભાવ જ્ઞાતાદૃષ્ટામાં જાય છે અને અજ્ઞાનીના બધા જ વ્રત ને તપે અજ્ઞાન જાતિમાં લીધા છે. શ્રદ્ધા જ જ્યાં ખોટી છે ત્યાં જ્ઞાનજાતિમાં કેવી રીતે ઘટે?

આહાહા! મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો એમ કહ્યું છે કે- અજ્ઞાનીના કોઈપણ જાણપણાંમાં સ્વરૂપ વિપરીતતા, ભેદાભેદ વિપરીતતા અને કારણ વિપરીતતા કદાચિત્ ન હોય તો પણ શાસ્ત્ર જ્ઞાનથી પ્રયોજન માનીને સાધે તો પણ જ્ઞાન અજ્ઞાન છે. આ વાત

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચોથા અધ્યાયમાં છે.

ત્રણ પ્રકારમાં સ્વરૂપ વિપરીતતા, કારણ વિપરીતતા અને ભેદાભેદ વિપરીતતા લીધી છે. મારામાં નીચે લીટી કરી છે. અહીંયા વારંવાર કોણ વાંચે ? પહેલાં વાંચેલ હોય. આવૃતિ ફેર છે તેથી પાનું ફેર છે. મારે તો એ કહેવું છે કે-

અહીં લીધું ને કે- વ્રત તપશ્ચરણરૂપ દાન- પૂજા- દયા શીલરૂપ શુભભાવોમાં મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન વિપરીત છે. તે શાસ્ત્રને સત્ય પણ જાણે.. , પરંતુ તે પોતાનું પ્રયોજન અયથાર્થ સાધે છે.. તેથી તે સમ્યગ્જ્ઞાન કહેવામાં આવતું નથી. આહાહા ! પોતાના જાણપણા દ્વારા માની લ્યે છે.. કે મને જાણપણું છે. તેનો આશ્રય લઈ અને બીજાને બતાવવું તે પ્રયોજન સત્ય નથી.

મિથ્યાદૃષ્ટિના ત્રણ કારણ લીધા, તેમાં પહેલું કારણ વિપરીતતા લીધું, પછી સ્વરૂપ વિપરીતતા અને ભેદાભેદ વિપરીતતા લીધું.. આ બધો તેનો જૂઠો નિર્ધાર હોવાથી યથાર્થ જ્ઞાન નથી. " મિથ્યાદૃષ્ટિને જીવાદિ તત્ત્વોના અયથાર્થ જાણવાને મિથ્યાજ્ઞાન ભલે કહો " પણ વ્રત-તપશ્ચરણને યથાર્થ જાણે તેને તો સમ્યક્જ્ઞાન કહો ? આવો પ્રશ્ન છે તેનું સમાધાન- મિથ્યાદૃષ્ટિ જાણે છે ત્યાં તેને સત્તા- અસત્તાનો વિશેષ ( ભેદ ) નથી, તેથી તે કારણ વિપરીતતા, સ્વરૂપ વિપરીતતા વા ભેદાભેદ વિપરીતતા ઉપજાવે છે. તેનો પર કર્તા છે અને પર્યાય પરથી થાય છે; એવો કારણમાં વિપર્યાસ ફેર છે.. તેથી તેનું પરનું જાણવું મિથ્યા છે.

એ તો પહેલાં કહ્યું ને કે- સત્ય પણ જાણે પરંતુ તે પોતાનું પ્રયોજન અયથાર્થ સાધે છે. માન મેળવવા માટે- મને આવડે છે, હું પંડિત છું.. એ બધા અયથાર્થ પ્રયોજન સાધે છે.

**પ્રશ્નઃ**- પૈસા લેવા માટે કરતો હોય તો વાંધો નહીં.

**ઉત્તરઃ**- તે બધી વિપરીતતા છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું છે- પૈસા લેવા માટે ભણે છે, કાર્ય કરે છે.. એ બધી વિપરીતતા છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં અહીં નહીં.. બીજે ઠેકાણે છે.

અહીંયા કહે છે કે- સત્ય પણ જાણે, શાસ્ત્રનું જ્ઞાન એવું ધારણામાં હોય કે સત્ય પણ જાણે, પરંતુ તે પોતાનું પ્રયોજન અયથાર્થ સાધે છે. પોતાના માન માટે, આબરુ માટે, કીર્તિ માટે, બહારમાં મને દુનિયા પ્રસિદ્ધ કરે એ પ્રયોજન માટે જ્ઞાન છે તે મિથ્યા છે. આ તો વીતરાગ માર્ગ છે પ્રભુ !

**શ્રોતાઃ**- સત્ય જાણે તો પણ... !

**ઉત્તરઃ**- એ કહ્યું ને ! સત્ય પણ જાણે પરંતુ તે પોતાનું પ્રયોજન અયથાર્થ સાધે છે.

**પ્રશ્નઃ**- સત્ય જાણવાવાળો અયથાર્થને કેમ સાધે ?

**ઉત્તરઃ**- સાધે, તેને વાત ધારણામાં આવી ગઈ છે.. પરંતુ તેનું પ્રયોજન અન્યથા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે- માન માટે, આબરૂ માટે, કીર્તિ માટે.. છે. મિથ્યાદૃષ્ટિની દૃષ્ટિમાં પુણ્યથી ધર્મ થાય છે, પર્યાય જેટલો આત્મા, હું પરની ક્રિયા કરી શકું છું, પરથી મને લાભ મળે છે તેવી દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિની છે.

**“ તેથી સૂત્ર સિદ્ધાંતના પાઠરૂપ છે.. અથવા વ્રત-તપશ્ચરણરૂપ છે અથવા દાન, પૂજા, દયા, શીલરૂપ છે અથવા ભોગાભિલાષરૂપ છે અથવા ક્રોધ, માન, માયા, લોભરૂપ છે, - આવા સઘળા પરિણામ અજ્ઞાનજાતિના છે. ”**

આહાહા ! અજ્ઞાનજાતિના કેમ છે? કેમ કે તે પરિણામમમાં પોતાપણું માનીને રોકાઈ ગયો છે. પરિણામથી ભિન્ન મારી ચીજ છે, હું આત્મા છું અને તેનાથી મને લાભ થાય છે તેમ ન માનતા, રાગથી મને લાભ થાય છે તે અજ્ઞાનજાતિના પરિણામ છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવ્યું છે કે- શ્રોતાની સંખ્યા ઘણી દેખાય તો પોતે રાજી થાય છે તે ભાવ અજ્ઞાન અને મિથ્યા છે. આ તો વીતરાગ માર્ગ છે. સમજાય છે કાંઈ ?

**“ આવા સઘળા પરિણામ અજ્ઞાનજાતિના છે, કેમ કે બંધનું કારણ છે, સંવર-નિર્જરાનું કારણ નથી; - દ્રવ્યનો એવો જ પરિણમન વિશેષ છે. ”**

મિથ્યાદૃષ્ટિની શ્રદ્ધા મિથ્યા છે.. તેથી તેની પ્રરૂપણા મિથ્યા જૂઠી છે. વ્રત કરવાથી કલ્યાણ થશે, તપ કરવાથી કલ્યાણ થશે, દાનથી, બ્રહ્મચર્ય પાળવાથી, તપ કરવાથી, અપવાસ આદિ કરવાથી... આ શુભરાગ છે તેનાથી કલ્યાણ થાય છે તે દૃષ્ટિ મિથ્યા છે. એ કારણે તેના અજ્ઞાનજાતિના બધા પરિણામ બંધનું કારણ છે. તે સંવર- નિર્જરાનું બિલકુલ કારણ નથી. અજ્ઞાની વ્રત પાળે, પંચમહાવ્રત અઠાવીસ મૂળગુણ પાળે તે બધા આસ્રવ છે.. બંધનું કારણ છે. આ વાત લોકોને આકરી પડે છે. વ્રત- તપ કરે એ સાધન છે. એ સાધનથી સાધ્ય ઉત્પન્ન થાય છે- એમ તેઓ કહે છે.

પંચાસ્તિકાયમાં ભિન્ન સાધન સાધ્ય લખ્યું છે તે તો બીજી અપેક્ષાએ કહ્યું છે. બાકી સાધ્ય તો નિશ્ચય છે. એ સાધનનો રાગમાં આરોપ આપીને ભિન્ન સાધન-સાધ્ય કહ્યું છે. રાગ સાધન છે જ નહીં. તેને આરોપ આપીને સાધન કહ્યું છે. અરે.. ! આમાં ક્યાં નજર પહોંચે ?

**“ દ્રવ્યનો એવો જ પરિણામ વિશેષ છે. ”** જુઓ ! તેમાં પણ એમ આવ્યું કે- ભોગવિલાસ આદિના, વ્રતાદિના પરિણામ જ્ઞાનજાતિના છે- કેમ કે દ્રવ્ય વિશેષ શુદ્ધ પરિણામને કારણે તે જ્ઞાનજાતિના છે. જેને અશુદ્ધ પરિણામ છે તેને દૃષ્ટિની ખબર નથી અને ચીજની ખબર નથી. તેને તો એકલા દાન, વ્રત, તપ સાધન લાગે છે. ભગવાન ! આ તો હિતનો માર્ગ છે. આમાં કોઈને ખુશી થાય કોઈને ના ખુશી થાય એવી વાત અહીં છે નહીં.

આત્મા રાજી કેવી રીતે થાય ? આત્માની શુદ્ધદૃષ્ટિ કરે તો આનંદ આવે છે તો રાજી થાય. પરને રાજી કરવા તેમાં તારું શું ભલું છે ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## કલશ - ૬૮ : ઉપર પ્રવચન

શ્લોક છે નાનો પાનું છે મોટું. ટીકાનું આખું પાનું ભર્યું છે. " **એમ કહ્યું છે કે- સમ્યગ્દૃષ્ટિ જીવની અને મિથ્યાદૃષ્ટિ જીવની બાહ્ય ક્રિયા તો એકસરખી છે પરંતુ દ્રવ્યનો પરિણમન વિશેષ છે, તે વિશેષના અનુસાર દર્શાવે છે, સર્વથા તો પ્રત્યક્ષ જ્ઞાનગોચર છે.** " अज्ञानी द्रव्यकर्मनिमित्तानां भावानाम् हेतुताम् एति " **મિથ્યાદૃષ્ટિ જીવ, જે ધારાપ્રવાહરૂપ નિરંતર બંધાય છે.** "

આહાહા ! મિથ્યાદૃષ્ટિની શુભ પરિણામ ઉપર રુચિ છે.. તેથી મિથ્યાત્વનું બંધન નિરંતર કરે છે. વ્રત, તપ, ભક્તિ, દાન, શીલ આદિ ભાવો તે શુભ છે.. એ તેને તે ધર્મ માને છે.. અને ધર્મનું કારણ માને છે.

" **પુદ્ગલ દ્રવ્યના પર્યાયરૂપ કાર્મણવર્ગણા જ્ઞાનાવરણાદિ કર્મપિંડરૂપ બંધાય છે, જીવના પ્રદેશો સાથે એકક્ષેત્રાવગાહી છે, પરસ્પર બન્ધ્ય- બન્ધકભાવ પણ છે.** "

દ્રવ્યકર્મમાં બંધ થાય છે અને બંધ થવાની લાયકાત પર્યાયમાં છે. મિથ્યાત્વ આદિ ભાવો બંધ થવામાં બાહ્ય કારણરૂપ છે. " **મિથ્યાદૃષ્ટિના મિથ્યાત્વ, રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણામ** ", તે બાહ્ય કારણરૂપ છે.

" **ભાવાર્થ આમ છે કે- જેમ કળશરૂપે મૃત્તિકા પરિણમે છે** " , દૃષ્ટાંત આપે છે. માટી કળશરૂપ– ઘટરૂપ પરિણમે છે, તે પરિણામ તો માટીના જ છે. " **જેમ કુંભારના પરિણામ તેનું બાહ્ય નિમિત્ત કારણ છે,** " અર્થાત્ નિમિત્ત કારણથી થયું નથી. આ વાત સમયસાર ૨૭૨ ગાથામાં આવી ગઈ છે.

**પ્રશ્નઃ**- કુંભાર તો ઘડા બનાવે છે.

**ઉત્તરઃ**- કુંભાર ઘડા બનાવે છે તેમ અમે તો જોતા નથી.. પરંતુ માટી ઘડાને કરે છે તેમ જોઈએ છીએ. સ્ત્રી રોટલી બનાવે છે એવું અમે તો માનતા નથી.

" **જેમ કુંભારના પરિણામ તેનું બાહ્ય નિમિત્ત કારણ છે, વ્યાપ્ય-વ્યાપકરૂપ નથી.. તેમ જ્ઞાનાવરણાદિક કર્મપિંડરૂપ પુદ્ગલદ્રવ્ય સ્વયં વ્યાપ્ય- વ્યાપકરૂપ છે,** "

શું કહે છે ? અજ્ઞાનીના જે વિકાર પરિણામ છે તેમાં વ્યાપ્ય અવસ્થા ને વ્યાપક જીવ તેમ તો છે પરંતુ કર્મ બંધનની અવસ્થા વ્યાપ્ય અને આત્મા વ્યાપક તેમ નથી. વ્યાપ્ય વ્યાપકભાવ કર્મમાં જાય છે. કર્મની પર્યાય વ્યાપ્ય ને પુદ્ગલ દ્રવ્ય તેનું વ્યાપક તેમ તો છે. કર્મની પર્યાય વ્યાપ્ય ને આત્મા તેનો વ્યાપક એમ તો છે નહીં.

ભાષા તો જુઓ ! વ્યાપ્ય ને વ્યાપક. હજુ તો નિર્ણય કરવાના પણ ઠેકાણા ન મળે અને એમ ને એમ ધર્મ કરો.. ધર્મ કરો ! દેવદર્શન કરો, વ્રત કરો, તપ કરો, પૂજા કરો, દાન કરો, ભક્તિ કરો, શરીરથી બ્રહ્મચર્ય પાળો.. બસ લ્યો થઈ ગયો ધર્મ; તો એમ છે નહીં.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અહીં કહ્યું ને- કુંભારના પરિણામ તેનું બાહ્ય નિમિત્ત-કારણ છે.. પરંતુ વ્યાપ્ય-વ્યાપક નહીં. શું કહે છે? માટીમાંથી ઘડો થાય છે તેમાં ઘડાની અવસ્થા વ્યાપ્ય છે અને માટી વ્યાપક છે. કુંભાર વ્યાપક છે ને ઘડો વ્યાપ્ય છે એમ છે નહીં. વ્યાપ્ય નામ અવસ્થા અને વ્યાપક નામ દ્રવ્ય. તે કાયમ રહેનાર ચીજ છે. વ્યાપક અને ક્ષણિક પર્યાય ઉત્પન્ન થાય છે તે વ્યાપ્ય છે. આહાહા! ઘડાનું વ્યાપક માટી છે.. અને ઘડો તેની વ્યાપ્ય અવસ્થા છે. કુંભકાર વ્યાપક છે અને માટી-ઘડો અવસ્થા તેનું વ્યાપ્ય છે તેમ છે નહીં.

આત્મા રાગ- દ્વેષનો કર્તા છે અને કર્મ બંધાય છે તે તેની અવસ્થા નામ વ્યાપ્ય છે તેમ નથી. વ્યાપ્ય- વ્યાપક્તા કર્મમાં છે. આત્માએ રાગ કર્યો તે વ્યાપક છે અને કર્મની પર્યાય છે તે વ્યાપ્ય થઈ તેમ છે નહીં. થોડું સૂક્ષ્મ છે પણ જાણવું તો પડશે કે નહીં?

"**તેમ જ્ઞાનાવરણાદિક કર્મપિંડરૂપ પુદ્ગલદ્રવ્ય સ્વયં વ્યાપ્ય- વ્યાપકરૂપ છે.**" લ્યો! એ કર્મ જ વ્યાપ્ય- વ્યાપક છે. કર્મની અવસ્થા તે વ્યાપ્ય છે અને પુદ્ગલકર્મ જે છે તે વ્યાપક છે. તે કર્મબંધનની પર્યાયમાં આત્મા વ્યાપક છે તેમ છે નહીં.

* * *

(ઉપેન્દ્રવજ્રા)

य एव मुक्त्वा नयपक्षपातं
स्वरूपगुप्ता निवसन्ति नित्यम्।
विकल्पजालच्युतशान्तचित्ता-
स्त एव साक्षादमृतं पिबन्ति।। २४-६९।।

**ખંડાન્વય સહિત અર્થઃ-** "ये एव नित्यम् स्वरूपगुप्ताः निवसन्ति ते एव साक्षात् अमृतं पिबन्ति" (ये एव) જે કોઈ જીવ (नित्यम्) નિરન્તર (स्वरूप) **શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુમાં** (गुप्ताः) **તન્મય થયા છે-**(निवसन्ति) **એવા થઈને રહે છે** (ते एव) **તે જ જીવો** (साक्षात् अमृतं) **અતીન્દ્રિય સુખનો** (पिबन्ति) **આસ્વાદ કરે છે. શું કરીને?** "नयपक्षपातं मुक्त्वा" (नय) **દ્રવ્ય-પર્યાયરૂપ વિકલ્પબુદ્ધિ તેના** (पक्षपातं) **એક પક્ષરૂપ અંગીકારને** (मुक्त्वा) **છોડીને. કેવા છે તે જીવ?** "विकल्पजालच्युतशान्तचित्ताः" (विकल्पजाल) **એક સત્ત્વનો અનેકરૂપ વિચાર તેનાથી** (च्युत) **રહિત થયું છે** (शान्तचित्ताः) **નિર્વિકલ્પ સમાધાનરૂપ મન જેમનું, એવા છે. ભાવાર્થ આમ છે કે-એક સત્ત્વરૂપ વસ્તુ છે તેને, દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ વિચારતાં વિકલ્પ થાય છે, તે વિકલ્પ થતાં મન આકુળ થાય છે, આકુળતા દુઃખ છે; તેથી વસ્તુમાત્ર અનુભવતાં વિકલ્પ મટે છે,**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિકલ્પ મટતાં આકુળતા મટે છે, આકુળતા મટતાં દુઃખ મટે છે. તેથી અનુભવશીલ જીવ પરમ સુખી છે. ૨૪-૬૯.

* * *

( ઉપજાતિ )

एकस्य बद्धो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। २५-७०।।

ખંડાન્વય સહિત અર્થઃ- " चिति द्वयोः इति द्वौ पक्षपातौ " ( चिति ) ચૈતન્યમાત્ર વસ્તુમાં ( द्वयोः ) દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક-બે નયોના ( इति ) આમ ( द्वौ पक्षपातौ ) બંને પક્ષપાત છે. " एकस्य बद्धः तथा अपरस्य न " ( एकस्य ) અશુદ્ધ પર્યાયમાત્રગ્રાહક જ્ઞાનનો પક્ષ કરતાં ( बद्धः ) જીવદ્રવ્ય બંધાયું છે; ( ભાવાર્થ આમ છે કે-જીવદ્રવ્ય અનાદિથી કર્મસંયોગ સાથે એકપર્યાયરૂપ ચાલ્યું આવ્યું છે, વિભાવરૂપ પરિણમ્યું છે-એમ એક બંધપર્યાયને અંગીકાર કરીએ, દ્રવ્યસ્વરૂપનો પક્ષ ન કરીએ, તો જીવ બંધાયો છે; એક પક્ષ આ રીતે છે; ) ( तथा ) બીજો પક્ષ-( अपरस्य ) દ્રવ્યાર્થિકનયનો પક્ષ કરતાં ( न ) બંધાયો નથી. ભાવાર્થ આમ છે કે-જીવદ્રવ્ય અનાદિનિધન ચેતનાલક્ષણ છે, આમ દ્રવ્યમાત્રનો પક્ષ કરતાં જીવદ્રવ્ય બંધાયું તો નથી, સદા પોતાના સ્વરૂપે છે; કેમ કે કોઈ પણ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે પરિણમતું નથી, બધાંય દ્રવ્યો પોતાના સ્વરૂપે પરિણમે છે. " यः तत्त्ववेदी " જે કોઈ શુદ્ધ ચેતનામાત્ર જીવના સ્વરૂપનો અનુભવનશીલ છે જીવ, " च्युतपक्षपातः " તે જીવ પક્ષપાતથી રહિત છે. ભાવાર્થ આમ છે કે-એક વસ્તુની અનેકરૂપ કલ્પના કરવામાં આવે છે તેનું નામ પક્ષપાત કહેવાય છે, તેથી વસ્તુમાત્રનો સ્વાદ આવતાં કલ્પનાબુદ્ધિ સહજ જ મટે છે. " तस्य चित् चित् एव अस्ति " ( तस्य ) શુદ્ધ સ્વરૂપને અનુભવે છે તેને '( चित् ) ચૈતન્યવસ્તુ ( चित् एव अस्ति ) ચેતનામાત્ર વસ્તુ છે' એવો પ્રત્યક્ષપણે સ્વાદ આવે છે. ૨૫-૭૦*

* અહીંથી હવે પછીના ૨૬ થી ૪૪ સુધીના શ્લોકો ૨૫ મા શ્લોકની સાથે મળતા છે, તેથી પં. શ્રી રાજમલજીએ તે શ્લોકોનો " ખંડાન્વય સહિત અર્થ " કર્યો નથી. મૂળ શ્લોકો, તેમનો અર્થ તથા ભાવાર્થ ગુજરાતી સમયસારમાંથી અહીં આપવામાં આવ્યા છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(ઉપજાતિ)

एकस्य मूढो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। २६-७१।।

અર્થઃ- જીવ મૂઢ (મોહી) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ મૂઢ (મોહી) નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરન્તર અનુભવાય છે). ૨૬-૭૧.

* * *

(ઉપજાતિ)

एकस्य रक्तो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। २७-७२।।

અર્થઃ- જીવ રાગી છે એવો એક નયનો પક્ષ છે અને જીવ રાગી નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૨૭-૭૨.

* * *

(ઉપજાતિ)

एकस्य दुष्टो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। २८-७३।।

અર્થઃ- જીવ દ્વેષી છે એવો એક નયનો પક્ષ છે અને જીવ દ્વેષી નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૨૮-૭૩.

* * *

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

( ઉપજાતિ )

एकस्य कर्ता न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। २९-७४।।

અર્થ:- જીવ કર્તા છે એવો એક નયનો પક્ષ છે અને જીવ કર્તા નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૨૯-૭૪.

* * *

( ઉપજાતિ )

एकस्य भोक्ता न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ३०-७५।।

અર્થ:- જીવ ભોક્તા છે એવો એક નયનો પક્ષ છે અને જીવ ભોક્તા નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૦-૭૫.

* * *

( ઉપજાતિ )

एकस्य जीवो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ३१-७६।।

અર્થ:- જીવ જીવ છે એવો એક નયનો પક્ષ છે અને જીવ જીવ નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૧-૭૬.

* * *

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(ઉપજાતિ)

एकस्य सूक्ष्मो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ३२-७७।।

અર્થઃ- જીવ સૂક્ષ્મ છે એવો એક નયનો પક્ષ છે અને જીવ સૂક્ષ્મ નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૨-૭૭.

* * *

(ઉપજાતિ)

एकस्य हेतुर्न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ३३-७८।।

અર્થઃ- જીવ હેતુ (કારણ) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ હેતુ (કારણ) નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૩-૭૮.

* * *

(ઉપજાતિ)

एकस्य कार्यं न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ३४-७९।।

અર્થઃ- જીવ કાર્ય છે એવો એક નયનો પક્ષ છે અને જીવ કાર્ય નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૪-૭૯.

* * *

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( ઉપજાતિ )

एकस्य भावो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ३५-८०।।

અર્થ:- જીવ ભાવ છે ( અર્થાત્ ભાવરૂપ છે ) એવો એક નયનો પક્ષ છે અને જીવ ભાવ નથી ( અર્થાત્ અભાવરૂપ છે ) એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૫-૮૦.

* * *

( ઉપજાતિ )

एकस्य चैको न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ३६-८१।।

અર્થ:- જીવ એક છે એવો એક નયનો પક્ષ છે અને જીવ એક નથી ( -અનેક છે ) એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૬-૮૧.

* * *

( ઉપજાતિ )

एकस्य सांतो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ३७-८२।।

અર્થ:- જીવ સાન્ત ( -અન્ત સહિત ) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ સાન્ત નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૭-૮૨.

* * *

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(ઉપજાતિ)

एकस्य नित्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ३८-८३।।

અર્થઃ- જીવ નિત્ય છે એવો એક નયનો પક્ષ છે અને જીવ નિત્ય નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૮-૮૩.

* * *

(ઉપજાતિ)

एकस्य वाच्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ३९-८४।।

અર્થઃ- જીવ વાચ્ય (અર્થાત્ વચનથી કહી શકાય એવો) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ વાચ્ય (-વચનગોચર) નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૩૯-૮૪.

* * *

(ઉપજાતિ)

एकस्य नाना न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।। ४०-८५।।

અર્થઃ- જીવ નાનારૂપ છે એવો એક નયનો પક્ષ છે અને જીવ નાનારૂપ નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૪૦-૮૫.

* * *

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

( ઉપજાતિ )

एकस्य चेत्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।४१-८६।।

અર્થઃ- જીવ ચેત્ય ( ચેતાવાયોગ્ય ) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ ચેત્ય નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૪૧-૮૬.

* * *

( ઉપજાતિ )

एकस्य दृश्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।४२-८७।।

અર્થઃ- જીવ દૃશ્ય ( -દેખાવાયોગ્ય ) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ દૃશ્ય નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૪૨-૮૭.

* * *

( ઉપજાતિ )

एकस्य वेद्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।४३-८८।।

અર્થઃ- જીવ વેદ્ય ( -વેદાવાયોગ્ય, જણાવાયોગ્ય ) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ વેદ્ય નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૪૩-૮૮.

* * *

(ઉપજાતિ)

एकस्य भातो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।४४-८९।।

અર્થઃ- જીવ 'ભાત' (પ્રકાશમાન અર્થાત્ વર્તમાન પ્રત્યક્ષ) છે એવો એક નયનો પક્ષ છે અને જીવ 'ભાત' નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરન્તર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરન્તર અનુભવાય છે).

ભાવાર્થઃ- બદ્ધ અબદ્ધ, મૂઢ અમૂઢ, રાગી અરાગી, દ્વેષી અદ્વેષી, કર્તા અકર્તા, ભોક્તા અભોક્તા, જીવ અજીવ, સૂક્ષ્મ સ્થૂલ, કારણ અકારણ, કાર્ય અકાર્ય, ભાવ અભાવ, એક અનેક, સાન્ત અનન્ત, નિત્ય અનિત્ય, વાચ્ય અવાચ્ય, નાના અનાના, ચેત્ય અચેત્ય, દૃશ્ય અદૃશ્ય, વેદ્ય અવેદ્ય, ભાત અભાત ઇત્યાદિ નયોના પક્ષપાત છે. જે પુરુષ નયોના કથન અનુસાર યથાયોગ્ય વિવક્ષાપૂર્વક તત્ત્વનો-વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને નયોના પક્ષપાતને છોડે છે તે પુરુષને ચિત્સ્વરૂપ જીવનો ચિત્સ્વરૂપે અનુભવ થાય છે.

જીવમાં અનેક સાધારણ ધર્મો છે પરંતુ ચિત્સ્વભાવ તેનો પ્રગટ અનુભવગોચર અસાધારણ ધર્મ છે તેથી તેને મુખ્ય કરીને અહીં જીવને ચિત્સ્વરૂપ કહ્યો છે. ૪૪-૮૯.

## પ્રવચન નં. ૮૧ તા. ૩૦-૮-'૭૭

## કલશ - ૬૯ : ઉપર પ્રવચન

આ કળશટીકાનો કર્તાકર્મ અધિકાર છે. તેમાં ૬૯મો શ્લોક છે. ૬૮ શ્લોક થોડો ચાલ્યો પણ તે બધાનો સાર એક જ છે. "य एव नित्यम् स्वरुपगुप्ताः निवसन्ति त एव साक्षात् अमृतं पिबन्ति" જે કોઈ જીવ નિરંતર શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુમાં તન્મય થયા છે."

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

આહાહા ! શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક ભગવાન તેમાં જે કોઈ જીવ તન્મય થયા છે એટલે સ્વરૂપમાં એકાગ્ર થયા છે. તન્મયનો અર્થ પર્યાય ને દ્રવ્ય એક થઈ જાય છે તેમ નહીં. તન્મયનો અર્થ પર્યાય એ તરફ ઝૂકી ગઈ છે તે અપેક્ષાએ તન્મય કહેવામાં આવે છે. સમજમાં આવ્યું ?

કર્તાકર્મના વીસ શ્લોક છે. એમાં પહેલા શ્લોકની વાત છે. જેને સમ્યગ્દર્શન થાય છે તે ક્યારે થાય છે ? તે કેવી રીતે થાય છે ? આ પોતાનું સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્યઘન છે તેમાં 'નિવસન્તિ' વાસ કરે છે. અનાદિકાળથી તેનો પુણ્ય-પાપ આદિમાં નિવાસ હતો, તે પર્યાયબુદ્ધિમાં પુણ્ય-પાપની એક સમયની પર્યાયમાં તન્મય હતો... તે પર્યાયબુદ્ધિવાળો મિથ્યાદૃષ્ટિ હતો. સમજમાં આવ્યું ?

પોતાના સ્વરૂપ સન્મુખ થઈને તેનો આશ્રય લઈને જે ચૈતન્યઘન - આનંદકંદ એવા ચૈતન્યમાં નિવાસ કરે છે તે જ્ઞાની છે. "**જે કોઈ જીવ શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુમાં**", આ સ્વરૂપની વ્યાખ્યા કરી. શુદ્ધ ચૈતન્ય પવિત્ર પિંડ પ્રભુ છે. એક સમયની દશામાં અપવિત્રતા અને સંસાર છે. વસ્તુમાં સંસાર નથી અને અલ્પજ્ઞતા પણ નથી.

વસ્તુ જે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ તે સ્વરૂપની વ્યાખ્યા કરીને ? સ્વરૂપની વ્યાખ્યા- શુદ્ધ ચૈતન્ય માત્ર વસ્તુ. સ્વ... રૂપ પોતાની જે શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુ છે... તેમાં ગુપ્ત-તન્મય થયા છે. આહાહા ! જે વિકલ્પોને છોડીને પોતાની ચીજમાં જે કોઈ આશ્રય લઈ તન્મય થાય છે તે વસ્તુમાં સ્થિરતાપૂર્વક રહે છે. આનંદકંદ પ્રભુ તેમાં રહે છે. અહીંયા તો એમ કહ્યું છે કે- તેમાં નિરંતર રહે છે. જેને વિકલ્પ તૂટીને સ્વરૂપમાં નિવાસ થયો તો હવે દૃષ્ટિ નિરંતર ત્યાં જ પડી છે.. અને તે આનંદમાં રહે છે. આવો માર્ગ છે સમજમાં આવ્યું ?

"**निवसन्ति**" તે જીવ સાક્ષાત અમૃતં '**पिबन्ति**'. સાક્ષાત કેમ ? આત્મા અમૃત સ્વરૂપ તો છે જ, જેનું કદી મૃત્યુ નથી, જેનો કદી અભાવ નથી, જેનો કદી નાશ નથી તેવી ચીજ ને અમૃત સ્વરૂપ કહે છે. સમજમાં આવ્યું ?

આવો અમૃત સ્વરૂપ ભગવાન આત્મા અમૃતનું ભોજન કરે છે. આહાહા ! દૃષ્ટિ ત્યાં લાગી છે, પર્યાય અને રાગ ઉપરથી દૃષ્ટિ ઊઠાવી લીધી છે તે નાસ્તિથી કથન છે. બાકી અંતરમાં ગયો તો ઊઠાવી લીધી એમ પણ નથી.. પરંતુ તેમ થઈ જાય છે. વાત સમજમાં આવી ? વાત સુક્ષ્મ છે, પણ છે આ. બાકી બહારમાં લાખ- લાખ દાન ને શિયળ, તપ કરે, ગમે તે કરે, બહારમાં અનેક પ્રકારના મહોત્સવ મનાવે એ બધી વિકલ્પની જાળ- રાગ છે.

અહીં તો પરમાત્મા એમ કહે છે કે- એકવાર પ્રભુ ધ્રુવ ધામમાં નિવાસ તો કર. નિવાસ અર્થાત્ વિશેષ વાસ કરવો. જે કાંઈ શુભરાગ દયા-દાન, વ્રત-ભક્તિ આદિ તેમાં તારો વાસ છે ? ( નહીં ) તે તો તારો મિથ્યા ભૂમિકામાં વાસ છે. તારો વાસ ચૈતન્ય-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભૂમિકામાં નથી થયો.

અનાદિથી શુભ અશુભભાવ થયા કરે છે. શુભભાવની મુખ્યતા છે તેમાં ધર્મ માનીને ત્યાં રુચિ કરીને ત્યાં વાસ કરે છે. એકવાર પ્રભુ તારું અમૃતધામ- અમૃતફળ એ તારી ચીજ છે. તે કદી મૃત્યુ પામે નહીં, નાશ પામે નહીં, પલટે નહીં એવી ચીજ છે. આહાહા! તારી ચીજ અતીન્દ્રિય અમૃત સુખથી ભરેલી છે. અમૃતની વ્યાખ્યા કરી- અતીન્દ્રિય સુખ એ સાક્ષાત અમૃતની વ્યાખ્યા કરી. સાક્ષાત એટલે અતીન્દ્રિય અને અમૃતસુખ.

ભગવાન આત્મા આનંદ સ્વરૂપ, સત્ ચિદાનંદ પ્રભુ, સત્ નામ શાશ્વત જ્ઞાન ને આનંદનો ભંડાર છે. કહ્યું હતું ને- સર્વ શક્તિનો સંગ્રહાલય છે. જેમ ગોદામમાં અનેક પ્રકારનો માલ પડયો હોય એમ ભગવાનના ગોદામમાં અનેક પ્રકારની શુદ્ધ શક્તિઓ પડી છે. તેમાં અમૃત નામની સુખ નામની એક શક્તિ છે.

તું પ્રભુ અનાકૂળ આનંદ- સુખ સ્વરૂપ છો. પર્યાયમાં જે રાગ- દ્વેષરૂપ અશુદ્ધતા દેખાય છે તે તારી ચીજ નહીં.. એની રુચિથી તારું મૃત્યુ થાય છે. પુણ્ય-પાપ રાગાદિ તેની રુચિને કારણે પોતાના સ્વભાવ પ્રત્યે તેને ક્રોધ આવ્યો, દ્વેષ આવ્યો. 'દ્વેષ અરોચક ભાવ'. ભગવાન આનંદની રુચિ નથી એ જ આત્મા પ્રત્યે દ્વેષ નામ ક્રોધ કહેવામાં આવે છે. ઝીણી વાત છે ભગવાન!

અહીંયા કહે છે કે- સાક્ષાત અતીન્દ્રિય સુખને પીવે છે. ધર્મીજીવ એ અતીન્દ્રિય આનંદનો સ્વાદ લ્યે છે. જેમ શેરડીનો રસ ગટ્-ગટ્ પીવે છે તેમ ધર્મી પોતાના ચૈતન્ય અમૃતસાગરમાં એકાગ્ર થઈને અમૃતના ઘૂંટડા પીવે છે. '**पिबन्ति**' એમ શબ્દ લીધો છે. શું "**पिबन्ति**" ? આનંદની પર્યાય અપૂર્ણ છે તેથી હજુ તૃપ્તિ નથી. પૂર્ણાનંદના નાથની જ્યારે પર્યાયમાં પૂર્ણ તૃપ્તિ થાય છે ત્યારે પૂર્ણ થાય છે.

ન્યાલચંદભાઈએ દ્રવ્યદૃષ્ટિ પ્રકાશમાં- જેમ શેરડીનો રસ પીવે તેમ આનંદની ગટાગટી પીવે છે. તેમ ધર્મી જીવ પોતાના અમૃતસાગરની સન્મુખ થઈને અંતરમાં નિવાસ કરે છે.. તો તે અમૃતને પીવે છે. આહાહા! તેનું નામ ધર્મ છે. સમજમાં આવ્યું?

શ્લોક ૬૮માં કહ્યું કે- અશુદ્ધ ચેતનાના પરિણામ નવા કર્મબંધનમાં નિમિત્ત થાય છે. ત્યાં તો બંધન પોતાથી થાય છે એમ સિદ્ધ કરવું છે. પછી આ સાર લીધો છે.

આજ તો બહેનનો જન્મ દિવસ છે ને! ભાઈ! એ તો ધર્મરત્ન છે. બહારમાંથી મરી ગયેલા છે. એને કોઈ હીરે વધાવો પરંતુ એને કાંઈ નથી. એ તો મડદાંની જેમ ઉભા હતા.

આહાહા! જ્યાં આત્માના આનંદનો સ્વાદ આવ્યો તો પરમાં ઉત્સાહ અને વીર્યની દશા ચાલી જાય છે. જ્યાં આત્માના આનંદનો સ્વાદ આવ્યો ત્યાં પર તરફના ઉત્સાહની વીર્ય દશા છૂટી જાય છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીંયા કહે છે કે – અતીન્દ્રિય સુખનો આસ્વાદ કરે છે– પીવે છે. જુઓ! આનું નામ સમ્યગ્દર્શન અને તેનું નામ અનુભૂતિ છે. અતીન્દ્રિય આનંદનો સ્વાદ તેનું નામ ધર્મ– મોક્ષનો માર્ગ છે. તેનું નામ પર્યાયમાં સુખ સાગરનું ઉછળવું છે. બપોરે શક્તિ ચાલે છે તેમાં આવે છે કે– જ્ઞાનની પર્યાય જ્યારે સમ્યક્ ઉત્પન્ન થઈ તેની સાથે અનંતી પર્યાય ઉછળે છે. ઉછળે છે અર્થાત્ ઉદય પામે છે.. અર્થાત્ પ્રગટ થાય છે. માર્ગ આવો છે. લોકોને જરી વિરુદ્ધ લાગે. તેને એમ થાય કે– આ વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે.. નહીં તો એકાંત છે.

આહાહા! વાસ્તુ કરે છે તો ત્યાં કોઈ મકાન હોય તેનું વાસ્તુ કરે છે કે નહીં? જંગલમાં કરે છે? કોઈ એમ ને એમ ખાલી કરે છે? એમ તારી વસ્તુમાં વસવું તે વાસ્તુ છે. વસ્તુ તેને કહીએ કે જેમાં અનંત શક્તિઓ વસેલી છે. ગોમ્મટસારમાં આવો શબ્દ લીધો છે કે– આત્મ વસ્તુ.. વસ્તુ... , વસ્તુ તેને કહીએ કે જેમાં અનંતગુણ ને અનંત શક્તિ વસેલી– રહેલી છે.. માટે તે વસ્તુ છે. એ વસ્તુમાં વાસ કરવો તે વાસ્તુ. શું કહે છે? મકાનનું વાસ્તુ, એમ આ વાસ્તુ છે. આહાહા! તારી ચીજમાં વાસ્તુ કરને નાથ! તારી ચીજ પ્રભુ પડી છે ને આનંદનો નાથ! તારી દૃષ્ટિનો પલટો ખાવાની આટલી વાત છે. એક સમયાન્તરની વાત છે. જે દૃષ્ટિ પર ઉપર છે તે એક સમયમાં ગુંલાટ ખાય છે. કાર્ય એક સમયાન્તરમાં થાય છે. ભૂલ એક સમયની છે અને પર્યાય એક સમયની છે. ભગવાન ચૈતન્ય સાગર એ તો પવિત્ર પિંડ છે પ્રભુ! સમજમાં આવ્યું?

અહીં કહે છે ( **पिबन्ति** ) આસ્વાદ કરે છે. શું કરીને? “ **नयपक्षपातं मुकत्वा** ” **દ્રવ્ય- પર્યાયરૂપ વિકલ્પબુદ્ધિ તેના એક પક્ષરૂપ અંગીકારને છોડીને.** ”

શું કહે છે? બે વાત કરી– દ્રવ્ય ને પર્યાય. હું બદ્ધ છું, હું અશુદ્ધ છું, હું અનેક છું, હું વેદન લાયક નથી, હું જાણવાલાયક નથી એવી પર્યાય બુદ્ધિ તેનો વિકલ્પ છોડીને, વ્યવહાર તેનો નિષેધ કરતા આવ્યા છીએ. તેનાથી આગળ અહીંયા તો – હું શુદ્ધ છું, હું બુદ્ધ છું, હું અબદ્ધ છું, હું પ્રત્યક્ષ થવા લાયક છું, મારી ચીજ પ્રત્યક્ષ થવા લાયક છે તેવા વિકલ્પનો નિષેધ કરીને. હું પ્રત્યક્ષ થવા લાયક નથી તે તો પર્યાય બુદ્ધિ અને વ્યવહાર છે તેનો તો નિષેધ કરીને અહીં આવ્યા છીએ.

અહીં તો હું શુદ્ધ છું, પ્રત્યક્ષ થવા લાયક છું, હું અબદ્ધ છું, હું શુદ્ધ ચિદ્દ્ઘન છું, હું એકરૂપ છું, હું જાણવાલાયક છું, હું વેદવા લાયક છું, હું પ્રત્યક્ષ થવા લાયક છું તેવો વિકલ્પ પણ છોડી દે! સમજમાં આવ્યું.

ભગવાન આત્માની અંદરમાં નિવાસ કરવો હોય, વસ્તુની પ્રાપ્તિ કરવી હોય તો.. વ્યવહારનયના જેટલા કથન છે તેને તો અમે પહેલેથી નિષેધ કરતા આવ્યા છીએ. નિશ્ચય– વ્યવહારની સાથમાં આ નિશ્ચયનો બોલ આવ્યો. હું શુદ્ધ છું, અખંડ છું, અભેદ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છું, એક છું, પ્રત્યક્ષ થવા લાયક છું, આનંદ વેદવા લાયક છું એવી વિકલ્પની જે વૃત્તિ ઊઠે છે તે પક્ષ છે. એ પક્ષ છે તે આંગણું છે, તેને છોડીને અંદરમાં જા!

**પ્રશ્નઃ**- અંદરમાં જવાની વિધિ બતાવોને?

**ઉત્તરઃ**- આ એ જ કહીએ છીએ ને! જુઓ આવ્યું! "**એ પક્ષરૂપ અંગીકારને છોડીને.**" એ પક્ષના વિકલ્પને છોડીને 'नयपक्षपातं मुकत्वा'. દ્રવ્ય ને પર્યાય બે કેમ લીધા? પર્યાય તે વ્યવહાર ને દ્રવ્ય તે નિશ્ચય છે.. એમ કહીને લીધું છે. નય બે છે- દ્રવ્યાર્થિકનય ને પર્યાયાર્થિકનય બે છે. તે બન્નેનો પક્ષપાત છોડીને. અહીં તો વ્યવહારનય અર્થાત્ પર્યાયનયનાં પક્ષને પહેલેથી છોડીને આવ્યા છીએ. પાઠમાં આવે છે ને! અહીં તો હવે દ્રવ્યનયના પક્ષને છોડે છે.

આ શ્લોકોમાં બન્ને વાત સાથે લીધી છે. દ્રવ્ય ને પર્યાય, બદ્ધ અને અબદ્ધ, એક અને અનેક તેમાં નિર્વિકલ્પ ચીજ જે અબદ્ધ, શુદ્ધ, એક છું તે દ્રવ્યનો જે વિકલ્પ છે તે વિકલ્પને છોડવાનો છે. સમજમાં આવ્યું? આવો માર્ગ છે.

**પ્રશ્નઃ**- ભેદ અભેદ બધાને છોડી દીધા તો પાછળ શું રહ્યું?

**ઉત્તરઃ**- જે છે તે રહ્યું. અભેદનો વિકલ્પ છોડાવવો છે, વસ્તુ તો રહી ગઈ. અભેદનો, સામાન્યનો, એકનો એવો વિકલ્પ છોડાવવો છે.. , વસ્તુ તો તેવી છે જ. વસ્તુ તો અભેદ ને શુદ્ધ રહી ગઈ.

**પ્રશ્નઃ**- વિકલ્પ તો સાધન છે.

**ઉત્તરઃ**- વિકલ્પ સાધન-ફાધન છે નહીં, વિકલ્પ તો બાધક છે. એ વિકલ્પ દુઃખ છે... પ્રભુ! તને ખબર નથી. હું શુદ્ધ છું, હું એક છું, હું વેદવા લાયક છું એવો વિકલ્પ દુઃખ છે. એ દુઃખ કાંઈ સુખનું સાધન છે?

એ કહે છે જુઓ! દ્રવ્ય ને પર્યાય તેનો પક્ષ વિકલ્પ બુદ્ધિ કેમ કહ્યું? પર્યાયબુદ્ધિનો, વ્યવહારબુદ્ધિનો તો નિષેધ કરતા આવ્યા છીએ, પરંતુ દ્રવ્યના વિકલ્પનો પક્ષ છોડાવવામાં બન્નેની (દ્રવ્ય-પર્યાય) સાથે વાત કરે છે. નહીંતર અહીં તો દ્રવ્યનો વિકલ્પ છોડાવવો છે. બન્નેના વિકલ્પ હતા તેનો એક સાથે બન્નેનો પક્ષ છોડાવે છે. આવો માર્ગ છે ભાઈ!

એ ભાઈએ કહ્યું કે- વિકલ્પ સાધન છે. તે સાધન શું છે? પોતાના સ્વરૂપમાં સાધન- કરણ નામની શક્તિ પડી છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ તેવી છ શક્તિઓ અંદરમાં પડી છે- એ ધ્રુવ સ્વરૂપમાં છે. (હવે જ્યારે વિકલ્પનું) લક્ષ છોડે છે તો સાધન નામની શક્તિ સાધનરૂપ થાય છે. સ્વરૂપની નિર્મળતાનું આ સાધન શક્તિ સાધન છે, રાગ સાધન નથી.

શ્રી નિયમસાર ગાથા બીજી- તેમાં સમ્યગ્દર્શન- જ્ઞાન- ચારિત્ર તેને પરમ નિરપેક્ષ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહ્યું છે. પરમ નિરપેક્ષ એટલે તેને વ્યવહારની કે વિકલ્પની અપેક્ષા નથી. આહાહા! પરમ નિરપેક્ષ રત્નત્રયને સેવવાવાળો ભગવાન આત્મા છે. આ મોક્ષનો માર્ગ છે. મોક્ષમાર્ગમાં પરની કોઈ અપેક્ષા છે જ નહીં. મોક્ષમાર્ગ નિરપેક્ષ છે તેવો પાઠ છે. અહીંયા તો કહે છે– નિશ્ચયથી જે દ્રવ્યનો આશ્રય છે તેનો વિકલ્પ છોડવો છે. દ્રવ્ય અને પર્યાય તે બન્નેને સાથે લીધા છે. દ્રવ્ય એટલે નિશ્ચય અને પર્યાય એટલે વ્યવહાર.

આ ત્રણલોકના નાથની દિવ્ય ધ્વનિ છે. જેને ઇન્દ્રો સાંભળતા હોય તે વાણી કેવી હોય! અક ભવતારી ઇન્દ્રો છે. પતિ અને પત્ની બન્ને એક ભવતારી છે. સૌધર્મ દેવ લોકનો ઇન્દ્ર ત્રણ જ્ઞાનનો ધણી છે. એક એક વૈમાનમાં અસંખ્ય દેવ છે.. તો તેવા બત્રીસ લાખ વૈમાન છે. કોઈ વૈમાનમાં થોડી સંખ્યા છે. સૌધર્મ સ્વર્ગમાં અસંખ્ય દેવ વસે છે તેનો સ્વામી શકેન્દ્ર એમ કહે છે કે– હું તેનો સ્વામી નહીં.. મને જરી રાગ આવ્યો તેનો પણ હું સ્વામી નહીં. હું તો દ્રવ્યે શુદ્ધ, ગુણેશુદ્ધ અને નિર્મળ આનંદની પર્યાય શુદ્ધ તે મારું સ્વ અને તેનો હું સ્વામી છું.

મેરુપર્વત ઉપર સોધર્મ દેવલોક છે. ત્રણ તો જ્ઞાન છે– મતિ, શ્રુત, અવધિ. તે ભગવાનની પાસે મહાવિદેહમાં સાંભળવા જાય છે. એ સમ્યદ્રષ્ટિ એકભવતારી છે. બન્ને એક ભવે મોક્ષે જવાના છે. ભગવાને કહ્યું છે– તેમનું નક્કી થઈ ગયું છે. તે પણ વાણી સાંભળવા જાય છે ભાઈ! એ ધર્મકથા કેવી હશે?

**શ્રોતાઃ**- મૃત્યુલોકની આ દિવ્યધ્વનિ છે.

**ઉત્તરઃ**- અહીંયા અસંખ્ય દેવ દિવ્ય ધ્વનિ સાંભળવા આવે છે. મૃત્યુલોક તો મનુષ્યની અપેક્ષાએ છે, બાકી અહીં તો અમૃતલોક છે. ભગવાન તો અમૃતલોકમાં બિરાજે છે. એ અમૃતલોકની પાસે આવે છે. અહીંયા તો દેહનો અને રાગનો તો નાશ છે. રાગનો નાશ કરવો તે પણ આત્માના સ્વભાવમાં નથી. એ તો આપણે ત્યાગ– ઉપાદાન શૂન્યત્વ શક્તિમાં આવી ગયું. ભાઈ! પરદ્રવ્યનું ગ્રહણ ને ત્યાગ તો સ્વરૂપમાં છે જ નહીં. રાગનું ગ્રહણ– ત્યાગ પણ સ્વરૂપમાં છે નહીં– શ્રી સમયસાર ૩૪ ગાથામાં કહ્યું છે. આત્મા રાગનો ત્યાગ કરનારો છે તે નામ માત્ર કથન છે.

અહીંયા તો બહારનો ત્યાગ કરે તે ત્યાગી લ્યો! અમે સ્ત્રી છોડી દીધી! દુકાન છોડી દીધી; આ શું છે પ્રભુ?

અહીંયા તો પરમાત્મા એમ કહે છે કે–પ્રભુ! તારી ચીજમાં એક ત્યાગ–ઉપાદાન શૂન્યત્વ શક્તિ છે. ત્યાગ નામ છોડવું અને ઉપાદાન એટલે ગ્રહણ. એ ત્યાગ–ઉપાદાન શૂન્યત્વ શક્તિ તારો સ્વભાવ છે. રાગનું ગ્રહણ અને રાગનો ત્યાગ એ તારો સ્વભાવ નથી. તો પછી પરવસ્તુનો ત્યાગ કર્યો અને અમે ત્યાગી થઈ ગયા એ મિથ્યાજ્ઞાન છે પ્રભુ! આહાહા! ચૈતન્ય ભગવાન અંદર બિરાજે છે તેમાં એક એવી શક્તિ છે જેમાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

રાગનો ત્યાગ કે ગ્રહણ તે તેમાં છે જ નહીં. તો પર ચીજનો ત્યાગ કર્યો અને અમે ત્યાગી થયા તે ક્યાંથી આવ્યું?

પ્રવચનસાર- અલિંગગ્રહણ ૧૭ મો બોલ છે. તેમાં એક એવી શક્તિ છે કે- યતિનું બાહ્ય ત્યાગ તે સ્વરૂપમાં નથી. યતિનો બહારનો ત્યાગ જે પંચમહાવ્રતઆદિ બાહ્ય આચરણ તે સ્વરૂપમાં છે જ નહીં. ક્યા બાહ્ય આચરણ? પંચ મહાવ્રતઆદિ, ૨૮ મૂળગુણ આદિ તે યતિના બાહ્ય આચરણ છે જેનો સ્વરૂપમાં અભાવ છે.. એવી ચીજ છે. "લિંગોનું એટલે કે ધર્મચિહ્નોનું ગ્રહણ જેને નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્માને બહિરંગ (બાહ્ય) યતિ લિંગોનો અભાવ છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે."

ત્યાર પછી અઢારમો બોલ છે... કે- અર્થાવબોધ વિશેષ- ગુણ વિશેષ. અર્થાવબોધરૂપ ગુણ વિશેષ જેમાં નથી. ગુણભેદ પણ જેમાં નથી તે અલિંગગ્રહણ છે.

અહીંયા કહે છે કે- વિકલ્પનો ત્યાગ કરવો, ગુણભેદનો ત્યાગ કરવો નામ વિકલ્પનો ત્યાગ કરવો, નામ વિકલ્પનો ત્યાગ કરવો. ગઈકાલે બપોરે વ્યાખ્યાનમાં કહ્યું હતું ને! જે ગુણની પરિણતિ ઉત્પન્ન થાય છે તે ગુણમાંથી નહીં, તે દ્રવ્યમાંથી થાય છે. દ્રવ્યની દૃષ્ટિ કરાવવી છે ને! દ્રવ્યની પરિણતિ દ્રવ્યથી ઉત્પન્ન થાય છે. ગુણ પરિણતિમાં જ્ઞાનની પરિણતિ, દર્શનની પરિણતિ ભિન્ન છે એમ છે જ નહીં. દ્રવ્ય પરિણમે છે તો ગુણ પરિણમે છે. ચિદ્વિલાસમાં પાઠ છે- વસ્તુમાં પરિણમન શક્તિ.

આત્મામાં ગુણભેદ પણ ગ્રહણ કરવા લાયક નથી. અહીં તો ગુણભાગ ગુણી છે.. અને આ તેનો ગુણ છે તે અર્થાવબોધ ગુણ વિશેષ જેમાં છે નહીં, એટલે કે- જેમાં ભેદ છે જ નહીં. આહાહા! એવો ભગવાન આત્મા અભેદ સ્વરૂપ છે. એ અભેદ સ્વરૂપના વિકલ્પનો પક્ષ તે દુઃખરૂપ છે. આ શુભરાગ દયા- દાન, વ્રત- તપ તે તો સ્થૂળ રાગ દુઃખરૂપ છે. પોતાનો આત્મા ગુણી તે અનંતગુણનો પિંડ છે. એ અભેદ અસ્તિત્વની મૌજુદગી તેની પ્રતીતિ, જ્ઞાનની પર્યાયમાં મોજુદ ચીજ છે જ્ઞેયરૂપ થાય છે તેની પ્રતીતિ થાય છે. જાણવામાં આવ્યા વિના પ્રતીતિ કોની?

અહીંયા કહે છે કે- જ્યારે પર્યાયમાં ગુણભેદની પ્રતીતિ પણ છૂટી જાય છે ત્યારે આત્મા એકલો અખંડ, અભેદ સ્વરૂપનો અનુભવ થવો તેનું નામ સમ્યગ્દર્શન, અનુભૂતિ ને ધર્મ છે. આવો માર્ગ છે.

કહે છે કે- નય શબ્દ પડયો છે. દ્રવ્યાર્થિકનય- પર્યાયાર્થિકનય. રાજમલ્લજીની ટીકામાં ઘણી જગ્યાએ દ્રવ્યાર્થિકનય પર્યાયાર્થિકનય, નિશ્ચયનય ને વ્યવહારનય બન્ને લીધું છે. નિશ્ચયનયના વિષયનો વિકલ્પ અને વ્યવહારનયના વિષયનો વિકલ્પ એ બન્નેના વિકલ્પને તેણે છોડવા જોઈએ.

દ્રવ્યાર્થિકનયનો વિકલ્પ શુદ્ધ, અખંડ, અભેદ આદિના પક્ષમાં વસ્તુ નથી. વસ્તુ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પક્ષાતિક્રાંત છે. એ પક્ષમાં વસ્તુ નથી તેનો એવો અર્થ નથી કે- અભેદ અખંડ વસ્તુ નથી. અભેદને, અખંડના વિકલ્પનો ત્યાગ કર. આનાથી બીજી શુદ્ધ વસ્તુ જુદી છે તેમ નથી. એમ થાય કે ( અનુભવમાં ) અભેદનો વિકલ્પ પણ નથી રહેતો તેથી વસ્તુ બીજી થઈ ગઈ ? ઝીણી વાત છે.

તમારા આ પૈસા આદિની વાત બીજી છે. પૈસા શું કરે ? ધૂળ છે. આ શેઠ પણ ગૃહસ્થને તે પણ ગૃહસ્થ છે. પૈસાવાળાની અપેક્ષાએ ગૃહસ્થ હો ! બાકી ગૃહસ્થ તો તેને કહીએ... ગૃહ નામ વસ્તુમાં ' સ્થ ' રહે તેને ગૃહસ્થ કહીએ. આ વાત અધ્યાત્મ પંચસંગ્રહમાં પરમાત્મ પુરાણમાં લખી છે. શાસ્ત્રમાં બધું પડયું છે.

ગૃહસ્થ, બ્રહ્મચારી, વાનપ્રસ્થ અને ત્યાગી એ ચારેયને ગૃહસ્થ ઉપર ઉતાર્યા છે. ગૃહસ્થ કોને કહીએ ? ગ્રહ નામ પોતાનું સ્વરૂપ- પોતાનાં ઘરમાં ' સ્થ ' એટલે રહેવાવાળો તેને ગૃહસ્થ કહીએ. તમારા બંગલામાં રહેવાવાળાની અહીંયા વાત નથી.

આહાહા ! આરે..આ ટાણા ! આવો સમય ક્યારે મળે બાપુ ! અરે આ તો ભવભ્રમણથી નીકળવાનો કાળ છે. આ ભવ અને ભવભ્રમણનો અભાવ કરવાનો કાળ છે.

અહીં કહે છે કે- દ્રવ્ય પર્યાયની વિકલ્પ બુદ્ધિ એટલે કે- નિશ્ચયનયનો પક્ષ અને વ્યવહારનયનો પક્ષ તેને અહીંયા નય કહે છે. સમયસારમાં ૨૭૨ ગાથામાં છે કે- “ નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની. ” ત્યાં વિકલ્પ નથી, ત્યાં તો અભેદને આશ્રયે મુનિવરો મુક્તિને પ્રાપ્ત કરે છે. પરંતુ અહીંયા જે નય છે તે વિકલ્પવાળી નય લેવી છે. અભેદ છું, એક છું, શુદ્ધ છું એ પણ વિકલ્પવાળી નય છે હોં ! અને ૨૭૨માં “ નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની, ” ત્યાં વિકલ્પ નથી. ત્યાં વિષય વસ્તુ જે અભેદ- અખંડ તેનો આશ્રય કરવાથી મુક્તિ થાય છે.

**શ્રોતાઃ**- તે નિશ્ચયનયના વિષયભૂત વસ્તુ છે.

**ઉત્તરઃ**- વસ્તુ છે, વસ્તુ જ એવી છે. એ તો અગિયારમી ગાથામાં કહ્યું ને- “ **ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ** ” ત્યાં નયને નયના વિષયનો ભેદ બતાવ્યો નથી. સમયસારની અગિયાર ગાથા જૈનશાસનનો પ્રાણ છે. વ્યવહાર-પર્યાયમાત્ર અસત્યાર્થ છે. ત્યાં ગૌણ કરીને અસત્યાર્થ કહ્યું છે. પર્યાય નથી તેમ નથી. પર્યાય નથી તો વેદાંત થઈ જાય છે. પર્યાયમાત્ર અભૂતાર્થ નામ અસત્યાર્થ છે. કેમ કે પર્યાયને ગૌણ કહી ને વ્યવહાર કહી ને નથી તેમ કહ્યું છે. પર્યાયનો અભાવ કરીને નથી તેમ નથી કહ્યું.

“ **भूदत्थो देसिदो दु सुद्धणओ** ” એમ કહ્યું ત્યાં સત્યાર્થ વસ્તુ તે જ શુદ્ધનય છે. નહીંતર નય અને નયનો વિષય બે છે.. એ જ્ઞાનનો અંશ છે તેનો વિષય અભેદ, પૂર્ણ છે. પરંતુ અહીંયા કહ્યું કે- “ **भूदत्थो देसिदो दु सुद्धणओ** ” સત્યાર્થ ત્રિકાળ વસ્તુ છે.. તેને જ શુદ્ધનય કહે છે. અહીં તો કહીએ છીએ- વિષય અને વિષયીનો ભેદ નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહાહા! પર્યાયમાત્ર અસત્યાર્થ છે એટલે ગૌણ કરીને તેને વ્યવહાર કહીને અસત્ય કહ્યું છે. અને ત્રિકાળને મુખ્ય કરીને, નિશ્ચય કરીને ભૂતાર્થ અને સત્યાર્થ કહ્યું છે. ત્યાં તો ભૂતાર્થને જ નય કહ્યું છે. વસ્તુ છે તે જ શુદ્ધનય છે.

નિર્વિકલ્પ નિશ્ચયનય અને તેનો વિષય ત્રિકાળી એવો ભેદ ન કરીને, ભૂતાર્થ સત્યાર્થ વસ્તુ જે ત્રિકાળી આત્મા, અમૃતનો પૂર્ણ સાગર તેને અમે શુદ્ધનય કહીએ છીએ. અગિયાર ગાથામાં ત્રીજા પદમાં એમ લીધું કે- '**भूदत्थमऽस्सिदो खलु**", જે સત્યાર્થ વસ્તુ છે તે ત્રિકાળ છે તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન એ તો ધર્મની પહેલી સીઢી. છ ઢાળામાં આવે છે ને! "મોક્ષ મહેલની પ્રથમ સીઢી." અરે! મૂળ વાતની ખબર ન પડે અને પાગલ બીજી મોટી વાતો કરે. વ્રત ને તપ ને.. વગેરે. બાપુ! વ્રત ને તપ શેનાં!

અહીંયા તો પરમાત્મા એમ કહે છે- તારી ચીજ અભેદ, શુદ્ધ, એકરૂપ છે. તેના આશ્રયથી સમ્યગ્દર્શન થાય છે. અને તેના ઉગ્ર આશ્રયથી ચારિત્ર થાય છે. અને તેના ઉગ્ર આશ્રયથી કેવળજ્ઞાન થાય છે. વ્યવહારથી થાય છે તેવી ક્યાંય વાત છે નહીં.

અહીંયા કહે છે કે- જ્યાં આગળ નિશ્ચયના આશ્રયથી મુક્તિ કહી તે તો નિશ્ચયનો પક્ષ છે. હું શુદ્ધ છું, અભેદ છું, અખંડ છું એવી વિકલ્પની ભૂમિકામાં- રાગની ભૂમિકામાં રોકાય જાય છે.. તે દુઃખરૂપ છે.

**શ્રોતાઃ-** વિકલ્પમાં રહેવાનો નિષેધ છે...!

**ઉત્તરઃ-** ત્યાં તો એમ કહ્યું છે કે- તું અહીંયા સુધી આવ્યો તેથી શું? એવો પાઠ છે. આત્મા વ્યવહારે બદ્ધ છે અને નિશ્ચયે અબદ્ધ છે એવો વિકલ્પ થયો તેનાથી શું? તેથી શું? તમારે હિન્દીમાં શું કહેવાય? ઈસસે ક્યા? સંસ્કૃતમાં છે '**तत् किम्**'।

અહીંયા કહે છે કે- પ્રભુ! તું અભેદ, એક અને શુદ્ધ ત્યાં સુધી વિકલ્પમાં આવ્યો... પરંતુ તેથી શું? તેનાથી તને શું લાભ છે? વ્યવહારનય એમ કહે કે- ભગવાન આત્મા પર્યાયવાળો છે, રાગવાળો છે તેનો તો અમે નિષેધ કરતા આવ્યા છીએ. પરંતુ નિશ્ચયમાં જે અભેદ આત્મા છે, એકરૂપ છે, શુદ્ધ છે; આવો આત્મા છે ખરો, પણ.. તેનો વિકલ્પ કરે છે કે- હું આવો છું.. ને.. આવો છું.. તેનાથી તને શું લાભ થયો?

આવી વાત છે ભાઈ! પૈસાથી લાભ નહીં, દીકરાથી લાભ નહીં, પાપથી લાભ નહીં, પુણ્યથી લાભ નહીં, ગુણભેદના વિકલ્પથી લાભ નહીં.

**પ્રશ્નઃ-** શું લાભ છે જ નહીં?

**ઉત્તરઃ-** લાભ છે જ નહીં, દુઃખ છે. દુઃખનો લાભ છે. અને ભગવાન દુઃખ સ્વરૂપ તો છે નહીં.

**પ્રશ્નઃ-** લોકોને સંભળાવવામાં દુઃખ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

**ઉત્તરઃ-** આહાહા ! ભગવાન ! સાંભળવાનો પણ વિકલ્પ છે, કહેવામાં પણ વિકલ્પ તો છે, વાણી તો વાણીને કારણે નીકળે છે. કહેવામાં પણ વિકલ્પ તો છે.. પણ એ વિકલ્પથી ભગવાન ભિન્ન છે. આત્માના ભાન થયા પછી વિકલ્પ આવે છે તેનો જ્ઞાતા–દૃષ્ટા છે. ગઈકાલે ‘ જ્ઞાતાદૃષ્ટા ’ આવ્યું હતું ને ? અકર્તા શક્તિમાં આવ્યું ’ તું.

ધર્મી જીવ રાગનો અકર્તા છે. કેમ કે જ્ઞાયક સ્વભાવ ઉપર દૃષ્ટિ છે ને ! તેથી તે જ્ઞાતાદૃષ્ટા થયો છે. હવે જ્ઞાનીને રાગ આવે છે ત્યારે રાગ સંબંધી જ્ઞાન પોતાનું પોતાથી ઉત્પન્ન થાય છે. ... તેવો જ્ઞાતાદૃષ્ટા છે.

શું કહ્યું એ ? અહીંયા રાગ આવ્યો માટે રાગ સંબંધી જ્ઞાન થયું એમ છે જ નહીં. તે સમયે જાણેલો પ્રયોજનવાન પોતાની પર્યાયમાં, પોતાના કારણથી સ્વપર પ્રકાશક પર્યાય ઉત્પન્ન થાય છે. તેમાં રાગને જાણ્યો તેવો વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા ! રાગનો કર્તા તો નહીં પરંતુ રાગને જાણવું એ પણ સદ્‌ભુત ઉપચાર વ્યવહારનય છે. રાગને છોડીને પોતાની પર્યાયને જાણવી તે પણ વ્યવહાર– ભેદ છે.

આ આપણે આવી ગયું છે. સર્વવિશુદ્ધ જ્ઞાન અધિકારમાં પોતાનો આત્મા પોતાને જાણે છે એમ કહેવું તે પણ ભેદ છે. આત્મા આત્માને જાણે છે બસ.

**પ્રશ્નઃ-** આપે જે **तत् किम** કહ્યું તે કઈ ગાથામાં છે ?

**ઉત્તરઃ-** ૧૪૧ પૂર્ણ થઈ ગઈ પછી ૧૪૨માં આ આવ્યું. ‘ **ततः किम्** ’ અમૃતચંદ્ર આચાર્ય કહે છે અહીં સુધી આવ્યો તેથી શું ? તારામાં શું થયું ? એ ૧૪૨માં મથાળામાં કહ્યું. અહીંયા આપણે ચાલે છે ૧૪૨ ગાથાનો કળશ. “ **य एव मुकत्वा नयपक्षपातं** ” એ કળશમાં કહે છે કે– હું અબદ્ધ છું, અશુદ્ધ છું એ તો છૂટી ગયું, દયા–દાન, વ્રત–ભક્તિના પરિણામ રાગ હતો તે છૂટી ગયો.. હવે તે અહીંયા સુધી આવ્યો કે– હું અભેદ છું, એક છું, શુદ્ધ છું તેવા વિકલ્પમાં આવ્યો તેથી શું ? ભાઈ ! તારા આત્માને એનાથી શું લાભ થયો ? આવી વાત છે.

આહાહા ! શું કહે છે તે જુઓ ! અહીંયા વાત ચાલે છે– નયપક્ષપાતથી રહિત કેમ થવું ? નિશ્ચયનયના પક્ષમાં આવ્યો કે હું શુદ્ધ છું, અબદ્ધ છું; એવા નિશ્ચયના પક્ષમાં આવ્યો તો પણ શું ? પક્ષમાં આવ્યો તેમાં શું થયું ? વસ્તુ તો પક્ષાતિક્રાંત છે. આ તો માખણ છે. આ તો પરિચય કરે ત્યારે સમજાય એવી વાત છે.

**પ્રશ્નઃ-** પરિચય કરવાનો ઉપાય શું ?

**ઉત્તરઃ-** પૈસાથી નિવૃતિ લેવી. કેમ ભાઈ !

**પ્રશ્નઃ-** ક્યારે લેવી ?

**ઉત્તરઃ-** અત્યારે લેવી. જ્યારે મરણ આવે છે તે પૂછીને આવે છે ? મરણ કહે છે કે– હું અત્યારે આવું છું ? મરણ એક વખત આવે છે કે બે વખત ? તે પહેલેથી કહે છે કે– હું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવું છું? આ અવસર મળ્યો છે. શ્રી પ્રવચનસાર શાસ્ત્રમાં છેલ્લો શ્લોક છે તેમાં લખે છે- "આ જ કર" ... એવો પાઠ છે. અમૃતચંદ્ર કહે છે- આ જ કર. વાયદા- વાફર ન કર. વાફર એટલે અજ્ઞાની વાયદા કરે છે. હમણાં નહીં, હમણાં નહીં. હમણાં છોકરાનું સંબંધ કરવું છે, છોકરીને ઠેકાણે પાડવી છે, વેપાર વ્યવસ્થા સરખી કરવી છે. તેથી હમણાં નહીં. હમણાં નહીં તો પછી હમણાં ક્યારે આવશે?

તે વાત તો સાંભળી હશે! વાણિયાને ત્યાં ભોજન હતું તેથી તેમાં લખ્યું કે- "આજ વાણિયા જમે ને કાલ બારોટ જમે." બીજે દિવસે બારોટ આવ્યા જમવાઃ તો વાણિયો કહે- કાલે બારોટ જમે. તારી કાલ આવશે નહીં અને બારોટ જમશે નહીં.

તેમ એ- હમણાં નહીં, હમણાં નહીં, જેને હમણાં આવે નહીં તેને ક્યારેય હમણાં આવતું નથી.

**શ્રોતાઃ-** એને મુશ્કેલી ઘણી હોય!

**ઉત્તરઃ-** મુશ્કેલી શું? ધૂળમાં, મરે છે ત્યારે મુશ્કેલી છે? ખોજા હોય, મુસલમાન હોય તે વાણિયા છે કે નહીં. જે વેપાર કરે તે વેપારી. તે એમ કહે- હમણાં તો મરવાની પણ ફુરસદ નથી. મૃત્યુની ફુરસદ નથી.. અરે એ ક્યાં જશે? લોકમાં એમ કહે છે ને! મરવાની ફૂરસદ નથી. આહાહા! પાગલના ગામ કોઈ જુદા હોય છે?

અહીંયાં કહે છે પ્રભુ એક વખત સાંભળ તો ખરો નાથ! તારા ઘરમાં જવું હોય તો અબધ્ધના પક્ષનો પક્ષ છોડવો પડશે ભાઈ! નિમિત્તને તો છોડવાનું છે જ નહીં, વ્યવહાર તો ઠીક છોડવો પડે, પરંતુ હું શુદ્ધ છું, હું અખંડ છું. એ નિશ્ચયનયનો વિકલ્પ છોડવો પડશે. અસંગનો મન સાથે સંગ કરી અને વિકલ્પ ઊઠાવ્યો તે વિકલ્પ પણ છોડવો પડશે.

"**(નય) દ્રવ્ય- પર્યાયરૂપ વિકલ્પબુદ્ધિ તેના એક પક્ષરૂપ અંગીકારને છોડીને.**" બન્નેની વિકલ્પ બુદ્ધિમાં નિશ્ચયની વિકલ્પ બુદ્ધિ અને પર્યાયની વિકલ્પ બુદ્ધિ એમ લેવું. બે માંથી તે એક પક્ષને અંગીકાર કરે છે.. પછી તે વ્યવહારનો પક્ષ હો કે પછી નિશ્ચયનો પક્ષ હો! તેને છોડીને.

આહાહા! એ વિકલ્પની જે વૃત્તિ ઊઠે છે તે દુઃખરૂપ છે. શુભ- અશુભ ભાવ તો દુઃખ છે જ. પોતાનો આત્મા અબદ્ધ સ્પૃષ્ટ અને પ્રત્યક્ષ થવા લાયક છે. છે તો એવો! એ તો આપણે અહીંયા શક્તિમાં આવી ગયુંને! ૪૭ શક્તિમાં બાર નંબરની પ્રકાશ શક્તિ છે. પ્રકાશ શક્તિનો અર્થ એ છે કે- પોતાનું સ્વરૂપ પ્રત્યક્ષપણે સ્વસંવેદનમાં આવે તે પ્રકાશ શક્તિનું કાર્ય છે. મતિ- શ્રુતજ્ઞાનમાં પણ આત્મા પ્રત્યક્ષ થઈ જાય એવો તેનો સ્વભાવ છે. આત્મા પરોક્ષ રહે તેવો તેનો સ્વભાવ જ નથી. સ્વભાવની ખબર નથી એટલે તેને પરોક્ષ રહ્યો છે.

આત્મ સ્વભાવમાં પ્રકાશશક્તિ નામનો ગુણ છે.. તેથી તે પ્રકાશરૂપ- સ્વસંવેદનરૂપ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈ જાય છે. પોતાની પર્યાયમાં મતિ- શ્રુત જ્ઞાન દ્વારા પ્રત્યક્ષ થાય છે. સ્વ એટલે પોતે અને સંવેદન એટલે પ્રત્યક્ષ વેદન થઈ જવું તે તેનો સ્વભાવ છે, તે તેનો ગુણ છે. આત્મદ્રવ્યમાં એવો ગુણ નામ શક્તિ છે.

એક નય કહે પ્રત્યક્ષ થવા લાયક છે અને એક નય કહે પ્રત્યક્ષ થવા લાયક નથી. પ્રત્યક્ષ થવા લાયક નથી એ વ્યવહારનો એક પક્ષ છે, પ્રત્યક્ષ થવા લાયક છે એ નિશ્ચયનો એક પક્ષ છે. વીસમો છેલ્લો કળશ તેમાં આ લીધું છે. “ જીવ ‘ ભાત ’ ( પ્રકાશમાન અર્થાત્ વર્તમાન પ્રત્યક્ષ છે ) એવો એક નયનો પક્ષ છે અને જીવ ‘ ભાત ’ નથી એવા બીજા નયનો પક્ષ છે. ” ભાત એટલે પ્રત્યક્ષ થવા લાયક છે અને અભાત એટલે પ્રત્યક્ષ થવા લાયક નથી. પ્રત્યક્ષ થવા લાયક નથી તેવા વ્યવહારના પક્ષને તો છોડાવ્યો છે પરંતુ અહીંયા તો પ્રત્યક્ષ થવા લાયક છે એવા નિશ્ચયના વિકલ્પને છોડાવે છે. આવો માર્ગ છે! સાંભળવાય મળે નહીં... તે ક્યારે પ્રયોગ કરે. બધા કહે- વ્યવહારથી થાય; વ્યવહારથી થાય. જ્યારે અહીંયા તો વ્યવહારે કેવો છે... એ પણ સમજમાં ન આવે.

અત્યારે તો સાધુ માટે ચોકો રાખે અને ભોજન બનાવે. ભોજન કરવા આવો! અરેરે.. આ શું છે ભાઈ ! આ કોઈ વ્યક્તિ માટેની વાત નથી હોં ! વસ્તુનું સ્વરૂપ જ આવું છે નાથ ! મુનિરાજને ખ્યાલ આવે કે- આ પાણીનું બિંદુ મારા માટે બનાવ્યું છે તો તે લ્યે નહીં.

અહીંયા તો પર્યાયનો વ્યવહારનો પક્ષ કરે તે છોડાવે છે, નિશ્ચયનો પક્ષ છોડાવે છે.

**“ કેવા છે તે જીવ ? “ विकल्पजालच्युत शान्तचिता: ” એક સત્વનો અનેકરૂપ વિચાર તેનાથી રહિત થયું છે. ”**

શું કહે છે ? એક સત્ત્વ અર્થાત્ ભગવાન આત્મા છે તે એકરૂપ વસ્તુ છે, તેમાં અનેક વિચાર કરવા કે- વ્યવહારે આવો છું અને નિશ્ચયથી આવો છું એવા અનેક વિચાર તેનાથી રહિત ભગવાન આત્મા એકરૂપ વસ્તુ છે. સમજમાં આવ્યું ? આવી વાત છે.

એક સત્ત્વ નામ વસ્તુ એક છે, અભેદ છે, નિશ્ચય છે. આવી વસ્તુમાં અનેકરૂપ વિચાર ઊઠાવવા કે- પર્યાય છે, દ્રવ્ય છે, અભેદ છે, ભેદ છે, વ્યવહારે બંધાયેલ છું, નિશ્ચયે અબંધ છું; એકરૂપ વસ્તુમાં આવા અનેકરૂપ વિચાર- વિકલ્પ ઉઠાવવા તે નયપક્ષ છે. આવો માર્ગ છે પછી લોકો વિરોધ કરે.

અમારા જ્ઞાનચંદજી, પાટનીજી તેને તો લોકો સાંભળવા ઇચ્છે છે. તે બન્ને જણાં કહેતાં હતાં કે- લોકો સાંભળવા માગે છે. જ્ઞાનચંદજી જબલપુર ગયા હતા... ત્યાં વ્યાખ્યાનમાં દશ- દશ હજાર માણસો સાંભળવા આવે. ગામમાં બીજા બે પંડિતો હતા તેને બસ્સો માણસો- અઢીસો માણસો સાંભળવા જાય. આ ભાઈ કહેતા હતા કે- પાંચ- પાંચ હજાર માણસ સાંભળવા આવે છે.

આ તો એમ કે લોકો હવે સાંભળવા માગે છે. લોકોને એમ થાય છે કે આ ક્યું તત્ત્વ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે ? ૪૩-૪૩ વર્ષ થયા ધારાવાહિક વાત ચાલી આવે છે, તેથી સમજવાનું ( કૌતુહલ થયું છે. )

અહીંયા કહે છે કે- અનેકરૂપ વિચાર તેનાથી રહિત થયો. વિચારથી રહિત થયો એટલે વિકલ્પથી રહિત થયો છે તો શું થાય છે તે આગળ કહેશે.

## પ્રવચન નં. ૮૨ તા. ૩૧-૮- '૭૭

કર્તાકર્મ અધિકારનો ૬૯ કળશ ચાલે છે.

" **કેવા છે તે જીવ** ", આપણે અહીં સુધી આવ્યા છીએ. ફરીથી થોડું લઈએ. જે કોઈ જીવ નિરંતર શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુમાં તન્મય થયા છે. આહાહા !

આત્મા આનંદ સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ છે તેમાં જે કોઈ જીવ તન્મય થયા છે. સ્વરૂપ સન્મુખ થઈને સ્વરૂપમાં તન્મય થયા છે અર્થાત્ તે મય થયા છે. આત્મા આનંદ સ્વરૂપ છે તો પર્યાય આનંદમયમાં તન્મય થઈ છે;. " **निवसन्ति तिष्ठते** " એટલે તે પોતાના ઘરમાં રહે છે.

જેમ કોઈ બહારચલો હોય અને તે વ્યભિચારમાં ચડી ગયો હોય તેમ જે પરિણતિ આત્માનું ઘર છોડીને પુણ્ય- પાપના વિકલ્પમાં જાય છે તે વ્યભિચાર છે. તેને છોડીને નિજઘરમાં જાય છે... ' નિવસન્તિ ' એવા થઈને રહે છે.

ચૈતન્યઘન આનંદકંદ આત્મા જે એક સમયની પર્યાયથી પણ પાર એવી ચીજ છે તેમાં પર્યાયને તન્મય કરે છે- અર્થાત્ તે પોતાનામાં વસે છે.. તે જીવ અતીન્દ્રિય સુખનો આસ્વાદ કરે છે. આ તો સારમાં સાર વાત છે.

આહા ! અતીન્દ્રિય ભગવાન આત્મા અને અતીન્દ્રિયજ્ઞાન, અતીન્દ્રિય આનંદ એ તરફના ઝુકાવથી તે પોતાનામાં અતીન્દ્રિયજ્ઞાન ને અતીન્દ્રિય આનંદનો સ્વાદ લ્યે છે.. તેનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપાચરણ છે. દયા- દાન- વ્રત આદિના વિકલ્પ એ સ્વરૂપનું આચરણ નહીં, તે વિભાવ આચરણ છે. આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે તેનું આચરણ. સમ્યગ્દર્શન જ્ઞાન સહિતનું આચરણ એ મોક્ષનો માર્ગ છે. આવો માર્ગ છે.

" **આસ્વાદ કરે છે શું કરીને ? " नयपक्षपातं मुकत्त्वा " દ્રવ્ય-પર્યાયરૂપ વિકલ્પ બુદ્ધિ તેના એક પક્ષરૂપ અંગીકારને છોડીને.** "

આહાહા ! આ છેલ્લી વાત છે. દ્રવ્યાર્થિકનયનો વિષય જે શુદ્ધ ચૈતન્ય અખંડ અભેદ તેનો વિકલ્પ એ દ્રવ્યાર્થિકનયનો પક્ષપાત છે. વિકલ્પ હોં ! સમજમાં આવ્યું ? આમાં દ્રવ્ય- પર્યાય બન્ને લીધા છે. એક સમયની પર્યાય અર્થાત્ તેની રાગ બુદ્ધિ એ પણ વ્યવહારનયનો વિકલ્પ છે. દ્રવ્યાર્થિકનયનો વિકલ્પ એ કે- હું શુદ્ધ છું, અભેદ છું, અખંડ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છું એ પણ વિકલ્પ–પક્ષ છે. કાલે કહ્યું હતું– “ततः किम्” તેથી શું? ભાઈ! અહીંયા સુધી આવ્યો કે– અખંડ, અભેદ, શુદ્ધ; એવો દ્રવ્યાર્થિકનયનો વિકલ્પ– પક્ષમાં આવ્યો તેથી શું લાભ થયો? એ તો દુઃખનો લાભ છે. આવો માર્ગ છે. અહીંયા તો હજુ નિર્ણયના પણ ઠેકાણા ન હોય! અને તે અંદરમાં જઈ અનુભવ કેવી રીતે કરે? આવા અનુભવ વિના ધર્મ થતો નથી.

શ્રી નાટક સમયસારમાં આવે છે...

“અનુભવ ચિંતામણી રતન અનુભવ હૈ રસકૂપ,
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ.”

બે વર્ષનો બાળક છે તે આ લલકારતો હતો. એ છોકરો આવ્યો છે કે નહીં? એવું ધીમેથી મોટા માણસની જેમ બોલતો હતો કીધું ભાઈ...! વાહ!

આહાહા! પર્યાયના પક્ષનો વિકલ્પ તે તો છોડાવતા જ આવ્યા છીએ. પહેલેથી જ છોડાવ્યો છે કે– વ્યવહાર અભૂતાર્થ છે. અહીંયા તો ભૂતાર્થ જે વસ્તુ છે ત્રિકાળી તેના વિકલ્પનો પક્ષ છોડાવે છે, કેમ કે તે દુઃખરૂપ છે. એ આગળ કહેશે કે– તેનો પણ પક્ષ છોડીને....!

આહાહા! આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ લ્યે તેનું નામ સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન છે. એ મોક્ષ મહેલની– ધર્મની પહેલી સીઢી છે– આ વાતની તો ખબર નથી અને વ્રત ને તપ ને નિયમ એ બધા કલેશ છે. નિર્જરા અધિકારમાં આવે છે.. કલેશ કરો તો કરો! આ વ્રત– તપ– ભક્તિ– પૂજા એ ભાવ કલેશ છે– રાગ છે– દુઃખ છે. કલેશ કરો તો કરો પરંતુ પોતાના જ્ઞાન ને આનંદ વિના ધરમ થતો નથી. સમજમાં આવ્યું?

સૌ પહેલાં તે શ્રદ્ધામાં નિર્ણય કરે! પછી અનુભવ જેવી ચીજ છે એવી અનુ નામ અનુસરીને ભવવું– થવું તે અનુભવ છે. નિમિત્તને અનુસાર થવું તે તો વિચાર– વિકલ્પ છે. ભગવાન આત્માને અનુસરવાથી આનંદનો આસ્વાદ આવે છે. નાટક સમયસારમાં આવે છે..

“શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામેં કેલિ કરે,
શુદ્ધતામેં મગ્ન રહે, અમૃતધારા વરસે રે.”

આહાહા! શુદ્ધતાના વિચાર ને ધ્યાન, પૂર્ણાનંદના વિચાર ને ધ્યાન, શુદ્ધતામાં કેલિ કરે એટલે પોતાના શુદ્ધ સ્વભાવમાં રમત માંડે... અંદરમાં આનંદની રમતું માંડે, અને શુદ્ધતામાં મગ્ન રહે અર્થાત્ શુદ્ધ ચૈતન્યઘનમાં લીન રહે તેને અમૃતધારા વરસે છે. પર્યાયમાં અમૃતનું વેદન આવે છે. આહાહા! આવો માર્ગ છે. ભવનો અભાવ કરવાની તો આ ચીજ છે. લોકોને એકાંત લાગે, નિશ્ચયાભાસ લાગે પણ... માર્ગ તો આ છે. માનો ન માનો પણ પ્રભુનો માર્ગ આ છે. તમે પોતે પ્રભુ છો હોં!

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**“ કેવા છે તે જીવ “ विकल्पजालच्युतशान्तचिता: ” એક સત્ત્વનો અનેકરૂપ વિચાર તેનાથી રહિત થયું છે. ”** શું કહે છે ? વસ્તુ તો એકરૂપ સત્ત્વ સત્તા છે. આનંદ ને ચૈતન્યની એકસત્તારૂપ વસ્તુ છે.. તે તેના વિકલ્પથી રહિત થયો છે. તેમાં અનેકરૂપ વિચાર એટલે દ્રવ્ય- ગુણ- પર્યાય, ઉત્પાદ- વ્યય ને ધ્રુવ ત્રણ પ્રકારના વિચાર કરવા તે કલેશ છે. આહાહા ! એકરૂપ વસ્તુમાં આ ઉત્પાદ- વ્યય તે પર્યાય અને આ ધ્રુવ છે તે ગુણ છે તેવો વિકલ્પ ઊઠાવવો તે કલેશ છે- દુઃખ છે. પોતાના દ્રવ્ય- ગુણ- પર્યાયના ભેદ વિચારવાથી પણ આત્માની પ્રાપ્તિ થતી નથી. ત્યારે તે તો વ્યવહાર કરતાં- કરતાં પ્રાપ્ત થશે ? સમજમાં આવ્યું પ્રભુ ! બહુ મોટો ફેર છે.

**“ विकल्पजाल च्युतशान्तचित्ता: ” એક સત્વનો અનેકરૂપ વિચાર તેનાથી રહિત થયું છે. ” ( शान्तचित्ता: ) નિર્વિકલ્પ સમાધાનરૂપ મન જેમનું ”**, શાન્તચિતાની વ્યાખ્યા કરે છે- શાન્ત- શાન્ત નિર્વિકલ્પરૂપ સમાધાનરૂપ મન તેમાં મનનો વિકલ્પ છૂટી ગયો, મનનો સંગ છૂટી ગયો અને અસંગ તત્ત્વનો સંગ થયો.

આહાહા ! મનનો વિકલ્પ છે કે- હું શુદ્ધ છું, હું દ્રવ્ય છું, હું અખંડ છું એવા મનના સંગમાં વિકલ્પ હતો તે છૂટીને અસંગ ભગવાન આત્માનો સંગ થયો. વિકલ્પનો સંગ હતો તેને છોડીને ભગવાન નિર્વિકલ્પ છે તેનો સંગ થયો અર્થાત્ તેમાં લીન થયો તેનું નામ સંગ છે.

**“ ભાવાર્થ આમ છે કે- એક સત્ત્વરૂપ વસ્તુ છે તેને, દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ વિચારતાં વિકલ્પ થાય છે. ”**

ભગવાન તો એક સત્તારૂપ છે; તેમાં આનંદ ને શાંતિ એકરૂપ છે. ગુણ અનેક હોવા છતાં.. વસ્તુ તો એકરૂપ છે. શક્તિ ભલે અનંત હો પણ વસ્તુ તો એકરૂપ છે. ગુણની સંખ્યા અનંત કહેવામાં આવે છે પરંતુ દ્રવ્ય તો એક છે. શક્તિ અનંત છે પરંતુ શક્તિનું એકરૂપ દ્રવ્ય તો એક છે. દ્રવ્ય એક સત્તારૂપ જ છે, એક સત્ત્વરૂપ જ છે. એક કસ રૂપ છે.

આવા એકરૂપ ભગવાન આત્મામાં દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચાર કરવા તે બંધ ભાવ છે. ગજબ વાત છે ને ! દયા-દાન-વ્રત ને ભક્તિ એ તો ક્યાંય રહી ગયા.. તે તો બંધનું કારણ છે પરંતુ એકરૂપ વસ્તુમાં દ્રવ્યગુણ ને પર્યાયના વિચાર કરવા તે પરવશ છે. નિયમસારમાં ( ૧૪૫ ગાથામાં ) આવે છે કે- એકરૂપ વસ્તુમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચાર છે તે અન્યવશ છે.

શું કહ્યું ? એકરૂપ વસ્તુ ચિદાનંદ ભગવાન આત્મા તેમાં દ્રવ્ય- ગુણ- પર્યાયના વિકલ્પો તે પરવશતા છે. તે ( સ્વ ) આવશ્યક નહીં. નિશ્ચય પરમાવશ્યક અધિકાર. આવશ્યક કહે છે ને ! એ આવશ્યક શું છે ? દ્રવ્ય- ગુણ- પર્યાયના વિચાર એ આવશ્યક

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નહીં, એ તો બધી પરાધીનતા છે. આવશ્યક તો અવશ્ય એક ભગવાન સત્વ તેનો નિર્વિકલ્પપણે અનુભવ કરવો એ આવશ્યક છે. આવશ્યક કરવા લાયક ભાવ તો આ છે. સમજમાં આવ્યું ?

આહાહા ! એકના ત્રણ વિચાર કરવા, સત્ત્વ એક અને ત્રણ વિચાર કરવા તે દુઃખ છે. ઝીણી વાત છે ભાઈ ! હજુ તો બહારનો શુભજોગ તેને મોક્ષનો માર્ગ માને છે.

કૈલાસચંદજી કહે:- શુભજોગ હેય છે.

પેલા ભાઈ કહે:- શુભજોગને હેય માને તે મિથ્યાદૃષ્ટિ છે.

કૈલાસચંદજી કહે:- કુંદકુંદાચાર્ય શુભભાવને હેય માને છે.. તો શું તે મિથ્યાદૃષ્ટિ થયા ? આ ચર્ચા હવે સોનગઢને કારણે ચાલી. બાકી તત્ત્વ તો બધુંય એમને એમ પડયું હતું શાસ્ત્રમાં. આહાહા ! પેલા ભાઈએ ચેલેન્જ આપી છે કૈલાસચંદજીને- શુભજોગ મોક્ષનો માર્ગ છે તેમ અમે ચેલેન્જ આપીએ છીએ.

શ્રોતા:- સોનગઢવાળા ભણ્યા- વાંચ્યા વિના ચર્ચા પણ કરતા નથી પરંતુ તમે તો ભણેલા છો તો કેમ આવી ચર્ચા કરો છો !

ઉત્તર:- સંસ્કૃત ને વ્યાકરણને જાણતાં નથી અને આત્માની વાતો કરે છે લ્યો ! ભાઈ ! અહીં સંસ્કૃતનું શું કામ છે ? આહાહા ! તિર્યંચ સમકિત પામે છે. એ નવતત્ત્વના નામ પણ જાણતાં નથી. તેની સાથે સમકિતને શું સંબંધ છે !

આહાહા ! ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ ! એ આનંદની તરફ ઝૂકવું એ પંડિત છે. બાકી તો પંડયા... પંડયા... પંડયા... ફોતરા ખંડયા. આ મોક્ષમાર્ગ પ્રકાશકમાં પહેલા પાને છે. પંડયા... પંડયા... પંડયા... ફોતરા- છીલકા ખાંડયા... ભાઈ ! અનંત આનંદનો નાથ તને સ્પર્શમાં ન આવ્યો.. અને તેના ભેટા ન કર્યા, આ રાગના ભેટામાં તે સુખ માન્યું. તેં છિલકા ખાંડયા. સમજમાં આવ્યું ? આવો માર્ગ છે ભાઈ !

ભગવાન આ અંદરમાં ઘરની ચીજ છે ! ભજનમાં આવે છે-

" હમ તો કબ હું ન નિજઘર આયે,<br>
પરઘર ફિરત બહુત દિન બીતે, નામ અનેક ધરાયૈ "....

અમે વ્રતધારી, અમે પુણ્યના કરનારા, અમે દયા પાળનારા.. એવા પરના સંગે અનેક નામ ધર્યા.

એક કરોડપતિ ગૃહસ્થ માણસનો પુત્ર વ્યભિચારે ચડી ગયો હોય. કોઈ વાઘરણ કે બાવીને પટારામાંથી પૈસા કાઢી અને આપી આવે. પિતાજીને ખબર પડી કે પુત્ર તો શીલથી ભ્રષ્ટ છે. પિતાએ પુત્રને કહ્યું બેટા ! ઘરમાં સારા ખાનદાનની દીકરી છે. પરપુરુષ ઉપર નજર ન કરે એવી ખાનદાનની દીકરી છે એને છોડીને તું આ બાવી પાસે જાય છે ? આ ઘર નહીં ખમે ! આ ઘર નહીં રહી શકે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેમ અહીં ત્રણ લોકનો નાથ ધર્મપિતા પોકાર કરે છે કે- પ્રભુ ! તારા આનંદકંદના ઘરને છોડીને એટલે ખાનદાનની દીકરી છોડીને આ વ્યભિચારમાં ક્યાં ગયો ? આહાહા ! ભગવાન ખાનદાન આનંદકંદ પ્રભુ છે. તેનું ઘર છોડીને તું પુણ્યપાપના વ્યભિચારમાં કેમ ગયો ? તારું ઘર ખમશે નહીં અહીં ધર્મપિતા પોકાર કરે છે.

તે વાત અહીંયા કહે છે- ભગવાન ! તું એકરૂપ છો તેમાં દ્રવ્યગુણ અને પર્યાય અથવા ઉત્પાદ- વ્યય ને ધ્રુવના વિચાર કરવાથી વિકલ્પ થાય છે. અહીં તો હજુ નિર્ણયના ઠેકાણા ન મળે ને વ્રત- તપમાં માને કે- અમે મોક્ષમાર્ગમાં છીએ.

અરે.. ભાઈ ! એનો સરવાળો આવશે ત્યારે દુઃખી થઈશ. ભાઈ ! વર્તમાનમાં તો તને દુઃખનો ખ્યાલ નથી આવતો. પુણ્ય ને પાપના ફળ સ્વર્ગ ને નરક છે.. એ દુઃખ છે. ચારે ગતિ પરાધીન છે. પંચાસ્તિકાયની.. ગાથામાં છે. સ્વર્ગની ગતિ એ પરાધીન છે- દુઃખરૂપ છે.

આહાહા ! આનંદના નાથને ભૂલીને પરમાં સુખ માનીને વ્યભિચારી થઈ ગયો નાથ ! વ્યભિચારીનો અર્થ જેમ પરસ્ત્રી આદિનો સંયોગ એ વ્યભિચારી તેમ... વિભાવની સાથે સંયોગ કરવો તે વ્યભિચાર છે. સમજમાં આવ્યું ?

અહીંયા તો એકરૂપ વસ્તુમાં ત્રણ પ્રકારનો વિચાર તે દુઃખ છે. ગજબ વાત છે ને ! આહાહા ! એકને ત્રણરૂપે વિચારવું દ્રવ્ય-ગુણ ને પર્યાય, ઉત્પાદ- વ્યય-ધ્રુવ... પ્રભુ ! એ વિકલ્પ છે. આ રીતે વિચાર કરતાં વિકલ્પ થાય છે. માખણની વાત છે. વિચાર કરવાથી સમ્યગ્દર્શન નથી થતું.. ... તેનાથી તો વિકલ્પ થાય છે.. એમ કહે છે.

એકરૂપ વસ્તુને ત્રણ પ્રકારે વિચારવાથી તને વિકલ્પ થાય છે- રાગ થાય છે. એ વાત કહે છે. " **તે વિકલ્પ થતાં મન આકુળ થાય છે. આકુળતા દુઃખ છે;** " આવી વાત છે પ્રભુ ! દ્રવ્યના સ્વભાવની દૃષ્ટિ કરવાથી એકરૂપ સત્ત્વનો અનુભવ કરવો અને ત્રણ પ્રકારના વિચાર કરવા નહીં તે નિરાકુલતા છે. વિચાર- વિકલ્પ તે જ આકુળતા છે.

આ તો ૨૦૦ વર્ષ પહેલાંની રાજમલ્લજીની ટીકા છે. ૧૦૦૦ વર્ષ પહેલાંના મૂળ શ્લોક અમૃતચંદ્રાચાર્યના છે. અને આ અભિપ્રાય અનંતકાળથી છે. શાસ્ત્ર હજાર વર્ષ પહેલાંના, અર્થ ૨૦૦ વર્ષ પહેલાંનો અને અભિપ્રાય અનંતકાળથી છે. ત્રણ કાળમાં પરમાર્થનો પંથ તો એક જ છે.

અહીંયા તો હજુ પરની દયા પાળો ને વ્રત કરો ને ભક્તિ-પૂજા તે ધર્મ છે.. અને ધર્મનું કારણ છે. અહીંયા તો કહે છે કે- એક સત્ત્વમાં ત્રણ પ્રકારના વિચાર એ વિકલ્પ છે- દુઃખનું કારણ છે તે આનંદનું કારણ કેવી રીતે થાય ? આહાહા ! આ છેલ્લી વાત છે.

આહાહા ! છેલ્લે લીધુંને ! એક સત્ત્વરૂપ વસ્તુ છે એમ લીધું ને ! વસ્તુ છે તે એકરૂપ સત્ત્વ છે તેમાં કોઈ ભેદ છે નહીં. આહાહા ! એકરૂપ સત્ત્વ વસ્તુ જીવ ભગવાન આત્મા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

છે તે સામાન્ય એકરૂપ, અભેદ, સદેશ, ધ્રુવ છે. તેવા એકરૂપ સત્ત્વમાં ત્રણ પ્રકારના વિચાર કરવા તે દુઃખ છે. ગજબ વાત છે.

**“ તે વિકલ્પ થતાં મન આકુળ થાય છે, આકુળતા દુઃખ છે; ”** એક સત્ત્વનો ત્રણ પ્રકારે વિચાર કરવો તે વિકલ્પ દુઃખરૂપ છે. આહા! આવો માર્ગ છે. હવે આમાં વાદવિવાદને ઝગડા કરે! **“ સદ્ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા. ”** આ વાદવિવાદમાં ક્યાં પડયો! વિકલ્પને ભિન્ન સાધન કહ્યું ત્યાં બીજી શું વાત કરે? અહીંયા તો વિકલ્પને પણ દુઃખરૂપ કહ્યું. એક સત્ત્વરૂપમાં ત્રણ પ્રકારના વિચાર કરવા તે ભેદ છે- રાગ છે- આકુળતા છે ને દુઃખ છે.

શ્રોતાઃ- પંચાસ્તિકાયમાં તો આમ નથી લખ્યું.

ઉત્તરઃ- ત્યાં તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. પોતાના સ્વરૂપને નિર્વિકલ્પ સાધનથી પ્રાપ્ત કર્યું તે કાળમાં રાગની મંદતા કેવી છે? નિમિત્ત કેવું છે? તેનું જ્ઞાન કરીને સાધનનો આરોપ આપ્યો છે. વિકલ્પ સાધન છે જ નહીં આહા! આવી દલીલ છે. પંચાસ્તિકાયમાં ભિન્ન સાધન- સાધ્ય કહ્યું.

અહીંયા તો પરમાત્મા સંતો એમ કહે છે. જંગલમાં વીતરાગી મુનિઓ સિદ્ધ સાથે વાતો કરવાવાળા કહે છે- પ્રભુ! તમે સિદ્ધ છો તો અમે પણ સિદ્ધ છીએ. નાટક સમયસારમાં આવે છે ને..!

“ ચેતનરૂપ અનુપ અમૂરતિ, સિદ્ધ સમાન સદા પદ મેરો,
મોહ મહાતમ આતમ અંગ, કિયો પરસંગ મહા તમ ઘેરો
ગ્યાનકલા ઉપજી અબ મોકે, કીહોં ગુન નાટક આગમ કેરી
જાસુપ્રસાદ સધૈ શિવમારગ, વેગિ મિટે ભવવાસ બસેરો. ”

પરના સંગને લઈને મોહ અંધકાર ઉભો કર્યો છે.

આ હાડકાં- ચામડાં ને માંસ છે. સડેલાં ચામડામાં મેસુબને વિંટવો.. તેના જેવું છે. ‘ મેસુબ ’ સમજો છો? એક શેર ચણાના લોટમાં ચાર શેર ઘી પાયને બનાવે તેને મેસુબ કહે છે. અને એક શેર ઘઉંના આટામાં ચાર શેર ઘી પાય તેને શક્કરપારા કહે છે. અમે તો બધું દેખ્યું છે. પહેલાં વીસ વર્ષ પહેલાં ખાધા પણ છે. હવે તો બધું બંધ છે. હવે તો ચાર રોટલી.. લઈએ છીએ.

આહાહા! કહે છે કે- આ મેસુબને છોડીને એટલે આત્માને છોડીને દુઃખના કલેશને ભોગવે છે. આત્મા મેસુબ- સક્કરપારા સમાન છે. સકર એટલે મીઠાશનો પિંડ છે. સકરકંદ છે તેની ઉપરની છાલ ન દેખો તો તે સાકરનો પિંડ છે. એ માટે સકરકંદ કહ્યું છે. આપણે શક્કરિયા કહે છે. ઉપરની લાલ છાલ એને નજરમાંથી છોડી દ્યો તો તે સાકરની મીઠાશનો પિંડ છે.

એમ પુણ્ય ને પાપના વિકલ્પ, ત્રણ ગુણના વિકલ્પ કે- આ ઉત્પાદ- વ્યય ને ધ્રુવ તે વિકલ્પ છોડી દે તો અતીન્દ્રિય આનંદકંદ આત્મા છે. સમજમાં આવ્યું ?

પ્રશ્નઃ- જ્ઞાન કળા કેવી રીતે ?

ઉત્તરઃ- પોતાના સ્વરૂપનો અનુભવ થવો તે જ્ઞાનકળા છે.

પ્રશ્નઃ- કળાનો મતલબ ?

ઉત્તરઃ- કળા તે પર્યાય છે. કેવળજ્ઞાન પૂર્ણ કળા છે. ( મતિશ્રુત ) અલ્પ કળા છે. કેવળજ્ઞાનની સાથે મતિ શ્રુતજ્ઞાનની કલા ખેલ-રમત કરે છે. મતિ-શ્રુતજ્ઞાન જ્યારે અંતર્મુખ થઈ સમ્યગ્જ્ઞાન થયું તે કેવળજ્ઞાન કળા સાથે ખેલ કરે છે. એ મતિ શ્રુતજ્ઞાનની કળા, કેવળ જ્ઞાનની કળાને બોલાવે છે. આવો.. આવો.. આવો.. અલ્પકાળમાં આવો. ધવલમાં પાઠ છે કે- મતિશ્રુતજ્ઞાન કેવળજ્ઞાનને જલ્દી બોલાવે છે.

પ્રશ્નઃ- જલ્દી બોલાવે તો જલ્દી આવી જાય ?

ઉત્તરઃ- હા, જલ્દી આવશે. થોડા મહિના, થોડા વખતમાં આવશે. કેવળજ્ઞાન પામવાનો ટાઈમ થોડો જ છે. બે-ચાર ભવમાં તો કેવળજ્ઞાન- લેવાની તૈયારી છે. બીજ ઊગી તો પૂનમ ૧૩ મે દિવસે થશે તેમ કેવળજ્ઞાનમાં તેર દિવસનો ફેર છે. કાંઈ મહિના-મહિના, વર્ષનો ફેર હોય ? બીજ અને પૂનમનો આંતરો કેટલો ? તેર દિવસનો ફેર છે. ખરેખર તો બાર દિવસનો ફેર છે, તેરમે દિવસે તો કેવળજ્ઞાન થાય છે.

અહીંયા કહે છે કે- પોતાના દ્રવ્ય- ગુણ- પર્યાય ત્રણના વિકલ્પ છોડીને, પોતાના આત્માનો અનુભવ કરવો તે સમ્યગ્જ્ઞાનરૂપી બીજ ઊગી છે. જે મતિ અને શ્રુતજ્ઞાનની કળા જાગી છે તે હવે કેવળજ્ઞાનને બોલાવે છે. આવ ! અલ્પકાળમાં આવ કેવળજ્ઞાન !

**સ્વામી કાર્તિકૈયાનુપ્રેક્ષામાં** આવે છે કે- બીજ ઊગી, સમ્યગ્જ્ઞાન થયું; પણ.. તે કેવળજ્ઞાનની અપેક્ષાએ તે પોતાને પામર માને છે. પર્યાયમાં પામરતા હો ! દ્રવ્ય તો પ્રભુ છે. એ પામરની પર્યાય પૂર્ણ પ્રભુની પર્યાયને પોકાર કરે છે... ભાઈ ! આવો... આવો. આ માર્ગ છે અને એ માર્ગેથી સિદ્ધપુર જવું છે. આ વાડમાંથી જવું છે કે આ ખેતરમાંથી જવું છે ? સિદ્ધપુરમાં હોં !

શ્રોતાઃ- શ્લોકમાં સિદ્ધપુર શબ્દ આવે છે.

ઉત્તરઃ- આવે છે ! સિદ્ધપુર જવું હોય તો આ થોરની વાડ છે અને એ બેની વચ્ચમાંથી ખેતર માર્ગ જાય છે. એમ મતિ ને શ્રુત પોકાર કરે છે... આવ મારી પાસે..., કેવળજ્ઞાનનો પંથ છે મારી પાસે. આ વાત સમયસારમાં ૧૧૨ કળશમાં આવે છે- " જ્ઞાનકળા એ કેવળજ્ઞાનની સાથે ક્રીડા કરે છે. મતિ- શ્રુત કેવળજ્ઞાન સાથે રમે છે. " આવું શાસ્ત્રોમાં ભર્યું પડયું છે.

અહીંયા કહે છે- પ્રભુ ! એકવાર સાંભળ તો નાથ ! તારી ચીજ તો અંદરમાં એકરૂપ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સત્ત્વ, આખું તત્ત્વ એકલું પડયું છે. અંદરમાં અતીતિન્દ્રય આનંદ, અતીન્દ્રિયજ્ઞાન, અતીન્દ્રિય શ્રદ્ધા, શાંતિ સ્વચ્છતા, અનંત ઈશ્વરતા એવી એકરૂપ તારી ચીજ છે. અનંત ( ગુણ ) એ પણ લક્ષમાં લેવા લાયક નથી. અભેદ, અખંડ, આનંદ પ્રભુ ! તેનો આશ્રય કરવો, તેમાં ત્રણ પ્રકારનો વિચાર કરવો એ વિકલ્પ છે. " તે વિકલ્પ થતાં મન આકુળ થાય છે. " મનમાં આકુળતા આવે છે. ગજબ વાત છે ભાઈ !

પોતાના એકરૂપ દ્રવ્યમાં ત્રણરૂપને વિચારવાથી પ્રભુ તને દુઃખ થશે. દુઃખ એ સ્વરૂપનું સાધન નથી. આહાહા ! વ્રત- તપ- પૂજા- ભક્તિ, પ્રભુ ! એ સાધન નહીં.

**પ્રશ્નઃ**- શરીરને કષ્ટ આપવું તે સાધન નહીં ?

**ઉત્તરઃ**- ભગવાન ! કષ્ટ એ તો દુઃખ છે. કષ્ટ તો કલેશ છે- તે આર્તધ્યાન છે. આર્તધ્યાનથી આત્માનું ધ્યાન થાય છે ?

**પ્રશ્નઃ**- તો પછી કષ્ટ સહ્યા વિના સાધ્યની સિદ્ધિ થાય છે.

**ઉત્તરઃ**- હા, કષ્ટ વિના. આહા ! કષ્ટ એટલે કસના. અંદર પુરુષાર્થથી આનંદમાં એકાગ્ર થવું તેને એક અપેક્ષાએ કષ્ટ કહેવામાં આવે છે. એમ કે- સુખ સેવ્યું સાથે જે આત્મજ્ઞાન પ્રગટ થયું; ત્યાં પરિષહ સહન કરવાની તાકાત પ્રગટ ન કરી તો.. જે પરિષહ આવે છે તે બધા ચ્યુત થઈ જશે. ' કષ્ટ કરો ' એટલે કષ્ટ સહન કરવાની તાકાત પ્રગટ કરો. આવું સમાધિ શતકમાં આવ્યું છે.

સમાધિ શતક આદિ દિગમ્બર શાસ્ત્રોમાં ભંડાર ભર્યા છે. અરે ! એ માર્ગની વાત ક્યાંય છે જ નહીં. આવી વાત બહાર આવી તો લોકો ભડકયા કે- અરે ! આ તો એકાન્ત છે. પ્રભુ ! એકાન્ત જ છે. કેમ કે સમ્યગ્દર્શન પોતાના દ્રવ્યના આશ્રયથી જ એકાન્ત પ્રગટ થાય છે. શ્રીમદ્જીએ પણ કહ્યું છે કે- " અનેકાન્ત પણ સમ્યક્એકાન્ત એવા નિજ પદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી. " સમ્યક્ એકાન્ત એટલે સ્વભાવની તરફ દૃષ્ટિ કરવી એ સમ્યક્એકાન્ત છે. સમ્યક્એકાંત થયું તો તેને અનેકાન્તનું સાચું જ્ઞાન થાય છે. પર્યાયમાં મૂંઢતા છે અને પર્યાયમાં સાચું જ્ઞાન થાય છે. પોતાનું જ્ઞાન-એકાન્ત દૃષ્ટિના ( વિષયમાં લાગ્યું ) તેને અનેકાન્તનું યથાર્થ જ્ઞાન્ થાય છે. આવી વાત છે. સમજમાં આવ્યું ?

" **તે વિકલ્પ થતાં મન આકુળ થાય છે, આકુળતા દુઃખ છે;** " છ ઢાળામાં આવે છે..

" મુનિવ્રત ધાર અનંત બાર, ગ્રીવક ઉપજાયૌ,
પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ. "

પંચમહાવ્રત, અઠ્ઠાવીસમૂળગુણ એ બધા દુઃખ છે. " આતમજ્ઞાન વિના સુખ લેશ ન પાયો. " વ્રતાદિમાં આત્માનો આનંદ આવ્યો નહીં. ( પંચમહાવ્રત ) એ તો દુઃખ છે. દુઃખ કહ્યું ને ? એકમાં ત્રણનો વિચાર કરવો તે આકુળતા- દુઃખ છે. પંચમહાવ્રતના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પરિણામ, અઠ્ઠાવીસ મૂળગુણ, વ્યવહાર સમિતિ- ગુપ્તિ તે બધા રાગ અને દુઃખ છે. સમજમાં આવ્યું ?

**“ તેથી વસ્તુમાત્ર અનુભવતાં વિકલ્પ મટે છે, વિકલ્પ મટતાં આકુળતા મટે છે, ”** તેથી વસ્તુમાત્રને અનુભવવાથી વિકલ્પ મટે છે. ત્રણ પ્રકારના વિકલ્પ પણ મટે છે. અંતર સ્વરૂપનો અનુભવ કરવાથી એ વિકલ્પ મટે છે... બીજો કોઈ ઉપાય છે નહીં. આ પ્રશ્ન થયો ’ તો; રાગ કેમ ઘટે ? પ્રતિબંધ કારણ ઘટે તો રાગ ઘટે. અહીંયા તો કહે છે કે- અનુભવ કરવાથી વિકલ્પરાગ ઘટે છે. સમજમાં આવ્યું ? ઉત્તરપ્રદેશમાંથી એક દિગમ્બર ભાઈ આવ્યો હતો તે કહે- રાગ કેવી રીતે ઘટે તેવો અધિકાર કોઈ શાસ્ત્રમાં છે જ નહીં. અરે.. પ્રભુ ! તું આ શું કહે છે ? આ છ ઢાળા પુસ્તક ૨૦૦ વર્ષ પહેલા છપાયેલું છે. પહેલાં ઢૂંઢારીમાં હતું પછી હિન્દી થયું. નવનીતભાઈએ કહ્યું, મહારાજ ! ઢૂંઢારી ભાષામાંથી હિન્દી કરવું છે. હિન્દી પં. ફૂલચંદજીએ કર્યું છે. ઢૂંઢારી ભાષા ઘણી કડક છે. આ આખી છ ઢાળા નવનીતભાઈને કંઠસ્થ હતી. તેમને છ ઢાળા ઉપર ખૂબ જ પ્રેમ હતો. છ ઢાળાના વ્યાખ્યાન છપાવ્યા અને નવનીતભાઈ તરફથી મફત આપ્યા.

છ ઢાળામાં શું આવ્યું ? પંચ મહાવ્રત પાળ્યા પણ તેમાં લેશ સુખ ન મળ્યું. પંચ મહાવ્રતના પરિણામ તે બધા વિકલ્પ- રાગ અને દુઃખ છે. એ દુઃખથી આત્મામાં આનંદ પ્રાપ્ત થાય છે ? દુઃખ કરતા કરતા સુખ થાય છે ? લસણ ખાવાથી કસ્તુરીનો સ્વાદ આવે છે ? બાપુ ! એ લસણ છે હોં ! દુઃખનું વેદન કરવાથી અંદર સમ્યગ્દર્શનનો આનંદ આવે છે ? એવું છે ?

**શ્રોતાઃ-** કઠિન છે તેને સરળ બનાવ્યું.

**ઉત્તરઃ-** અંદર પાઠમાં લખ્યું છે ને ? જુઓ ! નજર કરો.

આહાહા ! અનુભવ કરતાં વિકલ્પ મટે છે. એ વિકલ્પ કોઈ ક્રિયાકાંડથી મટે છે તેમ નથી. વિકલ્પના મટવાથી આકુળતા મટે છે.

ઉપર કહ્યું ’ તું ને ! કે- વિકલ્પ થતાં મન આકુલિત થાય છે અને આકુળતા તે દુઃખ છે. હવે વાત ગુંલાટ ખાય છે. શું ગુંલાટ ખાય છે ? આકુળતા અનુભવ કરવાથી મટે છે.

**“ વિકલ્પ મટતાં આકુળતા મટે છે, આકુળતા મટતાં દુઃખ મટે છે. તેથી અનુભવશીલ જીવ પરમ સુખી છે. ”**

**“ સુખિયા જગતમેં સંત દુરિજન દુઃખિયા રે. ”** ભગવાન આત્માનો અનુભવશીલ જગતમાં સુખી છે. બાકી આ રાજા, મહારાજા, કરોડપતિ તે બધા ભિખારા દુઃખી છે. શાસ્ત્રમાં ‘ વરાંકા ’ શબ્દ પડયો છે. વરાંકા- ભિખારી- રાંકા છે. રાંકા અર્થાત્ સ્વરૂપ લક્ષ્મીની જેને ખબર નથી તે. ( અજ્ઞાની માગે છે ) આ લાવ.. , આ લાવ.. , આ લાવ.., લાવ, લાવ, લાવ, લાવની અગ્નિમાં બળે છે. અંદરમાં અનંત ખજાના ભર્યા છે. અનંત આનંદ, અનંતજ્ઞાન, અનંતશાંતિ, અનંત સ્વચ્છતા, આદિ શક્તિઓ છે એ તો અપરિમિત

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. શક્તિને પરિમિત નામ મર્યાદા નથી હોતી. એવી શક્તિઓનો ભંડાર ભગવાન છે તેનો અનુભવ થવાથી વિકલ્પ મટે છે. વિકલ્પ મટાડવાનો કોઈ બીજો ઉપાય છે જ નહીં.

“ **તેથી અનુભવશીલ** ” અહીં અનુભવશીલ શબ્દ વાપર્યો છે. અનુભવ જેનો સ્વભાવ છે. આહાહા ! પોતાના આનંદનો અનુભવશીલ જીવ પરમ સુખી છે. તે પરમ સુખી છે બાકી બધા દુઃખી પ્રાણી છે. એક સ્વરૂપનો ત્રણ પ્રકારે વિચાર કરવો તે દુઃખી છે. એક સ્વરૂપનો ત્રણ પ્રકારે વિચાર કરવો તે દુઃખ છે. તો પછી ( બહારનું ) શરીર મારું, પૈસા મારા, ધૂળ મારી, સ્ત્રી મારી, મકાન મારું, આબરુ મારી તે મહાદુઃખી છે. મ... હા... દુઃખી છે.

આ ભાઈ ત્યાં હોંગકોંગમાં પૈસા બહુ પેદા કરે છે. સત્ત સાહિત્યમાં તેમણે એક લાખ રૂપિયા આપ્યા. હમણા આ ૩૨૦ ગાથા ચાલતી હતી.. તે છપાવવા વીસ હજાર આપ્યા. ત્યાં ઘણા પૈસા પેદા કરે છે – પાપથી.

શ્રોતાઃ– પૈસા તો આપની પાસે ઘણાં છે.

ઉત્તરઃ– રૂપિયા છે.. તે આત્માના છે ?

* * *

## કલશ - ૭૦ : ઉપર પ્રવચન

“ ( चिति ) ચૈતન્યમાત્ર વસ્તુમાં દ્રવ્યાર્થિક– પર્યાયાર્થિક બે નયોના, ” જે ઉપરમાં દ્રવ્ય ને પર્યાય બે હતું તે. ઉપર દ્રવ્ય– ગુણ ને પર્યાય હતું. ઉપરમાં દ્રવ્ય ને પર્યાય હતું, અહીં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ નયો છે. નય શબ્દ છે ત્યાં દ્રવ્યાર્થિક ને પર્યાયાર્થિકની વાત કરી.. તેનો અહીંયા ખુલાસો કરે છે.

“ **ચૈતન્યમાત્ર વસ્તુમાં દ્રવ્યાર્થિક- પર્યાયાર્થિક- બે નયોના આમ બંન્ને પક્ષપાત છે. “ एकस्य बद्धः तथा अपरस्य न ”, અશુદ્ધ પર્યાયમાત્ર ગ્રાહક જ્ઞાનનો પક્ષ કરતાં જીવ દ્રવ્ય બંધાયું છે;** ” વ્યવહારનયનો પક્ષ કરતાં જીવ બંધાયેલો છે. કર્મનો સંબંધ નિમિત્તરૂપ હતો તેને વ્યવહારનય કહ્યો. અશુદ્ધ પર્યાયમાત્ર ગ્રાહક જ્ઞાનનો પક્ષ કરતાં જીવ બદ્ધ છે તે વ્યવહાર નય છે.

**ભાવાર્થ આમ છે કે- “ જીવદ્રવ્ય અનાદિથી કર્મ સંયોગ સાથે એક પર્યાયરૂપ ચાલ્યું આવ્યું છે,** ” કર્મના– નિમિત્તના સંબંધથી વિભાવ પર્યાય ચાલી આવે છે તે વ્યવહારથી ચાલી આવે છે. “ **વિભાવરૂપ પરિણમ્યું છે-** ” જુઓ ! પાઠમાં છે ? વિકારરૂપ પરિણમ્યો છે. વિકારરૂપ નથી થયો તેમ નથી હોં ! પર્યાયમાં વિકાર હો ! દ્રવ્યમાં વિકાર નથી. પર્યાય વિકારરૂપ છે તો શું દ્રવ્ય વિકારરૂપ થઈ જાય છે.. તેમ નથી તે જ પ્રશ્ન ચાલ્યોને ! પર્યાય અશુદ્ધ છે તો દ્રવ્ય અશુદ્ધ થઈ જાય છે. પ્રવચનસારની સાતમી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગાથામાં છે કે- શુભ ને અશુભ કાળે દ્રવ્ય તન્મય છે તે તો પર્યાયની અપેક્ષાએ દ્રવ્ય તન્મય થાય છે. ત્રિકાળી આનંદકંદ પ્રભુ ચિદાનંદ આત્મા તેમાં કદી આંચ આવતી નથી. ત્રિકાળમાં વિકાર તો નથી પરંતુ અલ્પજ્ઞતા પણ નથી રહેતી. આહાહા ! આવો ભગવાન ! નિગોદની પર્યાયમાં પણ આવો ભગવાન ત્રિકાળ શુદ્ધ છે. અને આ એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચો ઇન્દ્રિય, પંચેન્દ્રિય એ બધું કોઈ આત્માનો સ્વભાવ નથી. તે તો ભેદ છે. અંતરમાં જે ચેતન છે તે એકલા જ્ઞાનના પૂર્ણ સ્વભાવથી ભરેલો છે. એને ન દેખતાં આ છાલા - શરીર એકેન્દ્રિય અને એક શરીરમાં અનંતજીવ અને એક એક જીવમાં કાર્મણ- તેજસ શરીર અને અક્ષરના અનંતમા ભાગે વિકાસ રહ્યો એ બધી પર્યાયની વાતો છે. દ્રવ્ય તો ભગવાનસ્વરૂપ પૂર્ણાનંદથી ભરેલો છે. સર્વે જીવો, સર્વ સ્વરૂપે, સર્વકાળમાં, સર્વક્ષેત્રમાં પરિપૂર્ણ ભર્યા પડયા છે. સમજમાં આવ્યું ?

**એમ એક બંધ પર્યાયને અંગીકાર કરીને, દ્રવ્ય સ્વરૂપનો પક્ષ ન કરીએ, તો જીવ બંધાયો છે; એક પક્ષ આ રીતે છે;** દ્રવ્યનો પક્ષ ન કરે તો પર્યાય અપેક્ષાએ- વ્યવહારનયથી બંધાયેલો છે.. તેનો તો પ્રથમથી જ નિષેધ કરતા આવ્યા છીએ.. એમ કહેછે અબદ્ધ-સ્પૃષ્ટમાં આવ્યું ને ? એ પક્ષ તો આ પ્રકારે છે. બીજો પક્ષ " **अपरस्य न** " દ્રવ્યાર્થિકનયનો પક્ષ કરતાં તે બંધાયો નથી- તે દ્રવ્ય દૃષ્ટિની અપેક્ષાએ. અહીંયા જે ત્રિકાળી દ્રવ્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ એ તો મુક્ત સ્વરૂપ જ છે. બંધાયો છે અને મુક્તની પર્યાય થશે તે દ્રવ્યમાં નથી. પર્યાયમાં રાગનું બંધન અને પર્યાયમાં રાગથી મુક્તિ તેવું તો પર્યાયમાં છે. વસ્તુ તો ત્રિકાળ શુદ્ધ આનંદકંદ જ છે. આહાહા ! આ પણ દ્રવ્યાર્થિક નયનો પક્ષ હોવાથી વિકલ્પ થાય છે. જ્યારે દ્રવ્યનો આશ્રય કરવાથી અનુભવ થાય છે, પક્ષ કરવાથી વિકલ્પ થાય છે. આહાહા ! આવો માર્ગ ! કેટલાકે તો સાંભળ્યો ય નહીં હોય. બહારની કળાકૂટમાં મરી ગયો. જિંદગી આમ ને આમ ચાલી જાય છે ભાઈ !

## પ્રવચન નં. ૮૩ તા. ૧-૯- '૭૭

કળશ ૭૦નો ભાવાર્થ. " **જીવદ્રવ્ય અનાદિ નિધન ચેતના લક્ષણ છે,** " શું કહે છે ? આ ભગવાન આત્મા જીવદ્રવ્ય અનાદિ અનંત છે. અના... દિ... નિધન. આદિ અને નિધન એટલે કે શરૂઆત નહીં, અંત નહીં. અનાદિ નિધન જેની આદિ નહીં અને જેનો અંત નહીં તેવું ચેતનલક્ષણ છે. ' ચેતના ' શબ્દે જ્ઞાન-દર્શન બન્ને આવી ગયા. ( જીવદ્રવ્ય ) ચેતના લક્ષણથી લક્ષિત થાય છે.. અર્થાત્ ચેતના લક્ષણથી તેનો અનુભવ થાય છે. આ કર્તાકર્મ અધિકાર છે ને ?

" **આમ દ્રવ્યમાત્રનો પક્ષ કરતાં જીવદ્રવ્ય બંધાયું તો નથી,** " ચેતના લક્ષણ હું છું એવા વિકલ્પનો પક્ષ કરતાં પણ..; એક અપેક્ષાએ બંધન છે જ નહીં. " **સદા પોતાના**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સ્વરૂપે છે.**" સદા ચૈતન્ય સ્વરૂપ છે. તે અનાદિ અનંત શુદ્ધ પવિત્ર છે. "**કેમ કે કોઈ પણ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્ય- ગુણ- પર્યાયરૂપે પરિણમતું નથી.**" અન્ય દ્રવ્યની પર્યાયપણે અર્થાત્ વર્તમાન અવસ્થાપણે પરિણમતો નથી. કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યની પર્યાયપણે તો પરિણમતો નથી પરંતુ "**બધાંય દ્રવ્યો પોતાના સ્વરૂપે પરિણમે છે.**"

"य: तत्त्ववेदी" **જે કોઈ શુદ્ધ ચેતનામાત્ર જીવના સ્વરૂપનો અનુભવશીલ છે જીવ,**" પહેલો બોલ આવી ગયો કે આત્મા કર્મના સંબંધથી બંધ પર્યાયરૂપ છે તે એક વ્યવહારનયનો પક્ષ છે.. તેનો તો અમે (પ્રથમથી જ) નિષેધ કરતા આવ્યા છીએ. આહાહા! કર્મના સંબંધમાં રાગની પર્યાયનો સંબંધ તે બંધ છે, તે વ્યવહારનયનો વિષય છે, તેનો તો અમે નિષેધ કરતા આવ્યા છીએ એમ આચાર્યદેવ કહે છે.

અહીં તો જીવ ચેતના લક્ષણે અબંધ છે.. એ પણ એક પક્ષ– વિકલ્પ છે. આહાહા! હું અબદ્ધ છું. છે તો અબદ્ધ; પણ હું અબદ્ધ છું એવી નયનો પક્ષ એટલે વિકલ્પનો પક્ષ છે. હું અબદ્ધ છું ત્યાં લગી આવ્યો તેથી શું? તેનાથી લાભ શું? સમજમાં આવ્યું?

રાગના સંબંધથી પર્યાયમાં બંધ છે એ તો વ્યવહારનયનો પક્ષ કહો! વ્યવહારનયનો તો અમે પ્રથમથી જ નિષેધ કરતા આવ્યા છીએ. અહીંયા સાથે બે નય લીધી છે. – અહીંયા કહે છે– નિશ્ચયથી હું અબદ્ધ છું તે પક્ષ છે. સમયસારમાં ૧૪– ૧૫ ગાથામાં આવે છે કે–

"**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं**" હું અબદ્ધ છું તેવું છે ખરું પણ તે અબદ્ધના વિકલ્પના પક્ષમાં ઉભો છે.. તેનાથી તને શું લાભ છે? નિમિત્તથી તારામાં લાભ થશે એ તો તારામાં છે જ નહીં અને જે વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ જે રાગ છે તેનાથી તને લાભ છે નહીં. બંધનો વિકલ્પ તો વ્યવહાર છે તેનો તો નિષેધ છે પરંતુ ભગવાન અબદ્ધ સ્વરૂપ છે એવા નય પક્ષમાં.. એવા નય પક્ષમાં ઉભા છો તે પણ રાગ છે. ગઈ કાલે કહ્યું હતું– 'ततः किम्'–તેથી શું? અહીં સુધી આવ્યો તેનાથી તને શું લાભ થયો? સમજમાં આવ્યું?

"य तत्त्ववेदी" **જે કોઈ શુદ્ધ ચેતનામાત્ર જીવના સ્વરૂપનો અનુભવશીલ છે જીવ, તે જીવ પક્ષપાતથી રહિત છે.**"

આહાહા! આવી ચીજ છે. હું અબદ્ધ છું તેનો જે વિકલ્પ તે નયપક્ષનો છે. "જે કોઈ તત્ત્વવેદી" તત્ત્વનો વેદવાવાળો, ચેતનનો અનુભવ કરવાવાળો, ચૈતન્યનો પર્યાયમાં આનંદનું વેદન કરવાવાળો તેને જીવ અબદ્ધ છે તેવો પક્ષ– વિકલ્પ છૂટી ગયો છે. આહાહા! સૂક્ષ્મ– અપૂર્વ વાત છે. અનંતકાળમાં ક્યારેય કરી નથી. શાસ્ત્ર ભણ્યો, વ્રત– નિયમ એવા કર્યા કે– ચામડી ઉતારીને ઉપર ખાર છાંટે તો પણ ક્રોધ ન કરે એવી ક્રિયા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનંતવાર કરી.

અહીંયા તો આચાર્ય મહારાજ એમ ફરમાવે છે કે- પ્રભુ! આંગણામાં આવીને હું અબદ્ધ છું; તેવા પક્ષમાં રહી આંગણાને છોડયું નહીં અને અંદરમાં ગયો નહીં તો તને લાભ છે નહીં. આહાહા! આવી વાત છે.

ભગવાન ચૈતન્ય પૂર્ણાનંદ સ્વરૂપ તેના આંગણામાં આવીને - 'હું અબદ્ધ છું' તેવા આંગણામાં આવ્યો પણ અંદરમાં પ્રવેશ ન કર્યો. અત્યારે તો બહારની તકરાર ચાલે છે કે- શુભજોગથી ધર્મ થાય છે, શુભજોગ મોક્ષનો માર્ગ છે.. એ વાત તો પ્રભુ! ઘણી.. ઘણી.. દૂર રહી ગઈ. દયા-દાન-વ્રત-તપ-ભક્તિ-પૂજા આદિ શુભભાવ તે મોક્ષમાર્ગ છે એમ કહેવાવાળા ઘણાં દૂર રહી ગયા.

અહીંયા તો હું અબદ્ધ છું, બદ્ધ નહીં. હું અબદ્ધ છું એવા અબદ્ધની અંદર ન જઈને આંગણામાં- પર્યાયમાં ઉભો રહીને, હું અબદ્ધ છું તેવા નયના વિકલ્પમાં ઉભો છે. પર્યાયમાં ઉભો છો તેનાથી પ્રભુ તને શું લાભ છે?

**શ્રોતાઃ**- આવું તો અનંતવાર થયું.

**ઉત્તરઃ**- આવું અનંતવાર થયું પ્રભુ! આવો માર્ગ છે તેનો લોકો વિરોધ કરે. આહાહા! પ્રભુ! તારો માર્ગ જ આવો છે નાથ! તારા હિતની વાત કરીએ છીએ તેનો તું વિરોધ કરે છે! તારું હિત તો આ રીતે થાય છે.

શુભ ભાવને તો છોડ, દયા- દાન- વ્રત તે તો ક્યાંય દૂર રહો! પરંતુ હું અબદ્ધ છું એવા વિકલ્પના પક્ષમાં ઉભાં રહેવાથી તને સમ્યગ્દર્શન નહીં થાય. આવી વાત છે... સમજમાં આવ્યું?

અહીં કહે છે- જુઓ! " **यः तत्त्ववेदी** " **ચૈતન્યનો અનુભવ કરવાવાળો.** " **જે કોઈ શુદ્ધ ચેતનામાત્ર જીવના સ્વરૂપનો અનુભવશીલ છે જીવ,** " **च्युतपक्षपातः** " **તે જીવ પક્ષપાતથી રહિત છે.** "

આહાહા! ભગવાન અહીંયા તો શાંતિનો માર્ગ છે. 'તત્ત્વવેદી' એટલે ભગવાન ચૈતન્ય તત્ત્વ તેને વેદવાવાળો- અનુભવશીલ જીવ કે જેનો અનુભવશીલ સ્વભાવ થઈ ગયો. આહાહા! આવો તત્ત્વવેદી જીવ- હું અબદ્ધ છું તેવા પક્ષથી ચ્યુત અર્થાત્ રહિત થઈ ગયો છે. અરે! આમાં વાદવિવાદ શું? પ્રભુ! તારી નિર્વિકલ્પ સંપદા અંદરમાં પડી છે ને! અતીન્દ્રિય આનંદનો કંદ ચૈતન્ય રત્નાકર છો ને! ભગવાન તારામાં તો ચૈતન્યના રત્નો ભર્યા છે... એ રત્નોનો સાગર પ્રભુ તું છો ને! એમાં હું અબદ્ધ છું તેવા વિકલ્પને અવકાશ નથી.

બહારમાં તો અત્યારે એવું ચાલે છે કે- શુભજોગ મોક્ષનો માર્ગ છે. છાપામાં એવું આવ્યું છે- શુભજોગ મોક્ષનો માર્ગ છે. પ્રભુ! તું આ શું કરે છે? અમૃતસાગર ભગવાન ચૈતન્ય સ્વભાવથી ભર્યો છે. આહાહા! શુભજોગ તો ઝેર છે. એ ઝેરને મોક્ષમાર્ગ કહેવો...

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

તે પ્રભુ! કલંક છે. ચેતનને કલંક લગાડો છો. સમજમાં આવ્યું?

તત્ત્વવેદી પક્ષપાતથી રહિત છે. "**च्युतपक्षपात:**" વિકલ્પથી ભ્રષ્ટ થયો છે. આહાહા! ભગવાન અનંત આનંદ સ્વરૂપ પ્રભુ! તેના તત્ત્વનો વેદવાવાળો સમ્યગ્દૃષ્ટિ જીવ. આહાહા! પોતાના ચૈતન્યના આનંદને વેદવાવાળો હોવા છતાં હું અબદ્ધ છું તેવા પક્ષથી તે ત્યાં ભ્રષ્ટ થઈ ગયો છે. આહાહા! દિગમ્બર સંતોની વાણી રામબાણ છે. એક-એક શબ્દમાં અંદર પરમાત્મા ભર્યો છે. શબ્દ તો વાચક છે, વાચ્ય પરમાત્માને બતાવે છે.

આહાહા! અરે! ભગવાન.. તું તો પરમાત્મ સ્વરૂપ છે ને નાથ! હું પરમાત્મા છું તેવો વિકલ્પ પણ તારા સ્વભાવમાં પ્રવેશ કરવામાં રોકે છે. સમજમાં આવ્યું?

"**ભાવાર્થ આમ છે કે- એક વસ્તુની અનેકરૂપ કલ્પના કરવામાં આવે છે તેનું નામ પક્ષપાત કહેવાય છે,**" પક્ષપાતની વ્યાખ્યા કરી, તું તો એકરૂપ, ચૈતન્યરૂપ, આનંદરૂપ ધ્રુવસ્વરૂપ એકરૂપ ચીજમાં અનેક કલ્પના કરવી તેનું નામ પક્ષપાત છે. 'હું બદ્ધ છું કે હું અબદ્ધ છું' એકરૂપ વસ્તુમાં આવો વિકલ્પ ઊઠાવવો તે પક્ષપાત છે. આહાહા! આવો માર્ગ છે. ભગવાન ચૈતન્ય સ્વભાવ અંદર એકરૂપે બિરાજમાન છે, તેમાં અનેક કલ્પના ઊઠાવવી તે પક્ષપાત છે. જ્યારે વસ્તુ પક્ષપાતથી રહિત છે.

"**તેથી વસ્તુમાત્રનો સ્વાદ આવતાં કલ્પનાબુદ્ધિ સહજ જ મટે છે.**" જેમાં અનંતગુણ રહ્યાં છે- વસ્યાં છે તે વસ્તુ છે. વસ્તુની અંદર તે વસ્યા છે. અનંતગુણ વસ્તુમાં રહ્યા છે.. તેમાંથી આનંદનો સ્વાદ આવતાં કલ્પનાબુદ્ધિ મટે છે.

વસ્તુમાત્રનો સ્વાદ આવતાં અર્થાત્ પોતાની ચીજમાં પ્રવેશ કરવાથી. પ્રવેશનો અર્થ- પર્યાયને તે સન્મુખ ઝુકાવવાથી. પ્રવેશનો અર્થ એવો નથી કે- પર્યાય દ્રવ્યમાં પ્રવેશ કરે છે. આહાહા! સમજમાં આવ્યું? પર્યાય દ્રવ્યમાં પ્રવેશ કરતી નથી.. પરંતુ પર્યાયમાં દ્રવ્યની પૂરી શક્તિનું સામર્થ્ય વેદનમાં, શ્રદ્ધામાં જ્ઞાનની પર્યાયમાં આખી ચીજ આવે છે. એ વસ્તુ અનુભવમાં આવતાં કલ્પનાબુદ્ધિ સહજ જ મટે છે. સહજ જ મટી જાય છે, મટાડવી પડતી નથી.. એમ કહે છે. જ્યાં દૃષ્ટિ અંતર્મુખ થઈ, ત્યાં અબદ્ધ આદિનો જે વિકલ્પ હતો તે બધા છૂટી જાય છે. આહાહા! આ સહજનો ધંધો છે...

બનારસીદાસજીમાં છે... "સદ્ગુરુ કહે સહજકા ધંધા, વાદ વિવાદ કરે સો અંધા." તે કહે- વાદવિવાદ કરો.. ચર્ચા કરો! અરે.. પ્રભુ! ચર્ચા કોની સાથે કરે નાથ! પ્રભુ.. તું તો ભગવાન છો ને નાથ! આહાહા! એક સમયની પર્યાયમાં ભૂલ છે- મિથ્યાત્વ છે. ત્રિકાળી ભગવાનનું સ્વરૂપ, પૂર્ણાનંદનો નાથ તો ભૂલ રહિત છે. તેની ત્રિકાળ જે ચીજ છે તે તો ભૂલરહિત છે. એક સમયની પર્યાયમાં ભૂલ છે. પ્રભુ! તું ભગવાન થઈને આ ભૂલને ભાંગી દે.. છોડી દે!

**શ્રોતા:-** વિરોધીને આપ ભગવાન કહો છો?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ઉત્તરઃ-** વિરોધી કોણ છે? વિરોધી તે ભગવાન છે

**શ્રોતાઃ-** એક સમયની ભૂલ છે તે ચર્ચા કરી ને મટાડી દ્યો આપ!

**ઉત્તરઃ-** પંડિતજી.. ઠીક કહે છે. કોની સાથે ચર્ચા કરે ભાઈ! ચર્ચા કરવાવાળા તો પહેલેથી કે ' છે કે- તમે ખોટા છો અને અમે સાચા છીએ. અને ચર્ચા પણ તેમને કરવી છે ગઈકાલે કહ્યું ' તું ને! જીવાપ્રતાપ કરોડપતિ તેનો ભત્રીજો છે તે શ્વેતામ્બર સાધુ છે.. તે મારી પાસે લીંબડીમાં બે- ચાર શેઠિયાને લઈને આવ્યા. શેઠિયા બધા નરમ હતા બિચારા. તે કહે- અમે ચર્ચા કરવા આવ્યા છીએ ને આપણે ચર્ચા કરીએ. મેં કહ્યું, અમે કોઈની સાથે ચર્ચા કરતા નથી. તો તેણે કહ્યું કે- બહારમાં આપની આબરૂ એટલી છે અને આપ ચર્ચાની ના પાડો છો તો આપની (પ્રતિષ્ઠાનું) શું થશે? હો.. હો... થઈ જશે! (આબરૂ) હો હો.. અમારે શું? દુનિયા માને કે- ચર્ચા કરતાં નથી આવડતી તો બરાબર? પછી તે બોલ્યા કે- તમે સિંહ છો તો અમે પણ સિંહના બચ્ચા છીએ. ભાઈ! અમે તો અમને સિંહ નથી કહેતા. અમે તો સિંહ પણ નથી અને માણસ પણ નથી.

તેને એમ કે- તમે સિંહ છો તો અમે સિંહના બચ્ચા છીએ. અમે પણ કાંઈક છીએ (એમ માનતા હતા) અમે તો કહેલું કે- વાદવિવાદ અમને પસંદ નથી. પછી તેમણે કહ્યું કે- આ ચશ્માથી જોવામાં આવે છે ને? અમે કહ્યું, ચર્ચા થઈ ગઈ ભાઈ! ચશ્મા તો જડ છે તેનાથી દેખવામાં આવે છે કે- પોતાની જ્ઞાનની પર્યાયથી દેખવામાં આવે છે. ચશ્મા તો જડ- અજીવ છે. પોતાની પર્યાયમાં તો તેનો અભાવ છે. જ્ઞાનની પર્યાયમાં ચશ્માનો તો અભાવ છે.. તો પછી ચશ્માથી દેખે છે? જાવ! ચર્ચા થઈ ગઈ.

અહીંયા તો ત્યાં સુધી કહે છે કે- 'હું અબદ્ધ છું.' ગાથા-૧૫માં આવે છે-

"**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।**
**अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।**"

જેણે ભગવાન આત્માને અબદ્ધ દેખ્યો, સામાન્ય દેખ્યો, કષાયના વિકલ્પથી- દુઃખથી ભિન્ન દેખ્યો તેણે જૈનશાસન દેખ્યું. "**अपदेससंतमज्झं**" ચારે અનુયોગમાં- શાસ્ત્રમાં પણ આત્મા અબદ્ધ છે તેમ કહ્યું છે. દ્રવ્યશ્રુતમાં પણ અબદ્ધ અને ભાવશ્રુતમાં પણ અબદ્ધ જાણવામાં આવ્યો છે. જે આ અબદ્ધ જાણવામાં આવ્યો તે વસ્તુની સ્થિતિ છે. પરંતુ હું અબદ્ધ છું એવો પક્ષ કરીને ત્યાં રોકાઈ જાય તો તત્ત્વનું વેદન ન થાય. ચૈતન્યના આનંદનો સ્વાદ જે આવવો જોઈએ તે સ્વાદ નહીં આવે પ્રભુ! કેમ કે વિકલ્પ છે તે આકુળતા છે.

આહાહા! ગજબ છે નેઃ દેવગુરુ શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પાંચમહાવ્રત, શાસ્ત્રનું ભણવું આદિનો રાગ એ તો આકુળતા ને દુઃખ છે. અહીંયા તો હું અબદ્ધ છું તે નાસ્તિથી કહ્યું.., અસ્તિથી કહીએ તો ભગવાન આત્મા મુક્ત સ્વરૂપ જ છે. દ્રવ્ય તો મુક્ત સ્વરૂપ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ છે.. પરંતુ આવા વિકલ્પનો પક્ષ કરવો એ દુઃખ છે. ત્યાં દુઃખનું વેદન છે. તત્ત્વવેદી જીવ એ દુઃખના વેદનથી છૂટી ગયો છે. સમજમાં આવ્યું? માર્ગ આવો છે ભાઈ!

શ્રીમદ્જી કહે છે- " **એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.** " ત્રિલોકીનાથ સર્વજ્ઞ વીતરાગદેવ તેનો માર્ગ એકરૂપ છે. ત્રણકાળમાં તેમાં કોઈ ફેરફાર નથી. અહીંયા કહે છે કે- " વસ્તુમાત્રનો સ્વાદ આવતાં કલ્પનાબુદ્ધિ સહજ જ મટે છે. " વસ્તુ એ ભગવાન આત્મા જ્ઞાતાદૃષ્ટા અને અનંત આનંદ ચૈતન્ય રત્નાકર છે. અનંત.. અનંત.. અનંત.. ગુણનો ગોદામ પ્રભુ છે. અનંત શક્તિનું સંગ્રહાલય, સંગ્રહનું- આલય અર્થાત્ સ્થાન છે. અનંત સ્વભાવનો સાગર પ્રભુ છે. આહાહા! એ ઉપર જ્યાં દૃષ્ટિ પડી ત્યાં તત્ત્વનો વેદનાર થયો.. તો કલ્પનાબુદ્ધિ છૂટી જાય છે. આહાહા! આવો માર્ગ છે ભાઈ!

" तस्य चित् चित् एव अस्ति " **શુદ્ધ સ્વરૂપને અનુભવે છે તેને ( चत् ) ચૈતન્યવસ્તુ चित्त एव अस्ति ) ચેતના માત્ર વસ્તુ છે.** " ધર્મીને તો એ જ્ઞાનસ્વરૂપ એ જ્ઞાન સ્વરૂપ જ છે. જ્ઞાનની અસાધારણ શક્તિથી વર્ણન કર્યું છે. ચિદ્રૂપ તો ચિદ્રૂપ છે. હું ચિદ્રુપ છું તેવો વિકલ્પ પણ તેમાં નથી.

શ્રોતાઃ- એ વિકલ્પ આત્માનો ઘાતક છે?

ઉત્તરઃ- ઘાતક છે; ઝેર છે; દુઃખ છે. આહાહા! આવો માર્ગ છે. વિકલ્પ ઊઠાવવો તે અમૃતસાગરથી તો વિરુદ્ધ છે. જેને મોક્ષ અધિકારમાં ' વિષકુંભ ' કહ્યો છે. તે ઝેરનો ઘડો છે... ભગવાન અમૃતનો સમુદ્ર છે. રાગનો વિકલ્પ એ ઝેરનો ઘડો છે. તકરારમાં આત્મા શું ચીજ છે તેને તો શોધવા જતા નથી. અને તકરારમાં ઉતરે છે. અંદરમાં પ્રભુ પડયો છે ત્યાં અંતરમાં શોધવા જા નાથ!

" **શુદ્ધ સ્વરૂપને અનુભવે છે તેને ચૈતન્ય વસ્તુ ચેતનામાત્ર વસ્તુ છે ' એવો પ્રત્યક્ષપણે આસ્વાદ આવે છે.** " આત્માનો આનંદ પરોક્ષ રહે તેમ છે નહીં. અલિંગગ્રહણના વીસ બોલ છે તેમાં છઠ્ઠા બોલમાં કહ્યું છે કે- ભગવાન આત્મા પોતાના સ્વભાવથી જાણવામાં આવે છે.. તેવો પ્રત્યક્ષ જ્ઞાતા છે.

પ્રવચનસાર ગાથા ૧૭૨ તેમાં અલિંગગ્રહણના વીસ બોલ ઉતાર્યા છે. તેમાં પહેલા બોલમાં એમ લીધું છે કે-

( ૧ ) ( ભગવાન આત્મા ) ઇન્દ્રિયોથી જાણવામાં આવતો નથી. ઇન્દ્રિયથી આત્મા જાણવામાં તો આવતો નથી.. પરંતુ જાણતો પણ નથી.

( ૨ ) ઇન્દ્રિયથી ( આત્મા ) જણાતો પણ નથી.

( ૩ ) ભગવાન આત્મા ઇન્દ્રિય પ્રત્યક્ષનો વિષય છે જ નહીં.

( ૪ ) બીજાના અનુમાનથી જાણવામાં આવે તેવો આત્મા નથી.

( ૫ ) આત્મા એકલો અનુમાન જ કરે તેવો આત્મા નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહાહા ! ભગવાન આત્મા પોતાના શુદ્ધ આનંદ ને જ્ઞાન સ્વભાવથી જાણવામાં આવે છે. રાગથી, વિકલ્પના પક્ષથી ને વ્યવહારથી તો જાણવામાં આવતો પણ નથી. આહાહા ! આવી વાત છે. એકાંત લાગે તો શું થાય ? એકાંત છે.. એકાંત છે. વ્રત- તપ- કાય કલેષ કરે છે એને તો તમે કહેતા નથી એને તો તમે ઉડાડી દ્યો છો... તે એમ કહે છે. ભગવાન સાંભળ તો પ્રભુ ! તારી ચીજમાં વિકલ્પ છે જ નહીં ને ! વિકલ્પ નથી તો પછી તે વિકલ્પથી લાભ થશે ? વિકલ્પથી લાભ થશે તો તેનો અર્થ એ થયો કે- વિકલ્પ આત્માનું સ્વરૂપ છે. જો વિકલ્પથી લાભ થશે તો વિકલ્પ પોતાનું સ્વરૂપ થઈ ગયું. લાભ તો પોતાના સ્વરૂપથી થાય છે.

પ્રથમ તે પોતાની શ્રદ્ધામાં નિર્ધાર તો કરે કે- આત્મા તો વિકલ્પરહિત છે. પછી તત્ત્વનું વેદન- આનંદનું વેદન આવે છે. ત્યારે સમ્યગ્દર્શન થાય છે. ચારિત્ર તો હજુ ક્યાંય રહ્યું પ્રભુ ! આ તો અલૌકિક વાતું છે.

અહીં તો સમ્યગ્દર્શન- તત્ત્વવેદીની વાત ચાલે છે. તેને પ્રત્યક્ષપણે સ્વાદ આવે છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં આવે છે કે- સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે. તેને વિકલ્પ આવ્યો છે શુદ્ધ છું, બુદ્ધ છું એવા વિકલ્પ પછી.. વિકલ્પને છોડીને નિર્વિકલ્પ થાય છે. આ રીતે સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ તેવો તેનો અર્થ છે. અહીં બધી ખબર છે.

સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ તેનો અર્થ શું ? સમ્યગ્દૃષ્ટિ જીવ જ્યારે ધ્યાનમાં સ્થિત થાય છે ત્યારે પહેલાં આવો વિકલ્પ આવે છે- હું શુદ્ધ છું, અબદ્ધ છું, પૂર્ણ છું.. બસ એટલું. પછી હું પરમાત્મા છું તે વિકલ્પ છે. તે વિકલ્પ છોડીને, પોતાનો નિર્વિકલ્પ અનુભવ કરે છે. વિકલ્પ છોડીને અનુભવ કર્યો તેથી તેને વિકલ્પ દ્વારા નિર્વિકલ્પ કહેવામાં આવે છે. આ તો ઘણી વખત બતાવ્યું છે. આ ૪૩ વર્ષથી ચાલે છે. અહીં તો એક એક શબ્દનો અર્થ ચાલી ગયો છે.

શ્રોતાઃ- દ્વારનો અર્થ તો દરવાજો હોય છે ને ?

ઉત્તરઃ- તેને છોડીને અંદર જાય ત્યારે તેને દરવાજો કહેવામાં આવે છે. દરવાજામાં ઉભા રહેવાથી તેને દરવાજો ક્યાં છે ? દરવાજાને છોડીને અંદરમાં જાય છે, વિકલ્પને છોડીને નિર્વિકલ્પ ભગવાન આત્મામાં જાય છે ત્યારે તેને તત્ત્વવેદી સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે.

આહાહા ! આમાં આ પૈસાવાળાનું કાંઈ કામ આવતું નથી. આ કરોડપતિ શેઠિયા બેઠા છે.. તે કરોડપતિ છે. ધૂળમાં શું છે ? તે તો જડ- માટી- ધૂળ છે.

અહીં તો કહે છે- હું મૂઢ નથી અમૂઢ છું તેવો વિકલ્પ પણ પોતાનો નથી. આહાહા ! અનંત જન્મ મરણના છેદ કરવાનો ઉપાય તો આ છે નાથ ! ભવ છેદ વિના ભવ મટવાના નથી... અને ભવછેદ ક્યારે થાય છે ? જેમાં ભવને ભવના ભાવનો અભાવ છે તેવા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવનો અનુભવ કરવાથી ભવછેદ થાય છે. બાકી બધી વાતું છે. સમજમાં આવ્યું ?

અહીંયા કહ્યું- જીવ રાગી છે તો તે વ્યવહારનયનો પક્ષ છે. નિશ્ચયનયના પક્ષમાં હું રાગી નથી.. તે પણ એક વિકલ્પ કલ્પના છે. તેને છોડીને તત્ત્વવેદી વિકલ્પથી ચ્યુત (રહિત) થાય છે. આહાહા! અને પોતાના સ્વરૂપનું વેદન કરે છે.. તેમાં વિકલ્પનો સહારો નથી.. વિકલ્પને અવકાશ નથી. વિકલ્પ છે તે ચૈતન્ય વસ્તુમાં મગ્ન નથી. આહાહા! તેને પક્ષપાત રહિત, ચિદાનંદ સહિતનું વેદન કહેવામાં આવે છે. આવો માર્ગ છે.

## કલશ - ૭૩ : ઉપર પ્રવચન

કળશ-૭૩માં '**एकस्य द्दष्टा**' જીવ દ્વેષી છે તે વ્યવહારનયનો પક્ષ છે, એક કહે છે- હું દ્વેષી નથી તે નિશ્ચયનયનો પક્ષ છે, તે પણ વિકલ્પ છે- પક્ષપાત છે. એકરૂપ ચીજમાં અનેક કલ્પના ઉઠાવવી તે પક્ષપાત છે. આહાહા! તેને છોડીને તત્ત્વવેદી દ્દષ્ટ નહીં એવા વિકલ્પથી પણ ચ્યુત (રહિત) થઈ જાય છે.

"**एकस्य कर्ता।**" વ્યવહારનયને માનનારા માને છે કે હું રાગનો કર્તા છું. વ્યવહારનયના પક્ષવાળા એમ માને છે કે- હું રાગનો- વિકલ્પનો કર્તા છું. "**न तथा परस्य**" નિશ્ચયનયનો પક્ષ છે કે- હું રાગનો કર્તા નથી. રાગનો કર્તા નથી એ વાત સાચી છે પણ રાગનો કર્તા નથી એવો વિકલ્પ ઊઠાવવો તે પક્ષપાત છે. આહાહા! વસ્તુ પક્ષાતિક્રાંત છે. પક્ષથી અતિક્રાન્ત અંદરમાં ભિન્નપણે વસ્તુ પડી છે. આહાહા! અરે! આવી વાત સાંભળવા ન મળે તે કે' દિ વિચારે અને કે' દિ પ્રયોગ કરે અને કે' દિ અનુભવ કરે. આહાહા! કરવાનું તો આ છે. બાકી તો બધી વાતો છે.

"**एकस्य भोक्ता**" હું રાગનો ભોક્તા છું એવો વ્યવહારનયનો પક્ષ છે. એ તો આપણે અભોક્તા શક્તિમાં આવી ગયું. આત્મા રાગનો ભોક્તા નથી એવી અભોક્તા શક્તિ છે. અકર્તા શક્તિ આવી ગઈ. આત્મા રાગનો કર્તા છે એવું છે નહીં. તેમાં એમ આવ્યું કે- કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલા રાગાદિ તેનાથી ઉપરમ અર્થાત્ નિવૃત સ્વરૂપ છે. અકર્તાપણું તે આત્માનો સ્વભાવ છે. આહાહા! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ છે તેનો પણ આત્મા કર્તા નથી. દેવગુરુશાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, એના કરતાં પણ આત્માની શાસ્ત્રને ભણવા તરફ જે બુદ્ધિ જાય છે તે બુદ્ધિ વ્યભિચારિણી છે.

**શ્રોતાઃ-** શાસ્ત્ર ભણવાના તો કલાસ ચાલે છે ને ?

**ઉત્તરઃ-** એવો વિકલ્પ હો! પણ તે વ્યભિચાર છે. તે કલાસમાં શીખવાડયું આ છે. વઢવાણના એ ભાઈ આવ્યા હતા. તેમને કોઈએ પૂછયું કે- તમે નિમિત્તને માનતા નથી તો પછી વારંવાર સોનગઢ કેમ જાવ છો ? નિમિત્ત પાસે જાવ છો અને નિમિત્તથી થતું નથી ? આવો પ્રશ્ન કર્યો. વઢવાણવાળા ભાઈએ જવાબ આપ્યો કે- અમે ત્યાં જાઈએ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છીએ તે નિમિત્તથી કાંઈ થતું નથી તેવું દ્રઢ કરવા માટે જઈએ છીએ. સમજમાં આવ્યું ?

પદ્મનંદી પંચવિંશતિ શાસ્ત્રમાં સૂત્ર છે. જે બુદ્ધિ શાસ્ત્રમાં જાય છે તે વ્યભિચાર છે. છે તો ૨૬ અધ્યાય પરંતુ નામ પદ્મનંદી પચ્ચીસી... (પંચવિંશતિ). પચ્ચીસી એવો શબ્દ લખ્યો છે હોં! તેમાં એવું લખ્યું છે કે- શાસ્ત્રમાં જવાવાળી બુદ્ધિ વ્યભિચારિણી છે. કેમ કે શાસ્ત્ર પરદ્રવ્ય છે અને પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે તો રાગ ઉત્પન્ન થાય છે. એ રાગ છે તે વ્યભિચાર છે. આવો માર્ગ છે.. સમજમાં આવ્યું ?

**શ્રોતાઃ-** આ પણ શાસ્ત્રમાં લખ્યું છે? બહુ કડક છે.

**ઉત્તરઃ-** હા, પદ્મનંદી પંચવિશંતિમાં છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં લીધું છે કે- વસ્તુ જ આવી છે તેને કડક કહો! કડક ન કહો! ભગવાન કુંદકુંદાચાર્યે તો મોક્ષ પાહુડમાં- ૧૬મી ગાથામાં કહ્યું છે કે- "**परदव्वाओ दुग्गइ**" આહાહા! કુંદકુંદાચાર્ય કહે છે કે- અમે તારાથી પરદ્રવ્ય છીએ. પરદ્રવ્ય ઉપર તારું લક્ષ જશે તો તારી દુર્ગતિ થશે, સુગતિ નહીં. દુર્ગતિ એટલે કે ચૈતન્યની ગતિ નહીં થાય. રાગભાવથી તો ગતિ મળશે, તેનાથી તો દુર્ગતિ છે. સિદ્ધ સિવાયની ચારગતિ છે તે દુર્ગતિ છે. સમજમાં આવ્યું ?

શ્રી કુંદકુંદઆચાર્યનું અષ્ટ પાહુડ છે. તેમાં મોક્ષપાહુડમાં સોળમી ગાથામાં કહ્યું કે- "**परदव्वाओ दुग्गइ स्वद्व्वाओ सुग्गई**" આહાહા! ભગવાનના તળિયામાં, જેના અંતરમાં અનંત ચૈતન્ય રતન પડયા છે એવા સ્વદ્રવ્યનો આશ્રય કરતાં- અનુભવ કરતાં તો તેને સુગતિ થશે- મોક્ષ થશે.

જયચંદ પંડિતે સુગતિના બે અર્થ કર્યા છે. (૧) મોક્ષ થશે (૨) સાધકને થોડો વિકલ્પ રહી ગયો તો સ્વર્ગ મળશે. 'સુગતિ' શબ્દનો અર્થ કર્યો છે. આ રીતે તેમણે બે પ્રકારે અર્થ કર્યો છે. શાસ્ત્રના મંગલાચરણમાં પણ આવે છેઃ-

ओकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।
कामदं मोक्षदं चैव ओंकाराय नमो नमः।।

સમ્યગ્દર્શન સહિત અનુભવથી મુક્તિ થશે. પરંતુ વચ્ચમાં જે રાગ આવે છે તે કામદેવાવાળો અર્થાત્ સ્વર્ગ દેવાવાળો છે. રાગ આવે છે. તે પુણ્યાનુબંધી પુણ્યનો રાગ છે. આ તો રાગનું ફળ શું છે તે બતાવ્યું છે. પંચાસ્તિકાય બીજી ગાથામાં ચારગતિ તેને પરાધિન કહી છે. સ્વર્ગના દેવ રાગના વેદનમાં દુઃખી છે. જે અશુભ રાગના રંગમાં રંગાય ગયો છે તે દુઃખી છે. આ પૈસાવાળા શેઠિયા હોય કરોડપતિ- અબજપતિ, રાજા, દેવ તે બધા દુઃખી છે. કેમ કે આત્મા આનંદ સ્વરૂપ છે તેમાં બહારનો વિકલ્પ ઊઠાવવો તે બધું દુઃખ છે. કોઈ કહે છે ને કે- આ કરોડપતિ અને અબજપતિ સુખી છે. અહીં તો કહે છે કે તે બધા દુઃખી છે.

સંવત ૧૯૬૪ની સાલની વાત છે. ત્યારે અમારી અઢાર વર્ષની ઉંમર હતી. અમારી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાલેજમાં દુકાન હતી. પછી ગામમાં શ્વેતામ્બર- સ્થાનકવાસીના સાધુ આવે અને ચોમાસુ કરે. અમે તેમની આસપાસમાં રહી તેમનું ધ્યાન રાખીએ. ત્યાં સાધુ આવ્યા... અમે સાધુને લેવા જતા હતા તો કહ્યું કે- સાધુનું ધ્યાન રાખજો. પણ એ તો રાગ હતો.

ત્યારે ડાહ્યાભાઈ ધોલકાનું નાટક હતું મોટું આઠ દિવસમાં બે વખત નાટક કરે. એક રાતના ૧૫૦૦ રૂપિયા તે વખતે ૬૪ની સાલમાં લ્યે. એ ડાહ્યાભાઈનો દેહ છૂટવાનો કાળ હતો ત્યારે તે એવું બોલ્યા કે- ડાહ્યા તારું ડહાપણ શું કામ આવ્યું ? આ નાટક બનાવ્યા.. આ બનાવ્યું ડાહ્યા થઈને પરંતુ ડાહ્યા તારું ડહાપણ એટલે હુશિયારી ક્યારે કામ આવે ? અત્યારે શાંતિથી મરણ કર.

## પ્રવચન નં. ૮૪ તા. ૨-૯- '૭૭

## કલશ - ૭૮ : ઉપર પ્રવચન

એક પક્ષ એ છે કે- જીવ કારણ છે. પરદ્રવ્યની પર્યાયનું કારણ જીવ છે, અથવા રાગનું કારણ છે તેવું એક વ્યવહારનયના પક્ષનું કથન છે. તેનો તો નિષેધ કરતા જ આવ્યા છીએ. પરંતુ જીવ હેતુ નથી તે નિશ્ચયનયનો પક્ષ છે.

ભગવાન આત્મા પરદ્રવ્યની પર્યાયનું કારણ નથી. વ્યવહારરત્નત્રયના કારણથી પોતાનામાં કાર્ય થયું તેમ તો નથી. ખરેખર તો વ્યવહારરત્નત્રયનું પણ ભગવાન આત્મા કારણ નથી. છ ઢાળામાં તો એમ કહ્યું કે- " **हेतु नियत को होई।** " એટલે કે- તે વ્યવહારથી નિશ્ચયનો હેતુ છે. નિશ્ચયનો હેતુ કહ્યો તે વ્યવહારથી કહ્યો.. યર્થાથમાં હેતુ નથી. તે આપણે અકાર્ય કારણ શક્તિમાં આવી ગયું છે.

**પ્રશ્નઃ**- કારણ સો વ્યવહારો... !

**ઉત્તરઃ**- " હેતુ નિયત કો હોઈ " તે શબ્દ આવ્યો ને ! હેતુ એ જ વ્યવહાર છે. નિયત કો હેતુ અર્થાત્ હેતુ તે જ વ્યવહાર છે. સત્યાર્થનો હેતુ વ્યવહાર છે. નિશ્ચય સત્યાર્થ છે તેનો વ્યવહાર હેતુ કહેવામાં આવ્યો છે. આ વ્યવહારની કથનશૈલી છે. વસ્તુ સ્થિતિ તો સમયસાર ૭૨ ગાથામાં આવી ગઈ છે.

સમયસાર ૭૨ ગાથામાં છે કે- શુભભાવ આદિ ભાવ છે તે દુઃખરૂપ છે, તે દુઃખનું કારણ આત્મા નહીં. આહાહા ! સૂક્ષ્મ વાત છે ભાઈ ! ભગવાન પરમાનંદ સ્વરૂપ પ્રભુ છે. દુઃખ નામ આસ્રવ પુણ્ય ને પાપના ભાવ, વ્યવહાર રત્નત્રયના ભાવ તે દુઃખરૂપ છે. ભગવાન દુઃખનું કારણ નથી.. અને તે દુઃખનું કાર્ય પણ નથી.

હવે પછીના શ્લોકમાં આવશે કે- સ્વનો આશ્રય કર્યો માટે સમ્યગ્દર્શન- જ્ઞાન પ્રગટ થયા, તેમ પણ છે નહીં. આહાહા ! ઝીણી વાત છે ભાઈ ! ચૈતન્ય સ્વયં સિદ્ધપ્રભુ, અનંત ચૈતન્ય રત્નાકર તેની અભેદ દૃષ્ટિ અનંતકાળમાં ક્યારેય કરી નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બપોરે ચાલે છે ને! અભેદનો પક્ષ પણ વિકલ્પ છે. હું અભેદ છું એવો વિકલ્પનો પક્ષ પણ દુઃખરૂપ છે. આહાહા! અભેદના પક્ષનો વિકલ્પ દુઃખરૂપ છે તેથી દુઃખ કારણ અને અભેદ દૃષ્ટિ કાર્ય તેમ છે નહીં. અને તે દુઃખનું કારણ પણ આત્મા નથી. ભગવાન આત્મા તો શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ છે. દુઃખ નામ આસ્રવ, દયા- દાન- વ્રત- ભક્તિના પરિણામ એ આસ્રવનું કારણ ભગવાન આત્મા નથી.

બહારમાં અત્યારે તોફાન ચાલે છે. વ્યવહારથી થાય છે... વ્યવહારથી થાય છે. અહીં કહે છે કે- વ્યવહાર અસત્યાર્થ છે, નિશ્ચય જ સત્યાર્થ છે. વ્યવહારને હેતુ કારણ કહ્યો પણ તે... અસત્યાર્થ છે. આ તો જેને પોતાનું કાર્ય કરવું હોય તેની વાત છે. દુનિયામાં પંડિતાઈ બતાવીને વ્યવહારને સિદ્ધ કરવો કે- વ્યવહારથી થાય છે. ભાઈ! વ્યવહારથી કથન કર્યું છે પરંતુ વ્યવહારથી થાય છે તેમ છે જ નહીં.

**શ્રોતાઃ**- વ્યવહારના અભાવથી થાય છે.

**ઉત્તરઃ**- હા, અભાવ છે, ભાવરૂપ જે કારણ પરમાત્મા ત્રિકાળી ભગવાન જે પૂર્ણાનંદ સ્વરૂપ છે તે કારણ પરમાત્મા પર્યાયનું કારણ છે અને પર્યાય કાર્ય છે એ પણ વ્યવહાર છે. કેમ કે નિર્મળ પર્યાય છે તે પોતાનું સ્વયં કારણ છે અને તે સ્વયં કાર્ય છે. નિર્મળ સમ્યગ્દર્શનની પર્યાય અભેદના આશ્રયથી, અભેદના લક્ષથી થાય છે, છતાં એ પર્યાયનું કારણ અભેદનું લક્ષ કર્યું તે કારણ નથી. એ નિર્મળ સમ્યગ્દર્શન પર્યાય તે પોતાનું કારણ અને પોતાનું કાર્ય છે.

સમયસાર ૧૧ ગાથામાં કહ્યું છે કે "**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो।**" ભગવાન સત્યાર્થ, ભૂતાર્થ, પરમાર્થ પારિણામિક ત્રિકાળ જ્ઞાયકભાવ છે... તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. અગિયાર ગાથામાં આવ્યું ને કે '**भूदत्थमस्सिदो खलु**' તે અપેક્ષિત વાત છે. બાકી નિશ્ચયથી તો સમ્યગ્દર્શનની પર્યાય પોતાનું કારણ અને પોતાનું કાર્ય છે. પર્યાયમાં જ બધું કર્તા, કરણ, કાર્ય, સંપ્રદાન, અપાદાન, અધિકરણ બધું પર્યાયમાં છે.

**શ્રોતાઃ**- આશ્રયનો મતલબ શું થયો?

**ઉત્તરઃ**- આશ્રયનો મતલબ સ્વમાં લક્ષ જવું. બસ એટલું, બાકી (દ્રવ્ય) આશ્રય દેતું નથી.

**શ્રોતાઃ**- આશ્રયનો મતલબ સન્મુખતા.

**ઉત્તરઃ**- અંદર ગયો, અંદરમાં લક્ષ ગયું બસ એટલું. એ પણ એક અપેક્ષાએ આશ્રય કહ્યો છે. બાકી એ પણ પર્યાયના સામર્થ્યથી ત્યાં લક્ષ ગયું છે. દ્રવ્યના સામર્થ્યથી પર્યાયનું લક્ષ તે તરફ ગયું છે તેમ નથી. સમજમાં આવ્યું?

શું કહ્યું? પર્યાય પોતાનું સ્વતંત્ર સામર્થ્ય રાખે છે. આખા દ્રવ્યનું જ્ઞાન થવામાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાની પર્યાયની તાકાત છે. આ દ્રવ્ય છે તો દ્રવ્યનું જ્ઞાન થયું એમ પણ નથી. આહાહા ! પર્યાયની સ્વતંત્રતા એટલી છે. જેમ લોકાલોક છે તો કેવળજ્ઞાન છે તેમ છે નહીં. તેમ દ્રવ્ય છે તો પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન આવ્યું તેમ પણ છે નહીં. આહાહા ! પર્યાયનું સામર્થ્ય એટલું છે કે- આખું દ્રવ્ય પૂર્ણાનંદના નાથનું જ્ઞાન ને શ્રદ્ધા કરી લ્યે છે... છતાં તે દ્રવ્યમાં પ્રવેશતી નથી. અને દ્રવ્ય પર્યાયમાં પ્રવેશ કરતું નથી. સમજમાં આવ્યું ? આવો માર્ગ છે. પણ, બહુ સત્ય બહાર આવવા ( છતાં ) લોકોને સમજમાં ન આવ્યુંને ? તેથી તો વિરોધ કરે છે. નિશ્ચયથી તો પોતાનો વિરોધ કરે છે.

આહાહા ! અહીંયા તો ભગવાન એમ કહે છે કે- જેને પર્યાયનાં કાર્યનો કારણ પરમાત્મા કહ્યો તે કારણ નથી એમ કહે છે. પર પદાર્થ હેતુ તો નહીં, પરંતુ પર્યાયનો ખરેખર હેતુ કારણ પરમાત્મા પણ નહીં. પર્યાયનું સ્વતંત્ર સત્ પર્યાયમાં છે, અને સત્ છે તે અહેતુક છે. તેમાં કોઈ હેતુ નથી. હેતુ છે તેમ આવ્યું ને ? હેતુ છે તેમ વ્યવહારે કહેવામાં આવ્યું. નિશ્ચયથી હેતુ નથી. એવી વાત છે.

એક સમયની પર્યાયમાં દ્રવ્યનું પૂર્ણજ્ઞાન થાય છે, છતાં પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. દ્રવ્ય ને પર્યાય સ્પર્શ કરતી નથી. પર્યાય દ્રવ્યને અડતી નથી. છતાં પર્યાયનો હેતુ દ્રવ્ય છે તો પર્યાય થઈ છે તેમ નથી.

**શ્રોતાઃ-** લક્ષ કરે છે ને !

**ઉત્તરઃ-** આહાહા ! એ પર્યાયનું સામર્થ્ય એટલું છે કે- તે આમ ઝૂકી જાય છે બસ. એટલું જ. ઝૂકે છે તે પણ પોતાના સામર્થ્યથી. સમજમાં આવ્યું ? સૂક્ષ્મ વાત છે ભાઈ ! સમયસાર ૭૨ ગાથામાં કહ્યુંને- આત્મા દુઃખનું કારણે નહીં અને દુઃખનું કાર્ય પણ નહીં.. તેમ છઠ્ઠા બોલમાં આવ્યું છે. છ બોલ કહ્યાં ને ! આસ્રવ જે વિકલ્પ, દયા-દાન-વ્રત-ભક્તિના ભાવ એ કારણ નહીં. મોક્ષમાર્ગની પર્યાયનું તે કારણ નહીં. કેમ કે તે દુઃખ છે. અને આનંદના પરિણામ સ્વના આશ્રયે થાય છે. તેથી આનંદના પરિણામનું કારણ દુઃખ- આસ્રવ નહીં અને દુઃખ આસ્રવની પર્યાય તે આત્માનું કાર્ય નહીં. સમજમાં આવ્યું ?

નિર્મળ સમ્યક્ પર્યાયે દ્રવ્ય સ્વભાવનો આશ્રય લીધો. આશ્રયનો અર્થ તે તરફ ઝૂકી બસ. જે નિર્મળ સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થઈ, જ્ઞાનની અને સ્વરૂપાચરણરૂપ આનંદની પર્યાય પ્રગટ થઈ તે પર્યાયમાં આસ્રવ કારણ નથી અને તે પર્યાય આસ્રવનું કાર્ય નથી. આહાહા ! તે પર્યાયમાં કારણ પરમાત્માને કારણ કહેવો તે પણ ભેદ અપેક્ષાએ કથન છે.

જીવ હેતુ છે તે વ્યવહારનો પક્ષ છે. જીવ હેતુ નથી તે વાત સાચી છે પણ હેતુ નથી એવા વિકલ્પનો પક્ષ કરવો તે પણ દુઃખદાયક છે.

**પ્રશ્નઃ-** આ પક્ષની વાત છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ઉત્તરઃ-** પક્ષની વાત છે. પક્ષ એટલે શુદ્ધ ચિદાનંદ ભગવાન પરમાત્મ સ્વરૂપ તે કોઈ પર્યાયનું કારણ નહીં અને તે પર્યાય કોઈનું કાર્ય નહીં તેવો વિકલ્પ ઊઠાવવો તે પક્ષ છે.

હું કોઈનો હેતુ નથી. હેતુ છે તે વ્યવહારનયનો પક્ષ છે તેનો તો નિષેધ કરતા આવ્યા છીએ. હું રાગનો વ્યવહારનો હેતુ નથી એવો પણ વિકલ્પનો પક્ષ છે. તે પણ પક્ષ છે, જ્યારે ભગવાન આત્મા પક્ષાતિક્રાંત છે. એ પક્ષમાં જે વિકલ્પ ઊઠે છે તે રાગ છે, આસ્રવ છે, દુઃખ છે, ઝેર છે. તેને કારણે આત્મામાં ધર્મની પર્યાય ઉત્પન્ન થાય છે તેમ નથી. સૂક્ષ્મ વાત છે બાપુ! લોકોને ક્યાં ગરજ પડી છે.

અરે! હું ક્યાં જઈશ! દેહ તો આંખ મીંચે તેમ છૂટી જશે બાપુ! દેહના પરમાણુ આકાશના એક ક્ષેત્રે આવ્યા. પોતાના ક્ષેત્રમાં શરીરનું ક્ષેત્ર નહીં અને શરીરના ક્ષેત્રમાં પોતાનું ક્ષેત્ર નહીં. આકાશના એક ક્ષેત્રની અપેક્ષાએ આ શરીર ને આત્મા એક એમ ક્ષેત્ર કહેવામાં આવે છે. આકાશના પ્રદેશમાં શરીરનું ક્ષેત્ર છે તેમ પણ નથી. આત્માનું ક્ષેત્ર આકાશના પ્રદેશમાં છે એમ પણ નથી. ભગવાન સ્વતંત્ર નિરાલંબી છે.., પરનું જેને આલંબન નથી. સમવસરણની સ્તુતિ પંડિતજીએ બનાવી છે તેમાં આવ્યું છે ને **“જેવું નિરાલંબી આત્મદ્રવ્ય તેવો નિરાલંબન જિન દેહ.”** જેવો આત્મા નિરાલંબન છે તેમ જ સર્વજ્ઞ ભગવાનનું શરીર અંતરીક્ષમાં નિરાલંબન રહે છે. ભગવાનનું શરીર છે તે પરમ ઔદારિક છે તે જમીનથી પાંચ હજાર ધનુષ ઊંચે છે. ત્યાં સિંહાસન ઉપર કમળ અને કમળ ઉપર શરીર નથી. શરીર તો તેનાથી ભિન્ન અંતરીક્ષમાં છે. પાર્શ્વનાથ અંતરીક્ષમાં આ તકરાર હતી ને? અંતરીક્ષને કોણ માને છે? અંતરીક્ષ દિગમ્બરમાં જ છે, બીજામાં છે જ નહીં. શ્વેતામ્બરમાં તો આ અંતરીક્ષપણું છે જ નહીં. એ તો નીચે પ્રત્યક્ષ શીલા ઉપર ઉતારે છે તેવો તો તેનામાં પાઠ છે.

અહીં તો ભગવાનને જ્યાં સર્વજ્ઞપદ પ્રાપ્ત થયું તો પાંચ હજાર ધનુષ ઊંચે શરીર છે. ત્યાં નીચે સિંહાસન અને કમળ (કમળાસન) છે તેનાથી પણ ઉપર શરીર છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકીનાથના શરીરને પણ નીચે આલંબન નથી. આહાહા! તેને પરમાત્મા સર્વજ્ઞ કહે છે. શરીરને આલંબન નથી તો પછી આત્માને આલંબન ક્યાં રહ્યું? અદ્ધર આમ રહ્યો. ભગવાન આત્મા તો રાગના આલંબન વિનાની ચીજ છે. અરે! એક ભાવ પણ યથાર્થ બેસે તો બધા ભાવ યથાર્થ બેસે. જ્યાં એક ભાવને (યથાર્થ) સમજવાનું ઠેકાણું નથી તો (બીજી શું વાત કરવી)?

અહીંયા કહે છે કે- જીવ હેતુ છે તેવો એક નયનો પક્ષ છે. જીવ હેતુ નથી તેવો બીજી નયનો પક્ષ છે. પક્ષની વાત ચાલે છે તેનો પણ અહીંયા નિષેધ કરવાનો છે. આહાહા! તો પછી વ્યવહારથી નિશ્ચય થાય છે એ વાત તો ક્યાંય ચાલી ગઈ. હું બીજાનું કારણ નહીં અને મારું કારણ પરમાં નહીં તેવા પક્ષમાંથી વિકલ્પને ઊઠાવી લેવાનો છે. જ્યાં સુધી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પક્ષમાં રહે છે ત્યાં સુધી આકુળતા રહે છે. માર્ગ બહુ ઝીણો બાપુ !

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર કહે છે- દરેક આત્માઓ સર્વજ્ઞ અને સર્વદર્શી પરમેશ્વર શક્તિથી ભર્યા પડયા છે. ભગવાન સર્વજ્ઞ અને સર્વદર્શીથી ભરિતાવસ્થ છે. અવસ્થ એટલે ત્યાં અવસ્થા ન લેવી. અવ નામ નિશ્ચય અને સ્થ એટલે ( હોવાપણું ). આત્માનો સર્વજ્ઞ અને સર્વદર્શી સ્વભાવ છે. તે સર્વને દેખે છે માટે સર્વદર્શી છે એમ નથી. પોતાના આત્મજ્ઞનો સ્વભાવ જ એવો છે બસ. પોતામાં રહીને, પરને અડયા વિના દેખે છે. પરની સત્તા છે તો સર્વજ્ઞપણું ઉત્પન્ન થયું છે તેમ છે નહીં.

આહાહા ! ભગવાન આત્માને કોઈનું કારણ નથી. આત્મા કારણ નથી એ પક્ષ પણ પક્ષાતિક્રાંત કરતાં છૂટી જાય છે. આહા ! માર્ગ આવો છે બાપુ !

આ પ્રકારે ચિત્ત સ્વરૂપ જીવના સંબંધમાં બે નયના બે પક્ષપાત છે. અમે વ્યવહારનો પક્ષ તો છોડાવતા આવ્યા છીએ. આગળ કહે છે- નિશ્ચય પણ હેતુ નથી તેવો નિશ્ચયનો પક્ષ એ પણ છોડાવીએ છીએ.

આહાહા ! ભગવાન જ્ઞાતાદૃષ્ટા- આનંદ સ્વરૂપ પ્રભુ ! તેમાં હું અભેદ, પરનો હેતુ નથી.. એવો વિકલ્પ છે તે પક્ષ છે. પક્ષ છે એ પણ ખટકે છે. આંખમાં નાનો કાણો પડયો હોય તો જેમ ખટક, ખટક થાય છે તેમ હું હેતુ નથી તેવો વિકલ્પ ખટકે છે. હવે આની તકરાર. આમાં વાદ-વિવાદ શી રીતે કરવો ? આહાહા ! વસ્તુનું સ્વરૂપ જ આવું છે.

સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકીનાથ દેવાધિદેવ આમ વર્ણન કરે છે. સંતો આડતિયા થઈને સર્વજ્ઞનો માલ જગતને બતાવે છે. પ્રભુ ! એકવાર સાંભળ તો ખરો નાથ ! તારી ચીજ બીજાને કારણ નથી એવો વિકલ્પ પણ તને ખટકે છે; તે દુઃખ છે. ધર્મી તત્ત્વવેદી પક્ષ છોડીને તે પોતાના ચૈતન્ય તત્ત્વના વેત્તા જાણનાર અનુભવનાર છે. તત્ત્વવેદી પક્ષપાતરહિત છે. ઉપર પક્ષપાત કહ્યું હતું, અહીં તત્ત્વવેદી કહ્યું. ચૈતન્ય સ્વરૂપ, ભગવાન આનંદ સ્વરૂપ તેના આનંદના વેદવાવાળા તત્ત્વવેદી એટલે સમકિતી જીવ છે. સમજમાં આવ્યું ?

છ ઢાળામાં આવે છે ને ! ધ્યાતા, ધ્યાન ને ધ્યેય છે... એવા વચનનો જ્યાં વિકલ્પ પણ નથી.

" જહં ધ્યાન-ધ્યાતા-ધ્યેય કો, ન વિકલ્પ વચ-ભેદ ન જહાં;
ચિદ્‌ભાવ કર્મ ચિદેશ કર્તા, ચેતના કિરિયા તહાં. "

ત્યાં વિકલ્પ જરી પણ નથી. હું ધ્યાન કરવાવાળો છું ને હું ધ્યેય છું ને હું ધ્યાતા છું એ પણ એક વિકલ્પ છે. આહાહા ! એ તત્ત્વવેદી એમ કહ્યું ને ? જેણે પક્ષપાત છોડી દીધો છે તે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તત્ત્વ એટલે ચૈતન્યમૂર્તિ ભગવાન તેના આનંદ તત્ત્વને વેદવાવાળો વીતરાગભાવને વેદવાવાળો તે પક્ષાતિક્રાંત થઈ ગયો. આહાહા! વીતરાગી વેદવાવાળો તે તત્ત્વવેદી પક્ષાતિક્રાંત થઈ ગયો. જે તત્ત્વવેદી છે તે પક્ષપાત રહિત છે. નિરંતર ચિત્તસ્વરૂપી છે. ચ્યુતપક્ષપાત શબ્દ છે ને! ત્યાં રહિત કહ્યો. પક્ષપાતથી ચ્યુત થયો. ભ્રષ્ટ થઈ ગયો.

**શ્રોતાઃ-** શુદ્ધભાવ તેના વિકલ્પથી રહિત તેમ!

**ઉત્તરઃ-** પોતાનો ભગવાન આનંદ સ્વરૂપ છે. તેના અનંતગુણની અનંતી વ્યક્ત પર્યાયને વેદવાવાળો તત્ત્વવેદી. તત્ત્વવેદી એટલે તત્ત્વ નામ ભગવાન આત્મા, તેની અનંત શક્તિઓ અમાપ શક્તિઓ. અમાપ શક્તિ અને તેનું એક એક શક્તિનું અમાપ સામર્થ્ય. તેનું પર્યાયમાં એક અંશ વ્યક્તરૂપ પ્રગટ વેદનાર. આહાહા! દ્રવ્ય ને ગુણ તો વેદનમાં આવતા નથી.

આહાહા! તત્ત્વવેદી પક્ષપાતથી નિરંતર ચ્યુત છે. નિરંતર અર્થાત્ અંતર વિના. ચિત્ત સ્વરૂપ જીવ છે તે ભગવાનના આનંદનું વેદન નિરંતર.. અંતર પડયા વિના કરે છે. આહા! વચ્ચે વિકલ્પનું વિઘ્ન આવ્યા વિના તે નિરંતર છે ને? " નિરંતર ચિત્ત સ્વરૂપ જીવ " અર્થાત્ જ્ઞાનસ્વરૂપી જીવ તો જ્ઞાનસ્વરૂપી છે. આહાહા! જ્ઞાન જ્ઞાનને જાણે છે એવો ભેદ પણ જેમાં નથી. આહા! એ તો ચિત્તસ્વરૂપ છે. જ્ઞાનસ્વરૂપ એ તો જ્ઞાનની પ્રધાનતાથી કથન છે. બાકી સર્વ ગુણ સંપન્ન પ્રભુ છે. ગુણ સંપન્ન જ સ્વરૂપ હોય છે.

આહા! સમ્યગ્દર્શનનો વિષય અને સમ્યગ્દર્શન પર્યાયનું વેદન (આટલું છે). સમ્યગ્દર્શનની પર્યાયનો વિષય પૂર્ણાનંદનો નાથ છે. એના વેદનમાં પર્યાય છે, વેદનમાં દ્રવ્ય- ગુણ નથી આવતા. દ્રવ્ય- ગુણનું જ્ઞાન થાય છે પરંતુ વેદનમાં તો તે એક સમયની પર્યાયને વેદે છે.

**પ્રશ્નઃ-** શુદ્ધ પર્યાયને વેદે છે એટલે શું?

**ઉત્તરઃ-** પર્યાયને વેદે છે એટલે અનુભવે છે. અલિંગગ્રહણમાં જે વીસ બોલ છે તેમાં આવ્યું છે કે- પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે દ્રવ્ય તેને અડયા વિના આત્મા શુદ્ધ પર્યાય સ્વરૂપ છે. કેમ કે અમને વેદનમાં પર્યાય આવે છે બસ. ભલે ધ્રુવનું લક્ષ કર્યું હોય પરંતુ ધ્રુવ વેદનમાં આવતો નથી, વેદન પર્યાયનું છે.

શું કહ્યું? પ્રત્યભિજ્ઞાનનું કારણ ત્રિકાળી દ્રવ્ય સામાન્ય છે તે સામાન્યને સ્પર્શ્યા વિના... વર્તમાન પોતાની નિર્મળ પર્યાયને વેદે છે. તો આત્મા એ શુદ્ધ પર્યાય સ્વરૂપ જ છે એમ કહે છે. દ્રવ્ય- ગુણ નહીં... પરંતુ અમને તો વેદનમાં આવ્યો તે આત્મા બસ.

૧૮માં બોલમાં એમ કહ્યું કે- ગુણીમાં ગુણ વિશેષનું ગ્રહણ જેમાં નથી. અર્થાવબોધરૂપ ગુણ વિશેષનું જેમાં ગ્રહણ નથી તે અલિંગગ્રહણ છે. ભગવાન અનંત ગુણમયી છે. આનંદ આદિ અનંત ગુણ છે. એવા પદાર્થનું જ્ઞાન તે અર્થાવ બોધરૂપ જેમાં ગુણભેદ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

નથી. અર્થાવબોધરૂપ ગુણ વિશેષ જેમાં નથી, એવી એકરૂપ ચીજ તેને દ્રવ્ય કહે છે. પ્રભુ! એ દૃષ્ટિનો વિષય ગુણભેદ વિનાનો બતાવ્યો.

૧૯માં બોલમાં કહ્યું કે- અર્થાવબોધરૂપ પર્યાય વિશેષ જેનું ગ્રહણ નથી તે અલિંગગ્રહણ. પર્યાયનાં વિશેષનું ગ્રહણ જેમાં નથી. શબ્દ તો અર્થાવબોધ લીધો છે. બોધ શબ્દે ત્યાં એકલું જ્ઞાન ન લેવું પણ જ્ઞાન શબ્દે અનંતગુણ લેવા... આ પાઠ તો બે હજાર વર્ષ પહેલાંનો છે.

અર્થાવબોધ ગુણ વિશેષ જેમાં નથી તેવું દ્રવ્ય છે. અવબોધની પ્રધાનતાથી આ કથન છે. પદાર્થના જેટલા ગુણ છે... એ ગુણ ગુણીના ભેદથી રહિત ભગવાન આત્મા તે દૃષ્ટિનો વિષય છે. તેમ પર્યાયમાં પણ અર્થાવબોધ વિશેષ, એવો શબ્દ લીધો છે. શાસ્ત્ર ગંભીર છે, શબ્દ ગંભીર છે. વીતરાગી દિગમ્બર મુનિઓએ પરમાત્માનાં પદ ખોલી નાખ્યાં છે.

અર્થાવબોધરૂપ પર્યાય વિશેષ જેમાં નથી અર્થાત્ પર્યાયનો ભેદ નથી એવા દ્રવ્ય સ્વરૂપને સમ્યગ્દર્શનનો વિષય કહે છે. એ તો ઠીક પણ આ વીસમાં બોલમાં તો કહે છે- તે પર્યાય દ્રવ્યને અડતી નથી... તેવી પર્યાય પોતાનું વેદન કરે છે. તે પર્યાયને જ અહીં આત્મા કહ્યો બસ. કેમ કે અમને તો વેદનમાં આનંદ આવ્યો. કેમ કે અમને તો વેદનમાં અનંતગુણની શક્તિની વ્યક્તતાનો અંશ પ્રગટયો તે પ્રગટ વેદનમાં આવ્યો તેથી તે જ આત્મા.

અહીંયા તો એ કહે છે કે- હેતુ નહીં.. એવો પક્ષપાત છોડી દે! તત્ત્વાર્થ રાજવાર્તિકમાં બે કારણનું કાર્ય એવું કથન આવે છે. પંડિતજી! બે કારણનું એક કાર્ય એવું કથન આવે છે ને? બાહ્ય અને અભ્યંતર બન્ને કારણ. એ તો બાહ્યનું જ્ઞાન કરાવ્યું છે. ત્યાં પ્રમાણનું જ્ઞાન કરાવ્યું છે. પ્રમાણજ્ઞાન સાચું ક્યારે થાય છે? તેમાં નિશ્ચય તો રાખ્યું જ છે. ઉપરાંત નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે બાહ્ય- અભ્યંતરનું પ્રમાણજ્ઞાન બતાવ્યું છે. પ્રમાણજ્ઞાને નિશ્ચયનો નિષેધ કરીને નિમિત્તનું જ્ઞાન કરાવ્યું તેમ નથી. નિશ્ચય રાખીને જ્ઞાન કરાવ્યું છે. નહીંતર પ્રમાણજ્ઞાન થતું નથી. નિશ્ચયમાં તો આત્મા કોઈનો વેદક છે જ નહીં. તે પોતાની પર્યાયનો વેદક છે બસ. સમજમાં આવ્યું?

નિશ્ચયથી પરનું કારણ બિલકુલ આત્મા છે જ નહીં. રાગનું કારણે નહીં. અરે..! પર્યાયનું કારણ નિશ્ચયથી દ્રવ્ય નથી. આહાહા! એવી પર્યાય વેદનરૂપ છે તે આત્મા એમ કહ્યું. અમારા વેદનમાં આવ્યો છે તે આત્મા. દ્રવ્ય ઉપર ભલે લક્ષ જતું હોય પણ દ્રવ્ય વેદનમાં આવતું નથી. ઝીણી વાત છે બાપુ! આ તો વીતરાગી માર્ગ છે બાપુ! સંતો એના વિલાસની વાત કરે છે.. એ તો અલૌકિક હોય ને! દિગમ્બર સંતો પરમેશ્વરે કહેલી વાત કરે છે.. એ કાંઈ સાધારણ જીવનું સામર્થ્ય નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## કલશ-૭૯ : ઉપર પ્રવચન

**च्युत पक्षपात:** તેમ આવે. કળશમાં 'પક્ષપાત' છે. અમે તો સંસ્કૃત જાણતાય નથી. શબ્દાર્થ કરવામાં એના અર્થ ખુલી જાય છે. સંસ્કૃત તો અમે પંચ સાન્ધ સાર્થક વ્યાકરણ સંધિ સુધી ભણ્યા છીએ. એક બ્રાહ્મણ પાસે પૈસા આપીને ભણ્યા છીએ. પછી મેં તેને એક પ્રશ્ન કર્યો હતો કે- સંસ્કૃતવાળા પંડિત સંસ્કૃતનો બરોબર અર્થ કરી શકે છે કે નહીં તે જાણવા એક પ્રશ્ન કર્યો હતો. સંવત ૧૯૬૯ની વાત છે. ૭૦માં તો દિક્ષા લીધી.

પંડિતજીને મેં એક પ્રશ્ન કર્યો કે- 'દશ અઠઈ' લક્ષણવાળો અર્થાત્ દશ અષ્ટ લક્ષણે એ અઢાર બોલ સાધુના છે. તો દશ અઠઈમાં દશને + આઠ = અઢાર લેવાનું છે? તેનો અર્થ દશ અને આઠ અઢાર તેમ લેવાનો છે. કોઈ અજ્ઞાની ૧૮માંથી એક બોલ છોડી દ્યે છે તે સાધુ નથી.

તો અમે પ્રશ્ન કર્યો કે દશ અષ્ટ અઠાણાનો અર્થ શું કરવો? દશમાં આઠ મેળવવાં કે દશનો આઠથી ૧૦૮ લેવું. શું કરવાનું છે? સંસ્કૃત ભણવાવાળાને પણ શાસ્ત્રનો અર્થ શું છે તેની બરોબર ખબર ન પડે. દશ ને આઠ શબ્દ પડયો છે તેથી ૧૦૮ લેવું કે ૧૮ કે ૮૦ શું લેવું? તેમણે જવાબ આપ્યો તે અમોને બરોબર ન બેઠો. એ તો ગુરુગમે અને સિદ્ધાંત પદ્ધતિનો ખ્યાલ હોય તો આવે.

આજથી ૬૯ વર્ષ પહેલાંની વાત છે. ૧૯૮૦ની સાલમાં પ્રશ્ન કર્યો હતો. અમે દિક્ષા લીધા પછીની વાત છે. બનારસથી વ્યાકરણ ભણેલા મોટા પંડિત આવ્યા હતા. તેમને અમે પ્રશ્ન કર્યો કે- પંડિતજી! હું કહું તેનો અર્થ કરો. સયોગી કેવળી તેનો શું અર્થ? 'સયોગી' તેમ શબ્દ લીધો છે ને? તેમણે કહ્યું- 'સંયોગી' - સમ્ યોગવાળા સંયોગી કેવળ. અમે કહ્યું સમ્ શબ્દ છે તે ખોટો છે. સયોગી કેવળી તેમ છે. સંયોગી કેવળી હોતા જ નથી. સં ઉપર જે મીંડી છે તે ખોટી છે. યોગ સહિતના કેવળી તેનો અર્થ સયોગી કેવળી છે. સયોગી કેવળી હોય, સંયોગી કેવળી નહીં.

આ ૮૦ની સાલની વાત છે. બનારસના મોટા પંડિત સંસ્કૃત વ્યાકરણના જાણનાર તે આ સયોગી શબ્દનો અર્થ સંયોગી કેવળી લ્યે છે કે- સયોગી કેવળી લ્યે છે? તે કહે- સંજોગી કેવળી. ભાઈ! એમ છે નહીં. સજોગી કેવળી એટલે યોગ સહિત કેવળીને સયોગી કેવળી કહે છે. ૧૪મા ગુણસ્થાને અયોગી કેવળી.

જીવ કાર્ય છે તેવો એક નયનો પક્ષ છે. અને રાગ છે તો ધર્મનું કાર્ય થયું એવો એક નયનો પક્ષ છે. રાગને હેતુ કહેવો તે વ્યવહાર છે. રાગ હેતુ છે તો ધર્મનું કાર્ય થયું તેવો એક નયનો પક્ષ છે. તે વ્યવહારનો તો નિષેધ કરીને આવ્યા છીએ... કેમ કે તે કોઈનું કાર્ય છે જ નહીં. વ્યવહારરત્નત્રય છે તો નિશ્ચયનું કાર્ય સમ્યક્ છે એમ છે જ નહીં. તે વાત સત્ય છે પણ તેનો પક્ષ નામ વિકલ્પ તે અસત્ય છે. આહાહા! સમજમાં આવ્યું?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

જીવ કાર્ય નથી. ભગવાન કોઈનું કાર્ય નથી. કાર્ય શબ્દે દ્રવ્ય-ગુણ એકલા ન લેતાં દ્રવ્ય-ગુણ ને પર્યાય કોઈનું કાર્ય નથી. પોતાનું સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર કાર્ય છે અને તેનું કારણ વ્યવહારનયથી કારણ પરમાત્મા છે તેમ કહેવામાં આવે છે. પરંતુ વ્યવહારરત્નત્રયના પરિણામ કાર્ય છે એમ છે નહીં. આહાહા! આવી વાતું! પછી એમ લાગે કે- (બીજો કોઈ માર્ગ હશે?) બાપુ! માર્ગ તો આ છે ભગવાન અરે...! જન્મ મરણના છેદ કરવાની વાત છે. આત્માને દૃષ્ટિમાં લેવો તે કોઈ અલૌકિક વાત છે. ચારિત્રની તો વાત શું કરવી! આ અલૌકિક વાત છે. ચારિત્ર તો પરમેશ્વર પદને મેળવે છે. ચારિત્ર શું છે? આ વ્રત-તપાદિ તે કોઈ ચારિત્ર નથી.

ભગવાન આત્માના આનંદ સ્વરૂપનું વેદન થયું તે વેદન કોઈનું કાર્ય નથી- એમ કહે છે. પછી એ આનંદમાં લીન થવું; અતીન્દ્રિય આનંદમાં લીન થઈને, અતીન્દ્રિય આનંદની વૃદ્ધિ થવી તેનું નામ ચારિત્ર છે. ચારિત્રની આવી વ્યાખ્યા...

અહીંયા તો અત્યારે પાંચમહાવ્રતનાય ઠેકાણા નથી. મુનિવ્રતધારી, પંચમહાવ્રતપાળી અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો. એવા (વ્રત) તો અત્યારે છે પણ નહીં. શુક્લ લેશ્યાના ફળમાં નવમી ગ્રૈવેયકમાં જાય.. પછી તે ભવી હો કે અભવી હો! નવમી ગ્રૈવેયક ગયો અને આ રીતે અનંત પુદ્ગલ પરાવર્તન કર્યા. કેટલી વાર? અનંતવાર પંચ મહાવ્રતાદિ દ્રવ્યલિંગ ધારણ કર્યાં. પરંતુ રાગથી ભિન્ન ભગવાન આત્માને પોતાના સમ્યગ્દર્શનરૂપી કાર્યમાં કોઈની અપેક્ષા છે નહીં. અપેક્ષા હો તો ભગવાન કારણ પરમાત્માની વ્યવહારે અપેક્ષા કહેવામાં આવે છે. સમજમાં આવ્યું?

તો અહીં કહે છે કે- જીવ કાર્ય નથી તેવા બીજા નયનો પક્ષ છે. તે પક્ષ દુઃખરૂપ છે તેને છોડી દે પ્રભુ!

જામનગરના દરબાર (રાજા) ગુજરી ગયા. જ્યોતિષીએ કહ્યું કે- તેનો સ્ત્રીથી મેળાપ થશે તો તેનું મૃત્યુ થઈ જશે. તો તેમણે સ્ત્રી સાથે લગ્ન ન કર્યા. તેમને તો પુત્ર નહતો. તેમણે કહ્યું કે- દેહ છૂટી જાય પછી રાજ છે તે મારા ભત્રીજાને આપવું. તેનું નામ હતું દિગ્વિજયસિંહજી. જ્યારે કાકા મૃત્યુ પામ્યા ત્યારે તેને તાર કર્યો કે- હવે તમે રાજા બન્યા છો. રાજા ન હતો ત્યારે તો એમ હતું કે- હું રાજા થવાનો છું... હું રાજા થવાનો છું. તેવો વિકલ્પ રહેતો હતો. પછી રાજા થઈ ગયો ત્યારે હું રાજા થવાનો છું તેવો વિકલ્પ રહે છે? સમજમાં આવ્યું? તેમ અહીંયા લેવું.

એ દિગ્વિજયસિંહ રાજા હતા ત્યારે અમે ગયા હતા તેમની પાસે. અમે તેમના બંગલાની પાસે જંગલમાં દિશાએ જતા હતા. તેનો (નગરની) બહાર બંગલો છે. પછી દિગ્વિજયસિંહને ખબર પડી કે- મહારાજ અહીં જંગલમાં દિશાએ આવે છે. પછી તે આવ્યા... મહારાજ! આપ મારા બંગલા પાસે આવો છો તો મારા બંગલામાં દર્શન દેવા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવો. તેની પાસે કરોડો રૂપિયા હતા અને પેદાશ પણ ઘણી હતી. અમે તેના બંગલે ગયા ત્યારે રાજા અને રાણી બન્ને હતા. બંગલામાં અંદર ગયા તો રંગોળી હતી ત્યાં બાઈ ઉભી રહી ગઈ. દરબાર પણ ત્યાં ઉભા રહી ગયા. પછી અમે કહ્યું- આ રાજ નહીં. અનંત આનંદ સ્વરૂપ ભગવાન... રાજતે શોભતે તે રાજા. તેને અમે સામ્રાજ્ય કહીએ છીએ આ ધૂળને સામ્રાજ્ય કહેતા નથી. અમે તો તેમને કહ્યું ! અમારે ક્યાં કાંઈ લેવું હતું. બિચારાએ શાંતિથી સાંભળ્યું ! રાણી રાજા કરતાં બહુ હોંશિયાર હતી. તે બોલી- મહારાજ ! સાચી વાત છે. દશ મિનિટ બેઠા... એક હજાર રૂપિયા મૂકયા પછી નીકળી ગયા. પછી અમારે વાંચનનો ટાઈમ થઈ ગયો હતો.

**શ્રોતાઃ-** દશ મિનિટના એક હજાર ?

**ઉત્તરઃ-** એક હજારનું અમારે શું ? પાંચ લાખ હોય તો ય શું ? પછી તંબોલીનાં ઘરે ગયા. એક હજાર રૂપિયા મૂકયા તે આપણે મોક્ષશાસ્ત્રમાં તેમનું નામ નાખ્યું છે. એમાં શું હવે ! હજાર- લાખો- કરોડોની શું કિંમત છે !

અહીંયા તો કહે છે કે- અંદર રાજા છે. હું રાજા છું તેવો વિકલ્પ ત્યાં લગી થતો હતો; - જ્યાં સુધી રાજાની ગાદી ઉપર ન બેઠો ત્યાં સુધી.. રાજાનો વિકલ્પ છે. ગાદી ઉપર બેસી ગયો પછી હું રાજા થવાનો છું તેવો વિકલ્પ છે ?

તેમ હું અભેદ છું, હું કોઈનું કાર્ય નથી એવો વિકલ્પ હતો, પરંતુ અંદર વેદનમાં ગાદીએ બેસી ગયો, અંદરમાં ગયો તો વિકલ્પ છૂટી ગયો. આપણે તો અહીં સિદ્ધાંતનું કામ છે; દાખલા તો ઠીક હવે !

તેમ આત્મા આનંદનો નાથ પ્રભુ છે તે કોઈનું કાર્ય નથી અને કોઈનું કારણ નથી.. તે યથાર્થ વાત છે. પરંતુ આવા વિકલ્પના પક્ષમાં રહે તો રાગ થાય છે.

રાજતે શોભતે ઈતિ રાજા. ભગવાન ! આનંદ ને શાંતિથી શોભે એ આત્મરાજા. રાજતે શોભતે રાજાનું.. રાજ્ય કહે છે ને ! ૧૭-૧૮ ગાથામાં આવે છે કે- પહેલાં રાજાને જાણે. રાજાને તેનાં લક્ષણથી, ચિહ્નથી તેને દેખે કે આ રાજા છે. આ પુણ્યવાન દેખાય છે, રાજા કાંઈ નમાલા ન દેખાય. તેનુ તેજ જુઓ, તેનાં કપડાં જુએ અને જાણે કે આ રાજા છે.. પછી તેની સેવા કરે- શ્રદ્ધા કરે.

૧૭-૧૮ ગાથામાં આ દૃષ્ટાંત આપ્યું છે. તેમ રાજા જીવરાજા ! ભગવાન આત્મા અનંતગુણના રાજ્યથી પ્રભુ શોભે છે. એ રાજાની પહેલાં પ્રતીતિ કરે, અનુભવ કરે. પહેલાં પ્રતીતિ કરે અને પછી તેની સેવામાં ઝૂકી જાય. ભગવાન આત્માની સેવા હોં ! એ ચારિત્ર થતાં તેને મોક્ષ થઈ જાય.

અહીંયા કહે છે- તત્ત્વવેદી પક્ષપાત રહિત છે. તેને નિરંતર ચિત્તસ્વરૂપ જીવ નિરંતર ચિત્ત સ્વરૂપ છે. વિકલ્પથી પાર થઈને વેદનમાં આવ્યો, એ વેદન થયા પછી તેને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભેદજ્ઞાન કરવું પડતું નથી.. એમ કહે છે.

શું કહ્યું ? નિરંતર શબ્દનો આ અર્થ છે. વિકલ્પથી ભિન્ન પડીને આત્માનું વેદન થયું- ભેદજ્ઞાન થયું, પછી તેને ભેદજ્ઞાન કરવું પડતું નથી. વિકલ્પથી હું નિરંતર જુદો તેવું ભેદજ્ઞાન થયું તે તો નિરંતર તેમ રહે જ છે. સમજમાં આવ્યું ? આવો માર્ગ છે લ્યો !

લોકો બહારની દુનિયામાં રચ્યા પચ્યા હોય- વેપાર ધંધામાં; ધર્મના નામે ક્રિયામાં રચ્યા પચ્યા હોય તેને આ વાત આકરી પડે શું થાય ? બાપુ ! પણ માર્ગ તો આ છે ભાઈ ! જન્મ- મરણ કરી કરીને સોથાં નીકળી ગયા છે. બાપા ! એક શ્વાસમાં નિગોદના ૧૮ ભવ, ૧૮ વખત જન્મ-મરણ.. તેવું તો અનંતવાર કર્યું.

એકવાર કહ્યું હતું ને કે- માતાના પેટમાં ઉત્કૃષ્ટ બાર વર્ષ રહે તેવો પાઠ છે. સવાનવ મહિના અમારે કાઠિયાવાડમાં કહે. પેટમાં બાળક રહે તો ઉત્કૃષ્ટ બાર વર્ષ રહે. માતાના પેટમાં જ દેહ છૂટી જાય, ફરી પાછું પણ તેમ થઈ જાય. દેહ છૂટીને ત્યાં ને ત્યાં બીજીવાર આવી જાય. ત્યાં ન આવે બીજી કૂંખે જાય. આ રીતે ૨૪ વર્ષ ગર્ભ કાયની સ્થિતિમાં રહે છે. આવી આવી સ્થિતિ તો અનંતવાર કરી છે.. એક વખત નહીં. આહાહા ! કેટલું દુઃખ હશે ! ઊંધે માથે લટકે શ્વાસ લેવાનું તો સ્થાન નહીં. માતા ખાય તેનું એઠું ખાય. આહાહા ! તેમાંથી નીકળવાનો ઉપાય તો આ એક છે.

આહાહા ! હું શુદ્ધ ચિદાનંદ પ્રભુ છે તે કોઈનું કાર્ય નથી અને કોઈથી મારામાં કાર્ય થતું પણ નથી.

## કલશ - ૮૦ : ઉપર પ્રવચન

આત્મા તો આત્મા છે. આનંદ તો આનંદ છે. જ્ઞાન તો જ્ઞાન છે. એક પક્ષ એવો છે કે- આત્મા ભાવરૂપ છે. ભાવ ભા... વ... વાત તો સાચી છે... ભાવરૂપ છે ખરો ! પણ તે પક્ષ હતો. વિકલ્પ હતો તે જૂઠો છે. બીજી નયનો પક્ષ છે કે- આત્મા ભાવરૂપ નથી, અભાવરૂપ છે. પરની અપેક્ષાએ અભાવરૂપ છે.. અને સ્વની અપેક્ષાએ ભાવરૂપ છે. હવે અભાવરૂપ છે તે પણ વ્યવહારનયનો પક્ષ છે અને આત્મા ભાવરૂપ છે તે નિશ્ચયનયનો પક્ષ છે. ભાવ, ભાવ, ભાવ, ભાવ, ભાવ એવો જે વિકલ્પ તે પક્ષ છે. બીજાનો ભાવ નથી તેવો અભાવરૂપ તે બીજી નયનો પક્ષ છે. આમ " ચિત્તસ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. " જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા તે તો જાણનાર- દેખનાર છે. વિકલ્પ ( જાણનાર તત્ત્વમાં ) છે નહીં. ચિત્ત સ્વરૂપ જીવના સંબંધમાં બે નયોના બે પક્ષપાત છે. બે નયોના બે વિકલ્પ છે.

૮૯ની સાલમાં રાજકોટમાં ચોમાસું હતું. ત્યારે લોકો ઘણાં આવે. તેમાં એક કહે મને અનુભવમાં આવું થયું છે. એને આત્મ વસ્તુ છે કે નથી તે કંઈ ખબર નહીં. તેને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આગળ ચડાવી દીધા. પછી પૂછયું વસ્તુ છે કે નહીં ? તે કહે વસ્તુ નથી. ભાવ છે કે નહીં ? તે કહે – ના ભાવ નથી.

આ પહેલાં પ્રતાપગઢવાળા એક ભાઈ આવ્યા હતા. તેનો એક મહિના પહેલા પત્ર આવ્યો હતો. હું તીર્થંકર છું. તે રાજપુરુષ તીર્થંકરની સાથે જનમ્યો છે. અમારે ત્યાં તો ૨૪ તીર્થંકર થઈ ગયા. અમે ત્યાં આવીએ ત્યારે અમારી સગવડ કરી દેજો.

તે અહીંયા આવ્યા, અહીંયા તો ( આશ્ચર્ય ) કાંઈ છે નહીં. તે કહે- આસન લગાવો, હું તીર્થંકર છું. અમારા જેવા આવે તેના માટે આસન બનાવો. હું તીર્થંકર છું, મને ચાર ઘાતિકર્મોનો નાશ થયો છે. હું સત્ય કહું છું. અરે.. ભગવાન ! આ તમે ક્યાં આવ્યા છો ? આવાય માણસ છે. આવી તત્ત્વની સ્થિતિ બહાર આવી તો પણ આવું ચાલે !

**શ્રોતાઃ-** આપની પાસે પૈસા નથી.

**ઉત્તરઃ-** પૈસા તો ભગવાન પાસે પણ ક્યાં છે ? પછી તે કહે- ભગવાન પાસે અઘાતિ કર્મ બાકી હતા તો પૈસા ન હતા અને મારી પાસે અઘાતિ કર્મ બાકી છે તો પૈસા નથી. ચંદુભાઈ ! સાંભળ્યું હતું કે નહીં ? પછી મેં કહ્યું- ભાઈ ! તું મિથ્યાદૃષ્ટિ છો. તો પણ ઉભો રહી ને ત્રણ વખત પગે લાગે.

અરે.. બાપા ! સમ્યગ્દર્શન કોને કહેવું તે ખબર નથી ને થઈ ગયો કેવળી ? વસ્ત્ર-પાત્ર સહિત કેવળી. વસ્ત્રનો ટૂકડો હોય તો પણ મુનિ ન હોઈ શકે. તે દિગમ્બર હતો પણ કાંઈ ભાન ન મળે.

ભાવ વસ્તુ છે. અનંતભાવ સંપન્ન પ્રભુ છે. તેનો વિકલ્પ કરવો તે પક્ષ છે. તે વિકલ્પને છોડીને તત્ત્વવેદી તો પોતાના આનંદનો અનુભવ કરે છે. પક્ષમાં રહેતા નથી.

## પ્રવચન નં. ૮૫ તા. ૩-૯- '૭૭

કળશટીકા છે. ૮૦ કળશ સુધી ચાલ્યું છે. એક ભાઈનો પ્રશ્ન હતો કે ૭૭ કળશ સૂક્ષ્મ છે તેથી થોડું લ્યો ! સૂક્ષ્મ છે તે આત્માનો સ્વભાવ છે.

એક પક્ષ કહે-આત્મા સૂક્ષ્મ છે અને એક પક્ષ કહે સ્થૂળ છે. વ્યવહારનયના વિષયનો તો પ્રથમથી જ નિષેધ કરતા આવ્યા છીએ. અહીંયા તો આત્મામાં એક સૂક્ષ્મ નામનો ગુણ છે. તેની પર્યાય સૂક્ષ્મ કહેવામાં આવી છે. આત્મામાં અનંતી પર્યાય છે. જ્ઞાન સૂક્ષ્મ, આનંદ સૂક્ષ્મ, અનંતગુણ સૂક્ષ્મ છે. ( સૂક્ષ્મગુણનું વર્ણન ) ચિદ્‌વિલાસમાં લીધું છે અને અધ્યાત્મ પંચ સંગ્રહ સવૈયામાં લીધું છે. તેમાં ઘણી સૂક્ષ્મ વાત આવી છે.

સુક્ષ્મનામનો ગુણ છે. તેથી સાથે જ્ઞાન-દર્શનની સુક્ષ્મતા લીધી. તે સુક્ષ્મતામાં ગુણ પર્યાય લીધી. ભેદને લીધું હોં ! ત્યાં શબ્દ તો પર્યાય વાપર્યો છે. સુક્ષ્મગુણની પર્યાય એમ ! સુક્ષ્મગુણ છે તેથી જ્ઞાનમાં સુક્ષ્મતા, દર્શનમાં સુક્ષ્મતા, અનંતગુણમાં સુક્ષ્મતા એવું હોવા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છતાં પણ હું સૂક્ષ્મ છું અથવા અનેકગુણ સૂક્ષ્મ છે તેવો વિકલ્પ ઉઠાવવો તે બંધનું કારણ છે. હું સ્થૂળ છું અને સૂક્ષ્મ નથી એ વાત તો અહીં છે જ નહીં, તેને તો કાઢી નાખી.

વસ્તુ સુક્ષ્મ, તેના અનંતગુણની સુક્ષ્મતા અને અનંતગુણની પર્યાયની સુક્ષ્મતા તે ભેદ છે. અધ્યાત્મ પંચ સંગ્રહ સવૈયામાં એવો પાઠ છે.!

**“ गुण सूक्ष्म के अनंत पर्याय ज्ञान सूक्ष्म, दर्शन सूक्ष्म वीर्यसूक्ष्म सुखसूक्ष्म सर्वगुणसूक्ष्म सो सूक्ष्म गुणतीका पर्याय सूक्ष्म अनंत फैल्या।। ”**

ચિદ્‌વિલાસ આ વાત દીપચંદજીએ લીધી છે. પર્યાય સૂક્ષ્મ. પર્યાયનો અર્થ ભેદ કર્યો છે. આવી વાત ચિદ્‌વિલાસમાં લીધી છે. ગુણ સૂક્ષ્મ, અનંતગુણ પર્યાય સૂક્ષ્મ, દર્શન સૂક્ષ્મ, વીર્ય સૂક્ષ્મ, બધા ગુણ સૂક્ષ્મ સૂક્ષ્મ. ગુણ ત્રિકાળ લેવો અને પર્યાય સૂક્ષ્મ અનંત ફૈલ્યા. અનંતગુણમાં સૂક્ષ્મતાનો વિસ્તાર છે.

**પ્રશ્નઃ-** સૂક્ષ્મગુણ વીર્યશક્તિમાં કેવી રીતે કારણ છે?

**ઉત્તરઃ-** આ વાત પહેલી આવી ગઈ છે. નામકર્મનો અભાવ તે સૂક્ષ્મગુણ પ્રતિજીવી છે. આ પ્રશ્ન પહેલાં આવી ગયો છે. નામકર્મનો અભાવ થતાં અમૂર્ત થયો. એ અમૂર્તને સૂક્ષ્મ ગુણમાં નાખી દીધું છે. તે પ્રતિજીવી ગુણ છે. જીવ તો વસ્તુ છે. નામકર્મના અભાવ પૂર્વક સૂક્ષ્મ પ્રતિજીવી ગુણ છે. અને આ અગુરુલઘુ છે તે ગોત્રકર્મનો નાશ થવાથી અગુરુલઘુ પ્રતિજીવી ગુણ પ્રગટે છે. અને જે અસ્તિત્વ, વસ્તુત્વ આદિ છ સામાન્ય ગુણો છે તેમાં અગુરુલઘુગુણ છે તે અનુજીવી ગુણ છે. સમજાય એટલું સમજો! આ તો **“ एकस्य सूक्ष्मो न तथा परस्य ”** ત્યાં સૂક્ષ્મગુણ લેવો જેમ જ્ઞાનગુણ છે... તેમ સૂક્ષ્મગુણ છે. અહીંયા અને ચિદ્‌વિલાસમાં બન્ને જગ્યાએ સૂક્ષ્મગુણની પર્યાયને ગણવામાં આવી છે. **“ गुण सूक्ष्म के अनंत पर्याय ज्ञान सूक्ष्म दर्शनसूक्ष्म वीर्यसूक्ष्म सुरवसूक्ष्म सर्वगुणसूक्ष्म, सो सूक्ष्मगुणतीका पर्याय सूक्ष्म अनंत फैल्या। ”** આવો વિસ્તાર દીપચંદજી સિવાય કોઈએ કર્યો નથી. શક્તિ-ગુણનું વર્ણન ઘણું કર્યું છે. તેમનો ક્ષયોપશમ ઘણો. કેટલીક વાત તો પકડાય નહીં.. એટલો ક્ષયોપશમ.

ચિદ્‌વિલાસમાં પણ એ જ લીધું છે જુઓ! એક સૂક્ષ્મગુણની પર્યાય અનંતી છે, તેમાં જ્ઞાન સુક્ષ્મ, દર્શન સૂક્ષ્મ ( આદિ ) સર્વ ગુણ સૂક્ષ્મ જાણો. સૂક્ષ્મ ગુણ પર્યાય છે. સૂક્ષ્મગુણનું જ્ઞાન સૂક્ષ્મ અને પર્યાય પણ સૂક્ષ્મ છે. આવી વાત દિપચંદજી લખે છે.

“ હું સૂક્ષ્મ છું ” છે તો સૂક્ષ્મ પરંતુ હું સૂક્ષ્મ છું તેવો વિકલ્પ ઉઠાવવો તે પક્ષ છે. જ્યારે વસ્તુ પક્ષાતિક્રાંત છે. એ શું કહ્યું? હું સૂક્ષ્મ છું તેવો વિકલ્પ સૂક્ષ્મ-વૃતિ ઉઠે છે તે પક્ષ છે. તે તો પહેલા પંડિતજીને બતાવ્યું હતું...“ તેથી શું -ततःकिम् ”

હું સૂક્ષ્મ છું એવા વિકલ્પમાં આવ્યો ત્યાં બીજી વાત તો ક્યાંય રહી ગઈ. શરીર ને વાણી ને રાગભાવ તો પરમાં ગયા, અહીંયા તો હું સૂક્ષ્મ છું અને અનંતગુણ સૂક્ષ્મ છે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેવી વૃતિ ઉઠાવવી તેનાથી શું લાભ છે? સમજમાં આવ્યું? આ વાત બંને ગ્રંથમાં છે. ચિદ્‌વિલાસ અને અધ્યાત્મ પંચસંગ્રહ. અહીં તો બધું દેખ્યું છે ને? અહીં તો ધંધો જ એ કર્યો છે. અહીં તેનો નિચોડ કહેલ છે. જ્ઞાનમાં બધું જાણવામાં આવે છે. પરંતુ હું સૂક્ષ્મ છું તેવા વિકલ્પનો પક્ષ છોડી દે! આહાહા! ભગવાન આનંદરસનું વેદન કર તો સૂક્ષ્મનું ફળ આવ્યું સમજમાં આવ્યું?

કરવા લાયક હો તો આ એક જ કરવા લાયક છે.. બસ. લાખ જાણપણું હોય તેને અનેક પ્રકારનો ઘણો ક્ષયોપશમ હોય શું કામનું? શ્રી પ્રવચનસારમાં અમૃતચંદ્રાચાર્યે કહ્યું છે કે જ્ઞાનના ક્ષયોપશમથી ‘અલમ્’ બસ થાઓ: પૂર્ણાનંદના નાથને દૃષ્ટિમાં અનુભવમાં લેવો તે અમારી ચીજ છે. આહાહા! કરવું હોય તો આ છે. છ ઢાળમાં આવે છે ને-

“લાખ બાતકી બાત યહી, નિશ્ચય ઉર લાઓ;
તોરિ સકલ જગ દંદ-ફંદ, નિત આતમ ધ્યાઓ.”

ભગવાનને ધ્યાવો તેમ ન કહેતાં નિજ આતમને ધ્યાવો તેમ કહે છે, આહાહા! ભગવાન અનંત આનંદકંદ પ્રભુ! તેના વિકલ્પનો પક્ષ છોડીને નિજ આતમ ધ્યાવો. વસ્તુ તો આ છે. લાખ શાસ્ત્ર ભણે અને દુનિયાને સમજાવે અને વિકલ્પ ઊઠે... પરંતુ કરવાનું તો આ છે. જેમાં જન્મ મરણનો અંત આવી જાય અને જેના (ફળમાં) અનંત... અનંત... અનંત... અનંત.. આનંદની પ્રાપ્તિ થાય. નિર્વિકલ્પ વેદન કરવું તે ચીજ છે. આ સૂક્ષ્મના બોલનું ભાઈએ કહ્યું હતું.

## કલશ-૮૧ : ઉપર પ્રવચન

“**જીવ એક છે.**” સર્વ જીવ તરીકે એક તેમ નહીં જીવમાં અનંતગુણ છે. અનંતી પર્યાય છે પણ વસ્તુ તરીકે તે એક છે.. તેને નિશ્ચયનય કહે છે. જીવ એક છે અર્થાત્ સર્વજીવ તરીકે એક છે તેમ નથી. જેમ વેદાંત કહે છે કે -સર્વ વ્યાપક જીવ છે, તેમ છે નહીં.

અહીંયા તો આત્મા એક છે. ભગવાન આત્મા ગુણી અને તે પર્યાયનો ભેદ વિનાનો અભેદ સતા સ્વરૂપ પ્રભુ એક છે... ત્યાં સુધી આવ્યો. આવો વિકલ્પ ઉઠાવ્યો કે- હું એક છું-શરીર, મન, વાણી તો નહીં. સ્ત્રી-કુંટુબ પરિવાર તો મારા નહીં; હું અનેક તો નહીં, પરંતુ નિશ્ચયમાં અનંગુણની અનંતી પર્યાયનો ભેદ પણ હું નહીં.. તેવો હું એક છું.. તેવો વિકલ્પ તે હું નહીં.

આ બધા કળશો પૂરા થાય પછી ૯૦માં કળશમાં આવશે... ‘સ્વેચ્છા’ શબ્દ. જે વિકલ્પ ઊઠે છે તે સ્વભાવમાં નથી. અહીં તો પક્ષપાતની વાત છે. ત્યાર પછી “**स्वेच्छा समुच्छलत्**” એટલે વિકલ્પ કલ્પનાથી ઊઠે છે, સ્વભાવમાં છે નહીં. સમજમાં આવ્યુ?

‘હું એક છું તેવા વિકલ્પની વૃતિમાં અર્થાત્ આંગણામાં આવ્યો... પરંતુ તે આંગણું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

છોડયા વિના અંદરમાં નહીં આવી શકે. આ ઝવેરીની દુકાન છે તેમ આંગણાંમાં ઉભા-ઉભા, ઝવેરીની દુકાનમાં પ્રવેશ કર્યા વિના આ ઝવેરીની દુકાન છે તેમ ખ્યાલમાં આવશે નહીં. હું એક છું તેવો એક નયનો પક્ષ છે. જીવ એક છે તેવો એક નયનો પક્ષ છે. જીવ એક નથી અનંત ગુણમય અને અનંતપર્યાયમાં અનેક છે તે વ્યવહારનયનો પક્ષ છે. આને વ્યવહાર કહીએ. સમજમાં આવ્યું ?

જીવ એક છે અને પર્યાય અનેક છે તે અપેક્ષાએ જીવને અનેક કહેવો... તે તો વ્યવહાર થયો, તેને તો અમે પહેલેથી જ છોડાવતા આવ્યા છીએ.... પરંતુ જીવ એક છે તેવો વિકલ્પ જે ઊઠે છે તે વિકલ્પને છોડી દે ! હું એક છું તેવા વિકલ્પમાં આવ્યો તો એ વિકલ્પથી શું થયું ? આહાહા ! પૈસા મળ્યા અને બાયડી અનુકૂળ મળી, આબરૂ ને ધૂળ મળી તેમાં પાગલ થઈ ગયો છે.

એકવાર પ્રભુ સાંભળ તો ખરો ! અહીંયા તો પરમાત્મા ત્યાં સુધી વાત કરે છે- હું અનંતગુણનો પિંડ એક છું. ગુણે અનેક છું અને દ્રવ્યે એક છું. દ્રવ્યે અનેક નહીં, પરંતુ ગુણે અનેક છે, પર્યાય અનંત છે. દ્રવ્ય તો એક જ છે તેમ દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપી છતાં હું એક છું.... એટલી પણ રાગની વૃતિ ઊઠે છે-વિકલ્પ ઊઠે છે તેનાથી તને શું લાભ છે ? આહાહા... ! તો પછી વ્યવહારરત્નત્રયથી તો તને શું લાભ છે ! તે તો રાગ છે. દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ પૂજાનો રાગ આવે છે... હો ! પણ તે હેય છે. તેનાથી આત્માને શું લાભ થયો ! એમ કહે છે. વ્યવહારરત્નત્રયમાં આવ્યો તેનાથી આત્માને શું લાભ થયો ? એ વાત તો એક બાજુ રહી ગઈ... પરંતુ નિશ્ચયના વિકલ્પમાં આવ્યો તેમાં તને શું લાભ થયો ? આહાહા ! આવો માર્ગ છે પ્રભુ !

બીજી નયનો પક્ષ એ છે કે જીવ એક નથી..... અનેક છે. “ **આમ ચિત્તસ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.** ” હવે જે તત્ત્વવેદી છે, તત્ત્વ નામ ચિદાનંદ ભગવાનને વેદવાવાળો, અનુભવ કરવાવાળો સમ્યક્દૃષ્ટિ છે.

આહાહા ! બહેનનું પુસ્તક વાચ્યું ભાઈએ હોં ! બધા પુસ્તકોમાં અને તેમાંય દ્રવ્ય દ્રષ્ટિ પ્રકાશથી પણ ચઢે એવું છે. એમાં ભગવાનની વાણી છે. હવે થોડાં પુસ્તકો બાકી રહ્યા છે. રામજીભાઈને કહ્યું આ પુસ્તકો ખપી જશે. આનો પ્રચાર તો જેમ થાય તેમ કરવા જેવો છે.

**શ્રોતાઃ-** હિન્દીમાં બનાવવું !

**ઉત્તરઃ-** વાત સાચી છે. આ બધા પુસ્તકો મુંબઈમાં બનાવ્યા છે. આમાં તો એકલું માખણ છે. અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય આનંદ; વસ્તુ તો આ છે.

**શ્રોતાઃ-** મર્મ બહુ છે.

**ઉત્તરઃ-** ભાષા સાદી છે ભાવો ગંભીર છે. આ તદ્દન ચાલતી સાદી ભાષા છે અને માલ ઊંચો છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીંયા કહે છે-જે પક્ષ કહ્યો તે પક્ષને હવે તત્ત્વવેદી છોડી દે છે. ત્યારે તો તત્ત્વવેદી કહ્યો. ચૈતન્ય તત્ત્વ ભગવાન આત્મા, અનાકુળ આનંદ સ્વરૂપ એવા તત્ત્વને વેદવાવાળો, અનુભવવાવાળો, આસ્વાદ લેવાવાળો તે પક્ષથી અતીક્રાંત છે. આહાહા! આ વાત આવી લ્યો; લોકોને આકરી લાગે તેથી વિરોધ કરે.... પરંતુ પ્રભુ! વિરોધ ન કર નાથ! તારી ચીજ આવી છે. ભગવાન!

આહાહા! તારામાં જે વિકલ્પ ઉઠે છે તેને 'સ્વેચ્છાએ' તેમ ૯૦માં કળશમાં કહ્યું. સ્વભાવના અનુભવ વિના જે વૃતિ ઉઠે છે તે બધા વિકલ્પ છે. અને તે પણ તને લાભદાયક નથી. સમજમાં આવ્યું?

**પ્રશ્નઃ-** તત્ત્વવેદી સમ્યગ્દૃષ્ટિ છે કે સમ્યગ્જ્ઞાની છે?

**ઉત્તરઃ-** તે સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્જ્ઞાની બન્ને છે વેદવાવાળો છે ને! તેથી તે સમ્યગ્દૃષ્ટિ પણ છે અને સમ્યગ્જ્ઞાની પણ છે અને વેદવાવાળો ચારિત્રની સ્થિરતાવાળો પણ છે. તેમણે પ્રશ્ન ઠીક કર્યો. ત્રણેય તત્ત્વો આવ્યા. ભગવાન ચૈતન્ય અનાકુળ આનંદકંદ પ્રભુ તેને અનુભવનાર તત્ત્વવેદી. પાઠમાં '**તત્ત્વવેદી**' તેવો શબ્દ પડયો છે. તે તત્ત્વને વેદવાવાળો, તત્ત્વની પ્રતીતિ કરવાવાળો, તત્ત્વનું જ્ઞાન કરવાવાળો તે ત્રણેય એક સમયમાં છે. આવો માર્ગ છે.

તત્ત્વવેદી પક્ષપાત રહિત છે. શબ્દ આવ્યો ને કે 'હું એક છું' તેવા વિકલ્પના પક્ષપાતથી પણ રહિત છે.... એમ જાણ્યું તેનું નામ સમ્યગ્દર્શન ને વેદન છે. બહારનો જેટલો ક્ષયોપશમ હો (તેની સાથે શું છે); શ્રી પ્રવચનસારમાં અમૃતચંદ્રાચાર્ય કહે છે- પૂર્ણાનંદનો નાથ છે તે ચીજ ઉપર દૃષ્ટિ થઈ છે અને ચારિત્રની રમણતા છે. સંતોને રમણતા પણ થઈ છે... તે કહે છે- "વિશેષ ક્ષયોપશમથી અલમ્" આહાહા! વિશેષ જ્ઞાનનો વિકાસ હો ના હોઃ તેનાથી બસ થાવ! આહાહા! વિશેષ આવડત હો ના હો! લોકોને સમજાવતાં આવડે ન આવડે... તેનાથી બસ થાવ! અમારી ચીજ જે પૂર્ણાનંદનો નાથ છે તે દૃષ્ટિમાં આવ્યો અને તેમાં સ્થિરતા થઈ તે બસ છે. વિશેષ ક્ષયોપશમ ન હોય તો તેની અમને જરૂર નથી. અમને અતીન્દ્રિય આનંદ જોઈએ બસ.

ભગવાનને જાણતા રસ કસ પ્રગટયો. રસબોળ થયો. જેમ પૂરણપૂરી કરે છે ને? તેને ગરમાગરમ ઘી માં નાખે. ઊંચી કરે તો ઘી નીતરે.

સંવત ૧૯૫૭ માં અમારા મોટાભાઈ ગુજરી ગયા. નાની ઉંમરમાં ગુજરી જાય અને પછી મહેમાન આવે તો પકવાન બનાવી શકાય નહીં. પછી (પૂરણપૂરી) રોટલી કરે. ત્યારે તો ઘી ૨૦ રૂપિયે મણ હતું રોટલી ઉતારીને ઘી માં નાખે.... પછી પીરસે. ઘીમાં નાખીને ઘી ખાય પરંતુ પકવાન ન બનાવે. એકદમ ગરમ ગરમ હોય અને ઘીમાં નાખે પછી સાણસીથી પકડે તો નીચે ઘી નીતરે. તેમ અહીં આનંદનો રસ ટપકે છે. આનંદને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનુભવે છે તેનું નામ સમ્યગ્દર્શન છે. ભગવાન આનંદરસથી ભર્યો છે તેને વિકલ્પાતીત કરી દ્યો! આહાહા! કરવાનું આ છે.

તત્ત્વવેદી કૃતકૃત્ય થાય છે. દ્રવ્ય તો કૃતકૃત્ય છે જ... પરંતુ વેદનાર કૃતકૃત્ય થઈ ગયો. તે પર્યાયમાં કૃતકૃત્ય થયો. આવો માર્ગ છે ભગવાન!

**પ્રશ્નઃ-** ઘી ની પૂળીમાં જેવો આનંદ આવે છે તેવો છે?

**ઉત્તરઃ-** તેનાથી અનંતગુણો આનંદ આવે છે. પેલામાં તો આનંદ છે નહીં, માને છે. અમે નાની ઉંમરમાં જોયું હતું. ત્યારે મોટા ભાઈ ગુજરી ગયા હતા. તેમના લગ્નને આઠ વર્ષ થયા 'તા, તેમને એક છોકરો હતો. જુવાન માણસ મૃત્યુ પામે પછી મહેમાન આવે ત્યારે સુખડી ને એવું ન બનાવે. પૂરણપૂરી-પતરવેલિયા બનાવે. સુખડી કરતાં ખર્ચ આમાં વધી જાય પણ વાણિયાની પ્રથા આવી. ઘર સાધારણ હોય તો પણ સુખડી ન બનાવે.

અહીંયા કહે છે પ્રભુ! એકવાર રસબોળ થઈ જા આત્મામાં... તેનું નામ વીતરાગી શાસન છે. તેનું નામ વીતરાગ ધર્મ છે, તેનું નામ મોક્ષમાર્ગ છે. સાધકને સ્વસંવેદન પર્યાયમાં રસબોળ થયો તે વેદનમાં આવી ગયું. સ્વસંવેદન અર્થાત્ સ્વ એટલે પોતાનું અને સમ્ એટલે પ્રત્યક્ષ આનંદનું વેદન કરવું તેને તત્ત્વવેદી કહેવામાં આવે છે. પક્ષમાં રાગનું વેદન છે તે તો દુઃખને વેદવાવાળો છે. ભાષા તો જુઓ! અમૃતચંદ્રાચાર્યે અમૃત લુંટાવ્યો છે. અમૃત નાખ્યા છે.

**શ્રોતાઃ-** અંદરમાં અમૃત તત્ત્વ ભર્યું છે.

**ઉત્તરઃ-** આ અમૃત છે ને! સમયસારની ૯૬ ગાથામાં કહ્યું હતું કે -મૃતક કલેવરમાં અમૃતસાગર મુર્છાઈ ગયો છે. અમૃતનો સાગર ભગવાન છે તે મૃતક કલેવરમાં મુર્છાઈ ગયો છે. આ (શરીર) પરમાણુ મડદું છે.

જેમ મડદામાં -મૃતક કલેવરમાં અમૃતસાગર મુર્છાયો છે તેમ રાગમાં મૂર્છાય ગયો છે. હું એક છું (તેવો વિકલ્પ) એ મૂર્છા છે અને તેમાં મૂર્છાઈ ગયો છે. વિકલ્પ છે તે ખરેખર તો મૃતક અને મડદું છે. કેમ કે એ વિકલ્પમાં ચૈતન્ય પ્રકાશનો અભાવ છે.

આહાહા! હું એક છુ તેવો વિકલ્પ રાગ છે અને રાગ અચેતન છે. વિકલ્પ તે ચેતન નહીં... એ અજીવ છે વિકલ્પ જીવ નથી, તે જડ છે.. અને ભગવાન આત્મા તેવો (જડ) નથી. આત્મા તો પક્ષપાત રહિત છે. તેને નિરંતર ચિત્તસ્વરૂપ જીવ ચિત્તસ્વરૂપ જ છે. તેમાં જ્ઞાનનું વેદન ને જ્ઞાન જ છે. તેમાં જ્ઞાનનો રસ છે. તેમાં કોઈ રાગાદિ છે જ નહીં.

## કલશ - ૮૨ : ઉપર પ્રવચન

**'एकस्य सांत' "જીવ સાન્ત છે તેવો એક નયનો પક્ષ છે."** પર્યાય છે તે સાન્ત નથી તેવો વ્યવહારનો પક્ષ છે. તેના ચાર પ્રકાર છે. (૧) વસ્તુ અનાદિ અનંત છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્યારે (રાગની) પર્યાય અનાદિથી છે તે પર્યાયનો અંત આવી જાય છે. (૨) તેથી અનાદિ સાંત છે. (૩) પર્યાય સાદિ અનંત છે. નિર્મળ પર્યાય નવી ઉત્પન્ન થઈ તેથી સાદિ અને તે અનંતકાળ સુધી રહે છે તેથી સાદિ અનંત છે. (૧) એક ભંગ અનાદિ અનંત થયો. (૨) બીજો ભંગ અનાદિ સાંત થયો. (૩) ત્રીજો ભંગ –સાદિ અનંત થયો. (૪) ચોથો ભંગ–એક સમયની પર્યાય જે ઉત્પન્ન થઈ તે સાન્ત છે. એક સમયની પર્યાય ઉત્પન્ન વિધ્વંસિની હોવાથી સાન્ત છે. તે એકલી સાન્ત છે. અને પેલી સાદિ સાન્ત છે, કેમ કે તેમાં આદિ–અનંત નથી માટે.

**શ્રોતાઃ-** ચારમાંથી એક લેવી ?

**ઉત્તરઃ-** ચારમાંથી એક લેવી બસ. એટલા માટે કહ્યું. એક સમયની પર્યાય અનાદિ સાન્ત ન લેવી. અહીં એક સમયની પર્યાય સાન્ત તે લેવી.., તે વ્યવહારનો પક્ષ છે અને તેનો તો અમે નિષેધ કરતા આવ્યા છીએ.

**શ્રોતાઃ-** ચાર બોલ બહુત અચ્છા સુનાયા.

**ઉત્તરઃ-** આ ચિદ્‌વિલાસમાં આવે છે. ચિદ્‌વિલાસમાં આ ચાર બોલ લીધા છે. ચિદ્‌વિલાસમાં દિપચંદજીએ બહુ સ્પષ્ટ વર્ણન કર્યું છે. (અધ્યાત્મ પંચસંગ્રહ) સવૈયામાં ઘણું સ્પષ્ટ કર્યું છે. એટલું સ્પષ્ટ કર્યું છે કે સમજાવી શકાય નહીં, પકડી શકાય નહીં.

**શ્રોતાઃ-** ચિદ્‌વિલાસની તો વાત છે જ પરંતુ આપે ઘણું ઘણું સ્પષ્ટ કર્યું છે.

**ઉત્તરઃ-** દીપચંદજીએ ઘણું કામ કર્યું છે. દૃષ્ટાંતથી સમજાવ્યું છે. જેવું કેવળીનું સમ્યગ્દર્શન છે. તેવું (ચોથા ગુણસ્થાન)વાળાનું સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનમાં કાંઈ ફેર નથી. સ્થિરતામાં ફેર છે તે તો છે જ. સ્થિરતામાં અલ્પતા છે માટે સમ્યગ્દૃષ્ટિ પોતાને પર્યાયમાં પામર માને છે અને વસ્તુએ પ્રભુતા માને છે. પર્યાયમાં પામર માને છે અને વસ્તુમાં પ્રભુતા છે તેમ માને છે. આહાહા ! મારી પર્યાય ક્યાં અને ચારિત્રની, અનંત કેવળજ્ઞાનની પર્યાય ક્યાં ? તેની પાસે પર્યાયે ઘણો પામર છું તેમ જાણે છે. દ્રવ્યમાં તો પૂર્ણ પ્રભુતા છે. તે કહે છે જુઓ !

જીવ સાન્ત નથી તે બીજી નયનો પક્ષ છે. તે નિશ્ચયનય છે. સાન્ત નથી અને અનાદિ અનંત છે. ભગવાન ! જેની શરૂઆત નથી અને જેનો અંત નથી. અનાદિ નિધન–અણ.. આદિ અને અનિધન અર્થાત્ આદિ નહીં અને અંત નહીં... તેવો શબ્દ આવે છે. હું અનાદિ નિધન છું અને સાંત નહીં. –તે પણ વિકલ્પ છે. અરેરે..! હજુ તો શુભજોગ તે મોક્ષમાર્ગ છે. અરેરે ! પ્રભુ શું કરશ.... ભાઈ !

**શ્રોતાઃ-** કોઈ નય લગાવી દ્યો સાહેબ !

**ઉત્તરઃ-** નય લગાડીએ છીએ ને ! તે વ્યવહારનય છે અને વ્યવહારનય હેય છે. આ નય લગાડીને ! વ્યવહારનય હેય છે. પોતાનો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ જ્યારે ઉપાદેય છે તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

રાગ હેય છે. અને જ્યારે રાગ ઉપાદેય છે તો આત્મા હેય છે. અજ્ઞાનીને રાગ ઉપાદેય છે, વસ્તુ જે ભગવાન આત્મા તે હેય છે. આ વાત પરમાત્મ પ્રકાશમાં છે. જેને ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, અનંત સંપદાથી ભર્યો પડયો પ્રભુ એ ઉપાદેય છે અથવા તેની સન્મુખ થઈને તેનો આશ્રય કર્યો છે અને આત્મા ઉપાદેય થયો તો રાગ હેય છે. હું અનાદિ અનંત છું તેવો વિકલ્પ પણ હેય છે. આહાહા! આવો માર્ગ છે.

જીવના સંબંધમાં બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેતા છે, તત્ત્વવેતા એમ કહ્યું છે. તત્ત્વવેદી કહો કે તત્ત્વવેતા કહો. તત્ત્વનો જાણનાર, વેતા અર્થાત્ જ્ઞાયક તત્ત્વનો વાસ્તવિક જાણનાર તે વિકલ્પથી રહિત છે. પાઠમાં તત્ત્વવેદી છે તેનો અર્થ તત્ત્વવેતા કર્યો છે. પાઠમાં દરેક શ્લોકમાં 'તત્ત્વવેદી' શબ્દ પડયો છે.. તેનો અર્થ તત્ત્વવેતા કર્યો છે. તત્ત્વનો જાણનારો. જાણનાર તત્ત્વને જાણવાવાળો. (જાણનારને) જ્ઞેય બનાવી જ્ઞાન થયું એ પ્રકારે જાણવાવાળો રાગને અને પર્યાયને જ્ઞેય બનાવે છે તે તત્ત્વનો જાણવાવાળો નથી. તત્ત્વ એટલે ભગવાન પૂર્ણાનંદનો નાથ, અનંત... અનંત... અનંત.... શાંતિની સંપદાનો સાગર-દરિયો-સરોવર તેનો વેદી-વેત્તા પક્ષપાતથી રહિત છે.

આહાહા! સાન્ત છે, સાન્ત નથી.... તે ચીજ ખોટી નથી. આમ નથી તો શું બીજી ચીજ હશે કોઈ? એમ થાય કે-વિકલ્પ ખોટા છે તો શું ચીજ કોઈ બીજી છે? એમ નથી, ચીજ તો એ જ છે. અનાદિ અનંત પૂર્ણાનંદનો નાથ ધ્રુવ સ્વરૂપે ભગવાન ચીજ તો છે જ, પરંતુ તેનો જે વિકલ્પ છે તે છોડવા લાયક છે. વિકલ્પ છૂટયો માટે અંદર કોઈ બીજી ચીજ હશે તેમ નથી. સમજમાં આવ્યું?

કેટલાક મત એમ કહે છે કે- આત્મા સર્વવ્યાપક ચીજ છે. તો એમ નથી. શ્રીમદ્જીનાં અપૂર્વ અવસરમાં એક વાક્ય છે તેનો અર્થ ગોંડલના ભગત હતા તે કરતા હતા. પોતે કાંઈ સમજે નહીં અને પછી આવો (ખોટો) અર્થ કરતા. "દર્શનમોહ વ્યતિત થઈ ઉપજ્યો બોધ જે." તેનો અર્થ કર્યો- દર્શનમોહ એટલે ગમે તે દર્શન હોય તેનો મોહ છોડી દે! કોઈ પણ દર્શનનો પક્ષપાત નહીં. -આવો અર્થ કરે. ભાઈ! પક્ષપાત નહીં એનો અર્થ વિકલ્પ નહીં. સમજમાં આવ્યું?

જૈનદર્શન એ તો વસ્તુનું સ્વરૂપ છે. તે કોઈ પક્ષ નથી કે કોઈ કલ્પના નથી. તે કાંઈ એક સમયની દશા નથી.

આત્મા ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ છે. ત્રિકાળી જ્ઞાયક ભાવ અનાદિ અનંત પ્રભુ છે. અનાદિ અનંત કહ્યું તે કાળની અપેક્ષાએ કહ્યું. બાકી વસ્તુ તો એક સમયમાં આખી પૂર્ણ છે. તે વસ્તુને વેદવાવાળો, તેનો આશ્રય લઈને સન્મુખ થવાવાળો તત્ત્વવેતા છે, શાસ્ત્રવેતા નથી.

તત્ત્વવેદી કહ્યું ને! તત્ત્વવેદીનો અર્થ તત્ત્વવેતા કહ્યું.. અર્થાત્ જાણનારો. તેને હવે પક્ષ નથી. વસ્તુ ચિદાનંદ ભગવાન છે, તેનું જ્ઞાન થયું તો હવે પક્ષપાત રહિત થયો છે.

હું એક છું; અનાદિ અનંત છું, જીવ સાન્ત નથી તેવો પણ ત્યાં વિકલ્પ નથી. આહાહા! ત્યાં તેનું જાણવું છે અને તેનું નામ ધર્મ છે. આવી વાત છે ભાઈ! તેણે પહેલા શ્રદ્ધામાં એવો નિર્ણય કરવો પડશે કે- ભગવાન આત્મા વિકલ્પાતીત છે. (આવી વસ્તુનો) અનુભવ થવો તેનું નામ સમ્યગ્દર્શન ને જ્ઞાન છે.

## કલશ - ૮૩ : ઉપર પ્રવચન

"**જીવ નિત્ય છે તેવો એક નયનો પક્ષ છે.**" એક નયનો પક્ષ છે કે -આત્મા નિત્ય છે. આત્મા નિત્ય છે તે વાત ત્રિકાળીની અપેક્ષાએ યથાર્થ છે. પરંતુ તેનો પક્ષ છે, વિકલ્પ છે તે છોડી દે! વસ્તુ છે તે પક્ષાતિક્રાંત ચીજ છે -માટે પક્ષપાત છોડી દે એમ કહે છે.

"**જીવ નિત્ય નથી એવો બીજા નયનો પક્ષ છે.**" જીવ નિત્ય નથી અનિત્ય છે અર્થાત્ પર્યાયે અનિત્ય છે. એ પર્યાયે અનિત્ય છે તો તે વ્યવહારનયનો વિષય થયો. ત્રિકાળી દ્રવ્ય તે તો નિશ્ચયનયનો વિષય થયો.

રાજકોટમાં ૯૯ ની સાલમાં ચોમાસું હતું. તો (પ્રવચનમાં) અધ્યાત્મની વાત તો ચાલતી હતી. ત્યારે એક વેદાંતી બાવો-સાધુ હતો તેણે સાંભળ્યું કે - મહારાજ આત્માની વાત કરે છે. કેમ કે બહારમાં જૈનની છાપ એવી થઈ ગઈ છે કે -વ્રત-તપ-ક્રિયા કરે તે જૈન. જૈનમાં અધ્યાત્મની વાત ક્યાં? જૈનમાં આવું ક્યાંથી? એટલે તે સાંભળવા આવ્યો. પછી ચર્ચા કરતાં ચર્ચામાં એમ આવ્યું કે-

ભગવાન આત્મા નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. અનિત્ય છે તેમ સાંભળીને તે ઊઠીને બહાર ચાલ્યો ગયો. ભાઈ! પર્યાયે અનિત્ય છે. જો પર્યાયે અનિત્ય ન હોય તો નિર્ણય શેમાં કરવાનો? ધ્રુવમાં નિર્ણય કરવાનો છે? જો અનિત્ય જ ન હોય અને નિત્ય જ હોય તો નિર્ણય કરવાનો શું? નિર્ણય અનિત્યમાં કરવાનો છે. આત્મા નિત્ય છે તેનો સમ્યક્ નિર્ણય કરવાનો છે પર્યાયમાં, નિર્ણય અનિત્યમાં થાય છે.. એટલે અનિત્યમાં નિત્યનો નિર્ણય થાય છે. અનિત્યથી નિત્ય જાણવામાં આવે છે. નિત્યથી નિત્ય જાણવામાં નથી આવતું. સમજમાં આવ્યું?

એક મોતીલાલભાઈ હતા. તેમને વેદાંત બેસી ગયેલું અને પછી તે પરમહંસ થઈ ગયા. પછી અમારી પાસે ચર્ચા માટે આવ્યા. દ્રવ્ય છે તે દ્રવ્યમાં જાણવામાં આવે છે કે પર્યાયમાં જાણવામાં આવે છે? જો આત્મા એક જ હોય અને પર્યાય ન હોય તો નિર્ણય કોણ કરે? નિર્ણય ધ્રુવ કરે? જો ભૂલ ન હોય તો ભૂલ ટાળવાનો ઉપદેશ કેમ આવે?

વેદાંત એમ કહે છે કે- આત્મા આત્યાંતિક દુઃખથી મુક્ત છે. તેનો અર્થ શું થયો? આત્યાંતિક દુઃખ છે, અને જે દુઃખ છે તે અનિત્ય -ક્ષણિક છે. જો નિત્ય હોય તો પર્યાયમાં દુઃખ નિત્ય થઈ જાય! વસ્તુ તો વસ્તુમાં છે. એક છે તેની ચર્ચા નથી. અહીં નિત્ય-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનિત્યની ચર્ચા છે. વ્યવહારે પર્યાય છે. અનિત્યથી નિત્ય જાણવામાં આવે છે અને આનંદનું વેદન પણ અનિત્યમાં આવે છે. ધ્રુવમાં વેદન ક્યાં આવે છે? સમજમાં આવ્યું? વેદાંતમાં આ રીતે વાત નથી.

અહીંયા રાજકોટમાં પરમહંસ આવ્યા હતા. તેમણે કબુલ કર્યું કે-કાંઈક છે ખરું. જો ભૂલ ન હોય તો પછી (ભૂલ) સુધારવાની વાત કેમ કરવી? એક આત્મા છે તેમ નક્કી કરવાનું ક્યાંથી આવ્યું? આવું ક્યાંથી આવ્યું? માટે પર્યાયમાં ભૂલ છે. ત્રિકાળીમાં ભૂલ શું છે? (ત્રિકાળીમાં) ભૂલ નથી તેમ કબુલ કરે તો પર્યાય છે તેવો નિર્ણય પણ આવી ગયો. પરંતુ એ જે પર્યાય છે તે અનિત્ય અને ક્ષણિક છે.... તેથી તે વ્યવહારનયનો વિષય છે.

અહીંયા કહે છે કે – એક નયનો પક્ષ જીવ નિત્ય છે તેવો છે. એક નયનો પક્ષ નિત્ય નથી અનિત્ય છે તેવો બીજી નયનો પક્ષ છે. જીવ અનિત્ય છે તે વ્યવહારનયનો પક્ષ છે. પર્યાયે અનિત્ય છે. અનિત્ય છે જ નહીં તેમ નથી. પરંતુ અહીંયા તો અનિત્યપણાનો વિકલ્પ અને દૃષ્ટિ છોડાવવી છે અનિત્યથી નિત્ય જાણવામાં આવે છે- ચિદ્વિલાસમાં છે. છે બધું (શાસ્ત્રમાં) નીકળે ત્યારે નીકળે ને!

પંચાસ્તિકાયમાં એમ લીધું છે કે- અસંખ્ય પ્રદેશી તેવો એક પ્રદેશી. અસંખ્યપ્રદેશી એ તો પ્રદેશનો નિશ્ચય કરવા માટે બાકી તો એક અભેદ વસ્તુ છે. અસંખ્યપ્રદેશી તે એક અભેદ વસ્તુ છે. સમજમાં આવ્યું?

અહીંયાં કહે છે કે- આ પ્રકારે ચિત્સ્વરૂપ જીવના સંબંધમાં બે નયોના બે પક્ષપાત છે. તત્ત્વવેદી એટલે તત્ત્વનો જાણવાવાળો 'હું નિત્ય છું' તેવો વિકલ્પ છોડી દે છે. હું અનિત્ય છું તેવો પર્યાયનો આશ્રય તો છોડી દે છે પરંતુ હું નિત્ય છું તેવો વિકલ્પ પણ છોડી દે છે. આહાહા! આવો માર્ગ છે.

**શ્રોતાઃ-** એક સમયનો વિકલ્પ સ્વરૂપમાં નથી.

**ઉત્તરઃ-** નહીં, વિકલ્પ છે તે દુઃખ છે- આકુળતા છે. વિકલ્પ સ્વરૂપમાં છે? જો વિકલ્પ સ્વરૂપમાં હોય તો વિકલ્પનો નાશ કેમ થાય? જેનો નાશ થાય છે તે સ્વરૂપમાં કેમ હોય? આહાહા! વિકલ્પ છે પરંતુ વિકલ્પનું સ્થાન (સ્વરૂપમાં) નથી. તત્ત્વવેદી આ વિકલ્પથી પાર છે, પક્ષપાત રહિત છે. તેમાં પક્ષપાત છે જ નહીં.

"**નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.**" આહાહા! શું કહે છે! વિકલ્પથી ભિન્ન પડયો, નિર્વિકલ્પ અનુભવ થયો તો હવે પછી તેને ભેદજ્ઞાન કરવું પડતું નથી. તેને નિરંતર આવું ભેદ (જ્ઞાન) વર્તે જ છે.. એમ કહે છે. પાઠમાં નિરંતર શબ્દ પડયો છે. સમજમાં આવ્યું? પહેલાં વિકલ્પથી રહિતનો ભેદ કર્યો- હવે પછી અંદરમાં વિકલ્પ જ છે નહીં તો પછી ભેદ કરવાનું શું? હવે તો ભેદથી (રહિતપણું) નિરંતર વર્તે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રશ્નઃ-** અનુભવ પછી ભેદ કરવો ન પડે!

**ઉત્તરઃ-** પછી ભેદ કરવો ન પડે. ભેદ તો થઈ ગયો. હવે તો એમ જ ચાલે છે બસ. અહીં કહે છે- જુઓ! તત્ત્વવેતાને નિરંતર જ્ઞાન ને આનંદનું વેદન રહે છે. સમજમાં આવ્યું? હવે તેને રાગનો હું કર્તા છું કે રાગનો અકર્તા છું તેવું ગોખવું ન પડે. 'નિરન્તર' શબ્દ લીધો છે ને?

ભગવાન આત્મા પક્ષથી અતિક્રાંત થઈ ગયો તો તે નિરંતર એવો જ રહે છે. આહાહા! અને તેમાં એવું પણ લીધું છે કે -ભેદજ્ઞાન થયું તો હવે રાગની ક્યારેય એકતા નહીં થાય એમ કહે છે. મુનિ છદ્મસ્થ છે પરંતુ પોતાની દશામાં જે ભેદજ્ઞાન થયું તે હવે નિરંતર રહેશે. તેને હવે કદી રાગની એકતા થવાની નથી.

**શ્રોતાઃ-** તેને ભેદજ્ઞાનનો અભ્યાસ ચાલુ છે.

**ઉત્તરઃ-** તેને ભેદજ્ઞાન જ થઈ ગયું છે. હવે એમ ને એમ અંતરમાં પ્રયાસ વર્તે છે. તે અંતરમાં ઝુકે છે. અંતરમાં ઝુકતાં-ઝુકતાં ચારિત્ર થઈ જશે અને પછી એમ ઝુકતાં ઝુકતાં કેવળજ્ઞાન થઈ જશે. સમજમાં આવ્યું? ક્રિયા કરતાં કરતાં ચારિત્ર થશે અને ક્રિયા કરતાં-કરતાં કેવળજ્ઞાન થશે તેમ નથી.

સંવર અધિકાર ૧૩૧ કળશમાં આવે છે કે-

"**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**" અત્યાર સુધી જેટલા મુક્ત થયા... અનંત સિદ્ધો તે ભેદજ્ઞાનથી સિદ્ધ થયા છે. રાગથી ભિન્ન પડીને પોતાના આનંદનું ભેદજ્ઞાન થયું તેનાથી સિદ્ધ થયા છે. બંધાયો છે તો તે કર્મના ઉદયને કારણે બંધાયો છે એમ ન લીધું. "**अस्यैवाभावतो बद्धा**" તે ભેદજ્ઞાનના અભાવથી અર્થાત્ (રાગ સાથેની) એકતાબુદ્ધિથી બંધાયો છે. સમજમાં આવ્યું?

આહાહા! અહીંયા કહે છે કે- નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. આહાહા! શું ટીકા અને શું કળશ! સમયસાર તો સમયસાર (છે). બનારસીદાસજીએ કહ્યું કે- ભાવમાં સમયસાર, વાણીમાં સમયસાર, મનમાં સમયસાર, વિકલ્પમાં સમયસાર....; વાત તો એવી જ છે.

આહાહા! ત્રણલોકનો નાથ પરમાત્મા છે તેમાં પૂર્ણ સંપદા છે. તે પૂર્ણ રત્નાકર ભગવાન છે. જેમ સ્વયંભૂ રમણ સમુદ્ર અસંખ્ય યોજનમાં છે.. તેની અંદર તળિયામાં રતન પડયા છે....; રેતી નહીં. તેમ આ ભગવાન આત્મામાં અસંખ્ય યોજન નહીં પરંતુ પહોળો આપણા અસંખ્ય પ્રદેશ પ્રમાણે છે. તેની અંદર તળિયામાં, અસંખ્ય પ્રદેશમાં અનંત ચૈતન્ય રત્નાકરના દરિયા ભર્યા પડયા છે. આહાહા! ત્યાં પુણ્ય-પાપના વિકલ્પની રેત નહીં. આહાહા! આવી વાતું છે પણ તેણે સાંભળ્યું ન હોય એટલે એકાન્ત લાગે. વ્યવહારથી થાય છે અને નિમિત્તથી થાય છે... (તેમ માને!)

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અરે.... પ્રભુ! તું એકવાર ક્રમબદ્ધનો નિર્ણય તો કર. વર્ણીજીની સાથે ચર્ચા થઈ પછી કૈલાશચંદજીએ બે બોલ લીધા છે. (૧) ક્રમબદ્ધ છે. (૨) નિમિત્ત છે.. પરંતુ નિમિત્તથી થતું નથી તેમ સોનગઢવાળા કહે છે. ક્રમબદ્ધ પણ છે. જે સમયે જે પર્યાય થવાની તે થાય છે, પરંતુ (ક્રમબદ્ધ)વાળાની દૃષ્ટિ ક્યાં રહે છે? તેની દૃષ્ટિ જ્ઞાયક ઉપર હોય છે ત્યારે તેને ક્રમબદ્ધનો નિર્ણય થયો. ક્રમબદ્ધ નક્કી થયું તો વ્યવહારથી નિશ્ચય થયું તે વાત પણ રહી નહીં. નિમિત્તથી ઉપાદાન થયું કે ક્રમબદ્ધ પરિણમન પોતાથી ત્યાં થયું? તો પછી નિમિત્તથી થયું, વ્યવહારથી થયું એ રહ્યું ક્યાં? અરે..! એને નવરાશ ક્યાં છે? ફુરસદ ક્યાં? પોતાનું હિત કરવા માટે ફુરસદ નથી. આ જગતની જંજાળમાં (સલવાય ગયો છે).

## કલશ - ૮૪ : ઉપર પ્રવચન

જ્ઞાન તે જ્ઞાનસ્વરૂપ જ છે. આનંદ તે આનંદ સ્વરૂપ જ છે.. એમ તત્ત્વવેદીને જાણવામાં આવે છે.. એમ કહે છે. ચિદ્દવિલાસ પેજ નં. ૬૮ માં જુઓ! (પર્યાય વીર્યમાં) **"પર્યાય અનિત્ય છે, (તે) નિત્યનું કારણ છે, નિત્ય અનિત્ય વસ્તુ છે. પર્યાય (રૂપી) ચંચળ તરંગો દ્રવ્ય (રૂપી) ધ્રુવ સમુદ્રને દર્શાવે છે."** પર્યાય ચંચળ તરંગો છે તે દ્રવ્ય ધ્રુવ સમુદ્રને દર્શાવે છે. ચિદ્દવિલાસ, પંચસંગ્રહ આદિમાં દિપચંદજીએ ઘણું કામ કર્યું છે. અનિત્ય નિત્યને જાણે છે, નિત્ય નિત્યને જાણે છે?

નિત્ય તો ધ્રુવ છે. ધ્રુવમાં જાણવું કે પલટાવું એ તો કાંઈ છે જ નહીં. વેદાંત આ મોટી ભૂલ કરે છે ને? શ્રીમદ્ કહે છે કે– વેદાંત મિથ્યાભાસી છે, કારણકે તેમણે પર્યાયને માની નહીં. શ્રીમદ્દમાં આવો પાઠ છે. આત્મા સર્વ વ્યાપક છે અને એક જ છે તેમ માને છે. સર્વ વ્યાપક છે તે તમે માનો છો તો એ માન્યતા તને શેમાં થઈ? માન્યતા થઈ એ જ પર્યાય થઈ. અનિત્યએ નિત્યને જાણ્યું, નક્કી કર્યું, તો એ અનિત્યને નહીં માને તો તારું નિત્યનું ઠેકાણું નથી.

વચનથી કહી શકાય છે તે સાચું છે. ૪૭ નયમાં એક આવી નય છે... નામ નિક્ષેપ. નામ નિક્ષેપ એવા વચનથી કહેવામાં આવે છે તેવી યોગ્યતા.. એ વચનથી નામ નિક્ષેપ છે. ૪૭ નયમાં નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ તે ચાર નય લીધી છે... એ જ્ઞાનપ્રધાન કથન છે. ત્યાં નામ વચનથી કહી શકાય એટલી યોગ્યતા છે, પણ તે વ્યવહાર છે.

## પ્રવચન નં. ૮૬ તા. ૪-૯- '૭૭

કળશટીકા તેનો કર્તાકર્મ અધિકારનો ૮૪ કળશ છે. "**જીવ વાચ્ય છે.**" નયપક્ષની વાત ચાલે છે. પક્ષાતિક્રાંત તે આત્માનું સ્વરૂપ છે. સમજમાં આવ્યું?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં કહે છે-જીવ વાચ્ય છે તેવો એક નયનો પક્ષ છે. શું કહે છે? ૪૭ નયમાં પ્રવચનસારમાં આવ્યું છે. નામ નિક્ષેપ, સ્થાપના નિક્ષેપ, દ્રવ્ય નિક્ષેપ, ભાવ નિક્ષેપ. નામ નિક્ષેપમાં નામ દ્વારા કહી શકાય તેવું વ્યવહાર કથન છે. નામ નિક્ષેપ અર્થાત્ નામ દ્વારા કહી શકાય તેવું વાચ્ય-વાચક એ વ્યવહાર છે.

શ્રી સમયસારની પહેલી ગાથામાં લીધું છે કે-" **एवा भिधियते** " અભિધેય અર્થાત્ વાચ્ય આત્મા અને અભિધાન એટલે વાચક શબ્દ. 'અભિધેય-અભિધાન' તે પહેલી ગાથા માં આવે છે. અભિધાન વાચક શબ્દ છે-વ્યવહાર અને તેનું વાચ્ય અભિધેય આત્માને કહેવો તે પરમાર્થ છે.

જેમ સાકર શબ્દ છે તે વાચક છે અને સાકર પદાર્થ છે તે તેનું વાચ્ય છે. આટલો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. શબ્દને અને ભગવાન આત્માને વાચક-વાચ્ય સંબંધ છે. આત્મા આનંદ સ્વરૂપ છે તેવો વાચક શબ્દ આવ્યો. હવે તેનું વાચ્ય આત્મા આનંદ સ્વરૂપ છે એમાં આનંદ તે વાચ્ય છે. પરંતુ એ વાચ્યમાં વાચક નથી અને વાચકમાં વાચ્ય નથી. નામ નિક્ષેપથી (વાયકનું) વાચ્ય કહેવામાં આવે છે. સમજમાં આવ્યું?

'આ આત્મા' એવો જે શબ્દ છે તે કાંઈ આત્મા પદાર્થમાં છે? નિર્લેપ ચિદાનંદ સ્વરૂપ છે તેમાં આત્મા શબ્દ છે જ નહીં. અહીં એ વાત ચાલે છે. વાચક શબ્દથી વાચ્ય કહેવામાં આવે છે એવો એક વ્યવહાર છે... પરંતુ નિશ્ચયથી જીવ વાચ્ય નથી. જીવ તો વચનાતીત છે, તેને વચનથી કહી શકાય એવી ચીજ નથી. આહાહા! એ તો વિકલ્પથી પણ ન જાણવામાં આવે તેવી અવાચ્ય ચીજ છે. સમજમાં આવ્યું?

શ્રી અમૃતચંદ્રાચાર્ય (૨૭૮ કળશમાં) કહે છે ને કે- હું કહેવાવાળો છું અને તું સાંભળવાવાળો છો એવો મોહ છોડી દે! મોહમાં મત નાચો. આહાહા! વાચક શબ્દ છે તે તેને જ્ઞાન કરાવી દ્યે છે તેમ ન નાચ! પ્રભુ:એનાથી તારી ચીજ ભિન્ન છે. આહાહા! સમજમાં આવ્યું?

ગઈકાલે બહેનના પુસ્તકમાં એક શબ્દ આવ્યો હતો. કનકને કાટ લાગતો નથી, અગ્નિને ઉધઈ લાગતી નથી. ઉધઈ શબ્દે સમજો છો ને! અમારું ૭૫ની સાલમાં પાળિયાદમાં ચોમાસું હતું.. આજથી ૫૮ વર્ષ પહેલાં ત્યારે અમે જંગલ ગયા હતા, ત્યારે ધૂળમાંથી ઉધઈ નીકળે અને તેનાં ઉપર સૂર્યનો તડકો પડે એટલે તરત જ ખલાસ થઈ જાય. ઉધઈ ઘણી જાતની હોય પરંતુ આ તો કોઈ જુદી જ જાતની. બહુ ઝીણી, ધોળી, પાતળી અને પોચી. સૂર્યનું કિરણ અડે ત્યાં તો ખલાસ થઈ જાય. નજરે દેખાય કે ચાલે છે ફરે છે અને બહાર નીકળે અને તેની ઉપર તડકો લાગ્યો તો ખલાસ થઈ ગઈ, એવી સુંવાળી હોય છે.

બહેનના પુસ્તકમાં આ શબ્દ આવ્યો છે. અગ્નિને ઉધઈ લાગતી નથી તેમ ભગવાન

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માને વિકલ્પ નહીં બહેને શબ્દ લીધા છે તે બધાં ' અ ' થી શરૂ થાય છે. અગ્નિને ઉધઈ નહીં તેમાં અગ્નિમાં ' અ ' આવ્યો. તેમ ભગવાન આત્માને આવરણ નહીં તેમાં ' આ ' આવ્યો. આત્માને અશુદ્ધતા નહીં. આમ તો ઘણી વાર જોયેલું પણ કાલે વાંચનમાં આ આવેલું. અગ્નિને ઉધઈ નહીં તેમ બહુ સરસ મેળ કર્યો બહેને.

ભગવાન આનંદનો નાથ ! સિદ્ધ ચિદાનંદ પ્રભુ ! તેમાં રાગાદિની અશુદ્ધતા અને ઉણપતા નથી. આમાં બધા ' અ ' આવ્યા. ઉણપ નામ કમી રહેતી નથી, આવરણ રહેતું નથી. ' અ ' આવ્યા. આવરણ નહીં, ઉણપ નહીં, અશુદ્ધતા નહીં તેમ બધા ' આ-અ ' આવ્યા. આ ત્રણ શબ્દો બહેનના પુસ્તકમાં લખ્યા છે. છપાઈને હજુ બહાર આવ્યું નથી. બાઈન્ડીંગ નથી થયું. છપાઈને જ્યારે બહાર આવશે ત્યારે ખલાસ થઈ જશે. ઘણો પ્રચાર. હજુ હિન્દીમાં કરવાનું છે- હિન્દી થશે. બહુ સરસ પુસ્તક છે. બહેનને તો બહાર પડવું નથી. બહેનનું પુસ્તક બહાર પડશે તો બહેન બહાર પડશે એવી ચીજ છે.

આહાહા ! આ ( પુસ્તક ) સાંભળે ને વાંચે જ્યાં, અગ્નિને ઉધઈ નહીં. ત્રણલોકનો નાથ આનંદકંદપ્રભુ તેમાં આવરણ નથી. ઉણપ અને અશુદ્ધતા નહીં. પૂર્ણાનંદનો નાથ તેને વાચક શબ્દથી કેવી રીતે કહેવામાં આવે. છે. વ્યવહારથી નામ કહ્યું પરંતુ નિશ્ચયથી તો કહી શકાતું નથી. આહાહા ! એ તો વેદનમાં આવે ત્યારે ખબર પડે. સમજમાં આવ્યું ?

અહીં કહે છે કે પહેલી ગાથામાં અભિધેય એ પ્રવચનમાં નામથી કહેવામા આવે છે બસ એટલું જ. પરંતુ ' આત્મા ' જે શબ્દ છે તે ( વાચ્ય ) માં છે નહીં. આત્મા શબ્દ છે તેમાં તે નથી. ' અતતિ ગતતિ ઈતિ આત્મા ' એટલો શબ્દ લાગુ પડે છે.

દ્રવ્ય સંગ્રહમાં ( " अतति गच्छति इति आत्मा " ) આ રીતે પાઠમાં છે. જ્યારે ગુરુદેવ બોલે છે. ) **' અતતિ ગચ્છતિ ઈતિ આત્મા. '** પોતાના સ્વરૂપમાં પરિણમન કરે છે. તે આત્મા શબ્દનો અર્થ તો આટલો છે... તેથી એટલો કાંઈ આત્મા નથી. સમયસારની ૮મી ગાથામાં બ્રાહ્મણે કહ્યું કે- ' સ્વસ્તિ. ' સ્વસ્તિ શબ્દ સાંભળીને તે ટગ ટગ જુએ છે. જેને કહ્યું તેને કંટાળો નથી લાગતો. બ્રાહ્મણે અનાર્ય ( મ્લેચ્છ ) ને ' સ્વસ્તિ ' એમ કહ્યું તો તેની સામે ટગ ટગ જુએ છે. આવો પાઠમાં અર્થ છે. બીજી જગ્યાએ એવો પાઠ છે કે -તે પણ અંદરમાં દેખશે કે સ્વ અર્થાત્ તારા આત્માની અસ્તિ છે ( તેને જો ) તો કલ્યાણ છે. ' સ્વસ્તિ ' સ્વ નામ જેવી સ્વની અસ્તિ છે તેવી તારા ભાનમાં આવે અર્થાત્ તારું કલ્યાણ હો ! આવું સાંભળીને ટગ ટગ જોતો હતો પરંતુ તે કંટાળો લાવતો ન હતો. તો તેણે અનુસરણ કર્યું તેમ કહેવામાં આવે છે. તેમ આચાર્યોએ આત્મા એવો શબ્દ કહ્યો. ( તો તેનું અનુસરણ કરે છે. ) એક એક ગાથામાં એક એક શબ્દે બહું ગંભીર છે.

આચાર્યદેવે આત્મા એમ કહ્યું તો સાંભળવાવાળાને કંટાળો ન આવ્યો. આ શું કહે છે તેમ ન થયું. આ શું કહે છે મારી સમજમાં આવતું નથી તેમ ન કહ્યું. ' આત્મા ' શબ્દ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાને પડતાં ( હર્ષિત ) થયો. પછી આત્માનો અર્થ કર્યો કે- જે દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત હોય તે આત્મા.. ફકત એટલું કહ્યું. આત્મા સદા દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત હો એ પણ વ્યવહાર થયો. દર્શનજ્ઞાનચારિત્ર ત્રણભેદ થયા તો વ્યવહાર થયો. ( ભેદ દ્વારા ) અભેદને સમજાવવામાં આવ્યો. સમજાવવાવાળા અને કહેવાવાળા, આવો વ્યવહાર કરે છે પણ તે વ્યવહાર અનુસરવા લાયક નથી.

શું કહ્યું ? સમજાવવામાં વ્યવહાર આવે છે કે જે આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રને સદા પ્રાપ્ત હો એ આત્મા. રાગ અને પુણ્યથી પ્રાપ્ત હો એ આત્મા એવો વ્યવહારથી પણ ત્યાં અર્થ ન કર્યો. આટલો ભેદ પાડયો તે વ્યવહાર છે. ભગવાન આત્મા પોતાના દર્શનજ્ઞાનચારિત્રને ભેદને અર્થાત્ નિર્મળ અવિકારી પર્યાયને સદાય પ્રાપ્ત હો તે આત્મા. પછી કહ્યું કે- આ હું ભેદથી કહું છું. પરંતુ એ ભેદ મારે પણ અનુસરણ કરવા લાયક નથી અને સાંભળવાવાળાએ પણ અનુસરણ કરવા લાયક નથી. સમજમાં આવ્યું ?

આહાહા ! ૪૭ નયમાં એક નય લીધી છે ને ભાઈ ! અશુદ્ધનય અને શુદ્ધનય. માટી છે માટી, તેમાં ઘડા, કુંડા તે માટીની અશુદ્ધતા છે. ઘડા-કુંડા એ અશુદ્ધનયનો વિષય થયો. કેમ કે ભેદ થયો તો વ્યવહાર થઈ ગયો. એ વાત સમયસારની ૧૬ મી ગાથામાં લીધી છે. ભેદ થયો તે મેચકપણું છે. એકલી માટી તે શુદ્ધનયનો વિષય છે. તેમ ભગવાન આત્મામાં ત્રણ પ્રકાર કહેવા... જ્ઞાન-દર્શન-ચારિત્રને પ્રાપ્ત હો તે ત્રણ પ્રકાર વ્યવહાર થઈ ગયો. અશુદ્ધતા થઈ ગઈ. સુક્ષ્મ વાત છે ભગવાન ! જરી સૂક્ષ્મ વાત આવી ગઈ.

આત્મા મહામણિરતન છે. પ્રભુ આનંદ ચૈતન્ય રત્નાકરનો દરિયો છે. તેને કયા વાચ્યથી, કયા વિકલ્પથી, કયા વચનથી કહીએ. કેમ કે ( આત્મા ) અવાચ્ય છે એમ કહે છે. નિશ્ચય છે તે અવાચ્ય છે. એ અનુભવી શકાય એવી ચીજ છે. લોકોને આત્મા શું ( વસ્તુ ) છે તેની ખબર નથી. ધર્મ... ધર્મતો કહે છે પરંતુ ધર્મ કેમ થાય છે તેની ખબર નથી.

અહીંયા તો કહે છે ત્રણેપણે પરિણમવું તે વ્યવહાર છે. સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રપણે પરિણમવું તે વ્યવહાર છે. ૧૬ મી ગાથામાં તેને મેચક કહ્યું છે. મેલ કહ્યું છે. ત્રણનો ભેદ કરવો તે મેચક-મેલ છે. તેને મેચક નામ મેલ કહેવાનો વ્યવહાર છે.

જયચંદ પંડિતે કહ્યું છે કે- વચન દ્વારા ભગવાન આત્માને કેવી રીતે કહેશો ? કેમ કે વચન તો એક અર્થને કહેશે અને અંદરમાં અનંત.... અનંત... અનંત ગુણનો રત્નાકર આખો સાગર પડયો છે. તેની દૃષ્ટિ કરવાથી એ વેદનમાં આવે ત્યારે ખબર પડે કે આ ચીજ છે. આ વસ્તુ આવી છે. લોકો તો બહારમાં એટલે ક્રિયાંકાંડમાં ઘૂસી ગયા. વ્યવહારના પણ ઠેકાણાં નથી. અહીંયા તો પરમાત્મા ત્યાં સુધી કહે છે કે-તું એકરૂપ છો તેમાં ત્રણરૂપનું પરિણમન કરવું તે વ્યવહાર ને મેલ છે. કેમ કે ત્યાં લક્ષ જશે તો રાગ જ ઉત્પન્ન થશે.

અહીંયા કહે છે કે વાચક એ વ્યવહારથી, નામ નિક્ષેપની અપેક્ષાએ, અભિધેયની

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અપેક્ષાએ છે. અભિધેયને અભિધાન દ્વારા કહે છે. અભિધાન તે શબ્દ છે અને અભિધેય તે શબ્દથી કહેવાવાળું વાચ્ય-પદાર્થ છે. આ રીતે અભિધાન અભિધેય સંબંધ છે. તે વ્યવહાર છે. નિશ્ચયમાં વાચક વાચ્ય કાંઈ છે નહીં. ભગવાન આત્મા તો વચનાતીત છે.

ભગવાન આત્મા અવાચ્ય છે તે બીજા નયનો પક્ષ છે. આ પ્રકારે ચિત્સ્વરૂપ જીવના સબંધમાં બે નયોના બે પક્ષપાત છે. જુઓ પાઠમાં 'તત્ત્વવેદી' એમ કહ્યું છે. અર્થ કર્યો તેમાં તત્ત્વવેતા કહ્યું છે. તત્ત્વવેતા એટલે તત્ત્વને જાણવાવાળો. ચિત્સ્વરૂપ જીવમાં તો હું અવાચ્ય છું એવા વિકલ્પનો પક્ષ પણ ત્યાં નથી. હું વાચ્ય છું તે તો નહીં, તેનો તો (અમે પ્રથમથી) જ નિષેધ કરતા આવ્યા છીએ. હું આવચ્ય છું, વચનાતીત છું, હું વચનથી કહેવામાં આવતો નથી એવા વિકલ્પનો પક્ષ પણ જ્યાં નથી, વિકલ્પને છોડીને તત્ત્વવેદી અંદરમાં ચૈતન્યનો સ્પર્શ કરવા જાય છે ત્યારે તે તત્ત્વનો વેતા છે. સમજમાં આવ્યું? આવી વાત છે ભાઈ!

પ્રભુ! ગંભીર વાત છે. આવી ગંભીર વાતુ ઘણી. અનંતકાળથી બહારની પ્રવૃતિ અને બહુ તો અંદરમાં વિકલ્પની પ્રવૃતિમાં (રહ્યો છે.) ગઈકાલે ચંદુભાઈએ પ્રશ્ન કર્યો હતો પ્રવૃતિ-નિવૃતિનો. એક ન્યાયે આત્મા વિકલ્પથી નિવૃત સ્વરૂપ છે પરંતુ નિર્વિકલ્પ પરિણતિથી તે પ્રવૃતિ સ્વરૂપ છે. આહાહા! પરિણતિ છે ને?

૧૬ મી ગાથામાં એ ત્રણેને મેચક કહ્યું. "**दंसणणाणचरिताणि सेविदव्वाणि साहूणा णिच्चं**" સાધુએ ત્રણ પ્રકારે સેવવા. "**अप्पाणं चेव णिच्छयदो**" નિશ્ચયથી તે ત્રણે એક આત્મા જ છે. **दंसणणाणचरिताणि सविदव्वाणि** " દર્શન જ્ઞાન ચારિત્રથી આત્મા સદા સેવવા યોગ્ય છે. પર્યાયથી સેવવો તો તે વ્યવહાર થઈ ગયો. "**ताणि पुणजाण तिण्णि वि अप्पाणं**" એક અભેદ આત્માનો અનુભવ કરવો તે નિશ્ચય છે. સમજમાં આવ્યું?

માર્ગ બહુ સૂક્ષ્મ છે ભાઈ! અત્યારે તો બહુ વિખાઈ ગયો છે. લોકોને ક્યાંય ને ક્યાંય રસ્તે ચડાવી દીધા છે. આખી જિંદગી બિચારાની (એળે ગઈ). ભવના અભાવ માટે મળેલો ભવ તેમાં ભવનો અભાવ ન કરે તો શું કર્યું? રખડવા માટે ભાવાબ્ધિનો મોટો દરિયો પડયો છે. એકેન્દ્રિય નિગોદના, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિયાદિ ચોરાસી લાખ યોનિમાં જીવ રખડે છે. ભવાબ્ધિ અર્થાત્ ભવરૂપી સમુદ્ર જેમાં ડૂબકી મારીને અનાદિ કાળથી દુઃખી છે. મુર્ખાઓ છે તે પૈસાવાળાને સુખી કહે છે. સમજમાં આવ્યું?

**શ્રોતાઃ-** આવું કહેવાવાળો મૂર્ખ છે.

**ઉત્તરઃ-** એ પોતે તો દુઃખી હોય અને માનતો હોય સુખ. પૈસાવાળા પાંચ કરોડ ને દસ કરોડ ને ધૂળ કરોડ છે. તે ધૂળમાંય સુખ નથી. પૈસા એ તો જડ-માટી છે તે તારા ક્યાંથી આવ્યા? આહાહા! ભગવાન આત્મા આનંદ સ્વરૂપ છે તેને છોડીને તે બહારમાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભીખ માંગે છે. આહાહા! શરીરથી સુખ મળે, સ્ત્રીથી સુખ મળે, પૈસાથી સુખ મળે, આનાથી સુખ મળે.. , અરરર.. ! પ્રભુ તું આ શું માને છે! !

અહીંયા કહે છે- સુખનો સાગર અંદર છલોછલ ભર્યો છે. આનંદ સ્વરૂપ ભગવાન લબાલબ ભર્યો પડયો છે. એ આનંદને છોડી ને ભિખારી બહારમાં ભીખ માંગે છે.. શરીરથી મળે છે. આબરૂથી મળે છે, સ્ત્રીથી મળે છે, પૈસાથી મળે છે... આવું માનનાર મોટો ભીખારી છે. એ ભીખારી માંગણ છે. શેઠ! અહીંયા તો આવી વાત છે.

**પ્રશ્નઃ**- તો કરવું શું રહ્યું?

**ઉત્તરઃ**- કરવું આ રહ્યું. એ કરનારા બધા બાયડી, પૈસાથી (સુખ મળવાનું માને છે.) એ ભાઈ તો જાણવા માટે કહે છે. એ ક્યાં કરી શકે છે? ખરેખર તો એવો વિકલ્પ (કરે છે) પરંતુ એ વિકલ્પ પણ પોતાનામાં નહીં. વિકલ્પનું કરવું માનવું એ પણ મિથ્યાદૃષ્ટિનો ભાવ છે. આ તમારી બીડી અને પૈસાનું કરવું ક્યાં છે? શું કરવું? એમ પૂછે છે. આ ન કરવું તો આખો દિવસ કરવું શું? એ કરી શકે છે ક્યાં? ધૂળમાંય કરી શકતો નથી. એક આંગળીને હલાવી શકતો નથી. એક પાંપણને તે હલાવી શકતો નથી. ત્રણકાળમાં આત્મા કરી શકતો નથી. છતાં મૂઢ માની બેઠો છે.

આહાહા! લાડુ ખાઈ અને અળવીના પાનના પતરવેલીયા તેની ઉપર ચણાનો લોટ લગાડી અને ટૂકડાં કરી તેલમાં તળીને ખાય. તેને એમ લાગે છે કે -આ શરીર ઠીક છે. આહા! અરેરે.. મૂઢ! શરીર અને શરીરનો ખોરાક એ તો જડની ક્રિયા છે.. તેને પોતાની માને તે મૂઢ છે.

**શ્રોતાઃ**- તમે કહો છો, બાકી ખાય છે તો આનંદ આવે છે.

**ઉત્તરઃ**- ધૂળમાંય આનંદ નથી આવતો. એ તો પહેલાં કહ્યું હતું ને કે- જેઠ મહિનો હતો અને બાળકે દૂધ વધારે પી લીધેલું અને માતાએ દૂધ આપ્યું તો તેને ઝાડા થયા. વરસ દોઢ વરસનું બાળક હોય અને નગ્ન શરીર હોય. ગરમી ઘણી પડતી હોય એમાં પાતળા ઝાડાને હાથ લગાવે તો ઠંડું લાગે તો તે ચાટે છે. તેમ અજ્ઞાની બાળકની જેમ રાગને ચાટે છે. તે પરને તો ભોગવી શકતો જ નથી. આહાહા! સ્ત્રીના શરીરનો ભોગ આત્માને છે જ નહીં.... કેમ કે તે જડ છે. જડ તરફનું લક્ષ કરીને- આ ઠીક છે, એવો વિકલ્પ ઉઠે છે તે રાગ છે. વિષ્ટા સમાન ઝેર સમાન એ રાગનું વેદન કરે છે. ... અને અજ્ઞાની માને છે કે-હું શરીરનો ભોગ લઉં છું, હું સુખી છું. અરે! મૂઢ! સાંભળ તો ખરો!

આ બધા કરોડપતિ-ધૂળપતિ સુખી કહેવાય છે ને? આ ભાઈને જાણો છો? બે કરોડ રૂપિયા છે, મોટો ધંધો છે અને છ છોકરાં છે. પાપના ધંધામાં લલચાય છે. બાકી જડની ક્રિયા જે થવાવાળી છે તે તો થાય જ છે. લાવવાવાળો એમ માને છે કે -હું લાવ્યો તો એ વાત જૂઠી છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


**શ્રોતાઃ-** તમે ફરમાવી રહ્યા છો કે કોઈ લાવી શકતું નથી.

**ઉત્તરઃ-** એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું છે.

અહીંયા કહે છે કે -ભગવાન અવાચ્ય છે. તે વાણી દ્વારા કહેવાય એવી ચીજ ક્યાં છે? તેને કેવી રીતે કહેવામાં આવે? આહાહા! સાકરનો સ્વાદ ગૂંગો લ્યે છે તો એ ગૂંગો બોલી શકતો નથી. હવે ગૂંગાને કહે છે કેવો છે સ્વાદ? તે આમ (ઈશારાથી કહે) બસ તે બોલી શકતો નથી. તેમ અવાચ્ય ભગવાન આત્મા તે વાણી દ્વારા કેવી રીતે કહેવામાં આવે? તે તો સમ્યગ્દર્શનમાં એટલે શુદ્ધોપયોગમાં મતિ-શ્રુતજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ થાય છે. તેનો સ્વાદ તો જેને પ્રત્યક્ષ થયો છે તે જાણે. સમજમાં આવ્યું?

## કલશ-૮૫ : ઉપર પ્રવચન

જીવ નાનારૂપ છે એટલે કે અનેકરૂપ છે તેમ એક નયનો પક્ષ છે. અનેકરૂપ અર્થાત્ ગુણ-પર્યાયોના ભેદથી ભગવાન અનેકરૂપ છે. તે જ્ઞાનરૂપ છે, દર્શનરૂપ છે, પર્યાયરૂપ છે એવા વ્યવહારનયનો પક્ષ છે તેને તો છોડાવતા આવ્યા છીએ. બીજો નયનો પક્ષ છે જીવ નાનારૂપ નથી. આત્મા ચિદાનંદ એકરૂપ જ છે. તે નિશ્ચયનયનો પક્ષ છે. એ પણ છે પક્ષ કે-હું અભેદ એકરૂપ, ચિદાનંદ અનાકુળ આનંદકંદ છું.

સક્કરકંદનું દૃષ્ટાંત આપીએ છીએ ને! સક્કરકંદ હોય છે તેની લાલ છાલને ન જુઓ તો તે આખો સકર નામ સાકરની મીઠાસનો પિંડ છે. તેથી તેને સક્કર કહ્યું છે. તે સક્કર લાલ છાલ વિનાનો અંદરમાં આખો મીઠાસનો પિંડ છે. તેમ આત્મા વિકલ્પની છાલ વિનાનો આનંદકંદ છે. પ્રભુ પૂર્ણ આનંદનું દળ છે. પોતાની નજરું નિધાન ઉપર ગયા વિના નિધાનનો પત્તો લાગશે નહીં. બહારમાં અને શાસ્ત્રમાં નજર ફેરવ્યા રાખે ત્યાં આત્મા છે નહીં. બહારમાં તેને આત્માનો પત્તો નહીં લાગે.

ભગવાન એકરૂપ છે. એકરૂપ છે ને! એકરૂપ ધ્રુવ ચિદાનંદ સામાન્ય સ્વરૂપ અંદરમાં છે તેનો પક્ષ કરવો કે -હું એક છું, સામાન્ય છું એવો વિકલ્પ પણ દુઃખરૂપ છે.

**“આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાત રહિત છે.”** પાઠમાં ‘નિરંતર’ એવી ભાષા છે. નિરંતર ચૈતન્ય, ચૈતન્ય, ચૈતન્ય એવા પક્ષપાત રહિત તત્ત્વને જાણવાવાળો છે. તે તત્ત્વને નિરંતર જાણે છે. આહાહા! એકરૂપ છે એવા વિકલ્પને છોડીને તેને નિરંતર એકરૂપતાનું વેદન છે. હવે તેને કાંઈ હું આવો છું, રાગથી ભિન્ન છું તેવું ભેદજ્ઞાન કરવું પડતું નથી.

અહીં કહે છે- ‘નિરંતર’ આહાહા! જ્યાં વિકલ્પથી ભિન્ન પડયો અને નિર્વિકલ્પ ભગવાનને (લક્ષમાં) લીધો. એ સત્તાને પર્યાયે (લક્ષમાં) લીધો તો તે તત્ત્વવેદી હવે નિરંતર તત્ત્વસ્વરૂપ જ છે.. બસ. ધર્મી તો તત્ત્વના વેદનને કરવાવાળો તત્ત્વવેતા જ છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શાસ્ત્રવેતા આવો હોતો નથી. તે તો તત્ત્વવેતા જ છે. તત્ત્વ નામ ભગવાન આનંદકંદ જ્ઞાયકભાવ તેનો વેતા નામ જાણવાવાળો છે.. તેમાં કોઈ પક્ષપાત છે નહીં. આવી વાત છે.

હજુ અહીંયા તો વ્યવહારથી ધર્મ થાય મોક્ષમાર્ગ થાય એમ માને છે. ગજબ વાત છે. એક પંડિત કહે -શુભજોગ તે મોક્ષનો માર્ગ છે.. અને શુભજોગને જે હેય માને તે મિથ્યાદૃષ્ટિ છે. તેમની સામે બીજા પંડિતે લખ્યું કે -શુભજોગને કુંદકુંદાચાર્ય હેય માને છે તો તે મિથ્યાદૃષ્ટિ છે? આ બધું જૈનસંદેશમાં આવ્યું છે. અરે.. આ તારી ચર્ચા ક્યાંથી નીકળી? જ્યારથી સોનગઢથી નીકળ્યું છે ત્યારથી આ ચર્ચા ચાલી છે. નહીંતર બધું પડયું હતું એમ ને એમ. એ કહે છે કે- શુભજોગ તે મોક્ષનો માર્ગ છે. અહીંયા કહે છે કે -શુભજોગ તે તો ઝેર છે. હું એકરૂપ છું એવો વિકલ્પ તે ઝેર અને દુઃખરૂપ છે. સમજમાં આવ્યું? દયા-દાન-વ્રત-તપ અપવાસ આદિના વિકલ્પ એ શુભજોગ છે તે દુઃખરૂપ છે. તે તો આત્મામાં છે નહીં.. તેનું નામ અનેકાન્ત છે. સમજમાં આવ્યું?

આહા! નિરંતર એકરૂપતાનું વેદન જેને ચાલે છે તેને અહીંયા સમ્યગ્દૃષ્ટિ અને ધર્મી કહે છે. સમજમાં આવ્યું? બહુ ઝીણી વાતું બાપુ! અહીંયા તો હજુ બહારમાં સામાયિક કરી પોષા કર્યા, પડિકમણા કર્યા, ભક્તિ કરી, પૂજા કરી, દાન કર્યા તો થઈ ગયો ધરમ! ધૂળમાંય ધર્મ નથી સાંભળ તો ખરો. ધૂળમાં અર્થાત્ પુણ્યાનુબંધી પુણ્યેય નથી.

ભગવાન આ કોઈ પક્ષ નથી, આ કોઈ વાડો નથી. આ તો વસ્તુનું સ્વરૂપ છે નાથ! તારી ચીજ આનંદકંદ વિકલ્પાતીત છે તેમ પહેલાં અનુભવ અને શ્રદ્ધા તો કરો. એ ચીજ છે તેનો અનુભવ કરવો તે ધર્મ છે. બાકી બધા થોથાં છે. બધા મરી જશે અને હાલ્યા જશે. અબજોપતિ, કરોડપતિ એ બધા પતિ જડના પતિ છે.

અહીંયા તો કહે છે -પ્રભુ તું એકરૂપ છો એવો વિકલ્પ પણ છોડી દે.

## કલશ-૮૬ : ઉપર પ્રવચન

એક નય, જીવ જાણવા યોગ્ય છે તેમ કહે છે તે યથાર્થ છે. પણ.. તે વિકલ્પ છે. જીવ જાણવા યોગ્ય છે એવો વિકલ્પ છે તે નિશ્ચયનો પક્ષ છે. બીજો પક્ષ જીવ જાણવા યોગ્ય નથી તે વ્યવહારનો પક્ષ છે. પોતાનું સ્વરૂપ જાણવા યોગ્ય નથી તે અજ્ઞાનનો વ્યવહારનો પક્ષ છે... તેને છોડી દે.

જીવ જાણવાલાયક જ છે. હું જાણવાલાયક છું; જાણવાલાયક છું. મારા સમ્યક્ મતિ શ્રુતજ્ઞાનથી હું પ્રત્યક્ષ જાણવાલાયક છું... એવો જે વિકલ્પ ઉઠે છે તે પણ પક્ષ છે એમ કહે છે. પક્ષાતિક્રાંત થતાં પ્રત્યક્ષ થાય જ છે. વિકલ્પની અપેક્ષા છોડીને તે પોતાના મતિ-શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ થાય છે. આહાહા! હું પ્રત્યક્ષ જાણવાલાયક છું એવા વિકલ્પનો પણ ત્યાં અવકાશ નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આજે ઘણાં પ્રશ્નો આવ્યા હતાં. હમણાં પ્રશ્ન થયેલો કે-મતિશ્રુત પ્રત્યક્ષ હોય છે? (ઉત્તર) ૪૭ શક્તિમાં આપણે પ્રકાશ શક્તિ ચાલી ગઈ. તે તો સ્વસંવેદન પ્રત્યક્ષ થવા લાયક જ છે... તેવો તેમાં એક ગુણ છે. આત્મામાં પ્રકાશ નામનો ગુણ છે, તેનું કાર્ય સ્વસંવેદન. પોતાનું પોતાથી વેદન થવું... તે તેનો ગુણ છે. બારમી શક્તિ આવી હતી ને!

જીવત્ત્વ, ચિત્તિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શી, સર્વજ્ઞત્વ, સ્વચ્છત્વ અને પ્રકાશશક્તિ બારમી છે. આહાહા! ૪૭ શક્તિ છે તેમાં પ્રકાશશક્તિ નામની શક્તિ આત્મામાં છે. ભગવાન કહે છે કે -તારામાં પણ એવો એક ગુણ છે. તારામાં એક શક્તિ છે કે પર્યાયમાં બધું પ્રત્યક્ષ હો એવી તારામાં એક શક્તિ છે. પરોક્ષ રહેવું એ તારો સ્વભાવ નથી.

મતિ શ્રુતજ્ઞાન પોતાને પ્રત્યક્ષ જાણે છે. મતિશ્રુતજ્ઞાન પોતાને જાણતાં પ્રત્યક્ષ થઈ જાય છે. ૧૪૨ ગાથાના શ્લોકમાં એમ છે કે -જે મતિશ્રુતજ્ઞાન પરસન્મુખ છે તેને વિકલ્પાતીત કરી અને તેને સ્વસન્મુખ કરવા. જે મતિજ્ઞાન છે, જેનો ઝુકાવ પર તરફ છે, પરને જાણવામાં જેનો ઝુકાવ છે તે મતિ-બુદ્ધિને અંતર્મુખ કર. આહાહા! તારી ચીજ ત્યાં અંદરમાં પ્રત્યક્ષ જાણવા લાયક પડી છે. સૂક્ષ્મ વાત છે ભાઈ! લોકોએ ધર્મના નામે સ્થૂળ કરી નાખ્યું, વિપરીત કરી નાખ્યું. ભગવાન આત્મા જ્ઞાનમાં પ્રત્યક્ષ જાણવા લાયક છે એવો વિકલ્પ પણ છોડવા લાયક છે.

આહાહા! અરે.. ! જિંદગી ચાલી જાય છે. જે એક ક્ષણ જાય છે તે મૃત્યુની સમીપ જાય છે. દેહની સ્થિતિ જ્યારે છૂટવાની તે નિશ્ચિંત છે. આવે છે ને કે - "જે જે દેખી વીતરાગને તે તે હોંશી વીરા." જે સમયે જે થશે તે થશે જ. જે સમયે જે ક્ષેત્રે દેહ છૂટવાનો તે સમયે દેહ ભિન્ન થશે. આ વાત સ્વામી કાર્તિકેયમાં છે. દેહ છૂટવાનો તે નિશ્ચિત છે, તેથી જેટલી પળ સમય જાય છે તે મૃત્યુની સમીપ જાય છે. તે એમ જાણે કે- અમે મોટા થઈએ છીએ અને ભગવાન કહે તમે મૃત્યુની સમીપ જાઓ છો. અંદરમાં આત્મા જે છે તે છે. અંદર તો અમૃતનો સાગર પડયો છે.

અહીંયા કહે છે કે તે પોતાથી પોતે જાણવા લાયક છે.. તેવા પક્ષનો વિકલ્પ છોડી દે! જાણનારો તો પોતાથી જાણવાલાયક છે. પોતાથી જાણવા લાયક છે તે પક્ષ છોડી દે! બીજાથી તે જાણવા લાયક છે? એવો બીજો અર્થ છે? એમ નથી. આત્મા જાણવા લાયક નથી એ પક્ષને તો છોડી દે! ભગવાન ચિદાનંદમૂર્તિ જાણવા લાયક છે, નથી જાણવા લાયક તે વાતને લક્ષમાંથી જ્ઞાનમાંથી પણ છોડી દે!

પ્રવચનસાર અલિંગગ્રહણમાં આવ્યું છે કે- પોતાના સ્વભાવથી જાણવા લાયક પ્રત્યક્ષ જ્ઞાતા છે. તે પરથી જાણવામાં આવતો નથી. પોતાનો સ્વભાવ શુદ્ધ ચિદાનંદ પ્રભુ! તેનાથી જાણવામાં આવે છે.... તેવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહાહા! પ્રત્યક્ષ જ્ઞાતા જ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેનો સ્વભાવ છે. આહાહા ! આવી વાતું છે. સમજમાં આવ્યું ?

ભાઈ ! માર્ગ આ છે. એનો પહેલાં પક્ષ તો કરે. ( ભલે ) વિકલ્પથી પક્ષ કરે કે- આ ચીજ આવી જ છે પછી વિકલ્પાતીત થવું એ તો અંદરની ત્રીજી ચીજ છે. એ તો હજુ વ્યવહારના વિકલ્પના પક્ષમાં ઉભો છે. વ્યવહારથી થાય અને આનાથી થાય એ બધી વિપરીત દૃષ્ટિ છે ભાઈ !

અરેરે.... ! આ શરીર ને વાણી ને કર્મ એ બધાં ભભકા દેખાય તે મસાણના હાડકાના ફોસફરસ છે. તે મસાણના હાડકાં છે. સ્મશાનમાં બાળક જાય ત્યાં ચમક... ચમક થાય તો લોકો કહે ત્યાં ભૂત છે. ત્યાં ભૂત ક્યાં હતું ? એ તો મસાણનાં હાડકાં છે. માણસને બાળીને પછી જે હાડકાં પડયાં હોય તેમાં ચમક થાય છે એને શું કહેવાય ? ફોસફરસ. બાળક સમજે નહીં તેથી તેને એમ થાય કે –ત્યાં ભૂત છે, ત્યાં કાંઈ ભૂત છે નહીં. તે હાડકાની ફોસફરસ છે. તેમ આ બહારની જે ચીજ છે તે હાડકાંની ફોસફરસ છે. આહાહા ! એ મસાણની ફોસફરસ છે.

જાણવા લાયક એવો ભગવાન અમૃતનો સાગર અંદર પડયો છે. આહાહા ! એ તરફ નજર નથી, એ તરફ વલણ નથી, એ તરફ ઝૂકાવ નથી. મતિ-શ્રુતજ્ઞાનનો ઝુકાવ પર તરફ છે.

અહીં કહે છે કે- આત્મા જાણવા લાયક છે તે નયનો-વિકલ્પનો પક્ષ છે. આ વાત નિશ્ચયથી લીધી. આ પહેલો બોલ થયો. આ પ્રમાણે ચિત્સ્વરૂપ જીવનાં સંબંધમાં બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેતા છે તે આત્મા જાણવા લાયક છે એવા વિકલ્પને છોડીને તત્ત્વવેદી થયો છે. જુઓ તો આ ક્રિયા ! વિકલ્પનો પણ પક્ષ છોડીને તે તત્ત્વવેદી થયો.

તત્ત્વવેદી અર્થાત્ જ્ઞાયક સહિત વેતા... તેનો જાણનારો હોય છે તેનું નામ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને ધર્મ કહેવામાં આવે છે. બાકી બધું થોથાં છે.

આહાહા ! તેને ખબરે ન પડે... , એ માને કે- અમે સામાયિક કરી, પોષા કર્યા, પડિકમણા કર્યા; ધૂળેય નથી એ સામાયિક. આ ચીજ શું છે તેની દૃષ્ટિની તને ખબર નથી અને સામાયિક ક્યાંથી આવી ગઈ ? સ્થાનકવાસીમાં તો બહુ ચાલે કે- સામાયિક કરો, પોહા કરો, પડિકમણા કરો,... અહીં કહે છે- ધૂળમાંય ક્યાંય ધરમ નથી.

**પ્રશ્નઃ**- પોષા એટલે શું ?

**ઉત્તરઃ**- પૌષધ એટલે ચોવીશ કલાક આહાર પાણી ન લ્યે. આ સવારથી બીજી સવાર સુધી આહાર-પાણી છોડી દૈ. ચણા હોય છે ને ચણા.. એને પાણીમાં નાખે તો પોચા થાય છે. એમ આત્માના ગુણ દ્વારા પોષણ કરવું તે પોષા. આવું તો ભાન નહીં અને ચોવીસ કલાક આહાર ન ખાવ, પાણી જ પીવે તે પૌષધ છે. અરે ! એ ધૂળમાંય

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૌષધ નથી.

**શ્રોતાઃ-** લોકમાં પ્રસિદ્ધિ થાય ને ?

**ઉત્તરઃ-** લોકો પણ બધા એવા હોય ગાંડા, ગધેડાં જેવા. એની પાસે શું હોય ? જેમ ગધેડાં ભૂંકે એમ ભૂંકે કે -અમે સામાયિક કરી, પડિકમણા કર્યા. તેમને તત્ત્વની તો કાંઈ ખબર નથી. ક્યાંથી આવી તારી સામાયિક! સામાયિક એટલે સમ+આય અર્થાત્ વીતરાગતાનો લાભ થાય છે... તે સામાયિકનો અર્થ છે. તને વીતરાગતાનો લાભ ક્યાંથી થયો ? ણમો અરિહંતાણમ્, ણમો સિદ્ધાણમ્ તેમા થઈ ગઈ સામાયિક! ધૂળમાંય સામાયિક નથી. કદાચિત્ શુભરાગ છે પણ તે અધર્મ છે.

**શ્રોતાઃ-** ગુરુદેવ એ તો અહીંયા ( સોનગઢમાં ) બોલાય.

**ઉત્તરઃ-** અમે તો ત્યાં સંપ્રદાયમાં કહ્યું ' તું. ૮૫ની સાલમાં બોટાદમાં મોટી સભા હતી. ત્યાં ૭૫ તો ઘર હતાં. ત્યારે વ્યાખ્યાનમાં કહ્યું હતું કે- મહાવ્રતનો ભાવ તે આસ્રવ છે. અને બીજું- જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ ધર્મ નહીં અધર્મ છે. આહાહા ! પરંતુ લોકોને વિશ્વાસ નહીં. હવે તો બોટાદમાં ઘર વધી ગયા. ત્યારે માણસ ઘણા વ્યાખ્યાનમાં આવતા હતા. કાનજી સ્વામી વાંચન આપે છે તો આખો અપાસરો અને બહાર શેરીમાં માણસો ભરાય જાય. અમે તો ૭૪ની સાલથી વ્યાખ્યાનમાં આ વાત કહેતા હતા. ૫૯ વર્ષ થયા. ત્યારે અમારું નામ બહારમાં ઘણું જ પ્રસિદ્ધ હતું. લોકોમાં ઘણી જ પ્રસિદ્ધિ હતી. જાણપણાની વાત કરે તો લોકો એક ધારાએ સાંભળે બિચારા. આ અમારા હસમુખના બાપા ને એ બધા હતા.

આહાહા ! અહીં કહે છે -જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ ધર્મ નહીં પ્રભુ ! ધર્મથી બંધ થતો નથી. જે ભાવે બંધ થાય એ ભાવ ધર્મ નહીં. સમ્યગ્દૃષ્ટિને શુભભાવ આવે છે પણ તે હેય છે. " સોલહકારણ ભાવના ભાય તો તીર્થંકર પદ પાય. " અહીં પેલાં પૂજારી હતાં ને ? એ બહુ પૂજા કરાવતા હતા. તીર્થંકર પદ એટલે જાણે શું હશે ! ! અહીંયાં તો આત્મપદ પામે એ વાત છે. જે ભાવે તીર્થંકર ગોત્ર બાંધે એ ભાવ પણ અધર્મ અને રાગ છે. આહાહા ! નિશ્ચયથી તો એ પાપ છે.

**શ્રોતાઃ-** એવું માનનારને તીર્થંકરગોત્ર બંધાય છે.

**ઉત્તરઃ-** એવો વિકલ્પ આવી જાય છે. દૃષ્ટિમાં તેનો નિષેધ છે. તેની દૃષ્ટિ તો શુદ્ધ ચૈતન્ય ઉપર છે.. તેને આવો વિકલ્પ આવે છે, અજ્ઞાનીને આવો વિકલ્પ છે નહીં. સમજમાં આવ્યું ?

અહીંયા કહે છે- જીવ જાણવા લાયક છે. આહાહા ! જાણવા લાયક તો એક આત્મા જ છે. બીજી જાણવા લાયક ચીજને તો છોડી દીધી પરંતુ એક આત્મા જાણવાલાયક છે એવો જે વિકલ્પ છે, વૃત્તિ ઊઠે છે તેનાથી શું ? ત્યાં સુધી આવ્યો તેનાથી શું ? આહાહા !

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દિગમ્બર સંતોની વાણી તો જુઓ ! અહીંયા સુધી આવ્યો કે- જાણવા લાયક આ જ છે, બીજું જાણવા લાયક નથી.... એવા વિકલ્પમાં આવ્યો, એવી વૃત્તિ ઊઠી તો તેનાથી શો ફાયદો ? એનાથી તને લાભ શો થશે ભગવંત ! હવે વિકલ્પાતીત થાને ! તત્ત્વવેતા છે તે પક્ષપાત રહિત છે. તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. જાણવા લાયક જીવ જાણવા લાયક થઈ ગયો. પોતાનું સ્વરૂપ જાણવા લાયક છે. દેવ-ગુરુ-શાસ્ત્ર પર છે એ બધા વ્યવહારે ( જ્ઞેય ) છે. એને જાણવું તે પરસત્તાવલંબીજ્ઞાન છે. પોતાની નિજ સત્તા જ્ઞાયક, આનંદ સ્વરૂપ તે જ જાણવા લાયક છે તેવું વેદનમાં આવવું તેને અહીંયા તત્ત્વવેદી-તત્ત્વવેતા કહેવામાં આવે છે. તેને અહીંયા સમ્યગ્દૃષ્ટિ અને ધર્મની પહેલી સીઢીવાળો કહેવામાં આવે છે.

## કલશ-૮૭ : ઉપર પ્રવચન

શ્રી પ્રવચનસાર ચરણાનુયોગચૂલિકા ગાથા ૨૦૨માં આવે છે ને કે- આત્માના આનંદનો અનુભવ થયો પછી હવે વિશેષ રમણતા કરવા માટે જંગલમાં જવા માટે અને સાધુપદ લેવા માટે માતા પાસેથી રજા માગે છે. આહાહા ! તે માતાને કહે છે- હે જનેતા ! મારી આનંદરૂપી જનેતા તો મારી પાસે છે. તમે તો શરીરની જનેતા છો-જનક છો, મારા આત્માની જનક તું નહીં. મારી દેખવા લાયક ચીજ તો મારામાં છે તેને મેં દેખી અને હવે તેમાં લીન થવા હું જાઉં છું.

આહાહા ! માતા રડે છે તો કહે છે- જનેતા એક વાર રોઈ લે ! પરંતુ બા, અમે કોલકરાર કરીએ છીએ કે હવે ફરીને જનેતા નહીં કરીએ. હવે ફરીને માતા નહીં મળે કેમ કે અમે તો હવે અશરીરી થઈ જવાના. અમે હવે ફરીને અવતાર નહીં લઈએ.

તે માતાને એમ કહે છે કે-માતા ! અમને રજા આપો.... અમે અમારી આનંદમાતા પાસે જઈએ છીએ. તે આનંદની જનેતા છે. આનંદની ઉત્પત્તિ થઈ તે મારો આત્મા છે ત્યાં મારો આનંદ છે... ત્યાં હું જાઉં છું.... માતા ! એકવાર રજા દે ! તારે રોવું હોય તો રોઈ લે ! પરંતુ અમે હવે ફરી જનેતા-માતા નહીં ધારશું. ૮૦ની સાલમાં એક કડી આવડતી હતી તે એ વખતે બોલતા હતા. લોકો તો આમ.. ( ડોલી ) ઉઠતા.

**अजैव धम्मम् पडिवज्जयामो , जहिं पुवणान पुनमभवामो;**
**अणागयेण एव य स्थितिंचि , श्रद्धारवमम्एव विण ए तुणागम्।**

આ ગાથા જ્યારે સંપ્રદાયમાં ચાલતી હતી ત્યારે લોકોને ( બહુ વૈરાગ્ય આવે. ) શું કહે છે ? માતાને એમ કહે છે કે -" अजैव धम्मम् पडिवज्जयामो.. " હે માતા ! હું આજે મારી આનંદની દશા એવી જ્ઞાન દર્શન ચારિત્રને અંગીકાર કરવા જાઉં છું. ... હે માતા !

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હું મારા આનંદ સ્વરૂપને ગ્રહણ કરવા માટે જાઉં છું. જેને ગ્રહણ કરવાથી માતા ! .... “ **भवावो** ” બીજા ભવ હવે અમે નહીં કરીએ.

“ **जहिं पुवणान पुनमभवामो** ” પોતાના સ્વરૂપને ગ્રહણ કરવા જાઉં છું. હવે હે માતા ! ‘ **पुनमभवामो** ’ પોતાની આનંદની રમણતાને અંગીકાર કરવાથી... હવે હે માતા ! ફરીને ભવ ધારણ નહીં કરીએ. “ **अजैव धम्मम् पडिवज्जयामो** ” શબ્દ પડયો છે. “ **अजैव धर्म परिवर्जयामि** એટલે અંગીકાર કરીશ. “ **जहिं पुवणान पुनमभवानो** ” પોતાના આનંદને અંગીકાર કરવાથી.... ફરીને હવે ભવ ધારણ નહીં કરીએ. અંતે અશરીરી સિદ્ધ થવાને લાયક છું. “ **अणागयेण एव य स्थितिंचि** ” માતા જગતમાં કઈ ચીજ અણપામેલ રહી ગઈ હોય !

આહા ! માતા જગતમાં આ આત્મા સિવાય બધી ચીજ અનંતવાર મળી ગઈ છે. પૈસા, બાયડી ને ધૂળધાણી. “ **अणागयेल एव च स्थितिंचि** ” અણાગયેલ એટલે માતા; અણ પામેલ કઈ વસ્તુ છે ? હે માતા ! જે અમને અપૂર્વ લાગે છે. ‘ **श्रद्धारवमएवविण ए तुणागम्** ’ હે માતા ! શ્રદ્ધા કરીને ! અમારા પ્રત્યેનો રાગ છોડીને અમને રજા દઈ દે. અમે એકલા જંગલમાં ચાલ્યા જઈશું અને આત્મ સાધના કરીશું.

બાપા ! મુનિપણું આને થયું કહેવાય. આ બહારની ક્રિયા તે મુનિપણું નથી. ભાઈ ! તને ખબર નથી. એ... આનંદના ધ્રુવધામમાં વસવું તેનું નામ મુનિપણું છે. એવી દશા કોઈ અલૌકિક છે.

આત્મા જાણવા લાયક છે તે વાત સાચી છે પરંતુ આત્મા દેખવા લાયક છે તેવા પક્ષનો ત્યાગ કરવો પડશે. બીજો પક્ષ કે- આત્મા દેખવા લાયક નથી એ પણ નય છે. બીજું દેખવા લાયક છે અને આત્મા દેખવા લાયક નથી એ પણ નય છે. બીજું દેખવા લાયક છે અને આત્મા દેખવા લાયક નથી ( તે વ્યવહારનો પક્ષ છે ). આ જોયું... આ જોયું.. ધૂળ ને ધાણી બહારના પદાર્થ છે તે દેખવા લાયક છે એમ અજ્ઞાની કહે છે. તેનો તો અહીંયા નિષેધ કરી દીધો. પરંતુ પોતાનો આત્મા દેખવા લાયક છે એવા વિકલ્પનો પક્ષ પણ છોડી દે નાથ ! આહાહા ! સમજમાં આવ્યું ?

અહીં કહે છે કે- એક નયનો પક્ષ છે જીવ દૃશ્ય નથી, બીજી નયનો પક્ષ છે જીવ દૃશ્ય છે. એ પ્રમાણે ચિત્સ્વરૂપ જીવના સંબંધમાં બે નયોના પક્ષપાત છે. તત્ત્વવેતા પક્ષપાત રહિત છે. હું દેખવા લાયક છું એવી દેખવાની વૃત્તિ તેનાથી રહિત તત્ત્વ છે. તેને જ્ઞાનદર્શન ને ચારિત્ર કહે છે.

તે નિરંતર ચિત્સ્વરૂપ એટલે પોતાની દર્શન પર્યાયથી નિરંતર પોતાને દેખે છે. આહાહા ! ‘ નિરંતર ’ શબ્દ છે. નિરંતર દેખે છે.. તે તેનો ધર્મ નામ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. બાકી બધી વાતું છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન નં. ૮૭ તા. ૬-૯- '૭૭

## કલશ - ૮૮ : ઉપર પ્રવચન

કળશટીકા તેનો કર્તાકર્મ અધિકાર. કળશ ૮૮ છે. ભગવાન આત્મામાં બે પક્ષ છે. શુભાશુભ ભાવ તો દૂર રહો કેમ કે તે તો આત્મામાં છે જ નહીં. પરંતુ અહીંયા વસ્તુ સ્વરૂપ જેવું છે તેવો પક્ષ કરવો તે પણ એક વિકલ્પ છે.

**"જીવ વેદ્ય ( વેદવા યોગ્ય, જણાવા યોગ્ય ) છે એવો એક નયનો પક્ષ છે"** જીવ જ્ઞાત થવા યોગ્ય છે. જીવ જણાવા લાયક છે અને જાણવા લાયક નથી તે તો પહેલાં ૮૬માં આવી ગયું. જાણવા યોગ્ય નથી તે વ્યવહારપક્ષ છે. જાણવા યોગ્ય છે તે નિશ્ચયપક્ષ છે.. પણ તે બન્ને વિકલ્પ અને પક્ષ છે.. જીવ જાણવા યોગ્ય છે અથવા જણાવા લાયક છે, એવો વિકલ્પ પણ આવે છે.. તો પણ તેનાથી આત્માને શું લાભ થયો ? આહાહા ! એ તો વિકલ્પ-રાગ છે. આહાહા ! દયા-દાન, વ્રત-ભક્તિનો રાગ તેની તો વાત અહીંયા કરી એ નથી.

ભગવાન ચૈતન્ય સ્વરૂપ જાણવા લાયક છે, એ તો જણાવાલાયક છે. જણાવા લાયકનો પ્રશ્ન ચાલે છે. અહીં વેદવું એ સમજમાં આવ્યું ? ૮૬ કળશમાં- જાણવા લાયક છે તેમ આવ્યું ' તું. અહીં વેદવાની વાત છે-બન્નેમાં ફેર છે.

અગાઉ કળશમાં આવ્યું કે -આત્મા જાણવા લાયક છે. તે એક પક્ષ. બીજો પક્ષ- આત્મા જાણવા લાયક નથી.. તે બન્ને વિકલ્પ-પક્ષ છે. ( આત્મા જાણવા લાયક નથી ) એવો વ્યવહારનો પક્ષ તો છોડાવતા આવ્યા છીએ, આત્મા જાણવા લાયક છે તેવો વિકલ્પનો પક્ષ પણ છોડાવે છે. જ્યારે નિશ્ચયનો પક્ષ છૂટે છે ત્યારે સમરસીભાવ તે વીતરાગભાવ છે. અહીં નયપક્ષથી છોડાવે છે. વીતરાગભાવ વેદનમાં આવે છે તેનું નામ સમ્યગ્દર્શન ને જ્ઞાન અને મોક્ષનો માર્ગ કહીએ.

હું જણાવા લાયક છું અથવા જણાવા લાયક નથી તે બન્ને વ્યવહાર છે. જાણવા લાયક નથી તે વ્યવહારનો પક્ષ છે. આત્મા જાણવા લાયક છે તે નિશ્ચયનો પક્ષ છે. ( તે બન્નેથી ભિન્ન ) ચીજ તો અલૌકિક છે. ચૈતન્યબિંબ પ્રભુ છે તેને પકડવાનો... અર્થાત્ તે હું જાણવા લાયક છું, જાણવા લાયક છું.. એવો વિકલ્પ પણ ત્યાં કામ નથી કરતો. આવો માર્ગ છે એટલે જુઓ ! લોકોને કઠણ પડે પણ શું થાય.. ભાઈ !

પહેલાંના ૬૦ માં કળશમાં આવી ગયું કે- **"જ્ઞાન ભિન્ન, ક્રોધ ભિન્ન-એવું અનુભવવું ઘણું જ કઠણ છે."** અંદર પાંચ-છ લીટી પછી ટીકામાં છે. સો જ્ઞાન ભિન્ન; ક્રોધ ભિન્ન. ક્રોધ શબ્દે વિકલ્પ ભિન્ન." **ઉત્તર આમ છે કે સાચે જ કઠણ છે."** આ તો ( રાજમલજીએ ) પોતે સ્વયં પ્રશ્ન મૂક્યો છે. ઓહોહો ! વિકલ્પથી ભિન્ન પડવું, નયપક્ષથી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પક્ષાતિક્રાંત થવું એ કઠિન છે. ત્યાંથી જ ધર્મની શરૂઆત છે. બીજી વાત તો ક્યાંય રહી ગઈ. જાણવા લાયક છે, હું જાણવા લાયક છું એવા પક્ષમાં અર્થાત્ રાગથી ભિન્ન પાડવો અતિ કઠિન છે. " **આમ છે કે સાચે જ કઠણ છે. પરંતુ વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે.** "

આહાહા ! ભગવાન ! તારી ચીજ તો સૂક્ષ્મ છે. ભગવાન તારી ચીજ તો ભગવત્ સ્વરૂપ, વીતરાગ સ્વરૂપ બિરાજમાન છે. ( વસ્તુ ) સચ્ચિદાનંદ પ્રભુ છે. સત્ નામ શાશ્વત જ્ઞાન ને આનંદના સ્વભાવથી ભર્યો પડયો અંદર બિરાજે છે. તે શુદ્ધ સ્વરૂપને વિચારતાં.. ! શું કહ્યું ? વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં, વિચારવાનો અર્થ-શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન કરતાં.. , ભગવાન શુદ્ધ સ્વરૂપ છે તે તરફ ઝુકવાથી... અર્થાત્ તેનું જ્ઞાન કરવાથી. આહાહા ! રાગ અને પરના વિકલ્પ તો તે અનાદિથી કરે છે... તે પરપ્રકાશકજ્ઞાન મિથ્યાજ્ઞાન છે. આહાહા ! જેમાં સ્વપ્રકાશક આત્મા ન મળે અને એકલું પરનું જાણવું એ તો મિથ્યાજ્ઞાન છે.

આહાહા ! વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં અર્થાત્ શુદ્ધનું જ્ઞાન કરવાથી. વિચારનો અર્થ જ્ઞાન કર્યો. એક શ્લોકમાં વિચારનો અર્થ વિકલ્પ નાખ્યો છે. આમાં આવી ગયું છે... વિચાર આદિને વિકલ્પમાં નાખ્યા છે. એક જગ્યાએ છે. ખ્યાલમાં છે કે આ બાજુ ક્યાંક છે ! એવું કાંઈ બધું યાદ રહે ? ક્ષયોપશમ એવો છે કે -બધું જ કાંઈ યાદ ન રહે, ભાવ યાદ રહે છે.

આહાહા ! વિચાર પણ વિકલ્પ છે. એ તો વિકલ્પવાળો વિચાર. જ્યારે અહીંયા ૯૦ મા કળશમાં વિચારતાં એટલે જ્ઞાન કરતાં. " **શુદ્ધ સ્વરૂપ વિચારતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે.** "

પર્યાયમાં શુદ્ધ વસ્તુ સ્વરૂપનું જ્ઞાન કરતાં તે વસ્તુ પર્યાયમાં નથી આવતી. પરંતુ પર્યાયમાં તેનું જ્ઞાન આવે છે. આત્મા જેટલાં સામર્થ્યવાળો પદાર્થ છે તેનું પર્યાયમાં જ્ઞાન આવે છે.

ચૈતન્યસ્વરૂપ જ્ઞાયકભાવને જાણવાવાળો વિકલ્પથી રહિત છે, પક્ષપાત રહિત છે, તે સમરસીભાવમાં લીન છે. વિકલ્પ તો વિષમભાવ છે. હું જણાવા લાયક છું અથવા જણાવા લાયક નથી એવો વિકલ્પ પણ વિષમભાવ છે, દુઃખરૂપ છે. ધર્મીજીવ આવા વિકલ્પને છોડીને.. સમરસીભાવનું વેદન કરે છે.... તેને નિર્વિકલ્પદશા કહેવામાં આવે છે.

અરે પ્રભુ ! ધર્મ તો વીતરાગભાવ છે. વીતરાગનો માર્ગ વીતરાગભાવથી પ્રાપ્ત થાય છે.... કે રાગ ભાવથી ? રાગભાવ તે તો વીતરાગનો માર્ગ જ નથી. ભગવાન આત્મા આનંદનું વેદન કરવા લાયક છે અને વેદન કરવાલાયક નથી તે બન્ને વિકલ્પ છે. વેદવા લાયકનો અર્થ જાણવા લાયક કર્યો. આ તો ધીરાના કામ છે બાપુ ! કળશમાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'નિભૃત' શબ્દ આવે છે અર્થાત્ તે તો ચિંતા રહિત જીવનું કામ છે. સમ્યગ્દર્શનમાં, શુદ્ધોપયોગમાં રાગરહિત નિર્વિકલ્પ વસ્તુનું ભાન થાય છે. વિકલ્પનો પક્ષ તો અશુદ્ધ ઉપયોગ છે. વિકલ્પાતીત અનુભવ શુદ્ધોપયોગ છે. કેટલાક લોકો કહે છે કે-અત્યારે શુદ્ધોપયોગ થતો નથી, શુદ્ધોપયોગ તો સાતમા ગુણસ્થાને થાય છે. અરે પ્રભુ! વસ્તુની પ્રથમ પ્રાપ્તિ શુદ્ધોપયોગમાં જ થાય છે. તત્ત્વવેતા અર્થાત્ તત્ત્વને જાણવાવાળા વિકલ્પને છોડીને શુદ્ધોપયોગથી તત્ત્વને જાણે છે.

આહાહા! ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. એ વીતરાગતા ક્યારે થાય છે? વિકલ્પને છોડીને જ્યારે વીતરાગસ્વભાવથી આત્માને જાણે છે ત્યારે વીતરાગતા આવે છે. સૂક્ષ્મ વાત છે પ્રભુ! તારી પ્રભુતાની બલિહારી છે નાથ! ચારે અનુયોગનો મર્મ આ જ છે.

"જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ;
યહી વચન સે સમઝ લે, જિન પ્રવચનકા મર્મ."

આહાહા! બધા અનુયોગનો સાર તો -મર્મ તો આ એક છે- ભગવાન તારી ચીજ આનંદસ્વરૂપ છે તે વેદવા લાયક છે. એ વાત છે તે બરોબર છે પરંતુ એવો જે વિકલ્પરૂપ પક્ષ છે તે શુભભાવ છે અને આનંદ વેદવા લાયક નથી અને દુઃખ વેદવા લાયક છે એ પક્ષ તો તદ્દન જૂઠો છે.

આહાહા! ભગવાન અતીન્દ્રિય આનંદ સ્વરૂપ પ્રભુ છે તે અતીન્દ્રિય આનંદની પર્યાયથી જાણવામાં આવે છે.. એ સમરસ વીતરાગભાવ છે. સમ્યગ્દર્શન છે તે વીતરાગભાવ છે. કોઈ કહે કે- ચોથા ગુણસ્થાને તો સરાગ સમકિત થાય છે. એ ચર્ચા ઘણી ચાલે છે. અહીં કહે છે- તો એમ નથી. ભગવાને જે સરાગ સમકિત કહ્યું એ તો સમકિતીની ચારિત્રના દોષવાળી દશાનું વર્ણન છે. સમકિત સરાગ છે જ નહીં. સમ્યગ્દર્શન તો વીતરાગ જ છે ભાઈ! કેમ કે પૂર્ણાનંદના નાથની સમ્યક્-સત્ય પ્રતીતિ થઈ અને અંદરમાં અનુભવ થયો તો ત્યાં સમરસ-વીતરાગભાવ જ આવે છે. શુદ્ધોપયોગ છે તે વીતરાગભાવ છે. આહાહા! સૂક્ષ્મ છે ભાઈ! ધર્મ ચીજ કેવી છે! જેનાથી ભવના અંત આવી જાય. આ ૮૪ ના ભવાબ્ધિમાં રખડે છે ને તે દુઃખી-દુઃખી દુઃખી છે. ઘાણીમાં જેમ તલ પીલે તેમ પીલાય છે.... પરંતુ એની તેને ખબર નથી.

જેને દ્રવ્યની દૃષ્ટિ થઈ તેને ભવનો અંત આવી ગયો. જેને આ દૃષ્ટિ આવી (પ્રગટી) તેને ભવનો અંત આવી ગયો. તેની કાળલબ્ધિ પાકી ગઈ. આ ભાવ જેના લક્ષમાં આવ્યો તેને તો એક સાથમાં પાંચે સમવાય આવી ગયા. સમજમાં આવ્યું?

સંવત ૧૯૭૨ માં મોટી ચર્ચા થઈ હતી. અમારા ગુરુ ભાઈ સંપ્રદાયમાં હતા તે બહુ ભદ્રિક હતા, બ્રહ્મચારી હતા. તેમને આ વસ્તુની ખબર ન હતી. ત્યારે ચર્ચા ચાલી કે-

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાને જોયું હશે એમ થશે.. તે વાત અમારા સંપ્રદાયના ગુરુભાઈ બહુ જ કરતા હતા. પછી મેં કહ્યું -દેખ્યું હશે તે થાશે તે વાત પછી પરંતુ આ ભગવાન કેવળજ્ઞાની છે અને તેની કેવળજ્ઞાનની પર્યાયમાં ત્રણકાળ અને ત્રણલોક જાણવામાં આવે છે.... એવી પર્યાયની સત્તાનો સ્વીકાર કરે ત્યારે કેવળીએ દીઠું હશે એમ થશે એવું પ્રતીતમાં આવે છે. આજથી ૬૧ વર્ષ પહેલાંની આ વાત છે. અમારા સંપ્રદાયના ગુરુ હતા તેમણે પહેલાં તો તેમનો પક્ષ લીધો, પછી બીજા દિવસે બોલ્યા કે- કાનજી, જે વાત કરે છે તે ઠીક કહે છે. પછી કહે કે- સ્થાનકમાં મૂર્તિ તો નથી. તેઓ મારો પક્ષ કરતા હતા.... મૂળચંદજીની સામે કહે. મૂળચંદજી તમે આ રીતે કહો છો તો પાંચ સમવાય સિદ્ધ થશે ? એમ બોલ્યા.

પાંચ સમવાય એટલે કાળ, સ્વભાવ, ભવિતવ્ય, પુરુષાર્થ, નિમિત્ત. આ પાંચ સમવાયને તો તમે માનતા નથી એમ કહ્યું ' તું. પાંચે સમવાય એક સાથે હોય છે. જ્યારે વિકલ્પથી રહિત પોતાનો અનુભવ થયો તો સ્વભાવ આવ્યો. તેમાં પુરુષાર્થ આવ્યો. ત્યારે તેમાં કર્મનો તેટલો અભાવ એ રીતે નિમિત્ત પણ આવ્યું. કાળલબ્ધિ પણ આવી અને ભવિતવ્યનો જે થવાવાળો ભાવ છે તે પણ આવ્યો.

આ તો ઘણાં વર્ષોની વાતો છે. ત્યારે એ વખતે ત્યાં હીરાજી મહારાજ આવ્યા હતા. તે આવ્યા ત્યારે પ્રશ્ન તો યાદ ન હતો પણ વાત તો એ જ ચાલતી હતી. અંદરમાં બે શિષ્યોની ગરબડ હતી તેથી તેમણે વિનંતી કરી હતી. પોતાને તો કષાયમંદ હતો પરંતુ તે બે શિષ્યોને કષાય બહુ હતો. હવે અહીંયા (સંપ્રદાયમાં) નહીં રહી શકાય. ત્યારે તેમણે એમ કહ્યું કે- જે થવાવાળું છે તે થશે. થવાવાળું જ થશે; પણ તે પુરુષાર્થથી થશે કે એમ જ થશે ? સમજમાં આવ્યું ? થવાવાળું જ થાય છે.... એમ જ છે તેમાં ફેરફાર છે જ નહીં. જે થવાવાળું છે તે થવાનું તેનો નિર્ણય કોણે કર્યો ? અને એ નિર્ણય કોની સન્મુખ થઈને થાય છે ? નિર્ણયનો અર્થ સમજમાં આવ્યો ?

ભગવાન આનંદ સ્વરૂપ જ્ઞાયકની સ્વસન્મુખ તે તરફ મુખ કરતાં જે બહિર્મુખ છે તેને અંતર્મુખ કરતાં (અતીન્દ્રિય આનંદ આવે છે.) જે દૃષ્ટિ રાગ અને પર્યાય પર હતી તે બહિર્મુખ દૃષ્ટિ છે. જે બહિર્મુખ દૃષ્ટિ છે તે બહિરાત્મા છે અને અંતર્મુખ દૃષ્ટિ કરવાવાળો તે અંતરાત્મા છે.

અહીં ભગવાન આત્મા વેદવા યોગ્ય છે એમ કહ્યુંને ! એટલે કે આત્મા અનુભવ કરવા લાયક છે.

## કલશ - ૮૯ : ઉપર પ્રવચન

આહાહા ! છેલ્લો કળશ ગજબનો છે. "**જીવ પ્રકાશમાન અર્થાત્ વર્તમાન પ્રત્યક્ષ છે.**" શું કહે છે ? આત્મા પ્રત્યક્ષ થવા લાયક છે. પ્રત્યક્ષ થવા લાયક છે તેમ પણ નહીં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરંતુ પ્રત્યક્ષ જ છે. આહાહા ! બારમી પ્રકાશશક્તિ આવીને ! પ્રકાશશક્તિનું કાર્ય એવું છે કે- સ્વસંવેદન પ્રત્યક્ષ થવું તે. આપણે બપોરે ૪૭ શક્તિ ચાલે છે તેમાં બારમી શક્તિ છે.

જીવત્વ, ચિત્તિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શિત્વ, સર્વજ્ઞત્વ, સ્વચ્છત્વ અને પ્રકાશ. તે પ્રકાશગુણનો સ્વભાવ શું ? તેનું કાર્ય શું છે ? આત્માને પ્રત્યક્ષ આનંદનું વેદન આવે તે પ્રકાશનું કાર્ય છે. પરંતુ અહીંયા તો કહે છે કે- આત્મા વર્તમાનમાં પ્રત્યક્ષ વેદન આવે છે તેવો જે વિકલ્પ છે તે નયપક્ષ છે. પ્રત્યક્ષ થવા યોગ્ય જ છે. વર્તમાન પ્રત્યક્ષ જ છે. આ વાત અલિંગગ્રહણના છઠ્ઠા બોલમાં કહીને !

શ્રી પ્રવચનસાર ગાથા ૧૭૨ -તેમાં અલિંગગ્રહણના ૨૦ બોલ છે. તેમાં છઠ્ઠો બોલ- આત્મા પોતાના સ્વભાવથી જાણવામાં આવે છે એવો પ્રત્યક્ષજ્ઞાતા છે.

(૧) ભગવાન આત્મા ઇન્દ્રિયોથી જાણવામાં નથી આવતો.

(૨) આત્મા ઇન્દ્રિયોથી જણાતો નથી તે બીજો બોલ છે.

(૩) ભગવાન આત્મા ઇન્દ્રિય પ્રત્યક્ષનો વિષય નથી.

(૪) પર દ્વારા અર્થાત્ અનુમાનથી જાણવામાં આવે એવો આત્મા નથી.

(૫) પોતાનો આત્મા એકલા અનુમાનથી પરને જાણે તેવો નથી. છઠ્ઠા બોલમાં છઠ્ઠીના લેખ આવ્યા. જેમ જન્મ પછી લેખ લખે તેમ (સમયસાર) છઠ્ઠી ગાથામાં જ્ઞાયક કહ્યું. છઠ્ઠીના લેખ તો લખીને આવે છે પછી લેખ શું લખે.

(૬) ભગવાન આત્મા સ્વભાવથી પ્રત્યક્ષ જાણવા લાયક છે, તે વિકલ્પથી; નયપક્ષથી જાણવા લાયક નથી. આત્મા વર્તમાનમાં પ્રત્યક્ષ છે તે છઠ્ઠીના લેખ છે. આપણે છઠ્ઠી ગાથા છે ને ! ! ભગવાન આત્મા ! " ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो। " ભગવાન સ્વભાવથી જ જ્ઞાન સ્વરૂપ છે તે શુભાશુભભાવ રૂપે થયો જ નથી. શુભાશુભભાવો છે તે જડ અને મેલ છે. ચેતન ભગવાન ત્રિકાળી જ્ઞાયકભાવ જડરૂપ થયો જ નથી.

આહાહા ! વસ્તુ અંદર પ્રગટ અને પ્રત્યક્ષ છે... તેમ કહેનાર એક નયનો પક્ષ છે. અન્યમતિમાં કહે છે કે- " મારી નયનની આળસે રે.... મેં દેખ્યા નહીં હરિ. " હરિ એટલે આત્મા હોં ! પંચાધ્યાયમાં ' હરિ ' શબ્દ આવે છે. હરિ એટલે જે રાગ-દ્વેષને હરે તે હરિ. ભગવાન હરિ છે તેને પોતાના નયનની આળસે, પોતાના જ્ઞાનના નયનની આળસે મેં કદી નિરખ્યા નહીં. મારી જ્ઞાનની પર્યાયમાં મેં કદી ભગવાનને જોયા નથી. ધર્મની આવી વાતું છે બાપા !

અહીંયા કહે છે-ભગવાન તું કોણ છો ? શું છો ? આત્મા પ્રત્યક્ષ છે એ વાત સાચી છે... પરંતુ આત્મા છે તેવો વિકલ્પ છે તે છોડવા લાયક છે. આહાહા ! એ વિકલ્પ છે એ વિષમતા છે અને ભગવાન પ્રત્યક્ષ છે તે સમતા છે. આત્મા વીતરાગભાવથી પ્રત્યક્ષ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય છે તે કાંઈ વિકલ્પથી પ્રત્યક્ષ થાય છે એમ નથી. આવો માર્ગ એટલે લોકોને કઠિન લાગે! સમજવાની ફુરસદ નહીં, નવરાશ નહીં. કલાક બે કલાક મળે તો દેવદર્શન કરે અને એકાદ પાનું વાંચી જાય. ઘણાં માણસ આવે છે, પુસ્તક લ્યે, પછી બે લીટી વાંચી ને ચાલ્યા જાય. અરે.. ભગવાન બાપુ! સ્વાધ્યાય એ તો સ્વનો પોતાનો અધ્યયન એ સ્વાધ્યાય છે. જુઓને.... આચાર્યોએ કેવા કામ કર્યા છે.. ને!?

આહાહા! પ્રભુ! તું તો પ્રત્યક્ષ છો નાથ! પ્રત્યક્ષ છે એવા પક્ષનો વિકલ્પ તે વિષમભાવ છે. જીવ 'ભાત' અર્થાત્ વર્તમાન પ્રત્યક્ષ છે એવો એક નિશ્ચયનયનો પક્ષ છે. જીવ ભાત નથી એટલે કે-પ્રત્યક્ષ થવાવાળો છે જ નહીં. જીવ પ્રત્યક્ષ થતો નથી તે વ્યવહારનયનો પક્ષ છે. વ્યવહાર છે તે છોડવા લાયક છે એમ તો પહેલેથી જ કહેતા આવ્યા છીએ. અહીંયા તો નિશ્ચયનયનો પક્ષ પણ છોડવાલાયક છે.. એમ કહે છે.

આ પ્રમાણે ચિત્સ્વરૂપ ભગવાન.. તો ચિત્સ્વરૂપ-જ્ઞાનસ્વરૂપ, પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ છે. પ્રજ્ઞા અર્થાત્ એકલો જ્ઞાનનો પૂંજ છે.. પ્રભુ. જેમ રૂ નું ધોકળું હોય છે ને! ધોકળું તેને શું કહે છે? રૂની બોરી તેને અમારે ત્યાં ધોકળું કહે છે. તેમ આ ભગવાન જ્ઞાનનું ધોકળું છે-જ્ઞાનની બોરી છે. આહાહા! આવી ચીજને કહેવા શબ્દોએ નથી.

એ વાત અહીંયા કહે છે.... જુઓ! ચિત્સ્વરૂપ જીવ એમ લીધું ને! તે વિકલ્પથી લીધું નથી. ભગવાન આત્મા એ તો જ્ઞાનસ્વરૂપ છે. ચૈતન્ય જ્યોતિ-ચૈતન્ય ચમત્કારના ભંડારથી ભર્યો પડયો પરમાત્મા છે.. તેનું વેદન કરવાવાળો, (નાસ્તિથી) વિકલ્પને છોડીને આત્માનું વેદન કરવાવાળો છે. આહાહા! જે વેદન થાય છે તે તો પર્યાયનું થાય છે, ધ્રુવનું વેદન થતું નથી. પરંતુ ધ્રુવ ઉપર દૃષ્ટિ પડવાથી પર્યાયમાં જે આનંદનું વેદન થાય છે તે ધ્રુવનું વેદન છે તેમ કહેવામાં આવે છે. ધ્રુવનું વેદન હોતું નથી, વેદનમાં તો પર્યાય આવે છે. ધ્રુવનું વેદન આવતું જ નથી.... સમજમાં આવ્યું?

અહીં કહે છે- બે નયોના બે પક્ષપાત છે. તત્ત્વવેતા પક્ષપાત રહિત છે. ચિત્સ્વરૂપ જીવના સંબંધમાં બે નયોના બે પક્ષ છે. આહાહા! અહીં સુધી આવ્યો; આંગણામાં આવ્યો પરંતુ અંદરમાં ગયો નહીં. ઝવેરાતની દુકાનમાં આવ્યો અર્થાત્ આંગણામાં આવ્યો. ઝવેરીની દુકાનમાં બહાર ઉભો રહીને આ ઝવેરીની દુકાન છે, તેમાંથી માલ લેવો છે એમ જુએ છે.. પરંતુ દુકાનમાં પ્રવેશ ન કર્યો.

એક વખત એક માણસ ઝવેરીની દુકાનમાં ઝવેરાત લેવા ગયો હતો. તે દશદજાર રૂપિયા લઈને માલ લેવા ગયો હતો. દુકાનદારે ઝવેરાત કાઢયું. ઝવેરાત કાઢતાં કાઢતાં બોલ્યો કે -તમારે શું લેવું છે! એમાં ઝવેરીની નજર જરા ચૂકાણી એટલે તેણે હીરો મીણમાં ચોંટાડી અને લઈ લીધો. ઝવેરી હીરા બતાવતો હતો તેમાંથી લાખ-સવાલાખનો હીરો લઈ લીધો. મીણની લાકડીમાં હીરાને દાબી દીધો. ઝવેરી તપાસે કે-આ હીરો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ક્યાં ગયો. પેલાની પાસે તપાસે તો તેની પાસે છે નહીં. ઝવેરીની નજર જરા બીજે પડી કે એકદમ મીણમાં હીરાને દબાવી દીધો. પછી થોડો-ઘણો દશહજારનો માલ લીધો, પરંતુ.... લાખ રૂપિયાનો માલ લઈ લીધો.

એમ અહીં કહે છે- આ ઝવેરાત અંદર પડી છે ને નાથ! તેમાંથી થોડી કાઢ તો ખરો! આહાહા! ચૈતન્ય હીરલો અનંત પાસાથી ભરેલો છે. જેમ હીરાને પાસા હોય છે તેમ અનંતશક્તિના અનંત પાસા છે.

અહીંયા ચિત્સ્વરૂપ જીવ એ એક શબ્દ સિદ્ધ કર્યો છે. બાકી તો અનંતગુણ સ્વરૂપ છે. ચિત્સ્વરૂપ તે જ્ઞાનની પ્રધાનતાથી કથન છે. ચિત્સ્વરૂપજીવના સંબંધમાં આવ્યો હવે નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. સમકિતી જીવ તો નિરંતર જ્ઞાનસ્વરૂપ જીવ છે. તે જ્ઞાનસ્વરૂપે જ રહે છે. વિકલ્પ આવે છે તોપણ તેનો જ્ઞાતાદૃષ્ટા રહીને તે જ્ઞાનસ્વરૂપમાં રહે છે. આહાહા! આવો માર્ગ છે લ્યો!

**"તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે."** 'નિરંતર' શબ્દ લીધો છે ને! અહીં આચાર્યને તો એમ લેવું છે કે- જો એકવાર આત્માનું ભાન થયું તે હવે નિરંતર રહી જાય છે. પડવાની વાત અહીંયા છે જ નહીં. અહીં અપ્રતિહત વાત લીધી છે. 'નિરંતર' શબ્દ પાઠમાં છે. આહાહા! એકવાર વિકલ્પથી ભિન્ન થઈ અને ભગવાનનું પ્રત્યક્ષ વેદન થયું તેને હવે નિરંતર આવું જ રહેશે. ક્ષાયિક સમકિત થઈને કેવળજ્ઞાન થશે ત્યાં લગી હવે નિરંતર રહેશે. તે પડી જશે એવી વાત અહીં નથી. સમજમાં આવ્યું?

આ જે વીસ બોલ આવ્યા તેને બધાને ભાવાર્થમાં સાથે કહે છે.

**ભાવાર્થઃ-** બદ્ધ-અબદ્ધ, મૂઢ-અમૂઢ, રાગી-અરાગી, દ્વેષી-અદ્વેષી, કર્તા-અકર્તા, ભોક્તા-અભોક્તા, જીવ-અજીવ, સૂક્ષ્મ-સ્થૂલ, કારણ-અકારણ, કાર્ય-અકાર્ય, ભાવ-અભાવ, એક-અનેક, સાન્ત-અનંત, નિત્ય-અનિત્ય, વાચ્ય-અવાચ્ય, નાના-અનાના, ચેત્ય-અચેત્ય, દૃશ્ય-અદૃશ્ય, વેદ્ય અવેદ્ય, ભાત અભાત ઈત્યાદિ નયોના પક્ષપાત છે. જે પુરુષ નયોના કથન અનુસાર યથાયોગ્ય વિવિક્ષાપૂર્વક તત્ત્વનો -વસ્તુ સ્વરૂપનો નિર્ણય કરીને.

લાયક જીવ કથનની અપેક્ષાને (સમજી), આ કથન કઈ અપેક્ષાએ કર્યું છે તે વિવિક્ષાપૂર્વક તત્ત્વને એટલે વસ્તુના સ્વરૂપનો નિર્ણય કરીને તે નયોના પક્ષપાતને છોડી દે છે. કહે છે કે-પહેલાં નિર્ણય તો કરવો પડશે ને! નિશ્ચયનયથી આમ છે, વ્યવહારનયથી આમ છે, પર્યાયથી આમ છે, દ્રવ્યથી આમ છે એવો નિર્ણય કર્યા પછી.... તે પક્ષપાતને છોડે છે. પાઠમાં છે ને! (વસ્તુનો) નિર્ણય કરીને નયોના પક્ષપાતને છોડે છે.... તેને ચિત્સ્વરૂપ જીવનો, વીતરાગ સ્વરૂપનો અનુભવ થાય છે.

આહાહા! સમતારસનો પ્રેમ સમતારસને ઘરે છે. તે વિકલ્પને છોડીને સમતારસને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધારે છે. વિકલ્પમાં વિષમ ભાવ પડે છે. આહાહા! હું શુદ્ધ પ્રત્યક્ષ છું એવો વિકલ્પ પણ વિષમભાવ છે.... અને તે વીતરાગ માર્ગ નથી.

અહીં તો હું શુદ્ધ છું, ચૈતન્ય છું એવા વીતરાગસ્વરૂપના વિકલ્પથી રહિત થઈને વેદન કરે છે.. તે ચિત્સ્વરૂપ જીવનો અનુભવ કરે છે, તે જ્ઞાનનું વેદન કરે છે, તે આનંદનું વેદન કરે છે. વીતરાગભાવમાં આવીને વીતરાગી સ્વરૂપનું જાણવું કરે છે. આહા! આવી આકરી ભારે વાતું! આ માર્ગ તો ભવના અભાવ કરવાનો છે. આહાહા! ભવ જ ન રહે... એ ગજબ છે ને!

શ્રીમદ્જી ૧૬ વર્ષે કહે છે-

"બહુ પુણ્ય કેરા પુંજથી શુભદેહ માનવનો મળ્યો,
તોયે અરે! ભવચક્રનો આંટો નહીં એકેય ટળ્યો."

એક આંટો ટળે તો બધા આંટા ટળી જાય છે. શું કહ્યું? માણસ આમ ફેરફુદરડી ફરે છે ને! આમ આમ (ગોળ ગોળ) ફરે પછી ગુલાંટ મારે છે. શું કહ્યું તે સમજાયું? જેમ પહેલાં ૨૫-૫૦ ચક્કર મારે અને પછી ઉભો રહેવા જાય તો તે ઉભો નહીં રહી શકે પણ તે પડી જશે. પરંતુ આમ ચક્કર મારતો મારતો એક ગુલાંટ મારી દે તો તે ઉભો રહી જાય છે.

તેમ અનાદિ કાળના પરિભ્રમણમાં મિથ્યાત્વના ચક્કર મારતાં-મારતાં એકવાર જો ગુલાંટ મારે તો સમ્યગ્દર્શન પ્રગટ થઈ જાય. આહાહા! તેણે ભવનો અંત લઈ લીધો. શ્રીમદ્નો બહુ પુરુષાર્થ હતો અને એ વખતે તેના જેવો ક્ષયોપશમ કોઈનો નહીં.. એટલો ક્ષયોપશમ હતો.

અહીંયા કહે છે- પક્ષપાતને છોડીને જીવ અનુભવ કરે છે. રાગનું લક્ષ છોડીને જ્યાં પૂર્ણાનંદના લક્ષમાં ગયો ત્યાં હવે આનંદનું વેદન રહ્યું..; વિકલ્પ છૂટી ગયો.. તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહે છે. સમયસાર ૧૪૪ ગાથામાં આ વાત છે. તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહે છે, ચારિત્ર હજુ બાકી છે. "**જે સમસ્ત નયપક્ષ વડે ખંડિત નહીં થતો હોવાથી જેનો સમસ્ત વિકલ્પોનો વ્યાપાર અટકી ગયો છે એવો છે, તે સમયસાર છે; ખરેખર આ એકને જ કેવળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું નામ મળે છે.**"

પાઠમાં 'व्यपदेशम्' એમ શબ્દ પડયો છે. "लहदि ति णवरि वपदेशं" તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન નામ મળે છે. છે તો સમ્યગ્દર્શન-જાણવાની વાત, ચારિત્રની વાત હજુ છે જ નહીં. તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન નામ પ્રાપ્ત થાય છે. "**સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સમયસારથી જુદાં નથી, એક જ છે.**" સ્વરૂપની પ્રતીતિ અને અનુભવ તે સ્વરૂપથી કોઈ ભિન્ન ચીજ નથી.

આવો માર્ગ! લોકોને કઠણ પડે એટલે ચડાવી દીધા કે વ્રત કરો ને અપવાસ કરો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને મંદિર બંધાવો, વ્રત-પૂજા-ભક્તિ રથયાત્રા કાઢો, ગજરથ એટલે હાથીના મોટા રથ કાઢો, પહેલાં પૈસા ખર્ચે એટલે પછી તેને સંઘપતિની પદવી મળે. ધૂળમાંય પદવી છે નહીં. આહાહા ! એ પદવી ધૂળની છે, તે આત્માની પદવી નહીં. અહીંયા તો સંતો આત્માની પદવી દેખાડે છે.

આહા ! ( નયના ) વિકલ્પોને છોડીને ભગવાન આત્માની પ્રતીત અને જ્ઞાન થાય છે ત્યારે એ અનુભવને અહીંયા આત્મા કહીએ છીએ. આહાહા ! તેને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન કહીએ છીએ. હજુ તો બહારની દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાને, નવતત્ત્વની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહે છે. પછી વ્રત લઈ લ્યો, તેને ચારિત્ર માને છે. અહીંયા કહે છે વિકલ્પને છોડીને સ્વરૂપના અનુભવમાં જે પ્રતીત અને જ્ઞાન થયું તેનું નામ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. હજુ તો આ પહેલી ભૂમિકાની વાત ચાલે છે. માર્ગ તો આ છે શેઠ ! તમારું તો નામ પણ ભગવાન છે ને ! આ અંદર વસ્તુ ભગવાન છે. સમયસાર ૭૨ ગાથામાં અમૃતચંદ્ર આચાર્ય આત્માને ભગવાન કહીને બોલાવે છે.

અરે ! જાગ રે જાગ નાથ ! તને ભગવાન કહીને બોલાવે છે. સંતો તને ભગવાન કહીને બોલાવે અને તું જાગતો નથી નાથ ! આહાહા ! અમૃતચંદ્રાચાર્ય, વીતરાગી સંતો, આનંદના ઝૂલે ઝૂલનારા એ ટીકામાં તને ભગવાન ભ.... ગ.... વા.. ન... આત્મા કહે છે. ટીકામાં ત્રણ વખત ભગવાન કહીને બોલાવે છે.

એ ભગવાન આત્માનો અનુભવ તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે લ્યો ! **“ પરંતુ ચિત્સ્વભાવ તેનો પ્રગટ અનુભવ ગોચર અસાધારણધર્મ છે તેથી તેને મુખ્ય કરીને અહીં જીવને ચિત્સ્વરૂપ કહ્યો છે. ”**

ચિત્સ્વભાવ એમ કેમ કહ્યું ? ( જ્ઞાન ) તેનો પ્રગટ અનુભવ ગોચર અસાધારણ ધર્મ છે. અસ્તિત્વ, વસ્તુત્વ એ સાધારણ ધર્મ જેમ પોતાનામાં છે તેમ તે પરમાં પણ છે. તેથી જ્ઞાનને મુખ્ય કરીને અહીંયા જીવને ચિત્સ્વરૂપ કહ્યું છે.

* * *

( વસંતતિલકા )

स्वेच्छासमुच्छलदनल्पविकल्पजाला-
मेवं व्यतीत्य महतीं नयपक्षकक्षाम्।
अन्तर्बहि: समरसैकरसस्वभावं
स्वं भावमेकमुपयात्यनुभूतिमात्रम्।। ४५-९०।।

**ખંડાન્વય સહિત અર્થ**:- “ एवं ( स: तत्त्ववेदी ) एकम् स्वं भावम् उपयाति ”

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

**( एवं ) પૂર્વોક્ત પ્રકારે ( स: ) સમ્યગ્દષ્ટિ જીવ-( तत्त्ववेदी ) શુદ્ધસ્વરૂપનો અનુભવશીલ-( एकम् स्वं भावम् उपयाति ) એક શુદ્ધસ્વરૂપ ચિદ્રૂપ આત્માને આસ્વાદે છે. કેવો છે આત્મા ? " अन्त: बहि: समरसैकरसस्वभावं " ( अन्त: ) અંદર અને ( बहि: ) બહાર ( समरस ) તુલ્યરૂપ એવી ( एकरस ) ચેતનશક્તિ તે છે ( स्वभावं ) સહજ રૂપ જેનું એવો છે. શું કરીને શુદ્ધસ્વરૂપ પામે છે? " नयपक्षकक्षाम् व्यतीत्य " ( नय ) દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક ભેદ, તેનો ( पक्ष ) અંગીકાર, તેનો ( कक्षाम् ) સમૂહ છે-અનન્ત નયવિકલ્પો છે, તેમને ( व्यतीत्य ) દૂરથી જ છોડીને. ભાવાર્થ આમ છે કે-અનુભવ નિર્વિકલ્પ છે, તે અનુભવકાળે સમસ્ત વિકલ્પો છૂટી જાય છે. ( નયપક્ષકક્ષા ) કેવી છે ? " महतीं " જેટલા બાહ્ય-અભ્યન્તર બુદ્ધિના વિકલ્પો તેટલા જ નયભેદ, એવી છે. વળી કેવી છે? " स्वेच्छासमुच्छलदनल्पविकल्पजालाम् " ( स्वेच्छा ) વિના ઉપજાવ્યે જ ( समुच्छलत् ) ઊપજે છે એવી જે ( अनल्प ) અતિ ઘણી ( विकल्प ) નિર્ભેદ વસ્તુમાં ભેદકલ્પના, તેનો ( जालाम् ) સમૂહ છે જેમાં એવી છે. કેવું છે આત્મસ્વરૂપ ? " अनुभूतिमात्रम् " અતીન્દ્રિય સુખસ્વરૂપ છે. ૪૫-૯૦.**

## કલશ - ૯૦ : ઉપર પ્રવચન

" एवं ( स: तत्त्ववेदी ) एकम् स्वं भावम् उपयाति " **પૂર્વોક્ત પ્રકારે ( स: ) સમ્યગ્દષ્ટિ જીવ,** " સમ્યગ્દષ્ટિ જીવ અર્થાત્ ધર્મી જીવ. ધર્મના મહેલનું પ્રથમ સોપાન. છ ઢાળામાં તેને મોક્ષ મહેલની પહેલી સીઢી કહ્યું છે. આ જ્ઞાનચંદજી છ ઢાળા બહુ વાંચે છે તેમ લોકો વાતો કરે તે સાંભળ્યું છે. આહાહા..! મોક્ષમહેલની પહેલી સીઢી એટલે કે મોક્ષે જવાનું પહેલું પગથિયું.

" **સમ્યગ્દષ્ટિ જીવ ( तत्त्ववेदी ) શુદ્ધ સ્વરૂપનો અનુભવશીલ,** "આહાહા! તત્ત્વવેદીની વ્યાખ્યા કરી. અંદર અર્થમાં તત્ત્વવેતા કહ્યો હતો તેને અહીંયા તત્ત્વવેદી કહ્યો. " શુદ્ધ સ્વરૂપનો અનુભવશીલ તેનો શું અર્થ કરે છે ? આહાહા ! જેનો સ્વભાવ શુદ્ધ અનુભૂતિનો સ્વભાવ થઈ ગયો છે તેવા આનંદના વેદનનો અનુભવશીલ. અનુભવવું તે શીલ નામ સ્વભાવ થઈ ગયો છે. અનાદિનો જે રાગ અને પુણ્ય-પાપના ભાવનો - વિકારનો શીલ નામ સ્વભાવ થઈ ગયો હતો તે સમ્યગ્દષ્ટિ હવે અનુભવશીલ થઈ ગયો. આ બધી ઝીણી વાતું છે. થોડું સાંભળવાથી મળે એવું નથી. એના માટે તો બહુ નિવૃત્તિ લેવી જોઈએ. બે-ચાર દિ સાંભળે એટલે થઈ જાય એવું નથી આ.

**શ્રોતા:-** અંતર્મુહૂર્તમાં થઈ જાય.

**ઉત્તર:-** અંતર્મુહૂર્તમાં થઈ જાય તેની કોણ ના પાડે છે.. પરંતુ એવો પ્રયત્ન જોઈએને ?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શીતળ પાણીનો ઘડો ભર્યો છે. તે પાણી અગ્નિના ( નિમિત્તે ) ઉષ્ણ થયું. એ ઉષ્ણ પાણીનો ઘડો છે તે હવે ગુલાંટ મારે છે.. તો અગ્નિની જ્વાળા ઠરી જાય છે. આહાહા ! ગરમ પાણીમાં શીતળતા પડી છે. ગરમ પાણી તો ઠરી જાય પરંતુ અગ્નિ પણ ઠરી જાય. તેમ ભગવાનમાં પરિપૂર્ણ વીતરાગતા અને શીતળતા ભરી પડી છે, તેની દૃષ્ટિ કરતાં વિકારરૂપી અગ્નિનો નાશ થઈ જાય છે. સમજમાં આવ્યું ?

પંચસંગ્રહમાં યતિની વ્યાખ્યા કરી છે. યતિ કોને કહીએ ? " પોતાના સ્વરૂપમાં અયત્ના આવવા ન દે તે યતિ. " વિકારાદિ ભાવ આવવા નથી દેતા તેને યતિ કહે છે. પોતાનું સ્વરૂપ આનંદકંદની રચના કરવાવાળો અયત્નનો વિકલ્પ ન આવવા દે તેનું નામ યતિ છે. સમજમાં આવ્યું ?

સાધુ એટલે જે આનંદના સ્વભાવને સાધે તેને સાધુ કહીએ. મુનિ જ્ઞાન સન્યાસીના ચાર બોલ છે. જ્ઞાનસાધુ, જ્ઞાનમુનિ, જ્ઞાનયતિ, જ્ઞાનઋષિ તે ચાર બોલમાં ઉતાર્યું છે.

પહેલાં ગૃહસ્થ, બ્રહ્મચર્ય અને વાનપ્રસ્થમાં ઉતાર્યું છે. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાનસ્વરૂપ શું છે ? ગૃહસ્થ છે. ગૃહસ્થ અર્થાત્ ગૃહમાં, પોતાના ઘરમાં સ્થિર રહેવાવાળો છે માટે તે ગૃહસ્થ છે. તે રાગમાં રહેવાવાળો નથી એનું નામ ગૃહસ્થ હોં ! આ પૈસાવાળા ને ધૂળ એ ગૃહસ્થ નહીં, પોતાના જ્ઞાન ને આનંદનું ઘર તેમાં સ્થ અર્થાત્ રહેવાવાળો તેને કહે છે ગૃહસ્થ. આનંદ ઘરમાં રહેવાવાળાને સ્થ નામ ગૃહસ્થ કહીએ છીએ.

બ્રહ્મચારી કોને કહીએ છીએ ? બ્રહ્મ નામ આનંદમાં ચરવાવાળો-અનુભવ કરવાવાળો તેને બ્રહ્મચારી કહીએ છીએ. શરીરથી બ્રહ્મચર્ય પાળે તે બ્રહ્મચર્ય તો વિકલ્પ ને રાગ છે. આહાહા ! બ્રહ્મ નામ આનંદનો નાથ પ્રભુ તેનું આચરણ કરે, અતીન્દ્રિય આનંદમાં રમવું-ચરવું તેને અહીંયા બ્રહ્મચારી કહે છે. સમકિતીના જ્ઞાન ને સમકિતીના ચારિત્રને બ્રહ્મચર્ય કહે છે. તેને પ્રમેય-પ્રમાણ કહો આ રીતે તેને ગૃહસ્થ કહેવામાં આવે છે. જે રીતે બ્રહ્મચારી તે રીતે વાનપ્રસ્થનું છે.

પોતાના સ્વરૂપમાં રહેવાવાળો તે બીજાના સ્વરૂપને આવવા ન દે તેનું નામ વાનપ્રસ્થ છે. અન્યમતિમાં આ ત્રણ શબ્દો આવે છે -ગૃહસ્થ, બ્રહ્મચારી અને વાનપ્રસ્થ. ચોથો બોલ સન્યાસ છે એમાં પણ ચાર બોલ લીધા છે. સાધુ, મુનિ, યતિ ને ઋષિ.. આ ચાર બોલ નાખ્યા છે. આહાહા ! ભાઈ દીપચંદજીએ બહુ જ કામ કર્યું છે. પંચસંગ્રહમાં તેમણે એક-એક શબ્દમાં, એક એક ગુણમાં ઉતાર્યું છે. પોતાની ઋદ્ધિમાં રહે તેને ઋષિ કહીએ. ઋષિ નામ મોટા બાવા મોટી જટા રાખે તે ઋષિ નહીં. ઋષિ તો તેને કહીએ કે પોતાની સંપદાની ઋદ્ધિ, આનંદની ઋદ્ધિ, જ્ઞાનની ઋદ્ધિ.. તે સમૃદ્ધિને પર્યાયમાં વસાવે તેનું નામ ઋષિ કહેવામાં આવે છે.

અહીંયા કહે છે- સમ્યગ્દૃષ્ટિ જીવ શુદ્ધ સ્વરૂપનો અનુભવશીલ જીવ છે. તે એક

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

સ્વરૂપ ચિદ્રૂપ આત્માને આસ્વાદે છે. ' **उपयाति** ' ની વ્યાખ્યા કરી.

" **एकम् स्वं भावम् उपयाति** " એક સ્વભાવ નામ શુદ્ધ સ્વરૂપ આત્માને આસ્વાદે છે. ' **उपयाति** ' નો અર્થ કર્યો કે- આત્માને પ્રાપ્ત કરવો અર્થાત્ આત્માના આનંદને આસ્વાદે છે. ચોથે ( ગુણસ્થાને ) આવો ગૃહસ્થ હોય છે. હજુ આ સમ્યગ્દષ્ટિની વાત છે. પાંચમા ગુણસ્થાને તો શાંતિ બહુજ વધી જાય છે. મુનિદશામાં તો આનંદનું પ્રચુર સ્વસંવેદન તેને મુનિ કહીએ બાપુ ! આ બહારની ક્રિયા કરે અને નગ્ન થઈ જાય માટે તે મુનિ છે એમ નથી. સમજમાં આવ્યું ?

અહીંયાં શુદ્ધ સ્વરૂપ ચિદ્રૂપનો ખુલાસો કર્યો. આત્મા કેવો છે ? શુદ્ધ સ્વરૂપ ચિદ્રૂપ એવો એક તેને આસ્વાદે છે. વિકલ્પ અનેક હતા તેને છોડીને તે એકને આસ્વાદે છે. અતીન્દ્રિય આનંદ સ્વરૂપને ધ્યેય બનાવીને પોતાની પર્યાયમાં આનંદનો આસ્વાદ લ્યે છે.

" **કેવો છે આત્મા ? ' अन्तः बहिः समरसैकरसस्वभावं ' અંદર અને બહાર તુલ્યરૂપ એવી ચેતનશક્તિ તે છે.** " અંદર શક્તિએ આનંદરસ-સમરસ છે અને પર્યાયમાં પણ સમરસ છે. શક્તિએ આનંદ સ્વરૂપ ભગવાન અંતરમાં શુદ્ધ સમરસ છે. અને તેનો અનુભવ કરતાં પર્યાયમાં પણ સમરસ આવ્યું.

એ બીજું છે. પર્યાય બહિર્ છે અને ધ્રુવ અંદર છે. આવો માર્ગ અને કાને પણ ના પડે ! સાંભળવાએ ન મળે એ ક્યારે પ્રયોગ કરે !

આ બહારની અપેક્ષાએ પર્યાયને બહાર કહીએ છીએ. રાગની તો વાત અહીં છે જ નહીં. અહીંયા તો અંદરમાં ધ્રુવ અને બહારમાં પર્યાય બન્ને વીતરાગ સમભાવ છે. અંદર બહાર તુલ્યરૂપ એવી સમરસ. પહેલાં વિકલ્પ હતો તે વિષમ હતો. તેની સામે તુલ્ય કહ્યું.

તુલ્ય એટલે સમરસ. વિકલ્પમાં હતા તે તુલ્ય રસ ન હતો, તે વિષમ હતો. અને આ તુલ્ય રસ અર્થાત્ જેવો સ્વભાવ છે તેવો રસ આવ્યો. વિકલ્પ રહિત અનુભવ કરતાં સમરસ આવ્યો. આ સમરસનું વેદન તે વીતરાગનું વેદન છે.

એક ચૈતન્ય શક્તિ જેવી છે તેવો સ્વાદ કર્યો. એક રસ ચૈતન્ય શક્તિ જેવી છે, સ્વભાવ સહજરૂપ જેનો એવો છે. " ચૈતન્ય શક્તિ તેનો સ્વભાવ અને તેનું ભાન થયું તો પર્યાયમાં પણ ચૈતન્યશક્તિનું વેદન આવ્યું. તેનું નામ ધર્મની પહેલી સીઢી છે.

## પ્રવચન નં. ૮૮ તા. ૭-૯- '૭૭

આ કળશટીકાનો કર્તાકર્મ અધિકાર ચાલે છે. તેનો ૯૦ મો કળશ ચાલે છે. " **एवं सः तत्त्ववेदी एकम् स्वं भावम् उपयाति** " **પૂર્વોક્ત પ્રકારે** " અર્થાત્ હું શુદ્ધ છું, અભેદ છું એવો વિકલ્પનો કર્તા થાય છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. સમજમાં આવ્યું ? વ્યવહારનો પક્ષ તો પહેલાં છોડાવ્યો હતો, હવે નિશ્ચય પક્ષમાં-હું જ્ઞાયક પરમાત્મ સ્વરૂપ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચિદ્રૂપ આનંદઘન એવો જે વિકલ્પ ઊઠે છે, એ વિકલ્પનું જ્યાં સુધી કર્તવ્ય છે ત્યાં સુધી વિકલ્પ કાર્ય છે અને જીવ પર્યાય કર્તા છે ત્યાં સુધી મિથ્યાત્વ છે. આ તો કર્તાકર્મ અધિકાર છે ને! !

**' एवं ' પૂર્વોકત પ્રકારે '** – આ કહ્યું એ પ્રકારે.. જ્યારે તે વિકલ્પ છોડીને નિર્વિકલ્પ ચૈતન્ય સ્વરૂપનો અનુભવ કરવાના કાળમાં અર્થાત્ વસ્તુનું સ્વરૂપ જે શુદ્ધ ચિદાનંદ તે તરફના ઝુકાવથી.. વિકલ્પનો નાશ થવાથી હવે વિકલ્પ મારું કર્મ અને હું તેનો કર્તા તે બુદ્ધિનો નાશ થયો છે. આહાહા ! ત્યારે ચિદાનંદ સ્વભાવનો અનુભવ થાય છે.. તેનું નામ સમ્યગ્દ્રષ્ટિ છે. આવી વાત છે. આવું સમ્યગ્દ્રષ્ટિ જીવનું ( સ્વરૂપ ) છે.

પૂર્વોક્ત પ્રકારે અનંતકાળમાં કદીએ સમ્યગ્દર્શન કર્યું નથી. ધર્મના નામે પણ દયા-દાન, વ્રત-ભક્તિના વિકલ્પ કર્યા. સંસારના નામે પણ પાપ-પ્રપંચ જ કર્યા. આહા ! પાપના પરિણામ તેનો કર્તા અને તે મારું કાર્ય તે તો મિથ્યાભાવ છે. અહીં તો કહે છે- અંદરમાં જે દયા-દાન, વ્રતના પરિણામ આવે છે તે પણ મારું કાર્ય અને હું તેનો કર્તા તે મિથ્યાત્વભાવ છે. તેનાથી આગળ જતાં-હું શુદ્ધ છું, હું એક અભેદ છું એવો જે વિકલ્પ ઊઠે છે ત્યાં સુધી વિકલ્પ કર્તા અને વિકલ્પ કર્મ નામ કાર્ય તે મિથ્યાત્વભાવ છે.

**" પૂર્વોક્ત પ્રકારે સમ્યગ્દ્રષ્ટિ જીવ-શુદ્ધ સ્વરૂપનો અનુભવશીલ "**, ધર્મ ચીજ બહુ અલૌકિક છે. તે કોઈ બહારથી શાસ્ત્રજ્ઞાનથી, કોઈ ક્રિયાકાંડથી મળી જાય એવી ચીજ નથી. અહીંયા કહે છે કે-સમ્યગ્દ્રષ્ટિ જીવ શુદ્ધ સ્વરૂપનો અનુભવશીલ થયો. અજ્ઞાનીને અનાદિથી અશુદ્ધતાનો અનુભવ હતો. તે પુણ્ય-પાપના મલિનભાવનો અનુભવશીલ હતો. અહીંયા તો શુદ્ધ સ્વરૂપનો અનુભવશીલ થયો. આહાહા ! અંતર આનંદનો નાથ પ્રભુનો અનુભવ અર્થાત્ તેને અનુસરીને આનંદની પર્યાયનું વેદન કરવું તે અનુભવશીલ સમ્યગ્દ્રષ્ટિ કહેવામાં આવે છે. આ ધર્મની પહેલી સીઢી છે.

**" एकम् स्वं भावम् उपयाति " એક શુદ્ધ સ્વરૂપ ચિદ્રૂપ આત્માને આસ્વાદે છે. "** એક શુદ્ધ ' સ્વં ' ચિદ્રૂપ આત્માને આસ્વાદે છે. બહુ ધીરાનું કામ છે બાપા ! અંતરના આનંદનો સ્વાદ આવ્યો ત્યારે અતીન્દ્રિય આનંદનું વેદન નામ સ્વાદ આવ્યો. જ્યાં સુધી વિકલ્પનો કર્તા હતો ત્યાં સુધી દુઃખનો સ્વાદ હતો. આ સ્ત્રી, કુટુંબ ને પરિવાર રળવું-કમાવું એનાં તરફનું લક્ષ એ તો પાપભાવ મહા દુઃખનું વેદન છે. દયા-દાન, વ્રત-પુણ્યના પરિણામ એ બધું દુઃખનું વેદન છે. પરંતુ અહીં તો જે નયપક્ષનો વિકલ્પ પણ દુઃખનું વેદન છે. આહાહા ! ઝીણી વાતું બહુ બાપુ !

ધર્મ બહુ સૂક્ષ્મ છે બાપુ ! જેનાથી જન્મ-મરણ મટે અને ભવનો છેદ થાય અને અભવ ભાવનો ભાવ પ્રગટ થાય એ બધી સૂક્ષ્મ ચીજ છે ભાઈ !

અહીં કહે છે- પોતાના એક શુદ્ધ સ્વરૂપ ચિદ્રૂપને, ચિદ્રૂપ એટલે જ્ઞાનરૂપ એમ.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનના પ્રકાશરૂપ આત્મા તેને આસ્વાદે છે. નિર્વિકલ્પ અનુભવ કાળમાં એકલા અતીન્દ્રિય શુદ્ધ સ્વરૂપનો આનંદનો આસ્વાદ આવે છે બસ. આહાહા ! આવી વાતો.... સમજમાં આવ્યું ?

કેટલાક તો કહે છે કે- અત્યારે શુદ્ધઉપયોગ હોય નહીં માટે શુભ કરો. તેનો અર્થ એ થયો કે- અત્યારે ધર્મ છે જ નહીં. પુણ્ય કરો એટલે અધર્મ કરો. અહીં તો કહે છે-હું શુદ્ધ, અખંડ, અભેદ એ તરફના ઝુકાવનો વિકલ્પ પણ જ્યાં અધર્મ છે. સમજમાં આવ્યું ?

**શ્રોતાઃ**- ધર્મ બે પ્રકારના હોય છે - (૧) નિશ્ચયધર્મ (૨) વ્યવહાર ધર્મ.

**ઉત્તરઃ**- વ્યવહારધર્મ તો ત્યારે થાય છે જ્યારે નિશ્ચયધર્મ હોય તો. રાગ આવે છે તેને વ્યવહાર ધર્મનો આરોપ કહેવામાં આવે છે. આ શરત છે. આત્માના આનંદનો સ્વાદ આવે છે તે નિશ્ચયધર્મ છે. અને તેની સાથે જે રાગની મંદતા બાકી રહી જાય છે તેને વ્યવહારધર્મનો આરોપ દેવામાં આવે છે, પરંતુ તે ધર્મ નથી; અધર્મ છે. પરંતુ તેને નિશ્ચયનો આરોપ આપીને (ધર્મ કહેલ છે).

પોતાના શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ અનુભવ અને પ્રતીતિ તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. અને સાથે જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, નવ તત્ત્વની શ્રદ્ધાનો રાગ, શાસ્ત્ર ભણવાનો રાગ-વિકલ્પ તે તો વિકાર છે, ચારિત્રનો દોષ છે પરંતુ અહીંયાં નિશ્ચય સમકિત છે તો તેને વ્યવહાર સમકિતનો આરોપ આપ્યો છે. વ્યવહારસમકિતની પર્યાય તે તો રાગની પર્યાય છે. આવી ઝીણી વાતો છે.

આહાહા ! સમ્યગ્દર્શન છે એ આત્માની અરાગી પર્યાય છે. સાથે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું ભણવું આદિ જે મહાવ્રતનો ભાવ તે રાગ છે. તે રાગ ચારિત્રનો દોષ હોવાથી બંધનું કારણ છે. અહીં નિશ્ચય સમ્યગ્દર્શન અને મોક્ષનો માર્ગ પોતાના આશ્રયથી થયો તેમાં મોક્ષમાર્ગનો આરોપ કરીને વ્યવહાર મોક્ષમાર્ગ કહ્યું. છે તો બંધનો માર્ગ.

**પ્રશ્નઃ**- તે કરવો કે ન કરવો ?

**ઉત્તરઃ**- કરના ફરના નહીં, વચ્ચે આવે છે જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી. શુદ્ધ સ્વરૂપના અનુભવની દૃષ્ટિ હોવા છતાં પર્યાયની કમજોરીથી શુભભાવ આવે છે.. પણ તે બંધનું કારણ છે. જ્ઞાની-ધર્મીને પણ શુભભાવ હેય બુદ્ધિએ આવે છે. તે હેયબુદ્ધિએ જ્ઞેય છે અને ભગવાન ઉપાદેયબુદ્ધિએ જ્ઞેય છે. વસ્તુ સચ્ચિદાનંદ પ્રભુ એ ઉપાદેયબુદ્ધિએ જ્ઞેય છે.. અને રાગ હેયબુદ્ધિએ જ્ઞેય છે. વાત આવી છે. બાપુ !

સૌ પહેલાં જ્ઞાનમાં સત્ય આવું છે તેવો નિર્ધાર- નક્કી તો કરવું પડશે ને ! બાકી તો રખડીને મરી ગયો છે. આહા ! અવતાર કરીને પોતાને ભૂલી ગયો છે. જન્મ-મરણ કરી કરીને તેના સોથાં નીકળી ગયા છે. બાપુ ! એને ખબર નથી ભાઈ ! ઘાણીમાં જેમ તલ પિલાય તેમ દુઃખમાં અનાદિથી પિલાય ગયો છે. આનંદનો નાથ ! અતીન્દ્રિય

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આનંદનો સાગર પ્રભુ ! એ પોતાની દૃષ્ટિ વિના, રાગની રુચિના પ્રેમમાં દુઃખથી પિલાય ગયો છે. સમજમાં આવ્યું ?

અહીં તો કર્તાકર્મમાં ત્યાં સુધી લઈ ગયા... કે -પરનો કર્તા તો નહીં, વ્રતાદિનો કર્તા તો નહીં.. એ વાત તો છોડી દ્યો પરંતુ હું અભેદ છું, શુદ્ધ ચૈતન્ય છું, આનંદ છું, ચિદ્રૂપ છું એવો જે વિકલ્પ ઊઠે છે તે પણ અજ્ઞાનરૂપ કર્તાકર્મ છે. અજ્ઞાન કર્તા અને વિકલ્પ તેનું કાર્ય છે. આવો માર્ગ છે.

અરે ! તેણે કોઈ દિવસ દરકાર કરી નથી. તેણે પોતાની દયા કરી નથી હોં ! તેણે પોતાની દયા કરી નહીં કે -મારું શું થશે ? હું ક્યાં જઈશ ? મારી શું દશા થશે ? દેહ છૂટીને પછી ક્યાં જશે પ્રભુ ! તે તો એકલા રાગ-દ્વેષની પર્યાયમાં એકાકાર થયો છે. દુઃખી થઈને અહીંયાથી નીકળવાનો અને જ્યાં જશે ત્યાં પણ રાગ-દ્વેષ-દુઃખમાં પિલાશે.

આહાહા ! પોતાની દયા ત્યારે કહેવામાં આવે છે કે- હું તો વિકલ્પથી રહિત.. શુદ્ધ ચૈતન્ય છું એવી પ્રતીતિ અને જ્ઞાનમાં વેદન આવે ત્યારે જીવે આત્માની દયા પાળી તે સ્વ દયા છે. સમજમાં આવ્યું ?

અહીંયા એ કહે છે કે- શુદ્ધ સ્વરૂપને આત્મા આસ્વાદે છે. “**કેવો છે આત્મા ? ‘अन्त: बहि:’ અંદર અને બહાર તુલ્યરૂપ એવી ચેતનશક્તિ તે છે.**” આહાહા ! શક્તિધ્રુવપણે ચૈતન્ય છે અને તેની પર્યાય પણ ચૈતન્યરૂપ થઈ. રાગના વિકલ્પને છોડીને.. આત્માના આનંદના સ્વાદની જે નિર્વિકલ્પ દૃષ્ટિમાં આવ્યો ત્યારે તેને પર્યાયમાં આવો આનંદ આવ્યો. સ્વભાવમાં તો આનંદ છે જ પરંતુ પર્યાયમાં આનંદ આવ્યો. અંતર્-બહિર્ બન્નેમાં આનંદ અને વીતરાગતા થઈ. અંતર્ વસ્તુ તો વીતરાગ સ્વરૂપ છે જ પરંતુ વિકલ્પનો કર્તા છોડીને જ્યારે આનંદનું વેદન આવ્યું ત્યારે એ બહિર્ પર્યાયમાં વીતરાગતા આવી ગઈ.

અહા ! આ પર્યાય ને આ દ્રવ્ય એવું કોઈ ધ્યાનેય ( જાણવુંએ ) કર્યું નથી. આ મારો છોકરો ને તે આવો છે ને.. ઢીકણો આવો છે ને.. તે વિલાયતમાં રહે છે, મહિને દશહજાર પેદા કરે છે... એમાં તે મરી ગયો. તારે દીકરા કેવા ! આત્માને દીકરા કેવા ! ! એ બધું આત્માની બહાર છે. વિકલ્પ પણ જ્યાં આત્માનો નથી ત્યાં બહારની ચીજથી શું લેવું ?

“**ચેતનશક્તિ તે છે સહજ રૂપ જેનું એવો છે.**” એકલું ચૈતન્ય સામર્થ્ય છે. જાણવા-દેખવારૂપ સામર્થ્ય છે... એવો જેનો ભાવ સહજરૂપ છે. સમ્યગ્દર્શનમાં એવી દશા પ્રગટ થઈ, જેમાં વિકલ્પનું કર્તાપણું છૂટી ગયું છે અને સ્વભાવનો સ્વાદ આવ્યો છે. એ સમ્યગ્દૃષ્ટિની સહજરૂપ દશા થઈ. જે વિકારની દશા હતી તેને છોડીને... સ્વભાવની દૃષ્ટિ કરી તો.... સહજરૂપ દશા પ્રગટ થઈ. વસ્તુમાં વીતરાગતા ( હતી ) અને પર્યાયમાં વીતરાગતા આવી. અંતર-બહિર્ બેય સમરસ છે. આહાહા ! સૂક્ષ્મ છે ભાઈ ! આ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અધ્યાત્મનો અધિકાર સૂક્ષ્મ છે.

**" શું કરીને શુદ્ધસ્વરૂપ પામે છે ? " નયપક્ષ કક્ષામ્ વ્યતીત્ય " ( નય ) દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક ભેદ, તેનો પક્ષ અંગીકાર. "** આ વાત વીસ કળશમાં આવી ગઈ. દ્રવ્યાર્થિકનયે હું શુદ્ધ છું, અભેદ છું, એક છું અને પર્યાયાર્થિક નયે હું અશુદ્ધ છું, અનેક છું ઈત્યાદિ બન્નેના.... વીસ ભેદ દ્રવ્યાર્થિકના અને વીસભેદ પર્યાયાર્થિકના.... **" તેનો પક્ષ અંગીકાર તેનો સમૂહ છે અનંત નય વિકલ્પો છે, તેમને દૂરથી જ છોડીને. "** હું જ્ઞાન છું, હું દર્શન છું, હું ચારિત્ર છું, હું અસ્તિત્વ અને હું વસ્તુત્વ છું એવા એક એક ગુણના વિકલ્પ, એવા અનંત વિકલ્પ ઊઠે છે તેને દૂરથી છોડીને; એને કરીને તેમ નહીં પરંતુ દૂરથી છોડીને.. એ પણ ઉપદેશની શૈલી છે. જ્યારે અંતર અનુભવમાં ગયો તો ત્યારે વિકલ્પ ઊઠતો નથી.... તેને દૂરથી છોડયા એમ કહેવામાં આવે છે.

**ભાવાર્થ આમ છે કે- અનુભવ નિર્વિકલ્પ છે, તે અનુભવકાળે સમસ્ત વિકલ્પો છૂટી જાય છે.** સમ્યગ્દર્શનમાં જે આત્માનો અનુભવ થાય છે તે રાગ રહિત થાય છે... તે નિર્વિકલ્પ છે. રાગનો વિકલ્પમાત્ર બુદ્ધિપૂર્વક છૂટી જાય છે.... અને અંતરના અનુભવમાં આવે છે ત્યારે સમ્યગ્દર્શન પામે છે. આહા ! આવી વાત છે. લોકો એમ કહે છે કે- સોનગઢવાળાએ સમ્યગ્દર્શનને મોંઘું કરી દીધું.

**પ્રશ્નઃ-** મોંઘું કરી દીધું કે સસ્તું કરી દીધું ?

**ઉત્તરઃ-** વિકલ્પ છોડે ત્યારે નિર્વિકલ્પ થાય તેથી મોંઘુ કરી દીધું. અમારું સમકિત સોંઘુ હતું. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ કરે એ સમકિત. અરે.. ભાઈ ! એ તો મિથ્યાત્વભાવ છે. તે એમ કહે છે- દેવ ગુરુશાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ તે રાગ છે, તે મિથ્યાત્વ નથી. પરંતુ રાગને ધર્મ માનવો તે મિથ્યાત્વ છે.

એ પણ ચર્ચા ચાલી. મખનલાલજીએ એ પણ પ્રશ્ન ચલાવ્યો. સોનગઢવાળા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાને મિથ્યાત્વ કહે છે. જ્યારે દેવ-ગુરુ-શાસ્ત્ર તો પરદ્રવ્ય છે અને તેની શ્રદ્ધા તો રાગ છે. ભાઈ ! રાગમાં સમ્યગ્દર્શન ધર્મ થયો એમ માનવું તે મિથ્યાત્વ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તે મિથ્યાત્વ નથી. આ પ્રશ્ન ખાનિયા તત્ત્વચર્ચામાં છે.

**શ્રોતાઃ-** શું પ્રશ્ન ચાલ્યો ?

**ઉત્તરઃ-** એ પ્રશ્ન ચાલ્યો કે- દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાને સોનગઢવાળા મિથ્યાત્વ કહે છે.

**શ્રોતાઃ-** આપ કહો છો ને ?

**ઉત્તરઃ-** અમે કદી એમ કહેતા નથી. અમે કદી એમ કહ્યું નથી.

**શ્રોતાઃ-** તો શું કહો છો ?

**ઉત્તરઃ-** દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય છે અને તેની શ્રદ્ધા તે રાગ છે. એ રાગને ધર્મ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માનવો તે મિથ્યાત્વ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ છે, તે મિથ્યાત્વ નથી. આ સંબંધી ચર્ચા ખાનિયા ચર્ચામાં થઈ ગઈ. અરેરે..! ભાઈ.... કંઈનું કંઈ ( ફેર ) કરી નાખે. ( લોકો ) બિચારાં શું કરે ?

અહીંયા કહે છે કે -અનુભવના કાળમાં સમસ્ત વિકલ્પ છૂટી જાય છે. વિકલ્પ છે તે મિથ્યાત્વ નથી. વિકલ્પ મારો છે તેવી માન્યતા મિથ્યાત્વ છે. રાગ આવે છે તે રાગ મિથ્યાત્વ નથી.... પરંતુ રાગ મારો છે, રાગથી મને ધર્મ થશે તેમ માનવું મિથ્યાત્વ છે.

**“ ( નયપક્ષ કક્ષા ) કેવી છે ? ‘ महतीं ’ જેટલા બાહ્ય-અભ્યંતર બુદ્ધિના વિકલ્પો તેટલા જ નયભેદ, એવી છે. ”** બુદ્ધિના વિકલ્પો ઉઠે છે ને ! અહીંયા બુદ્ધિપૂર્વકની વાત છે હોં ! બુદ્ધિપૂર્વક જેટલા વિકલ્પ ઊઠે છે તે નયભેદ છે. એ શું કહ્યું ? બુદ્ધિપૂર્વક જેટલા વિકલ્પ ઉઠે છે તે બધા જ છૂટી જાય છે.... અને અબુદ્ધિપૂર્વક જે વિકલ્પ છે તે રહે છે. અનુભવમાં અબુદ્ધિપૂર્વક વિકલ્પ રહે છે.. પરંતુ બુદ્ધિપૂર્વકનો વિકલ્પ-હું કર્તા છું અને આ મારું કર્તવ્ય છે એવો જે બુદ્ધિપૂર્વકનો વિકલ્પ ઊઠે છે તે નયભેદ છે. ( અનુભૂતિનાં કાળે ) તે બધા છૂટી જાય છે.

અરે ! આ શું કહે છે તે પણ પહેલાં સમજવું કઠણ પડે ! આ સમજ્યા વિના જન્મ મરણના અંત નહીં આવે બાપુ ! નિગોદમાં એક શ્વાસમાં અઢાર ભવ. ગઈકાલે બ્રહ્મદત્તનું કહ્યું હતું ને ! ! ભાઈ તેં એનો વિચાર ક્યારેય કર્યો છે. બ્રહ્મદત્ત ૭૦૦ વર્ષ રહ્યો.. તેના એક શ્વાસમાં ૧૧ લાખ ૫૬ હજાર પલ્યોપમનું દુઃખ મળ્યું.

**શ્રોતાઃ-** એક શ્વાસનું ફળ ?

ઉત્તરઃ- આહાહા ! એક શ્વાસનું ફળ. ૭૦૦ વર્ષ સુધી તો તે ચક્રવર્તીપદમાં નથી રહ્યા. ૭૦૦ વર્ષ તો આયુષ્યની સ્થિતિ હતી. તો પણ.. ૭૦૦ વર્ષમાં જેટલા શ્વાસ થયાં તેમાં એક શ્વાસનું આ ફળ. કલ્પનાથી સંસારમાં સુખ માન્યું કે- અમે સુખી છીએ. દેવો સેવા કરે છે. ૧૦૦૦ દેવ તેની સ્ત્રી ( પટરાણી ) ની સેવા કરે છે. ૯૬૦૦૦ સ્ત્રીઓ હતી.

સુખની કલ્પનામાં ૭૦૦ વર્ષ વીતી ગયા. એક શ્વાસના ફળમાં ૧૧ લાખ, ૫૬ હજાર પલ્યોપમનું દુઃખ પ્રભુ ! એકવાર તું વિચાર તો કર ! ! અરેરે.. એક શ્વાસના ફળમાં આટલું ( દુઃખ ) કોઈ કહે તો સમજમાં ( ન આવે ).

કોઈ કહેશે કે-કાકડીના ચોરને ફાંસીની સજા એવું તો નથી ને ? એમ નથી ભગવાન ! તારી ચીજ અંદર આનંદનો નાથ ( છે એનો સ્વીકાર ન કર્યો ) અને આ પુણ્ય ને પાપ ભાવ કર્યા તેને પોતાના માનીને ( મિથ્યાત્વ સેવ્યું ). બ્રહ્મદત્તને તો એકલા પાપના પરિણામ હતા. તે ચક્રવર્તીની ૧૬૦૦૦ દેવ સેવા કરે. ૯૬ હજાર સ્ત્રીઓ, ૭૨ હજાર નગર, ૪૮ હજાર પાટણ, ૯૬ કરોડ ગામ, એ બધાની કલ્પનામાં હું સુખી છું, મને મજા છે. ઠીક છે તેવા ભાવના ફળમાં એક શ્વાસમાં ૧૧ લાખ, ૫૬ હજાર પલ્યોપમનું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( નરકગતિનું આયુષ્ય મળ્યું ). એક પલ્યના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય છે. એક પલ્યોપમ એ કાળનું માપ છે. તેનાં અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય એવો એક પલ્યોપમ અને આવા ૧૧ લાખ, ૫૬ હજાર પલ્યોપમ એક શ્વાસના ફળમાં બંધાણા.. અરેરે.... એણે વિચારે ક્યાં કર્યો છે? એ તો બહારથી રાજી.. રાજી થઈ ગયો. અરે.. પ્રભુ શું છે ભાઈ! તારા આનંદના નાથનો અનાદર કરી અને બહારથી ખુશીપણું થાય છે તે મહામિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

**પ્રશ્નઃ-** આ દુઃખથી બચવાનો ક્યો ઉપાય છે?

**ઉત્તરઃ-** આ ઉપાય જ કહીએ છીએ ને! આ વાત ઉપાયની ચાલે છે. વિકલ્પ છોડીને નિર્વિકલ્પ દૃષ્ટિમાં અનુભવ કરવો તે દુઃખથી છૂટવાનો ઉપાય છે.

**પ્રશ્નઃ-** એક જ ઉપાય છે?

**ઉત્તરઃ-** એક જ ઉપાય છે. બીજો ઉપાય આત્મામાં ઠરવું તે છે. ( એ સિવાય ) બીજો કોઈ ઉપાય છે જ નહીં. નિશ્ચયથી આ ઉપાય અને વ્યવહારથી બીજો ઉપાય છે તેમ છે જ નહીં.

પ્રશ્નઃ- તો તો એકાન્ત થઈ ગયું!

ઉત્તરઃ- એ.. સમ્યક્ એકાન્ત છે. સમ્યક્ એકાન્ત અને મિથ્યા એકાન્ત, સમ્યક્ અનેકાન્ત અને મિથ્યા અનેકાન્ત તેમાંથી આ સમ્યક્ એકાન્ત જ છે. અરે! ઝીણી વાત.. આવી વાત જગતને મળે નહીં અને જિંદગી નીકળી જાય.

અહીંયા કહે છે કે- જેટલા વિકલ્પ તેટલા નયભેદ છે. " **નયપક્ષ કક્ષા કેવી છે? " મહતીં " જેટલા બાહ્ય-અભ્યંતર બુદ્ધિના વિકલ્પો તેટલા જ નયભેદ એવી છે.** " એ શું કહ્યું? બુદ્ધિપૂર્વકના ( વિકલ્પોની ) વાત છે. જેટલા બુદ્ધિપૂર્વકના વિકલ્પો છે કે- આવો છું.. આવો છું, અભેદ છું, શુદ્ધ છું, એક છું એવો બુદ્ધિપૂર્વક જેટલો રાગ છે તે બધો છૂટી જાય છે. અનુભવના કાળમાં- સમ્યગ્દર્શનની ઉત્પતિના કાળમાં બુદ્ધિપૂર્વક વિકલ્પો છૂટી જાય છે. અબુદ્ધિપૂર્વક વિકલ્પ રહે છે, એ ન રહે તો સર્વથા વીતરાગ થઈ જાય. વીતરાગ તો થયો છે સમ્યગ્દષ્ટિ પણ તે પૂર્ણ વીતરાગ થયો નથી. એટલે તેને અંદર અબુદ્ધિપૂર્વક રાગ છે.... પરંતુ બુદ્ધિપૂર્વક વિકલ્પ છૂટી જાય છે.

એક એક શબ્દ સમજવો કઠણ પડે. દુનિયાએ મારી નાખ્યા. સાધુ પણ એવી પ્રરૂપણા કરે કે- આ કરો ને વ્રત કરો, અપવાસ કરો, તપ કરો એનાથી તમારું કલ્યાણ થશે. ભાઈ! એ પ્રરૂપણા જ મિથ્યા છે.

અહીંયા તો કહે છે- હું અભેદ અખંડાનંદ છું....એવા વિકલ્પને પોતાનો માનવો તે મિથ્યાત્વ છે કેમ કે એવો વિકલ્પ સ્વરૂપમાં તો નથી.

" **વળી કેવી છે? વિના ઉપજાવ્યે જ ઊપજે છે એવી જે.** " હું શુદ્ધ છું, અભેદ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છું, અખંડ છું એવો વિકલ્પ પણ સ્વરૂપમાં તો છે નહીં. , તે બહારથી વિના ઉપજાવ્યે ઊપજી ગયો. અંદરમાં સ્વભાવમાં તો તે છે નહીં. આહાહા! આકરી વાતું બાપુ! એ (વાત) પંડિતજીએ લખી છે કે માર્ગ કઠણ છે. બતાવ્યું હતું પુસ્તકમાંથી, કઠણ તો છે ભાઈ! પરંતુ પોતાના સ્વરૂપનું જ્ઞાન કરવાથી પત્તો લાગી જાય છે. ૬૦ મા કળશમાં આવ્યું હતું ને કે-"વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં." એક એક શ્લોક તો અલૌકિક છે. એમાં અમૃતના સાગર ઉછાળ્યા છે.

શું કહે છે? વિના ઉપજાવ્યે વિકલ્પ ઉપજે છે. તેનો અર્થ એ કે સ્વભાવમાં નથી.... પરંતુ એ વિકલ્પ બહારમાં એકદમ ઉત્પન્ન થાય છે એવો વિકલ્પ છે. **"એવી જે (અનન્ય) અતિ ઘણી નિર્ભેદ વસ્તુમાં ભેદકલ્પના, તેનો સમૂહ છે જેમાં એવી છે."**

પાઠમાં 'अनल्प' શબ્દ છે. અનલ્પ એટલે અલ્પ નહીં પણ અ... નઅલ્પ. નિર્ભેદ વસ્તુમાં ભેદ કલ્પના તે વિકલ્પ, આ વિકલ્પની વ્યાખ્યા કરી. શું કહ્યું? વસ્તુ તો નિર્ભેદ-અભેદ અખંડાનંદ પ્રભુ છે. તેમાં ભેદ કલ્પના કે- હું આવો છું, હું આવો છું એવી જે ભેદ કલ્પના તે બધા વિકલ્પ ને રાગ છે. લોકો સ્ત્રી, પુત્ર, પરિવારના ભોગ વિષય અને આબરૂ, કીર્તિ, ધંધાના રાગને રાગ કહે છે. અહીં જે અભેદમાં ભેદ ઊઠાવવો તેને તો રાગ જાણતાંય નથી.

આહાહા! વિકલ્પની વ્યાખ્યા કરી કે- નિર્ભેદ વસ્તુમાં ભેદ કલ્પના. ભગવાન શુદ્ધ ચિદાનંદ જ્ઞાતાદૃષ્ટા, એકરૂપ અખંડ સ્વરૂપ તેમાં આવો ભેદરૂપ વિકલ્પ ઉઠાવવો તે રાગ છે. 'તેનો સમૂહ' એટલે વિકલ્પના રાગનો સમૂહ.... 'જેમાં એવી છે.' નિર્ભેદ વસ્તુમાં વિકલ્પનો સમૂહ ઉત્પન્ન કર્યો.

**કેવું છે આત્મ સ્વરૂપ? "अनुभूतिमात्रम्" અતીન્દ્રિય સુખ સ્વરૂપ છે."** આહાહા! અતીન્દ્રિય સુખસ્વરૂપ પ્રભુ તો અતીન્દ્રિય સુખસ્વરૂપ છે. ઇન્દ્રિસુખની કલ્પના તે તો ઝેર છે. પાંચ ઇન્દ્રિયના સુખની કલ્પના, સ્ત્રીની રમતનાં ભોગમાં તો રાગ છે એ તો ઝેર છે, તે કાળો નાગ છે. સમકિતીને રાગ આવે છે પણ તે કાળા નાગ જેવો લાગે છે, તેમાં દુઃખ લાગે છે.

અહીંયા તો એ કહ્યું કે-વિકલ્પને છોડયા તો આત્મા અતીન્દ્રિય સુખ સ્વરૂપ થઈ ગયો. વિકલ્પ દુઃખરૂપ હતા તેને છોડીને.... અંતર્ નિર્વિકલ્પમાં આવ્યો તો અતીન્દ્રિય સુખરૂપ થયો, તેનું નામ આત્મજ્ઞાન અને તેનું નામ સમ્યગ્દર્શન છે. પુસ્તકમાં પાઠ પડયો છે. આ કાંઈ સોનગઢવાળાનું નથી. લોકો એમ કહે કે અમને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા છે અને અમે મુનિઓને માનીએ છીએ, તીર્થંકરને માનીએ છીએ, પ્રતિમાને માનીએ છીએ, બસ.... અમારી શ્રદ્ધા સાચી છે. હવે વ્રત આદિ કરીએ એમાં અમારે સંવર ને નિર્જરા છે. વ્રત કરવા તે સંવર છે અને અપવાસ કરવા તે નિર્જરા છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રશ્નઃ-** તો પછી તપ ક્યાં છે?

**ઉત્તરઃ-** તપ પણ અહીં જ છે. યથાર્થ તપ કહે છે તે ' **प्रतपन इति तपः** ' આનંદનો નાથ પર્યાયમાં તપે અને આનંદની દશા ઉછળે એનું નામ તપ છે. અપવાસ આદિના વિકલ્પ તે તો આકુળતા છે. નિયમસારમાં લીધું છે કે- " **प्रतपन इति तपः** ", જેમ સોના ઉપર ગેરુ લગાવે તો તે શોભે છે-ઓપે છે તેમ ભગવાન આત્મા પોતાની પર્યાયમાં અતીન્દ્રિય આનંદથી શોભે છે.. તેનું નામ તપ કહેવામાં આવે છે. આહાહા! બાકી બીજી બધી લાંઘણ છે. સમજમાં આવ્યું?

આહાહા! આવી વાતું માણસને આકરી લાગે ભાઈ! આ તો આખો જન્મ-મરણનો ઉથલો મારવાનો છે. આહાહા! અનાદિ અનંત જન્મ મરણ કરતો આવ્યો છે. હવે તે ગુલાંટ ખાય છે કે – વિકલ્પ તે પણ હું નહીં. હું તો અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છું.. એવો વિકલ્પ પણ વસ્તુમાં નથી. આવી વાતું છે.

પ્રગટ થયું તે આત્મ સ્વરૂપ કેવું છે? અનુભૂતિ માત્ર.. અતીન્દ્રિય સુખરૂપ. જે આત્મા વિકલ્પને છોડીને આત્માની અનુભૂતિ કરે છે તે અનુભૂતિમાં અતીન્દ્રિય સુખ પ્રાપ્ત થયું. આહાહા! જે શક્તિરૂપે સુખ હતું તે (પર્યાયમાં પ્રગટયું). આત્મા સુખનો સમુદ્ર છે જ્યારે તેનો સ્વીકાર થયો ને અનુભવ થયો તો પર્યાયમાં અતીન્દ્રિયસુખ આવ્યું.. તેને અનુભૂતિ કહે છે. આહાહા! સમ્યગ્દર્શન થતાં જે અનુભવ થાય છે તે અનુભૂતિને અતીન્દ્રિય સુખ કહે છે.

આ તમારા પૈસામાં, ધૂળમાં તો દુઃખ છે.

**પ્રશ્નઃ-** પૈસામાં તો દુઃખ હોય ને!

**ઉત્તરઃ-** પૈસા દુઃખમાં નિમિત્ત છે. આ પૈસા મારા છે તેવી માન્યતા દુઃખ છે તેમાં તે નિમિત્ત છે. જડથી દુઃખ નહીં પરંતુ જડ દુઃખમાં નિમિત્ત છે. દુઃખ અને અંદરમાં માને છે સુખ કે- હું બહુ જ સુખી છું. પાંચ-પાંચ, દશ-દશ લાખ એક દિવસની પેદાશ હોય.... તે મોટા ગૃહસ્થછે. ધૂળમાં, મોટી પેદાશમાં માને છે અમે સુખી છીએ. ભણતાં ત્યારે ચોપડીમાં આવતું- પહેલું સુખ તે જાતે નર્યા.

**શ્રોતાઃ-** કોઈ હજારો રૂપિયાવાળો હોય પણ તેને શરીરનું સુખ ન હોય તો તે માંદો જ હોય.

**ઉત્તરઃ-** કોઈ શરીરે ઠીક હોય. શેઠ! તમે તો ઠીક છો ને! ઘણાં શેઠિયાં શરીરથી ઠીક હોય.... પણ તેમાં શું આવ્યું? એકવાર તમારા મકાનમાં ઉતર્યા હતા ત્યારે જોયું હતું કે- બહાર દવા બહુ રાખે છે. અહીં તો આ દવા છે.... જેનાથી જન્મ મરણનો રોગ મટી જાય. " આત્મભ્રાંતિ સમ રોગ નથી. " આત્માને એવી ભ્રાંતિ છે કે-રાગ મારી ચીજ છે અને રાગમાં સુખ છે- આ ભ્રાંતિ મોટો રોગ છે. શ્રીમદ્જી કહે છે-

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



"આત્મ ભ્રાંતિ સમ રોગ નહીં, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ.
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહીં, ઔષધ વિચાર ધ્યાન."

આ વિચાર ને ધ્યાન તે ઔષધ. આત્માનું જ્ઞાન ને આત્માનું ધ્યાન તે જન્મમરણ મટાડવાનું ઔષધ છે. સમજમાં આવ્યું?

અહીં કહે છે કે– વિકલ્પ છૂટતાં અનુભૂતિ થઈ. અનુભૂતિની વ્યાખ્યા શું? અમને સમજાવો? ભાઈ....! અનુભૂતિ એટલે અતીન્દ્રિયસુખનો સ્વાદ આવ્યો ત્યારે તેને સમ્યગ્દર્શન અને ધર્મ થયો. આવી ચીજને માણસે એવી કરી નાખી કે– પરની દયા પાળવી. તું પરની દયા તો પાળી શકતો નથી. પરની દયાનો જે ભાવ તે રાગ અને હિંસા છે. પુરુષાર્થ સિદ્ધિમાં અમૃતચંદ્રદેવે કહ્યું છે કે– પરની દયા હું પાળું છું તેવો જે શુભભાવ તે હિંસા છે. એ લોકો એમ કહે કે– દયા ધર્મનું મૂળ છે. પરંતુ કઈ દયા બાપુ! સ્થાનકવાસીમાં તો આ જ ચાલ્યું કે – "દયા ધર્મનું મૂળ છે, પાપ મૂળ અભિમાન."

"દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ,
અનંતા જીવો મુક્તિ ગયા, દયા તણાં પ્રમાણ."

આવી તો (તેમની) દયાની વ્યાખ્યા. આ દયા નહીં બાપુ! તને ખબર નથી ભાઈ! પરદ્રવ્યની દયા પાળી શકે છે તે વાત આત્મામાં છે જ નહીં. પર જીવની દયા એ કરી શકે? શું પર જીવને એ મારી શકે? પરને મારવાનો જે ભાવ છે તે દ્વેષ છે. પરને જીવાડું તે રાગ છે. એ બન્ને વિકાર છે તે આત્માના સ્વરૂપમાં નથી. ગજબ વાત છે ને!

આ વાતની તેઓ ટીકા કરે છે. 'એ લોકો દયાના ભાવને હિંસા કહે છે.' પણ પરની દયાનો વિકલ્પ ઊઠે છે તે તો રાગ છે. રાગ છે તે અરાગી સ્વરૂપની, પ્રભુની હિંસા છે. આ વાતની ટીકા કરે છે પણ બાપુ! અમૃતચંદ્રાચાર્ય પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમાં કહે છે.

તેને કાંઈ વાંચન ન મળે. પોતાનો (મિથ્યા) આગ્રહ છોડીને વાંચન કરવું જોઈએ, શાસ્ત્રનું પઠન કરવું જોઈએ. શાસ્ત્ર શું કહે છે તેની દૃષ્ટિ રાખીને વાંચવું. પોતાની દૃષ્ટિ પ્રમાણે શાસ્ત્રનો અર્થ માનવો તેમ ન ચાલે. શાસ્ત્રનો અભિપ્રાય શું છે તેની દૃષ્ટિ કરવી. પોતાના અભિપ્રાય પ્રમાણે શાસ્ત્રને વાંચી લેવું.... (એ બરાબર નથી)

* * *

(રથોદ્ધતા)

**इन्द्रजालमिदमेवमुच्छलत्**
**पुष्कलोच्चलविकल्पवीचिभिः ।**
**यस्य विस्फुरणमेव तत्क्षणं**
**कृत्स्नमस्यति तदस्मि चिन्महः ।। ४६-९१ ।।**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ખંડાન્વય સહિત અર્થઃ-** " तत् चिन्महः अस्मि " **હું એવા જ્ઞાનપુંજરૂપ છું કે** " यस्य विस्फुरणम् " **જેનો પ્રકાશમાત્ર થતાં** " इदम् कृत्स्नम् इन्द्रजालम् तत्क्षणं एव अस्यति " ( इदम् ) **વિદ્યમાન અનેક નયવિકલ્પ** ( कृत्स्नम् ) **કે જે અતિ ઘણા છે,** ( इन्द्रजालम् ) **ઇન્દ્રજાળ છે અર્થાત્ જૂઠા છે, પરંતુ વિદ્યમાન છે તે** ( तत्क्षणं ) **જે કાળે શુદ્ધ ચિદ્રૂપ અનુભવ થાય છે તે જ કાળે** ( एव ) **નિશ્ચયથી** ( अस्यति ) **વિનષ્ટ થઈ જાય છે. ભાવાર્થ આમ છે-જેમ સૂર્યનો પ્રકાશ થતાં અંધકાર ફાટી જાય છે તેમ શુદ્ધ ચૈતન્યમાત્રનો અનુભવ થતાં જેટલા વિકલ્પો તે બધાય મટે છે-એવી શુદ્ધ ચૈતન્યવસ્તુ છે તે મારો સ્વભાવ; અન્ય સમસ્ત કર્મની ઉપાધિ છે. કેવી છે ઇન્દ્રજાળ ?** " पुष्कलोच्चल- विकल्पवीचिभिः उच्छलत् " ( पुष्कल ) **અતિ ઘણી,** ( उच्चल ) **અતિ સ્થૂલ એવી જે** ( विकल्प ) **ભેદકલ્પના, એવી જે** ( वीचिभिः ) **તરંગાવલી તેના વડે** ( उच्छलत् ) **આકુલતારૂપ છે; તેથી હેય છે, ઉપાદેય નથી. ૪૬-૯૧.**

## કલશ - ૯૧ : ઉપર પ્રવચન

" **तत् चिन्महः अस्मि** " **હું એવા જ્ઞાનપુંજરૂપ છું કે** " **यस्य विस्फुरणम्** " સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્મા જીવ આવો પોતાને માને છે અને અનુભવે છે. પાઠમાં ' ચિન્મહઃ ' શબ્દ છે. જ્ઞાનમહઃ અર્થાત્ ચૈતન્યનું તેજપુંજ છું. ચૈતન્યના જ્ઞાન પ્રકાશનો હું પુંજ છું. વિકલ્પ માત્ર મારી ચીજ નથી.

અહીંયા તો હજુ બાયડી, છોકરાં મારાં અને પૈસા મારાં, બંગલા મારાં અને હજીરાં મારાં. હજીરા એટલે લોટિયા વ્હોરા લોકોના નદીના કાંઠે મોટા મકાન હોય છે. ત્યાં મરેલાં મડદાંને દાટે. .... તેને હજીરા કહે છે. વોરા લોકો દાઢી રાખે અને ટોપી ઓઢે તેને આવા હજીરા હોય. જામનગર નદીના કાંઠે મોટા મકાન છે. મરી જાય એટલે તેમાં દાટી દે. તેમ અહીં મોટા હજીરામાં દટાઈ ગયો છે. પાંચ લાખના અને દશ લાખના મકાનના વાસ્તુ કરે અને તેમાં મોટા કાર્યકર્તાઓને બોલાવે. અધિપતિઓ હોય તેને બોલાવે અને પછી રાજી... રાજી થઈ જાય. ત્યાં ધૂળમાં ( તારી મોટપ ) નથી. અરે.. તેને વાસ્તુ કરતાંએ આવડતું નથી. વાસ્તુ તો પોતાના આનંદકંદમાં રહેવું એનું નામ વાસ્તુ છે.

" **यस्य विस्फुरणम्** " **જેનો પ્રકાશમાત્ર થતાં** " શું કહે છે ? જેમ અહીંયા ચૈતન્યનો પ્રકાશ થયો તેના સ્ફુરણમાત્રથી વિકલ્પના અંધકારનો નાશ થઈ જાય છે. " **इदम् कृत्स्नम् इन्द्रजालम् तत्क्षणं एव अस्यति** " **વિદ્યમાન અનેક નયવિકલ્પ કે જે અતિ ઘણાં છે,** " નય વિકલ્પ છે, નય વિકલ્પ નથી એમ નથી. સમજમાં આવ્યું ? ' **इदम् कृतस्त्रम्** ' **વિદ્યમાન અનેક નય વિકલ્પ** **कृतस्त्रम्** નો અર્થ છે ઘણાં છે, ઇન્દ્રજાળ છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ઇન્દ્રજાળની પેઠે છે. જાદુગર ઇન્દ્રજાળ કરી અને બધાને જાદુ બતાવે છે.

અમે નાની ઉંમરમાં જાદુગર જે ખેલ કરે તે જોયો છે. અમારી ઉંમર દશ વર્ષની હશે ત્યારે જાદુગર અંદરમાં આંબો કરે અને પછી કેરી બતાવે. મા 'ળો કેવી રીતે બતાવતો હશે? આડો પડદો રાખે અને અંદરમાં આંબો બતાવે. અંદરમાં પીળી કેરી બતાવે, આપણને દેખાય કેરી.... એ ઇન્દ્રજાળની કેરી હોય. તેમ આ બધા વિકલ્પ છે તે ઇન્દ્રજાળની જેમ જૂઠા છે. છે ખરા, પરંતુ તે જૂઠા વિકલ્પ આત્માની શાંતિને રોકનારા છે. ઇન્દ્રજાળ કહ્યું ને અર્થાત્ જૂઠા છે.... તો પણ તે વિદ્યમાન છે. આત્માના સ્વરૂપમાં નથી એ પેઠે તે જૂઠા છે. પરંતુ વિકલ્પ છે ખરા.. ઓલા વેદાંતની પેઠે એમ નથી કે વિકલ્પ છે જ નહીં. બીજી ચીજ છે જ નહીં એમ નથી. દ્રવ્ય છે, ગુણ છે, પર્યાય છે, વિકલ્પ છે, રાગની જાળ છે. સમજમાં આવ્યું?

**"નય વિકલ્પ कृत्स्नम् કે જે અતિ ઘણા છે, ઇન્દ્રજાળ છે અર્થાત્ જૂઠા છે, પરંતુ વિદ્યમાન છે તે જે કાળે શુદ્ધ ચિદ્રૂપ અનુભવ થાય છે તે જ કાળે નિશ્ચયથી વિનષ્ટ થઈ જાય છે."**

આહાહા! ચૈતન્યના પ્રકાશ તરફનો ઝુકાવ થતાં વિકલ્પ છૂટી જાય છે. ચૈતન્યનો પ્રકાશ વેદનમાં આવ્યો તે કાળમાં નિશ્ચયથી વિકલ્પ વિનષ્ટ થઈ જાય છે. બધા વિકલ્પ નાશ થઈ જાય છે. **"જેમ સૂર્યનો પ્રકાશ થતાં અંધકાર ફાટી જાય છે."** સૂર્યનો પ્રકાશ જ્યાં થયો ત્યાં અંધકારનો નાશ થઈ જાય છે. તેમ ભગવાન આત્મા ચૈતન્યના પ્રકાશના નૂરનું પૂર એ જ્યાં પર્યાયમાં પ્રકાશમાં આવ્યો તો વિકલ્પરૂપી અંધકાર અસ્ત થઈ જાય છે. પ્રકાશનો ઉદય થાય છે વિકલ્પ અસ્ત થાય છે.

શું કહ્યું? ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા પોતાના પ્રકાશમાં જ્યાં આવ્યો, વિકલ્પબુદ્ધિ છૂટીને પર્યાયમાં પ્રકાશ આવ્યો, પ્રકાશનો ઉદય થયો-પ્રગટ થયો. અને જે વિકલ્પરૂપી બુદ્ધિનો અર્થાત્ અંધકાર હતો તેનો નાશ થયો. '**अस्यति**' આથમી ગયા. આથમી ગયા એટલે વિનાશ થયો. સૂક્ષ્મ વાત છે. બાપુ! આતો વીતરાગનો માર્ગ છે.

ચૈતન્યના નૂરનું આમ જ્યાં પ્રથમ પ્રકાશ બહાર આવ્યું ત્યાં બુદ્ધિપૂર્વક વિકલ્પોનો નાશ થઈ જાય છે. તો ચૈતન્યનો પ્રકાશ બહાર આવે છે. સૂર્યનું કિરણ જ્યાં બહાર આવ્યું ત્યાં અંધકારનો નાશ થઈ જાય છે. ચૈતન્યનો પ્રકાશ જ્યાં બહાર આવ્યો તો વિકલ્પ જાય છે. ચૈતન્યનો પ્રકાશ જ્યાં બહાર આવ્યો તો વિકલ્પરૂપી અંધકારનો નાશ થઈ ગયો.

હજુ ત્યાં સમ્યક્ત્વનાએ ઠેકાણા નહીં અને બહારમાં કપડાં ફેરવીને પડિમા લીધી. (કોઈએ) બે લીધી, પાંચ લીધી, દશ લીધી, અગિયાર લીધી, અરે બાપુ! તારા હિતના મારગડા બીજા છે ભાઈ! આહાહા! આ હિતનો મારગ ચાલે છે તે એને એકાન્ત લાગે છે. કેમ કે અમે આ વ્રત કરીએ છીએ તો તેનાથી પણ કલ્યાણ થાય... તો તમારું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનેકાન્ત કહેવાય. અરે બાપુ ! એ તો એકાન્ત છે. મિથ્યા એકાન્ત છે. સમ્યક્ અનેકાન્ત તો પોતાના સ્વરૂપથી લાભ થાય છે અને રાગથી નહીં તે અનેકાન્ત છે.

એક તો સંસાર આડે નિવૃતિ મળે નહીં. અને એમાંય થોડી એકાદ-કલાકની નિવૃતિ મળે તો સંભળાવનારા એવા મળે કે-વ્રત કરો.. અપવાસ કરો.. તમારે કલ્યાણ થઈ ગયું. ભગવાનની પ્રતિમા ( પધરાવો ), દશ-દશ લાખના, વીસ-વીસ લાખના બે ચાર મંદિર સ્થાપો તો ધર્મ ધૂરંધર થયા. પેલાને પણ એ સહેલું લાગે કેમકે-બે-ચાર, પાંચ, પચાસ લાખ હોય તેમાંથી પાંચ લાખ ખર્ચે તો તેને ધર્મ ધૂરંધર ની ( પદવી મળે. )

**શ્રોતાઃ-** આપે તો ઘણાં બનાવ્યા.

**ઉત્તરઃ-** અહીં તો કોઈને બનાવ્યા નથી.

**શ્રોતાઃ-** નથી બનાવ્યા ?

**ઉત્તરઃ-** અમે તો કોઈને કહ્યુંએ નથી. આ મકાન બનાવ્યું તો પણ અમે તો કોઈને કદી કહ્યું નથી. એક આ બહેનના પુસ્તક માટે હમણાંથી થોડું કહીએ છીએ. આ પુસ્તક દશ હજાર છપાવવા જોઈએ. હિન્દી અને ગુજરાતી આત્મધર્મનાં ગ્રાહકોને ભેટ આપવા જોઈએ. બહેનને તો બહાર નહોતું પડવું પરંતુ આ પુસ્તક બહાર આવી ગયું. હિંમતભાઈ ! કાલે રાત્રે કહ્યું હતું કે- દશ હજાર પુસ્તક છપાવો. આપણે કદી કાંઈ ન સંભાળીએ, આ તો રામજીભાઈ સંભાળે છે. અહીં મંદિર કરો એમ અમે કદી કહ્યું નથી. થાય છે તો બતાવીએ કે-આમણે કર્યું પરંતુ આ બહેનના પુસ્તક માટે તો મારી લાગણી એવી થઈ ગઈ

અરે ! એકવાર વિરોધી પણ જરા શાંતિથી જુએ તો... બાપુ ! એમાં એકલું માખણ છે. વસ્તુની સ્થિતિ જ આવી છે. પુસ્તક એક સાત રૂપિયે પડશે-મોઘું તો છે. દશ હજાર પુસ્તકના ૭૦ હજાર થશે. અહીંયા તો ૭૦ હજાર ન આવ્યા હોય તોય કાંઈ નહીં-કહ્યું. પરંતુ એકવાર બનાવો તો ખરા ! અને પછી હિન્દી ગુજરાતીને ભેટ દ્યો ! એ સાંભળે ( વાંચે ) તો ખરા ! દશ હજાર તો આપવા માટે, એ સિવાય વેંચાણ ખાતે બે-ચાર હજાર રાખવા પડશેને ! ઓલા દશ હજાર તો ભેટ ખાતે. આવો ભાવ આવ્યો છે.

**શ્રોતાઃ-** દાતાર મળી જાય તો ને !

**ઉત્તરઃ-** રામજીભાઈ પાસે દાતાર ઘણાં છે. અહીંયા પૈસાનો ક્યાં તૂટો છે.

અહીંયા કહે છે-જે કાળમાં ચૈતન્યનો પ્રકાશ બહાર આવ્યો. કેવી રીતે બહાર આવ્યો ? વિકલ્પ છૂટીને જ્યાં નિર્વિકલ્પ શુદ્ધ સ્વરૂપનો જ્યાં અનુભવ થયો તો ચૈતન્યનો ઉદય થયો. શ્રીમદ્જીમાં આવે છે. કે-" ચારિત્ર નો ઉદય થાય છે. " ઉદય નામ પ્રગટ થાય છે. આવી ભાષા શ્રીમદ્જીમાં છે. એમ જ્યાં આનંદનો નાથ જાગીને ક્ષણમાં ઉઠે તો વિકલ્પના અંધારા અસ્ત થઈ જાય છે.

**" જે સૂર્યનો પ્રકાશ થતાં અંધકાર ફાટી જાય છે તેમ શુદ્ધ ચૈતન્યમાત્રનો**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુભવ થતાં જેટલા વિકલ્પો તે બધાય મટે છે - એવી શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે તે મારો સ્વભાવ;"**

આ મારો સ્વભાવ જ છે. આ કોઈ બહારથી ચીજ લાવેલી નથી. આવો ચૈતન્ય પ્રકાશનો સ્વભાવ છે. "**અન્ય સમસ્ત કર્મની ઉપાધિ છે.**" આ જે વિકલ્પ ઊઠે છે કે- હું શુદ્ધ છુ, હું અભેદ છું એ પણ કર્મની ઉપાધિ છે. નિરુપાધિ ભગવાન આત્માનો સ્વભાવ નિરુપાધિ છે. સમસ્ત વિકલ્પ મટે છે એવી શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે તે મારો સ્વભાવ છે, બાકી અન્ય સમસ્ત કર્મની ઉપાધિ છે. હવે પછી ઇન્દ્રજાળનું કહેશે.

## પ્રવચન નં. ૮૯ તા. ૮-૯-'૭૭

"**पुष्कलोच्चल विकल्पवीचिभी: उच्छलत्" (पुष्कल) અતિ ઘણી (उच्चल) અતિ સ્થૂલ એવી જે ભેદકલ્પના,**

ભગવાન જ્ઞાન અને આનંદ સ્વરૂપ હોવા છતાં પણ અનાદિ કાળથી અંતરમાં વિકલ્પ ઊઠે છે. હું આવો છું, હું આવો છું, હું શુદ્ધ છું, હું અભેદ છું વ્યવહારનો તો નિષેધ કરતા જ આવ્યા છીએ. હું ચિદાનંદ જ્ઞાયક સ્વરૂપ છું. મારી અંતરની ચીજ અનંતકાળથી નજરમાં નથી આવી... કે કઈ ચીજ છે; અંતરમાં અનુભવ કરવા પહેલાં વિકલ્પ આવે છે કે-હું આવો છું ને આવો છું એ બધી ઇન્દ્રજાળ છે. અત્તિ સ્થૂળ એવી ભેદ કલ્પના તે વિકલ્પ છે. હવે તારો દયા દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ તો ક્યાંય રહી ગયો. સમજમાં આવ્યું ?

અહીંયા તો આત્મા જે પૂર્ણાનંદનો નાથ શુદ્ધ ચૈતન્યધાતુ, અખંડ, આનંદકંદ એ તરફ સન્મુખ ન થઈને વિકલ્પ ઊઠાવવો કે-હું આવો શુદ્ધ છું, અખંડ છું, અભેદ છું તે વિકલ્પની જાળ છે તેથી આત્માનો પતો લાગતો નથી એમ કહે છે

"**(वीचिभी) તરંગાવલી તેના વડે આકુલતારૂપ છે; તેથી હેય છે, ઉપાદેય નથી.**" જે તરંગો ઉઠે છે તે વિકલ્પની જાળ છે. જેમ સમુદ્રમાં તરંગ ઊઠે છે તેમ ભગવાન અતીન્દ્રિય આનંદ સાગર પ્રભુ ! એમાં વિકલ્પના તરંગ ઊઠે છે. આહાહા ! એ તરંગાવલી આકુળતા છે. હું આત્મા છું, અખંડ છું, શુદ્ધ છું, એક છું, અભેદ છું એવા વિકલ્પરૂપ અને આકુળતારૂપ છે. તેથી તે હેય છે. આ વિકલ્પ ઊઠે છે તે હેય છે એમ કહે છે.

અહીંયા તો હજુ શુભજોગને હેય માનવામાં પસીનો ઉતરે છે. શુભજોગ હેય નથી, શુભજોગ તે મોક્ષનો માર્ગ છે એમ કહે છે. અરે.... ભૈયા ! એવા શુભભાવ તો નિગોદમાં પણ અનંતવાર થયા. એ શુભભાવના (ફળમાં) નવમી ગ્રૈવેયક ગયો. અત્યારે તો એવો શુભભાવ થઈ શકતો પણ નથી. અને નિગોદમાં પણ શુભભાવ છે. પરમાગમમાં સિદ્ધાંત એમ કહે છે કે-નિગોદમાં એકેન્દ્રિય જીવને પણ ક્ષણમાં શુભ અને ક્ષણમાં અશુભ નિરંતર ચાલે છે. તે કાંઈ નવી ચીજ નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન આત્મા! પૂર્ણાનંદનો નાથ તેમાં વિકલ્પ ઉઠાવવો તે આકુળતા અને દુઃખરૂપ છે. તેનાથી આત્માની પ્રાપ્તિ થતી નથી. આ સૂક્ષ્મ વાત છે. લોકો તો હજુ બહારની ક્રિયા કરવામાં છે. દયા-દાન વ્રત -ભક્તિ-પૂજા કરતાં-કરતાં કલ્યાણ થઈ જશે એમ માને છે. અહીંયા તો પરમાત્મા કહે છે-વસ્તુની મર્યાદાના જે વિકલ્પ ઉઠે છે તે અમર્યાદિત છે. હું શુદ્ધ ચિદાનંદનું ગ્રહણ કરવાવાળો તેમાં આવો વિકલ્પ કેમ ? હું તો શુદ્ધ ચૈતન્ય છું. એવો જે વિકલ્પ ઉઠે છે તે હેય છે, તે ઉપાદેય નથી. તો પછી શુભક્રિયાંકાંડનો ભાવ તો ક્યાંય દૂર છે- હેય છે. સમજમાં આવ્યું ?

* * *

(સ્વાગતા)

चित्स्वभावभरभावितभावा-
भावभावपरमार्थतयैकम्।
बन्धपद्धतिमपास्य समस्तां
चेतये समयसारमपारम्।।४७-९२।।

**ખંડાન્વય સહિત અર્થઃ-** "समयसारम् चेतये" **સયમસારનો અર્થાત્ શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરવો કાર્યસિદ્ધિ છે. કેવો છે ?** "अपारम्" **અનાદિ-અનન્ત છે. વળી કેવો છે?** "एकम्" **શુદ્ધસ્વરૂપ છે. શા વડે શુદ્ધસ્વરૂપ છે?** "चित्स्वभावभरभावितभावाभावभावपरमार्थतया एकम्" (चित्स्वभाव) **જ્ઞાનગુણ તેનો** (भर) **અર્થગ્રહણવ્યાપાર તેના વડે** (भावित) **થાય છે** (भाव) **ઉત્પાદ** (अभाव) **વિનાશ** (भाव) **ધ્રૌવ્ય એવા ત્રણ ભેદ, તેમના વડે** (परमार्थतया एकम्) **સાધ્યું છે એક અસ્તિત્વ જેનું. શું કરીને ?** "समस्तां बन्धपद्धतिम् अपास्य" (समस्तां) **જેટલી અસંખ્યાત લોકમાત્ર ભેદરૂપ છે** (बन्धपद्धतिम्) **જ્ઞાનાવરણાદિ કર્મબંધરચના તેનું** (अपास्य) **મમત્વ છોડીને. ભાવાર્થ આમ છે કે-શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં જેમ નયવિકલ્પો મટે છે તેમ સમસ્ત કર્મના ઉદયે જેટલા ભાવ છે તે પણ અવશ્ય મટે છે એવો સ્વભાવ છે. ૪૭-૯૨.**

## કલશ - ૯૨ : ઉપર પ્રવચન

"समयसारम् चेतये" **સમયસારનો અર્થાત્ શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરવો કાર્યસિદ્ધિ છે**"શ્લોકનો જે ચોથા પદનો અર્થ પહેલો લીધો છે. પોતાનો ભગવાન શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ તેનો નિર્વિકલ્પ દૃષ્ટિમાં અનુભવ કરવો તે કાર્ય સિદ્ધિ છે. સંસ્કૃત ટીકાકારે चेतये માં એમ શબ્દ લીધો છે... 'ध्यान विषयी कुरु' આ શબ્દ બહુજ આવે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્વેતામ્બરના આનંદઘનજી કહેતા હતા..

"દેખણ દે... મને સખી લેખણ દે, મેરા સુખકંદ ચંદ્રપ્રભુ;
મુખ ચંદ્રપ્રભુ મને દેખણ દે, દેખણ દે સખી દેખણ દે"

ચંદ્રપ્રભુ ભગવાન હો! ચંદ્રપ્રભુ મુખચંદ્ર, સખી મને દેખણ દે. શુદ્ધ પરિણતિમાં મારા નાથને મને દેખવા દે. એ વનસ્પતિમાં નિગોદમાં અનંતકાળ રહ્યો પરંતુ દેખ્યો નહીં તેણે નાથ, સખી મને દેખણ દે. નિગોદમાં અનંત ભવ કર્યા સખી પરંતુ મેં આત્માનો દેદાર ક્યારેય દેખ્યો નહીં. "એવા અપ્રિયતકાળમાં હું અનંતકાળ રહ્યો પણ અપ્રિયતકાળમાં ચતુર ન ચડયો રે હાથ." ચતુર એટલે આનંદનો નાથ મારા હાથમાં ન આવ્યો.

વિકલ્પમાં આવીને મારા દિદારને મેં ન દેખ્યો. મારી ચીજનો મેં અનુભવ ન કર્યો. અપ્રિયતકાળમાં ચતુર ન ચડયો હાથે અપ્રિયતકાળમાં આત્મા હાથ આવતો નથી હોં! ચતુર ન ચડયો હાથ. ચતુર એટલે આનંદનો નાથ છે તેને મારા ધ્યાનનો વિષય મેં ન બનાવ્યો. ત્યાં ન ગમ્યું અને પરનો સંગ છે.

અહીંયા કહે છે-એ વિકલ્પની જાળ હેય છે તેને છોડી દે નાથ! તારા દર્શન જો તારે કરવા હોય તો એ વિકલ્પની જાળને છોડી દે! અહીંયા તો વિકલ્પ છે તેને હેય કહે છે. તો શુભજોગ તો તારો ક્યાંય દૂર રહ્યો... પ્રભુ!

હવે એનીય તકરાર. અરે.... પ્રભુ.... ભગવાન! તને શું થયું! તારે ક્યાં જાવું છે નાથ! તું કોણ છો? આ શુભજોગતો પર સન્મુખનો ભાવ છે અને ધ્યાન અર્થાત્ સમ્યગ્દર્શન તો સ્વ સન્મુખનો ભાવ છે. શુભજોગ આદિ છે તે પરલક્ષી ભાવ છે. તે પરસન્મુખના લક્ષથી થાય છે અને સમ્યગ્દર્શન ભાવ તે સ્વસન્મુખતાથી થાય છે.

આ બધું.... રૂપિયા ને પૈસા ને આ છોકરા ને એમાં ને એમાં ગૂંચવાઈ ગયા છે. આ છોકરો સારો છે, બે લાખ કમાય છે. ધૂળમાંય નથી સાંભળને! તું ક્યાં સલવાય ગયો. સલવાય ગયો એટલે અટકી ગયો.

અહીં શું કહે છે.... તે જુઓ. "**चेतये समयसारम्**" પ્રભુ! એકવાર સમયસારને ચેત. ભગવાન આનંદના નાથને ધ્યાનમાં વિષય બનાવ. તારા પર્યાયરૂપી ધ્યાનમાં પ્રભુને વિષય બનાવ. વર્તમાન જ્ઞાનના પર્યાયરૂપી ધ્યાનમાં ધ્યેયને વિષય બનાવ. ધ્યેય બનાવ સમયસાર પૂર્ણાનંદના નાથને... ત્યારે તારી ત્યાં કાર્ય સિદ્ધિ છે. બાકી કાર્ય સિદ્ધિ ધૂળમાં ત્યાં નથી. એમ કહે છે કે-સિદ્ધિ શું છે? આ પૈસા ને છોકરા ને તેમાં ધૂળમાંય કાર્ય સિદ્ધિ નથી, ત્યાં તો પાપની સિદ્ધિ છે.

ભગવાન પરમાત્મા અહીંયા તો એમ કહે છે.. કે હે નાથ પ્રભુ તમે ભગવાન સ્વરૂપ છો ને! વિકલ્પની જાળમાં તારો પતો નહીં લાગે. પછી તે શુભ વિકલ્પ હો કે- હું નિશ્ચય

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થી અખંડ છું, શુદ્ધ છું તે શુભ વિકલ્પ છે. શુભ છે કે નહીં? વસ્તુ આનંદકંદ પ્રભુ, શુદ્ધ ચૈતન્યઘન છે. પાઠમાં સમયસાર શબ્દ પડયો છે ને! સમયસાર એટલે ચૈતન્ય વસ્તુ શુદ્ધ આનંદઘન ચૈતન્યપ્રભુ તેમાં હું આવો છું. એવો વિકલ્પ તે હેય છે. તારું કાર્ય તો ત્યારે સિદ્ધ થાય છે. સમજમાં આવ્યું?

સમયસાર ભગવાન! સમયસાર નામ પદાર્થ. સાર નામ જડકર્મ, ભાવકર્મ અને નોકર્મથી રહિત એવો સમયસાર પ્રભુ ચેતયે. એને ચેત અને એનું ચેતન કર. ધર્મધ્યાનની પર્યાયમાં ચેતનને ધ્યેય-વિષય બનાવ. એ રીતે કાર્ય સિદ્ધિ થાય છે. બીજી રીતે કાર્ય સિદ્ધિ થતી નથી... એમ કહે છે.

ચૈતન્યમૂર્તિ આત્મા, ચૈતન્યઘન તેનો અનુભવ કરવો તે કાર્ય સિદ્ધિ છે. તે તેના વાસ્તવિક કાર્યની સાબિતી છે. આહાહા! તેણે આત્માનું કર્યું, બાકી બધા થોથાં છે. અહીં તો ત્યાં સુધી લીધું છે કે- આ વિકલ્પ ઊઠે છે કે- હું શુદ્ધ છું, અખંડ છું તે બધું હેય છે. ભગવાન સમયસાર શુદ્ધ ચૈતન્યઘન ચેતયે નામ ઉપાદેય છે.

**પ્રશ્નઃ-** શું એક જ ઉપાદેય છે?

**ઉત્તરઃ-** એક જ ઉપાદેય છે. ત્યારે સંવર-નિર્જરાની પર્યાય ચૈતન્યને ઉપાદેયપણે અનુભવે છે. એ અનુભવ છે તે સંવર-નિર્જરાની પર્યાય છે. અપૂર્વ વાત આવે છે. ભગવાન! તેં તારા દિદાર દેખ્યા નહીં નાથ! ભજનમાં આવે છે...

"હરતા ફરતા પ્રગટ હરી દેખું રે."

મારો નાથ હરી જે અજ્ઞાન અને રાગ-દ્વેષનો હરનાર છે તેને હરતા-ફરતા પ્રગટ દેખું રે.

"મારા જેવું સત્ સબ લેખું રે
મુક્તાનંદનો નાથ એ નિહારી રે..
એવો ધામ જીવન દોરી હમારી રે"

આત્મા એમ પોકારે છે કે-મારી અનુભવ દશા તે મારી જીવન દોરી છે. તે મારું જીવન ને જીવનની દોરી છે. મોક્ષના આનંદ સ્વરૂપ પ્રભુ છે. એને હું હરતાં ફરતાં દેખું અર્થાત્ મારી દૃષ્ટિમાં ભગવાન રહે... ત્યારે જીવન સફળ છે બાકી અફળ છે. દુનિયાના કાળમાં જિંદગી ચાલી જાય છે. અરે! હું જ્યાં જવા ઈચ્છું છું ત્યાં મારી સફળતા છે. વાત એવી ઝીણી છે. પણ તે અંતરના ઘરની મૂળવાત છે. અરે! ત્યાં બહારની પંડિતાઈ કામ કરે નહીં. ત્યાં દયા-દાનના ભાવ કામ કરે નહીં. હું શુદ્ધ, અખંડ, અભેદ એવા વિકલ્પ કામ કરે નહીં.!

અહીંયા કહે છે. -"**समयसारम् चेतये**" આહાહા! જ્યાં પ્રભુ છે ત્યાં નજર કરને! રાગમાં આત્મા કયાં છે! રાગમાં આત્માં કયાં આવ્યો? વિકલ્પમાં આત્મા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્યાં આવ્યો! એ લોકોને એવું લાગે છે કે- આ એકાન્ત છે, એકાન્ત છે એવું લાગે. અહીંયા તો એક જ વાતથી કાર્ય સિદ્ધિ છે. છઢાળમાં આવે છે કે –

"લાખ બાતકી બાત યહી, નિશ્ચય ઉર લાઓ;
તોરિ સકલ જગ દંદ-ફંદ, નિત આતમ ધ્યાઓ."

'**समयसारम् चेतये**' પહેલાના પંડિતો બહુ સરસ કહી ગયા પણ તેનો અર્થ કરનારાએ ફેરફાર કરી નાખ્યો. 'છોડી જગત દ્વન્દ્વ ફંદ' દ્વૈતનો વિકલ્પ પણ છોડી દે! હું આવો છું ને આવો છું એવો વિકલ્પ છોડી દે.

'નિજ આતમ ઉર ધ્યાવો' નિજ આત્મા જે સમયસાર તેને ધ્યાવો. સંસ્કૃતમાં **चेतये** તેનો અર્થ ધ્યાનનો વિષય બનાવ. પરમ અધ્યાત્મ તરંગિણી જે (શુભચંદ્ર આચાર્યની) કળશટીકા છે તેમાં ઘણે ઠેકાણે લખે છે. તેમણે ચેતયેનો અર્થ કર્યો છે.

**"चेतये-चिन्तयामि- ધ્યાન વિષયી करोमीत्यर्थः" 'समयसार चेतये' એનો અર્થ- समयसार चिन्तयामि** ચિંતવું એટલે વિકલ્પ નહીં **ध्यान विषयी करोमीत्यर्थः समयसारम् सम्यक्- अयन्ति- गच्छन्ति- निजगुणपर्यायनिति समयाः"**

નિજ સ્થળમાં જ્યાં આનંદધામ પડયું છે, અતીન્દ્રિય આનંદનું જ્યાં સ્થળ છે.... ત્યાં ધ્યાન કરને પ્રભુ! તેની સન્મુખ જો ને! વ્યવહારાદિ ક્રિયામાં તો તેનાથી વિમુખ છે. હું આવો છું એવા વિકલ્પમાં પણ વિમુખ છે. સમજમાં આવ્યું?

માર્ગ બહુ ઝીણો બાપુ! તેથી લોકોને એમ થાય કે આ નવું ક્યાંથી કાઢયું? આ નવું નથી ભગવાન! અનાદિનું તારું સ્વરૂપ જ એ છે.

અહીં કહે છે- '**समयसार चेतये**' સમયસારની વ્યાખ્યા કરી... શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરવો. ભગવાન આનંદનો નાથ તેનો નિર્વિકલ્પ અનુભવ કરવો તે સમ્યગ્દર્શન છે, તે સમ્યક્જ્ઞાન છે, તે સ્વરૂપાચરણ છે, તે મોક્ષનો માર્ગ છે, સમ્યગ્દર્શન મોક્ષના માર્ગનો અવયવ છે. આવી સમ્યગ્દર્શન ચીજ છે અરે!

ભગવાન તું પરને દેખે છે પરને દેખતાં દેખતાં તારો અનંતકાળ ગયો. તેં તારો દિદાર કદી દેખ્યો નહીં.. નાથ! અંદર ચૈતન્ય ચિંતામણી રતન ભર્યા છે. જેની કથની સર્વજ્ઞના મુખથી પણ પૂરી ન આવી. શ્રીમદ્જીએ કહ્યું છે કે –

"જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શકયા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો."

જે સ્વરૂપ સર્વજ્ઞે જોયું તે સ્વરૂપ વાણી દ્વારા પૂરું ક્યાંથી આવે! સર્વજ્ઞની વાણીમાં પણ એના નાથના (સ્વરૂપની) વાણી પૂરી ન આવી, તો પછી અનેરા -અલ્પજ્ઞાનીની

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વાણીમાં એ ક્યાંથી આવે. અપૂર્વ એ તો અનુભવ ગમ્ય વાત રહી. આહાહા! શબ્દ થોડા પરંતુ ભાવની ગંભીરતાનો પાર ન મળે. ભગવાન તારા સંસારનો ઉચ્છેદ કરવામાં કારણ તો આ છે. બાકી પરિભ્રમણ કરી કરીને તો (સંસારમાં રખડે છે.)

આ જુઓને! લીમડામાં ફૂલ પાકે છે ને તેને કોર કહે છે. ત્યાં રસોડે જઈએ તો પગથિયા પર ફૂલ પડયા હોય તેમાં નિગોદના અનંતજીવ હોં! અનંત ભગવાન અંદર પડયા છે. એક કટકીમાં તો અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંત જીવ અને એક એક જીવમાં અનંત શક્તિઓ અને એક એક શક્તિમાં અનંતું સામર્થ્ય. આહા! કાલે આહાર વહોરવા ઉપર ચડયા ત્યારે કહ્યું હતું.

આહાહા! અંદર ભગવાન સ્વરૂપ બિરાજે છે. ક્ષેત્ર મોટું ન હોય, તેનાથી કાંઈ નહીં. અંગુલના અસંખ્યાત ભાગમાં અસંખ્ય શરીર અને એક એક શરીરમાં અનંત જીવ અને એક એક જીવમાં અનંત શક્તિ અને એક એક શક્તિનું અનંત સામર્થ્ય, જીવને તેનો ભરોસો આવવો પણ કઠણ અંદરથી એનો સમ્યગ્દર્શનનો ભરોસો આવ્યા વિના કાર્ય સિદ્ધિ થતી નથી. લાખ વાર દાન કરે, પૂજા ને ભક્તિ કરે અને મંદિર બંધાવે તો પણ તેનાથી કાર્ય સિદ્ધિ નથી. વાત તો આ છે.

જુઓ! પહેલેથી જ ઉપાડયું છે. કળશનું છેલ્લું પદ છે. "**चेतये समयसारम्पारम्**" કળશનાં છેલ્લા પદનો પહેલાં અર્થ કર્યો છે. સમયસાર ચેતયે નાથ! તું તો અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છો ને નાથ! વિકલ્પ ઊઠે છે તે તો દુઃખરૂપ છે...ને નાથ! એ દુઃખને છોડી દે! આહાહા! બહારમાં તને કાંઈ મિઠાશ લાગતી હોય તો એ તો દુઃખરૂપ છે. પરંતુ અંદરમાં વિકલ્પ ઉઠે છે. તે દુઃખરૂપ છે. પાંચ પચ્ચીસ લાખ કે બે કરોડ, પૈસા હોય, સ્ત્રી કાંઈ ઠીક હોય, છોકરાં છ આઠ હોય, એક એક છોકરો, કમાતો હોય બે બે લાખ રૂપિયા... તો જાણે અમે સુખી. ધૂળેય સુખી નથી, મરી જઈશ.

**શ્રોતાઃ-** ફસાઈ ગયા પછી શું થાય?

**ઉત્તરઃ-** ફસાઈ ગયા તો શું! પછીથી નીકળી શકે છે કે નહીં? કાલે એ ભાઈ ઉપર વિચાર આવ્યો હતો. તે દર્શન કરવા આવ્યા હતા. તેને આઠ તો છોકરા છે... અને ત્રીસ-ચાલીસ લાખ પૈસા છે. કહેતા હતા-મારે મુંબઈ જવું છે. મેં કહ્યું-જાવ! પોતે જાય ત્યારે તેને સખ વળેને? અરેરે... છોકરા છે તે બધા રળે છે. છોકરા છે. છે કે નહિ? એ ત્યાં રહેતા હતા તેની સાથે એને આઠ છે અને બીજાને સાત છે.

**શ્રોતાઃ-** આઠ છોકરામાં મજા છે.

**ઉત્તરઃ-** ધુળમાંય મજા નથી બાપા! એ તો બધા દુઃખના નિમિત્તો છે, તે દુઃખરૂપ નથી. મારા માની દુઃખ ઉત્પન્ન કરે છે તેમાં નિમિત્ત છે.

આહાહા! એ મારા દિકરા ને મારી બાયડી. બાયડીવાળો, છોકરાવાળો, પૈસાવાળો....

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

એક વાળો અહીંયા પગમાં નીકળે તો તે રાડ નાખે છે. -પીલાય છે. અને આ કેટલાવાળા ? બાયડીવાળો, પૈસાવાળો, મકાનવાળો, આબરૂવાળો, ધૂળવાળો, દાગીના ને ઝવેરાતવાળો. ઝવેરાત હોય છે ને ! પાંચ-પાંચ લાખના ઘરે ઝવેરાત હોય. આઠ દિકરા હોય બધા પરણેલા હોય, એક એક ને બે-બે લાખના દાગીના હોય, કપડાં હોય તો તેને ( સુખી લાગે. ) તને આ શું થયું છે ? આ ભૂતાવળ ક્યાંથી વળગી છે ?

અહીં તો કહે છે- પ્રભુ ! તું વિકલ્પમાં આવે છે તે આકુળતા અને દુઃખ છે. એને તો હજુ બહારમાં મારાપણાની ( આકુળતા ) ક્યાં જાવું છે તારે ? તારે દુઃખના ડુંગરમાં માથા ફોડવા છે. આનંદનો નાથ અંદરમાં બિરાજે છે તેની સમીપમાં જા ને ! આહા ! આવી વાતું છે અહીંયા તો.

**પ્રશ્નઃ**- અંદરનો નાથ દેખાતો તો નથી ! !

**ઉત્તરઃ**- એ દેખાતો નથી એમ કોણ કહે છે ? જે દેખાતો નથી એ દેખે છે. દેખાતો નથી એવું કોણે જાણ્યું ? એ જ જાણે છે ને દેખે છે. અહીંયા તો આ ચીજ છે.

અરે ! ચોરાશીના અવતાર કરતાં કરતાં તેણે કદી થાક વિસામો ન લીધો. વિસામાનું સ્થાન તો અંદરમાં છે પ્રભુ ! વિશ્રામ.. વિશ્રામ.. અનુભવ એ વિશ્રામ છે.

એકવાર પાળિયાદમાં ૭૫ની સાલમાં ચોમાસું હતું ત્યારે કહ્યું હતું. ત્યારે તો આઠમ-પાખીના ચોવીહારના ઉપવાસ કરતા. ચોવીહાર અપવાસ કરતા તેમાં પાણી ન લેતાં. ત્યારે એકવાર જંગલમાં ગયા હતા બપોરે બાર વાગે. ભોજન કરીને... પછી બીજે દિવસે અપવાસ હતો. તો ત્યાં ઉધઈ નીકળી... સૂક્ષ્મ જિવાત. બહેને પુસ્તકમાં લખ્યું છે કે- અગ્નિને ઉધઈ ન હોય. એ ઉધઈ આમ નજરે જોઈ. તે બહાર નીકળી તડકે તો મરી ગઈ. એટલી સુંવાળી કે તડકો લાગ્યો અને મરી ગઈ.

અહીંયા કહે છે ભગવાન ! એ રાગનો વિકલ્પ ઉધઈ સમાન છે. એ વિકલ્પ ચૈતન્યમાં નથી નાથ ! તું આનંદનો નાથ તેમાં ઉધઈ કેવી ? આહાહા ! આત્માનો તો ( રાગનો ) નાશ કરવાનો સ્વભાવ છે. તે પણ વ્યવહાર છે. રાગનો નાશ કરવાનો સ્વભાવ કહેવો તે પણ વ્યવહાર છે. આત્મા તો વીતરાગ સ્વરૂપ છે. તે પોતાનામાંથી નીકળી અને ક્યાં રાગનો નાશ કરે ? આવું બધું.. આવી વાત છે. મૂળની વાત તો આ છે.

એ કહ્યું ને ! શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરવો તે કાર્ય સિદ્ધિ છે. ત્યાં સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યકચારિત્રરૂપી કાર્યની સિદ્ધિ ત્યાં થાય છે. બાકી બધી વાતું છે.

જગતમાં બહાર આમ ફાલી ફૂલીને દેખાય. જુવારની ધાણી હોય છે. એ આમ ફુલેલી હોય તેમ બહારમાં ધાણી જેવું ફુલેલું દેખાય. અંદરમાં ભગવાન બિરાજે છે તેને ફૂલવને -ખિલવને. એ કમળને ખીલવ..એમાં અનંતા આનંદ આદિ છે... એની દૃષ્ટિ લગાવતાં ખીલી જાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ... અહીંયા કહે છે. – ‘ સમયસાર ચેતયે ’ ભગવાન સંત મુનિ એમ પોકારે છે પ્રભુ તું એકવાર આત્માને ચેતયે નાથ ! એને ધ્યાનનો વિષય બનાવ. તેં તારા દિદાર કદી દેખ્યા નથી નાથ ! રાગ, પુણ્ય અને એના ફળ ધૂળ એ બધાં દેખ્યાં છે. અંદર ચૈતન્ય નાથ બિરાજે છે એ વસ્તુ સ્વરૂપનો કદી અનુભવ કર્યો નહીં. એ અનુભવ તું કર પ્રભુ.... તારી કાર્ય સિદ્ધિ ત્યાં છે. બાકી બધું ધૂળધાણી છે, ત્યાં શું કામ આવે ?

શેઠ આવ્યા છે તેમની પાસે પૈસા ઘણાં છે. તમારી પાસે પૈસા ઘણાં છે તો શું થયું ? ત્યાં પૈસામાં શું થયું ? પૈસા તો જડ છે– ધૂળ છે–અચેતન છે. તેમાં ચૈતન્ય ભગવાનનો અંશ આવ્યો નહીં. તે અચેતન છે. માટે દુઃખરૂપ અને તે આકુળતારૂપ છે. આહાહા ! હું શુદ્ધ છું, અખંડ છું, અભેદ છું એવો વિકલ્પ ઉઠાવવો એ પણ અચેતન દુઃખરૂપ છે.

**પ્રશ્નઃ-** વિકલ્પ અચેતન છે ?

**ઉત્તરઃ-** અચેતન છે– જડ છે– અજીવ છે. તેને પુદ્‌ગલના પરિણામ કહેલ છે. ૭૫–૭૬ ગાથામાં પહેલાં પુદ્‌ગલ પરિણામ કહ્યાં અને પછી પુદ્‌ગલ છે તેમ કહ્યું. એ ( વિકલ્પ ) ભગવાન આત્મા નહીં, એ સમયસાર નહીં. અને જે ‘ ચેતયે ’ છે સમયસારનું ચેતવું તેમાં વિકલ્પ નહીં. આવી ચીજ છે ભાઈ ! પહેલાં જ્ઞાનમાં નિર્ધાર તો કર કે–મારે જ્યાં જાવું છે તે વિકલ્પ રહિત ચીજ છે. એવો નિર્ધાર કરશે તો પ્રયોગ કરશે. પહેલાં નિર્ધારના ઠેકાણા નહીં તેમાં અંતર્‌મુખનો પ્રયોગ કયાંથી કરે ! સમજમાં આવ્યું ?

**“ चेतये अपारम् અનાદિ અનંત છે. ”** આત્મા અપારમ્. આહાહા ! અનાદિ અનંત પ્રભુ બિરાજે છે. જેની આદિ નહીં અને જેનો પાર નહીં.. એવો આનંદકંદ નાથ અનંતગુણનો સાગર ભગવાન અનાદિ અનંત બિરાજે છે.

**“ વળી કેવો છે ? “ एकम् ” શુદ્ધ સ્વરૂપ છે. ”** એકનો અર્થ કર્યો. એક એટલે શુદ્ધ. શુદ્ધ સ્વરૂપ. પર્યાયનો જ્યાં સમાવેશ નથી એવો શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા છે. વિકલ્પનો તો અવકાશે નથી પરંતુ પર્યાયેય શુદ્ધતાના સ્વરૂપમાં અંદર નથી. એ ( પર્યાય ) બહાર બહાર.... ઉપર.... ઉપર છે. શુદ્ધ સ્વરૂપ ઉપર પર્યાય અનેક છે. શુદ્ધ પર્યાય પણ અનેક છે. તે ઉપર ઉપર તરે છે... અંદર પ્રવેશતી નથી. આહા ! સમજમાં આવ્યું ?

આ પહેલાં કળશમાં આવી ગયું છે. પર્યાય ઉપર ઉપર તરે છે તે ધ્રુવમાં કેવી રીતે પેસે ? સમજાય છે ? શુદ્ધ નિર્મળ પર્યાય હોં ! અનુભવ પર્યાય તે ધ્રુવમાં ઉપર તરે છે. તે અંદરમાં કેવી રીતે પેસે ! પર્યાય તો પરિણમનરૂપ છે, જ્યારે ધ્રુવ તો એકરૂપ કૂટસ્થ ચીજ છે, તેમાં ( પર્યાય ) પ્રવેશ ક્યાંથી કરે. આવી વાતું છે. એક વાર તો ફડાક દઈને અહંકાર ઉડી જાય એવું છે.

આવી અમારી પેઢી અને અમે આવા વેપાર કરનાર. અરે.. ભગવાન ! તું શું કરે છે ! કર્તા થઈને એ વિકલ્પ કરશ તેથી મિથ્યાદૃષ્ટિ થાય છે. આહાહા ! મિથ્યા નામ અસત્

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દૃષ્ટિ છે. હું શુદ્ધ ચૈતન્ય છું એવા વિકલ્પ એ મિથ્યાત્વભાવ છે. કર્તાકર્મ અધિકારના ૯૫ શ્લોકમાં આવશે " **विकल्पक: परं कर्ता विकल्प: कर्म केवलम्** " વિકલ્પ એ જ કર્તા અને વિકલ્પ એ જ કર્મ છે. અહીંયા ચૈતન્ય શુદ્ધ ભગવાનમાં તો -હું એક છું, હું શુદ્ધ છું, હું અખંડ છું એવો વિકલ્પ ઉઠાવવો તે વિકલ્પ જ કર્તા અને તે વિકલ્પ જ કર્મ છે. આત્મા કર્તા નથી એમ કહે છે. વિકલ્પ જ કર્તા અને વિકલ્પ જ કર્મ છે. " **न जातु कर्तृकर्मत्वं सविकल्पस्य नश्यति** " સવિકલ્પવાળાને ( અજ્ઞાનીને ) એ કર્તાકર્મપણું જતું નથી. એ કળશ આવશે ત્યારે વિશેષ ( ખુલાસો ) થશે. અહીંયા તો અત્યારે વિકલ્પ પોતે કર્તા અને વિકલ્પ કર્મ છે. પર્યાયના તો વિકલ્પ છે તે ષટ્કારકના પરિણમથી ઉત્પન્ન થયા છે. હું શુદ્ધ છું, અખંડ છું એવો વિકલ્પ પણ ષટ્કારકનું પરિણમન છે. વિકલ્પ કર્તા, વિકલ્પ કર્મ, વિકલ્પ અપાદાન, વિકલ્પ પોતાથી કરીને રાખ્યો અને વિકલ્પ આધાર છે.

**પ્રશ્નઃ-** જ્ઞાતાનું કાર્ય નથી ?

**ઉત્તરઃ-** બિલકુલ નહીં. ઝેર કાંઈ અમૃતનું કારણ થાય છે ? એ તો ઝેર છે. લસણ ખાતા ખાતા કસ્તુરીનો ડકાર આવે છે ? તેમ રાગ કરતાં કરતાં આનંદનો ડકાર આવે છે ? અનુભવ આવે છે ? ઘણો સૂક્ષ્મ માર્ગ બાપુ ! પ્રભુ.. તારો પંથ એ પ્રભુનો પંથ, તરવાના પંથ એ કોઈ અલૌકિક છે.

આહાહા ! તારી પ્રભુતાથી ભર્યો પડયો ભગવાન તેના અનુભવમાં વિકલ્પ દુઃખરૂપ છે. આહાહા ! આત્માનો અનુભવ તે આનંદરૂપ છે. એક ભાવ પણ જો યથાર્થ સમજે તો બધા ભાવ ખ્યાલમાં આવી જાય. એક ભાવને યથાર્થ સમજે નહીં અને મોટા મોટા શાસ્ત્રના ભણતર અર્થાત્ અગીયાર અંગ અને નવ પૂર્વ અનંતવાર ભણ્યો છે.

**શ્રોતાઃ-** તમે અમને પ્રેક્ટીકલ પ્રયોગ કેવી રીતે કરવો તે બતાવો ને ?

**ઉત્તરઃ-** કેમ કરવો.... તે બતાવીએ છીએ ને ! વિકલ્પ છે તે છોડીને અંદરમાં અનુભવ કરવો. કેમ કરવો તે બતાવીએ છીએ કે નહીં ?

**શ્રોતાઃ-** આમ આંખ બંધ કરવી ને પછી ખોલવી તેમ ?

**ઉત્તરઃ-** આંખ બંધ કરવામાં શું આવ્યું ? જે આંધળો હોય તેને આંખ નથી; તેની આંખ બંધ જ છે. તેમાં શું આવ્યું ? અંદરમાં પર્યાયમાં વિકલ્પને બંધ કરવા.

( આવું સૂક્ષ્મ લાગે ) એટલે પછી લોકોને એમ લાગે છે કે – આ એકલી નિશ્ચયની વાતો કરે છે. પરંતુ વ્યવહાર છે તે રાગ છે. દુઃખ છે, આકુળતા છે. તેનાથી આત્માનો અનુભવ-સમ્યગ્દર્શન થાય છે ? આહાહા ! તેથી બધા એકાન્ત કહે છે. સમજમાં આવ્યું ? ભાઈ.. પ્રભુ ! એકાન્ત છે નાથ ! એક સ્વરૂપી ભગવાનમાં જવું તેનું નામ એકાન્ત છે લ્યો જુઓ, અહીં એકની વ્યાખ્યા છે ને ? એકનો અર્થ શું કર્યો ? શુદ્ધ સ્વરૂપ. શુદ્ધ સ્વરૂપ છે તે ત્રિકાળ અનાદિ અનંત તે જ છે. એક છે તે જ શુદ્ધ સ્વરૂપ છે. સમજમાં આવ્યું ?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરે.. સાંભળવા મળે નહીં એવી ચીજ છે. એ બિચારા શું કરે? ક્યાં જાય? આહાહા.. શ્રીમદ્‌જી બહુ સંસ્કારી જીવ થઈ ગયા. આત્મજ્ઞાન અને અલ્પકાળમાં મુક્તિ. તેઓ ૧૬ વર્ષની ઉંમરે કહે છે.

"સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી;
આરાધ્ય આરાધ પ્રભાવ આણી;
અનાથ એકાન્ત સનાથ થાશે;
એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે."

સર્વજ્ઞ સ્વભાવી આ ભગવાન અને ધર્મ છે તે સર્વજ્ઞનો ધર્મ બન્ને એક જ છે. અનાદિનો અનાથ પ્રાણી છે તે સનાથ થાશે. એના વિના તારો હાથ કોઈ પકડશે નહીં નાથ.

શ્વેતામ્બરમાં અનાથમુનિની કથા આવે છે. શ્રેણિક રાજા બૌદ્ધધર્મી હતા. મોટા રાજાઓ ચામર ઢાળતા. મોટા હાથી ઉપર (જંગલમાં) નીકળ્યા ત્યાં મુનિ ધ્યાનમાં બેઠા હતા. બબુલના એટલે બાવળના ઝાડ નીચે બેઠેલા, સુંદર રાજકુંવર જેવું શરીર. શેઠિયાનો દિકરો દિક્ષા લ્યે તેવું શરીરનું સુંદર રૂપ. જેમ સોનાના કળશ ચમકતા હોય તેમ શરીર ચમકતું હોય. તેઓ બાવળ નીચે બેઠા હતા અને આમ શ્રેણિક રાજા નીકળે છે. આપ અહીંયા ક્યાંથી? આપ અહીંયા ન શોભો! આપ તો મારા રાજ્યમાં પધારો. આ તમારું સુંદર શરીર ક્યાં.... અને તે બાવળ નીચે? તમે અમારા રાજ્યમાં આવો. ત્યારે મુનિ કહે છે- હે અનાથ શ્રેણિક! તું કોને રાજ્ય કરવાનું કહેવા આવ્યો છો? શ્રેણિક કહે- મહારાજ! તમે મને ન ઓળખ્યો? હું રાજા છું, હું અનાથ નથી. હું મોટો રાજા છું, ઘરે હજારો રાણીઓ છે, અને સેંકડો રાજાઓ તો ચામર ઢોળે છે, અને હિરાના સિંહાસન ઉપર બેસીએ છીએ.... અમે અનાથ નથી નાથ! ત્યારે મુનિ કહે છે- રાજન્ તું અનાથ છે, તારું શરણ કોઈ નથી. તું મારો નાથ થવાને આવ્યો છો? તમે આવો મારા રાજ્યમાં પરંતુ તું અનાથ છો.

શ્રેણિક કહેઃ- મહારાજા! મહારાજા મને ઓળખ્યો નહીં? અનાથમુનિ કહે -તને કહ્યું ને તું અનાથ છો.

શ્રેણિકઃ- મહારાજા! ઓળખતા કેમ નથી! આ શરીરના દિદાર દેખાય છે ને હું રાજા છું.

મુનિ કહેઃ- તું અનાથ છે તારું કોઈ શરણ નથી.

શ્રેણિક કહેઃ- નાથ! બતાવો કોણ શરણ છે? આપણે યશોધર મુનિનું આવે છે. મુનિના ગળામાં મરેલો સર્પ નાખ્યો હતો. શ્વેતામ્બરમાં અનાથમુનિની વાત આવે છે. એ તો બધા કલ્પિત બનાવ્યા છે. પછી શ્રેણિકને ઉપદેશ આપ્યો અને ત્યાં સમ્યગ્દર્શન પામ્યો. ઉપસર્ગ દૂર કરે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્રેણિકરાજા અને તેનું સંપૂર્ણ રાજ બધું તેને ઘરે રહી ગયું. મારી બુદ્ધિની સમૃદ્ધિ તું ના સમજયો રાજા ! ( શ્રેણિક કહે છે ) પરનો હું રાજા નહીં. ત્યાં સમ્યગ્દર્શન પામ્યો અને ભગવાનના સમવસરણમાં ગયો ત્યાં તીર્થંકર ગોત્ર બાંધ્યું.

જ્યારે મુનિ ઉપર મરેલો સર્પ નાખ્યો હતો ત્યારે તેને સાતમી નરકનું આયુષ્ય બંધાઈ ગયું હતું. પછી ત્યાં સમકિત પામ્યો તો ૮૪ હજાર વર્ષની સ્થિતિ થઈ ગઈ. નરકગતિ બંધાણી તે ન ફરે પરંતુ ગતિની સ્થિતિનો રસ ઘટી ગયો. સાતમી નરકનું આયુષ્ય હતું તે હવે ૮૪ હજાર વર્ષનું રહ્યું.

આહાહા ! તેમણે તીર્થંકર ગોત્ર બાંધ્યું. નરકમાં છે પણ ક્ષાયિક સમકિતી છે. તેઓ આનંદમાં છે. જેટલો રાગ છે તેટલું દુઃખ છે. ત્યાંથી નીકળીને ત્રણલોકનો નાથ તીર્થંકર થશે. સો ઇન્દ્રો જેને પૂજે તેવા તીર્થંકર થશે. એ સમ્યગ્દર્શન અનાથના નાથને અંદરથી હાથમાં આવી ગયું.

શ્રેણિકરાજા અત્યારે ૮૪ હજાર વર્ષની સ્થિતિએ છે. પંચમઆરાના અઢી હજાર વર્ષ ગયા. હજુ સાડાઅઢાર હજાર વર્ષ બાકી છે. ત્યાંથી નીકળીને તીર્થંકર થશે. એ સમકિતનો પ્રભાવ એટલે અનુભવનો પ્રભાવ છે.

અષ્ટપાહુડ છે તેમાં શીલપાહુડમાં કહ્યું છે કે- નરકમાં પણ સમકિતીને શીલ છે..., એવો પાઠ છે. શીલનો અર્થ એ કે- પોતાનો અનુભવ છે અને અનંતાનુંબંધી રાગનો અભાવ છે.. તેવું શીલ તેની પાસે છે. ત્યાંથી નીકળીને તે તીર્થંકર થશે. આ શીલના પ્રતાપથી. આ બાદશાહની પેઠે-મોટા રાજાઓની જેમ બંગલામાં રહેતા હોય તે દુઃખી છે. જ્યારે સમકિતી અત્યારે નરકમાં હોય તો પણ ત્યાંથી નીકળીને તીર્થંકર થશે. જેનાં તળિયા ઇન્દ્રો ચાટશે. એ બધો પ્રતાપ આત્માના અનુભવનો છે. સમજમાં આવ્યું ? સમકિતનો પ્રતાપ છે તેમાં રાગ આવી ગયો તો તીર્થંકરગોત્ર બંધાયું તો તેને પણ હેય માનતા હતા.

**"શા વડે શુદ્ધ સ્વરૂપ છે? 'चित्स्वभावभरभावितभावा- भावभाव परमार्थतया एकम्' ( चित्स्वभाव ) જ્ઞાનગુણ તેનો"** ભગવાન તો જ્ઞાન સ્વરૂપી પ્રભુ ચૈતન્ય સૂર્ય છે. તે જ્ઞાનનો સૂર્ય છે. જ્ઞાનના નૂરના તેજનું પૂર સૂર્ય છે. આ પરમાણુના પ્રકાશનો સૂર્ય જડનો છે, આ જ્ઞાનનો સૂર્ય છે. જડ સૂર્યમાં તો હજારો કિરણો છે, જ્યારે આમાં તો અનંત કિરણ છે. ( અનંત ) શક્તિ એવો ભગવાન ચૈતન્યસૂર્ય અંદર બિરાજે છે.

**"જ્ઞાનગુણ તેનો અર્થગ્રહણ વ્યાપાર તેના વડે થાય છે."** પદાર્થને જાણવાની શક્તિવાળું જ્ઞાન છે. પદાર્થનો ઉત્પાદ કરવો કે નાશ કરવો તેવું જ્ઞાન નથી પરંતુ પદાર્થને જાણવું તેવી શક્તિ છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**" ઉત્પાદ, વિનાશ, ધ્રૌવ્ય એવા ત્રણ ભેદ, તેમના વડે સાધ્યું છે એક અસ્તિત્વ જેનું. "** ' ભાવ ' એટલે ઉત્પાદ થાય છે અને ' અભાવ ' એટલે વિનાશ થાય છે. નવી પર્યાયનો ઉત્પાદ થાય છે અને પૂરાણી ( જૂની ) પર્યાયનો વ્યય થાય છે. અને ધ્રુવ એમ ( જ રહે છે ). ભેદ દ્વારા ત્રણ ભેદ છે.. તો પણ પરમાર્થથી ત્યાં એક છે. પરમાર્થથી આ એક અસ્તિત્વ જેણે સાધ્યું છે તે. એ.... ક... રૂપ ચૈતન્યનું સાધન કર્યું. તેને સાધન કરવાથી નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે અને પૂર્વ પર્યાયનો વ્યય થાય છે, સ્વરૂપની દૃષ્ટિ રહે છે.

અહીં કહે છે કે- સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થઈ અને પૂર્વની પર્યાયનો વ્યય થયો. એ પર્યાયે સાધન કોનું કર્યું ? કહે-ધ્રુવનું. સમજમાં આવ્યું ? આકરી વાતું બાપુ ! જન્મ મરણનો અંત લાવનાર એ કાંઈ સાધારણ વાતું હોય ! આહાહા ! સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનનો વિષય તે અલૌકિક વાતું છે બાપુ ! આ વાતને મૂકીને બીજી બધી વાત કરે કે- વ્રત કરો ને અપવાસ કરો ને તપસા કરો ને ધૂળ કરો ને.... ભાઈ ! એમાં તારા જન્મ મરણના અંત નહીં આવે.

આહા ! જન્મ મરણના અંત તો આ પોતાના ધ્રુવ ઉપર દૃષ્ટિ થવાથી સમ્યગ્દર્શન આદિનો ઉત્પાદ થાય છે. પૂર્વની પર્યાયનો વ્યય થાય છે અને ધ્રુવ ધ્યેય છે. છે ત્રણરૂપ છતાં દૃષ્ટિ ત્યાં એકરૂપ ઉપર છે. ઉત્પાદ વ્યય ધ્રુવની દૃષ્ટિમાં ધ્રુવ એકરૂપ છે. આ તો કળશટીકા છે. આ વળી રાજમલજીએ ટીકા કરી છે.

**" શું કરીને ? " समस्तां बन्दपद्धतिम् उपास्य " જેટલી અસંખ્યાત લોકમાત્ર ભેદરૂપ છે જ્ઞાનાવરણાદિ કર્મબંધ રચના તેનું મમત્વ છોડીને. "**

અનુભવરૂપ સમકિત આઠ કર્મનો નાશ કરી દૈ છે જેમાં કર્મ તો નથી, રાગ નથી પણ ઉત્પાદ-વ્યયની પર્યાય ધ્રુવમાં નથી. ધ્રુવનું ધ્યાન કરવાથી જે નિર્મળ ઉત્પાદ વ્યય ઉત્પન્ન થાય છે તે આઠ કર્મોનો નાશ કરી દૈ છે. નવા લોકોને એવું લાગે કે- આ તો નિશ્ચયની વાતું કરે છે. પરંતુ અમારે શું કરવું ? જાત્રા-પૂજા કરવી, ભક્તિ કરવી, વ્રત પાળવા, અપવાસ કરવા એવું તો કાંઈ આમાં આવતું નથી. જ્ઞાનીને રાગ આવે છે પણ તે બંધનું કારણ છે. ધર્મીને પણ જ્યાં સુધી વીતરાગતા ન હોય ત્યાં સુધી શુભ ભાવ આવે છે.. પણ તે બંધનું કારણ છે.

**" समस्तं बन्धपद्धतिम् अपास्य " જેટલી અસંખ્યાત લોકમાત્ર ભેદરૂપ છે.** ' અપાસ્ય ' એટલે છોડીને નાશ કરે છે. જ્ઞાનાવારણાદિકનું મમત્વ છોડીને.... મમત્વ એટલે જે પરિણામે આઠકર્મ બંધાય તેની મમતા સમકિતીને ન હોય. તે માને છે કે એ ચીજ મારી નહીં.

શું કહે છે ? પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ થયા પછી ધર્મીને અંદર બંધના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પરિણામ આવે છે પરંતુ તે મારા છે તેવી તેને મમતા નથી. શુભભાવ આવે છે પણ તે મારા છે એવી માન્યતા નથી. " समस्तं बन्ध पद्धतिम् अपाश्य-ममत्व છોડકર " એમાં જીવે નાશ કર્યો એમ ન લીધું. ' अपास्य ' એટલે મમત્વ છોડીને એમ લીધું.

**" ભાવાર્થ આમ છે કે- શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં જેમ નય વિકલ્પો મટે છે તેમ સમસ્ત કર્મના ઉદયે જેટલા ભાવ છે તે પણ અવશ્ય મટે છે એવો સ્વભાવ છે. "**

શું કહે છે ? જેમ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવાથી હું શુદ્ધ છું, હું અખંડ છું એવો વિકલ્પ છૂટી જાય છે. એવો કર્મ બંધન પણ છૂટી જાય છે... એમ કહે છે. ભાવબંધ છૂટી જાય છે તો દ્રવ્યનો બંધ પણ છૂટી જાય છે. અરે ! માણસને આવું ઝીણું લાગે હવે કરવું શું ? શેઠ કહે છે કે- કરવું શું ? કરવું આ, અંદરમાં જવું. આહાહા ! જ્યાં ભગવાન છે ત્યાં જવું, પામરતા છે ત્યાંથી હઠી જવું. વિકલ્પથી પામર છે ભિખારી. દુઃખ અને દુઃખની દશાથી હઠવું અને પોતાના સ્વરૂપમાં આવવું તે કાર્ય-સિદ્ધિ છે. એ વાત પહેલી લીટીમાં આવી.

જેમ નય વિકલ્પ મટે છે તે પ્રકારે સમસ્ત કર્મના ઉદયથી થવાવાળા જેટલા ભાવ છે-વિકલ્પ છે તે મટે છે પરંતુ કર્મના મટવાથી જેટલા ભાવ છે તે અવશ્ય મટે છે. એવો સ્વભાવ છે.

આહાહા ! રાગ થાય છે પણ તે મારો નથી, તો તે મટી જાય છે. તેમ આત્માનો - સમયસારનો ' ચેતયે ' અનુભવ કરવાથી કાર્યની સિદ્ધિ થઈ. વિકલ્પ મટે છે તો કર્મબંધ પણ મટે છે.

* * *

( શાર્દૂલવિક્રીડિત )

आक्रामन्नविकल्पभावमचलं पक्षैर्नयानां विना
सारो यः समयस्य भाति निभृतैरास्वाद्यमानः स्वयम्।
विज्ञानैकरसः स एष भगवान्पुण्यः पुराणः पुमान्
ज्ञानं दर्शनमप्ययं किमथवा यत्किञ्चनैकोऽप्ययम्।। ४८-९३।।

**ખંડાન્વય સહિત અર્થઃ- " यः समयस्य सारः भाति " ( यः ) જે ( समयस्य सारः ) શુદ્ધસ્વરૂપ આત્મા ( भाति ) પોતાના શુદ્ધ સ્વરૂપે પરિણમે છે. જે રીતે પરિણમે છે તે કહે છે-" नयानां पक्षैः विना अचलं अविकल्पभावम् आक्रामन् " ( नयानां ) દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક એવા જે અનેક વિકલ્પો તેમનો ( पक्षैः विना ) પક્ષપાત કર્યા વિના, ( अचलं ) ત્રણે કાળ એકરૂપ છે એવી ( अविकल्पभावम् ) નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યવસ્તુ તે-રૂપ ( आक्रामन् ) જે રીતે શુદ્ધસ્વરૂપ છે તે રીતે પરિણમતો થકો. ભાવાર્થ આમ છે કે-જેટલા નય છે તેટલા શ્રુતજ્ઞાનરૂપ છે;**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શ્રુતજ્ઞાન પરોક્ષ છે, અનુભવ પ્રત્યક્ષ છે; તેથી શ્રુતજ્ઞાન વિના જે જ્ઞાન છે તે પ્રત્યક્ષ અનુભવે છે. તેથી પ્રત્યક્ષપણે અનુભવતો થકો જે કોઈ શુદ્ધસ્વરૂપ આત્મા " सः विज्ञानैकरसः " તે જ જ્ઞાનપુંજ વસ્તુ છે એમ કહેવાય છે, " सः भगवान् " તે જ પરબ્રહ્મ પરમેશ્વર એમ કહેવાય છે, " एषः पुण्यः " તે જ પવિત્ર પદાર્થ એમ પણ કહેવાય છે, " एषः पुराणः " તે જ અનાદિનિધન વસ્તુ એમ પણ કહેવાય છે, " एषः पुमान् " તે જ અનંત ગુણે બિરાજમાન પુરુષ એમ પણ કહેવાય છે, " अयं ज्ञानं दर्शनम् अपि " તે જ સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન એમ પણ કહેવાય છે. " अथवा किम् " બહુ શું કહીએ ? " अयम् एकः यत् किञ्चन अपि " ( अयम् एकः ) આ જે છે શુદ્ધચૈતન્યવસ્તુની પ્રાપ્તિ ( यत् किञ्चन अपि ) તેને જે કાંઈ કહીએ તે જ છે, જેવી પણ કહેવામાં આવે તેવી જ છે. ભાવાર્થ આમ છે કે-શુદ્ધચૈતન્યમાત્રવસ્તુપ્રકાશ નિર્વિકલ્પ એકરૂપ છે, તેનાં નામનો મહિમા કરવામાં આવે તો અનંત નામ કહીએ તેટલાં પણ ઘટે, વસ્તુ તો એકરૂપ છે. કેવો છે તે શુદ્ધસ્વરૂપ આત્મા ? " निभृतैः स्वयं आस्वाद्यमानः " નિશ્ચલ જ્ઞાની પુરુષો વડે પોતે સ્વયં અનુભવશીલ છે. ૪૮-૯૩.**

**પ્રવચન નં. ૯૦ તા. ૯-૯- '૭૭**

## કલશ - ૯૩ : ઉપર પ્રવચન

કળશટીકાનો કર્તાકર્મ અધિકાર છે. " यः समयस्यसारः भाति-**જે શુદ્ધ સ્વરૂપ આત્મા** ( भाति ) **પોતાના શુદ્ધ સ્વરૂપે પરિણમે છે.** " ત્રિકાળી શુદ્ધસ્વરૂપ, ધ્રુવસ્વરૂપ, દ્રવ્યસ્વરૂપ તેને અહીંયા શુદ્ધસ્વરૂપ કહેવામાં આવ્યું છે. આ સમયસારની વ્યાખ્યા કરી. એક સમયની વિકારી પર્યાયથી જે ભિન્ન અને નય વિકલ્પથી પણ ભિન્ન... એ ચીજને અહીંયા શુદ્ધસ્વરૂપ અથવા સમયસાર કહે છે.

તે સમયસાર પોતાના શુદ્ધસ્વરૂપે પરિણમે છે. ( भाति ) શબ્દની વ્યાખ્યા એ કે- પોતાના શુદ્ધ સ્વરૂપે શોભે છે. ભગવાન શુદ્ધસ્વરૂપ છે તે પોતાની પર્યાયમાં શુદ્ધપણે શોભે છે... અર્થાત્ શુદ્ધસ્વરૂપ પરિણમે છે તેમ ભાષા લીધી. ' भाति ' નામ ભગવાન જે શુદ્ધ ત્રિકાળી છે તે વર્તમાનમાં શુદ્ધરૂપે પરિણમે છે.... તે શુદ્ધની શોભા છે. નયના વિકલ્પમાં રહેવું એ તેની શોભા નહીં. એમ કહે છે. આવી વાત છે. તે પોતાના શુદ્ધ સ્વરૂપે પરિણમે છે. ' भाति ' ની વ્યાખ્યા કરી કે -ભગવાન ત્રિકાળી આનંદસ્વરૂપ પ્રભુ તે આનંદસ્વરૂપે પરિણમે છે તે તેની શોભા છે, ' भाति ' નામ પ્રસિદ્ધિ થઈ.

આહાહા ! " **શુદ્ધ સ્વરૂપ** ", નયના વિકલ્પથી રહિત, પંચમહાવ્રત, દેવ-ગુરુ- શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ તો ક્યાંય દૂર રહી ગયા. અહીંયા તો હું શુદ્ધ છું-અખંડ-અભેદ છું તેવો શુદ્ધનયનો વિકલ્પ, ભેદજ્ઞાનના વિકલ્પથી આ આત્મા શોભા પામતો નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેનાથી તો આત્માને કલંક છે. આહાહા! હું શુદ્ધ છું, હું અખંડ એકરૂપ છું એવો વિકલ્પ એ પણ આત્માને કલંક છે. તે આત્માની અશોભા છે. આવી વાત છે ભાઈ!

તેથી અહીં એમ કહ્યું કે- શુદ્ધ સ્વરૂપ પરિણમે છે. જેવી ચીજ શુદ્ધ છે એવા નયના વિકલ્પથી હઠીને- દૂર થઈને પોતાના શુદ્ધસ્વરૂપે પરિણમે તેનું નામ મોક્ષમાર્ગ છે. આહા! જે પરિણમન છે તે જ મોક્ષનો માર્ગ છે. શુદ્ધ તો ત્રિકાળ છે. ભગવાન આનંદનો પિંડ પ્રભુ! આનંદદળ, ચિદ્દ્યન-ચિદ્રૂપોઽહમ્ એ તો ત્રિકાળ છે; પરંતુ તેને પ્રતીતમાં-અનુભવમાં લાવવો તે તેનું પરિણમન છે.

આહાહા! ગજબ વાત છે ભાઈ! તારી ચીજની પ્રાપ્તિ માટે એ વિકલ્પનો પણ સહારો નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો સહારો નથી. દેવ-ગુરુ-શાસ્ત્રનો તો સહારો નથી પરંતુ શુદ્ધજ્ઞાનનો જે ભેદરૂપ વિકલ્પ છે કે -હું આવો શુદ્ધ છું, અખંડ છું એવા પક્ષપાતમાં રહેવું એ પણ તારી શોભા નથી. આહાહા! બંધમાર્ગમાં રહેવું એ તારી શોભા નથી. આવી વાત લોકોને કઠણ પડે એટલે શું થાય! જે સત્ય છે તે તો સત્ય જ છે. ધર્મના નામે ઉંધાઈમાં પક્ષપાત ચાલે છે. સમજમાં આવ્યું ભાઈ!

પ્રભુ! તું કોણ છો? તારી ચીજની પ્રાપ્તિ કરવા માટે વિકલ્પનો, રાગનો સહારો લેવો પડતો નથી. આહાહા! એ તો ત્રિકાળી આનંદકંદ પ્રભુ છે. કેવો પરિણમે છે? "**જે રીતે પરિણમે છે તે કહે છે- नयानां पक्षै: विना अचलं अविकल्पभावम् आक्रामन्**" આચાર્ય-સંતોએ ગજબ કામ કર્યા છે ને! દિગમ્બર સંતોએ રામબાણ માર્યા છે. જેમ રામનું બાણ ફરે નહીં એમ આ વાચ્ય અને ભાવ ફરે નહીં. આહાહા! ટૂંકા શબ્દોમાં તો ગંભીરતાનો પાર નહીં.

અહીં કહે છે- કેવી રીતે પરિણમ્યો? વર્તમાન દશામાં શુદ્ધરૂપે-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમ્યો તે અવસ્થા થઈ તે તેની શોભા છે. તે કેવી રીતે પરિણમ્યો? આહાહા! "**नयानां पक्षै: विना अचलं अविकल्पभावम् आक्रामन्**" **દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક એવા જે અનેક વિકલ્પો તેમનો પક્ષપાત કર્યા વિના**",

જુઓ! પર્યાયાર્થિકનયમાં-હું અનેક છું અને હું ભેદરૂપ છું અને હું અશુદ્ધરૂપ છું એ તો પર્યાયાર્થિકનયનો વિષય છે, તેને તો છોડી દીધો. પરંતુ દ્રવ્યાર્થિકનયનો (વિષય) દ્રવ્ય સ્વરૂપ ભગવાન તેનો જે વિકલ્પ છે તેનાથી પણ પાર છે. આહાહા! દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક એવા જે અનેક વિકલ્પ-રાગ તેના પક્ષપાત વિના; તેના પક્ષપાતમાં રોકાયા વિના; અંતરમાં જે આનંદસ્વરૂપ ભગવાન છે તે આ નયપક્ષને ઓળંગીને અંદરમાં પ્રવેશ કરે છે ત્યારે નયપક્ષનો સહારો નથી.

શું વ્યવહારરત્નત્રય સાધક છે... તો નિશ્ચય સાધ્ય છે? તો કહે છે પ્રભુ! જેનાથી ભિન્ન કરવાનું છે તે સાધક ક્યાંથી હોય? વ્યવહાર રત્નત્રયનો રાગ છે. તેને સાધક કહ્યું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે- એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું છે. બાકી જેનાથી ભિન્ન પડવાનું હોય તે સાધક કેવી રીતે હોય? સમજમાં આવ્યું?

"**नयानां पक्षै: विनां अचलं अविकल्पभावम् आक्रामन्**" અસ્તિ-નાસ્તિ બન્ને કહ્યાં. શું કહ્યું? નયના પક્ષ વિના તે નાસ્તિથી વાત થઈ. નયના પક્ષ રહિત અચલમ્ ત્રિકાળી એકરૂપ જ છે. "**(अचलं) ત્રણેકાળ એકરૂપ છે એવી નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યવસ્તુ તે-રૂપ.**" આ તો શાંતિથી સમજવાની વાત છે, આ કોઈ વિદ્વતાની ચીજ નહીં. સમજમાં આવ્યું? સમયસારમાં કહ્યું ને! વિદ્વજનો ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે એ વિદ્વાન નહીં. એ ભૂતાર્થ આ જે ત્રિકાળી એકરૂપ છે-એવી નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્ય વસ્તુ તે ભૂતાર્થ છે. સમજમાં આવ્યું?

આ સત્યાર્થ પ્રભુ! સત્ય સાહેબો-ત્રિકાળી સત્ સાહેબ છે. કબીરમાં સાહેબ શબ્દ બહુ કહે છે. આહાહા! નિર્વિકલ્પ છે-ત્રિકાળી એકરૂપ છે; જેમાં ભેદ નથી એવી નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યવસ્તુ છે. તે રૂપ '**आक्रामन्**' પરિણમતો થકો. જે પ્રકારે શુદ્ધ સ્વરૂપ છે તે પ્રકારે પરિણમતો થકો. **आक्रामन्** નો અર્થ 'પરિણમતો થકો' તેમ કર્યો. જેવું ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ છે તેવા જ શુદ્ધરૂપે પરિણમતો થકો. સમજમાં આવ્યું?

આહાહા! આંગણામાં ભગવાન પધારે (તેમ) પર્યાયમાં ભગવાન પધાર્યા. પોતાના પરિણમનમાં પ્રભુ પધાર્યા. "ઉપયોગભૂમિ પાવન કરવા પધારજો." ભાઈચંદજી પહેલાં સ્થાનકવાસી હતા પછી દિગમ્બર થઈ ગયા. તેમણે લીંબડી સંપ્રદાય છોડી દીધો. તેમણે આ બનાવ્યું હતું-

"ઉપયોગભૂમિ પાવન કરવા પધારજો." મારી ઉપયોગભૂમિ વિકલ્પ વિનાની છે ત્યાં આવીને પ્રભુ પધારજો. પ્રભુ એટલે આત્મા હોં! આવી વાતુ બાપા! ધર્મ બહુ સૂક્ષ્મ છે. અને એના ફળ પણ અનંત આનંદ છે. અનંત દુઃખનો અંત છે. શુદ્ધસ્વરૂપ જેવું છે તેવું જેનું વીતરાગી પરિણમન છે તેના ફળ અનંત આનંદ ને અનંત દુઃખનો અંત છે. નાસ્તિથી અનંત દુઃખનો અંત અને અસ્તિથી અનંત આનંદની પ્રાપ્તિ. આહાહા! તેનો ઉપાય તો અલૌકિક હોય ને બાપુ!!

પુરાણમાં આવે છે- શાંતિનાથ ભગવાન જ્યારે દીક્ષિત થાય છે ત્યારે ૯૬ હજાર સ્ત્રીઓ પાછળથી આવીને આક્રંદન કરે છે. શાંતિનાથ ત્રણ પદવીના ધારક હતા. તેઓ ચક્રવર્તી હતા, તીર્થંકર હતા અને કામદેવ હતા. તેના જેવું સુંદર રૂપ (બીજા કોઈનું ન હોય). શાંતિનાથ ૯૬ હજાર સ્ત્રીઓને કહે છે- હે.. સ્ત્રીઓ! હું તમારી સાથે રહ્યો હતો તે તમારે કારણે નહીં. મારી રાગની આસક્તિ હતી તે કારણે રહ્યો હતો. માતા! એ રાગ હવે મરી ગયો છે.

એકવાર પીંગળાનું કહ્યું હતું ને! ભર્તૃહરી રાજા દીક્ષિત થયા. તે અન્યમતિ હતા.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અન્યમતિમાં દિક્ષા લ્યે. અમે તો નાટક જોયું છે ને! એક ભાઈ રાજા પાસે અમરફળ લાવે છે. તે વેશ્યાએ રાજાને આપ્યું. રાજાએ પોતાની રાણીને પીંગળાને આપ્યું. રાજાને પીંગળા ઉપર બહુ જ પ્રેમ હતો. રાણીએ તે ફળ અશ્વપાળને આપ્યું. ઘોડાનો પાળનાર અશ્વપાળે તે ફળ વેશ્યાને આપ્યું. વેશ્યા એ ફળ લઈને ભર્તૃહરિ પાસે આવી. અરે આ શું થયું? આ ફળ મારી પાસે આવ્યું હતું અને તે તો મેં રાણીને આપ્યું હતું ને! (રાણી પાસેથી) ક્યાં ગયું? તેણે તપાસ કરી તો રાણીએ અશ્વપાળને આપ્યું હતું. અશ્વપાળ તેનો પતિ છે.... એટલે રાણી વ્યભિચારી છે. (પછી પોતે ભજન બોલે છે)

"દેખા નહીં કુછ સાર જગતમેં દેખા નહીં કુછ સાર,
રાણી મારી પ્યારી પીંગળા, અશ્વપાળકો યાર."

મારે તો બીજું કહેવું છે. જ્યારે રાજા દીક્ષિત થાય છે ત્યારે તેના ગુરુ કહે છે- જાવ રાણી પાસેથી આહાર લાવો. મહારાજ! હું રાણીને ત્યાં જાઉં? એ વખતે ગુરુએ કહ્યું કે- જાવ, રાણી પાસેથી આહાર લાવ! ભર્તૃહરિ રાજાનો ગુરુ કેવો હશે? ભર્તૃહરિ ૯૨ લાખ ગામનો અધિપતિ. વિક્રમ સંવત જેની નીકળી છે તેનો ભાઈ! એ વખતે ગુરુ પણ એ રીતે.... હતા, ધર્મ તો તેમાં ક્યાં હતો! !સાધુએ રાજાને હુકમ કર્યો.. આહાર લાવ અને રાણી પાસે જાવ. ભર્તૃહરિ જાય છે, રાણી તો શોકમાં ઉભા છે. 'ભિક્ષા રે દે ને મૈયા પીંગળા' હે માતા! તેમ રાણીને કહે છે. રાણી કહે છે- પ્રભુ! મને માતા ન કહો! મને શોક થાય છે, મારી વાત બહાર પડી ગઈ છે.... તેથી આપ દીક્ષિત થાવ છો.

"**ભિક્ષા દે ને મૈયા પીંગળા,**" હે માતા! મને ભિક્ષા દે! ૯૨ લાખનો માળવાનો અધિપતિ પત્નિને માતા કહે છે. આમાં પણ 'માતા' શબ્દ આવ્યો ને? રાણી કહે છે - પ્રભુ હું તો શોકમાં છું, મેં કાંઈ (રસોઈ) બનાવી નથી.

"ખીર બનાવું ક્ષણ એક માં,
જમતાં જાઓ જોગીરાજ જી."

પ્રભુ! મારી પાસે રોટી કે કાંઈ આજે નથી. ક્ષણમાં ખીર બનાવી દઉં છું. ત્યારે ભર્તૃહરિ કહે છે-માતા! મારા ગુરુની રહેવાની આજ્ઞા નથી. હું તો ચાલ્યો જાઉં છું. યોગીની જમાત ચાલી જાય છે તેની સાથે મારે જાવું છે. એ વૈરાગ્ય થયો પણ સમ્યગ્દર્શન વિનાનો.

અહીંયા જ્યારે શાંતિનાથ દીક્ષિત થાય છે ત્યારે ૯૬ હજાર રાણી અને તેની એક પટરાણીની ૧૦૦૦ દેવસેવા કરે છે, એ કહે છે-મારા નાથ પ્રભુ તમે જાવ છો.... અમને દુઃખ થાય છે. ત્યારે શાંતિનાથ કહે છે- હે સ્ત્રીઓ! અમે તમારા કારણે રહ્યા ન હતાં. મારા રાગની આસક્તિથી, મારા સ્વરૂપમાં નહીં ઠરવાથી રોકાયો હતો. રાગને હું જાણતો હતો તેનો સ્વામી ન હતો, પરંતુ રાગ આવતો હતો. તે કારણે હું તમારી પાસે અટક્યો હતો-રોકાયો હતો. માતા! હવે મારો રાગ મરી ગયો છે. ઓહોહો! હવે એ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગને જીવતો કરવાવાળી કોઈ સ્ત્રી છે નહીં. સમજમાં આવ્યું?

એમ અહીંયા કહે છે- વિકલ્પનો રાગ અંતર અનુભવમાં જતાં મટી જાય છે. જ્યાં બાદશાહનો -ભગવાનનો ભેટો થાય છે ત્યાં રાગ ઉભો જ થતો નથી.

" **नयानां पक्षैः विना** " વગર કર્યે એમ છે ને! પક્ષના વિકલ્પ-હું શુદ્ધ છું, અભેદ છું એવા વિકલ્પ પણ કલંકરૂપ વિઘ્ન કરવાવાળા છે. સમજમાં આવ્યું? કહે છે- કેવી ચીજમાં હું જાઉં છું? પક્ષમાંથી તો હું છૂટુ છું. અચલની વ્યાખ્યા કરે કે -ત્રિકાળી એકરૂપ અર્થાત્ ચળે નહીં. ત્રિકાળી આનંદનો નાથ અંદરમાં અચળ બિરાજમાન છે. આવી વાતું છે. આહાહા! નયનો પક્ષ છોડીને પણ.

અહીંયા તો હજુ તકરાર ચાલે છે. વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા કરવાથી સમકિત પામે એટલે અનુભવ થાય. અરે.. પ્રભુ! એ વસ્તુની સ્થિતિ છે જ નહીં. નાથ! તને તારી ખબર નથી. તું તો પ્રભુ અંદર અચળ છો ને! ક્યારેય ચળે નહીં એવી ત્રિકાળી ચીજ છો ને! એક ' અચળ ' શબ્દ આવ્યો અને બીજો ' **अविकल्पभावम्** ' એ તો નિર્વિકલ્પભાવ સ્વરૂપ છે ભગવાન! " **નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે.** "

આક્રામન્, અચળ, નિર્વિકલ્પ એવી ચીજરૂપે પરિણમતો થકો. આક્રામનનો અર્થ પરિણમતો થકો. પછી ખુલાસો કર્યો કે- જે પ્રકારે સ્વરૂપ છે એ પ્રકારે પરિણમતો થકો. કેવો પરિણમતો થકો? જેવી શુદ્ધ ચીજ છે તેવો પરિણમતો થકો. સંતોએ જંગલમાં રહીને સિદ્ધ સાથે વાતો કરી છે. આવે છે ને....

" સિદ્ધ સમાન સદા પદ મેરો. " આક્રામન, અચળ એ બે શબ્દો આવ્યા. અવિકલ્પ સિદ્ધ સમાન પદ મેરો. જુઓ, આ ત્રિકાળી સ્વરૂપ શક્તિએ છે, પર્યાયથી નહીં.

**પ્રશ્નઃ**- પરિણમતો થકો અર્થાત્ અંદરમાં ઝૂકતો થકો?

**ઉત્તરઃ**- પરિણમતો થકો એટલે વર્તમાનમાં શુદ્ધસ્વરૂપ જેવું છે તેવો પરિણમતો થકો.

પરિણમતો થકો કહો કે પ્રગટ કરતો થકો કહો કે શુદ્ધ સ્વરૂપનાં આનંદનો આસ્વાદ લેતો થકો કહો. ભાષા અનેક પ્રકારની છે.

જે પર્યાયમાં રાગ આવતો હતો તેના સ્થાને પર્યાયમાં ભગવાન આવ્યો. સમજમાં આવ્યું? શુદ્ધઉપયોગરૂપી પર્યાયમાં શુદ્ધ આત્માનું સ્થાપન થયું.

શ્રી સમયસારની બીજી ગાથામાં વાત છે. " **जीवो चरित्तदंसणणाणठिदो** " જીવ-ચરિત-દર્શન-જ્ઞાનમાં આવે છે. જીવ જ્ઞાન-દર્શન પરિણતિમાં સ્થિર થાય છે... એમ લીધું નથી. " **जीवोचरित दंसणणाठिदो** " ભગવાન આત્મા પોતાના નિર્મળ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં આવે છે. સમજમાં આવ્યું ભાઈ! વીતરાગનો માર્ગ સૂક્ષ્મ છે ભાઈ! આ બહુ અલૌકિક માર્ગ છે.

" **नयानां पक्षैः विना अचलं अविकल्पभावम् आक्रामन्** " નયના પક્ષ વિના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અચળ, નિર્વિકલ્પ છે તેવી જ ચીજ નિર્વિકલ્પમાં અચળ છે. અર્થાત્ એ રૂપે પરિણમતો થકો. ' આક્રામન્ ' કરતો થકો. એટલે અચળ નિર્વિકલ્પ ભગવાન આત્માને સમ્યગ્દર્શનમાં પ્રાપ્ત કરતો થકો. ભાષા તો સાદી છે. વસ્તુ તો છે ઈ છે. આવી વાત છે ભાઈ !

**" ભાવાર્થ આમ છે કે- જેટલા નય છે તેટલા શ્રુતજ્ઞાનરૂપ છે; શ્રુતજ્ઞાન પરોક્ષ છે. "** થોડું ધ્યાન રાખજો હોં ! વાત થોડી જુદી જાતની આવે છે. જેટલા નય છે તે શ્રુતજ્ઞાનરૂપ છે. શું કહે છે ? અહીં પરોક્ષ સિદ્ધ કરવું છે. શ્રુતજ્ઞાનને પરોક્ષ સિદ્ધ કરવું છે. અનુભવને પ્રત્યક્ષ સિદ્ધ કરવું છે.

**પ્રશ્ન**:- મતિ-શ્રુતજ્ઞાન વિનાનું !

**ઉત્તર**:- જે ભાવશ્રુતરૂપ મતિ-શ્રુતજ્ઞાન છે તે તો અંદર પ્રત્યક્ષ જ છે. અહીંયા શ્રુતજ્ઞાન નયવાળું લેવું છે. એ શ્રુતજ્ઞાનમાં આત્મા પરોક્ષ છે. અને અહીંયા જે અનુભવ થયો તેમાં તો પ્રત્યક્ષ લેવો છે. ( ભાવ ) શ્રુતજ્ઞાનમાં નયના વિકલ્પની કોઈ અપેક્ષા છે જ નહીં.

**પ્રશ્ન**:- અનુભવ મતિજ્ઞાનમાં છે ?

**ઉત્તર**:- મતિ-શ્રુત બન્નેમાં છે. પણ એ... શ્રુત કયું ? પ્રત્યક્ષ. આ વિકલ્પવાળું જે શ્રુત પરોક્ષ છે એ નહીં. આ વાત બે ત્રણ ઠેકાણે લીધી છે. ૧૯ મા શ્લોકમાં છે. ૧૨૪ મા શ્લોકમાં છે.

શ્લોક ૧૯- ભાવાર્થની પાંચમી લીટી

**" શ્રુતજ્ઞાનથી આત્મસ્વરૂપ વિચારતાં ઘણા વિકલ્પો ઊપજે છે; એક પક્ષથી વિચારતાં આત્મા અનેકરૂપ છે, બીજા પક્ષથી વિચારતાં આત્મા અભેદરૂપ છે. "** અહીં પક્ષવાળું શ્રુતજ્ઞાન લીધું છે. ભાવશ્રુતજ્ઞાન જે વેદનવાળું છે તે લીધું નથી. ૧૨૪ માં શ્રુતજ્ઞાન લીધું છે. શ્રુતજ્ઞાન દ્વારા આત્મા પરોક્ષ છે પરંતુ ભાવશ્રુતના દ્વારા પ્રત્યક્ષપણે અનુભવે છે. ભાવશ્રુત દ્વારા પ્રત્યક્ષ અનુભવે છે એમ લેવું. જે વિકલ્પવાળી શુદ્ધનય-શ્રુતજ્ઞાન છે તે પરોક્ષ છે.... તેમ લેવું છે. અંદરમાં જે ભાવશ્રુતજ્ઞાન ( પ્રગટયું ) છે તે પ્રત્યક્ષ છે. અહીંયા પ્રત્યક્ષમાં પરોક્ષ શ્રુતજ્ઞાનનો અભાવ બતાવવો છે. સમજમાં આવ્યું ?

**શ્રોતા**:- અનુભવવાળું પ્રત્યક્ષ અને નયવાળું પરોક્ષ.

**ઉત્તર**:- હા.... એમ જે નયવાળું છે તે પરોક્ષ.

**" જેટલા નય છે તે શ્રુતજ્ઞાનરૂપ છે "** શ્રુતજ્ઞાન પરોક્ષ છે, અનુભવ પ્રત્યક્ષ છે; તેથી શ્રુતજ્ઞાન વિના જે જ્ઞાન છે તે પ્રત્યક્ષ અનુભવે છે. ભાષા એમ લીધી છે... જુઓ ! નહીંતર નય છે તે શ્રુતજ્ઞાનનો ભેદ છે. શ્રુતજ્ઞાન છે તે પ્રમાણ છે અવયવી છે અને નય છે તે અવયવ છે. એ અવયવ છે પણ અહીંયા વિકલ્પવાળા નય લેવા છે. નહીંતર નય છે તે નિર્વિકલ્પ પણ છે. અને સવિકલ્પ પણ છે. પ્રમાણ પણ વિકલ્પ સહિત છે અને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિર્વિકલ્પ પણ છે. આ પ્રમાણે પ્રમાણ અને નય બે પ્રકારે છે. આ વાત નયચક્રમાં છે.

અહીંયા વિકલ્પવાળું શ્રુત કહીને નયના વિકલ્પને છોડાવે છે. કેમ કે વિકલ્પરૂપ શ્રુતમાં પરોક્ષ છે અને વસ્તુનો અનુભવ પ્રત્યક્ષ છે. પરોક્ષતાનો તો અભાવ થઈ જાય છે. સૂક્ષ્મ છે ભાઈ ! ભગવાનના દરબારમાં જવા માટે કેટલી તૈયારીઓ જોઈએ. અહીંયા અંદર પરમાત્મા બિરાજે છે.... સાક્ષાત્ પ્રભુ ! અનંત ચૈતન્ય રતનથી ભરેલો ભગવાન. તેનો પત્તો નયના વિકલ્પથી નહીં લાગે. તે આત્મામાં નહીં જઈ શકે કેમ કે આત્મા અનુભવ પ્રત્યક્ષ છે.

સમ્યગ્દર્શનની ઉત્પત્તિના કાળમાં ભાવશ્રુત જે પ્રત્યક્ષ થાય છે તેના દ્વારા અનુભવ થાય છે. આ વિકલ્પવાળું શ્રુત પરોક્ષ છે એમ કહે છે. બીજી રીતે કહીએ તો શાસ્ત્રનું જ્ઞાન ઘણું હોય અને વિકલ્પ આવે કે- આ આવો છે ને આવો છે ને આવો છે એ દ્વારા અનુભવ નથી થતો. ઝીણી વાત છે પ્રભુ !

તારી પ્રભુતાની મહિમા શું કહે ? તારી પ્રભુતા એક એક શક્તિમાં પ્રભુતા છે. એ શક્તિનું રૂપ સર્વ શક્તિમાં તેથી સર્વ શક્તિમાં પ્રભુતા પણ આવી. તારી એક શક્તિમાં પ્રભુતા છે.... તો સર્વ શક્તિમાં પ્રભુતાનું રૂપ આવ્યું છે પ્રભુ ! આહાહા ! એવી અનંત શક્તિ પ્રભુતાથી ભરી છે ભગવાન ! આ શક્તિમાં આવ્યું છે.

આહાહા ! લોકોને આકરું લાગે. તેને એવું લાગે કે આ દયા-દાન, વ્રત ને ધર્મ નથી કહેતા.... એથી નરક-નિગોદમાં જશે. અરે પ્રભુ ! આહાહા ! તેને એ રીતે બેઠું છે ને ! બીજું એને એમ લાગે છે કે- આ શુભભાવ નહીં રહે તો, એ નહીં કરે તો એ પાપ કરશે. માટે શુભભાવ કરવા.

ભાઈ ! આ તો સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથની દિવ્યધ્વનિનો તો આ સાર છે. તારી ચીજ પ્રાપ્ત કરવામાં વ્રત-તપ-ભક્તિના ભાવનો સહારો નથી. હું અભેદ શુદ્ધ અખંડાનંદ ચૈતન્ય ચીજ છું એવા વિકલ્પના પક્ષનો પણ ત્યાં સહારો નથી. તેનાથી તને આનંદનું ભોજન નહીં મળે. વિકલ્પના પક્ષમાં દુઃખનું ભોજન મળશે અને શ્રુતજ્ઞાનના વિકલ્પને અર્થાત્ પરોક્ષને છોડીને અનુભવ પ્રત્યક્ષ થાય છે ત્યાં તેને આનંદનું ભોજન છે. ભોક્તા કહો કે ભોજન કહો. અજ્ઞાનમાં તે રાગનો ભોક્તા હતો. આહાહા ! તે પોતાનું પરોક્ષપણું છોડીને સીધા ભગવાનને ભેટે છે. અનુભવમાં સીધા પરમાત્માને પ્રત્યક્ષ કરે છે. તે કારણે પ્રત્યક્ષરૂપથી અનુભવતો થકો.

**“ જે કોઈ શુદ્ધસ્વરૂપ આત્મા “ सः विज्ञानैकरसः તે જ જ્ઞાનપુંજ વસ્તુ છે એમ કહેવાય છે. ”** આહાહા ! જેના અનુભવમાં તો વિજ્ઞાન એક રસ છે. શું કહ્યું ? આ જે વિજ્ઞાન એક રસ છે. વિજ્ઞાન એક આનંદને, વિજ્ઞાન એક સુખને, વિજ્ઞાન એક અનાકુળ આનંદને તેની પર્યાયમાં અનુભવે છે, તેને આનંદ આવે છે એમ કહે છે. આવી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વાત એટલે આકરી પડે. વ્યવહારથી થતું નથી એમ આવે એટલે લોકોને લાગે ( આકરું ). કેમ કે અત્યારે તો મોક્ષ નથી. માટે વ્યવહાર કરશો તો પુણ્ય બંધાશે.

આહાહા ! ભાઈ તારી સમીપમાં જવામાં નયપક્ષનો પણ સહારો નથી. તો પછી વ્રત-તપ અને ભક્તિના શુભભાવ એ તો સ્થૂળ છે. આ તો થોડો સૂક્ષ્મ છે તો પણ સ્થૂળ છે. પેલા તે સ્થૂળ કરતાં એને સૂક્ષ્મ કહે છે પણ અંદરમાં અભેદ વિજ્ઞાનઘન, આનંદકંદ છું એવા વિકલ્પને પણ સ્થૂળ ઉપયોગ કહે છે. આહાહા ! સમજમાં આવ્યું ?

લોકોને નિશ્ચયાભાસ જેવું લાગે. જ્ઞાનીને આવું હોવા છતાં વચ્ચે વ્યવહાર આવે છે, જ્યાં સુધી વીતરાગ ન હોય ત્યાં સુધી. અનુભવ હોવા છતાં પણ તેને દયા-દાન, વ્રત-ભક્તિ-પૂજા-જાત્રાનો ભાવ આવે છે.... પણ તે હેયબુદ્ધિએ આવે છે. રાગ હેય છે તો કરો છો કેમ ? અરે.... પ્રભુ ! આવ્યા વિના રહેતો નથી. જ્યાં સુધી વીતરાગ દશા પૂર્ણ ન હોય ત્યાં વચમાં વ્યવહાર આવે છે પણ તેની મમતા નથી કરવી. આ વ્યવહાર મને લાભકારક છે એવી દૃષ્ટિ ન કરવી. આવો માર્ગ છે.

**" सः विज्ञानैकरसः "** નયના વિકલ્પના પક્ષપાત છૂટે છે તો શું થાય છે... તે કહે છે. એની પર્યાયમાં એકલા વિજ્ઞાન રસનો આનંદનો જ સ્વાદ આવે છે. ' વિજ્ઞાન એક ' અર્થાત્ તેમાં ભેદ નહીં એકરસ. આહાહા ! જે જ્ઞાનની પાંચ પર્યાય ભેદરૂપ છે એ નહીં. અહીં તો જે એકરૂપ વિજ્ઞાન છે તેનો રસ પર્યાયમાં છે.... એમ કહે છે. આવી વાત છે. તેને મેળ ન ખાય પછી શું થાય ? એકવાર તે આઠ દિ ' પંદરદિ ' મધ્યસ્થ થઈને સાંભળે તો ખ્યાલ આવે કે -ભાઈ ! આ શું ચીજ છે ? આ અધ્ધરથી ઉઠેલી વાત નથી.

અહીં કહે છે- સમ્યગ્દર્શન થવા કાળે નયના પક્ષ છૂટી જાય છે. અને વિજ્ઞાન એકરસ આત્મા અનુભવમાં આવે છે. હજુ તેને તો સમ્યગ્દર્શન કહીએ. આવી વાત છે.

**" सः विज्ञानैकरसः "** તેનો અર્થ કર્યો કે- **તે જ જ્ઞાનપુંજ વસ્તુ છે.** આહાહા ! એકલો જ્ઞાનનો પુંજ છે. ઢગલો છે-ભર છે. ભર શબ્દ આવ્યો હતોને શ્લોક ૩૦ માં ભર એટલે ગાડામાં ભરે તેને ભર કહેવાય. ગાડામાં ઘાસ ભરે તેને ભર ભર્યો કહેવાય. ભર એટલે ઊંચે સુધી ભરે તેને ભર કહેવાય. તે જ્ઞાનપુંજ વસ્તુ કહેવાય છે... તેને ભગવાન અહીં જ્ઞાનપુંજ કહે છે. અનુભવમાં જ્યારે ભગવાન આવ્યો તો ભગવાન દ્રવ્ય, ગુણમા તો હતાં પણ તે પોતાની પર્યાયમાં પધાર્યા.

આહાહા ! હજુ તો તેના જ્ઞાનમાં નિર્ણયના પણ ઠેકાણાં નહીં એ વિજ્ઞાનરસમાં ક્યાંથી જશે ? સમજમાં આવ્યું ?

**" सः भगवान् તે જ પરબ્રહ્મ પરમેશ્વર એમ કહેવાય છે. "** આહાહા નયના વિકલ્પને છોડીને ભગવાન વિજ્ઞાનરસ જ્ઞાનપુંજનું વેદન થાય, તેને પરમાત્મા કહે છે કે- વસ્તુએ પરમાત્મા છે તો પર્યાયમાં પરમાત્મા કહેવામાં આવે છે. તેને પરમબ્રહ્મ કહે છે,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેને પરમેશ્વર કહેવામાં આવે છે.

" **एषः पुण्यः તે જ પવિત્ર પદાર્થ એમ પણ કહેવાય છે.** " અહીં પુણ્ય શબ્દમાં પવિત્રતા છે. પુણ્ય શબ્દે પુણ્ય નથી. ' **एषःपुण्यः** ' પુણ્ય એટલે પવિત્ર. શુદ્ધ સ્વરૂપનો, પરમ બ્રહ્મનો અનુભવ તે પવિત્રતા. પુણ્યનો અર્થ પવિત્ર. શુભભાવરૂપ પુણ્ય તે પુણ્ય નહીં. ' **पुनाति इति पुण्यम्** ' પવિત્ર કરે તે પુણ્ય. આહાહા ! તે અર્થ અહીં લાગુ પડે છે. ભાઈ ! ઓલા પુણ્ય તો રાગ અને ઝેર છે. તે **पुण्याति** નહીં, અર્થાત્ પવિત્ર નહીં. તે તો અપવિત્ર છે. તે આત્માના આનંદનો લૂંટારો છે. જ્યારે આ પુણ્ય તો આનંદસ્વરૂપ પવિત્ર છે. અરે.. ભાઈ ! તેને ધીરું થવું પડશે. એ વાત કળશ ૩૪ માં આગળ ' નિભૃત ' આવ્યું તેમાં કહ્યું છે. આ નિભૃત નિશ્ચિત પુરુષોનું કામ છે. વિકલ્પની જાળમાં રોકાવાથી પત્તો નહીં ખાય નાથ ! કેમ કે એ ચીજ નિર્વિકલ્પ છે.

આ વાત શ્લોકમાં નીચે છેલ્લે છે. " **निभृतेः स्वयं आस्वाद्यमानः નિશ્ચલ જ્ઞાની પુરુષો વડે** " અર્થાત્ ચળ્યા વિનાની, વિકલ્પ વિનાની ચીજ એમ ! એવા ધર્માત્માને નિભૃત સ્વયમ્ આસ્વાદ્યમાન છે. ' **आस्वाद्यमान** ' છેલ્લા શબ્દનો અર્થ એવો કર્યો " **પોતે સ્વયં અનુભવશીલ છે.** " અને સંસ્કૃતમાં ' **आस्वाद्यमानः** ' એમ લીધું છે. પરમ અધ્યાત્મ તરંગિણીમાં-બે-ચાર જગ્યાએ લીધું છે. " **आस्वाद्यमानः-ध्यानविषयीक्रियमाणः** " **આસ્વાદન-અનુભવન-ધ્યાનનો વિષય કરવામાં આવી રહ્યો છે.** " " **ध्यानविषयीक्रियमाणः** " ધ્યાનનો ' ક્રિયમાણ ' -થાય છે. પોતાની પર્યાયમાં ધ્યાનનો વિષય બનાવીને અનુભવ કરે છે. એ વાત કરે છે.

આ ટીકાકાર જાણે શબ્દના પ્રોફેસર છે ને ! તેમણે આવું લખ્યું છે લ્યો ! હજુ હમણાં તો પ્રશ્ન કર્યો હતો. ૯૫ કળશમાં ' **विकल्पकः** ' એમ છે ને ! **कः** એટલે કરવાવાળો. વિકલ્પ કરવાવાળો. દ્રવ્ય-ગુણ વિકલ્પના કરનારા છે એમ નથી કહેવું. વિકલ્પનો કરનારો દ્રવ્ય નથી, એ તો શુદ્ધ છે. **विकल्पकः** કઃ છે ને ! તો વિકલ્પને કરવાવાળી પર્યાય છે. પર્યાય કર્તા અને પર્યાય કર્મ છે.

**પ્રશ્નઃ-** **विकल्पकः** એ પણ પર્યાય છે ?

**ઉત્તરઃ-** તે પર્યાય છે. **विकल्पकः** શબ્દ સંસ્કૃતમાં છે. ( સંસ્કૃતમાં એમ આવે છે ' સ્વાર્થે કઃ ' એટલે સ્વ અર્થ માં ક પ્રત્યય આવે છે. )

વિકલ્પકઃ એ અધ્યાહાર લઈ લીધો. એટલે વિકલ્પ કર્તા છે બસ, દ્રવ્ય-ગુણ નહીં. જરા સૂક્ષ્મ છે. અહીં તો અમે એક એક શબ્દનો વિચાર કર્યો છે. ખરેખર તો વિકલ્પ જ કર્તા છે અને વિકલ્પ જ કર્મ છે. દ્રવ્ય-ગુણ વિકલ્પના કર્તા છે તેમ વસ્તુમાં છે જ નહીં.

સમજાય એટલું સમજો પ્રભુ ! આ તો વીતરાગનો અલૌકિક માર્ગ છે. લૌકિકથી પાર છે. દ્રવ્યસંગ્રહમાં વ્યવહારનયને લૌકિક કહ્યું છે. ( કળશટીકામાં ) કથનમાત્ર કહ્યું છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

દેવગુરુશાસ્ત્રની શ્રદ્ધા, એ બધો વ્યવહારનય કથનમાત્રનો છે. પાંચમા શ્લોકમાં વ્યવહારનયનો અર્થ બતાવ્યો હતો. ‘ જેટલું કથન ’ . પાંચમાં શ્લોકની પહેલી લીટી અને પહેલો શબ્દ. વ્યવહારનયની વ્યાખ્યા જ આટલી બસ- કથનમાત્ર.

નિયમસારમાં આવ્યું છે ને કે- વ્યવહાર રત્નત્રય કથનમાત્ર છે. એવો વ્યવહાર અનંતવાર કર્યો છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન એ વ્યવહાર તો કથનમાત્ર વ્યવહાર છે.... એમ કહે છે. અને એ વ્યવહાર તો કથનમાત્ર છે એમ કહે છે. અને વ્યવહાર તો અનંતવાર કર્યો છે તેમ નિયમસારમાં પાઠ છે. એ વ્યવહારથી-વિકલ્પથી ભગવાન આત્મા પાર છે. સમજમાં આવ્યું ? ભાષા તો સાદી છે અને વિષય ઘણો સૂક્ષ્મ છે. પણ સમજાય એવી વાત છે, ન સમજાય એવી વાત છે નહીં.

અહીંયા એ પુણ્ય છે તે જ પવિત્ર પદાર્થ છે એમ પણ કહેવામાં આવે છે. કોને ? જેને પોતાના શુદ્ધ નિર્વિકલ્પ અચળ સ્વરૂપનો અનુભવ છે તેને પુણ્ય પણ કહે છે. પુણ્ય શબ્દે પવિત્રતા. પુણ્ય એટલે વ્યવહાર રત્નત્રયનો જે રાગ તે નહીં. અને બીજી જગ્યાએ આવે છે ને ! એ આ ભાઈ કહે છે તે. “ **पुनाति इति पुण्य:** ” જે પવિત્ર કરે તે આ પુણ્ય. તેને પવિત્ર પદાર્થ એમ પણ કહેવાય છે. ‘ **विज्ञानैकरस** ’ જે ત્રિકાળી છે તેને પણ પવિત્ર કહો, અને તેની પરિણતિને પણ પુણ્ય-પવિત્ર કહો. વસ્તુ ભગવાન સ્વરૂપ છે. તો તેના પરિણમનને પણ ભગવાન કહો. વસ્તુ પવિત્ર સ્વરૂપ છે તો પર્યાયને પણ પવિત્ર -પુણ્ય કહો. સમજમાં આવ્યું ?

અરે.... આ વીતરાગી ત્રિલોકીનાથનો ધર્મ બાપુ ! ચૈતન્ય ભગવાનનો ધર્મ.... એ કોઈ સાધારણ ચીજ નથી. અત્યારે તો લોકોએ સાધારણ કરી નાખ્યું છે. એક દયા પાળે ત્યાં ધર્મ થઈ ગયો. એક દયા પાળે ત્યાં ભગવાનનો ધર્મ ? ભગવાને દયાને ધર્મ કીધો છે ? એ તો વળી એમ કહે કે- દયા તો આત્માનો સ્વભાવ છે. ધવલમાં એક જગ્યાએ આવે છે... પણ, ત્યાં અરાગી દયાની વાત છે. જે અકષાયી ભાવ છે તેને દયા કહે છે. પરની દયાનો રાગ છે તે હિંસા છે. જગતથી બહુ ફેર છે.

**“ एष: पुराण: ” તે જ અનાદિ નિધન વસ્તુ એમ પણ કહેવાય છે. ”** એને પુરાણ પુરુષ કહીએ જે અનાદિ અનંત વસ્તુ છે. જેનો અનુભવ થયો એ ચીજને પણ પુરાણ પુરુષ કહે છે. ત્રિકાળી પુરાણ પુરુષ તો જૂની ચીજ છે. તે પુરાણનો અર્થ સમજ્યા ? પુરાણ એટલે જૂની ચીજ છે.

**પ્રશ્ન**:- પર્યાયને પવિત્ર લીધી !

**ઉત્તર**:- અહીંયા તો ત્રિકાળને લીધો... પછી પર્યાયને પણ પવિત્ર લીધી. વસ્તુ અનાદિની પવિત્ર છે બસ. વસ્તુની અપેક્ષા લઈને કહ્યું. અન્યમતિમાં એક ભજન આવે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



" જૂનો ધર્મ લ્યો જાણી રે.. સંતો જૂનો ધર્મ લ્યો જાણી રે. " જૂનો તેનો અર્થ પૂરાણો. અહીં ' પૂરાણ ' આવ્યું ને ! જૂનો ધર્મ એટલે અનાદિ અનંત ભગવાન. જૂનો એટલે અનાદિ પુરાણ પુરુષ. પુરાણ કહો કે જૂનું અનાદિ અનંત કહો. તેના અનુભવને માટે પણ આ શબ્દ લાગુ પડે છે. અનાદિ નિધન વસ્તુ એવું પણ કહેવાય છે.

**" एष: पुमान् " તે જ અનંત ગુણે બિરાજમાન પુરુષ એમ પણ કહેવાય છે. "** એ આત્માને પુરુષ કહીએ. આત્મા તે પુરુષ છે. આ બહારના શરીર જે પુરુષના સ્ત્રીના તે તો માંસ ને હાડકાં જડના છે. અનંતગુણ સંપન્ન પ્રભુને પુરુષ કહેવામાં આવે છે. પ્રભુ એટલે આ આત્મા.. એ જે દૃષ્ટિમાં અને વેદનમાં આવ્યો તેને પુરાણ પુરુષ કહે છે. તેને અનાદિ અનંત કહેવામાં આવે છે.. તેને પુરુષ કહીએ.

પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમાં આવ્યું છે કે- પુરુષ પોતાની ચેતના-સત્તામાં સુતો છે તેનું નામ પુરુષ છે.

**શ્રોતાઃ-** ' **पुरुष एति पुरुष:** '

**ઉત્તરઃ-** ' **पुरुष येति पुरुष:**, આ પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં છે. જીવ પોતાની આનંદ, ચેતનાની પર્યાયમાં જે રમે છે તેને પુરુષ કહીએ. જે રાગમાં રમે છે.. એ નપુંસક-પાવૈયા-હીજડા છે; એ પુરુષ નથી. શુભભાવના રાગમાં રમે છે તે પુરુષ નથી. અહીંયા તો અનંત આનંદનો નાથ પ્રભુ તે પુરુષ છે. અને એમાં જે રમે છે તે પુરુષ છે.

**" अयं ज्ञानं दर्शनम् अपि " તે જ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન એમ પણ કહેવાય છે.** જુઓ ! અહીં પાછું પર્યાયમાં લીધું. ત્રિકાળમાં તો લ્યે પરંતુ પર્યાયમાં પણ લેવું છે. જુઓ ! અહીં ચારિત્ર ન લીધું. અહીંયા તો નયપક્ષ વિનાનો અનુભવ તેને સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન બસ ત્યાં લીધું છે. ૧૪૪ ગાથા સમયસારમાં પણ એ જ વાત છે.

**" सम्मदंसणणाणं एसोलहदि ति णवरि ववदेसं " સમ્યકદર્શન સમ્યગ્જ્ઞાન એવી સંજ્ઞા ( નામ ) મળે છે.** આહાહા ! સમ્યગ્દર્શન -જ્ઞાન એવું પણ કહેવાય છે.

## પ્રવચન નં. ૯૧ તા. ૧૦-૯- '૭૭

**આ કળશટીકાનો કર્તાકર્મ અધિકાર છે. ૯૩ કળશનો છેલ્લો ભાવાર્થ છે. છેલ્લી પાંચ લીટીનું વ્યાખ્યાન ચાલે છે.**

**ભાવાર્થ આમ છે કે- શુદ્ધચૈતન્યમાત્ર વસ્તુ પ્રકાશ નિર્વિકલ્પ એકરૂપ છે.** આ વસ્તુ ભગવાન આત્મા શુદ્ધચૈતન્ય નિર્વિકલ્પ એકરૂપ વસ્તુ છે. તે ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય વસ્તુ નિર્વિકલ્પ એક સ્વરૂપે છે, તેનો અનુભવ કરવાથી પર્યાયમાં પણ નિર્વિકલ્પતા, શુદ્ધતા, એકરૂપતા પ્રગટ થાય છે. પુણ્ય-પાપના જે અનેક વિકલ્પો પ્રગટ થાય છે એ તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંસાર છે. આહાહા! આ શુદ્ધચૈતન્ય સ્વરૂપ એકરૂપ વસ્તુ તેનો અનુભવ કરવાથી પર્યાયમાં પણ શુદ્ધતા, એકરૂપતા, નિર્વિકલ્પતા પ્રગટ થાય છે.. તેનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ છે.

**"તેના નામનો મહિમા કરવામાં આવે તો અનંત નામ કહીએ તેટલાં પણ ઘટે,"** પહેલાં કહ્યું હતું ને... કે વસ્તુને શુદ્ધ કહો, ચૈતન્ય કહો, બ્રહ્મ કહો, ઈશ્વર કહો ચિદાનંદ કહો, સમ્યગ્દર્શન કહો, સમ્યકજ્ઞાન કહો.... જે કહો તે એક જ વસ્તુ છે તેણે ક્યારેય પોતાના ચૈતન્ય સ્વરૂપનું લક્ષ કર્યું જ નથી. જે પુણ્ય-પાપના ભાવ આત્મામાં છે નહીં તેમાં પોતાની રુચિ કરીને ચાર ગતિમાં પરિભ્રમણ કર્યું. તો કહે છે કે-પરિભ્રમણ જેને મટાડવું હોય અને વસ્તુની પ્રાપ્તિ કરવી હોય તો ભગવાન નિર્વિકલ્પ શુદ્ધ એકરૂપ છે... તેની ઉપર દૃષ્ટિ લગાવો.

વસ્તુના સ્વભાવથી જે વિપરીતરૂપ ભાવ અનાદિકાળથી છે તેનાથી હઠીને શુદ્ધ ચૈતન્ય આનંદ સ્વરૂપ પવિત્ર એકરૂપ તે ઉપર દૃષ્ટિ લગાવ તો તારું કલ્યાણ થશે... એવી વાત છે. વસ્તુ તો એકરૂપ છે- નામ અનંત કહો પરંતુ વસ્તુ તો શુદ્ધ ચિદાનંદ નિર્વિકલ્પ વસ્તુ છે અને તેની દૃષ્ટિ પણ નિર્વિકલ્પ વસ્તુ અર્થાત્ સમ્યગ્દર્શન પણ નિર્વિકલ્પ વસ્તુ છે. તેના ગમે તેટલા નામ કહો તે લાગુ થઈ જાય છે.

**"કેવો છે તે શુદ્ધસ્વરૂપ આત્મા? "निभृतैः स्वयं आस्वाद्यमानः" નિશ્ચલ જ્ઞાની પુરુષો વડે પોતે સ્વયં અનુભવશીલ છે. निभृत-** નિશ્ચલ. ચિંતા કર્યા વિનાના. **निश्चिन्त** પુરુષો એટલે જ્ઞાની પુરુષો દ્વારા સ્વયં અનુભવશીલ છે. કાલે (પરમ અધ્યાત્મ તરંગિણી) માંથી બતાવ્યું હતું ને કે- '**ध्यान विषयी क्रियमाणः**' તેવો શબ્દ છે. આસ્વાદ્યમાનનો અર્થ- વસ્તુ ત્રિકાળી પરમાત્મા મહાનિધાન ઉપર દૃષ્ટિ દેવાથી.... ધ્યાનની પર્યાયને '**ध्यान विषयी क्रियमाणः**' એ ચીજનું ધ્યાન કરવાથી (નિર્વિકલ્પતા પ્રગટે છે.) રાગ અને પુણ્ય-પાપનું ધ્યાન તો તેણે અનંતકાળથી કર્યું છે.

આહાહા! એ ભગવાન આત્માનું '**ध्यान क्रियमाण**' ધ્યાન કરતો થકો, અર્થાત્ ધ્યાનમાં તેને વિષય બનાવતો થકો. "**निभृतैः स्वयं आस्वाधमानः**" વિકલ્પની ચિંતાથી રોકાઈ ગયું છે જેનું જ્ઞાન અને '**निभृतैः**' સ્વયં પોતાનાથી આસ્વાદ્યમાન છે. ત્યાં રાગની કે નિમિત્તની અપેક્ષા છે જ નહીં. સ્વયં આસ્વાદ્યમાન છે અર્થાત્ પોતાનું સ્વરૂપ પોતાથી સ્વાદ કરવા લાયક છે- અનુભવ કરવા લાયક છે એમ કહે છે. આવી વસ્તુ છે. લોકોને ઝીણી પડે ને.... પરંતુ મારગ તો આ જ છે ભગવાન.

આખો ચિદ્બ્રહ્મ પડ્યો છે... પરમાત્મા બ્રહ્મ નામ જ્ઞાન અને આનંદ સ્વરૂપ. ચિદ્જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે તે ત્રિકાળ છે- તે તરફનું ધ્યાન કરવાથી, તે તરફનું લક્ષ બનાવવાથી, તેનો આશ્રય લેવાથી, રાગ અને પર્યાયનું લક્ષ અને આશ્રય છોડવાથી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

(પોતાથી આસ્વાદ્યમાન થાય છે.) વ્યવહારથી (નિશ્ચય) થાય છે તે રહ્યું એ નહીં. વ્યવહારનું પણ લક્ષ છૂટે છે.

તેથી તો નિભૃત કહ્યું છે. આહાહા! તે વ્યવહારના વિકલ્પથી રહિત છે. 'સ્વયં' શબ્દ છે પાઠમાં – પોતાથી. આનંદની પર્યાયથી અનુભવમાં આવવાવાળી ચીજ છે. કોઈ રાગ અને વ્યવહારથી અનુભવ થાય છે એવી ચીજ છે જ નહીં. આહાહા! આવો મારગ છે.

* * *

(શાર્દૂલવિક્રીડિત)

दूरं भूरिविकल्पजालगहने भ्राम्यन्निजौघाच्च्युतौ
दूरादेव विवेकनिम्नगमनान्नीतो निजौघं बलात्।
विज्ञानैकरसस्तदेकरसिनामात्मानमात्मा हरन्
आत्मान्येव सदा गतानुगततामायात्ययं तोयवत्।। ४९-९४।।

**ખંડાન્વય સહિત અર્થ**:-"अयं आत्मा गतानुगततां आयाति तोयवत्" (अयं) દ્રવ્યરૂપ વિદ્યમાન છે એવો (आत्मा) આત્મા અર્થાત્ ચેતનપદાર્થ (गतानुगतताम्) સ્વરૂપથી નષ્ટ થયો હતો તે, પાછો તે સ્વરૂપને પ્રાપ્ત થયો એવા ભાવને (आयाति) પામે છે. દૃષ્ટાંત-(तोयवत्) પાણીની માફક. શું કરતો થકો? "आत्मानम् आत्मनि सदा आहरन्" પોતાને પોતામાં નિરન્તર અનુભવતો થકો. કેવો છે આત્મા? '' तदेकरसिनाम् विज्ञानैकरस: ''(तदेकरसिनाम्) અનુભવરસિક છે જે પુરુષો તેમને (विज्ञानैकरस:) જ્ઞાનગુણ-આસ્વાદરૂપ છે. કેવો થયો છે? "निजौघात् च्युत:" (निजौघात्) જેમ પાણીનો શીત, સ્વચ્છ, દ્રવત્વ સ્વભાવ છે, તે સ્વભાવથી કયારેક ચ્યુત થાય છે, પોતાના સ્વભાવને છોડે છે, તેમ જીવદ્રવ્યનો સ્વભાવ કેવળજ્ઞાન, કેવળદર્શન, અતીન્દ્રિય સુખ ઇત્યાદિ અનંત ગુણસ્વરૂપ છે, તેનાથી (च्युत:) અનાદિ કાળથી ભ્રષ્ટ થયો છે, વિભાવરૂપ પરિણમ્યો છે. ભ્રષ્ટપણું જે રીતે છે તે કહે છે-"दूरं भूरिविकल्पजालगहने भ्राम्यन्" (दूरं) અનાદિ કાળથી (भूरि) અતિ બહુ દૂર છે (विकल्प) કર્મજનિત જેટલા ભાવ તેમનામાં આત્મરૂપ સંસ્કારબુદ્ધિ, તેનો (जाल) સમૂહ, તે જ છે (गहने) અટવી-વન, તેમાં (भ्राम्यन्) ભ્રમણ કરતો થકો. ભાવાર્થ આમ છે કે-જેમ પાણી પોતાના સ્વાદથી ભ્રષ્ટ થયું થકું નાના વૃક્ષોરૂપે પરિણમે છે તેમ જીવદ્રવ્ય પોતાના શુદ્ધસ્વરૂપથી ભ્રષ્ટ થયું થકું નાના પ્રકારના ચતુર્ગતિપર્યાયરૂપે પોતાને આસ્વાદે છે. થયો તો કેવો થયો? "बलात् निजौघं नीत:" (बलात्) બળજોરીથી (निजौघं) પોતાની શુદ્ધસ્વરૂપલક્ષણ નિષ્કર્મ અવસ્થા (नीत:) તે-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**રૂપ પરિણમ્યો છે. આવો જે કારણથી થયો તે કહે છે-" दूरात् एव " અનંત કાળ ફરતાં પ્રાપ્ત થયો છે એવો જે " विवेकनिम्नगमनात् " ( विवेक ) શુદ્ધસ્વરૂપનો અનુભવ એવો જે ( निम्नगमनात् ) નીચો માર્ગ, તે કારણથી જીવદ્રવ્યનું જેવું સ્વરૂપ હતું તેવું પ્રગટ થયું. ભાવાર્થ આમ છે કે-જેવી રીતે પાણી પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થાય છે, કાળ નિમિત્ત પામી ફરીને જળરૂપ થાય છે. નીચા માર્ગથી ઢળતું થકું પુંજરૂપ પણ થાય છે, તેવી રીતે જીવદ્રવ્ય અનાદિથી સ્વરૂપથી ભ્રષ્ટ છે, શુદ્ધસ્વરૂપલક્ષણ સમ્યક્ત્વગુણ પ્રગટ થતાં મુક્ત થાય છે. આવો દ્રવ્યનો પરિણામ છે. ૪૯-૯૪**

## કલશ - ૯૪ : ઉપર પ્રવચન

" अयं आत्मा गतानुगततां आयाति तोयवत् " **દ્રવ્યરૂપ વિદ્યમાન છે એવો, "** ' अयं ' શબ્દ છે ને ! વસ્તુ જે આનંદઘન ભગવાન આત્મા છે તે વિદ્યમાન છે-મોજુદ છે. પરંતુ તે રાગના અને પર્યાયના પ્રેમમાં મોજુદ ચીજની દૃષ્ટિ થતી નથી. ' अयं ' દ્રવ્ય જે છે તે પ્રત્યક્ષ-પ્રગટ છે... એમ કહે છે. આ તો નિભૃત પુરુષોનું કામ છે તેમ આવ્યું હતું ને !!

**પ્રશ્નઃ-** નિભૃત પુરુષો એટલે શું ?

**ઉત્તરઃ-** એ પહેલા કહ્યું ને ! નિશ્ચિંત પુરુષોનું કામ છે, ચિંતામાં પડયા છે તેનું કામ નથી. અનેક પ્રકારની ચિંતા દયા-દાન, વ્રત ભક્તિ આદિ, અશુભની ચિંતા તો દૂર રહો પણ વ્યવહારની ચિન્તામાં પડયા છે એ પુરુષોને નિશ્ચિંતપણું આવતું નથી. નિભૃતનો અર્થ નિશ્ચળ થાય છે, અર્થાત્ ચિંતા રહિત છે. અથવા નિશ્ચિંત પુરુષો જ્ઞાની પુરુષો દ્વારા એટલે જેને વિકલ્પની ચિંતાનો અભાવ છે તે... નિભૃત પુરુષ છે. પોતાના અંતરમાં સ્વરૂપમાં પૂર્ણાનંદને જ્ઞેય અર્થાત્ ધ્યેય બનાવે છે. આત્માને જ્ઞેય બનાવીને જ્ઞાન કરવું તેમજ તેને ધ્યેય બનાવીને ધ્યાન કરવું. આહાહા ! આવી વસ્તુનું જ્ઞાન કદી કર્યું નથી. સાંભળવાને પણ મળે નહીં.

એક તો આખો દિવસ -ચોવીસ કલાક સંસારમાં તેમાં બાવીસ કલાક પાપની પીંજણ, પીંજણ આવે છે ને ! પીંજણ છે ને પીંજણ... એટલે રૂ. જ્યારે રૂ ને પીંજે છે ત્યારે ઝીણી રજોટ ચોંટે છે. એમ અનાદિથી રાગ ને દ્વેષની પીંજણ ચોંટે છે. પંચાસ્તિકાયમાં પાઠ છે. ભાઈ ! પીંજણ એટલે સમજ્યાં ? રૂ ને પીંજે છે ને ત્યારે ઝીણાં-ઝીણાં રૂ ના ભાગ ચોંટે છે. તેમ ભગવાન આત્મા વિકારની પીંજણ કરતાં-કરતાં તેને વિકાર ચોંટે છે.

ભગવાન આત્મા તો નિભૃત પુરુષો જ્ઞાની પુરુષો દ્વારા અનુભવશીલ છે. આહાહા ! કોઈપણ પ્રકારના વ્યવહારના વિકલ્પથી રહિત નિશ્ચય છે. નિર્વિકલ્પ ભગવાન આત્મા પ્રત્યેનો આશ્રય લેતાં તે સ્વયં અનુભવશીલ છે. તે સ્વયં પોતાથી અનુભવમાં આવે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

તેને કોઈ પરની અપેક્ષા છે જ નહીં. ગુરુ અને દેવની પણ અપેક્ષા નહીં. દેવ-ગુરુની શ્રદ્ધાના રાગની પણ અપેક્ષા નથી. એવી વાત છે. એવા પુરુષો દ્વારા અનુભવશીલ એટલે ધ્યાનમાં લેવા લાયક તે ચીજ છે. ભારે કામ ભાઈ!

'अयं' આત્મા દ્રવ્યરૂપ વિદ્યમાન છે. "**अयं આત્મા અર્થાત્ ચેતન પદાર્થ**" ભગવાન તો ચેતન સ્વરૂપે, જ્ઞાન સ્વરૂપી, આનંદ સ્વરૂપી પદાર્થ છે "(गतानुगततां) **સ્વરૂપથી નષ્ટ થયો હતો તે પાછો તે સ્વરૂપને પ્રાપ્ત થયો, એવા ભાવને પામે છે.**" 'गतानुगततां' જે અનાદિથી રાગમાં ગતિ કરે છે. પુણ્ય ને પાપના ભાવમાં ગતાનુગતથી એ પાછો હઠે છે અને પોતાના સ્વરૂપમાં પાછો આવે છે. પાણીનું દૃષ્ટાંત આપશે.

(तोयवत्) **પાણીની માફક. શું કરતો થકો? आत्मानम् आत्मनि सदा आहरन्" પોતામાં નિરંતર અનુભવતો થકો"** ભાષા તો ઘણી ટૂંકી છે પણ ભાવ ગંભીર છે. (आत्मानम्) પોતાને પોતામાં નિરન્તર અનુભવતો થકો. રાગ વિના નિર્વિકલ્પ આનંદથી આત્માને અનુભવતો થકો, સૂક્ષ્મ વાત છે ભગવાન! આ બહારના શાસ્ત્ર જ્ઞાનથી પણ પ્રાપ્ત નથી થતું. તેમ એ દયા-દાન-વ્રત-ભક્તિના ભાવથી પણ પ્રાપ્ત થતો નથી. એ બધા તો વિકલ્પ ને રાગ છે.

અહીંયા તો કહે છે- પાણીની માફક.... પોતાને પોતાનામાં, આનંદ સ્વરૂપી પોતે છે તેમાં પોતાને નિરંતર અનુભવતો થકો. જેવી રીતે અનાદિથી રાગને નિરંતર અનુભવતો હતો તે મિથ્યાત્વ અને ભ્રાંતિ હતી. હવે અહીંયા રાગથી રહિત પૂર્ણાનંદનો નાથ-સચ્ચિદાનંદપ્રભુ તેનો નિરંતર સ્વાશ્રયથી ઉત્પન્ન થયેલા આનંદને અનુભવતો થકો. આવો મારગ છે. એ મારગની રીતની-નિર્ણયની પણ હજુ ખબર ન મળે તે માર્ગમાં કેવી રીતે જાય? અરે.... ૮૪ના અવતાર કરતાં-કરતાં દુઃખી થયો છે.

જ્યારે ટાણાં મળે છે ત્યારે ટાણાં ચૂકી જાય છે. ભગવાન વસ્તુને સમજવાની લાયકાત તો મનુષ્યપણામાં છે. વિશેષ તરીકે હોં! સામાન્ય તરીકે તો નરકમાં પણ હોય છે. તો એ ટાણાં ચૂકી જાય છે આ કરવું છે અને આ કરવું છે, અથવા આળસમાં અને કાં તો પ્રમાદમાં એ ચીજ તરફની સાવધાની રહેતી નથી.

અહીંયા કહે છે- 'आत्मानम्' આત્મામાં નિરંતર અનુભવે છે એમ કહે છે કે સમ્યગ્દર્શનમાં આત્માને નિરંતર અનુભવે છે.

"**કેવો છે આત્મા? तदेकरसिनाम् विज्ञानैकरसः અનુભવ રસિક છે જે પુરુષો તેમને**" અનુભવના રસિલા જીવને વિજ્ઞાન એકરસ છે. "तदेकरसिनाम् विज्ञानैकरसः" તદ્ એક રસિકાનામ્-અનુભવ રસિક છે. પુરુષ અર્થાત્ અનુભવનું જેને રસિકપણું છે. જેને રાગના આનંદનું રસિકપણું છૂટી ગયું છે તે. જેને અનુભવ રસનો રસ છે તેવા આત્માને વિજ્ઞાન એકરસ છે. જ્ઞાનના રસિક પુરુષોને તો વિજ્ઞાન

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એકરસ છે તેને સંસારનો રસ ઉડી ગયો છે, ફીક્કો પડી ગયો છે. આસક્તિ થાય છે પણ તેમાં રસ નથી. તેના આશ્રયથી લાભ છે તેમ (માન્યતા) નથી. તેના (આશ્રયે) નુકશાન છે, નુકશાન છે. શુભભાવ કે અશુભભાવ થાય છે તે અમૃતથી વિરુધ્ધ છે. ભગવાન અમૃત સાગરના અનુભવથી શુભાશુભભાવ વિપરીત છે ઝેર છે. આ વાત લોકોને કઠણ પડે છે.

"**विज्ञानैकरसः**" અનુભવ રસિક પુરુષોને તો વિજ્ઞાન એક જ રસ છે. તેને રાગનો રસ તો છૂટી ગયો છે. સમ્યગ્દ્રષ્ટિને રાગ આવે તો છે તેમાં પણ રસિકપણું છૂટી ગયું છે. એ રસમાં એકાગ્ર થવું અને તે મને સુખરૂપ છે તેમ છૂટી ગયું છે. ચક્રવર્તી સમકિતીને છ ખંડનું રાજ્ય હો.... તો પણ એ છ ખંડ નથી સાધતા તે તો અખંડને સાધે છે. ન્યાલભાઈ સોગાનીના "દ્રવ્ય દ્રષ્ટિ પ્રકાશ"માં એ શબ્દ આવ્યો છે- "ચક્રવર્તી છ ખંડને નથી સાધતો, તે તો અખંડને સાધે છે".... એમ આવ્યું છે.

આહાહા! છન્નુ હજાર સ્ત્રી, છન્નુ કરોડ પાયદળ, છન્નુ કરોડ ગામ તેનો સાહેબો કહે છે કે - હું એ નહીં' એ મારી ચીજ નહીં. મારી ચીજ એ નહીં અને એ ચીજમાં હું નહીં. જ્યાં હું છું ત્યાં એ ચીજ નથી અને જ્યાં તે ચીજ છે ત્યાં હું નથી.

એ વાત અહીંયા કરે છે. પોતાને પોતામાં નિરંતર અનુભવતો થકો. "**एकरसिनाम् विज्ञानैकरसः**" સમ્યગ્દ્રષ્ટિ તો એક આત્માના રસના રસિલા છે. તે ભલે ગૃહસ્થાશ્રમમાં હો.. પણ તે ગૃહસ્થાશ્રમમાં છે નહીં. પંચસંગ્રહમાં એ કહ્યું ને - '**गृहस्थएव**' પોતાના ઘરમાં સ્થિત છે તે ગૃહસ્થ. ગૃહ + સ્થ= પોતાનું જે ઘર તેમાં સ્થિત છે તે ગૃહસ્થ છે. અહીં લોકો પૈસાવાળાને ધૂળવાળાને ગૃહસ્થ કહે છે. એ બધા મરી જવાના છે, તેનો ક્યાંય પત્તો નહીં ખાય. ભાઈ! રાગના રસિલાઓને ચૈતન્યનો રસ નહીં આવે પ્રભુ! અને આત્માના રસિકજનોને એક વિજ્ઞાન એ જ રસ છે.

**तदेकरसिनाम** પાઠ તો એવો છે- '**तदेकरसिनाम्**' **સ્વરૂપનો એક** જ જેને રસ છે તેવા. '**एक**' શબ્દ પડયો છે ને? એક શબ્દનો અર્થ કર્યો. "**तदेरसिनाम् અને विज्ञानएकरसः:**" બન્નેમાં 'એક' શબ્દ પડયો છે. શું કહે છે? બન્નેમાં 'એક' છે. એટલે શું? '**तदेक रसिनाम**' ચૈતન્ય આનંદનો જે રસિક છે તે. તેને એક જ રસિક છે, જ્ઞાનીને રાગનો રસ છૂટી ગયો છે. સર્વાર્થ સિદ્ધિની પદવી હો કે ચક્રવર્તીની પદવી હો- તે બધા રાગના રસ છૂટી ગયા છે.

નોઆખલીમાં થયું હતું ને! જ્યારે ગાંધી નોઆખલી હતા. નોઆખલી બહુ તોફાન થયું હતું. મુસલમાન લોકો હિન્દુ લોકોને બહુ નુકશાન કરતા હતા. એક બહેન હોય ૨૮ વર્ષની અને ભાઈ હોય ૨૫ વર્ષનો, બન્નેના શરીર ઉપરથી કપડાં ઉતારી, બન્નેના શરીરને ભેગા કરતા હતા. નગ્ન કરી અને ભેટાડતા હતા. તેને હૃદયમાં થાય કે- અરેરે....

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ શું થાય છે ? જમીન માર્ગ આપે તો સમાઈ જઈએ.

માતા ૪૦ વર્ષની હોય અને તેનો છોકરો ૨૦ વર્ષનો હોય, તેને નગ્ન કરી અને ભેગા કરે. જેમ એ ક્રિયામાં રસ ઉડી ગયો છે.. તેને લાગે, અરે પ્રભુ ! જમીન મારગ આપે તો સમાઈ જઈએ આ શું થાય છે ? તેમ ધર્મી-ચક્રવર્તીને રાજ્યના વૈભવનો રસ ઉડી ગયો છે. સમકિતીને પરનો રસ ઉડી ગયો છે. "**વિજ્ઞાન એક રસઃ**" એક રસિકાનામ્ બન્નેમાં એક શબ્દ છે ને ? આહાહા ! સમ્યગ્દૃષ્ટિને રસિકાનામ્.

"**तदेकरसिनाम्**" **અનુભવ રસિક છે જે પુરુષો** " આ વાક્યમાં 'એક' શબ્દ રહી ગયો છે. પરંતુ તેનો અર્થ એ કે અનુભવ થયો તે એકરૂપનો થયો. શુદ્ધ ચૈતન્યઘન-આનંદકંદ પ્રભુ એ જેનું રસિકપણું છે તેમને એક વિજ્ઞાનનો જ રસ છે.

"**કેવો થયો છે ? निजौधात च्युतः" જેમ પાણીનો શીત, સ્વચ્છ, દ્રવ્યત્વ સ્વભાવ છે.**" પાણીનું દૃષ્ટાંત આપ્યું છે. જલનો સ્વભાવ આવો છે. તમારે હિન્દીમાં 'પાની' બોલે અમારે ગુજરાતીમાં 'પાણી' બોલે. **પાણી તે સ્વભાવથી ક્યારેય ચ્યુત છે ? પોતાના સ્વભાવને છોડે છે ?**" આહાહા ! પાણીનો સ્વભાવ સ્વચ્છ, દ્રવ્યત્વ અને પ્રવાહિત થવું તે છે. તે ઝાડ ઉપર ચડી જાય છે તો શીતપણું મટી જાય છે ? બાવળનું ઝાડ હોય તેની ઉપર પાણી ચઢી જાય છે તો તેનો દ્રવ્યત્ત્વ સ્વભાવ છૂટી જાય છે. પ્રવાહરૂપે જે સ્વભાવ હતો તે છૂટી જાય છે. બાવળમાં પાણી ચઢી ગયું તો પોતાનું શીતળપણું છૂટી ગયું અને પ્રવાહપણું છૂટી ગયું અને સ્વચ્છપણું છૂટી ગયું ?

જે પ્રકારે પાણીનું શીત-સ્વચ્છ અને દ્રવ્યત્વ સ્વભાવ છે તેનાથી તે ચ્યુત થાય છે. અર્થાત્ પોતાના સ્વભાવને છોડતો થકો. "**તેમ જીવદ્રવ્યનો સ્વભાવ કેવળજ્ઞાન, કેવળદર્શન, અતીન્દ્રિયસુખ ઈત્યાદિ,**" જુઓ ! પાણીમાં ( ત્રણ ગુણ ) લીધા. શીત, સ્વચ્છ અને દ્રવ્યત્વ. તેમ ભગવાનનો સ્વભાવ કેવળજ્ઞાન, કેવળ-જ્ઞાન એટલે પર્યાયની વાત નથી પરંતુ એકલું જ્ઞાન-પૂર્ણજ્ઞાન. આહાહા ! કેવળદર્શન કે.. વ.. ળ.. એટલે એકલું દર્શન. અને કેવળ અતીન્દ્રિય સુખ. જુઓ ! અહીં વીર્ય ન લીધું કેમ કે પાણીમાં ત્રણ બોલ છે એટલે અહીં ત્રણ બોલ નાખ્યા. પાણીના ત્રણ બોલ હતા ને- શીત-સ્વચ્છ અને દ્રવ્યત્વ, તેમ કેવળજ્ઞાન, કેવળદર્શન, અતીન્દ્રિયસુખ ઈત્યાદિ લઈ લેવું.

"**અનંતગુણ સ્વરૂપ છે-**" ભગવાન આત્મા ઓહો ! જેમા બેહદ અપરિમીતજ્ઞાન, અપરિમીત દર્શન, અપરિમીત સુખ અને અપરિમીત વીર્ય એવા અનંતગુણ. અપરિમીત મર્યાદા વિનાની શક્તિનો સંગ્રહ પડયો છે.... ત્યાં એવો ભગવાન આત્મા ! પોતાના આવા સ્વરૂપથી ચ્યુત થઈને ( વિકારરૂપે પરિણામે છે ).

જેમ પાણી પોતાના સ્વભાવથી ચ્યુત થઈને બાવળકારેલા આદિના ઝાડમાં પાણી ચઢી જાય છે.... તો પોતાનું શીતપણું છૂટી જાય છે, પોતાનું સ્વચ્છપણું છૂટી જાય છે. જે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યત્વનો પ્રવાહ ચાલે છે તે છૂટી જાય છે, અને ત્યાં કારેલાના ઝાડમાં પકડાઈ જાય છે. કારેલાનું ઝાડ હોય છે ત્યા પાણી પર્યાયમાં કડવું થઈ જાય છે..

તેમ અહીં કહે છે-ભગવાન આત્મા પોતાના સ્વભાવથી અનાદિ કાળથી ભ્રષ્ટ થયો છે. જેમ પાણી પોતાના સ્વભાવથી ભ્રષ્ટ થઈને ઝાડનાં અંદર મૂળમાં ચઢી જાય છે, તેમ ભગવાન આત્મા અનંત આનંદ, અનંત જ્ઞાન સ્વરૂપ (હોવા છતાં) તે પુણ્ય-પાપના પંથે ચઢી ગયો છે. તે ઝેરના રસ્તે ચઢી ગયો છે.

"**વિભારૂપ પરિણામ્યો છે.**" તે તો વિકારરૂપે પરિણમી ગયો છે. તે પોતાના સ્વભાવથી ભ્રષ્ટ થઈ ગયો છે. પાણી જેમ ભ્રષ્ટ થઈ ઝાડ ઉપર ચઢી જાય છે તેમ ભગવાન આત્મા જ્ઞાન-દર્શન આનંદ આદિ અનંતગુણો તેવા પોતાના સ્વરૂપથી ચ્યુત થઈને વિભાવના પરિણમનમાં ચઢી ગયો છે. અહીં વિભાવમાં શુભ લેવું કે નહીં ? પંડિતજી ! આ વિભાવમાં શુભ લેવું કે નહીં ? બન્ને છે. નયનો પક્ષ પણ વિકલ્પ હોવાથી વિભાવ છે.

આહાહા ! પાણી જેમ સ્વચ્છ, પ્રવાહિત અને ઠંડું છે તેમ ભગવાન આત્મા અનંતજ્ઞાન-દર્શન આનંદ આદિ અનંતગુણનું સ્વરૂપ છે. જેમ પાણી પોતાનું સ્વચ્છપણું છોડીને વૃક્ષની ઉપર ચઢી ગયું છે તેમ આત્મા વિભાવરૂપે ચઢી ગયો છે એમ કહે છે.

કારેલા કડવા.. કડવા હોય છે અને પાણી મીઠું છે તેમ ભગવાન આત્મા શીતળ એટલે અકષાય શાંત ઉપશમ રસનો કંદ. આહાહા ! સ્તુતિમાં આવે છે ને "ઉપશમ રસ વરસે રે પ્રભુ તારા નયનમાં." તેમ ભગવાન ઉપશમરસનો કંદ છે. એના નેત્ર સમકિતમાં જાય તો તેને ઉપશમરસ ઝરે છે. આહાહા ! બહુ મારગ ભાઈ ! એવો.

અહીં કહે છે- "**વિભાવરૂપ પરિણમ્યો છે.**" ભગવાન અનંત બેહદ અપરિમીત આનંદ-જ્ઞાન -દર્શનના સ્વભાવ સ્વરૂપ છે. તે ક્ષણિક વિકૃત-વિભાવરૂપે ચઢી ગયો છે. પોતાની ઘોડે સવારી છોડીને ગધેડાની સવારી લઈ લીધી. પોતાના જ્ઞાન-આનંદ સ્વભાવ ઉપર ચઢવું અને તેનું સ્વામીપણું લેવું, તેનો અનુભવ કરવો એ છોડીને પુણ્ય-પાપના, વિકારના ગધેડા ઉપર અનાદિથી ચઢી ગયો છે.

એક જગ્યાએ એવો બનાવ બન્યો કે-વરરાજા લગ્ન કરવા આવ્યો. તો પહેલાં નકકી કર્યું હશે કે -બે, ચાર હજાર રૂપિયા દહેજમાં દેશું તો વરરાજાના બાપે કહ્યું-અમને આટલી રકમ આપો પછી કન્યા આવશે ! પેલા કહે- અમને આટલા આપો પછી કન્યા આવશે. આ કહે સોનાની ઘડિયાળ, સોનાની ચેઈન, વિગેરે ૧૦-૧૫ હજાર રૂપિયા માગ્યા. હવે છોકરીના પિતા સાધારણ બિચારા તેણે તો હજાર-બે હજાર આપ્યા હતા. વરરાજાના પિતાએ આટલી માંગણી કરી. તેમ કહીને ગામના ૨૦-૨૫ યુવાનો ગધેડાને લઈને આવ્યા અને કહે સાલા ! ગરીબ માણસની સાથે આમ કરે છે. ચાલ તને પરણાવીએ. હજાર-બે હજારની વાત કરી હતી અને તેને ઠેકાણે ૨૦-૨૫ હજાર માંગે છે. પછી તેને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગધેડા ઉપર ઊંધો બેસાડી અને ગામમાં ફેરવ્યો.... અને પછી કહે-લે! પરણ આ ગધેડાને. યુવાનોએ આવીને બહાર કાઢયો. ખાનદાન માણસ હોય તે તો દેણું કરીને પણ દહેજ આપે.

તેમ અહીં પરમાત્મા કહે છે- તું આત્માના લગ્ન કરવા આવ્યો અને તારે આટલો વિભાવ કરવો... આટલો વિભાવ કરવો.... આટલો વિભાવ કરવો.... આ શું થયું તને! તારે ગધેડા ઉપર ચઢવું છે? થોડું આમ કરી લઉં... થોડું આમ કરી લઉં.. થોડું આમ કરી લઉં.... પછી કરીશ. અહીં કહે છે-ધૂળમાંય નહીં થાય.... મફતનો મરી જઈશ.

આહા! હું થોડું આટલું ફરી લઉં પછી વાત પછી વાત પછી વાત તે પાછળ પાછળ જ રહેશે અને તે પહેલા પહેલા નહીં થાય. તારું કાર્ય નહીં થાય.

અહીં કહે છે- તારી ચીજને છોડીને વિભાવ ઉપર ચઢી ગયો નાથ! આનંદનો સાગર ભગવાન આત્મા તે ઉપર જવાનું છે અને તેને છોડીને તું વિભાવ ઉપર ચઢી ગયો. વિભાવમાં પુણ્ય આવ્યું કે નહીં? દયા-દાન-વ્રત ભક્તિ એ પણ વિભાવ છે.

**ભ્રષ્ટપણું જે રીતે છે તે કહે છે. -“ दूरं भूरि विकल्पजालगहने भ्राम्यन् ” ( दूरं ) અનાદિ કાળથી ( भूरि ) અતિ બહુ છે ( विकल्प )** દૂરની વ્યાખ્યા કરી અનાદિ કાળથી લઈને, ઘણી વિકલ્પની જાળો ચઢી ગઈ છે તને. તું ભૂલી ગયો નાથ! આચાર્યની શૈલી તો જુઓ! પ્રભુ તમે ક્યાં છો અને તમે ક્યાંથી છૂટી ગયા અને તમે ક્યાં જાઓ છો! તું નિજઘરને છોડીને, પરઘરમાં ભ્રષ્ટાચારી થઈ વ્યભિચારી થયો. એ... પુણ્ય-પાપના ભાવમાં જવું તે તો વ્યભિચાર છે.

**“ અતિ બહુ છે કર્મજનિત જેટલા ભાવ તેમનામાં આત્મરૂપ સંસ્કાર બુદ્ધિ તેનો ( जाल ) સમૂહ ”** વિકલ્પની વ્યાખ્યા કરી... કે શુભ અશુભ ભાવ અસંખ્ય પ્રકારના છે, તે બધા કર્મજનિત વિકલ્પની જાળ છે. એ અસંખ્યાત પ્રકારના શુભભાવ અને અસંખ્યાત પ્રકારના અશુભભાવ તેમાં આત્મબુદ્ધિ અર્થાત્ તેનાથી મને હિત થશે, તેમાં મને મજા છે.... એવી આત્મબુદ્ધિ અર્થાત્ તેનાથી મને હિત થશે, તેમાં મને મજા છે... એવી આત્મબુદ્ધિ કરીને ભ્રષ્ટ થયો છે. ભગવાન તારા સ્વરૂપના ઘરથી તું ભ્રષ્ટ થયો છે.

**“ તેમનામાં આત્મરૂપ સંસ્કાર બુદ્ધિ, ”** એ પુણ્યભાવ દયા-દાન-વ્રતના ભાવ મારા આત્માના છે અને તે મને લાભદાયક છે. અહીં એમ ન કહ્યું કે-તે કર્મના કારણે ભ્રષ્ટ થયો છે... એવો શબ્દ લીધો નહીં. તારા અપરાધથી તું તારા સ્વરૂપથી ભ્રષ્ટ થયો છે. “ અપને કો આપ ભૂલ કે હેરાન હો ગયા. ” કર્મથી ભ્રષ્ટ થયો છે તેમ તો લીધું જ નહીં. અન્ય સપ્રંદાયના એમ કહે કે-કર્મને લઈને આમ થાય છે. અરે.... સાંભળ તો ખરો પ્રભુ! કર્મ તો બિચારા જડ છે, તારા અપરાધનો કરવાવાળો તો તું છે. પોતાનું આરાધન છોડીને અપરાધ કરે છે. આરાધન નામ પોતાનું શુદ્ધ સ્વરૂપનું સેવન છોડીને, પોતાના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાનની સેવા છોડીને તું પર ભગવાનની સેવામાં ધર્મ માને છે? ભગવાન આનંદ સ્વરૂપની સેવા, સેવા એટલે આત્મા તરફની એકાગ્રતા, એ છોડીને પર ભગવાનની સેવા આદિ જે બધું છે તે તો બધો રાગ છે- વ્યાભિચાર છે. ધર્મીને શુભભાવ આવે છે પરંતુ તે તેને દોષરૂપ છે, હેય છે.

અમૃતચંદ્રાચાર્ય દિગમ્બર સંત વીતરાગ રસમાં આનંદમાં (તરબોળ) પૂરણપૂળી સમજો છો? જેમ પૂરણપૂળી હોય છે ને.. તેને ગરમ કરીને ઘી માં બોળે.. તરબોળ થાય એમ ભગવાન આત્મા રાગથી ભિન્ન કરી આનંદરસમાં તરબોળ થાય છે. ત્યાં ચૈતન્યના ચમત્કાર દેખાય છે. ત્યાં ચૈતન્યના પ્રકાશનું વેદન થાય છે. આ વિભાવમાં તો ઝેર ચઢી ગયા છે. એ પાણી પોતાની દ્રવ્યત્વરૂપી પ્રવાહ શીતળતા અને સ્વચ્છતા છોડીને... તે કારેલાના ઝાડમાં ચઢી ગયું છે.

ભગવાન સંતો જગતને આમંત્રણ આપે છે કે-પ્રભુ આવીજા ને અહીંયા. બહાર ફરે છે તેમાં તને નુકશાન છે. હજુ નિર્ણયના ઠેકાણા નથી અને દયા-દાન-વ્રત-ભક્તિથી મને લાભ થશે (તેમ માને છે) અરેરે... હજુ વ્યવહારનાય એટલે નિર્ણયનાય ઠેકાણાં નહીં. (શુભભાવમાં) કોઈ આનંદરસ નથી આવતો તે તો ઝેર છે.

**"કર્મજનિત જેટલા ભાવ છે તેમનામાં આત્મરૂપ સંસ્કાર બુદ્ધિ, તેનો સમૂહ, તે જ છે (गहने) અટવી. વન, તેમાં (भ्राम्यम्) ભ્રમણ કરતો થકો."** જેમ પાણી વનમાં ચઢી જાય છે તેમ આ પુણ્ય ને પાપના વિકલ્પના વનમાં ચઢી ગયો છે. કહે ને- ગંગાનું પાણી પાયખાને. તેમ ભગવાન આત્મા શુભભાવ અને અસંખ્ય પ્રકારના અશુભભાવના પ્રવાહમાં ભ્રષ્ટ થઈને ચઢી જાય છે.

**આત્મબુદ્ધિરૂપ સંસ્કારબુદ્ધિ તેનો સમૂહ તે જ છે (गहन) અટવી- વન, તેમાં (भ्राम्यन्) ભ્રમણ કરતો થકો"** ભગવાન તો તે વનથી ખાલી છે, તે તેમાં જતો નથી. અહીંયા કહે છે વનમાં ભટકે છે. જ્યાં આનંદની વસ્તી નથી ત્યાં ભટકે છે અને જ્યાં આનંદની વસ્તી છે ત્યાં આવતો નથી. એ બધું ઠીક છે પણ તેનું સાધન શું? એમ કહે છે. એ સાધન પોતાનામાં કરણ નામનો ગુણ છે... તે સાધન છે. શક્તિમાં ષટ્કારકગુણ છે તેમાં પોતાનો કરણ નામનો અંદરમાં ગુણ છે તે સાધન છે નિર્મળતામાં ચઢાવવા કરણગુણ સાધન છે. વ્યવહાર છે તે સાધન છે જ નહીં પંચાસ્તિકાયમાં સાધન કહ્યું છે ને! ત્યાં તો ભિન્ન સાધનનો આરોપ આપીને વાત કરી છે. ભિન્ન સાધન વસ્તુને છે જ નહીં.

**ભાવાર્થ આમ છે કે "જેમ પાણી પોતાના સ્વાદથી ભ્રષ્ટ થયું થકું નાના વૃક્ષોરૂપે પરિણમે છે તેમ જીવદ્રવ્ય પોતાના શુદ્ધ સ્વરૂપથી ભ્રષ્ટ થયું થકું"** પાણી પોતાના શીતળ, સ્વચ્છ અને પ્રવાહરૂપતાના સ્વાદને છોડી નાના વૃક્ષરૂપે પરિણમે છે. નાના એટલે અનેક. આપણે ૨૦ કળશમાં નાના-અનાના આવ્યું હતું ને! અમે તો બહું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંસ્કૃત જાણીએ નહીં... એટલે આવું હોય તેમાંથી લઈ લઈએ. સંસ્કૃત થોડું શીખ્યા પાંચ સંધિ પછી તેને છોડી દીધું.

સંસ્કૃતના ભણાવવાવાળાને મેં પ્રશ્ન કર્યો આ 'દસઅષ્ટ' તેનો અર્થ શું ? તો તે કહે ભાઈ ! એ તો ગુરુગમે સમજમાં આવે. દસ ને આઠ અઢાર લેવું ? દસ ને આઠ એંસી લેવું ? તું સંસ્કૃતનો શિક્ષક અને તને ખ્યાલ નથી આવતો ?

ભાષાનો પત્તો લાગી શકે છે, ભાવમાં પત્તો કેવી રીતે ત્યાં દોઢેક મહિનો ભણ્યા હતા, પાંચ સંધિ ગૃહસ્થાશ્રમમાં હતા ત્યારે ભણ્યા 'તા. તમે ભણી ભણીને અર્થ સમજો છો કે નહીં ? તે કહે- અમે તો નથી સમજતા તેનો શું અર્થ થાય તે. 'દસઅઠ્ઠ' પંચરંગી આવે છે ને ! દસથી અડધા પાંચ રંગ-દસ અધ્ધ. દસ અધ્ધ તેને કઈ રીતે સમજવું ? તો કહ્યું કે-ગુરુગમ અને સંસ્કાર વિના સમજમાં નહીં આવે. પાંચ વર્ણ છે ને તેને દસ અધ્ધ કર્યા છે – આધા પંચ વર્ણ.

એક વખત કહ્યું હતું ને કે- એક મોટા પંડિત હતાં... કાશીના સંવત ૧૯૮૦ની સાલમાં બોટાદ આવ્યા હતા અને વ્યાખ્યાન સાંભળતા હતા. બહુ નરમ માણસ હતા. પછી મેં કહ્યું તમે ઘણું સંસ્કૃત ભણ્યા છો તો એક પ્રશ્ન કરુ છું.... તેનો અર્થ કરો. "સંજોગી ભવસ્થ કેવળી" એમ મેં કહ્યું આજથી ૫૩ વર્ષ પહેલા. મેં સંજોગી માથે મીંડું ચઢાવી દીધું. જોઈએ સજોગી જીવ કેવળી. પછી મેં કહ્યું – "સંજોગી ભવસ્થ કેવળી"નો અર્થ કરો ! તેમણે અર્થ કર્યો સંજોગવાળા ભવમાં રહેલાકેવળી મેં કહ્યું આવો અર્થ છે જ નહીં. 'સંજોગી' માથે જે મીંડું છે તે ખોટું છે. જૂઠું છે. "સયોગી ભવસ્થ કેવળી" તેનો અર્થ જોગમાં આવેલા ભવમાં રહેલા કેવળી... તેવો અર્થ છે.

તેણે આત્મિક સંસ્કાર ન નાખ્યા. આત્મિક સંસ્કારને બદલે રાગના સંસ્કાર નાખી દીધા. અહીં જે સંસ્કાર નાખવા જોઈએ તે સંસ્કાર ત્યાં નાખી દીધા. પુણ્ય ને પાપના સંસ્કારની બુદ્ધિથી ચારગતિમાં રખડે છે. પોતાનામાં સંસ્કાર નાખવાથી કે હું જ્ઞાન ને આનંદ સ્વરૂપ છું. હું વિકારરૂપ નથી. હું શુદ્ધ ચિદાનંદઘન છું તેવા સંસ્કાર નાખવાથી તેને અનુભવ થઈને પેલા સંસ્કારનો અંત આવી જશે. અહીં તો આ વાત છે. તમારા પૈસાની વાત અહીં નથી.

"**નાના વૃક્ષરૂપ પરિણમે છે**" નાના એટલે અનેક વૃક્ષરૂપ પરિણમે છે. કોણ ? પાણી. "**તેમ જીવદ્રવ્ય પોતાના શુદ્ધ સ્વરૂપથી ભ્રષ્ટ થયું થકું નાના પ્રકારના ચતુર્ગતિ પર્યાયરૂપે પોતાને આસ્વાદે છે.**" નાના પ્રકાર એટલે અનેક પ્રકારે મનુષ્યગતિ, દેવગતિ, ચારે બધી ગતિ પરાધીન દુઃખરૂપ છે. ચતુર્ગતિ-ચારેય ગતિમાં તત્‌બુદ્ધિરૂપ પોતાને આસ્વાદે છે. જુઓ ! ચતુર્ગતિમાં સ્વર્ગની ગતિ પણ આવી, તેને દુઃખરૂપ આસ્વાદે છે. ત્યાં દુઃખ છે, ત્યાં ધૂળમાંય સુખ નથી. પંચાસ્તિકાયમાં પ્રથમ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ગાથામાં લીધું છે-ચારેય ગતિ પરાધીન છે. સ્વર્ગમાં સુખ છે ને ? ત્યાં ધૂળેય નથી. સુખ તો ભગવાન આત્મામાં છે. ઘણો વૈભવ અને ઘણી ઋદ્ધિ માટે તે સુખી છે એમ નથી.

જેમ પાણી ઝાડમાં ચઢે છે તો પાણીનો સ્વાદ છૂટી જાય છે. તેમ પોતાનો સ્વાદ છોડીને ચારગતિરૂપ પર્યાયમાં પોતાને આસ્વાદે છે. રાગનો આસ્વાદ લ્યે છે. નરકમાં દ્વેષનો આસ્વાદ, સ્વર્ગમાં તો રાગનો સ્વાદ... પરંતુ તે બધા વિકારના સ્વાદ છે. પોતાના આનંદના સ્વાદથી ભ્રષ્ટ થયેલો વિકારના સ્વાદમાં ચઢી ગયો છે. તે ચારગતિના વિકારનો સ્વાદ લ્યે છે. ચારેય ગતિમાં વિકારનો સ્વાદ છે સ્વર્ગમાંય ?

એકવાર એ કહ્યું હતું ને... જેમ નરકમાં સ્વર્ગના સુખની કલ્પના નથી, સ્વર્ગમાં નરકના દુઃખની સ્થિતિ નથી, સૂરજમાં અંધારુ નહીં... તેમ ભગવાન આત્મામાં ત્રિકાળીમાં વિકાર નથી. પરમાણુંને પીડા નથી. એક પરમાણું હોય તો તેને પીડા હોય છે ? પરમાણુંમાં પીડા નથી પરંતુ સ્કંધ હોય તે વિભાવરૂપ હોય છે. બે પરમાણુંથી એક સ્કંધ બને છે... અને તે વિભાવરૂપ છે. એક પરમાણું સ્વભાવરૂપ છે. છતાં તેને પીડા નહીં, દુઃખ નહીં, તેમ તેને સુખેય નહીં. કેમ કે એ તો જડ છે.

તેમ ભગવાન આત્મામા પુણ્ય-પાપના વિકલ્પ નહીં. સંસારનો સંબંધ નહીં. એ આનંદનો નાથ તો પરમાત્મ સ્વરૂપે બિરાજે છે... તેની દૃષ્ટિ કર... અને સમ્યગ્દર્શન કર... તો તને સંસારનો અંત આવી જશે. તે વિના અંત આવવાનો નથી.

**પ્રશ્નઃ**- પરમાણુંમાં પીડા નહીં તો સ્કંધમાં પીડા છે ?

**ઉત્તરઃ**- એ તો કહ્યું ને ! કોઈમાં પીડા નથી. પરમાણું તો નાનો અને છૂટો એક જ છે. નાનો છે, છૂટો છે, સ્વભાવિક છે તો તેને પીડા નથી, તેમ ભગવાન આત્મામાં પીડા નથી. સ્વર્ગમાં નારકીનું દુઃખ નથી.... નારકીમાં સ્વર્ગનું સુખ નથી. તેમ ભગવાનમાં સંસારની ગંધ નથી. ભગવાન કોણ ? આત્મા હો ! સંસાર તે ઉદયભાવ છે. સ્વભાવને છોડી અને જે ઉદયભાવમાં ચડી ગયા તે બધા દુઃખી છે. બહારમાં એમ માને કે- અમે સુખી છીએ.

ઘણાં વર્ષ પહેલા એક ભાઈ કહેતાં હતાં કે- અમારાં વેવાઈ બહુ સુખી છે. વઢવાણથી આવેલો, ચુડા ગામનો હતો. તે કહે અમારા વેવાઈ બહુ સુખી છે. સુખની વ્યાખ્યા શું ? પૈસા ઝાઝા અને બાયડી છોકરાં એ સુખી એમ છે ? ધૂળના ઢગલા છે માટે સુખી છે ? અહીં તો એમ કહે છે ચારેય ગતિમાં દુઃખી છે. સ્વર્ગનાં પ્રાણી દુઃખી છે.

શુદ્ધ સ્વરૂપથી ભ્રષ્ટ થયો પોતાને અનેકગતિરૂપ આસ્વાદે છે. હું મનુષ્ય છું, હું ક્રોધી છું, હું માની છું, હું લોભી છું, હું દેવ છું, હું દેવી છું એવા વિકારના સ્વાદને લેતો તે પોતાના સ્વરૂપના સ્વાદથી ભ્રષ્ટ થયો છે.

"**થયો તો કેવો થયો ? बलात् निजौघं नीत:**" પહેલા ઉલ્ટો થયો હતો તે હવે સવળો થાય છે. અવળાનો અર્થ પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થયો હતો. "**બળજોરીથી**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પોતાની શુદ્ધસ્વરૂપ લક્ષણ નિષ્કર્મ અવસ્થા તે રૂપ પરિણમ્યો છે." (बलात् निजौघं)** હવે તે રાગ અને વિભાવથી છૂટીને પોતાના પુરુષાર્થ **निजौघं** પોતાના ઓઘ આનંદનો ઓઘ પડયો છે તેમાં તે આવી જાય છે, એ રૂપે પરિણમે છે.

જુઓ ! શબ્દ છે 'બળજોરીથી' તેનો અર્થ એ કે પુરુષાર્થથી. કર્મનો અભાવ થયો તેથી અહીંયા સમકિતનો પુરુષાર્થ થયો તેમ છે નહીં. પોતાના પુરુષાર્થથી એટલે પર તરફના વલણને છોડીને પોતાના સ્વભાવ તરફના વલણનો ઝુકાવ કર્યો તે પોતાના પુરુષાર્થથી કર્યો છે.

**(निजौघं)** ની વ્યાખ્યા કરી- નિજ ઓઘ, પોતાના શુદ્ધ સ્વરૂપ લક્ષણ નિષ્કર્મ અવસ્થા તે રૂપ પરિણમ્યો છે. સમ્યગ્દર્શનરૂપે પરિણમ્યો છે. તે પોતાના નિજ ઓઘરૂપ પરિણમન છે પોતાનું શુદ્ધ. આખો ઓઘ પડયો છે ને ગંજ તેનું જ આ પરિણમન છે. આવી વાત હવે ખ્યાલમાં ન આવે પછી બીજે ચઢી જાય અને જિંદગી વ્યર્થ ચાલી જાય. આના સંસ્કાર રહે તો પણ તે આગળ વધી જાય.

રાગથી મારી ચીજ તો ભિન્ન છે. મારી ચીજમાં તો રાગ છે નહીં, તો પછી રાગથી મારા કલ્યાણની પર્યાય ક્યારેય પરિણમવાની નથી. નિજ ઓઘમાં મારી દૃષ્ટિ છે તો હું શુદ્ધરૂપે પરિણમું છું... ત્યારે પોતાના પુરુષાર્થથી સમ્યગ્દર્શન થાય છે. એમ કહે છે.

* * *

(અનુષ્ટુપ)

**विकल्पक: परं कर्ता विकल्प: कर्म केवलम्।**
**न जातु कर्तृकर्मत्वं सविकल्पस्य नश्यति।। ५०-९५।।**

**ખંડાન્વય સહિત અર્થઃ- "सविकल्पस्य कर्तृकर्मत्वं जातु न नश्यति" (सविकल्पस्य) કર્મજનિત છે જે અશુદ્ધ રાગાદિ ભાવ તેમને પોતારૂપ જાણે છે એવા મિથ્યાદૃષ્ટિ જીવને (कर्तृकर्मत्वं) કર્તાપણું-કર્મપણું (जातु) સર્વ કાળ (न नश्यति) મટતું નથી, કારણ કે "परं विकल्पक: कर्ता, केवलम् विकल्प: कर्म" (विकल्पक:) વિભાવ-મિથ્યાત્વ-પરિણામે પરિણમ્યો છે જે જીવ (परं) તે જ માત્ર (कर्ता) જે ભાવરૂપ પરિણમે તેનો કર્તા અવશ્ય થાય છે; (विकल्प:) મિથ્યાત્વ-રાગાદિરૂપ અશુદ્ધ ચેતનપરિણામ (केवलम्) તે જ માત્ર (कर्म) જીવનું કાર્ય જાણવું. ભાવાર્થ આમ છે-કોઈ એમ માનશે કે જીવદ્રવ્ય સદાય અકર્તા છે; તેનું આમ સમાધાન છે કે જેટલો કાળ જીવનો સમ્યક્ત્વગુણ પ્રગટ થતો નથી તેટલો કાળ જીવ મિથ્યાદૃષ્ટિ છે; મિથ્યાદૃષ્ટિ હોય તો અશુદ્ધ પરિણામનો કર્તા થાય છે, પરંતુ જ્યારે સમ્યકત્વગુણ પ્રગટ થાય છે ત્યારે અશુદ્ધ પરિણામ મટે છે, ત્યારે અશુદ્ધ પરિણામનો કર્તા થતો નથી. ૫૦-૯૫.**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન નં. ૯૨ તા. ૧૧-૯- '૭૭

## કલશ - ૯૫ : ઉપર પ્રવચન

વિપરીત માન્યતામાં કેટલું નુકશાન છે અને અવિપરીત માન્યતામાં એટલો જ લાભ છે એ બન્નેની ખબર નથી.

અહીં સવિકલ્પની વ્યાખ્યા વિકલ્પ સહિત " '**सविकल्पस्य**' એમ શબ્દ છે ને? એ શબ્દોનો સીધો અર્થ લ્યો તો વિકલ્પ સહિત. હવે વિકલ્પ સહિતની વ્યાખ્યા-કર્મના નિમિત્તના સંગે ઉત્પન્ન થયેલા પુણ્ય-પાપના ભાવ તેને પોતાના જાણવા એ સવિકલ્પ છે. પરમાત્માનો પંથ તો આ છે ભાઈ! આ દયા-દાન-વ્રત ભક્તિના ભાવ ઉત્પન્ન થાય છે તે પરમાર્થે તો કર્મજનિત છે. સ્વભાવમાં કોઈ શક્તિ ને ગુણ નથી કે વિકલ્પ થાય. પર્યાયમાં જે વિકલ્પ થાય છે તે પર્યાયની યોગ્યતાથી થાય છે. તે પર્યાય જ્યારે પોતાનો સંગ છોડી અને પરનો સંગ અથવા કર્મનો સંગ કરે છે તો રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ?

ભગવાન આનંદની મૂર્તિ પ્રભુ! અનાકુળ આનંદનો રસ ભગવાન! વિજ્ઞાન એક રસ જેનો છે તેને છોડીને ઉપાધિ મેલ જે શુભભાવ હો કે અશુભભાવ હો તેમાં રોકાયો છે. મૂળ રોકાયો છે શુભભાવમાં એ દયા-દાન-વ્રત-ભક્તિ તપસ્યા જાત્રાના વિકલ્પ જે છે તે સવિકલ્પસ્ય છે. વાત થોડી ઝીણી પડે. સવિકલ્પસ્ય શબ્દમાં એટલું બધું ભર્યું છે. જે રાગાદિભાવ છે એ વિકલ્પ રાગ છે, તે પોતાના સ્વરૂપમાં નથી. એ રાગને જે પોતાનો જાણે છે તે સવિકલ્પ જીવ મિથ્યાદૃષ્ટિ છે.

કહે છે- આ બહારની તો વાત શું કરવી. શરીર, સ્ત્રી, કુટુંબ, મકાન અને પૈસા મારા એ તો સ્થૂળ મિથ્યા દૃષ્ટિ છે. તે બહુ મોટો જૂઠો છે. અહીં તો પરમાત્મા એમ કહે છે '**સવિકલ્પસ્ય**' **કર્મજનિત છે જે અશુદ્ધ રાગાદિ ભાવ તેમને પોતારૂપ જાણે છે એવા મિથ્યાદૃષ્ટિ જીવને** રાગ છે તે હું છું... એમ રાગ સહિત પોતાને માને છે એ સવિકલ્પ જીવ મિથ્યાદૃષ્ટિ છે.

**શ્રોતા**:- વિકલ્પ સ્વભાવમાં નથી અને વિકલ્પને પોતાનો માને તો મિથ્યાદૃષ્ટિ છે. સૂક્ષ્મ વાત છે ભગવાન! તારો પંથ તો કોઈ અલૌલિક છે નાથ! વર્તમાનમાં તો બહારમાં ગડબડ થઈ ગઈ છે. જ્યાં સત્ય બહાર આવ્યું ત્યાં ગડબડી થઈ ગઈ. આ સાંભળ્યું નહીં ફરીથી ત્યાં તોફાન થયું છે. આ તમારા ભાઈ કહે- આવું તોફાન અમારે ત્યાં થાય તો શું કરવું? તમારે સહન કરવું પ્રભુ!

**પ્રશ્ન**:- સહન ન થાય તો શું?

**ઉત્તર**:- સહન ન થાય તેમ નહીં. પોતાના જાણવામાં રહેવું તેમાં શું છે? જગતમાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગમે તે થઈ જાઓ: પરંતુ શ્રદ્ધા જે છે તેને ભ્રષ્ટ કરવાવાળી જગતમાં કોઈ ચીજ છે જ નહીં.

ભગવાન આત્મા આનંદ સ્વરૂપ પ્રભુ! અનાકુળ આનંદ સહિત જે પ્રભુ છે તેને આનંદમાં વિકલ્પ સહિતપણું અર્થાત્ રાગ સહિત, દુઃખ સહિત જાણવો તે સવિકલ્પ. સવિકલ્પી તેનો અર્થ થાય છે. વિકલ્પ સહિત. એવો શબ્દ છે. પાઠમાં 'સવિકલ્પ' ભગવાન આત્મા તો આનંદ સહિત છે, તેને વિકલ્પ સહિત માનવો કે - આ વિકલ્પ મારો છે તેમ માનવું તે મિથ્યાત્વ છે... અને તે નિગોદનું બીજ છે.

**પ્રશ્ન**:- આટલા વિકલ્પમાં મિથ્યાત્વ છે?

**ઉત્તર**:- એટલો વિકલ્પ ક્યાં છે? તેણે મોટા આનંદના નાથને તો છોડી દીધો અને કૃત્રિમ ક્ષણિક રાગને પોતાનો માન્યો. તે મોટો ચોર છે. તમારે શું કહે છે. ? કાકડીનો ચોર નહીં પણ રાજ દરબારમાં પેસી અને લૂંટાવી દીધું. સમજમાં આવ્યું?

એકવાર કહ્યું હતું કે-ભાવનગરના દરબાર તખતસિંહજી હતા. અત્યારે તો તેની ચોથી પેઢી છે. તેના પછી ભાવસિંહજી તેના પછી કૃષ્ણકુમારસિંહજી હતા. અમારા ઉમરાળાની બાજુમાં ભાવનગર છે. ત્યારે અમારી નાની ઉંમર હતી. તેણે એક રખાત બાઈ રાખી હતી. અને તેના ઓરડામાં સૂતો હતો. એમાં એક ચોર આવ્યો. ત્યાં ગઢ ઉપર સોનાની ઘડિયાળ હતી. તે વખતે ભાવનગરનો રાજા અને તેને ૨૫ લાખની ઉપજ હતી. અત્યારે તો એક કરોડ રૂપિયાની આવક.

મહેલની અંદર દાખલ થવાના દરવાજે આરબ લોકો બેસતા હતા. અને તે કાવા પીતા હતા. તેને ઊંઘ ન આવે એટલા માટે. દરવાજા ઉપર બેસે જેથી અંદર કોઈ પ્રવેશ ન કરે. આખી રાત જાગે અને કાવા એટલે કોફી પીવે.

ચોર હતો તેને એમ થયું કે- ચોરી કેવી રીતે કરવી ? ગઢ ૨૫-૩૦ હાથ ઊંચો હતો. તેણે એક સીડી બનાવી; તેને બહારમાં રાખી અને પછી ગઢ ઉપર ચઢી ગયો. અને પછી નિસરણી અંદર લઈ લીધી. અને તેનાથી અંદર ઉતરી અને સોનાની ઘડિયાળ લઈ લીધી. ઘડિયાળ બહુ કિંમતી હતી. પછી સીઢી ઉપર ચઢી ને ચાલ્યો ગયો.

વળી પાછું ચોરનું મન લલચાણું. લાવને! આ તો મફતનું; એટલે બીજી વખત ગયો બીજી ચીજ લેવાને. તે સીડીથી ઉતરીને અંદર ગયો.... ત્યાં દરબાર જાગી ગયા. તેણે જોયું કે - આ તો ચોર છે. તલવાર ખુલ્લી હતી. ત્યારે પેલી બાઈ કહે- અરે! અમારા ગઢમાં જ્યાં દરબાર સૂતા છે ત્યાં ચોર? આ કાકડીનો ચોર નહીં, આ તો મોટા રાજદરબારનો ચોર છે. પછી તે બાઈએ બચાવી લીધો.. મારો નહીં.... મારો નહીં બિચારાને.... !

એમ અહીંયા આનંદના નાથના દરબારમાં ન જતાં, રાગના વિકલ્પને પોતાના માને છે તે મોટો ચોર છે. સમયસાર સર્વ વિશુદ્ધ અધિકારમાં આવે છે.... પ્રતિક્રમણના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અધિકારમાં આવે છે તે ચોર છે... ચોર છે. પોતાની નિધિને ન સંભાળીને, પોતાના ચૈતન્યનો-જ્ઞાન ને આનંદનો અનાદર કરી; કૃત્રિમ દયા-દાન-વ્રત-ભક્તિના ક્ષણિક પરિણામનો આદર કરવો તે (ચોર છે). તે પોતાના છે તેમ માનીને મિથ્યાદૃષ્ટિ તે વિકલ્પનો કર્તા થાય છે. આહાહા! બહુ શરતું... બહુ આકરી બાપા!

**"(सविकल्पस्य) કર્મજનિત અશુદ્ધ રાગાદિભાવ તેમને પોતારૂપ જાણે છે એવા મિથ્યાદૃષ્ટિ જીવને (कर्तृकर्मत्वं जातु न नश्यति) કર્તાપણું- કર્મપણું સર્વ કાળ મટતું નથી."**

સવિકલ્પની વ્યાખ્યા કરી-એ મિથ્યાદૃષ્ટિ જીવ રાગને પોતાનો માને છે તે મિથ્યાદૃષ્ટિ જીવનું કર્તાપણું- કર્મપણું સર્વકાળ મટતું નથી. રાગનો કણ મેલ-ઝેર-દુઃખ છે. રાગને પોતાનું માનવાવાળાને રાગ મારું કર્તવ્ય છે અને રાગ મારું કાર્ય છે તે નાશ નહીં થાય. તે કર્તાકર્મપણું થશે.

આ ચીજ અંદર કેવી છે? ત્રિકાળી આનંદનો નાથ અનાદિ અનંત... અનંત... અનંત શક્તિ સંપન્ન પ્રભુ શક્તિવાન છે. અનંત શક્તિ સંપન્ન શક્તિવાન અનાદિ અનંત વસ્તુ છે. તેની નજર ન કરીને, તેના અસ્તિત્વને શ્રદ્ધામાં ન લઈને, ક્ષણિક વિકાર છે તે મારી ચીજ છે એમ શ્રદ્ધામાં લેવાવાળાનું કર્તા-કર્મપણું નાશ થતું નથી. સમજમાં આવ્યું?

આહાહા! ભાઈ.... આ તમારું સ્ટીલનું એ તો કાંઈ કરી શકતો નથી. તમારે સ્ટીલનું કારખાનું છે ને ત્યાં ગયા હતા. એકાદ કળશો સ્ટીલનો લ્યો! ભાઈ.... અમારે શું કરવું છે સ્ટીલને? અહીંયા કહે છે-એ લોઢું જેમ કાટવાળું છે તેમ રાગ કાટવાળી ચીજ છે. રાગ કાટ છે. પોતાના ચૈતન્ય સુવર્ણમાં રાગ કાટ છે. એ રાગ પોતાનો છે એમ માનવાવાળો રાગસહિત મિથ્યાદૃષ્ટિ છે. તેનું રાગ સાથેનું કર્તાકર્મપણું નષ્ટ નહીં થાય. કારણ કે તે અશુદ્ધતાને પોતારૂપ જાણે છે.

અહીં સવિકલ્પ કહ્યું ને તો- રાગને પોતાનું માનવાવાળો. વિકલ્પ સહિતનો અર્થ એ કે- વિકલ્પ દયા-દાન વ્રત-ભક્તિ-નામ સ્મરણ આદિનો વિકલ્પ હો! તો પણ, તે રાગ મારો છે અને હું રાગ સહિત છું તેમ માનવાવાળો મિથ્યાદૃષ્ટિ છે. રાગ મારું કર્તવ્ય છે અને હું રાગનો કરવાવાળો છું એવા રાગ સાથેના કર્તાકર્મપણાંનો ક્યારેય નાશ નહીં થાય. એ તો હજુ વ્રત-તપ અને ભક્તિ કરીએ તો તેનાથી કલ્યાણ થાય એમ કહે છે. અહીં કહે છે- વ્રત-તપ આદિનો જે વિકલ્પ ઉઠે છે તેને મારો માનવો તે મિથ્યાદૃષ્ટિ છે.

**શ્રોતાઃ-** બહુ ફરક છે.

**ઉત્તરઃ-** ઘણો ફરક છે. ભગવાન તારો માર્ગ તો અલૌકિક છે નાથ! ઓહોહો! ભગવાન અનંત આનંદની શક્તિથી ચૈતન્ય રત્નાકર ભર્યો છે... તેનો સ્વામી ન થઈને, તેની આસ્તિક્યતાને છોડીને.... રાગની આસ્તિક્યતા કરવાવાળો.. મિથ્યાદૃષ્ટિ છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગનો હું કર્તા અને રાગ મારું કાર્ય માનનાર મિથ્યાદૃષ્ટિ છે. **( जातु ) સર્વકાળ મટતું નથી.** જાતુ છે ને જાતુ, અર્થાત્ રાગ સહિત પોતાને માનવાવાળાને રાગનું કર્તાને કર્મપણું ક્યારેય છૂટતું નથી. ભારે આકરું કામ ! આવું સાંભળવુંય કઠણ પડે તો પછી તે પરિણમે કે 'દિ ?

**" કારણકે - परं विकल्पक: कर्ता , केवलम् विकल्प: कर्म વિભાવ મિથ્યાત્વ-પરિણામે પરિણમ્યો છે જે જીવ; "** જે ભાવરૂપ પરિણમ્યો છે તે તેનો કર્તા. હું રાગ સહિત છું તો તે રાગરૂપે પરિણમે છે. તેને રાગરહિત ભગવાન છે તેનું તો પરિણમન છે જ નહીં. કેમ કે રાગરહિત છું તેવી દૃષ્ટિ તો થઈ જ નથી. રાગ સહિત છું તે કારણે રાગનું કર્તાકર્મપણું છે. તેને રાગ તે મારું કાર્ય તેવું છૂટતું નથી. તે તો મિથ્યાત્વ પરિણામરૂપ પરિણમ્યો છે. તે કર્મજનિત વિકારને પોતાનો માને છે તેથી તે મિથ્યાત્વરૂપે પરિણમ્યો છે. જે જીવ જે ભાવરૂપે પરિણમે છે તે ભાવનો કર્તા થાય છે. રાગરૂપે પરિણમન થયું તો તે રાગનો કર્તા છે જ. આવો માર્ગ ભારે ભાઈ ! અહીં તો જ્યાં જાત્રા કરે, ભક્તિ કરે ત્યાં કલ્યાણ થઈ જાય. અરે પ્રભુ ! સાંભળ તો ખરો નાથ ! તું ક્યાં ગયો છે પ્રભુ !

**ભાવાર્થ આમ છે- " કોઈ એમ માનશે કે જીવદ્રવ્ય સદાય અકર્તા છે; "** કોઈ એમ માને કે-જીવ તો રાગનો સદાય અકર્તા જ છે.... તો એમ છે નહીં. **તેનું આમ સમાધાન છે કે જેટલો કાળ જીવનો સમ્યક્ત્વગુણ પ્રગટ થતો નથી તેટલો કાળ જીવ મિથ્યાદૃષ્ટિ છે, "** સમ્યગ્દર્શન એટલે પોતાના આનંદ સ્વરૂપના અસ્તિત્વનું ભાન તેને થયું. સત્યદર્શન અર્થાત્ ત્રિકાળી ભગવાન જે સત્યસ્વરૂપ પરમાત્મા, ભૂતાર્થ સત્યાર્થ છે તેની દૃષ્ટિ જ્યાં સુધી ન હોય ત્યાં સુધી રાગ મારો છે એવા મિથ્યાત્વભાવરૂપ પરિણમે છે.

અહીં કહે છે- પૈસાને મારા માને તે તો મૂઢ છે.. પરંતુ રાગને પોતાનો માને તે મૂઢ અને મિથ્યાદૃષ્ટિ છે. આવી વાત છે પ્રભુ ! આ તો વીતરાગનો માર્ગ છે પ્રભુ ! વીતરાગનો માર્ગ રાગથી ઉત્પન્ન થતો નથી. રાગ રહિત ભગવાન સત્યાર્થ વીતરાગમૂર્તિ પ્રભુનો આશ્રય કરવાથી સમ્યક્ નામ સત્ય દર્શન થાય છે... ત્યારે રાગ મારું કર્મ અને રાગ મારું કર્તવ્ય એ વાત છૂટી જાય છે.

**" જેટલો કાળ જીવનો સમ્યક્ત્વ ગુણ પ્રગટ થતો નથી તેટલો કાળ જીવ મિથ્યાદૃષ્ટિ છે; "** જ્યાં સુધી સ્વભાવની દૃષ્ટિ નથી થઈ ત્યાં સુધી વિભાવની દૃષ્ટિ છે.... ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા ! મિથ્યાદૃષ્ટિ છે તે અશુદ્ધ પરિણામનો કર્તા થાય છે. તે અસત્ય નામ જૂઠી દૃષ્ટિ છે. જૂઠી દૃષ્ટિના કારણે કર્તા થાય છે.

**" પરંતુ જ્યારે સમ્યક્ત્વગુણ પ્રગટ થાય છે ત્યારે અશુદ્ધ પરિણામ મટે છે. "** સમ્યગ્દૃષ્ટિને અશુદ્ધ પરિણામ મટી જાય છે. તેને તો અશુદ્ધ પરિણામ છે જ નહીં. આહાહા ! અશુદ્ધ પરિણામ આવે છે પરંતુ તે ( જીવના ) નથી. ( સમ્યગ્દૃષ્ટિ ) તેનો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વામી નથી. એ આપણે ૪૭ શક્તિમાં છેલ્લી સ્વસ્વામી સંબંધ શક્તિ આવી ગઈ. તેમાં ઘણી જ ગંભીરતા ભરી છે. તેનો એવો અર્થ છે કે- પોતાનું દ્રવ્ય શુદ્ધ, પોતાનો ગુણ શુદ્ધ અને જે સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થઈ તે શુદ્ધ છે. તે સ્વ છે અને તેનો એ સ્વામી છે. રાગ સ્વ અને રાગનો સ્વામી સમ્યગ્દૃષ્ટિ તેમ નથી. તો પછી આ પત્નિનો પતિ અને નરનો ઇન્દ્ર, નરેન્દ્ર અને ભૂપેન્દ્ર એ ધૂળમાંય છે નહીં.

અહીં કહે છે કે જે- અશુદ્ધ પરિણામ દેખાય છે ત્યાં સુધી અશુદ્ધ પરિણામનો કર્તા થતો નથી. કેમ કે જ્યાં સુધી વિભાવ પરિણામને પોતાના માનતો હતો, ત્યાં સુધી વિભાવ ઉપર દૃષ્ટિ હતી, ત્યાં સુધી વિભાવરૂપ પરિણમન હતું. ત્યાં સુધી વિભાવની સાથે કર્તાકર્મ હતું. જ્યારે વિભાવ પરિણામ મારા નથી તો શુદ્ધ ચૈતન્યઘન વસ્તુ છે એવી દૃષ્ટિ થઈ તો અશુદ્ધ પરિણામ મટી ગયા. હવે અશુદ્ધ પરિણમન જ રહ્યું નહીં. કેમ કે દ્રવ્ય ને ગુણ શુદ્ધ છે તેનો સ્વીકાર કર્યો તો પરિણામમાં પણ શુદ્ધતાનું જ પરિણમન રહ્યું... હવે અશુદ્ધતા રહી નહીં. અશુદ્ધતા છે તે જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે જાણવામાં આવે છે, પોતાની છે તેમ નહીં. સમજાણું કાંઈ ?

અજ્ઞાનીને અશુદ્ધતા મારી છે તેવી માન્યતાને કારણે કર્તાકર્મપણું ઉભું છે. અને જ્ઞાનીને અશુદ્ધ પરિણમનની દૃષ્ટિ છૂટી ગઈ છે.... અને શુદ્ધ દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ થઈ છે... એ કારણે ત્યાં અશુદ્ધ પરિણમન છે જ નહીં. શુદ્ધ પરિણમન જ છે. અશુદ્ધ પરિણમન છે તેનો જ્ઞાતા છે... તો તેને શુદ્ધ પરિણમન જ છે. આવી વાત છે.

પેલા કહે દયા પાળો તો ધર્મ થઈ ગયો. લ્યો ! આરે ભગવાન ! એ દયાનો ભાવ રાગ મારો છે, વ્રતનો રાગ મારો છે ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ છે-અશુદ્ધ પરિણમન છે. અહીં તો સમ્યગ્દૃષ્ટિ થયો તો... અશુદ્ધ પરિણમન મટી ગયું એમ કહે છે. અશુદ્ધ પરિણમન છે પરંતુ તે તેનો જ્ઞાતા રહ્યો માટે મટી ગયું.

સમયસાર બારમી ગાથામાં આવ્યું ને કે- વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. ‘तदात्वे’ પ્રયોજનવાન છે. રાગ થાય છે પરંતુ તેનો જાણવાવાળો રહે છે. જાણવાવાળો રહે છે તો તેનો કર્તા નથી થતો, તો તે જાણવાવાળો હોય છે. તે હવે શુદ્ધરૂપ પરિણમન કરે છે. અશુદ્ધરૂપ પરિણમનને પોતાનામાં નથી લાવતો. જ્ઞાતાની પર્યાયમાં તેનું (અશુદ્ધતાનું) જ્ઞાન થયું પરંતુ તે ચીજ ન આવી. પરિણમનમાં અશુદ્ધતા ન આવી. પરિણામમાં અશુદ્ધતાનું જ્ઞાતાના જાણવાના પરિણામ આવ્યા... પણ અશુદ્ધતા ન આવી. માટે શુદ્ધતાનું જ પરિણમન છે, અશુદ્ધ પરિણમન નથી. થોડું જરી કઠણ પડે પણ આ સમજ્યા વિના તેના જન્મમરણનો આરો નહીં મટે ભાઈ ! તેને કોઈ શરણ નથી, એકલો પાપ કરે અને દુઃખને ભોગવે.

એક દૃષ્ટાંત છે. એક નાનો ભાઈ બિમાર હતો તો મોટાભાઈ તેની ચાકરી કરતો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હતો. ચાકરી કરતાં-કરતાં તેને ઈંડા પણ લાવી દીધાં. નાના ભાઈને ખબર નહીં કે- આ ઈંડા છે. બધું ભેગું કરી ઈંડા નાખીને આપ્યું. પછી મોટો ભાઈ મરીને નરકમાં ગયો અને નાનાભાઈના પરિણામ થોડા ઠીક રહ્યા તો તે મરીને ત્યાં પરમાધામીદેવ થયો. જ્યારે પરમાધામી નારકીને મારે છે ત્યારે નારકીને ખ્યાલ આવ્યો કે- ભાઈ માટે પાપ કર્યું હતું. પછી તેણે કહ્યું- ભાઈ ! મેં તારા માટે પાપ કર્યું હતું અને તું મને મારે છે ? ત્યારે નાના ભાઈનો જીવ કહે કે- તને કોણે કહ્યું હતું પાપ કર ? મેં કહ્યું હતું પાપ કરવાનું ?

તેમ પોતાના છોકરા માટે બાયડી માટે પાપ કરે. એ લોકોને બિચારાંને કાંઈ ખબર પણ ન હોય. તેના પરિણામ રીતસરના હોય તો પરમાધામી થઈ જાય. અને પેલો મરીને નરકમાં જાય. પછી કહે- મને ખબર નથી. તો અમે તને કીધું તું કે -તું માંસ આપ, માછલાં આપ, ઈંડા આપ ? તેં પાપ કર્યું છે તો ભોગવ તું !

**શ્રોતા**:- અમારે શું સમજવું ?

**ઉત્તર**:- સમજી લ્યો તમારે જે સમજવું હોય તે. અહીં તો પરમાત્મા કહે છે પ્રભુ ! જ્યાં સુધી રાગ સહિતપણું પોતાનું માન્યું ત્યાં સુધી અશુદ્ધ પરિણમન હતું. ત્યાં સુધી અશુદ્ધતાનું કર્તાકર્મ હતું. પરંતુ જ્યારે આત્મા જ્ઞાયક છે, અશુદ્ધ પરિણામ ક્ષણિક-વિકૃત છે, અને અવિકારી મારી ચીજ છે તેવી સત્યાર્થની દૃષ્ટિ થઈ, પહેલાં અસત્યાર્થ હતું, હવે સત્યાર્થની દૃષ્ટિ થઈ તો શુદ્ધ પરિણમન રહ્યું. અશુદ્ધ છે પરંતુ તેનો જ્ઞાતા દૃષ્ટા રહીને શુદ્ધ પરિણમન છે. આવો મારગ છે ભગવાન ! અત્યારે તો એવો બગાડી માર્યો કે- ચોર કોટવાળને દંડે એવું થયું. ઝાઝા ચોર હોય તો કોટવાળને મૂંઝવે.

અશુદ્ધ પરિણામ મટે છે એમ કહ્યું ને ! સમ્યક્ થયું તો બિલકુલ અશુદ્ધ પરિણામ થતા જ નથી ? થાય છે પરંતુ તેનો જ્ઞાતા રહે છે. હવે તે શુદ્ધ પરિણામનો કર્તા છે. અશુદ્ધ પરિણામ થાય છે- પરિણમન થાય છે પરંતુ જ્ઞાની તેને પોતાનું ન માનીને તેનો જ્ઞાતા રહે છે. તો જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ શુદ્ધ છે. રાગાદિ અશુદ્ધ છે તો અશુદ્ધતાનો જ્ઞાતા રહે છે. અશુદ્ધતાનો કર્તા થતો નથી.

* * *

(રથોદ્ધતા)

यः करोति स करोति केवलं
यस्तु वेत्ति स तु वेत्ति केवलम्।
यः करोति न हि वेत्ति स क्वचित्
यस्तु वेत्ति न करोति स क्वचित्।।५१-९६।।

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ખંડાન્વય સહિત અર્થઃ-** આ અવસરે, સમ્યગ્દૃષ્ટિ જીવનો અને મિથ્યાદૃષ્ટિ જીવનો પરિણામભેદ ઘણો છે તે કહે છે- “ यः करोति सः केवलं करोति ” (यः) જે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ (करोति) મિથ્યાત્વ-રાગાદિ પરિણામરૂપ પરિણમે છે (सः केवलं करोति) તે તેવા જ પરિણામનો કર્તા થાય છે; “ तु यः वेत्ति ” જે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ પરિણમે છે “ सः केवलम् वेत्ति ” તે જીવ તે જ્ઞાનપરિણામરૂપ છે, તેથી કેવળ જ્ઞાતા છે, કર્તા નથી. “ यः करोति सः क्वचित् न वेत्ति ” જે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાત્વ-રાગાદિરૂપ પરિણમે છે તે શુદ્ધસ્વરૂપનો અનુભવનશીલ એક જ કાળે તો નથી હોતો; “ यः तु वेत्ति सः क्वचित् न करोति ” જે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ શુદ્ધસ્વરૂપને અનુભવે છે તે જીવ મિથ્યાત્વ-રાગાદિ ભાવનો પરિણમનશીલ નથી હોતો. ભાવાર્થ આમ છે કે-સમ્યક્ત્વ અને મિથ્યાત્વના પરિણામ પરસ્પર વિરુદ્ધ છે. જેમ સૂર્યનો પ્રકાશ હોતાં અંધકાર હોતો નથી, અંધકાર હોતાં પ્રકાશ હોતો નથી, તેમ સમ્યક્ત્વના પરિણામ હોતાં મિથ્યાત્વપરિણમન હોતું નથી. તેથી એક કાળે એક પરિણામરૂપે જીવદ્રવ્ય પરિણમે છે, તે પરિણામનું તે કર્તા હોય છે. માટે મિથ્યાદૃષ્ટિ જીવ કર્મનો કર્તા, સમ્યગ્દૃષ્ટિ જીવ કર્મનો અકર્તા-એવો સિદ્ધાન્ત સિદ્ધ થયો. ૫૧-૯૬.

## કલશ - ૯૬ : ઉપર પ્રવચન

આ કળશ ઉપરથી બનારસીદાસે પદ બનાવ્યું છે.

करै करम सोई करतारा।
जो जाने सौ जाननहारा।।
जो करता नहि जानै सोई।
जानै सो करता नहि होई।।३३।।

રાગ કરે તે રાગનો કર્તા હોય છે. અશુદ્ધ પરિણામ ઉપર જેની દૃષ્ટિ છે તે અશુદ્ધ પરિણામનો કર્તા છે. કર્તા છે તે કેવળ કર્તા જ છે. “ यस्तु वेति स तु वेति केवलम् ” જાણનાર તો કેવળ જાણનાર જ રહે છે.

પહેલા પદમાં –કર્મ કરે સો હી કરતારા. બીજામાં –જો જાને સો જાનનહારા. શું કહ્યું ? જે કોઈ રાગના પરિણામ હોય છે અર્થાત્ જેની દૃષ્ટિ અશુદ્ધ પરિણમન ઉપર છે તે રાગનો કેવળ કર્તા જ છે અને જેને અશુદ્ધ પરિણામનું કર્તાપણું છૂટીને.. શુદ્ધ સ્વભાવ ઉપર દૃષ્ટિ થઈ તો જાણવાવાળો કેવળ જાણવાવાળો જ રહે છે.., તે કર્તા નથી. કર્તા છે તે જાણવાવાળો નથી... અને જાણવાવાળો તે કરવાવાળો નથી. ભાષા તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાદી છે પરંતુ ભાવ તો જે છે તે છે. અરે...! ૮૪ લાખના અવતારના દુઃખથી દુઃખી છે પ્રાણી. તે રાગના ભાવને પોતાના માની ને કર્તા થઈને તે દુઃખી છે. નરક ને નિગોદે જાય છે તે દુઃખી છે.

**"આ અવસરે, સમ્યગ્દૃષ્ટિ જીવનો અને મિથ્યાદૃષ્ટિ જીવનો પરિણામભેદ ઘણો છે તે કહે છે"**-શું કહે છે? મિથ્યાદૃષ્ટિના પરિણામમાં અને સમ્યગ્દૃષ્ટિના પરિણામમાં ઘણો તફાવત છે-બહુ ભેદ છે.

"यः करोति सः केवलं करोति" **જે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ, મિથ્યાત્વ-રાગાદિ પરિણામરૂપ પરિણમે છે તે તેવા જ પરિણામનો કર્તા થાય છે;" 'કરૈ કરમ સોઈ કરતારા'** એ વ્યાખ્યા થઈ. જ્યાં સુધી તે પુણ્યના પરિણામ મારા છે તેમ માનીને કરે છે ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ છે.... કર્તાપણે પરિણમે છે. આહાહા! બાપુ! આ તો ઝીણી વાતું! એ.... વાતું છે ઝીણીયું લોઢા કાપે છીણીયું." લોઢાની છીણી ઝીણી... ઝીણી હોય છે ને! તે લોઢાને કાપે છે. આ લાકડી લોઢાને કાપે? લોઢાના બે ટૂકડાં કરવા હોય તો આ લાકડી મારે તો બે ટૂકડા થાય? તેના માટે લોઢાની છીણી જોઈએ. તેમ અહીંયા પ્રજ્ઞાછીણી જોઈએ. પ્રજ્ઞાછીણી (પટકવાથી) અંદરમાં રાગ મારી ચીજ નથી... હું તો જ્ઞાયક સ્વરૂપ છું એવી પ્રજ્ઞાછીણી સંધિમાં મારી દીધી. આહાહા! કેમ કે રાગ અને આત્મામાં સંધિ થઈ જ નથી. તે ક્યારેય એકરૂપ થયો જ નથી. બેની વચ્ચે સંધિ નામ ભિન્નતાની સાંધ છે. આહાહા! આવું સાંભળવા મળેય નહીં. એ બિચારા શું કરે! જયનારાયણ, એકવાર ભક્તિ કરી, જાત્રા કરી શેત્રુંજયની, પછી કરો ગમે તેટલા પાપ?

**શ્રોતાઃ-** અમારા ગુરુએ શીખવાડયું છે એમાં અમે શું કરીએ?

**ઉત્તરઃ-** શીખવાડયું, પણ ઉંધું કોણે માર્યું? કોઈ એમ કહે કે- તમારા બાપને મારા બાપે પૂર્વના ભવમાં પાંચ લાખ રૂપિયા આપ્યા છે લાવો..! તો તમે માનો? આપો? એમ અજ્ઞાની કહેવાવાળા તો ઠીક, પણ તેને રુચ્યું તો માન્યું ને! બધું શાસ્ત્રમાં આવે છે. બધા લખાણ શાસ્ત્રમાં આવે છે. દિગમ્બર શાસ્ત્રમાં ગંભીરતાના દરિયા ભર્યા છે.... એવું છે. તેના પિતાજીને પૂર્વભવમાં તેના પિતાજીએ પૈસા આપ્યા હતા.. તેમ કોઈ કહે તો માને? તેમ અજ્ઞાનીએ કહ્યું ને અજ્ઞાનીએ માન્યું. એ તો તેની રુચિ હતી એટલે માન્યું હતું.... અજ્ઞાનીએ કહ્યું છે માટે માન્યું છે તેમ પણ નથી.

જ્ઞાતા છે તે જાણવાવાળો રહે છે. કહો! સમજમાં આવ્યું? ભાષા તો સાદી છે પણ ભાવ તો જે છે તે છે. અરેરે! સત્ય વાત સાંભળવાએ ન મળે અને સત્યની વાતના પંથે ન પડે તો પ્રભુ! તારો આરો ક્યારે આવશે? શું કહ્યું-બે પદમાં તો એટલું સમાવી દીધું છે. અમૃતચંદ્રાચાર્યે ગજબ કામ કર્યું છે. હજાર વર્ષ પહેલા થયા; હાલતા ચાલતા સિદ્ધ. ભિક્ષા (આહાર) માટે જતા હતા! ટીકા કરતા હતા! તે કહે કે-અમે તો જ્ઞાતા દૃષ્ટા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છીએ. પ્રભુ ! હું તો જ્ઞાન ને દર્શન સ્વરૂપ જ છું.... ને ! હું રાગરૂપ નથી. હું તો જ્ઞાનદર્શન સ્વરૂપ જ છું. મારી પર્યાયમાં પણ જ્ઞાતાદૃષ્ટાપણું આવ્યું છે. રાગનું પરિણમન મારામાં આવ્યું જ નથી.

સમયસારના ત્રીજા કળશમાં કહ્યું કે- " કલ્માષિતાયાઃ ". પર્યાયમાં દુઃખ છે તેનો જાણવાવાળો રહ્યો. એ ટીકા કરવાના કાળમાં દૃષ્ટિનું જોર દ્રવ્ય સ્વભાવ ઉપર જશે તેથી ટીકા કરવાના કાળમાં એ કલ્માષિતાનો નાશ થઈ જશે. છે તો હજુ વિકલ્પ ! અરે.. ભગવાન જે સત્ય છે તે સત્ય જ છે. અસત્ય છે તે અસત્ય જ છે. રાગને પોતાને માનવો તે અસત્ય દૃષ્ટિ છે. અસત્ય દૃષ્ટિ કહો કે મિથ્યાદૃષ્ટિ કહો. મિથ્યા એટલે જૂઠી દૃષ્ટિ. હું રાગ સહિત નહીં, હું તો આનંદ ને જ્ઞાન સહિત છું તેવો જ્ઞાતાદૃષ્ટા થયો ત્યાં તો જ્ઞાતાદૃષ્ટાના પરિણામ રહે છે. હવે તે કર્તા રહેતો નથી. અથવા અશુદ્ધરૂપે પરિણમન કરતો નથી.

આવો ( અદભુત ) અધિકાર છે. તારો અધિકાર જ આ છે.. એમ કહે છે. તારો અધિકાર જ્ઞાતાદૃષ્ટાપણાનો છે. અશુદ્ધતારૂપે પરિણમન કરવું તે તારો અધિકાર છે જ નહીં. તું જ્ઞાતાપણાનો -દૃષ્ટાપણાનો અધિષ્ઠાતા છો. પહેલાં અધિકાર લીધું પછી અધિષ્ઠાતા લીધું.

આહાહા ! રાગથી તારી દૃષ્ટિ હઠી ગઈ. અને જે કૃત્રિમ, ક્ષણિક પર્યાયબુદ્ધિ હતી ત્યાં સુધી અશુદ્ધ પરિણમન હતું. હવે ક્ષણિક બુદ્ધિ છૂટી દ્રવ્યબુદ્ધિ થઈ તો હવે તે કેવળ જ્ઞાતા રહે છે. તે હવે અશુદ્ધ પરિણામરૂપે પરિણમતો નથી. " જો જાને સો જાનનહારા. " બનારસીદાસજીએ આ શ્લોકમાં તો ઘણું ભરી દીધું છે.

" કરૈ કરમ સોઈ કરતારા, જો જાનૈ સો જાનનહારા,
જાણે સો કરતા નહી હોઈ, કરતા સો જાને નહીં કોઈ. "

તુલસીદાસે આ રીતે ચોપાઈ બનાવી છે. તુલસીદાસે રામાયણ બનાવ્યું છે- ' તેરે ઘટમેં રામાયણ હૈ. ' તુલસીદાસ બનારસીદાસને મળ્યા હતા. તેમણે રામાયણને જોવાનું કહ્યું. બનારસીદાસે આ ચોપાઈ બનાવી. બનારસીદાસની દશા પણ અલૌકિક અને સ્થિતિ પણ અલૌકિક હતી. દિગમ્બર લોકો કહે-તેઓ અધ્યાત્મની ભાંગ પીને નાચતા હતા. અરે.... પ્રભુ ! ભાઈ.... ( આ શું કહે છે ? )

**પ્રશ્નઃ**- અધ્યાત્મની ભાંગ હોય છે ?

**ઉત્તરઃ**- અધ્યાત્મની ભાંગ હોય ? અરેરે.... ભગવાન ! અધ્યાત્મના તો અંદર નિર્વિકલ્પ પ્યાલા હોય છે. ભાંગ કેવી ? શું કરે.. પ્રભુના વિરહ પડયા... , કેવળીના વિરહ પડયા, કેવળજ્ઞાનની ઉત્પત્તિના વિરહ પડયા. સાક્ષાત્ ત્રિલોકીનાથ પ્રભુ ભલે ન હોય ! કેવળજ્ઞાનની ઉત્પત્તિ ન હોય; તેના વિરહા પડયા પરંતુ સંતોના ય વિરહા પડયા.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ પિતાજી ગુજરી જાય, લક્ષ્મીનો નાશ થઈ જાય, પાછળથી છોકરાં તકરાર કરે. આ મકાનમાં રહેતા હતા તે મને આપ્યું છે. ભાઈ ! આપણી પાસે ૨૫ લાખની પૂંજી છે અને પાંચ લાખનું મકાન છે.... , તારે પૈસામાં ભાગ લેવો છે અને મકાનમાં ભાગ લેવો છે તે કેવી રીતે બને ? પાછળથી લડે-તકરાર કરે.

**શ્રોતાઃ-** તે દૃષ્ટાંત અહીં લાગુ પડે છે.

**ઉત્તરઃ-** એ દૃષ્ટાંત લાગુ પડે છે. ભગવાનના વિરહ પડયા, કેવળજ્ઞાનની ઋદ્ધિનો નાશ થયો અને છોકરાઓ તકરાર કરે. તે કહે-રાગથી લાભ થશે. પેલા કહે-આત્માથી લાભ થશે.

## પ્રવચન નં. ૯૩ તા. ૧૨-૯- '૭૭

૯૬ કળશ ચાલે છે -તેનો ભાવાર્થ. "**यः करोति क्वचित् न करोति-જે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ શુદ્ધસ્વરૂપને અનુભવે છે.**" **તે જીવ તે જ્ઞાન પરિણામરૂપ છે, તે કેવળ જ્ઞાતા છે, કર્તા નથી.** વાત ઘણી સૂક્ષ્મ છે. ધર્મી જીવ ! પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને અનુભવે છે. એ કારણે અશુદ્ધ દયા-દાન-વ્રતાદિના પરિણામનો તે કર્તા થતો નથી. પરિણામ થાય છે પરંતુ તેનો કર્તા થતો નથી. કેમ કે જ્ઞાનસ્વરૂપ આત્મા જે ચિદાનંદ પ્રભુ છે તે રાગનો કરનારો નથી; તે રાગને કરે તેમાં તો આત્માની દિનતા છે-મિથ્યાત્વભાવ છે. આત્માની પ્રભુતા તો હું જ્ઞાનસ્વરૂપ- આનંદસ્વરૂપ છું એવા અનુભવમાં છે. રાગ આવે પણ તે તેનો જ્ઞાતા છે. મારી ક્રિયા તો જ્ઞાન ને આનંદની છે. તેમ પોતાની પ્રભુતામાં જ્ઞાતા-દૃષ્ટાપણું ભાસે છે.... તે ધર્મ છે.

સમ્યગ્દૃષ્ટિને એમ ભાસે છે કે- હું જ્ઞાતા-દૃષ્ટા છું, રાગનો તો જાણવાવાળો છું, હું રાગનો કર્તા નથી. દયા-દાન-વ્રત-જાત્રા-ભક્તિના પરિણામ આવે છે. તો પણ ધર્મી તેને જ્ઞાતાદૃષ્ટા તરીકે જાણે છે. રાગ મારું કર્તવ્ય છે અને મારી ચીજ છે -તેમ ધર્મી માનતા નથી. આવો ધર્મ છે.

"**જે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાત્વ-રાગાદિરૂપ પરિણમે છે તે શુદ્ધસ્વરૂપનો અનુભવશીલ એક જ કાળે તો નથી હોતો.**" રાગના શુભ પરિણામ હો કે અશુદ્ધ પરિણામ હો..! પરંતુ તે તરફ દૃષ્ટિ હોવાથી તે મારું કર્તવ્ય છે એમ માની અને એ મારું કાર્ય છે એમ માનીને તે સ્વરૂપથી ભ્રષ્ટ છે. લોકોને હજુ કઠણ પડે ! હજુ તો વ્યવહાર કરતાં કરતાં ધર્મ નિશ્ચિત થશે; એ વાત તો ઘણી દૂર રહી. વ્યવહાર આવે છે, પણ જે તેનો કર્તા થાય તે મિથ્યાદૃષ્ટિ છે-એમ કહે છે. કેમ કે ભગવાન આત્મા તો શુદ્ધ ચિદ્ઘન, જ્ઞાનાનંદ ચિદ્રસ આત્મા છે. જ્ઞાનરસ, આનંદરસ, શાંતરસ, વીતરાગરસથી ભરેલો આત્મા છે તેની જેને દૃષ્ટિ થઈ તે રાગનો કર્તા થતો નથી. કેમ કે પોતાની ચીજમાં રાગ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે જ નહીં. આહાહા! લોકોને આવી વાત ઝીણી પડે.. પણ શું થાય? અત્યારે ઘણો ફેરફાર થઈ ગયો.

ભગવાન શુદ્ધ અંતઃતત્ત્વ તેનું સમ્યગ્દર્શનમાં આનંદનું ભાન થયું અર્થાત્ આનંદનું વેદન થયું-ભાસ થયો -અનુભવ થયો ત્યારે તેને શુદ્ધ પરિણામનો કર્તા કહેવો તે ઉપચાર છે. કેમ કે રાગનો તો કર્તા છે નહીં. રાગ આવે છે પણ તેના જ્ઞાતા તરીકે તેને જાણે છે. આત્મા જ્ઞાનપરિણામનો કર્તા અને જ્ઞાન પરિણામ કર્મ એ પણ ઉપચારનું કથન છે. કર્તાકર્મ બે ભેદ થયા ને! જ્યારે પોતાની જ્ઞાનપર્યાયમાં રાગ જાણવામાં આવ્યો તો જ્ઞાનની પર્યાયનો આત્મા કર્તા અને જ્ઞાનની પર્યાય પોતાનું કાર્ય તે ઉપચાર છે. પરનો તો કર્તા છે જ નહીં. પરમાં રાગ જ લીધો છે.

**"ભાવાર્થ આમ છે કે-સમ્યક્ અને મિથ્યાત્વના પરિણામ પરસ્પર વિરુદ્ધ છે. જેમ સૂર્યનો પ્રકાશ હોતાં અંધકાર હોતો નથી, અંધકાર હોતાં પ્રકાશ હોતો નથી."** તેમ હોતું જ નથી કે પ્રકાશ અને અંધકાર બન્ને સાથે હોય. અહીં તો રાગનો કર્તા અને જ્ઞાનનો કર્તા તે વાત સિદ્ધ કરવી છે. રાગ થાય છે તે તો પહેલાં આવ્યું. જ્ઞાનધારા અને કર્મધારા તે બન્ને જ્ઞાનીને જ હોય છે. ધર્મીને પણ જ્ઞાનધારા અને કર્મધારા બન્ને હોય છે. પરંતુ રાગધારાનો કર્તા આત્મા નથી. આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદમૂર્તિ પ્રભુ છે તેવી જેને દૃષ્ટિ થઈ, દૃષ્ટિમાં સૂક્ષ્મ દ્રવ્ય સ્વભાવ આવ્યો તો તેને રાગનું કર્તાપણું છે નહીં. ચૈતન્યના પ્રકાશમાં રાગના અંધકારનું કર્તાપણું તેને હોતું નથી. તેથી રાગનો અંધકાર થતો જ નથી એમ કહે છે. આહાહા! રાગ થાય છે. .... પરંતુ અહીં રાગનું જ્ઞાન થાય છે. એ જ્ઞાનમાં આત્માછે.. રાગમાં આત્મા નથી. આહાહા! આવી વાત ઝીણી.

આ પ્રમાણે સમ્યક્ત્વના અને મિથ્યાત્વના પરિણામને વિરોધ છે. જેવી રીતે સૂર્યનો પ્રકાશ થતાં અંધકાર નથી, અંધકાર હોતા પ્રકાશ નથી.... તેમ સમકિતના પરિણામ હોતા મિથ્યાત્વના પરિણામ નથી. પોતાના ચિદાનંદ ભગવાન; સૂક્ષ્મ દ્રવ્ય સ્વભાવનું જ્યાં ભાન થયું ત્યાં રાગનો અંધકાર હોતો જ નથી. અને જ્યાં રાગની એકત્વબુદ્ધિરૂપ રાગનું પરિણમન છે ત્યાં જ્ઞાનનાં પ્રકાશનો અભાવ છે. એ.. રાગની એકત્વબુદ્ધિથી અનંત જન્મમરણ થયા. ભગવાન તો શુદ્ધ ચૈતન્યઘન છે તેમાં વિકૃતભાવનું એકપણું માનવું તે જ સંસાર છે.

શરીર, વાણી એ તો જડ-માટી-ધૂળ છે. બહુ રૂપાળું સુંદર શરીર હોય.... પરંતુ ભાઈ એ તો જડ છે. એ ચીજ તો માટીની છે. જડની દશા મારી છે તે વાત ક્યાંથી લાવ્યો પ્રભુ! અહીં તો તેનાથી આગળ જઈને.... જે શુભરાગ ઉત્પન્ન થાય છે તે અજીવ છે. જડ છે-અંધકાર છે. જે અંધકારનો કર્તા થાય છે તે જ્ઞાતા નહીં.. તે તો અજ્ઞાન છે. આહાહા! જે કર્તા થાય છે તે જ્ઞાતા નહીં અને જ્યાં જ્ઞાતા હોય છે ત્યાં કર્તા નહીં. રાગનો કર્તા નથી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેમ આવ્યું ને!

**"તેથી એક કાળે એક પરિણામરૂપે જીવદ્રવ્ય પરિણમે છે, તે પરિણામનું તે કર્તા હોય છે."** શું કહ્યું? એક કાળમાં જીવદ્રવ્ય તો એકરૂપે પરિણમે છે. કાં જ્ઞાતાપણે પરિણમે અથવા રાગપણે પરિણમે. રાગપણે પરિણમે તો અજ્ઞાની છે. જ્ઞાતાપણે પરિણમે તો ધર્મી છે. તેને કેમ ધર્મી કહ્યો? કોઈ વળી એમ કહે કે- જ્ઞાની તો કોઈ ઊંચા હશે! જ્ઞાની કહો કે ધર્મી કહો બન્ને એક જ વાત છે.

કોઈ એમ કહે કે- જ્ઞાન ઉત્પન્ન થાય તે જ્ઞાની. અહીંયા એ વાત નથી. અહીં તો આત્મા આનંદ પ્રભુ! ચિદાનંદનું જ્ઞાન થયું તે જ્ઞાની, તે ધર્મી; અને ધર્મી રાગનો કર્તા થતો નથી. કેમ કે પોતાની ચીજમાં વિકલ્પ છે જ નહીં. એ તો અસદ્‌ભૂત વ્યવહાર છે. વિકલ્પ આવે છે પણ તે અસદ્‌ભૂતનયનો વિષય છે. અસદ્‌ભૂત એટલે મારી ચીજમાં નથી. વિકલ્પને પર જ્ઞેય તરીકે ધર્મી જાણે છે. અજ્ઞાની -રાગ મારો છે તેમ સ્વજ્ઞેય માનીને મારો માને છે. બન્નેમાં પૂર્વ પશ્ચિમનો ફેર છે.

**"માટે મિથ્યાદૃષ્ટિ જીવ કર્મનો કર્તા, સમ્યગ્દૃષ્ટિ જીવ કર્મનો અકર્તા-એવો સિદ્ધાંત સિદ્ધ થયો."** આ સરવાળો માર્યો. જેની દૃષ્ટિ શુભભાવ દયા-દાન-વ્રત-ભક્તિ તેની ઉપર છે તે મિથ્યાદૃષ્ટિ રાગનો કર્તા થાય છે. એ ભાઈ! આ બધું ઝીણું છે.

**પ્રશ્ન**:- વિકલ્પ આવે અને કર્તા નહીં?

**ઉત્તર**:- બિલકુલ નહીં. એ તો થાય છે તેનો જાણવાવાળો સમકિતી રહે છે. થોડો દ્વેષનો અંશ આવે છે તેનો તે જ્ઞાતા -દૃષ્ટા રહીને તેનો કર્તા થતો નથી.

**પ્રશ્ન**:- એક જ સમયમાં?

**ઉત્તર**:- એક જ સમયમાં. રાગ-દ્વેષ થાય છે કે નહીં? કર્મધારા થાય છે પણ તેનો કર્તા થતો નથી. આહાહા! સૂક્ષ્મ વાત છે. ભાઈ! વીતરાગ સર્વજ્ઞ જિનેન્દ્રદેવનો પંથ કોઈ અલૌકિક છે. લોકોએ અજૈનમાં જૈનપણું માની લીધું છે. રાગમાં ધર્મ માનવો તે અજૈનપણું છે. દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજાના ભાવ એમાં ધર્મ માનવો તે અજૈનપણું છે-તે અધર્મ છે. જ્ઞાનીને રાગ આવે છે, પરંતુ તેનો કર્તા નથી.. અને તેને પોતાના માનતો નથી. પ્રભુના મારગડા ભિન્ન છે.

અહીં તો એમ કહે છે કે- ચૈતન્યની પ્રભુતા તે રાગને કરવામાં તેની પ્રભુતા નથી. આ વ્યવહાર રત્નત્રયનો કર્તા તે તારી પ્રભુતા નહીં... એ તો પામરતા છે. તારી પ્રભુતા તો રાગના કાળમાં રાગને જાણવું અને પોતાના સ્વભાવનો અનુભવ કરવો એ તારી પ્રભુતા છે. સમજમાં આવ્યું? સૂક્ષ્મ વાત છે ભાઈ! અને આવો મારગ સર્વજ્ઞ સિવાય ક્યાંય છે જ નહીં.

* * *

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( ઇન્દ્રવજ્રા )

ज्ञप्तिः करोतौ न हि भासतेऽन्तः
ज्ञप्तौ करोतिश्च न भासतेऽन्तः।
ज्ञप्तिः करोतिश्च ततो विभिन्ने
ज्ञाता न कर्तेति ततः स्थितं च।।५२-९७।।

**ખંડાન્વય સહિત અર્થઃ-** " अन्तः " સૂક્ષ્મ દ્રવ્યસ્વરૂપ દૃષ્ટિથી " ज्ञप्तिः करोतौ न हि भासते " ( ज्ञप्तिः ) જ્ઞાનગુણ અને ( करोतौ ) મિથ્યાત્વ-રાગાદિરૂપ ચીકાશ એમનામાં ( न हि भासते ) એકત્વપણું નથી. ભાવાર્થ આમ છે કે-સંસાર-અવસ્થા( રૂપ ) મિથ્યાદૃષ્ટિ જીવને જ્ઞાનગુણ પણ છે અને રાગાદિ ચીકાશ પણ છે; કર્મબંધ થાય છે તે રાગાદિ ચીકાશથી થાય છે, જ્ઞાનગુણના પરિણમનથી થતો નથી; એવું વસ્તુનું સ્વરૂપ છે. તથા " ज्ञप्तौ करोतिः अन्तः न भासते " ( ज्ञप्तौ ) જ્ઞાનગુણને વિષે ( करोतिः ) અશુદ્ધ રાગાદિ પરિણમનનું ( अन्तः न भासते ) અંતરંગમાં એકત્વપણું નથી. " ततः ज्ञप्तिः करोतिः च विभिन्ने " ( ततः ) તે કારણથી ( ज्ञप्तिः ) જ્ઞાનગુણ અને ( करोतिः ) અશુદ્ધપણું ( विभिन्ने ) ભિન્ન ભિન્ન છે, એકરૂપ તો નથી. ભાવાર્થ આમ છે કે-જ્ઞાનગુણ અને અશુદ્ધપણું, દેખતાં તો મળેલાં જેવાં દેખાય છે, પરંતુ સ્વરૂપથી ભિન્ન ભિન્ન છે. વિવરણ-જાણપણામાત્ર જ્ઞાનગુણ છે, તેમાં ગર્ભિત એ જ દેખાય છે; ચીકાશ તે રાગાદિ છે, તેથી અશુદ્ધપણું કહેવાય છે. " ततः स्थितं ज्ञाता न कर्ता " ( ततः ) તે કારણથી ( स्थितं ) આવો સિદ્ધાન્ત નિષ્પન્ન થયો-( ज्ञाता ) સમ્યગ્દૃષ્ટિ પુરુષ ( न कर्ता ) રાગાદિ અશુદ્ધ પરિણામનો કર્તા હોતો નથી. ભાવાર્થ આમ છે કે-દ્રવ્યના સ્વભાવથી જ્ઞાનગુણ કર્તા નથી, અશુદ્ધપણું કર્તા છે; પરંતુ સમ્યગ્દૃષ્ટિને અશુદ્ધપણું નથી, તેથી સમ્યગ્દૃષ્ટિ કર્તા નથી. ૫૨-૯૭.

## કલશ - ૯૭ : ઉપર પ્રવચન

**" अन्तः સૂક્ષ્મ દ્રવ્યસ્વરૂપ દૃષ્ટિથી "** ભગવાન આત્મા ! સૂક્ષ્મદૃષ્ટિ સ્વભાવવાળો છે.... જેમાં રાગની રુચિ છૂટી ગઈ છે, પાપની રુચિ છૂટી ગઈ છે, દેહ મારો છે તેવી રુચિ છૂટી ગઈ છે. તે બધી તો જડની ચીજ છે. આહાહા ! લક્ષ્મી, કુંટુંબ, પરિવાર તે તો પરચીજ છે, તે મારા છે તેવી રુચિ છૂટી ગઈ છે. આગળ.... રાગ મારો છે તેવી રુચિ છૂટી ગઈ છે અને હું પર્યાય જેટલો છું તેવી રુચિ પણ છૂટી ગઈ છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શું કહે છે? જુઓ! "સૂક્ષ્મ દ્રવ્યસ્વરૂપ દૃષ્ટિથી," તે સૂક્ષ્મ દ્રવ્યસ્વરૂપ દૃષ્ટિથી જણાય છે. તે તેની દૃષ્ટિમાં આવ્યો.

**"ज्ञप्तिः करोतौ न हि भासते" જ્ઞાનગુણ અને મિથ્યાત્વ-રાગાદિરૂપ ચીકાશ એમનામાં (न हि भासते) એકત્વપણું નથી."** જેમને સૂક્ષ્મ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થઈ તેને રાગ મારો છે તેમ ભાસતું નથી. આહાહા! ગજબ વાત છે. અહીં તો આ શરીર ને મન ને વાણી ને એવી ક્રિયા સ્વાહા. ભગવાનને (અર્ઘ) ચઢાવે ત્યારે સ્વાહા કરે તે જડની ક્રિયા છે. 'સ્વાહા' એવી જે વાણી તે જડની ક્રિયા છે.

અહીં કહે છે - (સાધકને) જે રાગ થાય છે તે...., સૂક્ષ્મદૃષ્ટિવાળાને, સ્વભાવદૃષ્ટિવંતને અંદરમાં ભાસતો નથી. આ જન્મ મરણથી રહિત થવાના મારગ છે બાપા! સાદિ અનંત અનંત સમાધિ સુખમાં. તેનાં ફળમાં આનંદની આદિ થાય છે.... પરંતુ હવે તેનો અંત નથી. એવા આનંદનું અનંતકાળ રહેવું તેનો ઉપાય તો સૂક્ષ્મ જ હોય ને?

આ કોઈ પંડિતાઈની ચીજ નથી. શાસ્ત્ર બહુ ભણ્યા છે. માટે દૃષ્ટિ નિર્મળ થઈ છે તેમ છે નહીં. અહીં તો દ્રવ્ય સૂક્ષ્મ દૃષ્ટિથી દેખવામાં આવ્યું. દ્રવ્યસ્વભાવ સૂક્ષ્મ છે. તે વિકલ્પથી પણ જાણવામાં આવતો નથી. આ વ્રત-તપ-ભક્તિનો ભાવ તે સ્થૂળ શુભભાવ છે. પુણ્ય-પાપ અધિકારમાં આવશે કે-તે સ્થુળ શુભભાવ છે.... જ્યારે ભગવાન તો સૂક્ષ્મ છે... અને તે અંદર સૂક્ષ્મ દ્રવ્ય સ્વરૂપ દૃષ્ટિથી દેખાય છે. પાઠમાં તો 'अन्त' છે, તેનો અર્થકાર કેટલો ખુલાસો કરે છે." અન્ત " એટલે રાગ દેખાતો નથી એટલું લેવું છે. 'અન્ત' એટલે શું? અન્તઃમાં જ્ઞાનીને રાગ દેખાતો નથી તે અન્તઃની વ્યાખ્યા કરી. અંતરની દૃષ્ટિવાળાને રાગ દેખાતો નથી તે સિદ્ધ કરવું છે. અને જેને રાગ ભાસે છે તેને અંતઃતત્ત્વ ભાસતું નથી. રાગ તો સ્થૂળ છે. જે બહિર્બુદ્ધિ છે તેને અર્થાત્ રાગના કરવાવાળાને અંતઃતત્ત્વ દેખાતું નથી. આહાહા! આવો મારગ પ્રભુનો.

પ્રભુ એટલે તે તું છો. તારી પ્રભુતા તો.. અંતઃ દૃષ્ટિથી.., દ્રવ્યને સૂક્ષ્મદૃષ્ટિથી દેખવાથી રાગ તેને દેખાતો નથી.. તે તારી પ્રભુતા છે. મારામાં રાગ નથી, મારામાં તો જ્ઞાન ને આનંદ છે એમ ભાસવું તે ચૈતન્યની પ્રભુતા છે. તે ચૈતન્યની મોટાઈ છે. તે ચૈતન્યની અધિકતા છે. આહાહા! ભાષા તો સાદી આવે છે પણ ભાવ તો જે છે તે છે.

'અન્તઃ' એટલે સૂક્ષ્મ દ્રવ્યદૃષ્ટિવંતને. **"ज्ञप्ति करोतौ न हि भासते" જ્ઞાનગુણ અને મિથ્યાત્વ રાગાદિરૂપ ચીકાશ એમનામાં એકત્વપણું નથી."** તેમનાંમાં એકપણું છે નહીં. શું કહે છે? સૂક્ષ્મ દ્રવ્યદૃષ્ટિએ ભગવાનને જુએ છે તો તેને અંતરમાં રાગની સાથે એકતા ભાસતી નથી. આહાહા! આવી ઝીણી વાત અને લોકોને ક્યાં ચઢાવી દીધા.

કાલે ભાઈએ કહ્યું હતું ને- કે એક પંડિત જોડે ચર્ચા થઈ. તેમાં તે કહે એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરે છે એક દ્રવ્યનો બીજા દ્રવ્યમાં અત્યંત અભાવ છે. અત્યંત અભાવ છે તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

એ ભાવને કયાંથી કરે!! જેમાં અભાવ છે તે ભાવને કયાંથી કરે? આ અધ્યયન કરો તે નાનો યુવાન માણસ અને પેલા મોટા પંડિતને!

અહીંયા સૂક્ષ્મ દૃષ્ટિથીએ જોવાથી.. પરના કર્તાનો તો પ્રશ્ન છે જ નહીં. એક ક્ષણની મલિન અવસ્થા છે. એક સમયની વિકારની ભૂલ છે. જેણે ભગવાનને દેખ્યો તે વિકારનો કર્તા થતો નથી.

એ કહ્યું ને.. સૂક્ષ્મ દ્રવ્ય સ્વરૂપની દૃષ્ટિ.... તેનો અર્થ-અંતરમાં ભગવાન આત્માને ભાળ્યો. એ તમારા ગાયનમાં આવ્યું હતું ને! "દેખ્યા હમે અવર ના દેખ્યા, દેખ્યા સો શ્રદ્ધાના." આત્મધર્મ છે તેમાં પહેલા ગાયન લીધું છે. આહાહા! સૂક્ષ્મ દ્રવ્ય સ્વરૂપ દૃષ્ટિથી તેનો અર્થ સૂક્ષ્મ દ્રવ્યને દેખ્યું. હમે અવર ન દેખ્યાં -ત્યાં બીજી ચીજ ન દેખી.

**પ્રશ્નઃ-** રાગ દેખાય નહીં?

**ઉત્તરઃ-** ન દેખાય, તેમાં છે નહીં. એ તો મિથ્યાપણે. રાગ ઉપર દૃષ્ટિ છે તો દેખ્યા, દેખે છે. તેના હાથમાં શું આવ્યું? રાગને દેખવાવાળાને આત્મા દેખાતો નથી. અને આત્માને દેખવાવાળાને રાગ દેખાતો નથી. અહીં તો અંતરની વિવેકદશાની વાત છે.... ભગવાન! રાગથી જ્યાં વિવેક થયો, ભેદજ્ઞાન થયું તો રાગથી ભિન્ન પડયો તો એ ચીજમાં રાગ ક્યાં છે?

'અન્તઃ' રાગથી ભિન્ન પડી અને (પોતાની) ચીજની જ્યાં દૃષ્ટિ થઈ તો તેમાં રાગ ક્યાં છે? અંતર છે નહીં તો ભાસે ક્યાંથી? આહાહા! આવો માર્ગ છે. સત્ પંથના શરણ વિના જન્મ મરણ નહીં મટે. દુનિયાની સિફારશ ત્યાં કામ નહીં કરે. મેં આટલા લોકોને સમજાવ્યા છે. અમારાથી લાખો માણસ સંપ્રદાયમાં રહ્યા છે.. એ બધું ત્યાં કામ નહીં આવે. અહીં તો કહે છે. - 'અંતઃ' સૂક્ષ્મ દ્રવ્યદૃષ્ટિએ રાગ ભાસતો નથી. સૂક્ષ્મ દ્રવ્યદૃષ્ટિએ અંતરમાં રાગ ભાસતો નથી.

જ્ઞાનગુણ અને મિથ્યાત્વ રાગાદિરૂપ તેનું એકપણું ભાસતું નથી.... અર્થાત્ એકપણું છે નહીં માટે એકપણું ભાસતું નથી. અંતર-દ્રવ્યદૃષ્ટિથી દેખવાથી રાગ અને જ્ઞાન એક નથી. અંદરમાં રાગ દેખાતો નથી. સમજમાં આવ્યું?

**ભાવાર્થ આમ છે કે- સંસાર અવસ્થામાં મિથ્યાદૃષ્ટિ જીવને જ્ઞાનગુણ પણ છે અને રાગાદિ ચીકાશ પણ છે; કર્મબંધ થાય છે તે રાગાદિ ચીકાશથી થાય છે, જ્ઞાનગુણના પરિણમનથી થતો નથી."**

સંસારી જીવને આત્મા તો છે અને રાગ પણ છે. હવે તેને આત્માની ખબર નથી પરંતુ આત્મા છે તો ખરો. રાગ પણ છે અને રાગાદિની ચીકાશ પણ છે. ચિકાશથી કર્મબંધ થાય છે. રાગને કારણે કર્મબંધ થાય છે, પરંતુ સ્વભાવને કારણે નહીં. કેમ કે જ્ઞાન સ્વભાવમાં રાગનું થવું છે જ નહીં. રાગનું જ્યાં કર્તાપણું છે ત્યાં જ્ઞાતાપણું છે જ નહીં.

આહાહા! ભારે વાત! રાગાદિ ચિકાશથી કર્મબંધ થાય છે. જ્ઞાન સ્વભાવ અને તેની દૃષ્ટિથી જ્ઞાન પરિણમનમાં બંધ છે નહીં.

"ज्ञप्तौ करोतिः अन्तः न भासते" **જ્ઞાનગુણને વિષે અશુદ્ધ રાગાદિ પરિણમનનું અંતરંગમાં એકત્વપણું નથી.**" ભાષા તો જુઓ! 'अन्तः न भासते' તેનો ખુલાસો અંતરંગમાં એકપણું નથી. શું કહે છે? ભગવાન જ્ઞાન સ્વભાવમાં રાગાદિ પુણ્યઆદિ, દયા-દાન-વ્રતાદિના ભાવ તેનાથી અંતરંગમાં એકપણું નથી માટે એકપણું ભાસતું નથી. રાગની રુચિ છોડીને.. જ્ઞ સ્વભાવ, સર્વજ્ઞસ્વભાવ, સૂક્ષ્મદ્રવ્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ કરવાથી રાગ દેખાતો નથી.. તેથી તેને અશુદ્ધ પરિણમન છે જ નહીં, તેથી તેને બંધ પણ છે નહીં. આવો માર્ગ છે, અરે! સાંભળવા પણ મળે નહીં.... તે ક્યારે આગળ જાય. અરેરે! જિંદગી એમ ને એમ ચાલી જાય છે. આખું મીંચીને દેહ છૂટી જશે અને એ ક્યાંય નિરાધાર થઈને તે ચાલ્યો જશે. તે એકલો આવ્યો એકલો ચાલ્યો જશે. નિયમસારમાં ગાથા છે કે-તે એકલો મોક્ષે જાય છે.... ત્યાં પણ કોઈ બીજાની સહાય નહીં.

ધર્મીને રાગનો રસ છૂટી ગયો છે. જ્ઞાનનો રસ આવ્યો છે. જ્ઞાનનો રસ તેનો અર્થ- સ્વભાવમાં એકાગ્રતા છે. તો જ્ઞાનનો આનંદનો રસ આવ્યો છે. તેમાં રાગનો રસ આવતો નથી.. રાગનો રસ છૂટી ગયો છે. અજ્ઞાનીને રાગના રસમાં જ્ઞાનના રસનો અભાવ છે. બીજી દૃષ્ટિએ કહીએ તો-સૂક્ષ્મ દ્રવ્ય સ્વભાવદૃષ્ટિએ તો રાગનો અભાવ છે. અને જેને રાગની દૃષ્ટિ છે તેને જ્ઞાનાનંદ રસનો અભાવ છે. આહાહા! સમયસાર કર્તાકર્મ અધિકારની ૭૬ ગાથામાં આવી સ્પષ્ટતા છે. જીવઅજીવ અધિકારની ૬૮ ગાથામાં છે. ૬૯ થી ૧૪૪ ગાથામાં લીધું છે. એ સિવાય કર્તાકર્મનાં સ્વરૂપનું બીજી જગ્યાએ આવો અર્થ ક્યાંય છે જ નહીં.

પહેલાં ૯૨ કળશમાં આટલું સ્પષ્ટ આવ્યું હતું. "**समयसारम् चेतये**" અર્થાત્ શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરવો તે કાર્યસિદ્ધિ છે. એ તારું કાર્ય છે અને એ કાર્યની સિદ્ધિ છે. રાગનું કાર્ય અને પરનું કાર્ય એ તો તારામાં છે જ નહીં. આવો મારગ છે. શું કહ્યું? '**समयसारम् चेतये**' ભગવાનને ચેત.... ચેત એટલે અનુભવ કર. એ તારી કાર્ય સિદ્ધિ છે. રાગનું કરવું તે અજ્ઞાનીની કાર્ય સિદ્ધિ છે. થોડા શબ્દોમાં ઘણું ભર્યું છે.

કળશટીકામાં તો ઘણી જ ગંભીરતા છે. અમૃતચંદ્રાચાર્ય એટલે આહાહા! જેમણે પંચમઆરામાં ગણધર જેવું કાર્ય કર્યું છે અને કુંદકુંદાચાર્યે તીર્થંકર જેવું કાર્ય કર્યું છે. આવી આ ટીકા અને આ ટીકાનું નામ આત્મખ્યાતિ છે- આત્મપ્રસિદ્ધિ છે. ભગવાન આનંદ સ્વરૂપની જ્ઞાનસ્વરૂપથી પ્રસિદ્ધિ કરવાની છે, રાગની પ્રસિદ્ધિ નહીં, રાગની પ્રસિદ્ધિ કરે તે મિથ્યાદૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિ તો આત્માની પ્રસિદ્ધિ કરે છે.

અહીં તો પરમાત્મા તારી પ્રભુતાની શક્તિની પ્રસિદ્ધિ કરે છે. પ્રભુ! તું રાગનો કર્તા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે તારી પ્રસિદ્ધિ નહીં, તે તો અજ્ઞાનની પ્રસિદ્ધિ છે.. પ્રભુ! તારા જ્ઞાનની -જ્ઞાતાપણાની પર્યાય એ રાગ હોય તેને જાણવું એ તારા જ્ઞાનની પર્યાય તે તારા આત્માની પ્રસિદ્ધિ છે. આ બહારનું બધું તમારું થોથાં તે ક્યાંય રહી ગયું. આ છોકરાંને, બે કરોડ રૂપિયા અને મોટા બંગલા.... તેમાં આત્માની પ્રસિદ્ધિ નહીં. અહીં કહે છે-અરે.. ભાઈ ક્યાં જવું છે. અહીં તો આત્મામાં આવવું છે. બહારમાં આવવું-જવું તે વાત નથી.

'સમયસારં ચેતયે' આ સમયસાર તે તારું કાર્ય છે અર્થાત્ સમયસારનો અનુભવ તે તારું કાર્ય છે. કાર્યસિદ્ધિ છે. આ વાત ૯૨ શ્લોકમાં છે. અહીં કહે છે- "**જ્ઞાનગુણના પરિણમનથી થતો નથી; એવું વસ્તુનું સ્વરૂપ છે.**" 'જ્ઞાન' શબ્દે આખો આત્મા. આત્માની પરિણતિમાં રાગનું ભાસન થતું જ નથી. જેને રાગ ભાસે ત્યાં તેને આત્મા ભાસે નહીં.. અને આત્મા ભાસે ત્યાં રાગ ભાસે નહીં. જેમાં રાગની પ્રસિદ્ધિ ભાસે ત્યાં આત્માની ખ્યાતિ-પ્રસિદ્ધિ નહીં. જ્યાં આત્માના જ્ઞાનની-આનંદની પ્રસિદ્ધિ થઈ તેમાં રાગની પ્રસિદ્ધિ નહીં.

હવે અત્યારે તે લોકો રાડે રાડું પાડે છે. આ તમે વ્યવહાર દયા-દાન-વ્રત-ભક્તિને ધર્મ નહીં કહો તો લોકો બિચારા ડૂબી જશે. આ તમે ભૂલ કરો છે. શ્વેતામ્બરના છે એ અને દિગમ્બરનાં પણ એ જ કહે છે. આમણે તો સીધેસીધું ૧૫-૨૦ માણસને મોકલ્યા' તા અમારી પાસે. ... કે તમે ભૂલ કરો છો. આ વ્રત ને તપ ને પૂજાને ભક્તિને તમે ધર્મ નથી કહેતા તે ભૂલ છે. બધા શેઠિયાને તેમણે મોકલ્યા હતા. કે- આ કાનજીસ્વામી શું કહે છે? આ વ્રત-તપ-ભક્તિ-પૂજા તે ધર્મ નહીં?

**શ્રોતા:-** એમણે કહ્યું તો પણ આપ ન માન્યાં?

**ઉત્તર:-** અમે તો કોઈનું માનતા નથી. અમે તો અમારું માનીએ છીએ. જેઠાભાઈ બીડીવાળા છે તે તેમની પાસે ચર્ચા કરવા ગયા હતા. તે રામવિજયજીના ભક્ત હતા. તેમણે અમારી વાત સાંભળી તો તેમને એવું લાગ્યું કે- આ વાત તો કોઈ બીજી જ છે. પછી તેમણે ૫૦ પ્રશ્ન કાઢયા.... શ્વેતામ્બર સાધુને પૂછવા માટે. જવાબ આપો આ પ્રશ્નોના! એક વ્યક્તિએ જવાબ આપ્યા પણ ઠેકાણા વિનાના.

પછી તે રામવિજયજી પાસે ગયા. આપણે ચર્ચા કરીએ. રામવિજયજી કહે-ચર્ચા કરીએ પરંતુ કર્મથી વિકાર થાય છે તે તમને માન્ય છે?

જેઠાભાઈ કહે -અમારે તે માન્ય નથી. વિકાર તો પોતાથી થાય છે કર્મ શું કરે? "કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ." કર્મ જડ છે તે આત્માને વિકાર કરાવે છે? પોતાની પર્યાયમાં પર્યાયબુદ્ધિથી વિકાર થાય છે. એ વિકારનું પણ કર્તાપણું ક્યારે છૂટે કે જ્યારે સ્વભાવની દૃષ્ટિ હોય તો વિકારનું કર્તાપણું છૂટે.

તે કહ્યું ને! જ્ઞાનગુણમાં અશુદ્ધ રાગાદિ પરિણમનનું અંતરંગમાં એકત્વપણું ભાસતું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. " **न भासते** " ખુલાસો એ કે- એકપણું નથી માટે ભાસતું નથી.... એ અર્થ કર્યો. ભગવાન નિર્મળાનંદ ચૈતન્ય જ્યોત મુક્ત સ્વરૂપ બિરાજે છે. ભગવાન આત્મા અનાદિ મુક્તસ્વરૂપ જ છે. પર્યાયે નહીં પરંતુ વસ્તુએ મુક્ત છે.

એ મુક્ત સ્વરૂપની જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં રાગ ભાસતો નથી. એકપણું નથી માટે રાગ ભાસતો નથી. લોજીકથી તો કહે છે, ન્યાયથી તો કહે છે. સમજાણું કાંઈ ? જ્ઞાનગુણમાં અશુદ્ધ રાગાદિ પરિણમનનું ' **अन्त: न भासति** ' અંતરંગમાં ભાસતું નથી. કેમ કે રાગ અને સ્વભાવ એક નથી. અંતરમાં દેખવાવાળાને રાગની એકતા નથી માટે દેખાતી નથી. કેમ કે રાગ ને સ્વભાવ એક નથી. આહાહા ! આવી વાત સાંભળવી કઠણ પડે. અરે.... આમાં ક્યાં જન્મ-મરણ મટે બાપા ! બહારમાં કોઈ સાથી નથી.

તીર્થંકર કહે છે કે- હું પરદ્રવ્ય છું. તારા દ્રવ્યનું લક્ષ છોડીને મારા ઉપર લક્ષ આવશે તો તને રાગ થશે. મોક્ષપાહુડની ૧૬ મી ગાથામાં તો એમ કહે છે -" **परदव्वाओ दुग्गई** " કુંદકુંદ આચાર્ય કહે છે કે-અમે તારા દ્રવ્યથી પરદ્રવ્ય છીએ. અમારા ઉપર તારું લક્ષ જશે તો તારી દુર્ગતિ થશે. દુર્ગતિનો અર્થ એ કે- ચૈતન્યની ગતિ નહીં થાય. ગતિ સ્વર્ગની મળે તો તે પણ દુર્ગતિ છે. આ વાત માણસને કઠણ પડે એટલે નિશ્ચયાભાસી છે, વ્યવહારને માનતા નથી તેમ કહે. બાપુ ! માર્ગ તો આ છે ને ભાઈ !

આ વસ્તુની મર્યાદા છે. વસ્તુને દેખવાથી રાગની એકતા થતી નથી.... માટે મર્યાદામાં રાગ ભાસતો નથી. રામચંદ્રજીને મર્યાદા પુરુષોતમ પુરુષ કહેતા હતાને. તેમ પોતાનો આત્મા છે તે પુરુષોતમ છે-તેને દેખવાથી રાગ ભાસતો નથી તે મર્યાદા છે. આત્માની અંદરમાં રાગ છે જ નહીં. એ પુરુષોતમ પુરુષ આત્મા રામ છે.

" નિજ પદ રમે સો રામ કહીએ, રાગમેં રમે સો હરામ કહીએ. " અહીં તો પાઠ છે- ' **अन्त: न भासति** ' અશુદ્ધ રાગાદિ સાથે અંતરંગમાં એકપણું નથી માટે ભાસતું નથી.

" **तत: ज्ञप्ति: करोति: च विभिन्ने** " **તે કારણથી જ્ઞાનગુણ અને અશુદ્ધપણું ભિન્ન-ભિન્ન છે, એકરૂપ તો નથી.** " ભગવાન ચૈતન્ય સ્વરૂપ અને રાગ મલિન સ્વરૂપ તે એક નથી. ધર્મી-સમકિતીને સૂક્ષ્મ સ્વભાવદૃષ્ટિથી ભિન્ન ભાસ્યા છે. રાગને આત્મા એક નથી તો રાગ અને આત્મા એક ભાસતા નથી. ભિન્ન છે તેવું ભાસે છે-જ્ઞાન કરે છે.

" **તે કારણથી જ્ઞાનગુણ અને અશુદ્ધપણું ભિન્ન-ભિન્ન છે એકરૂપ તો નથી.** " જેમ નાળિયેરી હોય તેની ઉપર શ્રીફળને છાલા હોય છે તે ભિન્ન છે.. અને કાચલી ભિન્ન છે. કાચલી એટલે કર્મ. છાલા એટલે ( ઔદારિક ) શરીર. કાચલી એટલે કાર્માણ શરીર. કાચલી તરફની લાલ છાલ હોય તે ટોપરાપાક કરવામાં કાઢી નાખે છે. તેમ આત્મા અને કર્મ તરફના પુણ્ય-પાપના ભાવ લાલ છાલ છે. એ લાલ છાલની પાછળ જે ભગવાન છે તે શુદ્ધ ચૈતન્ય ગોળો છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ શ્રીફળમાં લાલ છાલની પાછળ સફેદ અને મીઠો ગોળો છે. એ શ્રીફળ છે. તેમ ભગવાન આત્મા આ છાલ નામ શરીરથી ભિન્ન છે તે જડ છાલા છે. હવે અંદરમાં જે કર્મ છે તે કાચલી છે. કાચલી છે તે કર્મ-માટી-ધૂળ છે.. તે પર છે. લાલછાલ પર છે. એ દયા-દાનના વિકલ્પ અંતર સ્વરૂપમાં નથી. આહા! આવો મારગ છે. એક જ દુકાને આ માલ મળે એવું છે. એવી આ ભગવાનની એક દુકાન છે.

**"ભાવાર્થ આમ છે કે- જ્ઞાનગુણ અને અશુદ્ધપણું દેખતાં તો મળેલાં જેવાં દેખાય છે, પરંતુ સ્વરૂપથી ભિન્ન ભિન્ન છે."** જેમ લાલ છાલ અને શ્રીફળ એક જેવા દેખાય છે. અથવા તે સક્કરકંદ હોય છે તો તે અધશેર પોણોશેર નો છે. લાલછાલ ભિન્ન છે અને સક્કરકંદ એટલે મીઠાશનો પિંડ એ ભિન્ન ચીજ છે. મીઠાશના પિંડમાં લાલ છાલ નહીં અને લાલ છાલમાં મીઠાશનો પિંડ નહીં. તે બન્ને ભિન્ન ભિન્ન છે. એક જેવાં દેખાય છે પરંતુ સ્વરૂપથી ભિન્ન ભિન્ન છે. રાગની છાલમાં આત્મા નહીં. અને આત્મામાં રાગ નહીં. રાગની છાલ તે ભગવાનમાં નહીં. અરે.. એ ભિન્ન ભિન્ન છે.

આ નવ તત્ત્વ છે તેમાં પુણ્ય-પાપ તત્ત્વ ભિન્ન-ભિન્ન છે, અને આત્મતત્ત્વ ભિન્ન છે-જ્ઞાયક તત્ત્વ, આસ્રવ તત્ત્વ, બંધ તત્ત્વ તે ભિન્ન છે. એ જ્ઞાયકતત્ત્વમાં નહીં. જો એક હોય તો નવ કેવી રીતે થયા? ભિન્ન ભિન્ન છે તો નવ થઈ ગયા.

પ્રભુનો માર્ગ તો ભાઈ આવો છે. તારો મોક્ષનો પંથ આવો છે. મુક્ત સ્વરૂપ છે તેની દૃષ્ટિ ને જ્ઞાનમાં રાગ નથી. તે મોક્ષનો પંથ છે. ભગવાન આત્મા મોક્ષસ્વરૂપ છે. તેમાં રાગ નથી તેની દૃષ્ટિ-જ્ઞાન અને રમણતામાં પણ રાગ નથી. રમણતામાં પણ જ્ઞાન આનંદની રમણતા છે... તેમાં પણ રાગ નથી. જ્ઞાન આનંદની રમણતા તે મોક્ષનો પંથ છે. આવી પર્યાય એ મોક્ષનો પંથ છે. સમજમાં આવ્યું?

**"જાણપણામાત્ર જ્ઞાનગુણ છે, તેમાં ગર્ભિત એ જ દેખાય છે;"** શ્રીફળમાં તો મીઠાશ અને સફેદાઈ જ દેખાય છે.. ત્યાં છાલ દેખાતી નથી. તેમ ભગવાન આત્મામાં તો જ્ઞાન અને શુદ્ધતા જ છે. તેમાં રાગ ભાસતો નથી. આવો ઉપદેશ હવે.

**શ્રોતાઃ-** મારગ બહુ સ્પષ્ટ છે. અમૃતથી ભરી દીધો છે.

**ઉત્તરઃ-** મારગ તો આવો જ છે. ભાઈ! દુનિયા માને ન માને (તેથી શું?) દુનિયા એમ કહે કે- આ તો વ્યવહારનો લોપ કરે છે. વસ્તુ જ એવી છે. વ્યવહારનો લોપ કર્યા વિના નિશ્ચયની પ્રાપ્તિ થતી નથી. વ્યવહારને પડખે ચઢવાથી નિશ્ચય મળતું નથી. વ્યવહારની રુચિ છોડવાથી નિશ્ચયની પ્રાપ્તિ થાય છે. વ્યવહાર છે પરંતુ વ્યવહારની રુચિ છોડી દે! વ્યવહાર ચાલ્યો જાય છે. સર્વજ્ઞ થાય ત્યારે વ્યવહાર હોતો નથી. વ્યવહારને છોડવો તેનો એવો અર્થ નથી કે અશુભમાં આવવું. આ વાત પંડિતજીએ લખી છે. શુભની રુચિ છોડવી. શુભ છોડીને અશુભમાં જાવું તે પ્રશ્ન છે જ નહીં. શુભની-રાગની

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રુચિ છોડવી કેમ કે તે સ્વરૂપમાં છે જ નહીં.

“**જાણપણામાત્ર જ્ઞાનગુણ છે, તેમાં ગર્ભિત એ જ દેખાય છે.**” જે આત્માને દેખે છે તેને જ્ઞાન અને આનંદ જ દેખાય છે. તેમાં ગર્ભિત જ્ઞાન ને આનંદ દેખાય, તેમાં ગર્ભિતપણે રાગ દેખાય છે તેમ છે નહીં. આહાહા! મનુષ્યપણાના ગર્ભમાં મનુષ્ય જ દેખાય છે.... ત્યાં વાંદરો કે કૂતરો દેખાતા નથી. તેમ ભગવાનના ગર્ભમાં જ્ઞાન અને આનંદ ભાસે છે.... ત્યાં રાગરૂપી ફોતરા દેખાતા નથી. અહીં ‘ગર્ભિત’ શબ્દ આવ્યો ને! પેટમાં જે મનુષ્ય આવ્યું તેમાં મનુષ્યપણું છે. ભલે હજુ નાનો હોય. ત્યાં (ગર્ભમાં) પાંચ ઇન્દ્રિય પણ સ્પષ્ટ ન થઈ હોય.. પરંતુ તે છે તો મનુષ્ય જ, તે તિર્યંચ નથી. સમજમાં આવ્યું?

તેમ સમ્યગ્દર્શનમાં આખો પરમાત્મા ભાસે છે. ભલે ત્યાં ચારિત્ર અને વીતરાગતા પૂર્ણ ન હો. પરંતુ પર્યાયમાં શુદ્ધ ચિદાનંદ ભાસે છે. ત્યાં તેના ગર્ભમાં રાગ ભાસે છે તેવું છે જ નહીં. આવો મારગ છે. એક એક કળશ કેવા બનાવ્યા છે.

અમૃતચંદ્રઆચાર્યને કરુણા થઈ.... વિકલ્પ આવ્યો અને ટીકા બની ગઈ... છતાં તે કહે છે વિકલ્પ અમારામાં છે તેમ ભાસતું નથી. ગાગરમાં સાગર ભરી દીધો. કળશ એટલો નાનો હોય છે ને તેમાં આખો સાગર ભરી દીધો. સ્વયંભૂ રમણ સમુદ્રને બનાવી એક કળશમાં નાખી દીધો. આહાહા! અરે! પ્રભુએ.. સંતોએ મારગ બહુ સહેલો કરી દીધો છે. અનુભવ પ્રકાશમાં કહ્યું છે-દિગમ્બર સંતોએ મારગ બહુ સરળ કરી દીધો છે. તેમાં તેને સમજવામાં સરળ પડે એવો કરી દીધો છે.

“**ચીકાશ તે રાગાદિ છે, તેથી અશુદ્ધપણું કહેવાય છે.** ततः स्थितं ज्ञाता न कर्ता, **તે કારણથી આવો સિદ્ધાંત નિષ્પન્ન થયો- સમ્યગ્દૃષ્ટિ પુરુષ રાગાદિ અશુદ્ધ પરિણામનો કર્તા હોતો નથી.**” કેમ કે આત્મામાં અશુદ્ધપણું ભાસતું નથી તેથી કર્તા થતો નથી.

**ભાવાર્થ આમ છે કે- દ્રવ્યના સ્વભાવથી જ્ઞાનગુણ કર્તા નથી. અશુદ્ધપણું કર્તા છે; પરંતુ સમ્યગ્દૃષ્ટિને અશુદ્ધપણું નથી તેથી સમ્યગ્દૃષ્ટિ કર્તા નથી.**” અશુદ્ધપણું અશુદ્ધપણાનું કર્તા છે.. જ્ઞાન સ્વરૂપ નહીં. તેથી સમ્યગ્દૃષ્ટિને અશુદ્ધપણું છે જ નહીં. તેને શુદ્ધપણાની દૃષ્ટિ છે તો શુદ્ધપણું જ છે. તેથી એ કારણે સમ્યગ્દૃષ્ટિ કર્તા નથી.

* * *

(શાર્દૂલવિક્રીડિત)

कर्ता कर्मणि नास्ति नास्ति नियतं कर्मापि तत्कर्तरि
द्वन्द्वं विप्रतिषिध्यते यदि तदा का कर्तृकर्मस्थितिः।
ज्ञाता ज्ञातरि कर्म कर्मणि सदा व्यक्तेति वस्तुस्थिति-
र्नेपथ्ये बत नानटीति रभसा मोहस्तथाप्येष किम्।।५३-९८।।

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ખંડાન્વય સહિત અર્થઃ-** " कर्ता कर्मणि नियतं नास्ति " ( कर्ता ) **મિથ્યાત્વ-રાગાદિ અશુદ્ધપરિણામપરિણત જીવ** ( कर्मणि ) **જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડમાં** ( नियतं ) **નિશ્ચયથી** ( नास्ति ) **નથી અર્થાત્ એ બંનેમાં એકદ્રવ્યપણું નથી;** " तत् कर्म अपि कर्तरि नास्ति " ( तत् कर्म अपि ) **તે જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડ પણ** ( कर्तरि ) **અશુદ્ધભાવપરિણત મિથ્યાદૃષ્ટિ જીવમાં** ( नास्ति ) **નથી અર્થાત્ એ બંનેમાં એકદ્રવ્યપણું નથી,** " यदि द्वन्द्वं विप्रतिषिध्यते तदा कर्तृकर्मस्थितिः का " ( यदि ) **જો** ( द्वन्द्वं ) **જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્યના એકત્વપણાનો** ( विप्रतिषिध्यते ) **નિષેધ કર્યો છે** ( तदा ) **તો** ( कर्तृकर्मस्थितिः का ) **'જીવ કર્તા અને જ્ઞાનાવરણાદિ કર્મ' એવી વ્યવસ્થા ક્યાંથી ઘટે? અર્થાત્ ન ઘટે.** " ज्ञाता ज्ञातरि " **જીવદ્રવ્ય પોતાના દ્રવ્ય સાથે એકત્વપણે છે;** " सदा " **બધાય કાળે આવું વસ્તુનું સ્વરૂપ છે;** " कर्म कर्मणि " **જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડ પોતાના પુદ્‌ગલપિંડરૂપ છે;-** " इति वस्तुस्थितिः व्यक्ता " ( इति ) **આ રૂપે** ( वस्तुस्थितिः ) **દ્રવ્યનું સ્વરૂપ** ( व्यक्ता ) **અનાદિનિધનપણે પ્રગટ છે.** " तथापि एषः मोहः नेपथ्ये बत कथं रभसा नानटीति " ( तथापि ) **વસ્તુનું સ્વરૂપ તો આવું છે, જેવું કહ્યું તેવું, તોપણ** ( एषः मोहः ) **આ છે જે જીવદ્રવ્ય-પુદ્‌ગલદ્રવ્યના એકત્વરૂપ બુદ્ધિ તે** ( नेपथ्ये ) **મિથ્યામાર્ગમાં,** ( बत ) **આ વાતનો અચંબો છે કે,** ( रभसा ) **નિરન્તર** ( कथं नानटीति ) **કેમ પ્રવર્તે છે? -આ પ્રકારે વાતનો વિચાર કેમ છે? ભાવાર્થ આમ છે કે-જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્ય ભિન્ન ભિન્ન છે, મિથ્યાત્વરૂપ પરિણમેલો જીવ એકરૂપ જાણે છે તેનો ઘણો અચંબો છે ૫૩-૯૮.**

પ્રવચન નં. ૯૪ તા. ૧૩-૯- '૭૭

## કલશ-૯૮ : ઉપર પ્રવચન

" कर्ता कर्मणि नियतं नास्ति " **મિથ્યાત્વ રાગાદિ અશુદ્ધ પરિણામ પરિણત** ( कर्मणि ) **જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડમાં નિશ્ચયથી નથી અર્થાત્ એ બન્નેમાં એકદ્રવ્યપણું નથી.** "

અહીં એ લેવું છે કે-આત્મા અજ્ઞાનપણે અર્થાત્ મિથ્યાત્વ ભાવમાં તે રાગ-દ્વેષ-મોહરૂપે પરિણમો, પરંતુ તેથી તે કર્મબંધની ક્રિયાને પણ કરે છે તેમ છે નહીં. સ્વભાવના ભાવ વિના તે આત્મા મિથ્યાત્વરૂપ અશુદ્ધ રાગાદિ પરિણામે પરિણમે છે. પોતાના ચૈતન્ય સ્વરૂપના અસ્તિત્વની દૃષ્ટિ વિના તે આત્મા પોતાનામાં મિથ્યાશ્રદ્ધા અને રાગદ્વેષરૂપ પરિણમે છે. તે અજ્ઞાની મિથ્યાત્વભાવે રાગ-દ્વેષને કરો પરંતુ સાથે તે સમયે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

જે કર્મબંધ થાય છે તે કર્મબંધની ક્રિયાને આત્મા કરી શકતો નથી. જેટલા પ્રમાણમાં મિથ્યાભ્રમ અને અજ્ઞાનથી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે તેટલા પ્રમાણમાં જ્ઞાનાવરણાદિ કર્મ બંધાય છે. છતાં પણ તે જ્ઞાનાવરણાદિ જડકર્મની પર્યાયનો કર્તા તે રાગદ્વેષ મિથ્યાત્વભાવ નથી.

**( કર્તા ) મિથ્યાત્વ રાગાદિ અશુદ્ધ પરિણામ પરિણત જીવ.** ” જેને પોતાના સ્વરૂપની ખબર નથી તે જીવ અનાદિથી મિથ્યાત્વ અને રાગદ્વેષરૂપે પરિણમે છે... અને તે સમયે જ્ઞાનાવરણાદિ નવાકર્મ પણ બંધાય છે. પરંતુ તે કર્મબંધનની પર્યાયનો કર્તા રાગદ્વેષ નથી. મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાત્વ અને રાગદ્વેષનો કર્તા છે. પરંતુ તે સમયે જે કર્મ બંધાય છે તે પર્યાયનો કર્તા અજ્ઞાની નથી. આહાહા ! કર્મપિંડમાં આત્માનો વિકાર નથી અને આત્માના વિકારમાં કર્મપિંડ નથી. સમજમાં આવ્યું ?

આત્માના પરિણામ થયા જે રાગદ્વેષ તે મલિન ભલે હો... પરંતુ તે જડની ( કર્મબંધનની ) પર્યાયને કરે તેમ છે નહીં. તે સમયે જે કર્મ બંધાય છે તેની ક્રિયાનો કર્તા તે પરિણામ નથી. તો પછી આત્મા દેશસેવા કરી શકે છે એમ છે નહીં.

**પ્રશ્નઃ-** ગુરુસેવા તો કરવી પડે ને ?

**ઉત્તરઃ-** ગુરુસેવાનો અર્થ શું છે ? શું પગ દબાવવા તે ? પગ તો આત્માના છે જ નહીં. સેવા તો એ છે કે- ગુરુ જે વાત કરે છે. તેવી માન્યતા કરવી તે સેવા છે. આ બાલ બચ્ચાને ભણાવવા અને સુધારવા તે ક્રિયાને આત્મા કરી શકતો નથી એમ કહેવું છે.

અહીં કહે છે- પરની ક્રિયા આત્મા કરી શકતો નથી. તે રાગદ્વેષ અને મિથ્યાભ્રાંતિરૂપે પરિણમો પરંતુ પરની ક્રિયા કરી શકતો નથી. આ ધંધાની ક્રિયા, વાણીની ક્રિયા, શરીરની ક્રિયા તેને કરી શકતો નથી. અહીં તો જેટલા પ્રમાણમાં રાગદ્વેષ અને મિથ્યાત્વ છે તેટલા પ્રમાણમાં કર્મ બંધાય છે છતાં એ કર્મ બંધનની ક્રિયાનો કર્તા એ રાગદ્વેષ મિથ્યાત્વના પરિણામ નહીં. તો પછી આ પરદ્રવ્યની-દેશની સેવા કરીએ, બાળકને સુધારીએ તેને મોટાં કરીએ.... ( વગેરેને આત્મા કેવી રીતે કરે ? ) ઝીણી વાતું છે બાપુ !

બાળક, સ્ત્રી કે કુટુંબ કોઈની ક્રિયા આત્મા કરી શકે તેમ ત્રણ કાળમાં નથી. અહીંયા તો જેટલાં મિથ્યાત્વ અને રાગદ્વેષ થયાં એ પ્રમાણે ત્યાં દર્શનમોહ અને ચારિત્રમોહનો બંધ પડયો, છતાં એ બંધની પર્યાયનો કર્તા મિથ્યાત્વ અને રાગદ્વેષ નથી. તો પછી પરની દયા પાળી શકું છું અને પરની હિંસા કરી શકું છું તે વાત આત્મામાં છે નહીં... એમ કહે છે. હિંસા કરું તેવા ભાવને કરે પરંતુ તે પરની હિંસા ત્રણકાળમાં કરી શકે નહીં. દયા કરવાનો શુભરાગ કરે, રાગ મારો છે તેવું માનીને અજ્ઞાની રાગ કરે પરંતુ તે પરની દયાની ક્રિયાને કરી શકે તેવું ત્રણકાળમાં નથી. રાગને કરે તે મિથ્યાદૃષ્ટિ છે તે વાત અહીં લેવી નથી.

અહીં તો અત્યારે એ લેવું છે કે- અજ્ઞાની રાગદ્વેષનો કર્તા તો ખરો પરંતુ તે રાગદ્વેષ અને મિથ્યાત્વરૂપે પરિણમે છે છતાં તે કર્મબંધનની પર્યાયનો કર્તા તે રાગદ્વેષ મિથ્યાત્વ થતાં નથી.

તો પછી આ વેપાર ધંધાને કોણ કરે છે? દુકાનને થડે-ગાદીએ બેઠો હોય... અને આમ કરો...; તેમ કરો; પૈસા લાવો એ ક્રિયાને આત્મા ત્રણકાળમાં કરી શકતો નથી એમ કહે છે.

**પ્રશ્નઃ-** વેપાર ધંધાને બંધ કરવા?

**ઉત્તરઃ-** તે (વેપાર ધંધાનો) કર્તા ક્યાં હતો કે તે બંધ કરે? તેને તે કરી શકતો જ નથી તો પછી બંધ કરવું તે ક્યાં રહ્યું? બંધ કરવાનું તો એ રહ્યું કે- પરની પર્યાયનો કર્તા હું નથી અને મારા રાગદ્વેષનો કર્તા હું છું. હવે રાગદ્વેષ તે મારી ચીજ નથી કેમ કે હું તો જ્ઞાતાદૃષ્ટા છું એમ કહેવું છે. આવી વાતું છે.

હવે તે લોકો કહે કે- વૈયાવૃત કરવી, પરની દયા કરવી. વૈયાવૃત કરવાનો શુભભાવ હો.... પણ તે પરની સેવા કરી શકે તેમ નથી. એનાં રાગદ્વેષ તે પરદ્રવ્યની પર્યાયને કે કર્મપિંડની પર્યાયને કરે એમ નથી. કર્મપિંડની પર્યાય રાગદ્વેષને કરે નહીં અને રાગદ્વેષની ક્રિયા પરને કરે નહીં. કર્મ-પિંડમાં મિથ્યાત્વ રાગદ્વેષ પરિણામ નથી અને મિથ્યાત્વ રાગદ્વેષ પરિણામમાં કર્મપિંડ નથી. પ્રભુનો મારગ આવો છે ભાઈ: અને લોકો બીજે રસ્તે ચઢી ગયા અને એમ માને કે- અમે ધર્મ કરીએ છીએ. અરેરે! જન્મ મરણના અંત લાવવાની ચીજ છે તેને સમજે નહીં.

અહીંયા તો હજુ પરદ્રવ્યની પર્યાયનો કર્તા માને તે તો બહુ સ્થૂળ મિથ્યાત્વ છે. પોતાના રાગનો કર્તા માને-જાણે તો પણ મિથ્યાત્વ છે. અહીં તો એ વાત લેવી છે કે- મિથ્યાત્વ અને રાગદ્વેષને તો અજ્ઞાની કરે છે પોતાની પર્યાયમાં. પોતાના અસ્તિત્વ સંબંધી ભ્રાંતિથી અજ્ઞાની ભ્રમણા અને રાગદ્વેષને પોતાની પર્યાયમાં કરે છે. પરંતુ જે કર્મબંધનની પર્યાય થાય છે તેમાં તે રાગદ્વેષ અજ્ઞાન ત્યાં છે નહીં તો તે કર્મબંધની પર્યાયને કેવી રીતે કરે? સમજમાં આવ્યું? ભારે આકરી વાતું છે.

એ તો પાંચ સાત વર્ષ પહેલાં ઈંદોરમાં પચાસ પંડિતો એકઠાં (એકત્રિત) થયા હતા. તેમાં રાત્રિના એક પંડિતે ભાષણ કર્યું કે પરદ્રવ્યનો કર્તા ન માને તે દિગમ્બર જૈન નહીં. અરે...!

ભગવાન તારે શું કહેવું છે? વાત તો એ જ કે- સોનગઢની સામે વિરોધ કરવો. ભગવાન તને એ શોભતું નથી. નાથ! તું કોણ છો? તું તો જ્ઞાનાનંદ સહજાનંદ મૂર્તિ છો ને પ્રભુ! તારા સ્વરૂપને ભૂલીને... પરમાં સુખ છે અને રાગથી ધર્મ છે તેવો મિથ્યાત્વભાવ કરવો એ પણ તારી શોભા નથી. તો પછી અજ્ઞાનભાવે પરનું કરી શકે- આ લાકડી ઊંચી-નીચી થતી હોય તેને આત્મા કરી શકે, તેમ છે નહીં. આ જે દાળ-ભાત-શાક બને

છે તેમાં સ્ત્રીનો અજ્ઞાની આત્મા રાગના પરિણામનો કર્તા છે પણ તે દાળ-ભાત-શાકની પર્યાયને બનાવે તેમ બિલકુલ નથી.

તેમ પૈસા આદિની જે નોટ આવે છે... તેમાં આ નોટને હું કમાઉં છું તેવો રાગ કરે... પણ તે પૈસા રાગને લાવી શકતા નથી. તેમ કોઈએ પૈસા આપ્યા ૫૦, ૧૦૦, ૫૦૦ તો રાગ કરવાવાળો રાગને કરે છે પરંતુ તે નોટને આપવાની ક્રિયાને કરતો નથી. આ વાળ લોંચ કરે છે ને, આ વાળ લોંચ કરવાનો જે વિકલ્પ છે તેનો અજ્ઞાની કર્તા હો, પરંતુ તે લોંચની ક્રિયાને આત્મા કરી શકતો નથી. જ્ઞાની લોંચની ક્રિયાનો કર્તા નથી. પરંતુ તેને જે વિકલ્પ ઊઠયો તેનો પણ તે કર્તા નથી. આવી વાતું છે બાપા! મારગ આ છે.

આહાહા! એકલો રઝળતો રખડતો ચોર્યાસીના અવતારમાં તે મિથ્યાત્વ અને રાગદ્વેષથી દુઃખી છે. એ દુઃખને અજ્ઞાન ભાવે તે કરે છે, પરંતુ પરને કરી શકે. અર્થાત્ કર્મબંધનને તે કરી શકતો નથી. જ્ઞાનાવરણીકર્મ તે છ કારણથી બંધાય છે. તે અજ્ઞાનભાવે પ્રદોષ, નિન્હવ, માત્સર્ય આદિ છ પ્રકારે ભાવ કરે પરંતુ જ્ઞાનાવરણી કર્મબંધાય છે તે ક્રિયાને આત્મા કરે તેમ છે નહીં. જે ભાવથી જ્ઞાનાવરણીકર્મ બંધાય તે ભાવ જ્ઞાનાવરણી બંધની ક્રિયાનો કર્તા છે નહીં પરંતુ અજ્ઞાની રાગ ભાવનો કર્તા થાય છે. તે જ્ઞાનાવરણી છ કારણે બંધાય છે તેમ તત્ત્વાર્થસૂત્રમાં પાઠ છે. દર્શનાવરણી બંધાય. મોહનીય બંધાય, આયુષ્ય બંધાય લ્યો! આયુષ્ય બંધનમાં જે રાગ છે તે નિમિત્તરૂપ છે તે રાગનો કર્તા અજ્ઞાની છે. પરંતુ એ આયુષ્ય બંધનમાં જે જડની ક્રિયા થઈ એ ક્રિયા આત્માની નહીં. તમારી આ લાદીની ક્રિયા તો ક્યાંય બહાર રહી ગઈ.

**શ્રોતાઃ-** એ તો નોકર કરે છે.

**ઉત્તરઃ-** નોકર છે તે રાગને કરે પણ તે ધંધાની ક્રિયા છે તેને ઉપાડે અને દ્યૈ તે ક્રિયાને કરી શકતો નથી. બહુ ઝીણું તત્ત્વ ભાઈ! અત્યારે તો લોકોને પરનું કરી દઈએ... પરનું કરી દઈએ... પરનું કરી દઈએ, પરને સમજાવવાનો વિકલ્પ એમાં તે એમ માને કે- હું પરને સમજાવું છું તો મિથ્યાત્વ છે. તે તેના રાગપણે પરિણમે પરંતુ પરને સમજાવે છે તેમ છે નહીં. આહાહા! સમજાવવાનો વિકલ્પ રહે અને એ વિકલ્પનો કર્તા ન થાય તેને સાચો ઉપદેશક કહેવામાં આવે છે. ઝીણી વાતું બહુ ભાઈ! એક તત્ત્વનો જ્યાં બીજા તત્ત્વમાં અભાવ છે. તે તત્ત્વ જેમાં છે નહીં તો તે તેનો કર્તા પણ કેવી રીતે બને!

આ સ્ત્રી, કુટુંબ-પરિવાર, મકાન આદિ, અરે! ભગવાનની પ્રતિમા ને મંદિર બનાવી તેમાં સ્થાપવી તે ક્રિયાને પણ આત્મા કરી શકતો નથી એમ કહે છે. હા, એ સમયે રાગી પ્રાણીને રાગની મંદતા છે તો રાગ આવે છે તેનો અજ્ઞાનભાવે તે કર્તા છે. અજ્ઞાનભાવે હોં! ગજબ વાતું છે બાપુ!

આત્મા તીર્થની રક્ષા કરી શકે છે? તો પછી આ ફંડ બાબુભાઈએ બનાવ્યું છે ને?

ત્યાં તો મોટી ચર્ચા ચાલે છે કે- તેમને સહયોગ ન આપવો. અહીં તો પ્રભુ એમ કહે છે તે સાંભળ તો ખરો નાથ! આ સત્યની સ્થિતિ-મર્યાદા છે. સત્યની મર્યાદા એ છે કે- તારા અજ્ઞાન ભાવે તું રાગ-દ્વેષને કરે પરંતુ પરની ક્રિયા- આ પૈસા મળવા અને એ પૈસાનું ખર્ચ કરવું, મંદિર બનાવવું, પ્રતિમા સ્થાપવી તેને કરી શકતો નથી. ગજબ વાતું છે. બાપુ!

બાબુભાઈ બોલે.. ઝટ બોલો, ઝટ ( જલ્દી ) કરો. અહીં તો કહે છે- એ વાણીના કાળે વાણી હો! પરંતુ તે વાણીનો કર્તા આત્મા નહીં. એ વખતે જે રાગ આવે છે તે રાગ ઉપર જેની દૃષ્ટિ છે તે રાગનો કર્તા થાય છે. દૃષ્ટિ રાગ ઉપર છે ત્યાં સુધી. અને જેની દૃષ્ટિ સ્વભાવ ઉપર છે સાથે લ્યો. જ્ઞાયક ઉપર છે તે રાગનો કર્તા પણ નથી. તે તો રાગનો જાણવાવાળો છે. આવો મારગ છે. દુનિયા પાસેથી માની લેવું કે- દુનિયાની પાસે કાંઈક ગણતરીમાં હું આવું એમ ગણાવવા માટે કરે. આહાહા! એ બધી પરની ક્રિયા છે. અરે... પ્રભુ! શું છે ભાઈ! મને કોઈ દુનિયામાં ગણે, ગણતરીમાં લ્યે કે- હું કાંઈક છું; પરની ક્રિયામાં પોતાને ગણાવવાનો એવો ભાવ કરે... તે ( સ્થૂળ મિથ્યાત્વ છે. )

આ ભગવાન! પોતાના આત્મામાં સવળી દૃષ્ટિ અથવા અવળી દૃષ્ટિરૂપ પરિણમો. પોતાના સ્વભાવની દૃષ્ટિ કરી એ તો વસ્તુની સ્થિતિ છે. કદાચિત્ તે સ્વમાં ન રહી શકે તો તે અજ્ઞાની રાગદ્વેષ મિથ્યાત્વને કરે, છતાં એ રાગદ્વેષને કારણે તે પરની ક્રિયાને કરી શકે તેમ નથી. દયાનો ભાવ આવ્યો તો તે અજ્ઞાની રાગનો કર્તા હો; અજ્ઞાની હોં!! પરંતુ પરની ક્રિયાને કરે તે આત્મામાં છે નહીં. આવી વાત છે.

“**તે જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડમાં નિશ્ચયથી નથી**” અર્થાત્ તે બંનેમાં એકદ્રવ્યપણું નથી; શું કહે છે? જીવ જે મિથ્યાત્વ અને રાગદ્વેષના પરિણામને કરે છે તે ( પરિણામ ) જ્ઞાનાવરણાદિકર્મમાં નિશ્ચયથી નથી. આઠ કર્મ જે બંધાય છે તેમાં મિથ્યાત્વ અને રાગદ્વેષ છે? અર્થાત્ તે બન્નેમાં એક દ્રવ્યપણું નથી. જીવ પોતાના સ્વભાવને ભૂલીને મિથ્યાશ્રદ્ધા અને રાગદ્વેષ કરે. પરંતુ તે રાગદ્વેષ અને મિથ્યાત્વમાં તે કર્મ પર્યાય નથી. બન્નેમાં એક દ્રવ્યપણું નથી. તે બન્ને કોઈ એક ચીજ નથી. કર્મબંધનની દશા જુદી છે અને રાગદ્વેષની દશા જુદી છે. તે બન્ને એક નથી. તે બન્ને બન્ને રીતે ભિન્ન છે. આહાહા! આવી વાત છે.

“तत् कर्म अपि कर्तारि नास्ति” **તે જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડ પણ અશુદ્ધભાવ પરિણત મિથ્યાદૃષ્ટિ જીવમાં નથી. અર્થાત્ એ બન્નેમાં એકદ્રવ્યપણું નથી.**” શું કહે છે? અજ્ઞાની જ્યારે પોતાના પરિણામમાં મિથ્યા શ્રદ્ધા અને રાગદ્વેષ કરે છે તે પરિણામ કર્મપિંડમાં નથી. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત ભક્તિનો રાગ તેનો કર્તા મિથ્યાદૃષ્ટિ થયો. એ પરિણામથી જે કર્મ બંધ થયો તેમાં તે પરિણામ નથી. અને એ કર્મની પર્યાય પણ મિથ્યાત્વ અને રાગદ્વેષમાં છે નહીં. તે બન્ને ભિન્ન-ભિન્ન છે.

સત્ય વાતનો બહુ ફેરફાર થઈ ગયો! જૈન સંપ્રદાયમાં જન્મ્યો છતાં સત્ય વાત શું છે તેની તેને ખબર નથી. બહુ ફેરફાર થઈ ગયો.

આચાર્ય શું પોકાર કરે છે. પ્રભુ તું અજ્ઞાનભાવે મિથ્યાત્વ અને રાગદ્વેષને કર પણ ત્યાં જે કર્મબંધનની પર્યાય થાય તેમાં આ (જીવના) પરિણામ નથી કેમ કે તે તો જડની પર્યાય છે. પુદ્‌ગલાદિ જે જ્ઞાનાવરણાદિ તેના છ કારણથી તે જડની પર્યાય થઈ છે. (ભાવબંધના) પરિણામનો કર્તા અજ્ઞાનભાવે તું છો પણ એ પરિણામ જ્ઞાનાવરણી કર્મમાં ગયા નથી. આ જે છ કારણથી જ્ઞાનાવરણી બંધાયા તે (ભાવબંધની) પર્યાયમાં કર્મપિંડની પર્યાય આવી નથી.

જેને સ્વભાવની દૃષ્ટિ નથી તે મિથ્યાદૃષ્ટિ રાગના પરિણામનો મિથ્યાત્વભાવે કર્તા હો, પરંતુ એ પરિણામ જડની પર્યાયમાં જતા નથી. જો જડની પર્યાયમાં જતાં નથી તો તે જડની પર્યાયને કેમ કરે? અને જે રાગદ્વેષના પરિણામ થયા તેમાં જડની પર્યાય આવી નથી તો તે રાગદ્વેષને કેવી રીતે કરે?

કર્મબંધન થયું એ જડની પર્યાય થઈ, એ પર્યાયમાં આ મિથ્યાત્વ રાગદ્વેષના પરિણામ તેમાં છે જ નહીં, તેમાં છે જ નહીં તો તેને ક્યાંથી કરે? અને તે પુદ્‌ગલપિંડની પર્યાય રાગ-દ્વેષ પરિણામમાં છે નહીં તો તે પુદ્‌ગલપિંડની પર્યાય રાગદ્વેષને કેવી રીતે કરે? આહાહા! સમજમાં આવ્યું? મારગ આવો છે ભાઈ!

અરેરે.... દુઃખી પ્રાણી ચારગતિમાં થતાં મિથ્યાત્વના પરિણામવાળો (જીવ) પણ પરના પરિણામને ન કરી શકે. ધર્મી જીવ ને પોતાના સ્વભાવના અસ્તિત્વનું-હું જ્ઞાયક ચિદાનંદ છું તેવું જ્યાં ભાન થયું- પ્રસિદ્ધિ થઈ તો તેના અસ્તિત્વમાં રાગદ્વેષ છે જ નહીં,... તેથી રાગદ્વેષનો કર્તા જ્ઞાની છે જ નહીં. મારા અસ્તિત્વમાં તે નહીં અને તેના અસ્તિત્વમાં હું નહીં.

શું કહે છે? સૌ પહેલાં તો એ લીધું કે- રાગદ્વેષ અને મિથ્યાત્વના પરિણામમાં પુદ્‌ગલ નહીં અને પુદ્‌ગલના પરિણામમાં રાગદ્વેષ પરિણામ નહીં. હવે ત્રીજી વાત છે તે અંદરથી ભાવથી લીધી. અજ્ઞાની રાગદ્વેષનો કર્તા હતો ત્યારે તો નવા બંધનમાં તે પરિણામને નિમિત્ત કહેવામાં આવતા હતા. હવે કહે છે- જ્ઞાની થયો. જ્ઞાનીને પણ દશમાં ગુણસ્થાન સુધી છ કર્મ બંધાય છે. જે જ્ઞાનાવરણી બંધાય છે તેમાં તેનો રાગ નિમિત્ત છે. છતાં જ્ઞાની તે રાગનો કર્તા નથી. સમજમાં આવ્યું?

આહાહા! રાગ તત્ત્વ ભિન્ન છે, અજીવ તત્ત્વ ભિન્ન છે, ચૈતન્ય તત્ત્વ ભિન્ન છે. હવે જે રાગ તત્ત્વ ભિન્ન છે તે પુદ્‌ગલની પર્યાયને કેવી રીતે કરે? તે જડથી તો રાગના પરિણામ ભિન્ન છે, અને રાગના પરિણામ તો પોતાનામાં થાય છે તો તેને જડની પર્યાય કેવી રીતે કરે?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લોકો એમ કહે છે ને કે- કર્મનો ઉદય આવે છે તો આત્મામાં વિકાર થાય છે. અહીં કહે છે કે- ઉદય તો ઉદયમાં છે તે ઉદય તારા પરિણામમાં આવ્યો નથી... તો તે કર્મ રાગદ્વેષને કેવી રીતે કરે ? છ કારણોથી જ્ઞાનાવરણીય બંધાય છે તેમાં પણ આ પ્રમાણે લઈ લેવું. દર્શનાવરણી, મોહનીય, અંતરાય, વેદનીય જેના નિમિત્તથી બંધાય એવા પરિણામ તો જડની પર્યાયમાં જતા નથી અને જડની પર્યાય, તારા જે પરિણામ થયા તેમાં આવતી નથી... આ રીતે પહેલું ભેદજ્ઞાન કહ્યું. ત્યાર પછી અંતરના ભેદજ્ઞાનમાં ભગવાન જ્ઞાનસ્વરૂપી આત્મા છે.... તે જ્ઞાતાના પરિણામમાં રાગદ્વેષના પરિણામ આવતા જ નથી. સમ્યગ્દષ્ટિના નિર્મળ પરિણામમાં- જ્ઞાતાના પરિણામમાં મલિન પરિણામનું અસ્તિત્વ તો આવતું જ નથી... અને મલિન પરિણામમાં નિર્મળ પરિણામ જતા નથી. આહાહા ! આવી વાતું હવે ! મારગ તો આ છે બાપુ !

**" તે જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડ પણ અશુદ્ધભાવ પરિણતિ મિથ્યાદૃષ્ટિ જીવમાં નથી. "** જુઓ ! જીવમાં નથી. જ્ઞાનાવરણાદિબંધન છે એ પર્યાય અજ્ઞાની જીવની ક્યાં છે ? બીજી રીતે કહીએ તો કર્મનો ઉદય છે તે પર્યાય જડમાં હો પરંતુ એ પર્યાય રાગદ્વેષ થયા તેમાં આવતી નથી. આહાહા ! મોટી તકરાર આ ચાલે છે કે કર્મના ઉદયથી વિકાર થાય છે... કર્મના ઉદયથી વિકાર થાય છે. અહીં તો કહે છે- કર્મનો ઉદય તો જડ પર્યાય છે અને જે રાગદ્વેષની પર્યાય તો ચૈતન્યની વિપરીત પર્યાય છે. વિપરીત પર્યાયમાં કર્મનો ઉદય આવતો નથી અને કર્મના ઉદયમાં વિપરીત પર્યાય જતી નથી. તો તે જડ ઉદયને કેવી રીતે કરે ? તે બંધને કેવી રીતે કરે ? ભાઈ મારગ બહુ આવોઃ વાણિયાને ધંધા આડે વખત ( ટાઈમ ) ન મળેઃ તેમાં બાયડી, છોકરા અને હોહા એકલા પાપના પોષણ. એમાં કલાક બે કલાક ટાઈમ મળે તો પેલા કુગુરુ લૂંટી લ્યે.

અહીં પરમાત્મા ફરમાવે છે કે- એકવાર સાંભળ તો ખરો નાથ ! તારી સંપદામાં શું પડયું છે. અરે ! રાગદ્વેષના પરિણામ ને તું ભલે કરે.. પણ તેથી કર્મબંધનની પર્યાયને તું કરે તેમ નથી. એ કર્મનો ઉદય આવે તે જડની પર્યાયમાં છે. એ જડ ઉદય તારા રાગદ્વેષમાં આવે છે અને તે રાગદ્વેષને કરાવે છે એમ છે નહીં. ભારે કામ ભાઈ ! આ બાયડી, છોકરાં, કુટુંબ તે ધૂતારાની ટોળી છે. તે આજીવિકાની ટોળી મળી છે.... ભાઈ ! હું તેનું કરું અને હું તેને રાજી રાખું તેમાં મરી ગયો ભાઈ. તારા જ્ઞાતાદૃષ્ટાના જીવનમાં તેં ઘા નાખ્યા છે. તું ઘાયલ થયો છે. જેમ છરો વાગે અને ઘાયલ થાય તેમ હું પરને રાજી કરું, પરથી હું રાજી થાઉં.... તેમાં ભગવાન તેં તારા ચૈતન્યને ઘાયલ કર્યો છે. તારા જ્ઞાતાદૃષ્ટાના જીવનમાં તેં ચૈતન્યને ન રાખ્યો. પરનો રાગ કરીને મેં પરનું કર્યું તેવું માનવું એ ચૈતન્ય સ્વરૂપથી ઘાયલ થયો છે. કોઈ ઘાયલ થાય તો લોહી... લોહી નીકળે છે તેમ અજ્ઞાની ઘાયલ થયો છે તેથી તેની વિપરીત દશા ઉત્પન્ન થાય છે. આહાહા ! આવો માર્ગ છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



"**અર્થાત્ એ બન્નેમાં એક દ્રવ્યપણું નથી**"; રાગદ્વેષ મિથ્યાત્વમાં પરદ્રવ્ય નહીં અને પરદ્રવ્યની પર્યાયમાં રાગદ્વેષ મિથ્યાત્વ નહીં.

"**यदि द्वन्द्वं विप्रतिषिध्यते तदा कर्तृकर्मस्थितिः का**" **જો જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્યના એકત્વપણાનો નિષેધ કર્યો છે.**" જડની કર્મબંધની પર્યાય અને અજ્ઞાનીના રાગદ્વેષના પરિણામ બન્નેને ભિન્ન બતાવ્યા છે. "**જીવ કર્તા અને જ્ઞાનાવરણાદિ કર્મ એવી વ્યવસ્થા ક્યાંથી ઘટે?** આહાહા! ગજબ વાત છે ને! જ્ઞાનાવરણીકર્મ તો ચોથે ગુણસ્થાને બંધાય, પાંચમે બંધાય, છઠ્ઠે બંધાય,.... પણ તે બંધાય છે જડની પર્યાયમાં... અને અહીંયા જ્ઞાનીને વિકાર થયો તેનો કર્તા જ્ઞાની નથી. રાગ થયો તેનો એ જ્ઞાતા છે અને બંધ થયો તેનો પણ તે જ્ઞાતા છે. સમજમાં આવ્યું? અજ્ઞાની રાગનો કર્તા થઈને અજ્ઞાન ભાવને કરો પરંતુ તે કર્મબંધની પર્યાયને કરે તેમ નથી. બે દ્રવ્યો જ જ્યાં ભિન્ન બતાવ્યા તો ભિન્નદ્રવ્યમાં ભિન્નની ક્રિયા કેવી રીતે હોય?

તો શાસ્ત્રમાં તો એવું આવે છે કે માત્ર આંગળી જેવડી પણ પ્રતિમાની પ્રતિષ્ઠા કરે તેને સંઘવી કહેવામાં આવે છે. એ કઈ અપેક્ષાએ કહ્યું છે ભાઈ! પદ્મનંદી પંચવિંશતિમાં આવે છે કે- નાની પ્રતિમા બનાવી અને પધરાવે તો તે મોટો ધર્મી છે. એ વાત સમ્યગ્દ્રષ્ટિની છે. જ્ઞાનીને રાગ એવો આવ્યો પરંતુ તે તેનો કર્તા નથી. તે પરનો કર્તા નથી તેથી તેને પ્રતિષ્ઠાની પ્રભાવનાના ભાવવાળો કહેવામાં આવે છે. આવી આવી વાતો છે.

**શ્રોતાઃ-** કહેવું કાંઈ અને અંદર માનવું કાંઈ!

**ઉત્તરઃ-** જ્ઞાનીની ભાષા શું છે અને તેમાં તેનો આશય શું છે તે જાણવું જોઈએ.

અહીં તો કહે છે- પરદ્રવ્યની પર્યાય અર્થાત્ કર્મની પર્યાયમાં રાગદ્વેષ આવતા નથી. ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને છ કારણે જે જ્ઞાનાવરણી બંધાય છે પરંતુ તે પરિણામનો કર્તા જ્ઞાની નથી. તેથી ખરેખર તેને બંધન છે તેમ પણ નથી. આહાહા! સમજમાં આવ્યું? રાગનો કર્તા પણ જ્ઞાની નથી અને છ કારણે જે જ્ઞાનાવરણી બંધાય તેનો કર્તા પણ જ્ઞાની-ધર્મી નથી. જેનાથી બંધ થાય છે તે કારણનો તે કર્તા તો છે નહીં.

જ્ઞાની જ્ઞાતા થયો તો તેને ખ્યાલમાં આવ્યું કે- આ છ કારણરૂપ ભાવ છે તેમ ખ્યાલમાં આવ્યું. અને જ્ઞાનાવરણી બંધાય છે તેનું જ્ઞાન થયું. તેને ખ્યાલમાં આવ્યું કે- આ પ્રકારનો રાગ છે તે આ પ્રકારના જ્ઞાનાવરણી બંધમાં નિમિત્ત થયું... તેનું જ્ઞાન થયું. આવો મારગ છે. ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ એમ કહે છે કે- પરદ્રવ્ય અને સ્વદ્રવ્યની ભિન્નતા તને બતાવી... તો પણ તું પરદ્રવ્યની ક્રિયા કરે છે એ ક્યાંથી આવ્યું?

શ્લોક ૯૯ માં અંતરમાં ભિન્નતા બતાવશે. જેમ રાગદ્વેષ અને ચૈતન્ય ભિન્ન બતાવ્યા.... તો ભિન્ન દ્રવ્ય ભિન્નનું કર્તા કેમ હોય? આ શ્લોકમાં ભિન્ન દ્રવ્ય શું છે? આ શ્લોકમાં ભિન્ન દ્રવ્ય કર્મ છે. અને હવે પછીના શ્લોકમાં ભિન્ન દ્રવ્ય રાગદ્વેષ આવશે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**“एतत् ज्ञानज्योतिः तथा ज्वलितम्” વિદ્યમાન શુદ્ધચૈતન્યપ્રકાશ જેવો હતો તેવો પ્રગટ થયો.** આ ૯૯ શ્લોક તેની ટીકામાં પહેલી લીટીમાં છે. ૯૮ માં કર્મથી ભિન્ન સમજાવી પછી આ સમજાવ્યું સમજમાં આવ્યું?

અરે....! દસમે ગુણસ્થાને છ કર્મ બંધાય છે. કર્મ બંધાય છે તો તેનું કારણ પણ હશે કે નહીં? તો કહે છે કે કારણ અને બંધન બન્નેનો સમ્યગ્દષ્ટિ જ્ઞાતા છે. શાસ્ત્રમાં એવું આવે છે કે- છટ્ઠે ગુણસ્થાને આયુષ્ય સહિત આઠ કર્મ બંધાય છે અને જો આયુષ્ય ન હોય તો સાત બંધાય છે... તેમ આવે છે કે નહીં? આયુષ્ય ન હોય તો સાત નહીંતર આઠ કર્મ બંધાય છે તે બરોબર છે. હવે પહેલે ગુણસ્થાને જે મિથ્યાત્વ અને રાગદ્વેષ નિમિત્તપણે છે અને દર્શનમોહનીય આદિ બંધાયા. એ બંધપર્યાયમાં પણ રાગદ્વેષ ન ગયા તો તે રાગદ્વેષે ત્યાં (જડકર્મ પર્યાયમાં) શું કર્યું? અને બંધનની પર્યાય અહીં આવી તો એ બંધની પર્યાયે અહીં શું કર્યું? સમજમાં આવ્યું?

હવે આ વાતતો નિર્ણય કરી અને વીતરાગભાવનો સરવાળો લેવો છે. રાગદ્વેષનો કર્તા મિથ્યાદૃષ્ટિ છે.... તો તે પરિણામ તો તારા છે. હવે જે બંધનની પર્યાય થઈ તેમાં તારા પરિણામ નથી તો તું પરની પર્યાયને કેવી રીતે કરે? આટલું લઈને આમાંથી વીતરાગતા કાઢવાની છે.... કેમ કે શાસ્ત્રનું તાત્પર્ય તો વીતરાગતા છે. આ સિદ્ધ કરીને તો વીતરાગતા સિદ્ધ કરવાની છે. મિથ્યાત્વ અને રાગદ્વેષ પરિણામ તારામાં થયા અને કર્મબંધનની પર્યાય પરમાં થઈ... આટલું બતાવીને હવે વીતરાગતા બતાવે છે.

કહે છે કે- રાગદ્વેષ જે છે તે તારી ચીજમાં નથી. જેમ પર ચીજ તારામાં નહીં તેમ મિથ્યાત્વના પરિણામ પરમાં નથી. તેમ મિથ્યાત્વ અને રાગદ્વેષના પરિણામ તારી ચીજમાં નથી. બીજું મિથ્યાત્વ અને રાગદ્વેષના પરિણામાં તું નથી, તું તો જ્ઞાનસ્વરૂપમાં છો. જ્ઞાન સ્વરૂપમાં રાગદ્વેષ નથી પરંતુ રાગદ્વેષ, રાગદ્વેષમાં છે... અને જ્ઞાયક જ્ઞાયકમાં છે. એ શ્લોક આવે છે ને કર્મધારા અને જ્ઞાનધારા ભિન્ન છે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી કર્મધારા રાગધારા અને જ્ઞાનધારા બન્ને છે. પોતાનો શુદ્ધ ચૈતન્ય સ્વભાવ છે તેવી દૃષ્ટિ અને જ્ઞાનનું પણ ભાન છે. જે રાગધારા છે તેનો કર્તા જ્ઞાનધારા નથી.... તે બતાવવાનું તાત્પર્ય છે. મિથ્યાત્વ અને રાગદ્વેષ કરે તેનાથી કર્મ બંધાય છે. હવે કર્મના કારણથી ત્યાં રોકાવાનું નથી.

હવે ત્યાં લઈ જવો છે કે-પ્રભુ તારી ચીજમાં રાગદ્વેષ નથી. પરની પર્યાય તારામાં નથી અને પરની પર્યાયમાં તું નથી. અહીં તો ત્યાં લઈ જવો છે જ્ઞાતાદૃષ્ટા જ્ઞાયકભાવ ભગવાન આત્માનો સ્વભાવ છે. તેમાં શુભ અશુભભાવ છે જ નહીં. જ્ઞાયકભાવ શુભ અશુભભાવપણે થાય તો જડ થઈ જાય. આ વાત છઠ્ઠી ગાથામાં છે. અજ્ઞાની જ્ઞાયકભાવને છોડીને રાગદ્વેષ કરે છે તો નિશ્ચયથી તો તે જડ છે, તે ચૈતન્ય ન રહ્યો. સમજમાં આવ્યું?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચૈતન્ય તો તેને કહીએ કે-જે રાગ થાય છે તેને સ્પર્શ્યા વિના ભગવાન આત્મા રાગનો જ્ઞાતા રહે છે.

શાસ્ત્રમાં આવે છે કે– ચોથે ગુણસ્થાને આયુષ્ય સહિત આઠકર્મ બંધાય કે સાત બંધાય એવો ખ્યાલ શાસ્ત્ર વાંચન કરવાથી આવે તો તેનું જ્ઞાન કરે છે. તેના ખ્યાલમાં એ વાત આવે છે કે– અહીં આમ કહે છે... તેનો જાણવાવાળો છે.

અહીં તો હજુ શરીર સારું હોય, વાણી સારી હોય તો તેને લાગે કે– અમારું શરીર સારું છે, ભાષા સારી છે. અરે પ્રભુ તમે કોણ છો ? આ શરીર ક્યાં અને તું ક્યાં ? આ વાણી ક્યાં અને તું ક્યાં ? ક્યાં પૈસા અને ક્યાં તું ? દ્વંન્દ્વમાં–બેમાં એકત્વ તો નથી. એકમાં બીજું તો છે નહીં.

**“ જીવ કર્તા અને જ્ઞાનાવરણાદિ કર્મ એવી વ્યવસ્થા ક્યાંથી ઘટે ? અર્થાત્ ન ઘટે. “ ज्ञाता ज्ञातरि ” જીવદ્રવ્ય પોતાના દ્રવ્ય સાથે એકત્વપણે છે. ”** અહીં રાગ સહિતનો જ્ઞાતા લેવો છે. અશુભ પરિણામનો કર્તા છે જ નહીં. એક દ્રવ્યત્વથી એકપણાને પ્રાપ્ત થયો છે. **“ સદા બધાય કાળે આવું વસ્તુનું સ્વરૂપ છેઃ “ कर्म कर्मणि ” જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડ પોતાના પુદ્‌ગલપિંડરૂપ છે; “ -इति वस्तु स्थितिः व्यक्ता ” આ રૂપે દ્રવ્યનું સ્વરૂપ અનાદિનિધન પણે પ્રગટ છે. ”** આવી વસ્તુ સ્થિતિ પ્રગટ છે– વ્યક્ત છે. ગમ્ય છે.

આગ્રાના તે પંડિત હતા તે કહેતા કે– બસ, કોઈનું કરવું નહીં ? થઈ રહ્યું ! “ કરવું ધરવું કાંઈ નહીં અને આનંદ ઘણો ” એમ કહીને કહે કે– દયા–દાન, વ્રત–ભક્તિ કંઈ કરવાનું નહીં ? અરે... પ્રભુ ! સાંભળ તો ખરો ! જો રાગનું કરવું માને તો રાગ અને જ્ઞાયક બન્ને એક થઈ જાય છે. જડની પર્યાયને હું કરું છું તો બે દ્રવ્યો એક થઈ જાય છે. તેમ રાગનો કર્તા આત્મા હોય તો રાગ અને જ્ઞાયકભાવ એક થઈ જાય છે. એ બન્ને તત્ત્વ ભિન્ન છે. ઝીણી વાત બહુ બાપુ !

જ્યારે અકસ્માતે ( એકાએક ) દેહ છૂટવાનો કાળ આવશે ને ત્યારે તેને ખ્યાલ નહીં રહે. અરે.... આ શું થયું ? ( શરીરમાં ) દુઃખતાં... દુઃખતાં... દુખતાં ફટાક દઈને દેહ છૂટી જશે. અત્યારે તો હાર્ટફેઈલ ઘણાં થાય છે. સજ્જાયમાં આવે છે.....

*“ એક રે દિવસ એવો આવશે,*
*જાણે જન્મ્યો જ નહોતો... કાઢો રે કાઢો એને સહુ કહે.*
*સગીનારી રે તારી કામની, એ ઊભી ટગ ટગ જોવે જીરે....*
*આ રે કાયામાં હવે કાંઈ નથી એમ ઊભી રોવે જી. ”*

*આંસુની ધારા વહેતી હોય.... અરે ! તમે ક્યાં ચાલ્યા ગયા. અરેરે... કુવામાં ઉતારીને દોરડા કાપ્યા એમ કહે.*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અમારા મોટાભાઈ ગુજરી ગયા ત્યારે તેનું પરણેતર આઠ વર્ષનું હતું, તેને એક જ દિકરો હતો. પછી તેની વહુ રોવે. અને કહે ' કુવામાં ઉતારીને દોરડા કાપ્યાં. " આ તો ૧૯૫૭ ની સાલની સાંભળેલી વાત છે. ત્યારે મારી ઉંમર ૧૧ વર્ષની હતી. દુનિયા અજ્ઞાનથી દુઃખી થઈને ક્યાં પડી છે અને તે કેવું માને છે!

અહીં કહે છે- રાગ પણ તારી ચીજ નથી. તો પછી આ પત્નીનો પતિ અને આ નરેન્દ્ર એટલે નરના ઇન્દ્ર એવું ત્યાં કાંઈ કામ નહીં આવે ભાઈ! હું તો જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ છું ને! મારા આનંદમાંથી તો હું નીકળતો જ નથી ને! નીકળે તો (સવિકલ્પ દશામાં) રાગ આવે છે તો... તે સાધકને દુઃખરૂપ લાગે છે. તેને મરણનું દુઃખ નથી લાગતું... કેમ કે દેહ છે તે છૂટવાની ચીજ હતી, એ તો છૂટી જ પડી હતી. અહીં આ ક્ષેત્રે હતી તેથી (એકક્ષેત્રાવગાહ) અપેક્ષાએ એક કહેવાય. અહીંયા પણ છૂટી જ પડી હતી પણ... તે જ્યારે દેહથી ભિન્ન પડયો હતો (તેને ભાસ્યું કે) ઓહો! દેહ તો છૂટો જ છે.

**"દ્રવ્યનું સ્વરૂપ અનાદિનિધનપણે પ્રગટ છે. "तथापि एषः मोहः नेपथ्ये बत कथं रभसा नानटीति" વસ્તુનું સ્વરૂપ તો આવું છે, જેવું કહ્યું તેવું, તો પણ આ છે જે જીવદ્રવ્ય-પુદ્‌ગલ દ્રવ્યના એકત્વરૂપ બુદ્ધિ તે મિથ્યામાર્ગમાં, આ વાતનો અંચબો છે."**

આહાહા! **(नेपथ्ये बत) મિથ્યામાર્ગમાં આ વાતનો અચંબો છે. 'नेपथ्ये'** - પથ્ય નહીં તે, પંથ નહીં તેવો કુમાર્ગ અર્થાત્ કુપંથ તેમ લીધું. અરે...! અજ્ઞાની જીવ આવા કુપંથમાં કેમ નાચો છો? મેં કર્મનો બંધ કર્યો અને મેં પરનું કામ કર્યું, પરને ખુશી કર્યા, પરને રાજી કર્યા, પરને દાન દીધું, મેં પરનું જીવતર બચાવ્યું.... એવા **'नेपथ्य'** માં અર્થાત્ જે પંથ નથી તેમાં તમે કેમ નાચો છો? અરે... ભગવાન! આવા અજ્ઞાનના પડદા પાછળ તમે કેમ નાચો છો? જુઓ ને! આ એક એક શ્લોકમાં અમૃતચંદ્ર આચાર્યે કેટલું ભરી દીધું છે.

'નેપથ્ય' તેનો અર્થ મિથ્યામાર્ગ કર્યો. નેપથ્ય એટલે પંથ નહીં તેવો મિથ્યાપંથ. અમને **આ વાતનો અચંબો છે કે એમાં તું "નિરંતર કેમ પ્રવર્તે છે?" આ પ્રકારે વાતનો વિચાર કેમ છે? ભાવાર્થ આમ છે કે- જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્ય ભિન્ન ભિન્ન છે,"** ભગવાન આત્મ દ્રવ્ય ભિન્ન છે અને કર્મ-પરમાણું તદ્દન ભિન્ન છે. તે પોતાની પર્યાયથી પરિણમી રહ્યા છે અને તું તારી પર્યાયથી પરિણમી રહ્યો છે. સમજમાં આવ્યું?

**"મિથ્યાત્વરૂપ પરિણમેલો જીવ એકરૂપ જાણે છે તેનો ઘણો અચંબો છે."** પુદ્‌ગલની પર્યાયનો હું કર્તા છું તે ભ્રમણા છે. તે પુદ્‌ગલ અને જીવને એક માને છે. પરદ્રવ્ય અને હું એક છું તેમ મિથ્યા ભ્રમણાથી માને છે. લોકો કહે ને કે- એ મારી અર્ધાંગના છે. અડધું અંગ એનું અને અડધું અંગ આનું, બન્ને થઈને એક... તે મુર્ખાઈ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. આ અમારી ઘરવાળી છે. તારું ઘર તો અહીં ( આત્મા ) છે. ત્યાં ઘરવાળી ક્યાંથી આવી ? અમારા ઘરેથી. ઘરેથી એટલે શું ? અ... મારે એટલે મારે ઘરે નહીં એમ. શ્રીમદ્ રાજચંદ્રના વખતમાં એમ ચાલતું હતું. કોઈ પુસ્તક મંગાવે કે કોટ મંગાવે... તો કહે અ... મારો કોટ લાવો. સાહેબ ! અમારો કેમ કહો છો ? એકવચનમાં કહો... તમે એમ કહો કે- મારો કોટ. પરંતુ અમારો એમ કેમ કહો છો ? અ... મારો એટલે મારો નથી કોટ. એમ કે- તમે તો એક છો અને આ બહુવચનથી કેમ કહો છો ? -" અમારો કોટ. " સાંભળ તો ખરો નાથ ! અ... મારો એટલે મારો નહીં એમ કહીને ખ્યાલ આવ્યો કે અમારું નથી. કોટ અમારો નથી, કપડાં અમારા નથી. અમારી લાકડી લાવો અર્થાત્ લાકડી મારી નથી.

અહીં કહે છે- બે દ્રવ્ય ભિન્ન છે છતાં મિથ્યાત્વરૂપે પરિણમેલો જીવ એકરૂપ જાણે છે તે ઘણો અચંબો છે. " **હવે મિથ્યાદૃષ્ટિ એકરૂપ જાણો તો પણ જીવ-પુદ્ગલ ભિન્ન ભિન્ન છે એમ કહે છેઃ-**

* * *

( મંદાક્રાન્તા )

कर्ता कर्ता भवति न यथा कर्म कर्मापि नैव
ज्ञानं ज्ञानं भवति च यथा पुद्गलः पुद्गलोऽपि।
ज्ञानज्योतिर्ज्वलितमचलं व्यक्तमन्तस्तथौच्चै-
श्चिच्छक्तीनां निकरभरतोऽत्यन्तगम्भीरमेतत्।। ५४-९९।।

**ખંડાન્વય સહિત અર્થઃ-** " एतत् ज्ञानज्योतिः तथा ज्वलितम् " ( एतत् ज्ञानज्योतिः ) વિદ્યમાન શુદ્ધચૈતન્યપ્રકાશ ( तथा ज्वलितम् ) જેવો હતો તેવો **પ્રગટ થયો. કેવો છે ?** " अचलं " **સ્વરૂપથી ચલાયમાન થતો નથી. વળી કેવો છે ?** " अन्तः व्यक्तम् " **અસંખ્યાત પ્રદેશોમાં પ્રગટ છે. વળી કેવો છે ?** " उच्चैः अत्यन्तगम्भीरम् " **અત્યન્ત અત્યન્ત ગંભીર છે અર્થાત્ અનંતથી અનંત શક્તિએ બિરાજમાન છે. શાથી ગંભીર છે ?** " चिच्छक्तीनां निकरभरतः " ( चित्-शक्तीनां ) **જ્ઞાનગુણના જેટલા નિરંશ ભેદ-ભાગ તેમના** ( निकरभरतः ) **અનન્તાનન્ત સમૂહ હોય છે, તેમનાથી અત્યન્ત ગંભીર છે. હવે જ્ઞાનગુણનો પ્રકાશ થતાં જે કાંઈ ફળસિદ્ધિ છે તે કહે છે-** " यथा कर्ता कर्ता न भवति " ( यथा ) **જ્ઞાનગુણ એવી રીતે પ્રગટ થયો કે,** ( कर्ता ) **અજ્ઞાનપણા સહિત જીવ મિથ્યાત્વપરિણામનો કર્તા થતો હતો તે તો** ( कर्ता न भवति ) **જ્ઞાનપ્રકાશ થતાં અજ્ઞાનભાવનો કર્તા થતો નથી,** " कर्म अपि कर्म एव न " ( कर्म अपि ) **મિથ્યાત્વ-રાગાદિવિભાવ કર્મ પણ** ( कर्म एव न भवति ) **રાગાદિરૂપ થતું નથી;** " यथा च " **અને વળી** " ज्ञानं ज्ञानं

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**भवति " જે શક્તિ વિભાવપરિણમનરૂપ પરિણમી હતી તે જ પાછી પોતાના સ્વભાવરૂપ થઈ, " यथा पुद्गलः अपि पुद्गलः " ( यथा पुद्गलः अपि ) અને જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પરિણમ્યું હતું જે પુદ્ગલદ્રવ્ય તે જ ( पुद्गलः ) કર્મપર્યાય છોડીને પુદ્ગલદ્રવ્ય થયું. ૫૪-૯૯.**

## કલશ-૯૯ : ઉપર પ્રવચન

" एतत् ज्ञानज्योतिः तथा ज्वलितम् " **વિદ્યમાન શુદ્ધ ચૈતન્યપ્રકાશ જેવો હતો તેવો પ્રગટ થયો.** " આ પાછો સરવાળો લીધો. પહેલાં પરદ્રવ્યથી ભિન્ન બતાવ્યો. હવે કહે છે- રાગથી પણ ચૈતન્યમૂર્તિ ભિન્ન હતી... તેવી પ્રગટ થઈ. હું તો વિજ્ઞાનઘન-વિજ્ઞાનરસ છું, રાગરસ તે મારી ચીજ નહીં. આગળ કહ્યું કે એ પરિણામ જડદ્રવ્યમાં નથી તેમ બતાવ્યું. હવે અહીંયા રાગથી ભિન્ન ચૈતન્ય જ્યોતિ પ્રગટ થઈ તે કહે છે. જ્યારે પરથી ભિન્ન પોતાને જાણ્યો ત્યારે રાગથી પણ ભિન્ન જાણવામાં આવ્યો.

આવો ઉપદેશ લોકોને આકરો લાગે તેથી કહે-વ્રત કરો, ઉપવાસ કરો, ભક્તિ કરો, જાત્રા કરો. આ માંડ માંડ અમદાવાદથી અહીં આવ્યા જાત્રા કરવા માટે. અહીં કહે કે- તમારી એ જાત્રા તે ધર્મ નહીં... લ્યો હવે ! અરેરે.... પરંતુ શેત્રુંજ્ય તો શાશ્વત તીર્થ છે ને ? એ તીર્થે જાય તો ધર્મ ન થાય ? અરે ! સમવસરણમાં સાક્ષાત્ તીર્થંકર હો તો પણ તેના દર્શન કરવાથી શુભભાવ થાય છે. જ્યારે અહીંયા તો શુભભાવથી ભિન્ન ચૈતન્ય પ્રગટ થાય છે એ બતાવવું છે. સમજમાં આવ્યું ?

" ( ज्ञानज्योति ) **વિદ્યમાન શુદ્ધ ચૈતન્ય પ્રકાશ જેવો હતો તેવો પ્રગટ થયો. કેવો છે ?** " अचलं " **સ્વરૂપથી ચલાયમાન થતો નથી.** " ભગવાન પોતાના સ્વરૂપથી ચલાયમાન થતો નથી... અર્થાત્ રાગરૂપ થતો નથી.... એવી ચીજ છે. સમજમાં આવ્યું ?

" **વળી કેવો છે ?** " अन्तः व्यक्तम् " **અસંખ્યાત પ્રદેશોમાં પ્રગટ છે. વળી કેવો છે ?** " उच्चैः अत्यन्तगम्भीरम् " **અત્યન્ત અત્યન્ત ગંભીર છે અર્થાત્ અનન્તથી અનન્ત શક્તિએ બિરાજમાન છે.** " એ રાગરૂપે બિરાજમાન નથી એમ પ્રભુ કહે છે. એ તો અનંતશક્તિએ બિરાજમાન છે. બપોરે ચાલે છે ને ! અનંતશક્તિ તે તેનું ગામ અને અસંખ્યપ્રદેશ એ ગામ. એ દેશમાં અનંતશક્તિ ગામ અને એકેક ગામમાં પ્રજા એવી એક એક શક્તિમાં અનંત તાકાત એવી પ્રજાનું પાલન કરવાવાળો તું ભગવાન છો. રાગનું પાલન કરનારો અને પરનું પાલન કરનારો તું નહીં. સમજમાં આવ્યું ?

" **શાથી ગંભીર છે ?** चिज्छक्तीनां निकरभरतः **જ્ઞાન ગુણના જેટલા નિરંશ ભેદ-ભાવ તેમના અનન્તાનન્ત સમૂહ હોય છે.** " જુઓ ! અહીં રાગાદિને કાઢી નાખ્યા. એ જ્ઞાન પર્યાય પણ અનંત ગંભીર છે. શક્તિ તો ગંભીર છે જ પરંતુ તેથી પર્યાયમાં અનંત અવિભાગ પ્રતિચ્છેદ એટલી તાકાતવાળી પર્યાય છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન આત્મા રાગરૂપ થયો જ નથી. રાગ ( સ્વરૂપમાં ) છે જ નહીં. તેણે માન્યું છે... તેથી અહીં મિથ્યાત્વ લીધું. પહેલાં મિથ્યાત્વ સહિતનો રાગ ઉત્પન્ન થાય છે.

## પ્રવચન નં. ૯૫ તા. ૧૫-૯- '૭૭

કળશટીકાનો ૯૯ મો કળશ છે. કર્તાકર્મ અધિકારનો છેલ્લો છે ને! " **एतत् ज्ञानज्योतिः तथा ज्वलितम्** " ( **एतत्** ) એટલે વિદ્યમાન ભગવાન જ્ઞાનસ્વરૂપ. ' **एतत्** ' વિદ્યમાન છે. ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ... ચૈતન્યનું નૂર વિદ્યમાન છે. ચૈતન્ય પ્રકાશનું પૂર ' **एतत्** ' વિદ્યમાન છે. એ વિદ્યમાન શુદ્ધ ચૈતન્ય પ્રકાશ એવો જે શુદ્ધ ચૈતન્યપ્રકાશ વિકાર રહિત છે. એક સમયની દૃષ્ટિ પણ છોડીને. **एतत्** અર્થાત્ વિદ્યમાન શુદ્ધ ચૈતન્ય ઉપર દૃષ્ટિ આપવાથી ' **ज्वलितम्** ' જેવો છે તેવો પ્રગટ થયો.

કર્તાકર્મનો છેલ્લો શ્લોક છે ને! ' **कर्ता कर्ता भवति कर्म कर्मापि नैव** ' શ્લોકનું પહેલું પદ છે ને! ભગવાન આત્મા રાગનો કર્તા ન હોવાથી... તેમજ પોતાની દૃષ્ટિનો વિષય શુદ્ધ ચૈતન્યપ્રકાશ હોવાથી તે રાગનો કર્તા થતો નથી. બહુ ઝીણી વાતું છે. " **જેવો હતો તેવો પ્રગટ થયો.** " જ્ઞાયક ચૈતન્ય જે જ્ઞાતાદૃષ્ટા છે તે રાગનું કર્તાપણું છોડી પોતાનું ચૈતન્ય તેજ સ્વરૂપ ભગવાન દૃષ્ટિમાં પ્રગટ થયો. ચીજ તો ચૈતન્ય વિદ્યમાન હતો તે પ્રગટ થયો.

કહે છે કે- ચીજ તો હતી પરંતુ તે રાગ અને વિકલ્પની વિકૃત અવસ્થા ઉપરની રુચિ અને કર્તાપણાને કારણે તે વિદ્યમાન ચીજને અવિદ્યમાન કરી દીધી હતી. સમજમાં આવ્યું? એ રાગ અને પુણ્ય આદિના પરિણામ તેનો કર્તા હતો તો તેની રચનામાં રાગાદિની રચના થતી હતી.... અને તેની જ વિદ્યમાનતા ભાસતી હતી. પરંતુ અંદર રાગથી ભિન્ન ચૈતન્ય જ્યોતિની હૈયાતિ-વિદ્યમાનતા ભાસતી ન હતી.

એ વિદ્યમાન ચૈતન્યમૂર્તિ ભગવાન શુદ્ધ દ્રવ્ય ગુણસ્વભાવ તેની દૃષ્ટિ થઈ અર્થાત્ તેનો સ્વીકાર-સત્કાર-આશ્રય લીધો તો એ જ્યોતિ પ્રગટ હતી તો ખરી પરંતુ પર્યાયમાં તેનો જ્વલિતમ્ પ્રકાશ થયો. સમ્યગ્દર્શન થતાં ચૈતન્યનું તેજ-પ્રકાશ પર્યાયમાં પ્રગટ થયો. આવી વાતો છે.

" **તે કેવો છે? ' अचलं ' સ્વરૂપથી ચલાયમાન થતો નથી** " ભગવાન આત્મા પોતાની ધ્રુવતાના સ્વરૂપથી ચલાયમાન થતો નથી. પોતાનું જે ધ્રુવસ્વરૂપ... ધ્રુવ સ્વરૂપ તેનાથી ક્યારેય ચલાયમાન થતો નથી. " **વળી કેવો છે? ' अन्तः व्यक्तम् '** **अन्तः**ની વ્યાખ્યા કરી કે " **અસંખ્યાત પ્રદેશોમાં પ્રગટ છે.** " ( અજ્ઞાનમાં ) રાગના કર્તાપણામાં રાગની વિદ્યમાનતા ભાસતી હતી. હવે એ રાગની રુચિ છોડીને... જે ચૈતન્યપ્રકાશનો પૂર આત્મા તેની ઉપર દૃષ્ટિ પડતાં " **अन्तः** " એ અસંખ્યાત પ્રદેશોમાં અનંત આનંદ પ્રગટ થાય છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મામાં અસંખ્ય પ્રદેશ છે. પ્રદેશ એટલે અંશ. અસંખ્ય અંશ છે તે વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય છે નહીં. જીવના અસંખ્ય પ્રદેશ છે એ સર્વજ્ઞ સિવાય કોઈએ કહ્યું નથી. શ્રીમદ્જીમાં આવે છે- "શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન." શુદ્ધ અર્થાત્ પવિત્ર ભગવાન અને બુદ્ધ એટલે જ્ઞાનની મૂર્તિ પ્રભુ અને ચૈતન્યઘન એટલે અસંખ્ય પ્રદેશી.

"**શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ.**" તે ચૈતન્યઘન સમૂહ છે. સ્વયં પોતાથી જ્યોતિ છે... અને તે આનંદનું ધામ છે. પ્રભુ અતીન્દ્રિય આનંદનું સ્થળ છે. તે અતીન્દ્રિય આનંદની ભૂમિકા છે. આગળ કહ્યું કે- "કર વિચાર તો પામ. " છેલ્લો શબ્દ આ લીધો. એ તરફનું જ્ઞાન કર તો તું પામ. ત્યાં એમ ન લીધું કે- તું દેવગુરુશાસ્ત્રની ભક્તિ કર તો પામ! શુદ્ધ સ્વરૂપનો વિચાર કર તો પામ.

આહાહા! અનાદિથી શુભ અશુભ ભાવનો અભ્યાસ છે એ અભ્યાસને છોડીને.. (આત્માનો અભ્યાસ કર.) આત્મા અસંખ્યાત પ્રદેશોમાં પ્રગટ છે. આત્માનો દેશ તે એનું ક્ષેત્ર છે. આત્માનો દેશ એટલે ક્ષેત્ર. અસંખ્યાત પ્રદેશી દેશ છે. તેનું ક્ષેત્ર.... ભૂમિ અસંખ્યાત પ્રદેશી ભૂમિ છે. અને તેમાં અનંતગુણ વ્યાપક છે.

"વળી કેવો છે? "**उच्चै: अत्यन्तगम्भीरम्**" ઉચ્ચૈઃ નો અર્થ અનંત કર્યો, અને અત્યંતનો અર્થ પણ અનંત કર્યો. આત્મા અનંતથી અનંત શક્તિએ બિરાજમાન છે. બપોરના શક્તિ ચાલે છે ને? તો કહે છે- અસંખ્ય પ્રદેશમાં અનંત અનંત અપરિમિત શક્તિએ અર્થાત્ જેનું માપ નહીં એટલી શક્તિએ ભગવાન બિરાજમાન છે. 'અનંતથી અનંત શક્તિ' એમ પાઠમાં લીધું ને?

"**उच्चै: अत्यन्तगम्भीरम्**" જેને અનંત અનંત શક્તિથી ભરપૂર હું છું એવું ભાન સમ્યગ્દર્શનમાં થાય છે, ત્યારે તે શુભરાગનો કર્તા પણ થતો નથી. સમજમાં આવ્યું? કેમ કે અનંત અનંત શક્તિનો ભંડાર ભગવાન તેમાં એવી કોઈ શક્તિ નથી કે- વિકૃતભાવને કરે? અનંત શક્તિમાં એવી કોઈ શક્તિ નથી. આ પ્રશ્ન કળશટીકામાં ચાલ્યો છે- અનંત શક્તિ છે તો તેમાં એક શક્તિ એવી પણ હોય કે તે પરનું કરે. આત્મામાં અનંત શક્તિ છે ને! તો અંદર એક એવી પણ શક્તિ હો કે- પરનું કરે, રાગનું કરે. આવો શિષ્યને પ્રશ્ન થયો. તે આપણે આવી ગયું છે.

સર્વશક્તિ કહો તો પણ સર્વશક્તિમાન અર્થાત્ પોતાની શક્તિ. પરના કર્તાપણાની શક્તિ તેમાં છે જ નહીં. લોકમાં એમ કહે છે કે- જે એક ગાયને ચારે તે ગોવાળ સાથે સાથે પાંચ ગાયને ચારે તેમાં તેને શું હરકત છે? એક ગાયને ચરાવે તો સાથે સાથે તે પાંચ ગાયને પણ ચરાવે. તેમ આત્મામાં અનંત શક્તિ છે તો એક શક્તિ એવી પણ હો કે- પોતાનું પણ કરે અને રાગને પણ કરે! ભાઈ! એમ છે નહીં. અનંત અનંત શક્તિ પોતાનામાં પવિત્ર ભરી છે તો તે પવિત્ર પરિણામને કરે. રાગને કરે એવી કોઈ શક્તિ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મામાં છે જ નહીં. આવી સ્પષ્ટ વાત છે.

હવે ત્યાં તો એમ કહે છે કે- શુભજોગ તે મોક્ષનો માર્ગ છે લ્યો! મખનલાલજીએ કૈલાસચંદજીને ચેલેન્જ આપી છે. કૈલાસચંદજીએ કહ્યું- કુંદકુંદાચાર્ય શુભજોગને હેય માનતા હતા. તો શું કુંદકુંદાચાર્ય મિથ્યાદૃષ્ટિ છે? એ ચર્ચા હવે ઊભી થઈ. અરે.. ભગવાન, તું ક્યાં લઈ ગયો!!

ભગવાન આત્મા પોતાના સ્વભાવની દૃષ્ટિમાં જાય છે તો તેને હવે રાગનું કર્તાપણું બંધ થઈ અને અનંત અનંત શક્તિની વ્યક્તતા પ્રગટે છે. આહાહા! આવું ઝીણું પડે એટલે લોકો પછી (રાડો પાડે). મૂળ ચીજ તો આ છે..., આ ચીજ સમજવાની અને કરવાની છે. સમજમાં આવ્યું?

“**અનન્તાનન્ત સમૂહ હોય છે., તેમનાથી અત્યંત ગંભીર છે.**” જેનું તળ અનંત અને અત્યંત ગંભીર છે. સમુદ્રના તળમાં જેમ હીરા અને મોતી પડયા હોય તેમ ભગવાનના ધ્રુવ તળમાં અનંત શક્તિઓમાં અનંતપણાની ગંભીરતા પડી છે. આહાહા! આવી વાત છે. ધ્રુવ આત્મામાં અનંત અનંત શક્તિ છે એ અનંત અનંત શક્તિ પર્યાયમાં પ્રગટ થઈ ગઈ છે. સમજમાં આવ્યું?

“**હવે જ્ઞાનગુણનો પ્રકાશ થતાં જે કાંઈ ફળ સિદ્ધિ છે તે કહે છે.**” પોતે જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છે એવું ભાન થયું તો તેને જ્ઞાતાપણાની પ્રતીતથી જ્ઞાતાપણું પ્રગટ થયું. રાગપણાની કર્તાપણાની માન્યતા હતી... પણ, એવો કોઈ ગુણ ન હતો. એ માન્યતા તો અજ્ઞાને ઊભી કરી હતી. આત્મામાં અનંત જ્ઞાન હતું. હવે રાગનું કર્તાપણું છોડી અને જ્ઞાનસ્વભાવની દૃષ્ટિ થઈ તો જ્ઞાન પર્યાય પ્રગટ થઈ. કેવી રીતે ફળ સિદ્ધિ છે તેનો અર્થ.

હવે શ્લોકની પહેલી લીટીનો અર્થ કરે છે. “**कर्ता कर्ता भवति न यथा कर्म कर्मापि नैव.**” આહાહા! ભગવાન આત્મા જે અનંત જ્ઞાનથી ગંભીર એવી ચીજ જ્યાં પ્રગટ થઈ તે સમ્યગ્દર્શન-જ્ઞાનમાં “**कर्ता कर्ता न भवति**” ભગવાન આત્મા જે રાગનો કર્તા થતો હતો એ હવે કર્તા થતો નથી. (અજ્ઞાનીને લાગે કે) આ બધા કામ આખો દિવસ કરીએ છીએ ને? આ હુશિયાર માણસ પ્રમુખ હતાને! એ તો બધા કાર્ય કરતા હતા ને? એ કામ કરતા ન હતા પરંતુ જે રાગ હતો એ પણ એમનું કર્તવ્ય ન હતું. આ તો તેમનો દૃષ્ટાંત, વાત તો બધાની છે.

ભગવાન તુમ જ્ઞાનગુણથી ગંભીર છે ને! તારામાં અપરિમીત જ્ઞાન ને આનંદ પડયો છે. આવા અપરિમિત જ્ઞાન ને આનંદનું ભાન થયું... રાગનું કર્તાપણું છોડીને- તો કહે છે ‘કર્તા કર્તા ન ભવતિઃ’ પહેલાં રાગનો કર્તા હતો એ હવે જ્ઞાન પ્રગટ થતાં તે ‘કર્તા ન ભવતિઃ’ આવો મારગ છે ભાઈ! હવે મખનલાલે ચેલેન્જ આપી છે કે- દિલ્હી આવો. અમે ચેલેન્જ આપીએ છીએ કે- શુભજોગ છે તે મોક્ષનો માર્ગ છે તે અમે સિદ્ધ કરશું.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં કહે છે કે- શુભજોગ તે તો રાગ છે. રાગને કરે એવી કોઈ શક્તિ આત્મામાં છે જ નહીં.

આત્મા અનંત અનંત શક્તિએ બિરાજમાન છે. પરંતુ તે અનંત શક્તિમાંથી કોઈ એવી શક્તિ નથી કે- પરનું કરે, રાગને કરે, વ્યવહારને કરે એવી કોઈ શક્તિ જ આત્મામાં નથી એમ કહે છે. એ કહે એકલો વ્યવહાર... વ્યવહાર... દયા-દાન, વ્રત-ભક્તિ ને પૂજા બસ એ વ્યવહારથી નિશ્ચય થશે. દૃષ્ટિની વિપરીતતા ઘણી.

"**શાથી ગંભીર છે.?**" અનંત અનંત શક્તિથી ગંભીર કહ્યું ને! કયા કારણથી ગંભીર છે? "**चिच्छक्तीनां निकरभरतः જ્ઞાનગુણના જેટલા નિરંશ ભેદ-ભાગ**" એક જ્ઞાનગુણમાં અનંતી પર્યાય અને એક એક પર્યાયમાં અનંતા અવિભાગ પ્રતિચ્છેદ અંશો. "**તેમના અનન્તાનન્ત સમૂહ હોય છે.**" જેટલા નિરંશ ભાગ કરો અને એ અંશનો ભાગ ન પડે... અંશ ન પડે તેવો નિરંશ. ભાગ કરો તો તેના અનંતાનંત સમૂહ થાય છે.

નિરંશ એટલે એ અંશી એકલો છે. તે અંશનો (બીજો) અંશ નથી. અંશ છે તેમાં બીજો અંશ નથી તેવા નિરંશનો અંશ, તેવા તો અનંતા અનંત છે. આ તો સિદ્ધાંતની ગંભીર વાણી છે. અરે ભગવાન! પોતાની શું ચીજ છે એ તરફ ક્યારેય લક્ષ દીધું જ નથી. દેખવાવાળાને દેખ્યો નહીં- જાણવાવાળાને જાણ્યો નહીં... અને પરને જાણવા દેખવામાં રોકાઈ ગયો. સમજમાં આવ્યું?

'નિરંશ'; નિરંશ નામ અંશનો. ભેદ નહીં એવો નિરંશ, અંશ વિનાનો જે ભેદ છે તેમાં અનંત આનંદ છે... એમ કહે છે. જ્ઞાનગુણની જ્ઞાનની પર્યાયમાં જેનો બીજો અંશ નથી તેવો નિરંશ. અહીંયા તો છેલ્લે કેવળજ્ઞાનને પણ લઈ લેશે. અંતરમાં નિરંશ જે અનંત શક્તિએ છે તે પર્યાયમાં કેવળજ્ઞાન થતાં એ નિરંશમાં અનંત શક્તિ પ્રગટ થઈ ગઈ. સમ્યગ્દર્શનમાં પણ અનંત અનંત અંશોની પ્રતીત પ્રગટ થઈ ગઈ. હું રાગવાળો છું એ વાત તો છૂટી ગઈ. અનંત નિરંશ ભાગ એવા અનંત-અનંત નિરંશ પ્રગટ થયા. આરે.... આવી મોટી વાતું: બાપુ! તારા મારગડા જુદા નાથ! તું પ્રભુ છો ને નાથ! તારી શક્તિમાં તો એ.... નિરંશ અંશ પણ પ્રભુતાથી ભર્યો છે.

અરૂપી અંતર ભગવાનમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શનો અભાવ છે. જેમાં શરીર રાગાદિનો અભાવ છે. આહાહા...! જે અનંત અનંત જ્ઞાન અને આનંદની શક્તિથી ભરપૂર છે એ ભગવાનની પ્રતીત અને અનુભવ થયો તો કહે છે કે- "**कर्ता कर्ता न भवति**" અજ્ઞાનપણે થતા દયા-દાન, વ્રત-ભક્તિના પરિણામનો હું કર્તા, તેનો હું રચનારો એવી જે માન્યતા હતી તે હવે કર્તા ન ભવતિ.

એ તો બપોરે શક્તિના પ્રવચનમાં કહ્યું હતું ને! પર્યાયના છ કારકથી પર્યાયમાં વિકૃત અવસ્થા થાય છે. આ છ કારક તે પર્યાયના હોં! ૩૯ મી શક્તિ ગજબ છે. પર્યાયના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અંશમાં ષટ્કારકના કારણથી વિકૃત અવસ્થા રાગદ્વેષાદિની થતી હતી. મિથ્યાત્વ આદિનું પરિણમન ષટ્કારકથી થતું હતું. હવે તેનાથી રહિત પોતાની શક્તિની સંભાળ લીધી તો રાગથી રહિત પરિણમન કરવું તેવો તેનો ગુણ છે. રાગહો, અને તેનો કર્તા ન હો ! એટલે કે- રાગના અભાવ સ્વભાવરૂપ પરિણમન હોં !!

અરેરે.... નિરાધાર, અશરણ રાગનું ત્યાં શરણ લેવા જાય છે... પરંતુ ત્યાં શરણ નથી. આત્મા બાહ્યનું શરણ લેવા જાય છે પરંતુ શરણ તો અંદર અનંત જ્ઞાનનો ભંડાર ભગવાન પડયો છે ને ! ત્યાં શરણ ન લીધું તેથી તે રાગ, દયા-દાન, વ્રત-ભક્તિના શુભ પરિણામનો કર્તા થતો હતો. હવે જ્ઞાનનું ભાન થયું તો તે કર્તા ન ભવતિ. સમજમાં આવ્યું ? આવી અંતરની રમતુંની વાતો છે.

અન્યમતિમાં આવે છે કે- " રામની રમતને તે જ લૂંટે, કંચન અને કામની ચોકી આડે શામની. રામની રમતને તે જ લૂંટે. " શું કહે છે ? આ કંચન અને કામિની, પૈસા અને સ્ત્રીના પ્રેમમાં ભગવાન આનંદના નાથનું ભગવાનપણું ભૂલી ગયો. " કંચન અને કામિની, ચોકી આડી શામની. " શામ અર્થાત્ ભગવાન એને પામવામાં વચ્ચે ચોકી છે. તેને અંદર નહીં પામી શકે. રામની રમતને તે જ લૂંટે-કંચનને કામિનીનો પ્રેમ, તેમ આ દયા-દાન-વ્રત એવો પુણ્યનો-રાગનો પ્રેમ તે આત્મશાંતિને લૂંટે છે. રામની રમતું અર્થાત્ નિજ પદ રમે સો રામ કહીએ. આનંદ અને જ્ઞાનની શક્તિનો ભંડાર છે. તેમાં રમવું તે આત્મારામ છે. એ આત્મારામ થયો એ પહેલાં તેણે રાગની રમતમાં કર્તાપણું માન્યું હતું હવે એ રામની રમતમાં રાગનું કર્તાપણું છૂટી ગયું. આ પોતાનો રામ હોં ! એ.... આત્મા આનંદરામ. સમજમાં આવ્યું ?

" यथा कर्ता कर्ता न भवति " **જ્ઞાનગુણ એવી રીતે પ્રગટ થયો કે, અજ્ઞાનપણા સહિત જીવ મિથ્યાત્વ પરિણામનો કર્તા થતો હતો, "** મિથ્યા નામ જૂઠા પરિણામ એ રાગાદિના હતા. શુભ-અશુભભાવ તે બધા જુઠા ભાવ હતા. તે પોતાના આત્માના સત્યભાવ નહીં. આહાહા ! " એ જ્ઞાનગુણ હવે એવો પ્રગટ થયો. " અજ્ઞાનપણાને લીધે એ જીવ મિથ્યાત્વ પરિણામનો કર્તા થતો હતો. જૂઠા પરિણામ જે સત્ય આત્મામાં નથી એવા મિથ્યાત્વના પરિણામનો કર્તા થતો હતો અથવા મિથ્યા જૂઠા પરિણામમાં કર્તા થતો હતો.

" **તે તો જ્ઞાનપ્રકાશ થતાં અજ્ઞાનભાવનો કર્તા થતો નથી,** " ( હું તો ) જ્ઞાન સ્વરૂપી પ્રભુ છું, હું તો જ્ઞાનપ્રકાશમૂર્તિ છું તેવો સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ થયો તો તે રાગનો કર્તા થતો નથી. પરના કર્તાની વાત તો દૂર રહી. જ્ઞાનપ્રકાશ થવાથી અજ્ઞાનભાવનો કર્તા થતો નથી. ' કર્તા કર્તા ન ભવતિ ' તેનો અર્થ થયો.

" कर्म अपि कर्म एव न " કર્મ પણ હવે કર્મરૂપે થતું નથી. કેમ કે જ્યાં સુધી તે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અજ્ઞાનપણે રાગનો કર્તા હતો તો કર્મ કર્મપણે થતાં હતા. આવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. હવે અહીં જ્ઞાતાપણાનું ભાન થયું તો રાગનો કર્તા ન થયો. તો હવે કર્મ કર્મપણે ન થયા. કર્મ કર્મને કારણે કર્મપણે ન થયાં. અહીંયા રાગનું કર્તાપણું છૂટી ગયું તો હવે નિમિત્તપણું રહ્યું નહીં... તો પુદ્ગલમાં જે નૈમિત્તિક પર્યાય થતી હતી તે પણ રહી નહીં. આવો મારગ છે.

આ વાણિયા ચક્રવૃદ્ધિનું વ્યાજ કાઢવામાં હોંશિયાર. ચક્રવૃદ્ધિનું વ્યાજ એટલે શું સમજ્યા ? પાંચ લાખ રૂપિયા વ્યાજે આપ્યા હોય. ત્યારે તો આઠઆના ( પચાસપૈસા ) વ્યાજ હતું હવે તો તમારે રૂપિયો ને દોઢ રૂપિયો થઈ ગયો. પાંચ લાખ રૂપિયા આપ્યા હોય તો સો રૂપિયાના આઠઆના મહિનાનું વ્યાજ પછી એ રીતે દરરોજનું વ્યાજ કરે અર્થાત્ વ્યાજ સહિતનાં પૈસાનું પણ વ્યાજ ચઢાવે... તેને ચક્રવૃદ્ધિનું વ્યાજ કહેવાય.

**શ્રોતાઃ-** આત્મામાં જ્ઞાનની ચક્રવૃદ્ધિ.

**ઉત્તરઃ-** આ ભગવાન અંદર ચક્રવર્તી છે. આહાહા ! એને ભૂલીને રાગમાં રોકાણો છે ). પહેલાં ગૃહસ્થ માણસ હોય તો બબ્બે લાખ રૂપિયા આપતા અને આઠ આના વ્યાજ તો બસ હતું... હવે દોઢ ટકો થઈ ગયું છે એમ સાંભળ્યું છે. એ આઠઆનાનું દરરોજનું વ્યાજ ચઢાવે. પાંચ લાખનું દરરોજનું વ્યાજ અને વ્યાજ સહિતની મૂડીનું ફરીથી બીજે દિવસે વ્યાજ ચઢાવે... તેમ દરરોજનું વ્યાજ ચઢાવે. આ રીતે બાર મહિના સુધી લઈ જાય તે ચક્રવૃદ્ધિ વ્યાજ. આમાં વાણિયા હોશિયાર.. વાણિયા એટલે જે વેપાર કરે તે વાણિયા, વેપાર કરે એ અપેક્ષાએ ખોજાને પણ વાણિયા કહેવાય. તે વાણિયાની નાતના ભલે ન હોય. તેમ ભગવાન આત્મા વાણિયો વેપારી છે. એ વાણિયો કહે છે કે- જ્યાં પોતાના જ્ઞાન સ્વરૂપનો વેપારી થયો ત્યાં રાગનો કર્તા થતો હતો તે છૂટી ગયું અને જે કર્મ કર્મપણે બંધાતા હતા તે ન રહ્યું. સમજમાં આવ્યું ?

**“ कर्म अपि कर्म एव न ” મિથ્યાત્વ- રાગાદિ વિભાવ કર્મ પણ રાગાદિરૂપ થતું નથી. ”** કર્મ પણ હવે કર્મપણે બંધાતા નથી. **“ यथा च** અને વળી **ज्ञानं ज्ञानं भवति ” “ જે શક્તિ વિભાવરૂપ પરિણમી હતી તે જ પાછી પોતાના સ્વભાવરૂપ થઈ, ”** શક્તિ તો શક્તિ છે. પરંતુ પર્યાયમાં જે વિભાવરૂપ હતી તે જ પોતાના સ્વભાવરૂપ થઈ. રાગનો કર્તા વિભાવપણે હતો એ સ્વભાવનો કર્તા થયો તો જ્ઞાનરૂપનો કર્તા થઈ ગયો. આ આત્મા જ્ઞાનની શક્તિનો કર્તા છે.

**“ यथा पुद्गलः अपि पुद्गलः ” અને જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પરિણમ્યું હતું જે પુદ્ગલદ્રવ્ય તે જ કર્મપર્યાય છોડીને પુદ્ગલદ્રવ્ય થયું. ”** આહાહા ! ભગવાન આત્મા જ્યારે રાગનો કર્તા છૂટી ગયો અને સમ્યગ્દર્શનમાં જ્ઞાનનો કર્તા થયો.... હવે રાગનો કર્તા થયો નહીં તો તેને રાગ છે નહીં. જ્યાં સુધી રાગનો કર્તા થતો હતો ત્યાં સુધી કર્મ કર્મપણે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હતા. હવે રાગનું કર્તાપણું છૂટી ગયું તો કર્મ કર્મપણે થવાનું છૂટી ગયું. કર્મ કર્મપણે રહ્યા નહીં. આહાહા ! નિમિત્ત છૂટી ગયું તો નૈમિત્તિક કર્મની અવસ્થા પણ છૂટી ગઈ. આવી વ્યાખ્યા છે. સમજમાં આવ્યું ?

એક ભાઈ કહેતો હતો કે- પેલું કેવું સીધું હતું. અમે દયા પાળીએ, વ્રત પાળીએ, સામાયિક-પોષાને પડિકમણા કરો, પોષા કરો, અપવાસ કરો ! એમાં તમે વચ્ચે આ લાકડું માર્યું... કે- એ બધી ક્રિયાઓ રાગની છે. અમે જેને જૈનધર્મ માની બેઠા તેને તમે અધર્મ અર્થાત્ ધર્મ નહીં એમ કહો છો.

એક વીરમગામનો ઈન્કમટેક્ષનો ઉપરી આવ્યો હતો. તે શ્વેતામ્બર દહેરાવાસી હતો. તેણે વ્યાખ્યાન સાંભળ્યું અને વ્યાખ્યાન સાંભળી ને આવ્યો સ્વાધ્યાય મંદિરમાં. વ્યાખ્યાન સાંભળીને કહે- બહુ સરસ. પછી અંદર આવ્યો.... અંદર આવીને કહે- મહારાજ ! અમે જે કાંઈ આ કરતા હતા તેમાં તમે આ લાકડું માર્યું. અમે પૂજા કરીએ, શૈત્રુંજ્યની જાત્રા કરીએ એમાં ધર્મ નહીં ? ત્યાં ભગવાનનું વાતાવરણ કેટલું સરસ હોય. મેં કહ્યું ત્રણકાળમાં ધર્મ નહીં. એ તો પરલક્ષી શુભ ભાવ છે. એવો ભાવ હો પણ તે બંધન કર્તા છે. જ્ઞાનીને પણ એવો ભાવ આવે છે.. પણ તે બંધનું કારણ છે. અમે તેને મોક્ષનું કારણ માનતા હતા તે વાત સીધી હતી તેમાં તમે આડ મારી.

અહીંયા કહે છે કે- ભગવાન આત્મા શુભભાવનો કર્તા થતો હતો ત્યાં સુધી તો અજ્ઞાન હતું... અર્થાત્ ચૈતન્યનું જ્ઞાન ન હતું. જે ચૈતન્ય પ્રકાશનું પૂર છે તેના જ્ઞાનનું જ્ઞાન ન હતું. રાગનો કર્તા થતો હતો અને રાગનું જ્ઞાન હતું તે અજ્ઞાન હતું. જ્યારે જ્ઞાનનું જ્ઞાન થયું તો રાગનું કર્તાપણું છૂટી ગયું. અને જે કર્મ બંધન હતું એ પણ રહ્યું નહીં.

આ કર્તાકર્મનો છેલ્લો શ્લોક છે ને ! તેથી આમાં સરવાળો કર્યો. આપણે કર્તાકર્મ અધિકાર તો ઘણાં વખતથી ચાલે છે. કલાસના પંદર દિવસ તો થઈ ગયા અને એ પહેલાંની ચર્ચા ચાલે છે. હવે પુણ્ય-પાપ અધિકાર આવે છે. આ બહુ સમજવા જેવી વાત છે. મધ્યસ્થ વાત છે આ કાંઈ બહુ ઝીણી વાત નથી.

* * *

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પુણ્ય-પાપ અધિકાર

(દ્રુતવિલંબિત)

तदथ कर्म शुभाशुभभेदतो
द्वितयतां गतमैक्यमुपानयन्।
ग्लपितनिर्भरमोहरजा अयं
स्वयमुदेत्यवबोधसुधाप्लवः ।।१-१००।।

**ખંડાન્વય સહિત અર્થઃ-** " अयं अवबोधसुधाप्लवः स्वयम् उदेति " ( अयं ) વિદ્યમાન ( अवबोध ) શુદ્ધજ્ઞાનપ્રકાશ, તે જ છે ( सुधाप्लवः ) ચંદ્રમા, તે ( स्वयम् उदेति ) જેવો છે તેવો પોતાના તેજઃપુંજ વડે પ્રગટ થાય છે. કેવો છે? " ग्लपितनिर्भरमोहरजा " ( ग्लपित ) દૂર કર્યો છે ( निर्भर ) અતિશય ગાઢ ( मोहरजा ) મિથ્યાત્વ-અંધકાર જેણે એવો છે. ભાવાર્થ આમ છે કે-ચંદ્રમાનો ઉદય થતાં અંધકાર મટે છે, શુદ્ધજ્ઞાનપ્રકાશ થતાં મિથ્યાત્વપરિણમન મટે છે. શું કરતો થકો જ્ઞાનચંદ્રમા ઉદય પામે છે? " अथ तत् कर्म ऐक्यं उपानयन् " ( अथ ) અહીંથી શરૂ કરીને ( तत् कर्म ) રાગાદિ અશુદ્ધચેતનાપરિણામરૂપ અથવા જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડરૂપ કર્મ, તેમનું ( ऐक्यम् उपानयन् ) એકત્વપણું સાધતો થકો. કેવું છે કર્મ? " द्वितयतां गतम् " બે-પણું કરે છે. કેવું બે-પણું? " शुभाशुभभेदतः " ( शुभ ) ભલું ( अशुभ ) બૂરું એવો ( भेदतः ) ભેદ કરે છે. ભાવાર્થ આમ છે કે-કોઈ મિથ્યાદૃષ્ટિ જીવનો અભિપ્રાય એવો છે કે દયા, વ્રત, તપ, શીલ, સંયમ આદિથી માંડીને જેટલી છે શુભ ક્રિયા અને શુભ ક્રિયાને અનુસાર છે તે-રૂપ જે શુભોપયોગપરિણામ તથા તે પરિણામોના નિમિત્તથી બંધાય છે જે શાતાકર્મ-આદિથી માંડીને પુણ્યરૂપ પુદ્‌ગલપિંડ, તે ભલાં છે, જીવને સુખકારી છે; હિંસા-વિષય-કષાયરૂપ જેટલી છે ક્રિયા, તે ક્રિયાને અનુસાર અશુભોપયોગરૂપ સંકલેશપરિણામ, તે પરિણામોના નિમિત્તથી થાય છે જે અશાતાકર્મ-આદિથી માંડીને પાપબંધરૂપ પુદ્‌ગલપિંડ, તે બૂરાં છે, જીવને દુઃખકર્તા છે. આવું કોઈ જીવ માને છે તેના પ્રતિ સમાધાન આમ છે કે-જેમ અશુભકર્મ જીવને દુઃખ કરે છે તેમ શુભકર્મ પણ જીવને દુઃખ કરે છે. કર્મમાં તો ભલું કોઈ નથી, પોતાના મોહને લઈને મિથ્યાદૃષ્ટિ જીવ કર્મને ભલું કરીને માને છે. આવી ભેદપ્રતીતિ શુદ્ધસ્વરૂપનો અનુભવ થયો ત્યારથી હોય છે. ૧-૧૦૦.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## કલશ - ૧૦૦ : ઉપર પ્રવચન

અત્યાર સુધી કર્તાકર્મ અધિકાર હતો હવે પુણ્ય-પાપનો અધિકાર શરૂ થયો. હવે અધિકાર પલટયો.

શાસ્ત્રમાં શબ્દ તો 'પ્રકૃતિના' તેમ છે. અહીં કહે છે પુણ્ય-પાપ પ્રકૃતિ છે તે જડ છે. લોકો તેવો પ્રશ્ન કરે છે કે- અહીં તો પ્રકૃતિની વાત છે. પુણ્ય-પાપ એક સરખાં જડ છે તો તે વાત તો જડની છે, ત્યાં શુભાશુભ છે તે એક સરખાં છે એ વાત ક્યાં છે. ?

એ 'પ્રકૃતિના' એમાંથી અમૃતચંદ્રાચાર્ય અર્થ કાઢે છે. વાત તો પરમાણુંની છે, પરંતુ પુણ્ય-પાપ પ્રકૃતિના છે તો જે ભાવથી જે બંધાયા તે ભાવ પણ તેમાં (જડમાં) આવી જાય છે.

આગળ શ્લોક ૧૦૨માં આવશે "**हेतु स्वभावानुभवा श्रयाणां**" હેતુ, સ્વભાવ, અનુભવ અને આશ્રય. ત્યાં એકલી (જડ) પ્રકૃતિ લેવી છે તેમ નથી. ભાઈ! બંધમાં, પુણ્યબંધ અને પાપબંધ બન્ને એક સરખાં છે. તેઓ એમ કહે છે કે- શુભાશુભ બન્ને એક સરખાં છે તેમ તેમાં આવતું નથી. આ પ્રશ્ન છે. રતનચંદજી સહરાનપુરવાળા એમ કહે છે કે- અહીં તો પ્રકૃતિની વાત છે. પુણ્ય-પાપના ભાવની વાત નથી. પરંતુ અમૃતચંદ્રાચાર્યે એક શબ્દમાંથી ચાર અર્થ કાઢયા છે તે વાત ૧૦૨ શ્લોકમાં આવશે. (૧) કારણ શુભાશુભ ભાવ. (૨) પુણ્ય પ્રકૃતિ બંધન (૩) તેનાં ફળરૂપે સંયોગો (૪) બંધના આશ્રયે શુભાશુભ ભાવ થાય છે.

એ લોકો તો એમ જ કહે છે કે- પ્રકૃતિની વાત છે તેમાં પુણ્યપાપ હેય છે તે વાત તેમાં ક્યાં છે? જડની વાત છે તેમાં શુભભાવ ક્યાંથી આવ્યો? અહીં તો કહે છે- શુભાશુભ ભાવ કહો કે શુભાશુભ પ્રકૃતિ કહો કે શુભાશુભના આશ્રયે બંધનું કારણ છે એમ કહો... તે બધી એક જ વાત છે. કુંદકુંદઆચાર્યને થોડા શબ્દોમાં ઘણું કહેવું છે, તેમને બહુ વિસ્તારથી નથી કહેવું તેથી તેમણે મુખ્યપણે 'પ્રકૃતિ' લીધી. પછી તેમની ટીકા કરી તો તેમાં-પ્રકૃતિનું કારણ એવા શુભાશુભભાવ પણ તેમાં આવી જાય છે.

શ્લોક ૧૦૧માં આવશે કે- શુભાશુભભાવ ચંડાલણીના પુત્રની પેઠે બન્ને હેય છે. બન્ને ચંડાલણીના પેટથી ઉત્પન્ન થયેલાં છે. એક ચંડાલણીના ઘરે રહ્યો અને એક બ્રાહ્મણના ઘરે રહ્યો. પણ.... છે બન્ને ચંડાલણીના પુત્ર તેમ શુભ અને અશુભ બન્ને ચંડાલણીના પુત્ર છે. તે ભગવાનના સ્વભાવના પુત્ર નથી. આહાહા! આકરું કામ છે. અત્યારે વાંધાજ આ ઉઠયા છે ને!! તે કહે- શુભભાવ મોક્ષનો માર્ગ છે. અહીંયા કહે- શુભને અશુભ બન્ને બંધના કારણ છે. એ મોક્ષનો માર્ગ છે જ નહીં.

અત્યારે મખનલાલજીએ એ ચર્ચા ઊપાડી છે ને! શુભભાવ મોક્ષનો માર્ગ છે. અહીં કહે છે- શુભભાવ બંધ (માર્ગ) છે. તે ચંડાલણીનો પુત્ર છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શ્રોતાઃ-** એ પરસન્મુખનો ભાવ છે.

**ઉત્તરઃ-** પરસન્મુખ એ પણ શુભ છે ને એમ તે કહે છે. એનું નામ શુભ છે અને તે અશુભની અપેક્ષાએ શુભ છે.... બાકી તો બન્ને અશુદ્ધ છે. પંચાધ્યાયમાં પણ એ અર્થ કર્યો છે. પંચાધ્યાયના અર્થ મખનલાલજી એ બનાવ્યા ને ! તેમાં એક શ્લોક છે- શુભભાવ દુષ્ટ પુરુષની પેઠે આદરણીય નથી. દુષ્ટ પુરુષનું કથન જેમ આદરણીય નથી તેમ શુભભાવ આદરણીય નથી. મૂળ શ્લોકનો અર્થ કર્યો તેમણે અને પાછી દૃષ્ટિ ફેરવી નાખી.

અહીંયા કહે છે- " **अयं अवबोधसुधाप्लव: स्वयम् उदेति** " આગળના કળશમાં **એતત્** હતું ને ! અહીંયા ' **अयं** ' એમ આવ્યું. ( **अयं** ) **વિદ્યમાન શુદ્ધ જ્ઞાનપ્રકાશ, તે જ છે ચંદ્રમાં** " પુણ્ય-પાપના ભાવ એ કાંઈ ત્રિકાળી વિદ્યમાન નથી, એ તો ક્ષણિક ઉત્પન્ન થાય છે. ભગવાન તો ત્રિકાળી આનંદનું ધામ વિદ્યમાન છે. તે શુદ્ધ ચૈતન્યના પ્રકાશનું પૂર છે. " **अयं- વિદ્યમાન, अवबोध- શુદ્ધ જ્ઞાનપ્રકાશ.** " અવબોધ એટલે જ્ઞાન. શુદ્ધ જ્ઞાનપ્રકાશ ત્રિકાળ વિદ્યમાન છે. **તે જ છે.** ( **सुधाप्लव:** ) **ચંદ્રમા.** સ્વયં ઉદિત છે.

" **તે જેવો છે તેવો પોતાના તેજઃ પુંજ વડે પ્રગટ થાય છે.** " ચૈતન્ય પુંજ પ્રભુ જે વિદ્યમાન છે... એ શુદ્ધ પ્રકાશરૂપી ચંદ્રમા, જોયું ! ચંદ્રની ઉપમા આપી. જેમ ચંદ્રનો પ્રકાશ છે તે શીતળ છે તેમ ચૈતન્યના પ્રકાશમાં શીતળતા ને શાંતિ સાથમાં છે. સમ્યગ્દર્શન-માં જે શુદ્ધ ચૈતન્યનો પ્રકાશ પ્રગટ થયો તેની સાથે શાંતિ પણ પ્રગટ થાય છે. એટલે અહીં ચંદ્રનું દૃષ્ટાંત આપ્યું. સૂર્યના પ્રકાશમાં આતાપ છે જ્યારે ચંદ્રના પ્રકાશમાં શીતળતા-ઠંડક છે. ભગવાન આત્મા રાગનું કર્તાપણું છોડીને જ્યાં પોતાના ચૈતન્ય પ્રકાશનું પર્યાયમાં વ્યક્તપણું પ્રગટ થયું તો જ્ઞાનમાં સાથે શાંતિ પણ આવી. એવો જ્ઞાનરૂપી ચંદ્રમાં પ્રગટ થયો.

બીજ ઊગે છે તેને લોકો પગે લાગે છે ને ! સવારમાં સૂર્યને પગે લાગે છે. સૂરજને પગે લાગવાનો હેતુ તો એ છે કે- તેમાં ભગવાનની પ્રતિમાઓ છે. સૂર્યની અંદર મંદિરમાં જિન પ્રતિમાઓ છે... તેને પગે લાગે છે. બીજ ઊગી એટલે જે ચંદ્ર નહોતો દેખાતો તે દેખાયો. એ રીતે ચંદ્રમામાં પણ જિનપ્રતિમા શાશ્વત મણી રતનની છે, એટલે બીજને પગે લાગે છે. પગે લાગવાનો હેતુ તો અંદર ભગવાન છે તેને પગે લાગવાનો છે.

**પ્રશ્નઃ-** બધે મંદિર છે ?

**ઉત્તરઃ-** બધેય મંદિર છે.

**પ્રશ્નઃ-** ચંદ્રમામાં પણ મંદિર છે ?

**ઉત્તરઃ-** બધે જ મંદિર છે- ચંદ્રમાં, સૂર્યમાં જિનમંદિર છે. તેમાં જિન પ્રતિમાઓ શાશ્વત છે. ચક્રવર્તી એના મહેલ ઉપર ચઢીને દર્શન કરે છે. મૂળતો મંદિરને પગે લાગે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ બહાર દેખાય છે તે તો પથ્થર છે. બહાર પથ્થરનો પ્રકાશ છે; પરંતુ અંદર ભગવાનની વીતરાગી શાશ્વતી સર્વજ્ઞની પ્રતિમાઓ છે. ચક્રવર્તી સવારમાં પગે લાગે છે તે શાશ્વત જિનબિંબને પગે લાગે છે. અરે! લોકોને પક્ષ આડે સૂઝ પડતી નથી.... કે-શાશ્વત પ્રતિમાઓ છે.

જેમ ત્રિકાળમાં, ત્રિકાળ જ્ઞાનીનો વિરહ ન હોય તેમ ત્રિકાળમાં જિનપ્રતિમાની સ્થાપનાનો વિરહ ન હોય. એ સ્થાપના જેમ ત્રિકાળ છે તેમ ત્રિકાળને ત્રિકાળના જાણવાવાળા ભાવે ત્રિકાળ છે. કાયમ છે. ત્રણકાળના જાણનારા અત્યારે થયા તેમ નથી. ત્રણકાળના જાણનારા પહેલેથી- અનાદિથી છે. તેમ તેની સ્થાપના પણ અનાદિથી છે. આના વખાણ દીપચંદજીએ અનુભવ પ્રકાશમાં બહુ કર્યા છે. અનુભવ પ્રકાશમાં એમ લીધું છે કે- જેના નામ માત્રથી પણ ભવનો અંત આવે એમ લીધું છે. ત્યાં તો સમ્યગ્દર્શન સહિત- આત્માના ભાન સહિતની વાત છે ને!

ણ્મો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. ત્રિકાળ વર્તી અરિહંતાણમ્ એવું નામ લેવાથી પણ તારી પવિત્ર દશા થઈ જાય છે એમ કહે છે. અરિહંતના સ્મરણનો વિકલ્પ તો છે પણ ત્યારે લક્ષ વર્તમાન (દ્રવ્ય) ઉપર હોવાને કારણે. સમજમાં આવ્યું? અધ્યાત્મ પંચ સંગ્રહમાં તો એમ લીધું છે કે- લક્ષમાં જરી આવી ગયો

"જ્ઞાન ભગવાન કે સમાન આન કોઈ નહીં,
યાતે ભવતારી નામ સદાય ઉર માં હી 'હૈ."

આવા ત્યાં શબ્દો છે. આવું લખાણ બીજે ઉપદેશ સિદ્ધાંત રત્નમાં પણ છે. "મહિમા હજાર દસ સામાન્ય ગુણ કેવળી. સામાન્ય કેવળી કરતાં મહિમા હજાર દસ ગુણ સામાન્ય કાને સૂન તીર્થંકર દેવકી માંહી. એક તીર્થંકરની મહિમા દસ હજાર સામાન્ય કેવળીથી પણ વિશેષ છે. હવે પ્રતિમા- તીર્થંકરની જો મળે દસ હજાર એવી... દસ હજાર તીર્થંકર હો એસી મહિમા એક પ્રતિમાની જાણો." સિદ્ધાંત રત્નમાં છે.

**શ્રોતાઃ-** દશ હજાર તીર્થંકરની સમાન એક પ્રતિમાની મહિમા છે!

**ઉત્તરઃ-** આ તો યાદ આવી ગયું. આ બધા શાસ્ત્રો તો જોયા છે ને! દશ હજાર તીર્થંકરથી વિશેષતા એક પ્રતિમામાં છે. આ પંચ સંગ્રહમાં ઉપદેશ સિદ્ધાંત રતનમાં પાનું- ૧૯માં છે.

"नाम अविकार पद दाता है जगत मांहि, नाम की प्रभुता एक भगवान जानी है." એ નામની વાત કરી. હવે સ્થાપનાની વાત કરે છે.

**महिमा हजार दस सामान्य जु केवलीकी, ताके सम तीर्थंकरदेवजीकी मानिये**
**तीर्थंकर देव मिले दसक हजार एसी, महिमा महत एक प्रतिमाकी जानिये!**

ભગવાનના વિરહ પડયા અને જ્યાં એક પ્રતિમા દેખાય છે ત્યાં એક પ્રતિમાનો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મહિમા દશ હજાર તીર્થંકર કરતાં પણ વિશેષ છે. આ વાત તો અધ્યાત્મ પંચ સંગ્રહમાં છે. એ છે શુભ ભાવ પરંતુ શુભ ભાવમાં પણ અંદર આત્માનું સ્મરણ- લક્ષ આવે છે. કે આ ભગવાન આત્મા શાંત રસથી ભર્યો એવો અક્રિય બિંબ છે. જેમ પ્રતિમા શાંત રસથી ભરેલ અક્રિયબિંબ છે. તેમ આત્મા રાગની ક્રિયા વિનાનો અક્રિયબિંબ છે.

સમયસારના આગળના ભાવાર્થમાં આવે છે કે- શાંત ભગવાનને જોઇએ તો શાંતિ આવે. ભગવાનની સ્થાપના દેખતાં શાંતિ થાય છે. શાંતિ આ છે તો શુભભાવ પણ એ અંદર શાંતિની યાદ અપાવે છે. આ શાંત... શાંત... ઉપશમરસથી ભર્યા પડયા છે, તે હલે નહીં- ચલે નહીં- ક્રિયા નહીં એવી મારી ચીજ છે. હું શાંત ચૈતન્ય પ્રતિમા છું એવી યાદ આવે છે તો તેને ભગવાનની પ્રતિમા નિમિત્ત છે તેમ કહેવામાં આવે છે.

અહીં તો જેવી છે તેવી વાત જાણવી જોઇએ. આમાં અહીંયા કોઇ પક્ષ છે નહીં. સંતો પૂર્વે કહી ગયા છે એ વાત છે. શ્રી નાટક સમયસારમાં બનારસીદાસજીએ કહ્યું છે કે- **"જિન પ્રતિમા જિન સારખી."**

ચંદ્રમા જેવો આત્મા તેજઃપુંજ દ્વારા પ્રગટ થાય છે. રાગનું અર્થાત્ શુભાશુભભાવનું કર્તાપણું છોડીને.... એટલે કે શુભાશુભ ભાવની રુચિ છોડીને જેણે ચૈતન્ય પ્રકાશની રુચિ કરી છે. શીતળ ચંદ્રમાં પ્રગટ થાય છે તેમ ચૈતન્ય પ્રકાશ થતાં શાંતિ પ્રગટ થાય છે.

जाके उर अंतर सुद्रिष्टिकी लहर लसी,
विनसी मिथ्यात मोहनिद्राकी ममारखी।
सैली जिनशासनकी फैली जाके प्रगट भयौ,
गरबकौ त्यागी षट-दरबकौ पारखी।।
आगमके अच्छर परे हैं जाके श्रवनमें,
हिरदै-भंडारमैं समानी वानी आरखी।
कहत बनारसी अलप भवथिति जाकी,
सोई जिन प्रतिमा प्रवांनै जिन सारखी।। ३।।

## પ્રવચન નં. ૯૬ તા. ૧૬-૯-'૭૭

પુણ્ય-પાપ અધિકારનો ૧૦૦ નંબરનો કળશ ચાલે છે. ભાવાર્થ આમ છે કે- **"ચંદ્રમાનો ઉદય થતાં અંધકાર મટે છે."** અહીં ચંદ્રનું દૃષ્ટાંત આપ્યું.... સૂર્યનું નહીં. કેમ કે ચંદ્રમામાં પ્રકાશ અને શીતળતા બન્ને સાથે છે. હવે સિદ્ધાંત કહે છે. 'શુદ્ધજ્ઞાન પ્રકાશ થતાં' પુણ્ય-પાપના રાગથી ભિન્ન એવા આત્માનો ચૈતન્ય પ્રકાશ થતાં.... 'શુદ્ધ જ્ઞાન પ્રકાશ થતાં.' મિથ્યાત્વ પરિણામ મટે છે.

"શુદ્ધ જ્ઞાનપ્રકાશ" તેનો અર્થ શુભ-અશુભ ભાવ જે વિકાર-વિકલ્પ રાગ તેનાથી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભિન્ન- ‘ હું ચૈતન્ય જ્યોતિ છું ’ એવો ચૈતન્ય પ્રકાશ પ્રગટ થતાં મિથ્યાત્વ પરિણામ મટે છે. અહીં ‘ કર્મ ’ મટે છે તેમ ન લખ્યું પરંતુ મિથ્યાત્વ પરિણામ મટે છે. શુભભાવ સારો છે અને અશુભ ભાવ ખરાબ છે તેવો જે મિથ્યાત્વભાવ તે મટે છે. ( શું કહ્યું ? ) દયા-દાન, વ્રત-ભક્તિ-પૂજાના શુભભાવ છે તે ભલા છે અને અશુભભાવ ખરાબ છે એવો જે મિથ્યાત્વભાવ... એ શુદ્ધ જ્ઞાનપ્રકાશ થતાં મટે છે. અર્થાત્ તેનો નાશ થાય છે.

હું શુદ્ધ ચૈતન્ય આનંદ જ્ઞાનામૃત સૂર્ય છું. જ્ઞાન અને અમૃતથી ભરેલો એવો જ્ઞાનામૃત સૂર્ય.... એની દ્રષ્ટિ થવાથી પોતાનો શુદ્ધ જ્ઞાનનો પ્રકાશ થાય છે. ત્યારે પુણ્ય ભલું અને પાપ બુરું એવા મિથ્યાત્વ અંધકારનો નાશ થાય છે.

આ તો સાદો અધિકાર છે. બપોરના જે શક્તિનો અધિકાર ચાલે છે તે જરા સૂક્ષ્મ છે. વર્તમાનમાં આમાં મોટી ગરબડ છે નેઃ વ્યવહાર સમકિત અને વ્યવહાર વ્રત-તપ કરે તો કલ્યાણ થશે. ( ખરેખર ) વ્યવહાર સમકિત હોતું જ નથી. શુભાશુભ રાગભાવથી ભિન્ન ચૈતન્યની અંતર દૃષ્ટિમાં અનુભવ થયો તેને સમ્યગ્દર્શન કહે છે. હવે જે યથાર્થ નિશ્ચયની સાથે રાગ છે તેને આરોપ આપીને વ્યવહાર સમકિત કહે છે. તે કાંઇ વ્યવહાર સમકિત છે નહીં. એ તો રાગભાવ ઉપર આરોપ આપીને કથન કર્યું છે.

અહીં કહે છે કે શુદ્ધ જ્ઞાનપ્રકાશ થતાં મિથ્યાત્વ પરિણમન મટે છે એમ લીધું છે. શુભ-અશુભ ભાવની રુચિ હઠાવીને, શુદ્ધ જ્ઞાન સ્વરૂપની દૃષ્ટિ કરતાં... શુદ્ધ જ્ઞાનનો પ્રકાશ થાય છે ત્યારે સમ્યગ્દર્શન થાય છે અને ત્યારે મિથ્યાત્વ પરિણામનો અંધકાર નાશ થાય છે. સમજમાં આવ્યું ?

પાઠમાં- ( શ્લોકમાં ) ‘ મોહરજા ’ શબ્દ છે. તેનો અર્થ એવો કર્યો કે- ‘ મિથ્યાત્વ અંધકાર... ’ અર્થાત્ ભાવ મિથ્યાત્વ તેવો અર્થ કર્યો. ટીકાના પાઠમાં ગુજરાતી ચોથી લીટીમાં છે.

અહીંયા એમ કહ્યું કે- પોતાના શુદ્ધગુણના દ્વારા જ્ઞાન પ્રગટ થયું. તેણે મિથ્યાત્વ એટલે મોહ અંધકારનો નાશ કર્યો. તેણે મોહરજ કહ્યું પણ કર્મરજનો નાશ કર્યો એમ ન કહ્યું. કર્મનો નાશ તેના કારણે થાય છે. અહીં તો સમ્યક્ ચૈતન્યમૂર્તિ, ચૈતન્યચંદ્ર શીતળ ચંદ્ર છે તે શાંત, આનંદરસ અને જ્ઞાનામૃત રસથી ભર્યો છે. એવા અમૃતનો સ્વાદ આવે છે તો કહે છે કે- જ્ઞાનનો પ્રકાશ થયો વસ્તુનો પ્રકાશ થયો. એ પ્રકાશ થતાં મિથ્યા અંધકારનો નાશ થાય છે. બીજો કોઇ ઉપાય છે જ નહીં. ભાઈ ! આટલા વ્રત પાળે અને દયા-ભક્તિ-પૂજા ખૂબ કરે તો મિથ્યા અંધકાર નાશ થાય છે એવું નથી. આ તો સાદી ભાષા છે. બપોરે ચાલે છે તે શક્તિનો અધિકાર થોડો સૂક્ષ્મ છે. કેમ કે તે ગુણનો અધિકાર છે ને !

શક્તિમાં એમ આવ્યું કે- આત્મામાં કોઈ એવો ગુણ નથી કે- જે શુભાશુભ ભાવને ઉત્પન્ન કરે. આત્મામાં કોઈ ગુણ કે કોઈ એવી શક્તિ નથી કે કોઈ સત્ત્વ નથી કે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે દયા દાન-વ્રતના વિકલ્પને ઉત્પન્ન કરે. પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન થાય છે એ તો પર્યાયની યોગ્યતાથી થાય છે. તે ભાવમાં લાભ માને છે. પોતાની પર્યાયની યોગ્યતાથી શુભભાવ પોતાના કારણથી એટલે ષટ્કારકના વિકૃત પરિણમનને કારણે એ પર્યાય ઉત્પન્ન થઇ. પરંતુ તેમાં એવો કોઇ ગુણ નથી. તે વિકૃત શુભ ભાવને ઉત્પન્ન કરે એવી કોઈ શક્તિ કે ગુણ આત્મામાં નથી. તો કહે છે- એ પુણ્ય- પાપના ભાવ જ્યારે પર્યાયમાં ઉત્પન્ન થાય છે તે ભાવ મારા એવો જે મિથ્યા અંધકાર તે શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ કરવાથી.... ચૈતન્ય પ્રકાશ પ્રગટ થાય છે અને મિથ્યા અંધકારનો નાશ થાય છે, બન્નેનો સમય એક છે.

એ ચૈતન્ય ભગવાન આત્મા ! જ્ઞાનમય-જ્ઞાનનું પૂર... અમૃતનો સાગર એવો જે ભગવાન આત્મા તેનો અનુભવ કરવાથી.. તેની દૃષ્ટિ કરવાથી તેનો આશ્રય કરવાથી તેનો આશ્રય કરવાથી તેની સન્મુખ થવાથી... પર્યાયમાં સમ્યક્જ્ઞાન થયું. એ સમ્યક્ જ્ઞાને મિથ્યા અંધકારનો વ્યય કર્યો. સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ અને મિથ્યાજ્ઞાનનો વ્યય અને ધ્રુવપણે કાયમ રહેવું. સમજમાં આવ્યું ?

કષાયની મંદતા અને શુભભાવ કરતાં કરતાં ધર્મ થશે એ શલ્ય એટલું કઠણ છે.. અને આ મહા મિથ્યા શલ્ય છે. ઝીણી વાત છે ભાઈ ! પ્રભુનો મારગ વીતરાગ ભાવથી ઉત્પન્ન થાય છે. જે શુભભાવ છે તે તો રાગ છે; તો રાગથી આત્માનું વીતરાગી સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે ? આ હાહા ! આ પહેલી મૂળમાં ભૂલ છે.

અહીં કહે છે કે- ચૈતન્ય સત્તા-ચૈતન્યનું હોવાપણું તેનો સ્વીકાર અનુભવમાં કર્યો ત્યારે જ્ઞાન પ્રકાશની પર્યાય પ્રગટ થઈ, તેનાથી મિથ્યા અંધકારનો નાશ થાય છે.. . ત્યારે સમ્યગ્દૃષ્ટિ થાય છે.

**શું કરતો થકો જ્ઞાનનો ચંદ્રમા ઉદય પામે છે ? “ अथ तत् कर्म एकयं उपानयन् ” અહીંથી શરૂ કરીને રાગાદિ અશુદ્ધ ચેતના પરિણામરૂપ,** શું કહે છે ? પાઠમાં ‘ કર્મ ’ શબ્દ પડયો છે. પુણ્ય- પાપના ભાવ અશુદ્ધ પરિણામ રાગાદિ અશુદ્ધ અર્થાત્ શુભ-અશુભભાવ તે રાગાદિ ભાવ છે. વ્રત-તપ-દયા-દાનના ભાવ તે રાગ છે. શબ્દ છે ‘ રાગાદિ ’ એટલે શુભ-અશુભ દ્વેષ આદિ અશુદ્ધ જીવના અશુદ્ધ ચેતના પરિણામ છે.

કર્મ શબ્દના બે અર્થ કર્યા “ **રાગાદિ અશુદ્ધ ચેતના પરિણામરૂપ અથવા જ્ઞાનાવરણાદિ પુદ્ગલ પિંડરૂપ કર્મ,** ” જડનાં પરિણામ તો પછી કહેશે.. એમાં નિમિત્તથી કથન કરે છે. ‘ अथ तत् कर्म ’ પુણ્ય-પાપ અશુદ્ધ ચેતના પરિણામરૂપ અથવા જ્ઞાનાવરણાદિ પુદ્ગલપિંડરૂપ એ તો નિમિત્તથી કથન છે. અશુદ્ધ ઉપાદાન છે એટલું પરિણમન પોતાનું અને તેમાં જડ કર્મ નિમિત્ત છે. શુદ્ધ ઉપાદાનના આશ્રયથી અશુદ્ધ ઉપાદાન અર્થાત્ અશુદ્ધ મલિન પરિણામ જે હતા તેનો નાશ થયો તો કર્મનો પણ નાશ થયો.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

**શ્રોતાઃ-** નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું.

**ઉત્તરઃ-** એ તો નિમિત્તને બતાવવા કહ્યું. પરંતુ શુદ્ધ ઉપાદાનના આશ્રયે; અશુદ્ધ ઉપાદાનનો નાશ થયો. અશુદ્ધ ઉપાદાનનો વ્યય થયો તો કર્મનો વ્યય એને કારણે થયો. આત્મા કર્મોનો કર્તા છે અને તેને બાંધે છે એવું છે નહીં. કર્મો તો જડ છે અને જડની અવસ્થા આત્મા કેમ કરે ? અને કર્મોને છોડે કેવી રીતે ?

અત્યારે આ મોટી ધમાલ ચાલે છે. શુભભાવ છે એ ધર્મ છે..... ધર્મ છે. શુભ ભાવથી શુદ્ધતા થાય છે એ મોટું શલ્ય છે. મહા મિથ્યાત્વનો અંધકાર છે. તેમાં શુભભાવ છે તે ધર્મનું કારણ છે એવું માનવું તે ભવ વૃદ્ધિનું કારણ મિથ્યાત્વ ભાવ છે. તે મિથ્યાત્વભાવ ભવરૂપી સમુદ્રમાં ડુબાડે છે. તેથી પહેલાં ( માન્યતા ) સુધારવી છે. વ્રત-તપના વિકલ્પ એ તો પછી આવશે. પરંતુ આ સમ્યગ્દર્શન થયા વિના..; એ મિથ્યાત્વનો નાશ કર્યા વિના એ વ્રત અને પડિમા ફોગટ છે- તે બધા નિષ્ફળ છે. સમજમાં આવ્યું ?

પાઠમાં ભાષા કેવી લીધી છે. ' મોહરજ ' તેમાં મિથ્યા અંધકાર લીધો. ( **अथ तत् कर्म** તેમાં રાગાદિ અશુદ્ધ પરિણામ લીધા. એ ગાથા પણ આવે છે ને ! ' **मोहरजेण आच्छादनं** ' જ્યારે શેઠ હુકમચંદજી આવ્યા હતા ત્યારે સાથે બંસીધરજી અને જીવનધરજી પણ હતા. એમ કે- સમયસારની ગાથામાં આવે છે. મોહરજ છે ને ? પરંતુ ટીકાકારે મોહરજનો અર્થ શું કર્યો છે ?

સમયસાર ૧૬૦ ગાથામાં આવે છે. " **सो सव्वणाणदरिसी कम्मरएण णियेणावच्छण्णो।** " ' **सव्वणाणदरिसी** ' ભગવાન આત્મા તો સર્વજ્ઞ અને સર્વદર્શી છે. છતાં ' **कम्मरएण णियेणावच्छण्णो** ' કર્મરજ-આચ્છાદને, " તે કહે ' કર્મરજ ' એટલે જડકર્મ. પરંતુ એમ નથી. તે વાત ટીકામાં લીધી છે જુઓ ! " **જે પોતે જ જ્ઞાન હોવાને લીધે વિશ્વને ( -સર્વ પદાર્થોને ) સામાન્ય વિશેષપણે જાણવાના સ્વભાવવાળું છે એવું જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય, અનાદિ કાળથી પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા એવા કર્મમળ વડે લેપાયું-વ્યાપ્ત થયું હોવાથી જ.** " એ લોકો કહે- જુઓ કર્મ કહ્યું... , પરંતુ કર્મ એટલે જડ કર્મ નહીં. કર્મરજનો અર્થ શું છે જુઓઃ " પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા એવા કર્મમળ એટલે રાગ પરિણામ, મિથ્યાત્વ પરિણામ તેને અહીંયા કર્મમળ કહ્યું છે. કર્મરજ એ તો જડની પર્યાય છે, એ તો પર કર્મ છે તેની સાથે શું સંબંધ છે. ?

તેમ અહીં પણ ' મોહરજ ' શબ્દ આવ્યો. મોહરજ, રજ એટલે કર્મ પરમાણું નહીં. આજથી ૨૬ વર્ષ પહેલાં પાંચની સાલમાં ચર્ચા થઈ હતી. એ વખતે શેઠ હકમચંદજી પહેલ વહેલા આવ્યા હતા. જુઓ ! અહીં ( શાસ્ત્રમાં ) મોહરજથી આચ્છાદિત છે. મોહરજ-જડથી આચ્છદિત છે. કહ્યું કે- એ તો નિમિત્તનું કથન છે; એ વાત અહીં નથી. અહીંયા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો મિથ્યાત્વ પરિણામ અને રાગદ્વેષ પરિણામ જે ભાવઘાતિ છે તેનાથી આત્મા ઢંકાયેલો છે. જડથી ઢંકાયેલો છે એ તો નિમિત્તનું કથન છે. સમજમાં આવ્યુ ?

પોતાના ચૈતન્ય સ્વરૂપ તેને ભૂલીને પુણ્ય ને પાપ તેમાં; પુણ્ય ભલું અને પાપ બુરું એવો જે મિથ્યાત્વ ભાવ છે તેનાથી આત્મા આચ્છાદિત છે. તેનાથી આત્મા ઢંકાયેલો છે. કર્મથી છે એ તો નિમિત્તથી કથન છે, કેમ કે ત્યાં તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે.

અહીં પણ એ લીધું છે જુઓ ! મોહરજ એટલે મિથ્યા અંધકાર. કર્મમાં પણ રાગાદિ અશુદ્ધ પરિણામ તેમ લીધું છે. " અશુદ્ધ ચેતના પરિણામ તેવો શબ્દ પડયો છે. " કર્મ શબ્દે પુણ્ય ને પાપ એ ચેતનના પરિણામ તેને અહીં કર્મ કહેવામાં આવે છે. અર્થાત્ ભાવકર્મને કર્મ કહેવામાં આવે છે.

ગઈકાલે તો કર્મ શક્તિ બહુ જ ચાલી હતી. એક તો જડ કર્મની પર્યાય તેને કર્મ કહે છે. આ જે મોહ કર્મની પર્યાય-કાર્ય તેને પણ કર્મ કહે છે. પુણ્ય-પાપના ભાવને ભાવકર્મ કહે છે. પોતાની શુદ્ધોપયોગરૂપી નિર્મળ પર્યાય તેને પણ કર્મ કહે છે. આ વાત પ્રવચનસારમાં છે. શુદ્ધ ઉપયોગ-કર્મ ચેતના. જ્ઞાનની કર્મ ચેતના અર્થાત્ જ્ઞાનરૂપી કાર્ય તેની ચેતના. અને શક્તિઓમાં જે કર્મ લીધું એ તો ગુણ લીધો છે. આત્મામાં કર્મશક્તિ નામનો એક ગુણ છે. કર્મ નામ કાર્ય કરવાની શક્તિ... તેવો એક ગુણ છે. આત્મામાં નિર્મળ પર્યાયરૂપી કાર્ય હો એવો એક ગુણ છે. અંદરમાં કર્મ નામનો ગુણ છે. કર્મ એટલે જડ કર્મ નહીં, ભાવકર્મ નહીં તેમજ શક્તિની નિર્મળ પર્યાય થાય તે પણ નહીં. કર્મ નામની શક્તિ તો ત્રિકાળી ગુણ છે. કર્મ નામનો એક ત્રિકાળી ગુણ છે. એ ગુણને કારણે કાર્ય થાય છે.

વિકારી પરિણામ જે થાય છે એ કારણે આચ્છાદિત થાય છે. વિકારી પરિણામ છે એ ભાવઘાતિ છે. જડઘાતિ એ જડ કર્મ છે અને પુણ્ય-પાપના ભાવ એ ભાવઘાતિકર્મ છે. અહીં પણ પહેલાં ભાવઘાતિકર્મનું નામ લીધું છે. " રાગાદિ અશુદ્ધ ચેતના પરિણામ " ભાષા એમ છે ને ! જુઓ ! અશુદ્ધ પરિણામ એમ સીધું ન લીધું. " અશુદ્ધ ચેતના પરિણામરૂપ " ( કહ્યું છે. )

આહાહા ! રાગાદિ પુણ્ય-પાપ, દયા-દાન-વ્રત-કામ-ક્રોધ આદિ અશુદ્ધ ચેતના પરિણામરૂપ **અથવા જ્ઞાનાવરણાદિ પુદ્ગલપિંડરૂપ કર્મ, તેમનું એકત્વપણું સાધતો થકો.** " શું કહે છે ? શુભ અને અશુભભાવ બે છે તેને સમ્યગ્જ્ઞાન એકપણે સાધે છે. શુભ ઠીક છે અને અશુભ અઠીક છે એવું છે નહીં.

શુભભાવ હો કે અશુભ ભાવ હો બન્ને વિકાર છે, બન્ને દુઃખ છે, બન્ને અશુદ્ધ છે, બન્ને બંધના કારણ છે, આહાહા ! વ્રત પાળવા, દયા-ભક્તિ પાળવી તેને શુભ ભાવ કહે છે.... અને તે દુઃખરૂપ ભાવ છે. તે ભાવ આવે છે પણ તે દુઃખરૂપ છે તેમ જાણે છે. તે ભાવ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

જ્ઞાનીને આવે છે પણ તે દુઃખરૂપ છે અને હેય છે તેમ જાણે છે. સમજમાં આવ્યું ?

પકડ પકડમાં ફેર છે એ વાત સાંભળી છે ને ! બિલાડી હોય ને બિલાડી તે ઉંદરને પકડે અને પોતાના બચ્ચાને પકડે તેમાં ફેર છે. પોતાના બચ્ચાને તો દાંત પોચા રાખીને પકડે છે. અને ઉંદરને પકડે છે તો તેને દાંતેથી છોડતી નથી. તેમ મિથ્યાદૃષ્ટિ જીવ પુણ્ય-પાપને પકડે છે તો તેને પોતાના છે, તેમ પકડી લ્યે છે. અને જ્ઞાનીને શુભભાવ આવે છે પરંતુ તે ઉંદરની જેમ પકડતો નથી. પોતાથી ભિન્ન રાખે છે. આ પુણ્યના પરિણામ પોતાના સ્વભાવથી ભિન્ન ચીજ છે. તે પોતાની ચીજમાં પકડ કરવા જેવી ચીજ નથી. તેને ભિન્ન રાખી અને તેનો જાણવાવાળો રહે છે. સમજમાં આવ્યું ?

આ વીતરાગમાર્ગ જિનેન્દ્રના પંથનો રસ્તો બહુ અલૌકિક છે. આહાહા ! કહે છે- જ્ઞાની બેને એક માને છે. **“ द्वित्तयतां गतम बे-पणुं करे छे. केवुं बे-पणुं ? “ शुभाशुभभेदत: ” भलुं बुरुं એવો ભેદ કરે છે. ”** શુભ ભલું અને અશુભ બુરું એવો જે ભેદ કરે છે. તે અજ્ઞાની છે. જ્ઞાની પુણ્ય ને પાપ, શુભ ને અશુભ બન્નેને એક માને છે. આહાહા ! ભગવાનનું સ્મરણ કરવું. ણ્મો અરિહંતાણમ્-ણ્મો સિધ્ધાણમ એ પણ વિકલ્પ છે. જેમ સ્ત્રીના વિષયનો ભાવ અશુભ છે તેમ આ શુભ, બન્ને બંધનું કારણ છે. જ્ઞાની બે ને બેરૂપ નથી માનતા; તે તો એકરૂપ માને છે. અજ્ઞાની બે માં ભેદ પાડે છે. કે- પુણ્ય ભલું છે અને પાપ બુરું છે.

**ભાવાર્થ આમ છે કે- કોઈ મિથ્યાદૃષ્ટિ જીવનો અભિપ્રાય એવો છે કે દયા, વ્રત, તપ, શીલ, સંયમ આદિથી માંડીને જેટલી છે શુભ ક્રિયા. ”** જુઓ ! દયા-વ્રત, તપ બધું બે- ચાર દિવસ ખાધું નહીં એટલે શરીરથી તપ થયું ને ! આવી જડની ક્રિયા અને આવો ભાવ આવ્યો તે શુભરાગ, શરીરથી બ્રહ્મચર્યને પાળ્યું, શરીરથી ઇન્દ્રિય દમન કર્યું આદિ લઈને દેહરૂપની જેટલી ક્રિયા એ શુભ ક્રિયા જડની છે.

**“ અને શુભ ક્રિયાને અનુસાર તે- રૂપ જે શુભોપયોગ પરિણામ ”** , એ શુભક્રિયા જે જડની છે તેના અનુસાર અહીં શુભ પરિણામ અર્થાત્ જીવના વિકારી ભાવ. પેલી જડની ક્રિયા-શુભક્રિયા તે અનુસાર, તે રૂપ છે જે શુભ પરિણામ. **“ તથા તે પરિણામોના નિમિત્તથી બંધાય છે જે શાતાકર્મ આદિથી માંડીને પુણ્યરૂપ પુદ્‌ગલપિંડ, ”** અહીં ત્રણ વાત લીધી.

( ૧ ) દેહની ક્રિયા, દયા આદિ જડની,

( ૨ ) તે અનુસાર થયેલા શુભ પરિણામ, અને

( ૩ ) તેનાથી પુણ્ય પ્રકૃતિનો બંધ થયો.

આ રીતે ત્રણ આવ્યા ( ૧ ) દેહની ક્રિયા ( ૨ ) શુભ પરિણામ ( ૩ ) પુણ્ય બંધન એ ત્રણેય ઠીક છે તેમ અજ્ઞાની માને છે. સમજમાં આવ્યું ?

આ પર્યુષણમાં ધડાધડ પંડિતોએ લગાવી દીધા છે. વ્રત કરો, તપ કરો. આમ કરો. તેને સાંભળનારા શેઠિયાઓ જય નારાયણ કરે. આહા હા... ! બરોબર છે. એ ભાવનગરના પંડિત આવે અને દીધે રાખે..; પછી લોકો તો રાજી-રાજી થઈ જાય.

**પ્રશ્નઃ-** ધર્મ તો કરવો ને ?

**ઉત્તરઃ-** હા, પરંતુ ધર્મ કોને કહેવો ? અહીં શું કહે છે -તપમાં પણ શરીરમાં આહાર-પાણી ન આવ્યા તે જડની ક્રિયા. દયા-શરીરથી પર જીવને ન મારવો તે શરીરની ક્રિયા થઈ. દયા-વ્રત-તપ-શીલ-સંયમ, જડ ઇન્દ્રિયોનું દમન આદિથી લઈને જેટલી શુભક્રિયાઓ એ બધી જડ છે. તેના અનુસારે થયેલું શુભ પરિણામ તેના અનુસાર થયેલી પુણ્યબંધ પ્રકૃતિ જે પુદ્‌ગલપિંડ તે ભલા છે તેમ અજ્ઞાની માને છે. મિથ્યાદૃષ્ટિજીવ દેહની ક્રિયા, વ્રત, તપ આદિ અને તેને અનુસારે શુભ પરિણામ અને તેને અનુસારે પ્રકૃતિબંધ આ બધાને મિથ્યાદૃષ્ટિ ભલા માને છે. આટલું સ્પષ્ટ કથન છે તોય મોટી ગરબડ કરે છે.

આ જડની ક્રિયા જે શરીરની, વ્રત-તપનો ભાવ, આ અપવાસ આદિની ક્રિયા અર્થાત્ આહાર ન લીધો એ શરીરની ક્રિયા છે. શરીરથી બ્રહ્મચર્ય પાળ્યા તે પણ શરીરની ક્રિયા છે. અને તે અનુસાર થયેલા શુભ પરિણામ પુણ્ય અને તેના અનુસાર થયેલ પ્રકૃતિબંધ તે ત્રણેયને અજ્ઞાની ભલા માને છે.

આ 'મોહરજા' માંથી કાઢે છે કે- અહીંયા તો કર્મ પ્રકૃતિની વાત છે. અને તમે આવો અર્થ કેમ કર્યો ! આવો મારગ સ્પષ્ટ છે. અને તને હજુ 'હા' પાડવામાં પસીના ઉતરે છે પ્રભુ ! તો પછી પરિણમન ક્યારે થાય ? કેટલું સ્પષ્ટ કર્યું છે. શરીરથી બ્રહ્મચર્ય પાળવું એ જડની ક્રિયા છે. અને તેને અનુસારે જે બ્રહ્મચર્યનો ભાવ થયો તે શુભભાવ છે. અને તે અનુસાર પ્રકૃતિબંધ પુણ્ય તે જડ છે. તે ત્રણેયને અજ્ઞાની ભલા માને છે. વાત સીધી છે નહીં શેઠ !

ભાઈ ! એ શુભ પરિણામથી તારો આત્મા ભિન્ન છે. સમ્યગ્દર્શનનો માર્ગ, આ બંધનથી છૂટવાનો માર્ગ તે રાગથી ભિન્ન છે. તેં ક્યારેય આત્માનો આશ્રય લીધો નથી. શુભભાવ એ તો પરનો આશ્રય છે. અને ત્યાં તેને સંતોષ થઈ ગયો કે- આપણે ઘણું કર્યું. ઘણું કર્યું. શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું તેના અનુસારે શુભભાવ થયો. બીજું કોઈ દયા-દાનની ક્રિયા થઈ શરીરથી તેના અનુસાર શુભભાવ થયો અને તેનાથી પુણ્યબંધ થયો તો તેને લાગે છે કે- ઘણું જ સારુ કર્યું. ખુલાસો કેટલો કર્યો છે. જુઓને !

**"જે શુભોપયોગ પરિણામ તથા તે પરિણામોના નિમિત્તથી બંધાય છે જે શાતાકર્મ આદિથી માંડીને પુણ્યરૂપ પુદ્‌ગલપિંડ, તે ભલાં છે, જીવને સુખકારી છે;"**

શાતાવેદનીયને કારણે જે પૈસા-લક્ષ્મી-ધૂળ આદિ મળે, શેઠાઈ મળે તેને અજ્ઞાની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સુખાકારી માને છે. તે ધુળેય સુખાકારી નથી. હવે બીજી વાત– **“ હિંસા વિષય- કષાયરૂપ જેટલી છે ક્રિયા ”**, એ ક્રિયા પહેલાં જડની લેવી. શરીરથી મારે છે તો જડની ક્રિયા લેવી. **“ તે ક્રિયાને અનુસાર અશુભોપયોગરૂપ સંકલેશ પરિણામ ”**, જડક્રિયા તેના અનુસાર થયેલા હિંસાના પરિણામ એ અશુભ અને તે અનુસાર અશાતાનો બંધ એ કર્મપિંડ. તે ત્રણેયને અજ્ઞાની બુરાં માને છે અને શુભને ભલાં માને છે.

અહીંયા હિંસા-વિષય-કષાયરૂપ જેટલી ક્રિયા છે તે પહેલાં જડની લેવી. એ ક્રિયાને અનુસાર અશુભ ઉપયોગરૂપ સંકલેશ પરિણામ... અર્થાત્ એ જીવના પરિણામ. **“ તે પરિણામોના નિમિત્તથી થાય છે જે અશાતાકર્મ ” -આદિથી માંડીને પાપબંધ રૂપ પુદ્‌ગલપિંડ, તે બૂરાં છે. ”** અશાતા-અપયશ નામકર્મ આદિ પેલાં ત્રણ ઠીક છે અને આ ત્રણ અઠીક છે તેમ અજ્ઞાની માને છે. તે બન્ને એકભાગરૂપ હોવા છતાં તેના બે ભાગ કરી દે છે. આહાહા ! બહુ આકરું કામ ! સ્થાનકવાસીમાં તો એ જ ચાલે કે-આણે આટલા ઉપવાસ કર્યા.. . ૨૦ કર્યા તેણે ૨૫ કર્યા, પછી તપસીનો વરઘોડો કાઢો અને તેની ખૂબ પ્રશંસા કરે છે. ઓહો ! તમે બહુ સારું કામ કર્યું તેને તપસીની ઉપમા આપે છે. ધૂળમાં એ તપસી નથી સાંભળ તો ખરો !

એ અપવાસ આદિ શુભક્રિયા અને શુભભાવરૂપ પરિણામ અને પ્રકૃતિ પુણ્યબંધ તે ત્રણેય મિથ્યા છે. જુઠ્ઠા છે. તેમાંથી અજ્ઞાની એકને ભલું માને છે. બીજાને બુરું માને છે. આવી વાત છે.

પહેલાં હિંસા-વિષય-કષાયરૂપ જેટલી ક્રિયા તે લેવું. ક્રિયા એટલે જડની-અજીવની ક્રિયા અને એ ક્રિયાને અનુસાર અશુભ ઉપયોગરૂપ સંકલેશ પરિણામ એ જીવના પરિણામ. અને તે પરિણામના નિમિત્તથી થતાં અશાતાકર્મ-પુદ્‌ગલપિંડ એ જડ અને પાપબંધરૂપ પુદ્‌ગલપિંડ છે. **“ તે બૂરા છે જીવને દુઃખ કર્તા છે. ”** એમ અજ્ઞાની માને છે. આ બૂરાં છે અને તે ભલાં છે તેમ અજ્ઞાની બે ભાગ કરે છે.

**“ આવું કોઈ જીવ માને છે તેના પ્રતિ સમાધાન આમ છે કે- જેમ અશુભકર્મ જીવને દુઃખ કરે છે તેમ શુભકર્મ પણ જીવને દુઃખ કરે છે. ”** શુભ પરિણામ એ પણ વર્તમાન દુઃખરૂપ છે. અને જે પુણ્યરૂપ ભાવ બંધ થયો એ શુભબંધનનું કારણ થયું. તે પણ દુઃખરૂપ છે. તેનાં ફળમાં લક્ષ્મી આદિ મળે છે.

આહાહા ! અહીં તો ત્યાં સુધી લીધું છે કે-શુભભાવથી પુણ્ય બંધાય અને પુણ્યબંધના કારણે વીતરાગ આદિની વાણી મળે.... એ વાણી તરફ તારું લક્ષ જશે તો પણ તને રાગ થશે, દુઃખ થશે. કઠણ વાત છે. સંયોગ મળશે તો સંયોગ ઉપર લક્ષ જશે, તો રાગ જ થશે.

સમયસાર કર્તા-કર્મ ૭૪ ગાથામાં આ વાત આવી ગઇ છે. શુભભાવ વર્તમાન દુઃખરૂપ છે અને ભવિષ્યમાં દુઃખનું કારણ છે. ૭૪ ગાથામાં આ છઠ્ઠો બોલ છે.. ‘ દુઃખ અને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દુઃખફલા ' એ વાત અહીંયા કરે છે. શુભભાવ અને અશુભભાવ બન્ને દુઃખ છે. શુભભાવનું ફળ પણ દુઃખ જ છે. એમ કહ્યું. ( તાત્પર્ય એ કે- ) શુભભાવથી સંયોગી ચીજ મળશે અને એ સંયોગ ઉપર લક્ષ જશે તો તને રાગ જ થશે. આહાહાઃ ગજબ વાત છે ને ! પૂર્વના કોઈ શુભભાવથી પુણ્ય બંધાશે અને પુણ્યબંધના ઉદયથી તેને અનુકૂળ સંયોગો મળ્યા. હવે એ સંયોગ ઉપર લક્ષ જશે તો તને રાગ જ થશે. " **परदव्वाओ दुगई** " આવી વાત છે.

ગઈકાલે કહ્યું ને કે હજાર કેવળીથી એક તીર્થંકરની મહિમા વિશેષ છે અને હજાર તીર્થંકર કરતાં એક પ્રતિમાની મહિમા વિશેષ છે. એ વ્યાખ્યા તો શુભભાવની વ્યવહારની કરી. કેમ કે જિનેન્દ્ર તીર્થંકર ભગવાન તો અમુક જગ્યાએ હો. જ્યારે પરમાત્માની પ્રતિમા તો ચોવીસે કલાક અને બસો, પાંચસો વર્ષ સુધી રહે છે. એ અપેક્ષાએ એ વાત છે. ભગવાન તો અમુક ઠેકાણે થોડો કાળ રહે. જ્યારે પ્રતિમા તો એક સ્થાનમાં કાયમ રહે છે. એ કારણે તેની મહિમા કરી છે. છે તો એ પણ શુભભાવ છતાં વ્યવહારમાં આટલો ફેર બતાવ્યો છે.

સર્વજ્ઞ કેવળી ભગવાન અને તીર્થંકર કેવળી તેમાં તીર્થંકરને પુણ્યનો અતિશય છે, ઉપરથી ઈન્દ્રો ઉતરે અને તેને લોકો દેખે તેથી તેનો મહિમા બહારમાં વિશેષ છે. કેવળજ્ઞાન અને કેવળદર્શન તો બન્નેના સરખાં છે. તેમાં ફેર છે જ નહીં. કેવળીનું કેવળ અને તીર્થંકરનું કેવળ સમાન છે પરંતુ બહારમાં-પુણ્યમાં-મહિમામાં ફેર છેને ! સભામાં ઈન્દ્રો હોય, વાઘ-નાગ, સેંકડો સિંહ વગેરે હોય.

અહીંતો કહીએ છીએ- કેવળી કરતાં તીર્થંકરને પુણ્યનો યોગ એટલો છે એથી વ્યવહારમાં આટલો ફેર છે.... બાકી તેનો આશ્રય લેવાવાળાને તો શુભભાવ જ થશે. ઝીણી વાતું બાપુ ! વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ છે.

" **આવું કોઈ જીવ માને છે તેના પ્રતિ સમાધાન આમ છે કે- જેમ અશુભકર્મ જીવને દુઃખ કરે છે તેમ શુભકર્મ પણ જીવને દુઃખ કરે છે. કર્મમાં તો ભલું કોઈ નથી.** " શાતાવેદનીય બાંધો કે અશાતા વેદનીય બન્ને દુઃખરૂપ છે. તેના બે ભાવ છે તે બન્ને દુઃખરૂપ છે. આ તો સાદી વાત છે. આમાં કાંઈ બહુ સૂક્ષ્મ નથી. બપોરના જે શક્તિનું વર્ણન છે તે તો અલૌકિક છે. એક એક ન્યાય છે શક્તિના વર્ણનમાં તેમાં ગુણીનું વર્ણન છે, ગુણનું વર્ણન છે. ભગવાન આત્માના અનંતગુણ કેવા છે અને તે ગુણનું કાર્ય શું છે ? પર્યાય; તેનું વર્ણન અલૌકિક છે.

આ તો સમજાય એવી ચીજ છે. આમાં કાંઈ સૂક્ષ્મ છે નહીં. કર્મમાં કોઈ ભલું નથી શુભકર્મ પણ જીવને દુઃખ કરે છે. શુભકર્મથી વીતરાગી વાણી સાંભળવા મળે પણ એ રાગનું નિમિત્ત છે. અને આ બે કરોડ પાંચ-દસ કરોડ ધૂળ મળે તે તો દુઃખનું નિમિત્ત છે. તેને દુઃખનું જ કારણ કહ્યું છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ પુણ્યોદયથી દુઃખનું કારણ મળ્યું છે. એ મળ્યાં તો એમાં શું આવ્યું ? પૂર્વના પુણ્ય હતા તો સંયોગ આવ્યા તો તેમાં ધર્મ શું થયો ? ધર્મ તો પોતાનો આશ્રય કરશે તો થશે. પોતાના આશ્રય વિના પરના આશ્રયથી ક્યારેય ધર્મ થતો નથી. સમવસરણમાં ત્રણલોકના નાથની પૂજા પણ અનંતવાર કરી, મણી રત્નના દીવા અને હીરાના થાળ, કલ્પવૃક્ષના ફૂલથી કરી. મહાવિદેહમાં ભગવાન તો કાયમ બિરાજે છે ત્યાં અનંતવાર ગયો તો તેનાથી શું થયું ? એ તો શુભ ભાવ છે.

**પ્રશ્નઃ**- રાગમાં નજીકતો આવે ને ?

**ઉત્તરઃ**- જરી પણ નજીક ન આવે. તેમાં તો દૂર છે તો નજીક ક્યાંથી આવે ? તેને છોડી પોતાના આત્માની નજીક દૃષ્ટિ કરે તો નજીક આવે. આવી વાત છે તેથી લોકોને આકરું પડે છે. પરંતુ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. તેણે સમવરસણમાં તીર્થંકરની વાણી પણ અનંતવાર સાંભળી છે. પરંતુ આત્માનો આશ્રય લીધો નહીં. તો બધું જ ફોગટ છે.

પુણ્ય-પાપ અધિકારની ગાથામાં આવે છે કે- વિદ્વતજનો ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે છે." વિદ્વતજનો નિશ્ચય તજી-ભૂતાર્થ તજી અર્થાત્ ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ છે તેનો આશ્રય છોડી અને વ્યવહારમાં વર્તન કરે છે. વ્યવહાર નામ દયા-દાન-વ્રત-ભક્તિ પરંતુ નિર્વાણ તો નિશ્ચયને આશ્રયે થાય છે. સ્વના આશ્રયે નિર્વાણ થાય છે. પરની ક્રિયાથી નિર્વાણ થતું નથી.

પુણ્ય-પાપ અધિકારની ગાથામાં વિદ્વાનોની વ્યાખ્યા કરી છે. વિદ્વાનો શાસ્ત્રમાંથી આવું કાઢે છે. તે ભૂતાર્થ-સત્યાર્થ આત્માનો આશ્રય છોડીને આવું કરો. આવું કરો. દયા પાળો, વ્રત પાળો, પુણ્ય કરો, બે પાંચ લાખનું દાન કરો, બે-પાંચ મંદિર બંધાવો વગેરે.

જ્યારે નાનાલાલભાઈએ રાજકોટમાં મંદિર બંધાવ્યું ત્યારે ઇંદોરના મુન્નાલાલ પંડિત આવ્યા હતા. તે કહે- શેઠ ! તમે આઠમા ભવે મોક્ષે જશો. શેઠ કહે- એ અમારી માન્યતા નથી. અમારા મહારાજ એમ કહેતા નથી. અને અમે પણ એમ માનતા નથી. મંદિર બંધાવ્યું એ શુભભાવ છે. ... અને એ મંદિર તો તેના કારણે થયું છે. અમારો શુભભાવ હતો તો તે પુણ્ય છે પરંતુ તેના આશ્રયે ભવકટી નહીં થાય એમ પોતે- શેઠ ના પાડતા હતા.

નાનાલાલ કાલિદાસ કરોડપતિ શ્વેતામ્બર હતા. તેઓ શ્વેતામ્બરના પ્રમુખ હતા. પછી દિગમ્બર થઈ ગયા ને ! કરોડપતિ અને ખાનદાન માણસ, ઉદ્ધત નહીં. ત્રણ ભાઈઓમાં તેમની સ્થિતિ બહુ જ સારી. પૈસા એટલા પણ ઘમંડ નહીં. દાન આપે તો પણ તેને ઘમંડ નહીં. બહુ નરમ માણસ હતા. સંવત ૧૯૦૬ની સાલમાં પંચકલ્યાણક હતા ત્યારે બહારથી હિંદી માણસ ઘણું આવ્યું હતું. ત્યારે ઇંદોરથી મુન્નાલાલ પંડિત પણ આવ્યા હતા. ત્યારે વ્યાખ્યાનમાં મોટી સભા થતી. ઓહોહો ! આવું સરસ મંદિર અને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ઉપર સોનાના કળશ ! શેઠ તમારો તો આઠ ભવે મોક્ષ થશે. ત્યારે નાનાલાલભાઈએ ના પાડી કે- ભાઈ ! પરના આશ્રયના ભાવથી સંસારનો નાશ થાય તેમ અમે માનતા નથી.

નાનાલાલભાઈ શ્વેતામ્બરના પ્રમુખ હતા. આઠસો, હજાર ઘર છે શ્વેતામ્બરના તેનાં અગ્રેસર હતા. એ બધું છોડીને આ બાજુ આવી ગયા. લગભગ સાડા ત્રણસો ઘર આ બાજુ આવી ગયા છે. અહીં ( સૌરાષ્ટ્રમાં ) દિગમ્બર હતા જ નહીં. લગભગ સાડા ત્રણસો ઘર શ્વેતામ્બર અને સ્થાનકવાસી મળી દિગમ્બર થયા છે. સાત-આઠ લાખનું તો સમવસરણ-માનસ્થંભ-ધર્મશાળા છે. રતિભાઈ ધીયા ગૃહસ્થ છે અને એ કરોડપતિ છે કદાચ એનાથી વિશેષ છતાં નરમ માણસ.. તે મંત્રી છે.

પંડિત કહે -મોક્ષે જશો. આ કહે- પુણ્ય થશે. લાખ મંદિર બંધાવોને ! તેમાં શું ? એ તો પરની ક્રિયા છે. એ તો પરમાણુંની ક્રિયા છે તેને આત્મા બનાવી શકતો નથી. આત્મા મંદિર બનાવી શકે છે ? આ છવ્વીસ લાખનું ( પરમાગમ ) મંદિર થયું... શું આત્મા તેને કરી શકે છે ? એ રામજીભાઈના પ્રમુખપણા નીચે થયું. વજુભાઈ તો બબ્બે મહિને વાંકાનેર ચાલ્યા જતા હતા. રામજીભાઈ તો અહીંયા કાયમ રહેતા હતા. નિમિત્તથી કથન આવે પરંતુ કોઈએ બનાવ્યું છે એવી ચીજ નથી. ભાવ આવ્યો તે શુભભાવ છે. એ શુભભાવ પણ ભલો નથી એમ કહે છે. કેમ કે શુભભાવ રાગ છે- દુ:ખરૂપ છે.... અને તેનું ફળ શાતા આદિ બંધાય તે પણ દુ:ખરૂપ છે આકુળતા છે. ભગવાન અનાકુળ આનંદનો નાથ પ્રભુ છે, તેનાથી હઠી અને રાગમાં આવવું તે સ્વરૂપથી પતિત થાય છે.

શ્રી જયસેન આચાર્યની ટીકામાં પુણ્ય-પાપ અધિકારની છેલ્લી ગાથામાં આ રીતે લીધું છે. વ્યવહાર રત્નત્રયને પવિત્ર કહેવામાં આવે છે. તે પવિત્રનું નિમિત્ત છે માટે. પરંતુ ખરેખર તો તે પાપ જ છે. ભગવાન આનંદનો નાથ રાગની ક્રિયા વિનાનો નિષ્ક્રિય છે. એ વ્યવહારરત્નત્રયનો રાગ સ્વરૂપથી પતિત થાય છે તો થાય છે. મારગ એવો બાપુ ! એમાં કોઈ માણસની સંખ્યાની જરૂર નથી. ઘણાં માને માટે તે સત્ય છે અને થોડા માને તો અસત્ય છે એવી કોઈ ચીજ નથી. સત્યને એક જ ભલે માને પરંતુ સત્ય તો સત્ય જ છે. સત્યમાં અસત્ય આવશે નહીં.

અહીંયા કહે છે કે- " **કર્મમાં તો ભલું કોઈ નથી, પોતાના મોહને લઈને મિથ્યાદૃષ્ટિ જીવ કર્મને ભલું કરી માને છે.** " અહીં કર્મ લીધું ને તો પેલું કર્મ, કર્મ નીકળ્યુ. એ પહેલાં અંદર કારણ પણ લીધું. પરિણામ લીધા, દેહની ક્રિયા એ બધું લીધું. કર્મને એટલે પુણ્યબંધને કાઢો પણ શુભભાવને નહીં. અરેરે.... ભગવાન શું કહે છે તે તરફ દૃષ્ટિ ન દેતાં, પોતાની દૃષ્ટિથી શાસ્ત્રને ખતવવાં તેમ ન કરવું. શાસ્ત્રનો આશય ક્યો છે તે તરફ દૃષ્ટિ લઈ જવી. પોતાની ( મિથ્યા ) દૃષ્ટિ તરફ શાસ્ત્રને ન લઈ જવું.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**“ પોતાના મોહને લઈને મિથ્યાદૃષ્ટિ જીવ કર્મને ભલું કરીને માને છે. આવી ભેદપ્રતીતિ શુદ્ધ સ્વરૂપનો અનુભવ થયો ત્યારથી જ હોય છે. ”** શું કહે છે? પુણ્ય ભલું છે અને પાપ જૂઠું છે તેવી બેમાં ભેદ પ્રતીતિ, બે જુદા છે તેવી ભેદપ્રતીતિ (અજ્ઞાન છે ત્યાં સુધી છે) શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં, તે બન્ને એકરૂપ છે- તેમાં ભેદ નથી તેમ માને છે. ઉપરોક્ત ભેદ પ્રતીતિ શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં છૂટી જાય છે. તેને હવે ભેદ પ્રતીતિ રહેતી નથી. શુભ હો કે અશુભ હો એ બન્ને બંધનું કારણ છે.. તે બન્ને એકરૂપ છે. શુભ મોટો અને અશુભ નાનો તે ભેદ પ્રતીતિ છે. એ શુદ્ધ સ્વરૂપનો અનુભવ ન હોય ત્યાં સુધી જોવા મળે છે. તેથી એ ભેદનું ભાન થતાં, એ શુભાશુભ મારાથી ભિન્ન છે, હું તેનાથી ભિન્ન છું. એ બેમાં ભેદ છે તેમ નથી. મારાથી એ ચીજ ભિન્ન છે એવી પ્રતીતિ શુદ્ધ સ્વરૂપનો અનુભવ થયા પછી જોવા મળે છે. હું શુભરાગથી પણ ભિન્ન છું અને અશુભરાગથી પણ ભિન્ન છું. શુભરાગથી દુઃખ છે અને અશુભરાગથી પણ દુઃખ છે. આ રીતે પરથી ભિન્નપણું પોતાના સ્વરૂપની પ્રતીતિ થવાથી આવો ભેદ ભાસે છે અને તે ભિન્ન છે તેમ ભાસે છે. સ્વરૂપની દૃષ્ટિ ન હોય ત્યારે અજ્ઞાનીને શુભ ભલું અને અશુભ બુરું એમ ભાસે છે. સમજમાં આવ્યું?

બહુ (આકરી) વાત એટલે પછી લોકો કહે છે ને કે... વ્યવહારનો લોપ કરે છે. પરંતુ તારી પાસે વ્યવહાર પણ ક્યાં છે? વ્યવહાર તો ત્યારે છે કે- જ્યારે આત્માનું જ્ઞાન-આનંદ થયું ત્યારે રાગની મંદતાનો શુભભાવ થયો તેને વ્યવહાર કહેવામાં આવે છે. છતાં જ્ઞાનીનો એ વ્યવહાર પણ બંધનું કારણ છે.

આ સમજાય એવો અધિકાર છે. બપોરે શક્તિનો અધિકાર ચાલે છે તે ગંભીર છે. બન્ને સારી વાત છે. કેટલા માઇલ દૂરથી શેઠિયા આવ્યા છે ને? સહરાનપુર મેરઠથી પણ દૂર છે! દિલ્હીથી દૂર છે!

શુભાશુભ ભાવોની ભિન્નતા, પોતાનાથી બન્ને ભિન્ન એકરૂપ છે એવી પ્રતીતિ શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ થાય ત્યારે એવી દૃષ્ટિ જોવા મળે છે..

**“ એમ જે કહ્યું કે કર્મ એકરૂપ છે, તેના પ્રતિ દૃષ્ટાંત કહે છે. ”** શુભ અને અશુભ બન્ને એકરૂપ છે, પુણ્ય ને પાપ બન્ને એકરૂપ છે તેનું દૃષ્ટાંત કહે છે.

## પ્રવચન નં. ૯૭ તા. ૧૭-૯- ’૭૭

આજ પર્યુષણનો પ્રથમ દિવસ ઉત્તમ ક્ષમા. ઉત્તમ ક્ષમા તેને કહે છે કે જેને આત્માનો અનુભવ થયો હોય. સમ્યગ્દર્શન વિનાની ક્ષમા તે ઉત્તમ ક્ષમા નહીં લોકો દૃષ્ટાંત આપે કે- આણે ક્ષમા આપી તેણે ક્ષમા આપી. એવા દાખલા ઘણા આવે છે એ ક્ષમા નહીં.

ઉત્તમ ક્ષમા તેને કહે છે કે-પોતાનામાં પોતાના આનંદ સ્વરૂપ ભગવાન (તેની

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દૃષ્ટિ કરવી. ) ગઈકાલે બહેનના શબ્દોમાં કહ્યું હતું કે- જાગૃત જીવ ધ્રુવ અંદર ઊભો છે તેની અંતર દૃષ્ટિ કરી પૂર્ણાનંદનો સ્વીકાર, સત્કાર અને તે સ્વભાવનો આદર કરવો તેનું નામ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વિનાની ક્ષમા તેને ક્ષમા ગણવામાં આવતી નથી. કોઈ અલ્પ ક્રોધાદિ કરે તો તે શુભભાવ છે, તેનાથી પુણ્ય બંધાય પણ તે ઉત્તમ ક્ષમા નહીં.

ઉત્તમક્ષમા પોતાના આનંદના અનુભવપૂર્વકની છે. તેમાં દેવ, મનુષ્ય, પશુ અને અચેતનકૃત- આ ચારકૃત કોઈ પણ પ્રતિકૂળતા આવી જાય તો ત્યાં જ્ઞાતા-દૃષ્ટાપણે રહેવું અને વિકલ્પ ઉઠાવવો નહીં તેનું નામ ઉત્તમક્ષમા છે. આવી ઉત્તમ ક્ષમા એક સમય પણ કરે તો તેને આત્મજ્ઞાન અને ધરમ કહેવામાં આવે છે...., પરંતુ આ ક્ષમા.... સમજમાં આવ્યું ?

પોતાનો દોષ ન હોય અને કોઈ પ્રતિકૂળ શબ્દ કહે તો જાણવું કે- મારામાં દોષ છે. અને તે કહે છે. જો મારામાં દોષ નથી અને કહે છે તો તે અજાણ છે. તેને દોષ નથી તે ખબર નથી મારામાં દોષ છે અને તે કહે છે. તો તો બરાબર છે. અને મારામાં દોષ ન હોય અને કહે છે તે બાળક છે-અજ્ઞાની છે, તેને ખબર નથી.

કોઈ કટૂ વચન કહે તો એમ જાણવું કે તે મને મારતા તો નથી ને ! મારે તો એમ જાણવું કે- તે મારો વધ તો નથી કરતાને ! વધ કરે તો એમ જાણવું કે તે મારા આત્માના ધર્મનો ઘાત તો નથી કરતાને ! આનું નામ ઉત્તમ ક્ષમા છે. એક પણ બોલ જો યથાર્થ સમજવામાં આવે તો આખી ચીજ સમજમાં આવી જાય.

ભગવાન આત્મા જાગતી જ્યોત ચૈતન્યબિંબ પ્રભુ છે. તેમાં તો પૂર્ણ અકષાય સ્વભાવ ભર્યો છે. આવો પરમાનંદનો નાથ બાદશાહ પરમાત્મા ! જે પરમાત્મ સ્વરૂપ છે તેનો જેને અંતરમાં દૃષ્ટિમાં સ્વીકાર થયો તેનું નામ અનુભવ અને સમ્યગ્દર્શન છે.

સમ્યગ્દર્શન સહિત જે ક્ષમા હોય તે ક્ષમા. શ્વેતામ્બરમાં જૈન સંદેશમાં ક્ષમાનું લખ્યું છે. તેમાં બધા દાખલા અન્યમતિના આપ્યા છે. ઈસુ ખ્રિસ્તે ક્ષમા કરી, મહમદે ક્ષમા કરી. સ્વામીનારાયણમાં યોગીરાજે આવી ક્ષમા કરી. એને તો હજુ આત્મજ્ઞાન શું ચીજ છે તેની ખબર નથી તો ક્ષમા ક્યાંથી આવી ?

જ્યારે મુનિઓને ઘાણીમાં પિલ્યા ત્યારે તે મુનિઓ તો આનંદ સ્વરૂપમાં રમતા હતા. તેને ઘાણીમાં પિલ્યા તેનો ખ્યાલ પણ ન હતો અને તે પ્રતિકૂળતામાં દ્વેષનો અંશ પણ ન હતો અને અનુકૂળતાનો ગંજ હો... તો પણ રતિનો-રાગનો જીવને અભાવ છે. અને પોતાના સ્વરૂપમાં શાંતિથી.... આનંદથી રહે છે તેનું નામ ઉત્તમક્ષમા કહે છે.

આ દેશ માટે મરી જાય તે ક્ષમા નહીં. દીકરા શહીદ થાય તે ક્ષમા નહીં. ભાઈ તને ક્ષમાની ખબર નથી. જ્યાં ( પરને ) પોતાનો દેશ માને છે તે જ મિથ્યાત્વભાવ છે. એને ( મારે ) એ સહન કરે તે ક્ષમા નહીં. આવો મારગ છે બાપુ !

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સર્વ જીવો પરમાત્મ સ્વરૂપ, ભગવંત સ્વરૂપ છે. કોઈ પ્રાણી પ્રત્યે રાગદ્વેષ થાય છે એ રાગદ્વેષ તેનું સ્વરૂપ નહીં. પોતાનું એ સ્વરૂપ નથી તો તેને પણ ચૈતન્ય સ્વરૂપ આનંદ કંદ છે તેમ દેખે છે. તો કોની ઉપર દ્વેષ કરવો ?

ભગવાન આત્મા ચિદાનંદ સ્વરૂપે... જ્ઞાયક સ્વરૂપે બિરાજમાન છે. બધા આત્માઓ ભગવત્ સ્વરૂપે છે. પર્યાયમાં એક સમયની ભૂલ છે. તે તો એક સમયની ભૂલ છે. નિગોદથી લઈને અનંતપ્રાણીઓ મિથ્યાદૃષ્ટિ છે તે એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એક સમયની ભૂલ છે. બાકી તો આખી ચીજ ભગવાન છે. ભગવાનદાસજી! અહીં તો ભગવાન કહે છે.

**શ્રોતાઃ-** એક સમયની ભૂલ બાકીનો ભગવાન !

**ઉત્તરઃ-** એક સમયની ભૂલ તેમાં ચોરાશીના અવતાર થયા.

એક સમયની ભૂલ તેવી પર્યાયની પાછળ ભગવત્ સ્વરૂપ પરમાત્મા બિરાજે છે તેમાં ભૂલનો તો અભાવ છે અને પર્યાયનો અભાવ છે. ભૂલનો તો અભાવ પરંતુ વર્તમાન જે પર્યાય છે જ્ઞાનાદિની ક્ષયોપશમ અવસ્થા તેનો પણ તેમાં અભાવ છે. આવી ચીજને શ્રદ્ધા-જ્ઞાનમાં લઈને ( પરિણમવું તે ક્ષમા છે. )

અહીં તો એમ કહે છે કે- પ્રતિકૂળતા આવે તો જરા દ્વેષ થઈ જાય. પછી તેને જીતવો તે પરિષહ નહીં. પરિષહની વ્યાખ્યા તો-પ્રતિકૂળતાના કાળમાં આનંદની પર્યાય ઉત્પન્ન કરવી તે ક્ષમા છે પ્રતિકૂળતાનો વિકલ્પ આવ્યો અને તેને જીતવો તે પરિષહની વ્યાખ્યા જ નથી. પરિ નામ સમસ્ત પ્રકારે સહન કરવાનો અર્થ જ્ઞાતાદૃષ્ટાપણે જાણવું. પરમાત્મા ભગવત્ સ્વરૂપ છે તો કોણ રાગી છે ? કોણ દ્વેષી છે ? આવી દૃષ્ટિ કરવી... અને આવી દૃષ્ટિ સહિત શાંતિ ક્ષમા કરવી તે ઉત્તમ ક્ષમા છે. લ્યો ! આ પહેલો દિવસ થયો હવે આ ગાથા લઈ લઈએ.

कोहेण जो ण तप्पदि सुरणरतिरिएहिं कीरमाणे वि।
उवसग्गे वि रउद्दे तस्स खमा णिम्मला होदि।।

જો મુનિ દેવ, મનુષ્ય, તિર્યંચ ને અચેતન આદિથી રૌદ્ર ભયાનક ઘોર ઉપસર્ગ કરવા છતાં પણ તપ્તાયમાન નથી થતો.

“ બહુ ઉપસર્ગ કર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં
એ.. વંદે ચક્રી તથાપિ ન મળે માન જો... ”

ચક્રવર્તી છ ખંડનો ધણી, છન્નુ હજાર રાણીનો ધણી સાહેબો એ વંદન કરે તો પણ જેને માન ન મળે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



"દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં, છો પ્રબળ સિદ્ધિ નિધાન જો...
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે,
ક્યારે થઈશું બાહ્યાન્તર નિર્ગ્રંથ જો."

આ પદ રાજચંદ્રજીએ બનાવ્યું છે. આહાહા! દિગમ્બર મુનિ બાહ્ય ને અભ્યન્તર નિર્ગ્રન્થ છે. અંતરમાં વિકલ્પ નહીં અને બહારમાં વસ્ત્રનો ટૂકડો નહીં. આહાહા! આવી દશા ઉત્તમ ક્ષમાવંત પ્રાણીની હોય છે. અહીં ઉત્તમ ક્ષમામાં તો મુનિને ગણ્યા છે ને!

**શ્રોતાઃ-** દશ ધર્મ એ મુનિ ધર્મ છે.

**ઉત્તરઃ-** એ મુનિ ધર્મ છે. દિગમ્બરમાં ક્ષમા આદિથી લીધા છે. તે ધર્મ પાંચમથી ચૌદશ સુધી લીધું છે. તે યથાર્થ છે. કેમ કે કોઈપણ પંચકલ્યાણક કરીએ છીએ તો તેનો જન્મ દિન થયા પછી તેના આઠ દિવસ કલ્યાણક કરીએ છીએ.

રૌદ્ર-ભયાનક ઉપસર્ગ કરવા છતાં પણ ક્રોધ થતો નથી તે મુનિને નિર્મળ ક્ષમા હોય છે.

* * *

(મંદાક્રાન્તા)

एको दूरात्त्यजति मदिरां ब्राह्मणत्वाभिमाना-
दन्यः शूद्रः स्वयमहमिति स्नाति नित्यं तयैव।
द्वावप्येतौ युगपदुदरान्निर्गतौ शूद्रिकायाः
शूद्रौ साक्षादपि च चरतो जातिभेदभ्रमेण।।२-१०१।।

**ખંડાન્વય સહિત અર્થઃ-** " द्वौ अपि एतौ साक्षात् शूद्रौ " ( द्वौ अपि ) વિદ્યમાન બંને ( एतौ ) એવા છે- ( साक्षात् ) નિઃસંદેહપણે ( शूद्रौ ) બંને ચંડાળ છે. શાથી? " शूद्रिकायाः उदरात् युगपत् निर्गतौ " કારણ કે ( शूद्रिकायाः उदरात् ) ચંડાલણીના પેટથી ( युगपत् निर्गतौ ) એકીસાથે જન્મ્યા છે. ભાવાર્થ આમ છે કે- કોઈ ચંડાલણીએ યુગલ બે પુત્ર એકીસાથે જણ્યા; કર્મોના યોગથી એક પુત્ર બ્રાહ્મણનો પ્રતિપાલિત થયો, તે તો બ્રાહ્મણની ક્રિયા કરવા લાગ્યો; બીજો પુત્ર ચંડાલણીનો પ્રતિપાલિત થયો, તે તો ચંડાળની ક્રિયા કરવા લાગ્યો. હવે જો બંનેના વંશની ઉત્પત્તિ વિચારીએ તો બંને ચંડાળ છે. તેવી રીતે કોઈ જીવો દયા, વ્રત, શીલ, સંયમમાં મગ્ન છે, તેમને શુભકર્મ બંધ પણ થાય છે; કોઈ જીવો હિંસા-વિષય-કષાયમાં મગ્ન છે, તેમને પાપબંધ પણ થાય છે. તે બંને પોતપોતાની ક્રિયામાં મગ્ન છે, મિથ્યા દૃષ્ટિથી એમ માને છે કે શુભકર્મ ભલું, અશુભકર્મ બૂરું;

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

તેથી આવા બંને જીવો મિથ્યાદૃષ્ટિ છે, બંને જીવો કર્મબંધકરણશીલ છે. કેવા છે તેઓ? "अथ च जातिभेदभ्रमेण चरत:" (अथ च) બંને ચંડાળ છે તોપણ (जातिभेद) જાતિભેદ અર્થાત્ બ્રાહ્મણ-શૂદ્ર એવા વર્ણભેદ તે-રૂપ છે (भ्रमेण) ભ્રમ અર્થાત્ પરમાર્થશૂન્ય અભિમાનમાત્ર, તે-રૂપે (चरत:) પ્રવર્તે છે. કેવો છે જાતિભેદભ્રમ? "एक: मदिरां दूरात् त्यजति" (एक:) ચંડાલણીના પેટે ઊપજ્યો છે પરંતુ પ્રતિપાલિત બ્રાહ્મણના ઘરે થયો છે એવો જે છે તે (मदिरां) સુરાપાનનો (दूरात् त्यजति) અત્યંત ત્યાગ કરે છે, અડતો પણ નથી, નામ પણ લેતો નથી, -એવો વિરક્ત છે. શા કારણથી? "ब्राह्मणत्वाभिमानात्" (ब्राह्मणत्व) 'હું બ્રાહ્મણ' એવો સંસ્કાર, તેના (अभिमानात्) પક્ષપાતથી. ભાવાર્થ આમ છે કે- શૂદ્રાણીના પેટે ઊપજ્યો છું એવા મર્મને જાણતો નથી, 'હું બ્રાહ્મણ, મારા કુળમાં મદિરા નિષિદ્ધ છે' એમ જાણીને મદિરા છોડી છે તે પણ વિચારતાં ચંડાળ છે; તેવી રીતે કોઈ જીવ શુભોપયોગી થતો થકો-યતિક્રિયામાં મગ્ન થતો થકો-શુદ્ધોપયોગને જાણતો નથી, કેવળ યતિક્રિયામાત્ર મગ્ન છે, તે જીવ એવું માને છે કે 'હું તો મુનીશ્વર, અમને વિષયકષાયસામગ્રી નિષિદ્ધ છે' એમ જાણીને વિષયકષાય સામગ્રીને છોડે છે, પોતાને ધન્યપણું માને છે, મોક્ષમાર્ગ માને છે, પરંતુ વિચાર કરતાં એવો જીવ મિથ્યાદૃષ્ટિ છે, કર્મબંધને કરે છે, કાંઈ ભલાપણું તો નથી. "अन्य: तया एव नित्यं स्नाति" (अन्य:) શૂદ્રાણીના પેટે ઊપજ્યો છે, શૂદ્રનો પ્રતિપાલિત થયો છે, એવો જીવ (तया) મદિરાથી (एव) અવશ્યમેવ (नित्यं स्नाति) નિત્ય સ્નાન કરે છે અર્થાત્ તેને અતિ મગ્નપણે પીએ છે. શું જાણીને પીએ છે? "स्वयं शूद्र: इति" 'હું શૂદ્ર, અમારા કુળમાં મદિરા યોગ્ય છે' એવું જાણીને. આવો જીવ, વિચાર કરતાં, ચંડાળ છે. ભાવાર્થ આમ છે કે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ અશુભોપયોગી છે, ગૃહસ્થક્રિયામાં રત છે- 'અમે ગૃહસ્થ, મને વિષય-કષાય ક્રિયા યોગ્ય છે' એવું જાણીને વિષય-કષાય સેવે છે તે જીવ પણ મિથ્યાદૃષ્ટિ છે, કર્મબંધ કરે છે, કેમ કે કર્મજનિત પર્યાયમાત્રને પોતારૂપ જાણે છે, જીવના શુદ્ધ સ્વરૂપનો અનુભવ નથી. ૨-૧૦૧.

## કલશ - ૧૦૧ : ઉપર પ્રવચન

આપણો ચાલતો અધિકાર. ૧૦૦ કળશ ચાલ્યાને! ઉત્તમ ક્ષમાના દિવસે ૧૦૧ કળશ આવ્યો. સો ઉપર એક.

**"द्रौ अपि एतौ साक्षात् शूद्रौ વિદ્યમાન બન્ને એવા છે- નિ: સંદેહપણે બન્ને ચંડાળ છે."** ચંડાલણીને એક સાથે બે પુત્ર જન્મ્યા, એક સાથે એ વિશેષતા છે. પહેલાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને પછી એમ નહીં. અહીં પુણ્ય-પાપમાં લગાવવું છે ને!

**શાથી? "शूद्रिकाया: उदरात् युगपत् निर्गतौ" કારણ કે ચંડાલણીના પેટથી એકી સાથે જન્મ્યા છે. ભાવાર્થ આમ છે કે કોઈ ચંડાલણીએ યુગલ બે પુત્ર એકી સાથે જણ્યા; કર્મોના યોગથી એક પુત્ર બ્રાહ્મણનો પ્રતિપાલિત થયો, તે તો બ્રાહ્મણની ક્રિયા કરવા લાગ્યો;"** બ્રાહ્મણનો પ્રતિપાલિત થયો, તે તો બ્રાહ્મણની ક્રિયા કરવા લાગ્યો;" બ્રાહ્મણને કોઈ પુત્ર ન હતો. તો ચંડાલણીનો પુત્ર લઈ ગયા અને તે બ્રાહ્મણને ત્યાં ઉછર્યો. અને તે બ્રાહ્મણની ક્રિયા કરવા લાગ્યો છે. તો ચંડાલણીનો પુત્ર પણ તે બ્રાહ્મણને ત્યાં ગયો તો બ્રાહ્મણની ક્રિયા કરવા લાગ્યો.

**બીજો પુત્ર ચંડાલણીનો પ્રતિપાલિત થયો, તે તો ચંડાળની ક્રિયા કરવા લાગ્યો." "હવે જો બંનેની ઉત્પત્તિ વિચારીએ તો બંને ચંડાળ છે."** આ તો દૃષ્ટાંત થયું. પર્યુષણના પહેલે દિવસે જ આવો અધિકાર આવ્યો.

**"તેવી રીતે કોઈ જીવ દયા, વ્રત, શીલ, સંયમમાં મગ્ન છે"**, કોઈ જીવ દયા પાળે છે.- વ્રત પાળે છે. શીલ શરીરથી બ્રહ્મચર્ય પાળે છે. સંયમ નામ ઈન્દ્રિય દમન કરે છે. અને તેમાં મગ્ન છે. આ રીતે શુભભાવમાં મગ્ન છે.

આહાહા! જેમ તે બ્રાહ્મણના ઘરે ગયો તો તે બ્રાહ્મણની ક્રિયા કરવા લાગ્યો.... તેમ શુભભાવવાળો વ્રત-તપ સંયમ આદિની ક્રિયા કરે છે. છે તો એ પણ વિભાવ એ ચંડાલણીનો પુત્ર છે. આહાહા! ગજબ વાત છે ને!

**"તેવી રીતે કોઈ જીવો દયા, વ્રત, શીલ, સંયમમાં મગ્ન છે, તેમને શુભકર્મ બંધ પણ થાય છે;"** આ કારણે તેમને પુણ્યબંધ હો! **"કોઈ જીવો હિંસા-વિષય-કષાયમાં મગ્ન છે,"** જે ચંડાલણીના ઘરે રહ્યો તે ચંડાલણીના કર્તવ્યમાં મગ્ન છે. **"તેમને પાપ બંધ પણ થાય છે." તે બન્ને પોતપોતાની ક્રિયામાં મગ્ન છે, "મિથ્યા દૃષ્ટિથી એમ માને છે કે શુભકર્મ ભલું, અશુભકર્મ બુરું;"** આ દયા-દાન-વ્રત-પૂજા તેનાથી પુણ્યબંધ થાય છે, તે ભલું છે. એ ભાવ ભલો છે તેમ માનવાવાળો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! આકરી વાત છે. ભાઈ! બન્ને ચંડાલણીના પેટમાંથી એક સાથે ઉત્પન્ન થયા છે. બધું વિભાવમાંથી ઉત્પન્ન થયું છે માટે બન્ને વિભાવ છે.

દયા-દાન-વ્રત-શીલ-સંયમ એ વિભાવ છે અને આ હિંસા-જૂઠું-વિષય-કષાયના ભાવ પણ વિભાવ છે. **"બન્ને જીવો કર્મબંધકરણશીલ છે."** બન્નેને અર્થાત્ જે વ્રત-નિયમને પાળવાવાળો અને તપને કરવાવાળે અને હિંસા-જૂઠું તે બન્ને કર્મબંધન છે. અત્યારે આ મોટી તકરાર ચાલે છે. શુભજોગ મોક્ષનો માર્ગ છે. અહીં કહે છે- શુભજોગ તો ચંડાલણીનો પુત્ર છે ને! વિભાવનો પુત્ર છે ને! ભગવાન આનંદ સ્વભાવ સચ્ચિદાનંદ પ્રભુ તેની એ પ્રજા નહીં આહાહા! એ તો ચંડાલણી વિભાવની દશાના બન્ને પુત્ર છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમજમાં આવ્યું ? એ...! હજુ સમ્યગ્દર્શનની ખબર ન પડે! સમ્યગ્દૃષ્ટિ તો શુભભાવ અને અશુભભાવ બન્નેને બંધ માને છે. તેને ધર્મ ને ધર્મનું કારણ માનતા જ નથી. આ તો સાદી ભાષા છે. બપોરના જરા કઠણ-( ઝીણું ) છે. પરંતુ ધ્યાન રાખે તો એ પણ સમજાય એવું છે. એ શક્તિનું વર્ણન છે અને આ તો ચાલુ અધિકાર છે.

અહીં કહે છે કે- વ્રત-તપ-નિયમ-શીલ-સંયમનો પાળવાવાળો પુણ્યબંધ કરે છે. હિંસા-જૂઠું-વિષય સેવવાવાળા પાપબંધ કરે છે. પરંતુ બન્ને બંધકરણશીલ છે. બન્ને બંધના કારણ છે. બન્નેમાં કોઈ ધર્મ છે સ્વભાવ છે તેમ છે નહીં.

ભગવાન આનંદનો નાથ એવો જે સ્વભાવ એ સ્વભાવમાંથી શુદ્ધતા પ્રગટ હો એ ધર્મ છે. ચૈતન્ય સ્વભાવ જ્ઞાતાદૃષ્ટા છે. ચૈતન્યભાવથી, ચૈતન્ય સ્વભાવથી ધ્રુવપણે ભરેલો ભગવાન છે તેનો આશ્રય લેવાથી જે કોઈ શુદ્ધભાવ ઉત્પન્ન થાય છે તે ધર્મ છે. આ શુદ્ધભાવ પુણ્ય-પાપના ભાવથી રહિત છે, અને પર્યાયમાં જે આનંદનો સ્વાદ આવે છે. તેનાથી પુણ્ય-પાપનો સ્વાદ કલુષિત અને આકુલિત છે. એ વ્રત નિયમ આદિનો ભાવ આકુલિત છે. આ વાત લોકોને આકરી પડે. સમજમાં આવ્યું ? બહારમાં બધે ભાષણ કરે. પછી આવું જ કરે ને ? વ્રત પાળો ને તપ કરો તો ધર્મ થશે ! ધૂળમાંય ધર્મ નથી.

જે કંજુસ હોય તે દાન ન કરે. બાકી બીજા તો દાન કરે છે, એ દાન કરે છે એમાં એ શુભ છે. એ ચંડાલણીનો પુત્ર છે. ગજબવાત છે ને પ્રભુ ! ચૈતન્ય ચમત્કારથી ભરેલો ભગવાન એ તરફનું લક્ષ અને આશ્રય નહીં અને આ પુણ્ય-પાપના ભાવોનો આશ્રય એ બંધનું કારણ છે.

**“ કેવા છે તેઓ ? “ अथ च जातिभेदभ्रमेण चरतः ” બંને ચંડાળ છે. તો પણ જાતિભેદ અર્થાત્ બ્રાહ્મણ -શુદ્ર એવા વર્ણભેદ તે રૂપ છે ભ્રમ ”** છે તો બન્ને ચંડાળના પુત્ર પરંતુ વર્ણભેદ કરે છે કે અમે બ્રાહ્મણ છીએ અને પેલો કહે અમે શુદ્ર-ચાંડાળ છીએ.

**“ પરમાર્થ શૂન્ય અભિમાનમાત્ર તે-રૂપે પ્રવર્તે છે. ”** પરમાર્થથી તો શૂન્ય છે અને તેને અભિમાન માત્ર છે. હું બ્રાહ્મણ અને હું શુદ્ર તે રૂપથી પ્રવર્તે છે. **“ કેવો છે જાતિ ભેદ ભ્રમ ? “ एकः मदिरा दूरातं व्यजति ” ચંડાલણીના પેટે ઉપજ્યો છે પરંતુ પ્રતિપાલિત બ્રાહ્મણ ના ઘરે થયો છે એવો જે છે તે ”** જે બ્રાહ્મણના ઘરે ઉછર્યો છે તે મદિરાને જોઈને ના.. ના... ના અમને નહીં. અમે અડશું નહીં. દારૂને અડશું નહીં. ચંડાલણીના પેટે ઉપજ્યો છે અને પ્રતિપાલ બ્રાહ્મણના ઘરે થયો છે એવો જે છે તે મદિરાપાનને અત્યંત વર્જે છે. તેને તે અડતો પણ નથી, તેનું નામ પણ લેતો નથી. જુઓ છે પાઠમાં ? તે મદિરાનું નામ પણ લેતો નથી. **તે સુરાપાનનો અત્યંત ત્યાગ કરે છે, તે અડતો પણ નથી, નામ પણ લેતો નથી. એવો વિરક્ત છે. શા કારણથી ?**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'ब्राह्मण त्वाभिमानात्' હું બ્રાહ્મણ' એવો સંસ્કાર તેના પક્ષપાતથી"** અમારા સંસ્કાર આવા છે તેવા પક્ષપાતથી અભિમાની છે.

"**ભાવાર્થ આમ છે કે-શૂદ્રાણીના પેટે ઊપજ્યો છું એવા મર્મને જાણતો નથી,**" હું ચંડાલણીના પેટેથી જન્મ્યો છું એવા મર્મને તો તે જાણતો નથી. અને હું બ્રાહ્મણ છું તેમ માને છે. ગજબ વાત છે. "**હું બ્રાહ્મણ, મારા કુળમાં મદિરા નિષિદ્ધ છે' એમ જાણીને મદિરા છોડી છે તે પણ વિચારતાં ચંડાળ છે;**" હવે સિદ્ધાંત આવ્યો.

**તેવી રીતે કોઈ જીવ શુભોપયોગી થતો થકો-યતિક્રિયામાં મગ્ન થતો થકો - શુદ્ધોપયોગને જાણતો નથી.** શુભોપયોગી થયો છે તે હવે પ્રશ્ન કરે છે... કે શુભોપયોગ તે મોક્ષનો માર્ગ છે. અરેરે...! પ્રભુ તું આ શું કરે છે? ભાઈ? તારા ભગવાન સ્વરૂપમાં સ્વભાવ પડયો છે એ સ્વભાવ સામું દેખે નહીં અને વિભાવ સામું જુએ છે. આહાહા! તને સ્વભાવની મહિમા આવી નથી નાથ! તું તો પ્રભુ પરમાત્મ સ્વરૂપે છો ને! અતીન્દ્રિય આનંદનો નાથ! તારા સ્વભાવમાં વિભાવનો અભાવ છે. એ વિભાવના અભાવને દેખતો નથી અને વિભાવને દેખે છે.

"**શુભોપયોગી થતો થકો-યતિ ક્રિયામાં મગ્ન થતો થકો-શુદ્ધોપયોગને જાણતો નથી.**" સાધુની ક્રિયા, અઠ્ઠાવીસ મૂળગુણ, પાંચ મહાવ્રત અને વ્યવહાર સમિતિ-ગુપ્તિમાં મગ્ન છે. તે શુદ્ધોપયોગને જાણતો નથી કે- મારી ચીજ તો આનંદનો નાથ પ્રભુ શુદ્ધોપયોગ છે અને તે જ જાણવામાં આવે છે, પરંતુ તેને તો જાણતો નથી. કહો.. આ તો સમજાય એવી વાત છે. બપોરે વ્યાખ્યાનમાં ધ્યાન રાખે તો પકડાય એવું છે. બપોરના શક્તિનું વર્ણન ચાલે છે ને! વસ્તુનું તત્ત્વ જ એવું છે. દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેય શુદ્ધ છે. શુદ્ધ ક્રિયાથી અંદર પરિણમન કરે છે. તે શુદ્ધ છે તેની સંધિ કરવી ઘણી જ કઠણ છે. જ્યારે આ અધિકારમાં તો સાદી ભાષા છે. મુનિ થઈને વ્રત પાળે છે અને યતિક્રિયા કરે છે. તે પાંચ મહાવ્રત, સમિતિ અને ગુપ્તિમાં મગ્ન રહે છે.

"**તે જીવ એવું માને છે કે- હું તો મુનિશ્વર**" જે કેવળ યતિક્રિયામાત્રમાં મગ્ન છે એવો જીવ માને છે કે-હું તો મુનિશ્વર છું. "**અમને વિષય કષાય સામગ્રી નિષિદ્ધ છે.**" વિષય કષાય અમને ન ખપે. તો શું થયું? વિષય કષાય ખપે નહીં એ તો શુભભાવ છે. જેમ બ્રાહ્મણના ઘરે બ્રાહ્મણ થયેલો તે ચંડાલણીનો પુત્ર કહે- મને દારૂ ખપે નહીં, તેમ શુભોપયોગમાં આવવાળો અજ્ઞાની કહે- મને વિષય-કષાય ખપે નહીં. વિષય કષાય ખપે નહીં તે તારો ભાવ તો શુભભાવ છે. તેમાં કોઈ ધર્મ નથી. શાસ્ત્રમાં છે કે નહીં?

ટોડરમલજીએ મોક્ષમાર્ગ પ્રકાશમાં કાઢયું છે તે આમાંથી જ કાઢયું છે. આ રાજમલજીની કળશટીકામાંથી જ સમયસાર નાટક બનાવ્યું છે. હવે એ લોકો કહે છે કે- ટોડરમલ અને બનારસીદાસ અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા હતા. પ્રભુ! આ શું કહે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે... ! તને શોભે નહીં નાથ !

**શ્રોતાઃ-** અધ્યાત્મની ભાંગ કેવી રીતે થાય ?

**ઉત્તરઃ-** આહાહા ! તેણે અધ્યાત્મને ભાંગ કહી દીધી. કેમ કે તેને આ વાણી રુચિ નહીં. આહાહા ! શુભોપયોગની બધી જ ક્રિયા બંધનું કારણ છે. એ પંચમહાવ્રત કરો, ઉપવાસ કરો. મહિના મહિનાના, બબ્બે મહિનાના અને જાવ્વજીવ (આખી જિંદગી) ચૌવીહાર-રાત્રિનો આહાર ન કરે એ બધો તો શુભભાવ છે. તેમાં ધર્મ ક્યાં આવ્યો ?

અહીંયા કહે છે કે- જેમ બ્રાહ્મણના ઘરે ઉછર્યો છે જે ચંડાલણીનો પુત્ર તે એમ માને કે મને મદિરા ન ખપે. એમ શુભોપયોગી મુનિઓ-અજ્ઞાની એમ માને છે કે- અમારે વિષય કષાય ન ખપે. પરંતુ તેમાં શું આવ્યું ? અંદર જઇને આ બધા ભાષણ કર્યાં તેમાં બધાએ માર્યા હશે ગોટા... ! એની બહેનને લઈને હળવે હળવે આવ્યાં અરે બાપુ ! તારો ધર્મ જુદી ચીજ છે. એ.... અંદર મોટો ધ્રુવ ધણી પડયો છે ને...

**" ધીંગ ધણી માથે કીયો, કોણ ગંજે નર ખેત. "** જેણે ધ્રુવઆત્મા આનંદકંદ પ્રભુ દૃષ્ટિમાં ધીંગધણી ધાર્યો-કોણ ગંજે નરખેત ? આ જગતમાં હવે તેને નુકશાન કરવા વાળી કોણ ચીજ છે ?

અહીં કહે છે કે- જે જીવ એવું માને છે કે-હું તો મુનિશ્વર, અમને વિષય-કષાય સામગ્રી નિષેધ્ય છે એમ જાણી વિષય-કષાય સામગ્રીને છોડે છે. જુઓ ! તે સ્ત્રી અને કુટુંબને અને આહાર- પાણી-વેપાર- ધંધાને છોડે છે. અમારે આ ખપે નહીં. અમારે આ ખપે નહીં. આહાહા ! ગજબ વાત છે. આજે તો બરોબર ઉત્તમ ક્ષમાનો પહેલો દિવસ આવ્યો ને ! ભાઈ- એ શુભોપયોગની ક્રિયા તે ચંડાલણીના પુત્રની જેમ છે. એમ આ શુભભાવ વિભાવનો પુત્ર છે તે સ્વભાવની પ્રજા નહીં. તારો સ્વભાવ તો આનંદનો નાથ છે તેથી તારી પ્રજામાં તો પ્રભુ આનંદની દશા ઉત્પન્ન થાય.. એ તારી પ્રજા છે. વિભાવની પ્રજા એ તારી પ્રજા નહીં.

**શ્રોતાઃ-** આજે તો સંવત્સરી છે.

**ઉત્તરઃ-** આજે સંવત્સરી નથી. શ્વેતામ્બરની સંવત્સરી છે. રામવિજય સિવાયના છે તેની સંવત્સરી ગઈકાલે ગઈ. રામવિજયવાળાની સંવત્સરી આજે છે. અમે જ્યારે જામનગર ગયા હતા ત્યારે રામવિજયે ૨૦-૨૫ માણસોને અમારી પાસે મોકલ્યા તે કહે કે- તમે આ વ્રત ને તપ ને પૂજાને ભક્તિનો નિષેધ કરો છો અને એ ધર્મ નહીં એમ કહો છો નુકશાન ઘણું થશે. આપણે ચર્ચા કરીએ. મેં કહ્યું- અમે કોઈની સાથે ચર્ચા કરતા નથી. આ વ્રત કરો, જાવ્વજીવ બ્રહ્મચર્ય પાળો, બાલ બ્રહ્મચારીપણે રહે. એ બધો તો શુભભાવ છે, તે કોઈ ધર્મ નથી. એમ પાંચમહાવ્રતનું પાલન એ શુભરાગ છે, તે આકુળતાનું કારણ છે, તે દુઃખ છે. સુખ નહીં. એ ભાઈ ! આ જુદી વાત સાંભળવા અહીં રહ્યા છે. એટલું સારું કર્યું ! એ માટે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રહ્યા છે. મારગ આ છે બાપુ!

અરે... જિનવરનો મારગ વીતરાગભાવે ઉત્પન્ન થાય છે. શુભભાવ એ તો રાગભાવ છે ને પ્રભુ! એ રાગમાં મગ્ન થવાવાળા માને છે કે- અમે મુનિ છીએ. તે પંચમહાવ્રત પાળે છે.... અમારે વિષય-કષાય ખપે નહીં. આહાહા! અમારા માટે જે આહાર-પાણી બનાવ્યા હોય તે ખપે નહીં. એવું માનનાર શુભજોગમાં ધર્મ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. અત્યારે તો ખુલ્લે ખુલ્લા ચોકકા કરીને આહાર લ્યે છે ને!

અમારા સંપ્રદાયના ગુરુ હતા. તે ઘણાં જ શાંત હતા અને કષાય મંદ હતો. પરંતુ તેની દૃષ્ટિ વિપરીત હતી. બાહ્યમાં એટલી કડક ક્રિયા, ચોખ્ખી પાળતા, નાનું ગામ હોય, પાંચ-સાત ઘર હોય ત્યાં વહેલાં ન જાય. નવ- સાડા નવ વાગ્યા બાદ ગામમાં જાય. કેમ કે વહેલાં જાય તો અમારા માટે રસોઈ બનાવશે! અથવા રસોઈ બનતી હોય તેમાં થોડા ભાત, રોટલીમાં આટો નાખશે તેથી પહેલાં ન જતાં. જંગલમાં રહે, ગામ બહાર બેસે. પછી નવ સાડાનવનો ટાઈમ થઈ જાય, દાળ- ભાત બની ગયા હોય અને રોટલીની તૈયારી થતી હોય ત્યારે જાય. નિર્દોષ આહાર લ્યે. તેમના માટે બનાવેલો આહાર બિલકુલ ન લ્યે. પાણીનું બિંદુ તેમના માટે બનાવ્યું હોય તો તે ન લ્યે. એક બિંદુમાં અસંખ્ય જીવ છે. જે અમારા માટે બનાવ્યું હોય તે અમને ન ખપે. તે અમને ન કલ્પે. આવી સખત ( કડક ) ક્રિયા હતી.

બપોરે વ્યાખ્યાનમાં કહે- કોઈ સાધુ માટે આહાર પાણી બનાવીને દેશે તે ગર્ભમાં ગળશે. ગર્ભમાં એટલે માતાના પેટમાં મરી જશે. આ તો અમારા સંપ્રદાયના ગુરુ આવા હતા. દૃષ્ટિ વિપરીત તેથી મિથ્યાદૃષ્ટિ પરંતુ ક્રિયા એવી પાળે કે પાણીનું એક બિંદુ પણ તેને માટે બનાવ્યું હોય તે ન લ્યે. તે પૂછે- કોના માટે બનાવ્યું છે? મહારાજ! અમે સ્નાન માટે બનાવ્યું છે મહારાજ! અમે સ્નાન માટે બનાવ્યું છે, સ્નાન માટે બનાવ્યું છે તો દશ શેર ક્યાંથી વધ્યું? સ્નાન માટે બનાવ્યું હોય તો શેર-બશેર પાણી વધે. દશ શેર કેમ વધ્યું છે? અમને ન ખપે. તે પાણી ન લ્યે. પછી ગરાશીયા કાઠીના ઘરેથી મહ્રા લઈ આવે. મહ્રા અર્થાત્ છાશ ઘણી પડી હોય. આવો આવો મહારાજ! પછી દશશેર પાંચશેર નિર્દોષ છાશ જે એને માટે બનાવેલી ન હોય તે લ્યે.... પરંતુ પાણી ન લ્યે..

અહીં કહે છે- શુભભાવમાં ધર્મ માને તે મિથ્યાદૃષ્ટિ છે. અમારે માટે કરેલો આહાર અમને ન ખપે. શુભોપયોગી તેને માટે બનાવેલો આહાર ન લ્યે પરંતુ છે તે શુભોપયોગ, તેમાં ધર્મ માને છે તો દૃષ્ટિ મિથ્યા છે. "આવો જીવ મિથ્યાદૃષ્ટિ છે કર્મ બંધને કરે છે."

**"વિષય કષાય સામગ્રીને છોડે છે, પોતાને ધન્યપણું માને છે, મોક્ષમાર્ગ માને છે."** એ વ્રત, ઉપવાસ, બ્રહ્મચર્ય-શરીરથી શિયળ, છ પહોર આહાર ન લેવો, કંદમૂળ ન ખાવા, બીજ પાંચમ-આઠમ આદિ બ્રહ્મચર્ય પાળે. કંદમૂળનો ત્યાગ કરે. એ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બધા શુભભાવ છે અને તેમાં ધર્મ અને મોક્ષમાર્ગ માને તે બધા મિથ્યાદૃષ્ટિ છે.

ગઈકાલે શેઠ તમે કહેતા હતા ને કે- કાળલબ્ધિ આવશે ત્યારે થશે! પરંતુ એવું છે જ નહીં. પોતાના સ્વભાવ તરફનો પુરુષાર્થ કરે ત્યારે કાળલબ્ધિ પાકી જાય છે. એ શુભાશુભ ભાવની રુચિ છોડીને, અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ આત્મા જે સત્ નામ શાશ્વત ચિત્ત અર્થાત્ જ્ઞાન અને આનંદનો ખજાનો પ્રભુ છે... તેની દૃષ્ટિ કરવાથી શુદ્ધભાવ ઉત્પન્ન થાય તે ધર્મ છે. સમજમાં આવ્યું?

આ શાસ્ત્રની ભક્તિ કરવી અને ભગવાનની ભક્તિ કરવી એ બધો શુભભાવ છે. અને તેમાં ધર્મ માનવો, તેમાં મોક્ષમાર્ગ માનવો તે મિથ્યાદૃષ્ટિ છે. આવું કડક છે.

**પ્રશ્ન:-** આમાં શું કરવું?

**ઉત્તર:-** પહેલાં શ્રદ્ધાનો સુધાર કરવો. એ પુણ્યના પરિણામ બંધનું કારણ છે. ધર્મ નહીં. મારી ચીજ આનંદનો સાગર નાથ અંદર પડયો છે તેનો સ્વીકાર કરવાથી શુદ્ધતા જે પ્રગટે તે ધર્મ છે. તે કહે-ભલે ધર્મ નહીં પરંતુ ધર્મનું કારણ તો છે કે નહીં? બિલકુલ નહીં, એ તો બંધનું કારણ છે.

"**પરંતુ વિચાર કરતાં એવો જીવ મિથ્યાદૃષ્ટિ છે,**" મહિના-મહિનાના ઉપવાસ કરે તો તપસી થયો તો બધા વખાણ કરે. બાલ બ્રહ્મચારી કન્યા દીક્ષા લ્યે તો તેની પ્રશંસા કરે. સમાજ ભેગો થઈને તેની પ્રશંસા કરે પરંતુ તેમાં થયું શું? તેમાં ધર્મ ક્યાં આવ્યો? ભલે બાલ બ્રહ્મચારી હો! દીક્ષા લેવાનો ભાવ હો તો શુભભાવ છે. અને એ જે દીક્ષિત થયાં તે ચારિત્ર તો નથી. તેના મુનિપણામાં. અને દીક્ષિત થાય છે. જે દીક્ષા લેવાનો ભાવ છે તે મિથ્યાદૃષ્ટિપણું છે. હું શ્વેતામ્બરનો સાધુ છું અને હું સાધુપણું લેવા માગું છું તે દૃષ્ટિ મિથ્યાત્વ છે. અહીં તો દિગમ્બર મુનિ થઈ અને શુભ ઉપયોગની ક્રિયામાં મગ્ન છે અને મોક્ષમાર્ગ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. તે જૈન છે જ નહીં. જૈનની તેને ખબરે નથી. આવા શેઠિયા હોય તે પછી માખણ ચોપડે -ગામમાં મહારાજ આવ્યા છે.

**શ્રોતા:-** એમ કે તેમને ભૂખે મરવા દેવાય.

**ઉત્તર:-** તેને એવું મુનિપણું છે જ નહીં અને મુનિપણું માનવું એ તો મિથ્યાદૃષ્ટિ છે. એને માનવાવાળો મિથ્યાદૃષ્ટિ છે.

"**એવો જીવ મિથ્યાદૃષ્ટિ છે, કર્મબંધને કરે છે.**" શું કહે છે? વ્રત, નિયમ, તપશ્ચર્યા અને બાલ બ્રહ્મચારીપણા તે બધું બંધનું કારણ છે. શરીરથી બ્રહ્મચર્ય પાળું છું, જાવ્વજીવ સ્ત્રીનું સેવન નહીં એ ભાવ તો શુભભાવ છે અને તેમાં ધર્મ માનવો તે મિથ્યાદૃષ્ટિ છે.

"**કાંઈ ભલાપણું તો નથી.**" 'કાંઈ' એ શબ્દ પડયો છે. વ્રત પાળે, જાવ્વજીવ બ્રહ્મચર્ય પાળે, દયા પાળે, પંચમહાવ્રત રાખે, જોઈને ચાલવું, નિર્દોષ આહાર અર્થાત્

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પોતાના માટે બનાવેલો આહાર ન લેવો તો કહે છે કે- તેમાં ભલું શું છે. તેમાં શુભભાવ છે. આવી વાત છે.

શિવસાગર આદિ છ સાધુઓ આવ્યા હતા. તો તેમણે પૂછયું કે- અમે ભાવલિંગી નહીં ? એ ભાઈ કહે- ના, ના ભાવલિંગી નહીં. તો સાધુ કહે- અમે દ્રવ્યલિંગી તો છીએ કે નહીં ? તો એ ભાઈએ કહ્યું કે- તમે દ્રવ્યલિંગી પણ નહીં. અરે. બાપા ! દ્રવ્યલિંગી કોને કહેવાય.. કે જેને નગ્ન દશા હોય, અઠ્ઠાવીસ મૂળગુણ ચોખ્ખા હોય, તેના માટે આહાર બનાવ્યો હોય તે ન લ્યે, આ રીતે દ્રવ્યલિંગમાં શુભભાવ બહુ જ ઊંચો હોય તેને મિથ્યાદૅષ્ટિનું દ્રવ્યલિંગ કહે છે. આ વસ્ત્ર સહિત તો દ્રવ્યલિંગ પણ નહીં. તેના માટે આહાર બનાવે અને તે લ્યે, તો દ્રવ્યલિંગ પણ નહીં.

**પ્રશ્નઃ**- દ્રવ્યલિંગ નથી તો તે કોણ છે ?

**ઉત્તરઃ**- મિથ્યાદૅષ્ટિ છે.

**પ્રશ્નઃ**- મિથ્યાદૅષ્ટિ મુનિ હોય ?

**ઉત્તરઃ**- કેવળ મિથ્યાદૅષ્ટિનું મુનિપણું છે. તે મુનિ છે જ નહીં. આ પર્યુષણના દિવસો છે. પરમાત્માના પંથની વાત છે નાથ ! ભગવંત અંદરમાં તારી ચીજની બલિહારી છે. બાપુ ! એ શુભભાવથી રહિત અંદરમાં તારી ચીજ બિરાજમાન છે. એ ચીજનો પત્તો લે અને શુભભાવમાં ધર્મ માનવો છોડી દે... તો તને સમ્યગ્દર્શન થશે, તે મોક્ષમહેલની પ્રથમ સીઢી છે.

શુભભાવમાં ધર્મ નથી અને મારી ચીજ તો આનંદ છે તેનો મને અનુભવ થાય તેનું નામ ધર્મ છે અને એ ધર્મની પહેલી સીઢી છે. પહેલાં અશુભભાવ છોડવો અને પછી શુભભાવ છોડવો તે ક્રમ છે ને ! શુભને છોડવો એ ક્રમ જ નથી. અશુભ-શુભ છોડવો કેમ કે તે મારી ચીજ જ નથી. તે બધી વિભાવની ક્રિયા છે. પાંચ મહાવ્રત, નગ્નપણે રહેવું- વસ્ત્ર રહિત આદિ જે શુભભાવ છે એ તો વિકારભાવ છે. ભગવાન આત્મા અંદર નગ્ન સ્વરૂપે બિરાજમાન છે. જેમાં વિકલ્પનો અભાવ છે, શુભભાવનો અભાવ છે એવી નગ્ન ચીજ બિરાજમાન જે પ્રભુ છે તેની દૅષ્ટિ અને અનુભવ કરવો તેનું નામ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન વિના જેટલા કાય-કલેષ આદિ કરે તે બધા નિરર્થક છે. ભવભ્રમણનો અભાવ કરવા માટે નિરર્થક છે અને ભવભ્રમણ માટે સાર્થક છે. આહાહા ! માણસને આકરું કામ પડે છે.

એ લોકો એમ કહે છે કે- આવું નથી તો ધર્મ કેવી રીતે રહેશે ? બાહ્ય દ્રવ્યલિંગ હો ! નગ્નપણું હો તો શું ધર્મ રહેશે ? અરે... ! પણ તે ધર્મ જ છે નહીં. તું સાંભળ તો ખરો ! તો પછી ધર્મ શું છે ? "अन्यः तया एव नित्यं स्त्राति" પહેલાં શુભોપયોગનું દૃષ્ટાંત- આપ્યું. બ્રાહ્મણના ઘરે જે ચંડાલણીનો પુત્ર ઉછર્યો છે તે કહે- મને મદિરા ન ખપે. તેમ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુભભાવવાળા કહે મને વિષય-કષાય ન ખપે. અમારે વિષય-કષાય હોય નહીં. અમારે માટે ભોજન કર્યું છે તે અમે લેતા નથી.. તે બધા શુભભાવવાળા છે. છે તો તે વિભાવિક ચંડાલણીનો પુત્ર, માર્ગ આવો છે ભાઈ !

બહેનના પુસ્તકમાં લખ્યું છે- અગ્નિને ઉધઈ નહીં. તેમ ભગવાન ચૈતન્યમૂર્તિમાં પુણ્ય- પાપના ભાવ ઉધઈ જેવા છે. ઉધઈ એક જીવાત છે તે પોચી અને સફેદ હોય છે. અમે ઉપવાસ આદિ કરતા હતા ને ત્યારે ૭૫ની સાલમાં બપોરના બાર વાગ્યે જંગલ જતા ત્યારે જોઈ છે. બપોરે બાર વાગ્યે ધોમ તડકો માથે અને તે ધૂળમાંથી બહાર નીકળ્યા ભેગી તડકામાં મરી ગઈ. બહુ પોચું. -પોચું શરીર હોય. તે સફેદ-સફેદ હોય. તે લાકડાં અને ધૂળમાં થાય છે.

તેમ ભગવાન આત્મા આનંદ સ્વરૂપ પ્રભુ છે. એ જ્ઞાયક સ્વભાવમાં પુણ્ય-પાપના ભાવનો અભાવ છે. આત્માના સ્વભાવમાં તો વીતરાગતા અને પવિત્રતા ભરી છે. આવો વીતરાગતાનો નાથ પરમાત્મા પોતે છે. તેનો આશ્રય લેવાથી જે વીતરાગતા ઉત્પન્ન થાય છે તે મોક્ષનો માર્ગ છે. શુભભાવ એ બંધનો માર્ગ છે હવે એ વાતની તકરાર ચાલે.

અરે.. ભાઈ ! શુભભાવ તો બંધ છે ને ! તેને તારે મોક્ષનો માર્ગ કહેવડાવવો છે. ભાઈ ! સાધારણ પ્રાણીને એ વાત ઠીક લાગશે પણ... એ માર્ગ નથી. વીતરાગી ત્રણ લોકના નાથ જિનેન્દ્ર દેવનો માર્ગ તો રાગ રહિત વીતરાગ પર્યાયથી ઉત્પન્ન થાય છે. શુદ્ધોપયોગ તે જ ધર્મ છે. શુભ અને અશુભ બન્ને અશુદ્ધ ઉપયોગ છે. બન્ને અધર્મ છે. આહાહા ! પાંચ મહાવ્રતના પરિણામ પણ અધર્મ છે.. તે ધર્મ નહીં.

સંવત ૧૯૮૫ની સાલમાં સંપ્રદાયમાં હતા ત્યારે સભામાં કહ્યુ હતું ને કે- સાંભળો ! જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય તે ભાવથી ધર્મ નહીં. ધર્મથી બંધ નહીં અને બંધના કારણથી ધર્મ નહીં. આજથી ૪૮ વર્ષ પહેલાંની વાત છે. બોટાદમાં વ્યાખ્યાનમાં મોટી સભા થાય... પંદરસો માણસ થાય. અમે વ્યાખ્યાન કરીએ ત્યારે ઉપાશ્રયમાં લોકો સમાય નહીં, પછી બહાર ગલી ( શેરી ) માં બેસતા. લોકોને અમારા ઉપર પ્રેમ હતો તેથી અમારું સાંભળતા ત્યારે અમારા સાધુ-ગુરુભાઈ હતા તે આ વાત સાંભળી ધ્રુજી ઉઠયા. તેઓ વોસરે. વોસરે કહીને ઉભા થઈને ચાલ્યા ગયા. એમકે- આ શ્રદ્ધા માન્ય નથી. અરે ! ભગવાન ! તમારું કોણ માનતું હતું !! અમારી સમાજમાં પ્રતિષ્ઠા બહુ હતી ને તેથી અમારી સામું કોઈ બોલી શકે નહીં. અને અમારી વાત ઉપર કોઈને શંકા પણ ન પડે. કારણકે અમારી પ્રતિષ્ઠા એવી હતી ને ! મે કહ્યું ( સાધુ ભાઈને ) તમારે બેસવું હતું ને ! તમારી વાત કોણ સાંભળે છે ? કે તમે શું કહો છો. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહીં- એ વાત તમને રુચિ નહીં કેમ કે એને તમારે ધર્મ મનાવવો છે. તમારી મેળે તમે માનો... પણ બહારમાં આવું શું કામ બોલો છો !

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રભુ અંદર ચૈતન્યનો નાથ બિરાજે છે. ચૈતન્ય સ્વભાવથી ભરેલો ભગવાન છે. એ ચૈતન્યને જગાડી ચૈતન્ય પર્યાય પ્રગટ કર તે જ્ઞાનચેતના. આ રાગતો કર્મચેતના છે, શુભભાવ એ તો કર્મચેતના છે અને તે બંધનું કારણ છે. આહાહા! અત્યારે એ જ બધે ચાલે છે. સ્થાનકવાસીમાં, દહેરાવાસીમાં અને દિગમ્બરમાં, અરે! ઓહોહો! આમ છે ને તેમ છે. આ ઉપવાસ કરે છે, આઠ ઉપવાસ કર્યા, તેણે દસ ઉપવાસ કર્યા. પરંતુ અપવાસ કર્યા છે ઉપવાસ નહીં.

ઉપવાસ તો શુભભાવથી રહિત ભગવાન આનંદની ઉપ નામ સમીપમાં વાસ કરવો તેનું નામ ઉપવાસ છે. આહાહા! તેનું નામ તપશ્ચર્યા છે. અંદર શુદ્ધ સ્વરૂપમાં વાસ કરવો તે વાસ્તુ છે. ઘરમાં વાસ્તુ કરવું. ઘરમાં વાસ્તુ કરવું. પરંતુ કદી કર્યાં જ નથી. આવા શુદ્ધોપયોગને ધર્મ કહે છે. બાકી શુભભાવને તો અધર્મ કહે છે.

કહ્યું હતું ને! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ ધર્મ નહીં. અને બીજું એ કહ્યું હતું કે-પંચમહાવ્રત તે આસ્રવ છે ધર્મ નહીં. આ વાત સંપ્રદાયમાં કહી હતી. પાંચ મહાવ્રતના ભાવ એ ધર્મ નહીં. પરંતુ આસ્રવ છે. તત્ત્વાર્થ સૂત્રમાં તેને આસ્રવ પુણ્ય કહ્યાં છે. સમજમાં આવ્યું?

લોકોને ખબર નથી કે- (સાચી) શ્રદ્ધા શું છે? કેટલાક એમ કહે કે- ભગવાનની ભક્તિ કરો, ગુરુની ભક્તિ કરો તો કલ્યાણ થઈ જશે. કેમ કે એ સાધન છે. અહીં કહે- એ ધૂળમાંય સાધન નથી. સાંભળ તો ખરો! બપોરના સાધનનો અધિકાર અર્થાત્ કર્મ શક્તિ આવશે.

**"શુદ્રાણીના પેટે ઊપજ્યો છે, શુદ્રનો પ્રતિપાલિત થયો છે, એવો જીવ મદિરાથી અવશ્યમેવ ( नित्यं स्त्राति ) નિત્ય સ્નાન કરે છે."** જે મદિરાને અડે છે સ્નાન કરે છે તે શું જાણીને પીવે છે? **" स्वयं शूद्र इति: " હું સ્વયં શુદ્ર છું, અમારા કુળમાં મદિરા યોગ્ય છે' એવું જાણીને, આવો જીવ, વિચાર કરતાં, ચંડાળ છે."**

**ભાવાર્થ આમ છે કે- કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ અશુભ ઉપયોગી છે, ગૃહસ્થ ક્રિયામાં રત્ છે"- અમે ગૃહસ્થ, મને વિષય-કષાય ક્રિયા યોગ્ય છે.' એવું જાણીને વિષય-કષાય સેવે છે."**

આ અગાઉ પહેલાં શુભોપયોગ લીધું હતું... અને ત્યાં મુનિ લીધું હતું. અહીં અશુભોપયોગમાં ગૃહસ્થ લીધા છે. શું કહે છે? વિષય-કષાયને સેવવા એ તો અશુભભાવ-પાપભાવ છે. **"તે જીવ પણ મિથ્યાદૃષ્ટિ છે, કર્મ બંધ કરે છે, કેમ કે કર્મ જનિત પર્યાયમાત્રને પોતારૂપ જાણે છે."**

શું કહે છે? આ શુભ-અશુભભાવ જે અસંખ્ય પ્રકારના છે તે કર્મજનિત છે. તે કર્મના નિમિત્તને આધીન થઈને ઉત્પન્ન થાય છે... પરંતુ કર્મથી નહીં. કર્મને આધીન

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈને (વિભાવ ભાવ) ઉત્પન્ન થાય છે પરંતુ સ્વભાવને આધીન થઈને શુભભાવ ઉત્પન્ન થતો નથી. કર્મજનિત કહ્યું, તેથી વ્યાખ્યા એ છે કે- કર્મ જેનું નિમિત્ત છે. કર્મને વશ થઈને પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન થાય છે. કર્મજનિત પર્યાય અર્થાત્ વિકારભાવ માત્રને પોતારૂપ જાણે છે. તે પોતાનું સ્વરૂપ છે તેમ માને છે.

"**જીવના શુદ્ધ સ્વરૂપનો અનુભવ નથી.**" ભગવાન આત્મા પુણ્ય-પાપથી રહિત છે એવો શુદ્ધ સ્વરૂપનો અનુભવ નથી. શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ નથી. એ ચંડાલણીના પુત્રની પેઠે જ છે. શુભ -અશુભભાવ મારા છે તે મિથ્યાદૃષ્ટિ છે. બન્ને મિથ્યાદૃષ્ટિ છે. શુભભાવમાં ધર્મ માનવાવાળો અને અશુદ્ધભાવ અમને ખપે... એવું માનવાવાળા બન્ને અધર્મી મિથ્યાદૃષ્ટિ છે.

"જીવના શુદ્ધ સ્વરૂપનો તો અનુભવ નથી." ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપી છે તે પુણ્ય-પાપના વિકલ્પથી રહિત છે તેવા શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ નથી. અનુભવ નથી. અનુભૂતિ નથી. જેને આત્માના આનંદનું વેદન નથી તે બધા મિથ્યાદૃષ્ટિ છે.

## પ્રવચન નં. ૯૮ તા. ૧૮-૯- '૭૭

उतमणाण पहाणो, उतमवयणकरणसीलो वि।
अप्पाणं जो हीलदि, मद्दवरयणं भवे तस्स।।

પર્યાયમાં બાર અંગ આદિનું ઉત્કૃષ્ટ જ્ઞાન થયું હોય અને સાથે ચારિત્રરૂપ આનંદની ઉત્કૃષ્ટ રમણતા હોય તો પણ (ધર્મી) પોતાની પર્યાયમાં પોતાને હણે છે- નિંદે છે. (સમ્યગ્જ્ઞાની) પોતાની પર્યાયનો અનાદર કરે છે. અરે! હું ક્યાં અને આ અવધિ, મનઃ પર્યય અને કેવળજ્ઞાનની દશા ક્યાં? સમ્યગ્દર્શન વિનાનું જે જ્ઞાન છે તે જ્ઞાન જ નથી. પછી તે અગિયારેય અંગ ભણ્યો હો કે નવપૂર્વ ભણ્યો હો! તે જ્ઞાન નહીં. અહીં તો આત્માનું જ્ઞાન તે આત્મજ્ઞાન છે. નિમિત્તનું (જ્ઞાન) નહીં. રાગનું, (જ્ઞાન) નહીં, પર્યાયનું (જ્ઞાન) નહીં. આહાહા! આત્મ દ્રવ્ય જે વસ્તુ તેનું જ્ઞાન તે (આત્મજ્ઞાન), એ ઉત્કૃષ્ટ જ્ઞાનની દશા ઘણી હો.... તો પણ (સમ્યગ્જ્ઞાની) પોતાની પર્યાયમાં પોતાના (પરિણામની) હિનતા કરે છે. અરેરે! ક્યાં સર્વજ્ઞ, મનઃપર્યય અને અવધિજ્ઞાનની દશા અને બારઅંગ આદિની જ્ઞાન દશાઃ આ રીતે પોતાનો અનાદર કરે છે તેનું નામ ઉત્તમ નિર્માન માર્દવ ધર્મ છે.

અહીંતો પાંચ-પચ્ચીસ હજાર કર્યા ત્યાં થઈ ગયા ડાહ્યાં અને જ્ઞાની તે એમ માને કે અમને ઘણું જ આવડે છે. અહીં ધર્માત્મા એમ ફરમાવે છે કે- જેને ઉત્તમજ્ઞાન-સમ્યગ્જ્ઞાન-આત્મજ્ઞાન થયું છે અને ચારિત્રમાં પણ ઉત્કૃષ્ટ દશા થઈ છે છતાં તે પર્યાયમાં કેવળજ્ઞાન અને યથાખ્યાત ચારિત્રની અપેક્ષાએ પોતાને અલ્પજ્ઞ માને છે. સમજમાં આવ્યું?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાર્તિકેયઅનુપ્રેક્ષા ૩૧૩ ગાથામાં આવે છે કે- જેને અંતરમાં મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો અભાવ થયો તો સમ્યગ્દર્શન સહિત સ્વરૂપાચરણ પ્રગટ થયું તે પોતાની પર્યાયને કેવળજ્ઞાનની અપેક્ષાએ ( પામર ) તૃણ તુલ્ય-તરણાસમાન માને છે. ચૌદપૂર્વ બાર અંગનું જ્ઞાન, સમ્યગ્જ્ઞાન થયું હોય. તો પણ પોતાની પર્યાય ને પોતે તિનકા ( તરણા ) સમાન માને છે. વસ્તુએ પ્રભુ છે પણ પર્યાયમાં મારી ઘણી પામરતા છે તેમ માને છે. મારી જ્ઞાન દશા શું અને અવધિ-મન:પર્યયની જ્ઞાન દશા શું ? મારી ચારિત્ર દશા કઈ અને યથાખ્યાત ચારિત્રવંતની વીતરાગ દશા કઈ ? આ તો સમ્યગ્જ્ઞાનીની વાત છે. હોં ! મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન તે તો જ્ઞાનેય નથી. એ પરલક્ષી વાત છે. હોં ! મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન તે તો જ્ઞાનેય નથી. એ પરલક્ષી જ્ઞાન તે બધું અજ્ઞાન છે. અહીં તો પોતાનું સ્વરૂપ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ તેનું જ્ઞાન થયું અને ૧૧ અંગ આદિનો વિકાસ થયો ( તો પણ પોતાને પામર જાણે છે. )

એક આચારાંગમાં અઢાર હજાર પદ અને એક પદમાં એકાવન કરોડથી વધારે શ્લોક... એવા તો અગિયાર અંગ કંઠસ્થ હો ! મિથ્યાદૃષ્ટિને પણ અગિયાર અંગ કંઠસ્થ હો ! પરંતુ તેની વાત અહીંયા છે જ નહીં. અહીંયા તો આત્મજ્ઞાનપૂર્વક જેને અગિયાર અંગનું જ્ઞાન થયું હોય. એ પણ પોતાની પર્યાયનો અનાદર કરે છે. આટલી ( અલ્પજ્ઞ ) પર્યાય નહીં. નાથ ! ક્યાં કેવળજ્ઞાનની ઝળહળ જ્યોતિ અને ક્યાં મન:પર્યય અને અવધિજ્ઞાન: તેની અપેક્ષાએ પોતાનું જ્ઞાન તો કાંઈ નથી તેમ માને છે.

મુનિને માર્દવ નામનો ધર્મ-રતન હોય છે. તેને ધરમ રતન કહ્યું જુઓ: પાઠમાં ' માર્દવ રતન ' તેમ છે ને ! અર્થાત્ ધરમ રતન આહાહા ! ઘણાં શાસ્ત્રોનો જાણવાવાળો પંડિત હો તો પણ ઉત્તમ માર્દવ ધર્મ કહેવાતો નથી. તે વિચારે છે કે- મારાથી મોટા અવધિ અને મન: પર્યાયી છે અને કેવળજ્ઞાની તે સર્વોત્કૃષ્ટ જ્ઞાની છે. તે ક્યાં, અને હું ક્યાં ? હું અલ્પજ્ઞ છું. સમ્યગ્દર્શનપૂર્વક છ- છ- મહિનાના ઉપવાસ કરે તો પણ ( પોતાને પામર માને છે. ) ( જ્ઞાની ) જાતિ, કુળ, બળ, વિદ્યા, ઐશ્વર્ય આદિમાં મોટા હો તો પણ મદ ન કરે.

મહામુનિ-રાજકુમાર હો કે ચક્રવર્તી હો અને તેનું અપમાન લોકો કરે તો તે સહન કરે છે. તેને જ્ઞાતા દૃષ્ટાપણે જાણે છે. અપમાન કરે ત્યારે- તે સમયે કષાયથી ગર્વ ઉત્પન્ન કરતા નથી કે- હું કોણ છું ? આનું નામ ઉત્તમ માર્દવ ધર્મ છે. શ્વેતામ્બરમાં ચાર સજ્જાયમાળા છે. તે અમે સંવત ૬૫/૬૬ ની સાલમાં વાંચ્યું હતું, તેમાં આવે છે કે- ' ગર્વ ન કરીએ રે ગાત્રનો. " ગાત્ર નામ શરીરનો ગર્વ ન કરીએ.

શ્રીકૃષ્ણ જેવા મહાપુણ્યવંત વાસુદેવ. એ " કૃષ્ણદેવ જન્મ્યા એકલા, તૃષામાં દેહ છૂટી ગયો. " સોનાના ગઢ અને રતનના કાંગરાં એવી દ્વારિકા બળદેવ અને વાસુદેવની

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હૈયાતિમાં ભડભડ બળે છે. તેને ઠારવાં પાણી છાંટે તો તે ગ્યાસતેલ થઈ જાય. શ્રીકૃષ્ણ બળદેવને કહે છે- અરે ભાઈ ! આપણે ક્યાં જઈશું ?

મા બાપ બહાર નીકળ્યા નહીં તો અંદર લેવા ગયા. તો દેવોએ પોકાર કર્યો કે- તમે બન્ને ભાઈઓ નીકળી જાવ. પરંતુ તમારા મા-બાપ નહીં નીકળે એ તો દ્વારીકામાં ભસ્મ થઈ જશે. બન્ને ભાઈઓ એકલા નીકળ્યા.

જંગલમાં ચાલ્યા ગયા... વાસુદેવને તૃષા લાગી. તે બળદેવને કહે -ભાઈ ! મને તૃષા લાગી છે. જેની આઠ હજાર દેવો સેવા કરતા તે દેવો ક્યાં ગયા ? બળદેવને કહે છે -બંધવ ! મને તૃષા લાગી છે, હવે હું એક ડગલું પણ આગળ નહીં ભરી શકું. બળદેવ કહે છે ભાઈ ! તારા માટે હું પાણી લાવું છું. બળદેવ તો ઘણાં બુદ્ધિવાળા તેથી વડના પાનનું પાત્ર બનાવી પાણી લેવા ગયા. પાછળથી જરતકુમાર આવ્યા. વાસુદેવ આડો પગ રાખીને સૂતા હતા. તેમના પગમાં પદ્મમણી હતો તેથી જરતકુમારને હરણની આંખ જેવું લાગ્યું. હરણ જાણી તેમણે બાણ માર્યું. વાસુદેવે પોકાર કર્યો કોણ છે આ જંગલમાં મારો અપરાધ કરનારો ? ત્યાં તો જરતકુમાર આવ્યા. અરેરે... પ્રભુ ! તમે અહીં ક્યાંથી ? તમારા માટે તો મેં બાર-બાર વરસ સુધી વનવાસ વેઠયો ! શ્રીકૃષ્ણ કહે- ભાઈ હવે તું ચાલ્યો જા !

જે રતનના પંલગમાં સુવાવાળો, આઠ હજાર દેવ જેની સેવા કરે, હજાર પદ્મણી જેવી રાણીઓ તેને અત્યારે શરીરમાં કેવી પીડા થઈ રહી છે. તેના પગ ઉપર કીડી ચડી રહી છે. “ ગર્વ ન કરીશ ગાત્રનો. ” શરીરનો ગર્વ ન કરીશ નાથ ! આહાહા ! શરીરની સ્થિતિ આવી છે તેના ગર્વ ન કરીશ નાથ ! હવે આપણો ચાલતો વિષય.

* * *

( ઉપજાતિ )

हेतुस्वभावानुभवाश्रयाणां
सदाप्यभेदान्न हि कर्मभेदः।
तद्बन्धमार्गाश्रितमेकमिष्टं
स्वयं समस्तं खलु बन्धहेतुः।। ३-१०२।।

**ખંડાન્વય સહિત અર્થ:- અહીં કોઈ મતાંતરરૂપ થઈને આશંકા કરે છે-એમ કહે છે કે કર્મભેદ છે: કોઈ કર્મ શુભ છે, કોઈ કર્મ અશુભ છે. શા કારણથી ? હેતુભેદ છે, સ્વભાવભેદ છે, અનુભવભેદ છે, આશ્રય ભિન્ન છે;-આ ચાર ભેદોના કારણે કર્મભેદ છે. ત્યાં હેતુનો અર્થાત્ કારણનો ભેદ છે. વિવરણ-સંકલેશપરિણામથી અશુભકર્મ બંધાય છે, વિશુદ્ધપરિણામથી શુભબંધ થાય છે. સ્વભાવભેદ અર્થાત્**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રકૃતિભેદ છે. વિવરણ-અશુભકર્મસંબંધી પ્રકૃતિ ભિન્ન છે-પુદ્ગલકર્મવર્ગણા ભિન્ન છે; શુભકર્મસંબંધી પ્રકૃતિ ભિન્ન છે-પુદ્ગલકર્મવર્ગણા પણ ભિન્ન છે. અનુભવ અર્થાત્ કર્મનો રસ, તેનો પણ ભેદ છે. વિવરણ-અશુભકર્મના ઉદયે જીવ નારકી થાય છે અથવા તિર્યંચ થાય છે અથવા હીન મનુષ્ય થાય છે, ત્યાં અનિષ્ટ વિષયસંયોગરૂપ દુઃખને પામે છે; અશુભ કર્મનો સ્વાદ એવો છે. શુભ કર્મના ઉદયે જીવ દેવ થાય છે અથવા ઉત્તમ મનુષ્ય થાય છે, ત્યાં ઇષ્ટ વિષયસંયોગરૂપ સુખને પામે છે; શુભકર્મનો સ્વાદ એવો છે. તેથી સ્વાદભેદ પણ છે. આશ્રય અર્થાત્ ફળની નિષ્પત્તિ એવો પણ ભેદ છે. વિવરણ-અશુભકર્મના ઉદયે હીણો પર્યાય થાય છે, ત્યાં અધિક સંકલેશ થાય છે, તેનાથી સંસારની પરિપાટી થાય છે; શુભકર્મના ઉદયે ઉત્તમ પર્યાય થાય છે, ત્યાં ધર્મની સામગ્રી મળે છે, તે ધર્મની સામગ્રીથી જીવ મોક્ષ જાય છે, તેથી મોક્ષની પરિપાટી શુભકર્મ છે. -આવું કોઈ મિથ્યાવાદી માને છે. તેના પ્રતિ ઉત્તર આમ છે કે- “कर्मभेद: न हि” કોઈ કર્મ શુભરૂપ, કોઈ કર્મ અશુભરૂપ-એવો ભેદ તો નથી. શા કારણથી? “हेतुस्वभावानुभवाश्रयाणां सदा अपि अभेदात्” (हेतु) કર્મબંધનાં કારણ વિશુદ્ધપરિણામ-સંકલેશપરિણામ એવા બંને પરિણામ અશુદ્ધરૂપ છે, અજ્ઞાનરૂપ છે; તેથી કારણભેદ પણ નથી, કારણ એક જ છે. (स्वभाव) શુભકર્મ-અશુભકર્મ એવાં બંને કર્મ પુદ્ગલપિંડરૂપ છે, તેથી એક જ સ્વભાવ છે, સ્વભાવભેદ તો નથી. (अनुभव) રસ તે પણ એક જ છે, રસભેદ તો નથી. વિવરણ-શુભકર્મના ઉદયે જીવ બંધાયો છે, સુખી છે; અશુભકર્મના ઉદયે જીવ બંધાયો છે, દુઃખી છે; વિશેષ તો કાંઈ નથી. (आश्रय) ફળની નિષ્પત્તિ, તે પણ એક જ છે, વિશેષ તો કાંઈ નથી. વિવરણ-શુભકર્મના ઉદયે સંસાર, તેવી જ રીતે અશુભકર્મના ઉદયે સંસાર; વિશેષ તો કાંઈ નથી. આથી એવો અર્થ નિશ્ચિત થયો કે કોઈ કર્મ ભલું કોઈ કર્મ બૂરું એમ તો નથી, બધુંય કર્મ દુઃખરૂપ છે. “तत् एकम् बन्धमार्गाश्रितम् इष्टं” (तत्) કર્મ (एकम्) નિઃસંદેહપણે (बन्धमार्गाश्रितम्) બંધને કરે છે, (इष्टं) ગણધરદેવે એવું માન્યું છે. શા કારણથી? કારણ કે “खलु समस्तं स्वयं बन्धहेतु:” (खलु) નિશ્ચયથી (समस्तं) સર્વ કર્મજાતિ (स्वयं बन्धहेतु:) પોતે પણ બંધરૂપ છે. ભાવાર્થ આમ છે કે-પોતે મુક્તસ્વરૂપ હોય તો કદાચિત્ મુક્તિને કરે; કર્મજાતિ પોતે સ્વયં બંધપર્યાયરૂપ પુદ્ગલપિંડપણે બંધાયેલી છે, તે મુક્તિ કઈ રીતે કરશે? તેથી કર્મ સર્વથા બંધમાર્ગ છે. ૩-૧૦૨.

## કલશ - ૧૦૨ : ઉપર પ્રવચન

“અહીં કોઈ મતાંતરરૂપ થઈને આશંકા કરે છે. -એમ કહે છે કે કર્મભેદ છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

**કોઈ કર્મ શુભ છે, કોઈ કર્મ અશુભ છે.**" અજ્ઞાની એમ માને છે કે કોઈ કર્મ શુભ છે અને કોઈ કર્મ અશુભ છે. "**શા કારણથી ? હેતુભેદ છે, સ્વભાવ ભેદ છે, અનુભવ ભેદ છે, આશ્રય ભિન્ન છે; આ ચાર ભેદોના કારણે કર્મભેદ છે. ત્યાં હેતુનો અર્થાત્ કારણ ભેદ છે. વિવરણ-સંકલેશ પરિણામથી અશુભકર્મ બંધાય છે.**" સંકલેશ અર્થાત્ અશુભ ભાવથી પાપ બંધાય છે. "**વિશુદ્ધ પરિણામથી શુભબંધ થાય છે.**" માટે કર્મનો ભેદ છે. કર્મના કારણમાં ભેદ છે, બંધના કારણમાં ભેદ છે તેમ અજ્ઞાનીની દલીલ છે. "**સ્વભાવભેદ અર્થાત્ પ્રકૃતિભેદ છે.**"

**વિવરણ-અશુભકર્મ સંબંધી પ્રકૃતિ ભિન્ન છે** -અહીં કર્મ લીધું, આ પહેલાં કારણ લીધું હતું. ભાવ ભાવમાં ભેદ છે તેમ અજ્ઞાની કહે છે. એક સંકલેશ પરિણામ છે અને એક વિશુદ્ધ પરિણામ છે. બીજું અજ્ઞાની કહે છે કે- પ્રકૃતિ બંધમાં પણ ફેર છે. એકમાં શુભ પ્રકૃતિ બંધાય છે અને એકમાં અશુભ પ્રકૃતિ બંધાય છે.

"**પુદ્ગલ કર્મવર્ગણા પણ ભિન્ન છે.**" પુદ્ગલકર્મની વર્ગણા એક શુભપણે છે અને એક અશુભપણે છે, અજ્ઞાની પ્રકૃતિના બે ભેદ જાણે છે અને માને છે. "**અનુભવ અર્થાત્ કર્મનો રસ, તેનો પણ ભેદ છે. અશુભ કર્મના ઉદયમાં જીવ નારકી થાય છે. અથવા તિર્યંચ થાય છે.**" પાપકર્મના ઉદયથી જીવ નારકી થાય છે-તિર્યંચ થાય છે. "**અથવા હીન મનુષ્ય થાય છે. ત્યાં અનિષ્ટ વિષય સંયોગરૂપ દુઃખ ને પામે છે;**" નારકી, તિર્યંચ, હીન મનુષ્ય મહા અનિષ્ટ દુઃખને પામે છે. "**અશુભકર્મનો સ્વાદ એવો છે.**"

"**શુભકર્મના ઉદયે જીવ દેવ થાય છે, અથવા ઉત્તમ મનુષ્ય થાય છે, ત્યાં ઇષ્ટ વિષય સંયોગરૂપ સુખને પામે છે;**" તમે તો કહો છો બન્ને એક છે એક છે શું આ એક છે ? કેટલો ફરક છે ? શુભ કર્મના ઉદયથી સ્વર્ગમાં દેવ હો કે આ કરોડો અબજોપતિ શેઠિયા હો એ ધૂળના ધણી છે. અજ્ઞાની કહે છે કે- ફેર છે. અશુભથી નરકમાં જાય છે અને શુભથી શેઠાઈ- સ્વર્ગઆદિ મળે છે. અને તમે તો કહો છો બન્ને એક સરખા છે. ઇષ્ટ વિષયોથી તો તેમને સુખ મળે છે. શુભ કર્મનો સ્વાદ એવો છે. તેથી સ્વાદ ભેદ પણ છે.

"**આશ્રય**" આ ટીકામાં અને સમયસારમાં ફેર છે. અજ્ઞાની કહે છે- શુભભાવ મોક્ષમાર્ગને આશ્રયે બને છે. અને અશુભભાવ બંધમાર્ગના આશ્રયે બંધાય છે. એમ આશ્રયમાં ફેર છે તેમ અજ્ઞાની કહે છે.

અહીં આશ્રયમાં બીજું નામ ફળ લીધું છે. "**આશ્રય અર્થાત્ ફળની નિષ્પતિ એવો પણ ભેદ છે.**" તેને જે પુણ્ય ને પાપના જે ફળ મળે છે. "**અશુભ કર્મના ઉદયમાં હીણો પર્યાય થાય છે- ત્યાં અધિક સંકલેશ થાય છે, તેનાથી સંસારની પરિપાટી થાય છે**" તેમ અજ્ઞાની કહે છે હોં ! અશુભભાવથી સંકલેશ પરિણામ, સંકલેશ પરિણામથી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્મબંધ અને કર્મથી રખડવાની પરિપાટી થાય છે. **“ શુભ કર્મનો ઉદયે ઉત્તમ પર્યાય થાય છે, ”** મનુષ્યપણું મળે, સાયબી મળે-એક હુકમ કરે ત્યાં એકના હજાર તૈયાર થાય.. શું સાહેબ ! શું લેવું છે? પાણી લેશો, બરફ લેશો ! શુભકર્મના ઉદયથી આવો સંયોગ સામગ્રી મળે છે ને ! આવી અજ્ઞાનીની દલીલ છે.

**“ ત્યાં ધર્મની સામગ્રી મળે છે, તે ધર્મની સામગ્રીથી જીવ મોક્ષ જાય છે, તેથી મોક્ષની પરિપાટી શુભકર્મ છે. ”** અમે તો એમ માનીએ છીએ કે- શુભભાવથી શુભકર્મ બંધાય છે ને તે મોક્ષની પરિપાટીમાં કામ કરે છે. એમ અજ્ઞાનીની દલીલ છે. **“ આવું કોઈ મિથ્યાત્વાદી માને છે. ”** મિથ્યા એટલે જૂઠું માનવાવાળો.

**તેના પ્રતિ ઉત્તર આમ છે કે- कर्म भेद: न हि ” , કોઈ કર્મ શુભરૂપ, કોઈ કર્મ અશુભરૂપ- એવો ભેદ તો નથી. ” શા કારણથી ? “ हेतु स्वभावनुभवाश्रयाणां सदा अपि अभेदात् ” કર્મબંધના કારણ વિશુદ્ધ પરિણામ-સંકલેશ પરિણામ એવા બન્ને પરિણામ અશુદ્ધરૂપ છે, અજ્ઞાનરૂપ છે; ”**

દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ અશુદ્ધ છે, એ અજ્ઞાનરૂપ છે. અજ્ઞાન એટલે જ્ઞાન સ્વભાવ નહીં. આવી વાત છે. પેલો કહે- ફેર છે. અહીં કહે છે- અજ્ઞાનરૂપ છે. ભગવાન ચૈતન્ય જ્યોત પ્રભુ છે જ્ઞાન ચૈતન્ય તેમાં શુભાશુભ ભાવનો તો અભાવ છે. **“ તેથી કારણભેદ પણ નથી, કારણ એક જ છે. ”** કહે છે કે- સંકલેશ પરિણામથી પાપ બંધાય અને વિશુદ્ધ પરિણામથી પુણ્ય તેવો કારણભેદ છે. અમે કહીએ છીએ કે બન્નેથી બંધ થાય છે. તેથી તે કારણભેદ નહીં. દયા-દાન-વ્રત-ભક્તિ-શુભથી પુણ્ય બંધાય છે અને સંકલેશ પરિણામથી પાપ, પરંતુ બન્નેથી બંધ છે, કાંઈ ફેર નથી. સમજમાં આવ્યું ?

**“ કારણ એક જ છે. ”** શું કહે છે ? શુભ-અશુભ પરિણામ અજ્ઞાનમય છે. તેમાં અશુદ્ધપણું એક જ છે. તેમાં શુભ ઠીક અને અશુભ અઠીક તેવું છે જ નહીં. આ મોટી તકરાર છે. આ મોટા ઝગડા. તે એમ કહે છે કે-શુભભાવ મોક્ષ માર્ગ છે. અહીં કહે છે- શુભ અને અશુભ બન્ને પરિણામ બંધનું કારણ છે. અરેરે.. . પ્રભુનો મારગ છે શૂરાનો કાયરના નહીં કામ. ”

“ હરિનો મારગ છે શૂરાનો નહીં કાયરના કામ જોને ” ‘ પ્રભુનો મારગ છે શૂરાનો ’- આ શુભ અશુભભાવ તે પ્રભુનો મારગ નહીં, એ તો બંધ માર્ગ છે. શુભને અશુભ બન્ને હોં ! કાયરના તો કાળજા કંપી ઊઠે એવું છે. જે ભાવથી પુણ્યબંધ થાય તે ભાવ અશુદ્ધ અને અજ્ઞાન છે. અજ્ઞાન શબ્દે મિથ્યાત્વ નહીં. એ ભાવમાં ચૈતન્યના જ્ઞાનનો અભાવ છે. પછી તે પંચ મહાવ્રતના પરિણામ હો ! દયા-દાન-વ્રત- ભક્તિ-પૂજા મંદિર બંધાવવા, રથયાત્રા કાઢવી, આ ધર્મશાળા બંધાવવી આ શેઠિયાએ સાગરમાં ત્રણ લાખની ધર્મશાળા બંધાવી છે. ધર્મશાળા બંધાવે એ ભાવ શુભ, અશુદ્ધ અને અજ્ઞાન છે. ગજબવાત છે-

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કારણે ભેદ નહીં, કારણ એક જ છે.

“ **શુભકર્મ-અશુભકર્મ એવાં બંને કર્મ પુદ્‌ગલપિંડરૂપ છે, તેથી એક જ સ્વભાવ છે, સ્વભાવ ભેદ તો નથી.** ” એ પુણ્યબંધ હો કે પાપબંધ હો... એ બન્ને પ્રકૃતિ પુદ્‌ગલ જડ છે. આ તો સાદી વાત છે. બપોરના વ્યાખ્યાનમાં જરા ઝીણી વાત છે. શબ્દે શબ્દે ફેર છે. બપોરના અધિકારમાં કહે છે- પ્રભુ! તું કોણ છો ? અંદરમાં ચૈતન્ય હીરલો પ્રભુ પડયો છે ને! સચ્ચિદાનંદ પોતાની ચીજમાંથી બહાર નીકળ્યો નથી. એ શુભ અશુભભાવ એ તો દુઃખરૂપ છે એ તો અજ્ઞાન છે. તે બન્નેનું ફળ કર્મ બંધન છે. તે પુદ્‌ગલનું પુદ્‌ગલ જ છે. પછી તે પુણ્ય હો કે પાપ હો બન્ને પુદ્‌ગલ જડ છે.

“ **સ્વભાવ ભેદ તો નથી.** ” શું કહ્યું ? શુભ અશુભ પરિણામને તમે કારણભેદ કહો છો... પરંતુ અમે તો કહીએ છીએ બન્નેથી બંધ થાય છે... તેમાં કારણભેદ નથી. બંધની પ્રકૃતિમાં તમે સ્વભાવમાં ભેદ માનો છો. તો અમે કહીએ છીએ બન્ને પુદ્‌ગલ સ્વભાવ છે, એ સ્વભાવમાં ભેદ નથી.

“ **રસ તે પણ એક જ છે, રસ ભેદ તો નથી. વિવરણ- શુભકર્મના ઉદયે જીવ બંધાયો છે, સુખી છે;** ” લોકો એમ માને છે કે- પૈસાવાળાને આબરૂવાળા સુખી છે. ધૂળમાંય સુખી નથી. “ **અશુભ કર્મના ઉદયે જીવ બંધાયો છે, દુઃખી છે; વિશેષ તો કાંઈ નથી. ફળની નિષ્પતિ તે પણ એક જ છે, વિશેષ તો કાંઈ નથી.** ” બન્નેમાં ફળ મળે છે સંયોગ જડ વિશેષ તો કાંઈ નથી.

અમૃતચંદ્રાચાર્યે સમયસાર ગાથા ૧૪૫ની ટીકામાં એમ લીધું છે. શિષ્યે પૂછ્યું કે- શુભભાવ તો મોક્ષમાર્ગના આશ્રયે છે અને અશુભભાવ બંધમાર્ગના આશ્રયે છે. તેના જવાબમાં એમ લીધું કે- શુભ મોક્ષમાર્ગ છે અને અશુભ બંધમાર્ગ છે. આવો પાઠ છે. અત્યારે આ વાતે બે મતભેદ થઈ ગયા છે. મોક્ષમાર્ગ શુભ એટલે શુભભાવ નહીં પરંતુ જે શુદ્ધ મોક્ષનો માર્ગ છે તેને અહીંયા શુભ કહેવામાં આવ્યો છે. પોતાની શુદ્ધ ચૈતન્ય વસ્તુ, તેની દૃષ્ટિ જ્ઞાન અને રમણતારૂપ વીતરાગ પરિણામ તેને ત્યાં શુભ કહેવામાં આવ્યું છે. એ શુભ છે અને પુણ્ય-પાપ પરિણામ તે બન્ને અશુભ છે. અર્થાત્ નિશ્ચય મોક્ષમાર્ગ શુદ્ધ છે અને રાગ શુભ અને અશુભ બન્ને અશુદ્ધ અને અશુભ છે. તે પંડિત આ અર્થમાં થોડો ફેર કરે છે. કે શુભ તો મોક્ષમાર્ગના આશ્રયે થાય છે. એ પરિણામ જીવમય લીધાં છે. મોક્ષમાર્ગને આશ્રયે શુભ થાય તે જીવમય છે. તો ( રાગાદિ ) શુભ પરિણામ મોક્ષમાર્ગના આશ્રયે હોય તો શુભ પરિણામ જીવમય નહીં. કેમ કે એ તો વિકારના પરિણામ છે. તો પછી ‘ જીવમય શુભ ’ તેનો અર્થ એ છે કે પોતાના આશ્રયથી સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર પરિણામ ઉત્પન્ન થયા તે શુભ છે. અને તે જીવમય છે. અરે! અર્થમાં પણ ફેર કરે!!

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ટીકાના પાઠનો અર્થ પણ લોકોને એવો લાગે. “ શુભાશુભ મોક્ષ માર્ગ-બંધમાર્ગ છે. ” આવો પાઠ છે. શુભ એ મોક્ષમાર્ગ અને અશુભ તે બંધમાર્ગ છે. ત્યાં શુભપરિણામની વાત નથી. ત્યાં શુભ એટલે જે શુદ્ધ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર એ શુદ્ધને ત્યાં શુભ કહેવામાં આવ્યા છે. સંસ્કૃત મૂળ ટીકામાં આવો પાઠ છે. ૧૪૫ની ટીકા વાંચે તેને મૂંઝવણ થઈ જાય.. એવું છે.

જ્યારે અહીંયા ‘ આશ્રય ’ નો અર્થ બીજો લીધો છે. અહીં આશ્રયમાં ફળ લીધું છે. ત્યાં ( ૧૪૫માં ) આશ્રય એટલે મોક્ષમાર્ગને આશ્રયે શુભ છે અને બંધમાર્ગને આશ્રયે અશુભ છે તેવી અજ્ઞાનીની દલીલ છે. તેના ઉત્તરમાં કહ્યું કે- શુભ તો તેને કહીએ કે જે આત્માના આશ્રયે પવિત્રતા પ્રગટ હો ! સમ્યગ્દર્શન જ્ઞાન તેને શુભ કહીએ. સમજાણું કાંઈ ?

**શ્રોતાઃ-** પવિત્રતાને શુભ કહ્યું છે.

**ઉત્તરઃ-** તેને શુભ કહે છે- તે શુભ છે. શુભાશુભ ભાવથી રહિત પોતાનો પવિત્ર ભગવાન આત્મા તેના આશ્રયથી સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય તેને ભગવાન મોક્ષમાર્ગના આશ્રયે શુભ છે તેમ કહેવામાં આવે છે. શુભ એટલે શુદ્ધ, શુદ્ધ ને શુભ કહ્યું છે. અને પુણ્ય-પાપના જે શુભાશુભ ભાવ છે તેને અશુભ કહ્યું છે. આ રીતે અર્થમાં ફેર છે.

કારણ કે જો એમ કહો કે- મોક્ષમાર્ગના આશ્રયે શુભભાવ કહો તો... શુભને તો જીવમય કહ્યું છે. અને શુભભાવ તો જીવમય છે નહીં. શુભભાવ એ તો અશુદ્ધ અને અજ્ઞાનમાં જાય છે. અમારા પંડિતજીએ શુભનો અર્થ શુદ્ધ કર્યો છે. અને અશુભ એટલે શુભાશુભભાવ બન્ને. અહીં અશુદ્ધને શુભ કહ્યું છે સમજમાં આવ્યું ? તે અર્થમાં આટલો ફેર છે. ફૂલચંદજી પાછા આવો અર્થ કરે કે- શુભભાવ મોક્ષનું કારણ નથી. પરંતુ શુભભાવ મોક્ષમાર્ગ છે અને અશુભભાવ બંધમાર્ગ છે તેવો અર્થ કરે છે પરંતું આવો અર્થ નથી.

નિશ્ચયથી શુભભાવ તો તેને કહીએ કે- શુભ-અશુભ ભાવથી રહિત, ભગવાન આત્માને ધ્યેય બનાવી અને જે સમ્યગ્દર્શન જ્ઞાનના શુદ્ધ પરિણામ થયા, વીતરાગતા થઈ તેને મોક્ષમાર્ગને આશ્રયે શુભ કહેવામાં આવે છે. શુભ અને અશુભ ભાવ તે બંધમાર્ગના આશ્રયે અશુભ કહેવામાં આવે છે. ૧૪૫ની ટીકામાં સંસ્કૃતમાં છે કે- “ **शुभोऽशुभो वा जीवपरिणामः** ” શુભ ( શુદ્ધ ) અક્ષય મોક્ષમાર્ગ કેવળ જીવમાં છે. અશુભ બંધમાર્ગ છે તે પુદ્‌ગલમય છે. આવી ટીકા છે પણ તેનો અર્થ બીજો છે. શુભ નામ અક્ષય મોક્ષમાર્ગ કેવળ જીવ છે. અક્ષય એટલે શુદ્ધ પરિણામ. શુભાશુભ પરિણામથી રહિત શુદ્ધ પરિણામ- તે અક્ષય મોક્ષમાર્ગ કેવળ જીવમય છે. અર્થાત્ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની જે વીતરાગી પર્યાય તે કેવળ જીવમય છે. અને આ શુભાશુભ પરિણામ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવમય નથી તેઓ પહેલાં અર્થ કરતા ત્યારે એમ કહેતા હતા કે- શુભભાવ કેવળ બંધનું કારણ છે. પછી કહે- ( શુભભાવ છે તે ) વ્યવહારે મોક્ષમાર્ગ છે, એમ કહેતા હતા. અહીં એ વાત છે નહીં. શુભ વ્યવહારે મોક્ષમાર્ગ છે જ નહીં, અહીં તો શુદ્ધને મોક્ષમાર્ગ કહ્યું છે. પોતાના ચૈતન્ય સ્વરૂપના આશ્રયથી શુદ્ધ પરિણામ અર્થાત્ નિર્મળ વીતરાગી મોક્ષમાર્ગની પરિણતિ ઉત્પન્ન થાય તે મોક્ષમાર્ગ છે. અને તેને અહીં ( ૧૪૫ ગાથામાં ) શુભ કહેવામાં આવી છે. શુદ્ધને શુભ કહેવામાં આવ્યું છે. શુભ અશુભ ભાવને બન્નેને અશુદ્ધ કહીને અશુભ કહેવામાં આવ્યા છે. તે બન્ને અશુભ બંધના કારણ છે.

સમયસાર ગાથા ૧૪૫ની ટીકામાં સંસ્કૃતમાં આવો પાઠ છે. " **शुभाशुभौ मोक्ष बन्धमार्गो तु प्रत्येकं केवल जीव पुद्‌लमय त्वादनैकौ, तदनेकत्वे सत्यपि केवल पुद्‌लमय बन्धमार्गाश्रित,** " શુભ અને અશુભ તેમાં શુભ મોક્ષમાર્ગ છે અને અશુભ બંધ માર્ગ છે. " **प्रत्येकं केवल जीव** " અર્થાત્ શુભ જીવમય અને અશુભ અર્થાત્ શુભાશુભ પરિણામ પુદ્ગલમય છે અને તે એક છે. શુભને ( શુદ્ધ ) અશુભ એક નથી અનેક છે.

સંસ્કૃત ટીકામાં શુભનો અર્થ શુદ્ધ લેવો છે. તેમજ શુભાશુભભાવને ત્યાં અશુદ્ધમાં લેવા છે. આહાહા ! ' અનેક છે ' અર્થાત્ તે બન્ને એક નથી. ભગવાન આત્માનો શુદ્ધભાવ તેને કહ્યો કે- જે સમ્યગ્દર્શન જ્ઞાન નિર્વિકારી પર્યાય ઉત્પન્ન થઈ છે તેને અહીં મોક્ષમાર્ગ અર્થાત્ શુભ કહ્યું, અને તેનાથી અન્ય જેટલાં પુણ્ય ને પાપના શુભ અશુભભાવ છે તેને પુદ્ગલમય કહીને અશુદ્ધ કહ્યું તે પુદ્ગલમય છે. –અજ્ઞાનમય છે. ૧૪૫ માં એવો અર્થ છે, જ્યારે અહીં બીજો અર્થ છે.

અહીં આશ્રયનો અર્થ ફળ લીધો છે. શુભનું ફળ અનુકૂળતા અને અશુભનું ફળ પ્રતિકૂળતા બસ એટલું. પરંતુ એ બધા પુદ્ગલના સંયોગફળ છે. તેમ કરીને ઉડાવી દીધા છે. કોને પડી છે કે સત્ય શું છે ? નામામાં પચ્ચાસ પૈસાનો ફેર પડે તો રૂપિયાનું ગ્યાસતેલ બાળીને નિર્ણય કરે. આ કેમ ફેર પડયો પચ્ચાસ પૈસાનો ? આખી રાત લાઇટ બાળી અને રાત જાગી એ પાપના નામાનો હિસાબ મેળવે ! અહીં આ નામામાં ફેર પરંતુ તેની કાંઈ ખબર ન પડે. જેને ધર્મ કરવો હોય એ નિર્ણય તો કરશે કે નહીં ? ધર્મ ખાતામાં ધર્મ શું અને અધર્મ ખાતામાં અધર્મ શું ? શુભાશુભભાવ બન્ને અધર્મ છે–અશુદ્ધ છે–અશુભ છે. ભગવાન આત્માના આનંદનું જ્ઞાન શ્રદ્ધા અને ચારિત્ર થયું તે શુદ્ધ છે, તે શુભ ( શુદ્ધ ) મોક્ષનો માર્ગ છે. સમજમાં આવ્યું ?

અરે ! માણસ શું કરે છે ? પોતાની દૃષ્ટિને મેળવતો નથી. તે પંડિતને આવી દૃષ્ટિ નથી. તેઓ કહે છે- રાગ તો બંધનું કારણ છે. પરંતુ ૧૪૫ માં શુભને આશ્રયે મોક્ષમાર્ગ શબ્દ પડયો છે ને તેથી તેમણે મોક્ષમાર્ગ લઈ લીધો. બીજા તો શુભભાવને મોક્ષમાર્ગ જ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહે છે. જ્યારે ફૂલચંદજી પણ શુભભાવને હેય તો બતાવે છે.

અહીં કહે છે કે- પ્રભુ! તારી ચીજ તો શુદ્ધ ચૈતન્ય રતન છે. અનંત શક્તિના રતનથી ભર્યો પ્રભુ છે. આવા પ્રભુના અવલંબનથી જે પરિણામ થાય છે તેને મોક્ષમાર્ગ કહે છે, અને તેને જ શુભ અને શુદ્ધ કહે છે, તેને જ ભલું કહે છે. જ્યારે શુભ અને અશુભ તે બન્ને ભૂંડા છે-ખરાબ છે-અશુદ્ધ છે એમ કહે છે.

**"(आश्रय) ફળની નિષ્પત્તિ તે પણ એક જ છે, વિશેષ તો કાંઈ નથી."** બન્નેનું ફળ એક જ છે. કેમ કે તેનાથી સંયોગ જ મળે છે. માટે એક જ છે. બસ. શુભાશુભ ભાવનું ફળ બંધન અને બંધનનું ફળ સંયોગ તે બધા દુઃખરૂપ અને દુઃખનું કારણ છે. આહાહા! શુભના કારણે લક્ષ્મી મળે છે તે દુઃખનું કારણ છે. સંયોગ ઉપર લક્ષ જાય છે તો પાપ બંધાય છે. લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ પરિવાર તેની ઉપર લક્ષ જાય છે તો એકલું પાપ ઉત્પન્ન થાય છે- તે પાપ બંધન છે.

(મનુષ્યપણાની) આવી ૨૫-૫૦ વર્ષની જિંદગી ચાલી જાય અને પછી ભગવાનની પૂજા કરે, થોડું શાસ્ત્ર વાંચન કરે અને માને કે આપણે ધર્મ થઈ ગયો! ધર્મ ચીજ તો કોઈ અલૌકિક છે ભાઈ! એવા શુભભાવ તો અનંતવાર કર્યા છે. "મુનિવ્રત ધાર અનંત બાર ગ્રૈવેયક ઉપજાયો." એ શુભભાવ તે અશુદ્ધ છે. નિશ્ચયથી તો એ અજીવ જ છે. પુણ્ય-પાપ ના અધિકારમાં છેલ્લે કહ્યું છે કે- પાપનો અધિકાર છે ને! તેમાં તમે આ દયા-દાન-વ્રતને ક્યાંથી લાવ્યા? ભાઈ! એ દયા-દાન-વ્રતરૂપ શુભ પુણ્ય પણ નિશ્ચયથી તો પાપ જ છે. જયસેન આચાર્યની ટીકામાં પુણ્ય-પાપ અધિકારમાં સંસ્કૃતમાં પાઠ છે. અધિકાર પાપનો ચાલે છે અને તમે વ્યવહાર મોક્ષમાર્ગની વાત કરો છો. વ્યવહાર મોક્ષમાર્ગ તો પુણ્ય છે. પાપનો અધિકાર ચાલે છે પરંતુ પુણ્ય એ પાપ જ છે. અહીંતો મોક્ષમાર્ગની વાત ચાલે છે.

શ્રી યોગીન્દ્રદેવે યોગસારમાં કહ્યું છે કે "પાપ પાપકો તો સહુ કહે પણ અનુભવી જન પુણ્યકો પાપ કહે." આ યોગસારમાં છે. પાપ પાપકો તો સહુ કહે પણ ધર્મી અનુભવીજન પુણ્યકો ભી પાપ કહે. આહાહા! પોતાના પવિત્ર ચૈતન્ય સ્વરૂપથી ચ્યુત થવું અર્થાત્ શુભ (શુદ્ધ) ભાવથી ચ્યુત થવું તે પાપ છે. અરેરે! આ માર્ગ સાંભળવા મળ્યો નહીં અને ઊંધો માર્ગ મળ્યો તો ક્યાં જાય!

અહીં તો કહે છે- આશ્રયમાં ફેર છે. મોક્ષમાર્ગના આશ્રયે શુદ્ધતા પ્રગટ થાય છે. બંધમાર્ગના આશ્રયે અશુદ્ધતા-પુણ્ય ને પાપ ઉત્પન્ન થાય છે. એ ટીકાનો અર્થ છે. અહીં આશ્રયનો અર્થ ફળ, પુણ્ય ને પાપ બન્ને પાપ છે અને તે સંયોગ આપશે. એ ભાવોમાં ક્યાંય આત્માની શાંતિ છે નહીં. જ્યાં શાંતિનો સાગર ભગવાન ડોલે છે, તે શાંતિ શાંતિ.. શાંતિ શાંતિ રસથી ભર્યો છે ભગવાન. સ્તુતિમાં આવે છે નેઃ "ઉપશમરસ વરસે રે પ્રભુ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તારા નયનમાં ” જેના શરીરમાં ( બહાર ) ઉપશમ રસ દેખાય અને અંદરમાં પ્રગટ કેવળજ્ઞાન ઉપશમરસમાં ઢીમ થઈ ગયા છે અંદરમાં આહાહા ! ભગવાન દ્રવ્ય સ્વભાવ તો ઉપશમરસ સ્વરૂપ જ છે. તેના આશ્રયે ઉપશમ એટલે શાંતિ એટલે વીતરાગતા ઉત્પન્ન થાય છે.

“ જો શાંતિ પમાડે તેને સંત કહીએ, તેને ચરણે જઈને રહીએ. શાંતિ પમાડનાર ભગવાન તો અંદર છે ને ! શાંતિનો સાગર પ્રભુ ઉછળે છે ને ! એ પુણ્ય-પાપના રાગ વિનાની ચીજ છે ને ! એને શરણે જતાં તને શાંતિ મળશે. પુણ્ય-પાપના શરણે જતાં પ્રભુ તને અશાંતિ અને દુઃખ મળશે. સમજમાં આવ્યું ? હવે આ ચર્ચા મોટી, લોકોને તત્ત્વની ખબર ન મળે બાપુ ! એ શુભભાવને તો નિશ્ચયથી અશુદ્ધ કહ્યું છે. શુભ-અશુભ બન્ને ભાવને તો અશુદ્ધ કહ્યું છે. શુભને તો બંધમાર્ગને આશ્રયે કહ્યો છે. જેમ અશુભથી બંધ પડે છે તેમ શુભથી બંધ પડે છે, તે મોક્ષમાર્ગ નહીં, તે તો બંધમાર્ગ છે. સમજમાં આવ્યું ?

“ **વિવરણ-શુભકર્મના ઉદયે સંસાર,** ” શુભભાવથી બંધ પડયો અને તેનાથી ફક્ત સંસાર છે. તેનાથી ચારગતિ મળે છે પછી ભલે સ્વર્ગમળે કે શેઠાઈ તે બધો સંસાર છે. અબજોપતિ હો કે કરોડપતિ હો ! અત્યારે તો કરોડપતિની કાંઈ કિંમત નહીં અત્યારે તો અબજપતિ થઈ ગયાં. પહેલાં લખપતિમાં બહુ કહેવાતા, અરે ! લાખ શું !! દશ હજારમાં બહુ કહેવાતા.

અમારા પિતાજીના પિતા પાસે દશ હજાર રૂપિયા તેઓ ગામના રાજા કહેવાય રાજા. ફક્ત દશ હજાર રૂપિયા. ત્યારે રૂ નો વેપાર- ધોકળા( બોરાં ) લેવા માણસને મોકલે. બે મહિનામાં બે હજાર પેદા કરી લે. બસ, પછી દશ મહિના ધંધો નહીં. અમારા પિતાજીના પિતાજીનું શરીરનું રૂપ સુંદર હતું. તેઓ મોટા ગૃહસ્થ અને નામાંકિત શરીફ હતા. તેમનું નામ નામાંકિત હતું. આટલી મૂડી હતી. અત્યારે તો એક દિવસની પચ્ચીસ પચ્ચીસ હજારની પેદાશવાળા પડયા છે. તે બધા ધૂળના ધણી, જેને કાંઈ ભાન ન મળે.

અહીં કહે છે- પુણ્યના ફળ તો દુઃખ છે. પુણ્ય પોતે જ દુઃખ છે. શુભભાવ આકુળતા છે, તે નિરાકુળતાનું કારણ નથી. નિરાકુળતાનું કારણ તો ભગવાન આત્મા છે. આહાહા ! ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ ! તેનો આશ્રય લેવાથી અનાકુળતા પ્રગટ થાય છે. પુણ્ય-પાપનો આશ્રય તો દુઃખરૂપ છે. આવી વાતું શેઠ ! દુનિયાથી માર્ગ નિરાળો છે વીત-રાગતાનો-જિનેન્દ્રનો ભાઈ ! અત્યારે પર્યુષણમાં તો એવું ધમાધમ ચાલે ! પંડિતો, આનો ત્યાગ, વ્રત ને ઉપવાસ. એ બધા ધર્મ છે. તો ( સાંભળનારા ) ના પાડે નહીં. અરે ભગવાન ! પ્રભુ... તારો માર્ગ આટલો છે ? બંધના હેતુમાં તું ફેર કેમ કરે છે ! અમે તો ના પાડીએ છીએ કે- બંધના હેતુમાં તું ફેર કેમ કરે છે ! અમે તો ના પાડીએ છીએ કે- બંધના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હેતુમાં કોઈ ફેર નથી. શુભ પણ બંધન છે. વાત સાંભળી જાય નહીં, કઠણ પડે!

આ સમ્મેદશિખરની જાત્રા અને તીર્થ સુરક્ષાના ફંડ કરે છે બાબુભાઈ.... એમાં પણ તકરાર ઊભી થઈ છે સોનગઢનું તીર્થ સુરક્ષા ફંડ છે માટે તેને સહકાર નહીં આપવો અરે...! ભગવાન! આ તીર્થ સુરક્ષાનો ભાવ તે શું ધર્મ છે? એ શુભભાવ તો થાય છે. આકરી વાત છે પ્રભુ! આવું (સાચું) માનશે તો કોઈ (દાન) કરશે નહીં. એ આવ્યા વિના રહેશે નહીં. જ્યાં સુધી વીતરાગતા નથી ત્યાં સુધી આત્માની દૃષ્ટિપૂર્વક શુભભાવ આવે છે. પરંતુ એ શુભભાવનું ફળ બંધ છે.

**પ્રશ્નઃ-** શુભ કરવા કે ન કરવા?

**ઉત્તરઃ-** એ પ્રશ્ન જ ક્યાં છે. જે કાળે આવવાના હશે તે કાળે આવશે જ. જે કાળે જે પર્યાય થવાની તે થવાની... થવાની ને થવાની જ.

**"જે જે દેખી વીતરાગને તે તે હોંશી વીરા, અનહોની કબહું ન હોશી કાહે હોત અધીરા."** 'કાહે કો હોત અધીરા.' અશુભના કાળમાં અશુભ જ આવશે નાથ! પરંતુ તેનું ફળ દુઃખરૂપ છે તેમ હેય જાણીને આવશે અને શુભના કાળમાં શુભ પણ આવે છે. સંતોને પણ પંચમહાવ્રતના વિકલ્પ શુભભાવ આવે છે પણ તેને હેયરૂપ માને છે. સંતો તો અતીન્દ્રિય આનંદના સ્વરૂપમાં મશગુલ થઈ ગયા છે. પરિપૂર્ણ અતીન્દ્રિય આનંદના મહેલમાં પર્યાયે જ્યાં પ્રવેશ કર્યો તો અતીન્દ્રિય આનંદમાં મશુગલ થઈ ગયા. શું કહ્યું? શુભાશુભ પરિણામથી હઠીને, સંતોએ અતીન્દ્રિય આનંદનો મહેલ છે તેમાં પ્રવેશ કર્યો અર્થાત્ તેની સન્મુખ થયા છે. આવા અતીન્દ્રિય આનંદમાં મસ્ત છે તેને મુનિ કહેવામાં આવે છે. પંચમહાવ્રતમાં મસ્ત છે અને અતીન્દ્રિય આનંદને ભૂલી જાય છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. આવી વાતું છે.

આપણે દૃષ્ટાંત આપ્યું હતું ને! એક પિતાનો છોકરો અને બીજા પિતાનો છોકરો બન્ને મળ્યા. પછી કહે- મારા બાપાએ આગલા ભવમાં તારા પિતાને પાંચલાખ આપ્યા છે. તો કોઈ તેની વાત સાચી માને? ત્યાં તો વિચારે ન કરે... અને તરત જ ના પાડે. પેલો કહે તારા બાપાને મારા બાપાએ પાંચ લાખ દીધા છે તે લાવો ત્યાં વિચારે ન કરે અને ના પાડે. આ માગે છે માટે દઈ દઉં એવો વિચાર ન કરે. એમ પંડિત કહે કે- પુણ્યથી ધર્મ થાય છે તો કહે- હા, વિચારે ન કરે!

એક પંડિત છે તે અહીંયાનો વિરોધ બહુ કરે છે. તેની સાથે એક પ્રિયંકરજી આવ્યા હતા. તેની સાથે ચર્ચા થઈ હતી. પછી તેમણે ખાનગીમાં કહ્યું કે વાત તો સોનગઢની સાચી છે. જો અમે સાચી કહીએ તો ક્રમબદ્ધ તો સોનગઢથી નીકળ્યું છે. ક્રમબદ્ધનું ઉદ્‌ઘાટન તો સોનગઢથી થયું છે. ક્રમબદ્ધની ભાષા અમારા પંડિતજી હિંમતભાઈએ કરી છે. અમે ક્રમબદ્ધને નક્કી કરવા જઈશું તો સોનગઢનું સાચું થઈ જશે અને લોકો ત્યાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચાલ્યા જશે. તો પછી અમારી ઠેકેદારી નહીં રહે ત્યાં સુધી બોલ્યા. અહીં મારા મોઢે કહ્યું. કે અમે તો નરક અને નિગોદમાં જઈશું. અમે સોનગઢનો વિરોધ કરીએ છીએ, હવે અમે બીજું શું કરીએ ? અમે ઠેકેદાર રહ્યા ને ! પ્રિયંકરજી આમ બોલ્યા હતા. તેનું રેકોર્ડિંગ ઉતારી લીધું હતું. તેઓ સાચું બોલ્યા. એ તો લાલ બહાદુરે કહ્યું કે- ક્રમબદ્ધની વાત તો સાચી છે. પરંતુ સાધુઓએ અમને અહીંનો વિરોધ કરવાનું કહ્યું છે.

શાસ્ત્રમાં છે, શાસ્ત્રને જુએ છે અને તેને ક્રમબદ્ધ દેખાતું જ નથી. અમારે શું કરવું ? જો તમે માનશો તો સોનગઢનું સત્ય થઈ જશે માટે ન માનવું. સાધુ કહે છે- સોનગઢનું ન માનવું. અરે.. પ્રભુ ! સત્યને સ્વીકારવામાં તને હરકત શું છે ! બાળક કહે તો પણ શું છે ! આઠ વર્ષનો બાળક સમકિતી જ્ઞાની હોય અને તે કહે તો તમારે માન્ય રાખવું જોઈએ. અમે ૬૦ વર્ષના, ૮૦ વર્ષના છીએ ને ! ૮૦ વર્ષ તો દેહના છે, તારી સ્થિતિ તો અનાદિ અનંત છે. તો અનાદિ અનંત તત્ત્વનું ભાન ન હોય ભૂલ હોય અને કોઈ કહે તો કબુલ કરવું જોઈએ. બાળક કહે તો પણ વાત સાચી વાત છે તે માનવી જોઈએ.

આહાહા ! શ્વેતામ્બરમાં આવે છે કે- એક સાધુ નીકળ્યા અને તેઓ એક સ્ત્રી સાથે વાતચીત કરતા હતા. તો એક બાળક આવ્યો, તે કહે- મહારાજ ! તમે આ સ્ત્રી સાથે વાતચીત કરો છો ! તમારી ઈર્યા સમિતિ છે નાથ ! શાસ્ત્ર પ્રમાણે બાળક કહે તો પણ પ્રમાણ કરવું જોઈએ. તમે રસ્તામાં ચાલો છો અને સ્ત્રી સાથે વાત કરો છો ? બ્રહ્મચારીએ સ્ત્રીનો સંગ ન કરવો જોઈએ. બાળક કહે તો પણ સત્ય માની લેવું જોઈએ. મૂળ શબ્દો યાદ નથી પરંતુ ભાવ યાદ છે.

“ **શુભકર્મના ઉદયે સંસાર, તેવી જ રીતે અશુભકર્મના ઉદયે સંસાર;** ” પુણ્ય ભાવનું ફળ સંસાર છે. અરે... “ પુણ્ય ભાવ તે જ સંસાર છે. ગણધર દેવે આવું માન્યું છે. ” ઇષ્ટ ગણધર દેવે આવું માન્યું છે. ( છે પાઠમાં ? ) બનારસીદાસનું પદ છે- “ મુખ ઓમ્ ધ્વનિ સુનિ અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશ, ભવિક જીવ સંશય નિવારૈ ” ગણધરદેવ એમ કહે છે, વાણીની રચના કરનારા એમ કહે છે કે- પુણ્ય એ સંસાર છે.

## પ્રવચન નં. ૯૯ તા. ૧૯-૯- ’૭૭

દશ લક્ષણી પર્વનો આજે ત્રીજો દિવસ છે. ઉત્તમ આર્જવ ધર્મ. આર્જવ અર્થાત્ સરળતા તે મનથી વચનથી અને કાયાથી ત્રણેયની સરળતા હોય છે. અને તે પુણ્યબંધનું કારણ છે. જ્યારે ( ધર્મરૂપ ) સરળતા તે સમ્યગ્દર્શનરૂપ શુદ્ધોપયોગની છે. શુભાશુભભાવ રૂપ અશુદ્ધ ઉપયોગ તેનાથી રહિત પોતાનો જે શુદ્ધોપયોગ તે ઉત્તમ આર્જવ છે.

શુદ્ધોપયોગપૂર્વક જ્યારે સમ્યગ્દર્શન થાય છે પછી સ્વરૂપમાં વૈરાગી-વીતરાગી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિણતિ ઉગ્રપણે ચાલે છે તેને આર્જવતા-સરળતા કહેવામાં આવે છે.

જ્યારે સં. ૧૯૬૨ની સાલમાં નીકળ્યા હતા બહારગામ ત્યારે જામનગર ગયા હતા. ત્યારે વીરજીભાઈના પિતાશ્રી હતા તે સાધુ પાસે આગમ નામનું શાસ્ત્ર વાંચતા. પછી અમે વ્યાખ્યાનમાં કહ્યું કે- જ્ઞાનસાગર પુસ્તકમાં એમ લીધું છે કે-ચાર કારણે શુભનામકર્મ બંધાય છે. શુભનામકર્મ ચાર, મન સરળતા, વચન સરળતા, કાય સરળતા અને કોઈને ઠગવું નહીં. એવા ભાવો તે પુણ્ય બંધનું કારણ છે. તે ( ધર્મરૂપ ) સરળપણું નહીં. ત્યારે ખળભળાટ થઈ ગયો. વિરજીભાઈના પિતાશ્રી તારાચંદભાઈ સાધુઆગમ વાંચતા હતા. ( સંપ્રદાયમાં ) ચાલતા સૂત્ર કહેતા.. પરંતુ માણસ નરમ. જ્યારે આ વાત કરી ત્યારે ખળભળાટ થઈ ગયો પછી ખાનગીમાં એકલા આવ્યા, મહારાજ ! આ બધા લોકો ( શું કહેશે ? )

શુભનામકર્મના ચાર પ્રકારઃ મન સરળ, વચન સરળ, કાય સરળ એ પુણ્યબંધનું કારણ ? તો ધર્મ શું છે ? બાપુ ! ધરમ બીજી ચીજ છે. તમારા જામનગરમાંથી જ્ઞાનસાગર છપાયું છે.

સમ્યગ્દર્શન વિના, આત્મજ્ઞાન વિના જે મનની સરળતા તે ધર્મ નથી. શુદ્ધોપયોગમાં આત્મજ્ઞાન થાય છે. એ શુદ્ધોપયોગમાં સાચું સમ્યગ્દર્શન થાય છે આહાહા ! અહીં તો શુભાશુભભાવ રહિત, પોતાનો પવિત્ર આનંદ સ્વરૂપ આત્માનું ભાન થયા પછી સ્વરૂપમાં જે આનંદની રમણતા થાય છે તે સરળતા છે, તેમાં વક્રતાનો અભાવ છે, તેને આર્જવધર્મ કહે છે. ઉત્તમ શબ્દ છે ને ! ઉત્તમ શબ્દે સમ્યગ્દર્શન સહિતનું લેવાનું છે. એકલા આર્જવ કરે તેમ નહીં... પછી તો ( તારાચંદભાઈને ) બેઠું. પરંતુ આ વાત સાંભળ્યા પહેલાં આવ્યા, મહારાજ ! આ તો બીજો માર્ગ છે ! અમે તો અત્યાર સુધી એમ માનતા હતા કે- મનની સરળતા, વાણીમાં સરળતા, કાયમાં સરળતા, રાખવી તે આર્જવ છે. બાપુ ! એતો શુભભાવ છે. પરલક્ષી શુભભાવ તે તો બંધનું કારણ છે. જ્યારે આર્જવધર્મ છે તે તો મોક્ષનું કારણ છે.

जो चिंतेइ ए वंकं, कुणदि ए वंकं ए जंपदे वंक।
ए य गोवदि ए्यिदोसं, अज्जवधम्मो हवे तरस।।

“ જે કોઈ મુનિ મનમાં વક્રતાનું ચિંતવન ન કરે, બાળકની પેઠે સરળ હોય, પોતના દોષને જાણે છે અને તે દોષને ગુરુ પાસે કહેવામાં બાળકપણું છે તેવું સરળપણું છે. અંદરમાં તો આત્મજ્ઞાન સહિત આનંદની ધારા વહે છે, તેને અંદરમાં વક્રતા ન હોય તેને આર્જવધર્મ- સરળતા કહે છે.

તે પોતાના દોષોને છૂપાવતા નથી. જેટલા જેટલા દોષ છે તેને ગુરુ પાસે ખુલ્લા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રગટ કરે છે. મને આવો ભાવ આવ્યો હતો તેમ સરળતાપૂર્વક ગુરુ પાસે ખુલ્લુ કરે છે તેવા મુનિને આર્જવધર્મ હોય છે.

પોતાના દોષોને ન છૂપાવે, બાળકની જેમ સરળતાથી કહે તેને ઉત્તમ આર્જવધર્મ હોય છે. પોતાના દોષોનો બચાવ જ કરે, અને એવા કારણથી મારે આવું કાર્ય કરવું પડયું તેમ કહે નહીં. શુભભાવ આદિ, અશુભભાવ આદિ બન્ને દોષનું જ કારણ છે તેને ગુરુ પાસે સરળતાથી જાહેર કરે છે. પોતાની વક્રતા રાખે નહીં તેનું નામ સમ્યગ્દર્શન સહિત ઉત્તમ સરળતા કહેવામાં આવે છે. હવે ચાલતો વિષય.

“**ગણધર દેવે એવું માન્યું છે.**” શું માન્યું છે? વ્રત-તપ-નિયમ-શીલ એ બધું બંધનું કારણ છે. તેમ ગણધરદેવે કહ્યું છે. “**શા કારણથી કહ્યું?** “**खलु समस्तं स्वयं बन्धहेतुः નિશ્ચયથી સર્વ કર્મજાતિ પોતે પણ બંધરૂપ છે.**” જેમ અશુભભાવ-કર્મ જાતિ બંધરૂપ છે તેમ વ્રત-નિયમ-શીલ- તપ એ કર્મની જાત બંધરૂપ છે. બહુ આકરો માર્ગ બાપુ!

“**ભાવાર્થ આમ છે કે- પોતે મુક્ત સ્વરૂપ હોય તો કદાચિત્ મુક્તિને કરે;**” પરંતુ શુભભાવ તો બંધ સ્વરૂપ છે તે મુક્તિને કેવી રીતે કરે? શુભભાવમાં વ્રત-તપ-નિયમ આદિ બંધરૂપ છે. તો જે બંધરૂપ છે તે મુક્તિને કેવી રીતે કરે? મુક્તસ્વરૂપ હોય તે મુક્તિને કરે. ભગવાન આત્મા શુભ અશુભ ભાવથી રહિત મુક્તસ્વરૂપ છે. આ આત્મા જે અંદર છે તે મુક્તસ્વરૂપ જ છે. તે રાગ અને બંધથી તદ્દન મુક્તસ્વરૂપ જ છે. તે મુક્તિને કરે; પરંતુ જે બંધરૂપ છે તે મુક્તિને કેવી રીતે કરે? આહાહા! ઝીણી વાતું છે.

**પ્રશ્નઃ**- કદાચિત્ મુક્તિને કરે તેનો અર્થ શું?

**ઉત્તરઃ**- કદાચિત્ મુક્તિને કરે એમ કહ્યું ને! મુક્તિ થઈ તો મુક્તિને કરે એમ! મુક્ત સ્વરૂપ હો તે મુક્તિને કરેઃ ‘કદાચિત્’ એમ શબ્દ છે ને? કદાચિત્ એટલે મુક્ત સ્વરૂપ છે તે કદાચિત્ મુક્તિને કરે. એમ! (આત્મા) કદાચિત્ મુક્તિને કરે પણ જે બંધસ્વરૂપ છે તે કદાચિત્ મુક્તિને કેવી રીતે કરે? આમ કહેવું છે. સમજમાં આવ્યું?

કદાચિત્‌નો અર્થ બંધમાં તો મુક્તિ છે જ નહીં, પરંતુ મુક્ત સ્વરૂપ જે ભગવાન છે, તેનો અંતર આશ્રય લ્યે તો કદાચિત મુક્તિને કરે. ભગવાન આત્મા અંદર જે અબદ્ધ સ્પૃષ્ટ છે. સમયસાર ૧૪-૧૫ ગાથામાં આવ્યું છે- जो पस्सदि अप्पाणम् अबद्धपुट्ठं” કર્મ અને રાગના સંબંધથી રહિત દેખે આત્માને તેને અબદ્ધ-સ્પૃષ્ટમ્ દેખાય છે. જે આત્માને મુક્ત દેખે તેણે જૈન શાસન દેખ્યું. ઝીણી વાત છે ભાઈ! અત્યારે તો ગરબડ એવી થઈ ગઈ કે- લોકોને મુશ્કેલ પડી ગઈ. અહીં તો કહે છે- મુક્ત સ્વરૂપ હો તો કદાચિત્ મુક્તિ ને કરે એમ; પરંતુ જે બંધ સ્વરૂપ હોય એ કદાચિત્ અર્થાત્ કોઈ દિવસ મુક્તિને ન કરે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**“ કર્મજાતિ પોતે સ્વયં બંધપર્યાયરૂપ પુદ્‌ગલપિંડપણે બંધાયેલી છે. ”** આ શુભ અશુભભાવ એ તો પુદ્‌ગલપિંડ છે, પુદ્‌ગલ છે. આહાહા ! બહુ આકરું કામ, **“ તે મુક્તિ કઈ રીતે કરશે ? તેથી કર્મ સર્વથા બંધમાર્ગ છે. ”** ક્રિયાકાંડના જેટલા ભાવ છે તે બંધમાર્ગ છે.

* * *

( સ્વાગતા )

कर्म सर्वमपि सर्वविदो यद्<br>
बन्धसाधनमुशन्त्यविशेषात् ।<br>
तेन सर्वमपि तत्प्रतिषिद्धं<br>
ज्ञानमेव विहितं शिवहेतुः ।।४-१०३।।

**ખંડાન્વય સહિત અર્થઃ-** “ यत् सर्वविदः सर्वम् अपि कर्म अविशेषात् बन्धसाधनम् उशन्ति ” ( यत् ) **જે કારણથી** ( सर्वविदः ) **સર્વજ્ઞ વીતરાગ,** ( सर्वम् अपि कर्म ) **જેટલી શુભરૂપ વ્રત-સંયમ-તપ-શીલ-ઉપવાસ ઇત્યાદિ ક્રિયા અથવા વિષય-કષાય-અસંયમ ઇત્યાદિ ક્રિયા તેને** ( अविशेषात् ) **એકસરખી દૃષ્ટિથી** ( बन्धसाधनम् उशन्ति ) **બંધનું કારણ કહે છે, [ ભાવાર્થ આમ છે કે-જેવી રીતે જીવને અશુભ ક્રિયા કરતાં બંધ થાય છે તેવી જ રીતે શુભ ક્રિયા કરતાં જીવને બંધ થાય છે, બંધનમાં તો વિશેષ કાંઈ નથી; ]** “ तेन तत् सर्वम् अपि प्रतिषिद्धं ” ( तेन ) **તે કારણથી** ( तत् ) **કર્મ** ( सर्वम् अपि ) **શુભરૂપ અથવા અશુભરૂપ** ( प्रतिषिद्धं ) **નિષિદ્ધ કર્યું અર્થાત્ કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ શુભ ક્રિયાને મોક્ષમાર્ગ જાણીને પક્ષ કરે છે તેનો નિષેધ કર્યો; એવો ભાવ સ્થાપિત કર્યો કે મોક્ષમાર્ગ કોઈ કર્મ નથી.** “ एव ज्ञानम् शिवहेतुः विहितं ” ( एव ) **નિશ્ચયથી** ( ज्ञानम् ) **શુદ્ધસ્વરૂપ-અનુભવ** ( शिवहेतुः ) **મોક્ષમાર્ગ છે,** ( विहितं ) **અનાદિ પરંપરારૂપ એવો ઉપદેશ. ૪-૧૦૩.**

## કલશ - ૧૦૩ : ઉપર પ્રવચન

“ यत सर्वविदः सर्वम् अपि कर्म अविशेषात् बन्ध साधनम् उशन्ति ” **જે કારણથી સર્વજ્ઞ વીતરાગ, ”** ત્રિલોકનાથ જિનેન્દ્ર વીતરાગ એમ ફરમાવે છે કે- **“ જેટલી શુભરૂપ વ્રત-સંયમ-તપ-શીલ-ઉપવાસ ઇત્યાદિ ક્રિયા, ”** શુભ વ્રત કરો, પંચમહાવ્રત, ઇન્દ્રિય દમન, ઉપવાસ મહિના-મહિનાના કરો, છ છ મહિનાના કરો, શરીર- શીલ, જાવ્વજીવ બ્રહ્મચર્ય પાળો ઇત્યાદિ ક્રિયા તો શુભભાવ છે. ભગવાન તેને તો બંધનું કારણ કહે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



“ **વિષય-કષાય-અસંયમ ઇત્યાદિ ક્રિયા** ” ઉપર શુભની ક્રિયા લીધી. હવે વિષય-કષાય-અસંયમ ઇત્યાદિ અશુભની ક્રિયા. “ **તેને એક સરખી દ્રષ્ટિથી બંધનું કારણ કહે છે.** ” એક જ પ્રકારે બંધનું કારણ છે. તેમાં જરાય-કોઈ ફેર નથી. સમજમાં આવ્યું? શું કહે છે- જે કાંઈ વ્રત-નિયમ-શીલ અને વિષય કષાય તે બન્ને એક સરખાં બંધના કારણ છે, બન્નેમાં કિંચિંત ફેર નથી. “ ( **अविशेषात** ) **એક સરખી દષ્ટિથી બંધનું કારણ કહે છે.** ” ‘ અવિશેષાત ’ તેમ છે ને? તે બન્નેમાં કોઈ ભેદ નહીં- વિશેષ નહીં બન્ને બંધના કારણ છે. ( **बन्ध साधनम् उशन्ति** ) ગણધર દેવો, તીર્થંકર સર્વજ્ઞ પરમેશ્વરે... શુભ અશુભ ક્રિયાને એક જ પ્રકારે બંધનું કારણ કહેલ છે.

[ **ભાવાર્થ આમ છે કે- જેવી રીતે જીવને અશુભ ક્રિયા કરતાં બંધ થાય છે,** ” આ રળવાના-કમાવાના વિષય-કષાયના એ બધા ભાવ બંધનું કારણ છે, તેમ શુભક્રિયા કરતા થકા જીવને બંધ થાય છે. “ **બંધનમાં તો વિશેષ કાંઈ નથી** ] બંધનમાં તો જરા પણ ફેર નથી. શુભજોગ વ્રતનો, નિયમનો, તપનો ઉપવાસનો અને વિષય-કષાયના પરિણામ બન્ને દષ્ટિથી એક સરખા બંધનું કારણ છે. બન્નેમાં, જરાપણ કિંચિંત્‌માત્ર બંધના કારણમાં ફેર નથી. આવું છે કામ!

“ **तेन तत् सर्वम् अपि प्रतिषिद्धं** ” **તે કારણથી** ”, કયા કારણથી? શુભભાવ અને અશુભભાવ એક દષ્ટિથી બંધનું જ કારણ છે. બન્નેની દષ્ટિ એક જ છે. બન્નેમાં જરા પણ ફેર નથી. “ **તે કારણથી** ( **तत्** ) **કર્મ શુભરૂપ અથવા અશુભરૂપ નિષિદ્ધ કર્યું અર્થાત્ કોઈ મિથ્યાદષ્ટિ જીવ શુભક્રિયાને મોક્ષમાર્ગ જાણીને પક્ષ કરે છે તેનો નિષેધ કર્યો!!** દેશસેવા, વૈયાવૃત-ગુરુની સેવા આદિભાવ શુભભાવ છે. અને તે બંધનું કારણ છે. કેટલાક એમ કહે છે કે- દેશસેવામાં તો કલ્યાણ થશે. શહીદ થાય છે ધૂળેય કલ્યાણ નથી, એ બધાય ભાવ શુભ છે. શ્વેતામ્બરમાં તો ક્યાં ઠેકાણાં છે? એમાં તો ઠાણાંગમાં પંચમહાવ્રતને નિર્જરાના સ્થાન ગણ્યાં છે. આવી વાતું છે શું થાય! ( શ્વેતામ્બરમાં ) સત્ય વાત છે જ નહીં.

જામનગરના વીરજીભાઈના પિતાજી તો ૩૨ સૂત્રના જાણનારા હતા, બહુ જાણે બત્રીસ સૂત્ર. સાધુઆગમ બધાને વંચાવે. અમે જ્યાં આમ કહ્યું ત્યાં ખળભળાટ થઈ ગયો. ૮૨ની સાલની વાત છે. કેટલાં વર્ષ થયાં? ૫૧ વર્ષ- પહેલાં ખળભળાટ થયો. અરે.. આ શું કહે છે? પછી તારાચંદભાઈ ખાનગીમાં આવ્યા અને કહે- આ લોકો ( કેમ માનશે? ) શું કરીએ તમે કહો? લોકો માને કે ન માને વસ્તુ તો આવી જ છે. તમારે ત્યાંથી જ્ઞાનસાગર છપાયેલું છે તેમાં આ ચાર પ્રકાર છે.

ચાર પ્રકારે શુભ નામકર્મ બંધાય છે. મનમાં શુભ ભાવ, સરળતા, કષાયની મંદતા એ બધું પુણ્યબંધનું કારણ છે, તેમાં ધર્મ નહીં. તારાચંદભાઈ આમ નરમ માણસ. તેઓ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

૩૨ સૂત્રના જાણનારા. સાધુ અર્જિકાને ભણાવે. પછી કહે હા. પછી જામનગર તો સાંભળે અને પછી બીજે ગામ ગયા ત્યાં સાંભળવા આવ્યા ત્યાં બરોબર સાંભળે, બાપુ! મારગ તો આવો છે ભાઈ! અત્યારે તો આખી વાત સત્યની રૂંધાઈ ગઈ છે.

“ **કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ શુભ ક્રિયાને મોક્ષમાર્ગ જાણીને પ્રશ્ન કરે છે તેનો નિષેધ કર્યો;** ” તેનો તો નિષેધ કર્યો. “ **એવો ભાવ સ્થાપિત કર્યો કે મોક્ષમાર્ગ કોઈ કર્મ નથી.** ” કર્મ એટલે પુણ્ય ને પાપ આદિ ભાવકર્મ છે. તો મોક્ષમાર્ગ તે કોઈ કર્મ નથી. આહાહા! અત્યારે રાડ નાખે છે શુભભાવ મોક્ષનો માર્ગ છે. શુભોપયોગ મોક્ષનો માર્ગ છે. ચેલેન્જ કરું છું અરે.. ભાઈ!

પ્રભુ! (તું શું કહે છે?) કોઈ ઠેકાણે નિમિત્તની (પ્રધાનતા) થી એવું કહ્યું હોય, પરંતુ તે બંધનું કારણ છે, તેનું મોક્ષમાર્ગમાં નિરૂપણ કરવું- કથન કરવું છે પરંતુ તે માર્ગ નથી. નિરૂપણ બે પ્રકારના ચાલે છે. (૧) નિશ્ચય મોક્ષમાર્ગ (૨) વ્યવહાર મોક્ષમાર્ગ જ્યાં નિશ્ચયનું ભાન છે ત્યાં રાગ આવે છે તો તેને આરોપથી વ્યવહાર મોક્ષમાર્ગ કહે છે. મોક્ષમાર્ગ છે નહીં અને તેને કહેવું તેનું નામ વ્યવહાર છે. હવે આવું લખાણ મોઢા આગળ મૂકે. જુઓ! જુઓ!

અરે! જન્મ મરણથી રહિત ભગવાન આત્મા આનંદકંદ છે પ્રભુ! પોતાના જ્ઞાન સ્વભાવને સ્પર્શયા વિના મુક્તિ થતી નથી. પોતાનું જ્ઞાનસ્વરૂપ જ ચિદ્બ્રહ્મ છે જ્ઞાનસ્વભાવ છે. એ જ્ઞાન સ્વભાવમાં દૃષ્ટિ કર્યા વિના મોક્ષનો માર્ગ ઉત્પન્ન થતો નથી. વસ્તુ આખી પડી છે ને! આ દયા-દાન વ્રતાદિના વિકલ્પ તો ક્ષણિક વિભાવ છે. અને ભગવાન તો જ્ઞાનસ્વરૂપી આનંદકંદ, સચ્ચિદાનંદ છે. વાત બહુ આકરી ભાઈ શું થાય? એક બાજુ આતમરામ અને એક બાજુ ગામ. અર્થાત્ પુણ્ય-પાપના ભાવ.

આવા પુણ્યભાવ તો નિગોદમાં પણ થાય છે. લીમડાનું પાંદડુ છે ને! તેનાં એક પાંદડામાં અસંખ્ય તો જીવ છે. એક આટલા પાંદડામાં અસંખ્ય જીવ છે તેમાં એકેએક જીવને ક્ષણે શુભ અશુભ, શુભ ને અશુભ થાય જ છે. તેને કર્મધારા ચાલે છે. ત્યાં અસંખ્ય જીવનો ગંજ પડયો છે. લસણ, બટાટા, ડુંગળીની એક કટકીમાં તો અસંખ્ય શરીર છે અને એક શરીરમાં અનંતજીવ છે. અને દરેક જીવને ક્ષણે શુભ અને ક્ષણે અશુભ ચાલે જ છે. આ કોઈ નવી ચીજ નથી.

અહીં કહે છે- (દ્રવ્યલિંગી) મુનિ થઈને પંચમહાવ્રત પાળે તો એ તો શુભભાવ છે, એ કોઈ ધર્મ નથી અને ધર્મનું કારણ પણ નથી. “ મોક્ષમાર્ગ કોઈ કર્મ નથી ” તો શું છે?

“ **एव ज्ञानम् शिवहेतु: विहितं** ” **एव એટલે નિશ્ચય.** શુભાશુભ ભાવથી રહિત ભગવાન શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ તેનો અનુભવ છે એ આનંદની દશા, જ્ઞાનની દશા, શ્રદ્ધાની દશા, શાંતિની દશા તે અનુભવ.

"શુદ્ધ ' સ્વરૂપનો અનુભવ " ભાષા તો એટલી છે. " **एव ज्ञानम्** " તેનો અર્થ- ( **एव** ) એટલે નિશ્ચય, ( **ज्ञानम्** ) એટલે જ્ઞાન. જ્ઞાન એટલે શુદ્ધ સ્વરૂપનો અનુભવ. આહાહા ! ભગવાન આત્મા સ્વભાવે જેવો શુદ્ધ અને પવિત્ર છે તેનો અનુભવ અને ( પર્યાયમાં ) પવિત્રતા આવવી તે શુદ્ધનો અનુભવ અને મોક્ષનો માર્ગ છે. નાટક સમયસારમાં આવે છે.

અનુભવ ચિંતામણી રતન અનુભવ હૈ રસકૂંપ;
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ.

અરે.... પ્રભુ શું થાય ? તારી વિરતાનો પંથ, તારી મુક્તિનો પંથ કોઈ અલૌકિક છે.

અહીં કહે છે– " **शिवहेतु: विहितं** " **શુદ્ધ સ્વરૂપ અનુભવ મોક્ષમાર્ગ છે, અનાદિ પરંપરારૂપ એવો ઉપદેશ છે.** " અનાદિ પરંપરારૂપ આવો ઉપદેશ છે. અત્યાર સુધી ભાષણમાં બધા ગપ માર્યા. અંદરમાં ભાષણ મોટા કરે, તેને મોઢા આગળ બેસાડે. પછી ભાષણમાં મોટા કરે, તેને મોઢા આગળ બેસાડે.. પછી ભાષણમાં ગપેગપ મારતા હોય.

ત્રણલોકનો નાથ સર્વજ્ઞ, ગણધર અને સંતોએ શુદ્ધસ્વરૂપ પવિત્ર આનંદદળ છે. તેનો અનુભવ કરવાનું કહ્યું છે. અનાદિ પરંપરામાં તેને મોક્ષમાર્ગનો ઉપદેશ કહ્યો છે. લોકોને એમ લાગે કે– આ નવું કાઢયું છે, પરંતુ એવું નથી એમ કહે છે.

આહાહા ! પ્રભુ ! તું કોઈ ચીજ છો કે નહીં ? અને તારી ચીજ છે તો શું છે ? તેરી ચીજમેં તો જ્ઞાન ને આનંદ ભર્યાં છે. અને જ્ઞાનને આનંદનો અનુભવ કરવો, એ જ્ઞાન ને આનંદને અનુસરીને થવું તે મોક્ષમાર્ગ છે. નિમિત્તને અનુસરીને થવું તે તો પુણ્ય-પાપ ભાવ છે. આવો માર્ગ જિનેન્દ્રદેવ-ત્રિલોકીનાથે પ્રકાશ્યો છે ૧૦૨ શ્લોકમાં એમ આવ્યું છે– ગણધરદેવે એમ કહ્યું છે.

અહીં કહે છે– અનાદિ પરંપરાથી એવો ઉપદેશ છે. આ મારગ અનાદિનો છે એમ કહે છે. તે એમ કહે છે કે– સોનગઢવાળાએ નવો કાઢયો છે. ક્યાંય છે નહીં એવો નવો માર્ગ કાઢયો છે; પોતાનો પંથ ચલાવવા કાઢયો છે. અરે... પ્રભુ ! એમ નથી નાથ ! પ્રભુ તને અંદર એમ લાગે પરંતુ તારી એવી કોઈ ચીજ છે નહીં. આ જે પુણ્યપાપ ચીજ છે તે તારી ચીજ છે કે નહીં ? પુણ્યપાપ તો ક્ષણિક એક સમયની વિકૃત અવસ્થા છે અને તારી ચીજ તો ત્રિકાળ જ્ઞાન ને આનંદ સ્વભાવથી ભરપૂર-આખી ભરી છે. આહાહા ! એ જ્ઞાન સ્વભાવ અને આનંદસ્વભાવ તેનો અનુભવ એ ' શિવ ' અર્થાત્ મોક્ષનો હેતુ છે. અનાદિ પરંપરામાં આ ઉપદેશ ચાલ્યો આવ્યો છે. ગણધરો, તીર્થંકરો, કેવળીઓ અને સંતો અનાદિથી આવો માર્ગ કહેતા આવ્યા છે.

**પ્રશ્નઃ-** ચિંતવન શું કરવું ?

**ઉત્તરઃ-** ચિંતવન શું કરવું! અંદર અનુભવ કરવો. પહેલાં હજુ વિકલ્પથી નિર્ણય કરવો. વિકલ્પથી પહેલાં નિર્ણય કરવો કે- આ અંતરમાં અનુભવ તે જ મોક્ષમાર્ગ છે... આવો વિકલ્પ કરવો પછી તે વિકલ્પ છોડી અનુભવ કરવો. પહેલાં વિકલ્પથી નિશ્ચય કરવો. શુભઅશુભભાવ બંધનું કારણ છે. મારી ચીજ અર્થાત્ તેનો અનુભવ મોક્ષનું કારણ છે. આવું સ્વલક્ષ કરવું, વિકલ્પથી નિર્ણય કરવો. હજુ તો વિકલ્પનાં પણ ઠેકાણાં નહીં તે નિર્ણય કરી અંતરમાં કેવી રીતે જઈ શકે? મારગ આવો છે ભાઈ!

જુઓને શબ્દ કેવો લખ્યો! **( विहितं ) અનાદિ પરંપરારૂપ એવો ઉપદેશ છે.** 'વિહિતં' નો અર્થ કર્યો છે કે અનાદિ અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત સંતો, મુનિઓ, અનંત સમકિતીઓ, અનંત પંચમ ગુણસ્થાનવાળા શ્રાવકોએ અનાદિ પરંપરામાં આ ઉપદેશ કહ્યો છે. સમજમાં આવ્યું? 'વિહિતં, આ વિધાન કહ્યું છે ને! આચાર્યોએ કરુણા કરીને આ વિધિ બતાવી છે. ભાઈ! તું આત્મા છો ને પ્રભુ! તારામાં પુણ્ય-પાપના વિકલ્પોનો તો અભાવ છે ને નાથ! અને તારામાં સદ્ભાવ છે તો જ્ઞાન ને આનંદનો છે. વિભાવનો અભાવ છે.

એ આપણે 'ભાવ' શક્તિમાં આવી ગયું છે. ૪૭ શક્તિમાં 'ભાવશક્તિ' આવી ગઈ. 'ભાવ' શક્તિને કારણે નિર્મળ પર્યાય વિદ્યમાન હોય જ છે, મલિનતા હોતી નથી. ભાવશક્તિ, અભાવશક્તિ આવી ગયું ને! ભાવઅભાવ, અભાવભાવ, ભાવભાવ શક્તિ છે પ્રભુ! તારામાં એક ભાવ નામની શક્તિ- ગુણ એવો છે કે- જે ગુણના કારણે નિર્મળપર્યાયની વિદ્યમાનતા હોય જ છે. વ્યવહારથી નિર્મળપર્યાય વિદ્યમાન હોય છે કે પૂર્વની પર્યાયથી નિર્મળપર્યાયની હૈયાતિ હોય છે તેમ નથી, આવું કથન અને આવી શૈલી દિગમ્બર સંતો સિવાય બીજે ક્યાંય છે નહીં. બધે ગરબડ કરી નાખી છે. " विहितं " અનંતતીર્થંકરો, અનંતકેવળીઓ, અનંતસંતો, અનંતમુનિઓએ આ ઉપદેશ કર્યો છે. તને સાંભળવામાં ન આવ્યો માટે વસ્તુ બદલી જાય!

અહીં 'શિવ' શબ્દ છે ને? શિવ એટલે મોક્ષ. નમુસ્ત્થુણું સામાયિક પાઠમાં " શિવં મલયં મરુય " એમ આવે છે. શ્વેતામ્બરમાં આવે છે અને આપણા દિગમ્બરમાં પણ આવે છે. દિગમ્બરમાં બહુ પ્રચલિત નથી. અરિહંતાણં, ભગવંતાણં, આઈગરાણં, તીથ્થયારણં એમ કરતાં છેક " શિવંમલયં મરુયમજ્જ,અનંત મજ્જા " શ્વેતામ્બરમાં બહુ ચાલે. આપણે સામાયિકનો પાઠ છે પરંતુ બહુ પ્રચલિત નથી.

" નમુત્થુણું-નમોડસ્તુ અરિહંતાણં, ભગવંતાણં આઈગરાણં, તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં પુરિસુત્તમાણં પુરિસીહાણં, પુરિસવર-પુંડરિયાણં " પછી છેલ્લે શિવમલય મરુય " તેમ શબ્દ છે. " શિવ " એટલે મોક્ષ સ્વરૂપ " શિવ અચલં ". હે.. . નાથ! આપ તો શિવસ્વરૂપ છો અચલ છો. આપ તો સ્વરૂપથી ન ચળો તેવા અચલ છો ને નાથ!

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આપ અનુપમ છો તેથી આપને ઉપમા કેવી! એમ ભગવાનને કહે છે- તો આત્મા તેવો જ છે.

આપણા દિગમ્બરમાં સામાયિક પાઠ છે તેમાં આ આવ્યું છે "શિવં" પ્રભુ આપ તો શિવસ્વરૂપ છો ને! સામાયિક પાઠમાં તો પરમાત્મા માટે કહ્યું છે. પરંતુ અહીં તો શિવ સ્વરૂપ આત્મા છે. "શિવ" એટલે શંકર, શંકર એટલે સુખસ્વરૂપ એ સુખસ્વરૂપ ભગવાનનો અનુભવ કરવો, આનંદનો અનુભવ કરવો એ મોક્ષનો મારગ અનંત તીર્થંકરોએ, કેવળીઓએ કહ્યો છે, અનંત ગણધરોએ શાસ્ત્રમાં આ રીતે કહ્યો છે.

શું કહ્યું? અનંત કેવળીઓએ કહ્યું, ગણધરોએ કહ્યું અને ગણધરોએ તેને શાસ્ત્રમાં રચ્યું કે- પોતાના આનંદ સ્વરૂપના અનુભવથી મોક્ષ થાય છે. આવી રચના શાસ્ત્રમાં કરી છે અને આવો ઉપદેશ છે. ગજબ વાત છે. જુઓ! આર્જવ ધર્મના દિવસે આ વાત આવી.

* * *

(શિખરિણી)

निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल
प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः सन्त्यशरणाः।
तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणं
स्वयं विन्दन्त्येते परमममृतं तत्र निरताः।।५-१०४।।

**ખંડાન્વય સહિત અર્થઃ-** **અહીં કોઈ પ્રશ્ન કરે છે કે શુભ ક્રિયા તથા અશુભ ક્રિયા સર્વ નિષિદ્ધ કરી, તો મુનીશ્વર કોને અવલંબે છે? તેનું આમ સમાધાન કરવામાં આવે છે-** "सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि निषिद्धे" (सर्वस्मिन्) **આમૂલાગ્ર અર્થાત્ સમગ્ર** (सुकृत) **વ્રત-સંયમ-તપરૂપ ક્રિયા અથવા શુભોપયોગરૂપ પરિણામ,** (दुरिते) **વિષય-કષાયરૂપ ક્રિયા અથવા અશુભોપયોગરૂપ સંક્લેશ પરિણામ-એવાં** (कर्मणि) **કાર્યરૂપ** (निषिद्धे) **મોક્ષમાર્ગ નથી એવું માનતા થકા,** "किल नैष्कर्म्यै प्रवृत्ते" (किल) **નિશ્ચયથી** (नैष्कर्म्ये) **સૂક્ષ્મ-સ્થૂલરૂપ અંતર્જલ્પ-બહિર્જલ્પરૂપ સમસ્ત વિકલ્પોથી રહિત નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યમાત્રપ્રકાશરૂપ વસ્તુ મોક્ષમાર્ગ છે એવું-** (प्रवृत्ते) **એકરૂપ એવો જ છે એવું-નિશ્ચયથી ઠરાવતા થકા,** "खलु मुनयः अशरणाः न सन्ति" (खलु) **ખરેખર,** (मुनयः) **સંસાર-શરીર-ભોગથી વિરક્ત થઈ ધારણ કર્યું છે યતિપણું જેમણે તેઓ** (अशरणाः न सन्ति) **આલંબન વિના શૂન્યમન એવા તો નથી. તે કેવા છે?** "तदा हि एषां ज्ञानं स्वयं शरणं" (तदा) **જે કાળે એવી પ્રતીતિ આવે છે કે અશુભ ક્રિયા મોક્ષમાર્ગ નથી, શુભ ક્રિયા પણ મોક્ષમાર્ગ નથી, તે કાળે** (हि) **નિશ્ચયથી** (एषां) **મુનીશ્વરોને**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**( ज्ञानं स्वयं शरणं ) જ્ઞાન અર્થાત્ શુદ્ધસ્વરૂપનો અનુભવ સહજ જ આલંબન છે. કેવું છે જ્ઞાન ? “ ज्ञाने प्रतिचरितम् ” જે બાહ્યરૂપ પરિણમ્યું હતું તે જ પોતાના શુદ્ધસ્વરૂપે પરિણમ્યું છે. શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં કાંઈ વિશેષ પણ છે. તે કહે છે- “ एते तत्र निरताः परमम् अमृतं विन्दन्ति ” ( एते ) વિદ્યમાન જે સમ્યગ્દૃષ્ટિ મુનીશ્વર ( तत्र ) શુદ્ધસ્વરૂપના અનુભવમાં ( निरताः ) મગ્ન છે તે ( परमम् अमृतं ) સર્વોત્કૃષ્ટ અતીન્દ્રિય સુખને ( विन्दन्ति ) આસ્વાદે છે. ભાવાર્થ આમ છે કે શુભ-અશુભ ક્રિયામાં મગ્ન થતાં જીવ વિકલ્પી છે, તેથી દુઃખી છે; ક્રિયાસંસ્કાર છૂટીને શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં જીવ નિર્વિકલ્પ છે, તેથી સુખી છે. ૫-૧૦૪.**

## કલશ - ૧૦૪ : ઉપર પ્રવચન

પ્રભુ ! આપ તો શુભ અને અશુભ બધી ક્રિયાઓનો નિષેધ કરો છો ને ? તો અમારે શું કરવું ? અમારે જે કાંઈ કરવા લાયક છે, જે કાંઈ ભાસે છે તેને તો તમે બંધનું કારણ કહો છો.. તો પછી અમારે કરવું શું ? મુનિઓને કરવું શું ? કરવા લાયક ક્રિયાનો તો આપ નિષેધ કરો છો ? શિષ્ય આમ પૂછે છે.

“ निषेद्धे सर्वस्मिन् सुकृतयुरिते कर्मणि किल ” **અહીં શુભ અશુભભાવનો સંપૂર્ણ નિષેધ કર્યો છે. “ प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः सन्त्यशरणाः ” મુનિઓ તો રાગ રહિત અંદરમાં આનંદની ક્રિયામાં રમે છે. તે મુનિ અશરણ નથી, તેમને તો અંદર આનંદનું શરણ છે. અંદર જ્ઞાનનું શરણ છે. પુણ્યપાપને છોડીને આનંદમાં રમે છે તેને આત્માનું અવલંબન છે તેને આત્માનું શરણ છે. આહાહા !**

“ तदा ज्ञाने ज्ञानं ” જ્ઞાન સ્વરૂપ આત્મા છે. તેમાં જ્ઞાનની પ્રધાનતાથી કથન છે. પરંતુ જ્ઞાન સ્વરૂપ ( ની સાથે ) આનંદસ્વરૂપ, શાંતસ્વરૂપ, પ્રભુ સ્વરૂપ ( ની સાથે ) આનંદસ્વરૂપ, શાંતસ્વરૂપ, પ્રભુસ્વરૂપ, ઈશ્વરસ્વરૂપ છે. “ तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणं ” મુનિઓ તો અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે છે. તે પુણ્ય-પાપના બોજથી-વિકલ્પથી હઠી જાય છે. આખો મહાસાગર ભગવાન અંદર બિરાજે છે. તેનું તેને શરણ છે. તેને આનંદના નાથનું શરણ છે.

“ ज्ञाने ज्ञानं चरितं ” વસ્તુ સ્વભાવમાં સ્વભાવ એકાકાર થાય છે. પુણ્ય-દયા-દાન તો વિભાવ છે તેનું શરણ નથી. પુણ્યનો નિષેધ છે તો તેને આલંબન શું ? ભગવાન ચિદાનંદ ધ્રુવ સ્વરૂપ તેનું શરણ છે. તેમાં રમે છે, તેમાં અનુભવ કરે છે તો “ परमममृतं तत्र निरताः ” મુનિઓ તો અમૃતમાં લીન છે. પોતાના આનંદ-અમૃત સાગરમાં લીન છે સમજમાં આવ્યું ?

જેમ અજ્ઞાનમાં પુણ્ય પરિણામમાં લીન હતા તેમ પોતાના જ્ઞાન સ્વભાવમાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

(निरता) લીન થઈ અમૃતને પીવે છે. આનંદઘનજીમાં પદ આવે છે કે-

"ગગન મંડળમેં ગૌઆ વિહાણી, વસુધા દૂધ જમાયા,
સુણો, સુણો રે ભાઈ! વલોણું વલોવે કોઈ,
જો તત્ત્વ અમૃત કોઈ પાઈ... અબધુ, સો જોગી રે ગુરુ મેરા."

"ગગન મંડળમેં ગૌઆ વિહાણી" આકાશેથી ભગવાનની દિવ્યધ્વનિ નીકળી. "વસુધા દૂધ જમાયા", એ વાણી જગતના પ્રાણીને કાને ગઈ. આહાહા!

"ગગન મંડળમેં અધબીચ કુવા, વહાં હૈ અમી કા વાસા.
સુગુરા હોય સો ભર ભર પીએ, નગુરા જાવે પ્યાસા,
અબધુ સો જોગી રે ગુરુ મેરા.
જિનપદકા કરે રે નિવેડા, અબધુ સો જોગી રે ગુરુ મેરા."

"ગગન મંડળમેં અધબીચ કૂવા", અંદરમાં અમૃતનો કુવો પડયો છે, ત્યાં અમીનો વાસ છે. ત્યાં ભગવાનમાં અમૃતનો વાસ છે, પરંતુ "સુગુરા હોય સો ભર ભર પીએ," જેને સદ્‌ગુરુ મળ્યા તે કહે છે -તારા આનંદનો અનુભવ કર. આ શુભાશુભ ભાવને છોડી દે! શ્વેતામ્બરમાં આનંદઘનજી થઈ ગયા તે કહે છે.

**"માખણ થા સો વિરલા રે પાયા"** અર્થાત્ પુણ્ય-પાપના ભાવથી રહિત ભગવાન આનંદના નાથ માખણનો અનુભવ વિરલા પાયા. **'છાશે જગત ભરમાયા.'** છાશ એટલે મહ્ઠા આ દયા દાન-વ્રતની ક્રિયામાં ભ્રમણામાં ભરમાઈ ગયા અજ્ઞાનીઓ, તો તેમને છાશ મળી-મહ્ઠા મળ્યા શેઠ! આવી વાત છે. એરેરે! સાંભળવા મળે નહીં ને!

અહીં એ જ વાત કહે છે. **"અહીં કોઈ પ્રશ્ન કરે છે કે- શુભક્રિયા તથા અશુભ ક્રિયા સર્વ નિષિદ્ધ કરી, તો મુનિશ્વર કોને અવલંબે છે?"** (મુનિઓને) અવલંબન કોનું છે? જે અવલંબન કરવા લાયક હતા તેનો તો તમે નિષેધ કરી દીધો. દુકાન-ધંધા-મકાન-બાયડી-બધું છોડીને વ્રત કરે છે, તપ કરે છે, શીલ કરે છે, તપશ્ચર્યા કરે છે... તેનો તો તમે નિષેધ કરો છો કે એ તો શુભક્રિયા છે. અને તે બંધનું કારણ છે. તો તેને હવે ત્યાં અવલંબન શું રહ્યું? બહાર પ્રવૃત્તિ કરવામાં માંડ શુભભાવ આવતો હતો તેનો તો તમે નિષેધ કરો છો તો પ્રભુ! તેમને અવલંબન શું રહ્યું?

**તેનું આમ નામ સમાધાન કરવામાં આવે છે - 'सर्वस्मित् सुकृतदुरिते कर्मणि निषिद्धे" આમૂલાગ્ર"** શું કહે છે? મૂળમાંથી; વ્રતાદિની ક્રિયા બંધનું કારણ છે. તેને ઉખેડી દીધી-તેનો નિષેધ કરી દીધો. ગધેડો હોય છે ને તે ઘાસ ખાય છે તો મૂળને ઉખેડીને ખાય છે ઘાસ ફરીને ઉગે નહીં તેમ ખાય છે. ગાય ખાય છે તે ગોચરને ઉપર

ઉપરથી ખાય છે ઘાસનાં મૂળિયાં મૂળિયાં સાજા રહે તેમ. જેમ ગધેડો ઘાસને મૂળથી ઉખેડી નાખે છે તેમ જ્ઞાની મૂળ ઉખેડી નાખે છે. વ્રત ને નિયમની ક્રિયાને મૂળમાંથી છેદ કરી નાખે છે. છે પાઠમાં શબ્દ ' આમૂલ '! આમૂલ એટલે મૂળમાંથી સમસ્ત પ્રકારના વ્રતને, શીલને, નિયમને, ઉપવાસ આદિ ' આમૂલાગ્ર ' મૂળમાંથી ઉખેડીને ફેંકી દે છે. કેમ કે તે બંધનું કારણ છે.

( આત્માની ) શ્રદ્ધા તો કર પ્રભુ ! એની શ્રદ્ધાતો કર ! સ્વ સન્મુખ થવામાં અમૃતની ધારા વહે છે અને પરસન્મુખતામાં તો દુઃખની ધારા વહે છે. અનંત કેવળીઓએ જે શુભ ભાવનો નિષેધ કર્યો, તો તેને શરણ કોણ ? તેને ચિદાનંદ ભગવાન શરણ છે, તેમાંથી અમૃત પીવે છે. અનુભવ છે, ધર્મ છે. આનંદ અમૃતનો અનુભવ શુદ્ધોપયોગમાં થાય છે તે જ ધર્મ છે. આહાહા ! લોકોને બિચારાને ( ધર્મ ) સાધારણ લાગે. આ મૂળમાં-અનાદિ પરંપરામાં ભગવાનનો આ ઉપદેશ છે. આ નવો ઉપદેશ ક્યાંથી કાઢયો ?

પ્રભુ ! એક બાજુ આખો ભગવાન બિરાજે છે અને પૂરા-પૂર્ણાનંદની લક્ષ્મી જે જ્ઞાન, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા, ઈશ્વરતાની શક્તિનો પિંડ મોટો છે નેઃ હવે વ્યવહાર વિકલ્પોનો તો નિષેધ કર્યો તો ધર્મ માટે જીવને સ્વરૂપનું શરણ છે. સ્વરૂપનું આલંબન છે, સ્વરૂપ ધ્યેય છે. રાગનું ધ્યેય હતું તે તો મિથ્યાદૃષ્ટિને હતું. સમ્યગ્દૃષ્ટિને તો આનંદકંદ પ્રભુ છે તે ધ્યેય ( દૃષ્ટિ ) માં આવી ગયો છે. આવી વાત છે.

આમૂલ-મૂલ જુઓ ! પાઠમાં ' **सर्वस्मिन्** ' છે ને ! મૂળમાંથી ઉખેડીને ફેંકી દીધું. પછી તે છ માસના અપવાસ હો તેવી શુભક્રિયા અખંડ બાલ બ્રહ્મચારી હો ! એમ જ બ્રહ્મચારી હો તેવી શુભક્રિયાને મૂળમાંથી ઉખેડી દીધી. એ ક્રિયા રાગ છે અને રાગ આત્માનો સ્વભાવ નથી.

" **सर्वस्मिन** " નો અર્થ કર્યો છે- સંપૂર્ણપણે, સર્વથા છોડી દીધું. ' આમૂલ ' અર્થાત્ મૂળમાંથી ઉખેડી દીધું. જ્યાંથી શુભ વિકલ્પ ઊઠે છે તેને મૂળમાંથી ઉખેડી દીધું. કે એ ધર્મ નથી. આરે આવી વાત ! વળી પાછા તે કહે- તમે માનો નહીં પણ વ્યવહારે તો કરો ખરાને ! સંતો કહે છે વ્યવહાર આવે છે પણ તે હેયબુદ્ધિએ આવે છે. સાંભળ તો ખરો !

અહીં તો ભગવાન આનંદનો નાથ પ્રભુ સાંભળ તો ખરો ! છે ? અંદર અતીન્દ્રિય આનંદનો મોટો ગંજ પડયો છે. અંદર આનંદનો નાથ છે તેને અંદરમાં જોને ! અંતરમાં જાને તને અંદર અવલંબન મળશે. તને પ્રભુનો આધાર મળશે. તારી વીતરાગી અનુભવ દશામાં તને ભગવાનનો આધાર મળશે. સમજમાં આવ્યું ? આ વાત એકાંત લાગે. તેને સોનગઢનું એકાંત છે. એકાંત છે તેમ લાગે. અમે વ્રત તપ એ બધું કરીએ છીએને ! ધૂળેય નથી તારા વ્રત-તપ, સાંભળને ! નવમી ગ્રૈવેયક ગયો ત્યારે જે વ્રત કર્યા એવા વ્રત તો અત્યારે છે પણ નહીં. દયા-દાન-પુણ્યના સાધારણ ભાવ છે. અહીંયા તો કહે છે-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



" આમૂલ ' મૂળમાંથી શુભભાવને છોડી દીધાં, વ્રત-તપ તે વ્યવહારે થોડા પણ સાધન છે ? એ સાધન છે જ નહીં.

આ શેઠ પણ બધા સાધુને માખણ ચોપડતા હતા. આહાર શુદ્ધ, પાણી શુદ્ધ; પરંતુ બનાવ્યા હોય તેને માટે છતાં આહારશુદ્ધ, પાણીશુદ્ધ, વચનશુદ્ધ, મનશુદ્ધ, કાયશુદ્ધ. બધુંય જૂઠું છે. આ બન્ને આ બન્ને શેઠિયા બેઠાં છે. આહાર-પાણી-મોસંબીનો રસ બનાવ્યો હોય તેના માટે તો પછી આહાર શુદ્ધ ક્યાંથી લાવ્યા ? પાણી એના માટે બનાવ્યું હોય અને પાણી શુદ્ધ ક્યાંથી લાવ્યા ?

**શ્રોતાઃ-** કુવામાંથી

**ઉત્તરઃ-** અહીં તો ભગવાન આત્મા અમી રસ કૂંપો છે. " **ગગન મંડળમેં અધબીચ કુવા,** " આલંબન વિનાનો અંદરમાં ( આત્મા ) પડયો છે. જેને શરીરનો કે આકાશનો પણ આધાર નથી તેવો અમૃતનો કૂવો અંદરમાં પડયો છે. ત્યાં " અમીકા વાસા " તાં અમૃત પડયા છે. પરંતુ... માખણ હતું તે વિરલાને મળ્યું અને છાશે જગત ભરમાયું. દયા-દાન-વ્રત-સંયમની ક્રિયામાં જગત ભરમાઈ ગયું- મિથ્યાદષ્ટિઓ. આવો મારગ પ્રભુ ! આ ઉપદેશ તો અનાદિનો છે એમ કહે છે. અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત મુનિઓ આ ઉપદેશ કરતા, કરે છે અને કરશે.

" **વ્રત-સંયમ-તપરૂપ ક્રિયા અથવા શુભ ઉપયોગરૂપ પરિણામ** " , વ્રત-તપ-સંયમ એ ક્રિયા સુકૃત અથવા એ ક્રિયા જડની તે બહારની અથવા શુભ ઉપયોગરૂપ પરિણામ બે પ્રકારના લેવા. વ્રત-સંયમ-તપ ક્રિયા શરીરની અને શુભોપયોગ જીવના પરિણામ. પહેલાં ( सुकृत ) હતું હવે ( दुरिते )

**( दुरिते ) વિષય-કષાયરૂપ જડની ક્રિયા અથવા અશુભ ઉપયોગરૂપ સંકલેશ પરિણામ એવાં કાર્યરૂપ મોક્ષમાર્ગ નથી.** " ( निषिद्ध ) મુનિઓ અને ધર્મી જીવ તેને મોક્ષમાર્ગ માનતા નથી. " किलनैष्कर्म्ये प्रवृर्ते " ( किल ) નિશ્ચયથી ( नैष्कर्म्ये ) સૂક્ષ્મ-સ્થૂલરૂપ અંતર્જલ્પ-બહિર્જલ્પરૂપ સમસ્ત વિકલ્પોથી રહિત, " કહેવું તો નિષ્કર્મ છે. તેથી નિષ્કર્મની વ્યાખ્યા કરી. સૂક્ષ્મ અને સ્થૂળરૂપ અંતર્જલ્પ વિકલ્પ અર્થાત્ ગુણ-ગુણીના ભેદરૂપી વિકલ્પ તેને અંતર્જલ્પ કહ્યું. બાહ્ય સ્થૂલ જલ્પ અર્થાત્ બહિર્જલ્પ વિકલ્પોથી રહિત " નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યમાત્ર પ્રકાશરૂપ વસ્તુ મોક્ષમાર્ગ છે. " રાગ વિનાની નિર્વિકલ્પ વસ્તુ, ચૈતન્યમાત્ર પ્રકાશરૂપ વસ્તુ એવો મોક્ષમાર્ગ છે.

" **એવું-એકરૂપ એવો જ છે એવું-નિશ્ચયથી ઠરાવતા થકા,** " **खलु मुनयः अशरणाः न सन्ति** " **ખરેખર, સંસાર-શરીર-ભોગથી વિરક્ત થઈ ધારણ કર્યું છે યતિપણું જેમણે.** " સંસાર, ઉદયભાવ ભોગોથી વિરક્ત થઈને ધાર્યુ છે યતિપણું જેણે ( अशरणाः न सन्ति ) તે અશરણ નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**"આલંબન વિના શૂન્યમન એવા તો નથી."** શૂન્ય છે તો કાંઈ એવો શૂન્ય નથી. વિકલ્પ છોડી દ્યો અને શૂન્ય થઈ જાવ.... શૂન્ય થઈ જાવ એમ રજનીશ કહે છે ને! શૂન્ય થઈ જાઓ! પણ કેવી રીતે? આલંબન વિના? કઈ ચીજ છે કે-તેના લક્ષ્યથી શૂન્ય થઈ જાઓ?

અહીં એ વાત કહે છે.. **"खलु मुनयः सन्त्य शरणाः" સંસાર-શરીર-ભોગથી વિરક્ત થઈ ધારણ કર્યું છે યતિપણું જેમણે તેઓ આલંબન વિના શૂન્યમન એવા તો નથી. કેવા છે? "तदा हि एषां ज्ञानं स्वयं शरणं"** જ્ઞાન એટલે આત્મા, શુદ્ધ ચૈતન્યઘન છે એ ધર્મીને શરણ છે.

મંગલાચરણમાં આવે છે ને **"चतारि मंगलम"** ચારમંગળ, ચારઉત્તમ, ચાર શરણ. એ શરણ નહીં, આ આત્મા શરણ છે. અરિહંતાશરણમ્, સિદ્ધાશરણમ્ એ તો વ્યવહાર છે.

ભાષા જુઓ! **"જે કાળે એવી પ્રતીતિ આવે છે કે અશુભક્રિયા મોક્ષમાર્ગ નથી, શુભક્રિયા પણ મોક્ષમાર્ગ નથી, તે કાળે નિશ્ચયથી મુનિશ્વરોને [ ज्ञानं स्वयं शरणं ] જ્ઞાન અર્થાત્ શુદ્ધ સ્વરૂપનો અનુભવ સહજ જ આલંબન છે."** સ્વયંનો અર્થ સહજ કર્યો, અર્થાત્ સ્વયં ભગવાન શરણ છે. એ રાગ કંઈ પણ શરણ છે અને તેનાથી ગયા છે અંદર (આત્મામાં); વ્યવહાર- રત્નત્રય કંઈક કર્યા તો અંદરમાં ગયા તેમ બિલકુલ નથી એમ કહે છે. સ્વયં શરણં-સહજ શરણં. પોતાનું નિજ સ્વરૂપ આનંદ છે તે જ સ્વયં શરણ છે. આવો મારગ હવે! એક તો વેપાર ધંધામાંથી નવરો ન થાય અને નવરો થયો તો દયા-દાનની ક્રિયામાં ઘુસી ગયો. એનો એ વેપાર પાપનો રહ્યો. પેલો વેપાર પાપનો હતો અને આ પુણ્યનો પરંતુ ખરેખર તો બન્ને ધંધા એક જ છે.

**"નિશ્ચયથી મુનિશ્વરોને જ્ઞાન અર્થાત્ શુદ્ધ સ્વરૂપનો અનુભવ સહજ જ આલંબન છે."** અંતરમાં દૃષ્ટિ લગાવવી તેને ભગવાન આલંબનરૂપ છે. નિર્મળ-વીતરાગી પરિણતિને આલબંન દ્રવ્યનું છે. દુનિયા ગમે તે કહો પરંતુ માર્ગ તો આ છે. બરાબર પર્યુષણના કાળમાં આ ગાથાઓ આવી. આ તો સાદી ભાષા છે. બપોરના જરા ઝીણી વાત છે. એ પણ ગુણ અને ગુણી શું ચીજ છે તે બતાવે છે. રાગ તો ભિન્ન છે.

અહીં કહે છે- "મુનિશ્વરોને તો શુદ્ધ સ્વરૂપનો અનુભવ સહજ જ આલંબન છે." આત્મા આનંદસ્વરૂપ છે તેનું આલંબન છે એમ કહે છે. મુનિશ્વરની નિર્મળ વીતરાગી દશાને ત્રિકાળી આનંદનો નાથ ભગવાન શરણ છે- આલંબન છે. પરંતુ વ્યવહારના આલંબને નિશ્ચયનું આલંબન થતું નથી. એ વ્યવહારનું લક્ષ છોડી, વીતરાગી પર્યાયને આત્માનું આલંબન છે. આવો માર્ગ છે!

વીતરાગ ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ અનાદિ પરંપરામાં આ ઉપદેશને છોડી બીજો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપદેશ કરવો તે અનંત સર્વજ્ઞનો અપરાધી છે. પુણ્યથી ધર્મ થાય છે તેમ લખ્યું છે. તેમ કહે છે. જ્યારે સંગ્રહમાં લખ્યું છે કે- ક્રિયા કરતાં કરતાં પરંપરાએ થશે તેવું માનનાર મૂઢ મહામિથ્યાદૃષ્ટિ છે.

અહીં તો- અનાદિ પરંપરામાં તીર્થંકરો, કેવળીઓ, ગણધરોએ કહેલો આ માર્ગ છે. અજ્ઞાની ને એમ લાગે કે- પુણ્યની ક્રિયાનો નિષેધ કર્યો તો શરણ શું રહ્યું ? તો કરવું શું ? એ કરવું કે... અંદર સ્વરૂપમાં રમવું-જમવું તે કરવું.

## પ્રવચન નં. ૧૦૦ તા. ૨૦-૯- '૭૭

सम संतोसजलेणं य, जो धोवदि तिव्वलोहमलपुंजं।
मोयणगिद्धविहीणो, तरस सउच्चं हवे विमलं।।

શૌચધર્મ-તૃષ્ણા, ભવિષ્યની ચાહના અને વર્તમાન પદાર્થોનો લોભ, તૃટી-તૃષા. તૃષા તેને કહીએ કે ભવિષ્યની ચાહના અને લોભ તેને કહીએ કે વર્તમાનમાં કોઈ પણ પદાર્થનો લોભ ભાવ. ભવિષ્યની ચાહનાનો પણ વર્તમાનમાં ત્યાગ ન હોય તો અંદર સ્વભાવમાં સંતોષ નહીં.

ભોજન ગૃધ્ધિમાં પણ ત્યાગ કરવો ઉપયોગમાં ગમતો નથી. તેની વ્યાખ્યા કરી છે. ચાહના ( ઈચ્છા ) તૃષ્ણા એ ત્રણને કંકણ સમાન જાણવા. તે તણખલા સમાન છે. તે બન્ને જડ પુદ્‌ગલની પર્યાય છે. લોભમાં સમાન ભાવ રાખવો અને સંતોષ-તૃપ્તિભાવ રાખવો.

પોતાના સ્વરૂપનું સુખ, પોતાના આનંદ સ્વરૂપમાં તૃપ્ત રહેવું તે શૌચધર્મ છે. પુણ્ય-પાપના વિકલ્પથી રહિત પોતાના આનંદ સ્વભાવમાં સંતોષથી રહેવું, સુખના સ્વાદમાં રહેવું તેનું નામ શૌચ-નિર્લોભ ધર્મ છે. ઊંચી વાત છે.

ભાવરૂપ જલથી તૃષ્ણા-આગામી મળવાની ચાહ,
લોભ-પ્રાપ્ત થયેલ દેવાદિક અતિ લિપ્ત રહેવું.

તેના ત્યાગમાં અતિ ખેદ કરવો રૂપમળને ધોવાથી મન પવિત્ર થાય છે. તેમાં પણ તીવ્રતા-મંદ રહે છે. તેમાં પણ લાભ-અલાભ, સરસ-નિરસમાં ઉત્તમ શૌચધર્મમાં-તેમાં લોભના ચાર પ્રકાર છે. ( ૧ ) જીવિતનો લોભ ( ૨ ) આરોગ્ય રહેવાનો લોભ ( ૩ ) ઇન્દ્રિય બની રહેવાનો લોભ ( ૪ ) ઉપભોગનો લોભ. પદાર્થના ઉપભોગ કરવાનો લોભ એવા ચારે પ્રકારના લોભનો ત્યાગ. " પોતાના સંબંધી સ્વજન મિત્ર આદિ બન્નેને ચાહવાથી તે આઠ ભેદરૂપ પ્રવૃત્તિ છે.

પોતાની અતીન્દ્રિય આનંદની શાંતિમાં રહેવું એ અતિ લોભ રહિત સંતોષપણાનું ધ્યાન છે. આવો કઠણ મારગ છે. આ શૌચધર્મ થયો.

**પ્રશ્નઃ-** શરીરથી રક્ષા કરવાનો લોભ !

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

**ઉત્તર:-** ઈચ્છાનો, જૂઠનો લોભ, સહકુટુંબનો, પોતાના શરીરને ઉપભોગનો લોભ. વારંવાર સ્ત્રીને ભોગવવી, આહારને ભોગવવો.

આત્મા તો આનંદસ્વરૂપ ભગવાન છે. આનંદસ્વરૂપમાં નિવાસ કરવો અને પરપદાર્થમાંથી ઉપયોગ હઠાવવો તેનું નામ શૌચધર્મ છે. આ શબ્દો ( સાદા ) છે બાપુ ! પરંતુ ભાવ તો અલૌકિક છે. આ માર્ગને અનાદિથી સમજવામાં આવ્યો નથી.

મારી ચીજ તો આનંદસ્વરૂપ-સુખધામ છે. એ હવે ૧૦૫ કળશમાં આવશે. **“ કેવું છે જ્ઞાન “ तदा हि एषां ज्ञानं स्वयं शरणं ”** શુભ-અશુભભાવ એ શરણ નથી એ તો દુઃખરૂપ છે. દયા-દાન-વ્રત-નિયમ-શીલ-તપ તે બધું વિકલ્પ છે દુઃખરૂપ છે. **“ જે કાળે એવી પ્રતીતિ આવે છે કે અશુભક્રિયા મોક્ષમાર્ગ નથી, શુભક્રિયા પણ મોક્ષમાર્ગ નથી. ”** જ્યારે એ લોકો તો શુભ ઉપયોગને મોક્ષમાર્ગ કહે છે. અહીં કહે છે- શુભક્રિયા પણ મોક્ષમાર્ગ નથી. એ તો પુણ્ય છે, રાગ છે.

**“ તે કાળે નિશ્ચયથી મુનિશ્વરોને જ્ઞાન અર્થાત્ શુદ્ધસ્વરૂપનો અનુભવ સહજ જ આલંબન છે. ”** વ્યાખ્યા કરી કે કોઈ આલંબન છે કે નહીં ? પુણ્ય-પાપના ભાવ છૂટયા તો તેને આલંબન કોનું ? શુભાશુભભાવનું આલંબન લઈને પરિણામ થાય છે તો એ તો છૂટી ગયું તો પછી ધર્મીને આલંબન કોનું ? આહાહા ! શબ્દ તો એવો લીધો છે કે- **“ ज्ञान स्वयं शरणं ”** તેનો અર્થ એવો કર્યો કે- **“ શુદ્ધ સ્વરૂપનો અનુભવ સહજ જ આલંબન છે. ”** શુદ્ધસ્વરૂપનો અનુભવ સહજ જ... આલંબન છે... એ શબ્દોમાં ઘણી ગંભીરતા છે.

પોતાના આનંદ સ્વરૂપનું સહજ જ આલંબન-આશ્રય છે. વ્રત અને ક્રિયાકાંડનો બધો વિકલ્પ દુઃખરૂપ છે.... એમ કહે છે. તો શરણ શું ? “ જ્ઞાનં સ્વયં શરણં ” શુદ્ધસ્વરૂપનો અનુભવ, અતીન્દ્રિય આનંદના સ્વરૂપથી અનુસરીને થવું તેમાં સહજ સ્વરૂપ આલંબન છે. ભાષા જુદી અને ભાવ જુદા કહો !

શુદ્ધ સ્વરૂપનો અનુભવ તે સહજ જ છે. પાઠમાં આવા શબ્દો છે. આનંદસ્વરૂપ ભગવાન, જ્ઞાનસ્વરૂપ ભગવાન, નિત્યાનંદ પ્રભુ તેનો અનુભવ અર્થાત્ સ્વભાવનું આલંબન લઈને અનુભવ થયો, તેનું સ્વભાવિક જ શરણ છે... અર્થાત્ સહજ સ્વભાવ જ શરણ છે. સમજમાં આવ્યું ?

**“ કેવું છે જ્ઞાન ? “ ज्ञाने प्रतिचरितम् ” જે બાહ્યરૂપ પરિણમ્યું હતું તે જ પોતાના શુદ્ધસ્વરૂપે પરિણમ્યું છે. ”** જે બાહ્યરૂપ પરિણમ્યું હતું એ જ શુભઅશુભ ભાવની વિકારની પરિણતિમાં પરિણમ્યું હતું... ભગવાન જ્ઞાનસ્વરૂપ તે જ પોતાના શુદ્ધ સ્વરૂપે પરિણમ્યું. જે જ્ઞાન પુણ્ય ને પાપની પરિણતિમાં રોકાતું હતું.... પરિણમ્યું હતું તે હવે જ્ઞાન સ્વરૂપમાં પરિણમ્યું છે. પાઠમાં છે ?

**“ શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં કાંઈ વિશેષ પણ છે. તે કહે છે- “ एते तत्र**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**निरता: परमम् अमृतं विन्दन्ति " વિદ્યમાન જે સમ્યગ્દૃષ્ટિ મુનિશ્વર શુદ્ધ સ્વરૂપના અનુભવમાં મગ્ન છે તે. निरता: રતા-નિરતા !** રત તો છે પરંતુ વિશેષ રત નામ મગ્ન છે. મુનિશ્વરો વિશેષ નિમગ્ન છે. સમ્યગ્દૃષ્ટિ છે તે रता: રત છે. જ્યારે મુનિતો निरता: વિશેષે રત છે. સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાને પોતાના આનંદમાં રત છે. જ્યારે મુનિ તો " निरता: " વિશેષે લીન છે.-મગ્ન છે.

**( परमम् अमृतं पिबन्ति )** કર્તાકર્મ અધિકારમાં પહેલાં આવ્યું હતું નેઃ હું બધ્ધ છું, અબધ્ધ છું, શુદ્ધ છું તેવો વિકલ્પ જ્યારે છૂટી જાય છે ત્યારે અમૃત પિબન્તિ. કર્તાકર્મમાં છેલ્લે આવ્યું હતું કે- શુભ-અશુભભાવનો આશ્રય છૂટે છે તો અંતર આનંદસ્વરૂપ ભગવાનનો આશ્રય લ્યે છે તે અતીન્દ્રિય આનંદમાં લીન છે. તે અતીન્દ્રિય આનંદમાં, અતીન્દ્રિય આનંદનું ભોજન કરે છે.

**" સર્વોત્કૃષ્ટ અતીન્દ્રિય સુખને આસ્વાદે છે. "** જુઓ ! **विन्दन्ति આસ્વાદે છે.** જે કાંઈ પુણ્યની ક્રિયામાં રાગનો આસ્વાદ હતો તે આસ્વાદ છૂટીને અતિન્દ્રિય આનંદના સ્વાદમાં લીન છે. સત્યમાર્ગ આવો છે. લોકોને નિશ્ચય-નિશ્ચય પરંતુ સત્ય જ આ છે.

એ કહ્યું ને ! **" परमम् अमृतं " સર્વોત્કૃષ્ટ અતીન્દ્રિય સુખને આસ્વાદે છે. "** સમ્યગ્દર્શનમાં પણ આનંદનો સ્વાદ શુભાશુભ પરિણામથી રહિત હોય છે. અહીંયા તો મુનિની વાત છે. પંચમહાવ્રતના વિકલ્પ એ રાગ અને દુઃખ છે. તેનાથી હઠીને જ્ઞાની જ્ઞાનાનંદ સ્વભાવમાં સર્વોત્કૃષ્ટ અતીન્દ્રિય સુખમાં લીન રહે છે... તેને આસ્વાદે છે. આવો મારગ છે. કોને મુનિ કહેવા અને કોને સમકિતી કહેવા તેની કાંઈ જ ખબર નહીં...

**" ભાવાર્થ આમ છે કે- શુભ-અશુભ ક્રિયામાં મગ્ન થતાં જીવ વિકલ્પી છે. "** એ તો વિકલ્પી-રાગી પ્રાણી છે. શુભ-અશુભ ક્રિયામાં વિકલ્પી પ્રાણી છે એ તો દુઃખી છે. વિકલ્પ છે એ દુઃખ છે તેમ આવ્યું ને ! છ ઢાળામાં આવે છે -

" મુનિવ્રત ધાર અનંત બાર, ગ્રીવક ઉપજાયૌ,
પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ. "

પંચમહાવ્રતના પરિણામ એ શું છે ? એ તો દુઃખ છે. " આત્મજ્ઞાન વિના લેશ સુખ ન પાયો. " ભગવાન આત્માનો અંતર આશ્રય લઈને જે અનુભવ થાય તેમાં સુખ છે. પંચમહાવ્રતાદિ પરિણામ તો દુઃખરૂપ છે. એ તો વિકલ્પની જાળ છે. આહાહા ! શુભ-અશુભ ક્રિયામાં મગ્ન થાય છે તે વિકલ્પી છે. તે બધું દુઃખ છે.

કહો શેઠ ! આ તમારા પૈસાની તૃષ્ણામાં તો દુઃખ છે પરંતુ આ પંચમહાવ્રત પણ દુઃખ છે. તે રાગ છે ને ! દયા-દાન-વ્રત તપ- ભગવાનનું સ્મરણ, પંચપરમેષ્ઠીની ભક્તિ એ વિકલ્પની જાળ છે. આવી વાત આકરી પડે તેથી લોકો નિશ્ચયની છે તેમ કહી કાઢી નાખે. ભાઈ ! મારગ તો આ છે. હજુ આગળ કહેશે. -તારો મારગ શું છે. ગજબ છે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંતોની કથની. શાંતિ પમાડે તેને સંત કહીએ. અમે તેના દાસાનુદાસ થઈને રહીએ.

ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ! આનંદનું ધામ, તેમાં અતીન્દ્રિય સુખનો આસ્વાદ લેવો તેનું નામ આત્મધર્મ છે. તેને આત્મજ્ઞાન, આત્મદર્શન અને આત્મસ્થિરતા કહે છે. આવી વાત છે. શ્રાવકના છ કર્તવ્ય હંમેશા કરે છે. દેવદર્શન, ગુરુસેવા, પૂજા, દાન એ રાગ છે..... એમ કહે છે. એ બધી વિકલ્પની જાળ છે એમ કહે છે. ભગવાન અંદર નિર્વિકલ્પ ચિદાનંદની મૂર્તિ વીતરાગી આત્મા છે. અનાદિ અનંત વીતરાગ સ્વરૂપે બિરાજમાન ભગવાન તેનો સ્વાદ-આસ્વાદ લેતાં તેને રાગનો સ્વાદ છૂટી જાય છે.

અહીંયા તો કહે છે- અરે... પ્રભુ તું ભગવાન છો ને! તારા ઘરમાં તો અતીન્દ્રિય આનંદ ઠસોઠસ ભર્યો છે ને! અહીં કહે છે- જીવ વિકલ્પી છે અને તેનાથી તે દુઃખી છે. પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ગુપ્તિ વ્યવહાર તેને સરાગ ચારિત્ર કહે છે. અત્યારે સરાગ ચારિત્ર ક્યાં છે? વીતરાગ વિના સરાગપણું ક્યાંથી? તેઓ કહે છે- એ સરાગ ચારિત્રથી વીતરાગ ચારિત્ર થાય છે એમ આવ્યું છે. એ દુઃખની દશાથી આનંદથી દશા પ્રગટ થાય છે? નહીં, એને છોડીને થાય છે.

"**ક્રિયા સંસ્કાર છૂટીને શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં જીવ નિર્વિકલ્પ છે, તેથી સુખી છે.**" શું કહ્યું, જુઓ! એ દયા-દાન-વ્રત-તપનાં વિકલ્પો તેના સંસ્કાર છૂટીને શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં જ જીવ નિર્વિકલ્પ છે, તેથી સુખી છે. કેટલી સ્પષ્ટ વસ્તુ છે. હવે આમાંથી બધી ગરબડ કરે છે. અરે! ભગવાન તારી ચીજમાં પરનું અવલંબન બિલકુલ નથી. તારી ચીજને જાણવામાં પરચીજનું-શુભરાગનું બિલકુલ આલંબન નથી તેનાથી નિશ્ચય ચારિત્ર થશે તેમ ત્રણકાળમાં નથી. વસ્તુ નિર્વિકલ્પ છે તેનાથી સુખી છે. જીવ તો ભગવાન નિર્વિકલ્પ સ્વરૂપ જ છે. તેનાથી સુખી છે.

**પ્રશ્નઃ-** ક્રિયા સંસ્કાર એટલે શું?

**ઉત્તરઃ-** ક્રિયા સંસ્કાર એટલે રાગ. દયા ને દાન ને પૂજા ને વ્રતને ભક્તિ નામ સ્મરણ તે ક્રિયાના સંસ્કાર-રાગના સંસ્કાર છે. આહાહા! વીતરાગ ન હો ત્યાં સુધી ધર્મીને આવે છે... પરંતુ તે છે વિકલ્પ અને રાગ. આવો માર્ગ છે!

* * *

(શિખરિણી)

यदेतद् ज्ञानात्मा ध्रुवमचलमाभाति भवनं
शिवस्यायं हेतु: स्वयमपि यतस्तच्छिव इति।
अतोऽन्यद्बन्धस्य स्वयमपि यतो बन्ध इति तत्
ततो ज्ञानात्मत्वं भवनमनुभूतिर्हि विहितम्।।६-१०५।।

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ખંડાન્વય સહિત અર્થ**:- " यत् एतत् ज्ञानात्मा भवनम् ध्रुवम् अचलम् आभाति अयं शिवस्य हेतु: " ( यत् एतत् ) **જે કોઈ** ( ज्ञानात्मा ) **ચેતનાલક્ષણ એવી** ( भवनम् ) **સત્ત્વસ્વરૂપ વસ્તુ** ( ध्रुवम् अचलम् ) **નિશ્ચયથી સ્થિર થઈને** ( आभाति ) **પ્રત્યક્ષપણે સ્વરૂપની આસ્વાદક કહી છે** ( अयं ) **એ જ** ( शिवस्य हेतु: ) **મોક્ષનો માર્ગ છે. શા કારણથી ?** " यत: स्वयम् अपि तत् शिव: इति " ( यत: ) **કારણ કે** ( स्वयम् अपि ) **પોતે પણ** ( तत् शिव: इति ) **મોક્ષરૂપ છે. ભાવાર્થ આમ છે- જીવનું સ્વરૂપ સદા કર્મથી મુક્ત છે; તેને અનુભવતાં મોક્ષ થાય છે એમ ઘટે છે, વિરુદ્ધ તો નથી.** " अत: अन्यत् बन्धस्य हेतु: " ( अत: ) **શુદ્ધસ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ છે, એ વિના** ( अन्यत् ) **જે કાંઈ છે શુભ ક્રિયારૂપ, અશુભ ક્રિયારૂપ અનેક પ્રકાર** ( बन्धस्य हेतु: ) **તે બધો બંધનો માર્ગ છે;** " यत: स्वयम् अपि बन्ध: इति " ( यत: ) **કારણ કે** ( स्वयम् अपि ) **પોતે પણ** ( बन्ध: इति ) **બધોય બંધરૂપ છે.** " तत: तत् ज्ञानात्मा स्वं भवनम् विहितं हि अनुभूति: " ( तत: ) **તે કારણથી** ( तत् ) **પૂર્વોક્ત** ( ज्ञानात्मा ) **ચેતનાલક્ષણ એવું છે** ( स्वं भवनम् ) **પોતાના જીવનું સત્ત્વ તે** ( विहितम् ) **મોક્ષમાર્ગ છે,** ( हि ) **નિશ્ચયથી** ( अनुभूति: ) **પ્રત્યક્ષપણે આસ્વાદ કરવામાં આવતું થકું. ૬-૧૦૫.**

## કલશ - ૧૦૫ : ઉપર પ્રવચન

આહા ! ભગવાને તો અનુભવનો જ ઉપદેશ આપ્યો છે. મહાવ્રત અને રાગ કરવો તે ઉપદેશ દીધો જ નથી.

" यत् एतत् ज्ञानात्मा भवनम् ध्रुवम् अचलम आभाति अयं शिवस्य हेतु: " બહુ ગંભીર ચીજ છે. પાઠમાં જુઓ ! " **જે કોઈ ચેતના લક્ષણ એવી સત્ય સ્વરૂપ વસ્તુ** " ચેતના લક્ષણ સત્ત્વસ્વરૂપ વસ્તુ તે પોતાનું ભવન છે- તે પોતાનું ઘર છે, પુણ્ય-પાપ તે પોતાનું ઘર નહીં. ચેતના લક્ષણ એવી " ( भवनम् ) " તેને અહીંયા સત્ત્વ સ્વરૂપ વસ્તુ કીધી. અથવા સત્ત્વસ્વરૂપનું પરિણમન તે ભવનમ્ એટલે એ " ચેતના લક્ષણ ભવનમ્ " જેનું ચેતનાસ્વરૂપ ઘર-સ્થાન છે. રાગાદિ બાહ્ય સ્થાન તે તો વ્યભિચાર છે. આ જ્ઞાનસ્વરૂપ-આનંદસ્વરૂપ એ તારું ઘર છે-ગૃહ છે-ભવન છે- તે તારો મહેલ છે.

આ ચાલીશ.... ચાલીશ લાખના મકાન ધૂળના છે. આ શેઠને છ-છ લાખના મકાન છે. ધૂળમાંય તારા ભવન નથી બાપુ ! એ મકાન તો તારા ભવન નહીં પરંતુ રાગેય તારું ભવન નહીં. લોકો કહે છે ને- અમારી ઘરવાળી. આ અમારે ઘરેથી છે... એમ હાથથી બતાવે છે. ત્યાં તારું ઘર ક્યાં આવ્યું ? આહાહા ! પેલી બાઈ કહે- આ અમારો ઘરવાળો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. મીઠી ભાષાથી કહે તો- આ મારા પતિદેવ છે. એવું સાંભળ્યું છે. પત્નિ કહે પતિદેવ છે. પતિ કહે- મારી પત્નિ-અર્ધાંગના છે. અરે... ભગવાન! તારી અર્ધાંગના ક્યાંથી આવી? રાગમાં પણ તારું અડધું અંગ નથી આવતું તો પરમાં ક્યાંથી આવે!

(ભવનમ્) તે સંસ્કૃત ટીકામાં છે. તેનો અર્થ કર્યો છે ગૃહ-સ્થાન. આત્માનું ભવન સ્થાન તો સ્વરૂપમાં અંદર છે. કહે છે- તારું ભવન ક્યાં છે? પં. દૌલતરામજીની છહ-ઢાળામાં આવે છે કે- મોક્ષ મહેલની પ્રથમ સીઢી સમ્યગ્દર્શન પોતાનો ભગવાન આનંદ ને જ્ઞાનસ્વરૂપ તે પોતાનું ભવન છે. તે ભવનમાં રહેવું તે ધર્મની પહેલી સીઢી છે. આહાહા! હજુ તો બહારના ક્રિયા-વ્રત કરે તો રાજી.... રાજી થઈ જાય.

અહીં તો કહે છે - જે કોઈ જ્ઞાનસ્વરૂપ "જ્ઞાનાત્મા" શબ્દ પડયો છે ને! જ્ઞાનસ્વરૂપ એટલે ચેતના લક્ષણ. જ્ઞાનસ્વભાવ એવું નિજઘર-નિજ વસ્તુ છે. તેને અહીં સત્ત્વસ્વરૂપ વસ્તુ કહી. નિજઘર-નિજધામ-નિજસ્થાન-રહેનારને રહેવાનું સ્થાન છે.... તે નિર્જરા અધિકારમાં આવે છે ને.... જેને રહેવું હોય તેને રહેનારનું સ્થાન ભગવાન આત્મા છે. રહેઠાણ અર્થાત્ સ્થાન. આહાહા! આવી વાત તેને સાંભળવા ન મળે.

લોકોને એમ લાગે કે- આ વળી નવું હશે? એમ કહે છે - નવું નથી બાપુ! ગઈકાલે આવ્યું હતું ને - અનાદિ પરંપરામાં આવો ઉપદેશ છે. શ્લોક ૧૦૩ માં.... કહ્યું કે- અનાદિ અનંત તીર્થંકરો; અનંત તીર્થંકરો થયા, વર્તમાન છે અને ભવિષ્યમાં અનંત થશે. અનંત કેવળી થયા અને થશે, અનંત મુનિ થયા અને થશે તે બધાનો આ ઉપદેશ છે કે પ્રભુ! તું તારા ઘરમાં જા; પરઘરમાં વ્યભિચારી થઈને ન રહે. શુભભાવમાં જવું તે તારો વ્યભિચાર છે. કેમ કે તે સંયોગીભાવ છે..... તે સ્વભાવભાવ નહીં. આવું આકરું પડે; તેથી શાસ્ત્રની ભક્તિ ને પૂજા એ રાગ સંસ્કાર છે - વિકલ્પ છે - દુઃખ છે. એ તારું ઘર નહીં. ગજબ વાત છે!

ભગવાન તું તો આનંદ સ્વરૂપ છે ને! ચેતન ચેતના સ્વભાવથી ભર્યો છે ને! જ્ઞાનસ્વરૂપ એટલે એ ચેતન ચેતના સ્વભાવથી ભરપૂર ભર્યો છે ને! ભગવાન તારું ઘર તો એ છે ને! આવી વાત હવે! લોકો ત્યાં શ્રીમદ્માં પણ કહે છે કે- વાત તમારી સાચી પણ એનું સાધન શું? અરે ભગવાન! તેને એમ કે આ ભક્તિ કરવી તે. તે તો વિકલ્પની જાળ છે. પ્રભુ! તને ખબર નથી તારી ચીજ તો નિર્વિકલ્પ વીતરાગી પદાર્થ છે. એ નિર્વિકલ્પ પદાર્થમાં ભવનમ્ અર્થાત્ નિર્વિકલ્પપણે રહેવું, નિર્વિકલ્પ ઘરમાં સ્થાન નાખવું, નિર્વિકલ્પ ચીજમાં વસ્તુમાં વસવું. આ શું કહેવાય? વાસ્તુ. વસ્તુમાં વાસ્તુ કરવું. વાસ્તુ કહે છે ને? મકાનનું વાસ્તુ કરે.... અને પછી મોટા-મોટા માણસને બોલાવે, લાપસી કરે અને પતરવેલીયાના ભજીયા તે બધા તો પાપના વાસ્તુ છે. અહીં તો પુણ્યના પરિણામમાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

વાસ્તુ તે પણ વ્યભિચાર છે. ભગવાન એ તારી ચીજ નહીં તારું ઘર નહીં – તારો સ્વભાવ નહીં.

" **ज्ञानात्मा भवनम्** " જ્ઞાનસ્વરૂપે થવું, રહેવું, પરિણમવું તે. અને જ્ઞાનસ્વરૂપ કહેતાં ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ. જ્ઞાન સ્વભાવી ભગવાન આત્મા તેમાં રહેવું તે ભવન થયું તે પરિણમન થયું. રાગમાં રહેવું તે વિકારનું પરિણમન થયું. અને જ્ઞાનાનંદ સ્વભાવમાં રહેવું તે નિર્વિકારી પરિણમન થયું. એ ઘરનું ઘર નીકળ્યું. પહેલી લીટીમાં ' **भवनम** ' એ શબ્દ છે. અને ચોથી લીટીમાં ' **भवनम्** ' શબ્દ છે બે વખત ' **भवनम** ' છે. ચોથી લીટી છે. " **भवनमनुभूतिर्हि विहितम** " કોઈ દિવસ સાંભળ્યું નથી. લોકોને બિચારાને મારી નાખ્યા છે.

શ્રીમદ્ કહે છે – લોકો આખો દિવસ પાપમાં રચ્યા પચ્યા રહે છે. સ્ત્રી-કુટુંબ-પરિવાર-ભોગ-ખાવું-પીવું -ઉંઘવું અને એકાદ કલાક મળે તો જાય સાંભળવા તો તેનો કલાક કુગુરુ લૂંટી લ્યે. પુણ્યમાં ધર્મ મનાવીને તેની જિંદગી લૂંટી લ્યે છે. આહાહા ! આ પુણ્ય-પાપનો અધિકાર છે ને ! શુભ-અશુભ બન્ને ભાવ વિકલ્પ છે – દુઃખ છે, તે ક્રિયાના સંસ્કાર છે... તે આત્માના સંસ્કાર નહીં, એ આત્માની ક્રિયા નહીં, એ નિર્વિકલ્પ વસ્તુ નહીં. આહાહા ! આવી વસ્તુ છે બાપુ ! અલૌકિક વાતો છે ભાઈ !

તું તો ભગવાન છો ને નાથ ! તારી લક્ષ્મીમાં તો જ્ઞાન ને આનંદ પડયા છે ને ! એ તારી લક્ષ્મીમાં વાસ કરવો વાસ્તુ કરવું તે ધર્મ છે. શું કહ્યું ? ધર્મી આત્મા, તેનો ધર્મ ચેતના અને આનંદ તે સ્વભાવમાં વાસ કરવો તે પર્યાય ધર્મ છે. શું કહ્યું એ ? લોકોને તો એમ લાગે કે સોનગઢવાળાએ આમ કહ્યું. અરે... સાંભળ નાથ ! સોનગઢ એટલે સોનાનો ગઢ. સોનાને કાટ ન હોય પ્રભુ ! સોનાને કાટ લાગે ? કાટને તમારે શું કહે છે ? જેમ સોનાને જંગ લાગે નહીં.... તેમ ભગવાન આનંદસ્વરૂપ તેમાં રાગનો કાટ છે નહીં. એ.... લોઢે કાટ હોય સોને કાટ ન હોય.

આહાહા ! જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા... ભાષાતો જુઓ; " **ज्ञानात्मा भवनम् ध्रुवम् अचलम्** " આહાહા ! ગજબ છે ને ! પ્રભુ તમે કેવા છો ? જ્ઞાનસ્વરૂપ છો ને ! પુણ્ય ને પાપભાવ તે કાંઈ જ્ઞાનસ્વરૂપ નથી; એ તો વિકૃતભાવ છે, સંયોગીભાવ છે, વ્યભિચાર ભાવ છે. એ તારે રહેવાનું રહેઠાણ-સ્થાન નથી.

પ્રભુ ! તારું રહેવાનું રહેઠાણ-સ્થાન તો જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન આત્મા છે. આહા ! બહારની દોમ-દોમ, ચમક-ચમક એ બધી બહારની મસાણની હાડકાંની ચમકો છે. આ શરીર સારાં-રૂપાળાં એ તો ધૂળ છે. કહે છે – અંદર પાપના પરિણામ દુઃખ છે અને પુણ્યના પરિણામ એ પણ દુઃખ છે. એ તારી ચમક ક્યાં છે ? તારી ચૈતન્યની ચમક તો આનંદની લહેર છે ને ! અરે ! શું હજુ તો વસ્તુની ખબરે ન મળે ને !

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



" ज्ञानात्मा भवनम् सत्त्व स्वरूप वस्तु। " એ સત્ત્વ સ્વરૂપ-જ્ઞાન સત્ત્વ સ્વરૂપ વસ્તુ " **ध्रुवम् अचलम** " **નિશ્ચયથી સ્થિર થઈને ( आभाति ) પ્રત્યક્ષપણે સ્વરૂપની આસ્વાદક કહી છે.** " નિશ્ચયથી અંતરમાં એકાગ્ર થઈને પ્રત્યક્ષરૂપથી સ્વરૂપનો આસ્વાદ કહ્યો છે. એ આનંદનો સ્વાદ બીજો લ્યે છે અને તને નથી એમ નથી, પ્રત્યક્ષરૂપથી આનંદનો આસ્વાદક કહ્યો છે.

ભગવાન ત્રિલોકનાથ જિનેન્દ્રદેવે જ્ઞાનસ્વરૂપમાં ( आभाति ) એકાગ્ર થઈને તને આનંદના સ્વાદનો આસ્વાદ કહ્યો છે. એ આનંદનો આસ્વાદ લેવાવાળો તને કહ્યો છે. રાગનો સ્વાદ લેવાવાળો આત્મા એમ તો કહ્યું નથી. આરે.... આવી વાતું હવે ! રાગના સંસ્કાર, ક્રિયાકાંડના સંસ્કારથી અંદર જુદો પ્રભુ બિરાજે છે. તે અંદર નિર્વિકલ્પપણે બિરાજે છે. તે વીતરાગપણે આનંદમાં બિરાજે છે. એ તરફ ભવન નામ અંદરમાં જવું એ મહેલમાં અંદર જવું. આહાહા ! એ સાફ મહેલ છે. આનંદના રૂપથી તે સાફ મહેલ છે. તે નિર્મળાનંદ મહેલ છે.... તેનો આસ્વાદ કહ્યો છે. ધર્મીને તો તેનો આસ્વાદ કરવાવાળો કહ્યો છે. રાગનો આસ્વાદ કરવાવાળો તો ધર્મીને ભગવાને કહ્યો એ નથી. અરે.... ભાઈ ! પૈસામાં આવું કાંઈ ક્યાં છે ?

પૈસામાં અને દાનના ભાવ હોય તો પણ એ શુભભાવ-વ્યભિચાર છે... એમ કહે છે.

**શ્રોતાઃ-** એ ક્રિયા સંસ્કાર છે ?

**ઉત્તરઃ-** હા, એ ક્રિયા સંસ્કાર છે.

અહીંયા તો પ્રભુ એમ કહે છે કે- જ્ઞાન સત્ત્વ સ્વરૂપ વસ્તુ છે. કસ નામ વસ્તુ છે. જેમાં જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતાનો કસ પડયો છે. એ વસ્તુમાં નિશ્ચયથી સ્થિર થઈને... તેમાં રહેવું તેને પ્રત્યક્ષરૂપથી આસ્વાદવું... ( આસ્વાદકઃ ) આસ્વાદ કરવાવાળો કહ્યો છે. રાગને કરવાવાળો આત્મા એમ અહીંયા કહ્યું એ નથી. ભાઈ ! આવી વાતું.... એટલે લોકોને આકરી લાગે; પણ શું થાય ?

" અનુભવ રત્ન ચિંતામણી, અનુભવ હૈ રસકૂપ,
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ. "

અહીંયા જ્ઞાનીને નિર્વિકલ્પ આસ્વાદનો કરવાવાળો કહ્યો છે. એકેએક પંક્તિ અને એકેએક લીટી ગંભીર સ્વભાવથી ભરી પડી છે. પ્રભુ ! તારી ગંભીરતાનો અંદરમાં પાર નથી. તને બતાવનારી વાણીમાં પણ ગંભીરતા છે. શ્રીમદ્ કહે છે ને -

" વચનામૃત વીતરાગના, પરમ શાંત રસમૂળ,
ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ....
રે.... ગુણવંતા જ્ઞાની..... અમૃત વરસ્યા રે પંચમકાળમાં. "

હે નાથ ! તેં તો પંચમકાળમાં અમૃત વરસાવ્યા એ આ અમૃત હો ! જ્ઞાનામૃત.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

'વચનામૃત વીતરાગના' ભાષા જોઈ? વચનામૃત વીતરાગના પરમશાંત રસમૂળ. જેનાથી શાંતિ પ્રગટ થાય એવા છે વીતરાગના વચન-રાગ તો અશાંતિ છે. રાગના સંસ્કાર તો દુઃખ છે. અરે... લોકોને એકાંત લાગે છે પણ સમ્યક્ એકાન્ત છે અને તેમાં રાગના સંસ્કારનો અભાવ તે અનેકાન્ત છે. સમજમાં આવ્યું?

શ્રીમદ્જી પણ કહે છે ને! "**અનેકાન્ત માર્ગ પણ સમ્યક્ એકાંત એવા નિજ પદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ (ઉપકારી) હિતકારી નથી.**" અનેકાન્ત પણ એકાંતે નિજપાદની પ્રાપ્તિ સિવાય અનેકાંત પણ બીજી રીતે હિતકારી નથી. પોતાના સમ્યક્ એકાન્ત આનંદ સ્વરૂપમાં આવવું. અરે! ભાવની તો હા પાડ પ્રભુ! હા પાડતાં તારી હાલત થઈ જશે. હા ની લત પાડતાં-પાડતાં હાલત થઈ જશે.

"**નિશ્ચયથી સ્થિર થઈને પ્રત્યક્ષપણે સ્વરૂપની આસ્વાદક કહી છે.**" પ્રત્યક્ષરૂપથી સ્વરૂપનો આસ્વાદક કહ્યો છે. પ્રત્યક્ષરૂપથી સ્વરૂપનો આસ્વાદ કરવાવાળો કહ્યો છે. એમ કે પુણ્ય-પાપના ભાવ છૂટયા તો કાંઈ કરે છે કે નહીં? તેને આસ્વાદક કહ્યો છે. તેને આનંદનો આસ્વાદ કરવાવાળો કહ્યો છે. એક પંકિતમાં કેટલું ભર્યું છે. દિગમ્બર સંતોની વાણી તો જુઓ!

**શ્રોતાઃ-** બ્રહ્માંડના ભાવ ભર્યા છે.

**ઉત્તરઃ-** હે! ગ્રંથાધિરાજ સમયસાર તારામાં બ્રહ્માંડના ભાવો ભર્યા છે.

"**એ જ મોક્ષનો માર્ગ છે.**" સ્વરૂપમાં એકાગ્ર થવું અને આનંદનો આસ્વાદ લેવો તે એક જ મોક્ષમાર્ગ છે. એ તો બધું ઠીક પણ એનું સાધન શું? એ જ સાધન છે. આત્મામાં સાધન નામનો ગુણ છે. કરણ નામનો આત્મામાં ગુણ છે. કરણશક્તિ આપણે આવી ગઈ. આત્મામાં કરણશક્તિ પડી છે. તે કરણ નામનો ગુણ છે તે જ સાધન છે. આહાહા! એકાન્ત થઈ જાય છે. એકાન્ત થઈ જાય છે. એમ લોકો રાડો પાડે છે. ભગવાન! સમ્યક્ એકાન્ત થઈ જાય છે એમ કહે.

અરેરે...! આ શરીરની સ્થિતિ જુઓ! શરીરમાં રોગ થાય, પક્ષઘાત થાય. ૨૫-૩૦ વર્ષની ઉંમરે પક્ષઘાત થઈ જાય છે. હાલી શકે નહીં, બોલી શકે નહીં નિરાધાર થઈ જાય. એમ અહીંયા પક્ષઘાત કરને! રાગના પક્ષનો ઘાત કરી દે ને! એક અંગ ખોટું થઈ જતાં તારું સ્વઅંગ રહેશે.

**(शिवस्य हेतु:) મોક્ષનો માર્ગ છે.** શિવ એટલે મોક્ષ. પરમ આનંદરૂપી મોક્ષ તેનો હેતુ... છે. પ્રત્યક્ષરૂપથી સ્વરૂપનો આસ્વાદ કરવાવાળાને કહ્યું છે. હજુ વસ્તુની ખબર ન મળે, સાચું જ્ઞાન પણ ન મળે અને રખડવાના રસ્તે. આહા! પ્રભુ તારી ભવાબ્ધિ મોટો દરિયો છે. સમુદ્ર છે. ભ્રમણામાં તને રાગના સંસ્કારથી ધર્મ થશે? પછી (એમાંથી) સુખનું સાધન મળશે? એ લોકો અમે કહે છે - અત્યારે પુણ્ય થાય પછી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનુકૂળ સાધન મળશે અને પછી ધર્મ થશે. અરે...! ધૂળમાંય ધર્મ નહીં થાય... સાંભળ ને હવે! ધર્મ તો તારી ચીજમાં ભર્યો પડયો સ્વભાવ છે. અને તેનો તું આસ્વાદ કરવાવાળો છો. એમ કેમ લીધું? રાગનો આસ્વાદ તો તારો અનાદિનો છે. તે કોઈ તારી ચીજ નથી, તારી વસ્તુનું સત્ત્વ નહીં, તારી વસ્તુનો એ સ્વભાવ નથી. તારી ચીજ જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન તે તરફનો આસ્વાદ કરવાવાળાને (શિવ) મોક્ષનો હેતુ કહ્યો છે. આવો મારગ છે.... બાપુ! વાદ-વિવાદે પાર ન પડે. શાસ્ત્રમાં વ્યવહારના લખાણ ઘણાં આવે પણ... બાપુ! એ તો આખો સંસાર છે. જિનાગમમાં પણ નિમિત્તરૂપ વ્યવહાર કહ્યો છે પરંતુ તેનું ફળ તો સંસાર છે, તે શિવહેતુ નહીં.

"**મોક્ષનો માર્ગ છે. શા કારણથી ?**" પોતાના સ્વભાવનો સ્વાદ લેવો, અનુભવ કરવો તે મોક્ષનું કારણ છે. **શા કારણથી ?** "**यत:स्वयम् अपि तत् शिव: इति**" **કારણ કે પોતે પણ મોક્ષરૂપ છે.**" ભાષા જુઓ! સ્વભાવનું વેદન તે મોક્ષસ્વરૂપ છે. આહાહા! દ્રવ્ય મોક્ષસ્વરૂપ છે અને તેનું વેદન જ મોક્ષસ્વરૂપ છે. આવી વાત છે.

આ શેઠિયાઓએ આમને આમ બધા વર્ષ ગાળ્યા!

આ વખતે નિવૃત્તિ લીધી થોડી.... શેઠ! એ તો અનાદિથી બધા જીવોએ એવું જ કર્યું છે. અને એ બહારની વાત પ્રિય લાગે છે. બહારની પ્રવૃત્તિ અને એમાં ધર્મ માને. અરે! ભગવાન તારો સ્વભાવ છે તેમાં પ્રવૃત્તિ કરને! તને રાગથી નિવૃત્ત કરને! આહાહા! રાગથી નિવૃત્તિ અને સ્વરૂપમાં પ્રવૃત્તિ.

આહાહા! એ મોક્ષસ્વરૂપ કેમ છે? કારણ કે જ્ઞાન સ્વભાવનો આસ્વાદ લેવો તે મોક્ષનો હેતુ-કારણ શું! એ પોતે મોક્ષસ્વરૂપ છે. મોક્ષસ્વરૂપ છે તે મોક્ષનું કારણ થશે. બંધસ્વરૂપ છે તે મોક્ષનું કારણ કેવી રીતે થાય? આ (ખોટી) તકરાર ને વાંધા ઉઠાવે છે.

પોતે પણ મોક્ષસ્વરૂપ છે. કોણ? ભગવાન આત્મા મુક્ત અબદ્ધ-સ્વરૂપ છે. અબદ્ધ સ્વરૂપના આશ્રયે જે પરિણામ થાય છે તે મોક્ષનું કારણ છે. આહાહા! કેમ કે મોક્ષસ્વરૂપ છે તેનો આશ્રય લીધો છે - સ્વાદ લીધો છે. ભગવાન ત્રિકાળી અબદ્ધસ્વરૂપ-મોક્ષ સ્વરૂપ છે. તે કારણે આસ્વાદ મુક્તિનું કારણ છે. અને એ આસ્વાદ પોતે મોક્ષસ્વરૂપ છે." અનુભવ રત્ન ચિંતામણી, અનુભવ મોક્ષ સ્વરૂપ" એ કહ્યું ને! "અનુભવ રત્નચિંતામણી, અનુભવ હૈ રસકૂંપ". આનંદનો રસકૂંપ છે. કૂંપ એટલે શીશો. આ કાચનો શીશો નથી હોતો - કૂંપ. અનુભવ હૈ રસકૂંપ, અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ. મોક્ષનો માર્ગ કહીને એને મોક્ષસ્વરૂપ કહ્યું.

અરે.... એના ઘરમાં શું ચીજ છે અને ઘરમાં વસવાથી શું થાય છે? ઘરમાં વાસ્તુ લેવાથી આનંદ થાય છે... એમ કહે છે. પરઘરમાં વાસ્તુ લેવાથી તને દુઃખ થશે પ્રભુ!

"**ભાવાર્થ આમ છે જીવનું સ્વરૂપ સદાકર્મથી મુક્ત છે; તેને અનુભવતાં મોક્ષ**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**થાય છે એમ ઘટે છે, વિરુદ્ધ તો નથી.**" જીવનું જ્ઞાયક સ્વરૂપ સદાય કર્મથી અને રાગથી મુક્ત છે. તેને અનુભવતાં મોક્ષ થાય છે. મોક્ષસ્વરૂપ છે તેને અનુભવતાં મોક્ષ થાય છે. વાત આવી ગઈ બહુ સારી. આ પુણ્ય-પાપ અધિકાર, આમાં બહુ ગરબડ ચાલે છે. પ્રભુ ! ગરબડ તું કાઢી નાખને ! હજુ તો તને એની શ્રદ્ધાના પણ ઠેકાણાં નથી, હજુ તો સત્ય શ્રદ્ધાના પક્ષમાંય નથી આવ્યો, હજુ સત્ય શ્રદ્ધાના સંસ્કારેય નથી. અરેરે ! મુક્ત સ્વરૂપ ભગવાન તેનો અનુભવ તે મોક્ષનું કારણ છે. એને અનુભવતાં મોક્ષ થાય છે – એમ ઘટે છે, વિરુદ્ધ તો નથી.

"**अत: अन्यत् बन्धस्य हेतु;" શુદ્ધ સ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ છે, એ વિના જે કાંઈ છે શુભક્રિયારૂપ, અશુભક્રિયારૂપ અનેક પ્રકાર તે બંધનો માર્ગ છે.**" શુભરાગરૂપ કે અશુભ રાગરૂપ તે બધો બંધમાર્ગ છે. બંધ છે માટે બંધનો માર્ગ છે એમ કહ્યું શું કહે છે જુઓ: આ બંધનો માર્ગ છે. "**यत: स्वयम अपि बन्ध: इति" કારણ કે પોતે પણ બધોય બંધરૂપ છે.** રાગ તે બંધસ્વરૂપ જ છે એ અબંધ સ્વરૂપ નથી. જેમ આત્મા મોક્ષસ્વરૂપ છે તો તેના આશ્રયે મોક્ષમાર્ગ ઉત્પન્ન થાય છે... એ તો બરોબર છે.

હવે રાગ અને દયા-દાન-વ્રતાદિ તે બંધસ્વરૂપ છે માટે બંધનું કારણ છે. જેમ (આત્મા) મોક્ષસ્વરૂપ છે તો મોક્ષનું કારણ છે તેમ (રાગાદિ) બંધસ્વરૂપ છે, માટે બંધનું કારણ છે. આવી વાત છે. લોકો ખોટી તકરાર કરે છે.

અનંત રત્નાકર ભગવાન આત્મા; તેમાં તો શુભભાવનો અભાવ છે. કારણ કે એ તો નિર્વિકલ્પ ચીજ છે. નિર્વિકલ્પ ચીજના આશ્રયે નિર્વિકલ્પતા પ્રગટ થાય છે. રાગ પોતે બંધસ્વરૂપ છે તેથી તેના આશ્રયથી બંધનું કારણ ઉત્પન્ન થાય છે. અર્થાત્ રાગ ઉત્પન્ન થાય છે.

કેટલાક તો ગાંડા પાગલ કહે હો; આ એક જ વાત માંડી છે. અરે... ભગવાન સાંભળ તો ખરો; પરમાત્મ પ્રકાશમાં તો કહ્યું છે કે-ધર્માત્માને દુનિયા પાગલ કહે છે અને ધર્માત્મા દુનિયાને પાગલ માને છે. કહો બાપુ. કહો;

બે વાત સિદ્ધ કરી. (૧) આત્મા શુદ્ધ સ્વરૂપ ચૈતન્યઘન છે અને તેનું વેદન કરવું તે મોક્ષમાર્ગ કેમ ? કે-વસ્તુ મોક્ષસ્વરૂપ છે, તો તેનું વેદન મોક્ષનું કારણ છે. (૨) દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજાનો રાગ તે બંધસ્વરૂપ છે. એ બંધસ્વરૂપ છે તેથી બંધનો માર્ગ છે.

"**કારણ કે પોતે પણ બધોય બંધસ્વરૂપ છે.**" પોતે પોતાથી જ જે રાગભાવ-દયા-દાન એ બંધસ્વરૂપ જ છે. ભગવાન મોક્ષસ્વરૂપ છે તો રાગ બંધસ્વરૂપ જ છે. આવી વાત કેટલાકે તો પહેલી સાંભળી હશે... એવી વાત છે... પ્રભુ;

"**तत: तत् ज्ञानात्मा स्वं भवनम् विहितं हि अनुभूति: તે કારણથી પૂર્વોક્ત**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ચેતના લક્ષણ એવું છે."** પૂર્વે કહ્યું હતું ને; 'ज्ञानात्मा भवनम्' ચેતના લક્ષણ એવું ભવનમ! 'સ્વયં ભવનમ્' પોતાના જીવનું સત્ત્વ એ સ્વયં ભવનમ્ છે.

અહાહા; **"પોતાના જીવનું સત્ત્વ તે મોક્ષમાર્ગ છે."** પોતાના જીવનું સત્ત્વ અનુભૂતિ છે." **નિશ્ચયથી પ્રત્યક્ષપણે આસ્વાદ કરવામાં આવતું થકું" ( विहितम ) મોક્ષમાર્ગ** આહાહા! સર્વજ્ઞ જિનેન્દ્રદેવોએ કહ્યું છે કે-રાગ રહિત ભગવાન આત્માનું વેદન કરવું એ મોક્ષમાર્ગ છે... એમ પરમાત્માએ ફરમાવ્યું છે. ૧૦૩ કળશમાં विहितं એ શબ્દ આવ્યો હતો. " ज्ञानमेव विहितं शिवहेतु: " અહીંયા છેલ્લા પદમાં પણ એ જ કહ્યું છે. " ज्ञानात्मा तत् विहितम " ભગવાન જ્ઞાનસ્વરૂપનો અનુભવ કરવો એ વિધિ કહી છે. અનુભૂતિને મોક્ષનો માર્ગ કહ્યો છે. બીજો કોઈ મોક્ષમાર્ગ છે જ નહીં.

## પ્રવચન નં. ૧૦૧ તા. ૨૧-૯- '૭૭

આ પ્રભુનો માર્ગ -વીતરાગનો પંથ કોઈ અલૌકિક છે ભાઈ! અત્યારે તો સત્ય બોલવું તેને ધર્મ કહે છે. પરંતુ સત્ય બોલવું તે તો રાગ છે. પંચમહાવ્રતમાં સત્ય બોલવું તે શુભરાગ છે. પુણ્ય છે, તે ધર્મ નહીં. સત્યવાણી બોલવી તે તો જડની ક્રિયા છે; તે આત્માની ક્રિયા નહીં.

" जीणवयणमेव भासदि, तं पालेदुं असक्कमाणो वि।
ववहारेण वि ऋलियं, ए वददि जो सच्चवाई।। "

આહાહા! જે મુનિ! જિન સૂત્ર અનુસાર વચન કહે, પોતાની કલ્પનાથી ન કહે અને તેમાં પણ આચાર આદિમાં જે કહ્યું છે. તેનું પાલન કરવામાં અસમર્થ હો તો પણ જૂઠું ન બોલે તે એમ ન કહે કે આમ પણ ચારિત્ર ચાલે છે અને આમ પણ ચાલે છે. તેના માટે ભોજન બનાવેલું હોય તે પણ લેવાય અને એ પણ માર્ગ છે તેમ કહેતા નથી.

ચોકા બનાવી અને મુનિ માટે આહાર બનાવે અને પછી આહાર દેવાવાળા બોલે કે- આહાર શુદ્ધ છે. તે મોટા શેઠ હતા, ત્યાં સાધુ આવે પછી આવું જૂઠું બોલે. આહાર બનાવે - મોસંબીનો રસ, કેરીનો રસ, ઉનું પાણી, પછી કહે - આહાર શુદ્ધ છે.

આ પક્ષીઓ છે તે પણ રાત્રે પાણી પીતા જ નથી પશુ-પંખીને રાત્રે પાણીનું બિંદુ પણ મળતું નથી.. તો તેથી શું? એ દિવસના ખાય છે તો પણ પાપી છે. ઝીણી વાત છે ભગવાન! આ તો જન્મ મરણ રહિત કેમ થવાય તેની વાત છે. આ વીતરાગનો મારગ છે.

જિનવચન પ્રમાણે સત્ય બોલે. તેને માટે આહારાદિ બન્યા હોય અને કોઈ લેતા હોય; તેને કહે કે- અત્યારે આ કાળે આમ પણ થાય છે... એમ જૂઠું ન બોલે. આહારશુદ્ધ, વચન શુદ્ધ, મનશુદ્ધ.. તેમ બોલે છે કે નહીં? તે તો જૂઠું છે. તેમના માટે પાણી બનાવ્યું, મોસંબી લાવ્યા અને આહાર શુદ્ધ ક્યાંથી આવ્યું?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીંયા તો જિનવચન અનુસાર કહે, વીતરાગ માર્ગથી ઓછું – વધારે કે વિપરીત બિલકુલ કહે નહીં અને અંતરમાં વીતરાગતાની પરિણતિ જાગી હોય તે વીતરાગી પરિણતિને અહીં સત્યધર્મ કહેવામાં આવે છે. આહાહા! તેમાં પાલન કરવામાં અસમર્થ હોય તો વ્યવહારથી પણ અન્યથા ન કહે. આહારાદિ, પૂજા – પ્રભાવનામાં વ્યવહારથી પણ જૂઠું ન બોલે. પૂજા પ્રભાવનાનો ભાવ છે તે રાગ છે, તે ધર્મ નથી પરંતુ પુણ્ય છે વ્યવહારથી પણ જૂઠું ન બોલે તે મુનિ સત્યવાદી છે. તેને ઉત્તમ સત્યધર્મ હોય છે. વિશેષ તેમાં લખ્યું છે.

જૈન સિદ્ધાંતમાં આચારાંગાદિનું જેવું સ્વરૂપ કહ્યું છે તેવું જ કહે. એવું નથી કે- પોતાનાથી પાલન ન થઈ શકે તો અન્યથા / પ્રકારે કહે. પોતાનું અપમાન થઈ જાય તો પણ પ્રભુનો મારગ જે છે તે કહે. આહાહા! વીતરાગતાની પરિણતિ તે ચારિત્ર છે. આહાર પાણી નિર્દોષ લેવો, તેના માટે બનાવેલો ન લેવો તે વિકલ્પ પણ શુભરાગ છે. તેના માટે બનાવેલ આહાર લેવો તે તો પાપરાગ છે. તે વ્યવહાર પણ અશુદ્ધ છે. તેને નિશ્ચય સમ્યગદર્શન તો છે જ નહીં. એ સમ્યગ્દર્શન હો તો આવો સદોષ આહાર લે નહીં. આવી સત્યધર્મની વ્યાખ્યા છે.

* * *

(અનુષ્ટુપ)

वृत्तं ज्ञानस्वभावेन ज्ञानस्य भवनं सदा।
एकद्रव्यस्वभावत्वान्मोक्षहेतुस्तदेव तत् ।। ७-१०६ ।।

**ખંડાન્વય સહિત અર્થઃ-** “ ज्ञानस्वभावेन वृत्तं तत् तत् मोक्षहेतुः एव ” (ज्ञान) **શુદ્ધ વસ્તુમાત્ર, તેની (**स्वभावेन**) સ્વરૂપનિષ્પત્તિ, તેનાથી જે (**वृत्तं**) સ્વરૂપાચરણચારિત્ર (**तत् तत् मोक्षहेतुः**) તે જ, તે જ મોક્ષમાર્ગ છે; (**एव**) આ વાતમાં સંદેહ નથી. ભાવાર્થ આમ છે-કોઈ જાણશે કે સ્વરૂપાચરણચારિત્ર એવું કહેવાય છે કે આત્માના શુદ્ધ સ્વરૂપને વિચારે અથવા ચિંતવે અથવા એકાગ્રપણે મગ્ન થઈને અનુભવે. પણ એવું તો નથી, એમ કરતાં બંધ થાય છે, કેમ કે એવું તો સ્વરૂપાચરણચારિત્ર નથી. તો સ્વરૂપાચરણચારિત્ર કેવું છે? જેમ પાનું (સુવર્ણપત્ર) તપાવવાથી સુવર્ણમાંની કાલિમા જાય છે, સુવર્ણ શુદ્ધ થાય છે, તેમ જીવદ્રવ્યને અનાદિથી અશુદ્ધચેતનારૂપ રાગાદિ પરિણમન હતું તે જાય છે, શુદ્ધસ્વરૂપ માત્ર શુદ્ધચેતનારૂપે જીવદ્રવ્ય પરિણમે છે, તેનું નામ સ્વરૂપાચરણચારિત્ર કહેવાય છે; આવો મોક્ષમાર્ગ છે. કાંઈક વિશેષ-તે શુદ્ધ પરિણમન જ્યાં સુધીમાં સર્વોત્કૃષ્ટ થાય છે ત્યાં સુધીના શુદ્ધપણાના અનંત ભેદ છે. તે ભેદો જાતિભેદની અપેક્ષાએ તો**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**નથી; ઘણી શુદ્ધતા, તેનાથી ઘણી, તેનાથી ઘણી-એવા થોડાપણા-ઘણાપણારૂપ ભેદ છે. ભાવાર્થ આમ છે કે જેટલી શુદ્ધતા હોય છે તેટલી જ મોક્ષનું કારણ છે. જ્યારે સર્વથા શુદ્ધતા થાય છે ત્યારે સકળકર્મક્ષયલક્ષણ મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. શા કારણથી? "सदा ज्ञानस्य भवनं एकद्रव्यस्वभावत्वात्" (सदा) ત્રણે કાળે (ज्ञानस्य भवनं) આવું છે જે શુદ્ધચેતનાપરિણમનરૂપ સ્વરૂપાચરણચારિત્ર તે આત્મદ્રવ્યનું નિજ સ્વરૂપ છે, શુભાશુભ ક્રિયાની માફક ઉપાધિરૂપ નથી, તેથી (एकद्रव्यस्वभावत्वात्) એક જીવદ્રવ્યસ્વરૂપ છે. ભાવાર્થ આમ છે કે-જો ગુણ-ગુણીરૂપ ભેદ કરીએ તો આવો ભેદ થાય છે કે જીવનો શુદ્ધપણું ગુણ; જો વસ્તુમાત્ર અનુભવ કરીએ તો આવો ભેદ પણ મટે છે, કેમ કે શુદ્ધપણું તથા જીવદ્રવ્ય વસ્તુએ તો એક સત્તા છે. આવું શુદ્ધપણું મોક્ષકારણ છે, એના વિના જે કાંઈ ક્રિયારૂપ છે તે બધું બંધનું કારણ છે. ૭-૧૦૬.**

## કલશ - ૧૦૬ : ઉપર પ્રવચન

આ પુણ્ય-પાપ અધિકાર ચાલે છે. સંતો ગજબ કહે છે ને! દિગમ્બર સંત અમૃતચંદ્રાચાર્યનો શું શ્લોક છે. "**ज्ञान स्वभावेन वृत्तं तत् तत् मोक्षहेतु: एव**" (**ज्ञान**) **શુદ્ધ વસ્તુમાત્ર**" **તેની** (**स्वभावेन**) **स्वरूपनिष्पत्ति**".

પ્રભુ શુદ્ધ ચૈતન્ય છે તે પુણ્ય-પાપના ભાવથી રહિત છે. એવી જે શુદ્ધ વસ્તુ તે ભગવાન આત્મા પવિત્ર વીતરાગ સ્વરૂપ છે. આત્મા શુદ્ધ વસ્તુ છે, પુણ્ય-પાપથી રહિત છે એવી વસ્તુની 'નિષ્પત્તિ' અર્થાત્ તે વસ્તુની પરિણતિમાં-પર્યાયમાં પ્રાપ્તિ. વીતરાગ સ્વરૂપી ભગવાન આત્મા તો વસ્તુએ શુદ્ધ છે. નવ તત્ત્વમાં જે પુણ્ય-પાપના ભાવ છે તેનાથી આત્મતત્ત્વ ભિન્ન છે. દયા-દાન-વ્રત-ભક્તિ આદિના પરિણામ એ તો પુણ્ય તત્ત્વમાં જાય છે. તે આત્મતત્ત્વમાં સમાતા નથી. હિંસા-જૂઠ-ચોરી ભોગ-વાસના તે પાપતત્ત્વમાં જાય છે. તે આત્મામાં તો નથી પરંતુ પુણ્યતત્ત્વમાં પણ તે નથી. આવા પુણ્ય-પાપના ભાવથી રહિત શુદ્ધ ચૈતન્યઘન વસ્તુ જે આનંદદળ છે. તેની "**સ્વરૂપ નિષ્પત્તિ" અર્થાત્ પર્યાયમાં તેની પ્રાપ્તિ થવી, શુદ્ધસ્વભાવની પર્યાયમાં પ્રાપ્તિ થવી તેનું નામ ધર્મ છે. સમજમાં આવ્યું?**

**"તેની સ્વરૂપનિષ્પત્તિ, તેનાથી જે [वृत्तं] સ્વરૂપાચરણ ચારિત્ર [तत् तत् मोक्षहेतु:] તે જ, તે જ મોક્ષમાર્ગ છે; [एव] આ વાતમાં સંદેહ નથી."**

પુણ્ય-પાપના વિકલ્પથી, રાગથી રહિત શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકપ્રભુ તેના સ્વરૂપનું આચરણ એવા આનંદકંદમાં આચરણ કરવું, આનંદસ્વરૂપમાં રમવું તેને સ્વરૂપાચરણચારિત્ર કહે છે. આ સ્વરૂપાચરણચારિત્ર ચોથા ગુણસ્થાને પ્રગટ થાય છે. આહાહા! ભગવાન! બાપુ!

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તારો વીતરાગ મારગ આવો છે.

અહીંયા તો જે શુદ્ધ વસ્તુ, પવિત્ર વસ્તુ ભગવાન આત્મા.... જ્ઞાયકભાવ તે આનંદથી ભરેલો છે. આવા શુદ્ધ વસ્તુ સ્વરૂપની પર્યાયમાં 'નિષ્પત્તિ' નામ પ્રાપ્તિ થાય છે. 'સ્વરૂપ નિષ્પત્તિ' જે શુદ્ધ સ્વરૂપ છે તેની પર્યાયમાં પ્રાપ્તિ થાય છે. વીતરાગી નિર્વિકલ્પ આનંદની પર્યાયમાં પ્રાપ્તિ તેનું નામ ભગવાનના પંથમાં ધર્મ કહેવામાં આવ્યો છે.

**"સ્વરૂપાચરણચારિત્ર (तत् तत् मोक्षहेतु:) તે જ, તે જ મોક્ષમાર્ગ છે;"** ભાષા જુઓ! તે જ, તે જ મોક્ષમાર્ગ છે. તે જ - તે જ બે વાર શબ્દ લીધો છે. પરમાત્માનું પૂર્ણ શુદ્ધસ્વરૂપ જે આનંદકંદ છે તેની વીતરાગ દશાની પર્યાયમાં પ્રાપ્તિ થવી તે જ મોક્ષમાર્ગ છે. મૂળ પાઠમાં છે.

આ દયા-દાન -વ્રત-પૂજા ભક્તિ -તપ - અને અપવાસનો વિકલ્પ તે કાંઈ ધર્મ નથી; તે તો પુણ્યભાવ એ પુણ્યભાવ બંધનું કારણ છે. પ્રભુ! તારો માર્ગ તો વીતરાગનો છે અને તે વીતરાગ સિવાય બીજે ક્યાંય છે નહીં. આહાહા! મારગ બહુ સૂક્ષ્મ બાપુ!

આ પુણ્ય-પાપનો અધિકાર છે ને! એ - પુણ્ય-પાપના વિકલ્પથી રહિત, શુદ્ધ સ્વરૂપની પવિત્ર પ્રાપ્તિ પર્યાયમાં થવી તે જ, તે જ મોક્ષમાર્ગ છે. આ દિગમ્બર સંત અમૃતચંદ્રાચાર્ય પોકાર કરે છે. સર્વજ્ઞ પરમેશ્વરનો કહેલો માર્ગ જગત પાસે પ્રસિદ્ધ કરે છે.

**"તે જ, તે જ મોક્ષમાર્ગ છે; આ વાતમાં સંદેહ નથી."** ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન છે. તે પવિત્ર ઘનની - ચૈતન્યઘનની પર્યાયમાં પ્રાપ્તિ થવી વીતરાગ દશાની પ્રાપ્તિ થવી તે એક જ મોક્ષમાર્ગ છે. તે જ, તેને જ મોક્ષમાર્ગ છે તેમ નિઃસંદેહપણે જાણો.

આહાહા! બહુ ગંભીર વીતરાગનો માર્ગ. તેને અત્યારે વીંખી નાખ્યો. આહા! અન્યમતને જૈનમત ઠરાવ્યો છે. રાગથી ધર્મ માનવો એ તો અન્યમત છે. દયા-દાન, વ્રત-તપ, પૂજા-ભક્તિ ભાવથી ધર્મ માનવો એ તો અન્યમત છે. રાગમત છે. તે રાગીનો અર્થાત્ અજ્ઞાનીનો ધર્મ છે.

**"સ્વરૂપાચરણચારિત્ર"**, શુદ્ધ જ્ઞાનઘન સ્વરૂપ તે સ્વરૂપમાં રમણતા તે ચારિત્ર છે. આહાહા! પુણ્ય-પાપના પરિણામમાં રમણતા એ તો બંધનું કારણ છે. અહીં તો સ્વરૂપમાં રમણતારૂપ ચારિત્ર તે જ મોક્ષમાર્ગ છે, તેમાં સંદેહ નથી.

**"ભાવાર્થ આમ છે - કોઈ જાણશે કે સ્વરૂપાચરણચારિત્ર એવું કહેવાય છે કે આત્માના શુદ્ધ સ્વરૂપને વિચારે અથવા ચિંતવે અથવા એકાગ્રપણે મગ્ન થઈને અનુભવે."**

શું કહે છે? શાંતિથી સાંભળો! ભગવાન જ્ઞાયકના સ્વરૂપનો વિચાર તે તો વિકલ્પ છે. શુદ્ધસ્વરૂપને વિચારે અથવા ચિંતવે કે "હું શુદ્ધ ચૈતન્ય છું, વીતરાગ સ્વરૂપ છું" એમ ચિંતવે તે પણ વિકલ્પ ને રાગ છે. આવી આકરી વાતો બહુ! સર્વજ્ઞના માર્ગને સંતોએ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો આડતિયા થઈને માર્ગની પ્રસિદ્ધિ કરી છે. માર્ગ તો આ છે નાથ! દુનિયા બીજી રીતે મનાવે અને તેને માને તે રખડી મરશે.

અહીંયા તો કહે છે - શુદ્ધ સ્વરૂપનો વિચાર કરવો તે વિકલ્પ છે. શુદ્ધ સ્વરૂપ જે ચૈતન્યમૂર્તિ-વીતરાગ પરમાનંદની મૂર્તિ પ્રભુ તેનો વિચાર, અહીંયા વિચાર એટલે વિકલ્પ લેવો છે. અથવા શુદ્ધસ્વરૂપને ચિંતવે પરમાનંદ પ્રભુ છે તેનું ચિંતવન કરે તે પણ વિકલ્પ છે - તે પણ રાગ છે.

**"અથવા એકાગ્રપણે મગ્ન થઈને અનુભવે" પણ એવું તો નથી.** ઝીણી વાત છે પ્રભુ! હું શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક આનંદકંદ પ્રભુ એવો વિકલ્પ ઉઠાવી વિચાર કરે, તેનું ચિંતવન કરે અને તેમાં એકાગ્ર થઈને ધ્યાન કરે, તે રાગમાં એકાગ્ર છે. રાગ કહેતાં અશુભરાગ નહીં. શુભરાગમાં એકાગ્ર થાય તે શુદ્ધસ્વરૂપનું આચરણ નહીં.

**શ્રોતાઃ-** રાગના અનુભવની વાત છે.

**ઉત્તરઃ-** હા, રાગના અનુભવની વાત છે. રાગમાં એકાગ્ર અર્થાત્ આત્માને લક્ષમાં લઈને જે વિકલ્પ ઊઠે છે તેમાં એકાગ્ર થાય છે તે રાગ છે.

અહીં તો ત્રણ બોલ લીધા છે. આત્માના શુદ્ધસ્વરૂપને વિચારે, ચિંતવે, એકાગ્રપણે મગ્ન થઈને રાગને અનુભવે; તેમ કરવાથી બંધ થાય છે. આ ધંધા-વેપાર કરવાથી તો પાપ બંધ થાય છે. દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા કરવાનો ભાવ પણ બંધનું કારણ છે. આહાહા! પ્રભુ વીતરાગ મારગ જુદો છે.... નાથ!

અહીં તો કહે છે - શુદ્ધ સ્વરૂપ જ્ઞાયકપિંડ પ્રભુ તેનાં વિચાર નામ વિકલ્પમાં રોકાય જાય, ચિંતવન અર્થાત્ વિકલ્પ કરે અને રાગમાં એકાગ્રતા કરે અને એ રાગમાં રોકાય જાય તે બધો શુભભાવ છે. તે અશુભ રાગને છોડીને શુભરાગમાં એકાગ્ર થયો તે બધું સ્વરૂપાચરણ નહીં, તે ધર્મ નહીં.

આ તો હજાર વર્ષ પહેલાં અમૃતચંદ્રાચાર્ય થયા છે અને ૨૦૦૦ વર્ષ પહેલાં કુંદકુંદાચાર્ય દિગમ્બર સંત થયા. આ અભિપ્રાય તો અનંતકાળથી ચાલ્યો આવે છે. કળશ ૧૦૩ માં આવ્યું હતું કે, "અનાદિ પરંપરારૂપ એવો ઉપદેશ છે." અનાદિથી સંતોનો-મહામુનિઓનો, વીતરાગી દિગમ્બર સંતો અનાદિથી આવો ઉપદેશ કરતા આવ્યા છે.

અહીંયા તો પ્રભુ ત્રણલોકના નાથ! વીતરાગ જિનેન્દ્રદેવ જે રીતે ફરમાવે છે, એ રીતે દિગમ્બર-વીતરાગી સંતો ફરમાવે છે પ્રભુ! તું શુદ્ધ ચૈતન્યમૂર્તિ છો ને! નાટક સમયસારમાં આવે છે કે-

"જિન સૌહી આત્મા, અન્ય સોહી કર્મ;
યહી વચન સે સમઝ લે, જિન પ્રવચનકા મર્મ."

જિન સૌહી આત્મા, અન્ય અર્થાત્ વિકલ્પ આદિ એ તો પર છે - કર્મ છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞદેવની વાણીનો આ મર્મ છે કે- તારી ચીજ અંદરમાં વીતરાગ સ્વરૂપે બિરાજમાન છે. વીતરાગતા પર્યાયમાં આવે છે તે ક્યાંથી આવે છે? આત્મા વીતરાગ સ્વરૂપ છે તેમાંથી આવે છે.

અહીંયા કહે છે કે- વીતરાગ સ્વરૂપ આત્મા તેનું વિકલ્પથી ચિંતવન કરવું - મનમાં - અંદરમાં ચિંતવન અર્થાત્ તેના વિચારમાં એકાગ્ર થવું તેને અનુભવ માને છે પરંતુ તે અનુભવ નથી, તે સમ્યગ્દર્શન નથી. સમજમાં આવ્યું ? આવો માર્ગ છે અત્યારે તો લોકોને કઠણ પડે. બહારમાં તો હા... હો... હા... હો... ચાલે છે. વ્રત કરો ને અપવાસ કરો ને પૂજા ભક્તિ કરો ને બે પાંચ લાખ ખર્ચી ને મંદિર બંધાવો, ગજરથ કાઢો તે ધર્મ છે. અહીં કહે છે - ધૂળમાંય ધર્મ નથી... સાંભળને !

અહીંયા તો કહે છે - શુદ્ધ સ્વરૂપનું ચિંતવન તે પણ ધર્મ નથી. સમજમાં આવ્યું ? અહીં ચિંતવન એટલે વિકલ્પ લેવો. વિકલ્પથી વૃત્તિ ઊઠે છે ને ! હું શુદ્ધ છું, હું આવો છું.... આવો છું એવો વિકલ્પ છે પણ તે મોક્ષમાર્ગ નથી. તેવા વિકલ્પ કરવાથી બંધ થાય છે.

આહાહા ! પ્રભુ ! તારું સ્વરૂપ તો જ્ઞાતા-દૃષ્ટા છે ને નાથ ! જ્ઞાતાદૃષ્ટા - જ્ઞાયકસ્વભાવ છે. જાણવું દેખવું આનંદમય તે તારો સ્વભાવ છે. આવા વિકલ્પમાં આવવું તે બંધનું કારણ છે. આહાહા ! પાંચ મહાવ્રત, પાંચ સમિતિ-ગુપ્તિ એવો વ્યવહાર તે તો બંધનું કારણ જ છે. છ ઢાળામાં આવે છે..

" મુનિવ્રત ધાર અનંત બાર, ગ્રીવક ઉપજાયૌ,
પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ. "

મુનિવ્રત લીધા, પાંચ મહાવ્રત ધારણ કર્યા, હજારો રાણીને છોડી દીધી, જાવ્વજીવ શરીરથી બ્રહ્મચર્ય વ્રત પાળ્યું. તો પણ એ ધર્મ નહીં... એ દુઃખ છે. પંચમહાવ્રતના પરિણામ, પાંચ - સમિતિ - ગુપ્તિના ભાવ તે બધું દુઃખ છે - રાગ છે - આસ્રવ છે તે બંધનું કારણ છે. ગજબ વાત છે ને ! અજ્ઞાનીઓએ જગતને લૂંટી નાખ્યું છે. ઊંધી પ્રરૂપણા કરીને પોતે લૂંટાયો અને દુનિયાને લૂંટે છે. શું થાય !! બંધના કારણને ધર્મનું કારણ બતાવે છે. " **એમ કરતાં બંધ થાય છે, કેમ કે એવું તો સ્વરૂપાચરણચારિત્ર નથી.** " એ સ્વરૂપનું આચરણ નહીં, એ તો રાગનું આચરણ છે. કળશટીકા રાજમલજીની છે તેમાંથી બનારસીદાસજીએ સમયસાર નાટક બનાવ્યું છે, ટોડરમલજીએ મોક્ષમાર્ગ પ્રકાશક શાસ્ત્ર બનાવ્યું છે એ તો પોતે સ્વતંત્ર બનાવ્યું છે. શાસ્ત્રોનું રહસ્ય સમજી બનાવ્યું છે. અને સમયસાર નાટક તો આ પુસ્તકમાંથી બનાવ્યું છે. પહેલાં તો કળશટીકા ઢૂંઢારી ભાષામાં હતી. એ પુસ્તક અમારી પાસે હતું. પછી પં. ફૂલચંદજીએ ચાલતી હિન્દી ભાષામાં બનાવ્યું.

" **તો સ્વરૂપાચરણચારિત્ર કેવું છે? જેમ પાનું ( સુવર્ણપત્ર તપાવવાથી**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સુવર્ણમાંથી કાલિમા જાય છે, સુવર્ણ શુદ્ધ થાય છે, તેમ જીવ દ્રવ્યને અનાદિથી અશુદ્ધ ચેતનારૂપ રાગાદિ પરિણમન હતું તે જાય છે.”**

સુવર્ણનું પાત્ર અગ્નિમાં ગરમ કરવાથી કાલિમા જાય છે અને સુવર્ણ શુદ્ધ થાય છે. તેમ ભગવાન શુદ્ધ ચૈતન્ય દ્રવ્યને અનાદિથી પુણ્ય-પાપના અશુદ્ધ ચેતનારૂપ- રાગાદિરૂપ કર્મચેતના હતી. શુભાશુભ પરિણામ એ અશુદ્ધ ચેતનારૂપ રાગાદિ પરિણમન છે.

શાસ્ત્ર વાંચે નહીં, સ્વાધ્યાય કરે નહીં, પોતાનો આગ્રહ છોડે નહીં અને પછી તેને આ વાત એવી કઠણ લાગે કે- આ તો એકલી નિશ્ચયની ભાષા છે. વ્યવહારને માનતા નથી. અરે... સાંભળ તો ખરો પ્રભુ ! રાગ છે તે વ્યવહારને માનતા નથી. અરે.... સાંભળ તો ખરો પ્રભુ ! રાગ છે તે વ્યવહાર છે અને તેનાથી ધર્મ થતો નથી તેમ અમે માનીએ છીએ. સમજમાં આવ્યું ? ધર્મીને પણ વ્યવહાર આવે છે... સમ્યક્ અનુભવીને પણ શુભભાવ આવે છે પણ તેને સાધક બંધનું કારણ જાણે છે. તારા જન્મ-મરણ ટાળવાના મારગડા જુદા નાથ !

અરે ! અનંતકાળથી ચોરાશી લાખ યોનિમાં અનંત – અનંત વાર ઉપજ્યો. અનંત અવતાર કરને સોયાં નીકળી ગયા. પ્રભુ ! તે જોઈ નથી એ નરકની પીડાભાઈ એક ક્ષણની પીડા સાંભળી ન જાય એવી વેદના છે. મિથ્યાત્વને લઈને તું ત્યાં અનંતવાર જન્મ્યો છો. એ મિથ્યાત્વ એટલે પુણ્યથી ધર્મ થાય છે, તેમજ રાગાદિ-ક્રિયાકાંડથી ધર્મ થાય છે તેમ માનવું તે મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વના કારણે અનંતા જન્મ મરણ કર્યા.

અહીં કહે છે- **શુદ્ધ સ્વરૂપ માત્ર, શુદ્ધ ચેતના રૂપે જીવદ્રવ્ય પરિણમે છે,”** અશુદ્ધ ચેતનારૂપ રાગાદિ પરિણમન હતું. પુણ્યના પરિણામ એ અશુદ્ધ ચેતના છે. તે રાગાદિના પરિણામ છે, તે તો અનાદિથી છે. દયા-દાન-વ્રત ભક્તિતો અનંતવાર કર્યા. દ્રવ્યલિંગી દિગમ્બર સાધુ થઈને અને (તેનાં ફળમાં) નવમી ગ્રૈવેયકમાં ગયો પરંતુ સમ્યગ્દર્શન વિના આત્મજ્ઞાન વિના સુખ ન મળ્યું. પંચ મહાવ્રત ક્રિયા કરીને શુક્લ લેશ્યા ધારણ કરીને નવમી ગ્રૈવેયક ગયો. શુક્લલેશ્યા બીજી ચીજ અને શુક્લધ્યાન તે બીજી ચીજ છે.

અશુદ્ધ ચેતનારૂપ રાગાદિ પરિણામ હતા તે જાય છે અને શુદ્ધ સ્વરૂપમાત્ર -શુદ્ધ ચેતનારૂપે જીવદ્રવ્ય પરિણમે છે. જેમ સુવર્ણને અગ્નિમાં નાખવાથી એ કાલિમાનો નાશ થાય છે તેમ ભગવાન આત્માના – શુદ્ધ ચૈતન્યના ધ્યાનમાં રાગાદિ કાલિમાનો નાશ થાય છે. આવો માર્ગ છે ભાઈ !

મહા વિદેહમાં વીતરાગ જિનેન્દ્ર ભગવંતો બિરાજે છે. તે જિનેન્દ્રદેવ પરમેશ્વર આમ ફરમાવે છે. ત્રિલોકનાથ કેવળજ્ઞાની સીમંધર ભગવાન બિરાજે છે. તેમની પાસે કુંદકુંદાચાર્ય ગયા હતા અને આઠ દિવસ રહ્યા હતા. એને બે હજાર વર્ષ થયા ત્યાંથી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

આવીને તેમણે આ શાસ્ત્રો બનાવ્યા છે. ભગવાનનો આ સંદેશો છે. પછી એક હજાર વર્ષ બાદ અમૃતચંદ્રાચાર્યે તેની ટીકા બનાવી. આ તો ભગવાનનો માર્ગ છે એમ કહે છે. ભાઈ !

શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે, તેની પર્યાયમાં અનાદિથી અશુદ્ધતાનું પરિણમન છે. અશુદ્ધ શબ્દે પુણ્ય-પાપ બન્ને લઈ લેવા. જ્યારે આનંદકંદ પ્રભુ જ્ઞાયક આત્મા સ્વરૂપનું અંતરમાં ધ્યાન કરે છે, દ્રવ્ય સ્વભાવમાં જ્યાં એકાગ્ર થાય છે ત્યારે તેને સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર પ્રગટ થાય છે. આવો ઉત્પાદ થાય છે ત્યારે કાલિમા અર્થાત્ અશુદ્ધતાનો વ્યય થાય છે.

ભગવાન ધ્રુવ સ્વરૂપનું ધ્યાન કરે છે તો ઉત્પાદવ્યયધ્રુવયુક્તમ્ સત્‌નું ( જ્ઞાન થાય છે. ) તત્ત્વાર્થ સૂત્રમાં આ સૂત્ર છે. ઉત્પાદ વ્યય તે પર્યાય છે અને ધ્રુવ ત્રિકાળ છે. હવે ઉત્પાદ- વ્યયની પર્યાયનું લક્ષ છોડીને જેણે ધ્રુવનું ધ્યાન લગાવ્યું તેને અંદરમાં શુદ્ધતાની ઉત્પત્તિ થાય છે. ધ્રુવના ધ્યાનમાં અશુદ્ધ ચેતનાનો વ્યય થયો, માર્ગ બહુ સૂક્ષ્મ છે બાપુ ! અત્યારે તો લોકોએ બહારની પ્રવૃત્તિમાં ધર્મ મનાવ્યો છે. આમ ને આમ જિંદગી ચાલી જાય છે. અનંતકાળે આવો મનુષ્યભવ મળવો મુશ્કેલ છે. એમાં આ વીત રાગી ભાવની વાત ન જાણી, ન માની, ભવના અભાવની વાત ન જાણી તો મનુષ્યપણું વ્યર્થ છે. પછી તે દ્રવ્યલિંગી મુનિ હો અને અઠ્ઠાવીસ મૂળગુણ પાળતો હો પરંતુ આત્મજ્ઞાન વિના બધું વ્યર્થ છે.

**શ્રોતાઃ-** અત્યારે તો વ્યર્થ નહીં ને ?

**ઉત્તરઃ-** ના, વ્યર્થ નહીં રખળવા માટે સફળ સંસાર છે. રાગ ને સંસાર કહ્યો છે. તેથી પાંચમહાવ્રત, પાંચ સમિતિ ગુપ્તિ એ પણ સંસાર છે. અરર. ગજબ વાત છે, સાંભળ્યું પણ જાય નહીં. ભાઈ ! તને તારા સ્વભાવની ખબર નથી. ભગવાન તું અતીન્દ્રિય આનંદ અને નિર્વિકલ્પ સ્વભાવથી ભર્યો પડયો છે. તે તરફની એકાગ્રતાથી શુદ્ધતાની-ધર્મની ઉત્પત્તિ થાય છે. અને અશુદ્ધતા અધર્મનો નાશ થાય છે.

બહુ આકરું કામ આ. બહારમાં હો... . હા.... હો... હા મંદિર બંધાવ્યા, રથયાત્રા કાઢી, ગજરથ કાઢયા અને ધર્મ થઈ ગયો ? ધૂળમાંય ધર્મ નથી સાંભળને ભાઈ ! તેં અનંતવાર આમ ને આમ જિંદગી ગુમાવી છે.

**“ શુદ્ધ સ્વરૂપમાત્ર શુદ્ધ ચેતનારૂપે જીવદ્રવ્ય પરિણમે છે, તેનું નામ સ્વરૂપાચરણચારિત્ર કહેવાય છે; આવો મોક્ષમાર્ગ છે. કાંઈક વિશેષ - તે શુદ્ધ પરિણમન જ્યાં સુધીમાં સર્વોત્કૃષ્ટ થાય છે ત્યાં સુધીના શુદ્ધપણાના અનંત ભેદ છે.**

હવે શુ કહે છે ? દ્રવ્યસંગ્રહમાં ૪૭ ગાથામાં આવ્યું છે.

“ ભગવાન નેમીચન્દ્ર સિદ્ધાંત ચક્રવર્તી એમ ફરમાવે છે કે- “ **दुविहं पि मोकखहेउं झाणे पाउणदि जं मुणी णियमा** ” નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગ તે ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. શુદ્ધ ચૈતન્યનું ધ્યાન જ્યાં અંદર લગાવ્યું ત્યારે જે વીતરાગી નિશ્ચય પરિણતિ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ઉત્પન્ન થાય છે તે મોક્ષમાર્ગ છે. હવે બાકી જે રાગ રહ્યો તેને ઉપચારથી - આરોપથી- વ્યવહારે મોક્ષમાર્ગનો આરોપ આપવામાં આવે છે. દ્રવ્યસંગ્રહ તો પાઠશાળામાં ભણાવે છે પરંતુ અર્થના ઠેકાણાં ન મળે.

છ ઢાળા પણ પાઠશાળામાં ભણાવે છે એમાં કહ્યું છે કે-

લાખ બાતકી બાત યહી, નિશ્ચય ઉર લાઓ;
તોરિ સકલ જગ દંદ-ફંદ, નિત આતમ ધ્યાઓ.

અમારા નવનીતભાઈને છ ઢાળા મોઢે કંઠસ્થ હતી. તેમને છ ઢાળાનો બહુ પ્રેમ હતો. પછી તેમણે તેના વ્યાખ્યાન ઉપરનું પુસ્તક છપાવી મફત આપ્યું.

અહીંયા કહે છે કે- શુદ્ધ સ્વરૂપ ચે... ત.... ન... એ લાખ વાતની વાત છે. છોડી. જગતમાં દ્વન્દ્ર ફન્દ અર્થાત્ વિકલ્પનું ધ્યાન નામ દ્વૈતપણું છે તે પણ છોડી દે! અંતરમાં એક ભગવાન આત્માને ધ્યેય બનાવી દે! તારી ધ્યાનની પર્યાયમાં દ્રવ્ય સ્વભાવને ધ્યેય બનાવી નિજ આત્માનું ધ્યાન કર તે મોક્ષનો માર્ગ છે.

કાર્ય ભારે આકરું ભાઈ! આમાં બીજું કાંઈ સાધન હશે કે નહીં? આ જ સાધન છે. વ્યવહાર રાગ સાધન અને નિશ્ચય સાધ્ય? રાગથી વીતરાગતા ઉત્પન્ન થાય છે?

જેમ સ્ત્રીને દેખીને કેવો પ્રેમ આવે કે- આ મારી અર્ધાંગના છે, આ મારી ધૂળ છે તેમ પ્રેમ આવે છે. તેમ આત્મા પ્રત્યે પ્રેમ આવવો જોઈએ. એ શુભ અને અશુભનો રાગ નામ પ્રેમ છોડીને ત્રણ લોકનો નાથ જે સચ્ચિદાનંદ પ્રભુ આત્મા બિરાજે છે તે તરફનો ઝુકાવ આવવો જોઈએ. સંતો તો ત્યાં સુધી કહે છે કે- પોતાના સ્વરૂપ તરફ ઝુકતો નથી, અને શુભ-અશુભ રાગનો જેને પ્રેમ છે તેને આત્મા પ્રત્યે દ્વેષ છે. ઝીણી વાત છે પ્રભુ!

શ્વેતામ્બરમાં આનંદઘનજી થયા તેમણે થોડી વાત કહી છે. બાકી કાંઈ સત્ય છે, નહીં. શ્વેતામ્બર મત તો દિગમ્બરમાંથી બે હજાર વર્ષ પહેલાં નીકળ્યો હતો. આ તો આનંદઘનજીએ જરા થોડી આવી વાત ક્યાંક કરી છે.

અહીંયા કહે છે કે- સ્વરૂપાચરણચારિત્ર અર્થાત્ સ્વરૂપમાં આચરણ રાગ-દાનનું આચરણ તે સ્વરૂપનું આચરણ નહીં, તે સ્વરૂપાચરણ નહીં, તે તો ઉપાધિનું આચરણ છે. અરે... પ્રભુ! ભારે માર્ગ ભાઈ! અરે... અનંતકાળથી ચોરાશીના અવતારમાં રખડી પડયો છે. તેણે શુભભાવ અનંતવાર કર્યાં છે.

અહીં એક વખત કહ્યું હતું કે અત્યાર સુધી નરકના જે અનંત ભવ કર્યાં તેનાથી અસંખ્ય અનંતગુણા સ્વર્ગના કર્યાં. ભગવાન પરમાત્માના-જિનેન્દ્રદેવના જ્ઞાનમાં આવ્યું છે કે- મનુષ્યના ભવ કર્યાં તેનાથી અસંખ્ય અનંતગુણા નરકના ભવ કર્યાં. અને એ અસંખ્ય અનંતગુણાથી અસંખ્ય અનંતગુણા સ્વર્ગનાભવ કર્યાં તો શું સ્વર્ગમાં કોઈ પાપ કરીને જાય છે? આવા દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા તો અનંતવાર કર્યાં છે અને તેનાથી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

સ્વર્ગમાં જાય છે. સ્વર્ગમાંથી નીકળી અને પછી પશુ અને નરકમાં ચાલ્યા જાય છે.

અહીંયા કહે છે કે- શુદ્ધ સ્વરૂપનું પરિણમનરૂપ ચારિત્ર થયું. દ્રવ્ય સ્વભાવના આશ્રયથી સ્વરૂપમાં લીનતા નામ આચરણ પ્રગટ થયું. હવે કહે છે કે- એ શુદ્ધ પણ અનેક પ્રકારનું છે. પહેલાં થોડા શુદ્ધ, પછી વિશેષ શુદ્ધ અને પછી વિશેષ શુદ્ધ છે. સ્વરૂપમાં રમણતા વધતાં, વધતાં, વધતાં શુદ્ધતા ઘણી જ વધી જાય છે.

અહીં કહે છે – શુદ્ધ પરિણમન જ્યાં સુધી સર્વોત્કૃષ્ટ થાય છે ત્યાં સુધી શુદ્ધતાના અનંત ભેદ હોય છે. અંતર ભગવાનનું અવલંબન લઈને જે શુદ્ધ પવિત્ર દશા પ્રગટ થઈ, તેમાં પણ પવિત્રતા વિશેષ છે. હવે વિશેષ આશ્રય કરતાં વિશેષ પવિત્રતા, વિશેષ આશ્રય કરતાં વિશેષ પવિત્રતા પ્રગટે છે. આ રીતે પવિત્રતાના તો અનંત ભેદ છે.

“ **તે ભેદો જાતિભેદની અપેક્ષાએ તો નથી;** ” શું કહે છે? શુદ્ધ વસ્તુ સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાનને રમણતા પ્રગટ થઈ અને પછી વિશેષ આશ્રય કરતાં વિશેષ શુદ્ધતા ઉત્પન્ન થઈ. એ પ્રગટ થયેલી શુદ્ધતામાં જાતિ ભેદ નથી, તેથી જાતિ તો એક જ છે. પુણ્ય ને પાપ એ ભાવ તો જાતિભેદ છે. ભારે આવી વાતું!

ભગવાન આત્મા આનંદસ્વરૂપ પ્રભુ! તેની એકાગ્રતામાં શરૂઆતમાં અર્થાત્ સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપાચરણમાં સ્થિરતાનો થોડો અંશ પ્રગટ થયો તે મોક્ષમાર્ગની પર્યાય છે. પછી જીવદ્રવ્યનો વિશેષ આશ્રય લીધો તો શુદ્ધતા વધારે પ્રગટ થઈ. આ રીતે વિશેષ આશ્રય થતાં શુદ્ધતા વિશેષ થઈ, વિશેષ આશ્રયથી શુદ્ધતા થઈ... આ રીતે શુદ્ધતાના અનંત ભેદ છે. ધર્મની પવિત્રતાના પરિણામમાં અનંત પ્રકાર છે. તો પણ એ કોઈ જાતિ ભેદ નથી. તેની જાતિ તો શુદ્ધ... શુદ્ધ.... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ છે.

રાજમલજીએ ટીકા કરી છે તેના ઉપરથી બનારસીદાસે નાટક સમયસાર લખ્યું. ફલટનમાં અને લલિતપુરમાં એ લોકોએ ટોડરમલજી અને બનારસીદાસજી માટે એમ કહ્યું કે- તેઓ અધ્યાત્મની ભાંગ પી ને નાચ્યા હતા. અરેરે પ્રભુ.... પ્રભુ.... તું આ શું કહે છે? અધ્યાત્મની ભાંગ કેવી નાથ? પોતાની ( ઊંધી ) દૃષ્ટિ સાથે મિલાન નથી થતું તેથી કહે કે- તેમણે ભાંગ પીધી. અરે... ભગવાન! પ્રભુ તને આવું ન શોભે! આવા ધર્માત્મા- જ્ઞાનીને ભાંગ પી ને નાચ્યા એમ ન કહેવાય. આહાહા! એ તો અધ્યાત્મના લગ્ન કરવાવાળા હતા. મોક્ષમાર્ગ પ્રકાશમાં તો કેટલું નાખ્યું છે. ટોડરમલજીએ તો મોક્ષમાર્ગ પ્રકાશમાં આચાર્ય- સંતો જેવું કામ કર્યુ છે. તેમણે શાસ્ત્રના આધારે બધા પાઠ લખ્યા છે.

શુભરાગ હોય પણ તે બંધનું કારણ છે. શ્રદ્ધામાં તેને બંધનું કારણ સમજો. શુભરાગમાં ધર્મ માનવો તે મિથ્યાશ્રદ્ધા છે, તે મિથ્યાત્વનું પોષણ છે. મિથ્યાત્વ તે સંસાર છે અને મિથ્યાત્વ તે મોટો અધર્મ છે. સમજમાં આવ્યું ભાઈ! અહીંયા તો સ્પષ્ટ વાત છે. ગુપ્ત... ગુપ્ત કાંઈ છે. નહીં. દુનિયાને રુચે ન રુચે એના જવાબદાર કાંઈ સંતો નથી. આ વાત

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દુનિયાને રુચશે કે નહીં ? સંતો રહેશે કે નહીં ? આવી વાતમાં ગરબડ ન થઈ જાય ? તેને એમ લાગે કે-આ તો વ્યવહારનો નાશ કરે છે. લાભ કહેતા નથી અને નુકશાન કરવાનું બતાવે છે. આહાહા ! માનો બાપુ ! જેમ માનવું હોય એમ માનો, વસ્તુ તો આ છે. રાગાદિ ક્રિયારૂપ વ્યવહાર નુકશાનકારક છે. જિનેશ્વરદેવે કહેલો વ્યવહાર પણ સંસાર છે. આ વાત સમયસાર ૧૧ ગાથામાં આવી ગઈ છે.

મુનિ સાચા સંત - ભાવલિંગી - આત્મજ્ઞાની તેને પણ વ્યવહાર આવે છે તેનું જ્ઞાન કરાવ્યું છે. તેને પણ પંચમહાવ્રતનો વિકલ્પ આવે છે. પણ તે દુઃખરૂપ છે, તે બંધનું કારણ છે, તે સંસાર છે. જેટલો વિકલ્પ તે સંસાર અને નિર્વિકલ્પ સ્વરૂપને આશ્રયે જેટલી પરિણતિ તે મોક્ષમાર્ગ અથવા તે મોક્ષ છે.

**“ ઘણી શુદ્ધતા, તેનાથી ઘણી, તેનાથી ઘણી - એવા થોડાપણા - ઘણાપણારૂપ ભેદ છે, પણ જાતિ ભેદ નહીં. ”**

સમ્યગ્દૃષ્ટિને ચોથે ગુણસ્થાને શુદ્ધતા પ્રગટ થાય છે. પાંચમા ગુણસ્થાને આચાર, વાડાના શ્રાવક એ શ્રાવક નહીં. તેને તો હજુ સમ્યગદર્શનની પણ ખબર નથી. આ તો પ્રભુના મારગડા છે. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવનો પ્રવાહ છે. ભગવાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. ૫૦૦ ધનુષનો તેમનો દેહ છે અને એક કરોડપૂર્વનું આયુષ્ય છે. મુનિસુવ્રત ભગવાનના વખતમાં તેમણે દીક્ષા લીધી હતી અને પછી કેવળ પામ્યા. અત્યારે કેવળજ્ઞાની પરમાત્મા છે. આગામી ચોવીસીમાં તેરમા તીર્થંકર થશે ત્યારે તેમનો મોક્ષ થશે. ત્યાં સુધી તેઓ મનુષ્ય સ્થિતિમાં કરોડો-અબજો વર્ષ સુધી બિરાજે છે. વર્તમાનમાં સમવસરણમાં ધર્મોપદેશ થાય છે ત્યાં તેઓ બિરાજે છે. મહાવીરઆદિ ભગવાન તો ણમો સિદ્ધાણંમાં ચાલ્યા ગયા. જ્યારે આ સિદ્ધ નથી થયા. આ તો ણમો અરહંતાણંમાં છે. ચાર કર્મ ક્ષય નથી થયા... ચાર કર્મ બાકી રહ્યા છે. આઠ કર્મનો નાશ થઈ જાય તો સિધ્ધ થઈ જાય. ચારકર્મનો નાશ કરીને તેઓ કેવળજ્ઞાની પરમાત્માપણે બિરાજે છે. ચારકર્મ બાકી છે માટે અરિહંત છે. અરિહંત ભગવાનને વાણી હોય છે. સિધ્ધને વાણી હોતી નથી. પરંતુ ભગવાનની વાણીમાં આ તત્ત્વ આવ્યું છે.

ભાઈ ! તારી ચીજ છે ને નાથ ! તારો આત્મા શુદ્ધ સ્વરૂપનો ભંડાર છે. તે શુદ્ધ સ્વરૂપની એકાગ્રતા કરવાથી શુદ્ધતા ઉત્પન્ન થાય છે. વિશેષ એકાગ્રતાથી વિશેષ શુદ્ધતા થાય છે. એ શુદ્ધતાનો ભેદ ભલે થોડો ઘણો હો ! પણ તેમાં જાતિ ભેદ નથી.

આહાહા ! ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણ ચારિત્રની દશા છે. પાંચમા ગુણસ્થાને સાચા સંત - શ્રાવક સમકિત સહિતની વાત છે. તેનું સ્વરૂપાચરણચારિત્ર વિશેષ નિર્મળ છે. છઠ્ઠામાં વિશેષ, સાતમામાં વિશેષ, એમ કરતાં કરતાં કેવળજ્ઞાન થતાં પૂર્ણ સ્વરૂપ પ્રાપ્ત થાય છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'ભાવાર્થ આમ છે કે- જેટલી શુદ્ધતા હોય છે તેટલી જ મોક્ષનું કારણ છે. જ્યારે સર્વથા શુદ્ધતા થાય છે ત્યારે સકળકર્મક્ષયલક્ષણ મોક્ષપદની પ્રાપ્તિ થાય છે."**

શું કહે છે? વસ્તુ જે શુદ્ધ ચૈતન્યઘન પરમાત્મા આત્મા છે. પરમાત્મા સ્વરૂપે જ તે આત્મા છે. તો એમાંથી પર્યાયમાં પરમાત્મપણું એન્લાર્જ થાય છે. એ પરમાત્મ સ્વરૂપનું જેટલું ધ્યાન કરવાથી શુદ્ધતા ઉત્પન્ન થઈ એ બધી શુદ્ધતા મોક્ષનો માર્ગ છે. અને પૂર્ણ શુદ્ધતા થઈ તે મોક્ષ છે. સમજમાં આવ્યું?

**શ્રોતાઃ-** અંદરમાં વિશેષ સ્થિરતા થાય છે?

**ઉત્તરઃ-** સ્થિરતા એટલે અંદરમાં લીનતા. શુદ્ધમાં લીનતા. અશુદ્ધતા ઘટતી જાય છે અને શુદ્ધતા વધતી જાય છે. અશુદ્ધતાથી ધર્મ થાય છે તે દૃષ્ટિ તો છૂટી ગઈ છે. શુદ્ધતાથી ધર્મ થાય છે તેવી દૃષ્ટિ થઈ પરંતુ હજુ અશુદ્ધતા બાકી રહી ગઈ, જો અશુદ્ધતા બાકી ન હોય તો કેવળજ્ઞાન થઈ જાય.

જેટલી જેટલી શુદ્ધ સ્વરૂપમાં લીનતા થાય છે તેટલી અશુદ્ધતાનો નાશ થાય છે. પૂર્ણ શુદ્ધતા થાય તો આઠે કર્મનો નાશ થઈ જાય છે. આવી વાત છે. અરે! એકવાર આત્માની શ્રધ્ધા તો કરે. એકવાર જ્ઞાનમાં જમાવટ તો કરે! ભલે, પહેલાં વિકલ્પ સહિત કરે. માર્ગ તો આ છે એવો નિર્ણય તો કર નાથ! અરે... બહારમાં કોઈ રક્ષક નથી ભાઈ! રક્ષક અને શરણ તો આત્મા પોતે છે.

શરીરની વેદના અને પીડા મરણની ત્યાં પ્રભુ તને કોણ શરણ છે. પુણ્યના પરિણામ તો ગયા, અને સામે કર્મના પરમાણું બની ગયા. તે તો હવે રહ્યા નહીં. નવો બંધ રહ્યો નહીં ભગવાનને. ણમો અરિહંતાણં એવો ભાવ તે પુણ્યતત્ત્વ-વિકલ્પ -રાગ છે. ભગવાન આત્મા રાગના વિકલ્પથી રહિત પ્રભુ છે. જેટલો શુદ્ધતાનો આશ્રય લીધો એટલી શુદ્ધતા પ્રગટ થઈ.. તે મોક્ષનો માર્ગ છે. પૂર્ણ શુદ્ધતા પ્રગટ થઈ જાય તો તે મોક્ષ.

**શા કારણથી? "सदा ज्ञानस्य भवनं एकद्रव्यस्वभावत्वात्"** આ હાહા! ગજબ વાત કરે છે ને! શું કહે છે? **"सदा ज्ञानस्य भवनं एकद्रव्यस्वभावत्वात्" ત્રણે કાળે, (सदा)** નામ ત્રણે કાળમાં જ્ઞાન ભવનમ્ આવું છે. જે શુદ્ધ ચેતના પરિણામરૂપ જ્ઞાનસ્ય ભવનમ્ એટલે આત્મા **"જે શુદ્ધ ચૈતન્ય પરિણમનરૂપ સ્વરૂપાચરણ-ચારિત્ર એ આત્મદ્રવ્યનું નિજ સ્વરૂપ છે."** '**त्वात्**' તેમ શબ્દ પડયો છે ને! એક દ્રવ્ય સ્વભાવ **त्वात्** આહાહા! શું કહે છે? આ એક જીવદ્રવ્ય સ્વભાવ છે.

ત્રણે કાળમાં આવી જે શુદ્ધચેતના પરિણમનરૂપ - સ્વરૂપાચરણચારિત્ર તે આત્મદ્રવ્યનું નિજ સ્વરૂપ છે. સ્વરૂપ વીતરાગતારૂપ છે તેથી તેની પર્યાય વીતરાગતા સ્વરૂપ પ્રગટ થઈ... તે શુદ્ધ ચેતના પરિણામ સ્વરૂપ આચરણ અર્થાત્ ચારિત્ર છે. તે જ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

આત્મદ્રવ્યનું નિજ સ્વરૂપ છે. એ તો નિજ સ્વરૂપનું પરિણમન છે.

**“ તે શુભાશુભક્રિયાની માફક ઉપાધિરૂપ નથી. ”** આ દયા દાન- વ્રત - ભક્તિના પરિણામ તે ઉપાધિ છે. હવે તેને અત્યારે ધર્મ મનાવ્યો છે. અને લોકો પણ એમ જ પ્રરૂપણા કરે છે. અરે... ભગવાન ! વીતરાગ માર્ગનો તેમાં ધ્વંસ થાય છે. માર્ગ તો પ્રભુ આવો છે ભાઈ ! બહુ સ્પષ્ટ ટીકા છે.

શું કહ્યું ? આત્મદ્રવ્યનું જે નિજ સ્વરૂપ છે તેમાં શુભાશુભ ક્રિયાની ઉપાધિ નથી. પંચમહાવ્રતના પરિણામ શુભભાવ તે તો ઉપાધિ છે. તે જીવનું સ્વરૂપ નથી. આ વાત પાઠમાં છે કે નહીં ? આ સોનગઢનું છે ? અનાદિથી સંતો, દિગમ્બર મહા મુનિઓ વીતરાગી સંત આમ કહેતા આવ્યા છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ પણ આમ કહેતા હતા. તે ભગવાનનો સંદેશ લઈને કુંદકુંદાચાર્ય આવ્યા. સંવત ૪૯ માં, આજથી બે હજાર વર્ષ પહેલાં ત્યાં ગયા હતા. અને આઠ દિવસ ત્યાં રહ્યા હતા. ત્યાંથી આવીને કહ્યું કે- ભાઈ ! ભગવાન આમ કહે છે.

જેટલા શુભાશુભભાવ તે ઉપાધિ છે. ત્રિકાળી શુદ્ધ સ્વભાવના આશ્રયે શુદ્ધતા ઉત્પન્ન થઈ તે નિરૂપાધિ છે. આવી વાતનો જ્ઞાનમાં અને શ્રદ્ધાનમાં પણ હજી સ્વીકાર નથી તેને આચરણ ક્યાંથી આવશે ?

શું કહે છે ? શુદ્ધ ચૈતન્ય વસ્તુ તેમાં નિર્મળ આચરણ એ સ્વરૂપાચરણચારિત્ર છે. ‘ એક દ્રવ્યસ્વભાવત્વાત્, ’ એક જીવદ્રવ્યનો સ્વભાવ હોવાથી.. . દ્રવ્ય એક જીવદ્રવ્ય સ્વરૂપ છે. આ એક દ્રવ્ય સ્વભાવની વ્યાખ્યા થઈ... પુણ્ય-પાપ તે એક દ્રવ્ય નહીં એ તો પરદ્રવ્ય છે - તે સંયોગીભાવ ઉપાધિ છે. આહાહા ! પંચમહાવ્રત, પાંચ સમિતિ, ગુપ્તિ, ભગવાનની પૂજા-ભક્તિ, મંદિર બનાવવા માટે લાખો કરોડો રૂપિયા ખર્ચવા તે બધો ભાવ રાગની મંદતાનો છે. તે શુભભાવ ઉપાધિ છે.

બેંગ્લોરમાં કહ્યું હતું. બાર લાખનું દિગમ્બર મંદિર બનાવ્યું. તેમાં એક શ્વેતામ્બર હતા તેણે આઠ લાખ અને એક સ્થાનકવાસીએ ચાર લાખ આપ્યા. બાર લાખનું દિગમ્બર મંદિર દેખવા લાયક છે. અમે બેંગ્લોર ગયા ત્યારે તેમને કહ્યું હતું કે- ભાઈ ! તમે આ બાર લાખ ખર્ચ્યા માટે તમને ધર્મ થયો તેમ નથી. રાગની મંદતા હો તો પુણ્ય છે; અને તે ઉપાધિ છે. પરંતુ બહારની ક્રિયા થાય છે. પરંતુ આત્મા બહારની ક્રિયા કરી શકતો નથી. તેના પરિણામનો ભાવ શુભ છે. તે ધર્મ નથી.

## પ્રવચન નં. ૧૦૨ તા. ૨૨-૯- ’૭૭

દશ લક્ષણ પર્વનો આજ છઠ્ઠો દિવસ છે. ઉત્તમ સંયમ. ઉત્તમ સંયમ કેમ કહ્યું ? કે સૌ પ્રથમ પોતાના આનંદના અનુભવરૂપી સમ્યગ્દર્શન હોવુંજોઈએ, પછી સંયમ અને ચારિત્ર આવે છે. બપોરના વ્યાખ્યાનમાં એ આવ્યું હતું તે કે- દ્રવ્ય સ્વભાવમાં આત્માનો

આનંદ છે, એ આત્માના આનંદનું વેદન અનુભવમાં ન આવ્યું તો સમ્યગ્દર્શન છે જ નહીં. એ સમ્યગ્દર્શન વિના નિશ્ચય ચારિત્ર કે વ્યવહાર ચારિત્ર એક્કેય હોતું નથી. એ કારણે ' ઉત્તમ સંયમ ' એમ શબ્દ વાપર્યો છે. ક્ષમાદિ દરેક ધર્મમાં ' ઉત્તમ ' શબ્દ લગાવ્યો છે. હેતુ તો આત્માના આનંદના સ્વાદનો છે.

જેને સમ્યગ્દર્શનમાં આત્માના આનંદનો સ્વાદ આવ્યો છે. તેને ચારિત્ર નામ આનંદમાં રમણતા હોય છે. તે અતીન્દ્રિય આનંદમાં મશગુલ છે, તેને પ્રચુર સ્વસંવેદન આવે છે.... તેને ચારિત્ર કહેવામાંઆવે છે. એ ચારિત્રવંતને વ્યવહારનો વિકલ્પપણ કેવો હોય છે ? નિશ્ચયદર્શન અને ચારિત્રની સાથે કેવો વ્યવહાર હોય છે તે વાત કહે છે.

**जो जीवरक्खणपरो गमणागमणादिसव्वकज्जेसु।**
**तणछेदं पि ण इच्छदि संजमधम्मो हवे तस्स।।**

મુનિરાજ પોતાના આનંદ સ્વરૂપમાં મશગુલ રહી શકતા નથી ત્યારે તેમને ઈર્યા, એષણા, ભાષા આદિ વ્યવહારમાં આવે છે. તેમના માટે બનાવેલો આહાર પણ તેઓ લેતા નથી. વ્યવહાર પણ આવો છે, નિશ્ચયમાં તો આહારનું મળવું છે જ નહીં. નિશ્ચય ધ્યાનમાં તો આનંદમાં મસ્ત રહેવું તે નિશ્ચયચારિત્ર છે. સમજમાં આવ્યું ?

" **तणछेदं पिणकरे** " એક તરણાના બે ટૂકડાં પણ ન કરે એવી યત્નપૂર્વકની જેની ક્રિયા છે. યતિ નામ સ્વરૂપમાં યત્ન કરે છે. તેને બહારમાં યત્નાનો વિકલ્પ ( સહજ ) હોય છે. કોઈપણ પ્રાણીનું અહિત થાય એવો ભાવ ન કરે. અને " **गमणागमणादि सव्व कज्जेसु** " ગમન આગમન આદિ સર્વે કાર્યોમાં તે પ્રમાદનો ભાવ છોડીને તેને સંયમ હોય છે. ભાવાર્થ છે- ' ઇન્દ્રિય મનનું વશીકરણ ' ઇન્દ્રિયનું વશીકરણ કરવાની વ્યાખ્યા સુક્ષ્મ છે. સમયસારની ૩૧ ગાથામાં આવે છે કે- ' **जे इन्द्रियम् जिणिता** ' જે કોઈ આત્મા દ્રવ્યઇન્દ્રિય જડ, ભાવઇન્દ્રિય અર્થાત્ એક એક વિષયને જાણવાવાળો ક્ષયોપશમભાવ; અને તેના વિષયો અર્થાત્ ભગવાનની વાણી, આમ લીધું છે. ગઈકાલે કોઈએ કહ્યું હતું કે- ' **इन्द्रियम जिणिता** ' ઇન્દ્રિય જિણિતામાં આટલું બધું ક્યાંથી આવ્યું ?

ઇન્દ્રિયોને જીતવી- પરંતુ બાપુ ! તેનો અર્થ શું છે ? જેમ આ પાંચ ઇન્દ્રિયો જડ છે. તેનું લક્ષ છોડવાનું છે, અને આ ભાવેંન્દ્રિય જે એક-એક વિષયને ખંડખંડ જાણે છે તેનું લક્ષ પણ છોડવાનું છે. અને ભગવાન, ભગવાનની વાણી, સ્ત્રી - કુટુંબ - પરિવાર તેનું લક્ષ પણ છોડવાનું છે. આવો પાઠ છે. આવી વાત ૩૧ ગાથામાં છે. આવી વાત અત્યારે ચાલતી જ નથી. અત્યારે તો બહારના ક્રિયાકાંડ અને એ પણ સમ્યગ્દર્શન વિનાના ! એ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બધી સાધારણ સ્થૂળ ક્રિયાઓ છે અને તેને સંયમ અને નિર્જરા છે તેમ માને છે.

અહીંયા તો કહે છે – પોતાનું મન અને ઇન્દ્રિયનું દમન તે ઇન્દ્રિય જીતી કહેવાય. ઇન્દ્રિયમાં ભગવાનની વાણી અને ભગવાન પોતે ઇન્દ્રિયમાં આવી ગયા છે. અતીન્દ્રિય એવો ભગવાન આત્મા. અતીન્દ્રિપણે તેમાં રહેવું તેનું નામ ઇન્દ્રિયને જીતી છે. આ વાત ૩૧ મી ગાથામાં છે.

લોકો કહે છે – ઇન્દ્રિયોને જીતવી પરંતુ એનો અર્થ શું ? એ જડ ભાવ ઇન્દ્રિય અને તેના વિષયો તે તરફનું લક્ષ છોડીને અતીન્દ્રિય ભગવાનમાં આવવું તેને ઇન્દ્રિયો જીતી તેમ કહેવામાં આવે છે. અહીંયા ઇન્દ્રિય મનનો સંયમ તેને વ્યવહારે સંયમધર્મ કહેવામાં આવ્યો છે.

છ કાયના જીવની રક્ષા અથવા છ કાય જીવોને ન મારવાનો ભાવ તેને વ્યવહાર કહેવામાં આવે છે. પર જીવની રક્ષા કરી શકતો નથી. પરંતુ રક્ષા શબ્દનો અર્થ ( એ પ્રકારનો શુભભાવ ) છે. મુનિને આહાર-વિહાર કરવાનો ગમનાગમન આદિ કાર્યમાં અહિંસાના પરિણામ રહે છે. હું તૃણ માત્રનો પણ છેદ ન કરું, મારા નિમિત્તથી કોઈનું અહિત ન થાય તેવા યત્નરૂપ પ્રર્વતના એવી જીવદયાને વ્યવહારે સંયમ કહેવામાં આવે છે.

૧૦૬ કળશ ઉપરનો ભાવાર્થ, છેલ્લી પાંચ લીટી છે.

**ભાવાર્થ આમ છે કે- જો ગુણ-ગુણીરૂપ ભેદ કરીએ તો આવો ભેદ થાય છે, ”** શું કહે છે ? ઉપર કહ્યું હતું ને કે- એક દ્રવ્ય સ્વભાવત્વાત્ સ્વરૂપાચરણ ચારિત્ર આત્મ દ્રવ્યનું નિજ સ્વરૂપ છે, શુભાશુભ ક્રિયાની માફક ઉપાધિરૂપ નથી, તેથી એક દ્રવ્યસ્વરૂપ છે.

હવે કહે છે કે-પવિત્ર શુદ્ધ દ્રવ્ય અને ( તેનાલક્ષે ) શુદ્ધપણું થયું તે પુણ્ય-પાપના વિકલ્પથી રહિત છે. આત્મદ્રવ્યના શુદ્ધ સ્વભાવની શુદ્ધ પરિણતિ થઈ એ પરિણતિને ગુણ કહો અને ભગવાનને ગુણી કહો. આ રીતે ગુણ-ગુણીનો ભેદ કરે છે તો ભેદ થાય છે. શુદ્ધતા અને જીવ એવા ભેદ કરે છે તો થાય છે. સમજમાં આવ્યું ? બહુ ઝીણું ભાઈ !

અનાદિથી ચોરાશીના અવતારમાં રખડી મરે છે. અનંતવાર ક્રિયાકાંડના મુનિવ્રત ધારણ કર્યા, એવી ક્રિયા તો અત્યારે છે જ નહીં નવમી ગ્રૈવેયક ગયો, હજારો રાણીઓ છોડી, નગ્ન દિગમ્બર થઈ અઠ્ઠાવીસ મૂળગુણ પાળ્યા. એ પણ કેવા ચોખ્ખા કે- પ્રાણ જાય તો પણ ચોક્કાનો કરેલો આહાર લ્યે નહીં કેમ કે ઉદેશિક આહારનો તો અગિયારમી પડિમામાં ત્યાગ છે. એને માટે બનાવેલ આહારનો ત્યાગ તો અગિયારમી પડિમા હોય છે તો પછી મુનિની તો વાત શું કરવી ?

અહીં તો કહે છે – પુણ્ય-પાપના વિકલ્પથી રહિત આત્મા છે. તે દ્રવ્યના સ્વભાવની પરિણતિ શુદ્ધ થઈ તે ગુણ છે ને આત્મા ગુણી છે આવો ભેદ કરીએ છીએ તો આવો ભેદ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે – જાણવામાં છે.

“ **જીવનો શુદ્ધપણું ગુણ; જો વસ્તુમાત્ર અનુભવ કરીએ તો આવો ભેદ પણ મટે છે,** ” અંતરના અનુભવમાં સમ્યગ્દર્શનજ્ઞાન ચારિત્રમાં રહે છે ત્યારે તો આ ગુણ અને ( ગુણી ) શુદ્ધજીવ એવો ભેદ પણ તેમાં રહેતો નથી. આહાહા ! ચૈતન્ય શુદ્ધ પવિત્ર વસ્તુ એવો ભેદ પણ અનુભવમાં રહેતો નથી. એમ કહે છે. આવી વાતું છે

અરે ! તેણે સત્‌નું શરણ કદી લીધું નથી. બાહ્ય ક્રિયાકાંડ-દયા-દાન, વ્રત, -ભક્તિ આદિની જે વ્યવહાર ક્રિયા તે સ્વરૂપની ઘાતક છે. આગળ ૧૦૮માં કળશમાં આવશે કે વ્યવહાર ક્રિયાકાંડ તો દુષ્ટ છે, અનિષ્ટ છે અને ઘાતક છે. સમ્યગ્દર્શનસહિત, આત્માના અનુભવની સ્થિરતા સહિત જે કાંઈ પંચમહાવ્રતના વિકલ્પ આવે છે, શુભ આચરણરૂપ ચારિત્ર તે કરવા યોગ્ય નથી. “ **અહીં કોઈ જાણશે કે.. શુભ -અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે તે કરવા યોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી. ઉત્તર આમ છે કે... વર્જવા યોગ્ય છે.** ”

એ પંચમહાવ્રતની ક્રિયા, દયા-દાન, વ્રત-ભક્તિના વિકલ્પનો ભાવ અર્થાત્ જે વિકલ્પની વૃત્તિ ઊઠે છે તે તો છોડવા લાયક છે. વર્જન કરવાનું કારણ શું ? “ **વ્યવહાર ચારિત્ર હોતું થકું દુષ્ટ છે.** ” આહાહા ! ભગવાન આનંદ સ્વરૂપ, અતીન્દ્રિય આનંદના વેદનથી ભિન્ન છે વિકલ્પ ઊઠે છે – વ્યવહાર ચારિત્રનો એ તો પુણ્યબંધનું કારણ છે. તે દુષ્ટ છે, અનિષ્ટ છે.

અરે ! લોકો તો એમ જ માની બેઠા છે કે- અમે ધર્મ કરીએ છીએ. આ પડિમા પાળીએ છીએ ને ! કોઈ સાત પડિમા, દશ પડિમા લ્યે ને ! અરે... ભાઈ ! એ પડિમાનો વિકલ્પ સમ્યગ્દર્શન વિના નુકશાનકારક છે, પરંતુ સમ્યગ્દર્શન સહિતના જે પંચમહાવ્રતના વિકલ્પ છે તે પણ આત્માના સ્વરૂપના ઘાતક છે.

અહીંયા તો પરમાત્મા કહે છે – જ્યાં સમ્યગ્દર્શનરૂપ આત્માનો અનુભવ નથી, જ્યાં આનંદનો સ્વાદ નથી ત્યાં કોઈ ક્રિયાકાંડ, નિશ્ચય- વ્યવહાર એકેય હોતા નથી. એ એમ માને કે- પડિમા અને મહાવ્રત લઈએ છીએ પરંતુ તેને એ છે જ નહીં. અહીંયા તો આત્માનો આનંદ સ્વભાવ લીધો. એક જીવ દ્રવ્ય લીધું અને એ જીવદ્રવ્યનો સ્વભાવ દયા-દાનરૂપ શુભક્રિયા તે જીવદ્રવ્યનો સ્વભાવ નથી. એ તો પુદ્‌ગલ કર્મનો સ્વભાવ છે. ભાઈ ! ત્યાં ક્યાં આવું બધું સાંભળ્યું હતું ?

બાપુ ! પ્રભુનો મારગ આ છે. અહીંયા તો પરમાત્મા આમ કહે છે. સંતો કહે છે તે પરમાત્મા કહે છે અને પરમાત્મા કહે છે તે સંતો કહે છે.

ભાવાર્થ ચાલે છે. ગુણ-ગુણીનો ભેદ કરવો તેમ પણ નથી. જીવનું શુદ્ધપણું એ,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુણ એમ પણ નહીં. રાગક્રિયા, દયાનો વ્યવહાર તે તો જીવમાં નથી. પરંતુ વસ્તુમાત્રનો અનુભવ કરે છે ત્યારે ગુણ - ગુણીનો ભેદ પણ નથી. (અનુભવના કાળે) આવો ભેદ પણ મટે છે. જિનેન્દ્રદેવનો મારગ આકરો છે ભાઈ!

**"કેમ કે શુદ્ધપણું તથા જીવદ્રવ્ય વસ્તુ એ તો એક સત્તા છે."** વસ્તુ શુદ્ધ છે. પવિત્ર છે તે આત્મા એક જ છે. પવિત્ર અને આત્મા તે બન્ને એક જ ચીજ છે. પવિત્રતાની સત્તા ભિન્ન અને જીવદ્રવ્યની સત્તા ભિન્ન તેમ તો છે જ નહીં.

**"આવું શુદ્ધપણું મોક્ષકારણ છે, એના વિના જે કોઈ ક્રિયારૂપ છે તે બધુ બંધનું કારણ છે."** શું કહે છે? પંચમહાવ્રતના વિકલ્પ, પડિમાના, દયા-દાન-વ્રત-ભક્તિના અને ભગવાનની પૂજાનાં ક્રિયારૂપ પરિણામ તે બંધનું કારણ છે.

* * *

(અનુષ્ટુપ)

वृत्तं कर्मस्वभावेन ज्ञानस्य भवनं न हि।
द्रव्यान्तरस्वभावत्वान्मोक्षहेतुर्न कर्म तत्।।८-१०७।।

**ખંડાન્વય સહિત અર્થઃ- "कर्मस्वभावेन वृत्तं ज्ञानस्य भवनं न हि" (कर्मस्वभावेन) જેટલું શુભ ક્રિયારૂપ અથવા અશુભ ક્રિયારૂપ આચરણલક્ષણ ચારિત્ર, તેના સ્વભાવે અર્થાત્ તે-રૂપ જે (वृत्तं) ચારિત્ર તે (ज्ञानस्य) શુદ્ધ ચૈતન્યવસ્તુનું (भवनं) શુદ્ધસ્વરૂપપરિણમન (न हि) હોતું નથી એવો નિશ્ચય છે. ભાવાર્થ આમ છે કે-જેટલું શુભ-અશુભ ક્રિયારૂપ આચરણ અથવા બાહ્યરૂપ વક્તવ્ય અથવા સૂક્ષ્મ અંતરંગરૂપ ચિંતવન, અભિલાષ, સ્મરણ ઇત્યાદિ છે તે સમસ્ત અશુદ્ધત્વરૂપ પરિણમન છે, શુદ્ધ પરિણમન નથી; તેથી બંધનું કારણ છે, મોક્ષનું કારણ નથી. તેથી જેમ કામળાનો સિંહ 'કહેવાનો સિંહ' છે તેમ આચરણરૂપ (ક્રિયારૂપ) ચારિત્ર 'કહેવાનું ચારિત્ર' છે, પરંતુ ચારિત્ર નથી, નિઃસંદેહપણે એમ જાણો. "तत् कर्म मोक्षहेतुः न" (तत्) તે કારણથી (कर्म) બાહ્ય-અભ્યંતરરૂપ સૂક્ષ્મસ્થૂલરૂપ જેટલું આચરણ (ચારિત્ર) છે તે (मोक्षहेतुः न) કર્મક્ષપણનું કારણ નથી, બંધનું કારણ છે. શા કારણથી? "द्रव्यान्तरस्वभावत्वात्" (द्रव्यान्तर) આત્મદ્રવ્યથી ભિન્ન પુદ્ગલદ્રવ્ય તેના (स्वभावत्वात्) સ્વભાવરૂપ હોવાથી અર્થાત્ આ બધું પુદ્ગલદ્રવ્યના ઉદયનું કાર્ય છે, જીવનું સ્વરૂપ નથી, તેથી. ભાવાર્થ આમ છે કે-શુભ-અશુભ ક્રિયા, સૂક્ષ્મ-સ્થૂલ અંતર્જલ્પ-બહિર્જલ્પરૂપ જેટલું વિકલ્પરૂપ આચરણ છે તે બધું કર્મના ઉદયરૂપ પરિણમન છે, જીવનું શુદ્ધ પરિણમન નથી; તેથી બધુંય આચરણ મોક્ષનું કારણ નથી, બંધનું કારણ છે. ૮-૧૦૭.**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## કલશ - ૧૦૭ : ઉપર પ્રવચન

**"कर्मस्वभावेन वृतं ज्ञानस्य भवनं न हि," જેટલું શુભ ક્રિયારૂપ અથવા અશુભક્રિયારૂપ આચરણ લક્ષણ ચારિત્ર,"** જેટલી શુભયોગની ક્રિયા, પંચમહાવ્રત, પાંચ સમિતિ-ગુપ્તિ આદિ જે શુભની ક્રિયા અને અશુભક્રિયા તે રૂપ જે **"ચારિત્ર તે શુદ્ધ ચૈતન્યવસ્તુનું શુદ્ધ સ્વરૂપ પરિણમન નથી હોતું."** દયા-દાન કરે, બબ્બે મહિનાના સંથારા કરે પરંતુ આત્મજ્ઞાનના ભાન વિના (તે ચારિત્ર નથી કહેવાતું) અરે...! આત્મજ્ઞાનના ભાવ સહિત હોય તો પણ એ ચારિત્રનું શુદ્ધ સ્વરૂપનું પરિણમન નથી હોતું. તેનાથી આત્માની શુદ્ધ પરિણતિ થતી નથી. આવો અકષાયી ભગવાન શુદ્ધ સ્વરૂપે બિરાજમાન છે. આવા શુદ્ધ સ્વભાવનું પરિણમન જે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રનું તે શુભ ક્રિયાકાંડથી થતું નથી સમજમાં આવ્યું?

સમાજમાં અત્યારે તો આ પ્રરૂપણા ચાલે છે. વ્યવહાર કરો; વ્યવહાર કરતાં - કરતાં નિશ્ચય થશે. વિકાર કરો રાગ કરો. રાગ કરતા કરતા વીતરાગતા થઈ જશે. લસણ ખાવાથી કસ્તુરીનો ડકાર આવશે નહીં? વ્યવહાર ક્રિયાકાંડથી નવમી ગ્રૈવેયક ગયો, મૂળ દિગમ્બર મિથ્યાદૃષ્ટિ થઈ અને આવી ક્રિયા તો અનંતવાર પાળી, અત્યારે તો એવી ક્રિયા છે નહીં.

અહીંયા તો કહે છે - શુભ રાગાદિકની જેટલી ક્રિયા છે તેનાથી શુદ્ધ સ્વરૂપનું પરિણમન થતું નથી. આત્મદ્રવ્યનું પરિણમન - ધર્મરૂપી પરિણમન આવી શુભક્રિયાથી થાય છે? અરે...! મૂળ વાતની તો હજુ ખબરે ન મળે અને મોટા પંચમહાવ્રત લીધા, બાર વ્રત લીધા, સાત ને દશ પડિમા લીધી. શું થાય પ્રભુ!

અહીંયા તો એમ કહે છે - તારી પવિત્રતાથી ભર્યો પડયો ભગવાન છો ને! એ પવિત્રતાના પરિણામ, અપવિત્ર ક્રિયાકાંડથી ક્યારેય થતા નથી. **"એવો નિશ્ચય છે."** આવો નિશ્ચય છે. વ્રત, નિયમ, તપ, અપવાસ એવી લાખ કરોડ ક્રિયા કરવાથી શુદ્ધપણું આત્મધર્મ થતો નથી.

આવી વાત લોકોને આકરી લાગે છે. સોનગઢના નામે ખતવી નાખે છે... કે- નિશ્ચય.. નિશ્ચય, વ્યવહારથી તો કાંઈ થતું જ નથી. વ્યવહારને ઉડાડે છે. આ શાસ્ત્ર અહીંયાનું છે? અહીંયાં કોણ ઉડાડે છે? ભાઈ! તને ખબર નથી. પ્રભુતા અને પવિત્રતાથી ભરેલો ભગવાન છે. ભગવાન આત્મા પવિત્રતાનો સાગર છે. એ પવિત્રતાની જે પરિણતિ પ્રગટ થાય છે તે ક્રિયાકાંડથી ત્રણ કાળમાં થતી નથી. તે નિશ્ચય છે. સમજમાં આવ્યું?

**"ભાવાર્થ આમ છે કે- જેટલું શુભ-અશુભ ક્રિયારૂપ આચરણ અથવા બાહ્યરૂપ વકતવ્ય"**, બાહ્યનો વક્તા, બહારમાં મોટો વક્તા હોય તેમાં શું? તે તો વિકલ્પ રાગ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અને બોલવું તે વાણી છે. વાણીમાં કહેવાનો વિકલ્પ તે તો રાગ છે. સમાધિ શતકમાં પૂજ્યપાદ આચાર્યે ત્યાં સુધી કહ્યું છે કે- અરે... ઉપદેશ આપવાનો જે વિકલ્પ ઊઠે છે તે પાગલપણું છે. તેનાથી ચારિત્ર દૂર થઈ જાય છે. આ ચારિત્ર દોષનું પાગલપણું હોં! સમ્યગ્દર્શનનું પાગલપણું નહીં. તત્ત્વાર્થ સૂત્રના પહેલા અધ્યાયમાં છેલ્લું સૂત્ર છે એ મિથ્યાદર્શનનું પાગલપણું છે. અને આ છે ચારિત્રના દોષનું પાગલપણું.

આહાહા! ભગવાન નિર્વિકલ્પ વીતરાગમૂર્તિ પ્રભુ, તેમાં આવો વિકલ્પ ઊઠાવવો તે દોષ છે. બીજી વાત એ કે- ક્રિયાકાંડના શુભભાવથી પોતાની પરિણતિ શુદ્ધ થાય છે તેમ ત્રણ કાળમાં બનતું નથી. શુદ્ધતાના ભાન વિના જન્મ-મરણ કદી મટતું નથી. એ ક્રિયાકાંડ અર્થાત્ વ્રત-તપ અને અપવાસ તે બધો સંસાર છે. -રાગ છે. વાત સાંભળવી કઠણ પડે... પણ શું થાય!? ત્રણ લોકના નાથ જિનેન્દ્રએ કહેલો માર્ગ આ છે. એ માર્ગને ક્રિયાકાંડ અને રાગના રસ્તે ચઢાવી દીધો છે.

**“ બાહ્યરૂપ વકતવ્ય અથવા સૂક્ષ્મ અંતરંગરૂપ ચિંતવન, અભિલાષ, સ્મરણ ઇત્યાદિ છે તે સમસ્ત અશુદ્ધ ત્વરૂપ પરિણમન છે. ”** શુભ-અશુભરૂપ આચરણ, બાહ્યરૂપ વકતવ્ય, સૂક્ષ્મ અંતરંગ વિકલ્પરૂપ ચિંતવન, અભિલાષા, સ્મરણ ઇત્યાદિ સમસ્ત અશુદ્ધત્વરૂપ પરિણમન છે. **“ તે શુદ્ધ પરિણમન નહીં; ”** તે ધર્મનું પરિણમન નહીં. અરે. આવી વાત છે. રાજમલજીની ટીકામાંથી બનારસીદાસે સમયસાર નાટક બનાવ્યું છે.

**“ તેથી બધનું કારણ છે, મોક્ષનું કારણ નથી. ”** કોણ બંધનું કારણ છે? શુભ અશુભરૂપ ક્રિયા બાહ્ય વકતવ્ય, સૂક્ષ્મ અંતરંગ ચિંતવન, અભિલાષા, સ્મરણ બંધનું કારણ છે. એ કોઈ ધર્મ નથી. મોક્ષનું કારણ નથી. અંતરંગ સૂક્ષ્મ વકતવ્ય બાહ્ય આચરણરૂપ શુભમહાવ્રત આદિ તે બધું મોક્ષનું કારણ નથી.

**“ તેથી જેમ કામળાનો સિંહ ‘ કહેવાનો સિંહ ’ છે તેમ આચરણરૂપ ( ક્રિયારૂપ ) ચારિત્ર ‘ કહેવાનું ચારિત્ર ’ છે. ”**

આ કમ્બલ - બનુશ હોય તેમાં સિંહ છાપ્યો હોય એ કાંઈ સિંહ નથી. આ મખમલનો કામળો - બનુસ બને છે તેની ઉપર સિંહ છાપેલા હોય તે કામળાનો સિંહ અર્થાત્ કહેવાનો સિંહ છે. તેમ આ દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ એ ધર્મ નહીં. શેઠ! આ વાત સમજ્યા વિના આમને આમ આખી જિંદગી ગાળી એમ કહે છે. વીતરાગનો મારગ આવો છે પ્રભુ!

‘ તેમ આચરણરૂપ ચારિત્ર ’ અર્થાત્ પંચમહાવ્રત, બાર વ્રત, રાગની ક્રિયા એ કહેવા લાયક ચારિત્ર છે, પરંતુ તે સાચું ચારિત્ર નથી. આવું સ્પષ્ટ કથન તેને વાંચે નહીં, વિચારે નહીં, માને નહીં... એમ ને એમ આંધળી દોડે હાલ્યો જાય.. આહાહા! સમજમાં આવ્યું?

અરે... ભાઈ ! તરવાનો ઉપાય આ છે. જન્મમરણથી તરવાનો ઉપાય શુદ્ધ સ્વરૂપ છે. અશુદ્ધ આચરણ તે તરવાનો ઉપાય છે જ નહીં. વ્યવહારથી છે કે નહીં ? વ્યવહારસે એ કહ્યું ને ! જેમ કામળાનો સિંહ કહેવામાં આવે છે તેમ આ ચારિત્ર વ્યવહારથી કહેવામાં આવે છે, તે આત્માના સ્વરૂપમાં છે નહીં.

"**પરંતુ ચારિત્ર નથી, નિઃસંદેહપણે એમ જાણો.**" નિઃસંદેહ અર્થાત્ તેમાં સંદેહ ન કરવો. કાંઈક.. કાંઈક... કાંઈક વ્યવહાર ક્રિયાકાંડ કરતાં કરતાં થોડુંક ચારિત્ર થશે ! શુભજોગથી કાંઈક તો લાભ થશે કે નહીં ? અહીં કહે છે – તેમાં સંદેહ ન કરવો, નિઃસંદેહપણે નિર્ણય કરવો. આ સરાગ સંયમ, ક્રિયાકાંડ એ નિશ્ચય ચારિત્રનું કારણ, એવી અત્યારે પ્રરૂપણા ચાલે છે પણ મારગ તો આવો છે પ્રભુ !

એ રાગની ક્રિયામાં રાગનું ચિત્રામણ છે એ નામનો સિંહ છે. ચારિત્ર એ તો નામનું છે, વસ્તુએ તે ચારિત્ર નથી. "**तत्कर्ममोक्षहेतुः न તે કારણથી બાહ્ય અભ્યંતરરૂપ સૂક્ષ્મસ્થૂલરૂપ જેટલું આચરણ ( ચારિત્ર ) છે તે કર્મક્ષપણનું કારણ નથી.**" જુઓ ! બાહ્યમાં નગ્ન આચરણ અને અભ્યંતરમાં વિકલ્પનું આચરણ.... એવું જે સૂક્ષ્મ સ્થૂળ જેટલું આચરણ છે તે કર્મક્ષપણનું કારણ નથી. તે મોક્ષનો હેતુ નથી. ભારે ! આકરું કામ ભાઈ ! એક કળશમાં આટલું ભર્યું છે. આ રીતે વાંચે નહીં અને પોતાની ( મિથ્યા ) દૃષ્ટિ રાખીને વાંચે.

ભગવાન ! તારું દ્રવ્ય જે ભગવાન પરમાત્મસ્વરૂપ છે. સચ્ચિદાનંદ આનંદનો નાથ ભગવાન છે તેના આશ્રય વિના, ત્રણ કાળમાં, કોઈ દિવસ ધર્મ થતો નથી સમયસારમાં આવે છે. કે... "નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની." અરે.. પહેલાં આની શ્રદ્ધા તો કર, એનો વિશ્વાસ તો લાવ કે– માર્ગ તો આ છે.

**द्रव्यान्तर स्वभावत्वात् 'આત્મદ્રવ્યથી ભિન્ન પુદ્‌ગલદ્રવ્યના ઉદયનું કાર્ય છે, જીવનું સ્વરૂપ નથી.'** ગજબ વાત છે. વ્રત – નિયમ ને સ્મરણ ને ભગવાનની ભક્તિ પૂજા તે દ્રવ્યાન્તર અર્થાત્ આત્મદ્રવ્યથી દ્રવ્યાન્તર છે. તે આત્મદ્રવ્યથી અનેરું દ્રવ્ય છે. ભગવાન આત્મા આનંદકંદ પ્રભુ તેનાથી અનેરા એવાં દયા-દાનના પુણ્યના પરિણામ તે પુદ્‌ગલનાં પરિણામ છે. ભારે આકરું કામઃ

આત્મદ્રવ્યથી ભિન્ન, અંતરનો અર્થ ભિન્ન કર્યો. દ્રવ્યાન્તર એટલે જીવદ્રવ્યથી અનેરાં પુદ્‌ગલદ્રવ્ય તેનાં સ્વભાવરૂપ હોવાથી તે બધાં પુદ્‌ગલદ્રવ્યનાં ઉદયનું કાર્ય છે. તે આત્માનું કાર્ય નહીં. તે જન્મ-મરણનું કારણ છે. એ ભાવ ચોરાશીના અવતારનું કારણ છે.

આહાહા ! પુદ્‌ગલદ્રવ્યનો સ્વભાવ પણ ગજબ છે ને ! વિકલ્પની જાળ ઊઠે છે તે જીવનું સ્વરૂપ નથી. પંચમહાવ્રત બાળવ્રત એ બધી વિકલ્પની જાળ તે પુદ્‌ગલ દ્રવ્યની છે. તે આત્મદ્રવ્યની નહીં. ભગવાન આત્માનો એ પવિત્ર સ્વભાવ નહીં. એ તો અપવિત્ર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુદ્ગલ સ્વભાવ છે.

**ભાવાર્થ આમ છે કે શુભ અશુભક્રિયા, સૂક્ષ્મ સ્થૂલ અંતર્જલ્પ - બહિર્જલ્પરૂપ જેટલું વિકલ્પરૂપ આચરણ છે તે બધું કર્મના ઉદયરૂપ પરિણમન છે.”**

અંદરમાં વિકલ્પ ઊઠે છે, મનમાં ખ્યાલ આવે કે- હું આવો છું, આવો છું, હું શુદ્ધ છું એવો વિકલ્પ ઊઠે છે તે અંતર્જલ્પ છે. બોલવું તે બહિર્જલ્પ છે. અંતર્જલ્પ એટલે કે- હું આવો છું, આવો છું એવો વિકલ્પ છે તે રાગ છે. આમાં ક્યાં મૂંઝવણ થાય એવું છે? સાફ તત્ત્વ તો કહે છે.

**પ્રશ્નઃ**- અંતર્જલ્પ એટલે?

**ઉત્તરઃ**- અંદરમાં જે સૂક્ષ્મ વિકલ્પ થાય તે અંતર્જલ્પ છે. એ જે વિકલ્પ છે અંદર.... હું આવો છું... આવો છું... અંતર્જલ્પ નામ વિકલ્પ, બહાર બોલવું તે બહિર્જલ્પ વિકલ્પ છે. અંદરમાં વિકલ્પ થાય તે અંતર્જલ્પ છે. હું શુદ્ધ છું, હું ચૈતન્ય છું, હું પરમાનંદ છું એવો જે અંતર્જલ્પ નામ વિકલ્પ તે બંધનું કારણ છે.

**પ્રશ્નઃ**- સૂક્ષ્મ વિકલ્પ એટલે?

**ઉત્તરઃ**- અંદરમાં સૂક્ષ્મ વિકલ્પ તે અને બહારમાં બોલવું તે સ્થૂળ છે. ચિંતવન આદિને સૂક્ષ્મ વિકલ્પને અંતર્જલ્પ કહેવામાં આવે છે. અને આ બોલવું આદિને બાહ્ય સ્થૂળ વિકલ્પ કહેવામાં આવે છે.

**પ્રશ્નઃ**- હું શુદ્ધ છું એવુ બોલવું તે?

**ઉત્તરઃ**- હું શુદ્ધ છું, અબદ્ધ છું... એમ અંદરમાં બોલવું તે અંતર્જલ્પ છે. અને તે રાગ છે. વાણીથી કહીએ એ તો જડની ભાષા છે તે તો બાહ્ય સ્થૂળ છે. આ અભ્યંતર સૂક્ષ્મ વિકલ્પ બન્ને બંધનું કારણ છે. આવો વીતરાગનો મારગ છે. અરે! સાંભળવા મળે નહીં તે ક્યારે કરે? તે ક્યારે શ્રદ્ધા કરે અને ક્યારે પરિણમન કરે? આહાહા! વસ્તુ દુર્લભ થઈ પડી છે. એક તો સંસારના કામ આડે નવરો થતો નથી, ફૂરસદ નથી અને એમાં ફૂરસદ મળે તો તેને ક્રિયાકાંડથી ધર્મ મનાવનારા મળી જાય. જીંદગી લૂંટાઈ જાય.

ગઈકાલે ૧૦૬ કળશમાં આવ્યું હતું ને! આત્માના શુદ્ધ સ્વરૂપને વિચારે અથવા ચિંતવે, એકાગ્રતાથી મગ્ન થઈને અનુભવે પરંતુ એમ તો નથી. તે ધર્મ નહીં, તે માર્ગ નથી. તેમ કરવાથી તો બંધ થાય છે – આવું સ્વરૂપાચરણ ચારિત્ર નથી.

ભગવાન આનંદનો નાથ પ્રભુ છે તેના જ્ઞાનમાં રમણતા, જ્ઞાનમાં નિર્વિકલ્પ રમણતા તે ચારિત્ર છે. આ રાગાદિની ક્રિયા એ તો બંધનું કારણ છે. **“તેથી બધુંય આચરણ મોક્ષનું કારણ નથી, બંધનું કારણ છે.”**

* * *

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( અનુષ્ટુપ )

मोक्षहेतुतिरोधानाद्बन्धत्वात्स्वयमेव च।
मोक्षहेतुतिरोधायिभावत्वात्तन्निषिध्यते ।।९-१०८।।

**ખંડાન્વય સહિત અર્થઃ-** અહીં કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે તે કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી. ઉત્તર આમ છે કે-વર્જવાયોગ્ય છે, કારણ કે વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે; તેથી વિષય-કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે એમ કહે છે- " तत् निषिध्यते " ( तत् ) શુભ-અશુભરૂપ કરતૂત ( કૃત્ય ) ( निषिध्यते ) નિષેધ્ય અર્થાત્ ત્યજનીય છે. કેવું હોવાથી નિષિદ્ધ છે ? " मोक्षहेतुतिरोधानात् " ( मोक्ष ) નિષ્કર્મ-અવસ્થા, તેનું ( हेतु ) કારણ છે જીવનું શુદ્ધરૂપ પરિણમન, તેનું ( तिरोधानात् ) ઘાતક છે, તેથી કરતૂત નિષિદ્ધ છે. વળી કેવું હોવાથી ? " स्वयम् एव बन्धत्वात् " પોતે પણ બંધરૂપ છે. ભાવાર્થ આમ છે કે-જેટલું શુભ-અશુભ આચરણ છે તે બધું કર્મના ઉદયથી અશુદ્ધરૂપ છે, તેથી ત્યાજ્ય છે, ઉપાદેય નથી. વળી કેવું હોવાથી ? " मोक्षहेतुतिरोधायिभावत्वात् " ( मोक्ष ) સકળકર્મક્ષયલક્ષણ પરમાત્મપદ, તેનો ( हेतु ) હેતુ અર્થાત્ જીવનો ગુણ જે શુદ્ધચેતનારૂપ પરિણમન, તેનું ( तिरोधायि ) ઘાતનશીલ છે ( भावत्वात् ) સહજ લક્ષણ જેનું-એવું છે, તેથી કર્મ નિષિદ્ધ છે. ભાવાર્થ આમ છે કે જેમ પાણી સ્વરૂપથી નિર્મળ છે, કાદવના સંયોગથી મેલું થાય છે-પાણીના શુદ્ધપણાનો ઘાત થાય છે, તેમ જીવદ્રવ્ય સ્વભાવથી સ્વચ્છરૂપ છે-કેવળજ્ઞાન-દર્શન-સુખ-વીર્યરૂપ છે, તે સ્વચ્છપણું વિભાવરૂપ અશુદ્ધચેતનાલક્ષણ મિથ્યાત્વ-વિષય-કષાયરૂપ પરિણામથી મટયું છે; અશુદ્ધ પરિણામનો એવો જ સ્વભાવ છે કે શુદ્ધપણાને મટાડે; તેથી સમસ્ત કર્મ નિષિદ્ધ છે. ભાવાર્થ આમ છે કે-કોઈ જીવ ક્રિયારૂપ યતિપણું પામે છે, તે યતિપણામાં મગ્ન થાય છે કે- ' અમે મોક્ષમાર્ગ પામ્યા, જે કાંઈ કરવાનું હતું તે કર્યું; ' તેથી તે જીવોને સમજાવે છે કે યતિપણાનો ભરોસો છોડીને શુદ્ધ ચૈતન્યસ્વરૂપને અનુભવો. ૯-૧૦૮.

## કલશ - ૧૦૮ : ઉપર પ્રવચન

**" અહીં કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે તે કરવા યોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી ઉત્તર આમ છે કે- વર્જવા યોગ્ય છે. "** દયા – દાન –વ્રતાદિરૂપ જે ચારિત્ર છે તે કરવા યોગ્ય નથી તેમ વર્જન કરવા યોગ્ય પણ નથી. કોઈ એમ કહે કે કરવા લાયક નથી પરંતુ તે વર્જવા લાયક તો નથી ને ? એમ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઈ અજ્ઞાની કહે કે- વર્જવા યોગ્ય પણ નથી તો તેનો નિષેધ કરવા લાયક છે. વ્રતાદિના, નિયમાદિના, અપવાસાદિની ક્રિયા, એ બધી નિષેધ કરવા લાયક છે.

**"કારણ કે વ્યવહાર ચારિત્ર હોતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે;"** પંચાધ્યાયમાં ૫૬૮ ગાથામાં છે - શુભ ઉપયોગ દુષ્ટ પુરુષની પેઠે દુષ્ટ છે. પંચાધ્યાય બીજા ભાગમાં છે. મખનલાલજીએ તેનો અર્થ કર્યો છે અને હવે એ કહે છે કે- શુભજોગ મોક્ષનો માર્ગ છે. અરે... પ્રભુ! અત્યાર સુધી જે (અનાદિનું) પકડયું છે તેને ફેરવવું મુશ્કેલ પડે છે. શુભભાવ દુષ્ટ પુરૂષની પેઠે દુષ્ટ છે. દૃષ્ટાંત પંચાધ્યાયે આપ્યું છે. દયા-દાન-વ્રત-ભક્તિના ભાવ તે દુષ્ટ પુરુષની પેઠે દુષ્ટ છે. દુષ્ટ પુરુષની પેઠે દુષ્ટ છે. દુષ્ટ પુરુષમાં કાંઈ ભલાપણું હોય નહીં અર્થાત્ શુભભાવમાં ભલાપણું છે નહીં. આવું આકરું પડે છે.

**પ્રશ્નઃ-** શુભભાવથી કાંઈક તો લાભ થાય ને?

**ઉત્તરઃ-** બિલકુલ લાભ નથી. શુભભાવથી લાભ માનવો તે મિથ્યાત્વ છે. તેમાં મિથ્યાત્વનો લાભ છે, સંસારના પરિભ્રમણનો લાભ છે. એ તો પ્રવચનસાર ૭૭ ગાથામાં કહ્યું છે ને! પુણ્ય ને પાપમાં ફેર માને તે ઘોર સંસારી છે. પૈસા મળ્યા માટે પુણ્યનો બંધ હતો એ વાત નથી. શુભભાવમાં પુણ્ય અને અશુભભાવથી પાપ એ બેમાં જે ફેર માને છે તે ઘોર સંસારમાં રખડશે. **ण हि मण्णदि जो एवं णव्दि विसेसो " त्ति पुण्णपावाणं हिंडद्दि धोरमपारं संसारं मोहसंछण्णो।"** પુણ્ય-પાપમાં કાંઈ વિશેષ નામ તફાવત નથી. તે બન્ને એક સરખાં બંધનું કારણ છે. "હિંડદિ ઘોર અપાર સંસારમ્" ઘોર અપાર સંસારમ્" ઘોર નરક અને નિગોદમાં ચાલ્યો જશે. આ કામ આકરું બહુ, કઠણ છે પણ અશક્ય નથી. "**हिंडदि धोरमपारं संसारं मोहसंछण्णो**" શુભક્રિયા ઠીક છે, અશુભ ક્રિયા અઠીક છે તે મિથ્યાત્વથી ઢંકાયેલો છે. તે ઘોર સંસારમાં ચારગતિના નરક અને નિગોદમાં જશે. અહીંયા તો ચોખ્ખી વાત છે. કહેવત છે ને કે "છાશ લેવા જાય અને દોણી સંતાડે." એવી વાત છે. અમારે મામી હતા સંસારના તે ગૃહસ્થ હતા. તે ભેંસ રાખતા. હંમેશા છાસ લેવા જઈએ તો બ શેર-ચાર શેર છાશ આપે. ક્યારેક કોઈ મહેમાન આવ્યા હોય અને કઢી કરવી હોય તો દશ શેરનું કહીએ. મામી! આજે મહેમાન છે તેથી બોઘરણું ભરી દેવું પડશે. એમ આ માર્ગ વીતરાગનો છે તેને સંતાડવો શી રીતે? શુભ કરતાં - કરતાં કંઈક લાભ થશે ધર્મનો! (એમાં આ સત્ય વાત) માણસને આકરું પડે હો! તેથી તો લોકો કહે છે ને કે એ અમારા દિગમ્બર નથી.

અરે.... પેલા એક ભાઈએ તો લેખ લખ્યો છે. કમિટી ઉપર લેખ આવ્યો છે. સોનગઢની કમિટીને સહકાર ન આપવો. હે પ્રભુ! તને ન બેસે તો (વિરોધ ન કરજે) મારગ તો આ છે. મૃત્યુ વખતે કોઈ શરણ નથી હોં! તેં પુણ્ય કર્યા હશે તેવા પરમાણું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બંધાશે. તેમાં તને શું શરણ થયું? વર્તમાનમાં જે દયા-દાન-વ્રત-ભક્તિ - પૂજાના શુભભાવ કર્યા; એ નવા શુભભાવ નિમિત્તે પુણ્યબંધ થયો તે જડ-પરમાણું છે.

શુભભાવથી ત્રણકાળમાં શુદ્ધતા નથી હોં! અશુભથી બચવા શુભ આવે પણ તે ધર્મ છે અને ધર્મનું કારણ છે તેમ નથી. તેમ શુભ છોડી અને અશુભ કરવો તેવી વાત અહીંયા છે નહીં. અહીં કહે છે - શુભભાવ એ બંધનુ કારણ છે. આ શુભભાવના સ્વરૂપની વાત ચાલે છે. અહીંયા તો બન્નેને સરખાં કહ્યાં છે. બે માંથી એકને ઠીક અને બીજાને અઠીક માને તો તે ઘોર સંસાર છે. એવો કુંદકુંદાચાર્યનો પોકાર છે. પ્રવચનસાર એ દિવ્યધ્વનિનો સાર છે. ત્રિલોકીનાથ પરમાત્મા સીમંધર ભગવાન બિરાજે છે. સમવસરણમાં પ્રભુ બિરાજે છે ત્યાં કુંદકુંદદેવ ગયા હતા અને આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને કહ્યું કે- ભગવાનનો સંદેશ તો આ છે. શુભ ક્રિયાકાંડ ઠીક છે અને પાપ અઠીક છે એમ બે માં ભેદ પાડે છે તે મિથ્યાત્વના કારણે ઘોર સંસારમાં રખડવાના.

અહીંયા કહે છે કે- કોઈ શિષ્ય એમ કહે છે કે- ( શુભભાવ ) કરવા યોગ્ય નથી તેમ વર્જવા યોગ્ય નથી ને? અહીં કહે છે - છોડવા યોગ્ય અને વર્જન કરવા યોગ્ય છે. સમકિતી વ્યવહારને હેય માને છે. શાસ્ત્રમાં આવે છે કે- સાચા ભાવલિંગી સંત હો! જે આત્મ અનુભવી છે તેને પંચમહાવ્રતના વિકલ્પ આવે છે પરંતુ સાધક તેને હેય માને છે. તેને હેય તરીકે જ્ઞેય જાણે છે. ત્રિકાળી ભગવાનને ઉપાદેય તરીકે જ્ઞેય માને છે. ઉપાદેય તરીકે જ્ઞેય છે અર્થાત્ આદરવા લાયક તરીકે અને પેલાને હેય તરીકે જાણવા લાયક છે તેમ જાણે છે.

અરે.... ભરતમાં ભગવાનના વિરહ પડયા. તીર્થંકર કેવળીઓના ટોળા અત્યારે મહાવિદેહમાં વિચરે છે. લાખો કેવળીઓ હો! સમવસરણ સ્તુતિમાં આવે છે કે- " રે...! રે...! સીમંધરનાથના વિરહા પડયાં આ ભરતમાં, " અરે... પ્રભુ! તારા વિરહા પડયાં અને તારા વિરહે આ જગત કંઈક ને કંઈકમાં ધર્મ માની બેઠા છે.

**" વર્જવા યોગ્ય છે, કારણ કે વ્યવહાર ચારિત્ર હોતું થકું દુષ્ટ છે. "** અરે.. પ્રભુ! આ સમાજ સમતોલ રહેશે કે નહીં તેની તમને દરકાર નથી? જગમોહનલાલે લખ્યું છે. જૈનતત્ત્વ મીમાંસામાં ફૂલચંદજીએ એની પ્રસ્તાવનામાં લખ્યું છે કે- " પંડિતોનું કામ એ છે કે તેમણે સત્યનું ઉદ્ઘાટન કરવું. સમાજમાં સમતોલપણું રહેશે કે નહીં, સમાજ માનશે કે નહીં એ વિચાર એમણે ન કરવો. સત્ય જેવું છે તેવું જાહેર કરવું. તેમણે સમાજ માનશે કે નહીં માને તે દરકાર ન કરવી. "

શુભભાવ - શુભજોગ - વ્રતાદિનો ભાવ તે અનિષ્ટ છે. આત્માનો શુદ્ધ સ્વભાવ તે જ ઇષ્ટ છે. આ વિકારભાવતો અનિષ્ટ છે. ઘાતક છે. વ્રત નિયમનો વિકલ્પ એ ઘાતક છે શુદ્ધ સ્વરૂપ ચૈતન્યના વિકલ્પરૂપ શુભભાવ ઘાતક છે. તે દુષ્ટ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

છે, અનિષ્ટ છે, ઘાતક છે તેથી વર્જન કરવા લાયક છે. ભાઈ ! તારો નાથ આનંદનો સાગર છે ને ! પ્રભુ એ આનંદના સાગરમાં ડૂબકી માર. રાગને છોડ કેમ કે તે બંધનું કારણ છે. એ અશુદ્ધતાનો નાશ કરવો છે તો શુદ્ધ ચૈતન્યના અનુભવમાં જઈને સ્નાન કર તો અશુદ્ધતાનો નાશ થાય છે. અશુદ્ધતાથી અશુદ્ધતાનો નાશ થતો નથી. રાજમલજીએ અહીંયા ચોખ્ખું કર્યું છે.

**"તેથી વિષય - કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે એમ કહે છે."** જેમ વિષય છોડવા લાયક છે તેમ ક્રિયારૂપ ચારિત્રનો નિષેધ છે. આવા વ્યવહાર ક્રિયાકાંડના જે વિકલ્પ છે તેનો નિષેધ છે. હજુ શ્રદ્ધામાં ઠેકાણાં ન મળે, તેને સમ્યગ્દર્શન ક્યાંથી થાય ? અને તેને ચારિત્ર તો ક્યાંય દૂર રહ્યું બાપુ ! જેણે આનંદમાં રમણતારૂપ ચારિત્ર પ્રગટ કર્યું તેનો ધન્ય અવતાર છે. ચારિત્ર એટલે ચરવું. ગાય, ભેંસ જેમ લીલું ઘાસ ચરે છે તેમ ચારિત્ર એટલે પોતાના અતીન્દ્રિય આનંદમાં ચરવું તે આનંદનું ભોજન કરવું તેનું નામ સત્ય ચારિત્ર કહે છે. આ વ્યવહાર ચારિત્ર તો રાગરૂપ અને દુઃખરૂપ છે. તે તો દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે અને વર્જન કરવા લાયક છે. આકરું લાગે ભાઈ !

ભાઈ ! તને તારા ઘરની કિંમત નથી અને તું પર ઘરની ચીજમાં વ્યભિચારી થઈ ગયો પ્રભુ ! એ પરિણમન પુદ્ગલની જાતનું છે, એ પરિણમન તારું નહીં. એનાથી લાભ માનવો એ તો વ્યભિચારી મિથ્યાદૃષ્ટિ થયો.

**"तत्निषिध्यते શુભ-અશુભરૂપ કરતૂત (કૃત્ય) નિષેધ અર્થાત્ ત્યજનીય છે."** પછી તે ભાવ શુભ હો કે અશુભ હો ! પરંતુ તે બન્ને પરિણામ, વિકલ્પ ને રાગ ત્યજનીય અર્થાત્ છોડવા લાયક છે. જે શુભભાવને ઉપાદેય માને છે તેણે 'ભગવાન આનંદના નાથને હેય માન્યો છે. શુભરાગને જેણે આદરણીય માન્યો તેણે ચૈતન્ય ભગવાનને હેય માન્યો. જેણે આત્માના આનંદસ્વરૂપ, શુદ્ધ ચૈતન્યસ્વરૂપને ઉપાદેય માન્યો તે રાગને હેય માને છે. આ વાત પરમાત્મ પ્રકાશમાં છે. શ્રીમદ્જીમાં આવે છે....

"વચનામૃત વીતરાગના પરમ શાંત રસ મૂળ,
ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ."

અજ્ઞાનીને એમ લાગે કે– આ તો એકાંત છે. વ્યવહારથી લાભ થાય એ વાત તો માનતા જ નથી.

**"કેવું હોવાથી નિષિદ્ધ છે ? "मोक्षहेतुतिरोधानात्" [ मोक्ष ] નિષ્કર્મ અવસ્થા, તેનું કારણ છે જીવનું શુદ્ધરૂપ પરિણમન."** જીવનું શુદ્ધરૂપનું પરિણમન વ્યવહારક્રિયાનું ઘાતક છે. જુઓ ! પાઠમાં આવ્યું... તેથી કરતૂત નિષિધ્ય છે. દયા–દાનના ભાવ થાય પણ એ રાગ છે. તે અશુભથી બચવા આવે છે, થાય છે પરંતુ તે નિષેધવા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



યોગ્ય છે. લાખ, બે લાખ, પાંચ લાખ આપ્યા તેનાથી કોઈ ધર્મની દશા પ્રગટશે તેમ ત્રણ કાળમાં નથી. એ શુભભાવ ઘાતક છે માટે કરતૂતિ નિષેધ છે.

## પ્રવચન નં. ૧૦૩ તા. ૨૩-૯- '૭૭

દશલક્ષણ પર્વમાં આજે તપધર્મનો દિવસ છે. તપ કોને કહેવાય તે કહે છે.

" इहपरलोयसुहाणं णिरवेक्खो जो करेदि समभावो।
विविहं कायकिलेसं तवधम्मो णिम्मलो तस्स।। "

આત્મામાં સમ્યગ્દર્શન થયા પછી, સ્વરૂપમાં ચારિત્રની રમણતા થયા પછી... ચારિત્રમાં ઘણો જ ઉદ્યમ કરવો તેનું નામ તપ છે. સમ્યગ્દર્શન વિના ચારિત્ર હોતું નથી.... અને ચારિત્ર વિના ઉત્કૃષ્ટ તપ હોતું નથી. ઝીણી વાત છે.

એ વાત કહે છે – " જેઓ આલોક અને પરલોકના સુખથી રહિત થયા થકા. " આ લોક અને પરલોક અર્થાત્ સ્વર્ગના સુખની ઈચ્છા નથી. સુખ–દુઃખ અનુકૂળ–પ્રતિકૂળતામાં જેને અંદર સમ્યગ્દર્શન સહિત ચારિત્ર દશામાં સમભાવ વર્તે છે તેને તપ કહે છે.

" સુખ–દુઃખ, શત્રુ–મિત્ર, તૃણ–કંચન ", તૃણ એટલે તરણું હો કે કંચન હો ! નિંદા કે પ્રશંસા આદિ રાગદ્વેષ રહિત સમભાવી થયા થકા. આ મુનિની વાત છે ને ! તેથી તેમને ચારિત્ર તો છે. દશલક્ષણી પર્વ તે ચારિત્રની આરાધનાના દિવસો છે. કેમ કે ચારિત્ર સાક્ષાત્ મોક્ષનું કારણ છે.

એ ચારિત્રમાં તપ કોને કહે છે તે કહે છે. આ આત્માને આનંદનો અનુભવ થયો, ચૈતન્યનો વીતરાગી સ્વભાવ દૃષ્ટિમાં અને જ્ઞાનની પર્યાયમાં આવ્યો... ત્યાર પછી સ્વરૂપમાં એકાગ્ર થતાં જે આનંદ આવ્યો, સ્વરૂપમાં લીન થયો તેનું નામ ચારિત્ર છે. આ ચારિત્ર પ્રગટ થયા પછી પણ ઉદ્યમ વિશેષ કરવો, પુરુષાર્થ કરવો તેનું નામ તપ છે. આટલી શરતો છે.

આ ઉપવાસ કરે તે કાંઈ તપ નથી. ઉ.... પ... વા... સ, ઉપ નામ ભગવાન આનંદ સ્વરૂપ છે તેની સમીપમાં.... વાસ નામ વસવું. રાગથી રહિત થઈને સ્વભાવ ની સમીપમાં વસવું અને તેમાં ઉગ્ર પુરુષાર્થથી... ઈચ્છાનું ઉત્પન્ન ન થવું અને અતીન્દ્રિય આનંદમાં પ્રતપન કરવું તે તપ છે. જેમ સુવર્ણને ગેરુ લગાડી અને ઉકાળે તેમ ચારિત્રમાં ઉગ્ર પુરુષાર્થથી... અતીન્દ્રિય આનંદમાં આત્માને શોભાવે તે તપ છે. તેનું નામ તપ કહેવામાં આવે છે. આ તપની વ્યાખ્યા છે. " **तप निम्मो............... धम्मो** ". અનેક પ્રકારના કાયકલેશ કરીને પણ જે સમભાવ–વીતરાગભાવ છે તે મુનિનો નિર્મળ તપધર્મ છે.

તેઓ ચારિત્રને માટે ઉગ્ર ઉદ્યમ કરે છે. આ વ્યાખ્યા કહી. 'જે ચારિત્રને માટે'

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલે ? ( उदम् ) આત્માના આનંદનું ભાન તો છે પણ તદ્ઉપરાંત આત્મામાં રમવું-ચરવું, આનંદમાં રમવું તે. આવા ચારિત્રને માટે ચારિત્રની દશામાં ઉદ્યમ્ નામ ઉપયોગ લગાવે છે તે તપ છે.

**પ્રશ્ન:-** સ્વરૂપનો વિશ્વાસ અને ચૈતન્યમાં નિશ્ચલતા તે તપ ?

**ઉત્તર:-** પ્રતપન તે તપ છે. ભગવાન આનંદની શોભાથી અતિઉપિત, અતીન્દ્રિય આનંદથી અતિ ઉપિત થઈ જાય અને ઈચ્છાનો નાશ થઈ જાય અને ચારિત્ર સહિત શુદ્ધતાની વૃદ્ધિ થઈ જાય તેને તપ કહે છે. ચારિત્રને માટે તેઓ ઉદ્યમ અને ઉપયોગને ( એકાગ્ર ) કરે છે.

" કાય કલેશ સહિત થાય છે એટલે આત્મિક વિભાવ પરિણતિને..... સંસ્કારને મિટાડવાને માટે " . વિભાવ નામ વિકૃત અવસ્થા.. પછી તે શુભ-અશુભ વિભાવ પરિણતિના સંસ્કારને મટાડવાને માટે ઉદ્યમ કરે છે. પોતાના શુદ્ધ સ્વરૂપ ઉપયોગને ચારિત્રમાં રોકે છે. બસ. આ તો ભારે... વાત.

ભગવાન આત્મા અશુદ્ધ પાપના પરિણામથી રહિત પોતાનો અનુભવ તે ચારિત્ર. શુભઉપયોગ તે ચારિત્રને રોકે છે. મુનિ શુદ્ધઉપયોગને ચારિત્રમાં રોકે છે. આહાહા ! ભાષા તો જુઓ ! પોતાનો શુદ્ધ પવિત્રસ્વરૂપ આત્મા છે તેમાં ઉપયોગને રોકે છે તે ચારિત્ર છે. પોતાની ચારિત્રદશામાં શુદ્ધઉપયોગને રોકે છે તેનું નામ તપ છે. આવી વ્યાખ્યા.

લોકો તો બહારથી અપવાસ કર્યા, વર્ષીતપ કર્યા તેને તપ કહે છે. શ્વેતામ્બરમાં વર્ષીતપ એટલે એક દિવસ એકાસણું-ખાવું અને એક દિવસ અપવાસ... અને તે માને કે તપ છે. એ તપ ક્યાં છે ? એ તો લાંઘણ છે.

" બહુ બળપૂર્વક રોકે છે. " એવું બળ કરવું તે તપ છે. આહાહા ! સ્વરૂપની ચારિત્ર દશામાં ઘણાં પ્રયત્નથી શુદ્ધઉપયોગને રોકે છે તે તપ છે. તપ કોને કહેવું તે સમજમાં આવ્યુંને ? બાર પ્રકારના તપના ભેદ તે બધો જ વ્યવહાર છે. આવું વસ્તુનું સ્વરૂપ તે તપ છે. આને તપધર્મ કહેવામાં આવે છે.

જેને સમ્યગ્દર્શન અને ચારિત્ર છે... તેવા શુદ્ધઉપયોગને ચારિત્રમાં રોકવો અર્થાત્ ઈચ્છા ઉત્પન્ન થતાં, શુદ્ધોપયોગને ઘણાં બળપૂર્વક ચારિત્રમાં રોકવો એનું નામ જૈનધર્મ અને તેને ઉત્તમ તપ કહેવામાં આવે છે. ઉત્તમ તપ છે તે સમ્યગ્દર્શન સહિત, ચારિત્ર સહિત છે. ઘણાં ઉદ્યમથી પોતાના શુદ્ધોપયોગને સ્વભાવમાં રોકવો તે તપ છે. આવી વ્યાખ્યા અર્થકારે મૂળ પાઠમાં કરી છે.

હવે ૧૦૮ કળશ... તેનો ભાવાર્થ.

**" જેટલું શુભ-અશુભ આચરણ છે તે બધું કર્મના ઉદયથી અશુદ્ધરૂપ છે, તેથી**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ત્યાજ્ય છે. ઉપાદેય નથી.**" કર્મના નિમિત્તના સંગે, ઉત્પન્ન થયેલા દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજાના, કામ-ક્રોધના ભાવ તે બધાં અશુદ્ધ છે. તે અશુદ્ધરૂપ છે તેથી ત્યાજ્ય છે... તે ઉપાદેય નથી. જેટલા વિકલ્પ ઉત્પન્ન થાય છે..... શુભ કે અશુભ તે બધા ત્યાજ્ય છે. કેમ કે કર્મના સંગે ઉત્પન્ન થયેલો વિભાવ છે. તે પોતાનો ધર્મ-સ્વભાવ નથી.

**"વળી કેવું હોવાથી ? "मोक्षहेतुतिरोधायिभावत्वात्" સકળકર્મક્ષયલક્ષણ પરમાત્મપદ તેનો હેતુ અર્થાત્ જીવનો ગુણ જે શુદ્ધચેતનારૂપ પરિણમન, તેનું ઘાતનશીલ છે."** આ મોક્ષની વ્યાખ્યા કરી. મોક્ષ એટલે શું ? "સકળકર્મક્ષય લક્ષણ પરમાત્મપદ". સકળકર્મક્ષય લક્ષણ એવું પરમાત્મપદ તેનું નામ મોક્ષ છે.

અંતર્મુખ થઈને શુદ્ધચેતનાનું જે શુદ્ધ પરિણમન પર્યાયમાં થવું. આ જે શુભ-અશુભ ભાવ તે અંતર્મુખ શુદ્ધ ચેતના પરિણમનનું ઘાતક છે. અશુદ્ધ ચેતના તે શુદ્ધચેતનારૂપ પરિણમનનું ઘાતનશીલ છે. જેનો સ્વભાવ ઘાત કરવાનો છે. આવી વ્યાખ્યા.

અહીં કહે છે - આ શુભજોગ તે શુદ્ધ પરિણતિનો ઘાત કરવો તેવો તેનો સ્વભાવ છે. તેને બદલે એ લોકો એમ કહે છે કે- શુભજોગ તે મોક્ષનો મારગ છે. અરે..... ભગવાન ! ક્યાં લઈ ગયો ભાઈ ! ચૈતન્ય શુદ્ધસ્વરૂપ ભગવાન, તેની શુદ્ધ... શુદ્ધ પરિણતિ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની એ પર્યાય તેનો; શુભભાવ ઘાત કરવાના સ્વભાવવાળો છે. નિર્મળ પરિણતિનો શુભ ભાવને ઘાત કરવાનો સ્વભાવ છે. તેનો સ્વભાવ મદદ કરવાનો નથી. હજુ સમ્યગ્દર્શનના ઠેકાણાં નહીં ત્યાં ચારિત્ર ને તપ આવ્યા ક્યાંથી ?

ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપનો પિંડ છે. તે વીતરાગ સ્વરૂપ છે. તે વીતરાગ સ્વરૂપની સન્મુખ થઈને જે નિર્મળ પરિણતિની દશા થાય છે તેનો ઘાત કરવાના સ્વભાવવાળો શુભભાવ છે. શુભભાવ તેનો ઘાતનશીલ છે. જે શુદ્ધસ્વભાવ, મોક્ષનો માર્ગ - શુદ્ધ પરિણતિ તેનો ઘાત કરવાના સ્વભાવવાળો શુભભાવ છે..... પરંતુ તેને મદદ કરવાના સ્વભાવવાળો શુભભાવ નથી. બહુ ફેર પડયો ભાઈ !

અરે..! અનંતકાળમાં પોતાની નિજ ચીજ જે અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્મા છે તેની ઉપર નજર ન કરી. ક્રિયા-કાંડ, પુણ્યાદિ દયા-દાન-વ્રત એ પરિણામ ઉપર નજર રાખીને જન્મ અફળ ગયો. પાપના પરિણામ ઉપર નજર કરવી તે તો નિષ્ફળ છે પરંતુ શુભભાવ-પુણ્યભાવ-બંધભાવ એ ઉપર નજર તે પર્યાયબુદ્ધિ છે. આહાહા ! તેને દ્રવ્યબુદ્ધિ ન થઈ. મારી ચીજ તો પરમ પવિત્ર આનંદધામ છે. જે ક્ષેત્રમાં આનંદનો.. અતીન્દ્રિય આનંદનો પાક થાય છે એ ભૂમિ-જમીન મારી છે. મારા અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણની ભૂમિ છે તે મારો સ્વદેશ છે. આ સ્વદેશ જેના માટે મરી જાય તે એમાં નથી.. એ તો પરદેશ છે.

મુંબઈમાં હોય તે એમ બોલે ને કે- અમારા સ્વદેશમાં. મરાઠીમાં બોલે 'હમચી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નગરી ’. મુંબઈના લોકો આમ બોલે. ધૂળેય તારી નગરી નથી બાપુ! નગર એટલે ન... ગ.... ર... જેમાં રાગ-દ્વેષનો મેલ નથી એવી નગરી તો આત્મા છે. ન... ગ.... ર.... નગર. ન, ગર-ગર એટલે પુણ્ય-પાપના કર્મનો મેલ તે જેમાં નથી તેવો પુણ્ય પાપથી રહિત આત્મા તેને અહીંયા આત્માનગર કહેવામાં આવે છે.

અરેરે...! દુનિયા શું શું અને કેવું કેવું માનીને ત્યાં રોકાઈ જાય છે. પ્રભુનો પત્તો મેળવતો નથી. હમણાં સાંભળ્યું કે- યુવાન અવસ્થા હોય અને એપેન્ડીકસની પીડા થાય. પહેલાં ઓપરેશન કરેલું એનું અને ફરી પાછી પીડા ઉપડી... ડો. કહે હમણાં જ ઓપરેશન કરો નહીંતર છોકરો ખલાશ થઈ જશે. રાતના બાર વાગ્યે ઓપરેશન કર્યું. આ શરીર, આ માટી છે. માટીનો જાણનાર માટીથી જુદો છે. એ જાણનારામાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે. એ અતીન્દ્રિય આનંદના પરિણામને એ શુભભાવ (तिरोधानात्) ઘાતનશીલ છે.

“**સહજ લક્ષણ જેનું - એવું છે, તેથી કર્મ નિષિદ્ધ છે.**” શું કહે છે? ઘાતનશીલ સહજ સ્વભાવ જેનો અર્થાત્ શુભભાવનો. એ શુભભાવને ધર્મ માનવો અથવા તે કરતાં કરતાં ધર્મ થશે! અરે... પ્રભુ! તેં ઘણી મોટી ભૂલ કરી છે. તું તારા ભગવાનને ભૂલી ગયો. તારો ભગવાન જે પવિત્ર આનંદનો નાથ... એ.... ભગવાનને ભૂલી ગયો... શુભભાવના પ્રેમમાં. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય છે તેની પરિણતિમાં- પર્યાયમાં એ શુભભાવ ઘાતનશીલ છે. શુદ્ધ પરિણતિનો નાશ કરવાનો સહજ સ્વભાવ જેનો છે.

આ આખો દિવસ રળવું. કમાવું તે પાપ છે. એ પાપનો અભાવ કરીને પુણ્યભાવ જે થયો તે શુભભાવ નિર્મળદશાનો ઘાતનશીલ છે. ચૈતન્ય ભગવાન પવિત્ર આનંદનો નાથ પ્રભુ! તેની પરિણતિ નામ નિર્મળદશા તેનો ઘાતનશીલ એવો શુભભાવ છે. તેનો આવો સહજ સ્વયં સ્વભાવ છે.... એમ કહે છે.

**પ્રશ્નઃ-** કર્મ એટલે શું?

**ઉત્તરઃ-** શુભભાવ એ કર્મ છે. એ (તેના નિમિત્તે) જે જડ બંધન થયું તે દ્રવ્યકર્મ છે.

“**સકળ કર્મક્ષય લક્ષણ પરમાત્મપદ, તેનો હેતુ અર્થાત્ જીવનો ગુણ જે શુદ્ધચેતનારૂપ પરિણમન તેનું ઘાતનશીલ છે.**”

શું કહે છે? સકલકર્મક્ષય લક્ષણ એ મોક્ષ. પરમાત્મપદ તેનો હેતુ શુદ્ધ સ્વભાવ. પોતાનો પરમાત્માપદ મોક્ષનું કારણ છે... જે પરિણમનની મુખ્યતાએ નિર્મળદશા તેનો ઘાતનશીલ શુભભાવ જેનો સહજ સ્વભાવ છે.

“**(तिरोधायि) ઘાતનશીલ છે (भावत्वात्) સહજ લક્ષણ જેનું - એવું છે,**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

**તેથી કર્મ નિષિદ્ધ છે.** ” મોક્ષ એવું જે પરમાત્મપદ તેનો હેતુ જે શુદ્ધાત્મ પરિણમન... એ પરિણામનો ઘાતનશીલ સહજ સ્વભાવવાળો શુભભાવ છે. આહા... હા ! આટલી બધી સ્પષ્ટ વાત છે છતાં ગરબડ કરે છે. દીવા જેવી ચોખ્ખી વાત છે. સમજાય છે કાંઈ ?

‘ તેથી કર્મ નિષિદ્ધ છે. ’ શુભાશુભ પરિણામ તે વિકારરૂપ પરિણામ છે. તે બંધનરૂપ છે તેથી બન્ને ભાવો શુભ-અશુભ નિષેધ્ય છે.

**ભાવાર્થ આમ છે કે- જેમ પાણી સ્વરૂપથી નિર્મળ છે, કાદવના સંયોગથી મેલું થાય છે.** ” જુઓ ! દૃષ્ટાંત કહી અને હવે સિદ્ધાંત ઉતારે છે. પાણી સ્વરૂપથી નિર્મળ છે પરંતુ કિચડના સંયોગથી પાણી મેલું થાય છે... અર્થાત્ પાણીના શુદ્ધપણાનો ઘાત થાય છે. પાણીના નિર્મળપણાનો એ કાદવના (નિમિત્તથી) ઘાત થાય છે. પાણીના નિર્મળપણાનો ઘાત થાય છે. આ દૃષ્ટાંત છે પછી સિદ્ધાંત ઉપર ઉતારશે.

જેમ પાણીના શુદ્ધપણાનો ઘાત થાય છે તેમ જીવદ્રવ્ય ભગવાન આત્મા ચૈતન્ય રત્નાકર પ્રભુ તે સ્વભાવથી સહજ સ્વચ્છ સ્વરૂપ છે. સ્વચ્છત્વ શક્તિ છે ને ! ૪૭ શક્તિમાં ૧૧ મી શક્તિ છે. સર્વજ્ઞ, પ્રકાશત્વ અને સ્વચ્છત્વ અને બારમી સ્વસંવેદન પ્રકાશ શક્તિ.

ભગવાન આત્મામાં સ્વચ્છત્વ નામનો ગુણ છે. આખો આત્મા સ્વચ્છત્વથી ભરેલો છે. અનંતગુણમાં સ્વચ્છત્વ ભર્યું પડયું છે. તેવો પ્રભુ છે. આવું સ્વચ્છત્વ, કેવળ દર્શન, સુખ, વીર્યરૂપ છે. ભગવાન આત્મા કેવળજ્ઞાન અર્થાત્ કેવળજ્ઞાનની પર્યાય નહીં... પરંતુ એ... ક... રૂપ જ્ઞાન એક... રૂપ દર્શન, એકરૂપ સુખ અને વીર્ય. એક જ્ઞાન એક દર્શન, એક સુખ, એક વીર્યરૂપ, એવો આત્મા છે તેવી સ્વચ્છતા સ્વભાવથી પ્રભુ ભર્યો પડયો છે.

પોતાનું નિધાન તો કેવળજ્ઞાન, દર્શન, સુખ, આનંદ, વીર્યથી ભર્યું પડયું છે. એ કેવળજ્ઞાન, દર્શન, સુખ, વીર્ય એનાથી પરિમિત નથી પરંતુ અપરિમિત છે. **જેમ કેવળજ્ઞાન-દર્શન-સુખ-વીર્યરૂપ છે, તે સ્વચ્છપણું વિભાવરૂપ અશુદ્ધ ચેતના લક્ષણ મિથ્યાત્વ-વિષય-કષાયરૂપ પરિણામથી મટયું છે.**

ભગવાન તો શુદ્ધ સ્વચ્છ કેવળજ્ઞાન-દર્શન-આનંદ ને વીર્યથી ભર્યો પડયો શુદ્ધ છે. એ સ્વચ્છતા મિથ્યાત્વ અને વિષય-કષાયના પરિણામથી અશુદ્ધ થઈ ગઈ છે, પર્યાય અશુદ્ધ થઈ ગઈ છે. “ **અશુદ્ધ પરિણામનો એવો જ સ્વભાવ છે કે શુદ્ધપણાને મટાડે.** ”

કેવી ટીકા કરી છે રાજમલજીએ ! તેઓ ગૃહસ્થાશ્રમમાં હતા હોં ! ખરેખર તો ગૃહસ્થ તેને કહીએ. અધ્યાત્મ પંચ સંગ્રહમાં આવે છે... પંચ પરમાત્મ પુરાણ તે અધ્યાયમાં આવે છે કે- ગૃહસ્થ તેને કહીએ... ગૃહ નામ પોતાનું ઘર. અનંતજ્ઞાન-દર્શન-આનંદ તેમાં જે રહે છે તેને ગૃહસ્થ કહીએ. ગૃહ... સ્થ... પોતાના ઘરમાં બધા ટકે છે... તેને ગૃહસ્થ કહીએ.

તમે મોટા ગૃહસ્થ કહેવાવ ને ? તે ના પાડે છે. આ બધા શેઠિયા કહેવાય ને ! શેઠ કોને કહીએ ? પોતાના કેવળદર્શન-જ્ઞાન-સુખ-વીર્યસ્વરૂપ આત્મા તેનો જે સ્વામી હોય તેને શેઠ કહીએ, બાકી બધા હેઠ છે. આવી વાત એકવાર બની છે.

એકવાર ચૂડામાં જેઠમલજી સ્થાનકવાસી હતા. મૂળી પાસે ખાતડી ગામ છે ત્યાં અમે ગયેલા. એ જેઠમલજી રાજપૂત હતા.... તે સાધુ હતા. ઠેકાણા વિનાનો માણસ હતો તેથી ચૂડામાં તેનું બહુ માન ન હતું. પછી એક રાયચંદ દોશી હતા તે બહુ કડક માણસ હતા. તે કહે – જેઠી હવે બેસને હેઠી. આપણા નારણભાઈ હતા તેના સગા થાય. તેમને અમારી ઉપર બહુ પ્રેમ હતો. અમારી પાસે સાંભળવા બેસે... વ્યાખ્યાન બહુ પ્રેમથી સાંભળે. એમને શ્રીમદ્જી ઉપર પણ ઘણો પ્રેમ હતો.

કોઈ માણસ એમ કહેવા લાગ્યો કે- શ્રીમદ્ એટલે કાંઈ નહીં. ત્યારે તે બોલ્યા કે- બોલીશ નહીં ભાઈ ! શ્રીમદ્ રાજચંદ્રનો વૈરાગ્ય મેં દેખ્યો છે... એવો ક્યાંય મેં જોયો નથી. નહીંતર એ તો સ્થાનકવાસી હતા... મૂર્તિને તો માને નહીં. લીંબડીમાં આવ્યા હતા ત્યારે મેં જોયા હતા. શ્રીમદ્જીનો વૈરાગ્ય મેં દેખ્યો છે. આહાહા ! પર પદાર્થથી તેઓ ઉદાસ.... ઉદાસ હતા... આવું સ્વરૂપ છે.

અહીંયા કહે છે- **"તે સ્વચ્છપણું વિભાવરૂપ અશુદ્ધ ચેતના લક્ષણ મિથ્યાત્વ-વિષય-કષાયરૂપ પરિણામથી મટયું છે."**

પર્યાયમાં મટયું છે હોં !! જીવદ્રવ્ય સ્વભાવથી સ્વચ્છપણારૂપ છે. તે કેવળજ્ઞાન-દર્શન-સુખ-વીર્યરૂપ છે. તે સ્વચ્છપણું વિભાવરૂપ અશુદ્ધચેતના લક્ષણ મિથ્યાત્વ છે તો એ વિભાવ-અશુદ્ધચેતના વિભાવ. વિષય-કષાયના પરિણામનું કારણ વર્તમાનમાં મટયુ છે. મટયું છે તેનો અર્થ એમ નથી કે ત્રિકાળીમાં મટયું છે, પરંતુ પર્યાયમાં મટયું છે. ત્રિકાળ તો શુદ્ધ... શુદ્ધ છે. એ શુદ્ધનો સ્વીકાર જ્યાં નથી અને એકલા અશુદ્ધ પરિણામનો જ જયાં સ્વીકાર છે ત્યાં પર્યાયમાં શુદ્ધપણાનો નાશ થઈ ગયો છે. આવો માર્ગ છે.

આ બધી બહારની ચમક.... દમક દેખાય તેમાં મુર્છાઈ ગયો છે. આહાહા ! ભગવાન ચૈતન્ય ચમત્કાર, અતીન્દ્રિય આનંદનો સાગર તે સ્વચ્છ સ્વરૂપ પ્રભુ છે. તેને ( ભાવત્વાત્ ) પુણ્ય ને પાપના ભાવ ( તિરોધાયિ ) ઘાતનશીલ છે.

ભગવાન શુદ્ધ ચૈતન્ય પ્રભુ છે. આ અશુભભાવની તો વાત શું કરવી ? પરંતુ શુભભાવ છે એ સ્વરૂપનો ઘાત કરે છે. પ્રભુ ! તારી શક્તિ તો શુદ્ધસ્વરૂપ છે. તેનું પરિણમન નિર્મળ થવું જોઈએ. એ નિર્મળતાને છોડી અને જે શુભભાવ કે જે તારા શુદ્ધ સ્વભાવની પરિણતિનો ઘાતનશીલ ભાવ છે. તે ભાવ ઘાતવાના સ્વભાવ સ્વરૂપી છે.

જેમ શરીરમાં ઘા લાગે- છરા વાગે અને લોહી નીકળી પડે તેમ અહીં પ્રભુ કહે છે- તું શક્તિએ આનંદનો નાથ પ્રભુ છે ! અને એની શાંતિનો ઘાત કરનાર શુભ અને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અશુભભાવ છે.

જુઓ! અમૃતચંદ્રાચાર્ય દિગમ્બર સંત છે તેઓ વીતરાગતાનું વર્ણન કરતાં કહે છે- પ્રભુ! તું વીતરાગ સ્વરૂપ છો ને! એ વીતરાગ સ્વરૂપનું ઘાતનશીલ શુભ અને અશુભભાવ છે. શુભાશુભભાવનું એ સહજ લક્ષણ છે. શાંતિનો સાગર ભગવાન છે તેની શાંતિનો ઘાત કરે છે. આ કળશો તો અમૃતથી ભર્યા છે.

અહીંયા કહે છે પ્રભુ! એકવાર સાંભળ તો ખરો! તું અનંત આનંદનો ગરાસિયો છે. તારા ઘરમાં ગરાસ પડયા છે... જે મહાઆનંદજ્ઞાન આદિ છે. તેનું સ્વામીપણું છોડી આ ઘાત કરનારા એવા પુણ્ય-પાપના ભાવને મારા માનવા લાગ્યો?

આહાહા! જુઓ! આ દિગમ્બર સંતોની શૈલી, ભાઈ! તને આત્માની શાંતિ શુભઅશુભભાવથી નહીં મળે. કેમ કે તેનો ઘાતનશીલ એવો સહજ સ્વભાવ છે. ભગવાનનો સહજ સ્વભાવ આનંદ-જ્ઞાન-દર્શન આદિ છે. જ્યારે શુભાશુભભાવનો સહજ ઘાતનશીલ સ્વભાવ છે. ભાઈ! તને એમાં હોંશ કેમ આવે છે. એ ઘાતનશીલ ભાવમાં તને રસ કેમ આવે છે? અહીં કહે છે - એ ભાવને છોડ એકવાર. આ તો અગમ-નિગમની વાતો છે.

એ સ્વચ્છપણું વિભાવરૂપ અશુદ્ધ ચેતનાલક્ષણ એવા મિથ્યાત્વરૂપ-વિષય-કષાયરૂપ પરિણામ લક્ષણ. આ વાત એની પર્યાયની છે. જ્ઞાનીને મિથ્યાત્વ-વિષય-કષાયરૂપ પરિણામનું કારણ મટયું છે. એ પુણ્યના ભાવ મારા તેનાથી મને ધર્મ થશે એવો મિથ્યાત્વભાવ તે શુદ્ધ પરિણામનો ઘાત કરવાવાળો છે... તેથી તેને શુદ્ધપણું મટી ગયું છે.

આહાહા! આજે તપનો દિવસ છે. શુભ-અશુભ ભાવનો એવો જ સ્વભાવ છે... કે જે શુદ્ધપણાને મટાડે. "તેથી સમસ્ત કર્મ નિષિદ્ધ છે." કોઈપણ પ્રકારના શુભ કે અશુભભાવ, અસંખ્ય પ્રકારના શુભ હો કે અસંખ્ય પ્રકારના અશુભ તે બધા નિષિદ્ધ છે.

સમયસાર પુણ્ય-પાપ અધિકારની ૧૫૩ ગાથામાં આ વાત છે. ત્યાં ટીકામાં વ્રત-તપ-શીલ તે કર્મ એવો શબ્દ પડયો છે. વ્રત-તપ-નિયમ-શીલ તે બધાને કર્મ કહ્યું છે. કર્મ એટલે કાર્ય. એ શુભાશુભ કાર્ય-રાગ કાર્ય તે કર્મ છે.

આપણે કર્મશક્તિમાં કર્મના પ્રકાર લઈ તેનો ખુલાશો કર્યો હતો. 'કર્મ' ચાર પ્રકારે છે. કર્મ શબ્દે જડકર્મની પર્યાયને કર્મ કહે છે. શરીરાદિ પરના પરિણામને કર્મ કહે છે. કર્મપર્યાય એટલે કર્મરૂપ પર્યાય અને રાગને પણ કર્મ કહે છે. નિર્મળ પરિણામ જે ઉપયોગ તેને પણ કર્મ કહે છે. અને ત્રિકાળી શક્તિને પણ કર્મ કહે છે. અત્યારે તો શાસ્ત્રના અર્થ કરવામાં પણ મોટી ગરબડ થઈ ગઈ છે.

કહ્યું હતું ને કે આત્મામાં કર્મ શક્તિ-ગુણ છે. જેના કારણે કાર્ય નિર્મળ થાય તેવી કાર્ય નામની શક્તિ છે. એક કર્મ શક્તિ છે. એ કર્મશક્તિથી ભગવાન ભર્યો પડયો છે. તેનું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાર્ય તો નિર્મળ પરિણતિ થવી તે છે. એ નિર્મળ પરિણતિ જેનું લક્ષણ છે.... એ સ્વરૂપનો, શુભભાવ ઘાત કરવાનો સહજ સ્વભાવ છે. તે શુદ્ધ પરિણતિ ઘાત નામ મિટાવી દે છે.

**પ્રશ્નઃ**- તે ભાવકર્મ છે?

**ઉત્તરઃ**- ભાવવૃત્તિ એ જ ભાવકર્મ છે. એ વાત સમયસાર ૧૫૩ ગાથામાં છે. **“ વદણિયમાણિ ધરંતા સીલાણિ તહા તવં ચ કુવ્વંતા। પરમટ્ઠબાહિરા જે ણિવ્વાણં તે ણ વિદંતિ।। અજ્ઞાનીઓને અંતરંગમાં વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મોનો સદ્ભાવ ( હયાતી ) હોવા છતાં મોક્ષનો અભાવ છે. ”**

શુભભાવતે રાગ તેને શુભકર્મ કહેલ છે. ” **જ્ઞાન જ મોક્ષનો હેતુ છે. ”**

“ ...भवनम्....जीवस्यहेतु... ” રાગના પરિણામમાં મોક્ષનો અભાવ છે.

**“ ભાવાર્થ આમ છે કે- કોઈ જીવ ક્રિયારૂપ યતિપણું પામે છે, તે યતિપણામાં મગ્ન થાય છે. ”** પાંચ મહાવ્રત, પાંચ સમિતિ અને ગુપ્તિ તેમજ વ્યવહાર ક્રિયાકાંડ એનાથી યતિપણું પામે છે. “ તે યતિપણામાં મગ્ન થાય છે ” એટલે કે- એ પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિનો વિકલ્પ એવા શુભરાગ, તેમાં મગ્ન થાય છે. આહાહા આવો ખુલાશો છે.

**‘ અમે મોક્ષમાર્ગ પામ્યા ’**, અમે પંચમહાવ્રતધારી છીએ, અમે પંચમહાવ્રત પાળ્યા, નિર્દોષ આહાર લઈએ છીએ, પાંચ સમિતિનો વ્યવહાર પાળીએ છીએ, અશુભથી રહિત ત્રણ ગુપ્તિ પાળીએ છીએ. આવી ક્રિયા અમે કરીએ છીએ. તેમાં મગ્ન રહે છે અને માને છે કે- અમે મોક્ષમાર્ગ પામ્યા, અમે મોક્ષમાર્ગી છીએ!

અમે પંચમહાવ્રત પાળીએ છીએ, સમિતિ-ગુપ્તિ નિર્દોષ આહાર લઈએ છીએ, સ્ત્રી-કુટુંબનો ત્યાગ કર્યો છે, અમારે ગૃહસ્થાશ્રમ છે નહીં, **“ અમે મોક્ષમાર્ગ પામ્યા, જે કાંઈ કરવાનું હતું તે કર્યું; તેથી તે જીવોને સમજાવે છે કે યતિપણાનો ભરોસો છોડીને..... , ”** એ પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ તે યતિપણું નથી. શુદ્ધસ્વરૂપની યત્ના કરવી તે યતિ છે. શુભભાવની યત્ના તે યતિ નહીં. આવો માર્ગ છે બાપુ! ભાઈ! દુઃખી થઈને ચોરાશીના અવતાર કરી રખડે છે!

**“ યતિપણાનો ભરોસો છોડીને શુદ્ધ ચૈતન્યસ્વરૂપને અનુભવો. ”**

આ પાંચમહાવ્રતને, સમિતિ, ગુપ્તિ, વ્યવહાર સમિતિ તેમાં જોઈને ચાલવું એ શુભભાવ છે. અત્યારે તો જોઈને ચાલવાના ઠેકાણાંય ક્યાં છે? તેના માટે બનાવેલો આહાર ન લ્યે... એ બધો શુભભાવ છે, તેને યતિપણું માનવાનું છોડ.

શુભભાવ છોડીને શું કરવું? **“ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને અનુભવો. ”** ભગવાન શુદ્ધ ચૈતન્ય પવિત્રતાનો પિંડ પ્રભુ તે તો તારો આત્મા છે ને નાથ! તેને અનુસરીને અનુભવ કરવો તેનાથી તારું કલ્યાણ થશે, બાકી કલ્યાણ છે નહીં.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



યતિપણાનાં ભરોસે તેને મોક્ષમાર્ગ માનીને પડયો છે તેને કહે છે. એ બધું છોડ અને શુદ્ધસ્વરૂપનો અનુભવ કરવો તે મોક્ષનો માર્ગ છે. આવી વાત છે તે આકરી તો પડે ને! આ લખાણ કોનું છે? સોનગઢનું છે? લોકો એમ કહે છે- સોનગઢે આમ કહ્યું, તેણે વ્યવહારનો નાશ કર્યો! વ્યવહારનો નાશ કરવો.... એટલે એને છોડીને... શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવો કે- એ શુદ્ધ સ્વરૂપ હું છું (એવું પરિણમન) તે મોક્ષનો માર્ગ છે. આ તો મૂળવાત છે. હજુ શ્રદ્ધાનાય ઠેકાણાં ન મળે! આ વ્રત કરો તો તમારું કલ્યાણ થશે. અપવાસઆદિ કરવાથી નિર્જરા થશે, સામાયિક પોષા આદિ કરવાથી સંવર થશે! અજ્ઞાનીને પોષા ક્યાં છે? સમજમાં આવ્યું.

એ યતિપણાનો............ ભરોસો વિશ્વાસ છોડી દે! પંચમહાવ્રત આદિની ક્રિયાથી મોક્ષમાર્ગ તે ભરોસો છોડી દે! શુદ્ધચૈતન્ય સ્વરૂપને અનુભવો.

* * *

(શાર્દૂલવિક્રીડિત)

संन्यस्तव्यमिदं समस्तमपि तत्कर्मैव मोक्षार्थिना
संन्यस्ते सति तत्र का किल कथा पुण्यस्य पापस्य वा।
सम्यक्त्वादिनिजस्वभावभवनान्मोक्षस्य हेतुर्भवन्-
नैष्कर्म्यप्रतिबद्धमुद्धतरसं ज्ञानं स्वयं धावति।। १०-१०९।।

**ખંડાન્વય સહિત અર્થ**:- "मोक्षार्थिना तत् इदं समस्तम् अपि कर्म संन्यस्तव्यम्" (मोक्षार्थिना) **સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ-અતીન્દ્રિય પદ, તેમાં જે અનંત સુખ તેને ઉપાદેય અનુભવે છે એવો છે જે કોઈ જીવ તેણે** (तत् इदं) **તે જ કર્મ જે પહેલાં જ કહ્યું હતું,** (समस्तम् अपि) **જેટલું-શુભક્રિયારૂપ-અશુભક્રિયારૂપ, અંતર્જલ્પરૂપ-બહિર્જલ્પરૂપ ઇત્યાદિ કરતૂતરૂપ** (कर्म) **ક્રિયા અથવા જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલનો પિંડ, અશુદ્ધ રાગાદિરૂપ જીવના પરિણામ-એવું કર્મ તે** (संन्यस्तव्यम्) **જીવસ્વરૂપનું ઘાતક છે એમ જાણીને આમૂલાગ્ર (સમગ્ર) ત્યાજ્ય છે.** "तत्र संन्यस्ते सति" **તે સઘળાય કર્મનો ત્યાગ થતાં** "पुण्यस्य वा पापस्य वा का कथां" **પુણ્યનો કે પાપનો શો ભેદ રહ્યો? ભાવાર્થ આમ છે કે-સમસ્ત કર્મજાતિ હેય છે, પુણ્ય-પાપના વિવરણની શી વાત રહી?** "किल" **આ વાત નિશ્ચયથી જાણો, પુણ્યકર્મ ભલું એવી ભ્રાન્તિ ન કરો.** "ज्ञानं मोक्षस्य हेतुः भवन् स्वयं धावति" (ज्ञानं) **જ્ઞાન અર્થાત્ આત્માનું શુદ્ધચેતનારૂપ પરિણમન** (मोक्षस्य) **મોક્ષનું અર્થાત્ સકળ-કર્મક્ષયલક્ષણ એવી અવસ્થાનું** (हेतुः भवन्) **કારણ થતું થકું** (स्वयं धावति) **સ્વયં દોડે છે એવું સહજ છે. ભાવાર્થ આમ છે કે-જેમ સૂર્યનો**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રકાશ થતાં સહજ જ અંધકાર મટે છે, તેમ જીવ શુદ્ધચેતનારૂપ પરિણમતાં સહજ જ સમસ્ત વિકલ્પો મટે છે, જ્ઞાનાવરણાદિ કર્મ અકર્મરૂપ પરિણમે છે, રાગાદિ અશુદ્ધ પરિણામ મટે છે. કેવું છે જ્ઞાન ? " नैष्कर्म्यप्रतिबद्धम् " નિર્વિકલ્પસ્વરૂપ છે. વળી કેવું છે ? " उद्धतरसं " પ્રગટપણે ચૈતન્યસ્વરૂપ છે. શાથી મોક્ષનું કારણ થાય છે ? " सम्यक्त्वादिनिजस्वभावभवनात् " ( सम्यक्त्व ) જીવના ગુણ સમ્યગ્દર્શન, ( आदि ) સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એવા છે જે ( निजस्वभाव ) જીવના ક્ષાયિક ગુણ તેમના ( भवनात् ) પ્રગટપણાને લીધે. ભાવાર્થ આમ છે- કોઈ આશંકા કરશે કે મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે મળીને છે, અહીં જ્ઞાનમાત્ર મોક્ષમાર્ગ કહ્યો તે કઈ રીતે કહ્યો ? તેનું સમાધાન આમ છે કે શુદ્ધસ્વરૂપ જ્ઞાનમાં સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર સહજ જ ગર્ભિત છે, તેથી દોષ તો કાંઈ નથી, ગુણ છે. ૧૦-૧૦૯.**

## કલશ - ૧૦૯ : ઉપર પ્રવચન

**" मोक्षार्थिना तत् इदं समस्तम् अपि कर्म संन्यस्तव्यम् " સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ - અતીન્દ્રિયપદ, તેમાં જે અનંત સુખ તેને ઉપાદેય અનુભવે છે. "**

મોક્ષમાં અતીન્દ્રિય આનંદ છે. એવા અનંતસુખને વર્તમાનમાં સમ્યગ્દ્રષ્ટિ ઉપાદેય અનુભવે છે.

**પ્રશ્નઃ-** અનુભવે ત્યારે ઉપાદેય ને ?

**ઉત્તરઃ-** હા, તે રાગને હેય અનુભવે છે. આનંદનો નાથ ભગવાન તેમાં પૂર્ણ આનંદ અને મોક્ષસ્વરૂપ છે- તેમાં સુખ છે તે સુખને વર્તમાન ઉપાદેયથી અનુભવે છે. એનો અર્થ એ થયો કે- સમ્યગ્દર્શનમાં જે આનંદ આવ્યો તેમાં અનંતમોક્ષને ઉપાદેય જાણ્યો, માન્યો. સમજમાં આવ્યું ?

શુભાશુભભાવથી રહિત... શુદ્ધસ્વરૂપની દૃષ્ટિમાં આનંદનો અનુભવ આવ્યો. એ અંશરૂપ આનંદ છે, ( તેના દ્વારા ) સમ્યગ્દ્રષ્ટિ અનંતઆનંદ એવો જે મોક્ષ તેને ઉપાદેય માને છે. આવો માર્ગ છે. કુંદકુંદાચાર્યે, અમૃતચંદ્રાચાર્યે, બધા મુનિઓએ સ્પષ્ટ કરી દીધો છે. તેમણે માર્ગને સહેલો કરી દીધો છે. તારી ચીજ તારી પાસે છે અને તને પ્રાપ્ત નથી કેમ કે તારી નજરું ત્યાં નથી. જ્ઞાનીને પણ શુભ અશુભભાવ થાય છે પણ ત્યાં તેની નજર નથી. એ અનંત આનંદરૂપ મોક્ષદશા તેને સમ્યગ્દ્રષ્ટિ અનંત આનંદના અનુભવને ઉપાદેય માને છે. " સુખ તેને ઉપાદેય અનુભવે છે. " ભાષા જુઓ !

પાઠ તો આવો છે કે- " **મોક્ષ-અતીન્દ્રિયપદ, તેમાં જે અનંતસુખ**- મોક્ષમાં **અનંતસુખ તેને ઉપાદેય અનુભવે છે.** " વર્તમાનમાં અનંત આનંદ છે નહીં. પરંતુ આનંદ સ્વરૂપ ભગવાન છે એ તરફ ઝૂકવાથી અનુભવ થાય છે. પુણ્ય-પાપના ભાવોનું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લક્ષ છોડીને; અનંત સુખને ઉપોદય માને છે. પોતાની આનંદની પર્યાયમાં જે અનંતસુખ તેને ઉપાદેય માન્યું. ભગવાન પ્રગટ અનંતસુખને ઉપાદેય માને છે. જ્ઞાનીને રાગની ક્રિયા એવા વ્રતાદિ થાય છે પણ તેને ઉપાદેય માનતા નથી.

આહાહા! આ વાત કઠણ પડે છે. કઠણ એટલે પડે છે કે તેનો અભ્યાસ નથી માટે. અંદરમાં જોઈએ તેટલો રસ અને રુચિ નથી. પુણ્ય પરિણામનો તેને રસ ચડી ગયો છે. જેનો રસ ચડયો છે. તેમાં એકાકાર થાય છે.

**"એવો જે કોઈ જીવ તેણે ( तत्इदं ) તે જ કર્મ જે પહેલાં જ કહ્યું હતું, જેટલું શુભક્રિયારૂપ-અશુભ ક્રિયારૂપ, અંતર્જલ્પરૂપ-બહિર્જલ્પરૂપ ઇત્યાદિ કરતૂતરૂપ,"**

આ દેહની ક્રિયા લીધી તેમાં જરા શુભ ક્રિયા, જરા અશુભ ક્રિયા એ રૂપ અંતર્જલ્પ એ બે ક્રિયા, અશુભરાગાદિ પછી લેશે. જડની બહારની ક્રિયા અંતર્જલ્પરૂપ અને બહિર્જલ્પરૂપ. અંતરમાં વિકલ્પ અને બહારમાં બોલવું આદિ કરતૂતરૂપ ક્રિયા. (૧) શરીર આદિની ક્રિયા. (૨) **અથવા જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલનો પિંડ."** (૩) **અશુદ્ધ રાગાદિરૂપ જીવના પરિણામ."** આ ત્રણેયને કર્મ કહ્યું છે.

શરીરની ક્રિયા જે થાય છે અંતર્જલ્પ-બહિર્જલ્પ તે બન્નેને બહારમાં નાખ્યા છે. જડ આઠ કર્મ તેમજ અશુદ્ધ રાગાદિ જીવના પરિણામ "તેવું કર્મ તે... **જીવસ્વરૂપનું ઘાતક છે."** ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ! તેનો ઘાતક શુભ અશુભ ભાવ છે. **"એમ જાણીને આમૂલાગ્રત્યાજ્ય છે."**

આ મૂલાગ્ર ત્યાજ્ય છે. મૂળમાંથી તેનો ત્યાગ છે. આખા મૂળનો જે અંશ છે તેને છોડી દે! તે મૂળમાંથી છોડી દેવા લાયક છે.

## પ્રવચન નં. ૧૦૪ તા. ૨૪-૯-'૭૭

દશલક્ષણ પર્વ છે તેમાં આજે ત્યાગધર્મનો દિવસ છે. ત્યાગ ધર્મની વ્યાખ્યા શું છે?

"जो चयदि मिद्धभोज्जं, उवचरणं रायदोससंजणयं।
वसदिं ममत्तहेदु, चायगुणो सो हवे तरस।।

મુખ્યપણે મુનિની વ્યાખ્યા છે. મુનિને સંસારનો તો ત્યાગ છે. તેમને અંદરમાં ત્યાગવ્રતનો પણ ત્યાગ છે. સમ્યગ્દર્શન અને અનુભવની સ્થિરતાનું ગ્રહણ છે. ચારિત્ર સ્વરૂપ આનંદમાં રમણતા એ તો છે જ, પરંતુ જેનું કામ પડે છે તેવું ઇષ્ટ ભોજન તેને છોડે છે. ભોજન લેવાની ઈચ્છા થાય છે તેમાં ઇષ્ટ ભોજનનો રાગ છોડવો તે ત્યાગ છે. સમ્યગ્દૃષ્ટિનો ત્યાગ એ છે કે- મિથ્યાત્વભાવ અને અનંતાનુબંધીનો ત્યાગ અને સમ્યગ્દર્શન અને સ્વરૂપાચરણનું ગ્રહણ. ચોથે આટલો ત્યાગધર્મ છે. સમજમાં આવ્યું?

પંચમ ગુણસ્થાનમાં મિથ્યાત્વ અને અવ્રતનો એક અંશે ત્યાગ છે. ચોથાવાળા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરતાં પાંચમામાં સ્વરૂપમાં આનંદની એકાગ્રતા વિશેષ છે. તેમાં અવ્રતનો ત્યાગ અંશે આવ્યો. આ અંતરની વાત છે બહારની નહીં. છઠ્ઠે ગુણસ્થાને અવ્રતનો સર્વથા ત્યાગ અને વિરતીભાવ-વિરક્તતા છે. સમ્યગ્દર્શન થયું ત્યારથી રાગથી વિરક્ત છે. પરંતુ અસ્થિરતાથી વિરક્ત છે. તેઓ મિષ્ટ ભોજનને તો છોડે છે.

"મુનિને જે ઉપકરણ છે તેમાં, પીંછી, કમંડલ, પુસ્તક તે ત્રણ ઉપકરણ છે. તેમાં પણ રાગ-દ્વેષ ઉત્પન્ન કરવાવાળા ઉપકરણને છોડે છે. જેનાથી રાગ ઉત્પન્ન થાય તે ઉપકરણ ને છોડે છે. તેમને અંતરના અનુભવમાં આનંદભાવ તો છે જ. સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રના પરિણામ તો છે જ; પરંતુ હજુ સંજ્વલનનો રાગ રહ્યો છે, તેમાં પણ જે તીવ્ર રાગવાળા ઉપકરણ હોય તેને તે છોડી દે છે.

તદ્‌ઉપરાંત મમત્વનું કારણ એવી વસ્તીને પણ છોડી દે છે. મુનિને આ ત્રણ ચીજ સાથે કામ પડે છે. (૧) ભોજન (૨) ઉપકરણ (૩) વસ્તી. મુનિને ત્રણથી કામ હોય છે. તે ત્રણ વસ્તુ જે કામની છે તેનો રાગ છોડી દે છે. તેમને સ્ત્રી-કુટુંબ-પરિવાર તો છે જ નહીં અને તેનો રાગ પણ છે નહીં. અંતરમાં અતીન્દ્રિય આનંદની દશામાં વિચરનાર સંતો તેને આ ત્રણ પ્રકાર (૧) ભોજન (૨) ઉપકરણ અને (૩) વસ્તી.... તે ત્રણેયનું મમત્વ છોડી દે છે તેને ત્યાગી કહેવામાં આવે છે. તેને ત્યાગધર્મ કહેવામાં આવે છે. બહારની વસ્તુ છોડી... સ્ત્રી-કુટુંબ પરિવાર માટે ત્યાગી છે તેમ નથી.

એ વાત શક્તિમાં કહી છે. બાહ્ય વસ્તુના ત્યાગ ઉપાદાનથી આત્મા શૂન્ય છે. ગ્રહણ કરવું અને ત્યાગ કરવો તેનાથી તો આત્મા શૂન્ય છે. પરનું ગ્રહણ કરવું અને છોડવું તે તો વસ્તુમાં છે જ નહીં. રાગનું ગ્રહણ કરવું અને રાગને છોડવો તે પણ વ્યવહારથી છે. મુનિને તો રાગની તીવ્રતા હોતી જ નથી. તે તો છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલે છે. ક્ષણમાં છઠ્ઠે અને ક્ષણમાં સાતમે આનંદના અનુભવમાં આવે છે. અભેદમાં આવતાં અનુભવ થઈ જાય છે.

મુનિને તીવ્ર રાગ તો છે નહીં. પરંતુ આ ભોજન તેમજ ઉપકરણ અને વસ્તી આદિનો જે રાગ હોય તો તેને પણ છોડી દે છે. તેને ત્યાગધર્મ કહેવામાં આવે છે. બાહ્યનો ત્યાગ કર્યો તે ત્યાગધર્મ નહીં. બાહ્યનો ત્યાગ તો અંદરમાં છે જ નહીં.

શું કહ્યું ? આનંદ સ્વરૂપનું ગ્રહણ અને રાગનો ત્યાગ તે ત્યાગ છે. વીતરાગ સ્વરૂપ આત્મા તેનું ગ્રહણ-અનુભવ અને રાગનો ત્યાગ... એ પણ ઉપચારથી કથન છે. પરનો ત્યાગ એ વાત તો અહીં છે જ નહીં. સમયસારની ૩૪ ગાથામાં આવે છે આત્માને રાગનો ત્યાગ કરનારો કહેવો એવું પણ પરમાર્થે છે નહીં. કેમ કે આત્માએ રાગને ગ્રહણ કર્યો નથી તો છોડે ક્યાંથી ? આહા ! ઝીણી વાત છે ભાઈ ! માર્ગ આવો છે.

આ તો આત્માના હિતની વાત છે ભાઈ ! અરે ! જન્મમરણ અને અનંત અનંત

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અવતાર કરીને દુઃખી થયો. તે એકલો છે, તેનો જન્મ મરણમાં કોઈ સહાયક નથી. નિગોદ આદિમાં અનંતભવ કરે છે. આ મનુષ્યપણું તો માંડ અનંતકાળે મળ્યું છે... બાકી નિગોદની અવસ્થામાં રહ્યો છે. શાસ્ત્રમાં તો એમ આવે છે કે જેમ સ્ત્રી પિયરમાં મોટી થાય છે, તેમ પહેલાં તે નિગોદના ઘરમાં રહેતો હતો. તેમાંથી માંડ બે ઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય આદિનો ભવ અનંતકાળે મળ્યો છે. અને તેમાં પણ મનુષ્યપણું અને આર્યક્ષેત્ર, ઉત્તમકુળ એ બધું તો દુર્લભ છે. અને તેમાં પણ હજુ જે સમ્યગ્દર્શન નથી પ્રાપ્ત કર્યું તે દુર્લભ છે.

એ સમ્યગ્દર્શનમાં સ્વરૂપનું ગ્રહણ અને અનંતાનુબંધી રાગનો ત્યાગ તેને અહીંયા સમકિતીનો ત્યાગધર્મ કહેવામાં આવે છે. મુનિને તો અંદરમાં (પ્રચુર) આનંદની લહેર ઊઠે છે. જેમ સમુદ્રમાં કાંઠે પૂર આવે છે, તેમ મુનિને પર્યાયમાં અનંત આનંદનું પૂર આવે છે. સમયસારની ૫મી ગાથામાં પ્રચુર સ્વસંવેદન કહ્યું છે. મુનિ કહે છે કે- અમને તો પ્રચુર સ્વસંવેદન છે... એ અમારો વૈભવ છે. આ તમારા પૈસા ને છોકરાંવ તે વૈભવ નહીં.

કુંદકુંદાચાર્ય મુનિરાજ કહે છે કે- પ્રચુર સ્વસંવેદન તે અમારો નિજ વૈભવ છે. અતીન્દ્રિય આનંદનું પ્રચુર વેદન થવું તે અમારો વૈભવ છે. અને એ પ્રાપ્ત વૈભવથી હું સમયસાર કહીશ. પંચમગાથામાં ગજબ વાત છે ને! આવી વાત લોકોને આકરી પડે.

પ્રભુ! આ તો અંતરની ચીજ છે. આત્માની લગની લાગી હોય કે મારી ચીજમાં શું છે અને મારી ચીજમાં શું નથી? મારી ચીજમાં તો જ્ઞાન-આનંદ-શાંતિ-સ્વચ્છતા-પ્રભુતા ભરી છે. પુણ્ય ને પાપના વિકલ્પનો તો અભાવ છે. એવી દૃષ્ટિપૂર્વક અનુભવમાં લીન થવું તેનું નામ અહીંયા ત્યાગધર્મ કહેવામાં આવે છે.

હવે આપણો ચાલતો વિષય ૧૦૯ કળશ. અહીં સુધી ચાલ્યું છે. "**જીવસ્વરૂપનું ઘાતક છે એમ જાણીને આમૂલાગ્ર ત્યાજ્ય છે.**" અશુદ્ધ પુણ્ય ને પાપનો ભાવ તે જીવ સ્વરૂપનો ઘાતક છે... એ કારણે-એમ જાણીને... આ મૂલથી ચૂલ સુધી ત્યાજ્ય છે. આ... મૂલ... ચૂલ ત્યાગ. તેને મૂળમાંથી છોડી દેવો. પોતાનો ભગવાન આનંદ તેમાં લીન થઈને... રાગની ઉત્પત્તિ ન થવી તે રાગનો ત્યાગ છે, તેને આ મૂલ ત્યાગ કહેવામાં આવે છે. રાગનો ત્યાગ કરું એ લાઈન નહીં. કેમ કે રાગના ત્યાગમાં પણ દૃષ્ટિ રાગ ઉપર જાય છે. સમજમાં આવ્યું?

આ દયા-દાન-વ્રત આદિના વિકલ્પ છે તેનો ત્યાગ કરે તો દૃષ્ટિ ત્યાં જાય છે. પરંતુ એમ નહીં.., પરંતુ તે તરફની અસ્થિરતાનો રાગ છોડીને સ્વરૂપમાં સ્થિર થાય છે ત્યારે રાગની ઉત્પત્તિ થતી નથી. તેને આમૂલચૂલ રાગનો ત્યાગ કહેવામાં આવે છે. એક એક તત્ત્વ આવું છે.... આવી ચીજ છે. વાત અપૂર્વ છે. શ્રી જયસેનઆચાર્યની ટીકામાં છે કે- એક ભાવ પણ યથાર્થ સમજે તો સહજ જ સર્વ ભાવ સમજમાં આવે છે. એક ભાવ પણ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



યથાર્થ જેમ છે તેમ જો સમજે તો બધા ભાવ તેની સમજમાં આવી જાય છે. એક ભાવ પણ યથાર્થ સમજે નહીં તો બધા ભાવ વિપરીત છે.

**"तत्र संन्यस्तेसति" તે સઘળાય કર્મનો ત્યાગ થતાં** જ્યાં શુભને અશુભ ભાવનો યથાર્થ ત્યાગ થવાથી, **"पुण्यस्थ वा पापस्य वा का कथा" પુણ્યનો કે પાપનો શો ભેદ રહ્યો ?** પાપ ત્યાગવા યોગ્ય અને પુણ્ય ઠીક એવો ત્યાં ભેદ ક્યાં રહ્યો ? (ન રહ્યો.) જ્ઞાન સ્વભાવ ભગવાન આત્મા, તેમાં લીન થવાથી... પુણ્ય-પાપના ભાવનો મૂળમાંથી ત્યાગ છે. તેથી કહે છે કે- જ્યાં મૂળમાંથી ત્યાગ છે ત્યાં પુણ્ય-પાપના બે ભેદની કથા કેવી ? એ બેમાં ફેર કેમ ? (**संन्यस्तव्यम्**) પાપ છોડવું અને પુણ્યને રાખવું એવી વાત ત્યાં છે જ નહીં. આવો માર્ગ.

**"ભાવાર્થ આમ છે કે- સમસ્ત કર્મજાતિ હેય છે."** પુણ્યના અસંખ્ય પ્રકાર અને પાપના અસંખ્ય પ્રકાર-વિકલ્પના પ્રકારો તે સમસ્ત કર્મજાતિ છે... તે આત્માની જાત નહીં. **"પુણ્ય ને પાપના વિકલ્પની શી વાત રહી" ?** હવે તેને પુણ્ય-પાપમાં ભેદ છે એવું ક્યાં રહ્યું ? તે બન્ને કર્મજાતિ હેય છે.

આવી વાત લોકોને આકરી પડે છે. દિગમ્બર સંપ્રદાય પ્રમાણે - વ્રત અને તપ-ભક્તિ પૂજા કરે એ દિગમ્બરી, શ્વેતામ્બર સંપ્રદાય પ્રમાણે વ્રત-નિયમ કરીએ તે શ્વેતામ્બરી એમાં અઘરી વાત શું છે ?

અહીંયા તો કહે છે - દિગમ્બર સંપ્રદાય પ્રમાણે વ્રત-નિયમ તેને કહીએ કે જેને અંદર સમ્યગ્દર્શન થયું હોય. તેને રાગનું ઉપાદેયપણું છૂટી ગયું હોય અને અંદરમાં આનંદનો નાથ ભગવાન તેનું ઉપાદેયપણું પ્રગટ થયું હોય, પછી અંદરમાં સ્થિરતા કરે છે તેનું નામ દિગમ્બર ત્યાગ ધર્મ છે.

અહીંયા તો કહે છે - આ વ્રત-તપની ક્રિયા, શુભરાગ તે તો મૂળમાંથી છોડવા લાયક છે. તેમાં પાપ છોડવા લાયક અને પુણ્ય ઠીક છે તેવો ભેદ રહ્યો ક્યાં ? તે બેમાં એક ઠીક અને એક અઠીક તેવું ક્યાં રહ્યું ? પ્રવચનસારની ૭૭ ગાથામાંથી બતાવ્યું હતું ને..... "જે કોઈ પુણ્ય ને પાપ તે બેમાં વિશેષ-તફાવત માને છે કે પુણ્ય ઠીક અને પાપ અઠીક તે ઘોર સંસારમાં (**हिंडति**) અર્થાત્ રખડશે. આવી વાત છે. પુણ્ય ને પાપ તે બે માં ફેર છે તેમ માનવાવાળા, બન્નેને સમાન નહીં માનવાવાળા, ઘોર સંસારમાં હિંડતિ અર્થાત્ રખડશે. આવો પાઠ છે. દાનનો શુભભાવ અને કજુંસનો અશુભભાવ તે બન્ને ભાવનો અહીં ત્યાગ બતાવવો છે.

દાનનો અધિકાર ચાલે ત્યારે બીજી અપેક્ષાથી વાત આવે. પદ્મનંદી પંચવિંશતીમાં આવે છે કે- તને પૂર્વના પુણ્યના કારણથી બે-પાંચ-પચાસ લાખ, કરોડ મળ્યા હોય તો કાગડાની જેમ દાનમાં વહેંચજે. જેમ કાગડો ઉખેળિયાને ખાય છે - ભોજન કરે છે તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે એકલો ખાતો નથી, તે કૌ... કૌ... કરી અને પાંચ પચીસ કાગડાને બોલાવીને ખાય છે. તેમ તને આ પુણ્યનું ફળ મળ્યું છે. તેમાં પાંચ પચીસ લાખ, કરોડ-બે કરોડ મળ્યા છે તે પૂર્વના શુભભાવનાં કારણે. તે શુભભાવથી આત્માની શાંતિ દાઝી હતી.

આચાર્યદેવ તો ત્યાં સુધી કહે છે કે- જેમ કાગડો એકલો ન ખાય તેમ તને ખૂરજનનું - પુણ્યનું ફળ મળ્યું છે અને જો એકલો ખાઈશ તો કાગડામાંથી જઈશ. જ્યારે જે અધિકાર હોય ત્યારે તે કહે ને!! પદ્મનંદીમાં છે પુણ્યનો અધિકાર. પાપભાવથી શુભની કંઈક જુદી વાત કરવી હોય ત્યારે એ બતાવે છે. પૂર્વના પુણ્યને કારણે તે ઉખેળિયા હતા - બંધન હતું... તેના ફળમાં આ થોડી ધૂળ મળી છે. તેમાં તારા કુટુંબ-કબીલા માટે એકલો ખાઈશ તો કાગડામાંથી જઈશ... યાદ રાખજે. દાન અધિકારમાં આ વાત છે. ત્યાં આગળ રાગની મંદતા કરવા અને તીવ્રતા છોડવાને માટે આ વાત કહી છે.

અહીં તો એ વાત બતાવવી છે કે- પુણ્ય ને પાપમાં બે ભેદ નથી. પુણ્ય ને પાપના કેવા ભેદ? "**આ વાત નિશ્ચયથી જાણો.**" શુભને અશુભભાવમાં કાંઈ ફેર નથી તે વાતને નિશ્ચયથી જાણો. બન્નેભાવ રાગ છે, મેલ છે, દુઃખ છે, વિભાવ છે. જેને ધર્મની દૃષ્ટિ કરવી હોય તેને તો બન્ને ભાવ બંધનું કારણ છે. તે ભાવને હેય માની અને સ્વરૂપની દૃષ્ટિ અને સ્વરૂપની રમણતા કરવી. આવી વાત છે સમજમાં આવ્યું?

"**પુણ્ય-પાપના વિવરણની શું વાત રહી? "किल" આ વાત નિશ્ચયથી જાણો, પુણ્યકર્મ ભલું એવી ભ્રાંતિ ન કરો.** ભગવાન આનંદ સ્વરૂપ તેના વિરુદ્ધનો શુભભાવ ઠીક છે તેવી ભ્રાંતિ ન કરો. "ज्ञानं मोक्षस्य हेतुः भवन् स्वयं धावति" શુભભાવનો ત્યાગ બતાવ્યો તો હવે કરવું શું? "**(ज्ञानं) જ્ઞાન અર્થાત્ આત્માનું શુદ્ધચેતનારૂપ પરિણમન.**" જે ત્રિકાળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે તેનું વર્તમાનમાં અર્થાત્ શુદ્ધ ચૈતન્યનું પરિણમન, જેમાં રાગના અંશનો અભાવ છે અને નિર્મળતાનો સદ્ભાવ છે.

"**આત્માનું શુદ્ધચેતનારૂપ પરિણમન મોક્ષનું અર્થાત્ સકળ-કર્મક્ષયલક્ષણ એવી અવસ્થાનું (हेतुः भवन्) કારણ થતું થકું,**" શુદ્ધચૈતન્યની શ્રદ્ધા-જ્ઞાન ને પરિણમન તે મોક્ષનું કારણ છે. પુણ્ય ને પાપના ભાવ બન્ને બંધનું કારણ સંસાર છે. "**તે સ્વયં દોડે છે એવું સહજ છે" (स्वयं धावति) સ્વયં દોડે છે.**"

હવે કહે છે કે- રાગ વિનાની જે પોતાની ચીજ છે તેમાં દૃષ્ટિ કરીને સ્થિરતા કરે છે તો શુદ્ધ પરિણતિ દોડે છે. એક પછી એક, એક પછી એક તેમ નિર્મળ પરિણતિ ઉત્પન્ન થાય છે. અને તે નિર્મળ પરિણતિ મોક્ષનું કારણ છે. ભાષા કેવી છે જુઓ! સ્વયં દોડે છે. 'स्वयं धावति'.

શુદ્ધ ચૈતન્ય ત્રિકાળી સ્વભાવ, પરમ પવિત્ર પ્રભુ! તેના અવલંબનથી જે શુદ્ધ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પરિણતિ ઉત્પન્ન થાય છે તે મોક્ષના કારણપણે સ્વયં દોડે છે. સ્વયં દોડતી કેમ કહ્યું ? પુણ્ય ને પાપના ભાવની સહાયતા વિના શુદ્ધ પરિણતિ સ્વયં દોડે છે.

બે શબ્દ પડયા છે. '**स्वयं धावति**' આ તો ગંભીર શબ્દ છે. સ્વયં નામ પોતાથી એ શુદ્ધ પરિણતિ છે. પરની સહાય વિના, વ્યવહાર રત્નત્રયની સહાય વિના, પોતાથી તે શુદ્ધ પરિણતિ સ્વયં દોડતી આવે છે. 'સ્વયં' શબ્દ કહીને... તે પરિણતિને વ્યવહારની અપેક્ષા નથી તેમ બતાવ્યું છે. વ્યવહાર રત્નત્રયનો જે શુભરાગ છે તેની અપેક્ષા તે પરિણતિને નથી. સ્વયમ્ શુદ્ધ-ચૈતન્ય સ્વભાવ... પોતાનાથી... પોતાની પરિણતિમાં દોડતો શીઘ્ર કામ કરે છે. આહાહા ! આવી વાત છે.

એ શુદ્ધ સ્વરૂપ, પોતાનું પરમાત્મ સ્વરૂપ જે તેનો આશ્રય લેવાથી... અને પુણ્યના પરિણામનું અવલંબન નામ આશ્રયના સહાય વિના, વ્યવહાર રત્નત્રયની અપેક્ષા કે આશ્રય લીધા વિના, પોતાનો શુદ્ધ સ્વભાવ સ્વયં પોતાથી નિર્મળ પરિણતિરૂપે દોડે છે. તેનો અર્થ એ થયો કે- તે પરિણામ નિર્મળ-નિર્મળ... થતાં... થતાં... દોડતાં... તે અલ્પકાળમાં સ્વયમ્ પૂર્ણ થઈ અને કેવળજ્ઞાન થઈ જશે. શુદ્ધ પરિણતિ દોડતી... દોડતી શીઘ્ર કેવળજ્ઞાન લેશે.

એ શુદ્ધ પરિણતિને અહીંયા મોક્ષનું કારણ કહેવું છે ને ! તે સ્વયં દોડતી કારણ છે. તેને દોડતાં દોડતાં જવાનું છે ક્યાં ! તેને ત્યાં પૂર્ણપણે કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાને જવાનું છે. આહા ! સમજમાં આવ્યું ? આવો ઉપદેશ તે લોકોને આકરો પડે. અરે ! જગતમાં વાડાબંધી એવી છે કે પોતાની દૃષ્ટિથી બંધાય ગયા છે, તેને આ વાત રુચે નહીં. અહીં તો આ વાત સંતો કહે છે.

પેલા ભાઈએ કહ્યું કે- કળશટીકામાં સુધારો કરવો. અરે... પ્રભુ ! તું કેટલો સુધારો કરીશ ! એ એમ કહે છે કે- નિશ્ચયની વાતને ઉડાડો છો તો વ્યવહારની વાતથી સુધારો. શું સુધારવું બાપુ; પ્રભુ ! તું સુધરી જા ને ! તારી દૃષ્ટિમાંથી આ પુણ્ય-પાપના ભેદને કાઢી નાખને ! તો તું સુધરી જઈશ ! તારામાંથી તું પુણ્ય ઠીક અને પાપ અઠીક એવો ભેદ કાઢી નાખ.

"**ભાવાર્થ આમ છે કે- જેમ સૂર્યનો પ્રકાશ થતાં સહજ જ અંધકાર મટે છે.**" સહજ અંધકાર મટે છે તેને મટાડવો પડતો નથી. પ્રકાશમાં અંધકાર ઉત્પન્ન જ થતો નથી તો તેનો નાશ કરવાનું રહ્યું ક્યાં ? તેમ જ જીવ શુદ્ધ ચેતનારૂપ પરિણમતાં ( શુદ્ધ પરિણતિ પ્રગટે છે. ) ભગવાન આત્મા શુદ્ધચૈતન્યસ્વરૂપ તેની અભિમુખ થઈને, અર્થાત્ શુદ્ધ ચૈતન્યરૂપ પરિણમન થતાં, સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની શુદ્ધ પરિણતિ થતાં સમસ્ત વિકલ્પ મટે છે.

"**જેમ સૂર્યનો પ્રકાશ થતાં સહજ જ અંધકાર મટે છે, તેમ જીવ શુદ્ધ ચેતનારૂપ પરિણમતાં સહજ જ સમસ્ત વિકલ્પો મટે છે,** ચૈતન્યરૂપ શુદ્ધ પરિણમતાં સહજ જ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમસ્ત વિકલ્પો મટે છે. સમસ્ત વિકલ્પ એટલે ? ( ભાવકર્મ ) રાગાદિ મટી જાય છે. આવો માર્ગ છે તે તેને રુચે નહીં. એ માને છે કે- વ્રત-તપ કરીએ છીએ તેનાથી ધર્મ થાય છે. સમ્યગ્દર્શન વિનાના વ્રત-તપ હોં ! એનાથી વિરુદ્ધ કહો તો તે માન્ય નથી. અરે... ભગવાન ! તને શું થયું છે ? શરણભૂત ચીજનો અનાદર અને અશરણભૂતનો આદર. શુભભાવ આદિ તો અશરણભૂત છે. તે તારું શરણ નહીં. ભગવાન શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનું શરણ લેવું. તને ચૈતન્યની શુદ્ધ પરિણતિ જ શરણ છે. વીતરાગી પરિણતિ જ શરણ છે.

અરે... તને આવું મનુષ્યપણું મળ્યું છે. તિર્યંચને મનુષ્યપણું નથી મળ્યું. તને મનુષ્યપણું મળ્યું છે તો સત્યની સત્ય સમજણ ના કરી; સમ્યગ્દર્શન ન કર્યું તો મનુષ્યપણું મળ્યું તે ન મળ્યા બરોબર થઈ ગયું. આહાહા ! પશુને મળ્યું નહીં અને તને મળ્યું... અને તેમાં કામ ન કર્યું તો... ( મનુષ્યપણું શા કામનું ? )

આહાહા ! અંદરમાં શુદ્ધ ચૈતન્યભગવાન તેની શ્રદ્ધા જ્ઞાન ને રમણતાં એવું શુદ્ધ ચૈતન્યનું પરિણમન થતાં સહજ જ સમસ્ત વિકલ્પ મટે છે. જેમ સૂર્યના પ્રકાશમાં અંધકારની ઉત્પત્તિ નથી. તેમ શુદ્ધચૈતન્યના પરિણમનમાં વિકલ્પની ઉત્પત્તિ નથી. અંતર્મુખ થવાનો આવો માર્ગ છે. આ બહિર્મુખની જેટલી વૃત્તિઓ અને વિકલ્પ હો એ બધા બંધનું કારણ છે.

કોઈ કહે કે- આ તો નિશ્ચયની વાત છે... તેનું કોઈ સાધન છે ? આ સાધન છે. સ્વરૂપની ઉત્પત્તિ તે જ સાધન છે. આહાહા ! પ્રજ્ઞાછીણીને સાધન કહ્યું ને !

સમસ્ત વિકલ્પ કેવી રીતના મટે છે ? શુદ્ધસ્વરૂપ જે દ્રવ્યસ્વભાવ... તેના અવલંબનથી; વિકલ્પ રહિત નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિ પ્રગટે છે, ત્યારે ત્યાં સમસ્ત વિકલ્પ મટી જાય છે. સૂર્યના પ્રકાશમાં અંધકાર રહેતો નથી તેમ શુદ્ધ ચૈતન્યના પરિણમનમાં અંધકાર રહેતો નથી. આવી વાત લોકોને આકરી પડે. બાપુ ! અનંતકાળથી રખડયો પણ તને ક્યાંય સુખ ન મળ્યું. તારું ( બહારમાં ) ક્યાંય સુખ છે નહીં. એ સુખનો સાગર ભગવાન છે ને ભાઈ ! એ સુખના સાગર ભગવાન પાસે ત્યાં જા ને ભાઈ ! પુણ્ય ને પાપના ભાવ તો દુઃખનો દરિયો છે. તે વિકલ્પની જાળ તે આકુળતાનું કારણ છે... અને આકુળતારૂપ છે. ભગવાન આનંદનું કારણ છે અને આનંદરૂપ છે. આવી વાત છે.

અજ્ઞાની માને છે કે- બહારથી સુખ મળશે, અહીંયાથી સુખ મળશે, સ્ત્રીમાંથી સુખ મળશે, પૈસામાંથી સુખ મળશે, આબરૂમાંથી સુખ મળશે, વેપાર ધંધા ખૂબ જામી જાય તો સુખ મળશે તેમ માનનાર મૂઢ છે. તેણે જીવને મારી નાખ્યો. અંદરમાં ચૈતન્ય સાગર આનંદથી ડોલે છે. આહાહા ! અતીન્દ્રિય આનંદનો સાગર પરમાત્મા ત્યાં નજર કર્યા વિના તને સુખ નહીં મળે. પુણ્ય-પાપમાં સુખ નથી અને બહારમાં પુણ્ય-પાપના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ફળમાં અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ મળે તેમાં સુખ નથી.

જેમ ગધેડા ઉપર ચંદનનો ભારો છે પરંતુ ગધેડાને ચંદનની સુગંધની ખબરે ય નથી; તેમ ભગવાન આત્મા તેના ઉપર વિકલ્પના મોટા ભારા છે તેને આત્માની સુગંધ નથી.

**"જ્ઞાનાવરણાદિ કર્મ અકર્મરૂપ પરિણમે છે, રાગાદિ અશુદ્ધ પરિણામ મટે છે. કેવું છે જ્ઞાન ?"** જુઓ! ભાષા જુઓ! શ્રી ફૂલચંદજી સિદ્ધાંત શાસ્ત્રીએ જૈનતત્ત્વ મિમાંસામાં લખ્યું છે કે- ચાર કર્મનો નાશ થાય તો કેવળજ્ઞાન થાય છે એમ તમે કહેતા હો તો એમ નથી. ચાર કર્મના નાશથી તો કર્મની પર્યાય અકર્મરૂપ થાય છે. જે કર્મની પર્યાય છે તેનો વ્યય થઈને અકર્મરૂપની પર્યાય થાય છે. સમજમાં આવ્યું ?

અહીં તો કહે છે - મોક્ષની કેવળજ્ઞાનની પર્યાય અંદર દ્રવ્યના આશ્રયથી પ્રગટ થાય છે. પૂર્વનો જે મોક્ષનો માર્ગ છે તેનાથી પણ કેવળજ્ઞાનની-મોક્ષની પર્યાય ઉત્પન્ન થતી નથી. એમ કહેવું એ પણ વ્યવહાર કથન છે. આહાહા! દ્રવ્યમાં જ શક્તિ પડી છે કેવળજ્ઞાનની સર્વજ્ઞની; એ શક્તિની વર્તમાન વ્યક્તતાનું સીધું પરિણમન તે સર્વજ્ઞપણું અને મોક્ષ છે. એ મોક્ષ અર્થાત્ કેવળજ્ઞાન ચાર કર્મનો નાશ થયો માટે ઉત્પન્ન થયું છે તેમ છે જ નહીં. તેમ પૂર્વની મોક્ષમાર્ગની પર્યાય હતી તેનો વ્યય થયો અને કેવળજ્ઞાન થયું એમ પણ નથી. જે પર્યાય વ્યય થઈ તેમાં કેવળજ્ઞાન ક્યાંથી આવે ? અંદરમાં ભગવાન પૂર્ણાનંદનો નાથ, સર્વજ્ઞ સ્વભાવી વસ્તુ તેમાંથી પરિણમન થઈને સર્વજ્ઞપણું પ્રગટ થાય છે. વસ્તુની સ્થિતિ તો આ રીતે મર્યાદામાં રહેલી છે. સમજમાં આવ્યું ?

ગઈ કાલે કહ્યું હતું કે- ધર્મી, જૈનશાસનને ઉલ્લંઘતો નથી. પોતાના સ્વરૂપને ઉલ્લંઘતો નથી અને રાગમાં જતો નથી. રાગ થાય છે પણ તેનો જાણવાવાળો રહે છે. આ રાગ મારો છે તેમ ધર્મી માનતો નથી. એ લોકો તો એમ કહે છે કે- રાગની ક્રિયાને મોક્ષનો મારગ માનો નહીંતર તમારું એકાંત છે. ભગવાન! તારી ચીજમાં એકાન્ત જ છે. અનુભવ પ્રકાશમાં કહ્યું છે કે તારી શુદ્ધતા તો મોટી પણ તારી અશુદ્ધતાએ મોટી છે. તેં તીર્થંકરનું સાંભળ્યું; તને સત્ સાંભળવામાં આવ્યું તો પણ તેં અશુદ્ધતા છોડી નહીં.

તારી પરમાનંદ મૂર્તિ પ્રભુની શુદ્ધતા તો મોટી છે પણ તારી અશુદ્ધતાએ મોટી છે. સમવસરણમાં તીર્થંકર જેવા (અરિહંત) મળ્યા, તેનું સાંભળ્યું..... તો પણ તેં તારી અશુદ્ધતા છોડી નહીં. અનુભવ પ્રકાશમાં દીપચંદજીએ લખ્યું છે.

અહીંયા કહે છે પ્રભુ! તું એકવાર તારા નાથને સંભાળને! આ રાગ તારી ચીજ નથી પ્રભુ! તારા દ્રવ્ય ને ગુણમાં એ વસ્તુ નથી. પર્યાયમાં ઉત્પન્ન થઈ છે એ તો તારી વિકૃત અવસ્થા છે. વસ્તુ તો સ્વભાવનો સાગર છે ને! એ આત્મ સ્વભાવના પરિણામ પર્યાયમાં હોવા છતાં અશુદ્ધપણું મટે છે.... અને **"જ્ઞાનાવરણીય અકર્મરૂપ પરિણમે છે, રાગાદિ અશુદ્ધ પરિણામ મટે છે."**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



" **કેવું છે જ્ઞાન ?** " ભગવાન આનંદકંદપ્રભુ સ્વરૂપે કેવો છે ? " **नैष्कर्म्यप्रतिबद्धम्** " **નિર્વિકલ્પસ્વરૂપ છે.** " નિર્વિકલ્પ સ્વરૂપ છે તે નિષ્કર્મ ( **प्रतिबद्धम** ) છે. ભગવાન તો રાગ વિનાનો નિર્વિકલ્પ સ્વરૂપે છે જ. દયા-દાનના વિકલ્પથી રહિત નિર્વિકલ્પ તારી ચીજ છે. આહાહા ! એ ચીજમાં, વિકલ્પતાનો અવકાશ નથી. નિષ્કર્મ સાથે ' પ્રતિબદ્ધમ ' એવો શબ્દ છે. નિર્વિકલ્પ સ્વરૂપ છે અર્થાત્ ભગવાન તારી ચીજમાં વિકલ્પમાત્ર નથી. નિર્વિકલ્પ નિષ્કર્મ પ્રતિબદ્ધ છે. પ્રતિબદ્ધનો અર્થ નિર્વિકલ્પ કર્યો.

હજુ શ્રદ્ધામાં આ વાત બેસે નહીં તો તેનો અનુભવ ક્યાંથી કરે ? ઝગડા..... ઝગડા.... ઝગડા. " **વળી કેવું છે ?** " **उद्धतरसं** " **પ્રગટપણે ચૈતન્ય સ્વરૂપ છે.** " જેનું જ્ઞાન સ્વરૂપ ઉદ્ધત છે, તે કોઈને ગણતું નથી. તે રાગને ગણતું નથી. જેનો ઉદ્ધત રસ... ચૈતન્યરસ છે તે જ્ઞાનરસ કોઈને અર્થાત્ રાગાદિને ગણતું નથી. લોકમાં કહેવાય ને કે- આ માણસ ઉદ્ધત છે, તે કોઈને ગણતો નથી. થોડી પણ સત્યવાત હોવી જોઈએ. મોટી મોટી વાતું કરે... એમાં સત્યતા હાથ ન આવે.

ભગવાન નિષ્કર્મ પ્રતિબદ્ધ છે. નિર્વિકલ્પ સ્વરૂપ છે. ઉદ્ધત જેનો રસ છે. ઉદ્ધતનો શો અર્થ કર્યો ? પ્રગટ ચૈતન્યસ્વરૂપ છે. ઉદ્ધત ચૈતન્યરસ છે. ચૈતન્યરસ અદ્‌ભૂતરસ તે કોઈને ગણતો નથી. તે રાગને, વ્યવહારને ગણતો નથી. તારી સહાય મને નહીં, મને મારી સહાય સ્વયંથી છે. આવી વાત છે.

" **શાથી મોક્ષનું કારણ થાય છે ?** એ ચૈતન્ય નિર્વિકલ્પ સ્વરૂપ. ઉદ્ધતરસ એટલે પ્રગટ ચૈતન્ય સ્વરૂપ. કેવું હોવાથી મોક્ષનું કારણ થાય છે ? ચૈતન્ય સ્વરૂપ તો ત્રિકાળ પ્રગટ છે. એમ કહે છે કે- વસ્તુ તો ચૈતન્ય અખંડાનંદ પ્રગટ પ્રભુ છે. તે જ્ઞાન ને આનંદરસથી ભર્યો પડયો પ્રભુ આત્મા છે. તે કેવું હોવાથી મોક્ષનું કારણ થાય છે ? તે કહે છે.

" **सम्यकत्वादिनिजस्वभावभवनात्** ", **જીવનાગુણ સમ્યગ્દર્શન ( आदि ) સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એવા છે.** " આ વિકલ્પ તે સ્વભાવ નહીં. ( **निजस्वभाव** ) **જીવના ક્ષાયિક ગુણ તેમના પ્રગટપણાને લીધે.** "

ક્ષાયિક સમ્યગ્દર્શન થાય છે અને ક્ષાયિક કેવળજ્ઞાન પણ શુદ્ધપરિણતિના કારણથી થાય છે. ( भवनात् ) પરિણમનમાં પ્રગટપણાને કારણે.

" **ભાવાર્થ આમ છે - કોઈ આશંકા કરશે કે મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેય મળીને છે.** " અહીં જ્ઞાનમાર્ગ મોક્ષમાર્ગ કહ્યો તે કઈ રીતે કહ્યો ? શું કહે છે ? મોક્ષમાર્ગ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય મળીને છે. જ્યારે તમે તો જ્ઞાન..... જ્ઞાન.... જ્ઞાન જ કરો છે. જ્ઞાન મોક્ષમાર્ગ, જ્ઞાનમોક્ષમાર્ગ, જ્ઞાનમોક્ષમાર્ગ, શુદ્ધ ચૈતન્ય મોક્ષમાર્ગ, શુદ્ધ ચૈતન્યમોક્ષમાર્ગ, જ્યારે મોક્ષમાર્ગ તો દર્શન-જ્ઞાન-ચારિત્ર

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્રણેય છે. અને તમે તો એકલું જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન કરો છો ! ઉપર પાઠમાં ( ज्ञानम् ) એમ શબ્દ આવ્યો છે. શાસ્ત્રમાં તો સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રને મોક્ષનો હેતુ-કારણ કહ્યું છે અને તમે જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન કરો છો ? ધીરજથી સાંભળ તો ખરો પ્રભુ !

એકલા જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન મોક્ષનો માર્ગ કહ્યો. જ્યારે ભગવાને તો દર્શન-જ્ઞાન ચારિત્ર ત્રણેયને મોક્ષમાર્ગ કહ્યો છે. તો પછી એકલા જ્ઞાનને જ કેમ કહ્યું ?

**"તેનું સમાધાન આમ છે કે શુદ્ધસ્વરૂપ જ્ઞાનમાં સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર સહજ જ ગર્ભિત છે, તેથી દોષ તો કાંઈ નથી, ગુણ છે."**

શુદ્ધ સ્વરૂપ અર્થાત્ જ્ઞાન પરિણમન હોં ! જે ત્રિકાળ શુદ્ધ સ્વરૂપ છે તેનું શુદ્ધ પરિણમન. જ્ઞાનનું વર્તમાન શુદ્ધ પરિણમન. તેમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય ગર્ભિત છે. તેમાં સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર સહજ જ ગર્ભિત છે. આ તમે શું કહ્યું ? તમે તો એમ કહેતા આવ્યા છો કે ( ज्ञानम् ) મોક્ષમાર્ગ. આ વાત બે-ત્રણ જગ્યાએ છે. પાનું ૮ માં છે, પાનું ૩૩ માં છે અને આ ૯૧ પાનામાં આ આવ્યું. આ અગાઉ બે જગ્યાએ આવી ગયું છે.

આત્મા જ્ઞાન સ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ અને જ્ઞાન સ્વરૂપ. જ્ઞાનસ્વરૂપે પરિણમન કરવું તે મોક્ષમાર્ગ છે. આ રીતે તમે તો એકલા જ્ઞાનને મોક્ષમાર્ગ કહો છો, જ્યારે ભગવાને તો દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેયને મોક્ષમાર્ગ કહ્યો છે ? સાંભળ તો ખરો પ્રભુ ! શુદ્ધસ્વરૂપ જ્ઞાનમાં અર્થાત્ વર્તમાન શુદ્ધ પરિણમન તે દયા-દાન, પુણ્યના વિકલ્પથી રહિત છે તે જ્ઞાનમાં સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન સહજ જ ગર્ભિત છે. સમજમાં આવ્યું ?

જ્ઞાનસ્વરૂપ પુર્ણ પ્રભુ ! તેનું વર્તમાનમાં જ્ઞાનમય પરિણમન થવું તેને મોક્ષનું કારણ કહ્યું. એ... જ્ઞાનના પરિણમનમાં દર્શન અને ચારિત્ર ગર્ભિત છે. એ જ્ઞાનના પરિણમનમાં પ્રતીતિ અને લીનતા ત્રણેય સાથે છે. અરે ! આવી વાતો છે.

પાઠમાં શબ્દ છે ને ! " સહજ છે. " સહજ જ ગર્ભિત છે. સ... હ..... જ... જ... ગર્ભિત છે. ભગવાન ચૈતન્ય શુદ્ધ વસ્તુ તેનું શુદ્ધ પરિણમન જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું તેને અમે જ્ઞાનનું પરિણમન કહ્યું. અને તેને મોક્ષનું કારણ કહ્યું. એ જ્ઞાન પરિણમનમાં સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર અંદરમાં ગર્ભિત છે જ. સમજમાં આવ્યું ?

જ્ઞાન છે તે આત્માનો અસાધારણ સ્વભાવ છે. જ્ઞાન આત્માનો અસાધારણ ગુણ છે. તે કારણે આત્માને જ્ઞાનમાત્ર કહેવામાં આવે છે. એકલો જ્ઞાનમાત્ર કહ્યો માટે એકલો જ્ઞાનમાત્ર છે એમ નથી. જ્ઞાન પર્યાયમાં અનંતગુણની પર્યાય ઉછળે છે. આવો ઉપદેશ લોકોને કઠિન લાગે ! તેથી પર્યુષણ દિવસોમાં તેઓ કહે - અપવાસ કરો... આ કરો, તે કરો ! એ બધું રાગની મંદતા હો તો ભલે હો ! પણ... તે કોઈ ધર્મ નથી. અશુભથી બચવા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુભભાવ હો પણ તે કોઈ તપસા છે તેમ નથી.

ગઈકાલે આવ્યું હતું ને! તપ તેને કહીએ કે- આત્માના અનુભવપૂર્વક જે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર છે, તે ચારિત્રમાં ઉગ્ર ઉદ્યમ કરવો તે જ તપ છે. ચારિત્રમાં ઉગ્ર ઉદ્યમ કરવો તે તપ છે. હજુ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર તો છે નહીં અને તેને ઉગ્ર તપ ક્યાંથી આવ્યું? આવી તપની વ્યાખ્યા... બીજે ક્યાંય સાંભળવા મળે નહીં. તપ... તપ "**तपन्ति इति तप:**" ભગવાન આત્મા તેના શુદ્ધ સ્વરૂપનો અનુભવ તેમાં પ્રતીતિ અને લીનતા. તે લીનતામાં ઉગ્ર પુરુષાર્થ તેને તપ કહેવામાં આવે છે.

વેજલકાના એક ભાઈ છે, અત્યારે વડોદરા રહે છે. તેની એક સાધ્વીજી સાથે ચર્ચા થઈ હતી. વેજલકાના ભાઈએ કહ્યું કે- વીતરાગતા તે ધરમ છે. તો પેલા મહાસતીએ કહ્યું કે- તમે ગમે તેમ કહો પણ અમે તો એમ માનીએ કે- અપવાસ તે તપ છે, તપ તે નિર્જરા છે અને નિર્જરા એ ધર્મ છે, અમે આમ માનીએ, બીજું અમે ન માનીએ.

અત્યારે તો સત્યને કહેનારા હજારો થઈ ગયા છે. સેંકડો તો વ્યાખ્યાનવાળા (પ્રવચનકાર) તૈયાર થઈ ગયા છે. હજારો જીવો તો ચર્ચા કરવાવાળા તૈયાર થઈ ગયા છે. આ વાત બહાર આવી તેને બેતાળીસ વર્ષ થયા ને!

પેલાભાઈ મહાસતી પાસે ગયા તો તે કહે તમે બધું ભલે કહો! પણ.... અપવાસ તે તપ છે, તપ છે તે નિર્જરા છે અને નિર્જરા તે ધર્મ છે. અરે... આ તો બધા વિકલ્પો છે... અને તેમાં રાગની મંદતા હો તો શુભભાવ છે. જો માન માટે, આબરૂ માટે, જગતમાં પ્રશંસા થાય તે માટે કરતા હો તો પાપ છે. બાર પ્રકારના તપમાં અનશન, ઉદીરણા, વ્રતપરિસંખ્યાન, વિનય, વયાવ્રત, કાર્યોત્સર્ગ એ બધી વિકલ્પની વાતો છે. ભાઈ! તને ખબર નથી! 'ણ્મોઅરિહંતાણં' તેને પણ તપમાં ગણવામાં આવ્યું છે. તેનો અર્થ શું? અરિહંતના દર્શનનો ભાવ વિકલ્પ છે અને તેનાથી ભિન્ન ભગવાન આત્મા છે તે સ્વઅધ્યાય છે. સ્વનો અનુભવ કરવો તે સ્વાધ્યાય છે... અને તે તપ છે.

બહારમાં શાસ્ત્ર સ્વાધ્યાય તો અનંતવાર કર્યા. અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વની લબ્ધિ મળી પરંતુ તેનાથી શું થયું? તે કોઈ ચીજ નથી. એક એક અંગમાં ૧૮૦૦૦ પદ, એક એક પદમાં એકાવન કરોડથી વધારે શ્લોક, આવા અગિયાર અંગ કેઠસ્થ કર્યા.

એકાવન કરોડથી વધારે શ્લોક એવું એક પદ, એવા ૧૮૦૦૦ પદ, આચારાંગના ૩૬૦૦૦ પદ, સૂત્રકૃતાંગના ૭૨૦૦૦ પદ, પઠાણમ્‌નાં તેનાથી ડબલ પદ એવા એવા અગિયાર અંગ કંઠસ્થ કર્યા. તો શું થયું? પથ્થરમાં શાસ્ત્રની કોતરણી કરવાથી શું શાસ્ત્ર હળવું થઈ જાય? શાસ્ત્રમાં જે લખ્યું હોય તેને પાણીમાં નાખે તો તે તરે! પથ્થર તરે? તેમ મનમાં શાસ્ત્ર લખ્યા છે. મનમાં કોતરણી કરી છે... (જ્ઞાનમાં નહીં.) સમજમાં આવ્યું? આ દાખલો શાસ્ત્રમાં છે હોં! શાસ્ત્રમાં બધું પડયું છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ! જેનો સ્વભાવ જ્ઞાન છે એવા જ્ઞાન સ્વભાવનો આશ્રય કરીને.... જે જ્ઞાન પ્રગટ થયું તેને જ્ઞાન કહે છે. એ જ્ઞાન મોક્ષનું કારણ છે. એ જ્ઞાનમાં સહજ દર્શન-જ્ઞાન ને ચારિત્ર ગર્ભિત છે. અરે.... વીતરાગદેવ, સર્વજ્ઞ પરમાત્માના શાસનમાં માર્ગ તો આ છે.

સમયસાર પંદરમી ગાથામાં કહ્યું ને! જે કોઈ પોતાના આત્માને અબદ્ધ-સ્પૃષ્ટ દેખે, સામાન્ય દેખે, રાગ દ્વેષથી અબદ્ધને નિશ્ચયથી ભિન્ન દેખે... તેને સર્વ જિનશાસન દેખ્યું.

**" जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं "** જેણે આત્માને અબદ્ધ દેખ્યો છે તેની વાત છે. શાસ્ત્ર ભણ્યા ન ભણ્યા એની વાત અહીંયા છે નહીં. ભગવાન આત્મા મુક્ત સ્વરૂપે છે તેને અહીંયા અબદ્ધ કહ્યું છે. રાગથી બંધાયો નથી, તે મુક્ત છે. જેણે અબદ્ધને સ્પષ્ટ દેખ્યો તેણે સર્વ જિનશાસનને દેખ્યું છે. રાગથી ભિન્ન દેખ્યું તેણે જિનશાસન દેખ્યું છે. રાગ સહિત આત્માને દેખે તેને કલ્યાણ થાય તે જિન શાસનમાં છે નહીં.

**" તેથી દોષ તો કાંઈ નથી, ગુણ છે. "** જ્ઞાનમાત્ર મોક્ષમાર્ગ કહ્યું તેમાં દોષ નથી પરંતુ ગુણ છે. તેમાં ગર્ભિતપણે ચારિત્રઆદિ આવી જાય છે.

## પ્રવચન નં. ૧૦૫ તા. ૨૫-૯- '૭૭

પર્યુષણનો આજે નવમો દિવસ છે. આકિંચન્ય ધર્મ. કોઈ મારું નથી. રાગ અને રજકણ પણ મારી ચીજ નથી. અહીંયા તો મુનિની મુખ્યતાથી વાત કરે છે.

**" तिविहेण जो विवज्जदि , चेयणमियरं च सव्वहा संगं।**
**लोयववहारविरदो , ण्गिंथतं हवे तरस।।**

આહાહા! મુનિ તો સમ્યગ્દૃષ્ટિ અંતર અનુલક્ષી હોય છે. એ ઉપરાંત તેમને સ્વરૂપમાં ચારિત્રની રમણતા પ્રગટ થઈ છે. તેમાં આકિંચન્યધર્મ કેવો હોય છે. તે વાત ચાલે છે.

જે મુનિ લૌકિક વ્યવહારથી વિરક્ત છે. અરે! અંદરમાં જે ક્રિયાકાંડનો વિકલ્પ ઊઠે છે તેનાથી પણ વિરક્ત છે. ઝીણી વાતો છે.

**" चेयणमियरं च सव्वहा संगं "** ચેતન અને અચેતનકૃત જે સર્વ પરિગ્રહ છે તેનું મમત્વ છોડી દે છે. ચેતનમાં પોતાના શિષ્યનો સંગ, વસ્તી અને અચેતનમાં શાસ્ત્ર, આદિ ઉપકરણ તેમનું પણ તેમને મમત્વ છે નહીં. મારી ચીજ તો આનંદસ્વરૂપ છે. હું ભગવાન પૂર્ણાનંદ છું. એમાં પેલી ચીજનો ત્રિકાળમાં સંબંધ નથી. આ રીતે અંતરમાં મન, વચન અને કાયાથી કૃત-કારયિતા અને અનુમોદનથી છોડું છું. મનથી, વચનથી કાયાથી, કૃત-કારયિતા અને અનુમોદનથી છોડે છે તે મુનિનું નિર્ગ્રંથપણું છે. મુનિ અન્ય પરિગ્રહ તો છોડે જ છે, કેમ કે તેમને વસ્ત્ર- પાત્ર તો હોતા જ નથી.

ભાવલિંગી સંત જેને અંતરમાં પ્રચુર આનંદના સ્વસંવેદનપૂર્વક દશા પ્રગટ થઈ છે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવલિંગનું લક્ષણ છે, અંદરમાં પ્રચુર આનંદ.... આનંદ આનંદ છે. વધારે આનંદનું વેદન જેને અંતરમાં પ્રગટ થયું છે. તે ભાવલિંગનું લક્ષણ છે. અને દ્રવ્યલિંગમાં નગ્નપણું અને પંચમહાવ્રતાદિના વિકલ્પ હોય છે પરંતુ તેનાથી અંતરદૃષ્ટિમાં વિરક્ત છે.

આહાહા ! આવું મુનિપણું આવ્યા વિના કોઈને ક્યારેય મુક્તિ હોતી નથી. મુક્તિનું કારણ સીધું ચારિત્ર છે. એકલા સમ્યગ્દર્શન જ્ઞાનથી મુક્તિ થશે તેમ નથી. સમ્યગ્દર્શન જ્ઞાન ને સ્વરૂપનું આચરણ હોવા છતાં, સ્વરૂપમાં જે નિગ્રઁથદશાનું અર્થાત્ લીનતા પ્રગટ ન થઈ તો મોક્ષનું કારણ થતું નથી.

ચેતન અચેતનમાં પુસ્તક, પીંછી, કમંડળ આદિ જે ધર્મના ઉપકરણ છે તેને અને આહાર તે પણ અચેતન છે તેનું સર્વથા મમત્વ છોડે છે. મુનિ એમ વિચારે છે કે હું તો આત્મા જ છું. હું આત્મા છું તેનો અર્થ કે– હું તો જ્ઞાતાદૃષ્ટા જ છું. હું તો નિર્વિકલ્પ આનંદકંદ આત્મા છું. બહારમાં મારું કાંઈ જ નથી. હું આકિંચન્ય સ્વરૂપ છું. એવું અંતરમાં નિર્મમત્વ પ્રગટ થાય તેને આકિંચન્ય ધર્મ હોય છે. આહાહા ! મુનિ ધર્મ તો કોઇ અલૌકિક છે.

* * *

( શાર્દૂલવિક્રીડિત )

यावत्पाकमुपैति कर्मविरतिर्ज्ञानस्य सम्यङ् न सा  
कर्मज्ञानसमुच्चयोऽपि विहितस्तावन्न काचित्क्षतिः।  
किंत्वत्रापि समुल्लसत्यवशतो यत्कर्म बन्धाय तन्  
मोक्षाय स्थितमेकमेव परमं ज्ञानं विमुक्तं स्वतः।।११-११०।।

**ખંડાન્વય સહિત અર્થ:- અહીં કોઈ ભ્રાન્તિ કરશે કે મિથ્યાદૃષ્ટિનું યતિપણું ક્રિયારૂપ છે, તે બંધનું કારણ છે, સમ્યગ્દૃષ્ટિનું છે જે યતિપણું શુભ ક્રિયારૂપ, તે મોક્ષનું કારણ છે; કારણ કે અનુભવ-જ્ઞાન તથા દયા-વ્રત-તપ-સંયમરૂપ ક્રિયા બંને મળીને જ્ઞાનાવરણાદિ કર્મનો ક્ષય કરે છે. આવી પ્રતીતિ કેટલાક અજ્ઞાની જીવો કરે છે. ત્યાં સમાધાન આમ છે કે-જેટલી શુભ-અશુભ ક્રિયા, બહિર્જલ્પરૂપ વિકલ્પ અથવા અંતર્જલ્પરૂપ અથવા દ્રવ્યોના વિચારરૂપ અથવા શુદ્ધસ્વરૂપનો વિચાર ઇત્યાદિ સમસ્ત, કર્મબંધનું કારણ છે. આવી ક્રિયાનો આવો જ સ્વભાવ છે, સમ્યગ્દૃષ્ટિ-મિથ્યાદૃષ્ટિનો એવો ભેદ તો કાંઈ નથી; એવા કરતૂતથી ( કૃત્યથી ) એવો બંધ છે, શુદ્ધસ્વરૂપ પરિણમનમાત્રથી મોક્ષ છે. જોકે એક જ કાળમાં સમ્યગ્દૃષ્ટિ જીવને શુદ્ધ જ્ઞાન પણ છે, ક્રિયારૂપ પરિણામ પણ છે, તોપણ ક્રિયારૂપ છે જે પરિણામ તેનાથી એકલો બંધ થાય છે, કર્મનો ક્ષય એક અંશમાત્ર પણ થતો નથી.**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવું વસ્તુનું સ્વરૂપ છે, સહારો કોનો ? તે જ કાળે શુદ્ધસ્વરૂપ-અનુભવ-જ્ઞાન પણ છે, તે જ કાળે જ્ઞાનથી કર્મક્ષય થાય છે, એક અંશમાત્ર પણ બંધ થતો નથી. વસ્તુનું એવું જ સ્વરૂપ છે. આવું જેમ છે તેમ કહે છે- “ तावत्कर्मज्ञानसमुच्चय: अपि विहित: ” ( तावत् ) ત્યાં સુધી ( कर्म ) ક્રિયારૂપ પરિણામ અને ( ज्ञान ) આત્મદ્રવ્યનું શુદ્ધત્વરૂપ પરિણમન, તેમનું ( समुच्चय: ) એક જીવમાં એક જ કાળે અસ્તિત્વપણું છે, ( अपि विहित: ) એવું પણ છે; પરંતુ એક વિશેષ- “ काचित् क्षति: न ” ( काचित् ) કોઈ પણ ( क्षति: ) હાનિ ( न ) નથી. ભાવાર્થ આમ છે કે- એક જીવમાં એક જ કાળે જ્ઞાન-ક્રિયા બંને કઈ રીતે હોય છે ? સમાધાન આમ છે કે-વિરુદ્ધ તો કાંઈ નથી. કેટલાક કાળ સુધી બંને હોય છે, એવો જ વસ્તુનો પરિણામ છે; પરંતુ વિરોધી જેવાં લાગે છે, છતાં પણ પોતપોતાના સ્વરૂપે છે, વિરોધ તો કરતાં નથી. એટલા કાળ સુધી જેમ છે તેમ કહે છે- “ यावत् ज्ञानस्य सा कर्मविरति: सम्यक् पाकं न उपैति ” ( यावत् ) જેટલો કાળ ( ज्ञानस्य ) આત્માના મિથ્યાત્વરૂપ વિભાવપરિણામ મટયા છે, આત્મદ્રવ્ય શુદ્ધ થયું છે, તેને ( सा ) પૂર્વોક્ત ( कर्म ) ક્રિયાનો ( विरति: ) ત્યાગ ( सम्यक् पाकं न उपैति ) બરાબર પરિપકવતાને પામતો નથી અર્થાત્ ક્રિયાનો મૂળથી વિનાશ થયો નથી. ભાવાર્થ આમ છે કે-જ્યાં સુધી અશુદ્ધ પરિણમન છે ત્યાં સુધી જીવનું વિભાવપરિણમન છે. તે વિભાવપરિણમનનું અંતરંગ નિમિત્ત છે, બહિરંગ નિમિત્ત છે. વિવરણ-અંતરંગ નિમિત્ત જીવની વિભાવરૂપ પરિણમનશક્તિ, બહિરંગ નિમિત્ત છે મોહનીયકર્મરૂપ પરિણમેલો પુદ્ગલપિંડનો ઉદય. તે મોહનીયકર્મ બે પ્રકારનું છે: એક મિથ્યાત્વરૂપ છે, બીજું ચારિત્રમોહરૂપ છે. જીવનો વિભાવપરિણામ પણ બે પ્રકારનો છે: જીવનો એક સમ્યક્ત્વગુણ છે તે જ વિભાવરૂપ થઈને મિથ્યાત્વરૂપ પરિણમે છે, તેના પ્રતિ બહિરંગ નિમિત્ત છે મિથ્યાત્વરૂપ પરિણમેલો પુદ્ગલપિંડનો ઉદય; જીવનો એક ચારિત્રગુણ છે તે જ વિભાવરૂપ પરિણમતો થકો વિષયકષાયલક્ષણ ચારિત્રમોહરૂપ પરિણમે છે, તેના પ્રતિ બહિરંગ નિમિત્ત છે ચારિત્રમોહરૂપ પરિણમેલો પુદ્ગલપિંડનો ઉદય. વિશેષ આમ છે કે-ઉપશમનો, ક્ષપણનો ક્રમ આવો છે: પહેલાં મિથ્યાત્વકર્મનો ઉપશમ થાય છે અથવા ક્ષપણ થાય છે; તેના પછી ચારિત્રમોહકર્મનો ઉપશમ થાય છે અથવા ક્ષપણ થાય છે. તેથી સમાધાન આમ છે-કોઈ આસન્નભવ્ય જીવને કાળલબ્ધિ પ્રાપ્ત થવાથી મિથ્યાત્વરૂપ પુદ્ગલપિંડ-કર્મ ઉપશમે છે અથવા ક્ષપણ થાય છે. આમ થતાં જીવ સમ્યક્ત્વગુણરૂપ પરિણમે છે, તે પરિણમન શુદ્ધતારૂપ છે. તે જ જીવ જ્યાં સુધીમાં ક્ષપકશ્રેણી પર ચડશે ત્યાં સુધી ચારિત્રમોહકર્મનો ઉદય છે, તે ઉદય હોતાં જીવ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પણ વિષયકષાયરૂપ પરિણમે છે, તે પરિણમન રાગરૂપ છે, અશુદ્ધરૂપ છે. તેથી કોઈ કાળમાં જીવને શુદ્ધપણું-અશુદ્ધપણું એક જ સમયે ઘટે છે, વિરુદ્ધ નથી. "किन्तु" કોઈ વિશેષ છે, તે વિશેષ જેમ છે તેમ કહે છે- "अत्र अपि" એક જ જીવને એક જ કાળે શુદ્ધપણું-અશુદ્ધપણું જોકે હોય છે તોપણ પોતપોતાનું કાર્ય કરે છે. "यत् कर्म अवशतः बन्धाय समुल्लसति" ( यत् ) જેટલી ( कर्म ) દ્રવ્યરૂપ-ભાવરૂપ-અતંર્જલ્પ-બહિર્જલ્પ-સૂક્ષ્મ-સ્થૂળરૂપ ક્રિયા, ( अवशतः ) સમ્યગ્દ્રષ્ટિ પુરુષ સર્વથા ક્રિયાથી વિરક્ત હોવા છતાં ચારિત્રમોહના ઉદયે બલાત્કારે થાય છે તે ( बन्धाय समुल्लसति ) -જેટલી ક્રિયા છે તેટલી-જ્ઞાનાવરણાદિ કર્મબંધ કરે છે, સંવર-નિર્જરા અંશમાત્ર પણ કરતી નથી. "तत् एकम् ज्ञानं मोक्षाय स्थितम्" ( तत् ) પૂર્વોક્ત ( एकम् ज्ञानं ) એક જ્ઞાન અર્થાત્ એક શુદ્ધ ચૈતન્યપ્રકાશ ( मोक्षाय स्थितम् ) જ્ઞાનાવરણાદિ કર્મક્ષયનું નિમિત્ત છે. ભાવાર્થ આમ છે કે-એક જીવમાં શુદ્ધપણું-અશુદ્ધપણું એક જ કાળે હોય છે, પરંતુ જેટલા અંશે શુદ્ધપણું છે તેટલા અંશે કર્મ-ક્ષપણ છે, જેટલા અંશે અશુદ્ધપણું છે તેટલા અંશે કર્મબંધ થાય છે. એક જ કાળે બંને કાર્ય થાય છે. "एव" આમ જ છે, સંદેહ કરવો નહિ. કેવું છે શુદ્ધ જ્ઞાન? "परमं" સર્વોત્કૃષ્ટ છે-પૂજ્ય છે. વળી કેવું છે? "स्वतः विमुक्तं" ત્રણે કાળ સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન છે. ૧૧-૧૧૦.**

## કલશ - ૧૧૦ : ઉપર પ્રવચન

**"અહીં કોઈ ભ્રાન્તિ કરશે કે મિથ્યાદ્રષ્ટિનું યતિપણું ક્રિયારૂપ છે, તે બંધનું કારણ છે,"**

કોઈ ભ્રમણા નામ ભ્રાંતિ કરશે કે- મિથ્યાદ્રષ્ટિનું જે મુનિપણું - પાંચ મહાવ્રત ક્રિયાઆદિ છે તેને બંધનું કારણ માને છે. **"સમ્યગ્દ્રષ્ટિનું જે યતિપણું" શુભક્રિયારૂપ તે મોક્ષનું કારણ છે."** પંચ મહાવ્રતઆદિ ક્રિયા તે મોક્ષનું કારણ છે અર્થાત્ શુભક્રિયા તે મોક્ષનું કારણ છે. એમ કોઈ અજ્ઞાની માને છે. મિથ્યાદ્રષ્ટિનું યતિપણું પાંચ મહાવ્રત, પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ એવો જે વ્યવહાર તે તો બંધનું કારણ છે, પરંતુ સમ્યગ્દ્રષ્ટિના જે વ્યવહાર પંચમહાવ્રતાદિ ક્રિયા તે મોક્ષનું કારણ છે તેમ કોઈ મૂઢ મિથ્યાદ્રષ્ટિ માને છે આમ કેમ માને છે? તે બતાવે છે. કારણ કે આત્માના આનંદનું અનુભવ જ્ઞાન છે તે મોક્ષનું છે અને દયા-દાન-વ્રત-શીલ સંયમની ક્રિયા તે બન્ને મળીને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરે છે.

અજ્ઞાની એમ માને છે કે- સમ્યગ્દ્રષ્ટિનું જે સમ્યદર્શનપણું અને આનંદનું વેદન, તેની સાથે દયા-દાન-વ્રત તપ -આદિની ક્રિયા તે બે થઈને મોક્ષનો માર્ગ છે. આવું હોય તેને મોક્ષ થાય એમ નથી. સમજમાં આવ્યું?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**“ આવી પ્રતીતિ કેટલાક અજ્ઞાની જીવો કરે છે. ”** એમ કે- સમ્યગ્દર્શન થયા પછી ભલે પંચમહાવતાદિની ક્રિયા હો ! તો તે પણ મોક્ષનું કારણ છે એવી અજ્ઞાનીને જૂઠી ભ્રાન્તિ છે.

**“ ત્યાં સમાધાન આમ છે કે- જેટલી શુભ-અશુભ ક્રિયા ”** , પછી તે અશુભભાવ હો કે શુભ દયા-દાન-વ્રત-તપ-સંયમની ક્રિયાના શુભભાવ અને અશુભક્રિયાના હિંસા જૂઠ આદિના ભાવ તે. **બહિર્જલ્પરૂપ વિકલ્પ, ’** બોલવું આદિ બહિર્જલ્પ **‘ અથવા અંતર્જલ્પરૂપ ’** અંતરમાં રાગની વૃત્તિ ઉઠાવવી એવો વિકલ્પ તે. **“ અથવા દ્રવ્યોના વિચારરૂપ ”,** છ દ્રવ્યોના વિચાર આદિનો વિકલ્પ છે. આહાહા ! આવી વાત છે. **“ અથવા શુદ્ધ સ્વરૂપનો વિચાર ઇત્યાદિ. ”** હું શુદ્ધસ્વરૂપ છું એવો વિકલ્પ ઉઠાવવો. વિચાર શબ્દે અહીં વિકલ્પ સમજવું. **“ ઇત્યાદિ સમસ્ત કર્મબંધનું કારણ છે. ’** આ બધા વિકલ્પ કર્મબંધનું કારણ છે. **“ આવી ક્રિયાનો આવો જ સ્વભાવ છે. ”** સમ્યગ્દષ્ટિ હો કે મિથ્યાદષ્ટિ હો ! પરંતુ જેટલા અંતર્જલ્પ - બહિર્જલ્પ સમસ્ત જેટલા વિકલ્પ ઊઠે છે તે બંધનું જ કારણ છે. સમજમાં આવ્યું ?

એક બાજુ એમ કહે કે- સમ્યગ્દષ્ટિનો ભોગ નિર્જરાનો હેતુ છે, અને એક બાજુ એમ કહે કે- સમ્યગ્દષ્ટિનો શુભભાવ પણ બંધનું કારણ છે. આ નિર્જરા અધિકાર, સમયસારમાં આવે છે. કેવી રીતે કહ્યું કે- સમ્યગ્દષ્ટિનો ભોગ નિર્જરાનો હેતુ છે. તેનો અર્થ કે ભોગનો ભાવ બંધનું જ કારણ છે. પરંતુ સ્વભાવની દૃષ્ટિમાં જ્યાં નિર્મળતા પ્રગટ થઈ તો દૃષ્ટિની પ્રધાનતાથી કથન કર્યું. ભોગનો રાગ આવ્યો દૃષ્ટિની મુખ્યતાથી તેની નિર્જરા થઈ જશે... એ અપેક્ષાએ કહેલ છે. સમજમાં આવ્યું ?

અહીંયા કહ્યું કે- ભોગ તો ઠીક, તે તો બંધનું જ કારણ છે સમ્યગ્દષ્ટિને, પરંતુ સમ્યગ્દષ્ટિના પંચમહાવ્રત સમિતિ-ગુપ્તિરૂપ વ્રત-તપનો ભાવ તે પણ બંધનું કારણ છે. સમજમાં આવ્યું ? કઈ અપેક્ષાએ વાત છે તે સમજવું.

જો ભોગ નિર્જરાનું કારણ હોય તો તો કોઈ જીવ ભોગને છોડી અને મુનિપણું લેવાની ઈચ્છા ભાવના જ ન કરે. સમ્યગ્દષ્ટિનો ભોગ નિર્જરાનો હેતુ છે એ તો દૃષ્ટિના જોરમાં ( એવી પ્રતીત વર્તે છે કે- ) હું શુદ્ધ ચૈતન્ય, આનંદનો નાથ ભગવાન છું; આવી અંતરદૃષ્ટિના જોરમાં સાથે કમજોરીનો રાગ આવ્યો, પરંતુ સ્વભાવની દૃષ્ટિમાં તેને મિથ્યાત્વનો બંધ થતો નથી. ( અસ્થિરતાનો બંધ થાય છે. ) સમજમાં આવ્યું ?

**પ્રશ્નઃ-** મિથ્યાત્વનો બંધ નથી થતો ને ?

**ઉત્તરઃ-** મિથ્યાત્વનો બંધ નથી થતો એની અહીં વાત નથી. સમ્યગ્દષ્ટિને તો ભોગનો બંધ નથી થતો તેમ નિર્જરા અધિકારમાં કહ્યું છે ! એ વાત થોડી સૂક્ષ્મ છે. આહાહા ! ચૈતન્ય પરમાનંદની મૂર્તિ છું. એવું નિર્વિકલ્પ ( પરિણમન થતાં ) તેને આનંદનું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વેદન આવ્યું. હવે ( સવિકલ્પ દશામાં ) સમ્યગ્દૃષ્ટિને ભોગના પરિણામ આવ્યા. પરંતુ સાધકને તેમાં સુખબુદ્ધિ નથી, તેમાં તેને હિતબુદ્ધિ નથી. તેમાં ઝેરબુદ્ધિ વર્તે છે. જેમ કાળો નાગ દેખાય અને ડર લાગે, તેમ શુભભાવનો અંદરમાં બોજો ડર લાગે છે. દૃષ્ટિના જોરની અપેક્ષાએ ભોગને નિર્જરા હેતુ કહ્યો છે.

અહીંયા તો કહે છે – ભોગનો ભાવ તે તો પાપબંધનું કારણ છે જ, પરંતુ સમ્યગ્દૃષ્ટિને જે શુભભાવ આવે વ્રત-તપ-નિયમનો તે બંધનું કારણ છે. અરે! આવા કથન! **"ઇત્યાદિ સમસ્ત કર્મબંધનું કારણ છે, આવી ક્રિયાનો આવો જ સ્વભાવ છે."** આહાહા! સમ્યગ્દર્શનમાં આત્માનો અનુભવ, આત્માના આનંદનો સ્વાદ હો! તો પણ તેની જેટલી શુભક્રિયા છે- વ્રત-અપવાસ-તપની તે બધા વિકલ્પ બંધનું કારણ છે.

**"સમ્યગ્દૃષ્ટિ - મિથ્યાદૃષ્ટિનો એવો ભેદતો કાંઈ નથી;"** મિથ્યાદૃષ્ટિના વ્રતાદિ બંધનુ કારણ અને સમ્યગ્દૃષ્ટિના વ્રત સંયમ – નિયમ આદિ બંધનું કારણ નહીં. એવો ભેદ છે નહીં, વિષય સૂક્ષ્મ છે. કે ભોગ તે નિર્જરાનો હેતુ છે તેમ જાણીને... કોઈ સ્વચ્છંદ થઈ જાય તો તે મિથ્યાદૃષ્ટિ છે... ભોગને નિર્જરાનો હેતુ તો દૃષ્ટિના જોરની અપેક્ષાએ કહ્યું છે. સમ્યગ્દૃષ્ટિને ભોગ વખતે અલ્પરસ અને અલ્પ સ્થિતિનો બંધ પડે છે તેની ગણતરી ન કરીને ભોગને નિર્જરાનું કારણ કહેલ છે. બાકી ભોગ નિર્જરાનું કારણ હો તો શુભ બંધનું કારણ અને અશુભ નિર્જરાનું કારણ ક્યાંથી આવ્યું?

અરે! વીતરાગી સંતોનો માર્ગતો જુઓ! પોતે પરમાત્મ સ્વરૂપે છે. તેના અવલંબનથી જેટલી સમ્યગ્દર્શનાદિની શુદ્ધતા પ્રગટ થઈ તે મોક્ષનું કારણ છે. અને જેટલા પંચમહાવ્રતાદિના વિકલ્પ ઊઠે છે, પછી તે ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હો! તો પણ બંધનું કારણ છે.

**"જો કે એક જ કાળમાં સમ્યગ્દૃષ્ટિ જીવને શુદ્ધ જ્ઞાન પણ છે; ક્રિયારૂપ પરિણામ પણ છે"** શું કહે છે? આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે તેવો અંતરમાં અનુભવ તેમજ વીતરાગી જ્ઞાન થાય છે. સાથે પંચ મહાવ્રતાદિના વિકલ્પ, બાર વ્રત-ભક્તિ આદિ પરિણામ પણ છે.

આહાહા! સ્વ ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ છે તેનું ભાન સમ્યગ્દર્શનમાં થયું.. અને આનંદનું વેદન આવ્યું. હવે એનું વેદન પણ છે અને સાથે પાંચમહાવ્રતાદિ, બારવ્રત, ભક્તિ, પૂજાના ભાવ આવે છે તે બંધનું કારણ છે. એક સમયમાં એક ભાવ મોક્ષનું કારણ છે. અને બીજો ભાવ બંધનું કારણ છે. બન્નેનો સમય તો એક જ છે.

વસ્તુના સમ્યગ્દર્શન વિનાના જે પંચમહાવ્રત આદિ ભાવ છે તે મોક્ષનું કારણ છે અને ક્રમે ક્રમે મોક્ષ થાય છે એમ તેઓ કહે છે. પ્રભુ! એમાં આત્માને નુકસાન છે ભાઈ!

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવો બચાવ કરશે તો પ્રભુ તારું હિત નથી. અહીંયા સંતો એવી પ્રરૂપણા કરે છે કે- સમ્યગ્દૃષ્ટિને પણ વ્રત-નિયમથી બંધ થાય છે. ત્યારે તેઓ કહે છે -વ્રત ને તપ કરવાથી ધર્મ થાય છે. એવી પ્રરૂપણા તો મિથ્યાપ્રરૂપણા છે, સમજમાં આવ્યું?

સાધક થયો તેને જ્ઞાનસ્વરૂપનું વેદન પણ છે અને સાથે રાગની ક્રિયા પણ છે. બન્ને ક્રિયા એક સમયમાં છે. તેને બે ધારા છે. જ્ઞાનધારા અને રાગધારા અર્થાત્ કર્મધારા, તેમાં એકધારા મોક્ષનું કારણ છે અને એકધારા બંધનું કારણ છે.

**“ તો પણ ક્રિયારૂપ છે જે પરિણામ તેનાથી એકલો બંધ થાય છે, ”** સમ્યગ્દૃષ્ટિ અનુભવીને આનંદનું સ્વાદિષ્ટપણું છે અને સાથે દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા-શાસ્ત્ર વાંચન-શ્રવણ આદિના જેટલા શુભભાવ છે તે બંધનું કારણ છે. તેનાથી એકલો બંધ થાય છે. જુઓ! પાઠમાં એમ નથી કહ્યું કે- તેનાથી અંશે પણ સંવર ને નિર્જરા થાય છે. આવો માર્ગ ભાઈ!

**“ તેનાથી તો એકલો બંધ થાય છે, ”** સમ્યગ્દૃષ્ટિના ભોગની તો વાતે શું કરવી? એ અશુભભાવ છે તે તો બંધનું કારણ છે જ; પરંતુ આ પંચમહાવ્રત-દયા-દાન-વ્રત-પૂજા-ભક્તિ એવા જે ભાવ આવે છે તે એકલા બંધનું કારણ છે. તેનાથી અંશે પણ સંવર- નિર્જરા થતા નથી. આહાહા! સ્વદ્રવ્યના આશ્રયે જેટલી નિર્મળતા પ્રગટ થઈ તેટલો મોક્ષમાર્ગ છે. અને જેટલો પરદ્રવ્યના આશ્રયે ક્રિયાનો ભાવ થયો તે બધનું કારણ છે. આવો મારગ છે બાપુ!

**પ્રશ્નઃ-** અવલંબન શેનું લેવું?

**ઉત્તરઃ-** અવલંબન લેવું આત્માનું. પરનું અવલંબન લેવા જશે તો રાગ જ થશે. રાગ થશે તો બંધ પણ થશે. અહીંયા તો આ વાત છે. આ તો વીતરાગ માર્ગ છે ભાઈ! આહાહા! ચૈતન્ય સહજાનંદ પ્રભુ! તેનો જેટલો આશ્રય લીધો, અવલંબન લીધું તેટલી તો સમ્યગ્દર્શન જ્ઞાનની નિર્મળ પરિણતિ થાય છે. એ તો ખાસ મોક્ષનું કારણ છે. એ સાધકને ચારિત્રની કમજોરીથી પરદ્રવ્યના અવલંબનમાં લક્ષ જાય તો શુભરાગ થાય છે. તે એકલા બંધનું કારણ છે.

**પ્રશ્નઃ-** સમ્યગ્દૃષ્ટિને બંધ નથી થતો ને?

**ઉત્તરઃ-** એ વાત પહેલાં કરીને! એ કઈ અપેક્ષાએ કથન છે? દૃષ્ટિની અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિને બંધ થતો નથી તેને પણ અલ્પ રાગ આવે છે; તો અલ્પ સ્થિતિનો બંધ પડે છે; તેને અહીંયા ન ગણતાં.. સમ્યગ્દૃષ્ટિને બંધ નથી તેમ કહેલ છે. વાસ્તવિક રીતે તો જેટલો શુભભાવ છે તેટલો બંધ છે જ, છે....જ છે...જ આવો માર્ગ છે ભાઈ! આમાં કોઈ બચાવ કરે તો ચાલે એવું નથી.

આહાહા! સમ્યગ્દૃષ્ટિને પણ અશુભભાવ તો આવે છે. વિષયનો, કમાવાનો -

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રળવા આદિનો ભાવ તે બંધનું જ કારણ છે. પાપભાવ બંધનું જ કારણ છે. પરંતુ આ શુભભાવ-વ્રત-નિયમ-દયા આદિનો ભાવ આવે છે તે એકલા બંધનું કારણ છે. આહાહા! ભાઈ! તારા આત્માને બંધ થાય છે. પ્રગટપણે પૂર્ણ અબંધ પરિણામ ન થાય ત્યાં સુધી બંધનો ભાવ આવે છે. શુભાશુભભાવ એકલા બંધને જ કરે છે.

આહાહા! ચોરાશી લાખ અવતારનો ભવાબ્ધિ... અર્થાત્ ભવરૂપી મોટો દરિયો છે. એમાં રજળતો રખડતો ફરે છે. તેણે કોઈ દિવસ આત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ છે તેનું શરણ લીધું નહીં. હવે શરણ લીધું તો પણ જેટલી કમજોરીથી શુભક્રિયાંકાંડનો ભાવ આવે છે એ પણ ભવનું કારણ છે; તે બંધનું કારણ છે.

ટીકામાં ભાષા શું લીધી છે? "**ક્રિયારૂપ છે જે પરિણામ તેનાથી એકલો બંધ થાય છે,**" જેટલા શુભ ભાવ-પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિનો વ્યવહાર, નિર્દોષ આહાર લેવો તે વિકલ્પ હોવાથી એકલા બંધનું જ કારણ છે. આહાહા... હા! "**કર્મનો ક્ષય એક અંશમાત્ર પણ થતો નથી.**" એક અંશ માત્ર પણ તે કર્મક્ષયનું કારણ થતું નથી. એ શુભક્રિયા સમકિતીને... અંશમાત્ર પણ તે મોક્ષનું કારણ છે નહીં. મિથ્યાદૃષ્ટિને તો... એ ક્રિયા મોક્ષનું કારણ છે જ નહીં. મિથ્યાદૃષ્ટિને તો મોક્ષનું કારણેય ઉત્પન્ન થયું નથી... માટે તેને તો એક અંશમાત્ર કર્મનો ક્ષય નથી.

આહાહા! શુભભાવમાં શુદ્ધનો અંશ કહ્યો છે ને! એ તો અંદરમાં ગર્ભિત અંશ સિદ્ધ કરવો છે. એકલા જ્ઞાનથી જ્ઞાન નિર્મળ થાય છે... તે પણ શુદ્ધતા વિનાનું. એકલું અશુદ્ધતારૂપ ચારિત્ર નિર્મળ નથી થતું પરંતુ (જ્ઞાન પણ નિર્મળ થાય છે) એ બતાવવા શુદ્ધ અંશ કહ્યો છે. પરંતુ ગ્રંથિભેદ કર્યા વિના, રાગની એકતાબુદ્ધિનો નાશ થયા વિના એ શુભ અંશ કામ કરતો નથી. આહાહા! આવું ક્યાં મળે? આખો દિવસ પાપના ધંધા - પાણી - એમાં આવી વાત સાંભળવાય મળે નહીં.

અહીંયા તો કહે છે - પ્રભુ તને તારું શરણ મળ્યું હોય, અંદર ચિદાનંદ આત્મા છે તેની દૃષ્ટિ થઈ હોય; અતીન્દ્રિ આનંદનું અંશે વેદન આવ્યું હોય તો એટલો ભાવ છે તે મોક્ષનું કારણ છે. એ સિવાયના જે પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિનો વ્યવહાર, પૂજા, ભક્તિ, દયા; દાનનો ભાવ જે ઉત્પન્ન થાય છે તે એકલા બંધનું કારણ છે. એ બંધના કારણમાં, એક અંશ ધર્મનું કારણ નથી. અને ધર્મના કારણમાં, બંધનું કારણ એક અંશ પણ નથી. બહુ સરસ શ્લોક આવ્યો છે. ટીકાના બે પાના ભર્યા છે.

"**આવા વસ્તુનું સ્વરૂપ છે, સહારો કોનો?**" આહાહા! ભગવાન આત્મા... પોતાના શુદ્ધ સ્વરૂપનો આશ્રય લેવાથી જેટલી નિર્મળતા પ્રગટ થઈ તેટલું મોક્ષનું કારણ છે. અને જેટલો દયા-દાન - વ્રત-ભક્તિ- પૂજાનો ભાવ થયો તે બંધનું કારણ છે. વસ્તુનું સ્વરૂપ આવું છે, સહારો કોનો? તેમાં મદદ કોની? આહાહા! વસ્તુ સ્વરૂપ જ આવું છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ભગવાને વસ્તુ સ્વરૂપ આવું કહ્યું છે. ભગવાને કોઈનું કાંઈ કર્યું નથી.

વસ્તુનું સ્વરૂપ જ આવું છે. આહાહા! જ્યાં આત્મજ્ઞાન અને ભાન નથી તો પુણ્યની ક્રિયાથી ધર્મ માને છે. તે તો મિથ્યાદૃષ્ટિ છે. એ મિથ્યાદૃષ્ટિના પણ વ્રતાદિના પરિણામ પણ બંધનું કારણ છે. તેમ સમ્યગ્દૃષ્ટિના વ્રતાદિના પરિણામ પણ બંધનું કારણ છે.

આ તો દશ લક્ષણી પર્વ છે. ધર્મની આરાધનાના દિવસો છે. તું તો પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ છો ને! એ તરફ નજર કરવાથી તને શાંતિ મળશે. જેટલી શાંતિ મળે છે તેટલું મોક્ષનું કારણ થશે. જેટલું લક્ષ બહાર ઉપર જશે તો બંધ થશે પછી તે દેવ-ગુરુ-શાસ્ત્ર હો! પંચ પરમેષ્ઠી હો! તેના ઉપર લક્ષ જશે તો તે એકલા બંધનું કારણ છે.

**શ્રોતાઃ-** સિદ્ધ થઈ જાવ!!

**ઉત્તરઃ-** અંદર ઠરી જાવ.... એમ કહે છે.

**શ્રોતાઃ-** આત્મામાં ઠરી જાવાનું!

**ઉત્તરઃ-** આત્મામાં ઠરો... આત્મામાં ઠરો હોં! તારા નિજ આત્મઘરમાં આવી જા! એ શુભભાવ પણ હજુ પરનું આચરણ છે.

પ્રભુ! તેં દુઃખ એટલા સહ્યાં.... કે- એ દુઃખને દેખવાવાળાને રુદન આવ્યા છે તેં એટલા દુઃખ સહ્યા.. પણ તું ભૂલી ગયો. આત્માના આનંદ સ્વભાવને ભૂલીને, એ પુણ્ય-પાપના ભાવો ધર્મ માનીને મિથ્યાત્વનું સેવન કર્યું. એ, મિથ્યાત્વના ફળમાં નરક ને નિગોદ મળ્યા. આહા! એ દુઃખની ધારા તેં કેવી રીતે વેદી હશે તેનો વિચાર કરવાથી... આ યુદ્ધના ઘા વાગે છે. તેમ વાદીરાજ મુનિ કહે છે.

વાદીરાજ મુનિને શરીરમાં કોઢ નીકળ્યો હતો. તેઓ ભાવલિંગી સંત હતા. રાજા કહે- તારા સાધુને કોઢ છે. ત્યારે શ્રાવકે કહ્યું કે- મહારાજ! અમારા મુનિને કોઢ નથી. પછી શ્રાવક મુનિરાજ પાસે ગયા અને વાત કરી મુનિરાજે કહ્યું શાંતિ રાખો!

મુનિરાજે પ્રભુની ભક્તિ શરૂ કરી. હે પ્રભુ! તમે માતાની ગોદમાં જાવ છો તો તે નગરના સોનાના ગઢ અને રતનના કાંગરા થઈ જાય છે. પ્રભુ! તમે મારા હૃદયમાં આવો અને આ કોઢ રહે તે કેમ બને? પ્રભુ! મારા હૃદયમાં આપનું સ્થાપન કર્યું. પ્રભુ! તમે માતાના ઉદરમાં આવો છો તો ઇન્દ્રો સેવા કરે છે ને નગરીના ગઢ સોનાના અને રતનના કાંગરા બને છે પ્રભુ! તેમ મારા હૃદયમાં આપ વસો અને આ શરીરમાં કોઢ રહે તે આપ કેમ જોઈ શકો છો? આવી ભક્તિ કરી કુદરતે પૂર્વના પુણ્યનો ઉદય હતો તો કોઢ મટી ગયો. નહીંતર ન પણ મટે.

મારે તો અહીંયા બીજું કહેવું છે કે- વાદીરાજ મુનિ એમ કહેતા હતા કે- નાથ! હું ભવના દુઃખને યાદ કરું છું તો મારી અંદરમાં ઘા વાગે છે. જેમ આ યુદ્ધના ઘા વાગે તેમ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભૂતકાળના દુઃખન યાદ આવે છે આ યુદ્ધના ઘા વાગે છે. ભૂતકાળમાં નરક – નિગોદના ઘણાં દુઃખ સહન કર્યાં. તેને યાદ કરું તો આ યુદ્ધના અંદરમાં ઘા વાગે છે.

જ્યારે અજ્ઞાનીને તો કાંઈ દરકાર જ નથી. પૂર્વે કેટલા દુઃખ સહન કર્યાં હતા. અહીંયા જ્યાં થોડીક અનુકૂળતા મળી, પાંચ-પચ્ચીસ લાખ જ્યાં મળ્યાં, સ્ત્રી કાંઈક ઠીક મળી તો જાણે અમે સુખી, ધૂળમાંય સુખી નથી દુઃખના ડુંગરામાં માથાં ફોડયા છે.

વાદીરાજ મુનિ કહે છે કે- પ્રભુ! મને વીતી ગયેલાં દુઃખ યાદ આવે છે તો આ યુદ્ધના ઘા વાગે છે. મારો નાથ અતીન્દ્રિય આનંદના સાગરથી છલ્લો છલ્લ ભર્યો છે. તેને ભૂલીને આ દુઃખ સહન કર્યાં છે. પ્રભુ! હું તારી ભક્તિ કરું છું ત્યાં તો શરીરમાંથી કોઢ ચાલ્યો ગયો. એ કોઢ તો પુણ્યના કારણે ચાલ્યો ગયો હો! લાખ ભક્તિ કરે તો ય ન જાય. એ તો એવો સહજ મેળ ખાય છે. શરીરે નાના ડાઘ જેટલો કોઢ રાખ્યો, કેમ કે રાજા ખોટો ન પડે માટે, રાજાએ કહ્યું હતું એ વાત પણ સાચી હતી.

શરીર ઉપર કોઢ હતો અને ભગવાનની ભક્તિ ઉપાડી ભક્તિ ઉપાડતાં... ઉપાડતાં રોગ દૂર થઈ ગયો કોઢનો થોડો નમૂનો રાખ્યો. કેમ કે રાજા ખોટો ન હતો, શરીરે કોઢ તો હતો અને તેણે કહ્યું હતું.

આહાહા! આ વર્તમાન દુઃખ પણ જ્ઞાનીને છે નહીં. દુઃખતો પરચીજ છે. કોઢ એ તો શરીરની અવસ્થા છે. તેને જ્ઞાની જ્ઞેય તરીકે જાણે છે. અમને કોઢ થયો છે તેમ જ્ઞાની માનતા નથી. શરીરમાં રોગ છે તે તો મારામાં છે જ નહીં. હું નિરોગી અને નિરાકુળ આનંદકંદ પ્રભુ છું. શરીરમાં રોગ હો તો હો! તે તો મારા જ્ઞાનનું જ્ઞેય છે.

**તે જ કાળે જ્ઞાનથી કર્મક્ષય થાય છે, એક અંશ માત્ર પણ બંધ થતો નથી.” “વસ્તુનું એવું જ સ્વરૂપ છે. આવું જેમ છે તેમ કહે છે,”** જે સમયે વ્રતાદિના, ભક્તિ આદિના પરિણામ છે તે સમયે તેનાથી બંધ થાય છે. તે જ સમયે આત્માના આશ્રયે જેટલું જ્ઞાન થયું તેટલા અંશે અબંધ દશા છે. બન્ને એક સમયમાં છે. મિથ્યાદૃષ્ટિને એકલા બંધના પરિણામ છે. સાધકને બંધ અને અબંધ પરિણામ છે.

(૧) સર્વજ્ઞ પરમાત્માને એકલા અબંધના અર્થાત્ મોક્ષના પરિણામ.

(૨) મિથ્યાદૃષ્ટિને એકલાં બંધના જ પરિણામ છે.

(૩) સાધકને એક સમયમાં બે પરિણામ છે, (બંધના તેમજ અબંધના)

આહાહા! સાધક કહે છે – અરે... પ્રભુ! શુભભાવ પ્રગટે તે મારો દોષ છે, તેનાથી મારા આનંદમાં ખામી આવે છે. શુભભાવમાં આવતાં હું દોષમાં આવી જાઉં છું. શુભભાવ તે દોષ છે, તે મારો અપરાધ છે, તે મારો ગુનો છે. આહાહા! એ... શુભભાવ જ્ઞેય તરીકે જ્ઞાનમાં હોય છે. સમકિતીને દૃષ્ટિ અપેક્ષાએ તેની નિર્જરા કહી અને ચારિત્રની અપેક્ષાએ શુભભાવને બંધનું કારણ કહ્યું. એ શું કહ્યું?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

( ૧ ) પોતાના જ્ઞાન સ્વભાવનું જ્ઞાન થયું તે અપેક્ષાએ રાગ જ્ઞાનમાં પર જ્ઞેય થયું.

( ૨ ) સમ્યકદૃષ્ટિને... દૃષ્ટિની અપેક્ષાએ રાગને નિર્જરાનું કારણ કહ્યું

( ૩ ) ચારિત્રની અપેક્ષાએ એ રાગને બંધનું કારણ ઝેર કહ્યું. સાધક જાણે છે કે મારા ચારિત્રમાં આટલી ખામી છે.

**“ तावत्कर्मज्ञानसमुच्चयः अपि विहितः, ” ત્યાં સુધી ક્રિયારૂપ પરિણામ અને આત્મદ્રવ્યનું શુદ્ધત્વરૂપ પરિણમન, તેમનું એક જીવનું એક જ કાળે અસ્તિત્વપણું છે, એવું પણ છે, ”** શું કહે છે? વ્રતાદિના, પૂજા-ભક્તિ આદિના અને આત્મદ્રવ્યનું શુદ્ધત્વ પરિણમન તે બન્નેનું એક જ જીવમાં એક જ સમયે હૈયાતિપણું છે. ભગવાન આત્મા! તેનું શુદ્ધ સ્વરૂપનું શુદ્ધત્વરૂપનું પરિણમન પર્યાયમાં છે ત્યારે રાગાદિની અશુદ્ધતા પણ છે. એક જ જીવમાં એક જ કાળે બન્નેની અસ્તિ છે.

બીજી જગ્યાએ શાસ્ત્રમાં એમ પણ કહ્યું હોય કે સમ્યગ્દૃષ્ટિને એકલા શુદ્ધ જ પરિણામ છે. તેને અશુદ્ધ પરિણામ છે જ નહીં. એ કઈ અપેક્ષાએ કહ્યું છે? ત્યાં શુદ્ધ પરિણામને જ ( સ્વજ્ઞેયમાં ) ગણવામાં આવ્યા છે. કેમ કે દ્રવ્ય અને ગુણ શુદ્ધ છે. તેનો અનુભવ થયો તો તેનું પરિણમન શુદ્ધ છે.. એટલા જ પરિણમનને દ્રવ્યનું પરિણમન ગણવામાં આવ્યું છે. અશુદ્ધ પરિણામ થયા તે આત્માના દ્રવ્ય-ગુણના પરિણામ નથી. એ અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિને અશુદ્ધ પરિણામ છે જ નહીં તેમ કહેવામાં આવ્યું છે. સમજમાં આવ્યું?

એમ કે સમ્યગ્દૃષ્ટિને દુઃખ છે જ નહીં. પરંતુ તે કઈ અપેક્ષાએ ભાઈ! પોતાના આનંદ સ્વરૂપની મુખ્યતામાં દુઃખના પરિણામ છે તેને ગૌણ કરીને, તેની અલ્પબંધની સ્થિતિને ન ગણતાં... સમ્યગ્દૃષ્ટિને દુઃખ છે જ નહીં તેમ કહેવામાં આવ્યું છે. જયારે ચારિત્રની અપેક્ષાએ વર્ણન આવે ત્યાં.... શુભભાવને બંધનું કારણ કહ્યું છે. ( રાગ છે તે દુઃખ છે તેમ કહેલ છે. ) સ્તવનમાં આવે છે કે-

*“ લાગી લગની હમારી જિનરાજ... ( ૨ )*
*સુજસ સુનો મેં પ્રભુ તેરા જસ જાગ્યા મેરા,*
*મૈ આનંદ શુદ્ધ ચૈતન્યઘન હું...*
*લાગી લગની હમારી જિનરાજ...*
*કાહુ કે કહે, કબહૂઁ ન છૂટે,*
*લોક લાજ સબ ડારી,*
*જૈસે અમલી અમલ કરત...*
*હમે લાગ રહી જો ખુમારી. ”*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અફીણ પીવાવાળાને જેમ અમલ ચડે છે, તેમ જ્ઞાનીને પોતાના જ્ઞાનમાં મસ્તી ચડી ગઈ છે. આહાહા! જ્ઞાનમાં અને આનંદમાં મસ્ત જ્ઞાની.. એમ કહે છે કે મને દુઃખ છે જ નહીં. એ અપેક્ષાએ કહ્યું છે કે- જ્ઞાનીને દુઃખ છે જ નહીં.

અહીંયા તો ચારિત્રની મુખ્યતાથી વર્ણન ચાલે છે. કેમ કે પુણ્ય-પાપ અધિકાર છે ને!? જ્યાં સુધી અંદરમાં ચારિત્રની પૂર્ણતા નથી ત્યાં સુધી ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિને પણ બંધના પરિણામ થાય છે. અરે! તીર્થંકરનો આત્મા જ્યાં સુધી તે મુનિ છદમસ્થ અવસ્થામાં છે તેને પણ જે પંચહાવ્રતના વિકલ્પ ઊઠે છે તે બંધનું કારણ છે. તેને સ્વદ્રવ્યના આશ્રયે જેટલું શુદ્ધ પરિણમન ઉત્પન્ન થયું છે તે મોક્ષનું કારણ છે. આહાહા! કેવળજ્ઞાની થયા પહેલાંની વાત છે.

તીર્થંકર જ્યારે છદ્મસ્થ - મુનિ અવસ્થામાં હોય ત્યારે ભિક્ષા માટે જાય છે. તેમને આહાર છે પરંતુ નિહાર નથી. ત્રિલોકીનાથ તીર્થંકરને જન્મથી પરમ ઔદારિક શરીર છે. છદ્મસ્થ દશા વખતે આહાર લેવાનો વિકલ્પ આવે છે અને ભિક્ષા માટે જાય છે. આહાર લ્યે તો પણ નિહાર નથી, તેને જંગલ જવું ન પડે.. તેવું તેમનું પરમ ઔદારિક શરીર છે. હવે તે મુનિપણામાં - છદ્મસ્થ અવસ્થાના કાળમાં આહારનો વિકલ્પ આવે છે. તે તેમને પણ બંધનું કારણ છે.

લોકો કહે છે કે- પંચમહાવ્રત અને તપ કરવા એ બધું મોક્ષનું કારણ છે. અરે... ભગવાન! તારી દૃષ્ટિ મિથ્યા છે. એ દૃષ્ટિમાં તારા વ્રતાદિ તો એકલા બંધનું કારણ ઝેર છે. સમ્યગ્દૃષ્ટિને પણ રાગાદિ બંધનું કારણ છે. તારી દૃષ્ટિમાં તો હજુ મિથ્યાત્વ છે અને તું માને છે કે વ્રત, તપ આદિ... કરવાથી તને મોક્ષ થશે? રાગની ક્રિયા કરવાથી તને મોક્ષ થશે એવી તારી દૃષ્ટિ મિથ્યા છે.

ત્યારે એ કહે કે કોઈને ખબર કેમ પડે કે આ મિથ્યાદૃષ્ટિ છે? એ પ્રરૂપણા ખોટી કરે છે. દયા-દાન-વ્રત કરતાં - કરતાં કલ્યાણ થશે તે પ્રરૂપણા જ જૂઠી છે. તેનો એ ઉપદેશ જ જૂઠો છે.

આહાહા! મિથ્યાદૃષ્ટિના વ્રત-તપાદિના શુભભાવ છે તે તો બંધનું જ કારણ છે. એમ જેમના ઉપદેશમાં આવ્યું તેની દૃષ્ટિ સમ્યક્ છે. સમ્યગ્દૃષ્ટિને જેટલા વ્રતાદિના વિકલ્પ આવે છે તે બંધનું કારણ છે, તે અંશમાત્ર પણ મોક્ષનું કારણ નથી.

આ શેઠિયાઓ દાન આપે તેને લોકો દાનવીર ઠરાવી દે પછી મોટા દાનવીર થઈ જાય... અરે... પ્રભુ! તને ખબર નથી દાનવીર કોને કહેવાય! પોતાના નિર્મળાનંદ આનંદનું દાન જેણે પોતાની પર્યાયમાં આપ્યું અને પર્યાયે લીધું તે દાનવીર છે. આજ શેઠ ઉપર વાતને ઉતારી, આ બન્ને ભાઈઓ બેઠા છે તે બુંદેલખંડના બાદશાહ કહેવાય છે. બહુ નરમ માણસ છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીંયા તો કહે છે – રાગનો સ્વામી થાય છે તે મિથ્યાદૃષ્ટિ છે. વ્રત-તપ આદિનો જે વિકલ્પ ઊઠે છે તેનું સ્વામીપણું છે એ મિથ્યાદૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિને રાગનું સ્વામીપણું નથી. તેને રાગ આવ્યા વિના રહેતો પણ નથી અને તેને રાગનું સ્વામીપણું પણ નથી. વ્રતના, પૂજાના, ભક્તિના ભાવ જ્ઞાનીને હેય બુદ્ધિએ આવે છે. હેય બુદ્ધિએ આવે છે તો પણ તે બંધનું કારણ છે. રાગ થોડોક પણ આત્માને લાભદાયક છે તેમ જ્ઞાની માનતો નથી. આ જાતનો ઉપદેશ જ નથી. ઉપદેશ વિપરીત થઈ ગયો છે. સમાજને ધમાધમ ગમે છે.

**“तावत्वकर्मज्ञानसमुच्चय: अपि विहित: (तावत्) ત્યાં સુધી (कर्म) ક્રિયારૂપ પરિણામ અને (ज्ञान) આત્મદ્રવ્યનું શુદ્ધત્વરૂપ પરિણમન, તેમનું (समुच्चय:) એક જીવમાં એક જ કાળે અસ્તિત્વપણું છે, (अपि विहित:) એવું પણ છે; પરંતુ એક વિશેષ - “काचित् क्षति: न” કોઈ પણ હાનિ નથી.**

કઈ અપેક્ષાએ હાનિ નથી? નિર્મળ પર્યાય છે ને રાગાદિની પર્યાય છે. રાગાદિની પર્યાય નિર્મળ પર્યાયને નુકશાન કરતી નથી. પણ નિર્મળતા વિશેષ પ્રગટ થવામાં નુકશાન કરે છે. વર્તમાન નિર્મળ પ્રગટ પર્યાય છે અને મલિન પર્યાય તે બન્ને એક સાથે જ છે. જેમ મિથ્યાદૃષ્ટિપણું અને સમ્યગ્દૃષ્ટિપણાને તો વિરોધ છે; તેમ આ બન્ને ક્રિયામાં વિરોધ નથી.

શું કહ્યું? જેમ રાગ મારો છે એવું મિથ્યાદૃષ્ટિપણું અને રાગ મારો નથી તેવું સમ્યગ્દૃષ્ટિપણું તે બન્ને એક સમયમાં રહી શકતા નથી. મિથ્યાદૃષ્ટિપણું અને સમ્યગ્દૃષ્ટિ પણું બન્ને એક સમયમાં એક સાથે રહી શકતા નથી. પરંતુ આ બન્ને એક સમયમાં રહી શકે છે. આહાહા! ન્યાય સમજમાં આવે છે?

**પ્રશ્ન**:- બન્ને વાતમાં શું તફાવત છે?

**ઉત્તર**:- તેમાં આ તફાવત છે. જે સમયે દૃષ્ટિમાં મિથ્યાત્વ છે તે જ સમયે સમ્યગ્દર્શન હોય તેવું ત્રણ કાળમાં હોતું નથી. પરંતુ જે સમયે નિર્મળ પરિણતિ છે, તે સમયે મલિન પરિણતિ છે તેમાં વિરોધ નથી, સમજમાં આવ્યું?

વીતરાગનો માર્ગ તો જુઓ! પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમાં ત્રણ ગાથાનું ઝુમખું છે, તેમાં એમ આવે છે કે– (૧) જેટલા અંશે આ રાગ તેટલા અંશે બંધ. (૨) જેટલા અંશે સમ્યગ્દર્શન તેટલા અંશે અબંધ.

આહાહા! જેટલા અંશે સમ્યગ્દર્શન જ્ઞાન છે તેટલો અંશ અબંધનું કારણ છે. ત્યાં જેટલા અંશે રાગ છે તે બંધનું કારણ છે. હવે આમાં એકાંત તાણે કે સમ્યગ્દૃષ્ટિને બિલકુલ બંધ છે જ નહીં અને વ્રત – તપ કરવાવાળાને શુભભાવ મોક્ષનું કારણ છે તે બધું વિરૂદ્ધ નામ વિપરીત છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**"ભાવાર્થ આમ છે કે- એક જીવમાં એક જ કાળે જ્ઞાન, ક્રિયા બંને કઈ રીતે હોય છે?"** એક જ સમયમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને તે જ કાળે રાગ એ કેવી રીતે હોય છે? એમ પૂછે છે. **"સમાધાન આમ છે કે- વિરૂદ્ધ તો કાંઈ નથી. કેટલાક કાળ સુધી બન્ને હોય છે,"** સમ્યગ્દર્શન જ્ઞાનમાં આનંદનો સ્વાદ પણ છે અને રાગ નામ દુ:ખ પણ સાથે છે. પરિપૂર્ણતા જ્યાં સુધી પ્રગટ નથી થતી ત્યાં સુધી ધર્મીને પણ જેટલો આનંદ આવ્યો તેટલો તે પવિત્ર છે (સુખ છે) અને જેટલો રાગ આવે છે એટલું દુ:ખ છે. આ રીતે એક સમયમાં બે હોવામાં વિરોધ નથી.

એ તો આગળ કહ્યું ને કે- જેમ સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાનને એક સાથે રહેવામાં વિરોધ છે. મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિને એક સાથે રહેવામાં વિરોધ છે તેમ સમ્યગ્જ્ઞાનને અને રાગને એક સાથે રહેવામાં વિરોધ નથી. **"વિરોધ તો કંઈ નથી"** સમજમાં આવ્યું?

**"કેટલાક કાળ સુધી બન્ને હોય છે, એવો જ વસ્તુનો પરિણામ છે; પરંતુ વિરોધી જેવા લાગે છે, છતાં પણ પોત પોતાના સ્વરૂપે છે."** કેમ કે વિકાર છે તે પરલક્ષી છે અને ધર્મ છે એ સ્વલક્ષી છે. બન્નેના લક્ષ ફેર છે તો વિરોધ જેવું દેખાય, પરંતુ પોત પોતાના સ્વરૂપે છે. આહાહા! પોતાનું આત્મદ્રવ્ય – શુદ્ધ ચૈતન્ય ભગવાન! તેનો આશ્રય લઈને જેટલો એકાગ્ર થયો, એટલી તો નિર્મળતા છે. હવે એ સમયે જેટલો પરલક્ષી ભાવ, દેવ–ગુરુ–શાસ્ત્ર આદિના અવલંબનથી થયેલો પરાલંબીભાવ એ બધો વિકાર છે; તે બંધનું કારણ છે. વિરોધ જેવું દેખાય છે પરંતુ એક સાથે રહી શકે છે.

**શ્રોતા:-** આના પ્રચારની જરૂર છે.

**ઉત્તર:-** પ્રચારની જરૂર છે અહીંયાં. એ એમ કહે છે કે તમે અમારા સાગરમાં આવો. બાપુ હવે અહીંયાથી ક્યાં જઉં? તરસ્યો હોય તે સરોવરે પાણી પીવા જાય, સરોવર કાંઈ ઘરે ઘરે ન જાય. આહા! આવો માર્ગ છે.

**"એવો જ વસ્તુનો પરિણામ છે; પરંતુ વિરોધી જેવા લાગે છે, છતાં પણ પોત પોતાના સ્વરૂપે છે,"** વસ્તુએ ભગવાન એવા પૂર્ણાનંદના નાથના આશ્રયે જે નિર્મળ પરિણતિ થઈ તે પોતાના સ્વરૂપમાં છે. પરના આશ્રયે જે પૂજા, દાન, ભક્તિ, વ્રત, તપના વિકલ્પ તે પોતાના સ્વરૂપે છે. તે બન્ને એક બીજા રૂપ થઈ જાય છે તેમ નથી.

**"વિરોધ તો કરતાં નથી."** શું કહે છે? શુભભાવ આવે છે તો શુદ્ધભાવનો નાશ થઈ જાય છે તેમ નથી. જેટલો શુદ્ધભાવ ઉત્પન્ન થયો અને હવે શુભભાવ પણ ઉત્પન્ન થયો એ ઉત્પન્ન થયેલો શુભભાવ ઉત્પન્ન થયેલા શુદ્ધભાવનો નાશ કરતો નથી. એવો વિરોધ છે નહીં ભાઈ! આવો માર્ગ અને આવી વાત જાણી હવે:

પોતાના દ્રવ્ય સ્વભાવના અવલંબનથી જે નિર્મળ પરિણતિ ઉત્પન્ન થઈ તે પોતાના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

સ્વરૂપમાં રહે છે. અને જેટલી કમજોરી છે, તેથી પરદ્રવ્યના અવલંબનથી દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો ભાવ, વ્રતનો ભાવ, તપનો ભાવ, દયાનો ભાવ, દાનનો ભાવ આવે તે પોતાના સ્વરૂપે છે... અર્થાત્ વિકારપણે છે. વિકાર વિકારના સ્વરૂપમાં છે અને અવિકાર પરિણામ અવિકાર સ્વરૂપે છે. એક સમયમાં બે ઉત્પન્ન થઈ શકે છે, તેમાં વિરોધ તો કાંઈ નથી.

**"એટલા કાળ સુધી જેમ છે તેમ કહે છે - "यावत ज्ञानस्य सा कर्मविरतिः सम्यक् पाकं न उपैति" જેટલો કાળ આત્માના મિથ્યાત્વરૂપ વિભાવ પરિણામ મટયા છે, આત્મદ્રવ્ય શુદ્ધ થયું છે,** શુદ્ધ તો પરિણતિ થઈ છે. **તેને પૂર્વોક્ત ક્રિયાનો ત્યાગ બરાબર પરિપકવતાને પામતો નથી."**

આહાહા! જ્યાં સુધી શુભરાગની ક્રિયાનો પરિપૂર્ણ ત્યાગ ન હો ત્યાં સુધી (વિકારી ભાવ) થઈ શકે છે. પુણ્યના પરિણામ, કર્મની વિરતી, તેનાથી પૂરી નિવૃત્તિ ન હો ત્યાં સુધી શુભરાગ આવે છે... અને થાય છે.

શું કહ્યું? આત્મદ્રવ્ય શુદ્ધ થયું હોય; તેની પૂર્વોકત ક્રિયા એવો શુભભાવ તેનો ત્યાગ (**सम्यक् पाकं न उपैति**) **બરાબર પરિપકવતાને પામતો નથી."** જ્યાં સુધી રાગનો પૂર્ણ ત્યાગ નથી ત્યાં સુધી રાગ આવે છે, તેમાં કોઈ વિરોધ છે નહીં. જ્યાં સુધી રાગનો ત્યાગ પરિપૂર્ણ ન હો ત્યાં સુધી રાગને અને નિર્મળતાને એક સાથે રહેવામાં કોઈ હરકત નથી.

અહીંયા તો કહે છે કે- સમ્યગ્દષ્ટિના વ્રત ને તપ ને પૂજા - ભક્તિ એ બંધનું કારણ છે. એનામાં તો હજુ સમ્યગ્દષ્ટિનાય ઠેકાણાં જોવા ન મળે! સમ્યગ્દર્શન કેમ થાય તેની પ્રરૂપણા જ ઊંધી - વ્રત કરો, તપ કરો, અપવાસ કરો, ત્યાગ કરો, ક્રિયાકાંડ કરો, મહાવ્રત પાળો તો તમને ધર્મ થશે. એની દૃષ્ટિ જ મિથ્યા છે. અરે... અનાદિ કાળથી તેણે પોતાનું બગાડયું છે. સ્વચ્છંદ થઈને બગાડી નાખ્યું છે. તેઓ એમ માને છે કે- શુભભાવ કરતા અમને લાભ થશે! સમજમાં આવ્યું?

એક માણસ તે ચોર હતો. તેણે સિંહના નાનકડા બચ્ચાને ખોળામાં લઈ લીધું... અને પેટમાં સંતાડી દીધું. પેલો સિંહનો ધણી કહે - અરે! સિંહનું બચ્ચું ક્યાં? અહીંયા તો છે નહીં: હવે તેની ફરિયાદ ચાલી. પેલા ભાઈને કોર્ટમાં લઈ ગયા અને પછી કોર્ટમાં ઉભા રાખ્યા. ખમીશ પાછળ પેટ ઉપર સિંહના બચ્ચાને સંતાડયું હતું તો સિંહના બચ્ચાએ પેટને ખાધું તો પેલો ચોર કોર્ટમાં ફડાક દઈને પડી ગયો. આ બનેલો બનાવ છે. પેટ ઉપર સંતાડેલું તેથી સિંહના માલિકને કેમ શંકા પડે? નાનકડા ગલુડિયા જેવડું સિંહનું બચ્ચું હતું. તે અંદરથી પેટને ખાવા માંડયું. હવે કબુલ તો કરવું પડે કે મેં સંતાડયું હતું. સિંહના બચ્ચાએ પેટને ખાધું ત્યાં તો કોર્ટમાં પડી ગયો.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેમ પુણ્ય-પાપની ક્રિયા મારી માને છે તેણે મિથ્યાત્વનો સિંહ રાખ્યો છે. તે તેને ખાઈ જાય છે. જેણે મિથ્યાત્વ ભાવને ગ્રહણ કર્યો કે- પુણ્ય-પાપ મારી ચીજ છે, પુણ્યથી મને લાભ છે – તે મિથ્યાત્વ સિંહ છે. એ તારી આત્માની શાંતિને ખાઈ જશે. સમજમાં આવ્યું?

આહાહા! જ્યાં સુધી રાગથી પૂર્ણ નિવૃત્તિ ન હો ત્યાં સુધી રાગ આવે છે, એ બંધનું કારણ પણ છે, છતાં તેમાં વિરોધ નથી.

## પ્રવચન નં. ૧૦૬ તા. ૨૬-૯- '૭૭

દશલક્ષણી પર્વનો આજે છેલ્લો બ્રહ્મચર્યનો દિવસ છે.

**जो परिहरेदि संगं, महिलाएं ऐव परस्हे रूबं।**
**कामकहादिणिरीहो, एज विह बंमं हवे तरस।।**

નિશ્ચયથી તો યથાર્થ બ્રહ્મચર્ય તેને કહીએ છીએ કે- બ્રહ્મ નામ આત્મા આનંદ સ્વરૂપ છે, એ આનંદમાં ચરવું, રમવું તેનું નામ બ્રહ્મચર્ય છે. શરીરથી બ્રહ્મચર્ય પાળવું એ તો એક શુભભાવ છે. ધર્મભાવ તો એને કહીએ કે- બ્રહ્મ નામ આત્મા આનંદસ્વરૂપ છે તેમાં ચર્યા અર્થાત્ અતીન્દ્રિય આનંદમાં રમવું તેનું નામ યથાર્થ બ્રહ્મચર્ય છે. આ બ્રહ્મચર્ય તેને દશમો ધર્મ કહેવામાં આવે છે.

"જે મુનિ", અહીં મુનિની પ્રધાનતાથી કથન છે. "**સ્ત્રીઓની સંગતિ નથી કરતા;**" બ્રહ્મચારી સંતોને સ્ત્રીનો પરિચય ન હોય. સ્ત્રીના સંગનો જેને ત્યાગ છે. "**તેના રૂપને દેખતા નથી**", પોતાના આનંદસ્વરૂપની સંગતિ કરે છે. તે સ્ત્રીનો સંગ શા માટે કરે? પોતાના આનંદસ્વરૂપનું જે રૂપ નિહાળે છે એ સ્ત્રીનું રૂપ શા માટે જુએ!

"**કામની કથા આદિના શબ્દોથી અને સ્મરણાદિથી રહિત છે.**" વિષય કથાથી રહિત છે, અને પૂર્વે કોઈ વિષય લીધો હોય તો તેના સ્મરણથી રહિત છે. તેને યાદ પણ નથી કરતા. આ રીતે નવ પ્રકારે બ્રહ્મચર્ય પાળે છે. મન, વચન, કાયા અને કરવું, કરાવવું, અનુમોદવું '**नवहा:**' પાઠમાં આમ છે. નવ પ્રકારે બ્રહ્મચર્ય પાળે છે. તે મુનિને બ્રહ્મચર્ય ધર્મ હોય છે.

ભાવાર્થમાં છે કે- બ્રહ્મ નામ આત્મા, આત્મામાં લીન થાય તે બ્રહ્મચર્ય છે. કાર્તિકેયાનુપ્રેક્ષામાં છે આહાહા! પરદ્રવ્યોમાં લીન છે તેમાં સ્ત્રી મુખ્ય છે. પરદ્રવ્યમાં લીન થવું એ અબ્રહ્મ એટલે કે અજ્ઞાન છે. પરદ્રવ્યોમાં લીન થવું એમાં સ્ત્રી પ્રધાન છે. તેનો ત્યાગ તો નવ- નવ કોટિએ હોવો જોઈએ.

પદ્મનંદી પંચવિંશતીમાં ૨૬ માં અધિકારમાં બ્રહ્મચર્યનું વર્ણન છે. નામ 'પંચવિંશતી' અર્થાત્ પચ્ચીસ રાખ્યું છે, પરંતુ અધિકાર છવ્વીસ છે. તે તો મુનિ હતા ને..! ઘણું બ્રહ્મચર્યનું વર્ણન કર્યું છે. તેમણે બ્રહ્મચર્યનું વર્ણન એવા એવા કડક શબ્દોમાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્યું છે. પ્રભુ ! તારા આનંદના નાથને ભૂલીને રાગમાં મૈથુન કરે છે. રાગ સાથે એકત્વબુદ્ધિ તે મૈથુન છે. ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ... તેમાં લીન થવું એ બ્રહ્મચર્ય છે.

અધિકારમાં છેલ્લે આચાર્યદેવે કહ્યું કે- 'હે યુવાનો ! મારી બ્રહ્મચર્યની વ્યાખ્યા સાંભળીને તમોને કદાચિત્ ન રુચે તો મને માફ કરજો.' આહાહા ! પદ્‌મનંદિ મુનિરાજ, ભાવલિંગી સંત ! તેઓ તો અતીન્દ્રિય આનંદમાં ઝુલવાવાળા હતા. આ અધિકારમાં ઘણું જ સ્પષ્ટીકરણ કર્યું છે.

છેલ્લા અધિકારમાં કહ્યું; હે યુવાનો ! તમારા શરીર ફાટફાટ થતા હોય અને તમને મારી કહેલી બ્રહ્મચર્યની વાત ન રુચે તો પ્રભુ મને માફ કરજે ! અમે તો મુનિ છીએ. ગજબ વાત છે ને ! ભાવલિંગી મુનિરાજ તો પંચપરમેષ્ઠીમાં ભળ્યા છે.

તેઓ કહે છે કે- બ્રહ્મ નામ ભગવાન આત્મા ! તેમાં લીન થવું, એમાં લપેટાઈ જવું, જ્ઞાનાનંદમાં અંદર ગુપ્તપણે ચાલ્યું જવું એ બ્રહ્મચર્ય છે. આવી બ્રહ્મચર્યની વ્યાખ્યા સાંભળીને હે યુવાનો ! કદાચિત્ તમને ન પણ રુચે. કેમ કે વીસ-વીસ, પચ્ચીસ - પચ્ચીસ વર્ષની યુવાન અવસ્થા હોય, સાંઢળા જેવા શરીર હોય, બબ્બે, ત્રણ - ત્રણ લાડવા ચઢાવતા હોય, પાંચ પચ્ચીસ લાખની પૂંજી હોય, રૂપાળી સ્ત્રી હોય, એને આ વાત કહેતાં... તેને ન પણ રુચે તો અમે તો મુનિ છીએ. તેથી અમારી પાસેથી કાંઈ બીજી આશા રાખશો નહીં. તમને આ વાત ન રુચે તો અમને મુનિ જાણીને ક્ષમા કરજો.

આહાહા ! મારી પાસે કઈ આશા રાખે છે. પ્રભુ ! અમે તો બ્રહ્મચારી મુનિ છીએ. આનંદમાં લીન રહેવાવાળા છીએ. અમારી પાસેથી કઈ વાત પસંદ કરીશ ? અમે તો તને આ વાત કહેવાના.... કે- આત્મ બ્રહ્મ તેમાં લીન થવું તે બ્રહ્મચર્ય છે.

આહાહા ! ભાવાર્થમાં છે કે- સ્વદ્રવ્યમાં લીન થવું તે બ્રહ્મચર્ય છે. અને પરદ્રવ્યમાં લીન થવું તે વ્યભિચાર છે. આહાહા ! શુભરાગમાં લીન થવું તે વ્યભિચાર છે. પદમ્‌નંદિ દેવે તો શાસ્ત્રમાં ત્યાં સુધી કહ્યું છે કે તારી બુદ્ધિ શાસ્ત્રમાં જાય છે તે બુદ્ધિ વ્યભિચારિણી છે.

એ શું કહ્યું ? શાસ્ત્ર પરદ્રવ્ય છે. અહીં પરદ્રવ્યમાં આત્મા લીન છે, પરદ્રવ્યમાં સ્ત્રી પ્રધાન છે. અહીંયા પરદ્રવ્યમાં શાસ્ત્ર લીધું. શાસ્ત્ર તરફ તારી બુદ્ધિ જશે તો તે બુદ્ધિ વ્યભિચારિણી છે.

આહાહા ! ભગવાન ત્રણ લોકનો નાથ ! આનંદનો સાગર તેમાંથી હઠી અને રાગમાં અને પરમાં જવું; તેને પરમાત્માનો પોકાર છે કે- તારી બુદ્ધિ વ્યભિચારિણી છે. આજે બ્રહ્મચર્યનો છેલ્લો દિવસ છે, અને શાસ્ત્રમાં બ્રહ્મચર્યનો છેલ્લો અધિકાર છે. આજે ચૌદશનો મોટો દિવસ છે તેમાં આ મોટું બ્રહ્મચર્ય છે.

"यावत् ज्ञानस्य सा कर्मविरति सम्यक् पाकं न उपैति", સમ્યગ્દષ્ટિને આત્માના આનંદનો સ્વાદ આવ્યો તેને આનંદનું ભાન થયું. તેને પણ ક્રિયા અર્થાત્ કર્મ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલે રાગ-દયા-વ્રત-ભક્તિ-પૂજાનો જે રાગ તેને અહીંયા કર્મ કહ્યું છે. રાગરૂપ ક્રિયાને કાર્ય કહીને કર્મ કહ્યું છે.

**"જેટલો કાળ આત્માના મિથ્યાત્વરૂપ વિભાવ પરિણામ ટળ્યા છે,"** આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિપ્રભુ તેની દૃષ્ટિ અને અનુભૂતિ થતાં જ્ઞાનીને મિથ્યાત્વ તો ટળ્યું છે. દૃષ્ટિમાં આત્મદ્રવ્ય શુદ્ધ છે તેવી પ્રતીતિ થઈ છે. જેમ આત્મદ્રવ્ય શુદ્ધ છે તેમ પર્યાયમાં પણ શુદ્ધતા થઈ છે. શુદ્ધત્વરૂપ જે શક્તિ છે તે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં શુદ્ધતાની વ્યક્તિ પ્રગટ થઈ છે. ભગવાનના ભંડારમાં જે શુદ્ધતાની શક્તિ પડી છે તે શક્તિમાંથી સમ્યગ્દૃષ્ટિને વ્યક્તતા પ્રગટ થઈ છે. આવી વાત છે.

**"આત્મદ્રવ્ય શુદ્ધ થયું છે, તેને પૂર્વોકત ક્રિયા"**, પૂર્વોકત ક્રિયા એટલે રાગની ક્રિયા હજુ બાકી છે. સાધકને વ્રતનો, તપનો, ભક્તિ અને પૂજાનો વિકલ્પ આવે છે. પરંતુ તે ક્રિયાનો તેને ત્યાગ છે. ( कर्म विरति ) શુભરાગની ક્રિયા તેની વિરતી પૂરી થઈ નથી. સમકિતીને હજુ રાગથી પૂરી વિરતિ થઈ નથી. રાગથી હઠીને પોતાના આનંદ સ્વરૂપની દૃષ્ટિ અને ભાન થયું છે. જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ થયા છે પરંતુ ક્રિયાકાંડનો જે રાગ છે તેનાથી પૂર્ણ નિવૃત્તિ થઈ નથી. સમજમાં આવ્યું?

એ રાગ ક્રિયા એનો ત્યાગ એટલે તેનાથી નિવૃત્તિ ( सम्यक पाकं न उपैति ) તે સમ્યક પ્રકારે પ્રાપ્ત થઈ નથી. મિથ્યાત્વનો તો અભાવ થયો છે. પરંતુ જેટલા પ્રમાણમાં રાગનો અભાવ થવો જોઈએ તેટલો અભાવ થયો નથી. આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ તેની ઉપર આરૂઢ થઈને જે અનુભૂતિ નામ સમ્યગ્દર્શન- અનુભવ થયો તો તેમાં મિથ્યાત્વનો તો નાશ થયો છે. આત્મ દ્રવ્ય શુદ્ધ શક્તિપણે શુદ્ધ હતું તે વર્તમાન પર્યાયમાં થોડું પ્રગટ થયું છે. હજુ રાગથી પૂર્ણ નિવૃત્તિ થઇ નથી આહાહા! સમ્યગ્દૃષ્ટિને પણ, જ્ઞાનીને પણ... જ્યાં સુધી રાગની ક્રિયા છે ત્યાં સુધી બંધ છે. તેને મિથ્યાત્વનો બંધ નહીં પણ ચારિત્રમોહનો બંધ પડે છે. જ્ઞાનીને આટલું લક્ષ હજુ રાગમાં, ક્રિયાકાંડમાં જાય છે તેટલો બંધ છે. જ્ઞાનીને પણ રાગ તો આવે છે -દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા ભગવાનના નામ-સ્મરણનો તે બધું રાગરૂપી કર્મ નામ કાર્ય છે. સમકિતીને તે રાગથી પૂર્ણ નિવૃત્તિ થઈ નથી.

**"બરાબર પરિપકવતાને પામતો નથી."** ભાષા જુઓ! ખરેખર તો ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપના અનુભવમાં મિથ્યાત્વનો ત્યાગ કર્યો છે, પરંતુ શુદ્ધ સ્વરૂપમાં જે સ્થિરતા જોઈએ તે હજુ નથી. રાગાદિની ક્રિયામાં પરિણામ જાય છે તો સમ્યક્ પ્રકારે તેની નિવૃત્તિનો પાક હોવો જોઈએ તે નિવૃત્તિ થતી નથી.

આહાહા! એની સંસારની વાતો તો ક્યાંય રહી ગઈ.

દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ સમકિતીને પણ આવે છે; તેનો સમ્યક્ પ્રકારે 'સમ્યક્' શબ્દનો અર્થ બરાબર કર્યો. ( सम्यक पाकं न उपैति ) **બરાબર**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પરિપકવતાને પામતો નથી અર્થાત્ ક્રિયાનો મૂળથી વિનાશ થયો નથી.”**

સમ્યગ્દૃષ્ટિ – આત્મજ્ઞાનીને... મિથ્યાત્વનો નાશ તો થયો છે પરંતુ રાગની ક્રિયાનો પરિપૂર્ણ અભાવ થયો નથી, તેથી ત્યાં સુધી પરિપૂર્ણ વીતરાગતા નથી. ક્રિયાનો મૂળમાંથી વિનાશ થયો નથી. રાગના ભાવરૂપી ક્રિયાનો મૂળમાંથી વિનાશ નથી થયો.

અહીંયા લોકો એમ કહે છે કે- ક્રિયાકાંડ કરતાં... કરતાં.... કરતાં સમ્યક્ત્વ અને જ્ઞાન આદિ થાય છે. આહાહા! પ્રભુના મારગડા જુદા છે નાથ! આત્મા તો રાગથી નિવૃત્ત સ્વરૂપ જ છે. રાગમાં પ્રવૃત સ્વરૂપ એ તારું સ્વરૂપ નથી. સાધકને રાગનો, ક્રિયાકાંડના રાગનો પરિપકવ અર્થાત્ પૂર્ણતાએ પૂર્ણપણે ત્યાગ થયો નથી. સમકિતીને પણ જ્યાં સુધી એ રાગનું બંધન હોય છે. પછી તે શુભક્રિયાકાંડનો હો રાગ; તે શુભોપયોગ પણ બંધનું કારણ છે. એ રાગને છોડી દેવાથી સ્થિરતા થઈ જશે. એ રાગને છોડી દેશે તો અશુભમાં જશે એ પ્રશ્ન અહીંયા છે જ નહીં. એટલો રાગ પણ છૂટી જતાં સ્વરૂપમાં સ્થિરતા થઈ જશે.

અહીંયા તો રાગનું સ્વરૂપ શું છે એટલું બતાવવું છે. રાગ આવે છે પણ.. તેનું ફળ શું? તેનું ફળ તો બંધન છે. આવો મારગ છે પ્રભુ સર્વજ્ઞ, વીતરાગનો- ત્રિલોકીનાથ પરમાત્માની વાણીમાં આ આવ્યું છે. એક ભવતારી ઇન્દ્રો અને ઇન્દ્રાણી સમવસરણમાં સીમંધર ભગવાનની વાણી સાંભળવા આવે છે. અને વાણીને ઝીલે છે.

શું કહ્યું? સૌધર્મ દેવલોક છે. શકેન્દ્રને બત્રીસલાખ તો વૈમાન છે. એક – એક વૈમાનમાં અસંખ્ય દેવ છે. કોઈ વૈમાનમાં ઓછા દેવ છે. તેનો સ્વામી શકેન્દ્ર છે. સિદ્ધાંતમાં એવો લેખ છે કે તે એક ભવતારી છે. તે કરોડો અપ્સરાઓ અને અસંખ્યદેવોનો સાહેબો કહેવાય છે. ચીજ તો અંદરમાં છે, બહારમાં કંઈ નથી. એવા ઇન્દ્રને પણ રાગ આવે છે ભગવાનની વાણી સાંભળવાનો તે ઇન્દ્રને પણ ખબર છે કે આ મારો એક જ ભવ છે. આગલા ભવમાં મનુષ્ય થઈને મોક્ષ જવાનો છું. તેની મુખ્ય ઇન્દ્રાણી છે તે પણ એક ભવતારી છે. સ્ત્રી પણે ઉપજી ત્યારે મિથ્યાદૃષ્ટિ હતી. મિથ્યાત્વ હોય એ જ સ્ત્રી પણે ઉપજે. માયાના રોપ રોપ્યા હોય તેથી સ્ત્રી થાય. સ્ત્રી દેવી થઈ ત્યારે મિથ્યાદૃષ્ટિ હતી, પરંતુ ઇન્દ્ર સાથે ભગવાનના ગર્ભકલ્યાણક, જન્મકલ્યાણક ઉજવવા સાથે જતી તેમાં તેને આત્મજ્ઞાન થઈ ગયું, સમ્યગ્દર્શન થઈ ગયું.

પરમાગમમાં સિદ્ધાંતમાં એવો લેખ છે કે- ઇન્દ્રાણી પણ એક ભવાવતારી છે. તે એક ભવ કરીને મોક્ષ જવાવાળી છે. આત્મા છે ને! મારે તો એ કહેવું છે કે એક ભવાવતારી; મોક્ષ જ્વાવાળા આત્મજ્ઞાની છે એ અવધિજ્ઞાન અને મતિ-શ્રુતજ્ઞાની સમકિતી જ્યારે ભગવાનની વાણી સાંભળે છે. તો ભગવાનની વાણીમાં એમ સાંભળ્યું કે- પ્રભુ! તારે રાગથી જ્યાં સુધી પૂર્ણ નિવૃત્તિ ન હોય ત્યાં સુધી રાગથી બંધ થાય છે,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અને એ કારણે તારે અવતાર છે.

શેત્રુંજ્ય ઉપર જ્યારે પાંચ પાંડવો આનંદના ધ્યાનમાં મસ્ત હતા. ત્યારે દુર્યોધનનો ભાણેજ આવી ને લોઢાના ધગધગતા મુગુટ પહેરાવ્યા. ધર્મરાજા યુધિષ્ઠિર અર્જુન અને ભીમ તે ત્રણ તો પોતાના સ્વરૂપમાં લીન થઈને કેવળજ્ઞાન, મોક્ષ લીધો. શેત્રુંજ્યની ઉપર તેઓ બિરાજે છે. યાત્રા કરવાનો હેતુ જ એ છે કે- સંતો જ્યાંથી મોક્ષ પધાર્યા છે ત્યાં ઉપર બિરાજે છે. તો તેમની યાદ- સ્મરણ આવે છે કે- ઓહો ! ભગવાન અહીંયા ઉપર બિરાજે છે. તેઓ અહીંયાથી મોક્ષ ગયા છે અને ઉપર બિરાજે છે. એવું સ્મરણ થાય તે શુભભાવ છે.

આહાહા ! ત્રણ મુનિઓ તો મોક્ષ ગયા. બે મુનિઓને જરા વિકલ્પ આવ્યો કે- એ ત્રણ મુનિઓનું શું થયું હશે ? કેમ કે હજુ કર્મથી નિવૃત્તિ નથી થઈ. રાગથી નિવૃત્તિ ન હોતી થઈ માટે આવો વિકલ્પ આવ્યો.

બે મુનિઓને વિકલ્પ આવ્યો કેમ કે તેઓ સહોદર, એક ઘરે જન્મેલા, સાધર્મી અને વડીલ હતા. સહદેવ અને નકુળથી ત્રણે ભાઈઓ મોટા હતા. એ મુનિઓને વિકલ્પ આવ્યો કે- પેલા મુનિઓનું શું થયું હશે ? એવો શુભ વિકલ્પ આવ્યો.

**શ્રોતાઃ**- પોતાના સંબંધી ન આવ્યો, બીજા સંબંધી આવ્યો.

**ઉત્તરઃ**- પોતાનો ન આવ્યો. પોતે તો છે અંદર પરંતુ અંદરમાં પણ સ્થિર ન રહ્યા ને ? તેમનું શું થયું ? બસ, એટલા વિકલ્પમાં કેવળજ્ઞાન રોકાઈ ગયું. સર્વાર્થ સિદ્ધિમાં ગયા, કેવળજ્ઞાન ૩૩ સાગર દૂર થઈ ગયું. આટલો રાગ કર્યો તો નિવૃત્તિ ન થઈ. સમકિતીને, મુનિને પણ રાગથી પૂર્ણ નિવૃત્તિ નથી તો એટલો બંધ તેને થઈ જાય છે. માર્ગતો જુઓ પ્રભુનો ! પ્રભુ શબ્દે તું પરમાત્મા છો, તું વીતરાગ સ્વરૂપ છો; તારો માર્ગ વીતરાગતાનો છે.

મુનિને આટલો રાગ આવ્યો તો બંધ થયો. રાગ પણ સાધર્મીનો, સંસારીનો નહીં, તો પણ ૩૩ સાગરનું આયુષ્ય બંધાઈ ગયું. એક સાગરમાં ૧૦ ક્રોડા ક્રોડી પલ્યોપમ્ એક પલ્યોપમ અસંખ્યાતમાં ભાગમાં... અસંખ્ય અબજો વર્ષ. આટલા વરસ કેવળજ્ઞાન દૂર થઈ ગયું !

**પ્રશ્નઃ**- આટલા રાગમાં આવડી સજા ?

**ઉત્તરઃ**- રાગનું ફળ આવું છે, મારે પણ એ જ બતાવવું છે સમજમાં આવ્યું ? ત્રણ તો મોક્ષ પધાર્યા અને બે સર્વાર્થસિદ્ધિમાં બંધમાં ગયા. તેત્રીસ સાગર જશે પછી મનુષ્ય થઈ કેવળજ્ઞાન પ્રગટ કરી મોક્ષે જશે. આઠ વર્ષ પહેલાં તો કેવળજ્ઞાન થતું નથી. આટલા રાગમાં બંધન થયું. પરંતુ તેમની નિવૃત્તિ ન થઈ. આહાહા ! રાગમાં પ્રવૃત્તિ થઈ ગઈ, બે ભવ થઈ ગયા.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રશ્નઃ-** રાગનું આ ફળ ?

**ઉત્તરઃ-** રાગનું આ ફળ બે ભવ થઈ ગયા. તમારા તમાકુ બીડીના અશુભરાગની તો વાતેય નથી. છઠ્ઠે ગુણસ્થાને ઝુલવાવાળા મુનિ તેમને મારા સહોદર છે, સાધર્મી વડીલ છે એટલું થોડુંક લક્ષ ગયું તો બે ભવ વધી ગયા. બે ભવ સ્વર્ગ અને મનુષ્યના વધી ગયા.

અહીંયા તે જ કહે છે કે- “ **બરાબર પરિપકવતાને પામતો નથી અર્થાત્ ક્રિયાનો મૂળથી વિનાશ થયો નથી.** ” રાગનો ભાવ થઈ જ ગયો. આહાહા ! આવી વાત વીતરાગ સિવાય ક્યાંય છે નહીં. વીતરાગ એમ કહે છે. પ્રભુ ! તને આત્મજ્ઞાન થયું છતાં મારા સ્મરણનો તને રાગ આવશે તો એ રાગ બંધનું કારણ છે. પ્રભુ ! તને ભવ થશે, અને ભવ થવો તે કલંક છે. ભગવાન જ્ઞાન સ્વરૂપ તે ભવથી રહિત છે. તેમાં ભવનો ભાવ અને ભવ તો કલંક છે. યોગીન્દ્રદેવ કહે છે કે-ભવ લેવો તે કલંક છે. ભગવાન આનંદની મૂર્તિ ! તેને આ ભવ કલંક છે.

અહીંયા કહે છે કે જ્યાં સુધી જ્ઞાનીને પણ રાગની ક્રિયાનો પૂર્ણ ત્યાગ પરિપકવ નથી ત્યાં સુધી બંધ છે. તો પછી અશુભરાગનું તો શું કહેવું ! મુનિને પરની દયા પાળવાનો ભાવ ક્યાં હતો... ફકત મુનિનો વિકલ્પ હતો. પોતાના ધ્યાનમાંથી લક્ષ ખસી ગયું.

**ભાવાર્થ આમ છે જ્યાં સુધી અશુદ્ધ પરિણમન છે ત્યાં સુધી જીવનું વિભાવ પરિણમન છે.** ” રાગ પણ અશુદ્ધ પરિણમન છે. સમકિતીને તો ઠીક પરંતુ ભાવલિંગી મુનિને પણ ત્રણ કષાયના અભાવરૂપ વીતરાગતા તો પ્રગટી છે. તેઓ વીતરાગતાના ઝૂલે ઝૂલે છે પરંતુ પૂર્ણ વીતરાગ નથી થયા તેથી રાગનો વિકલ્પ આવ્યો તે અશુદ્ધ પરિણમન છે.

આહાહા ! અરે ! સંસાર માટેનો રાગ એ તો સમકિતીને કાળો નાગ દેખાય છે. આ તો અંતરની વાતો છે પ્રભુ ! ભગવાનનો આમાં પોકાર છે, કે જ્યાં સુધી રાગની ક્રિયાથી પૂર્ણ નિવૃત્તિ ન હો ત્યાં સુધી બંધન અને અવતાર લેવા પડશે શ્રીમદ્ રાજચંદ્ર પણ કહે છે કે-

“ અશેષ કર્મનો ભોગ છે ભોગવવો અવશેષ રે, ”

અરે ! હજુ રાગ બાકી રહ્યો છે – “ અશેષ કર્મનો ભોગ ” અર્થાત્ હજુ રાગ બાકી છે તેમ દેખાય છે. અશેષ કર્મનો ભોગ એટલે રાગનો ભોગ હજુ અંદર દેખાય છે.

“ અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે;<br>
તેથી દેહ એક ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે. ”

આ જે રાગ દેખાય છે તે બહારમાં એક ભવ કરશે. અને એક ભવ ધારણ કરીને પોતાના સ્વરૂપ દેશમાં ચાલ્યા જઈશું.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અમે આ રાગના દેશના નહીં રે...**

"હમ પરદેશી પંખી સાધુ, આ દેશના નહીં રે;
નિજ સ્વરૂપકા સ્મરણ કરકે.. . જાશું સ્વરૂપ સ્વદેશ રે.."

રાગના દેશમાં આવીએ છીએ તેથી કર્મથી પૂર્ણ નિવૃત્તિ નથી થઇ પરંતુ પછીથી અમે રાગનો ત્યાગ કરીને એકાદ ભવમાં મોક્ષ જઈશું. જેણે ભવનો છેદ કરી દીધો છે તેને પણ રાગ ભાવમાં ભવ દેખાય છે. અરેરે ! હજુ ભવ કરવો પડશે ! એકાદ દેહ ધારણ કરવો પડશે. ... એ દેહ કયો ? મનુષ્યનો. સ્વર્ગમાં જવાનું થયું એ તો વચ્ચે ધર્મશાળા છે. એકાદભવ ધારણ કરીને મનુષ્યભવમાં મોક્ષ જઈશું. આ રાગ છે તેના કારણે ભવ ધારણ કરવો પડશે.

અહીંયા તો પરમાત્મા એમ કહે છે જ્યાં સુધી જીવને અશુભ પરિણમન છે ત્યાં સુધી સમકિતી, મુનિને પણ વિકારનું પરિણમન છે. આહાહા ! અમૃતચંદ્રાચાર્યે ત્રીજા શ્લોકમાં કહ્યું ને કે- અનાદિથી અમને અશુદ્ધતા છે. '**कल्माषिताया**' છે. મુનિ છે, ભાવલિંગી સંત છે, ત્રણ કષાયનો અભાવ છે, વીતરાગપણાના ઝૂલે ઝુલે છે. તે પણ કહે છે કે- અનાદિનો કલુષતાનો જે રાગ છે તે અમને હજુ આવે છે. આહાહા ! એ શુભરાગ છે. અરે... ! દુનિયાને ક્યાં પડી છે કે- હું ક્યાં જઈશ ? શું થઈશ ?

અહીંયા તો કહે છે કે- આમાંથી હજુ એકાદ રાગ બાકી રહી જાશે તો પણ ભવ ભ્રમણ છે. તેથી કહે છે કે- જીવનું વિભાવ પરિણમનરૂપ છે એ વિકાર છે. મિથ્યાત્વ છે તેનું પાપનું તો શું કહેવું ? અહીં તો કહે છે કે- મિથ્યાત્વ ગયા પછી રાગ-વિભાવભાવ છે. સાધક કહે છે - મારા નાથને છોડીને હું રાગમાં જાઉં છું તે બોજો છે.

"**તે વિભાવપરિણમનનું અંતરંગ નિમિત્ત છે,**" એ શું કહે છે ? જ્ઞાનીને પણ - રાગ આવે છે. એ વિભાવભાવ કોઈ કર્મના કારણે આવે છે, તેમ નથી. કર્મથી વિભાવ થયો છે એમ નથી. એમ કહે છે.

"**અંતરંગ નિમિત્ત છે, બહિરંગ નિમિત્ત છે.**" નિમિત્ત કારણ બે બતાવે છે. "**અંતરંગ નિમિત્ત જીવની વિભાવરૂપ પરિણમન શક્તિ**", મારામાં રાગ થાય છે. મારામાં વિભાવ પરિણામ થાય છે તે પરિણમન શક્તિનું કાર્ય છે તેમ સમકિતી જાણે છે. મુનિરાજ એમ કહે છે કે- અંતરંગ નિમિત્ત જીવની વિભાવરૂપ પરિણમન શક્તિ.

એ શું કહ્યું ? આત્મામાં જ્ઞાન શક્તિ છે, આનંદ શક્તિ છે તેમ વૈભાવિક નામની એક શક્તિ છે. વૈભાવિક શક્તિ છે માટે વિભાવરૂપે પરિણમવું તેમ નથી એ વૈભાવિક શક્તિ ચાર દ્રવ્યોમાં નથી. જીવ અને પુદ્ગલમાં છે, તે કારણે તે વૈભાવિક શક્તિને વિશેષ શક્તિ કહેવામાં આવે છે. અહીં વિભાવશક્તિ તે જીવની વિભાવરૂપ પરિણમન શક્તિ. પોતાની પર્યાયમાં વિભાવરૂપ થવાની લાયકાત છે. વૈભાવિક શક્તિના પરિણમનથી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અને મારા કારણે; રાગ થવાની વૈભાવિક લાયકાત મારામાં છે.

**પ્રશ્નઃ-** વૈભાવિક શક્તિ એટલે શું?

**ઉત્તરઃ-** વૈભાવિક શક્તિ તો ત્રિકાળ છે. અને આ વિભાવ થાય છે તે તો વર્તમાન પરિણામમાં મારી યોગ્યતાથી થાય છે. મારા પરિણમનથી અને મારી લાયકાતથી રાગ થાય છે. ત્રિકાળ શક્તિ તો શક્તિ છે. તે વિભાવરૂપ પરિણમન નથી કરતી. અહીંયા તો એ કહેવું છે કે- અંતરંગ નિમિત્ત પરિણામમાં; રાગના પરિણામમાં; વિભાવરૂપ પરિણામમાં; વિભાવશક્તિ નિમિત્ત છે. મૂળ કારણ તો યોગ્યતા છે તેમ કહે છે. સમજમાં આવ્યું?

અમને રાગ થયો તો કર્મને લઈને થયો તેમ નથી. અત્યારે બહારમાં એ ઝંઝટ ચાલે છે કે- વિકાર થાય છે તે કર્મથી થાય છે બસ. અહીંયા એ સિદ્ધ કરે છે કે-સમકિતીને પણ, આત્મજ્ઞાનમાં આત્માના ભાનપૂર્વક જે રાગ થાય છે તે વૈભાવિક શક્તિના વિપરીત પરિણમનરૂપ પોતાની દશા છે. વૈભાવિક શક્તિનું પરિણમન વિકારરૂપ થાય એમ નથી. કેમ કે વૈભાવિક શક્તિ તો સિદ્ધમાં પણ છે.

**પ્રશ્નઃ-** સિદ્ધમાં પણ છે?

**ઉત્તરઃ-** હા, સિદ્ધમાં વૈભાવિક શક્તિ છે. તેનો સ્વભાવ પરિણમવું તે છે. તે વૈભાવિક શક્તિ છે માટે વિભાવરૂપે પરિણમે છે તેમ નથી. એ વૈભાવિક શક્તિ નિમિત્તને આધીન થાય છે તો વિભાવરૂપ પરિણમે છે. કર્મથી વિભાવરૂપ પરિણમે છે તેનો નિષેધ કરવાને માટે આ ખુલાશો લીધો છે. લખાણમાં આવે છે કે-જ્ઞાનીને પણ આવા કર્મ (ઉદયમાં) આવે છે. એમ કે- કર્મનું બહુ જોર છે માટે જ્ઞાનીને પણ રાગ થઈ જાય છે તેમ નિમિત્તથી કથન કર્યું છે. જયચંદ પંડિતે આ રીતે લીધું છે. બાકી વિભાવરૂપ - વિકારનું જે પરિણમન છે તે પોતાના કારણથી અને પોતાની યોગ્યતાથી થયું છે. સમજમાં આવ્યું?

શ્રી પ્રવચનસારમાં ૪૭ નય લીધા છે. એમાં એક ઈશ્વરનય લીધી છે. ઈશ્વરનયનો અર્થ શું છે? જેમ ધાવ માતા બાળકને ધવડાવે તે પરાધીનતા છે તેમ આત્મા પોતાથી પરાધીન થઈને રાગને કરે છે. કર્મ પરાધીન કરાવે છે. તેમ નથી. અહીં તો વાતે વાતે ફેર છે. એના તો (તત્ત્વના યથાર્થ) નિર્ણયના પણ ક્યાં ઠેકાણા છેઃ આહાહા! સત્યનું શું સ્વરૂપ છે. અને પરમાત્મા શું કહે છે તેની ક્યાં ખબર છે?

અહીં શું કહે છે? વૈભાવિક શક્તિ છે પણ તે મારી લાયકાતથી, નિમિત્તને આધીન થઈ અને વિકાર થવો તેમ સ્વતંત્ર દશા છે. કર્મ વિકાર કરાવતું નથી. સમકિતીને પણ વિકાર થાય છે. ચારિત્રમોહનો ઉદય છે ત્યાં સુધી વિકાર થાય છે, એમ નથી એમ કહે છે. અંતરંગ નિમિત્ત તો વિભાવરૂપ પરિણમન છે અર્થાત્ પોતાની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



યોગ્યતા છે. એમ કહે છે.

અહીંયા તો એક એક બોલમાં પૃથ્થકપણું બતાવે છે. ધર્મી જીવને, જ્ઞાનીને, સંતોને જે રાગ આવે છે તે રાગ વિભાવ પરિણમન શક્તિની યોગ્યતાથી થાય છે; કર્મથી નહીં. ચંદ્રપ્રભુની સ્તુતિમાં આવે છે કે

**'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ."**

ઈસરીમાં વીસ વર્ષ પહેલાં કહ્યું હતું કે- "કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ." ત્યાં એ બધા પંડિતો એમ કહેતા હતા કે- આવું ગોતી ગોતીને વાત કહે છે. પરંતુ કર્મ થી થયું એમ તો વાત કરતા જ નથી. એ વખતે એક વાત એ પણ કહી હતી. "જે જિનઆજ્ઞા માને તે કર્મથી રાગ થાય છે એવી અનિતિ તેને સંભવે નહીં." આ મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે. કર્મથી રાગ થાય છે એ તારી અનિતિ છે. લોકો આ વાતને આમ ઉડાડી દેતા હતા. એ લોકો ખાનગીમાં બોલે, આમ સીધું સામે બોલે નહીં. એ લોકો કહે - બધામાંથી ગોતી ગોતી અને વિકારની સ્વતંત્રતા સિદ્ધ કરે છે. અહીં પાઠમાં જો ને! અહીં કહ્યું છે.

અહીં કહે છે - ધર્મીને પણ વિકાર થાય છે. અંતરંગ નિમિત્ત એટલે અંતરંગ કારણ "**અંતરંગ નિમિત્ત જીવની વિભાવરૂપ પરિણમન શક્તિ**" એ અંતરંગ કારણ છે. આહાહા! આત્મજ્ઞાન થયું તો રાગનું સ્વામીત્વ છૂટી ગયું તો પણ જ્ઞાનીને રાગ આવે છે તે પોતાની યોગ્યતાથી રાગ આવે છે.

"**બહિરંગ નિમિત્ત છે મોહનીયકર્મરૂપ પરિણમેલો પુદ્‌ગલપિંડનો ઉદય.**" કર્મ તો બહિરંગ નિમિત્ત છે. પોતાનો વિકાર અંતરંગ નિમિત્ત છે. સમજમાં આવ્યું?

લોકો કહે શું કરીએ! કર્મનું બહુ જોર છે. એ જૂઠું બોલે છે. વિકાર કરવામાં તારી સ્વતંત્રતા છે. તારી યોગ્યતા છે તો વિકારનો કર્તા સ્વતંત્રપણે તું કરે છે. એ વિકારને કર્મ કરાવે છે એમ ત્રણ કાળમાં છે નહીં. મોટી વિચિત્રતા છે. ત્રણે સંપ્રદાયમાં ગોટા છે. કર્મથી વિકાર થાય છે. કર્મથી વિકાર થાય છે!

અહીંયા કહે છે - વિકાર થવામાં અંતરંગ કારણ તો પોતાનું જ છે. સમકિતીને પણ રાગ આવે છે. બળભદ્ર શ્રીકૃષ્ણનાં મડદાંને છ માસ સુધી લઈને ફરે છે. શ્રી રામચંદ્રજી લક્ષમણને છ મહિના ઉપાડીને ફરે છે. તે રાગ હતો, એ રાગ પોતાનો દોષ છે. એ રાગ પોતાને કારણે આવ્યો છે, કર્મને કારણે નહીં. તેમને અંદર ભાન હતું કે- આ રાગ મારી ચીજ નથી, રાગ મારી કમજોરીથી મને ઉત્પન્ન થાય છે. એ વાતમાં પણ એ લોકો એમ કહે છે કે-છ મહિના સુધી લઈ જાય છે, પછી કર્મનો ઉદય બંધ થાય છે તો મડદાંને છોડી દે છે. ભાઈ! એમ નથી. છ માસ સુધી રાત્રનો અપરાધ પોતાના કારણથી થાય છે. આવું કયારેય સાંભળ્યું છે કે નહીં?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**“ અંતરંગ કારણ છે જીવની વિભાવરૂપ પરિણમન શક્તિ. બહિરંગ કારણ છે મોહનીય કર્મરૂપ પરિણમેલો પુદ્‌ગલપિંડનો ઉદય.મોહનીય કર્મ બે પ્રકારનું છેઃ એક મિથ્યાત્વરૂપ છે, બીજું ચારિત્રમોહરૂપ છે. જીવનો વિભાવ પરિણામ પણ બે પ્રકારનો છે. ”** કર્મ બે પ્રકારના છે ( ૧ ) દર્શનમોહ ( ૨ ) ચારિત્રમોહ, જીવના વિભાવરૂપ પરિણામ પણ બે પ્રકારના છે. **“ જીવનો એક સમ્યક્ત્વગુણ છે તે જ વિભાવરૂપ થઈને મિથ્યાત્વરૂપ પરિણમે છે, ”** આહાહા ! આત્મામાં શ્રદ્ધા નામનો ગુણ અનાદિથી છે, તેની સમ્યક્ પરિણતિ હોવી જોઈએ પરંતુ તે છોડીને મિથ્યાત્વરૂપ પરિણમે છે. અજ્ઞાની પોતાના કારણથી મિથ્યાત્વરૂપ પરિણમે છે, તે કર્મને કારણે નહીં.

**“ તેના પ્રતિ બહિરંગ નિમિત્ત છે મિથ્યાત્વરૂપ પરિણમેલો પુદ્‌ગલપિંડનો ઉદય; ”** દર્શન મોહનીય કર્મ બાહ્ય નિમિત્ત છે, મિથ્યાત્વનું અંદરનું કારણ પોતાનું છે. આહાહા ! પેલા લોકો એમ કહે કે– દર્શનમોહકર્મનું જોર છે તો મિથ્યાત્વ થાય છે. તો શું કરીએ ? કર્મનો ઉદય આવે એટલે જોડાવું પડે છે કર્મનો ઉદય આવે છે તે નિમિત્ત બનીને જ આવે છે. તેથી અમારે વિકાર કરવો જ પડે છે. આ બધી વાત ખોટી છે.

**શ્રોતાઃ-** કોઈવાર કર્મ બળિયો છે, કોઈવાર જીવ બળિયો છે.

**ઉત્તરઃ-** ખરેખર તો બળિયોએ વિકાર બળિયો છે. પણ, એમ કહે કે– કોઈવાર વિકાર બળિયો, કોઈવાર જીવનો સ્વભાવ બળિયો. કાર્તિકૈયાનુપ્રેક્ષામાં આ શબ્દો આવે છે – “ કછુ કર્મ બળિયો કછુ વિકાર બળિયો. ” ત્યાં એમ નાખે કે– જુઓ, કર્મ બળિયો. પરંતુ ‘ કર્મ બળિયો ’ તેનો અર્થ શું ? કર્મના નિમિત્ત ઉપર જોર આપે છે તો કર્મ બળિયો એમ કહેવામાં આવે છે. સમજમાં આવ્યું ?

અરે... ! તેની એક પણ વાતના ઠેકાણા ન મળે, અને અમે ધર્મ કરીએ છીએ... ધર્મ કરીએ છીએ ધર્મ શું છે ભાઈ ! ધર્મનો એક સમય સંસારના અભાવનું કારણ થાય છે. મિથ્યાત્વના પરિણામને પણ પોતાના ઉલ્ટા પુરુષાર્થથી અજ્ઞાની કરે છે, તે કર્મના કારણે નહીં. કેમ કે કર્મ તો બહિરંગ નિમિત્ત છે.

આ પણ ચર્ચા ત્યાં ચાલી હતી. “ જ્ઞાનાવરણીય કર્મના કારણે જ્ઞાનમાં હીણપ થાય છે. ”

કાનજીસ્વામી કહે છે – જ્ઞાનાવરણીય નહીં. તેઓ કહે છે – જ્ઞાનની હિણી, અધિક દશા પોતાનાથી થાય છે. આ ચર્ચાનું રેકોર્ડિંગ થઈ ગયું. આજથી વીસ વર્ષ પહેલાં. કેમ મહારાજ ! આ ઠીક છે ? કાનજીસ્વામી એમ કહે છે કે– જ્ઞાનની હિનાધિકતા પોતાનાથી થાય છે, તેમાં જ્ઞાનાવરણીય કંઈ કરતા નથી.

મહારાજ કહે – નહીં, અગિયાર અંગના ધારી હોય અને તે કહે તો પણ જૂઠી વાત છે.

જ્ઞાનાવરણીયને કારણે જ્ઞાનની હીનાધિકતા થાય છે એ જ પ્રથા હતી. આખા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હિન્દુસ્તાનમાં બધા પંડિતો, મુનિઓમાં આ જ પ્રથા હતી. તેથી લોકો પણ શું કરે!

અહીંયા તો કહે છે – જ્ઞાનમાં હીણી દશા થવી તે પોતાના કારણથી છે. તે પોતાનું અંતરંગ કારણ છે. અને તેમાં જ્ઞાનાવરણીય બહિરંગ કારણ છે. એ લોકો એમ કહે કે- અમારે કર્મનું જોર છે તેથી વેપાર ધંધા છોડી શકતા નથી. અરે... બધું જ જૂઠું.

એક જૂઠા નામનો માણસ હતો. તે પાલેજ પાસેના ગામનો હતો. તેના બાપના.. બાપ જૂઠા દાદા હતા. તે ભુવા હતા. તે ધુણતા હતા. તમે આ સામાયિક કરો, પોષા કરો અને આ જૂઠું કરો! મહારાજ! હું ધુણતો હોઉં છું તો બોલું છું કે- હું જૂઠો છું. પણ તું નામથી જૂઠો છે અને અહીં ભાવમાં તને જૂઠો ઠરાવે છે. તને જૂઠો કહો! પણ લોકો તો એમ માને છે કે- તારા પિતાજીના પિતાજી જૂઠા છે.

અહીંયા કહે છે – મિથ્યાત્વરૂપ પરિણતિ એ પોતાનું કારણ છે. તે વિભાવરૂપ પરિણમ્યો છે તે પોતાના કારણે "**તેના પ્રતિ બહિરંગ નિમિત્ત છે. મિથ્યાત્વરૂપ પરિણમેલો પુદ્‌ગલ પિંડનો ઉદય.**" નિમિત્ત છે પણ નિમિત્ત કાંઈ કરાવતું નથી.

કૈલાસચંદજી અને વર્ણીજીની વાત યાદ આવી ગઈ એ વખતે વર્ણીજી ક્રમબદ્ધને માનતા નહીં અને નિમિત્તથી થોડુંક થાય છે તેમ માનતા હતા. એનો ખુલાસો કૈલાસચંદજીએ હમણાં કરી દીધો. (૧) ક્રમબદ્ધ છે. (૨) નિમિત્ત છે પણ નિમિત્ત પરનું કાંઈ કરતું નથી. પરમાં કાંઈ ન કરે તેનું નામ નિમિત્ત છે.

અહીંયા એ જ કહે છે કે- જીવ મિથ્યાત્વરૂપ પરિણમે છે, તો દર્શનમોહનીય કર્મ બહિરંગ નિમિત્ત છે. પરંતુ નિમિત્ત કાંઈ કરતું નથી. નિમિત્ત મિથ્યાત્વને કરતું નથી. અત્યારે મોટી ઝંઝટ ચાલે છે.

એક ભાઈ એમ કહેતા હતા કે- કર્મ નિમિત્ત થઈને આવે છે તેથી મિથ્યાત્વ અને વિકાર કરવા જ પડે છે અને જો તમે કર્મને નિમિત્ત કરો તો કહેવાય અને ન કરો તો ન કહેવાય એ બધી વાત મિથ્યા છે.

અહીં તો રાજમલજી પોતે ખુલાશો કરે છે. વિભાવરૂપ પરિણમ્યું છે તે મિથ્યાત્વ અને નિમિત્તરૂપે દર્શનમોહનીય કર્મનો ઉદય છે. અને જીવનો એક ચારિત્ર ગુણ છે. એ વાત કરે છે.

"**જીવનો એક ચારિત્રગુણ છે તે જ વિભાવરૂપ પરિણમતો થકો વિષયકષાય ચારિત્રમોહરૂપ પરિણમે છે;**" વિષય-કષાયના પરિણામરૂપ પરિણમ્યા છે તે પોતાના કારણથી પરિણમ્યા છે. અંતરંગ કારણ પોતાનું છે. તેના પ્રતિ બહિરંગ કારણ ચારિત્રમોહના પરિણામ એનો ઉદય નિમિત્ત છે. તે તો બાહ્ય નિમિત્ત છે અને આ તો અંતરંગ નિમિત્ત છે. એના પણ નિર્ણય કરવાના ક્યાં ઠેકાણાં છે? સમકિત તો ક્યાંય રહી ગયું. હજુ તો એમ માને છે કે-કર્મને લઈને આ થાય અને વિકાર થાય. આ ઇન્દ્રિયો છે તેથી અહીંયા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાન થાય છે? ઇન્દ્રિયોથી જ્ઞાન થાય છે એ વાત જૂઠ છે. જ્ઞાન તો પોતાની પર્યાયથી થાય છે, તેમાં ઇન્દ્રિય તો નિમિત્ત છે. નિમિત્ત અંદર કાંઈ કરે છે?

**વિશેષ આમ છે કે- ઉપશમનો, ક્ષપણનો ક્રમ આવો છે: પહેલાં મિથ્યાત્વ કર્મનો ઉપશમ થાય છે અથવા ક્ષપણ થાય છે."** જુઓ! પહેલાં તો મિથ્યાત્વ ભાવનો નાશ એટલે ઉપશમ કે ક્ષય થાય છે... ત્યારે દર્શનમોહનો નાશ એટલે ઉપશમનો ક્ષય થાય છે અથવા ક્ષપણ થાય છે. મિથ્યાત્વનો નાશ થાય છે અને આ બાજુ દર્શનમોહનો નાશ થાય છે. "**તેના પછી ચારિત્રમોહનો ઉપશમ અથવા ક્ષય થાય છે.**" પહેલાં મિથ્યાત્વનો નાશ હો પછી ચારિત્રમોહનો ઉપશમ હો અને પછી ચારિત્રમોહનો નાશ હો. પહેલાં મિથ્યાત્વનો તો નાશ નથી થયો અને ચારિત્રમોહનો નાશ થઈ જાય એમ નથી.

**પ્રશ્ન**:- મહાવ્રત તે ચારિત્ર નહીં?

**ઉત્તર**:- એ ચારિત્ર ક્યાં હતું! અહીંયા તો મિથ્યાત્વનો ત્યાગ પછી રાગનો ત્યાગ તે ત્યાગ છે.

એ વાતને અહીં સિદ્ધ કરે છે. જેટલા સમકિતી હોય કે ક્ષાયિક સમકિત, શ્રેણિક રાજા તેમણે તીર્થંકરગોત્ર બાંધ્યું છે. તેમને ચારિત્ર મોહનો રાગ હતો. એ રાગ પોતાના કારણે હતો, ચારિત્રમોહકર્મ તો નિમિત્ત છે. હવે તેઓ નરકમાં ગયાં. ત્યાં પણ રાગ છે તે પોતાના કારણે છે. ક્ષાયિક સમકિતી આગામી કાળે તીર્થંકર થશે. શ્રેણિકરાજા પ્રથમ તીર્થંકર થશે. રાગનો પુણ્ય બંધ થયો એમાં તીર્થંકરપણું બંધાયું. જે ભાવે બંધ થયો એ ભાવ રાગ છે. સોલહ કારણ ભાવનાનો રાગ તે કાંઈ ધર્મ નથી. આહાહા! સમજમાં આવ્યું?

રાગને કારણે પુણ્યબંધ થયો. અહીંયા જ્યારે તીર્થંકરપણે માતાના ગર્ભમાં આવશે ત્યારે ઇન્દ્રો આવી ને માતાની સેવા કરશે, આ બધું પુણ્યને કારણે છે. નરકમાંથી નીકળી અને અહીં જન્મ લેશે. કેમ કે તેમને તીર્થંકર પ્રકૃતિ બંધાઈ ગઈ છે. ઇન્દ્ર પણ આવી ને માતાને નમસ્કાર કરે છે. હે! રત્નકુંખધારિણી માતા તને નમસ્કાર.

હે માતા! તેં તારી કુંખમાં રતનને રાખ્યો છે. 'રતન કુંખ ધારિણી', જેની કૂંખમાં રતન રહે તે. ઇન્દ્રો કહે છે

માતા જતન કરીને રાખજો એને,
તમ પુત્ર અમ આધાર રે...
માતા જનેતા જતન કરીને રાખજો.

પછી તો ઇન્દ્ર અને દેવો પણ આવે છે અને કહે છે મહામણી રતન છે તેવા તીર્થંકરના આત્માએ જન્મ લીધો છે એવા પુત્રને માતા જતન કરીને રાખજો.

"તમ પુત્ર અમ આધાર રે..." તેમ એકાવતારી ઇન્દ્ર કહે છે. એ બધા પુણ્યનાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કારણે બંધાયેલા કર્મના ફળ છે. સમજમાં આવ્યું ?

એ પુણ્યના કારણરુપ વિકાર પણ પોતાના કારણથી થયો છે. કર્મના કારણે થયો છે તેમ નથી. કર્મ માને નિમિત્ત. તેનો અર્થ વિશ્વમાં એક ચીજ છે. પરંતુ તેનાથી પરમાં પરિણમન થાય છે તેમ કદી થતું નથી.. એ માટે રાજમલજીને ખુલાશો કરવો પડે છે.

## પ્રવચન નં. ૧૦૭ તા. ૨૮-૯- '૭૭

કળશટીકાનો ૧૧૦ નંબરનો કળશ ચાલે છે. " **તેથી કોઈ કાળમાં જીવને શુદ્ધપણું - અશુદ્ધપણું એક જ સમયે ઘટે છે, વિરુદ્ધ નથી.** " શું કહે છે ? આત્માનું પોતાનાં શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનો અનુભવ કરવા છતાં જેટલા અશુદ્ધભાવ રહે છે તે વિરુદ્ધ નથી. વિરુદ્ધ નથી તેનો અર્થ શું ? જેમ મિથ્યાદર્શન અને મિથ્યાજ્ઞાન વિરૂદ્ધ છે, મિથ્યાદર્શન અને સમ્યગ્દર્શન વિરૂદ્ધ છે તેમ શુદ્ધપણું ને અશુદ્ધપણાને એવો વિરોધ નથી.

ગઈ કાલે વચનામૃતમાંથી એક શબ્દ નીકળ્યો. વચનામૃતના ૮૪ પેઇજ ઉપર છે. " દ્રવ્ય તેને કહીએ જેના કાર્ય માટે અન્ય સાધનની રાહ જોવી પડતી નથી.

બહેનના વચનામૃતમાં ૮૪ પેઈજ ઉપર છે. દ્રવ્ય તેને કહીએ તેના કાર્ય માટે અન્ય સાધનની રાહ જોવી પડે એવું છે નહીં. આહાહા ! તેમાં શું કહે છે ? શુદ્ધાત્મા દ્રવ્ય છે. એ દ્રવ્યના આશ્રયે જ્યારે શુદ્ધપણું પ્રગટ થયું, આત્મા શુદ્ધ દ્રવ્ય છે એવું જ્યારે અનુભવમાં, સમ્યગ્દર્શનમાં આવ્યું ત્યારે તે કાર્યને અન્ય સાધનની રાહ જોવી પડતી નથી.

આહાહા ! એ જ શુદ્ધ દ્રવ્ય છે તેના કાર્ય માટે, નિર્મળ પરિણતિ વીતરાગી દશા માટે મોક્ષ માર્ગની પરિણતિ માટે, સ્વદ્રવ્યના કાર્ય માટે અન્ય સાધનની રાહ જોવી પડે એમ છે નહીં. સમજમાં આવ્યું ?

દ્રવ્ય સ્વભાવ, પૂર્ણાનંદ પરમાત્મા, અનંત રત્નાકરનો દરિયો, અનંતગુણનું ગોદામ એવું આત્મદ્રવ્ય જે અંદરમાં છે તેની જ્યારે દૃષ્ટિ થઈ ત્યારે દ્રવ્ય છે તેમ કહેવામાં આવ્યું. દ્રવ્ય તો છે... પણ એ છે કોને ? સમજમાં આવ્યું ? જેને દૃષ્ટિમાં દ્રવ્યસ્વભાવનો અનુભવ આવ્યો તેને દ્રવ્ય છે. અને જેને દ્રવ્ય છે તો દ્રવ્ય તેને કહીએ જેના કાર્ય માટે, ચારિત્ર માટે, વીતરાગતા માટે, કેવળજ્ઞાન માટે, દ્રવ્યના કાર્ય માટે, પર સાધનની અપેક્ષા કે રાહ જોવી પડે એમ નથી. તેમાં એમ કહેવું છે કે- વ્યવહારની અપેક્ષા લેવી પડે તેવી ચીજ નથી. ભાષા સાદી છે પણ અંદર મર્મ ઘણો છે.

વચનામૃતમાં બહુ સાદી ભાષા છે. મર્મ ઘણો ઉંચો છે. એ તો બ્રહ્મચારી દિકરીઓએ લખી લીધું છે. એ પણ ધન્યવાદને પાત્ર છે. કારણ કે આવું પોતે તો કાંઈ લખે નહીં. એમાં પણ જ્યારે કાંઈ સાર સાર હશે તે લઈ લીધું

અહીંયા કહે છે કે- ભગવાન આત્મા દ્રવ્ય જે છે તે અનંતગુણનો સાગર, અનંત

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શક્તિનો સંગ્રહાલય અર્થાત્ અનંત શક્તિના સંગ્રહનું જે સ્થાન છે તે દ્રવ્ય છે. દ્રવ્ય તેને કહીએ કે- જેનાં કાર્ય માટે, સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન સમ્યક્ચારિત્ર માટે, કેવળજ્ઞાન આદિ કાર્ય માટે અનેરા સાધનની રાહ જોવી પડે... તેવું દ્રવ્યમાં છે નહીં.

આહાહા! વસ્તુ ભગવાન આત્મા જે પરમાત્મ સ્વરૂપ છે તે દ્રવ્ય છે. એ દ્રવ્યની પ્રતીતિ જેને થઈ કે- દ્રવ્ય તો પરમાત્મ સ્વરૂપ છે. એવી પ્રતીતિના કાર્યને માટે, પોતાના ચારિત્રના આનંદને માટે, કેવળજ્ઞાનના કાર્ય માટે ત્યાં પર સાધનની અપેક્ષા નથી દૃષ્ટિમાં દ્રવ્યનો કબજો થયો, તો પર્યાયમાં કાર્ય કહો કે પર્યાય કહો કેમ કે તેને પરની અપેક્ષા નથી.

જે દ્રવ્ય છે તેને દ્રવ્ય કહીએ. જેનાં કાર્ય માટે એટલે નિર્મળ પર્યાય માટે અન્ય સાધનની રાહ જોવી પડે તેવું એ દ્રવ્ય છે જ નહીં. આ દ્રવ્યની વ્યાખ્યા ચાલે છે. ભગવાન આત્મા! જે એક સમયમાં પૂર્ણાનંદનો નાથ તે દ્રવ્ય છે. એ ‘છે’ એવું જેની પ્રતીતમાં આવ્યું એના માટે વાત છે. સમજમાં આવ્યું? ‘દ્રવ્ય છે’ એવી જેને પ્રતીતિ નથી અને જેને રાગની અને પર્યાયની પ્રતીતિ છે. તેને માટે દ્રવ્ય સાધન છે જ નહીં. પણ, જેને આ દ્રવ્ય છે, પરમાત્મા પૂર્ણાનંદ સ્વરૂપ છે એવી જેને દ્રવ્યની પ્રતીતિ આવી, તેને નિર્મળ કાર્ય માટે બીજા સાધનની રોહ જોવી પડે એમ છે નહીં. આહાહા! આમાં તો વ્યવહારની અપેક્ષાને ઉડાવી દીધી છે, અને દ્રવ્યના કાર્ય માટે દ્રવ્ય જ બસ છે. છે તો દોઢ લીટી... કેટલું ભર્યું છે?

દ્રવ્ય તેને કહેવાય જેના કાર્ય માટે અર્થાત્ જેની પર્યાય માટે અન્ય સાધનની રાહ જોવી ન પડે. રાત્રે નહીં ચાલેલી એવી બીજી ઘણી વાત આવી. ભાઈ! મોડા આવે એટલે એ વાત ચાલી ગઈ. બાપુ! આ તો માર્ગ આવો છે. આવા મનુષ્યપણાના ક્ષણ ચાલ્યા જાય છે એના!

અહીંયા કહે છે - દ્રવ્ય પદાર્થ આત્મા: દ્રવ્ય એટલે આત્મા બહારથી કહીએ તો લક્ષ્મીનો વેપાર કરવા માટે, વેપારના કાર્ય માટે... બીજા લક્ષ્મીવાળાની જરૂરત પડે નહીં. તેમ ભગવાન આત્મદ્રવ્ય તેને કહીએ. પૂર્ણાનંદનો નાથ પ્રભુ: શુદ્ધચૈતન્યઘન તે દ્રવ્ય પદાર્થ છે. તેના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને કેવળજ્ઞાનના કાર્ય માટે બીજા સાધનોની રાહ જોવી ના પડે. કેમ કે ભગવાન પોતે સાધન છે તેમ કહે છે.

આહાહા! સમ્યગ્દર્શન થયું તેમાં દ્રવ્યની પ્રતીતિ આવી. દ્રવ્ય છે તો આવું કાર્ય થયું એમ કાર્યમાં આવી પ્રતીતિ આવી. આ દ્રવ્ય છે તેનાથી જે કાર્ય થાય ચારિત્રઆદિ, આનંદઆદિ, કેવળજ્ઞાનાદિ તેને પરદ્રવ્યની જરૂરત નથી. એ. સ્વયં દ્રવ્ય જ પરિપૂર્ણ ભગવાન આત્મા છે.

વચનામૃત ૧૦૦ પેજ ઉપરની વાત પહેલાં કરી હતી. “જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય”? શું કહે છે? જુઓ! છઠ્ઠી ગાથામાં જ્ઞાયકભાવ એવો શબ્દ છે તે આ. ‘જાગતો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવ ' એ તો ગુજરાતી સાદી ભાષા છે. જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, જાગતી ચીજ, ટકતું તત્ત્વ એ ઊભો છે. જાગતું - જાગૃત સ્વરૂપ એ ટકતું સ્વરૂપ છે. ઊભો છે એટલે ટકતું છે.

આહાહા! ' જાગતો જીવ.... , ' ઘણી સાદી ભાષા છે. ચાર ચોપડીના ભણેલાં હોય તે પણ સમજે એવી આ ભાષા છે. શાસ્ત્રમાં વસ્તુ સ્વરૂપ બતાવેલ છે. પરંતુ આ તો તદ્દન સાદી ભાષામાં.

જાગતો જીવ, અર્થાત્ જ્ઞાયકભાવરૂપ જીવ તે ઊભો છે ને! ઊભો છે ને! પ્રભુ છે ને! જ્ઞાયકભાવ છે તે જાગતો જીવ છે. તે ઊભો છે ને! પડયો છે ને! આવો અનાદિ અનંત પડયો છે. એ જીવ ક્યાં જાય? એ જાગતી ચીજ જાય ક્યાં? જાગતી ચીજ ધ્રુવ છે તે જાય ક્યાં? એ પર્યાયમાં આવી જાય? રાગમાં આવી જાય? બહારમાં આવી જાય? જાગતો જીવ છે ને? ટકતું તત્ત્વ છે ને એમ! જ્ઞાયકભાવ છે એ ક્યાં જાય? " જરૂર પ્રાપ્ત થાય જ. " તેની પ્રાપ્તિ થાય, થાયને થાય જ. કેમ કે એ ચીજ છે કે નહીં?

વચનામૃતનો એક ત્રીજો બોલ પણ યાદ આવ્યો હતો. " કંચનને કાટ લાગતો નથી, અગ્નિને ઉધઈ લાગતી નથી. " ૧૩૭ પેઈજ ઉપર છે. સોનાને કાટ લાગતો નથી એમ ન કહેતા.... ક.. ક.. લગાડયા. કંચનને કાટ લાગતો નથી. કંચનને કાટ લાગતો નથી એટલે શું? અગ્નિને ઉધઈ લાગતી નથી. " લાગતી નથી "નો અર્થ હોય નહીં. તેમ જ્ઞાયક સ્વભાવમાં આવરણ રૂપની અશુદ્ધિ આવતી નથી. ભગવાન જ્ઞાયકમૂર્તિ પ્રભુ! તેમાં આવરણ હોય નહીં. ઉણપ નહીં, અશુદ્ધતા નહીં, અને આવરણ નહીં. ઉ, અ, આ, એ રીતે શબ્દો છે. ભાષા કેવી છે? કંચનને કાટ નહીં, જ્ઞાયકભાવમાં આવરણ નહીં, જ્ઞાયક સ્વરૂપને અશુદ્ધિ નહીં. એને જે જોવે, જાણે અને અનુભવ કરે, એનું કલ્યાણ થઈ જાય.

હજુ એક બોલ છે. પેઈજ નં. ૯૩ છે. " બહારમાં બધા કાર્યમાં સીમા મર્યાદા હોય. " એ શું કહ્યું? શુભ, અશુભભાવ, વિકારીભાવ એને મર્યાદા છે. એ ચીજ અમર્યાદિત નથી. આત્મામાં થતાં શુભ-અશુભભાવ, મિથ્યાત્વભાવ તેની તો હદ છે, તેની તો મર્યાદા છે. મર્યાદા નામ સીમા છે. અમર્યાદિત તો અનંતજ્ઞાન આનંદ છે. એ વિકાર મર્યાદિત ચીજ છે માટે તેનાથી પાછા હઠી શકાય છે... એમ કહે છે.

શું કહે છે? જુઓ, અંદરમાં સ્વભાવને સીમા-મર્યાદા નથી. જીવને અનાદિથી વર્તતી બાહ્ય વ્રતિને જો મર્યાદા ન હોય તો જીવ કદી પાછો વળે જ નહીં. શું કહ્યું? રાગ આદિની મિથ્યાત્વ આદિની સીમા છે - મર્યાદા છે. પર્યાય એક સમયની અને સાધારણ છે. તેથી આત્મા તે તરફથી હઠીને અમર્યાદિત ચીજમાં આવી શકે છે. સમજાણું કાંઈ?

આહાહા! વિકારને મર્યાદા ન હોય, હદ ન હોય તો જીવ કદી પાછો વળે જ નહીં. રાગ બે હદ અને બે મર્યાદિત હોય તો પાછો વળે જ ક્યાંથી? મિથ્યાત્વ અર્થાત્ વિપરીત અવસ્થાની અને રાગ દ્વેષની મર્યાદા છે. આહાહા! તેની હદ છે. એના કાળ, ભાવની હદ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

છે. કાળ એક સમયનો અને હદ નામ મર્યાદા એની ટૂંકી છે. વિકાર ટૂંકો અને અલ્પકાળ રહે છે. જ્યારે ભગવાન આત્મા ત્રિકાળ છે. અને જેનો સ્વભાવ અમર્યાદિત છે. એક જ વાકયે બસ છે. અરે... પ્રભુ ! તું પદાર્થ છે કે નહીં ? વસ્તુ છે કે નહીં ? તારી વસ્તુના કાર્ય માટે પરની જરૂર પડે ? પૂર્ણાનંદનો નાથ પ્રભુ અંદર બિરાજે છે આહાહા ! આવી વાત બીજે ક્યાંય છે નહીં... જૈન સિવાય; અને તેમાં પણ દિગમ્બર સિવાય. સનાતન જૈનદર્શન તે દિગમ્બર દર્શન છે. તેમાં પણ અત્યારે તો એનેય ખબર નથી; કેમ કે વાડા બાંધીને બેઠા છે.

અહીંયા તો ભગવાન આત્મા અમર્યાદિત શક્તિનો ભંડાર પ્રભુ છે એવી વસ્તુ છે. આહાહા: એ વસ્તુના કાર્ય માટે પર્યાયને દ્રવ્યની જરૂર છે. એટલે દૃષ્ટિમાં તો દ્રવ્ય આવ્યું એમ કહે છે. એના કાર્ય માટે દ્રવ્યની જરૂર છે. તો દ્રવ્ય તો દૃષ્ટિમાં આવ્યું. એના કાર્ય માટે બીજા કોઈ કારણની જરૂર છે એમ છે નહીં.

એ લોકો બૂમો પાડે છે કે- વ્યવહારથી નિશ્ચય થાય; અરે. સાંભળને ! તને ખબર નથી બાપુ ! વિકારથી નિર્વિકારી થાય ? ભગવાન આત્મા તો નિર્વિકારી વીતરાગ સ્વરૂપ છે. તેના વીતરાગભાવને કારણે તેનું વીતરાગી કાર્ય થાય છે સત્‌ને વિકૃત કરી નાખ્યું છે ને !

આહાહા ! એ પદાર્થ પ્રભુ જ્ઞાયકભાવ તેનું ભાન થયું તો શુદ્ધતા થઈ. એ શુદ્ધતાના કાર્ય માટે કોઈ પરની અપેક્ષા છે નહીં. કેમ કે શુદ્ધતાના કાર્ય માટે શુદ્ધ દ્રવ્યનું કારણ છે. એ શુદ્ધતાના કારણ માટે પરની અપેક્ષા છે નહીં.

પ્રભુ ! તું કોણ છે ? ક્યાં છો ? કેટલો છો ? અપરિમિત અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિની એક એક શક્તિની અપરિમિતતાથી ભરેલો છે. એક એક શક્તિ નામ ગુણનો ગોદામ છે. એક એક શક્તિનું એનું અનંતુ સામર્થ્ય છે. એવી એક - એક શક્તિ, એવી અનંત શક્તિ પ્રભુતાના કારણથી ભરી છે. એક એક શક્તિ પ્રભુતાના ગુણથી ભરી છે. આત્મામાં પ્રભુત્વ નામનો ગુણ છે. એ પ્રભુત્વ નામના ગુણનું સ્વરૂપ અનંતગુણમાં છે. પ્રભુત્વગુણ તેમાં નથી પણ પ્રભુત્વનું જે સ્વરૂપ છે તેનું એક એક શક્તિમાં સ્વરૂપ પડયું છે. એવી સંખ્યાએ અનંતી શક્તિઓ છે. એક - એક શક્તિમાં અનંતી પ્રભુતાનું સ્વરૂપ પડયું છે. એવી અનંત શક્તિનો પિંડ પ્રભુ દ્રવ્ય છે.

આહાહા ! એ દ્રવ્યની હૈયાતિનો સ્વીકાર જેને થયો તેને એ સ્વીકારને માટે બીજાની અપેક્ષાની જરૂર નથી. દ્રવ્યનો ત્યારે સ્વીકાર થાય કે- રાગની મંદતા હો ! અહો ! દેવ-ગુરુ-શાસ્ત્રની સહાયતા હો ! મદદ હો ! તેમ નથી. દ્રવ્યની ચીજ જ એવી છે કે- તેને પરની સહાયતાની જરૂરત જ નથી. આવી વાત છે.

**પ્રશ્નઃ-** સાહેબ ! આપ તો કહો છો કે- પર્યાયને દ્રવ્યની જરૂરત નથી ?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ઉત્તરઃ-** એ વાત પછી. અહીંયા તો અત્યારે કાર્ય લેવું છે ને! દ્રવ્યનાં કાર્યને પરની અપેક્ષા નથી, બસ એટલું જ સિદ્ધ કરવું છે. ખરેખર તો જે કાર્ય છે તેને દ્રવ્યની પણ અપેક્ષા નથી. સમજમાં આવ્યું?

દ્રવ્ય જે છે તે પૂર્ણાનંદનો નાથ પ્રભુ છે. શુદ્ધ ચૈતન્યઘન અનંત રત્નાકર પ્રભુ છે. તે દ્રવ્ય છે. 'એ છે' પણાનો સ્વીકાર પર્યાયમાં આવે છે. દ્રવ્યનો સ્વીકાર દ્રવ્યમાં આવતો નથી. આહાહા! પ્રભુનો આવો માર્ગ છે. 'છે તો છે' એમ પહેલાં કહ્યું હતું ને! એ પર્યાયમાં ત્યારે દ્રવ્ય છે.

એ તો પ્રશ્ન થયેલોને! કારણ પરમાત્મા છે તો કારણનું કાર્ય આવવું જોઈએ ને! તમે તો એમ કહો છો કે કારણ પરમાત્મા અનાદિથી છે. કારણ પરમાત્મા કહો; દ્રવ્ય સ્વભાવ કહો; ત્રિકાળી જ્ઞાયકભાવ કહો; ત્રિકાળી ધ્રુવ જીવ કહો; કારણ જીવ કહો! આહાહા...! કારણ જીવ છે તો કાર્ય તો આવવું જોઈએ ને? એમ પ્રશ્ન હતો.

તેને ઉત્તર આપ્યો કે- ભાઈ સાંભળ! કારણ આત્મા છે, કારણ પરમાત્મા છે તે કોને? જેની પ્રતીતમાં કારણ જીવ આવ્યો તેને, જેને પ્રતીત નથી આવી તેને 'છે' તે ક્યાંથી આવ્યું? સમજમાં આવ્યુ? માર્ગ જગતથી બહુ જુદો છે. તેથી લોકો રાડો પાડે છે કે- આ સોનગઢનું એકાંત છે; વ્યવહારનો લોપ કરે છે. વાત એની સાચી.

જેણે દ્રવ્ય સ્વભાવનો આશ્રય અને લક્ષ કર્યું તેને પરનાં લક્ષથી કાર્ય થાય એ વાત જ રહેતી નથી. તેમાં પરાધીનતા છે જ નહીં.

અરે...! તારી ચીજ તો અનંત શક્તિનો સંગ્રહસ્વરૂપ ભગવાન છે. ઉત્પાદ-વ્યય અનિત્ય છે. અનિત્યમાં નિત્યની પ્રતીતિ આવે છે. નિત્યની પ્રતીતિ નિત્યમાં નથી થતી. તો એ મહાપ્રભુ કારણ પરમાત્મા છે. એની પ્રતીતિ આવી તેને કારણ પરમાત્મા છે. જેને કારણ પરમાત્મા છું તેમ પ્રતીતમાં આવે તેને કાર્ય સમ્યગ્દર્શન થયા વિના રહે નહીં. કારણ પરમાત્મા જેની દૃષ્ટિમાં આવ્યો તેને ચારિત્ર અને કેવળજ્ઞાન થયા વિના રહે નહીં. સમજમાં આવ્યું?

દ્રવ્ય છે તે અનંતશક્તિનો મહાભંડાર છે. એ ભંડારની દૃષ્ટિએ રાગ સાથેની એકતાની ડોર તોડી નાખી છે. રાગ અને ત્રિકાળી સ્વભાવ એક છે એવી મિથ્યાત્વની ચાવી હતી તે એકતા તૂટી ગઇ છે. અને હવે રાગથી વિભક્ત થયો છે. પાંચમી ગાથામાં એકત્વ-વિભક્ત આવે છે. રાગથી વિભક્ત થયો અને પોતાના સ્વભાવની સાથે એકત્વ થયો... એટલે વીતરાગતા શરૂ થઈ ગઈ. વીતરાગતા પૂર્ણ થવામાં કારણ પણ એ દ્રવ્ય છે, તેમાં પરની અપેક્ષા છે નહીં. એમાં મનુષ્યપણું વજનારાચ સહનનની અપેક્ષા નથી. આહાહા! શાસ્ત્રનું જ્ઞાન વધારે હો, ધારણા વધારે હો, દેવગુરુની શ્રદ્ધા હો અને પંચમહાવ્રતાદિના પરિણામ હો તો તેનાથી લાભ થશે તેમ નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રશ્નઃ-** કાળલબ્ધિ આવે ત્યારે સમજાય ને ?

**ઉત્તરઃ-** આવો પ્રશ્ન વારંવાર આવે છે. કાળલબ્ધિ કોને કહેવી ? એ વાત તો ઘણીવાર કહી છે. કાળલબ્ધિનું જ્ઞાન કોને હોય છે ? કાળલબ્ધિની કાંઈ ધારણા કરી લેવાની છે ! એ તો મિથ્યાદૃષ્ટિ-મૂઢ છે. કાળલબ્ધિનું જ્ઞાન કોને હોય છે ? જેને પુરુષાર્થથી દ્રવ્યનો આશ્રય લીધો અને પર્યાયમાં જ્ઞાન-આનંદ આદિ દશા થઈ તેને કાળ લબ્ધિનું જ્ઞાન થયું. સમજમાં આવ્યું ?

આ પ્રશ્ન તો સંવત ૨૦૭૨ની સાલથી છે તેને એકસઠ વર્ષ થયા પોતાનો ત્રિકાળી સર્વજ્ઞ સ્વભાવી ભગવાન આત્મા છે એવા પોતાના જ્ઞાનમાં અંદર ઘૂસી જાય છે તેને પર્યાયમાં સર્વજ્ઞપણાની પ્રતીતિ થાય છે. અત્યારે સર્વજ્ઞ પરમાત્માને એક બાજુ રાખો. અત્યારે તો સર્વજ્ઞ સ્વભાવી ભગવાન આત્મા પોતે છે. સર્વજ્ઞ સ્વરૂપી વસ્તુએ પ્રભુ પોતે છે. તે અલ્પજ્ઞાની નહીં, વિપરીત જ્ઞાની નહીં.

સર્વજ્ઞ સ્વભાવી ચૈતન્ય સૂર્ય, ચૈતન્ય સ્વભાવ છે એવી જેને પ્રતીત થઈ... ત્યારે તેને સર્વજ્ઞ સ્વભાવ છે તેવું તેને તેની પ્રતીતમાં આવ્યું. પ્રતીત વિના, આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે તે ક્યાંથી આવ્યું ? તેના માટે તો આત્મા છે જ નહીં, અંધારું છે. સમજમાં આવ્યું ?

આહાહા ! '**णमो अरिहंताणम्**' માં સર્વજ્ઞ પરમાત્મા છે એ બીજી વાત છે. અહીં તો પ્રભુ પોતે સ્વભાવે સર્વજ્ઞ છે. જાગતો સ્વભાવ કહો અથવા સર્વજ્ઞ સ્વભાવ કહો. જ્ઞ.. સ્વભાવ છે તેની સાથે સર્વ લગાવી દ્યો તો સર્વજ્ઞ સ્વભાવી છે. એ અનાદિથી સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ પોતે આત્મા છે. ભાઈ ! વાત થોડી ઝીણી છે.

આહાહા ! વીતરાગ માર્ગ બહુ અલૌકિક છે. આહાહા ! જિનેશ્વરદેવ પરમાત્મા તો એમ કહે છે કે-સર્વે જીવો, સર્વ કાળે, સર્વ ક્ષેત્રે, સર્વ ભાવથી પરિપૂર્ણ ભર્યા પડયા પ્રભુ છે. સર્વ જીવો હોં ! અભવી જીવ પણ તેના પૂર્ણ સ્વભાવથી ભર્યા પડયા છે. કેવળજ્ઞાન-કેવળ દર્શન-અનંત આનંદથી ભર્યા પડયા છે તેવા વસ્તુએ અભવી જીવો છે. તેમની પર્યાયમાં વીતરાગતા ન પ્રગટે તે વાત બીજી છે. આ તો જેમણે પોતાનું કાર્ય કરવું હોય તેના માટેની વાત છે ભાઈ !

અહીંયા તો કહે છે કે સર્વજ્ઞ સ્વભાવી વસ્તુની સ્થિતિ છે તેની પ્રતિતી આવી કે-મારા કાર્યમાં પોતાના દ્રવ્ય સિવાય કોઈ પરનું કારણ છે નહીં.. તેમ તેને પ્રતીતમાં આવ્યું. ત્યાર પછી ચારિત્રની પર્યાય પ્રગટ થાય તે પણ પોતાના દ્રવ્યના આશ્રય સિવાય તેને કોઈ બીજાનો આશ્રય છે તેમ નથી. આહાહા ! ત્યાર પછી કેવળજ્ઞાનની પર્યાય આવી... તો તેમાં કોઈ વજ્રનારાચ હો કે મનુષ્યપણું હો, પર્યાપ્ત હો, આમ હો તો કેવળજ્ઞાન થાય છે એમ નથી.

ઘણાં વર્ષો પહેલાં એક પંડિત આવ્યા હતા. તેઓ કહે- કેવળજ્ઞાન થવામાં વજ્રનારાચ સંહનન જોઈએ. અરે... પ્રભુ ! સાંભળ તો ખરો ! એ તો નિમિત્ત છે, તેથી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિમિત્તથી કાંઈ થાય છે એમ નથી. આહાહા! બહુ ઝીણું બાપુ! તરવાનો ઉપાય શું? તરવાના ઉપાયનો ભંડાર ભગવાન ભર્યો પડયો છે. અનાદિથી દૃષ્ટિ જ વિપરીત છે. જ્યાં છે ત્યાં શોધતા નથી અને જ્યાં નથી ત્યાં શોધે છે.

આહાહા! રાગમાં સર્વજ્ઞ સ્વભાવી ભગવાન પડયા છે? એક સમયની પર્યાયમાં સર્વજ્ઞ સ્વભાવી ભગવાન રહે છે? આહાહા! આવો સર્વજ્ઞ સ્વભાવ દ્રવ્ય સ્વરૂપ તેની સ્વસન્મુખ થઈને પ્રતીતિ અને અનુભવ થયો, તેના કાર્ય માટે પરની કોઈ અપેક્ષા ન રહી. ચારિત્ર માટે પણ પરની અપેક્ષા ન રહી.

બંધ અધિકારમાં તો એમ આવે છે કે- દર્શન-જ્ઞાન કારણ છે અને ચારિત્ર કાર્ય છે. દર્શન-જ્ઞાન નથી માટે ચારિત્રરૂપી કાર્ય નથી એમ કહ્યું છે, એ વાત તો અપેક્ષિત કહી છે. બાકી ચારિત્ર ગુણ ( નામ પર્યાય ) નું કારણ ચારિત્ર શક્તિ છે. અને એ શક્તિવાન આત્મા ચારિત્રના કાર્યનું કારણ છે. ત્યાં તો એટલુ સિદ્ધ કરવું છે કે- પૂર્વે સમ્યગ્દર્શન જ્ઞાન હો તો ચારિત્ર થાય છે. પરંતુ સમ્યગ્દર્શનની પર્યાયને કારણે ચારિત્રની પર્યાય પ્રગટ થાય છે તેમ છે નહીં. એ ચારિત્ર કાર્ય અને તેનું કારણ સમ્યગ્દર્શન થાય છે તેમ છે નહીં. જ્યારે દ્રવ્યસ્વભાવની પ્રતીત થઈ તો એ ચારિત્રનું કાર્ય થયું અને તેમાં દ્રવ્ય કારણ થાય છે. સમજમાં આવ્યું? આવો મારગ છે જૈનનો!

**“ તેથી કોઈ કાળમાં જીવને શુદ્ધપણું - અશુદ્ધપણું એક જ સમયે ઘટે છે, ”**

શું કહે છે? દ્રવ્યનો જેટલો આશ્રય લીધો એટલું તો શુદ્ધપણું પ્રગટ થયું. હજુ પૂર્ણ આશ્રય નથી તેથી પરના લક્ષથી પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન થાય છે. તે અશુદ્ધપણું છે. તો એક જ સમયમાં મોક્ષમાર્ગ પણ હોય અને અશુદ્ધપણું પણ હોય, તે બન્ને એક સાથે રહી શકે છે.

આહાહા! ભગવાન આત્માનો પૂર્ણ આશ્રય નથી ત્યાં આગળ અંદરમાં અર્થાત્ લક્ષમાં પરનો આશ્રય આવ્યા વિના રહેતો નથી. અરે... પ્રભુ! આવી ભાષા અને આવી વાત છે. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ દૃષ્ટિમાં આવ્યો અર્થાત્ જ્ઞાનની એક સમયની પર્યાયમાં પૂર્ણનું જ્ઞાન આવ્યું. પરંતુ પર્યાયમાં પૂર્ણ ચીજ ન આવી. સમજમાં આવ્યું?

એ વાત સમયસાર ૧૭-૧૮ ગાથામાં ચાલી હતી. અજ્ઞાનીની જ્ઞાનની પર્યાયમાં સ્વપર પ્રકાશકપણું છે, તેથી એ પર્યાયમાં દ્રવ્ય પણ જણાય છે. ગજબ વાત કરે છે ને! અજ્ઞાનીની જ્ઞાન પર્યાય ક્ષયોપશમ જ્ઞાનનો અંશ છે તેનો સ્વભાવ સ્વપર પ્રકાશક હોવાથી તે પર્યાયમાં પણ સ્વદ્રવ્યનું જ જ્ઞાન થાય છે. આહાહા! આવું હોવા છતાં તેની દૃષ્ટિ એ બાજુ નથી. આહાહા! અનાદિથી જ્ઞાન પર્યાયમાં આખું દ્રવ્ય જ જાણવામાં આવે છે હોં!

આહાહા! અજ્ઞાનીને પણ તેના વર્તમાન જ્ઞાનમાં અર્થાત્ ક્ષયોપશમના વિકાસનો જે અંશ છે તે પર તરફ ઝૂક્યો છે. છતાં એ પર્યાયમાં સ્વદ્રવ્યનું જ્ઞાન થાય જ છે. પરંતુ તેની

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દૃષ્ટિ ત્યાં નથી. અર્થાત્ અંતરમાં દૃષ્ટિ નથી. તેની દૃષ્ટિ બહારમાં છે. તેથી તેને તેના જ્ઞાનમાં આત્મા જાણવામાં આવતો હોવા છતાં જાણવામાં આવતો નથી. અજ્ઞાનીને એમ ભાસે છે કે મને રાગ જાણવામાં આવે છે. આહાહા! ઝીણી વાત છે ભાઈ! સમજમાં આવ્યું?

જ્ઞાન ભલે અલ્પ હો! પણ એ જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય કેટલું છે? સ્વપર પ્રકાશક એટલે સ્વપરને જાણવું નાટક સમયસારમાં આવે છે કે-

**"સ્વપર પ્રકાશક શક્તિ હમારી, તાતૈં વચન ભેદ ભ્રમ ભારી જ્ઞેય શક્તિ દુવિધા પ્રકાશી, નિજરૂપા પરરૂપા ભાસી."**

"સ્વપર પ્રકાશક શક્તિ હમારી," પર્યાયમાં સ્વપરને પ્રકાશનારી અમારી શક્તિ છે. સ્વપરમાં બે જ્ઞેય આવ્યા. સ્વજ્ઞેય અર્થાત્ સ્વને અને પરજ્ઞેય અર્થાત્ પરને. સૌ પ્રથમ તો પર્યાયમાં સ્વજ્ઞેય જાણવામાં આવે છે. આવી વાત લોકોને આકરી પડે... કેમ કે અભ્યાસ નથી ને?

એક સમયની પર્યાય સ્વ દ્રવ્યનું પણ જ્ઞાન કરે છે અને છ દ્રવ્યનું પણ જ્ઞાન કરે છે. એ એક સમયની પર્યાય, તે શ્રુતજ્ઞાનની પર્યાય ભલે અલ્પ હોય છતાં તે જ્ઞાનપર્યાયમાં સ્વદ્રવ્યનું જ્ઞાન છે. પરંતુ સ્વદ્રવ્ય તે પર્યાયમાં નથી આવતું. એ પર્યાયમાં છ દ્રવ્ય નથી આવતાં પરંતુ છ દ્રવ્યનું જ્ઞાન છે. એક જ સમયે સ્વદ્રવ્ય અને પરદ્રવ્યનું જ્ઞાન થયું. એક જ્ઞાનગુણની એક સમયની પર્યાયમાં આટલી તાકાત છે. પરંતુ પ્રતીતિનો વિષય, આશ્રયભૂત દ્રવ્ય તેનો આશ્રય કરતી નથી, છતાં તે પર્યાયમાં દ્રવ્ય ભાસે છે. ભાસવા છતાં એ પર્યાયનું લક્ષ ભાસવાવાળી ચીજ ઉપર નથી. આવી ચીજ છે.

અહીંયા કહે છે - શુદ્ધપણું અને અશુદ્ધપણું એક સાથે છે. ભગવાન આત્મ વસ્તુની પ્રતીતિ જેટલી દ્રવ્યના આશ્રયે થઈ તો સમ્યગ્જ્ઞાન થયું. અને સાથે થોડી શુદ્ધતા પણ થઈ. હવે એ જ સમયે અશુદ્ધતા પણ છે. બે ભાવ આવ્યા ને? જીવનું શુદ્ધ અશુદ્ધપણું એક જ સમયમાં ઘટે છે. છતાં તેમાં વિરૂદ્ધ નથી. જેમ મિથ્યાદર્શનને અને સમ્યગ્દર્શનને એક જ સમયમાં વિરૂદ્ધતા છે તેમ શુદ્ધપણાને અને અશુદ્ધપણાને એક સાથે રહેવામાં કોઈ વિરોધ નથી. ભલે એ અશુદ્ધપણાથી શુદ્ધપણું વિરૂદ્ધ હોવા છતાં પણ સાથે રહેવામાં વિરોધ નથી.

**"किन्तु" કોઈ વિશેષ છે, તે વિશેષ જેમ છે તેમ કહે છે. "अत्र अपि" એક જ જીવને એક જ કાળે શુદ્ધપણું - અશુદ્ધપણું જોકે હોય છે તોપણ પોતપોતાનું કાર્ય કરે છે.**

ભાષા જુઓ! શુદ્ધપણું સંવર નિર્જરાનું કામ કરે છે અને અશુદ્ધતા બંધનું કામ કરે છે. સમ્યગ્દૃષ્ટિને પણ હોં!! આહાહા! કોઈ એમ કહે કે- શાસ્ત્રમાં તો એમ આવ્યું કે- 'સમ્યગ્દૃષ્ટિનો ભોગ નિર્જરાનો હેતુ છે.' અહીંયા કહે છે કે- સમકિતીને જેટલું અશુદ્ધપણું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહે છે તે બિલકુલ બંધનું કારણ છે. અને જેટલું શુદ્ધપણું છે તે બિલકુલ સંવર નિર્જરાનું કારણ છે. આવો માર્ગ છે ભાઈ ! અરે ! તેણે આત્માનો તો આશ્રય લીધો નહીં અને તે અનંતકાળથી રખડી મરે છે ચોરાશીના અવતારમાં. માની લ્યો કે બહારમાં થોડું જાણપણું થયું. અને દુનિયા વખાણે કે- ડાહ્યો છે, પરંતુ તેમાં આત્માને શું થયું ! આહાહા: એ ત્યાં ફસાઇ ગયો.

**"यत् कर्म अवशत: बन्धाय समुल्लसति" જેટલી દ્રવ્યરૂપ - ભાવરૂપ - અંતર્જલ્પ - બહિર્જલ્પ - સૂક્ષ્મ - સ્થૂળરૂપ ક્રિયા, (अवशत:) સમ્યગ્દષ્ટિ પુરુષ સર્વથા ક્રિયાથી વિરક્ત હોવા છતાં,"**

સમ્યગ્દષ્ટિ પુરુષની દષ્ટિ એ ક્રિયાથી વિરક્ત છે. એ ક્રિયા મારી છે તેમ સમ્યગ્દષ્ટિ માનતા નથી. જેટલું અશુદ્ધપણું છે. તેનાથી સમ્યગ્દષ્ટિ વિરક્ત તો છે. પરંતુ વિરક્ત હોવા છતાં અશુદ્ધપણું છે. દષ્ટિની અપેક્ષાએ, આશ્રયની અપેક્ષાએ સમ્યગ્દષ્ટિ એ ક્રિયાથી વિરક્ત છે, પરંતુ નબળાઈની અપેક્ષાએ અશુદ્ધતા છે એ પોતાના કારણથી છે. તે કોઈ કર્મના કારણથી છે એમ નથી.

**પ્રશ્નઃ-** એ ક્રિયા છે ત્યારે વિરક્તપણું થયું ને ?

**ઉત્તરઃ-** ક્રિયા છે માટે નહીં; દષ્ટિએ તો વિરક્તપણું છે. અશુદ્ધપણું છે માટે વિરક્ત છે એ વાત જૂઠી છે, એમ નથી. એને અંદરમાં દ્રવ્યનો આશ્રય છે માટે વિરક્ત છે. બહુ ઝીણી વાતો બાપા આકરી છે. સમજમાં આવ્યું ?

'વિરક્ત છે' તેનો અર્થ ? અશુદ્ધપણું છે માટે વિરક્ત છે તેમ નથી. અશુદ્ધપણું હોવા છતાં તેને સ્વદ્રવ્યનો આશ્રય છે માટે વિરક્ત છે. આવો માર્ગ ઝીણો પડે. તેણે કદી નિવૃત્તિ લીધી નહીં.

**"સમ્યગ્દષ્ટિ પુરુષ સર્વથા ક્રિયાથી વિરક્ત હોવા છતાં ચારિત્રમોહના ઉદયે બલાત્કારે થાય છે તે જેટલી ક્રિયા છે તેટલી - જ્ઞાનાવરણાદિ કર્મબંધ કરે છે,"** સમ્યગ્દષ્ટિને અશુદ્ધતાનું સ્વામીપણું નથી..; છતાં પણ પર્યાયમાં અશુદ્ધપણું છે.. તો સાધકને તેનો બંધ પણ છે. એક બાજુ એમ કહે છે કે- જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. અને બીજી બાજુ એમ કહે છે કે- જ્ઞાનીને જે અશુદ્ધતાનો અંશ છે તે બંધનું કારણ છે. શુભક્રિયા હોઃ જેટલા દયા-દાન વ્રતના વિકલ્પ ઊઠે છે તે બંધનું કારણ છે, છતાં પણ તેમાં સ્વામીપણું છૂટી ગયું છે. વિરકિતનો અર્થ એ કે તેમાં રકત નથી. એ ક્રિયાથી સર્વથા વિરક્ત નથી. જો સર્વથા વિરક્તપણું હોય તો તેને મુનિપણું હોય જ નહીં.

જેટલી શુભક્રિયા છે -દયા-દાન-વ્રત-ભક્તિ તે **"જ્ઞાનાવરણાદિ કર્મબંધ કરે છે, સંવર-નિર્જરા અંશમાત્ર પણ કરતી નથી."** એ લોકોના બધા ગોટા છે. સમ્યગ્દષ્ટિનો શુભ જોગ સર્વથા બંધનું કારણ નથી. તેમ કહે છે; અર્થાત્ તે કથંચિત્ શુદ્ધતાનું પણ કારણ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તેમ કહે છે; મોટો ફે... ર.. મૂળ ચીજમાં જ આખો ફેર, તેના વ્રત – તપ તો ક્યાંય રહી ગયા.

"**સંવર-નિર્જરા અંશમાત્ર પણ કરતી નથી.**" દયા-દાન વ્રત-ભક્તિ-પૂજાના સમ્યગ્દૃષ્ટિને જેટલા વિકલ્પ ઊઠે છે તે બિલકુલ સંવર-નિર્જરાનું કારણ નથી, પરંતુ એકલા બંધનું જ કારણ છે. એક બાજુ કહેવું કે- શુભજોગમાં પણ શુદ્ધતાનો અંશ છે. એ વાત બીજી અપેક્ષાએ છે. એક જ્ઞાનની પર્યાયનો જે અંશ છે- વિકાસ છે તે નિર્મળ છે. એ નિર્મળ છે તો એમ કરતાં... કરતાં પૂર્ણ નિર્મળ થાય છે. પરંતુ ચારિત્રગુણની અશુદ્ધતા હો અને તે અંશ વધતાં વધતાં શુદ્ધ થાય તેમ નથી. પરંતુ શુભ જોગમાં એક અંશ જે ચારિત્રનો અંશ છે તે નિર્મળ છે તેમ બતાવવા કહ્યું. એ અંશ નિર્મળ... નિર્મળ થતો થતો યથાખ્યાત ચારિત્ર થશે. પરંતુ એ શુદ્ધતાનો અંશ ક્યારે કામ કરશે? જ્યારે ગ્રંથિભેદ કરશે ત્યારે આ વાતમાં પણ એ લોકો એમ કહે છે કે- જુઓ!

આમાં (શુભજોગમાં) શુદ્ધનો અંશ છે. અરે પણ! એ કોના માટે છે જો તો ખરો! આહાહા! એ તો ચારિત્ર ગુણની એક પર્યાયની પૂર્ણતા છે તે બીજા ગુણના કારણે નથી થતી તે સિદ્ધ કરવું છે. સમજમાં આવ્યું? સમ્યગ્જ્ઞાનની પર્યાયનો અંશ પૂર્ણ નિર્મળ થાય છે. તે નિર્મળ પૂર્ણ... પૂર્ણ છે તે કારણથી ચારિત્રગુણની નિર્મળ પર્યાય પૂર્ણ થાય છે એમ નથી. ત્યાં ચારિત્રનો એક નિર્મળ અંશ છે તે આગળ વધીને પૂર્ણ યથાખ્યાત ચારિત્ર થાય છે. એટલું સિદ્ધ કરવું છે. આ વાત મોક્ષમાર્ગ પ્રકાશમાં છે. આના વ્યાખ્યાન અધ્યાત્મ સંદેશ પુસ્તકમાં છપાઈ ગયા છે.

અહીંયા કહે છે – સમ્યગ્દૃષ્ટિ પુરુષ ક્રિયાથી સર્વથા વિરક્ત છે. પરંતુ ચારિત્રમોહ કર્મના ઉદયમાં બળાત્કારે થાય છે. બળાત્કાર એટલે તેને રુચિ નથી. તેને આકુળતારૂપ શુભભાવ આવે છે પરંતુ તેની રુચિ નથી. 'બળાત્કારનો' અર્થ એવો નથી કે-ચારિત્ર મોહનો ઉદય છે તેથી અશુદ્ધતા થાય છે તેમ નથી. બળાત્કારનો અર્થ તેની રુચિ નથી. તેમ છતાં નબળાઈને કારણે અશુદ્ધતા થાય છે.

"**तत् एकम् ज्ञानं मोक्षाय स्थितम्**" **પૂર્વોકત એક જ્ઞાન અર્થાત્ એક શુદ્ધ ચૈતન્ય પ્રકાશ**" આહાહા! શુદ્ધ ભગવાન આત્મા તેનો પ્રકાશ પર્યાયમાં નિર્મળ થયો. સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર જે નિર્મળતા થઈ તે જ્ઞાનપર્યાય છે. એક શુદ્ધ ચૈતન્ય પ્રકાશ તે ચેતનનો પ્રકાશ છે.

"**એક શુદ્ધ ચૈતન્ય પ્રકાશ જ્ઞાનાવરણાદિ કર્મક્ષયનું નિમિત્ત છે.**" એ તો કર્મક્ષયનું નિમિત્ત છે. (ચૈતન્ય પ્રકાશ) કર્મક્ષય કરતું નથી. કર્મનો ક્ષય તો કર્મથી થાય છે. તેમાં એ પ્રકાશ નિમિત્ત છે. નિમિત્તનો અર્થ એ કે- કર્મક્ષય થાય તેનો કર્તા આત્મા નથી. કર્મક્ષયમાં કર્મની પર્યાય બદલીને અકર્મરૂપ થવું તેનો સ્વભાવ છે. અહીંયા તો તે પ્રકાશ તેમાં નિમિત્ત છે. સમજમાં આવ્યું?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થ આમ છે કે-એક જીવમાં શુદ્ધપણું - અશુદ્ધપણું એક જ કાળે હોય છે, પરંતુ જેટલા અંશે શુદ્ધપણું છે તેટલા અંશે કર્મ -ક્ષપણ છે, જેટલા અંશે અશુદ્ધપણું છે તેટલા અંશે કર્મબંધ થાય છે. એક જ કાળે બન્ને કાર્ય થાય છે. “ एव ” આમ જ છે. સંદેહ કરવો નહીં. ”**

ઘણા લોકો એમ કહે છે સમકિતીને દુઃખ થતું જ નથી. કષાય થતો નથી. એ વાત કઈ અપેક્ષાએ કરી છે તે જુઓ તો ખરા! અહીંયા કહે છે મુનિને પણ જેટલા અંશે મહાવ્રતાદિનો વિકલ્પ છે તેટલા અંશે દુઃખ છે અને દુઃખનું વેદન પણ છે. એ તો આનંદની મુખ્યતાએ કહ્યું હોય ત્યારે, દુઃખ છે જ નહીં એમ કહેવામાં આવે છે. પરંતુ જ્ઞાનની પર્યાયમાં જાણવામાં આવે છે એ અપેક્ષાએ કહો તો જેટલો અંશ આત્માનાં આશ્રયે ઉત્પન્ન થયો એટલું સુખ જેટલા અંશે અશુદ્ધતા પ્રકાશે એટલુ દુઃખ સાધકને એક સમયમાં સુખ અને દુઃખ બન્નેનું વેદન છે.

( કોઈ એકાંત પક્ષ થઈ જાય ) પછી આત્મામાં આવવું મુશ્કેલ પડી જાય. માણસને પકકડ થઈ જાય પછી મુશ્કેલ છે. અરેરે! માન આખી જિંદગી પલટી નાખે. માન મૂકવું ભારે આકરું પડે. ભાઈ! હવે મૂકને માનને; મરી ગયો માનમાં.

આહાહા! જ્ઞાનીને પણ જેટલી અશુદ્ધતા છે એટલું દુઃખ છે, અને તેટલું બંધનું કારણ છે. સમયસારમાં કહ્યું કે– જ્ઞાનીનો ભોગ નિર્જરાનું કારણ છે. અહીંયા કહે છે – જેટલી અશુદ્ધતા છે એટલું બંધનું કારણ છે તે કઈ અપેક્ષાએ કહ્યું. અને જ્ઞાનીનો ભોગ નિર્જરાનું કારણ છે એ તો દૃષ્ટિનું જોર દેવા અર્થાત્ દૃષ્ટિનું જોર સ્વભાવ ઉપર છે. તેમાં આશ્રય એકલો ભગવાનનો છે, હવે તેને ભોગના પરિણામ આવવા છતાં તેનો સ્વામી થતો નથી. તેથી તેને સ્થિતિ બંધ અલ્પ છે તે કારણે બંધ નથી એમ કહ્યું છે. પરંતુ સર્વથા બંધ નથી એમ છે જ નહીં.

**“ કેવું છે શુદ્ધ જ્ઞાન ? “ પરમં ” સર્વોત્કૃષ્ટ છે - પૂજ્ય છે.** વર્તમાન પરિણતિ જે શુદ્ધ છે તે પૂજ્ય છે. સર્વોત્કૃષ્ટ છે. તે રાગથી ભિન્ન છે. આત્માના આશ્રયે જેટલી શુદ્ધતા પ્રગટ થઈ તે પૂજ્ય છે.

“ વળી કેવું છે ? “ **स्वत: विमुक्तं ” ત્રણે કાળ સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન છે. ”** શુદ્ધ પરિણતિ છે તે પરદ્રવ્ય અને રાગથી તો ભિન્ન જ છે શુદ્ધ પરિણતિના કારણે મોક્ષ થાય છે અને રાગથી બંધ થાય છે.

* * *

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( શાર્દૂલવિક્રીડિત )

मग्ना: कर्मनयावलम्बनपरा ज्ञानं न जानन्ति यन्
मग्ना ज्ञाननयैषिणोऽपि यदतिस्वच्छन्दमन्दोद्यमा:।
विश्वस्योपरि ते तरन्ति सततं ज्ञानं भवन्त: स्वयं
ये कुर्वन्ति न कर्म जातु न वशं यान्ति प्रमादस्य च।। १२-१११।।

ખંડાન્વય સહિત અર્થઃ- " कर्मनयावलम्बनपरा: मग्ना: " ( कर्म ) અનેક પ્રકારની ક્રિયા, એવો છે ( नय ) પક્ષપાત, તેનું ( अवलम्बन ) -ક્રિયા મોક્ષમાર્ગ છે એમ જાણીને ક્રિયાનું-પ્રતિપાલન, તેમાં ( परा: ) તત્પર છે જે કોઈ અજ્ઞાની જીવો તે પણ ( मग्ना: ) પાણીના પૂરમાં ડૂબેલા છે. ભાવાર્થ આમ છે કે સંસારમાં ભટકશે, મોક્ષના અધિકારી નથી. શા કારણથી ડૂબેલા છે ? " यत् ज्ञानं न जानन्ति " ( यत् ) કારણ કે ( ज्ञानं ) શુદ્ધ ચૈતન્યવસ્તુનો ( न जानन्ति ) પ્રત્યક્ષપણે આસ્વાદ કરવાને સમર્થ નથી, ક્રિયામાત્ર મોક્ષમાર્ગ એમ જાણીને ક્રિયા કરવાને તત્પર છે. " ज्ञाननयैषिण: अपि मग्ना: " ( ज्ञान ) શુદ્ધ ચૈતન્યપ્રકાશ, તેનો ( नय ) પક્ષપાત, તેના ( एषिण: ) અભિલાષી છે, [ ભાવાર્થ આમ છે કે-શુદ્ધ સ્વરૂપનો અનુભવ તો નથી, પરંતુ પક્ષમાત્ર બોલે છે; ] ( अपि ) એવા જીવો પણ ( मग्ना: ) સંસારમાં ડૂબેલા જ છે. શા કારણથી ડૂબેલા જ છે ? " यत् अतिस्वच्छन्दमन्दोद्यमा: " ( यत् ) કારણ કે ( अतिस्वच्छन्द ) ઘણું જ સ્વેચ્છા-ચારપણું છે એવા છે, ( मन्दोद्यमा: ) શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો વિચારમાત્ર પણ કરતા નથી. એવા છે જે કોઈ તેમને મિથ્યાદૃષ્ટિ જાણવા. અહીં કોઈ આશંકા કરે છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ એવી પ્રતીતિ કરતાં મિથ્યાદૃષ્ટિપણું કેમ હોય છે ? સમાધાન આમ છે-વસ્તુનું સ્વરૂપ એવું છે કે જે કાળે શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે તે કાળે અશુદ્ધતારૂપ છે જેટલી ભાવ-દ્રવ્યરૂપ ક્રિયા તેટલી સહજ જ મટે છે. મિથ્યાદૃષ્ટિ જીવ એવું માને છે કે જેટલી ક્રિયા છે તે જેવી છે તેવી જ રહે છે, શુદ્ધસ્વરૂપ-અનુભવ મોક્ષમાર્ગ છે; પરંતુ વસ્તુનું સ્વરૂપ એવું તો નથી. તેથી જે એવું માને છે તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, વચનમાત્રથી કહે છે કે શુદ્ધસ્વરૂપ-અનુભવ મોક્ષમાર્ગ છે; એવું કહેવાથી કાર્યસિદ્ધિ તો કાંઈ નથી. " ते विश्वस्य उपरि तरन्ति " ( ते ) એવા જે કોઈ જીવો સમ્યગ્દૃષ્ટિ છે તેઓ, ( विश्वस्य उपरि ) કહ્યા છે જે બે જાતિના જીવ તે બંને ઉપર થઈને, ( तरन्ति ) સકળ કર્મોનો ક્ષય કરી મોક્ષપદને પ્રાપ્ત થાય છે. કેવા છે તે ? " ये सततं स्वयं ज्ञानं भवन्त: कर्म न कुर्वन्ति , प्रमादस्य वशं जातु न यान्ति " ( ये ) જે કોઈ નિકટ સંસારી સમ્યગ્દૃષ્ટિ જીવો ( सततं ) નિરંતર ( स्वयं ज्ञानं )

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શુદ્ધજ્ઞાનરૂપ ( भवन्तः ) પરિણમે છે, ( कर्म न कुर्वन्ति ) અનેક પ્રકારની ક્રિયાને મોક્ષમાર્ગ જાણી કરતા નથી; ( ભાવાર્થ આમ છે કે જેમ કર્મના ઉદયે શરીર વિદ્યમાન છે છતાં હેયરૂપ જાણે છે, તેમ અનેક પ્રકારની ક્રિયા વિદ્યમાન છે છતાં હેયરૂપ જાણે છે; ) ( प्रमादस्य वशं जातु न यान्ति ) ' ક્રિયા તો કાંઈ નથી ' -એમ જાણી વિષયી-અસંયમી પણ કદાચિત્ થતા નથી, કેમ કે અસંયમનું કારણ તીવ્ર સંકલેશપરિણામ છે, તે સંકલેશ તો મૂળથી જ ગયો છે. એવા જે સમ્યગ્દષ્ટિ જીવો, તે જીવો તત્કાળમાત્ર મોક્ષપદને પામે છે. ૧૨-૧૧૧.**

પ્રવચન નં. ૧૦૮ તા. ૨૯-૯- '૭૭

## કલશ - ૧૧૧ : ઉપર પ્રવચન

**આ કળશટીકાનો ૧૧૧ મો કળશ છે. " कर्मनयावलम्बनपराः मग्नाः " અનેક પ્રકારની ક્રિયા, એવો છે પક્ષપાત, "** વ્રત ને નિયમ ને ક્રિયાકાંડ ને ભક્તિ ને પૂજાના ભાવ એવી ક્રિયા છે તેનાથી મુક્તિ મળશે ? ક્રિયા કરતાં કરતાં કલ્યાણ થશે તેવો અજ્ઞાનીનો અનાદિનો પક્ષ છે.

**" તેનું ( अवलम्बन ) - ક્રિયા મોક્ષમાર્ગ છે એમ જાણીને ક્રિયાનું - પ્રતિપાલન, તેમાં તત્પર છે જે કોઈ અજ્ઞાની જીવો, "** આહાહા ! અજ્ઞાની જીવો વ્રત-ભક્તિ-પૂજામાં બરાબર સાવધાન રહે છે. તે ક્રિયાનયવાળા મિથ્યાદૃષ્ટિ છે. કેમ કે આત્મા રાગ સ્વરૂપ નથી. ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે, ખરેખર તો જ્ઞાનસ્વરૂપમાં એ ક્રિયાઓ જણાય છે. એ ક્રિયાઓ જ્ઞાનની સત્તામાં જાણવામાં આવે છે. એ રાગ છે તેનું પણ જ્ઞાન, જ્ઞાનની સત્તામાં થાય છે, અર્થાત્ જ્ઞાનની સત્તામાં રાગનું જ્ઞાન થાય છે. ચૈતન્ય સત્તા છે તેમાં આ... આ... આ.. એમ જે જણાય છે તેને જાણનાર જાણે છે. એ રાગની ક્રિયામાં આત્મા આવતો નથી.

ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા છે. એ ચૈતન્યની સત્તામાં એટલે કે સ્થળમાં; આ બધું જણાય છે. એ બધાને જાણનાર જાણે છે. જાણનાર આત્માના ભાન વિના ( જીવો દુઃખી છે ) એ ક્રિયાનો જે રાગ છે તે પણ જ્ઞાનમાં જણાય છે. એ રાગ ભિન્ન જ્ઞેય તરીકે જણાય છે. ખરેખર તો એ રાગનું જ્ઞાન તે જ્ઞાનનું જ્ઞાન છે તેમ ન જાણતાં... ફકત ક્રિયાકાંડ, દયાદાન, નિયમ, વ્રત, ભક્તિ પૂજા એવો જે પક્ષપાત તેમાં મગ્ન છે. એ ક્રિયાનું પ્રતિપાલન કરવામાં તત્પર છે.

આહાહા ! ભગવાન જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય કે જેનાં સ્થળમાં ( સત્તામાં ) જ્ઞાન ભર્યું છે, આનંદ ભર્યો છે. એ રાગની ક્રિયાનું અહીં જ્ઞાન થાય તે જ્ઞાનનય છે. એ જ્ઞાનને ન જાણતાં, રાગની ક્રિયામાં ધર્મ માનીને... એ મિથ્યાદૃષ્ટિ પરમાં તત્પર છે. આવી વાત છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



"જે કોઈ અજ્ઞાની જીવો તે પણ પાણીના પૂરમાં ડૂબેલા છે." પૂરને શું કહો છો? ધારમાં - પ્રવાહમાં ડૂબેલા છે. ધાર એટલે પાણીના પૂરમાં ડૂબી જાય છે. (**मग्नाः**) પાણીના પૂરમાં ડૂબેલા છે. અર્થાત્ ક્રિયાકાંડમાં મગ્ન છે. અજ્ઞાનીઓ સંસારમાં ડૂબ્યા પડયા છે એમ કહે છે. એ ક્રિયાનો રાગ છે તે સંસાર છે... એમ કહેવું છે. સંસારમાં ડૂબ્યા છે એનો અર્થ એ કે-જેટલા ક્રિયાકાંડ, દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજાનો શુભભાવ તે સંસાર છે. અજ્ઞાનીઓ એ સંસારમાં ડૂબ્યા છે એમ કહેવું છે. જેમ અશુભભાવવાળા સંસારમાં ડૂબ્યા છે એમ શુભભાવ એ સંસાર છે. અને એવા જીવો પણ સંસારમાં ડૂબ્યા છે. એમ કહેવું છે. સંસારથી તરવાનો ઉપાય ક્યો છે તે જાણતા નથી. આવી વાત છે.

અત્યારે તો આ વાતનો વાંધો ઉઠાવ્યો છે. ક્રિયાકાંડ છે તે નિશ્ચયનું કારણ છે એમ કહે છે. અહીંયા તો એમ કહે છે કે- વ્યવહારમાં મગ્ન છે તે સંસારમાં ડૂબવાવાળા છે. કેમ કે રાગ પોતે સંસાર છે. ભગવાન આત્મા મુક્તસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે, આનંદ સ્વરૂપ છે. તેનાથી રાગ છે તે ભિન્ન ચીજ છે. આત્મા મુક્તસ્વરૂપ છે તો રાગ સંસાર સ્વરૂપ છે. સમજમાં આવ્યું? આવી ઝીણી વાત છે. આ પુણ્ય-પાપ અધિકારના છેલ્લા કળશો છે.

"**ભાવાર્થ આમ છે કે- સંસારમાં ભટકશે, તે મોક્ષના અધિકારી નથી.**" એ ક્રિયાકાંડમાં ધર્મ માનવાવાળા તે તેમાં મગ્ન હોવાથી મોક્ષથી દૂર છે. અર્થાત્ તે મોક્ષના અધિકારી નથી. ઓહોહો! વ્રત પાળે, જાવ્વજીવ બ્રહ્મચર્ય વ્રત પાળે, સત્ય બોલે, ચોરી ન કરે, પરિગ્રહ ન રાખે, કપડાંનો ટૂકડો પણ ન રાખે, એવી શુભરાગની મંદતાની ક્રિયા; એમાં જે મગ્ન છે તે સંસારમાં ડૂબ્યા છે. આહાહા! એ સંસારની પાર મુક્તસ્વરૂપ ભગવાન આત્મા છે. જેનો રાગ છે તે, આ રાગ છે તેમ જાણે છે? રાગ તે તો સંસાર છે, રાગ જાણતો નથી. જેની સત્તામાં - સ્થળમાં રાગનું પણ જ્ઞાન અને પોતાનું જ્ઞાન થાય છે તેને જાણે છે. એને બદલે સંસારી જીવો એકલા રાગમાં મગ્ન થઈને પડયા છે, એ સંસારના પ્રવાહમાં ડૂબ્યા છે.

**શા કારણથી ડૂબેલા છે? "यत् ज्ञानं न जानन्ति" કારણ કે શુદ્ધ ચૈતન્યવસ્તુનો,**" ભગવાન શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે. એ વસ્તુ રાગથી ભિન્ન છે. (**ज्ञानं**) તેનો અર્થ કર્યો કે- શુદ્ધ ચૈતન્ય વસ્તુ. તેઓ શુદ્ધ ચૈતન્ય વસ્તુને જાણતા નથી અને એકલા ક્રિયાકાંડમાં મશગુલ છે. એમ કહે છે. આવા પાઠ ચોખ્ખા પડયા છે.

"**શુદ્ધ ચૈતન્ય વસ્તુનો પ્રત્યક્ષપણે આસ્વાદ કરવામાં સર્મથ નથી.**" આહાહા! જે રાગની ક્રિયામાં મગ્ન છે અને જે રાગની ક્રિયામાં તત્પર છે તે શુદ્ધ ચૈતન્ય વસ્તુનો આસ્વાદ લેવામાં અસમર્થ છે, તે તો રાગનો આસ્વાદ લ્યે છે, સંસારનો આસ્વાદ લ્યે છે એમ કહે છે.

(**ज्ञानं**) તેની વ્યાખ્યા કરી. શુદ્ધ ચૈતન્ય વસ્તુ. (**न जानन्ति**) તેનો અર્થ કર્યો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પ્રત્યક્ષરૂપથી... આસ્વાદ કરવાને સમર્થ નથી. ભાષા જુઓ! 'न जानन्ति' એમ એકલું નહીં, પરંતુ 'न जानन्ति' નો અર્થ પોતાના આનંદ સ્વરૂપનો આસ્વાદ લેવામાં અસમર્થ છે. (ज्ञानं) તેનો અર્થ કર્યો... જ્ઞાનમ્ એટલે શુદ્ધ ચૈતન્ય પદાર્થ- વસ્તુ.

હમણાં છાપામાં આવ્યું હતું કે- વડોદરામાં એક ૪૫ વર્ષનો સિંધી તે બહુ મોટો અને પોતે ઇંજીનિયર થયો પછી તેની વિદાયમાં બધાએ ભાષણ કર્યું... એને માન આપ્યું પછી એ પોતે (આભાર માનવા) ઊભો થયો અને એક શબ્દ બોલ્યો ત્યાં તો હાર્ટફેઇલ થઈ ગયું. આહા! એ એની મરણની વિદાય થઈ.

અરે... પ્રભુ! અંદર ચૈતન્યનો નાથ છે. તેની તો ખબર ન મળે અને બહારની ક્રિયાકાંડમાં મશગુલ બસ. એ બધી તો અશુભ ક્રિયા હતી. માન ને સન્માનમાં રાજી રાજી થાય પરંતુ એ તો અશુભ પાપના પરિણામ હતા. એ તો ઊંડા સંસારમાં ડૂબેલા છે. આ શેઠને અભિનંદન આપવું હતું. પણ શેઠે ના પાડી. બહારમાં શું છે માન એ તો ઝેર છે.

બેનના પુસ્તકમાં ૧૪૯ માં પાને છે. "જ્ઞાનીનું પરિણામ વિભાવથી પાછું વળીને સ્વ તરફ ઢળી રહ્યું છે. જ્યારે અજ્ઞાનીનું પરિણમન રાગ તરફ ઢળી રહ્યું છે." ધર્મીનું પરિણમન વિભાવથી પાછું ફરી સ્વભાવ બાજુ ઢળી રહ્યું છે. ગઈકાલે એ પણ કહ્યું હતું કે- વિભાવ સીમાવાળી ચીજ છે. મર્યાદિત છે, તેથી તેનાથી પાછું વળી શકાય છે. આહાહા! જ્ઞાની નિજ સ્વરૂપમાં પરિપૂર્ણપણે ઠરી જવા તલસે છે.

"આ વિભાવભાવ અમારો દેશ નથી." આ પુણ્યમાં, ક્રિયાકાંડમાં બહાર આવવું તે પણ આત્માનો દેશ નથી. આ પરદેશમાં અમે ક્યાં આવી પડયા? આ સ્વદેશ છોડીને પરદેશમાં અમે ક્યાં આવી પડયા? આ સ્વદેશ છોડીને પરદેશમાં ગયા. આત્મા સાગર અર્થાત્ આત્મા ગુણોનો સાગર છે તેને છોડીને પરદેશમાં ગયા. આ તમારા સાગરનું નામ આવ્યું શેઠ! "અમે અહીં ક્યાં આવી પડયા? અમને અહીં ગોઠતું નથી." આહાહા! જ્ઞાનીને રાગમાં ગોઠતું નથી પ્રભુ! કેમ કે રાગ તે તો દુઃખરૂપ છે.

"અહીંયા અમારું કોઈ નથી." અર્થાત્ રાગમાં, બાહ્ય ક્રિયાકાંડમાં અમારું કોઈ નથી. "જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વિર્યાદિ અનંત ગુણરૂપ અમારો પરિવાર વસે છે તે અમારો સ્વદેશ છે." લ્યો! આ પરિવાર આ તમારા બધા પરિવાર તે પરિવાર નહીં. એમ કહે છે. આહાહા! જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વિર્યાદિ અનાદિ અનંતગુણોનો અમારો પરિવાર વસે છે. એ અમારો સ્વદેશ છે.

આહાહા! અમે હવે તે સ્વરૂપ સ્વદેશ તરફ જઈ રહ્યા છીએ. "અમારે ત્વરાથી મૂળ વતનમાં જઈને વસવું છે." વતન એટલે દેશ-ઘર અમારે અમારા મૂળ ઘરમાં જઈને વસવું છે; "ત્યાં બધા અમારા છે." આનંદ આદિ અમારા છે ત્યાં વસવું છે. રાગ

તે અમારો નથી.

**પ્રશ્નઃ**- અજ્ઞાની કયાં રહે છે?

**ઉત્તરઃ**- રહે છે, પરદેશમાં. તે રાગમાં રહે છે અને પરદેશમાં રખડે છે. પોતાનો ભગવાન! જે અનંતગુણનો સાગર છે એ દેશમાં વસતો નથી અને રાગમાં વસીને માને છે કે અમે સુખી છીએ.

**પ્રશ્નઃ**- આ આત્મા ક્યાં રહે છે?

**ઉત્તરઃ**- એ તો કહ્યું ને! શ્રીમદ્જીમાં આવે છે ને કે- "હમ પરદેશી પંખી સાધુ. આરે દેશના નાહીં રે.." આરે દેશના એટલે કે રાગાદિ દેશના નહીં... તો પછી કોઈ કાઠિયાવાડના ને સાગરના ને સોનગઢ ને રાજકોટનાં ક્યાંથી? સ્વદેશ એવો ચિદાનંદ ભગવાન આત્મા! જેમાં વસતા આનંદ આવે, પોતાનો પરિવાર ત્યાં મળે છે.

અહીંયા એ કહે છે કે- ક્રિયાનયવાળા પરદેશમાં રખડતાં ભમી રહ્યા છે. "**ક્રિયામાત્ર મોક્ષમાર્ગ એમ જાણીને ક્રિયા કરવાને તત્પર છે.**" વ્રત, નિયમ, સંયમ, તપ, પ્રાયશ્ચિત તે બાહ્યની ક્રિયા છે. લોકોને આવું આકરું કામ લાગે છે.

"**ક્રિયામાત્ર મોક્ષમાર્ગ એમ જાણીને ક્રિયા કરવાને તત્પર છે.**" આ એક વાત હવે બીજી વાત કહે છે. "**ज्ञान नयैषिण: अपि मग्ना: શુદ્ધ ચૈતન્ય પ્રકાશ તેનો પક્ષપાત.**" અમારી વાતમાં ફક્ત શુદ્ધ ચૈતન્ય છે અર્થાત્ ભાષામાં શુદ્ધ છે તેમ છે, પરંતુ અંદરમાં આત્માની સન્મુખ જવું તે નથી. એકલા જ્ઞાનની વાતું કરનારા છે. જ્ઞાનનયનો અર્થ -જ્ઞાનનો પક્ષપાત છે. પણ જ્ઞાનનો અનુભવ નથી, દૃષ્ટિ નથી, વેદન નથી ફક્ત જ્ઞાન.... જ્ઞાન.... કરે પણ જ્ઞાન નામે સ્વચ્છંદી થઈ અને વિષય કષાયને સેવે છે, તે જ્ઞાનનય છે. એ પણ સંસારમાં ડુબેલા છે.

જુઓને! નાની ઉંમરમાં ચાલ્યા જાય છે. ક્ષણમાં દેહ છૂટશે એની એને ખબર નથી. લોકોએ તેના વખાણ કર્યા હશે, તે મોટો ઇંજીનિયર એ સ્થિતિમાં ઊભો હશે અને તેને ખબર હતી કે હમણાં દેહ છૂટી જશે? આહાહા! મનુષ્યપણું હારી ગયો હવે ફરી ક્યારે મનુષ્યપણું મળે? ભારે બાપા ભાઈ!

અહીંયા કહે છે કે- જે ક્રિયાનયમાં ડૂબેલા છે તે સંસારની જાળમાં ડુબ્યા છે. અને જે એકલી જ્ઞાનની વાતો કરે છે પરંતુ જ્ઞાનની રુચિ અને અનુભવ કરતા નથી ને જ્ઞાનનયમાં ઉભેલા સંસારમાં ડુબેલા છે. કેમ કે તેને શુદ્ધ ચૈતન્યનો પક્ષપાત છે. જ્ઞાનનયનો અર્થ કર્યો - **પક્ષપાત, તેના અભિલાષી છે.**"

**(ભાવાર્થ આમ છે કે- શુદ્ધ સ્વરૂપનો અનુભવ તો નથી, પરંતુ પક્ષમાત્ર બોલે છે;) એવા જીવો પણ સંસારમાં ડૂબેલા જ છે! શા કારણથી ડૂબેલા જ છે? "यत् स्वच्छन्दमन्दोद्यमा:" કારણ કે ઘણું જ સ્વેચ્છાચારપણું છે એવા છે,"**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વેચ્છાચારી છે, માન ને સન્માન લેવા માટે સ્વેચ્છાચારી છે. જ્ઞાનની વાતો કરીને દુનિયા પાસેથી અમે જ્ઞાની છીએ એમ માન લેવાના સ્વેચ્છાચારી છે. અતિ સ્વેચ્છાચારી પણ આવા જ છે. સ્વ ઈચ્છા પ્રમાણે વર્તે બસ. અમે જ્ઞાનસ્વરૂપ છીએ અમારે શું છે? ખાવું - પીવું અને લહેર કરવી, અમને બંધ નથી. ભાઈ! મરી જઈશ... આ કાંઈ પોપાબાઈના રાજ નથી. આહાહા! જ્ઞાનમાત્રનું નામ લઈ અને સ્વેચ્છાચારીપણે વર્તે છે. અને અમે જ્ઞાની છીએ એવું નામ ધરાવે છે. તે સંસારમાં ડૂબેલા છે. બહુ સારો કળશ આવ્યો છે.

શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો વિચારમાત્ર પણ નથી કરતા. આહા હા...! ભગવાન આત્મા શુદ્ધચૈતન્ય એ તરફના વલણનો વિચાર પણ નથી. અને બાહ્યનાં વલણમાં સ્વેચ્છાચારી પણે વર્તે છે. મોઢા આગળ અમને બીજા માન કેમ આપે? અમે જ્ઞાની છીએ, અમે બહુ ભણ્યા છીએ આ રીતે સ્વેચ્છાચારી બની માનને પોષી અને મરે છે. શ્રીમદ્જી કહે છે કે-

"કોઈ ક્રિયા જડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ,
માને મારગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ."

કોઈ ક્રિયા જડ થઈ રહ્યા અર્થાત્ શુભ પરિણામની ક્રિયામાં જડ જેવા થયા. શુષ્ક જ્ઞાનમાં એટલે જ્ઞાનની લુખી વાતો કરી અંતરમાં રુચિપૂર્વક પરિણમન ન કર્યું. જ્ઞાન ને આનંદનો સ્વાદ ન લીધો. એ તરફના વલણની દશા ન થઈ. અને માન લેવાને માટે જ્ઞાનની વાતો કરી, આવા જીવો પણ પાણીના પ્રવાહમાં ડૂબ્યા છે. આવો માર્ગ છે ભાઈ!

પહેલાં અતિ સ્વચ્છંદી લીધા. જેમ પોતાને રુચે તેવું કામ કર્યું. તે પણ અતિ સ્વચ્છંદી અને મંદ ઉદ્યમી બની. સ્વરૂપ તરફનો જે પુરુષાર્થ જોઈએ... આનંદ તરફના વલણવાળો; એને છોડી દઈને અતિ સ્વછંદી થઈ રહ્યા છે. "**એવા છે જે કોઈ તેમને મિથ્યાદૃષ્ટિ જાણવા.**"

એવા જીવો પણ મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાની નામ ધરાવી અને વિષય સેવવા, માન સેવવા અને કષાય સેવવા.. એ પણ સંસારના પ્રવાહમાં ડુબ્યા છે. ડુબ્યા છે એટલે તેને હવે એક પછી... એક ભવ થશે.

"**અહીં કોઈ આશંકા કરે છે કે,**" આશંકા હો! શંકા નહીં. તમે શું કહો છો તે અમે સમજી શકતા નથી. તમે ખોટા છો એમ નહીં. "**શુદ્ધ સ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ એવી પ્રતીતિ કરતાં મિથ્યાદૃષ્ટિપણું કેમ હોય છે?**"

**સમાધાન આમ છે - વસ્તુનું સ્વરૂપ એવું છે કે જે કાળે શુદ્ધસ્વરૂપનો અનુભવ થાય છે તે કાળે અશુદ્ધતારૂપ છે જેટલી ભાવ-દ્રવ્યરૂપ ક્રિયા તેટલી સહજ જ મટે છે.**"

હવે જુઓ! ન્યાય આપે છે. આહાહા! અશુદ્ધપણાની ક્રિયા જેટલી છે માન-સન્માન, ખાવા-પીવા આદિનો જે ભાવ એ બધી ક્રિયા સ્વરૂપના અનુભવમાં મટી જાય

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. તેટલો કાળ અશુદ્ધપણું રહેતું જ નથી. ભાવ ને દ્રવ્ય બન્ને ક્રિયારૂપ હોં! આહાહા: પરિણામ અને વિકલ્પ બન્ને અટકી જાય છે. ... અર્થાત્ સહજ જ મટે છે.

**"મિથ્યાદષ્ટિ જીવ એવું માને છે કે જેટલી ક્રિયા છે તે જેવી છે તેવી જ રહે છે,"** અશુદ્ધપણું તો જેટલું છે એટલું ભલે રહો! અમે તો જ્ઞાનસ્વરૂપી છીએ તેમ અજ્ઞાની માને છે. "શુદ્ધ સ્વરૂપ-અનુભવ મોક્ષમાર્ગ છે;" અમારે તો શુદ્ધનો અનુભવ મોક્ષનો મારગ છે, પછી અશુદ્ધતા જેટલી હોય તેટલી ભલે રહે! અહીં કહે છે - શુદ્ધ સ્વરૂપના અનુભવના કાળમાં અશુદ્ધતાનો ભાવ રહી શકે નહીં. આવો મારગ છે. સમજમાં આવ્યું?

**"પરંતુ વસ્તુનું સ્વરૂપ એવું તો નથી. તેથી જે એવું માને છે તે જીવ મિથ્યાદષ્ટિ છે, વચનમાત્રથી કહે છે કે- શુદ્ધ સ્વરૂપ - અનુભવ મોક્ષમાર્ગ છે;"** વચનમાત્રથી કહે છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ છે, આત્મા જ્ઞાયક છે.. આત્મા જ્ઞાયક છે. આત્મા જ્ઞાયક છે તો શું? જ્ઞાયક તરફનો ઝુકાવ નથી, વેદન નથી અને તેને જ્ઞાયક ક્યાંથી આવ્યો? માત્ર વચનમાત્રથી કહે છે કે- શુદ્ધ સ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ છે. એવું કહેવાથી કાર્ય સિદ્ધિ તો બિલકુલ નથી. આહાહા! શુદ્ધ સ્વરૂપનો અનુભવ તેમ બોલે છે પણ શુદ્ધ સ્વરૂપ તરફનો ઝુકાવ તો નથી. પરમાં અર્થાત્ પુણ્ય-પાપના પરિણામમાં મગ્ન થઈ અને રહે છે... અને માને છે અમારો મોક્ષ થશે! કેમ કે જ્ઞાનીને ભોગ નિર્જરાનો હેતુ કહ્યો છે ને! તેથી અમારે ભોગ હોય. અરે! મરી જઈશ સાંભળને! કઈ અપેક્ષાએ કહ્યું છે? શુદ્ધ ચેતન સ્વરૂપની દૃષ્ટિના જોરથી કહ્યું છે. જેમાં રાગની અને એક સમયની પર્યાયની ગણતરી નથી એને અલ્પથી પણ અલ્પ બંધ છે. અલ્પસ્થિતિ અને અલ્પ રસ છે એમ ગ્રહણ કરી ભોગને નિર્જરાનો હેતુ કહેલ છે. કાંઈ ભોગથી નિર્જરા હોય? તો પછી ભોગ છોડી અને ચારિત્ર અંગીકાર કરવાનું કેમ કહે? શાસ્ત્રને પકડીને પોતાની સ્વચ્છંદતા પોષે છે. એમ ન ચાલે ભાઈ! આ તો વીતરાગનો મારગ છે.

**"વચનમાત્રથી કહે છે કે શુદ્ધ સ્વરૂપ- અનુભવ મોક્ષમાર્ગ છે; એવું કહેવાથી કાર્ય સિદ્ધિ તો કાંઈ નથી."** ઉપર બે વાત આવી. (૧) ક્રિયાનય (૨) જ્ઞાનનયના પક્ષવાળા સંસારમાં ડૂબનારા છે. હવે ત્રીજી વાત સમ્યગ્જ્ઞાની કહે છે. **"ते विश्वस्य उपरि तरन्ति" એવા જે કોઈ જીવો સમ્યગ્દષ્ટિ છે તેઓ કહ્યા છે જે બે જાતિના જીવ તે બન્ને ઉપર થઈને,"** ક્રિયાનય અને જ્ઞાનનયવાળા તે બન્નેની ઉપરના જીવો. રાગને ધર્મ માને નહીં અને જ્ઞાનમાં સ્વચ્છંદપણે રહે નહીં.

**"જે બે જાતિના જીવ તે બન્ને ઉપર થઈને" અર્થાત્ તેનાથી રહિત થઈને." સકળ કર્મોના ક્ષય કરી મોક્ષપદને પ્રાપ્ત થાય છે. તે કેવા છે? ये सततं स्वयं ज्ञानं भवन्त कर्म न कुर्वन्ति प्रमादस्य वशं जातु न यान्ति" જે કોઈ નિકટ સંસારી સમ્યગ્દષ્ટિ જીવો નિરંતર શુદ્ધજ્ઞાનરૂપ પરિણમે છે."**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્દષ્ટિજીવ " सततं " એટલે નિરન્તર, **स्वयं ज्ञानं...** સ્વયં એટલે એ શુદ્ધ પરિણમન છે તે વ્યવહારની, રાગની અપેક્ષા વિનાનું છે. " **स्वयं ज्ञानं भवनम्** "

'**भवनम्**' નો અર્થ કર્યો કે- પરિણમે છે... અને '**ज्ञानं**' તેનો અર્થ કર્યો -શુદ્ધ સ્વરૂપ – જ્ઞાનસ્વરૂપ ( " **कर्म न कुर्वन्ति** ) **અનેક પ્રકારની ક્રિયાને મોક્ષમાર્ગ જાણી કરતા નથી;**' રાગ આવે છે પરંતુ તેને મોક્ષમાર્ગ જાણીને કરતા નથી.

**( ભાવાર્થ આમ છે કે- જેમ કર્મના ઉદયે શરીર વિદ્યમાન છે છતાં હેયરૂપ જાણે છે, તેમ અનેક પ્રકારની ક્રિયા વિદ્યમાન છે છતાં હેયરૂપ જાણે છે; )**

આહાહા ! ધર્મીને પણ શુભભાવ આવે છે પણ જેમ શરીર હેય છે તેમ હેય છે. એ રીતે શુભની ક્રિયા વિદ્યમાન છે – આવે છે પણ તે હેય છે. આહાહા ! અનેક પ્રકારની ક્રિયા છે. ભક્તિ, પૂજા, દયા-દાન એ બધા વિકલ્પ આવે છે. જેમ શરીર વિદ્યમાન હોવા છતાં હેય છે તેમ અનેક પ્રકારની ક્રિયા વિદ્યમાન છે. છતાં તે હેય છે. આહા ! સમજમાં આવ્યું ? માર્ગ બહુ સૂક્ષ્મ છે.

" **ज्ञाना क्रियाभ्याम्मोक्ष** " જ્ઞાનક્રિયાભ્યામ્મોક્ષ, અંતરમાં જ્ઞાનની દશા પ્રગટી અને અંશે અશુદ્ધતાનો અભાવ તે જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષ છે. એકલી ક્રિયા તે મોક્ષ નહીં, જ્ઞાનનું એકલું જાણપણું તે મોક્ષ નહીં.

આહાહા ! જ્ઞાનાનંદ પ્રભુ ! સચ્ચિદાનંદ આત્મા છે. સત્ નામ શાશ્વત અને ચિત્ત એટલે જ્ઞાન સ્વરૂપ છે. તે ત્રિકાળ રહેનારો છે છતાં ત્રિકાળીની દૃષ્ટિ કરે તો ત્રિકાળી ( એમ નહીં ) ત્રિકાળીની વર્તમાનમાં દૃષ્ટિ કરે તેમાં ત્રિકાળી આવી જાય છે. ત્રિકાળી વસ્તુ છે ને ! એ ત્રિકાળીની લાંબી દૃષ્ટિ કરે તો ત્રિકાળી દૃષ્ટિમાં આવે એમ છે ? આહાહા ! એ તો વર્તમાનમાં ધ્રુવ છે એમ તેના ઉપર દૃષ્ટિ કરે તો ત્રિકાળી તત્ત્વ દૃષ્ટિમાં આવી ગયું. ત્રણ કાળમાં ટકતું તત્ત્વ છે માટે ત્રિકાળી-ત્રિકાળીને પકડવા લાંબી દૃષ્ટિ કરે ત્યારે ત્રિકાળીને પકડી શકે એમ છે ! ભગવાન પૂર્ણાનંદનો નાથ ! એક સમયમાં વર્તમાન છે, એને અનુભવતાં – પકડતાં... અશુદ્ધ ક્રિયાનો ત્યાં ભાવ હો પણ તે હેય છે. સમજમાં આવ્યું ?

**( " જેમ કર્મના ઉદયે શરીર વિદ્યમાન છે છતાં હેયરૂપ જાણે છે, તેમ અનેક પ્રકારની ક્રિયા વિદ્યમાન છે છતાં હેય રૂપ જાણે છે; )**

દૃષ્ટાંત આપીને સિદ્ધ કરે છે. શરીર છે, તેમાં કરવું શું ? તે તો જડ છે. જેમ શરીર હેય છે તે પ્રકારે પર્યાયમાં થતાં અનેક પ્રકારના શુભભાવ તે હેય છે. રાગ આવે છે; છતાં તે હેય છે. જ્ઞાનીને તેમાં મીઠાશ નથી. રાગ તે તો દુઃખનો સ્વાદ છે. જુઓ ! રાગ વિદ્યમાન છે પણ તેને હેયરૂપ જાણે છે. રાગ આવે છે પણ તેને હેયરૂપ જાણે છે. પોતાનો આનંદ સ્વરૂપ પ્રભુ એક જ ઉપાદેય છે. બાકી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી શુભક્રિયા આવે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

છે પરંતુ ધર્મી તેને હેય માને છે. અજ્ઞાની એ ક્રિયાને ઉપાદેય માને છે અને આત્માને હેય માને છે. બહુ સૂક્ષ્મ વાત ! અત્યારે તો આ વાતની બહુ ગરબડ થઈ ગઈ. કોઈ કંઈ માને અને કોઈ કંઈ માને !

અરે ! પડિમા નામ ધરાવનારા પણ રાત્રે પાણી પીવે !? એ બધા શુષ્ક વાતો કરનારા છે. મારા હિસાબે તો નામધારી જૈનને રાત્રિભોજન ન હોય. કારણ કે એમાં ઝીણી જીવાત હોય અને તે કઢી, ખીચડી, દૂધમાં પડે. સાત પડિમા ધરાવે અને રાત્રે પાણી પિવું ? તેઓ સમયસારના જાણનારા હતા. લોકોને જ્ઞાનના નામે સ્વચ્છંદ સેવવા છે. રાત્રે આહાર-પાણી કરવા, અનેક પ્રકારની વિષય વાસનાઓ સેવવી અને માને કે અમે જ્ઞાની છીએ. એ માર્ગ નહીં બાપુ !

એ લોકોએ સમ્યગ્જ્ઞાન દીપિકામાંથી એક તકરારી વાત લીધી છે. એ ધર્મદાસ ક્ષુલ્લકનું લખેલું છે. જુઓ ! આ સોનગઢવાળાએ છપાવ્યું છે. પરસ્ત્રી પર પુરુષને ભોગવે તો પણ પાપ નથી. અરે... પણ તું શું કહે છે ? આ તો ક્ષુલ્લકનું લખેલું છે, સોનગઢનું નથી. ક્ષુલ્લકનો કહેવાનો આશય બીજો છે. કહેવાનો આશય સાચો ન લેતાં; સ્વચ્છંદી વાતો લે. સોનગઢવાળાએ છપાવ્યું માટે એ વ્યભિચારમાં પાપ માનતા નથી. અહીંયા તો કહે છે ગુણ - ગુણીના ભેદનો વિકલ્પ એ પણ પાપ છે. કેમ કે વિકલ્પ શુભભાવ છે તેથી નિશ્ચયથી પાપ છે. અરેરે... ! સ્વ સ્ત્રી સાથેનો ભોગ તે પાપ છે, એને ઠેકાણે પરસ્ત્રી સાથે, પરપુરુષ સાથેનો ભોગ એની તો વાતે શું કરવી ! એ તો અનીતિના પાપ પાળે છે. એ તો લૌકિક નીતિ એ નથી.

અહીંયા કહે છે કે- એ વિદ્યમાન ક્રિયાને પણ હેયરૂપ જાણે છે. ( **प्रमादस्य वशं जातु न यान्ति ) ક્રિયા તો કાંઈ નથી ' - એમ જાણી વિષયી - અસંયમી પણ કદાચિત્ થતા નથી.** " વિષયને લઈને અસંયમી પણ થતા નથી. એમ કે વિષય સેવો ! પુણ્યના પરિણામ હોય તો પણ એમ છે અને પાપના પરિણામ હોય તો પણ એમ છે. ભાઈ ! એમ નથી.

પ્રવચનસાર ૭૭ ગાથામાં આવે છે ને કે- પુણ્ય ને પાપમાં વિશેષતા જાણે તે ઘોર સંસારમાં રખડે છે. પછી જેમ પુણ્ય હોય કે પાપ હો. એ કઈ અપેક્ષાએ કહ્યું છે ? એ તો બંધની અપેક્ષાએ કહ્યું છે. કે બન્ને સરખા છે. પરંતુ એમ માનીને પછી શુભને છોડી દે અને અશુભને સેવે તો તું જ્ઞાનના નામે મરી જઈશ ભાઈ !

અહીં બે વાત લીધી. ( ૧ ) ક્રિયાનયવાળા ( ૨ ) એકલા જ્ઞાનનયના પક્ષવાળા અને ( ૩ ) " **विश्वस्य उपरि तरन्ति** " સમ્યગ્જ્ઞાનીને રાગની ક્રિયાનું સ્વામીપણું નથી. તેઓ રાગને હેય માને છે. તેમને સ્વરૂપનો ઉદ્યમ- પ્રયત્ન છે. તેઓ સ્વચ્છંદી થઈ અને અશુભને સેવે એમ તો છે નહીં.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**“ એમ જાણી વિષયી - અસંયમી પણ કદાચિત્ થતા નથી. કેમ કે અસંયમનું કારણ તીવ્ર સંકલેશ પરિણામ છે.”** વિષય – કષાયના પરિણામ જે અસંયમનું કારણ હતા, તીવ્ર સંકલેશ હતા, “ એ **સંકલેશ તો** મૂળથી જ ગયો છે.” મૂળમાંથી જ અશુભ તો ગયો છે. કેમ કે આ વાત મુનિની મુખ્યતાથી છે.

**“ એવા જે સમ્યદ્દષ્ટિ જીવો, તે જીવો તત્કાળમાત્ર મોક્ષપદને પામે છે.”** પોતાના સ્વરૂપનો જ્યાં આશ્રય લઈને આનંદ લ્યે છે તો રાગનો ભાવ હોવા છતાં તેને હેય જાણે છે, અને સ્વચ્છંદીપણું કરતા નથી. તેઓ તત્કાળ અર્થાત્ અલ્પકાળમાં કેવળજ્ઞાન લઈ મોક્ષ જાશે.

**“ તે સંકલેશ તો મૂળથી જ ગયો છે.”** તે મુનિની વાત હવે જે સમ્યગ્દ્દષ્ટિ જીવ છે તેને ચોથે ગુણસ્થાને સંકલેશ પરિણામ આવે છે, તેઓ તે અશુભને હેય અને દુ:ખરૂપ માને છે. વિષય સેવવામાં મજા છે તેવી માન્યતા મિથ્યાદ્દષ્ટિની છે. આસકિતનો ભાવ સમ્યગ્દ્દષ્ટિને આવે છે પરંતુ એ માને છે કે– આ ભાવ દુ:ખરૂપ છે. જેમ કાળો નાગ દેખાય તેમ તેને શુભાશુભ પરિણામ કાળાનાગ જેવા દેખાય છે. જ્યારે અજ્ઞાની અશુભ પરિણામમાં મજા માને છે. વિષય, ભોગ, કીર્તિ, આબરૂ, માન–સન્માન એમાં તેને મીઠાસ... મીઠાસ... મીઠાસ લાગે છે. જ્ઞાનીને શુભ પરિણામ હેય છે અને અશુભ પરિણામ પણ એને સ્વચ્છંદે કરવાનો ત્યાગ છે.

* * *

( મંદાક્રાન્તા )

भेदोन्मादं भ्रमरसभरान्नाटयत्पीतमोहं<br>
मूलोन्मूलं सकलमपि तत्कर्म कृत्वा बलेन।<br>
हेलोन्मीलत्परमकलया सार्धमारब्धकेलि<br>
ज्ञानज्योति: कवलिततम: प्रोज्जुजृम्भे भरेण।। १३-११२।।

**ખંડાન્વય સહિત અર્થ:-** “ ज्ञानज्योति: भरेण प्रोज्जुजृम्भे ” ( ज्ञानज्योति: ) **શુદ્ધસ્વરૂપનો પ્રકાશ** ( भरेण ) **પોતાના સંપૂર્ણ સામર્થ્ય વડે** ( प्रोज्जुजृम्भे ) **પ્રગટ થયો. કેવો છે?** “ हेलोन्मीलत्परमकलया सार्धम् आरब्धकेलि ” ( हेला ) **સહજરૂપથી** ( उन्मीलत् ) **પ્રગટ થતા** ( परमकलया ) **નિરંતરપણે અતીન્દ્રિય સુખપ્રવાહની** ( सार्धम् ) **સાથે** ( आरब्धकेलि ) **પ્રાપ્ત કર્યું છે પરિણમન જેણે, એવો છે. વળી કેવો છે?** “ कवलिततम: ” ( कवलित ) **દૂર કર્યો છે** ( तम: ) **મિથ્યાત્વ-અંધકાર જેણે, એવો છે. આવો કઈ રીતે થયો છે તે કહે છે-** “ तत्कर्म सकलम् अपि बलेन मूलोन्मूलं कृत्वा ” ( तत् ) **કહી છે અનેક પ્રકારની** ( कर्म )

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવરૂપ અથવા દ્રવ્યરૂપ ક્રિયા- ( सकलम् अपि ) પાપરૂપ અથવા પુણ્યરૂપ-તેને ( बलेन ) બળજોરીથી ( मूलोन्मूलं कृत्वा ) ઉખેડી નાખીને અર્થાત્ ‘ જેટલી ક્રિયા છે તે બધી મોક્ષમાર્ગ નથી ’ એમ જાણી સમસ્ત ક્રિયામાં મમત્વનો ત્યાગ કરીને. શુદ્ધ જ્ઞાન મોક્ષમાર્ગ છે એવો સિદ્ધાંત સિદ્ધ થયો. કેવું છે કર્મ અર્થાત્ ક્રિયા ? “ भेदोन्मादं ” ( भेद ) શુભ ક્રિયા મોક્ષમાર્ગ છે એવા પક્ષપાતરૂપ ભેદ ( અન્તર ) તેનાથી ( उन्मादं ) થયું છે ઘેલાપણું જેમાં, એવું છે. વળી કેવું છે ? “ पीतमोहं ” ( पीत ) ગળ્યું ( પીધું ) છે ( मोहं ) વિપરીતપણું જેણે, એવું છે. કોઈ ધતૂરો પીને ઘેલો થાય છે એના જેવો તે છે જે પુણ્યકર્મને ભલું માને છે. વળી કેવું છે ? “ भ्रमरसभरात् नाटयत् ” ( भ्रम ) ભ્રાન્તિ, તેનો ( रस ) અમલ, તેનું ( भर ) અત્યંત ચડવું, તેનાથી ( नाटयत् ) નાચે છે. ભાવાર્થ આમ છે-જેમ કોઈ ધતૂરો પીને સૂધ જવાથી નાચે છે, તેમ મિથ્યાત્વકર્મના ઉદયે શુદ્ધસ્વરૂપના અનુભવથી ભ્રષ્ટ છે. શુભ કર્મના ઉદયે જે દેવ આદિ પદવી, તેમાં રંજિત થાય છે કે હું દેવ, મારે આવી વિભૂતિ, તે તો પુણ્યકર્મના ઉદયથી; આવું માનીને વારંવાર રંજિત થાય છે. ૧૩-૧૧૨.**

## કલશ - ૧૧૨ : ઉપર પ્રવચન

આ પુણ્ય-પાપ અધિકારનો છેલ્લો કળશ છે.

**પ્રશ્નઃ-** સમયસારમાં છે કે- જે જ્ઞાન જ્યોતિ પ્રગટ થઈ છે તેણે પરમકળા સાથે ક્રીડા શરૂ કરી છે. એટલે તેને જાણે છે ?

**ઉત્તરઃ-** સમ્યગ્દર્શનાદિમાં સર્વગુણાંશ તે સમકિત છે. એટલે કે સમ્યગ્દર્શનમાં અનંતગુણોનો અંશ વ્યક્ત આવ્યો છે. તે હવે કેવળજ્ઞાન સાથે ક્રિડા કરે છે. સમયસારમાં બીજો શબ્દ નાખ્યો છે કે- કેવળજ્ઞાન સાથે પરોક્ષ ક્રીડા કરે છે. દર્શન આદિ અંશ પ્રગટ થયા છે. સર્વ ગુણાંશ તે સમકિત એટલે જ્ઞાન આદિ ગુણ એકદેશ વ્યક્ત થયા છે. એ હવે કેવળજ્ઞાન સાથે ક્રિડા કરે છે. એવો ભાવ સંસ્કૃત શબ્દમાંથી નીકળે છે.

જ્યારે સમ્યગ્દર્શન થાય છે. ત્યારે અનંતગુણનો એક અંશ વ્યક્તપણે વેદનમાં આવે છે. સંખ્યાએ જેટલા ગુણ છે તેનો એક અંશ પ્રગટ થયો છે. મારે તો એકદેશને સર્વગુણાંશ સમકિત સાથે સરખાવવું છે.

આ કળશમાં સંસ્કૃતમાં શું કહે છે ? આત્માને અંદરમાં જ્યારે સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું તે સમયે જેટલી સંખ્યામાં ગુણ છે તેનો એક અંશ વ્યક્ત અનુભવમાં આવે છે. સર્વગુણનો એક અંશ વ્યક્ત પ્રગટ થયો છે. એ પ્રગટ કળાના કારણે કેવળજ્ઞાન કળા પ્રગટ કરવાનો તેનો ઉદ્યમ છે. શુભરાગથી મોક્ષ થાય છે તે પ્રશ્ન તો છૂટી ગયો છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહાહા ! જેટલી સંખ્યામાં ગુણ છે, એટલી સંખ્યામાં ગુણની વ્યક્તતા એક અંશે સમ્યગ્દર્શનમાં પ્રગટ થાય છે. શ્રીમદ્જીએ કહ્યું છે – “ સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ ” રહસ્યપૂર્ણ ચીઠ્ઠીમાં છે. જ્ઞાનાદિ એકદેશ ચોથે ગુણસ્થાને પ્રગટ હોય છે. જ્યારે કેવળજ્ઞાનમાં જ્ઞાનાદિ સંપૂર્ણ દેશે પ્રગટ હોય છે.

અહીંયા શું કહેવું છે ? ‘ કેલિ કરે ’ એમ લીધું છે ને ? ‘ परम्कलया ’ કેવળજ્ઞાન સાથે ક્રીડા કરે છે. આહાહા ! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય તેનો જ્યાં અનુભવ, દૃષ્ટિ થઈ ત્યારે જેટલી સંખ્યામાં ગુણ છે એટલી સંખ્યામાં વ્યક્ત થઈ ગયા જે અંશ પ્રગટ થયો તે પૂર્ણ અંશ સાથે ક્રીડા કરે છે. પૂર્ણ કળા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન છે.

એક વખત લખ્યું છે તે વાંચ્યું હતું. આજે બરોબર આવ્યું છે. “ **हेलोन्मीलत्परमकलया सार्धमारब्धकेलि ज्ञानज्योतिः कवलिततमः प्रोज्जृम्भे भरेण।।** જ્ઞાન જ્યોતિનો અર્થ – ભગવાન શુદ્ધ સ્વરૂપી જ્ઞાન પ્રકાશ. ( **भरेण** ) **પોતાના સંપૂર્ણ સામર્થ્ય વડે પ્રગટ થયો. કેવો છે ? “ हेलोन्मीलत्परमकलया सार्धम आरब्धकेलि ” સહજરૂપથી પ્રગટ થતાં નિરંતરપણે અતીન્દ્રિય સુખ પ્રવાહની સાથે પ્રાપ્ત કર્યું છે પરિણમન જેણે. ”**

સમ્યગ્દૃષ્ટિ જીવે, ‘ **परमकलया** ’ કેવળજ્ઞાનની કળા, આનંદઆદિની અનંત કળા છે તેની સાથે જેણે રમત માંડી છે. પોતાનું સ્વરૂપ પ્રગટ થયું તેણે કેવળજ્ઞાનની સાથે રમત માંડી છે. આહા ! હવે રાગની સાથે રમત છૂટી ગઈ છે એમ કહેવું છે. બીજ છે તો પૂનમ થશે જ. તેમ એક અંશ પ્રગટ થયો. તેનાથી સર્વાંશ પ્રગટ થશે જ. તેમાં વ્યવહાર કારણ નથી. એ નિર્મળ પરિણતિ નિર્મળ પરિણતિને કારણે થશે જ એમ કહે છે.

## પ્રવચન નં. ૧૦૯ તા. ૩૦-૯- ’૭૭

પુણ્ય-પાપ અધિકારનો આ છેલ્લો કળશ છે. “ **ज्ञानज्योतिः भरेण प्रोज्जृम्भे ’ शुद्ध स्वरूपनो ” શુદ્ધ સ્વરૂપનો પ્રકાશ પોતાના સંપૂર્ણ સામર્થ્ય વડે પ્રગટ થયો. ”** ભગવાન આત્માના શુદ્ધ સ્વરૂપનો પ્રકાશ ( **भरेण** ) પોતાના સંપૂર્ણ સામર્થ્ય દ્વારા પ્રગટ થયો છે. અહીં હવે પૂર્ણતા બતાવવી છે.

પોતાના સંપૂર્ણ સામર્થ્ય અર્થાત્ આત્મબળ – વીર્ય તેનાં સામર્થ્ય દ્વારા પ્રગટ થયો છે તેને કોઈની સહાયની મદદની જરૂર નથી. આહાહા ! ભગવાન આત્મા ! ચૈતન્ય રસકંદ એ પોતાના પુરુષાર્થ દ્વારા પરિપૂર્ણપણે પર્યાયમાં પ્રગટ થયો.

**“ કેવો છે ? “ हेलोन्मीलत्परमकलया सार्धम् आरब्ध केलि ” સહજરૂપથી ”** પોતાની લીલામાત્રથી પ્રગટ થયો છે. એ પરમાત્મપદ પ્રાપ્ત થવામાં અર્થાત્ આત્માના શુદ્ધ પ્રકાશમાં કોઈ હદ નથી, બળાત્કાર નથી, કોઈ પરનું રહેતું નથી. ( **उन्मीलित** )

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

લીલામાત્રથી, ભગવાન શુદ્ધ પ્રકાશનો અનુભવ એ લીલા માત્ર અનુભવ છે. આહાહા ! પુણ્ય-પાપનો ભાવ તે તો ઝેરીલો સ્વાદ છે. અને તેને તો છોડી દીધો છે. આહાહા પોતાના ચૈતન્ય પ્રકાશના સામર્થ્ય દ્વારા પોતાની લીલામાત્રથી પ્રગટ થયે છે એમ કહે છે. આનંદની કેલિ કરતા.. કરતા કેવળજ્ઞાન પ્રગટ થશે એમ કહે છે. આ પુણ્ય-પાપ અધિકારનો છેલ્લો કળશ છે ને !

આહા ! સહજ આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા; પોતાના આશ્રયથી - પોતાની લીલામાત્રના સહજ ભાવથી પૂર્ણ દશાને પ્રાપ્ત થાય છે; " તે કેવો છે ? " સહજ રૂપથી પ્રગટ થયો છે. પ્રગટ થયેલો એ આત્મા કોઈ રાગની ક્રિયાથી - સહાયથી પ્રગટ થયો છે એમ નથી. પોતાના ચૈતન્ય પ્રકાશનું પૂર, પોતાના સામર્થ્યથી, પોતાની લીલા કરતાં... કરતાં, આનંદનો અનુભવ કરતાં. કરતાં પ્રગટ થયો છે.

**પ્રશ્નઃ-** જ્યારે ગુરુ અનુભવ કરાવે ત્યારે થાય ને ?

**ઉત્તરઃ-** અનુભવ કોણ કરાવે ! શાસ્ત્ર દિશા દેખાડે પણ રહે અળગા ત્યારે અળગા અર્થાત્ ભિન્ન એ શું કહ્યું ? શાસ્ત્ર કે ગુરુ દિશા દેખાડી અળગા રહે, એ કાંઈ અંદરમાં પ્રવેશ કરાવે નહીં. એ તો દિશા દેખાડી એમ કહે - આ દિશા છે ત્યાં જાઓ બસ. આ છેલ્લો શ્લોક છે. આનંદના અમૃતના કળશો છે. શુભ અશુભભાવ એ તો ઝેરીલો સ્વાદ છે વિષકુંભ છે. એ રાગની સહાય વિના ભગવાન પોતાના શાંત રસના સ્વાદથી... આનંદના શાંતરસના અદ્ભુત સ્વાદથી પ્રગટ થયો છે... , એ સ્વાદ પુણ્ય-પાપના સ્વાદ વિનાનો છે. એમ કહે છે.

" **(परमकलया) નિરંતરપણે અતીન્દ્રિય સુખ પ્રવાહની સાથે,** અર્થાત્ કેવળજ્ઞાનની સાથે ક્રીડા માંડી છે. અંતરાત્માનો, જ્ઞાનનો અનુભવ થયો એ જ્ઞાનના અનુભવમાં પુણ્યપાપના ભાવનો અભાવ છે. એવી જ્ઞાનકળાની સાથે અર્થાત્ કેવળજ્ઞાનની સાથે ક્રીડા માંડી છે. હવે તેને અલ્પકાળમાં કેવળજ્ઞાન થશે. એકવાર કહ્યું હતું ને કે- સમ્યગ્જ્ઞાન થયું, પુણ્ય-પાપથી રહિત આત્મા પ્રગટ થયો તે મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. આવો. આવો... અહીં આવો.. એ અલ્પજ્ઞાન કેવળજ્ઞાનની સાથે ક્રીડા કરતું.. કરતું તે હવે કેવળજ્ઞાનને બોલાવે છે. અરે..! આ તે કાંઈ વાત છે! (એ પ્રગટ થયેલ જ્ઞાનના અનુભવમાં) પુણ્યની ક્રિયાની તો ક્યાંય ગંધ પણ નથી, તે સાધન નથી. પોતાના આનંદ સ્વભાવની કળામાં એકાગ્ર થઈને કેવળજ્ઞાનની સાથે ક્રીડા કરે છે. **" નિરંતરપણે અતીન્દ્રિય સુખ પ્રવાહની સાથે પ્રાપ્ત કર્યું છે પરિણમન જેણે.**

સમયસાર નાટકમાં આવે છે કે- " સદ્ગુરુ કહે સહજકા ધંધા, વાદ વિવાદ કરે સો અંધા " આ ધંધો સહજનો છે, સહજનો આ સોદો છે. સહજાનંદ પ્રભુ ! પોતાના આનંદ રસની ક્રીડા કરતાં... કરતાં કેવળજ્ઞાન લ્યે છે. અહીં ચારિત્રદશા લેવી છે ને ! ચારિત્ર એ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ આનંદની દશા છે. ચારિત્ર કોઈ દુઃખદાયક દશા નથી પરિષહ સહન કરવા પડે એવી ચારિત્રની ચીજ નથી. ભગવાન આત્માના આનંદમાં લીન રહેવું તે ચારિત્ર છે. આનંદની લહેર કરતાં - કરતાં લીલામાત્રમાં કેવળજ્ઞાનને પ્રગટ કરે છે.

**( परम कलया ) कवलिततमः દૂર કર્યો છે ( तमः ) મિથ્યાત્વ - અંધકાર જેણે,** રાગની સાથે એકતાબુદ્ધિનો નાશ થયો છે. અલ્પજ્ઞાનની પર્યાયની સાથે એકતા - બુદ્ધિનો નાશ થયો છે. અને મિથ્યાત્વ અંધકાર દૂર કર્યો છે જેણે. **“ આવો કઇ રીતે થયો છે તે કહે છે. ”**

**“ तत्कर्म सकलम् अपि बलेन मूलोन्मूलं कृत्वा , ”, કહી છે અનેક પ્રકારની ભાવરૂપ અથવા દ્રવ્યરૂપ ક્રિયા, ”** જડની ક્રિયા અને અંદરની ભાવરૂપ વિકલ્પ ક્રિયા જે **પાપરૂપ અથવા પુણ્યરૂપ તેને બળજોરીથી “ भूलोन्मूलंकृत्वा ” ઉખેડી નાખીને ”** પોતાની બળજોરીથી મૂળને ઉનમૂલ કરતી જેટલી ક્રિયા છે. તે બધી મોક્ષમાર્ગ નથી દ્રવ્યક્રિયા દેહવિના ચાલે નહીં એમ માને છે. ભાવક્રિયા તે છે રાગ, એ સમસ્ત રાગની ક્રિયાને ( **मूलोन्मूलं** ) મૂળમાંથી ઉખાડી નાખી છે. તો પછી કઈ ક્રિયાનો અંશ મદદ કરે ? એ ક્રિયાને તો મૂળમાંથી ઉન્મૂલ કરી દીધી છે. ‘ ઉન્મૂલ ’ અર્થાત્ મૂળિયા ઉખેડી દીધા છે. આવો બહુ ઝીણો માર્ગ બાપુ !

પોતાના પુરુષાર્થથી એ થાય છે. કાળલબ્ધિ આવે ત્યારે થાય ને ! એ તો પોતાના પુરુષાર્થથી કાળ લબ્ધિ આવે છે.. એમ કહે છે.

**પ્રશ્નઃ-** સહજરૂપે આવે ?

**ઉત્તરઃ-** સહજ કહ્યું ને ! ( **हेला** ) સહજરૂપે. સહજ એટલે લીલા લહેર કરતાં. કરતાં, કરતાં, સહેજ આનંદની લહેર કરતાં. કરતાં કેવળજ્ઞાન થાય. ‘ **हेला** ’ અર્થાત્ લહેર લીલામાત્ર એ સહજરૂપ સ્વભાવની દશા, રાગ વિનાની દશા, પોતાના શ્રદ્ધા-જ્ઞાન-શાંતિની દશા જેનાથી પ્રગટ થઈ છે.

**“ तत्त्कर्म सकलम् अपि बलेन मूलोन्मूलं कृत्वा ” કહી છે અનેક પ્રકારની ( कर्म ) ભાવરૂપ અથવા દ્રવ્યરૂપ ક્રિયા ”** કર્મ શબ્દે ક્રિયા, કર્મ એટલે જડ કર્મ એમ નહીં. શરીરની ક્રિયા પણ એમને એમ ચાલે છે તેમ અને ભાવ ક્રિયા એટલે રાગ. એ બધી દ્રવ્ય ને ભાવક્રિયાને મૂળમાંથી બળજોરીથી ઉખાડીને. ,; આહાહા ! એ બધો મોક્ષમાર્ગ નહીં. **“ જેટલી ક્રિયા છે તે બધી મોક્ષમાર્ગ નથી. ”**

દેવગુરુશાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ તે મોક્ષમાર્ગ નહીં એ લોકો એમ કહે છે કે- જુઓ, દેવ-ગુરુ શાસ્ત્રની શ્રદ્ધાને મિથ્યાત્વ કહે છે. અમે કહીએ છીએ એ રાગ છે, મિથ્યાત્વ નથી. રાગથી ધર્મ માને તે મિથ્યાત્વ છે. સાચા દેવગુરુશાસ્ત્રને જાણવા, માનવા તે બધો રાગ છે, શુભભાવ છે, તે મિથ્યાત્વ નથી. એ શુભભાવ ધર્મનું કારણ છે અને ધર્મ છે તેમ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માનવું તે મિથ્યાત્વ છે. આ વાત ખાનિયા તત્ત્વચર્ચામાં આવી ગઈ છે.

આહાહા! જેટલી ક્રિયા દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા-વાંચન-શ્રવણ-મનન-ચિંતવન તે બધી ક્રિયાને મૂળમાંથી ઉખેડી નાખી છે. જેણે ભગવાનનું મૂળ પકડયું, અખંડાનંદ ચૈતન્ય જ્ઞાયક જ્યોતને જેણે પરિણતિમાં લીધો, પંચમ પારિણામિક ભાવને જેણે પરિણતિમાં લીધો તેને પંચમગતિની પ્રાપ્તિ થાય છે.

એ દ્રવ્ય અને ભાવ ક્રિયા તે મોક્ષમાર્ગ નથી "**એમ જાણી સમસ્ત ક્રિયામાંથી મમત્વનો ત્યાગ કરીને.**" પછી તે ભગવાનના સ્મરણનો રાગ હો તે ક્રિયા રાગ છે. ણમો અરિહંતાણંનો જાપ કરવો તે સમસ્ત વિકલ્પના મમત્વનો ત્યાગ કર કે- એ મારી ચીજ નથી, તે મારામાં છે જ નહીં, તે મને લાભદાયક નથી. આહાહા! એ ક્રિયામાં મમત્વનો ત્યાગ કર. "**શુદ્ધજ્ઞાન તે મોક્ષમાર્ગ છે.**" ભગવાનના શુદ્ધ જ્ઞાનમાર્ગમાં શુદ્ધજ્ઞાન મોક્ષમાર્ગ છે.

જ્ઞાન જે ત્રિકાળ છે તે નહીં. આ તો શુદ્ધ જ્ઞાનની પરિણતિ તે મોક્ષમાર્ગ છે. જ્ઞાન જે ત્રિકાળ છે તે તો દ્રવ્ય છે. એ નહીં. એ ત્રિકાળી જ્ઞાયકની પરિણતિ જે શુદ્ધ છે તે અહીં તો પુણ્ય-પાપની ક્રિયાથી રહિત જે નિર્મળ પરિણતિ છે તે લેવી છે. સમજમાં આવ્યું?

"**શુદ્ધજ્ઞાન મોક્ષમાર્ગ છે.**" શુદ્ધજ્ઞાનનો અર્થત્રિકાળી શુદ્ધ પ્રકાશ સ્વરૂપ છે તે તો દ્રવ્ય છે, મોક્ષમાર્ગ નહીં. તેના આશ્રયે જે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની પરિણતિ જે નિર્મળ પ્રગટ થઇ તે શુદ્ધજ્ઞાન છે. શુદ્ધજ્ઞાન કેમ કહ્યું? જે રાગની ક્રિયા અશુદ્ધ હતી. તેની સાથે આ શુદ્ધજ્ઞાનની પરિણતિ મોક્ષમાર્ગ છે.

"**શુદ્ધજ્ઞાન મોક્ષમાર્ગ છે એવો સિદ્ધાંત સિદ્ધ થયો.**" ભગવાન ચૈતન્ય સ્વભાવી પ્રભુ છે, એ ચૈતન્ય સ્વભાવનું શુદ્ધ પરિણમન તે મોક્ષમાર્ગ છે. એવો સિદ્ધાંત સિદ્ધ થયો. વચ્ચે ક્રિયાકાંડનો જે ભાવ આવે છે તેનો નિષેધ થયો. એ લોકો એમ કહે છે - પહેલાં એ સાધન હોય કે નહીં? ભાઈ! જે સાધન બાધક છે તે સાધન ક્યાંથી આવ્યું? શુદ્ધ ચૈતન્ય પ્રકાશ પુંજનું પૂર આત્મા છે તેનો આશ્રય લઈને શુદ્ધ પરિણતિ થઈ અને પરનો આશ્રય લઈને જે શુભભાવ દયા-દાન-વ્રતના ભાવ હતા તેનો અભાવ થયો. આહાહા! આવો માર્ગ એટલે માણસને કઠણ લાગે.

અહીંયા તો એ કહ્યું કે- શુદ્ધજ્ઞાન મોક્ષમાર્ગ છે. તેવો સિદ્ધાંત સિદ્ધ થયો. એ નિર્ણય યથાર્થ જ સિદ્ધ થયો. વ્યવહાર રત્નત્રયની ક્રિયા મોક્ષમાર્ગ છે તેનો નિષેધ થયો.

**કેવું છે કર્મ?** ભાષા જુઓ! 'કર્મ' શબ્દ વાપર્યો છે. "**કર્મ અર્થાત્ ક્રિયા?** "**भेदोन्मादं**" ભેદનું ગહનપણું છે. **શુભક્રિયા મોક્ષમાર્ગ છે એવા પક્ષપાતરૂપ ભેદ,**" આહાહા! શુભક્રિયા તે મોક્ષમાર્ગ છે એવા પક્ષપાતનો ભેદ પાડવો, તેનાથી થયું છે પાગલપણું આહાહા! દયા-દાન, વ્રત-ભક્તિ, તપ આદિ પણ મોક્ષમાર્ગ છે એમ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માનવાવાળો છે તે પાગલ છે એમ કહે છે.

શુભક્રિયા તે મોક્ષમાર્ગ છે એવા પક્ષપાતરૂપ ભાગ... તેનાથી થયો છે પાગલ આહાહા! પાગલપણું

**"વળી કેવું છે? 'पीतामोहं'** જેણે મોહ પીધો છે.

શુભક્રિયાને મોક્ષમાર્ગ માને છે તેણે મિથ્યાત્વ પીધું છે. **"पीतमोहं" ગળ્યું (પીધું) છે (मोहं) વિપરીતપણું જેણે, એવું છે,"** શુભક્રિયા તે મોક્ષમાર્ગ છે એવું મિથ્યાત્વ પીધું છે જેમણે. આટલું તો સ્પષ્ટ કરે છે. એ લોકો રાડો પાડે છે. તેમણે મોહનો દારૂ પીધો છે. એ લોકો કહે છે ને કે- ટોડરમલ અને બનારસીદાસ અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા છે. અહીંયા કહે છે કે અજ્ઞાની મિથ્યાત્વનો મોહ પીને નાચ્યા છે. સમજમાં આવ્યું? અંદર છે કે નહીં?

**"કોઈ ધતૂરો પી ને ઘેલો થાય છે એના જેવો તે જે પુણ્યકર્મને ભલું માને છે."** આટલું સ્પષ્ટ હોવા છતાં એ લોકો પોકાર કરે છે. શુભજોગ તે મોક્ષમાર્ગ છે. અરે... પ્રભુ આ શું કરે છે ભાઈ!

**શ્રોતાઃ-** શાસ્ત્રમાં લખ્યું છે કે- ધતૂરો પી ને નાચે છે.

**ઉત્તરઃ-** ધતૂરો પીને નાચ્યા. તેને માટે કહે છે કે- આહાહા! ટોડરમલ અને બનારસીદાસ સમ્યગ્જ્ઞાન પી ને નાચ્યા છે. એ વાત હવે કહે છે.

**"વળી કેવું છે? "भ्रमरसभरात् नाट्यत्"** ભ્રમ નામ ધોખા-વિપરીત ભાવ તેનો અમલ ચઢી ગયો છે, વિપરીત ભાવ અર્થાત્ મિથ્યાત્વનો અમલ ચઢી ગયો છે, પાવર ચઢી ગયો છે. શુભક્રિયાથી ધર્મ અને મોક્ષમાર્ગ તેણે મોહનો પ્યાલો પીધો છે. જે પુણ્યકર્મને ભલા માને છે એવો ભ્રમ અજ્ઞાનીને થયો છે. તેને મિથ્યાત્વનો અમલ ચઢી ગયો છે.

**"भ्रमरसभरात् नाट्यत्" ભ્રમ (નામ) ભ્રાન્તિ તેનો અમલ, તેનું અત્યંત ચડવું,** મિથ્યાત્વનો પાવર એકદમ ચઢી ગયો છે. મોહનું ઘેલાપણું ચઢી ગયું છે. એ કારણે (નાટયત્) નાચે છે. શુભક્રિયા ધરમની છે એવું મિથ્યાત્વ પી ને નાચે છે. આકરું કામ છે ભાઈ! આહા... અટકવાના સાધનો અનેક અને છૂટવાનું સાધન એક છે. ભગવાન પૂર્ણાનંદનો આશ્રય લેવો તે છૂટવાનું સાધન છે. આ બંધનના સાધન તો અનેક છે. સમજમાં આવ્યુ?

(**नाट्यत्**) એવો શબ્દ વાપર્યો છે. નાચ્યા છે એમ કહે છે. એ લોકો એમ કહે છે અધ્યાત્મની ભાંગ પી ને નાચ્યા છે. (આપણે કહીએ) તેઓ મિથ્યાત્વની ભાંગ પી ને નાચ્યા છે. પુણ્યથી ધર્મ માનનારા મિથ્યાત્વ પી ને નાચ્યા છે. અરે... ભાઈ! ટોડરમલ અને બનારસીદાસ કોણ છે? ભાઈ! એ કોણ છે તેની તને ખબર નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેને હાથીના પગ નીચે કચડાવ્યા તો પણ કાંઈ બોલ્યા નહીં. બ્રાહ્મણોએ શિવની મૂર્તિ નાખી દીધી અને પછી રાજાને ભડકાવ્યા કે ટોડરમલ વિરોધ કરે છે. રાજા કહે - જાવ તેને મારી નાખો. હાથી આવ્યો, હાથી ટોડરમલ ઉપર પગ મૂકતાં અચકાય છે. ત્યારે હાથીને કહે છે - અરે... હાથી ! રાજા જ્યારે આમ કહે છે ત્યારે તું શું કામ મૂંઝાઈ છે ? પગ મૂક... પગ મૂક પછી હાથી પગ મૂકે છે. આમ દેહ છૂટી જાય છે. આવી સ્થિતિમાં પણ જણે પોતાની સત્યની દૃઢતા છોડી નહીં. નાની ઉંમર હતી. ઉંમર તો દેહની છે. ૨૦૦ વર્ષ પહેલાં બન્યું. અરે... કોઈ જૈન નથી ? જૈનના શ્રાવકો બધા ક્યાં ગયા ? ભાઈ ! બધાય હોય પણ રાજા પાસે શું કરે ! બનવા કાળે જે બનવાનું હોય તે બને ને !? આવા ધર્માત્માને પણ ન માને ! ધર્માત્માને પણ આવી સ્થિતિ ઊભી થાય છે. તેઓ જાણે છે કે- શરીર છૂટું છે ને છૂટું પડશે એમાં મારે શું ? શ્રીમદ્‌માં આવે છે,

**" એકાકી વિચરતો વળી સ્મશાનમાં,**
**વળી પર્વતમાં વાઘ સિંહ, સંયોગ જો,**
**અડોલ આસન્ન ને નહીં મનમાં ક્ષોભતા,**
**પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. "**

આહાહા ! શરીર મારે જોઈતું નથી એ એને જોઈએ છીએ તો ભલે ને લઈ જાય. પાઠમાં ' અમલ ' શબ્દ છે. મિથ્યાત્વનો અત્યંત પાવર ચઢી ગયો છે.

**જિનરાજ સુજશ સુનો રે...**
**કાહુકે કહે અબ કહૂઁ ન છૂટે પ્યારે, લોક લાજ સબડારી.**
**જૈસે અમલી અમલ કરત સુને લાગ રહે જો ખુમારી ! "**

પ્રભુ વીતરાગી સ્વભાવનું મને ભાન થયું છે. લોકો કેમ કહેશે તે દુનિયા જાણે ! આહા ! જેમ અફીણનો અમલ પીવે અને તે ચડે તેમ અજ્ઞાનીને મિથ્યાત્વના અમલ ચઢયા છે.

રાજકોટ અને ગોંડલ વચ્ચે એક રીબડા ગામ છે. ઘણાં વર્ષો પહેલાની વાત છે. આ ૭૭ ની સાલની વાત છે. ત્યારે ઠાકરદ્વારમાં ઉતર્યા હતા અને પછી હમણાં નિશાળમાં. ત્યાં એક બાવો હતો. અમે સમયસાર વાંચતા એ અફીણ પીતો હતો. જ્યારે બીજા એમ કહે ચડયો-ચડયો-ચડયો એટલે તેને અફીણ ચઢે અને પછી ઉતરી ગયો તેમ કહે તો, પીધો હોય તે ઉતરી જાય.

અહીંયા તો કહે છે - અજ્ઞાનીને મિથ્યાત્વના પાવર ચઢયા તે ચઢયા. શુભભાવને ધર્મ માનવાની વાતમાં મિથ્યાત્વનો પારો ચઢી ગયો છે. **" અમલ તેનું અત્યંત ચઢવું તેનાથી નાચે છે. "** જોયું ? મિથ્યાત્વનો અમલ તેને અત્યંત ચઢયો છે. ચોખ્ખો અર્થ છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મિથ્યાત્વનો રસ ચોખ્ખો ચઢયો છે તેથી નાચે છે. અરે પ્રભુ! આવો માર્ગ છે.

અરે પ્રભુ! તું એ સ્વરૂપે છો ને! તું સ્વરૂપે જ શુદ્ધ ચૈતન્યઘન છો ને! એક સમયની વિકૃતદશા તેની રુચિ છોડીને... પરમાત્મ સ્વરૂપની દૃષ્ટિ થઈ એ મિથ્યાત્વના પાવરનો નાશ થઈ ગયો. એક સમયની ભૂલ છે. શુભભાવ એ પણ ભૂલ છે. ત્રિકાળ સ્વભાવની સાથે એનુ મિલાન ન થાય. કેમ કે ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય સ્વભાવ અનહદ છે. જ્યારે વિકારને સીમા છે.

ગઈકાલે બહેનના વચનામૃતમાંથી વાંચ્યું તું ને! વિકાર છે તેને સીમા છે – હદ છે. ગુજરાતી બહુ સાદી ભાષામાં કહે છે. સાધારણ બાળકને સમજાય એવી વાત છે. વિભાવ છે. એને સીમા છે. વિકલ્પ છે એને હદ છે અને મર્યાદા છે. જ્યારે ભગવાનના સ્વભાવને મર્યાદા નથી તે બેહદ છે. જે હદવાળી ચીજ હોય, મર્યાદિત ચીજ હોય તેનાથી પાછા વળી શકાય છે, કેમ કે અમર્યાદિત નથી. મર્યાદિત હોય તેનાથી પાછા વળી શકાય છે. જ્યારે પોતાનો સ્વભાવ તો અમર્યાદિત છે. એ સ્વભાવ જ્યાં નિજ અનુભવમાં આવ્યો હવે ત્યાંથી હઠી શકાય નહીં.

અહીંયા તો કહે છે – પુણ્યની ક્રિયાને ધર્મ મનાવે, મોક્ષમાર્ગ મનાવે તેને મિથ્યાત્વનો અમલ ચઢી ગયો છે. અમલ એટલે પાવર, ઝેરનો પાવર ચઢી ગયો છે. આને દાન આપો. પાંચ-પચ્ચીસ લાખના મંદિર બંધાવો. જાવ! તમારું કલ્યાણ થઈ જશે. એ બધો મિથ્યાત્વનો પાવર ચઢી ગયો છે.

નાનાલાલભાઈને પેલા પંડિતે ૨૦૦૬ની સાલમાં કહ્યું હતું. રાજકોટમાં મોટું મંદિર બંધાવ્યું અને ઉપર સોનાના કળશ ચઢાવ્યા. ત્યારે ઇન્દોરના પંડિતે કહ્યું કે- આ મંદિર બંધાવ્યું અને ઉપર સોનાનો કળશ... તમારો મોક્ષ થઈ જશે. ત્યારે નાનાલાલ ભાઈએ કહ્યું – અમે એમ માનતા નથી. અમારા મહારાજ એમ કહેતા નથી. એ તો શુભભાવ છે.

ત્યાં બેંગ્લોરમાં બાર લાખનું મંદિર બનાવ્યું છે. આઠ લાખ એક દેરાવાસીએ આપ્યા, ચાર લાખ એક સ્થાનકવાસીએ આપ્યા; બન્ને દિગમ્બર છે. ત્યારે તો હજુ પ્રતિષ્ઠા પણ નહોતી થઇ. એમ કહેતા કે- લોકો જોવા આવે છે. ત્યારે અમે કહેલું – આઠ લાખનું દાન કર્યું માટે ધર્મ થશે? એનો પુણ્યનો ઉદય આઠ લાખ ખર્ચ્યા તો ચાલીશ લાખનો વેપારમાં નફો થયો, પછી લોકો વાતો કરે – મહારાજની લાકડી ફરે એટલે પૈસા આવે. ધૂળમાંય નથી સાંભળને! એ તો પૂર્વના પુણ્યનો યોગ હોય તો આવે તેમાં આત્માને શું? અને દાનના જે ભાવ કર્યા હતા તેમાં તે આત્માને શું? અને દાનના જે ભાવ કર્યા હતા તે પુણ્યના ભાવ ઝેર છે. વાત તો એમ જ છે. અમૃતનો સાગર જ્યાં ઉછળે ત્યાં ઝેરની કિંમત શું થાય?

અમૃતના અપરિમિત સ્વભાવથી ભરેલો પ્રભુ છે, એનો જ્યાં દૃષ્ટિમાં અનુભવ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થયો. તેની સાથે પુણ્ય ને પાપના ફળની કિંમત શું છે? અજ્ઞાનીઓ મોહને પી અને નાચી રહ્યા છે. કેમ કે તે શુભક્રિયાને ધર્મનું અને મોક્ષનું કારણ માને છે. આવી વાત તેની પાસે ક્યાં છે?

“**જેમ કોઈ ધતૂરો પી ને સુધ જવાથી નાચે છે,** એમ કહે છે કે- તેને સુધ બુધ રહેતી નથી. તેથી નાચે છે. **તેમ મિથ્યાત્વ કર્મના ઉદયે શુદ્ધ સ્વરૂપના અનુભવથી ભ્રષ્ટ છે.**” આહાહા! પુણ્યને ધર્મ માનવાવાળા – મોક્ષ માનવાવાળા મિથ્યાત્વથી ઘેરાય ગયેલા છે. જે રાગમાં રોકાય ગયો છે તે શુદ્ધ સ્વરૂપના અનુભવથી ભ્રષ્ટ છે. રાગની પાછળ આખો શુદ્ધ ચૈતન્યઘન – આનંદકંદ છે. પણ જે રાગમાં મોક્ષમાને છે તે સ્વભાવથી ભ્રષ્ટ છે. ભગવાન શુદ્ધ સ્વરૂપ આનંદનો નાથ બિરાજે છે તેનો તણે અનાદર કર્યો, અને રાગનો આદર કર્યો તો અનુભવથી ભ્રષ્ટ થયો છે.

“**શુભકર્મના ઉદયે જે દેવ આદિ પદવી,**” જુઓ, હવે આ ફળ આવ્યું. આ ઝેરનું ફળ લીધું. શુભકર્મના ઉદયથી દેવ, શેઠ, રાજા આદિ, જેની પાંચ – પાંચ કરોડની ઉપજ છે એવા મોટા રાજા અત્યારે છે. ઇરાકનો રાજા છે તેને કલાકની દોઢ કરોડની ઉપજ છે. ત્યાં પેટ્રોલ બહુ નીકળ્યું છે. દેશ નાનો છે. પણ દેશમાં પેટ્રોલના કુવા છે, તો એક દિવસની અડધો અબજની આવક છે એ એમ જાણે કે- અમે પૈસાવાળા છીએ, અમે દેવ છીએ. આવી પદવી રાજાની તેમાં તે રંજાયમાન થાય છે.

“**તેમાં રંજિત થાય છે કે- હું દેવ, મારે આવી વિભૂતિ, તે તો પુણ્યકર્મના ઉદયથી;** પુણ્યના ફળમાં, એના પ્રેમીઓ રંજાયમાન થાય છે એમ કહે છે. એ શુભભાવના રસીલા – પ્રેમી એને શુભભાવના ફળ તરીકે જે પદવી મળે એમાં રંજાયમાન થઈ ગયો. કેમ કે જેને કારણમાં હોંશ ચડી ગઈ છે તેને તેનાં કાર્યમાં રંગ ચડી ગયો છે.

અમે દેવ છીએ, અમે વાણીયા-શેઠિયા છીએ, અમે પૈસાવાળા છીએ, અમારું કુટુંબ ખાનદાન છે અને તેમાં સામેવાળા કરોડપતિની દિકરી આપવા આવે એમાં હવે શું છે? ‘દેવ આદિ પદવી’ એટલે રાજા, મોટા શેઠિયા અને તેને પાંચ લાખનો મહિનાનો પગાર આવે એવા મોટા થાય અને તેમાં રંજાયમાન થાય છે. હું આવો દેવ છું, મારે આવી વિભૂતિ છે, અબજોપતિ છે, પાંચ-પાંચ કરોડની ઉપજ છે, દશકરોડની ઉપજ છે એ મારી વિભૂતિ છે. ભાઈ! મરી જઈશ! એ વિભૂતિ તો જડ છે તે તારી ક્યાંથી થઈ? આહાહા! શુભભાવના પ્રેમીલા જીવો એના ફળ તરીકે સંયોગ તેમાં રંજાયમાન થઈ જાય છે.

હું દેવ, હું ઉદ્યોગપતિ, મારી આવી વિભૂતિ એ તો પુણ્ય કર્મના ઉદયથી છે. મારા પુણ્ય એટલા કે તેના કારણે આ બધી ભોગ સામગ્રી છે. એકને હુકમ કરે તો એકવીસ તૈયાર હોય છે. મોઢે માંગે તે મળે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોઢું શું માગે છે? એ ખબર છે? આજે શું ખાવું છે... શીખંડ પૂરી, શીરો -પૂરી? મોટા રાજા હોય ત્યાં છપાવેલા કાગળ હોય તેમાં રસોઈના નામ લખેલા હોય. તે કાગળમાં રાજાને જે ભાવે તેના ઉપર ચિન્હ કરે. મોટા રાજાનું એમ હોય. પેલો એમ જાણે કે- મારો કેટલો વૈભવ છે. એમાં રાજી... રાજી થઈ જાય એમાં મરી જઈશ સાંભળને હવે!

**શ્રોતાઃ**- પૈસા હોય તો ઉપયોગ કરે ને?

**ઉત્તરઃ**- પૈસા ક્યાં એના હતા; એ તો જડ છે. જડ તેનું નથી તો તેનો ઉપયોગ કેવી રીતે કરે. તે તો પુણ્ય કર્મના ઉદયથી રંજાયમાન થાય છે. બાદશાહી મોટી, બહારમાં છોકરાંવ મોટા બુદ્ધિવાળા, મોટા પગારે મોટું કામ કરનારા પગાર પણ બે, પાંચ, દશલાખના હોય એ બધા પુણ્યના ફળ છે.

આ બન્ને શેઠિયા બંગલાવાળા, તેના નામ મોટાં તેથી તેમને મોઢા આગળ બોલાવે. અન્યમતવાળા બાવા પણ બોલાવે. આગલ બોલાવે એટલે રાજી થાય. શંકરને માનનારા હોય તે બોલાવે ત્યાં પણ જાય, તે કહે શેઠ પધારો. એ બધા પુણ્યના ફળ છે એમાં કાંઈ નથી. અંદરમાં આનંદનો નાથ બિરાજે છે તેમાંથી આનંદના ઝરણાં ઝરે છે. તેમાં જાને! બહારમાં તો આ દુઃખના ઝરણાં ઝરે છે. લ્યો! હવે આ પુણ્ય-પાપ અધિકાર પૂરો થયો. તેનો આ છેલ્લો કળશ હતો.

* (સમાપ્ત) *

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# શ્રી નાટક સમયસાર

## કર્તા-કર્મ અધિકાર

**મળેલા જીવ અને પુદ્‌ગલની જુદી જુદી ઓળખાણ**
**( સવૈયા એકત્રીસા )**

जैसैं उसनोदकमैं उदक-सुभाव सीरौ,
आगकी उसनता फरस ग्यान लखियै ।
जैसैं स्वाद व्यंजनमैं दीसत विविधरूप,
लौनकौ सुवाद खारौ जीभ-ग्यान चखियै ॥
तैसैं घट पिंडमैं विभावता अग्यानरूप,
ग्यानरूप जीव भेद-ग्यानसौं परखियै ।
भरमसौं करमकौ करता है चिदानंद,
दरव विचार करतार भाव नखियै ॥१६॥

**( કલશ-૧૫-૬૦ )**

❄

**પદાર્થ પોતાના સ્વભાવનો કર્તા છે. ( દોહરા )**

ग्यान-भाव ग्यानी करै, अग्यानी अग्यान ।
दर्वकर्म पुदगल करै, यह निहचै परवान ॥१७॥

**( કલશ-૧૬-૬૧ )**

❄

**જ્ઞાનનો કર્તા જીવ જ છે, અન્ય નથી. ( દોહરા )**

ग्यान सरूपी आतमा, करै ग्यान नहि और ।
दरव करम चेतन करै, यह विवहारी दौर ॥१८॥

**( કલશ-૧૭-૬૨ )**

❄

**આ વિષયમાં શિષ્યની શંકા. ( સવૈયા એકત્રીસા )**

पुग्गलकर्म करै नहि जीव,
कही तुम मैं समुझी नहि तैसी ।
कौन करै यह रूप कहौ अब,
को करता करनी कहु कैसी ॥

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आपुही आपु मिलै बिछुरै जड़,
क्यौं करि मो मन संसय ऐसी ?
सिष्य संदेह निवारन कारन,
बात कहैं गुरु है कछु जैसी ॥१९॥
(કલશ-૧૮-૬૩)

❈

ઉપર કરવામાં આવેલી શંકાનું સમાધાન (દોહરા)

पुदगल परिनामी दरव, सदा परिनवै सोइ ।
यातैं पुदगल करमकौ, पुदगल करता होइ ॥२०॥
(કલશ-૧૯-૬૪)

❈

जीव चेतना संजुगत, सदा पूरण सब ठौर।
तातैं चेतन भावकौ, करता जीव न और ॥२१॥
(કલશ-૨૦-૬૫)

❈

શિષ્યનો ફરીથી પ્રશ્ન. (અડિલ્લ છંદ)

ग्यानवंतकौ भोग निरजरा-हेतु है।
अज्ञानीकौ भोग बंध फल देतु है ॥
यह अचरजकी बात हिये नहि आवही।
पूछे कोऊ सिष्य गुरू समझावही ॥२२॥
(કલશ-૨૧-૬૬)

❈

ઉપર કરવામાં આવેલી શંકાનું સમાધાન (સવૈયા એકત્રીસા)

दया-दान-पूजादिक विषय-कषायादिक,
दोऊ कर्मबंध पै दुहूकौ एक खेतु है ।
ग्यानी मूढ़ करम करत दीसै एकसे पै,
परिनामभेद न्यारौ न्यारौ फल देतु है ॥

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ग्यानवंत करनी करै पै उदासीन रूप,
ममता न धरै तातैं निर्जराकौ हेतु है ।
वहै करतूति मूढ़ करै पै मगनरूप,
अंध भयौ ममतासौं बंध-फल लेतु है ॥२३॥
(કલશ-૨૨-૬૭)

❄

**મિથ્યાત્વીના કર્તાપણાની સિદ્ધિ પર કુંભારનું દૃષ્ટાંત (છપ્પા)**

ज्यौं माटीमैं कलस होनकी, सकति रहै ध्रुव ।
दंड चक्र चीवर कुलाल, बाहजि निमित्त हुव ॥
त्यौं पुदगल परवांनु, पुंज वरगना भेस धरि ।
ग्यानावरनादिक स्वरूप, विचरंत विविध परि ॥
बाहजि निमित्त बहिरातमा,
गहि संसै अग्यानमति ।
जगमांहि अहंकृत भावसौं,
करमरूप ह्वै परिनमति ॥२४॥
(કલશ-૨૩-૬૮)

❄

**જીવને અકર્તા માનીને આત્મધ્યાન કરવાનો મહિમા. (સવૈયા તેવીસા)**

जे न करैं नयपच्छ विवाद,
धरैं न विखाद अलीक न भाखैं ।
जे उदवेग तजैं घट अंतर,
सीतल भाव निरंतर राखैं ॥
जे न गुनी-गुन-भेद विचारत,
आकुलता मनकी सब नाखैं ।
ते जगमैं धरि आतम ध्यान,
अखंडित ग्यान-सुधारस चाखैं ॥२५॥
(કલશ-૨૪-૬૯)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવ નિશ્ચયનયથી અકર્તા અને વ્યવહારથી કર્તા છે. ( સવૈયા એકત્રીસા )

विवहार-दृष्टिसौं विलोकत बंध्यौसौ दीसै,
निहचै निहारत न बांध्यौ यह किनिहीं ।
एक पच्छ बंध्यौ एक पच्छसौं अबंध सदा,
दोऊ पच्छ अपनैं अनादि धरे इनिहीं ॥
कोऊ कहै समल विमलरूप कोऊ कहै,
चिदानंद तैसौई बखान्यौ जैसौ जिनिहीं ।
बंध्यौ मानै खुल्यौ मानै दोऊ नैको भेद जानै,
सोई ग्यानवंत जीव तत्त्व पायौ तिनिहीं ॥२६॥

( કલશ-૨૫-૭૦ )

❈

નયજ્ઞાન દ્વારા વસ્તુસ્વરૂપ જાણીને સમરસ ભાવમાં રહેનારાઓની પ્રશંસા.
( સવૈયા એકત્રીસા )

प्रथम नियत नय दूजी विवहार नय,
दुहूकौं फलावत अनंत भेद फले हैं ।
ज्यौं ज्यौं नय फलैं त्यौं त्यौं मनके कल्लोल फलैं,
चंचल सुभाव लोकालोकलौं उछले हैं ॥
ऐसी नयकक्ष ताकौ पक्ष तजि ग्यानी जीव,
समरसी भए एकतासौं नहि टले हैं ।
महामोह नासि सुद्ध-अनुभौ अभ्यासि निज,
बल परगासि सुखरासि मांहि रले हैं ॥२७॥

( કલશ-૨૬-૭૧ )

❈

સમ્યગ્જ્ઞાનથી આત્મસ્વરૂપની ઓળખાણ થાય છે. ( સવૈયા એકત્રીસા )

जैसैं काहू बाजीगर चौहटै बजाइ ढोल,
नानारूप धरिकैं भगल-विद्या ठानी है ।
तैसैं मैं अनादिकौ मिथ्यातकी तरंगनिसौं,
भरममैं धाइ बहु काय निज मानी है ॥

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अब ग्यानकला जागी भरमकी दृष्टि भागी,
अपनी पराई सब सौंज पहिचानी है।
जाकै उदै होत परवांन ऐसी भांति भई,
निहचै हमारी जोति सोई हम जानी है ॥२८॥

(કલશ-૨૭-૭૨)

❄

**જ્ઞાનીનો આત્માનુભવમાં વિચાર ( સવૈયા એકત્રીસા )**

जैसै महा रतनकी ज्योतिमैं लहरि उठै,
जलकी तरंग जैसैं लीन होय जलमैं।
तैसैं सुद्ध आतम दरब परजाय करि,
उपजै बिनसै थिर रहै निज थलमैं ॥
ऐसै अविकलपी अजलपी अनंद रूपी,
अनादि अनंत गहि लीजै एक पलमैं।
ताकौ अनुभव कीजै परम पीयूष पीजै,
बंधकौ विलास डारि दीजै पुदगलमैं ॥२९॥

(કલશ-૨૮-૭૩)

❄

**આત્માનુભવની પ્રશંસા ( સવૈયા એકત્રીસા )**

दरबकी नय परजायनय दोऊ,
श्रुतग्यानरूप श्रुतग्यान तो परोख है।
सुद्ध परमातमाकौ अनुभौ प्रगट तातैं,
अनुभौ विराजमान अनुभौ अदोख है ॥
अनुभौं प्रवांन भगवान पुरुष पुरान,
ग्यान औ विग्यानघन महा सुखपोख है।
परम पवित्र यौं अनंत नाम अनुभौके,
अनुभौ विना न कहूं और ठौर मोख है ॥३०॥

(કલશ-૨૯-૭૪)

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અનુભવના અભાવમાં સંસાર અને સદ્‌ભાવમાં મોક્ષ છે, એના ઉપર દ્રષ્ટાંત.**
**( સવૈયા એકત્રીસા )**

जैसे एक जल नानारूप-दरबानुजोग,
भयौ बहु भांति पहिचान्यौ न परतु है।
फिरि काल पाइ दरबानुजोग दूरि होत,
अपनै सहज नीचे मारग ढरतु है॥
तैसैं यह चेतन पदारथ विभाव तासौं,
गति जोनि भेस भव-भावंरि भरतु है।
सम्यक सुभाइ पाइ अनुभौके पंथ धाइ,
बंधकी जुगति भानि मुकति करतु है॥३१॥

( કલશ-૩૦-૭૫ )

❈

**મિથ્યાદ્રષ્ટિ જીવ કર્મનો કર્તા છે. ( દોહરા )**

निसि दिन मिथ्याभाव बहु, धरै मिथ्याती जीव।
तातैं भावित करमकौ, करता कह्यौ सदीव॥ ३२॥

( કલશ-૩૧-૭૬ )

❈

**મિથ્યાત્વી જીવ કર્મનો કર્તા અને જ્ઞાની અકર્તા છે. ( ચોપાઈ )**

करै करम सोई करतारा।
जो जानै सौ जाननहारा॥
जो करता नहि जानै सोई।
जानै सो करता नहि होई॥३३॥

( કલશ-૩૨-૭૭ )

❈

**જે જ્ઞાની છે તે કર્તા નથી. ( સોરઠા )**

ग्यान मिथ्यात न एक, नहि रागादिक ग्यान महि।
ग्यान करम अतिरेक, ग्याता सो करता नहीं॥३४॥

( કલશ-૩૩-૭૮ )

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જીવ કર્મનો કર્તા નથી ( છપ્પા )**

करम पिंड अरु रागभाव, मिलि एक हौंहि नहि।
दोऊ भिन्न-सरूप बसहिं, दोऊ न जीवमहि॥
करमपिंड पुग्गल, विभाव रागादि मूढ़ भ्रम।
अलख एक पुग्गल अनंत, किमि धरहि प्रकृति सम॥
निज निज विलासजुत जगतमहि,
जथा सहज परिनमहि तिम।
करतार जीव जड़ करमकौ,
मोह-विकल जन कहहि इम॥३५॥

( કલશ-૩૪-૭૯ )

❈

**શુદ્ધાત્માનુભવનું માહાત્મ્ય. ( છપ્પા )**

जीव मिथ्यात्व न करै, भाव नहि धरै भरम मल।
ग्यान ग्यानरस रमै, होइ करमादिक पुदगल॥
असंख्यात परदेस सकति, जगमगै प्रगट अति।
चिदविलास गंभीर धीर, थिर रहै विमलमति॥
जब लगि प्रबोध घटमहि उदित,
तब लगि अनय न पेखिये।
जिमि धरम-राज वरतंत पुर,
जहं तहं नीति परेखिये॥३६॥

( કલશ-૩૫-૮૦ )

❈

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પુણ્ય-પાપ એકત્વ દ્વાર

**પ્રતિજ્ઞા ( દોહરા )**

करता किरिया करमकौ, प्रगट बखान्यौ मूल ।
अब बरनौं अधिकार यह, पाप पुन्न समतूल ॥१॥

( કલશ-૧-૮૧ )

❄

**મંગળાચરણ ( કવિતા માત્રિક )**

जाके उदै होत घट-अंतर,
बिनसै मोह-महातम-रोक ।
सुभ अरु असुभ करमकी दुविधा,
मिटै सहज दीसै इक थोक ॥
जाकी कला होत संपूरन,
प्रतिभासै सब लोक अलोक ।
सो प्रबोध-ससि निरखि बनारसि,
सीस नवाइ देत पग धोक ॥२॥

( કલશ-૨-૮૨ )

❄

**પુણ્ય-પાપની સમાનતા ( સવૈયા એકત્રીસા )**

जैसैं काहू चंडाली जुगल पुत्र जनें तिनि,
एक दीयौ बांभनकै एक घर राख्यौ है ।
बांभन कहायौ तिनि मद्य मांस त्याग कीनौ,
चंडाल कहायौ तिनि मद्य मांस चाख्यौ है ॥
तैसैं एक वेदनी करमके जुगल पुत्र,
एक पाप एक पुन्न नाम भिन्न भाख्यौ है ।
दुहूं मांहि दौरधूप दोऊ कर्मबंधरूप,
यातैं ग्यानवंत नहि कोउ अभिलाख्यौ है ॥३॥

( કલશ-૩-૮૩ )

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પાપ-પુણ્યની સમાનતામાં શિષ્યની શંકા ( ચોપાઈ )**

कोऊ सिष्य कहै गुरु पांहीं।
पाप पुन्न दोऊ सम नाहीं॥
कारन रस सुभाव फल न्यारे।
एक अनिष्ट लगैं इक प्यारे॥४॥

( કલશ-૪-૮૪ )

❄

**( સવૈયા એકત્રીસા )**

संकलेस परिनामनिसौं पाप बंध होइ,
विसुद्धसौं पुन्न बंध हेतु-भेद मानीयै।
पापके उदै असाता ताकौ है कटुक स्वाद,
पुन्न उदै साता मिष्ट रस भेद जानियै॥
पाप संकलेस रूप पुन्न है विसुद्ध रूप,
दुहूंकौ सुभाव भिन्न भेद यौं बखानियै।
पापसौं कुगति होइ पुन्नसैं सुगति होइ,
ऐसौ फलभेद परतच्छि परमानियै॥५॥

( કલશ-૫-૮૫ )

❄

**શિષ્યની શંકાનું સમાધાન ( સવૈયા એકત્રીસા )**

पाप बंध पुन्न बंध दुहूंमै मुकति नांहि,
कटुक मधुर स्वाद पुग्गलकौ पेखिए।
संकलेस विसुद्ध सहज दोऊ कर्मचाल,
कुगति सुगति जगजालमैं विसेखिए॥
कारनादि भेद तोहि सूझत मिथ्यात मांहि,
ऐसौ द्वैत भाव ग्यान दृष्टिमैं न लेखिए।
दोऊ महा अंधकूप दोऊ कर्मबंधरूप,
दुहुंकौ विनास मोख मारगमैं देखिए॥६॥

( કલશ-૬-૮૬ )

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**મોક્ષમાર્ગમાં શુદ્ધોપયોગ જ ઉપાદેય છે ( સવૈયા એકત્રીસા )**

सील तप संजम विरति दान पूजादिक,
अथवा असंजम कषाय विषैभोग है ।
कोऊ सुभरूप कोऊ अशुभ स्वरूप मूल,
वस्तुके विचारत दुविध कर्मरोग है ॥
ऐसी बंधपद्धति बखानी वीतराग देव,
आतम धरममैं करम त्याग-जोग है ।
भौ-जल-तरैया रागद्वैषकौ हरैया महा,
मोखको करैया एक सुद्ध उपयोग है ॥७॥

( કલશ-૭-૮૭ )

❈

**શિષ્ય-ગુરુના પ્રશ્નોત્તર ( સવૈયા એકત્રીસા )**

सिष्य कहै स्वामी तुम करनी असुभ सुभ,
कीनी है निषेध मेरे संसै मन मांही है ।
मोखके सधैया ग्याता देसविरती मुनीस,
तिनकी अवस्था तौ निरावलंब नांही है ॥
कहै गुरु करमकौ नास अनुभौ अभ्यास,
ऐसौ अवलंब उनहीकौ उन पांही है ।
निरुपाधि आतम समाधि सोई सिवरूप,
और दौर धूप पुदगल परछांही है ॥८॥

( કલશ-૮-૮૮ )

❈

**મુનિ શ્રાવક ની દશામાં બંધ અને મોક્ષ બન્ને છે. ( સવૈયા એકત્રીસા )**

मोख सरूप सदा चिनमूरति,
बंधमई करतूति कही है।
जावतकाल बसै जहाँ चेतन,
तावत सो रस रीति गही है ॥

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आतमकौ अनुभौ जबलैं,
तबलैं शिवरूप दसा निबही है।
अंध भयौ करनी जब ठानत,
बंध विथा तब फैल रही है ॥९॥
(કલશ-૯-૮૯)

❄

**મોક્ષની પ્રાપ્તિ અંતર્દૃષ્ટિથી છે. (સોરઠા)**

अंतर-दृष्टि-लखाउ, निज सरूपकौ आचरन।
ए परमातम भाउ, सिव कारन येई सदा ॥१०॥
(કલશ-૧૦-૯૦)

❄

**બાહ્યદૃષ્ટિથી મોક્ષ નથી. (સોરઠા)**

करम सुभासुभ दोइ, पुदगलपिंड विभाव मल।
इनसैं मुकति न होइ, नहिं केवल पद पाइए ॥११॥
(કલશ-૧૧-૯૧)

❄

**આ વિષયમાં શિષ્ય-ગુરુના પ્રશ્નોત્તર (સવૈયા એકત્રીસા)**

कोऊ शिष्य कहै स्वामी! असुभक्रिया असुद्ध,
सुभक्रिया सुद्ध तुम ऐसी क्यौं न वरनी।
गुरु कहैं जबलैं क्रियाके परिनाम रहैं,
तबलैं चपल उपयोग जोग धरनी ॥
थिरता न आवै तोलैं सुद्ध अनुभौ न होइ,
यातैं दोऊ क्रिया मोख-पंथकी कतरनी।
बंधकी करैया दोऊ दुहूमें न भली कोऊ,
बाधक विचारि मैं निसिद्ध कीनी करनी ॥१२॥
(કલશ-૧૨-૯૨)

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

માત્ર જ્ઞાન મોક્ષમાર્ગ છે. ( સવૈયા એકત્રીસા )

मुकतिके साधककैं बाधक करम सब,
आतमा अनादिकौ करम मांहि लुक्यौ है।
एते पर कहै जो कि पाप बुरौ पुन्न भलौ,
सोई महा मूढ़ मोख मारगसैं चुक्यौ है ॥
सम्यक सुभाउ लिये हियमैं प्रगट्यौ ग्यान,
उरध उमंगि चल्यौ काहूपै न रुक्यौ है।
आरसीसौ उज्जल बनारसी कहत आपु,
कारन सरूप ह्वैके कारजकैं ढुक्यौ है ॥१३॥

( કલશ-૧૩-૯૩ )

❉

જ્ઞાન અને શુભાશુભ કર્મોનું વર્ણન. ( સવૈયા એકત્રીસા )

जौलैं अष्ट कर्मकौ विनास नांही सरवथा,
तौलैं अंतरातमामैं धारा दोइ बरनी।
एक ग्यानधारा एक सुभासुभ कर्मधारा,
दुहूंकी प्रकृति न्यारी न्यारी न्यारी धरनी ॥
इतनौ विसेस जु करमधारा बंधरूप,
पराधीन सकति विविध बंध करनी।
ग्यानधारा मोखरूप मोखकी करनहार,
दोखकी हरनहार भौ-समुद्र-तरनी ॥१४॥

( કલશ-૧૪-૯૪ )

❉

યથાયોગ્ય કર્મ અને જ્ઞાનથી મોક્ષ છે. ( સવૈયા એકત્રીસા )

समुझैं न ग्यान कहैं करम कियेसैं मोख,
ऐसे जीव विकल मिथ्यातकी गहलमैं।
ग्यान पच्छ गहैं कहैं आतमा अबंध सदा,
बरतैं सुछंद तेऊ बूड़े है चहलमैं ॥

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जथा जोग करम करैं पै ममता न धरैं,
रहैं सावधान ग्यान ध्यानकी टहलमैं ।
तेई भव सागरके ऊपर ह्वै तरैं जीव,
जिन्हिकौ निवास स्यादवादके महलमैं ।।१५।।

( કલશ-૧૫-૯૫ )

**મૂઢ ક્રિયા તથા વિચક્ષણ ક્રિયાનું વર્ણન. ( સવૈયા એકત્રીસા )**

जैसैं मतवारौ कोऊ कहै और करै और,
तैसैं मूढ़ प्रानी विपरीतता धरतु है ।
असुभ करम बंध कारन बखानै मानै,
मुकतिके हेतु सुभ-रीति आचरतु है ।।
अंतर सुदृष्टि भई मूढ़ता बिसर गई,
ग्यानकौ उदोत भ्रम-तिमिर हरतु है ।
करनीसौं भिन्न रहै आतम-सुरूप गहै,
अनुभौ अरंभि रस कौतुक करतु है ।।१६।।

( કલશ-૧૬-૯૬ )

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# વાંચકોની નોંધ માટે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com